



ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ

લેખક-ચિત્રકાર
રજની વ્યાસ

અક્ષરા પ્રકાશન
અમદાવાદ


realpatidar.com
ગુજરાતનો
સાંસ્કૃતિક ઇતિહાસ
લેખક-ચિત્રકાર
રજની વ્યાસ
અક્ષરા પ્રકાશન
અમદાવાદ
realpatidar.com


realpatidar.com
અક્ષરા પ્રકાશન
અમદાવાદ
realpatidar.com


અક્ષરા પ્રકાશન
અમદાવાદ

"રાજ્ય સરકારના શિક્ષણ વિભાગની E.D.N-18 યોજના હેઠળ સને ૨૦૧૩-૧૪ ના વર્ષમાં લાયબ્રેરી પુસ્તક સહાય યોજના અન્વયે ફાળવવામાં આવેલ પુસ્તક"

ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ

ગુજરાતની વિકાસયાત્રા ૨૦૧૩ સુધી



લેખક-ચિત્રકાર

રજની વ્યાસ

અક્ષરા પ્રકાશન

ગૂર્જર સાહિત્ય ભવન
રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ,
અમદાવાદ-380 001
ફોન : 2214 4663, 2214 9660

અનડા પ્રકાશન (પ્રા.) લિ.,
'ગ્રંથસેતુ', 1756, ગાંધી માર્ગ,
અમદાવાદ-380 001
ફોન : 2213 9900, 2216 9956



ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ

રજની વ્યાસ

પ્રથમ આવૃત્તિ - 2013

: પ્રકાશક :
સોનલ અનડા
અક્ષરા પ્રકાશન
11, ગ્રેઈન માર્કેટ, ભાલકિયા મિલ કમ્પાઉન્ડ,
અનુપમ સિનેમા સામે, ખોખરા, અમદાવાદ-380 008

પૃષ્ઠ સંખ્યા : 6 + 462

લેઆઉટ્સ : ક્રિયેશન, ફોન : 93761 45455

મુદ્રક : યોગેશ પરીખ,
ગુજરાત ઑફસેટ પ્રા. લિમિટેડ
વટવા, અમદાવાદ.
ફોન : 2583 1915

: વિતરણ :


ગૂર્જર સાહિત્ય ભવન
રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ,
અમદાવાદ-380 001
ફોન : 2214 4663 / 2214 9660


અનડા પ્રકાશન (પ્રા.) લિમિટેડ
'ગ્રંથસેતુ', 1756, ગાંધીમાર્ગ,
અમદાવાદ-380 001
ફોન : 2213 9900 / 2216 9956

સરોજને...

તવ સ્નેહ અમી ઝરમર
અવિરત
તરબોળ આપણું સખ્ય.









એક યાત્રા - એક અનુભૂતિ - એક પરિતૃપ્તિ



લગભગ દસેક વર્ષ પહેલાં દિલ્હીમાં આંતરરાષ્ટ્રીય પુસ્તકમેળાની મુલાકાત લેવાનો સૌપ્રથમ વાર યોગ થયો. ત્યાર બાદ આંતરે વર્ષે ભરાતા એ મેળા ફરી-ફરી બે-ત્રણ વાર જોયા અને માણ્યા. વિવિધ વિષયના, વિવિધ રૂપ-રંગે સજાવેલાં પુસ્તકોની દીવાલો વચ્ચે ફરતાં, રંગબેરંગી પુષ્પોથી મહેકતા બગીચામાં ફરવા જેટલો આનંદ મળ્યો. તેમાં ઊડી ઊડીને મન એક પ્રકારના ગ્રંથ-સંપુટ પર આવીને બેસતું. તે - સર્વસંગ્રહ - એન્સાયક્લોપીડિયા. પરદેશમાં પ્રકાશિત થયેલા વિવિધરંગી રૂપકડા - મનમોહક સર્વસંગ્રહો જોયા ત્યારથી જ ચિત્તમાં આવા પ્રકારનું એકાદ કામ કરવાની ઇચ્છાએ ઘર કર્યું હતું - તેના સુફળ રૂપે આ પુસ્તક.

આ પુસ્તક માટે સવાસોથી પણ વધુ ગ્રંથો તપાસવા - જોવા પડ્યા છે. તો ઘણી વાર નાનકડી માહિતી માટે પણ આખું પુસ્તક ઉથલાવવું પડે તેવું પણ બન્યું છે. પુસ્તકાલયોમાં કલાકો ગાળવા પડ્યા છે તો કોઈક પુસ્તકનું પગેરું મેળવવા ઠીક ઠીક પરિશ્રમ પણ કરવો પડ્યો છે. શ્રદ્ધેય હકીકતો કે ચોક્કસ વિગતો મેળવવી કેટલી દુષ્કર છે તેનો અનુભવ તો થયો જ. તે સાથે વ્યક્તિવિશેષોની તસવીરો મેળવવામાં તો પગે પાણી ઊતર્યાં. રૂબરૂ મુલાકાતો, ટેલિફોન, ભલામણો, પત્રવ્યવહાર, સંબંધ-સાંકળોના સંપર્કો-એવી સઘળી રીતોની અજમાયશ કરવી પડી છે ને તેમાં ઉષ્માભર્યો સહકાર તેમ જ નિરાશા બંનેનો અનુભવ થયો છે. પરિણામે કેટલીક સામગ્રી મળી તો વળી કેટલીક વ્યક્તિઓ કે તેમના વારસદારોની ઉદાસીનતાને કારણે કેટલાક મહાનુભાવોનો સમાવેશ કરી નથી શકાયો, પણ એકંદરે કાર્ય મુશ્કેલીભર્યું હોવા છતાં ઉત્સાહપ્રેરક અને આનંદપ્રેરક રહ્યું છે.

આ ગ્રંથની પૃષ્ઠમર્યાદાને કારણે મારી તેમ જ આ કાર્યમાં સલાહસૂચન આપનારા મિત્રોની ઇચ્છા અનુસાર કેટલીય વિગતો અને વ્યક્તિઓને સમાવી શકાઈ નથી. આવા કામમાં - આવી પસંદગીમાં મતમતાંતરો તો રહેવાનાં જ. આમ છતાં છેલ્લે મને - નિષ્ઠાપૂર્વક જે કાંઈ ઉચિત લાગ્યું તે મુજબ મેં નિર્ણય લીધા છે. કોઈ પણ કારણે, જેમની ગેરહાજરીથી આ ગ્રંથની અધૂરપ રહી હોય તે સૌની આદરપૂર્વક ક્ષમાયાચના. આ જ બાબત અન્ય ક્ષેત્રોની પસંદગીમા પણ રહી છે. જેમ કે, સ્થળો, લોકકળાઓ, જાતિપરિચયો વગેરેમાં પણ પૃષ્ઠમર્યાદાને કારણે કેટલુંક જતું કરવું પડ્યું છે. આખાય ગ્રંથની કામગીરીનું પૂર્ણવિરામ મૂકવાના તબક્કા સુધી - 'આ રહી ગયું, પેલું રહી ગયું' - તેવો અફસોસનો મને રંજ સતત રહ્યો છે.


આ પુસ્તકના લેખનવિભાગનું મેં જે તે વિષયના નિષ્ણાતો પાસે શક્ય તેટલું પરામર્શન કરાવ્યું છે. ઇતિહાસ વિભાગને મુરબ્બી શ્રી હરિપ્રસાદ ગં. શાસ્ત્રીના પરામર્શનનો લાભ મળ્યો છે તો સજીવસૃષ્ટિ વિભાગ પર પ્રકૃતિવિદ શ્રી રૂબિન ડેવિડ સાહેબે નજર ફેરવી આપી છે. મારા મિત્ર વિનોદ અધ્વર્યુએ ખૂબ પ્રવાસો કર્યા છે. તેમણે દર્શનીય સ્થળોના વિભાગનું પરામર્શન કરી આપ્યું છે. એટલું જ નહીં, પણ સમગ્ર પુસ્તક સાદ્યંત તેઓ જોઈ ગયા છે અને ઉપયોગી સૂચનો પણ કર્યાં છે.

છેલ્લાં પાંચેક વર્ષથી મારું આ કાર્ય - એક નિષ્ઠાભર્યો સંસ્કારપ્રવાસ બની રહ્યો છે. આ પ્રવાસ-યાત્રા દરમ્યાન અતીતમાં સ્મૃતિશેષ થયેલાં ઋષિકુળો અને ભગવાન શ્રીકૃષ્ણથી માંડીને આજદિન સુધી સેંકડો વર્ષમાં થઈ ગયેલા અનેક મહાનુભાવોના ગુણાનુરાગી બનવાનું સદ્‌ભાગ્ય મને સાંપડ્યું છે. આ પુસ્તક નિમિત્તે અનેક સ્થળોનો સદેહે અને મનસા પ્રવાસ કરતાં આપણી ધર્મભાવના અને ઇતિહાસના ગૌરવ અને સમૃદ્ધિની મેં ઝાંખી કરી છે. નગરો અને કિલ્લાઓ, મંદિરો અને મહાલયોના પાષાણોમાં મેં અતીતના ધબકાર સાંભળ્યા છે. ઉપરાંત વૈવિધ્યભર્યા લોકજીવનની રસલહાણ મેં માણી છે.

મારા આ મહત્ત્વાકાંક્ષી સર્જનથી હું અંતરેચ્છાની એક પરિતૃપ્તિ અનુભવું છું, તો સાથે સાથે ચિત્તમાં, હજારો દિવસોથી જે કાંઈ સતત રમમાણ હતું તેનો ખાલીપો પણ અનુભવું છું. મારો એ ખાલીપો ગુજરાતની પ્રજાના ઉમળકાભર્યા આવકારથી ભરાઈ જશે એવી મને શ્રદ્ધા છે.

- રજની વ્યાસ

આ ભૂમિ... આ લોક



'ગુજરાતની અસ્મિતા' એટલે શું ? આ 'અસ્મિતા' શબ્દ 1913-'14માં હું 'યોગસૂત્ર'માંથી આપણા ઉપયોગમાં ખેંચી લાવ્યો, ત્યારથી હું એની પર વિચાર કરું છું અને તેને પોષે એવી સામગ્રી એકઠી કરું છું. અમે જન્મે ગુજરાતી છીએ, અમે ગુજરાતી બોલીએ છીએ, અમારા સંસ્કાર ગુજરાતી છે એમ કહ્યે આપણામાં ગુજરાતી અસ્મિતા આવતી નથી. અસ્મિતા જે મનોદશા સૂચવે છે તેનાં બે અંગ છે : 'હું છું' અને 'હું હું જ રહેવા માગું છું.' એમાં એક વ્યક્તિની સુરેખ કલ્પના અને એ વ્યક્તિત્વને હસ્તીમાં રાખવાનો સંકલ્પ બંને રહ્યાં છે.

- કનૈયાલાલ મુનશી

જય જય ગરવી ગુજરાત !
જય જય ગરવી ગુજરાત !
દીપે અરુણું પ્રભાત,
ધ્વજ પ્રકાશશે ઝળળળ કસુંબી પ્રેમશૌર્ય - અંકિત,
તું ભણવ ભણવ નિજ સંતતિ સઉને, પ્રેમભક્તિની રીત.
......
તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે, સત્વરે માત,
શુભ શકુન દીસે મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત.
જન ઘૂમે નર્મદા સાથ,
જય જય ગરવી ગુજરાત !

- નર્મદાશંકર



આ ભૂમિ... આ લોક

ગુજરાત રમણીય ભૂમિ છે. પશ્ચિમે કચ્છથી દમણ સુધીનો સાગરકાંઠો ને પૂર્વે અરવલ્લી અને પશ્ચિમઘાટને જોડતી ડુંગરમાળ અને જંગલો - વચ્ચે આરાસુરથી દમણ અને દ્વારકાથી છોટાઉદેપુર - સુરપાણેશ્વર સુધી વિસ્તરેલી ગૂર્જરભૂમિ રસાળ છે, સુંદર છે, સમૃદ્ધ છે. સરિતાઓ અને સરોવરો, ગામડાં, નગરો અને મહાલયોથી સભર ગુજરાતની ધરતી જેવી સમૃદ્ધ છે તેવો જ તેનો ઇતિહાસ પણ સમૃદ્ધ છે. આ પ્રદેશમાં ફરતાં- ફરતાં ભગવાન શ્રીકૃષ્ણથી માંડીને મહાત્મા ગાંધી સુધીની અનેક વિરલ વ્યક્તિઓ અને વિભૂતિઓનાં સંસ્મરણો જાગે છે. અહીં વીરત્વ અને ઔદાર્ય, કાર્યદક્ષતા અને કલ્પનાશીલતા, ધનાઢ્યતા અને ઔદાર્ય, તપ અને ત્યાગ, જ્ઞાન-ભક્તિની અનેક કથાઓ ઊભરાય છે. દક્ષિણ ગુજરાતના દાંડીકાંઠે ઊભા રહી મીઠાની ચપટીનો મહિમા ઓળખતા હોઈએ કે સૌરાષ્ટ્રના સાગરકાંઠે સોમનાથની સનાતનતાનો અનુભવ કરતા હોઈએ, પાવાગઢ કે ગિરનારનાં શિખરો પરથી ઇતિહાસ અને ધર્મ અવલોકતા હોઈએ કે સુરત-અમદાવાદનાં બજારોમાં, જામનગર અને ભુજની શેરીઓમાં, સર્વત્ર સાક્ષાત્કાર થાય છે - હજારો વર્ષથી પોતાની આગવી અસ્મિતાને જતનથી જાળવતી એને વિવિધ રૂપે વિકસાવીને વ્યક્ત કરતી ગૂર્જર પ્રજાના પુરુષાર્થનો, એની સંસ્કારિતાનો. ગુજરાતનો પ્રવાસ એટલે માત્ર પ્રદેશનો નહીં પ્રજાનો પણ પરિચય- એવો પરિચય કે જેનાથી પ્રત્યેક ગુજરાતીનું હૈયું ગૌરવથી છલકાય અને કવિના શબ્દોની સાર્થકતાની પ્રતીતિ થાય.

'ધન્ય હો ધન્ય જ પુણ્યપ્રદેશ !'
અમારો ગુણિયલ ગૂર્જર દેશ.



દાંડીકૂચ

અર્વાચીન યુગનું અનોખું પાવન-પ્રસ્થાન

''બુદ્ધ ભગવાનના મહાભિનિષ્ક્રમણની યાદ અપાવે તેવી ઐતિહાસિક દાંડીકૂચનો પ્રારંભ ગાંધીજીએ સાબરમતી સત્યાગ્રહ આશ્રમના એમના નિવાસસ્થાન 'હૃદયકુંજ'થી ૭૯ સૈનિકો સાથે ઈ. ૧૯૩૦ના માર્ચની ૧૨મી તારીખે કર્યો હતો. પગપાળા ૨૪૧ માઈલની ધર્મયાત્રા કરી એપ્રિલની ૫મીએ તેઓ દાંડી પહોંચ્યા. ૬ઠ્ઠી એપ્રિલે સમુદ્રસ્નાન કરી પ્રાતઃકાળે સાડાછ વાગ્યે ચપટી મીઠું ઉપાડી ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કર્યો અને આ વડલા નીચે બેસીને એ સંતપુરુષે હિન્દ પરના બ્રિટિશ શાસનનો અંત લાવવા માટે આખરી લડતની હાકલ કરી હતી. તેને પરિણામે ભારતમાં આસેતુ-હિમાલય પ્રચંડ સત્યાગ્રહ-આંદોલનનો આરંભ થયો.''

(દાંડી-સ્મારક પર મુકાયેલી તકતી પરનું લખાણ)



I want world sympathy in this battle of Right against Might.
Dandi MKGandhi
5.4.30

ભારતના પનોતા પુત્ર મહાત્મા ગાંધીજીએ ભારતની સ્વાતંત્ર્ય-ચળવળની અનેક ચિનગારીઓ દેશભરમાં પ્રગટાવી હતી. અમદાવાદથી પગપાળા અહીં દાંડી પહોંચીને 1930ની 6ઠ્ઠી એપ્રિલે તેમણે મીઠાના કાયદાનો ભંગ કર્યો. દાંડીથી સમસ્ત વિશ્વને તેમણે સંદેશ મોકલ્યો :

બળિયા સામેના સાચના સંગ્રામમાં હું વિશ્વની સહાનુભૂતિ માગું છું.

મો. ક. ગાંધી

દાંડી 5-4-1930

દાંડીના દરિયાકિનારા પાસેના આ વડલાથી લગભગ બે કિલોમીટર દૂર સમુદ્રતટે પૂ. ગાંધી બાપુએ ચપટી મીઠું ઉપાડ્યું અને ભારતમાંના બ્રિટિશ શાસનની ઊંઘ ઊડી ગઈ. મીઠાનો કાયદો તોડવાના સત્યાગ્રહનો આ સામાન્ય લાગતો પ્રસંગ સમગ્ર વિશ્વના ઇતિહાસનું પ્રેરક પ્રકરણ બની ગયો. દાંડીના સમુદ્રતટ પરનું એ ઐતિહાસિક ઘટનાનું પ્રેરક સ્મારક આજે પણ એ પાવન પ્રસંગની યાદ તાજી કરે છે. નવસારીથી પશ્ચિમે દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠે આવેલી દાંડીની પવિત્ર ભૂમિની ચપટી માટી માથે ચડાવીએ અને આપણી આ યાત્રાનો આરંભ કરીએ - ક્રાંતિયજ્ઞની વેદી સમા આ રાષ્ટ્રતીર્થ દાંડીથી...



દાંડી સ્મારક અને ઐતિહાસિક વડલો

બારડોલી

દક્ષિણ ગુજરાતમાં ઊભા રહી ભારતના ક્રાંતિ-સંગ્રામને યાદ કરીએ તો તરત જ નજર સમક્ષ આવે છે બારડોલી.

આ સુરત જિલ્લામાં જ સુરતથી પૂર્વમાં આવેલું બારડોલી. દાંડી-સત્યાગ્રહથીય બેએક વર્ષ પહેલાં બ્રિટિશ હકૂમત સામે પૂ. ગાંધીજીની પ્રેરણાથી પ્રજાએ માથું ઊંચક્યું. અહિંસક સત્યાગ્રહનાં - 'ના-કર'ની લડતનાં - મંડાણ થયાં. એ સંગ્રામના સંચાલનની આગેવાની લીધી ગુજરાતના સપૂત વલ્લભભાઈ પટેલે. સત્યાગ્રહ સફળ થયો. પ્રજાના અહિંસક પ્રતિકાર, અડગ સહનશીલતા તથા સરદાર વલ્લભભાઈની કુશળ નેતાગીરીએ અન્યાયી, દમનકારક અને આપખુદ સરકારને પરાજિત કરી. સરકારને નમવું પડ્યું. હરખઘેલી ગુજરાતી પ્રજાએ વલ્લભભાઈને બિરુદ આપ્યું 'સરદાર'. બારડોલીના એ સરદાર પછી તો સમગ્ર ભારતના 'સરદાર' બની રહ્યા.

બારડોલીમાંનું સરદારનું નિવાસસ્થાન આજે પણ સાહસિક સંગ્રામના સ્મારકરૂપે સચવાયેલું છે. એ 'સરદાર સ્વરાજ આશ્રમ'માં સંખ્યાબંધ તસવીરોનું કાયમી પ્રદર્શન છે. ઉપરાંત ગાંધીવિચારધારાને લગતી અનેક રચનાત્મક પ્રવૃત્તિઓની તસવીરો તેમ જ શ્રી મોહન પરીખે જાપાન જઈ આવીને ખેતીનાં નવાં ઓજારો વિકસાવ્યાં-પ્રયોજ્યાં તે ખાસ ઉલ્લેખનીય છે. સરદારશ્રીની પૂરા કદની એક પ્રભાવક પ્રતિમા પણ અહીં છે.

વેડછી

બારડોલીથી પૂર્વમાં વેડછી. દાંડી-બારડોલી સંગ્રામ-યજ્ઞની વેદીઓ, તો વેડછી સમુત્થાનયજ્ઞની યજ્ઞશાળા. ક્રાંતિની એક જ્વાળા પરતંત્રના પ્રતિકારની તો બીજી પ્રજાજાગૃતિના પુરુષાર્થની ! આ બીજા પલ્લાનું પ્રતીક તે ગુજરાતના સંનિષ્ઠ લોકસેવક અને સર્વાંગી શિક્ષક, અર્વાચીન ઋષિસમા જુગતરામ દવેનો વેડછી આશ્રમ. ગાંધીજીના અંતેવાસી જુગતરામભાઈએ આ આશ્રમમાં આસપાસની આદિવાસી અને પછાત પ્રજાનાં શિક્ષણ અને ઉત્થાનની પ્રવૃત્તિ આરંભી, વિકસાવી ને માત્ર વિદ્યાર્થીઓ જ નહીં પણ અનેક શિક્ષકો અને કાર્યકરો તૈયાર કર્યા.

જુગતરામભાઈએ આ વડલાની વડવાઈઓ થઈ વાલોડ-મઢી-વનસ્થલી વગેરેમાં આ સંસ્થાની શાખાઓ સમી અનેક શાળાઓ-સંસ્થાઓ સ્થાપી-વિકસાવી. કાંતણ, વણાટ, ખેતી, પશુપાલન વગેરેને કેન્દ્રમાં રાખી







સરદાર સ્મારક - બારડોલી અને વેડછી આશ્રમ



અંગ્રેજોને સૂરતમાં કોઠી નાખવા બાદશાહ જહાંગીર પરવાનો આપે છે.

યોજાયેલી ગાંધીસૂચિત કેળવણીનો સફળ પ્રયોગ અહીં જોવા મળે છે, તે સાથે આધુનિક જમાનાને અનુરૂપ જીવન માટે જરૂરી એવાં પનવચક્કી, સૌર-ઊર્જા કે ખેતીવાડીને અનુલક્ષીને વિવિધ પ્રયોગો પણ આ વાલોડ-વેડછી-કુટુંબની સંસ્થાઓમાં થાય છે. વેડછીમાં નારાયણ મહાદેવ દેસાઈનું 'સંપૂર્ણ ક્રાંતિ' (જે. પી.- પ્રેરિત) મહાવિદ્યાલય છે. વાલોડ તો 'સરદાર સહકારી મંડળી'ની પ્રવૃત્તિઓ માટે જાણીતું છે. ગુજરાતનું જાણીતું ખાંડનું કારખાનું પણ સહકારી ધોરણે આ વિસ્તારમાં બારડોલી પાસે જ આવેલું છે.

ખાદીભક્ત ચૂનીભાઈ મહેતાએ 1922માં વેડછી ગામમાં ખાદી-પ્રચારનું પાયાનું કાર્ય શરૂ કરેલું. પછી તો 1928માં જુગતરામભાઈએ વેડછીમાં પલાંઠી વાળીને જીવનના અંતપર્યંત લગભગ અર્ધી સદી ત્યાં લોકસંવર્ધનના પુરુષાર્થનું તપ કર્યું ને વેડછીનો વડલો વિસ્તર્યો. વનસ્થલી તો પૂર્ણાને કાંઠે આવેલી રમણીય કલાધામ સમી સંસ્થા બની રહ્યું છે. દાંડીની મીઠાની ચપટી અને બારડોલી સત્યાગ્રહનાં બીજ જાણે નવા સ્વરૂપે મહોરી ઊઠેલાં જણાય છે. પૂરી એક સહસ્રાબ્દીથી કચડાતી રહેલી ભારતની પ્રજાની જાગૃતિની આ યજ્ઞભૂમિઓ છે.

આપણે આપણી યાત્રાનો આરંભ કર્યો દક્ષિણ ગુજરાતના સાગરકાંઠાના સ્વાતંત્ર્યની સ્મારકભૂમિઓથી. અંગ્રેજોએ પણ પગપેસારો દક્ષિણ ગુજરાતમાંથી જ કરેલો. ઈ. 1616માં ઇંગ્લેન્ડના રાજાના પ્રતિનિધિ તરીકે સર ટોમસ રો બાદશાહ જહાંગીર પાસે વેપારનો પરવાનો માગવા આવ્યો, તે ઊતર્યો સુરત. ઈ. 1618માં વેપારનો પરવાનો મળતાં અંગ્રેજોએ કોઠી નાખી સુરતમાં. પછી તો વલંદાઓ પણ સુરત આવ્યા. કાળક્રમે એ વેપારી અંગ્રેજો ભારતના શાસકો બની ગયા.

સુરત - 'સોનાની મૂરત'

સુરત - એક જમાનાનું એ ભારતનું પહેલા દરજ્જાનું શહેર - પશ્ચિમકાંઠાનું ઉત્તમ બંદર. સુરતબંદરે તાપીમાંનાં વહાણોમાં ચોરાશી બંદરોના વાવટા ઊડતા. સુરત સમૃદ્ધ હતું. એનાં રુઆબ અને રોનક પરદેશી પ્રવાસીઓએ મુક્તકંઠે વખાણ્યાં છે. પણ એ રોનક અને સમૃદ્ધિએ જ શિવાજીને અને અન્યને લૂંટ માટે લલચાવ્યા, તો કુદરતે પણ પોતાનો પ્રકોપ દાખવ્યો અને આગ અને પૂરમાં સુરત તારાજ થયું અનેક વાર - પણ તારાજીની કળ વળતાં જ એ પાછું પૂરા રુઆબ સાથે બેઠું થયું છે.

સુરત સ્વપ્નશીલો અને સહેલાણીઓનું, સુધારકો અને સંસ્કૃતિપ્રેમીઓનું નગર છે. દાંડીકૂચ સુરતશહેરમાંથી પસાર થઈ એ પહેલાં સોએક વર્ષ અગાઉ સુરતના સપૂત અને ગુજરાતના અર્વાચીનોમાં આદ્ય સારસ્વત નર્મદે આ યુગની દાંડી પીટેલી અને ગુજરાતનું ગૌરવગાન લલકારેલું :

'જય જય ગરવી ગુજરાત,
દીપે અરુણું પ્રભાત !'

એ વીર સુધારકે વહેમ, અંધશ્રદ્ધા અને રૂઢિજડતા સામે વિદ્રોહ કરેલો - માત્ર લેખો, પત્રકારત્વ કે ભાષણોથી જ નહીં પણ કર્મ અને આચરણથી. આ કવિ વીર નર્મદની સ્મૃતિઓ સુરત આજેય આદરથી જાળવી રહ્યું છે - તેમનાં નિવાસસ્થાન, પ્રતિમા અને 'નર્મદ સાહિત્ય સભા'ની પ્રવૃત્તિઓથી તથા તેમનાં તમામ લખાણોની સંશોધિત પ્રવૃત્તિ ગ્રંથશ્રેણી દ્વારા.

નર્મદ ઉપરાંત પણ સુરતે અનેક સાહિત્યકારો આપ્યા છે. ગુજરાતના પ્રથમ નવલકથાકાર નંદશંકર અને પ્રથમ વિવેચક નવલરામ, અગ્રણી કેળવણીકાર અને સુધારક સાહિત્યકાર મહીપતરામ નીલકંઠ તેમ જ રમણભાઈ નીલકંઠ, સ્વપ્નદર્શી રણજિતરામ વાવાભાઈ, હાસ્યકાર જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતા, ઉત્તમ નાટ્યકાર ચં. ચી. મહેતા, એકાંકીકાર બટુભાઈ અને વર્તમાન પેઢીમાંય ગઝલકાર ગની દહીંવાલા, નવલકથાકાર ભગવતીકુમાર શર્મા તેમ જ પારસી લેખક રતન માર્શલ વગેરે... મધ્યકાળમાં મહાકવિ પ્રેમાનંદે 'મામેરું' અહીં જ લલકારેલું, મૂર્ધન્ય સાક્ષર વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ સુરતને જ પોતાનું ઘર કર્યું હતું.

સુરતનો ઐતિહાસિક કિલ્લો

ઈ. સ. 1540-41માં ફિરંગી હુમલા અટકાવવા માટે ખુદાવંદખાને કિલ્લો બંધાવ્યો હતો. સોળમી સદીમાં સુરતમાં બંધાયેલી ઇમારતોમાં કિલ્લો સૌથી પ્રાચીન છે. પથ્થરોને લોખંડના પાટાથી જકડીને સાંધામાં સીસું રેડવામાં આવેલું. કિલ્લાની દીવાલો 4 મીટર પહોળી હતી. કિલ્લાની ફરતે 16 મીટર ઊંચી દીવાલો હતી. અહીં હાલ કેટલીક સરકારી કચેરીઓ કામ કરે છે.



સુરતની સાહિત્ય તેમ જ સંસ્કારસેવાનો ઇતિહાસ સમૃદ્ધ અને ઉજ્જવળ છે. અગ્રગણ્ય ચિત્રકાર વાસુદેવ સ્માર્ત, સંગીતમર્મજ્ઞ કંચનલાલ મામાવાળા, સંગીતકાર મા. વસંત, શિક્ષણકારો-સાક્ષરો કમળાશંકર ત્રિવેદી, અતિસુખશંકર ત્રિવેદી અને રણછોડદાસ ગિરધરદાસ, પત્રકારો કે જેમાં ઇચ્છારામ સૂર્યરામ, નટવરલાલ વીમાવાળા ઉપરાંત અરદેશર કોટવાલ જેવાં અનેક નામો ગણાવી શકાય. વર્તમાન પેઢીએ પણ તે પરંપરા ચાલુ જ રાખી છે. ફિલ્મક્ષેત્રે સંજીવકુમારનું નામ પણ સુરત સાથે જોડાયેલું છે. આ એક જ નગર એવું છે જ્યાં પ્રતિવર્ષ નગરપાલિકા ત્રિઅંકી નાટ્યસ્પર્ધા યોજે છે ને નગરની જ દસેક મંડળીઓ ભાગ લે છે.

ઉદ્યોગ-વેપાર-ક્ષેત્રે પણ પ્રેમચંદ રાયચંદ, કીકાભાઈ પ્રેમચંદ, પુરુષોત્તમદાસ ઠાકોરદાસ કે દલીચંદ વીરચંદની પરંપરા પોપાવાળા અને તે પછીના અનેક ચાલુ રાખી રહ્યા છે, તો લોકસેવા અને રાજકારણના ક્ષેત્રે પણ કલ્યાણજી મહેતા અને દયાળજી દેસાઈ, કાનજી દેસાઈ અને હિતેન્દ્ર દેસાઈ તથા ગોરધનદાસ ચોખાવાલાની પ્રવૃત્તિઓ સુપ્રસિદ્ધ છે. બાપાલાલ ગ. વૈદ્ય જેવા આયુર્વેદાચાર્યની પ્રવૃત્તિએ 'આત્માનંદ ફાર્મસી' પણ આપી છે.

સંસ્થાઓના વિકાસમાં પણ સુરત સફળ જ રહ્યું છે. સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી તેમ જ 'જીવનભારતી' જેવી નમૂનેદાર શિક્ષણસંસ્થાએ અનેક શાળાઓ-કૉલેજો-રૂપે પ્રસરાવેલી પ્રવૃત્તિઓને પરિણામે અને ચંદ્રવદન શાહ જેવા શિક્ષણવિદની નિષ્ઠાથી શહેરનું શિક્ષણકાર્ય મહોરી ઊઠ્યું છે. તો સુરત દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું વડું મથક પણ બન્યું છે. પણ ત્યારે યાદ આવે છે આદિ - શિક્ષણ-સુધારક દુર્ગારામ. તેમને કેમ વીસરાય ? રૂઢિઓ-વહેમોથી જકડાયેલા સમાજના વિરોધો સહન કરીને, સામા પૂરે તરીને તેમણે એક યુગકાર્ય કર્યું હતું.

સુરત ઐતિહાસિક નગર છે. અલબત્ત, મલેક ગોપીનું નામ માત્ર 'ગોપીપરા'માં જ અવશિષ્ટ છે ને તેનું વિશાળ ગોપીતળાવ તો ક્યારનુંય પુરાઈ ગયું છે. કહેવાય છે કે, પ્રેમાનંદના સમયમાં જ તે ભાંગેલા તળાવના પથ્થરો કિલ્લાની દીવાલમાં વપરાતા. હવે તો માત્ર તેનું નામ જ રહ્યું છે. એ કિલ્લા 'શહરપનાહ' અને 'આલમપનાહ' પણ વિકસતા નગરને જગા કરી આપવા જમીનદોસ્ત થઈ ગયા છે પણ હજીય જોઈ શકાય છે ચોકબજારમાંનો કિલ્લો. સુરતનું કદાચ તે સૌથી જૂનું બાંધકામ છે. ઈ. 1540-41માં સુરતના નાઝિમ ખ્વાજા સફર સલમાનીએ તે બંધાવેલો. એક જગા છે મુગલસરાઈ જેમાં અત્યારે સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશનની કચેરી બેસે છે. મોગલ સમયમાં તે ઈ. 1644માં સુરતના કિલ્લેદાર ઇસાક બેગ યઝદી ઉર્ફે હકીકત ખાને બંધાવેલી - મક્કા હજ કરવા જતા યાત્રીઓની જતાં-આવતાં ઊતરવા રહેવાની સવલત માટે. હા, હજ કરવા જવા માટે સુરત 'મક્કાઈ બંદર' હતું. તે 'મક્કાબારી' અથવા 'બાબુલ મક્કા' તરીકે ઓળખાતું.



મુગલસરાઈ જેમાં અત્યારે સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશનની કચેરી બેસે છે.

સુરતબંદરની ત્યારે જાહોજલાલી હતી. તાપીનદી પર ઊભેલાં દેશ-પરદેશનાં વહાણો પર ચોર્યાસી બંદરના વાવટા ફરકતા. સુરતના નાણાવટ અને ઝવેરીબજારમાં સમૃદ્ધિની છોળો ઊછળતી. અંગ્રેજ, વલંદા અને આર્મેનિયનોએ અહીં વેપાર અર્થે કોઠીઓ સ્થાપેલી. આજે આ સ્થાનો-ઇમારતો એમ ને એમ રહ્યાં નથી, પણ કતારગામ દરવાજા પાસે આવેલા આર્મેનિયનોના કબ્રસ્તાનમાંના કબ્રલેખોમાં ઇતિહાસ વંચાય છે.

અંગ્રેજ અમલના એક નોંધપાત્ર સ્મારક તરીકે એન્ડ્રુઝ લાઇબ્રેરી. ઈ. 1850ની 18મી જૂને સુરત લિટરરી સોસાયટીની સ્થાપના કરવામાં આવેલી અને એન્ડ્રુઝ નામના નિવૃત્ત ન્યાયાધીશના નામથી 1લી જુલાઈએ આ લાઇબ્રેરી શરૂ થયેલી. આ લાઇબ્રેરીમાં 150-300 વર્ષ જૂનાં અમૂલ્ય પુસ્તકો છે. આ ઉપરાંત લેડી કીકાબાઈ પ્રેમચંદ લાઇબ્રેરી પણ છે. તે વિપુલ વાચન-સામગ્રીથી ભરપૂર છે.

ચોકબજારમાં એક સંગ્રહાલય છે. મૂળ તે વિન્ચેસ્ટર મ્યુઝિયમ તરીકે ઓળખાતું. અત્યારે તે સરદાર સંગ્રહાલય તરીકે જાણીતું છે. ઈ. 1890ની 1લી ફેબ્રુઆરીએ તે સ્થપાયેલું. અનેક બેનમૂન કલાકૃતિ ને ઐતિહાસિક સામગ્રી

ચિંતામણિ જૈન દેરાસર

મુગલ બાદશાહ ઔરંગઝેબના શાસનકાળ દરમ્યાન આ જૈન દેરાસર બંધાયું હતું. તેની પ્રતિષ્ઠા ઈ.1699માં થઈ હોવાનું મનાય છે. શહેરના મરજાન શામી રોડ ઉપર મુગલસરાઈ વિસ્તારમાં આવેલું આ દેરાસર માત્ર ધાર્મિક સ્થળ જ નથી, પરંતુ ગુજરાતની કાષ્ઠકલા અને ચિત્રકલાનો ઉત્તમોત્તમ નમૂનો છે. બાહ્ય રીતે તદ્દન સાદા તથા ઘુમ્મટ વિનાના દેરાસરની અંદરના ભાગમાં કલાભંડાર સચવાયેલો છે.





સુરત મહાનગરપાલિકા દ્વારા બાંધવામાં આવેલું સરદાર પટેલ સ્મૃતિ ભવન

તેમાં સચવાયેલી છે. સંગ્રહાલયની બાજુમાં જ હવે પ્લૅનિટોરિયમ પણ થયું છે. આધુનિક સ્થાનોમાં સૌથી વધુ નોંધપાત્ર રિંગ રોડ પરની 'સુરત ટેક્સટાઇલ માર્કેટ'. એશિયાભરમાં તે વિખ્યાત છે. તેમાં હજારથી વધુ દુકાનો ઉપરાંત નિવાસો, રેસ્ટોરાં, થિયેટર, ઑડિટોરિયમ પણ છે. તેમાંય સૌથી વધુ આકર્ષક છે લગભગ 50 મીટર ઊંચાઈવાળું ફરતું રેસ્ટોરાં. તેમાંથી સમગ્ર નગરનું સુંદર વિહંગાવલોકન થાય છે. સહેલાણીઓ માટેના બાગમાં અઠવા લાઈન્સમાંનો નહેરુબાગ નોંધપાત્ર છે.

કહેવત છે : 'સુરતનું જમણ અને કાશીનું મરણ'. સુરતી પ્રજા ચટાકેદાર ખાણીપીણી માટે જાણીતી છે, પરંતુ સુરતનું આગવું આકર્ષણ છે પોંકની ઋતુમાં નદીને સામે કાંઠે શીતલ સિનેમા પાસે ઊભું થતું પોંકનગર. નવેમ્બર-ડિસેમ્બરમાં બહારગામથી આવતા હજારો શોખીનો અહીં પોંકની લિજ્જત માણે છે. શિયાળામાં સુરત જઈ પોંક અને ઊંધિયું ખાવું એ પણ એક લહાવો છે.

અહીંનાં સંખ્યાબંધ ધર્મસ્થાનો પણ જોવા જેવાં છે. તેમાં ચિંતામણિ પાર્શ્વનાથનું દેરાસર ઘણું પ્રાચીન છે. નર્મદે 'ગુજરાત સર્વસંગ્રહ'માં નોંધ્યું છે તે મુજબ તે પંદરમી સદીમાં બંધાયેલું છે. લાકડામાં કરેલું નકશીકામ તથા ચિત્રકામ અને સોલંકી રાજવી કુમારપાળ તથા આચાર્ય હેમચંદ્રાચાર્યની તસવીરો અહીં જોવા મળે છે. આ ઉપરાંત અઠવા લાઇન્સનું આદીશ્વર જિનાલય, નાનપુરાનું ચંદ્રપ્રભુ જિનાલય, ગોપીપુરાનું આત્મોદ્ધારક જૈન મંદિર, સૈયદપુરાનું નંદીશ્વર દ્વીપ દેરાસર, દાદાસાહેબનું હરિપુરાનું અને આદીશ્વર ભગવાનનું કતારગામનું દેરાસર પણ સુંદર છે.

રિંગ રોડ પરની સુરત ટેક્સટાઇલ માર્કેટ. 50 મીટર ઊંચાઈવાળું ફરતું રેસ્ટોરાં, જેમાંથી સમગ્ર નગરનું વિહંગાવલોકન થાય છે.



અંબાજીનું પ્રસિદ્ધ મંદિર તથા ઉપરી જકાતનાકા પાસે રામનાથ ઘેલાનું પ્રસિદ્ધ શિવમંદિર તથા બાલાજીનું મંદિર જાણીતાં છે, તો વૈષ્ણવમંદિર અને મહાપ્રભુજીની બેઠક તો ધાર્મિક માહાત્મ્ય તેમ જ ઐતિહાસિક મહત્ત્વની દૃષ્ટિએ પણ નોંધપાત્ર છે. સુરતનો સ્મશાનઘાટ થોડેક જ દૂર તાપીતટે, અશ્વિનીકુમારના ઘાટે. અહીંનો અક્ષયવડ અને કર્ણને લગતી પૌરાણિક દંતકથા સાથે સંકળાયેલું આ સ્થાન પુરાણપ્રસિદ્ધ અને પવિત્ર ગણાય છે.

સુરત અને સામે પારનાં રાંદેર તથા આસપાસનાં ગામોને જોડતા એક પુલનું બાંધકામ ઈ. 1874માં આરંભાયેલું. આ પુલ તો તે વખતના ત્યાંના કલેક્ટર મિ. હોપના નામથી 'હોપ બ્રિજ' તરીકે ઓળખાય છે. હવે તો વિસ્તરતા નગરની સામે પારના પરાવિસ્તારને કારણે તે નાનો પડતાં બાજુમાં જ ફરીથી બંધાયો છે. નગરનો આ વિકાસ સુરતની વ્યાવસાયિક અને ઔદ્યોગિક પ્રગતિને આભારી છે. હીરા, મોતી, ઝવેરાત અને જરીના ઉદ્યોગ ઉપરાંત આર્ટ સિલ્ક-પાવરલૂમ્સ અને મિલોનો પણ ઘણો મોટો ઉદ્યોગ અહીં વિકસ્યો છે. કાપડ, રેયોન, ફર્ટિલાઇઝર, સિમેન્ટ, કેમિકલ્સ વગેરેના ઉદ્યોગો વરાછા-ઊધના-મગદલ્લા વગેરેમાં ખૂબ વિકસ્યા છે. ઉતરાણનું પાવરહાઉસ અને સુમૂલ ડેરીનો પણ તેમાં ફાળો છે, તો સુખડ અને લાકડાનાં નકશીકામ અને હજીરાનું ખાતરનું જંગી કારખાનું અને મગદલ્લાબંદરનો વિકાસ સુરતને સમૃદ્ધ બનાવવામાં સહાયક નીવડ્યાં છે.

ઉદ્યોગો સાથે સહકારી પ્રવૃત્તિ, બૅંકો, ખરીદ-વેચાણ-મંડળીઓનો વિકાસ તેમ જ પૂરતા વરસાદને કારણે કાકરાપાર બંધના લાભથી વિકસેલી ખેતીએ સમૃદ્ધિની પૂર્તિ કરી છે. પરિણામે આ 'સોનાની મૂરત' નર્મદે કહ્યું તેવી બેહાલ નહીં પણ ખુશહાલ નગરી લાગે છે.

એવી જ ખુશહાલ છે અહીંની રસિક-આનંદી-મોજીલી પ્રજા. સુરતીઓના સહેલાણી અને શોખીન સ્વભાવે એમને 'સુરતી લાલા સહેલાણી'નું બિરુદ અપાવ્યું છે. પહેરવે-ઓઢવે અને ખાધેપીધે શોખીન અને રંગીન સ્વભાવની અહીંની પ્રજાની એક અનોખી તાસીર છે. તેમનાં વસ્ત્રાભૂષણનાં ઝાકમઝોળ અને વરઘોડા-ઉત્સવોના ઠાઠમાઠમાં તે ઉમંગી રસિકતા વ્યક્ત થાય છે, તો મીઠાઈ-ઘારી, બરફી સાથે બલકે તે કરતાં અધિક ફરસાણનો શોખ. તેથી સુરતી જમણે તેના વૈવિધ્ય અને સ્વાદથી તેને એવી ખ્યાતિ આપી છે કે 'સુરતનું જમણ' એવી કહેવત બંધાઈ ગઈ છે. નદીના કાંપમાં પાકતાં સુંદર ફળો અને શાકભાજીએ આ સ્વાદીલા સ્વભાવને અનુકૂળતા કરી આપી છે. અહીંનાં રતાળુ, સૂરણ, પાપડી ને



રીંગણની દૂર સુધી નિકાસ થાય છે. ધારી તો સુરતની જ વખણાય. 'ઊંધિયું', તીખી સેવ સાથેનો પોંક, રતાળુ-પૂરી અને 'ભૂસું' એ તો સુરતના નામ સાથે જ યાદ આવી જાય. ગમે તેટલો ધનિક કે ઉચ્ચ હોદ્દાધારી સુરતી પણ ભૂસાનું પડીકું બંધાવીને ત્યાં ને ત્યાં જ તેની લિજ્જત માણતાં સંકોચ અનુભવતો નથી.

સુરત મોજીલા માણસોનું નગર છે. 'ઉત્તરાયણનો ઉત્સવ' તો સુરતનો જ. બાળકોથી માંડીને વૃદ્ધો, સ્ત્રીઓ અને પુરુષો સૌ 'કનકવો' (પતંગ) ચગાવવાનો આ ઉત્સવ ઘેલાં થઈને માણે છે.

નર્મદ અને નંદશંકરનાં લખાણોમાં, જ્યોતીન્દ્ર-ધનસુખલાલની હાસ્ય-નવલકથા 'અમે બધાં'માં અને ચંદ્રવદનની આત્મકથામાં 'બાંધ ગઠરિયાં'માં વર્ણવાયેલું આ સમૃદ્ધ મોજીલું રંગીન શહેર એની મસ્તી ને લાપરવાહી, ઉમંગ અને રસિકતા કંઈક ઓસરતા જતા ઉદ્યોગીકરણના યંત્ર નીચે દબાયે જવા છતાં હજી એની નવાબી ખાસિયતનો, એના રંગીલા સ્વભાવનો સ્વાદ જાળવી રહ્યું છે. હજી એ ભૂસું ફાકે છે, કનકવા ચગાવે છે. નજીકમાં ડુમસ, હજીરા અને સહેજ દૂર ઉભરાટના દરિયાકાંઠે મસ્તીથી મજા માણે છે.

છેલ્લાં દશકમાં તો સુરતની 'સૂરત' ફરી ગઈ છે. સાંકડા રસ્તા અને પરિણામે ઝાઝેરી ભીડભાડને બદલે નવા ટાઉન પ્લાનિંગથી રસ્તાઓ પહોળા થયા છે, શહેર સ્વચ્છ બન્યું છે - વધુ આધુનિક થયું છે.

છેલ્લાં વીસ વર્ષોમાં સુરતનો વિકાસ ભારતનાં તમામ શહેરો કરતાં વધુ ગતિથી થયો છે. એક જમાનામાં સરદારોનું શહેર ગણાતું સુરત. પ્લેગમાં દુનિયાભરમાં બદનામ થયેલું સુરત આજે ગુજરાતભરમાં બીજા નંબરનું સુંદર શહેર છે. 1970માં સુરતની વસ્તી લગભગ ત્રણ લાખ આસપાસ

સુરતમાં રિંગ રોડ ઉપર ત્રણ કિલોમીટરનો ફ્લાય-ઓવર બ્રિજ, બીજો લગભગ પાંચ કિલોમીટરનો ફ્લાય-ઓવર બ્રિજ સુમૂલ ડેરી રોડ ઉપર તથા અઠવાગેટ ઉપરના ચારે બાજુના ભરપૂર ટ્રાફિકને કન્ટ્રોલ કરવા માટેનો વિશિષ્ટ શૈલીનો ફ્લાયઓવર શોભા વધારે છે.

તાપીનદી



બોલાતી હતી તે છેલ્લાં વીસ વર્ષોમાં ત્રીસ લાખને આંબી ગઈ છે. અહીં મરાઠી ભાષાની હાઈસ્કૂલો છે, તેલુગુની, બંગાળીની, મલયાલમની, ઉડિયાની, તમિલની પ્રાઈમરી સ્કૂલો અને દરેક પ્રાંતના સમાજ છે. યુ.પી., એમ.પી., બિહાર, રાજસ્થાનના લગભગ પાંચેક લાખ લોકો છે અને તેટલા જ લગભગ દક્ષિણ ભારતના લોકો છે. સૌરાષ્ટ્રના લગભગ છ-સાત લાખ લોકો છેલ્લાં વર્ષોમાં સુરતમાં સ્થાયી થયા છે. દક્ષિણ ગુજરાતમાં પણ સૌરાષ્ટ્રના ખેડૂતો ગામેગામે જોવા મળે છે તેમ સુરતમાં હીરાઉદ્યોગ અને બાંધકામ-ઉદ્યોગમાં સૌરાષ્ટ્રમાં લોકો મોખરે છે. સુરતના રાજકારણમાં પણ સૌરાષ્ટ્રનો ભારે પ્રભાવ છે. સુરતની આજુબાજુ રાષ્ટ્રીય કક્ષાના અનેક ઉદ્યોગો ફૂલ્યાફાલ્યા હોઈ ગુજરાતમાં રોજગારીની સૌથી વધુ તકો સુરતમાં છે. એટલે અસલ સુરતીઓ માંડ ત્રણ-ચાર લાખ હશે, બાકીની પ્રજા ભારતભરનાં તમામ રાજ્યોમાંથી આવીને વસી છે.

પ્લેગના ઉપદ્રવ પછી સુરતના કમિશનર તરીકે શ્રી રાવના આગમને સુરતની સૂરત ખરેખર બદલી નાંખી છે.

સુરતમાં ત્રણ કિલોમીટરનો ફ્લાયઓવર બ્રિજ રિંગ રોડ ઉપર, બીજો લગભગ પાંચ કિલોમીટરનો ફ્લાયઓવર બ્રિજ સુમૂલ ડેરી રોડ ઉપર તથા અઠવા ગેટ ઉપરના ચારે બાજુના ભરપૂર ટ્રાફિકને કન્ટ્રોલ કરવા માટેનો વિશિષ્ટ શૈલીનો ફ્લાયઓવર શોભા વધારે છે.

તાપીનદી ઉપર એક જ પુલ હતો તેને બદલે અઠવા ગેટ પાસે સરદાર બ્રિજ, મક્કાઈ પુલ પાસે વિવેકાનંદ બ્રિજ, કતારગામ પાસે નેશનલ હાઈવેને જોડતો બ્રિજ, મગદલ્લા પાસે મુંબઈ-સુરત ગેસ પાઈપલાઈનને પણ સાથે લઈ આવતો બ્રિજ, નાના વરાછા - મોટા વરાછાને જોડતો બ્રિજ, વરિયાલ-બેડને જોડતો બ્રિજ વગેરે પુલો નવા બન્યા છે.

સુરત કૉર્પોરેશન સંસ્કાર-પ્રવૃત્તિના ભાગરૂપે દર વર્ષે મોટો પુસ્તકમેળો યોજે છે. આ મેળો રાષ્ટ્રીય કક્ષાના મોટા પુસ્તકમેળા જેવો હોય છે અને દેશભરમાંથી 300 ઉપર પ્રકાશકો તેમાં ભાગ લે છે. વરાછા રોડ ઉપર સરદાર સ્મૃતિ ઑડિટોરિયમ, ટી.વી. પ્રસારણ કેન્દ્ર, મોબાઈલ કંપનીઓની ઑફિસો પણ શહેરમાં સ્થાયી થયેલ છે. રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે મોટું ઇન્ડોર સ્ટેડિયમ, ક્રિકેટ માટે મોટું સ્ટેડિયમ વગેરે પણ સુરતને શોભા આપે છે.

સુરતની આજુબાજુ વિકાસ પામેલા વિસ્તારો અત્યંત રમણીય છે. લગભગ તમામ રસ્તાઓ ફોર-લેઈન છે અને દરેકમાં ડીવાઈડર છે, જેમાં સુંદર ફૂલછોડો તથા વૃક્ષોથી શોભા વધે છે. શહેરથી થોડે જ દૂર વૉટર પાર્ક છે, બાજુમાં ઉભરાટનો સરસ દરિયાકિનારો છે. સાળો, હીરાનાં કારખાનાંઓ, આજુબાજુનાં ઉદ્યોગનગરોથી શહેરના ઉદ્યોગો ધમધમે છે અને સુરતને ભારતનું ટોકિયો કહેવામાં આવે છે. સુરત તે સાર્થક કરશે તેવી આશા છે

પારસીઓની પ્રવેશભૂમિ : સંજાણ

એક કવિએ ગાયું છે : 'પરદેશી ભૂખ્યાં ટોપીવાળાનાં ટોળાં ઊતર્યાં !' એ ટોપીવાળા તે બ્રિટિશરો. તેઓ સુરતથી પ્રવેશ્યા ને દેશના જાલિમ હાકેમો થઈ પડ્યા - તે ગુલામી દશાનાં કટુ સ્મરણોનો સ્વાદ હજી ઊતર્યો નથી. પણ તે સાથે જ ઘોળાય છે એક મધુર મીઠાશ એવી જ એક બીજી પ્રજાની, જેણે પણ દક્ષિણ ગુજરાતના પગથારેથી ભારતમાં પગ દીધો અને એવી ઓગળી ગઈ અહીંની પ્રજા સાથે કે એ પરદેશી

હજીરા

હજીરાના ઉદ્યોગોમાં 'ક્રિભકો' કંપની એશિયાનું મોટામાં મોટું ખાતરનું કારખાનું, મગદલ્લા રોડ ઉપર તૈયાર થઈ રહેલું એરપોર્ટ, હજીરામાં મોટું તૈયાર થઈ રહેલું બંદર, રીલાયન્સનું મોટું પ્લાસ્ટિકનું કારખાનું, એસ્સારનું અત્યંત વિસ્તરેલું લોખંડનું કારખાનું, એલ. એન્ડ ટી.નું કારખાનું, ઓ.એન.જી.સી.નું ગેસ કલેકશન સેન્ટર જ્યાં બોમ્બે હાઈમાંથી ગેસ આવે છે ને ત્યાંથી દિલ્હી-આગ્રાને જોડતી 1800 કિલોમીટરની બે-બે ગેસ પાઈપલાઈન જાય છે.





પારસીઓનું આગમન



અગિયારીનું જૂનું મકાન

છે એય યાદ કરવું પડે છે એવા તે પારસીઓ. આશરે 1100 વર્ષ પહેલાં ઈરાનથી વિધર્મીઓના ત્રાસથી નાસી આવેલા થોડાક અજાણ્યા પરદેશીઓ વલસાડની દક્ષિણે જાદી રાણાના રાજમાં સંજાણબંદરે ઊતર્યા. સાથે લાવ્યા હતા આરબોના આક્રમક ત્રાસ અને વિટંબણાની વાતો અને 'પવિત્ર અગ્નિ'.

દંતકથા તો એવી છે કે આ પ્રજાએ કરેલી આશ્રયની વિનંતીના ઉત્તરમાં રાણાએ દૂધનો પ્યાલો મોકલ્યો - છલોછલ અને જણાવ્યું કે રાજમાં જગા નથી. તો પારસીઓના વડાએ તેમાં સાકર ઉમેરીને તે પાછો વાળ્યો, કહ્યું, 'અમે અહીં દૂધમાં સાકર પેઠે ભળી જઈશું.' દંતકથા હકીકત હોય કે ન હોય પણ એ ઇતિહાસનું તથ્ય બની ગઈ છે. પારસીઓ આવીને અહીંની પ્રજામાં સાચે જ દૂધમાં સાકરની જેમ ભળી ગયા છે. આજેય એમના સ્વભાવમાં જાણે પેલી આદિ સાકરની મીઠાશનો અનુભવ થાય છે. અહીં આવીને એમણે આ ભૂમિને પોતાનું જ વતન માનીને પોતાની કરી લીધી ને અહીંના થઈને રહ્યા.

દક્ષિણ ગુજરાતમાં પોતાના અગ્નિ સાથે સંજાણથી તેઓ પ્રવેશ્યા. ઉદવાડામાં અગ્નિ સ્થાપ્યો ને ઉદવાડાની એ અગિયારી તે તેમનું ઉત્તમ તીર્થ બની. વલસાડ, નવસારી, સુરતમાં વસ્યા, અન્યત્ર પણ વિસ્તર્યા. આ સાલસ, નિરુપદ્રવી સંઘર્ષભીરુ અને સમાધાન-સ્વભાવી પ્રજાએ પોતાના ઉદ્યમી બહાદુર છતાં પુરુષાર્થ ને ઉદાર સહૃદયતા તેમ જ ભાવનાશીલતાથી ભારતના ઇતિહાસમાં અને ભારતીય સમાજમાં આગવું સ્થાન મેળવ્યું છે. આ ભૂમિએ દાદાભાઈ નવરોજી અને ફિરોઝશા મહેતા, વીર નરીમાન, મીનુ મસાણી અને પિલુ મોદી જેવા દેશભક્તો આપ્યા છે, તો જમશેદજી તાતા ને જીજીભાઈ જેવા ઉદ્યોગપતિઓ, હોમી ભાભા અને શેઠના જેવા વિજ્ઞાનીઓ, બહેરામજી મલબારી અને 'ખબરદાર' જેવા કવિઓ આપ્યા છે. ગુજરાતી રંગભૂમિ અને પત્રકારત્વનો ઇતિહાસ પારસીઓના પુરુષાર્થથી સમૃદ્ધ છે. કાયદાક્ષેત્રે નાની પાલખીવાળા અને સોલી સોરાબજી જેવા બૌદ્ધિકો ઉપરાંત જ્ઞાનવિજ્ઞાન, સંસ્કૃતિ અને ટેક્નોલોજી - બધાં ક્ષેત્રે પારસીઓએ દેશની અમૂલ્ય સેવા કરી છે. દેશમાં ભાગ્યે જ કોઈ એવું ક્ષેત્ર હશે જેમાં પારસીઓનો ફાળો ન હોય. આજે તો પારસીઓ ભારતભરમાં ફેલાયા છે, પણ તેમનું મુખ્ય સ્થાન છે ગુજરાત ને તેમાંય દક્ષિણ ગુજરાત.



આતશે બહેરામ - ઉદવાડા



પારસીઓનું ઉત્તમ તીર્થ
ઉદવાડાની અગિયારી



અતુલ - વલસાડ

અતુલ

સંજાણ-ઉદવાડાથી આગળ આવતાં વલસાડ પાસે આવે છે 'અતુલ'નું પ્રખ્યાત રંગ-રસાયણ અને દવાઓનું વિશાળ કારખાનું. દીર્ઘદ્રષ્ટા ઉદ્યોગપતિ કસ્તૂરભાઈ લાલભાઈના પરિવારનું આ કારખાનું. આ વિરાટ સંકુલના વિકાસમાં મહત્ત્વનો ફાળો છે બી. કે. મઝુમદારનો.

'અતુલ' પારનેરા ટેકરીની તળેટીમાં જ ગણાય. આ પારનેરા નાનકડો ડુંગર છે પણ નોંધપાત્ર છે, કારણ કે તેમાં શિવાજીની આરાધ્ય દેવી માતા ભવાનીનું મંદિર છે. કહેવાય છે કે સુરતની એક લૂંટ માટે આવતાં પહેલાં શિવાજીએ આ ગઢ ઉપર રાતવાસો કરેલો. સ્થળ રમણીય છે. તેના પરથી નીચેની વાંકી નદી તથા વલસાડની આસપાસના પ્રદેશ વગેરેનું સુંદર દૃશ્ય દેખાય છે. ઔરંગા નદીના કાંઠે આવેલું વલસાડ આ ઉદ્યોગોના લાભથી વિકસિત નગર બન્યું છે.



સાંઈબાબાનું મંદિર - તીથલ અને તીથલનો દરિયાકિનારો

એક વખત ચોતરફ આંબા-ચીકુની વાડીઓથી વીંટળાયેલું વલસાડ ઉદ્યોગોના આગમન છતાં હરિયાળી પાલવ જાળવી રહ્યું છે. એક પાસ પૂર્વમાં ને એક વખતના રાજ્યસ્થાન ધરમપુર સુધી, તો બીજી પાસ સમુદ્રતીરના તીથલને પણ પોતાનામાં સમાવી લેતું વિસ્તર્યું છે. ધરમપુર વિખ્યાત સાંભરી પ્રભાતદેવજીનું સ્મરણ કરાવે તેવું વલસાડ-નાસિક માર્ગ પર આવેલું સ્થાન હવે તો સાધક કવિ મકરંદ દવેના નંદિગ્રામ માટે પણ નોંતરે છે. પશ્ચિમ રેલવેના એક વખતના વડા મથક એવા વલસાડે રેલવે વિસ્તારની જૂની સુંદરતા ગુમાવી છે પણ ધરમપુર - તીથલ - અતુલને કારણે તે હજી પ્રવાસીઓને આકર્ષે છે.



સુરત અને વલસાડ જિલ્લો એટલે ગુજરાતનો દક્ષિણ ભાગ. નર્મદે કહ્યું છે તેમ કુંતા નદીને કાંઠેના કુંતેશ્વરથી કે નવલરામે કહ્યું છે તેમ દમણગંગાથી અથવા કીમ નદીથી શરૂઆત કરીએ તો આ દક્ષિણ ગુજરાત દમણગંગા-કોલક-ઔરંગા-અંબિકા-પૂર્ણા-મીંઢોળા-તાપી એમ અનેક નાની-મોટી નદીઓથી સજળ છે. આ નદીઓનાં જળ તથા તેમણે ઠાલવેલા કાંપની રસાળ જમીનને કારણે પૂર્વમાં વન અને ડુંગરા અને પશ્ચિમના સાગર વચ્ચેનો આ પટો લીલી વાડીઓ ને લીલમલીલી ખેતીનો પ્રદેશ છે. આંબા, કેળ, ફણસ, ચીકુ, પપૈયાં, નાળિયેરીઓ અહીં લચી પડે છે. કેરીનું તો ધામ. વલસાડી આફૂસની પરદેશ નિકાસ થાય છે ને તે ઉપરાંત પાયરી, રાજાપુરી, સરદાર, મલગોબો એવી કેરીની અગણિત જાતો અહીં વિકસી છે. ખેતીમાં ડાંગર, જુવાર ઉપરાંત કપાસ, કઠોળ પણ ખરાં.

શેરડીના પાકને કારણે તો અહીં ગોળ અને ખાંડના ઉદ્યોગો વિકસ્યા છે, તો સાગરકાંઠે વહાણવટું, મત્સ્યોદ્યોગ અને મીઠાના ઉદ્યોગો છે. દક્ષિણ ગુજરાતનો પૂર્વ છેડો ડુંગરાળ છે. ત્યાં ફળો-શાકભાજી ઉપરાંત ક્યાંક દ્રાક્ષ પણ ઉગાડાય છે. ઉમરગામ તો ફિલ્મઉદ્યોગનું કેન્દ્ર પણ બન્યું છે. દમણ મૂળ પોર્ટુગીઝ સંસ્થાન, તેથી ત્યાંનું વાતાવરણ હજી વિશિષ્ટ લાગે. વહીવટી રીતે તે આજે ગુજરાતનો ભાગ નથી પણ પ્રજાની દૃષ્ટિએ તે ગુજરાતી છે. વાપીની આસપાસના અનેક નાના-મોટા ઉદ્યોગોને કારણે વાપી-દમણનો આખો ગાળો હવે હરિયાળી વાડીઓને બદલે કારખાનાંથી જ ભરેલો જણાય છે. આ કારખાનાંઓ ઘણું કરીને રસાયણનાં હોઈ આ વિસ્તારમાં પ્રદૂષણનો મોટો ભય ઊભો થયો છે, જેને કાબૂમાં લેવા સરકાર દ્વારા પ્રયત્નો ચાલી રહ્યા છે.

સદાય અનુકૂળ ખુશનુમા આબોહવા અને ઉદાર કુદરત તથા સુવિકસિત ઉદ્યોગોને કારણે સમૃદ્ધ દરિયાકાંઠા અને વન વચ્ચેનો ગાળો જીવનને અને ત્યાંની વસતિના સ્વભાવને પણ ખુશનુમા, આનંદી અને સરળ-સ્વભાવી બનાવે છે. ઉમરગામ-બોરડી-દમણ તથા વલસાડ પાસે તીથલ અને મરોલી પાસે ઉભરાટનાં તેમ જ ડુમસ-હજીરાના દરિયાકાંઠાનાં સ્થળો ઉપરાંત પૂર્વમાં ડાંગમાં સાપુતારાનું ગિરિમથક પણ વિકસ્યું છે. તીથલ-ઉભરાટમાં તેમ જ સાપુતારામાં સરકારે વિહારધામો પણ બનાવ્યાં છે.

રાષ્ટ્રીય ચળવળો, સર્વોદય આશ્રમ પ્રવૃત્તિઓ, ઉદ્યોગો અને મહાન વિભૂતિઓની જન્મભૂમિ એવી આ દક્ષિણ ગુજરાતની ભૂમિમાં પર્યટકો અને સહેલાણીઓ માટે પણ ઘણાં સ્થાનો છે. સુરત નજીક ડુમસ, નવસારી નજીક ઉભરાટ તેમ જ વલસાડ નજીક તીથલ એ હવા ખાવાનાં રમણીય

સ્થળો છે. તીથલ સુંદર વિશાળ સમુદ્રતટ સાગરતીરની સહેલગાહ સાથે ત્યાંની ગાંધીનિવાસની ઘટનાથી સ્મરણીય અને સાંઈમંદિર વગેરેથી અધિક રમણીય બન્યો છે. આ ઉપરાંત વલસાડ જિલ્લામાં દક્ષિણે નારગોળ પણ એક અદ્ભુત સૌંદર્યધામ છે. નારગોળમાં અરવિંદ-આશ્રમ - પ્રેરિત એક છાત્રાલય સહિત શાળા પણ છે. ઉમરગામનો દરિયાકાંઠો પણ આહ્લાદક છે.

ડાંગપ્રદેશ યાદ કરીએ એટલે નજરમાં જંગલો ઝૂલે. ડાંગ અને ધરમપુરનાં જંગલોનો 'વલસાડી સાગ' તરીકે ઓળખાતો સાગ ઇમારતી લાકડા તરીકે મશહૂર અને મૂલ્યવાન, રાચરચીલા માટે પણ ઉત્તમ. આથી જ વલસાડ-બીલીમોરામાં રાચરચીલાંનાં કારખાનાં પણ વિકસ્યાં છે. એમ તો બીલીમોરામાં રસાયણ-ઉદ્યોગ, બારડોલી-ગણદેવીમાં ખાંડ-ગોળનો ઉદ્યોગ, વાલોડમાં સહકારી ધોરણે વિવિધ ઉદ્યોગો - ખાસ કરીને પ્રખ્યાત લિજ્જત પાપડનો ઉદ્યોગ - એમ અનેક ઉદ્યોગો ગુજરાતના આ વિસ્તારમાં વિકસેલા છે. પૂર્ણા-કાંઠે આવેલું નવસારી તો મોટું કેન્દ્ર. મૂળે ગાયકવાડી પ્રદેશ. નવસારીનું નામ આવે એટલે જમશેદજી તાતા જરૂર યાદ આવે. નવસારીનો તાતા હૉલ આજે દક્ષિણ ગુજરાતની શાન છે. આ સાથે બીજાં બે નામો જરૂર યાદ આવે : એક ફિલ્મસ્ટાર જેકી શ્રોફ અને બીજું નામ છે ગઝલગાયિકા પિનાઝ મસાણીનું. તેથી તેનો વિકાસ પહેલેથી જ આગળ પડતો. કાપડની મિલો, વાસણનાં કારખાનાં, હીરાનો ઉદ્યોગ ઉપરાંત અન્ય અનેક કારખાનાંઓ ત્યાં છે. અહીંની આર્ટ્સ-કૉમર્સ કૉલેજો ઉપરાંત ખેતીવાડી કૉલેજ વગેરે તથા હૉસ્પિટલો વગેરેની સુવિધાઓને કારણે તે નાનું પણ સરસ નગર બની ગયું છે. નવસારી-સુરત માર્ગ પરની વિશાળ હૉસ્પિટલ આશીર્વાદરૂપ બની છે. શાસ્ત્રીય સંગીતનો ગાયકવાડી સંગીતશાળાનો વારસો જાળવી રાખ્યો છે. પુરાણકાળનું - પૂર્ણા-સાગરસંગમ પરનું આ 'નવસારિકા' બંદર - એક વખતની જ્યાં રોમનાં વહાણો નાંગરતા એવી વિખ્યાત નગરી છે. પૂર્ણાને કાંઠે વિસ્તરેલું નવસારી ઉદ્યમી-ઉદ્યોગી છે, પરંતુ નિવૃત્તજીવન માટે પણ અનુકૂળ એવું શાંતસુંદર અને મધુર વ્યવહારી પ્રજાવાળું નગર છે. સંગીતજ્ઞ બચુભાઈ સોનીની યાદ ઉપરાંત વિખ્યાત મરાઠી નાટ્યકાર ગડકરીનું આ નગર સંસ્કારી નગરનો સુરુચિપૂર્ણ સ્વભાવ જાળવી રહ્યું છે. નવસારીથી જો જઈએ પશ્ચિમ તરફ તો પાછા પહોંચીએ દાંડી. તો વળીએ પૂર્વ તરફ.




ઉભરાટનો સમુદ્રકાંઠો

ડાંગ-સાપુતારા

ગુજરાતના જિલ્લાઓમાં સૌથી નાનો અને આદિવાસીઓની સૌથી વધુ વસ્તી ધરાવે છે. પૂર્વ તરફ થાણા જિલ્લાના ડુંગરા અને જંગલોનું અનુસંધાન. વલસાડની પૂર્વે ધરમપુરનાં જંગલો, નવસારી-બીલીમોરાની પૂર્વે વાંસદા-ડાંગનાં જંગલો, પશ્ચિમે સમુદ્રનો તેમ પૂર્વે જંગલોનો સળંગ પટ્ટો. ધરમપુર અને વાંસદા જૂનાં રજવાડાં, ડુંગરો-જંગલો વચ્ચે વસેલાં રજવાડી ઘાટનાં, પણ હવે ઊતરેલી રોનક છતાં પણ કુદરતી મનોહર ભૂમિકાને લીધે રળિયામણાં લાગે છે.

સાપુતારા - ગુજરાતનું એકમાત્ર હિલસ્ટેશન





ડાંગ દરબાર

ધરમપુર વલસાડ જિલ્લામાં અને વાંસદા સુરત જિલ્લામાં. ડાંગનો તો અલગ જિલ્લો. એ પ્રદેશ વનવાસીઓની પછાત જાતિઓનો - ભીલો જેવી પ્રજા ડાંગીઓનો. તેમના વિકાસ અર્થે આ વ્યવસ્થા. સુરતથી (અથવા નવસારીથી કે બીલીમોરાથી) પૂર્વમાં જઈએ એટલે 'આહવા' આવે. કંઈક ઊંચાઈ પર આવેલું એ જિલ્લાનું મુખ્ય મથક. બીલીમોરાથી વઘઈ સુધી તો જૂના વખતની નેરોગેજ ટ્રેન પણ ખરી. આહવામાં સરકારી કચેરીઓ છે. માત્ર વર્ષમાં એક વાર ડાંગ દરબાર ભરાય. ડાંગનું બીજું શહેર વઘઈ.

ડાંગનાં જુદાંજુદાં ગામોના જૂના ઠાકોરોને શિરપાવ અપાય, મેળો જામે, આદિવાસીનું નૃત્ય થાય તે જોવા જેવું. બાકી મુખ્ય મથક સાપુતારા. ચોપાસ સઘન જંગલ. ત્યાં બારડીપાડાનું અભયારણ્ય - વન્ય પશુઓથી ભરેલું. આહવામાં ઘેલુભાઈ નાયકે અને છોટુભાઈ નાયકે આશ્રમશાળાની પ્રવૃત્તિ દ્વારા આ પ્રજાના વિકાસ માટે અનેકવિધ પ્રવૃત્તિ કરી છે. જંગલમાંથી સર્પાકાર રસ્તે ઉપર જતાં આવે ગુજરાતનું એકમાત્ર ગિરિમથક સાપુતારા. ગુજરાત સરકારે તે વિકસાવ્યું. સનરાઈઝ પોઈન્ટ, સનસેટ પોઈન્ટ, ઈકો પોઈન્ટ, બોટિંગ, દીપકલા ઉદ્યાન, ત્રિફળાંવન, મધમાખી ઉછેર કેન્દ્ર, ઋતંભરા વિશ્વવિદ્યાલય વગેરે સ્થળો જોતાં-ફરતાં પ્રવાસીઓ આનંદથી સમય વ્યતીત કરે. આબોહવા ખુશનુમા પણ ચોમાસામાં ભારે વરસાદ. સાપુતારા ટેકરી પર જ મહારાષ્ટ્રની સરહદ દર્શાવતો દરવાજો. અહીંથી નાસિક જિલ્લામાં પ્રવેશ થાય. નાસિક તો અહીંથી ખૂબ નજીક. પ્રવાસીઓ એક દિવસમાં આંટો મારી આવે. સાપુતારા પર સરકારે વિહારધામ, કેન્ટીનની વ્યવસ્થા કરી છે. હોટલો પણ ખરી. ગુજરાત ટુરીઝમે આ ગુજરાતના એકમાત્ર પર્વતીય સ્થાનને હવે સરસ રીતે વિકસાવ્યું છે. અહીં પૂર્ણિમા પકવાસાએ સુંદર વિદ્યાધામ વિકસાવ્યું છે. મધમાખી ઉછેર કેન્દ્ર છે, તો સરકારી અને બિનસરકારી નિવાસસ્થાનો પણ વિકસ્યાં છે. બંધ બાંધીને રચેલું નાનકડું તળાવ સહેલાણીઓને નૌકાવિહારની મોજની તક આપે છે, તો ટેકરીનો એક છેડો સુંદર સૂર્યાસ્ત-દર્શન માટેનું કેન્દ્ર છે. પ્રવાસીઓને આનંદપ્રદ ઉત્તેજના આપવા માટે સાપુતારા પર ચઢતો સર્પાકાર માર્ગપ્રવાસ પૂરતો છે.

પૂર્ણિમાબહેન પકવાસા



ડાંગના આદિવાસી વિસ્તારમાં વર્ષોથી ધૂણી ધખાવીને બેઠેલાં, આદિવાસી ઉત્કર્ષનાં પુરસ્કર્તા તેમ જ ઋતંભરા વિશ્વવિદ્યાપીઠનાં સ્થાપક, આરોગ્ય, શિક્ષણ, વ્યસનમુક્તિ, અંધશ્રદ્ધાનિવારણ, આર્થિક સુધારણા જેવી પંચમુખી યોજનાઓ બનાવીને આ ક્ષેત્રમાં પૂર્ણિમાબહેને મોટી જાગૃતિ આણી છે.

અહીંના આદિવાસીઓ હોળી અને ડાંગ દરબારના તહેવારોમાં ગંગાનદીના કાંઠે સર્પપૂજા કરવા આવે. લોકવાયકા મુજબ 'રામાયણ'માં વર્ણવેલ દંડકારણ્યનો જ આ વિસ્તાર છે. ડાંગના આદિવાસીઓની પોતાની આગવી પ્રજાકીય સંસ્કૃતિ છે. પ્રવાસીઓ માટે ડાંગી ગીત-સંગીત અને નૃત્યો જોવાની સરકાર દ્વારા વ્યવસ્થા થાય છે. સાપુતારાની શાંત શીતળ રમણીયતા માણવા જેવી છે.

ડાંગ - આખો જિલ્લો ડુંગરાળ છે. પૂર્વ તરફનો સૌથી ઊંચો ડુંગર 1100 મીટર ઊંચો છે. જિલ્લામાં પૂર્ણા, અંબિકા અને સર્પગંધા મુખ્ય નદીઓ છે. પૂર્ણા સૌથી લાંબી નદી છે. એકંદરે પહાડી પ્રદેશ હોઈ નદીઓના પ્રવાહ ઝડપી છે. બધી નદીઓમાં બારે માસ પાણી રહે છે.

સોનગઢ-ઉકાઈ

આ ડાંગના જ વિસ્તારની ઉત્તર ધારે છે વ્યારા સોનગઢ. વ્યારા નાનું પણ સુંદર ગામ. વ્યારા એટલે ગુજરાતના એક વખતના મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીનું જન્મ-કર્મ-સ્થાન. ગુજરાતી સાહિત્યક્ષેત્રે સોનગઢનું સ્મરણ વિખ્યાત સાહિત્યકાર સુરેશ જોષીની જન્મભૂમિ તરીકે. સોનગઢ તો ખાનદેશ તરફથી આવતા ગુજરાતનું બારું. નાની ડુંગરી અને ઉપર કિલ્લો. શિવાજીનું સુરત પરનું એક આક્રમણ આ દિશામાંથી આવ્યું ત્યારે તેમનો ત્યાં રાતવાસો. ગાયકવાડની ગાદીની સ્થાપના પણ પહેલી અહીં, પછી તે વડોદરા થઈ. તેની આસપાસ પણ જંગલો હતાં. આજે નથી દેખાતાં. એટલે ક્યારેક ઝરણાની ધારેધારે ગામમાં લટાર મારી જતા દીપડા પણ નથી રહ્યા.

આજે તો આ સ્થળ જાણીતું છે લાકડાના વેપાર માટે અને 'ઉકાઈ' બંધ માટે. તાપીનદી ઉપરની ઉકાઈ યોજનાનો મુખ્ય બંધ અને ઉત્પાદન કેન્દ્ર સોનગઢથી ખૂબ નજીક. સોનગઢ નામના ગામથી આનો અલગ નિર્દેશ કરવા આ કિલ્લે સોનગઢ કહેવાય છે. ઉકાઈ બંધ જલાગાર અને વિદ્યુત-કેન્દ્ર માટે તો નોંધપાત્ર છે, પણ તેની એક વિશેષતા એ છે કે તેનો પાયો કૉંક્રીટ જેવા પદાર્થથી નહીં પણ માટી દાબીને રચેલો છે.

સોનગઢ એટલે સરહદ. થોડે જ આગળ નવાપુરથી મહારાષ્ટ્રની સીમા શરૂ થાય છે, તો સહેજ આગળ નીઝરથી નદી ઓળંગી સંત સંતોબાના કુકરમુંડા થઈ જંગલના રસ્તે સાતપૂડાની આરપાર નીકળી જઈએ ને પહોંચીએ તાપીતટેથી નર્મદાતટે. સ્ટેશનવિસ્તાર ગુજરાતમાં અને ગામવિસ્તાર મહારાષ્ટ્રમાં છે.

'નમામિ દેવી નર્મદે !'

જેનાં દર્શનમાત્રથી પુણ્યશાળી થવાય એવી પુરાણપ્રસિદ્ધ પાવનસલિલા નર્મદા એટલે શિવત્વ અને પાવનત્વનો સનાતન પ્રવાહ ! ભારતનાં સંસ્કૃતિ-પુરાણ અને ઇતિહાસ, ધર્મ-યોગ જેના પયપાને ઊછર્યાં છે એવી પ્રજામાતા. ગુજરાતની એ જીવાદોરી !

ગુજરાતની પશ્ચિમે રણઝણતો રત્નાકર છે. પૂર્વમાંથી અનેક મોટી નદીઓ આવીને તેમાં સમાય છે; તેમાં સૌથી લાંબો પ્રવાસ કરીને આવે છે નર્મદા. વિંધ્ય પર્વતમાળાના પૂર્વ છેડે આવેલા લગભગ 1000 મીટર ઊંચા અમરકંટક-પર્વતમાંથી નીકળતી રેવા અને સાતપૂડા પર્વતમાળાના મેકલ પર્વતમાંથી નીકળતી નર્મદા બંને માંડલા આગળ મળી એકરૂપ થાય છે અને આગળ વધે છે. અમરકંટકથી સમુદ્ર સુધીનો તેનો પ્રવાસ 1280 કિલોમીટર - આ દરમ્યાન તે ઓળખાય છે 'નર્મદા' તેમ જ 'રેવા' તરીકે 'અમરકોષ'કારે તેને 'મેકલ-કન્યા' અને 'સોમોદ્‌ભવા' પણ કહી છે.



સંગેમરમરના પહાડો વચ્ચે નર્મદા રુદ્રરૂપા બની ધોધ બનીને ઝીંકાય છે. આ જળધોધનું નામ ધુવાંધાર.

વિંધ્યની ગિરિમાળામાં રમતી-કૂદતી-ઊછળતી નર્મદા નીચે ઊતરે છે. લગભગ પાંચેક કિલોમીટર સુધી ઝાડીઓમાં સર્પાકારે વહેતી, અનેક ઝરણાંને આવકારતી-સમાવતી ને પુષ્ટ થતી કપિલધારાના પ્રપાત આગળ 25 મીટરની ઊંચાઈએથી ખાબકે છે. દોઢેક કિલોમીટર બાદ તે દૂધધારાનો ધોધ બને છે. પછડાઈને શ્વેત જેવા દેખાતા જળને કારણે જ મળ્યું છે નામ 'દૂધધારા'. અમરકંટકથી આવતાં પહેલાં ભેડાઘાટ અને પછી ઓંકારેશ્વર-માંધાતા ત્યાંથી વળી પાંચેક કિલોમીટર જતાં અનેક ખડકોમાં અથડાઈ-વેરાઈ માહેશ્વરની નજીક તે સહસ્રધારાનું રૂપ લે છે... એવું સરસ કે કવિ કાલિદાસને પણ તેનું વર્ણન કરવાનું મન થયું છે 'મેઘદૂત'માં. ત્યાંથી ત્રીસેક કિલોમીટર જેટલા પથરાળ પ્રદેશમાં વહી જબલપુર પાસે ભેડાઘાટમાં ત્રીસ-પાંત્રીસ મીટર ઊંચા આરસના ડુંગરોની દીવાલો વચ્ચે વહેતી જાય છે. એ સંગેમરમરના પહાડો વચ્ચે તે રુદ્રરૂપા બની રહે છે. વળી, ત્રીસેક કિલોમીટર દૂર ધોધ બનીને ઝીંકાય છે. કાચ જેવું સ્વચ્છ નીર આરસના ખડકો પર પછડાતાં અસંખ્ય હીરાના હાર પગથિયે પગથિયે નાચતા હોય તેવું લાગે છે. જલબિંદુઓ એકબીજા સાથે અથડાઈ આગળ દોડી પરસ્પર ધક્કામુક્કીમાં ચૂરેચૂરા થઈ ઝીણાં સીકરો ધુમાડા જેવાં વાદળાંનું વાતાવરણ રચે છે સફેદ ઘુમ્મટ ! આથી જ આ જળધોધનું નામ પડ્યું ધુંવાધાર !



કપિલધારા

નર્મદાને તો પ્રત્યેક સ્થાને બંને કાંઠે તીર્થ. પણ માળવામાં પ્રવેશીને આગળ જતાં જ આવે ઓમકારેશ્વર ને સામે કાંઠે માંધાતાતીર્થમાં અમલેશ્વર. એ તો જ્યોતિર્લિંગો - ઉત્તમ તીર્થો ! ત્યાંથી આગળ વળી કપિલાસંગમ અને કપિલધારા ને સહસ્રાર્જુનની અને મંડનમિશ્રની નગરી માહિષ્મતી પછીથી માહેશ્વર નામે ખ્યાત નગરીએ જતાં તે અહલ્યાબાઈનું પણ સંભારણું આપીને ફરીથી સહસ્રધારા થઈ આગળ વધે. મુંજ અને રૂપમતી-બાજબહાદુરનો માંડવગઢ દૂરથી જ દેખાડી આગળ વધતી હાંફેશ્વર પાસે ગુજરાતમાં પ્રવેશે અને સુરપાણેશ્વરની ટેકરીને વીંટળાઈ દેવનદી સાથે ધોધરૂપે મળી ધોધે વીંટળાઈ આગળ વધે છે. મોખડીઘાટનો ધસમસતો પ્રવાહ 'હરણફાળ' પથ્થરો વચ્ચેની સાંકડી ધારાઓ - ભૈરવ ઘાટી સાંકડી નાળમાં વહેતો ઊંડો પ્રવાહ ખંડવા-હોશંગાબાદ જેવાં શહેરોને પયપાન કરાવી હવે તે ગુજરાતને ઉછેરવા આવે છે. સુરપાણેશ્વર પાસે ત્રણ રાજ્ય - ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશનું સંધિબિંદુ તેમ

ઓમકારેશ્વર



સહસ્રધારા





કેવડિયા કૉલોની

ગુજરાતનાય વડોદરા અને ભરૂચ જિલ્લાની સરહદો મળે. દેવનંદીનો ત્યાં ધોધ ને પછી સંગમ નર્મદા સાથે. ત્યાંથી આગળ જતાં જ મોટા ઢાળ પર આખી નદી ગબડે તે મોખડીઘાટ બને એક નાનો ધોધ. પણ પછી તો પ્રવાહ એવો વિભક્ત થઈ જાય, સાંકડી પટ્ટીમાં હરણુંય કૂદી જાય. એટલે એ જગાને કહી 'હરણફાળ...' તેની નજીકમાં જ **નર્મદા** - યોજનાના કામ માટે કેવડિયા ગામ પાસે વસેલી કેવડિયા કૉલોની ને ત્યાંથી ભૈરવઘાટીમાંથી પસાર થઈ આવે ગરુડેશ્વર પાસે. ગરુડેશ્વરમાં દત્તમંદિરમાં સંધ્યાટાણે થતી આરતીમાં ભાગ લેવો એ પણ એક ચિરસ્મરણીય અનુભવ છે. ત્યાં સંત રંગ અવધૂતજીના ગુરુ દત્તાવતાર વાસુદેવાનંદસ્વામીની સમાધિ પખાળી, પુરાણપ્રસિદ્ધ ચંદ્રતીર્થ - ચાંદોદ-કરનાળી થઈ ભક્ત દયારામનાં ગીત ગાતી. અનેક તીર્થોને પખાળતી રંગ અવધૂતજીના સ્થાન નારેશ્વર થઈ પહોંચે કબીરવડ ! દંતકથા તો કહે છે કે કબીરજીએ વડવાઈના દાતણની ચીર નાખી ને વડ વિસ્તર્યો. પણ એ હકીકતનું નહીં પણ મર્મનું સત્ય તો પારખી શકાય છે એ વિશાળ વડના અવશેષમાં. કેવો હશે એ જ્યારે ખંડિત નહીં હોય ? પૂછો નર્મદને, 'ભૂરો ભાસ્યો ઝાંખો દૂરથી ધુમસે પા'ડ સરખો ! નદી વચ્ચે ઊભો નિરભયપણે એકસરખો !' એમ તો નર્મદાએ અનેક કવિઓ-સંતોને પ્રેર્યા છે. શંકરાચાર્યે અષ્ટક પ્રયોજ્યું 'નમામિ દેવિ નર્મદે', તો ભરૂચના કવિ બ. ક. ઠાકોરે પણ ગુજરાતનું પ્રથમ સૉનેટ આપ્યું 'ભણકારા' નર્મદાની પ્રેરણાથી. શુક્લતીર્થ પછી ભરૂચ. તે તો ભૃગુકચ્છ ! ભૃગુઓની ભૂમિ ! ભગવાન

સરદાર સરોવર - નર્મદા યોજના

વિશ્વની તમામ સંસ્કૃતિઓ નદીકિનારે વિકસી છે. નદીને માતા કહી છે. આ નદીનાં પવિત્ર પાણી સંસ્કૃતિનું ઘડતર કરે છે. નર્મદાનાં નીર ગુજરાતના ખૂણેખૂણામાં વ્યાપી, તેને ફળદ્રૂપ બનાવી, વિકાસના ધ્યેયમાં ચેતન રેડી રહ્યાં છે. કૉંક્રિટના જથ્થાની દૃષ્ટિએ વિકાસનો બીજા ક્રમાંકનો સૌથી વિશાળ સરદાર સરોવર બંધ નર્મદાનદી પર બંધાઈ રહેલ છે.

નર્મદા પરનો આ બંધ ભારતના સૌથી ઊંચા કૉંક્રીટ બંધોમાં ત્રીજા સ્થાને આવે છે. ભાખરા (226 મીટર), ઉત્તરપ્રદેશના લખવાર (192 મીટર) પછી નર્મદાનદી પરનો સરદાર સરોવર બંધ (163 મીટર) આવે છે. પીવાનું પાણી, સિંચાઈ અને વીજળી એમ ત્રિવિધ લાભ આપવાની ક્ષમતા ધરાવતી નર્મદા યોજના અનેક રીતે અનોખી આંતરરાજ્ય યોજના છે. આ યોજનાનું અમલીકરણ વનસંરક્ષણ કાયદો અમલમાં આવ્યા બાદ પર્યાવરણની તીવ્ર સભાનતાના સમયમાં થઈ રહ્યું છે. યોજનાના અસરગ્રસ્તોના પુનર્વસન માટેના પૅકેજની રચના વિશ્વની સૌથી ઉદાર નીતિ મુજબ કરાઈ છે. સરદાર સરોવર પાસે કેવડિયા કૉલોનીમાં આ યોજનાના અધિકારીઓ તેમ જ કર્મચારીઓ રહે છે. આ ઉપરાંત આ ડેમ જોવા આવનાર અહીં રોકાણ કરી શકે છે. ગુજરાત પ્રવાસન નિગમ તરફથી આ ડેમ જોવા માટે બસની સગવડ પણ છે.

નર્મદા યોજનાના ભાગરૂપે નર્મદાનદી પરનો બંધ અને સરદારની પ્રતિમા







નર્મદાની પરિક્રમા

લકુલેશના કાયાવરોહણતીર્થની નર્મદા-પોષિત પુરાણકથાની જેમ ભૃગુકચ્છની કથાય આપણી સંસ્કૃતિનો વારસો.

અહીં સુધી આવતાં તો પેલી અમરકંટકની ઊછળતી - કૂદતી સરિત્કન્યા, ધુંવાધાર ને સહસ્રધારાની સરિત્યૌવના હવે તો પ્રૌઢ થઈ ગઈ છે. પટ વિશાળ છે, ઊંડાણ ઝાઝું છે, નીર ભર્યાંભર્યાં છે, પ્રવાહની ગતિ ધીરી મંથર છે. સમુદ્ર હવે પચીસેક કિલોમીટર જેટલો જ દૂર છે. ભરૂચથી પછી 22 હજાર એકર જમીનના ઘેરાવાવાળો અલિયાબેટ અને બીજા નાનામોટા બેટોને મૂકી, પાછળ ભાડભૂતેશ્વર તેમ આગળ વિમલેશ્વરને વટાવી, છેલ્લી વિદાય લઈ તે ખંભાતના અખાતમાં - સમુદ્રમાં સમાઈ જાય છે. ભારતના લગભગ અર્ધા વિસ્તાર જેટલા પ્રવાસની એ પૂર્ણાહુતિ !

પહાડો અને અરણ્યો, ધોધ, પ્રપાતધારાઓ અને ઓવારાઓ, સંગમો અને તીર્થો, જંગલો, ખેતરો, ગામડાં, નગરોના અનેકવિધ રોમાંચક પ્રવાસો અને તે સાથે કાળના પટ પર પણ આર્યોના પણ આગમન પહેલાંના અતીતથી માંડીને તે પુરાણ ને ઈતિહાસનાં અનેક સંસ્મરણો-સ્મારકો સંઘરતા ઠેઠ આજના નર્મદા યોજના સુધીના પ્રવાસોની પણ એ જીવંત રેખા ! નર્મદા યોજનાનાં ફળ હવે પ્રજાને મળવા લાગ્યાં છે. તેના ફળસ્વરૂપે સૌરાષ્ટ્ર અને કચ્છ સુધીના સૂકા પ્રદેશો અમૃતમય બની જશે.

નર્મદા એટલે ? અતીત અને અદ્યતન. અધ્યાત્મ અને ઉદ્યોગો. સંગ્રામો અને સાધના. ભક્તિ અને શક્તિ. પ્રવૃત્તિ અને પુરુષાર્થ. સાહસ અને શાંતિ ! એ સૌનો સાક્ષાત્કાર કરાવતું ભૌગોલિક છતાં દૈવી સ્વરૂપ. માટે જ એને કાંઠે સંભળાયા કરે છે... એક જ ધ્વનિ... નર્મદે હર ! નર્મદે હર !

નર્મદાની પરિક્રમા

'નર્મદે હર'નો એ ધ્વનિ, એ રટણ આખાય નર્મદાના કિનારે સાંભળવા મળશે, કારણ કે નર્મદામૈયાની પરિક્રમા કરતા સંસારીઓ, સંન્યાસીઓ કે બાવાઓનાં મુખમાં એ જ રટણ હશે.

નર્મદાની પરિક્રમા કરવાનો ઘણો મોટો મહિમા છે. માત્ર પગપાળા ચાલીને શારીરિક શ્રમ કરવાથી પરિક્રમા થતી નથી, પરંતુ એ માટેના પણ નિયમો હોય છે. આ પરિક્રમા ઘણી કઠિન હોય છે. રસ્તો વિકટ હોય છે. ટેકરા-ટેકરીઓનાં ચઢાણો, ક્યાંક ગીચ જંગલ અને ઝાડી અને કાંટાળી કેડીઓ વચ્ચેથી પસાર થવાની અનેક વિટંબણાઓ હોય છે. જીવન-જરૂરિયાતોનો અભાવ, ટાઢ, તડકો અને વરસાદ, તો ક્યાંક જંગલી માનવીઓનો ત્રાસ, તો ક્યાંક હિંસક પશુઓનો ડર વગેરે આપત્તિઓનો સામનો કરતાંકરતાં પણ અનેક માનવીઓ ખૂબ શ્રદ્ધાપૂર્વક આવી પરિક્રમા કરે છે.

આ પરિક્રમા માટેના નિયમોમાં સાથે ધન રાખી શકાતું નથી તેમ જ કોઈ પણ સંજોગોમાં પરિક્રમા અધૂરી મૂકી શકાતી નથી. કેશલોચન કરી શકાય નહિ. અહીં ગરીબ-તવંગર એક જ સ્થિતિમાં હોય છે. કેટલાક દાનવીરોએ નર્મદાને બંને કિનારે સદાવ્રતો ખોલેલાં હોય છે, તેથી પરિક્રમા કરનારાઓને મુશ્કેલી પડતી નથી.

ઝીલ્યો મેં પડકાર





ધ્રુવકુમાર પંડ્યા અને નંદિની પંડ્યા

નર્મદાના પ્રેરણા અને પડકારનો પણ ઈતિહાસ છે. સંતોને, સાધકોને, યોગીઓને એણે પ્રેર્યા છે તો સાહસવીરોને પણ પડકાર્યા છે. ઉદાહરણ રૂપે-

1959નો નવેમ્બર. નર્મદાની સંકુલતા અને વિશાળતા, ગતિ અને ઊંડાણ, વહેણ અને વમળો, ધોધ અને ધારાઓનો રહસ્યમય સાદ સાંભળી થનગની ઊઠેલું યૌવન પડકાર ઝીલવા તત્પર થયું. સાહસિકતા સળવળી ઊઠી. સુરતના ધ્રુવકુમાર પંડ્યાની રાહબરી નીચે ગુજરાતના તેર જુવાનોની ટુકડી નર્મદાનો ખોળો ખૂંદવા નીકળી પડી. માત્ર રબરનું હોડકું લઈને નર્મદાના મૂળથી મુખ સુધીના સળંગ જળપ્રવાસનું આ સાહસ ઈતિહાસમાં પ્રથમ જ હતું ને તેય વળી રબરના હોડકાથી જ !

ગુજરાતની સાહસિકતા માથેના મહેણાનો જાણે જુવાનીએ દીધેલો આ જોરદાર જવાબ હતો. રમ્ય અને રુદ્ર એવી નર્મદાના અનેકરૂપધારી પ્રવાહ પર જંગલો અને ઝાડીઓ, ખીણો અને ખાડીઓ, ખડકો અને ખતરાઓથી ભર્યા દુર્ગમ પ્રવાસનો એ સાહસિક સંકલ્પ હતો - જોખમકારક પણ જવાંમર્દીભર્યો...

વાંચો એમનું પુસ્તક 'ઝીલ્યો મેં પડકાર'. એમાં એ રોમાંચક પ્રવાસ આલેખાયો છે. નર્મદાનાં અનેકવિધ સ્વરૂપનો એમાં સાક્ષાત્કાર છે; નિરીક્ષણ નહીં પણ અનુભવ છે. આપણે કિનારેથી નર્મદાને જોઈ છે. એમણે નર્મદામાંથી કિનારા જોયા છે. તે પછી તો ધ્રુવકુમાર પંડ્યા અને શ્રીમતી નંદિની ધ્રુવકુમાર પંડ્યાએ પર્વતારોહણક્ષેત્રે પણ તાલીમ લઈ નોંધપાત્ર સિદ્ધિ પણ મેળવી હતી. તેઓ આબુમાં પર્વતારોહક સંસ્થાનું સંચાલન કરતાં હતાં.



પાવનસલિલા નર્મદા



રાજા કુમારપાળે બંધાવેલો ભરૂચનો

ભૃગુતીર્થ - ભરૂચ

ભરૂચ-ભૃગુકચ્છ ગુજરાતમાં નર્મદાકિનારાનું મોટામાં મોટું શહેર, પુરાણકાલીન નગરી - 'મહાભારત'કાળથીય પહેલાંની. મુનશી તો કહે છે, આ જ માહિષ્મતી. પણ ઇતિહાસકારો જુદા પડે છે. ભૃગુપુર, ભૃગુકચ્છ, ભરૂચ, વળી મરાઠીમાં 'ભડોચ'ને અંગ્રેજીમાં 'બ્રોચ' એમ અનેક નામે ઓળખાયું. ભૃગુઋષિનો અહીં આશ્રમ હતો. તેમના વંશજો ભાર્ગવો કહેવાયા. કનૈયાલાલ મુનશીએ ભૃગુઓની યશગાથાઓ આલેખી છે.

આ નગર પુરાણું, સોલંકીયુગના ઇતિહાસમાં પણ મહત્ત્વનું, પણ અહીં ઐતિહાસિક અવશેષો મળવા મુશ્કેલ છે. નદીકાંઠાનો ઓવારો, કિલ્લાની દીવાલ, એકાદ મંદિરના ભાગ - બસ થઈ ગયું. સંભવ છે કે વારંવાર આક્રમણોનો ભોગ બનવાને કારણે અને નદીની રેલ વગેરે કારણે પણ નગર વારંવાર ધ્વસ્ત થયું ને ફરીફરી વસ્યું હોય. ભરૂચ પોતાનું વતન હોઈ આ લેખકે પણ બચપણમાં નદી પર જોયેલા મોટા બાંધેલા ઓવારાઓ પણ આજે નદીના કાંપ નીચે દટાઈ ગયા છે. પોતાની નજર સમક્ષ જ એક નગરના એક ભાગને દટાઈ રહેલો જોવાનું દુઃખ અનુભવાય છે.

કબીરવડ



1397થી 1572 સુધી ભરૂચ અમદાવાદના સુલતાનો સત્તા નીચે રહેલું. આ દરમ્યાન 1534માં હુમાયૂંએ ગુજ જીતી લેતાં ભરૂચ મુગલ સત્તા હેઠળ આવ્યું હતું. 1536 1546માં પોર્ટુગીઝોએ ભરૂચ પર હુમલો કરી તેને લૂંટ્યું 1573માં તે અકબરના શાસન હેઠળ આવ્યું. 1614માં ફરી પોર્ટુગીઝોએ તથા 1675 અને 1686માં મરાઠાઓએ ભરૂ લૂંટ્યું હતું. 1735 સુધી તે મુગલ શાસન તળે રહેલું. મુ સત્તા નબળી પડતાં ભરૂચનો સૂબેદાર સ્વતંત્ર નવાબ બને આ નવાબી શાસન 1736થી 1772 સુધી રહેલું. ઈ ઇન્ડિયા કંપનીએ આ નવાબને હરાવી કાયમ માટે હસ્તગત કર્યું.

1860-64ના અમેરિકન આંતરવિગ્રહ દરમ્યાન તેજીને કારણે ભરૂચે સમૃદ્ધિનો અનુભવ કર્યો હતો, પણ ક્ષણજીવી હતો. ભરૂચથી રૂ, કપાસિયા અને અનાજ નિકાસ થતી હતી. યંત્રયુગના આગમનને કારણે જૂનો કાપ ઉદ્યોગ નષ્ટ થતો જતો હતો. લૅન્ડને અને રણછોડભાઈ ભરૂચમાં મિલઉદ્યોગ સ્થાપવા પ્રયત્ન કરેલો, પણ તે સફળતા મળી ન હતી. 1868માં ભરૂચમાં ઔદ્યોગિક પ્રદ ભરાયું હતું.

1927માં ભરૂચમાં પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કર હતું. ભરૂચ જિલ્લામાં 1944માં તે દાખલ કરાયું ભરૂચમાં બીજી કેળવણી પરિષદ પણ ભરાઈ હતી. 1849 અહીં સર્વપ્રથમ અંગ્રેજી શાળા શરૂ થઈ હતી.

ઈ. 1616માં સર ટોમસ રો('સુરત'વાળા જ) બાદશાહ જહાંગીરે ભરૂચમાં પણ વેપાર કરવાની પરવાન આપતાં અંગ્રેજોએ ભરૂચમાં પહેલવહેલી કોઠી નાખી. પ 1618માં વલંદાઓએ પણ કોઠી નાખી.

ઔરંગઝેબના સમયમાં શિવાજીએ બે વાર ભરૂચ લૂં ને તે પછી પણ મરાઠાઓનાં આક્રમણો થયાં. 1772 ભરૂચમાં મુસ્લિમ અમલનો અંત આવ્યો ને અંગ્રેજી અમ શરૂ થયો.

ભરૂચની આસપાસ ઊંચી જાતના રૂનું ઉત્પાદન, તે કાપડ ઉદ્યોગ માટે તે મહત્ત્વનું મથક હતું. ઝીણા મસલીન

તે સેઢ બનાવવા સુધીનું જાડું કાપડ અહીં બનતું. બાફ્ટાનું કાપડ ડચ લોકો અહીંથી યુરોપ વેચવા લઈ જતા. કર્નલ વિલિયમ લખે છે કે અહીંના મોચીઓ બૂટ અને ઘોડાનાં જીન એવાં તો સરસ બનાવતા કે ગુજરાતમાં વસતા યુરોપિયનો ઘોડાનાં જીન ખાસ ભરૂચથી મંગાવતા. રેશમી રજાઈ અને સૂજની બનાવવાનો કસબ આજે પણ ભરૂચની વિશિષ્ટતા છે.



ગોલ્ડન બ્રિજ

નદીના આ કાંઠાને સામા કાંઠા સાથે જોડતો 'ગોલ્ડન બ્રિજ' મૂળ તો રેલવે પુલ. એના પરથી હવે મોટર-વાહનો પણ જાય છે. આ પુલ અંગ્રેજોએ ઈ. 1881માં બંધાવેલો. તે વખતે નદીના પટની પહોળાઈ તેમ ઊંડાઈ અને ઊંડે સુધીના કાંપને કારણે બાંધકામમાં એટલો ખર્ચ થયેલો કે તેનું 'ગોલ્ડન બ્રિજ' નામ પડી ગયેલું.

નગરોનાં નગરો દટાઈ જવાની વાત આપણે વાંચીએ - સાંભળીએ છીએ. ગુજરાતમાં પ્રાગૈતિહાસિકથી માંડીને નજીકના ઇતિહાસમાંથી પણ આવી સત્યઘટનાઓના હજી સાક્ષીઓ પણ મળી રહે છે, પણ નર્મદાપ્રવાહની જેમ કાળપ્રવાહ પણ પોતાનું ધોવાણ કર્યે જાય છે. સમૃદ્ધ બંદર નદીનાં બદલાયેલાં વહેણ અને કાંપના પુરાણથી નાકામિયાબ થઈ ગયું છે. નદીકિનારાના 'નવ ચોકીના ઓવારા'નું પાકું બાંધકામ, તેના પરની બેઠકો, પગથિયાં વગેરે છેલ્લી એક પેઢીના સમય દરમ્યાન જ દસેક મીટર જેટલાં કાંપમાં - કાળના કાંપમાં દટાઈ ગયાં છે. લેખક તેના હાજરાહજૂર સાક્ષી છે. છેલ્લાં ચાળીસ-પચાસ વર્ષોમાં પણ આ ઓવારા વગેરેની થયેલી બૂરી હાલતથી શહેરનાં શહેર કાળક્રમે ધરતીમાં ધરબાઈ કેવા ટીંબા-ટેકરા થઈ જતાં હશે તેનો ખ્યાલ આવી શકે છે. આમ જ સર્જાયો હશે ને 'મોહન જો દડો' ?

નર્મદાના આ કાંઠે ભરૂચનો કિલ્લો - ગૂર્જરનરેશ કુમારપાળે બંધાવેલો તોતિંગ અડીખમ કોટ આજેય આ 'ભાંગ્યું ભાંગ્યું તોય ભરૂચ'ના પુરાતન ગૌરવની સાક્ષી પુરાવે છે. નદીને કાંઠે ને નદીને સમાંતર આ કોટ લગભગ બે કિલોમીટર લંબાયેલો છે. તેની સમાંતર જ શહેર છે. આ કોટને અડીને આવેલ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલ જિલ્લા કલેક્ટરશ્રી અને જિલ્લાના ન્યાયાલયોની અંગ્રેજોના સમયથી ચાલી આવતી ધમધમતી કોર્ટ-કચેરીઓ હવે શહેરની ઉત્તરે નવાં સંકુલોમાં સ્થળાંતરિત થઈ ગઈ છે અને જૂની બાંધણીની ઇમારતો આજે ખાલીખમ પડી છે.

આમ ભરૂચ પાઘડીપને વસેલું શહેર કહેવાય છે. નજીકમાં જ છે 'ગોલ્ડન બ્રિજ'. નદીના આ કાંઠાને સામા કાંઠા સાથે જોડતો મૂળ તો રેલવે પુલ. એના પરથી હવે મોટર-વાહનો પણ જાય છે. આ પુલ અંગ્રેજોએ ઈ. 1881માં બંધાવેલો. તે વખતે નદીના પટની પહોળાઈ તેમ ઊંડાઈ અને ઊંડે સુધીના કાંપને કારણે બાંધકામમાં એટલો ખર્ચ થયેલો કે તેનું 'ગોલ્ડન બ્રિજ' નામ પડી ગયેલું. એ પુલ જૂનો થતાં બાજુમાં જ બીજો પુલ રેલવે માટે બંધાયો અને છેલ્લા દસકામાં વધી ગયેલા વાહનવ્યવહારને કારણે ભરૂચથી થોડે દૂર ઝાડેશ્વર પાસે ત્રીજો વિશાળ પુલ બંધાયો છે. એના પરથી રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. 8 પસાર થાય છે. તેની ઉપલાણે ગરુડેશ્વર - રાજપીપળાને જોડતો એક પુલ પણ બંધાયો છે.

ભરૂચના અર્વાચીન યુગની ગૌરવગાથા પણ સભર છે. ગુજરાતની વ્યાયામ-પ્રવૃત્તિના પ્રણેતાઓ પુરાણીબંધુઓ ભરૂચના. આજથી પચાસ-સાઠ વર્ષ પહેલાં ભરૂચના છોટુભાઈ અને અંબુભાઈ પુરાણીનું આ વ્યાયામ-પ્રવૃત્તિનું પ્રદાન મૂલ્યવાન હતું ને જાણીતું છે. શ્રી છોટુભાઈનો સરકાર સામેનો વિદ્રોહ જાણીતો છે. શ્રી અંબુભાઈ પછીથી શ્રી અરવિંદના આશ્રમના અગ્રણી સાધક બનેલા. આજે પણ રમત-શિક્ષકોને તૈયાર કરતું ગુજરાત રાજ્યનું રાજપીપળાનું વિદ્યાલય છોટુભાઈ પુરાણી વિદ્યાલય કહેવાય છે. તેમના સાથીદાર સમા ચંદ્રશંકર ભટ્ટ અને સેવક ડૉ. ચંદુલાલ (છોટે સરદાર) રાષ્ટ્રીય ઇતિહાસનાં તેજસ્વી નામો છે.



અંબુભાઈ પુરાણી

આરંભમાં વ્યાયામપ્રવૃત્તિ અને દેશના સ્વાતંત્ર્ય-આંદોલનમાં સક્રિય ભાગ લેનાર અંબુભાઈ પુરાણીએ પાછળથી શ્રી અરવિંદ આશ્રમ - પોંડિચેરીમાં જઈને યોગસાધના આદરી હતી.

કનૈયાલાલ મુનશીનું નામ તો અર્વાચીન ભારતના અને વિશેષતઃ ગુજરાતના ઘડવૈયા, ગુજરાતની અસ્મિતાના સંવર્ધક તરીકે અનેક ક્ષેત્રે આદરણીય બની ગયું છે. અલબત્ત, તેમની સામાજિક-રાજકીય કે 'ભારતીય વિદ્યાભવન' જેવી વિદ્યા-સંસ્થાઓની પ્રવૃત્તિ યશસ્વી - છતાં તે મુખ્યત્વે રહ્યા સાહિત્યકાર-સર્જક. ગુજરાતના વરિષ્ઠ નવલકથાકાર તરીકે આદરણીય છે. તો ભરૂચના જ બળવંતરાય ઠાકોરે કવિતા અને વિવેચનનાં કાર્યક્ષેત્રે એવું જ મૂર્ધન્ય સ્થાન મેળવ્યું છે. દી.બા. કૃષ્ણલાલ ઝવેરી ન્યાયક્ષેત્ર ઉપરાંત સાહિત્યક્ષેત્રે પણ મહત્ત્વના, પણ તેમની તો ત્રણ પેઢીઓએ ગુજરાતની જે સેવા કરી છે તે વિરલ છે. રણછોડલાલ ઝવેરી અને પછી તેમના પુત્ર મોહનલાલ ઝવેરી કેળવણીના નવા યુગના આરંભના અગ્રણી કાર્યકરો ને ત્રીજી પેઢીએ કૃષ્ણલાલ. સંસ્કારક્ષેત્રે સાહિત્ય ઉપરાંત સંગીતક્ષેત્રે ભરૂચે આપ્યા પંડિત ઓમકારનાથજી, જેમનું નામ ભારતીય શાસ્ત્રીય સંગીતના સંદર્ભમાં પૂજ્યભાવ સાથે જ ઉચ્ચારાય છે. સામે કાંઠે આવેલો પૂ. હંસદેવજીનો આશ્રમ પણ ઉલ્લેખનીય છે. ભરૂચનું એ ગૌરવ છે.



છોટુભાઈ પુરાણી

ગુજરાતમાં છોટુભાઈએ વ્યાયામપ્રવૃત્તિનો વ્યાપક પ્રચાર કર્યો અને ગુજરાતનાં અનેક ગામોમાં વ્યાયામશાળાઓ સ્થાપીને કિશોરો-યુવાનોના સ્વાસ્થ્ય માટે ઉપકારક માર્ગદર્શન આપ્યું.

ભરૂચમાં ઔદ્યોગિક ક્ષેત્રે જેટલો ઝડપથી વિકાસ થયો તેટલી જ ઝડપથી શહેરની ઉત્તરે અને પૂર્વમાં રહેણાકનાં મકાનોની સેંકડો હાઉસિંગ સોસાયટીઓ અને શૉપિંગ સેન્ટર્સ



વિક્ટોરિયા ક્લૉક ટાવર

ઈ. સ. 1901માં મહારાણી વિક્ટોરિયાનું અવસાન થતાં ભરૂચની પ્રજાએ ઉઘરાણું કરીને એક ટાવર બંધાવ્યો. 2001માં થયેલા ભયાનક ભૂકંપથી ટાવર જમીનદોસ્ત થઈ ગયો. તેની છબી યાદગીરીરૂપે રહી છે.

વિકસ્યાં છે. શહેરમાં છેલ્લાં પંદર વર્ષોમાં નવાં ઉદ્યાનો, નવી શાળાઓ અને અનેક નવી કૉલેજો થઈ છે. ઉચ્ચ શિક્ષણ માટે ભરૂચમાં શ્રી સદ્‌વિદ્યા મંડળ સંચાલિત એન્જિનિયરિંગ કૉલેજની સગવડ ઊભી થઈ છે. જેમાં કેમિકલ, ઇલેક્ટ્રિકલ, મિકેનિકલ, કમ્પ્યુટર, ઇન્ફર્મેશન ટેક્નૉલોજી વગેરે શાખાઓનો સમાવેશ થાય છે.

નર્મદા ડેમની ઊંચાઈ વધતાં છેલ્લાં ત્રણ-ચાર વર્ષથી ભરૂચ શહેરના નીચાણવાળા વિસ્તારોમાં નર્મદામાં આવતાં પૂરના પાણીનું સંકટ ટળી ગયું છે અને હવે મધ્યપ્રદેશમાં ભારે વરસાદ પડે કે તવા ડેમમાંથી પાણી છોડવામાં આવે તો-પણ નર્મદાના પાણીની સપાટી વધુમાં વધુ દસેક મીટર સુધી જ પહોંચે છે અને નર્મદાનાં ધસમસતાં પૂર હવે ખાસ જોવા મળતાં નથી. પણ, શહેરની પશ્ચિમે ભરૂચથી આગળ દસ-વીસ કિલોમીટરના અંતરે આવેલ દરિયો ભરતીના સમયે પોતાના ખારા પાણીને નર્મદામાં ઠાલવતો જાય છે તેવી આશંકા છે.

પંડિત ઓમકારનાથ ઠાકુર કલાસંગીત મંડળ આજે પણ ભરૂચમાં સક્રિય છે અને શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો દર બે-ત્રણ મહિને યોજાતા રહે છે.

સાંસ્કૃતિક અને સાહિત્યના ક્ષેત્રે શહેરમાં પહેલાં જી.એન.એફ.સી. કરતાં વધુ ચેતના આવી છે. છેલ્લાં છ વર્ષ ઉપરાંતથી કૉર્પોરેટ બિલ્ડિંગમાં દર મહિનાના ત્રીજા ગુરુવારે અચૂકપણે 'બૂક-લવર્સ મીટ' મળે છે. સિનીયર સીટીઝન્સનું મંડળ પણ નગરમાં સક્રિય છે. શહેરની વસ્તી બે લાખના આંકને આંબી ગઈ છે.

ઈ. સ. 1901માં મહારાણી વિક્ટોરિયાનું અવસાન થતાં ભરૂચની પ્રજાએ ઉઘરાણું કરીને એક ટાવર બંધાવ્યો. એ 26મી જાન્યુઆરી, 2001 સુધી અડીખમ ઊભો હતો, પણ 26-1-2001ના રોજ થયેલા ભયાનક ભૂકંપે આ ટાવરને જમીનદોસ્ત કરી નાંખ્યો અને આજે તેની છબી માત્ર એક યાદગીરીરૂપે રહી ગઈ છે.

નર્મદાવેલી ફર્ટિલાઈઝર (GNFC)



ભરૂચ બંદરની વ્યાપારી પ્રવૃત્તિ બંધ થઈ તો ઉદ્યોગ નવો વિકાસ પણ થયો. ભરૂચમાં ખાતરનું એક વિરાટ સં 'નર્મદાવેલી ફર્ટિલાઇઝર' ધમધમી રહ્યું છે. ગુજરાતનાં મોટાં ફર્ટિલાઈઝર સંકુલોમાંનું આ એક છે. ભરૂચમાં વિકસેલા વિશાળ ઉદ્યોગોમાં જે મોખરે છે તે 'ગુજ નર્મદાવેલી ફર્ટિલાઇઝર', જેણે ભરૂચની આસપાસ વિસ્તારની કાયાપલટ કરી છે. અને હજી તો આરંભ ગણ

પાઘડીપને વસેલું ને અનેક ઢોળાવવાળા ચ ઊતરવાળા રસ્તાઓવાળું આ વિલક્ષણ શહેર રેવામાતા પણ અનેક થપાટો ખાઈને ઇતિહાસની કરવતથી વહેરાતું ફરી પુનર્જીવિત થતું - વિકસતું રહ્યું છે. કદાચ એની સજીવતાને કારણે જ કહેવાયું હશે 'ભાંગ્યું ભાંગ્યું તો ભરૂચ'. છેલ્લા થોડા દસકાઓથી શહેરની ઉત્તરે, રેલવે સ્ટે પાસેથી શરૂ થઈ રહેઠાણ માટેની અનેક સોસાયટી બંધાઈ જી.એન.એફ.સી.ની ટાઉનશીપ પણ ઊભી થઈ છે. ભરૂચ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય કોલેજો ઉપરાંત ઈજને કોલેજ પણ છે તેમ જ અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવ મંડળો પણ છે.

ભરૂચની આસપાસનો પ્રદેશ કપાસનો છે પણ સહે દક્ષિણમાં આવી પૂર્વ તરફ જઈએ તો રાજપીપળાનો જૂ રજવાડી મહેલ, વ્યાયામપ્રચારનું કેન્દ્ર અને જંગલો ત્યાંની કરજણ નદી અને ડેમ જોવા મળે. ડુંગરા-જંગલો નદીવાળું આ સ્થળ તેની રમણીયતાને કારણે અનેક ફિ ઉતારવાનું સ્થાન બની ગયું છે. ત્યાંથી નર્મદા ઓળંગીએ સામે આવે ગરુડેશ્વર.

ભરૂચથી 12 કિલોમીટર દક્ષિણે આવેલું અંકલે ખનિજ તેલ માટે જાણીતું છે. ગુજરાતમાં સૌથી સારું સૌથી વધુ તેલ આપનારું તેલક્ષેત્ર અંકલેશ્વરનું છે. અંકલે વિસ્તારમાં તેલ નીકળવાથી આ વિસ્તારનું મહત્ત્વ ખાસ વધી ગયું છે. વર્ષો પહેલાં સુષુપ્ત લાગતો આ વિસ્તાર પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યો છે. અંકલેશ્વર ગામનો પણ ઠી ઠીક વિકાસ થયો છે. અંકલેશ્વરમાંથી નીકળેલું તેલ શુદ્ધ વડોદરા પાસે કોયલી રિફાઈનરીમાં મોકલવામાં આવે છે. ચાલો આપણે પણ પહોંચીએ વડોદરા.

'વીરક્ષેત્ર વડોદરું'

ભરૂચની દક્ષિણે સુરત. ઉત્તરે વડોદરા - પ્રેમાનંદે ગા 'વીર વડોદરું'. ગાયકવાડની રાજધાની. અગાઉના ગાયક રાજાઓએ તેને વહીવટી કેન્દ્ર તરીકે વિકસાવ્યું, કલ્પનાશીલ દીર્ઘદર્શી રાજવી સયાજીરાવે તેને સુવિકસિ અને શોભતું નગર બનાવ્યું. રૂપાળા બગીચાઓ, વિશા રસ્તાઓ, સરસ સ્થાપત્યના નમૂના જેવાં મહાલયો અને સું શિલ્પમૂર્તિઓથી તેને સજાવ્યું. માત્ર રાજમહેલો જ નહીં પ સુંદર ન્યાયાલયો, કૉલેજો-વિદ્યાભવનો, સંગ્રહાલય વગેરે તેમ જ ઉદ્યોગોથી તેને સમૃદ્ધ કર્યું.

ઝવેરાત કે સોનારૂપાની તોપો ભલે જોવા ન મળે, રાજકુટુંબનાં શસ્ત્રોના મ્યુઝિયમમાં ને માણિકરાવ



મહારાજા સયાજીરાવ ગાયકવાડ
અને
લક્ષ્મીવિલાસ પૅલેસ

શસ્ત્રાગારમાં આશ્ચર્યકારક નમૂના જોવા મળે છે. પ્રાણીબાગ હજીય સજીવ છે ને તેમાં પ્લૅનેટૉરિયમ ઉમેરાયું છે. કૉલેજ યુનિવર્સિટીમાં વિકસી છે, સંગીતશાળા ફાઈન આર્ટ્સ ફૅકલ્ટીમાં રૂપાંતરિત થઈ છે. કેટલુંક રહ્યું છે, કેટલુંક ગયું છે, કેટલુંક ઉમેરાયું છે - કેટલુંક બદલાયું છે, એટલે પહેલાંનું નહીં છતાં અત્યારનું વડોદરા હજી પોતાનું વિશિષ્ટ વ્યક્તિત્વ જાળવી રહ્યું છે. લહેરીપુરા દરવાજા ને માંડવી ને ન્યાયમંદિરની ઇમારતો જાણે વડોદરાના અસલી વ્યક્તિત્વને જાળવી રહી છે.

મૂળ શહેર તો નાનું. કેન્દ્રમાં માંડવી ને ચોપાસ ચાર દરવાજા : લહેરીપુરા, ચાંપાનેરી, બરાનપુરી અને પાણી દરવાજો. અંદરનો વિસ્તાર એ જ મૂળ ગામનો વિસ્તાર. માંડવી પાસે નજરબાગ એ મૂળ રાજમહેલ. પછી તે વિસ્તર્યું ને છેલ્લા ત્રણ-ચાર દાયકામાં તો ખૂબ વિસ્તર્યું. ચોપાસના ઉદ્યોગ-વિસ્તારો ને તેમાંય રિફાઈનરી અને પેટ્રોકેમિકલ્સના ઉદ્યોગો તથા નજીકમાં જ ફર્ટિલાઈઝરનગર થતાં તો વડોદરાના વિકાસ અને વિસ્તારની ગતિ એકદમ વધી ગઈ છે. વડોદરાથી મકરપુરાની પણ પેલી પારનાં ગામ હવે પરાં થઈ ગયાં છે, તેમ અન્ય દિશાઓમાં તે વિસ્તર્યું છે ને હજી વિસ્તરતું જાય છે. અગાઉ મહત્ત્વના ગણાતા વડોદરાના ઉદ્યોગો એલેમ્બિક કેમિકલ્સ, એલેમ્બિક ગ્લાસ, જ્યોતિ એન્જિનિયરિંગ, સયાજી એન્જિનિયરિંગ તો હવે નાનાં કહેવાય - એટલા મોટા અને એટલા વિવિધ મોટા ઉદ્યોગો ત્યાં કેન્દ્રિત થયા છે. નજીકમાં જ હાલોલનો થયેલો વિકાસ પણ વડોદરાના વિકાસમાં પૂર્તિ કરે છે. નંદેસરી, ગોરવા, મકરપુરા, અકોટા-ડભોઈ માર્ગ તો ઉદ્યોગોથી ધમધમે છે. પણ આમાંય ત્રણ મોટાં સંકુલો નોંધપાત્ર છે : બાજવા પાસે વિશાળ વિસ્તારમાં ફેલાયેલું 'ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કંપની'નું ખાતરનું કારખાનું, અંકલેશ્વરથી ઉત્તર ગુજરાત પર્યંતનાં તેલક્ષેત્રોમાંથી આવતા ખનિજ તેલનું શુદ્ધિકરણ કરતી 1965માં સ્થપાયેલી કોયલી રિફાઈનરી, રસાયણો ને તેનાં ઉત્પાદનોનું કામ કરતું કારખાનું. વડોદરાની આસપાસનાં આ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાનાં ઉદ્યોગ-સંકુલો વડોદરા જ નહીં પણ ગુજરાતના તેમ જ સમગ્ર રાષ્ટ્રના વિકાસની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનાં છે.

વૈભવી ઇમારતોનું આ શહેર છે. તેમાંય ન્યાયમંદિર, પૂર્વજોનું સ્મારક જાળવતું કીર્તિમંદિર, ભવ્ય ગુંબજવાળી કૉલેજ, સુરસાગર તળાવ, સંગ્રહાલય વગેરે અનેક ઇમારતો તેમનાં સ્થાપત્ય અને કલાત્મકતા માટે દર્શનીય છે. વડોદરાનાં મહાલયો, માર્ગો ને ઉદ્યાનો અનેક નમૂનેદાર

સયાજીરાવ ગાયકવાડ

ગુજરાતમાં વિજ્ઞાન અને ટેકનિકલ શિક્ષણ, કન્યાકેળવણી, નારીવિકાસ, ગ્રામોદ્ધાર, અંત્યજ-ઉદ્ધાર, પુસ્તકાલય-પ્રવૃત્તિ જેવાં કલ્યાણકાર્યો કરી સુશાસન કરનાર વડોદરાના રાજવી શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે - એક ખેડૂત પરિવારમાંથી સીધી રાજગાદી મેળવવાની ઈશ્વરે જે તક આપી તેને પૂરી નિષ્ઠા અને ઈમાનદારીથી નિભાવી.

વડોદરામાં તેમણે સુંદર ઈમારતોનું નિર્માણ કરી, શિક્ષણ, કલા અને સંસ્કૃતિની સંસ્થાઓ સ્થાપીને તેને સાચા અર્થમાં સંસ્કારનગરી બનાવી. પોતાના જ શાસનકાળ દરમ્યાન અન્ય પ્રદેશોના બ્રિટિશશાસન કરતાં આગળ રહી પોતાની સર્વોપરિતા સિદ્ધ કરી.





ન્યાયમંદિર

શિલ્પમૂર્તિઓથી સભર છે. આખું શહેર જાણે કલાત્મક સંગ્રહાલય છે.

પરંતુ મહારાજા સયાજીરાવને માત્ર પ્રાણીઓ, પુસ્તકો કે કલાત્મક ચીજો જ સંઘરવાનો શોખ ન હતો તેની પ્રતીતિ પણ વડોદરા કરાવે છે. શહેરના માર્ગોનાં નામ અને ઠેરઠેર મુકાયેલાં ચિત્રો અનેક મહાનુભાવોનું નામસ્મરણ કરાવે છે. સયાજીરાવે અનેક મહાનુભાવોને વડોદરામાં વસાવેલા. બદરુદ્દીન તૈયબજી અને મનુભાઈ દીવાન, રોમેશચંદ્ર દત્ત અને વી. ટી. કૃષ્ણમાચારી, ત્રિભુવનદાસ ગજ્જર અને કવિ કાન્ત, પ્રોફેસર અરવિંદ ઘોષ (જે પછી મહર્ષિ થયા અને પોંડિચેરીમાં વસ્યા), આંબેડકર વગેરે તો એમાંનાં થોડાં જ નામ ગણાય. પ્રેમાનંદથી ર. વ. દેસાઈ સુધીના અને તે પછીના સુરેશ જોષી સુધીના સારસ્વતોની આ નગરી છે. શ્રીમંત સયાજીરાવના ઉદ્યોગવિદ્યાકળાના શોખને કારણે વડોદરામાં કલાભવન-સંગીતશાળા જેવી સંસ્થાઓ ઉદ્ભવી ને વિજ્ઞાનીઓ ઉપરાંત મૌલાબક્ષ અને ખાંસાહેબ ફૈયાઝખાં જેવા સંગીતકારો પણ ત્યાં વસ્યા. મોતીભાઈ અમીન જેવાને તેમણે પુસ્તકાલય પ્રવૃત્તિના વિકાસમાં સહાય કરી.

વડોદરાનું મધ્યવર્તી પુસ્તકાલય નમૂનેદાર ગણાય. મહારાજાએ પોતાના રાજમહેલનો ગ્રંથાગાર ભેટ આપીને તેને સમૃદ્ધ કર્યું છે. ગુજરાતના આ સૌથી મોટા ગ્રંથાગારને રાજ્ય ગ્રંથાલયનો દરજ્જો મળ્યો છે. અહીં કૉપીરાઈટ વિભાગ પણ છે. ત્યાં આવું જ બીજું મોટું ગ્રંથાલય મ. સયાજીરાવ યુનિવર્સિટીનું 'હંસા મહેતા ગ્રંથાલય' છે. પ્રાચ્યવિદ્યામંદિરનો ગ્રંથભંડાર પણ ઘણો કીમતી છે. ઉપરાંત જયસિંહરાવ ગ્રંથાલય તો સો વર્ષ પુરાણું છે. તેમાં હજારો પુસ્તકો છે. પ્રાચ્યવિદ્યામંદિરમાં તો હજારો હસ્તપ્રતો સચવાઈ છે. અનેક અપ્રાપ્ય તેવી ભોજપત્ર, તાડપત્ર વગેરેની હસ્તપ્રતો પર શાહી કે સુવર્ણ-રજત-રંગોથી લખાયેલ આ ગ્રંથોનો દેશ-પરદેશના અનેક વિદ્યાપ્રેમી સંશોધકો સતત અભ્યાસ કરે છે. આ માટે હવે તો અદ્યતન યંત્રસામગ્રી પણ ઉમેરાઈ છે. આ સંશોધનોના પરિણામરૂપ અનેક ગ્રંથો બહાર પડ્યા છે. ઉપરાંત પંદર હજારથીય વધુ હસ્તપ્રતોની બે સૂચિઓ પણ પ્રગટ થઈ છે. તેના પ્રાંગણમાં મહાકવિ પ્રેમાનંદની પ્રતિમા છે.

લલિતકલાઓનો અભ્યાસ કરાવતી ફાઈન આર્ટ્સ ફેકલ્ટી દેશભરમાં ઘણી વિખ્યાત છે. ખ્યાતનામ કલાકાર સ્વ. બેન્દ્રે જેવાની સેવાઓનો તેના પ્રથમ ડીન તરીકે લાભ મળ્યો હતો. તો નાટ્યક્ષેત્રે માર્કંડ ભટ્ટ, ઊર્મિલા ભટ્ટ અને વાદ્ય સંગીતક્ષેત્રે શિવકુમાર શુક્લ જેવાં કલાકારોનો લાભ આ સંસ્થા દ્વારા પ્રજાને મળ્યો છે - મળે છે. નૃત્યક્ષેત્રે પણ એવી જ પ્રગતિ થઈ છે. આ બધી જ સંસ્થાઓમાં કલાઓની પરંપરાગત જાળવણી ઉપરાંત અહીં આધુનિક વહેણોનો



કમાટીબાગ અને મ્યુઝિયમ



સુરસાગર તળાવ







કીર્તિમંદિર

પરિચય અને નવા પ્રયોગો પણ થઈ રહ્યા છે. વડોદરા ભારતનાં ખ્યાતનામ કલા-કેન્દ્રોમાંનું એક ગણાય છે. ચિત્રક્ષેત્રે જેરામ પટેલ ને ગુલામ મોહંમદ શેખ, જ્યોતિ ભટ્ટ અને ભૂપેન ખખ્ખર આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામી ચૂક્યા છે. તો સંગીતમાં આચાર્ય તરીકે આર. સી. મહેતાનો લાભ મળ્યો. ચિત્ર, સંગીત અને નૃત્યકળામાં પદવી આપતી ગુજરાતભરની આ એકમાત્ર સંસ્થા છે.

આ જ રીતે સયાજીરાવે પોતાના મહાલયના કલાસંગ્રહને પ્રજા માટે આપી દઈ ઊભું કરેલું ને પછી સતત પોષેલું કલા-સંગ્રહાલય તેમાં સંગૃહીત ઉત્તમ અને વિરલ કલાકૃતિઓ માટે દેશભરમાં વિખ્યાત છે. તો છોટુભાઈ અને અંબુભાઈ પુરાણીની વ્યાયામપ્રવૃત્તિઓ તેમ જ પ્રા. માણિક્યરાવની વ્યાયામપ્રવૃત્તિને અહીં જ આવકાર અને પ્રોત્સાહન મળ્યાં છે. ન્યાયમંદિર પાસે મુકાયેલી શહીદ ભગતસિંહની પ્રતિમા ગુજરાતમાંની એકમાત્ર પ્રતિમા છે. આ નગરની સજીવતાના સાતત્યની તે પ્રતીતિ કરાવે છે.

ઉદ્યોગોની હણહણાટી વચ્ચે પણ ત્યાં 'આફતાબે મૌસુકી', ઉસ્તાદ ફૈયાઝખાં અને ભારતીય સંગીતમાં નોટેશન-પદ્ધતિ દાખલ કરનાર 'ખાંસાહેબો'ના સંગીતના સૂર સંભળાય છે. હવે ઘોડાની રેસ અહીં રમાતી નથી પણ રેસકોર્સ છે. પણ વિજય હજારે, દત્તાજી અને અંશુમાન પેદા થયા છે. કિરણ મોરે અને નયન મોંગિયા જેવા કુશળ વિકેટકીપર, ઝહીરખાન અને ઈરફાન પઠાણ જેવા બોલર વડોદરાએ આપ્યા છે તેમ જ ભારતમાં કમ્યુનિકેશનમાં ક્રાંતિ આણનાર સામ પિત્રોડા પણ વડોદરાના જ છે. નાટ્યપ્રવૃત્તિ વિકસે છે. કલાકારોનો મેળો જામે છે. પુસ્તકાલયોમાં ભીડ રહે છે. વડોદરા માત્ર જોવા જેવું નહીં, પરંતુ વસવા જેવું અને જોઈને જ નહીં પણ જીવીને જાણવા જેવું !

વડોદરા એટલે ગાયકવાડોનું નિર્માણ - તેનું વિકસિત રૂપ સયાજીરાવ-3 ને લીધે શિક્ષણ-ઉદ્યોગો-કલાપ્રવૃત્તિ-ભવનનિર્માણ-સંગ્રહાલય-પ્રાણીસંગ્રહ-પુસ્તકાલય - બધું જ તેમની પ્રેરણાથી ઊભું છે.

કીર્તિમંદિરમાં નંદલાલ બોઝનાં ચિત્રો

કીર્તિમંદિરમાં ગાયકવાડ-વંશના મહાન પૂર્વજોનાં-રાજવીઓ તથા તેમના પરિવારનાં ઘણાં તૈલીચિત્રો છે. આ સ્થાનની વિશેષતા એ છે કે તેમાં ટાગોરના શાંતિનિકેતનના મહાન કલાકાર નંદલાલ બોઝે કરેલાં ગીતાના વિષયો પર આધારિત ખૂબ સુંદર ચિત્રો છે. વડોદરાનું આ એક આકર્ષણ છે.

ડાબે : ગુજરાત આલ્કલીઝ
નીચે : કોયલી રિફાઈનરી







ડભોઈના કિલ્લાની કલાત્મક કોતરણી

ડભોઈ

વડોદરાથી પૂર્વ-દક્ષિણે 30 કિ.મી. પર ઐતિહાસિક શહેર - 'ડભોઈ' કહેતાં જ યાદ આવે હીરો કડિયો અને કવિ દયારામ.

ડભોઈ તેના પથ્થરના દુર્ગને લીધે વિખ્યાત છે. નર્મદાનદીની ઉત્તરે આવેલો દુર્ગ વામાવર્ત સ્વસ્તિકના કોઠાવાળાં પ્રવેશદ્વારો ધરાવે છે. આ પ્રવેશદ્વારો પૂર્વમાં હીરા ભાગોળ, દક્ષિણે નાંદોરી ભાગોળ, પશ્ચિમે વડોદરી ભાગોળ અને ઉત્તરે મહુડી ભાગોળ પાસે આવેલાં હોવાથી તે ભાગોળનાં નામ પરથી ઓળખાય છે.

આ દુર્ગ ગુજરાત, મહારાષ્ટ્ર અને માળવાના અનુક્રમે ચૌલુક્ય-વાઘેલા, યાદવો અને પરમારોના સંઘર્ષના આશરે બારમી સદીના અંત પછી તેરમી સદીમાં તૈયાર થયો હતો, ત્યાર બાદ તેનો ઉપયોગ અને સમારકામ વારંવાર થયું હોવા છતાં તેની મૂળ રચનાના ઘણા અંશો સચવાયેલા છે. ગુજરાતના વીશલદેવ વાઘેલાએ તેની રચનામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હોવાનું કાલિકા માતાના મંદિર પાસેના શિલાલેખ પરથી જાણવા મળે છે.

મંદિરોનું તથા કિલ્લા અને દરવાજાઓનું સમારકામ હીરાધર શિલ્પી દ્વારા થયું એમ મનાય છે. મૂળ કિલ્લો વગેરે બાંધનાર દેવા શિલ્પી હતો તેમ જણાય છે. ઋષભદેવ જયતિલકપ્રાસાદ અને ત્રણ જૈન મંદિરો, નાગેશ્વર ત… વચ્ચેનું નાનું શિવમંદિર, બાંબાંની બગી, મિનારાવ… દરગાહ તથા અન્ય દરગાહો, પાછળથી બંધાયેલાં વાઘ… મંગળેશ્વર, આશાપુરી તથા ગઢ ભવાનીનાં મંદિરો … જોવાલાયક છે. વડોદરા, ચાંપાનેરી વગેરે ચાર દરવાજા… શિલ્પ બેનમૂન છે.

હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્ર ઉપરની વૃત્તિનો થોડો … અહીં લખ્યો હતો. સત્તરમી સદીમાં રત્નો કવિ … ઓગણીસમી સદીના પૂર્વાર્ધ દરમ્યાન અહીં 'ગર… પ્રકારનાં કાવ્યોના રચયિતા કવિ દયારામ થઈ ગયા … સોલંકીકાળ દરમ્યાન આ સમૃદ્ધ શહેરનાં દેવમંદિરો … અલાઉદ્દીન ખિલજીના સેનાપતિ ઉલૂઘખાને નાશ કર્યો … આજે પણ ડભોઈમાં ઊભેલો ને સોલંકીયુગનું સ્મરણ કરા… કિલ્લાનો અવશેષભાગ, એ કાળકાનું મંદિર અને … ભાગોળનો એ દરવાજો જાણે દંતકથાને સજીવન કરે છે. … મીટર લાંબા અને 700 મીટર પહોળા એ કિલ્લાના … દરવાજામાંના એકની અત્યંત કલાત્મક કારીગરી જોતાં … પણ સ્મરણમાં તાજી થાય છે એ રસમય દંતકથા...

મહારાજા જયસિંહ કિલ્લો બંધાવે. કુશળ હીરો … બાંધકામનો અગ્રણી. તેન નામની પ્રેમિકા. પ્રેમિકાએ શિ… મહેણું માર્યું. રાજ્ય માટે આટલી કળા પાથરો છો તો … યાદગીરી માટે કશુંક નહીં ? અને પ્રેમવશ હીરાએ કિ… પથ્થરો ચોરી પથ્થરોની જગ્યાએ માટી ભરી તે પથ્થ…

ડભોઈનો કિલ્લો



ડભોઈથી થોડે દૂર બાંધ્યું 'તેન તળાવ', ડભોઈથી ચાંદોદ જતાં. ચોરી પકડાઈ. ગુસ્સે ભરાયેલા રાજાએ હીરાને જીવતો કિલ્લાની દીવાલમાં ચણ્યો. પણ વફાદાર સાથીઓએ ચણતરમાં બાકોરું રાખ્યું. પ્રેમિકા તેને તેમાંથી રોજ ઘીની ધાર કરી હીરાને જીવતો રાખ્યો. દરવાજો પૂરો થયો પણ મોટું સંકટ આવ્યું. છેલ્લી કમાન કોઈ કારીગરથી ચઢે નહીં. હીરા સિવાય કોઈને તે આવડે નહીં.

રાજા મૂંઝાયો એટલે તક જોઈ હીરાના સાથીઓએ રાજા પાસે અભયવચન લીધું અને હીરાને બહાર કઢાવ્યો. હીરાએ કમાન ચઢાવી પણ ઘણા સમય સુધી ઓછી હવાથી ટેવાયેલાં તેનાં ફેફસાંથી બહારની હવા ન સહેવાતાં તે મૃત્યુ પામ્યો. ને ડભોઈની આ બેનમૂન શિલ્પવાળી કલાત્મક ભાગોળ હીરા ભાગોળ તરીકે વિખ્યાત થઈ. આવી જ બીજી કમાન હીરાએ કંડારેલી તે છે ઉત્તર ગુજરાતના ઝીંઝુવાડામાં. પછી તો કિલ્લો ભાંગ્યો, અનેક શિલ્પો તૂટ્યાં-રઝળ્યાં. અર્વાચીન સમયમાં વળી તેની સંભાળ લેવાઈ. આજે ખંડિત છતાં તેની શિલ્પસમૃદ્ધિથી ખચિત તેનાં તોરણો-કમાન અને ઝરૂખા આશ્ચર્ય પમાડે તેવાં છે.

સાંસ્કૃતિક વારસાને વીસરતી ગુલામ પ્રજાની અવદશાની વેદના ધૂમકેતુએ પોતાની 'વિનિપાત' વાર્તામાં વ્યક્ત કરી છે. એ વાર્તા આ હીરા ભાગોળ પર જ આધારિત છે. એમાંનું એક જ અંગ્રેજનું પાત્ર પણ ઐતિહાસિક છે. ગુજરાત સરકારે હીરા કડિયા વિશેની આ દંતકથા પર આધારિત ફિલ્મ પણ બનાવી છે.

ડભોઈનું બીજું પુનિત સ્મરણ તે તો ભક્તકવિ દયારામનું. ગોપીભાવે કૃષ્ણપ્રેમની રંગભરી ગરબીઓ રચી ગુજરાતણોના કંઠને ઊર્મિભરી કવિતાથી ગુંજતી કરી દેનાર વ્યાકુળ વૈષ્ણવ દયારામ એ ગુજરાતી ભાષાનો ઉત્તમ ઊર્મિકવિ. નર્મદાકિનારાનું પવિત્ર તીર્થ ચાંદોદ તેની જન્મભૂમિ. ચાંદોદમાં તેનું મૂળ મકાન છે. તેના જીવનપ્રસંગોની એક ચિત્રાવલિ બાજુના મકાનના ખંડમાં પ્રદર્શિત થયેલી છે. ચાંદોદના ચોકમાં તેની પ્રતિમા છે.



ડભોઈના કિલ્લાની દીવાલો પર આવી અનેક અદ્દભુત શિલ્પકૃતિઓ છે.

જ્યારે ડભોઈ એ દયારામની કર્મભૂમિ. પહેલાં જે નાના મકાનમાં દયારામ રહેતા તે પણ સ્મૃતિરૂપે સચવાયેલું છે. તે જ વિસ્તારમાં એક કન્યાશાળાના પ્રાંગણમાં દયારામની પ્રતિમા શ્રીમંત સયાજીરાવના સમયમાં મૂકવામાં આવેલી છે. પાછળથી દયારામ જે મોટા મકાનમાં રહેવા ગયા અને જીવનના અંત સુધી રહ્યા તે મકાન ડભોઈના નાગરિકોએ ખૂબ આદરપૂર્વક જાળવ્યું છે. તે મકાનમાં કવિશ્રીનો તંબૂર અને તેમનાં ચશ્માં તેમજ વસિયતનામું પણ કાચમાં મઢાવીને રાખવામાં આવ્યાં છે. આમ, ડભોઈ આપણું ઇતિહાસતીર્થ છે, કલાતીર્થ છે, સંસ્કારતીર્થ છે, અક્ષરતીર્થ છે.



દયારામની હસ્તપ્રત અને ચશ્માં

નર્મદાકિનારે પવિત્ર તીર્થ ચાંદોદ





ડભોઈમાં દયારામના ઘરમાં તેમની તસવીર અને તંબૂર જાળવી રાખવામાં આવ્યાં છે.

ચાંદોદમાં દયારામની પ્રતિમા



ડભોઈના કિલ્લાની કલાત્મક કોતરણી

ડભોઈ

વડોદરાથી પૂર્વ-દક્ષિણે 30 કિ.મી. પર ઐતિહાસિક શહેર - 'ડભોઈ' કહેતાં જ યાદ આવે હીરો કડિયો અને કવિ દયારામ.

ડભોઈ તેના પથ્થરના દુર્ગને લીધે વિખ્યાત છે. નર્મદાનદીની ઉત્તરે આવેલો દુર્ગ વામાવર્ત સ્વસ્તિકના કોઠાવાળાં પ્રવેશદ્વારો ધરાવે છે. આ પ્રવેશદ્વારો પૂર્વમાં હીરા ભાગોળ, દક્ષિણે નાંદોરી ભાગોળ, પશ્ચિમે વડોદરી ભાગોળ અને ઉત્તરે મહુડી ભાગોળ પાસે આવેલાં હોવાથી તે ભાગોળનાં નામ પરથી ઓળખાય છે.

આ દુર્ગ ગુજરાત, મહારાષ્ટ્ર અને માળવાના અનુક્રમે ચૌલુક્ય-વાઘેલા, યાદવો અને પરમારોના સંઘર્ષના આશરે બારમી સદીના અંત પછી તેરમી સદીમાં તૈયાર થયો હતો, ત્યાર બાદ તેનો ઉપયોગ અને સમારકામ વારંવાર થયું હોવા છતાં તેની મૂળ રચનાના ઘણા અંશો સચવાયેલા છે. ગુજરાતના વીશલદેવ વાઘેલાએ તેની રચનામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હોવાનું કાલિકા માતાના મંદિર પાસેના શિલાલેખ પરથી જાણવા મળે છે.

મંદિરોનું તથા કિલ્લા અને દરવાજાઓનું સમારકામ હીરાધર શિલ્પી દ્વારા થયું એમ મનાય છે. મૂળ કિલ્લો વગેરે બાંધનાર દેવા શિલ્પી હતો તેમ જણાય છે. ઋષભદેવ જયતિલકપ્રાસાદ અને ત્રણ જૈન મંદિરો, નાગેશ્વર તળાવ વચ્ચેનું નાનું શિવમંદિર, બીબીની બગી, મિનારાવાળી દરગાહ તથા અન્ય દરગાહો, પાછળથી બંધાયેલાં વાઘનાથ, મંગળેશ્વર, આશાપુરી તથા ગઢ ભવાનીનાં મંદિરો વગેરે જોવાલાયક છે. વડોદરા, ચાંપાનેરી વગેરે ચાર દરવાજાઓનું શિલ્પ બેનમૂન છે.

હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્ર ઉપરની વૃત્તિનો થોડો ભાગ અહીં લખ્યો હતો. સત્તરમી સદીમાં રત્નો કવિ તથા ઓગણીસમી સદીના પૂર્વાર્ધ દરમ્યાન અહીં 'ગરબી'-પ્રકારનાં કાવ્યોના રચયિતા કવિ દયારામ થઈ ગયા છે. સોલંકીકાળ દરમ્યાન આ સમૃદ્ધ શહેરનાં દેવમંદિરોનો અલાઉદ્દીન ખિલજીના સેનાપતિ ઉલૂઘખાને નાશ કર્યો હતો. આજે પણ ડભોઈમાં ઊભેલો ને સોલંકીયુગનું સ્મરણ કરાવતો કિલ્લાનો અવશેષભાગ, એ કાળકાનું મંદિર અને હીરા ભાગોળનો એ દરવાજો જાણે દંતકથાને સજીવન કરે છે. 900 મીટર લાંબા અને 700 મીટર પહોળા એ કિલ્લાના ચાર દરવાજામાંના એકની અત્યંત કલાત્મક કારીગરી જોતાં આજે પણ સ્મરણમાં તાજી થાય છે એ રસમય દંતકથા...

મહારાજા જયસિંહ કિલ્લો બંધાવે. કુશળ હીરો કડિયો બાંધકામનો અગ્રણી. તેન નામની પ્રેમિકા. પ્રેમિકાએ શિલ્પીને મહેણું માર્યું. રાજ્ય માટે આટલી કળા પાથરો છો તો મારી યાદગીરી માટે કશુંક નહીં ? અને પ્રેમવશ હીરાએ કિલ્લાના પથ્થરો ચોરી પથ્થરોની જગ્યાએ માટી ભરી તે પથ્થરોથી

ડભોઈનો કિલ્લો




ડભોઈથી થોડે દૂર બાંધ્યું 'તેન તળાવ', ડભોઈથી ચાંદોદ જતાં. ચોરી પકડાઈ. ગુસ્સે ભરાયેલા રાજાએ હીરાને જીવતો કિલ્લાની દીવાલમાં ચણ્યો. પણ વફાદાર સાથીઓએ ચણતરમાં બાકોરું રાખ્યું. પ્રેમિકા તેને તેમાંથી રોજ ઘીની ધાર કરી હીરાને જીવતો રાખ્યો. દરવાજો પૂરો થયો પણ મોટું સંકટ આવ્યું. છેલ્લી કમાન કોઈ કારીગરથી ચઢે નહીં. હીરા સિવાય કોઈને તે આવડે નહીં.

રાજા મૂંઝાયો એટલે તક જોઈ હીરાના સાથીઓએ રાજા પાસે અભયવચન લીધું અને હીરાને બહાર કઢાવ્યો. હીરાએ કમાન ચઢાવી પણ ઘણા સમય સુધી ઓછી હવાથી ટેવાયેલાં તેનાં ફેફસાંથી બહારની હવા ન સહેવાતાં તે મૃત્યુ પામ્યો. ને ડભોઈની આ બેનમૂન શિલ્પવાળી કલાત્મક ભાગોળ હીરા ભાગોળ તરીકે વિખ્યાત થઈ. આવી જ બીજી કમાન હીરાએ કંડારેલી તે છે ઉત્તર ગુજરાતના ઝીંઝુવાડામાં. પછી તો કિલ્લો ભાંગ્યો, અનેક શિલ્પો તૂટ્યાં-રઝળ્યાં. અર્વાચીન સમયમાં વળી તેની સંભાળ લેવાઈ. આજે ખંડિત છતાં તેની શિલ્પસમૃદ્ધિથી ખચિત તેનાં તોરણો-કમાન અને ઝરૂખા આશ્ચર્ય પમાડે તેવાં છે.

સાંસ્કૃતિક વારસાને વીસરતી ગુલામ પ્રજાની અવદશાની વેદના ધૂમકેતુએ પોતાની 'વિનિપાત' વાર્તામાં વ્યક્ત કરી છે. એ વાર્તા આ હીરા ભાગોળ પર જ આધારિત છે. એમાંનું એક જ અંગ્રેજનું પાત્ર પણ ઐતિહાસિક છે. ગુજરાત સરકારે હીરા કડિયા વિશેની આ દંતકથા પર આધારિત ફિલ્મ પણ બનાવી છે.

ડભોઈનું બીજું પુનિત સ્મરણ તે તો ભક્તકવિ દયારામનું. ગોપીભાવે કૃષ્ણપ્રેમની રંગભરી ગરબીઓ રચી ગુજરાતણોના કંઠને ઊર્મિભરી કવિતાથી ગુંજતી કરી દેનાર વ્યાકુળ વૈષ્ણવ દયારામ એ ગુજરાતી ભાષાનો ઉત્તમ ઊર્મિકવિ. નર્મદાકિનારાનું પવિત્ર તીર્થ ચાંદોદ તેની જન્મભૂમિ. ચાંદોદમાં તેનું મૂળ મકાન છે. તેના જીવનપ્રસંગોની એક ચિત્રાવલિ બાજુના મકાનના ખંડમાં પ્રદર્શિત થયેલી છે. ચાંદોદના ચોકમાં તેની પ્રતિમા છે.



ડભોઈના કિલ્લાની દીવાલો પર આવી અનેક અદ્ભુત શિલ્પકૃતિઓ છે.

જ્યારે ડભોઈ એ દયારામની કર્મભૂમિ. પહેલાં જે નાના મકાનમાં દયારામ રહેતા તે પણ સ્મૃતિરૂપે સચવાયેલું છે. તે જ વિસ્તારમાં એક કન્યાશાળાના પ્રાંગણમાં દયારામની પ્રતિમા શ્રીમંત સયાજીરાવના સમયમાં મૂકવામાં આવેલી છે. પાછળથી દયારામ જે મોટા મકાનમાં રહેવા ગયા અને જીવનના અંત સુધી રહ્યા તે મકાન ડભોઈના નાગરિકોએ ખૂબ આદરપૂર્વક જાળવ્યું છે. તે મકાનમાં કવિશ્રીનો તંબૂર અને તેમનાં ચશ્માં તેમજ વસિયતનામું પણ કાચમાં મઢાવીને રાખવામાં આવ્યાં છે. આમ, ડભોઈ આપણું ઇતિહાસતીર્થ છે, કલાતીર્થ છે, સંસ્કારતીર્થ છે, અક્ષરતીર્થ છે.



દયારામની હસ્તપ્રત અને ચશ્માં

નર્મદાકિનારે પવિત્ર તીર્થ ચાંદોદ





ડભોઈમાં દયારામના ઘરમાં તેમની તસવીર અને તંબૂર જાળવી રાખવામાં આવ્યાં છે.

ચાંદોદમાં દયારામની પ્રતિમા



કાયાવરોહણ મંદિર

સંખેડા


ડભોઈથી એક પાસ ચાંદોદ-કરનાળી એટલે વળી નર્મદા, તો બીજી પાસ જઈએ તો સંખેડા. સંખેડાનું નામ આવતાં જ સાંભરે લાકડાનું કલાત્મક ફર્નિચર, રમકડાં અને કલાત્મક રાચરચીલાં ઉપરના રળિયામણા ભાતીગળ લાખના રંગો. ત્યાંનું લાખકામ પણ સરસ. સંખેડા વડોદરાની પૂર્વ સરહદની નજીક આવેલું છે. ત્યાંથી પ્રવેશ કરીએ પંચમહાલમાં. પેલો દેખાય પાવાગઢ. પાવાગઢ ધાર્મિક સ્થળ છે અને સાથે ઐતિહાસિક નગર પણ છે.


કાયાવરોહણ

અહીંથી નજીકમાં જવાય કાયાવરોહણ - કારવણ. નાનકડું ગામડું પણ ભવ્ય અર્વાચીન શિવાલય. ખાસ જોવા જેવું. મૂળ આ સ્થાન પુરાણપ્રસિદ્ધ શિવના અવતાર ભગવાન લકુલીશનું - પાશુપત સંપ્રદાયનું આ મુખ્ય મથક. આ શિવાલય સાદું નાનું જૂનું મંદિર હતું, તેમાં પુરાણું શિવલિંગ હતું. કાળે કરી નાશ પામ્યું. પણ અર્વાચીન યોગી શ્રીકૃપાલાનંદજીના પુરુષાર્થથી તેનો જીર્ણોદ્ધાર થયો - નવું ભવ્ય મંદિર બંધાયું. પાઠશાળા-યોગશાળા થઈ. પ્રવાસીઓની નિવાસ-વ્યવસ્થા થઈ. એ મંદિરમાં પધરાવેલ ભગવાન લકુલીશ શિવનું અત્યંત પ્રાચીન શિવલિંગ તથા દીવાલ પરની યોગમુદ્રાની તકતીઓ જોવા જેવાં છે.

કાયાવરોહણ શિવજીના અઠ્ઠાવીસમા અવતાર ભગવાન લકુલીશનું જન્મસ્થાન છે. યોગાચાર્ય સ્વામીશ્રી કૃપાલાનંદજીની સમાધિ વખતે આ સ્થળનો ઇતિહાસ ખૂલ્યો અને તેનું મૂળ નામ સાંપડ્યું 'કાયાવરોહણ'. 1965માં આ મહાતીર્થના પુનરુદ્ધાર માટે 'શ્રી કાયાવરોહણ તીર્થ સેવા સમાજ'ની સ્થાપના થઈ અને ટ્રસ્ટ રજિસ્ટર્ડ થયું.

30 લાખના ખર્ચે બંધાયેલું ભવ્ય મંદિર ચારેબાજુ હરિયાળા ઉદ્યાનથી ઘેરાયેલું છે, જેમાં હજારો વર્ષ જૂનું ભવ્ય જ્યોતિર્લિંગ રખાયું છે. મંદિરના પાતાળલોકમાં બ્રહ્માજી, પૃથ્વીલોકમાં વિષ્ણુજી અને સ્વર્ગલોકમાં પ્રાચીન ભવ્ય જ્યોતિર્લિંગ બિરાજે છે. મંદિરની ચારે તરફ ઉદ્યાન, સામે જ રંગીન ફુવારા, ભવ્ય પ્રવેશદ્વાર, અતિથિગૃહ, સાત્ત્વિક ભોજન આપતું અન્નપૂર્ણાગૃહ અને યાત્રીઓને ઊતરવા તથા જમવાની સુવિધા છે. મંદિરની ચારે તરફ યક્ષ-યક્ષિણી અને દેવી-દેવતાઓની મૂર્તિઓ કંડારાયેલી છે. મંદિરનું શિલ્પકામ અને સ્થાપત્ય મૂર્તિકળા જેવી વિદ્યાના અભ્યાસુ માટે મહાવિદ્યાલયની ગરજ સારે છે. 'તીર્થ સેવા સમાજ' અહીં આવીને જપ તથા ધ્યાન કરનારા ઉપાસકો માટે વિશેષ સુવિધાઓ આપે છે. 'લકુલીશ' યોગ વિદ્યાલય વારંવાર આસન પ્રાણાયમની શિબિરો યોજે છે. અહીં અનેક સંસ્થાઓ અને સંગઠનો પોતાના પરિસંવાદો, બેઠકો, ચર્ચાઓ અને ઉજવણીઓ કરે છે. ઉત્સવો અને મેળાઓથી મહાતીર્થનું વાતાવરણ હંમેશાં ધમધમતું રહે છે.





પાવાગઢ

પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલ પાવાગઢ પર્વત કાલિકામાતાની યાત્રાના સ્થળ તરીકે પ્રસિદ્ધ છે. વડોદરાથી 46 કિલોમીટર દૂર પાવાગઢનો ઊંચો ડુંગર ! ઐતિહાસિક અને ધાર્મિક સ્થળ !

અગિયારમી સદીમાં ચંદ બારોટે પાવાપતિ તરીકે તુઆર કુળના રામ ગૌરનો ઉલ્લેખ કર્યો છે. મેવાડથી નાસીને આવેલા ચૌહાણ રજપૂતોએ ઈ. સ. 1300માં પાવાગઢ કબજે કર્યો. અમદાવાદના મુસ્લિમ સુલતાનો અહમદશાહ અને મહંમદશાહે પાવાગઢ કબજે કરવા કરેલા પ્રયાસોમાં તેઓ સફળ થયા નહોતા. 1484માં મહંમદ બેગડાએ પતાઈ રાવળ - (જયસિંહ રાવળ)ને હરાવી પાવાગઢ કબજે કર્યો. તેણે સંરક્ષણની દૃષ્ટિએ ત્યાં કિલ્લો બાંધ્યો. પાવાગઢની તળેટીમાં આવેલા ચાંપાનેરને તેણે ગુજરાતનું પાટનગર બનાવ્યું. 1573માં અકબરે, 1727માં મરાઠા સરદાર કૃષ્ણાજીએ અને 1761માં સિંધિયાએ પાવાગઢ પર જીત મેળવી. 1803માં સિંધિયા પાસેથી બ્રિટિશ સેનાપતિ વુડિંગ્ટને પાવાગઢ પરની સત્તા મેળવી લીધી. પાવાગઢનો ઇતિહાસ પતાઈ રાવળ સાથે સંકળાયેલો છે. પાવાગઢની તળેટીમાં ચાંપાનેર. કહેવાય છે કે વનરાજ ચાવડાએ મહામંત્રી ચાંપાની સ્મૃતિરૂપે આ નગર વસાવેલું. રાવળકુળનું પતાઈ કુટુંબ ત્યાં રાજ કરે ને સરહદ સાચવે. લોકકથા કહે છે કે પાવાગઢ પર જેનું થાનક છે તે મહાકાળી નારીરૂપ લઈને નવરાત્રિમાં ગરબે રમવા ઊતર્યાં. છેલ્લા પતાઈ જયસિંહે તેમના પર કુદૃષ્ટિ કરી ને દેવીએ તેને શાપ દીધો. પરિણામે થોડા જ સમયમાં ગુજરાતના - અમદાવાદના બાદશાહ મહંમદ બેગડાએ પાવાગઢ પર ચઢાઈ કરીને એ સરહદી ગઢ જીતી લીધો. પતાઈ હાર્યો-મરાયો. રાજદ્વારી જરૂરિયાતથી બેગડાએ રાજધાની કેટલોક વખત અમદાવાદથી ચાંપાનેરમાં ખસેડી ચાંપાનેરને વિકસાવ્યું. ત્યાં અનેક સ્થાપત્યો બંધાવ્યાં. આજેય ઠેરઠેર મળી આવતા અવશેષોથી ચાંપાનેરના નગર-વિસ્તારની અને તેની



પાવાગઢ પર મહાકાળીની પ્રતિમા



પાવાગઢ

શોભા-સમૃદ્ધિની કલ્પના કરી શકાય છે. ચાંપાનેરનો કિલ્લો, વહોરા મસ્જિદ, માંડવી, કીર્તિસ્તંભ, શેખનું દેરું વગેરે છે જોવા જેવાં. કિલ્લાની બહારની સુંદર કોતરણીવાળી જુમ્મા મસ્જિદ, નગીના મસ્જિદ ને કેવડા મસ્જિદ પણ છે. ચાંપાનેરથી બે કિલોમીટર દૂર વડ તળાવ પાસે બેગડાના મહેલના અવશેષો પણ છે.

પાવાગઢના શિખર પર કાલિકામાતાનું મંદિર છે. સાત મહેલ નામના ચૌહાણ રાજાઓના મહેલના અવશેષો અને સદનશાહ દરવાજો તેની તળેટીમાં આવેલા છે. તેની ખીણમાંથી વિશ્વામિત્રી નદી નીકળે છે. સદનશાહ દરવાજાથી આશરે 100 મીટરની ઊંચાઈએ માચી હવેલી આવેલી છે.

સોળમા સૈકાના મહાન સંગીતકાર તાનસેનના સમકાલીન અને પ્રતિસ્પર્ધી બૈજુ બાવરા આ ચાંપાનેરનું રત્ન હતા. પાવાગઢ લગભગ 800 મીટર ઊંચો પર્વત છે. તેના ઉચ્ચતમ શિખર પર મા મહાકાળીનું સ્થાનક - મંદિર છે. ભારતનાં કાલીપૂજાનાં તીર્થોમાં આ સ્થાનનું પણ મહત્ત્વ છે. ગુજરાતમાં તો એક પાસ અંબાજી તેમ બીજી પાસ આ પાવાગઢવાળી કાલિકાનો ભારે મહિમા છે. ઉપર ચઢતાં અધવચ માંચી ગામની જગા આવે છે. ત્યાં સુધી બસ પણ જાય છે. ત્યાં રાવળના મહેલના અવશેષો છે. રેસ્ટહાઉસ છે. વિહારધામ અને નાની હોટલો છે. તેથી આગળ જતાં તેલિયું તળાવ ને તેથી ઉપર જતાં દૂધિયું તળાવ આવે. આ જગા વિશાળ છે. ત્યાં થોડાંક મકાનો, હોટલો વગેરે પણ છે. 550 મીટરની ઊંચાઈએ ભદ્રકાળીનું મંદિર છે. અહીં સુધી જવા માટે હવે રોપ-વે થયો છે. આ પછી સાંકડી સીધી ટોચ પર જવા માટે 250 જેટલાં પગથિયાં ચઢવાં પડે. ઉપર મહાકાળીમંદિર ને તેનેય માથે છે સદનશાહ પીરની દરગાહ.

પતાઈ રાવળની કહાણી પર અનેક વાર્તાઓ-નાટકો-ગરબા રચાયાં છે. પાવાગઢ અને પતાઈ રાવળના ઇતિહાસને દંતકથાથી અલગ તારવવો અઘરો છે. સંશોધકો તો ઇતિહાસ જ ઓળખે, પણ લોકસમુદાય તો પેલી દંતકથાને જ વાગોળે છે અને ગાય છે : 'મા પાવા તે ગઢથી ઊતર્યાં મહાકાળી રે !'

પાવાગઢ પંચમહાલ જિલ્લામાં અને પંચમહાલ એટલે તો આદિવાસીઓનો પછાત વિસ્તાર. વડોદરાને અડીને જ



550 મીટરની ઊંચાઈએ ભદ્રકાળીના મંદિર સુધી જવા માટે રોપ-વે છે.



દૂધિયું તળાવ



ચાંપાનેર : વર્લ્ડ હેરિટેજનું સન્માન્ય સ્થળ

પંચમહાલ જિલ્લામાં આવેલું ચાંપાનેર ઐતિહાસિક નગર છે. તેના ઈતિહાસનું પગેરું સોલંકીયુગથી પણ આગળ ચાવડા વંશના-વનરાજ ચાવડા સુધી પહોંચે છે. પિતા જયશિખરી યુદ્ધમાં માર્યા ગયા અને સગર્ભા રાણી-માતાએ વનમાં દીકરાને જન્મ આપ્યો. તેથી તે કહેવાયો વનરાજ. પોતાનું રાજ્ય પાછું મેળવવામાં મદદરૂપ થનારા ચાંપા વાણિયાની યાદમાં તેણે ચાંપાનેર વસાવ્યું. રાજધાની અણહિલપુર પાટણથી એકાવન હાથીની સવારી સાથે આવેલા વનરાજ ચાવડાએ આ નગરનું શિલારોપણ કર્યું હતું. એક જમાનામાં સમૃદ્ધ નગર હતું - જાહોજલાલી અને ખુશહાલીથી ધબકતું હતું. પણ આજે તો કિલ્લો, મસ્જિદ, મંદિર જેવા સ્મારકો - અવશેષો સિવાય બીજું કશું જ નથી. મહેમૂદે બંધાવેલી જુમ્મા મસ્જિદ ઈન્ડોસાર્સેનિક કૌશલ્યનો અલભ્ય નમૂનો ગણાય છે.

પાવાગઢ પર્વતની સૌથી ઊંચી મોલિયા ટૂકથી આરંભાતું આ શહેર માંચી હવેલીના મેદાનથી છેક તળેટી સુધી વિસ્તરેલું હતું. પતાઈ રાવળે બાંધેલો મહેલ એ સમયે અનન્ય ગણાતો હતો. સાત માળનો આલીશાન મહેલ આજે તો સમયની થપાટ ખાઈ-ખાઈને ખંડેર બની ગયો છે. કાલીમંદિરથી પૂર્વે ઢાળ ઊતરતાં આ ખંડેરો જોવા મળે છે. આજે પણ અજાયબ લાગે એવી એક ઇમારત છે અધ્ધર ઝરૂખો....! શિખરની ધાર પર બંધાયેલી આ ઇમારત જાણે ખીણ પર લટકતી હોય તેવી લાગતી હોવાથી અધ્ધર ઝરૂખા તરીકે ઓળખાય છે. એક જમાનામાં ચૌહાણોનો આ રંગમહેલ હતો. અહીં કાલીમંદિર પણ છે. સૌથી રસપ્રદ બાબત તો એ છે કે સૂરસમ્રાટ બૈજુ બાવરો ચાંપાનેરની માટીની પેદાશ હતો.



કાલીમંદિર

આવેલ હોવા છતાં પંચમહાલના આ પહાડી પ્રદેશનો માહોલ સાવ બદલાઈ જાય છે. વડોદરાના શહેરી માહોલ કરતાં આ વિસ્તાર સાવ જુદો લાગે છે. સરકારે તેના વિકાસને અનુલક્ષીને આ વિસ્તારમાં સ્થપાતા ઉદ્યોગોને કેટલીક છૂટછાટો આપી છે. પરિણામે પાવાગઢની આસપાસનો કાલોલ-હાલોલ ગામો નજીકનો વિસ્તાર ઔદ્યોગિક વસાહત-વિસ્તાર બની ગયો છે. નજીકમાં ધાબાડુંગરી પર સરસ દેવાલય ને રહેઠાણ વિકસ્યાં છે. એ હાલોલ નજીક, આસપાસનાં જંગલો ને ડુંગરાની સુવિધાઓને કારણે ફિલ્મ-સ્ટુડિયો પણ થયેલ છે. આ બાજુ પૂર્વમાં હરિવલ્લભ પરીખના રંગપુર આશ્રમની આદિવાસી વિકાસ પ્રવૃત્તિઓ ઠેરઠેરથી મુલાકાતીઓને આકર્ષી રહી છે, તો શિવરાજપુરની મૅંગેનિઝની ખાણો છે જે લગભગ બંધ પડી છે. હવે તો હાલોલમાં કૉલેજ છે. હાલોલથી પાવાગઢ જતાં લગભગ નગરથી નજીક જ ડુંગર પર કૃપાલ્વાનંદના શિષ્ટાયોપી રાજર્ષિમુનિનો નિવાસ.

ગોધરા પંચમહાલનું મુખ્ય શહેર - મોગલ અને મરાઠાકાળનું અગત્યનું મથક છે. ત્યાંથી ઉત્તરે દેવગઢબારિયા અને દાહોદ સુધીનો જંગલોનો અને આદિવાસીઓનો વિસ્તાર છે. અહીં સાગનાં જંગલો કપાયે જાય છે. રતનમહાલના ડુંગરા પર રીંછોનું અભયારણ્ય છે. દેવગઢબારિયા જૂનું રજવાડું ને રમણીય સ્થળ છે તો દાહોદ વેપાર-ધંધાથી સમૃદ્ધ એવું લગભગ મધ્યભારતની સરહદે આવેલું શહેર છે. ડભોઈ, સંખેડા, હાલોલ, છોટાઉદેપુર, બોડેલી, ગોધરા, દેવગઢબારિયા, દાહોદ, લુણાવાડા, સંતરામપુર - બધે જ કૉલેજો પણ વિકસી છે. તો કપાસ, લાકડું તથા જંગલની પેદાશ તેમ જ ઔદ્યોગિક પેદાશોનાં બજારો પણ વિકસ્યાં છે. ગોધરાથી પૂર્વે લુણાવાડા પણ જૂનું રજવાડું છે પણ રોનક રહી નથી. હવે કડાણા ડેમમાં કાર્યાલયો તથા પાનમંડળની પ્રજાની તાસીર બદલાતી જાય છે. ગોધરાથી દક્ષિણ તરફ વેંગણપુરથી ફંટાતાં રતનપુરમાં બે પ્રકારના પથ્થરોથી બંધાયેલું ચૌદમી સદીનું અનેક શિલ્પ અને સુંદર તોરણવાળું મંદિર છે, તો મુખ્ય રસ્તે જતાં ટુવાના ગરમ પાણીના કુંડ જોવા મળે છે. ને તેથીય આગળ ટીંબાની પથ્થરની ક્વોરીઓ જોઈ મહીનદી ઓળંગીએ એટલે પ્રવેશીએ ખેડા જિલ્લામાં.

ખેડા જિલ્લાનું હૃદયકેન્દ્ર તે ચરોતર. ખેતી અને ઉદ્યોગ તેમ જ શિક્ષણ-વ્યવસ્થા વગેરે સર્વ દૃષ્ટિએ સુવિકસિત અને સમૃદ્ધ વિસ્તાર. મુખ્ય પાક તમાકુ અને મુખ્ય પ્રવૃત્તિશીલ પ્રજા પાટીદાર. તમાકુની ખેતી અને વ્યવસાય ઉપરાંત આફ્રિકા, યુરોપ તથા અમેરિકા જેવા પરદેશનિવાસો અને ધંધાથી તથા ઔદ્યોગિક સાહસોના ઉદ્યમી પુરુષાર્થથી તેમણે ઘણો વિકાસ સાધ્યો છે.

આ ચરોતર વિસ્તારમાં અદ્યતન સુવિધાથી ઝળહળતાં ગામોમાં મુખ્ય બે સ્થળ : નડિયાદ અને આણંદ.



અમૂલ ડેરી

આણંદમાં આવેલી ગુજરાતની શ્રેષ્ઠ અને એશિયાની આ ઉત્તમ ડેરી છે. 1945ના વર્ષ દરમ્યાન આણંદની આસપાસના વિસ્તારનું દૂધ કોન્ટ્રેક્ટરો દ્વારા એકત્ર કરી, પાશ્ચુરીકરણ કર્યા બાદ મુંબઈ દૂધ યોજનામાં મોકલવામાં આવતું, પરંતુ રાજ્ય સરકારે દૂધના ભાવમાં કરેલ વધારાનો લાભ દૂધ-ઉત્પાદકોને ન મળતાં તેમને અસંતોષ થયો. આ અંગે સરદાર વલ્લભભાઈ પટેલની સલાહ અનુસાર ખેડૂતોની સભા તા. 4થી જાન્યુઆરી 1946ના રોજ મોરારજીભાઈ દેસાઈના પ્રમુખપદે રાખવામાં આવી, જેમાં સહકારી દૂધ-ઉત્પાદક મંડળીઓ અને જિલ્લા સહકારી દૂધ-ઉત્પાદક સંઘ સંચાલિત ડેરી સ્થાપવા અંગે વિચારણા થઈ, પરંતુ આવી સહકારી પ્રવૃત્તિની સફળતા આડે અસંખ્ય અવરોધક પરિબળો હતાં. ત્રિભુવનદાસ પટેલ અને અન્ય પ્રગતિશીલ ખેડૂતોએ સહકારી ધોરણે ડેરીની સ્થાપના માટે અથાગ પ્રયત્ન કર્યા, જેના પરિપાકરૂપે ખેડા જિલ્લા દૂધ-ઉત્પાદક સંઘની સ્થાપનાની સાથે તા. 14-12-1946ના રોજ એશિયાની મહાન સહકારી ડેરી 'અમૂલ'નો જન્મ થયો !

આજે તો અમૂલ ડેરી સાથે લગભગ 1000 જેટલી દૂધ-ઉત્પાદક સહકારી મંડળીઓ સંલગ્ન છે, જેના 3,65,000થી પણ વધુ સભાસદો ડેરીને દૂધ પૂરું પાડે છે. અમૂલમાંથી પાશ્ચુરીકરણ થયેલ દૂધ રેલવે ટૅન્કરો દ્વારા મુંબઈ, દિલ્હી અને કલકત્તા જેવાં શહેરોને પણ પૂરું પાડવામાં આવે છે. આ ઉપરાંત દૂધની પેદાશો જેવી કે પાઉડર, માખણ, ઘી, કેસીન, ચીઝ વગેરેનું ઉત્પાદન નિયમિત ધોરણે કરી ભારતનાં શહેરોમાં ગ્રાહકો માટે તથા લશ્કરમાં સૈનિકોના ઉપયોગ માટેનું વેચાણ કરવામાં આવે છે.

અમૂલની આ કામગીરી ઉપરાંત તે પોતાના દૂધ-ઉત્પાદકોને દૂધ-વેચાણ મારફત વધારે આવક કેમ થાય તેનું હંમેશાં ધ્યાન રાખે છે. આ માટે ખેડૂતોને ગાયો-ભેંસો ખરીદવા સહકારી બૅંકો દ્વારા ધિરાણ આપવું, દૂધ-ઉત્પાદન વધારવા માટે વાજબી ભાવે દાણ પહોંચાડવું, વિનામૂલ્યે પશુ-સારવાર આપવી, કૃત્રિમ વીર્યદાન અને સંકરણ દ્વારા સારી જાતનાં દુધાળાં ઢોર તૈયાર કરવાં તથા વિસ્તરણસેવાઓ દ્વારા ઢોરનાં ઉછેર, માવજત અને પોષણ માટે વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડવાની સેવાઓ પણ બજાવે છે. ભારતમાં 'શ્વેત ક્રાંતિ' લાવવામાં અમૂલનો ફાળો ખૂબ જ નોંધપાત્ર છે.

આણંદ

આણંદ ખેતીવિસ્તારનું, ધંધારોજગારનું કેન્દ્ર. ઉપરાંત દવાખાનાં, બજારો વગેરેની સુવિધાઓથી આ વિસ્તારનું મહત્ત્વનું મથક બન્યું છે. પણ કદાચ દેશવિદેશમાં તે વધુ વિખ્યાત અમૂલ ડેરીથી. સહકારી પ્રવૃત્તિની આ ઉત્તમ સંસ્થાએ પોતાના પ્રયોગો અને સિદ્ધિથી દુનિયાભરમાં ડંકો વગાડ્યો છે. તે ખેડા જિલ્લા કે ગુજરાતનું જ નહીં પણ સમગ્ર ભારતનું ગૌરવ છે. એશિયાની આ મોટામાં મોટી ડેરી છે, જેના માલિક હજારો ખેડૂતો છે, જેમની પાસે એક-બે ભેંસ કે ગાય હોય તેવા તે મહેનતકશ માનવીઓ છે. તેનું સંચાલન લોકશાહીની રસમથી ચૂંટાયેલા પ્રતિનિધિઓથી સહકારી રાહે થાય છે. અમૂલની યોજનાએ એક વ્યાપક આર્થિક ક્રાંતિ સર્જી છે. એની અસર ગુજરાત બહાર ને દેશ બહાર પણ વિસ્તરી છે. અમૂલના નમૂના પર ગુજરાતના જિલ્લેજિલ્લે ડેરીઓ સ્થપાઈ છે. અન્ય રાજ્યોમાં પણ અમૂલના કેળવાયેલા માણસો આવા વિકાસમાં મદદ કરી રહ્યા છે.

મૂળ તો 1946ના અરસામાં સરદાર પટેલના માર્ગદર્શન હેઠળ થોડાક ખેડૂતોએ ગ્રામ દૂધ-ઉત્પાદક સહકારી મંડળી રચવાનું વિચાર્યું. નાનામોટા ખેડૂતો તેના સભ્યો બનતાં તેમાંથી દૂધનાં વાહનો અને યંત્રો પણ ખરીદાતાં સુવિધા વધવા લાગી. તેમાં વળી તેના પ્રમુખ ત્રિભુવનદાસ પટેલને સાથ મળ્યો એક પ્રામાણિક અને દૂરંદેશી સજ્જન જેણે ગુજરાતને પોતાનું વતન ગણ્યું તેવા બિનગુજરાતી ઇજનેર વર્ગીસ કુરિયનનો.

સોનામાં સુગંધ ભળી. ઉત્સાહી, સેવાભાવી ઉપરાંત લાંબી નજરવાળા. છોડમાંથી વિકસી વટવૃક્ષ સમી એ 'અમૂલ

ત્રિભુવનદાસ પટેલ
(1903 - 1994)



અગ્રણી સ્વાતંત્ર્યસેનાની તથા ગુજરાતમાં ડેરીઉદ્યોગ-ક્ષેત્રે સહકારી પ્રવૃત્તિના પ્રણેતા ત્રિભુવનદાસે 1919માં આણંદ સેવક સમાજની સ્થાપના કરી જાહેર જીવનમાં પ્રવેશ કર્યો હતો. રાષ્ટ્રીય કૉંગ્રેસના સભ્ય તરીકે સત્યાગ્રહની બધી જ લડતોમાં ભાગ લીધો. અનેક વાર જેલવાસ ભોગવ્યો. તેમણે ખેડા જિલ્લાની સંખ્યાબંધ સંસ્થાઓમાં સેવાકાર્ય કર્યું. ઇન્ડિયન ડેરી સાયન્સ એસોસિયેશનના ઉપપ્રમુખ, ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ, નેશનલ ઍગ્રિકલ્ચરલ કો-ઑપરેટિવ ફેડરેશનના ઉપાધ્યક્ષ, રાજ્યસભાના સભ્ય, સેન્ટ્રલ બૅંકના ડિરેક્ટર જેવા વિવિધ પદો પર કામ કર્યું હતું.

1946-71 દરમ્યાન સતત 25 વર્ષ સુધી તેઓ 'અમૂલ' ડેરીના ચેરમૅન હતા. 1950માં અમૂલ ડેરી પ્લાન્ટનો આરંભ થયો ત્યારથી અવસાન સુધી ભારતમાં શ્વેત ક્રાંતિના પ્રણેતા ડૉ. કુરિયન સાથે તેમણે કરેલું કાર્ય શકવર્તી ગણાય છે. 1963માં તેમને મૅગસેસે એવૉર્ડથી તથા 1964માં ભારત સરકાર દ્વારા 'પદ્મભૂષણ'ના સન્માનથી નવાજવામાં આવ્યા હતા.

ડૉ. કુરિયન



કેરળના કાલિકટમાં 1921માં જન્મ. અમેરિકાની મિશિગન યુનિવર્સિટીમાં અભ્યાસ કરીને ભારત પાછા ફરેલા કુરિયન 1949માં ત્રિભુવનદાસ પટેલના આમંત્રણથી આણંદમાં ડેરી પ્રવૃત્તિમાં જોડાયા. 1965થી તેઓ નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ - આણંદના, 1970થી ચેરમેન હતા.

1974માં દિલ્હી ખાતે 19મી આંતરરાષ્ટ્રીય ડેરી કોંગ્રેસના અધ્યક્ષપદે તેમની વરણી થઈ હતી. કુરિયનને દેશ-વિદેશમાં અનેક માન-સન્માન મળ્યાં છે. 1963માં તેમને મેગ્સેસે ઍવૉર્ડ ફૉર કમ્યુનિટી લીડરશીપ, 1966માં ભારત સરકાર દ્વારા પદ્મભૂષણ, 1980માં વિશ્વગુર્જરી ઍવૉર્ડ ઉપરાંત દેશવિદેશની અનેક યુનિવર્સિટીઓની માનાર્હ પદવીઓ તેમને અર્પણ કરવામાં આવી છે. ભારતમાં શ્વેત ક્રાંતિના સર્જક તથા ડેરી ઉદ્યોગના વિશ્વવિખ્યાત પ્રણેતા ડૉ. વર્ગીસ પી. કુરિયનને 1990માં યુનોનો શાંતિ પુરસ્કાર અર્પણ કરવામાં આવ્યો છે.

ડેરી'. પછી તો તેમણે એચ. એમ. દલાયાના સહકારથી, આ ગરમ દેશમાં ખૂબ જરૂરી એવી દૂધમાંથી પાઉડર બનાવવાની પદ્ધતિ મેળવી. એક પાસથી અમૂલની મદદથી ઢોરની સંખ્યા વધી, દૂધ-ઉત્પાદન વધ્યું. અમૂલ દ્વારા અપાતી તાલીમને કારણે ગૃહિણીઓ પણ ઢોરની સારી રીતે સાર-સંભાળ લેતી થઈ. ગામેગામ અમૂલની શાખાઓ ખૂલી. દૂધનો પુરવઠો વધ્યો. ગ્રામજનોની આવક વધી. સાથે સાથે વધારાનું દૂધને મોટાં શહેરમાં મોકલવા ઉપરાંત અમૂલે દૂધની બનાવટો વિકસાવી - માખણ, શિખંડ, ઘી, ચીઝ, બેબી ફૂડ, દૂધનો પાઉડર અને સુવિખ્યાત ચૉકલેટો. અહીંનો આ સહકારી ડેરી ઉદ્યોગ એ જગતભરના સહકારી ધોરણે ચાલતા ઉદ્યોગોમાં કદાચ મોટામાં મોટો છે. ભારતમાં જ નહીં પણ દુનિયામાં એ એક આદર્શ મૉડેલ તરીકે 'શ્વેત ક્રાંતિ' તરીકે પ્રસિદ્ધિ પામી છે. 'અમૂલ' એ કોઈ એક મંડળી જ નહીં પણ અનેક પ્રવૃત્તિઓ અને ઉત્પાદનોનું સંકુલ બની રહ્યું છે. સ્થાપિત હિતોના વિરોધ છતાં તેનો થયેલો આ વિકાસ લોકોપકારક પ્રવૃત્તિનો વિજય છે. 'અમૂલ' એક 'ક્રાંતિ'નો પર્યાય છે.

આણંદમાં વેપાર, ઉદ્યોગો, કૉલેજો છે, પણ સૌથી નોંધપાત્ર છે 'ચરોતર એજ્યુકેશન સોસાયટી'. એની પ્રવૃત્તિઓથી આ શિક્ષણસંસ્થા લોકજાગૃતિ અને લોકઘડતરનું કેન્દ્ર બની છે.

નજીકની જ ખેતીવાડી કૉલેજ, 'કૃષિ-ગો-વિદ્યાભવન' તેમ જ ઇજનેરી કૉલેજો અને તે ઉપરાંત વિશાળ શિક્ષણગ્રામ 'વલ્લભવિદ્યાનગર' તો આજે અનેક સંસ્થાઓવાળી



યુનિવર્સિટી બની ગયું છે. ગુજરાતમાં સૌપ્રથમ ઈજનેરી કૉલેજ વલ્લભવિદ્યાનગરમાં સ્થપાઈ. આ ઉપરાંત અનેક વિદ્યાશાખાઓની કૉલેજો આ સંકુલમાં છે. અહીં સ્કૂલ ઑફ આર્કિટેક્ચર પણ છે અને મૅનેજમેન્ટ અંગેની કૉલેજ પણ છે. એનો વિકાસ વિચારતાં પાયાના પુરુષ ભાઈકાકાને આપોઆપ અંજલિ અપાઈ જાય છે. એક વડના ઝાડ નીચે ખાટલો ઢાળીને આર્ષદ્રષ્ટા ભાઈકાકાએ પોતાના આયુષ્યના અનુભવનો નિચોડ અહીં ખરચી નાખ્યો. પૂરી નિષ્ઠા અને પરિશ્રમથી તેમણે સેવેલું એક સ્વપ્ન પરિપૂર્ણ કર્યું. તેની પાસેનું જ વિઠ્ઠલ ઉદ્યોગનગર વિકાસનું બીજું ક્ષેત્ર છે. ત્યાં એલિકોન અને વલ્લભ ગ્લાસ જેવી ઔદ્યોગિક સંસ્થાઓ પણ છે. બાજુમાં જ સરદાર પટેલનું વતન કરમસદ, જ્યાં હવે મોટી હૉસ્પિટલ અને મેડિકલ કૉલેજ છે. ભારતના ભૂતપૂર્વ નાણાંપ્રધાન એચ. એમ. પટેલની જહેમતનું એ ફળ છે.



વલ્લભવિદ્યાનગરના પ્રણેતા ભાઈલાલભાઈ પટેલ



આણંદથી ચાર કિ.મી. દૂર છે વલ્લભવિદ્યાનગર. વલ્લભભાઈના આશીર્વાદથી અને સક્રિય સહકારથી અહીં વિદ્યાની, જ્ઞાનની નવી ક્ષિતિજો ઊઘડી. આ ભૂમિના એક સુપુત્ર ભાઈલાલભાઈ પટેલ (ભાઈકાકા) વ્યવસાયે ઇજનેર પણ એમનાં કાર્યક્ષેત્રો ઘણાં વ્યાપક હતાં. આ વિસ્તારમાં એક વિશાળ વિદ્યાસંકુલ ઊભું કરવા તેમણે ત્યાંના જમીનમાલિકો પાસેથી સાવ વિનામૂલ્યે જમીન સંપાદિત કરી. ગુજરાતભરમાં સૌ પ્રથમ એન્જિનિયરિંગ કૉલેજ અહીં સ્થપાઈ. પછી તો સ્કૂલ ઑફ આર્કિટેક્ટ અને મૅનેજમેન્ટ વગેરે પણ સ્થપાયાં અને દેશનું એક નવતર શિક્ષણક્ષેત્ર બન્યું. આવી મોટી યોજનાની શરૂઆત કરવા આર્થિક ઉપરાંત અનેક મુશ્કેલીઓ હતી. આજે તો જાણીને નવાઈ લાગે તેમ છે કે વલ્લભવિદ્યાનગર સંકુલની શરૂઆત કોઈ મોટી ઑફિસમાં કે સંખ્યાબંધ કર્મચારીઓથી થઈ ન હતી, પણ એ વિસ્તારના એક વિશાળ વડલા નીચે ખાટલો ઢાળી તેમાં બેસીને ભાઈકાકા પોતાનું દફતર ચલાવતા !

નડિયાદ

ખેડા જિલ્લાનું બીજું મહત્ત્વનું નગર નડિયાદ. સરદાર વલ્લભભાઈની જન્મભૂમિ. જૂના વખતમાં હરિદાસ બિહારીદાસ જેવાઓએ પ્રજાકીય ક્ષેત્રે મોટો ફાળો આપેલો. સંનિષ્ઠ લોકસેવક અને ગુજરાત સરકારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલની રાષ્ટ્રીય સેવા નોંધપાત્ર છે. સંતરામ મહારાજનું એ ધામ તો આજેય મંદિર ઉપરાંત લોકસેવા માટે વિખ્યાત છે. ગઈ સદીના ઉત્તરાર્ધમાં ને આ સદીના આરંભે નડિયાદ સાક્ષરધામ ગણાતું. સાક્ષરવર્ય 'સરસ્વતીચંદ્ર'કાર ગોવર્ધનરામ ઉપરાંત મનસુખરામ સૂર્યરામ, ઝવેરીલાલ યાજ્ઞિક, રણછોડભાઈ ઉદયરામ, મણિલાલ નભુભાઈ, બાલાશંકર ને પછી કવિ-ચિત્રકાર ફૂલચંદ માસ્તર, રઘુનાથ બ્રહ્મભટ્ટ જેવા અનેક સાક્ષરો નડિયાદે આપ્યા છે. ગોવર્ધનરામનું નિવાસસ્થાન પણ તેમના સ્મારકરૂપે જળવાયું છે. નગરમાં તેમની પ્રતિમા મુકાઈ છે.

આજે નડિયાદમાં વેપારધંધા ને ઉદ્યોગો વિકસ્યા છે. ત્યાં અનેક હૉસ્પિટલો-કૉલેજો પણ છે. તેમાં નોંધપાત્ર છે ગુજરાતની કિડની હૉસ્પિટલ અને હવે સ્વાયત્ત સંસ્થાની યુનિવર્સિટી સમકક્ષ ગૌરવપ્રદ સ્થાન મેળવનાર ધર્મસિંહ દેસાઈ ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટ તથા આયુર્વેદિક કૉલેજ.

નડિયાદ સાથે સ્મરણ થાય છે એક વિશિષ્ટ પૂજનીય વિભૂતિનું. તે છે પૂ. મોટા. મૂળ નામ ચૂનીલાલ. જ્ઞાતિએ ભાવસાર. પૂ. મોટાની અધ્યાત્મ ઉપરાંતની નોંધપાત્ર સામાજિક પ્રવૃત્તિ હતી દાન-યોજનાઓ. સમાજમાંથી આશ્રમ-પ્રવૃત્તિ માટે મળતાં દાનોનો ઉપયોગ તેમણે અન્યથી નિરાળી - આગવી રીતે કર્યો. શાળાના ઓરડાઓ માટે દાન આપ્યાં. 'જ્ઞાનગંગોત્રી', 'વિજ્ઞાનકોશ' જેવી પ્રવૃત્તિઓ માટે માતબર દાન કર્યાં તેમ જ જીવન-ઉપકારક કૃતિઓ માટે પણ પારિતોષિકો જાહેર કર્યાં ને આ બધા માટે કોઈ સંસ્થા ઊભી ન કરતાં તેમણે જે-તે પ્રવૃત્તિ કરતી સંસ્થાઓને, વિશ્વવિદ્યાલયોને તે ચોક્કસ શરતોએ સોંપ્યાં. કેટલાંક ઉત્તમ કાર્યો આ દાનની મદદથી થઈ શક્યાં. તેમના દેહત્યાગ પછી આજે પણ તેમના આશ્રમની પ્રવૃત્તિઓ ચાલી રહી છે.

ધર્મસિંહ દેસાઈ કૉલેજ ઑફ ટેકનૉલોજી



જિલ્લાનું મુખ્ય મથક ખેડા. જૂના કાળમાં તેનું અવરજવરના માર્ગો ઉપરના કેન્દ્ર તરીકે મહત્ત્વ હશે ને એટલે જ અંગ્રેજોએ તેને કેન્દ્ર કર્યું હશે. હવે તો જિલ્લાના વડામથક તરીકેનાં ત્યાંનાં કાર્યાલયો સિવાય બીજું મહત્ત્વ નથી. અત્યારે તો નડિયાદ સાહસવીરો - પુરુષાર્થીઓ અને કર્મઠ ભડવીરોની ભૂમિ. આણંદ પાસે કરમસદમાં ગુજરાતના બે મહાન દેશભક્ત નેતાઓનો જન્મ - વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈ પટેલ. આ બે ભાઈઓની દેશસેવાએ ભારતભરમાં જ નહીં પણ વિશ્વભરમાં ગુજરાતનો ડંકો વગાડ્યો. વલ્લભવિદ્યાનગર અને વિઠ્ઠલ-ઉદ્યોગનગર તથા કરમસદમાંનાં તેમનાં સ્મારકો ઉપરાંત સરદારની પ્રતિમાઓ તો ગુજરાતને ગામડેગામડે દેખાશે. બોરસદમાં સરદારનું સ્મરણ તો થાય જ, કારણ કે એમણે ત્યાં વકીલાત કરેલી.




ખેડા સત્યાગ્રહના સૂત્રધાર સરદાર

બીજું સ્મરણ સ્વાતંત્ર્ય-સંગ્રામના તેજસ્વી પ્રકરણસમા ખેડા સત્યાગ્રહનું અને તે સાથે જ યાદ આવે એ સત્યાગ્રહમાં જ પૂ. ગાંધીજીને આવી મળેલો એક સ્વયંસેવક સેનાની - રવિશંકર વ્યાસ, જે પછીથી રવિશંકર મહારાજ તરીકે ઓળખાયા. તેઓ ગુજરાતના ઉત્તમ ગાંધીવાદી મૂકસેવક તરીકે ગુજરાત સમસ્તના જ નહીં પણ ભારતની વંદનીય વ્યક્તિ બની રહ્યા. અત્યારે બોચાસણમાં તેમનું પ્રવૃત્તિકેન્દ્ર તેમના અવસાન પછીયે પ્રવૃત્ત છે. એ નીડર, નિખાલસ ને કર્મઠ અહિંસાપ્રેમીએ બહારવટિયાઓનો જે રીતે હૃદયપલટો કર્યો તે તો માનવચરિત્રની અસાધારણ ઘટના ગણાય. આપણા રાષ્ટ્રીય શાયર મેઘાણીભાઈની કલમે લખાયેલું 'માણસાઈના દીવા' એ માટે વાંચવા જેવું છે ને એમના જ

સંતરામ-મંદિર

નડિયાદમાં આવેલું સંતરામ-મંદિર નડિયાદનું એક ખૂબ જ જાણીતું ધાર્મિક સ્થળ છે. અહીં વાર-તહેવારે સંતપુરુષોનાં પ્રવચનોનું આયોજન કરવામાં આવે છે. નડિયાદનું આ સ્થળ અહીંના લોકો માટે શ્રદ્ધાનું એક તીર્થ છે.





દરબાર ગોપાળદાસ

મહાત્મા ગાંધીજીની હાકલ સુણીને, પોતાનું સર્વસ્વ છોડી, સાદગી અપનાવીને સ્વાતંત્ર્ય - આંદોલનમાં ઝુકાવનારા રાજવીઓમાં વસોના દરબાર ગોપાળદાસ અગ્રણી હતા. 1915માં ગુજરાતભરમાં એમણે સર્વપ્રથમ બાલમંદિર શરૂ કર્યું હતું અને તેમાં મોન્ટેસોરી પદ્ધતિએ શિક્ષણ આપવાનું શરૂ કર્યું હતું.

સાથી ને એવા જ ગાંધીવાદી મૂકસેવક બબલભાઈ મહેતાનું આત્મચરિત્ર પણ. થામણા-ઉમરેઠ પાસે એમનું કેન્દ્ર. આ બધાના ચરિત્રો-જીવનકાર્યો માનવતાનાં મૂઠી ઊંચેરાં શિખરોનાં દર્શન કરાવે છે. એવાં વ્યક્તિત્વોને ચરણે આપોઆપ માથું ઢળે છે.

નડિયાદની નજીકમાં જ વળી વસો ગામ. નાનકડું પણ ધનધાન્યથી સમૃદ્ધ. પણ નોંધપાત્ર તો પુસ્તકાલય-પ્રવૃત્તિના પ્રણેતા મોતીભાઈ અમીન અને દેશને ખાતર રાજગાદીનો ત્યાગ કરનાર દરબાર ગોપાળદાસની જન્મભૂમિ તરીકે. વસોમાં એક સુંદર જૈન દેરાસર પણ છે. એમાંની મૂર્તિ ઈસુના બારમા સૈકાની હોવાનું મનાય છે. અહીં જ એક જર્જરિત મકાન યાદ આપે છે ત્યાં એક વાર ઊતરેલા શ્રીમદ્ રાજચંદ્રની. વળી, ધારનાથ-કોટેશ્વર મહાદેવ મંદિરો ને કોટેશ્વરની દીવાલ પરનાં આશરે દોઢસો વર્ષ પુરાણાં સુંદર ભીંતચિત્રો જોવા જેવાં છે. દરબાર ગોપાળદાસની હવેલીની ઉત્કૃષ્ટ કોતરણી ગુજરાતની કાષ્ઠકલાના ઉત્તમ નમૂનારૂપ છે.

મહેમદાવાદ

મહેમદાવાદ વાત્રકના પૂર્વ કાંઠા પર આવેલું છે. તે અમદાવાદથી 28 કિમી. અને નડિયાદથી 10 કિમી. અંતરે આવેલું છે. મહમૂદ બેગડાએ આ સ્થળ વસાવેલું હોવાથી તેનું નામ મહેમદાવાદ પડેલું છે. અહીં તેણે ભમરિયો કૂવો, કિલ્લો અને મહેલો બંધાવ્યા હતા.

અહીંનાં જોવાલાયક સ્થળોમાં 22.5 મીટર ઊંડો અને 7.5 મીટર પહોળો, આઠ ખંડો ધરાવતો, પાણી સુધી પગથિયાંવાળો કૂવો છે. આ ખૂબ વિશાળ કૂવામાં ભોંયતળિયાની નીચે ઓરડાઓના માળ નીચે માળ બંધાયેલા જોઈ હેરત પામી જવાય છે. આથી જ અનેક ગીતોમાં 'ભમ્મરિયો કૂવાને કાંઠે'ના ઉલ્લેખ થયા છે. ગુજરાતમાં અને ભારતમાં આવો બીજો એક જ કૂવો છે - જૂનાગઢનો નવઘણ કૂવો. મહમૂદ બેગડાએ તેની બેગમની સ્મૃતિમાં વાત્રકના કાંઠે બંધાવેલા ચાંદો-સૂરજ મહેલના અને કિલ્લાના અવશેષો, મુબારક સૈયદનો રોજો, બેગડાના પુત્રની અને કેટલાક અમીરો તેમ જ સગાંઓની કબરો, મહમૂદ બેગડા પૂર્વેની એક પ્રાચીન વાવ, ગંગનાથ, ભીમનાથ અને વૈજનાથનાં શિવમંદિરો, જૈન મંદિરો, જુમ્મા મસ્જિદ, બે ખ્રિસ્તી દેવળો, વસંત-રજબ સંવાદળનું કેન્દ્ર તથા માધવાનંદ આશ્રમ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત મહમૂદ ત્રીજાએ અહીં હરણોની જાળવણી માટેનો ઉદ્યાન પણ બનાવ્યો હતો.



મોતીભાઈ અમીન

ગાંધીજીએ જેમને 'ચરોતરનું મોતી' કહી નવાજ્યા હતા તેવા મોતીભાઈ પટેલે ગુજરાતમાં પુસ્તકાલય-પ્રવૃત્તિ શરૂ કરીને ગુજરાતની પ્રજાને જ્ઞાન અને સંસ્કારનો સ્પર્શ કરાવ્યો હતો. વડોદરાના શિક્ષણપ્રેમી રાજવી સયાજીરાવે ગુજરાતનાં ગામોમાં પુસ્તકાલયો શરૂ કરવાની યોજના કરી હતી તેમાં મોતીભાઈ અમીને મોટો ફાળો આપ્યો હતો.

ખંભાત

ખેડા જિલ્લામાં દક્ષિણે ખંભાત - સાગરકાંઠે - પૌરાણિક ઐતિહાસિક નગર સ્તંભતીર્થ તરીકે ને પછી ખંભાત તરીકે ઓળખાતું. કહેવાય છે કે પૌરાણિક નગર તો દટાઈ ગયેલું છે. આ નગરના ઉલ્લેખો ઇતિહાસ-પુરાણી કથાઓ - પરદેશી પ્રવાસીઓનાં વર્ણનો વગેરેમાં ખૂબ મળે છે. ઈતિહાસકાળમાં, સોલંકીયુગમાં ને વિશેષતઃ સિદ્ધરાજ જયસિંહના મંત્રી ઉદયનના શાસનકાળ દરમ્યાન તેનો ખૂબ




દરબાર ગોપાળદાસની હવેલીની ઉત્કૃષ્ટ કોતરણી

વિકાસ થયો. આચાર્ય હેમચંદ્ર પણ ત્યાં હતા. સિદ્ધરાજના સૈનિકો સામે તેમણે કુમારપાળને ખંભાતમાં હસ્તલિખિત પોથીઓના ભંડારમાં જ આશ્રય આપેલો. આજેય ખંભાતમાં પ્રાચીન હસ્તપ્રતોનો ઉત્તમ ભંડાર અને ગ્રંથાલયો છે. પણ રજપૂત સમયમાં તેનું મહત્ત્વ અને જાહોજલાલી ઘણાં હતાં. વાઘેલાઓના સમયમાં વસ્તુપાળ-તેજપાળ બંદરના વહીવટકર્તા હતા. દિલ્હીના બાદશાહ જહાંગીરે દરિયો જોવા માટે ખંભાત પસંદ કરેલું. ગાડામાં બેસી તે અમદાવાદથી ખંભાત ગયા હતા.

'ગુજરાતનું પાટનગર અમદાવાદ'નો અધિકૃત દળદાર ગ્રંથ આલેખનાર ઇતિહાસવિદ રત્નમણિરાવ ભીમરાવ જોટે પાસે તે સમયના ખંભાતના વિદ્વાન દીવાન નર્મદાશંકર મહેતાએ ખંભાતનો ઇતિહાસ લખાવ્યો હતો. તે ગ્રંથ વાંચવા જેવો છે.

ખંભાત પુરાણું નગર ખરું પણ આજે ત્યાં જૂનાં સ્થાપત્યો ખાસ જોવા મળતાં નથી. હા, ત્યાંની જુમ્મા-મસ્જિદ ખૂબ જૂની છે. તે બહારથી સાદી પણ અંદરથી ભવ્ય અને કોતરણીવાળી છે. બાજુમાં દરબારગઢ - રાજમહેલ છે તે મોગલ શૈલીનો છે. લગભગ અઢી કિલોમીટર દૂર વડવાળી વાવમાંના સંસ્કૃત શિલાલેખમાં તે વાવ સંવત 1539ના ભાદરવા મહિનામાં બંધાયાનો ઉલ્લેખ છે. આથી તે ગુજરાતના બાદશાહ મહમૂદ બેગડાના સમયમાં બંધાઈ હોવાનું જણાય છે. ખંભાતમાં અંગ્રેજોની કોઠી તથા પુરાણો કોટ પણ છે. ખંભાતની નજીકમાં જ છે 'નગરા' નગર. એટલે એ છે જૂના નગરનાં ખંડેરો. એક મોટા ટેકરા પર આવેલા આ સ્થળ નીચે પ્રાચીન નગરના અવશેષ હોવાનો સંભવ છે.



આસપાસ બેથી ત્રણ કિલોમીટરના વિસ્તારમાં એ અવશેષો પથરાયેલા જણાય છે. સારાય ભારતમાં બ્રહ્માજીની ત્રણ જ મૂર્તિઓ છે. તેમાંની એક નગરમાં છે. તે ઉપરાંત, જયાદિત્યના મંદિરમાંની બે મીટર ઊંચી સૂર્યમૂર્તિ અને કોટેશ્વર મહાદેવના મંદિરમાંની સરસ્વતીની સુંદર મૂર્તિઓ ઉપરાંત ભૂરા પથ્થરની બુદ્ધમૂર્તિ પણ જોવા મળે છે.

ખંભાતથી પાંચેક કિલોમીટર દૂર કાકાની કબર વહોરાઓનું મોટું યાત્રાધામ છે. આ વિશે એક દંતકથા પણ જાણવા જેવી છે.

કાકા અકેલા અને તેમનાં પત્ની ખંભાત પાસે એક ખેતરમાં કામ કરતા હતા. ત્યાં અરબસ્તાનથી અબદલ્લા નામનો માણસ આવ્યો. તેણે પાણી માગ્યું, પણ દુકાળ હોવાથી કૂવામાં પાણી ન હતું. અબદલ્લાએ કહ્યું કે જો કાકા મુસ્લિમ ધર્મ સ્વીકારે તો પોતે ચમત્કાર કરીને કૂવાને પાણીથી ભરી દે. કાકાએ સંમતિ આપી એટલે અબદલ્લાએ તીર મારીને કૂવો પાણીથી ભરી દીધો. આ ચમત્કાર જોઈ કાકા-કાકી મુસલમાન થઈ ગયાં. એ વહોરાઓ કહેવાયા. વહોરાઓ આ કાકા અકેલા અને કાકી અકેલીની કબર પર દર વર્ષે શ્રદ્ધાપૂર્વક યાત્રા કરે છે.

અર્વાચીન કાળના આરંભ સુધી તો ખંભાત બંદર સલામત હતું. અમદાવાદમાં મિલઉદ્યોગની સ્થાપના કરનાર રણછોડલાલ છોટાલાલે પોતાની મિલ માટેની યંત્રસામગ્રી સૌપ્રથમ દરિયાવાટે મંગાવીને ખંભાત બંદરે ઉતારેલી ને ત્યાંથી ગાડાવાટે અમદાવાદ લાવેલા.

અર્વાચીન કાળમાં, 1958માં ખંભાત પાસેના લૂણેજમાં ખનિજ તેલ મળી આવતાં તે ફરીથી ઇતિહાસને પાને ચમક્યું. વધુ સંશોધને પુરવાર થયું કે અહીં તેલ કરતાં ગેસ વધુ છે. આ ગેસ અહીંથી 20 કિલોમીટર દૂર આવેલા ધુવારણના તાપવિદ્યુત મથકને પૂરો પાડવામાં આવે છે. ધુવારણમાં ગુજરાતનું સૌથી મોટું થર્મલ પાવર સ્ટેશન છે. તેમાંથી વહેતા વીજળીના પ્રવાહે આસપાસનાં અનેક કારખાનાંને શક્તિ આપી છે. ચોપાસ અનેક કારખાનાંઓ ઊભાં થતાં ઉદ્યોગ વિસ્તર્યા. પેલી બાજુ પેટલાદ તો ગાયકવાડી વિસ્તાર હોઈ ઉદ્યોગ-કેન્દ્ર તરીકે વિકસેલું હતું જ. આજે ખેડા જિલ્લો જેટલો ખેતીપ્રધાન તેટલો ઉદ્યોગપ્રધાન બની ગયો છે.

ખેડા જિલ્લામાં ધર્મસ્થાનો પણ નોંધપાત્ર છે. અગાસનો શ્રીમદ્ રાજચંદ્રનો આશ્રમ જ્યાં તેમની સમાધિ પણ છે. સારસાપુરીમાં આ વિસ્તારની પ્રજામાં ખૂબ વિસ્તરેલા સંતકૈવલ પંથનું મોટું કેન્દ્ર ઉપરાંત બોચાસણ-ડભાણમાંનાં સ્વામિનારાયણ મંદિરો તથા ગામેગામમાં બંધાયેલાં સ્વામિનારાયણ મંદિરો પણ ખરાં. પણ તેમાં મુખ્ય છે બોરીઆવીથી છ કિલોમીટર પર આવેલું વડતાલનું મંદિર. સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં વડતાલની ગાદીનું માહાત્મ્ય મોટું છે. ઈ. 1824માં સહજાનંદસ્વામીએ અહીં લક્ષ્મીનારાયણની મૂર્તિની સ્થાપના કરી હતી. તે ઉપરાંત અહીં નરનારાયણ અને સ્વામિનારાયણની પણ મૂર્તિઓ છે. ગુજરાતની પ્રજામાં ખેડૂત તેમ જ કર્મશીલ પ્રજાના વર્ગોમાં સ્વામિનારાયણ તેમ જ સતકૈવલ પંથનો સદાચાર અને ત્યાગમૂલક સરળ ધર્મભાવનાની ભારે અસર છે.

પરંતુ ખેડા જિલ્લાનું અને ગુજરાતનું પણ શિરમોર સમું



ધુવારણ

સૈફી ટાવર - ખંભાત



તીર્થધામ તો છે ડાકોર. એ છે ભારતપ્રસિદ્ધ વૈષ્ણવતીર્થ. ગુજરાતનાં ત્રણ ઉત્તમ વૈષ્ણવ મંદિરો - શામળાજી, દ્વારકા અને ડાકોર. ભારતભરમાં ડાકોરતીર્થનો ભારે મહિમા છે. આ બંને ત્રણે માર્ગીય પરંપરાનાં નહીં, પરંતુ વ્યાપક વૈષ્ણવધર્મના સ્થાન હોઈ ઓછાં સાંપ્રદાયિક, ઓછાં ચુસ્ત અને તેથી વધુ મુક્ત છે. ખેડા જિલ્લામાં સૌથી પ્રસિદ્ધ મેળો છે ડાકોરનો તેમ જ નદી-સાગર-સંગમતીર્થ વૌઠાના મેળાનું પણ એટલું જ માહાત્મ્ય છે.

ડાકોર

ભક્ત બોડાણો



નડિયાદથી લગભગ 40 કિલોમીટર ઉત્તરે આવેલું ડાકોર - મૂળ ડંકપુર. તે તરફ જતાં કિલોમીટરો દૂરથી તેના ઉત્તુંગ અને વિશિષ્ટ પ્રકારના શિખર પરની ધજા યુગોથી યાત્રાળુઓને આમંત્રી રહેલી દેખાશે.

તીર્થસ્થાન પુરાણું એટલે કથાઓ પણ ઘણી હોય જ. મૂળ ખાખરિયું ગામ. ખાખરાનાં ઝાડ ઘણાં. ત્યાં ગોમતીતળાવ. તળાવકાંઠે ડંકનાથ મહાદેવ. કહે છે કે અહીં ડંકઋષિનો આશ્રમ હતો તેથી જ આ સ્થાન ડંકપુર - ડાકોર કહેવાયું. આમાં મહત્ત્વની દંતકથા તો છે ડાકોરના ભક્ત બોડાણાની. કહેવાય છે કે તે દ્વારકાધીશનો પરમ ભક્ત. ભગવાનને ચઢાવવા માટે હાથમાં તુલસી ઉગાડી દર છ માસે પગપાળા દ્વારકા જતો. નામે વજેસંગ બોડાણા - રજપૂત.

કાળે કરીને વૃદ્ધાવસ્થાને કારણે અશક્ત થયો ત્યારે એની ભક્તિથી પ્રસન્ન એવા રણછોડરાયજીએ તેને સ્વપ્નમાં કહ્યું : 'હવે તું ન આવી શકે તો હું તારે ગામ આવીને રહીશ.' ભગવાનની સૂચનાથી બોડાણાએ રાત્રે રણછોડજીની મૂર્તિ મંદિરમાંથી ઉપાડીને ગાડામાં નાખી અને ગાડું દોડાવ્યું ડાકોર ભણી. સવારે પૂજારીઓએ મૂર્તિ ન જોતાં તપાસ થઈ. બોડાણાનું નામ આવ્યું એટલે તેનો પીછો કર્યો. બોડાણાએ ઉમરેઠથી ડાકોર વચ્ચે વિસામો લેવા ગાડું ઊભું રાખેલું. ત્યાં કહેવાય છે કે ભગવાને લીમડાની એક ડાળ પકડેલી તે મીઠી થઈ ગયેલી. આથી ભજનિકો ગાય છે :

'આખા લીમડામાં એક ડાળ મીઠી હો રણછોડ રંગીલા !'

આજે પણ એ સ્થાને પગલાં છે - ત્યાંના લીમડામાં લોકો મીઠી ડાળ શોધ્યા કરે છે. પણ વાર્તા આગળ ચાલે છે. સવાર થતાંમાં મૂર્તિ ડાકોર પહોંચાડાય છે. પણ દ્વારકાના ગૂગળીઓ આવી પહોંચતા મૂર્તિ છુપાવવામાં આવી. છેવટે સમાધાન થયું અને મૂર્તિને બહાર કાઢવામાં આવી.

ગૂગળીઓને મૂર્તિના ભારોભાર સોનું આપવું નક્કી થયું. ગરીબ બોડાણા પાસે એટલું બધું સોનું તો ક્યાંથી હોય ? પરંતુ રણછોડજીની પ્રેરણાથી તુલા થઈ ત્યારે મૂર્તિનું વજન



રણછોડરાયની મૂર્તિ



ડાકોરનું રણછોડજીનું ભવ્ય મંદિર - તેમાં હિન્દુ મુસ્લિમ સ્થાપત્યનો વિરલ સહયોગ છે.



ડાકોરનું સુપ્રસિદ્ધ ગોમતી તળાવ

બોડાણાની સ્ત્રી ગંગાબાઈની વાળીના વજન બરાબર થઈ રહ્યું. આ ચમત્કારની જગા આજે પણ ગામના તટે બતાવવામાં આવે છે. ત્યાં એક તુલા પણ રાખવામાં આવી છે ને ભાવિકો તુલા-દાન કરે છે. મૂર્તિ છુપાવ્યાની જગા પર પગલાં છે. ત્યાં સુધી તળાવની વચમાં જવા માટે ઘાટ પરથી નાનો પુલ પણ છે. આમ, દ્વારકાની રણછોડરાયની મૂળ મૂર્તિ ડાકોરમાં છે; દ્વારકામાં પાછળથી બીજી મૂર્તિ સ્થાપવામાં આવી છે.

રણછોડરાયજીને કારણે ડાકોર ભારત-પ્રસિદ્ધ તીર્થ બન્યું છે. બંગાળ, દક્ષિણ ભારત, ઉત્તર ભારત - બધેથી યાત્રાળુઓનાં ટોળાં અહીં ઊભરાય છે અને ઇતિહાસના ઉલ્લેખો કહે છે કે ચૈતન્ય મહાપ્રભુ અને મીરાંબાઈએ ડાકોરની મુલાકાત પણ લીધી હતી. દયારામના ગુરુ - જેમની તેમણે કંઠી બાંધી હતી તે ડાકોરમાં જ હતા. તો અર્વાચીન ગુજરાતના કવિવર નાનાલાલે પોતાની ચિરસ્મરણીય કૃતિ 'હરિસંહિતા'ને પ્રસિદ્ધ કરતાં પહેલાં ડાકોરમાં તેનું કથા-પ્રવચનોરૂપે વાચન કરેલું. નાના ગામમાંથી અર્વાચીન ડાકોરનો વિકાસ આભારી છે - અહીંના પુણ્યપુરુષ, વિદ્વાન શિક્ષણકાર ગિ. દે. ભટ્ટને. ડાકોરમાં સાહિત્યકારો-કવિઓ-ભક્તોનો મેળો મળેલો. પંડિત વિષ્ણુ દિગંબર ને પંડિત ઓમકારનાથ, ખાંસાહેબ ફૈયાઝખાં અને વિખ્યાત નટ બાલગાંધર્વ - બધા રણછોડજીના દરબારમાં આવતા રહેતા. પૂ. ગાંધીજીએ દેશદર્શન-પ્રવાસ વખતે કાઠિયાવાડી પોશાકમાં ડાકોરની મુલાકાત લીધેલી અને હરિજન ફાળાનો આરંભ ડાકોરમાં જ એક પૂર્ણિમાએ મળેલી સભામાં કરેલો. રાષ્ટ્રીય ચળવળ ક્ષેત્રે ડાકોર ખૂબ સક્રિય હતું તો વિદ્યા-કલા-ધર્મ-વ્યાયામપ્રવૃત્તિ સંગીત ને શિક્ષણનાં ક્ષેત્રે પણ તે ખેડા જિલ્લામાં આગળ પડતું હતું.

તીર્થધામમાં અનેક મંદિરો તો હોય જ. ડાકોરમાં મુખ્યત્વે રણછોડજીનું ભવ્ય મંદિર જોવાલાયક છે. તેની બાંધણી ખૂબ વિલક્ષણ છે. તેમાં હિન્દુ-મુસ્લિમ સ્થાપત્યનો વિરલ સહયોગ છે. આ મંદિર બંધાવનાર ડાકોરના ઇનામદાર તામ્બેકરના કુળનાં સંતાનો શ્રી ભાલચંદ્રરાવ વગેરે આજે પણ પોતાની સેવાઓ આપી રહ્યાં છે. તેમાંય શ્રીમતી ચંપાવતીબહેન તામ્બેકરનું શ્રદ્ધામય ભક્તિસંગીત સાંભળવું એ વિરલ લહાવો છે. ડાકોરમાંના જૂનાં સ્થાનોમાં બોડાણા મંદિર સુંદર ને વિશાળ લક્ષ્મીજીનું મંદિર, વિશિષ્ટ શિખરવાળું શ્રી સત્યનારાયણનું મંદિર, તળાવના દૂરને કાંઠે સમાધિસ્થાન વગેરે ગણાવાય, તો અર્વાચીનમાં પુનિતાશ્રમનું યાત્રાળુકેન્દ્ર ગણાવાય. પુનિતાશ્રમ યાત્રીઓ માટે સુંદર સવલતો પૂરી પાડે છે, તો અશક્તાશ્રમ નમૂનેદાર વૃદ્ધનિવાસ છે. નવા રચાયેલાં ગાયત્રી મંદિર પણ આકર્ષણનું સ્થાનક છે. ડાકોર આણંદ-ગોધરા બ્રૉડગેજ રેલવેનું સ્ટેશન છે. નડિયાદ અને ગોધરા સાથે તે પાકા રસ્તે જોડાયેલું છે. વાસણો બનાવવાનો તથા કપાસ લોઢવાનાં જિન, સાબુ તથા રબરની ચીજ-વસ્તુઓ બનાવવાનાં અહીં કારખાનાં છે.

આમ તો ઇતિહાસના પ્રવાહ સાથે ડાકોરતીર્થનું પણ વ્યક્તિત્વ અને વાતાવરણ બદલાતાં જાય છે. પણ રણછોડજી કેન્દ્રમાં છે ત્યાં સુધી તેનાથી તે કેટલું દૂર જઈ શકે ? હજીય પૂનમના મેળા - ખાસ કરીને શરદપૂર્ણિમા-કારતકપૂર્ણિમા-ચૈત્રી પૂનમ ઉપરાંત રથયાત્રા-દશેરા-તુલસીવિવાહ-જન્માષ્ટમીના ભવ્ય ઉત્સવોએ બારે માસની ભીડ વધુ પ્રમાણમાં ઊમટે છે. ચિરંતન શ્રદ્ધાનો, ભક્તિનો, પ્રજા-ચેતનાનો એ મહિમા છે.



ચૈત્રી પૂનમના દિવસે ડાકોર મંદિરમાં ભક્તોની ભીડ થાય છે.

ગળતેશ્વર

ડાકોર જાય તેને ગળતેશ્વર જવાનું મન થાય જ. ડાકોરથી સોળેક કિલોમીટર દૂર મહીકાંઠે આવેલું આ સોલંકીયુગનું શિવાલય જોવા જેવું છે. સ્થાન પ્રકૃતિ-રમણીય



સોલંકીયુગનું શિવાલય ગળતેશ્વર

છે તો મંદિર શિલ્પસમૃદ્ધ છે. કેટલોક શિખરનો ભાગ ખંડિત છતાં તે હજી અણનમ છે. મહી અને ગળતી(નાનકડી નદી)નું આ સંગમતીર્થ પુરાણપ્રસિદ્ધ ગાલવમુનિનું ચંદ્રહાસની નગરીનું સ્થાન હતું તેમ લોકવાયકા ભલે કહે. અત્યારે તો છે મહીનો સુંદર ખડકાળ પટ અને કાંઠે ઊભેલું સેંકડો વર્ષ જૂનું શિવાલય જેમાં શિવલિંગ પર થઈને પસાર થતી ગળતીની એક ધારા તેનો નિરંતર અભિષેક કરે છે. તેનો વિશિષ્ટ અષ્ટકોણ સભામંડપ તથા દીવાલો પર કોતરેલી દેવો, ગાંધર્વો, મનુષ્યો, ઋષિઓ તથા ઘોડેસવારો, હાથીસવારો, રથ, પાલખી તથા મંદિરની દીવાલો પર કોતરાયેલ મનુષ્યજીવનના જન્મથી મૃત્યુ સુધીના પ્રસંગો અને તે સમયની ઐતિહાસિક ઘટનાઓ લગભગ નવસો વર્ષ પુરાણા શિવાલયને દર્શનીય બનાવે છે.

ગળતેશ્વર સહેલાણીઓનું સુંદર પ્રવાસધામ બની ગયું છે. ત્યાંથી ગોધરા તરફ આગળ જઈએ અને સેવાલિયાના પથ્થરની ક્વોરીઓ તથા મોટી સિમેન્ટ ફેક્ટરીઓની નોંધ લઈ મુખ્ય રસ્તેથી ડાબે ફંટાઈએ તો પછીથી સહેજ જમણે વળતાં પહોંચાય મહીકાંઠે,




વણાકબોરી થર્મલ સ્ટેશને. ધુવારણથી પણ મોટી યોજનાવાળું આ પાવર સ્ટેશન અને નજીકમાંનો વણાકબોરી ડેમ ખેડા જિલ્લાને વીજળી અને પાણીનો પુરવઠો પહોંચાડી ઉદ્યોગો અને ખેતીને માતબર કરે છે. ત્યાંથી વળી સહેજ જૂના રજવાડા બાલાસિનોરથી આગળ જઈએ તો જોવા મળે એક વિશ્વવિખ્યાત સ્થળ રૈયાલી. ત્યાં ડાયનાસોરનું હાડપિંજર અને અસ્થિ મળ્યાં છે.

– ને ત્યાંથી આગળ જમણી બાજુએ બીરપુર (વીરપુર) જૂનું સોલંકી સંસ્થાન. શ્રી ગોકુળનાથજી ત્યાં પધારેલા. તેમનાં પગલાં છે અને પવિત્ર દરગાહે શરીફ છે જ્યાં પ્રતિવર્ષ મોટો મેળો ભરાય છે. દૂરદૂરથી મુસ્લિમ ભાઈઓ દર્શને આવે છે. પછી આવે ફાગવેલનું ભાથીજી મંદિર જ્યાં કારતકમાં અસંખ્ય લોક મેળે ઊમટે ને આગળ લસુંદ્રાના ઊના પાણીના કુંડ જોઈ જમણે વળી જઈએ એટલે આવે કપડવણજ.

ડાયનાસોરનાં અસ્થિ અને હાડપિંજર



હા, રૈયાલી સાચા અર્થમાં વિશ્વવિખ્યાત છે. બાલાસિનોરથી બારેક કિલોમીટરને અંતરે આવેલ રૈયાલીએ વિશ્વનાં પ્રાગ્-ઐતિહાસિક કેન્દ્રોના નકશા પર મહત્ત્વનું સ્થાન મેળવ્યું છે, કારણ કે થોડા જ સમય પહેલાં અહીં પ્રાગ્-ઐતિહાસિક કાળનાં મહાકાય પ્રાણીઓનાં અસ્થિ-અશ્મકો મળી આવ્યાં છે. એ લગભગ છથી સાડાછ કરોડ વર્ષ જૂનાં ગણાય છે. સપાટી પર જે ખડકો વીખરાયેલા છે તેમાં પણ તે અસ્થિ-અશ્મકો હોવાની સ્પષ્ટ નિશાનીઓ મળે છે. વિશાળ વિસ્તારમાં તે વેરાયેલ છે, પણ મહત્ત્વનું તો છે સમગ્ર શરીરનું હાડપિંજર આ સ્થળેથી પ્રાપ્ત થયું તે છે. સમગ્ર વિશ્વમાં પ્રાગ્-ઐતિહાસિક ડાયનાસોરનાં ઇંડાં પહેલી વાર આ જગાએથી મળ્યાં છે. ડાયનાસોરનાં અસ્થિ-અશ્મકને હાથમાં લઈ લોકોએ કરોડો વર્ષ જૂનાં મહાકાય પ્રાણીઓના અવશેષને સ્પર્શવાનો રોમાંચ અનુભવવા જેવો છે.



કપડવણજ


કપડવણજ પણ જૂનું ઐતિહાસિક સ્થાન છે. નગરમાંથી મળી આવેલાં તામ્રપત્રોને આધારે જાણવા મળે છે કે નવમી સદીમાં અહીં એક સમૃદ્ધ નગર હશે. કપડવણજનો ઉલ્લેખ રજપૂતયુગના જૈનસાહિત્યમાં 'કર્પટ વાણિજ્ય' નામે થયો છે. તેનો અર્થ થાય છે 'કાપડનો વેપાર'. તે કાળે અર્ધગોળાકારે આ શહેર વસેલું હતું. પાટણનાં રાજમાતા મીનળદેવીએ આ સ્થળની મુલાકાત લીધી હતી.

પ્રાચીન ઐતિહાસિક સ્થાન હોઈ અહીં ઘણાં નાનાં-મોટાં શિલ્પસ્થાપત્યો, વાવ, દરવાજા, તળાવ, દેવળો વગેરે જોવા મળે છે. એમાં શિરમોર છે કુંડવાવ. આ વાવની લંબાઈ લગભગ 1300 મીટરની છે. આ વાવ સોલંકીયુગના સિદ્ધરાજ જયસિંહે બંધાવેલી છે. આ ઉપરાંત કાંઠાની વાવ, રાણીવાવ અને સીગરવાવ પણ જાણીતી છે.

નગરકોટમાં પ્રવેશતાં જ અંદરના ભાગે કીર્તિસ્તંભ (તોરણ) બાંધ્યા હતા, એમ 'શિલ્પ રત્નાકર'માં કહ્યું છે.

કુંડવાવમાં સંખ્યાબંધ ગોખ તેમ જ તેમાંના પગથિયાંની રચના સુંદર છે. ઠેર-ઠેર સુંદર કોતરણી કરેલી છે. કુંડવાવની બહાર અડીખમ ઊભેલા કીર્તિસ્તંભની કલાકારીગરી પણ બેનમૂન છે. કપડવણજમાં હાલમાં થયેલું શ્રી અરવિંદ ધ્યાનકેન્દ્ર પણ દર્શનીય સ્થાન બન્યું છે. કવિ રાજેન્દ્ર શાહની આ જન્મભૂમિ છે.

કપડવણજથી દસેક કિલોમીટર દૂર વાત્રકકાંઠે આવેલું ઉત્કંઠેશ્વરનું શિવાલય એક રમણીય સ્થળ છે. 108 પગથિયાં ચઢીને ઉપર જતાં જમણી બાજુએ ગોખ છે. તેમાં શ્રી જગદંબાનું સ્થાનક છે. અહીં વિવિધ સ્થાનોમાંથી લોકો વાળ ઉતરાવવા આવે છે.



ગુજરાતમાં 13 તોરણો છે. શામળાજી, મોઢેરાનાં બે, આબુડા દેવડાંના બે, દેવમાલ, શ્રી સિમ્બુજ માતા, પિલુંદ્રા, વડનગરનાં બે, કપડવણજ, ઘૂમલી, પંચમહાલમાં એક એક છે. આ ઉપરાંત ઘણાં હશે જે નાશ પામ્યાં હશે. ઉપરનાં 13માંથી વડનગર, દેવમાલ અને કપડવણજનાં તોરણો પ્રાચીન યુગની કીર્તિગાથા ગાતાં અકબંધ ઊભાં છે.

કપડવણજનું ઐતિહાસિક કલાત્મક તોરણ




ઉત્કંઠેશ્વર મહાદેવનું મંદિર

મહા મહિનાની મહાશિવરાત્રીએ અહીં મોટો મેળો ભરાય છે. યાત્રાળુઓ માટે ઉતારાની પણ વ્યવસ્થા છે. આ સ્થળ પુરાણું, શાંત અને રમણીય હોઈ લોકપ્રિય પ્રવાસસ્થાન બન્યું છે. ઉત્કંઠેશ્વર લોકભાષામાં 'ઊંટડિયા'ના નામે ઓળખાય છે.

અહીં સગવડભર્યો વૃદ્ધાશ્રમ છે જ્યાં ઘણાં વૃદ્ધો શેષજીવન શાંતિથી વ્યતીત કરે છે. ઉપરાંત યોગાશ્રમ છે. વિશાળ વિસ્તારવાળો આ યોગાશ્રમ મૂળ પ્રાચીન ઋષિના તેમ જ મહાન જૈન યોગીની તપશ્ચર્યાના સ્થાને આવેલો છે. અહીં મૌન-એકાંત સાધના મંદિર, અન્ય મંદિરો વગેરેની તેમ જ પુસ્તકાલયની વ્યવસ્થા છે. આ પવિત્ર શાંત-રમણીય ને સુવ્યવસ્થિત સ્થાન અધ્યાત્મના અભ્યાસ ને સાધના માટે અનુકૂળ સ્થાન છે.





કાળા આરસમાંથી બનાવેલી ચતુર્ભુજ વિષ્ણુપ્રતિમા અને શામળાજીનું ભવ્ય મંદિર

કપડવણજથી થોડે દૂર વાત્રક ને કેદારનું સ્થાન અર્વાચીનતા તેમ જ વસ્તીની ધાંધલથી દૂર હોઈ વધુ રમણીય ને શાંતિભર્યું છે. ત્યાં ધર્મશાળા વગેરેની વ્યવસ્થા પણ છે.

કપડવણજથી આંતરસુબા-ઉત્કંઠેશ્વર થઈ, ત્યાંથી નદી પસાર કરીને દહેગામ પર થઈ અમદાવાદ આવવાનો આ જ માર્ગ હશે અને તેથી કપડવણજનું મહત્ત્વ હશે. અત્યારે તો અહીં તેલની મિલો તથા અન્ય વેપાર વિકસેલાં હોઈ ખેડા જિલ્લાનાં સમૃદ્ધ ગામોમાંનું તે એક બની રહ્યું છે. અર્વાચીન ગુજરાતના એક ઉત્તમ કવિ અને હવે તો 'જ્ઞાનપીઠ ઍવૉર્ડ'ના વિજેતા રાજેન્દ્ર શાહે આ પોતાના વતનના આસપાસના પ્રદેશ - વરાંસી-વાત્રકનદીના કાંઠાના પ્રદેશના સૌંદર્યને પોતાનાં કાવ્યોમાં સુંદર રીતે વ્યક્ત કર્યું છે.

ચાલો અહીંથી પ્રવેશીએ સાબરકાંઠામાં.



શામળાજીના મંદિરમાં કલાત્મક મૂર્તિઓ



પંદરમી સદીના કવિ પદ્મનાભે જેનો ઉલ્લેખ કર્યો છે તે રાજા બતડનું 'મહુડાસુ' - એટલે કે આજનું મોડાસા જોઈએ. જતાં રસ્તામાં પહેલું આવે તે વિશાળ કૉલેજ સંકુલ. તેમાં છે કૉલેજો, સંગ્રહાલય અને ઔષધિઉદ્યાન તથા રમતગમતનાં મેદાનો, બંધ અને ખુલ્લા રંગમંચો, છાત્રાલયો-નિવાસો. ઉત્તર ગુજરાતનું અહીં મહત્ત્વનું સ્વાધ્યાયકેન્દ્ર વિકસ્યું છે જેનો ઘણો યશ જાય છે દાતાઓ ઉપરાંત સાક્ષર કેળવણીકાર એવા ત્યાંના તે સમયના આદ્ય આચાર્ય શ્રી ધીરુભાઈ ઠાકરને ફાળે. માજુમનદી-કાંઠાના આ નગરને વટાવી ઝડપથી આગળ વધીએ તો સાબરમતી-હાથમતીના પ્રદેશમાં ભિલોડા થઈને ટૂંકે રસ્તે પહોંચીએ સુવિખ્યાત તીર્થધામ શામળાજી.

શામળાજી

દ્વારકા-ડાકોર-શામળાજી એ ત્રણ વિષ્ણુમંદિરોવાળાં ગુજરાતનાં ઉત્તમ તીર્થો જ નહીં પણ ઉત્તમ દેવાલયો પણ ખરાં. ત્રણે ખૂબ વિશાળ મંદિરો. પોતપોતાની વિશિષ્ટ સ્થાપત્યશૈલી માટે નમૂનેદાર. તેમાંય શામળાજીનું મંદિર તો શિલ્પસૌંદર્યની દૃષ્ટિએ અસાધારણ અવલોકનીય છે. દ્વારકાને સમુદ્રતટનું સાંનિધ્ય મળ્યું છે તો શામળાજીને ડુંગરાનું, અરણ્યનું અને બાજુમાં વહેતી મેશ્વોનું સૌંદર્ય સાંપડ્યું છે. વળી મંદિરની પાછળ ડુંગરાઓમાં કુદરતી સાંનિધ્ય વચ્ચે વિકસ્યું છે શ્યામસરોવર. મેશ્વો બંધ દ્વારા નિર્મિત આ જલાગાર આ સ્થાનનાં સૌંદર્ય અને આકર્ષણોમાં ઓર વધારો કરે છે.

શામળાજી અત્યંત રળિયામણું સ્થળ છે અને તેના મંદિરની અતિસુંદર શિલ્પસ્થાપત્યયુક્ત રચનાઓમાં ગદાધરની મનોહર મૂર્તિ ખૂબ જ આકર્ષક છે. ગુજરાતના સીમાડે લગભગ મેવાડની ધાર પર આવેલા આ સ્થાનને તેની પ્રાચીન ઐતિહાસિકતાનો વારસો છે. મોટા માપની આમતેમ પડેલી ઈંટો અને ટીંબા, ઠેર ઠેર જૂનાં નાનાં-મોટાં દેવાલયોના અવશેષો તથા હરિશ્ચંદ્રની ચોરી, ત્રિલોકીનાથ, રણછોડરાયજી અને કાશીવિશ્વનાથનાં મંદિરો ઉપરાંત કર્માબાઈનું તળાવ અહીંના જૂના-નવા ઇતિહાસને સાચવી રહ્યાં છે. તેમાં કદાચ સૌથી વધુ નોંધપાત્ર છે એક નાનકડા દેરામાં મુકાયેલી - સ્થાનિક ગ્રામજનો દ્વારા 'કળશી છોકરાંની મા'ને નામે ઓળખાતી મહાવિષ્ણુની મૂર્તિ. એના મુગટરૂપ પરિક્રમાં ચોવીસ અવતારો કોતરાયા છે.



શામળાજીના મંદિરનું પ્રવેશદ્વાર

હવે શ્યામસરોવરમાં ડૂબી ગયેલી જગામાંથી મળી આવેલ ઈંટેરી સ્તૂપ અને બે વિહારો ક્ષત્રપકાલીન મનાય છે. તદુપરાંત પણ મળતાં નાના-મોટા સ્તૂપ-વિહારોના અવશેષો આ સ્થાનને બૌદ્ધયુગનું મહત્ત્વનું કેન્દ્ર સૂચવે છે.

અર્વાચીન કાળમાં અહીં ઉમેરાયાં છે આદિવાસીઓની કેળવણી માટેની સુંદર આશ્રમશાળા અને મેશ્વો પરનો બંધ. પણ અહીંનું મૂળ સ્થાન તો છે ભગવાન ગદાધરનું મંદિર જે મોટા હાથીઓવાળા દરવાજામાં દાખલ થતાં જ સામે વિશાળ ચોક વચ્ચે આવેલા સપ્તતલ દેવાલયરૂપે દેખાય છે. મંદિરની પ્રાચીનતા વિશે મતભેદો પ્રવર્તે છે, પણ તે બહુધા 400થી 500 પહેલાંના અરસામાં બંધાયું હોવાનો અભિપ્રાય છે.


ગુજરાતનાં પંદરમી સદી પછી બંધાયેલાં મંદિરોમાં કદાચ આ સર્વોત્તમ છે. હાલમાં મંદિરનો જીર્ણોદ્ધાર કરવામાં પણ મંદિરના પ્રાચીન સ્વરૂપ અને સૌંદર્ય જાળવવાની કાળજી લેવાઈ છે. ખંડિત શિલ્પોને સ્થાને નવાં ઉમેરવામાં આવ્યાં છે, પણ તે મૂળને અનુરૂપ જ હોય તેનો ખ્યાલ રખાયો છે. મંદિરના બાંધકામમાં પ્રાચીન ચૌલુક્ય-શૈલી જળવાયેલી છે. આ ઉત્તરાભિમુખ મંદિરની જગતીનો ભાગ વિશાળ છે. ગજથર અને ઉપર તોરણવાળાં મુખ્ય પ્રવેશદ્વાર સામે જ મંદિરનાં મુખ્ય પગથિયાં-પ્રવેશદ્વાર-સભાખંડ સામે જ ગર્ભદ્વાર અને સામે દેવમૂર્તિ એવી રચના છે. દેવ સમક્ષ અત્યંત સુંદર ગરુડમૂર્તિ છે. સભામંડપ, અંતરાલ અને ગર્ભદ્વાર એવા ત્રણ ભાગમાં મંદિર વહેંચાયેલું છે.

અંદરની દીવાલો ઓછાં શિલ્પોવાળી છે. થાંભલા ક્યાંક ઓછા શણગારવાળા પણ મુખ્યત્વે અંદરનો ભાગ અલ્પ ભૂમિતળથી ઉપર સુધીના વિવિધ કંદોરા અને સ્તરો અત્યંત શિલ્પખચિત અને કલામય છે.

અંદરના સ્તંભો નીચેથી ઉપર ચોરસ, અષ્ટકોણ અને ગોળાકાર એમ ત્રણ ભાગમાં વહેંચાયેલા છે ને ઉપર ફૂલવેલ જેવી આકૃતિઓ મળે છે. પણ બહારની ચોમેરની દીવાલો તો દેવદેવીઓની મૂર્તિઓ, માનવની - અનેક પ્રાણીઓ તથા ભૌમિતિક ફૂલવેલની આકૃતિઓથી ખચિત છે. આમાં ખાસ નોંધપાત્ર છે શિલ્પશ્રેણીઓમાં રજૂ થયેલ 'મહાભારત', 'રામાયણ' અને 'ભાગવત'ના પ્રસંગો તેમ જ પુરાણવર્ણિત લીલાઓ. ચોપાસ દિશાઓના ગોખમાં શાસ્ત્રોક્ત પરંપરા જાળવીને ઇન્દ્ર, અગ્નિ, વરુણ, શિવ, ગણેશ, વાયુ તેમ જ સરસ્વતી, ચંદ્રિકા, ઇન્દ્રાણી વગેરેની પ્રતિમાઓ છે. કુબેરનું શિલ્પ નોંધપાત્ર છે. ઉપર જતાં નાના થતા જતા ને છેલ્લે તો છેક જ નાના - પ્રવેશ ન થઈ શકે તેવા માળ પર માળથી રચાયેલા આ સપ્તપ્રાસાદ સમા દેવાલયનું શિખર વિશાળ છે. તેને ત્રણ ઊરુશૃંગો છે. શિખરના અગ્નિ ખૂણે ધ્વજ મૂકવામાં આવ્યો છે.

મંદિરમાં તાંબાના પતરા પર કોતરેલા બે લેખો મળ્યા

શામળાજીના મેળે રે
રણઝણિયું વાગે !







શામળાજીની બહારી દીવાલો કલાત્મક મૂર્તિઓ

છે. તે પરથી 1762માં થયેલ જીર્ણોદ્ધારની નોંધની જાણ થાય છે. ઉપરાંત તે લેખો પરથી એવું જણાય છે કે મૂળે આ મંદિર હળધર બલરામજીનું હતું. તેમાં ત્રિવિક્રમ સ્વરૂપની કૃષ્ણ-શામળાજીની મૂર્તિ કદાચ પાછળથી પધરાવી હશે. પણ આજની દેવ ગદાધરની મૂર્તિ ડાકોરના રણછોડજીના સ્વરૂપની શોભાની યાદ આપે તેવી મનોહારી છે. કાળા આરસમાંથી બનાવેલી આ ચતુર્ભુજ વિષ્ણુપ્રતિમા લગભગ 130 સે.મી. જેટલી ઊંચી છે. તેની સામે જ કાળા પથ્થરની અંજલિમુદ્રાયુક્ત માનવાકૃતિ ગરુડની કાળા આરસની અત્યંત સુંદર મૂર્તિ છે.

હિંમતનગરથી ઉદેપુર રેલવેલાઈનના લગભગ 8 કિ.મી. દૂરના સ્ટેશન શામળાજી રોડની સુવિધાવાળું આ સ્થાન ગુજરાતનાં પવિત્ર તેમ જ ઐતિહાસિક ઉપરાંત અત્યંત રમણીય સ્થાનોમાંનું ને વળી અસાધારણ શિલ્પસૌંદર્યમંડિત મંદિરવાળું અનેક પ્રવાસીઓનું આકર્ષણકેન્દ્ર બની ગયું છે. કાર્તિકમાસમાં અહીં ભરાતો આદિવાસીઓનો મેળો ગુજરાતના સૌથી મોટા ને જાણીતા મેળામાંનો એક છે. તે વખતે 'શામળાજીને મેળે રણઝણિયું વાગે' ગાતા ને નાચતા આદિવાસીઓના ઉમંગમાં સામેલ થવા જેવું છે. અમદાવાદથી ઉદેપુર જનારા તો અહીં વિશ્રામ કરે અને મંદિરને માણતા જાય. પાછા જતાં સીઝનમાં અહીંનાં આદુ, હળદર ને રતાળુ પણ લેતા જાય છે.

આ જિલ્લો જેનું નામ સૂચવે છે તેમ સાબરકાંઠા, સાબર અને હાથમતી મુખ્ય નદીઓ જે ભેગી મળી સાબરમતી બને. હવે તો હાથમતી પર ડેમ બંધાયો છે. હાથમતી જળયોજના થઈ તેમાં ડૂબી જતાં વિખ્યાત ભવનાથ શિવાલય બેટ રૂપે જળવાયું ને આસપાસ વનયોજના થઈ છે. પણ આ પછાત વિસ્તારને તેનાં રળિયામણાં ઘન જંગલો પાછાં મળે તે માટે જેટલું કરીએ તેટલું ઓછું છે. સરકારે અહીંના આદિવાસીઓ માટે વિવિધ યોજનાઓ કરી છે. આશ્રમશાળાઓ ઉપરાંત ભિલોડામાં આદિવાસીઓ માટે કૉલેજ પણ સ્થાપી છે.

'અમે ઈડરિયો ગઢ જીત્યા રે આનંદ ભયો !'



અહીંનું સનાલી અકબરભાઈ ચાવડાનું સ્થાન ને કાર્યભૂમિ છે. આદિવાસી વચ્ચે વસેલા ને શાળા વિકસાવેલી. આજે ઉત્તમ શાળા-છાત્રાલયો વગેરેવાળી સંસ્થા ત્યાં ચાલે છે.

આ સાબરકાંઠાનું જિલ્લામથક હિંમતનગર. ગુજરાતના સુલતાન અહમદશાહે હાથમતીને કાંઠે વસાવેલું. તેનું નામ પોતાના નામ પરથી અહમદનગર રાખેલું. અહીંનાં માફકસરનાં હવાપાણીને કારણે બાદશાહ પોતાનો ગ્રીષ્મનિવાસ અહીં રાખતો. આજે જ્યાં રાજમહેલ છે તે નદીકાંઠાના ખડક પર જ તેણે પોતાનો મહેલ બંધાવેલો. પાછળથી આ સ્થળનું નામ સદ્ગત મહારાજા પ્રતાપસિંહજીએ પોતાના પૌત્ર હિંમતસિંહજીના નામ ઉપરથી હિંમતનગર રાખ્યું જે હવે પ્રચલિત છે. અહીં કાજીવાવ, જુમ્મા મસ્જિદ અને કુંડ એ મુસલમાન સમયના અવશેષો છે. કાજીવાવ 1522માં બંધાયેલી.

આ વિસ્તારની મૂળ રાજધાની તો અહીંથી 30 કિ.મી. પર આવેલું ઈડર. રાજધાની હિંમતનગર થયા પછી પણ આ દેશી રાજ્ય ઈડર રાજ્ય તરીકે જ ઓળખાતું.

ઈડર

હિંમતનગરની ઉત્તરે ઈડર. ઈડરગઢ, ઈડરિયોગઢ તો લોકમુખે પ્રચલિત થયેલો ગઢ છે. પૂર્વમાં પાવાગઢ તેમ ઈડરગઢ મહત્ત્વનું સ્થાન છે. ચોપાસ કુદરતી ખડકોની હારમાળા ને ડુંગરા ને કિલ્લાથી સુરક્ષિત ઈડરગામમાં જ ઊંચી ટેકરી પર ગઢ છે તે ઈડરિયો ગઢ. અહીંના ભીલ રાજાઓ પાસેથી બાપ્પા રાવળના વંશજ રજપૂતોએ જીતીને અહીં રાજ સ્થાપ્યું કહેવાય છે. એક વાર આ ગઢ જીતવો તે એટલું કપરું ગણાતું કે 'ઈડરિયો ગઢ જીત્યા' એવી લોકોક્તિ પ્રચલિત થઈ છે.

ગઢ પર જવા માટે ગામ બાજુએ પગથિયાં છે. ઉપર વિશાળ જગા છે. ઉપર કુમારપાળે જેનો જીર્ણોદ્ધાર કરાવેલો તે પ્રાચીન રૂઠી રાણીનું માળિયું નામે ઓળખાતી એકદંડિયા મહેલ જેવી જગા, જેનાં પરાક્રમને લગભગ પાંચસો વર્ષ પૂર્વે કવિ શ્રીધરે પ્રાચીન ગૂર્જર ભાષામાં કાવ્યબદ્ધ કર્યું ને 'રણમલ્લછંદ' લખ્યું તે રાવ રણમલ્લની સરસ ચોકી, રણમલ્લના અશ્વની ગુફા વગેરે સ્થાનો જોવા મળે છે. ચઢતાં જ ઈડરના

રાણીનો મહેલ પણ આવે છે.

જૈન મંદિરોમાં એક તો છે ગુર્જરેશ્વર કુમારપાળે બંધાવેલું યુગાદિદેવનું મંદિર. તેની બાજુમાં જ ઈ. સ. 1477માં અજિતનાથનું મંદિર બંધાયાના ઉલ્લેખો મળે છે. પણ તેના એ અવશેષો આજે જડતા નથી. હાલ તો કુમારવિહારની સમીપમાં એક આધુનિક દિગંબર જૈન મંદિર દૃષ્ટિગોચર થાય છે.

થોડાં જ વર્ષો પહેલાં આખો ગઢ ઘેઘૂર જંગલોથી છવાયેલો હોઈ રળિયામણો લાગતો. આજે એ જંગલો ન હોવાથી ખુલ્લા પથ્થરો જ દેખાય છે, છતાં સ્થાને તેનું સૌંદર્ય અને ગૌરવ ગુમાવ્યાં નથી. કાળમીંઢ પથ્થરોમાં પણ કેવું સૌંદર્ય હોય છે તેની પ્રતીતિ કરાવે છે.

ઈડરથી લગભગ દસેક કિ.મી. દૂર વડાલી ગામ છે. વલભીની મુલાકાતે જતાં પહેલાં ચીની મુસાફર હ્યુ એન શાંગ અહીંથી પસાર થયો હોવાનું કહેવાય છે. અહીંની આસપાસથી ઈ. 1208, 1219 અને 1273ની સાલના શિલાલેખો પણ મળી આવ્યા છે. ઉપરાંત હિંમતનગરથી 15 કિ.મી. દૂર રોડાનાં પ્રાચીન મંદિરો છે. તે જોતાં ત્યાં પણ કોઈ સમૃદ્ધ નગરી હોવાની સંભાવના જણાય છે. અહીંથી મળેલા અવશેષો લગભગ 1000 વર્ષ પુરાણા છે. હિંમતનગરમાં એક સંગ્રહસ્થાન કરી શકાય તેટલાં શિલ્પો કે શિલ્પાંશો તથા અન્યના ફોટોગ્રાફ જાળવી રાખવામાં આવ્યા છે. ઈડરથી આગળ જતાં મળી આવેલાં વિજયનગરનાં ખંડેરો, ઘઉંઆવ ડુંગરમાંનું શિવસ્થાન, ભવનાથ તેમ જ ભિલોડા, ભેટલીનાં પુરાતન મંદિરો જોવા જેવાં છે. ઈતિહાસ જાણે ઘાયલ થઈ, ખંડખંડ થઈ અહીંની માટીમાં રઝળે છે.

ઈડરથી આગળ જતાં ખેડબ્રહ્મા આવે છે. ત્યાં ચતુર્મુખ બ્રહ્માજીનું વિરલ મંદિર હોઈ તે બ્રહ્માશીય ખેડબ્રહ્મા કહેવાયું



ઈડરના પહાડો પર મહેલ

હશે. ભારતમાં પુષ્કરના બ્રહ્મામંદિર સિવાય બ્રહ્માનું મંદિર માત્ર અહીં જ છે. પણ અંબાજીના મહત્ત્વને કારણે તેમ જ ઉપાસનાની દૃષ્ટિએ બ્રહ્માનું મહત્ત્વ ન હોઈ આ સ્થાનનો થવો જોઈએ તેવો વિકાસ અને જાળવણી થયાં નથી. પણ અહીંના અંબાજીનો મહિમા પણ મોટો છે. આરાસુરનાં અંબાજી અહીંથી નજીક જ છે. ઈડરથી અંબાજીના માર્ગ પર જ આ આવેલું છે.

યાત્રાળુ આરાસુરનાં અંબાજી જતાં પહેલાં અને પછી અહીં અવશ્ય દર્શન કરે છે. આ મંદિર લગભગ 17મી સદીનું હોવાનું મનાય છે. આ તો સાબરકાંઠા. ખેડબ્રહ્માની આસપાસનો પ્રદેશ જંગલોનો. આગળ જ પોશીનાનાં જંગલોનો આદિવાસી પ્રદેશ. ગુજરાત-રાજસ્થાનનો આ સરહદી પ્રદેશ મહત્ત્વનો છે, રળિયામણો છે, પણ પછાત અને ગરીબ છે. ખેડબ્રહ્મામાં કૉલેજ પણ છે.





માતાજીની મૂર્તિ

ભારતભરમાં બ્રહ્માજીનાં માત્ર બે જ મંદિર છે તેમાંનું એક ગુજરાતમાં ખેડબ્રહ્મામાં છે.



પોળોનાં ભવ્ય મંદિરો

ગુર્જર-પ્રતિહારોના શાસનમાં 10મીથી 15મી સદીમાં બંધાયેલા પોળોના ભવ્ય મંદિર-સમૂહના આજે તો અવશેષો જ રહ્યા છે. પરંતુ તેમાં શરણેશ્વરનાં શિવ-શક્તિ મંદિર અને લાખા ડેરા જૈન મંદિરોમાં આજે પણ પૂજન થાય છે. સાબરકાંઠાના રોડા ગામમાં મૈત્રક-કાલનાં (10મીથી 15મી સદીના) સાત મંદિરોનો સમૂહ આવેલો છે. અત્યારે આ મંદિર-સમૂહોના જે કાંઈ અવશેષો બચ્યા છે તે જોતાં આ સ્થાપત્યો કેવી ઉચ્ચ કોટિનાં હશે તેનો અંદાજ મળી શકે છે. આ મંદિરો પૈકી મંદિર નં. 7 સિવાયનાં બધાં મંદિર કદમાં નાનાં છે.



ફર્ટિલાઈઝરનું ભવ્ય સંકુલ : 'ઇફ્કો' - કલોલ

ઉદેપુર કે અંબાજી જતા લોકો ઈડર-શામળાજીનો પ્રવાસ અવશ્ય માણે છે. ઈડર આવે છે ત્યારે આ વિસ્તારના અને ઈડરમાં જ અભ્યાસાર્થે વસેલા ગુજરાતના મૂર્ધન્ય સર્જકો ઉમાશંકર અને પન્નાલાલને યાદ કરે છે. ઈડરગઢની બાજુની ટેકરી પરના શ્રીમદ્ રાજચંદ્રના સાધનાસ્થળ પરના આશ્રમનો લાભ લે છે ને લાકડાનાં રમકડાં ખરીદે છે કે પ્રાચીન અવશેષોનું નિરીક્ષણ કરે છે. બાકી તો ઇતિહાસના - કાળદેવતાના કઠોર પ્રવાહ વચ્ચે ઊભોઊભો ઈડરિયો ગઢ ગાય છે વીસરાયેલા વીરત્વની ગાથા - કોઈને સંભળાય તો !


અહીંથી પ્રવેશ કરીએ મહેસાણા જિલ્લામાં.

ઉત્તર ગુજરાતના ચાર જિલ્લા - મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને બનાસકાંઠા. આમાં ઉદ્યોગોની દૃષ્ટિએ સૌથી મહત્ત્વનો જિલ્લો છે મહેસાણા અને ઐતિહાસિક દૃષ્ટિએ પાટણ. અમદાવાદ તરફથી જઈએ તો કલોલ થઈને આ જિલ્લામાં પ્રવેશીએ છીએ.

કલોલ તો ખૂબ જાણીતું ઉદ્યોગકેન્દ્ર, તેલક્ષેત્ર તો ખરું જ. ઉપરાંત ઇન્ડિયન ફર્ટિલાઇઝર કો-ઓ. લિમિટેડનું ઘણું મોટું સંકુલ ત્યાં છે. નજીકના તેલક્ષેત્રના ગૅસનો લાભ આ સંકુલને મળ્યો છે. આ સંકુલ દેશનાં આ પ્રકારનાં સૌથી મોટાં રાસાયણિક ખાતરનાં કારખાનાંઓમાંનું એક છે. અહીં રાસાયણિક ખાતર ઉત્પન્ન થાય છે. સરકાર અને કેટલાંક રાજ્યોની સહકારી મંડળીઓનું આ મજિયારું સાહસ સમગ્ર ભારતનું મહત્ત્વનું ઉદ્યોગકેન્દ્ર છે. આ ઉપરાંત પણ કલોલની આસપાસ નાનામોટા ઘણા ઉદ્યોગો વિકસ્યા છે. તે કારણે કલોલ એક ઔદ્યોગિક સંકુલ બની ગયું છે. જિલ્લાનું મુખ્ય મથક છે મહેસાણા. ત્યાં જિલ્લાની દૂધસાગર ડેરી આવેલી છે. એ દૂધ ઉપરાંત ઘી તથા અન્ય બનાવટો માટે પણ વિખ્યાત છે. આસપાસ ઉદ્યોગો પણ વિકસ્યા છે.

મહેસાણા જિલ્લાનાં તીર્થસ્થાનો

મહેસાણા જિલ્લામાં કેટલાંક ખૂબ મહત્ત્વનાં તીર્થસ્થાનો છે. સાબરકાંઠાની સીમાએ આવેલું વિજાપુરનું ભવ્ય જૈન દેરાસર ગામની વસ્તી બહુ નહીં છતાં વારતહેવારે યાત્રાળુઓથી ધમધમતું રહે છે. વિજાપુરની નજીકમાં જ છે મહુડી. અહીંના દેરાસરમાં ઘંટાકર્ણજી તેમ જ પદ્માવતી માતાનાં મંદિરોનો મહિમા મોટો છે. જૈન તેમ જ જૈનેતર સમાજના હજારો યાત્રાળુઓને તહેવારો અને રજાઓના દિવસે આકર્ષે છે. ઘંટાકર્ણજીને આ દેરાસરના પ્રાંગણમાં જ



રણમલ ચોકી

ઈડરિયા ગઢ પર આગળ જતાં રણમલ ચોકી આવે છે. તે તરફ વળતાં શરૂ થતી કેડી અત્યંત અટપટી, ઊંચીનીચ થતી, શિલાઓના ઢગ વચ્ચેથી ચાલી જાય છે. કેડીને અંતે, ટોચને છેડે સ્થિર થયેલી, નીચેથી જ આકર્ષણ જગાવનારી રણમલ ચોકીનાં દર્શન થાય છે.

રણમલ ચોકી એ કંઈ અવલોકનની કે રક્ષણની ચોકી નથી. નખશિખ અલંકારમય, ઘાટવિધાન અને રૂપકામથી મંડિત, વાસ્તુશાસ્ત્રના નિયમાનુસાર નિર્માણ થયેલું એ છે એક સુંદર, ઉત્તરાભિમુખ દેવાલયનું ખંડિયેર ! પ્રદક્ષિણામાર્ગવાળા આ મંદિરના ભદ્રગવાક્ષો જાળીથી મઢેલા છે. મંદિરને શિખર નથી અને મુખમંડપ પણ પ્રલંબ નથી, અંતરાલથી જરા જેટલો જ આગળ વધે છે, તેમજ પ્રવેશદ્વારે સંપૂર્ણ ખુલ્લો છે. તેમાં ઊભેલી સ્તંભની જોડીથી તો આ મંદિરનો મોરો પુરાણા ગ્રીસના કોઈ મંદિરનું સ્મરણ કરાવી જાય છે. ગર્ભગૃહના દ્વારના ઉત્તરંગના લલાટબિંબ તરીકે પદ્માસનસ્થ જિનપ્રતિમા બિરાજી રહી છે.

બનેલી સુખડીનો પ્રસાદ ધરાવવાની પ્રથા છે. આ સુખડી ખૂબ જ સ્વાદિષ્ટ હોય છે, પરંતુ તે પ્રાંગણમાં જ ખાઈને અથવા ગરીબ-ગુરબાંને આપીને પૂરી કરવાની હોય છે. આ સંકુલમાંથી તે બહાર લઈ જવાનો નિષેધ છે. ક્યારેક કોઈએ તેવો પ્રયત્ન કર્યો હોય તે સફળ થઈ શક્યા નથી, તેવી લોકવાયકા છે. મહુડીમાં જ જૂનું તીર્થ છે કોટ્યર્કજી, જે ખડાયતા વણિકોના કુળદેવ છે. શ્રી કોટ્યર્કજીનું જૂનું મંદિર નદીની ધાર પર હતું, જ્યાંથી દેવમૂર્તિને નવા બંધાયેલા વિશાળ મંદિરમાં ખસેડવામાં આવી છે. તે સાથે પુરાણા મંદિરના ગોખમાંની જ એક-બે સુંદર શિલ્પાકૃતિઓ પણ ત્યાં ખસેડાઈ તેમાં બાળકને ઊંચકી ઊભેલી મા સાથે મસ્તી કરતા બાળકનું શિલ્પ મૂર્તિસૌંદર્યની દૃષ્ટિએ બેનમૂન ગણાયું છે. મહેસાણા જિલ્લાનું ત્રીજું મહત્ત્વનું જૈન તીર્થ છે જિલ્લાની દક્ષિણ-પશ્ચિમ સરહદે આવેલું શંખેશ્વર તીર્થ. આ ઘણા પ્રાચીન તીર્થમાંના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનો મહિમા પણ ઘણો જ છે. આ ઉપરાંત કડી તરફનું ભોયણી વગેરે અનેક પ્રાચીન જૈનતીર્થોનાં સુંદર દેવાલયો આ જિલ્લામાં



ઊમિયામાતાનું મંદિર - ઊંઝા

છે. તે ધર્મસ્થાન ઉપરાંત મંદિરોમાંનાં સુંદર અને ભવ્ય શિલ્પસ્થાપત્યોની દૃષ્ટિએ પણ જોવાલાયક છે.

જૈન તીર્થો ઉપરાંત મહેસાણાની ઉત્તરે ઊંઝા નજીક ઉનાવા પાસે આવેલું મીરાંદાતારનું સ્થાન મુસ્લિમોનું તો પવિત્ર સ્થળ છે જ પણ હિન્દુઓ પણ તેની માનતા માને છે અને મેળામાં જાય છે. ઊંઝામાં કડવા પટેલોનું ઊમિયામાતાનું મુખ્ય મંદિર છે.

મહેસાણા જિલ્લામાંના વીસનગર અને વડનગર પણ



મહુડીમાં ઘંટાકર્ણજીનું દેરાસર


ઐતિહાસિક સ્થાનો છે. સોલંકી વંશના છેલ્લા રાજા ત્રિભુવનપાળને હરાવીને વિશળદેવ વાઘેલાએ ગુજરાતની ગાદી હાથ કરીને વિશાળ નગર વસાવ્યું જે વીસનગર તરીકે ઓળખાયું.

વીસનગર એ વ્યાપારી કેન્દ્ર છે. વાસણોનો ઉદ્યોગ તેમ જ કેટલાક સહકારી ઉદ્યોગ અહીં વિકસ્યા છે. ગાયકવાડી સમયની સુંદર લાઈબ્રેરી પણ અહીં છે તેમ જ કૉલેજો પણ છે. ઉપરાંત ગુજરાતની રંગભૂમિના ક્ષેત્રે વીસનગરનું આગવું પ્રદાન છે. વીસનગરની આસપાસનાં ઊંઝા, ઉમતા ઉપરાંત કડી-કલોલ વગેરે ગામોમાં વસેલી તરગાળા કોમે ગુજરાતની રંગભૂમિને ઉત્તમ કલાકારો આપ્યા છે.

ગુજરાતમાં લોકનાટ્ય ભવાઈનો આરંભ કરનાર હતા અસાઈત ઠાકર. તેઓ આ જ વિસ્તારના અને તરગાળા કોમના આદ્યપુરુષ. તેમના વંશજોએ લોકનાટ્યને તેમ જ



ઘંટાકર્ણજીની પ્રતિમા



શંખેશ્વર તીર્થ
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી



મુસ્લિમોનું પવિત્ર સ્થળ
મીરાં દાતાર
જેની હિન્દુઓ પણ
માનતા માને છે

અભિનયકલાને સતત જાળવ્યાં છે. આમાંથી જ આપણને મળ્યા છે ઉત્તમ નટો બાપુલાલ નાયક, જયશંકર ભોજક 'સુંદરી', પ્રાણસુખ નાયક. આ તરગાળા જ્ઞાતિના નાયકો-ભોજકો નાટ્ય-નૃત્ય ને સંગીતમાં પાવરધા છે અને તેઓ અંબાજીના આરાધકો છે.

અસાઈત ઠાકર વિશેની વાત સિદ્ધપુર સાથે કરીશું, પણ આજે પણ આ વીસનગર ને આસપાસના વિસ્તારમાં લોકનાટ્યની પ્રવૃત્તિ સજીવ તેમ જ વિકાસશીલ છે. ઊંઝામાં તો જીરુ અને ઈસબગુલનું વિશ્વનું સૌથી મોટું બજાર છે. ત્યાં સીઝનમાં રોજનો લાખોનો વેપાર થાય છે. ઊંઝામાં ગુજરાતની આગવી ભવાઈની કલાની તાલીમશાળા તેમ જ અન્ય પ્રવૃત્તિઓ ચાલે છે.

તારંગાજી

વડનગરની ઉત્તરે સુવિખ્યાત જૈન તીર્થ છે શ્રી તારંગાજી. ઊંચી ટેકરીઓ પર વસાવ્યું મંદિરોનું ઝૂમખું. ગુજરાતમાં ઉત્તમ જૈન તીર્થો તેમજ જૈન દેવાલય-સ્થાપત્યોમાં તે મોખરાનું સ્થાન ધરાવે છે. આસપાસના આ વનવિસ્તારમાં પવિત્ર-રમણીય સ્થાને યાત્રાળુ-પ્રવાસીઓની સતત અવરજવર ચાલ્યા કરે છે. એકાંત અને ઝાડીઓથી વીંટળાયેલા આ સ્થાનમાં હિંસક પ્રાણીઓનો પણ ભય રહે છે. રેલવેના ફાંટાનું એક છેલ્લું સ્ટેશન છે. એ રીતે મહેસાણા વિવિધ ફાંટાઓનું મહત્ત્વનું જંકશન છે.

તારંગાપર્વત પર ભવ્ય ચોગાનની વચ્ચોવચ ભગવાન અજિતનાથનું ભવ્ય જિનાલય છે. ગુજરાતના સોલંકી રાજા કુમારપાળે સંવત 1216ની આસપાસ આ ચૈત્ય બંધાવેલું. આ ઉપરાંત વસ્તુપાલે-તારંગાના અજિતનાથ ચૈત્યમાં આદિનાથ અને નેમિનાથનાં બિંબ (ઈ. 1228) સ્થાપ્યાનો પણ અભિલેખ મળ્યો છે. ત્યાર બાદ ઈ. 1586માં તારંગાના મોટા મંદિરની બાજુમાં કોતરાયેલા શિલાલેખમાં મંદિરના જીર્ણોદ્ધારનો ઉલ્લેખ છે. આશરે 70 ચોરસ મીટરની બેસણી પર બાંધવામાં આવેલા આ દેવળની કારીગરી દેલવાડા જેટલી સુંદર નહીં હોવા છતાં મનોરમ્ય છે. આમાંની ભગવાન અજિતનાથની પ્રતિમા પાંચ મીટર ઊંચી છે. ભારતમાંની મોટી પ્રતિમાઓમાં એની ગણના થાય છે. આ મંદિરની બાજુમાં દિગમ્બર જિનાલયો પણ છે. ઈડર-ખેડબ્રહ્માથી ડુંગરાળ ને જંગલોવાળા રસ્તે તારંગા જવાનો બસ-રસ્તો પણ છે. તીર્થસ્થાનની આજુબાજુનો વિસ્તાર ટેકરીઓથી ઘેરાયેલો હોવાથી તે આકર્ષણનું સ્થાન બન્યું છે. તારંગાની ટેકરીઓમાંથી રૂપેણ નદી વહે છે. પૂર્વમાં વહેતી સાબરમતીનદી પર 'ધરોઈ બંધ' બાંધવામાં આવ્યો છે.

તારંગાડુંગરની તળેટીની ઉત્તર દિશામાં હાલના મુખ્ય દેરાસરથી અઢી કિલોમીટરના અંતરે તારણમાતાનું સ્થાનક આવેલું છે. બાજુમાં આવેલી ગુફા 'જોગીડાની ગુફા' તરીકે જાણીતી છે. તેમાં લાલ પથ્થર પર બોધિવૃક્ષ નીચે ચાર બુદ્ધ-મૂર્તિઓ કંડારેલી છે.





તારંગાનું દેરાસર
અને તેમાંનો એક
કલાત્મક સ્તંભ



વડનગરનું તોરણ

'પિત્તળ લોટા જળ રે ભર્યા રે શહેરનો સૂબો ક્યારે આવશે' લોકગીતમાં અમર થયેલ છે.

વડનગર

વીસનગર એ વીસનગરા નાગરોનું કેન્દ્રસ્થાન તેમ વડનગર એ વડનગરા નાગરોનું કેન્દ્રસ્થાન. નાગર જ્ઞાતિના કુળદેવ હાટકેશ્વર મહાદેવનું અહીં વિશાળ મંદિર છે. વડનગર એ નાગરોનું આદ્યસ્થાન ગણાય છે. અહીંથી જ નાગરો વિવિધ સ્થળોએ વિસ્તર્યા.


વડનગર-વીસનગરનો પ્રદેશ પુરાણકાલીન છે. પુરાણકાળે આ પ્રદેશ આનર્ત કહેવાતો. વડનગરને આનર્તપુર, આનંદપુર, ચમત્કારપુર એવાં નામે પણ ઓળખવામાં આવ્યું છે. એક કાળે તે આ પ્રદેશની રાજધાની હતું. સમૃદ્ધિ ઉપરાંત વિદ્વત્તા, કળા - ખાસ કરીને નૃત્ય અને સંગીત માટે તે વિખ્યાત હતું. લોકકથા કહે છે :

મોગલ સમ્રાટ અકબરના દરબારના મહાન સંગીતરત્ન સંગીતસમ્રાટ તાનસેને

આ ઉપરાંત વીસનગરની આસપાસ ખંડોસણ, વાલમ, ભાંખર વગેરે સ્થળોએ પણ પુરાણાં સુંદર શિલ્પ-સ્થાપત્યોના અવશેષ મળી આવે છે. તેમાં ખંડોસણ મુકામે તો વિષ્ણુમંદિર, જોડિયાં મંદિર, સર્વમંગલાદેવીનું મંદિર વગેરેનાં શિલ્પો ઉચ્ચ કોટિનાં છે, તો ખેરાલુમાં સૂર્ય અને વિષ્ણુની કલાત્મક મૂર્તિઓ છે. આ પ્રદેશમાં ઠેરઠેર નષ્ટ શિલ્પસ્થાપત્યોના અવશેષો વેરાયેલા છે, પરંતુ એ સૌનાં શિરમોર સમાં સ્થળો છે મોઢેરા અને પાટણ.

કડી

કડી પ્રમાણમાં પુરાણું શહેર છે. એક કાળે એના ઉપર મુસલમાન સૂબેદારી પણ અમલી બની હતી, જ્યારે સૈયદ મુરતાઝખાન બુખારીએ કડીનો જાણીતો કોટ બંધાવ્યો હતો. એ પછી જવાંમર્દખાન બાબીને હરાવી મરાઠા અમલમાં દામાજીરાવ ગાયકવાડે કડીની જાગીર પોતાના ભાઈ ખંડેરાવને આપી અને ખંડેરાવ પછી એના પુત્ર મલ્હારરાવે કડીના કોટનો ઘણો વિસ્તાર વધાર્યો. પાછળથી વડોદરાના ગાદીપતિ ગોવિંદરાવને શરત મુજબની ખંડણી ન આપતાં ગોવિંદરાવે મેજર વૉકરને મોકલી એને નસાડી મૂકેલો જે



વડનગરા નાગરના ઈષ્ટદેવ હાટકેશ્વરનું મંદિરમાં શિવલિંગ અને કલાત્મક છત્રી



દીપક-રાગ ગાયો. આથી તેના અંગેઅંગમાં અતિશય દાહ પેદા થયો. આ દાહનું શમન કરવા અનેક સ્થળોએ ફરતોફરતો આખરે તાનસેન વડનગર આવ્યો. અહીં બે નાગર કન્યાઓ તાના અને રીરીએ મેઘમલ્હાર ગાઈને તેના દાહનું શમન કર્યું. વડનગરમાં તાના-રીરીની સમાધિઓ આજે તેમના સ્મારક તરીકે ઊભી છે. પ્રતિવર્ષ અહીં શાસ્ત્રીય સંગીતના ખ્યાતનામ તેમ જ નવોદિત કલાકારોનો મેળો થાય છે. રાજ્ય સરકાર તરફથી તેનું આયોજન થાય છે અને એ રીતે આજના સંગીતજ્ઞો તાના-રીરીને સંગીતાંજલિ અર્પે છે.

વિખ્યાત ચીની મુસાફર હ્યુ એન સાંગે વડનગરની મુલાકાત લીધેલી. તેનો ઉલ્લેખ તેણે પોતાની પ્રવાસનોંધમાં કર્યો છે. વડનગરના અર્જુનબારી દરવાજામાં આવેલા શિલાલેખમાં વડનગરની ભવ્યતાનું સરસ વર્ણન છે. વડનગરનાં ભવ્ય મહાલયો તો હવે નષ્ટ થઈ ગયાં છે. અત્યારે તો શ્રી હાટકેશ્વરનું શિવાલય છે. તે પણ ઠીક ઠીક પ્રાચીન છે. સીમા પર આવેલા આ નગર પર વારંવાર હુમલા થવાને કારણે તેનો ફરીફરી જીર્ણોદ્ધાર થયા કર્યો છે. પુરાતત્ત્વવિદો આ મંદિરને ચારસોએક વર્ષ પુરાણું માને છે. સોલંકીયુગ પછી બંધાયેલાં મંદિરોમાંનું આ એક મહત્ત્વનું અને ભવ્ય શિવાલય છે. તેની ફરતે વેદીમાં વિષ્ણુના દશ અવતારો અને પૌરાણિક કથાઓની શિલ્પકૃતિઓ છે. આ ઊંચા શિખર સામે ગર્ભદ્વાર અને શૃંગારચોકીના સ્તંભો પરની કલાત્મક અને સુંદર કમાનોથી મંદિર શોભી રહ્યું છે. વડનગરની મધ્યમાં વિશાળ શર્મિષ્ઠાતળાવ ઓવારાવાળું અને પથ્થરબંધ છે. ત્યાંથી થોડે દૂર શામળશાની ચોરી નામે ઓળખાતાં બે તોરણો છે. સોલંકીકાળનાં સુંદર તોરણોમાંનાં અવશિષ્ટ રહેલાં તોરણોમાં આ તોરણો સારી હાલતમાં છે. અગાઉ કપડવણજમાંના આવાં તોરણોનો ઉલ્લેખ કર્યો હતો. તો મહેસાણા જિલ્લાના પિલુદ્રામાં પણ આવું તોરણ છે. વડનગરમાં 14 મીટરની ઊંચાઈનો કીર્તિસ્તંભ, શહેરને ફરતો કુમારપાળે બંધાવેલો કોટ, શહેરમાં પ્રવેશવા માટેના ચાર ખૂણાના ચાર દરવાજાનાં રહ્યાંસહ્યાં ખંડેરો ભવ્ય ભૂતકાળનો અણસાર આપે છે.

તાનારીરીની સમાધિ

એક લોકવાયકા મુજબ નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈની પુત્રી શર્મિષ્ઠાની બે પુત્રીઓ તાના અને રીરી વડનગરમાં રહેતી હતી. દીપક-રાગ ગાઈને દાહથી પીડાતા સંગીતસમ્રાટ તાનસેન તેનું શમન કરવા ફરતા-ફરતા વડનગર આવી પહોંચ્યા ત્યારે સંગીતમાં કુશળ એવી આ બહેનોએ, મલ્હાર રાગ ગાઈને તેના દાહનું શમન કરેલું. બાદશાહ અકબરે દરબારમાં હાજર થવા તેમને ફરમાન કર્યું, પણ ડરની મારી બંને બહેનોએ જળસમાધિ લીધી. તાના-રીરીની સમાધિ વડનગરમાં છે.

મોઢેરા

મહેસાણાથી વીસેક કિલોમીટર પશ્ચિમે આવેલું મોઢેરા એના સૂર્યમંદિર માટે ભારત-વિખ્યાત છે. દેશના તેમ જ પરદેશના ઇતિહાસ તેમ જ શિલ્પસ્થાપત્યના જિજ્ઞાસુઓ માટે આ મહત્ત્વનું પ્રવાસકેન્દ્ર બની રહ્યું છે.

ગુજરાતમાં સોલંકીયુગ દરમ્યાન સંસ્કૃતિનો સુવર્ણયુગ પ્રગટ્યો હતો. તે દરમ્યાન અન્ય વિદ્યાઓના ઉત્તમ વિકાસ સાથે શિલ્પસ્થાપત્યકલા પણ ઉત્કૃષ્ટ રૂપે મહોરી હતી. મોઢેરાનું સૂર્યમંદિર, સિદ્ધપુરનો રુદ્રમહાલય, પાટણનું સહસ્રલિંગતળાવ અને રાણકીવાવ તેમ જ આબુ પરનાં દેલવાડાનાં દેરાં ને બીજાં અસંખ્ય દેવાલયો-કિલ્લાઓ-વાવો-તળાવો વગેરે સ્થાપત્યો લગભગ એક જ સમયગાળામાં બંધાયાં. અહીં મોઢેરાગામમાં મોઢેશ્વરીમાતાનું પ્રાચીન મંદિર પણ છે.

મોઢેરાનું સૂર્યમંદિર ભારતભરનાં જૂજ તેમ જ મહત્ત્વનાં સૂર્યમંદિરોમાંનું એક છે. લગભગ કર્કવૃત્ત પર આવેલું આ સૂર્યમંદિર પૂર્વીય ભારતના કોણાર્કના સૂર્યમંદિર સાથે વિશિષ્ટ સંબંધ ધરાવે છે, તો ભારતભરનાં સૂર્યમંદિરો સાથે પણ તેની અનેક સમાન લાક્ષણિકતાઓથી સંબંધિત છે. ઉપરાંત તે સ્થાપત્ય તરીકે પોતાની લાક્ષણિકતાઓ પણ ધરાવે છે. ભારતમાંના ઉત્કૃષ્ટ અને વિશિષ્ટ સ્થાપત્યોમાં તેની ગણના થાય છે.

ઈ. 1026-27ના અરસામાં ભીમદેવ પહેલાના સમયમાં બંધાયેલું મોઢેરાનું આ સૂર્યમંદિર શિલ્પ તેમ જ સ્થાપત્યકલાની દૃષ્ટિએ અવલોકીએ. ઊંચા પ્લેટફૉર્મ પર આવેલું આ મંદિર ગર્ભગૃહ અંતરાલ અને સભામંડપ એમ ત્રણ અંગો ધરાવે છે. મંદિરમાં જવા માટે ઘણાં પગથિયાં છે. ગર્ભગૃહની ભીંતો તથા મંદિરની ભીંતો વચ્ચે પ્રદક્ષિણા-માર્ગ છે. પહેલાં તેના પર શિખર હતું જે અત્યારે નથી. મંદિરની છતને આઠ થાંભલાઓનો આધાર આપવામાં આવ્યો છે. આ થાંભલાઓ અષ્ટકોણ આકારના છે અને તેના પર ભરચક કોતરણી છે. પહેલાંનો સુંદર કલાકારીગરીથી ભરેલો ઘુમ્મટ

મોઢેરા સૂર્યમંદિરનું એક અનુપમ શિલ્પ - ઈન્દ્ર





નાશ પામ્યો છે. મંદિરની બહારની દીવાલ ઉપર પણ અદ્ભુત શિલ્પકૃતિઓ કંડારાયેલી છે. મંદિરમાં પ્રવેશતાં જ ચોકમાં કુંડ છે. તેની બાંધણી પણ સ્થાપત્યની દૃષ્ટિએ નોંધપાત્ર છે.

મંદિરમાં હાલમાં સૂર્યની મૂળ પ્રતિમા નથી, પણ અન્ય જગ્યાઓ પર સૂર્યની પ્રતિમાઓ કોતરેલી છે. સૂર્યપ્રતિમાઓનું ઘૂંટણ સુધીના બૂટ પહેર્યા હોય એવું સામાન્ય લક્ષણ અહીં પણ જણાય છે. ગર્ભગૃહ તદ્દન પડી ગયું છે. માત્ર દીવાલો જ છે. મુખ્ય સૂર્યપ્રતિમાની બેઠક માત્ર દેખાય છે. બેઠકના આગળના ભાગમાં સૂર્યરથના સાત ઘોડાઓ કોરેલા છે.

મોઢેરાના મંદિરનો સૌથી સુંદર અને કલામંડિત ભાગ છે સભામંડપ. ગર્ભગૃહની સામે જ આવેલા આ સભાગૃહના સ્તંભો અને બે સ્તંભોની વચ્ચેનાં તોરણો શોભામાં વધારો કરે

મોઢેરાનું સૂર્યમંદિર અને ભવ્ય સ્નાનકુંડ

મોઢેરા સૂર્યમંદિરના પ્રાંગણમાં મેળા-ઉત્સવ



સૂર્યમંદિરના પ્રાંગણમાં
નૃત્ય મહોત્સવ



છે. પ્રવેશદ્વાર પૂર્વદિશામાં છે અને સામે સૂર્યકુંડમાં ઊતરવાનાં લાંબાં મોટાં પગથિયાં છે. મંડપ અને કુંડના બાંધકામમાં ચૂનો વપરાયો નથી તે નોંધપાત્ર છે. આ મંદિરની રચના એવી રીતે કરવામાં આવી છે કે શરદ અને વસંતઋતુમાં સૂર્યનાં કિરણો આખા સભામંડપને વીંધીને બરાબર ગર્ભગૃહમાં પડે. આ શરત્સંપાત અને વસંતસંપાતના ગાળા છે. ગુજરાતનું આ સ્થાપત્ય ભારતભરનાં શ્રેષ્ઠ સ્થાપત્યોની હરોળમાં યશસ્વી નીવડી શકે તેવું ગૌરવપ્રદ છે. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પ્રતિવર્ષ અહીં ત્રણ દિવસનો ખૂબ જ સુંદર નૃત્યમહોત્સવ યોજવામાં આવે છે.



વલ્લભ મેવાડો

પ્રેમાનંદના ઉત્તરકાળમાં વિદ્યમાન વલ્લભ મેવાડો બહુચરાજીનો પરમ ભક્ત હતો. શક્તિમંદિરોમાં 'વલ્લભ ધોળાની જે' બોલાય છે તે આ વલ્લભ મેવાડાની અને ઘણુંખરું એના જ ભાઈ ધોળાની જય છે. એ બતાવે છે કે એ પ્રસિદ્ધ દેવીભક્ત હતો. એના કેટલાક ગરબા કથાગીત જેવા છે. ગુજરાતની ત્રણ પ્રસિદ્ધ શક્તિપીઠો છે : બહુચરાજી, આરાસુરનાં અંબાજી અને પાવાગઢનાં મહાકાળી. આ ત્રણેય શક્તિપીઠોનું સ્તુતિગાન વલ્લભ મેવાડાએ કર્યું છે. વલ્લભની એક વિશિષ્ટતા ગુજરાતી સ્ત્રીઓના વસ્ત્રાલંકારના વર્ણનની છે. તેની બીજી વિશિષ્ટતા તેના સમયની સામાજિક પરિસ્થિતિનું પ્રતિબિંબ ઝીલવાની છે.

પ્રેમાનંદ અને શામળ પછી ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં વલ્લભ મેવાડાનો ઉલ્લેખ થાય છે. તેનાં કાવ્યોમાંથી રચનાની સાલ મળે છે. 18મી સદીની બીજી પચીસીમાં એની પ્રવૃત્તિ ચાલી હશે એમ લાગે છે. ગરબા લખનાર આપણા સાહિત્યનો એ પહેલો કવિ છે.


બહુચરાજી

મોઢેરાથી દક્ષિણે લગભગ પંદર કિ.મી. દૂર આવેલું બહુચરાજી માતાનું મંદિર છે. સ્થાનક જૂનું છે અને અનેક ગીતો-ગરબાઓ-ભજનોનો વિષય બનેલું માતૃતીર્થ છે. મંદિર ભવ્ય છે. પુરાણું સ્થળ શંખલપુર પણ અહીંથી પાંચેક કિલોમીટર દૂર છે. પણ ત્યાં તો સામાન્ય મંદિર જ છે. બહુચરાજી માતાના મંદિરનું પ્રાંગણ વિશાળ છે. વાર-તહેવારે તે ભાવિકો-ભક્તોથી ઊભરાઈ જાય છે. મંદિરની બરાબર સામે એક હવન-કુંડ છે. તેની પાછળ વલ્લભ મેવાડાનું ઘર છે - જ્યાં તેણે બાળપણ વિતાવ્યું હતું. આ સ્થળને ફરતો કોટ ને મોટા દરવાજા મંદિરના પ્રભાવમાં ઉમેરો કરે છે. મંદિર પાસે જ માનસરોવર અને અનેક ધર્મશાળાઓ છે. ગુજરાતમાંથી અનેક કુટુંબો-પરિવારના દીકરાઓના સૌપ્રથમ વાર વાળ ઉતરાવવા અહીં આવે છે. ગુજરાતનાં માતૃ-સ્થાનકોમાં બહુચરાજીનો મહિમા ઘણો છે અને હવે જઈએ ઉત્તરે પાટણ - સોલંકીઓના સામ્રાજ્યના પાટનગરમાં.



ગુજરાતમાંથી અનેક કુટુંબો-પરિવારના દીકરાઓના સૌપ્રથમ વાર વાળ ઉતરાવવા બહુચરાજી માતાના મંદિરે આવે છે.







પાટણ

ગુજરાતના સુવર્ણયુગ સાથે સોલંકી રાજવીઓની રાજધાનીનું આ નગર - પાટણ એક કાળે વિસ્તારમાં અને વૈભવમાં, શોભામાં અને સમૃદ્ધિમાં, વાણિજ્યમાં, વીરતામાં ને વિદ્યામાં, તે કાળની ધારા-અવંતી જેવી શ્રી, સરસ્વતી અને સંસ્કારલક્ષ્મીથી સમૃદ્ધ નગરીઓની સ્પર્ધા કરતું તે ભારતવર્ષમાં પ્રસિદ્ધ હતું. ગુજરાતની સત્તાના તેમ જ ગૂર્જર સંસ્કૃતિના કેન્દ્ર તરીકે આજની વાત જુદી છે. મહાકાળ જાય છે અને જતાંજતાં તે ઉત્પાત કરતો જાય છે. સરસ્વતીનદીને તટે વસેલું આ એક વખતનું મહાનગર પાટણ એક સમયે ગુજરાતની રાજધાની હતું. ઈ. 746થી વનરાજ ચાવડાના સમયથી તે ચાવડા વંશના છેલ્લા રાજા સામંતસિંહ અને સોલંકીયુગના બલકે ગુજરાતની રજપૂત સત્તાના અંત સુધી વાઘેલાઓ વગેરેએ વચ્ચેવચ્ચે અન્ય સ્થળો બદલ્યાં છતાં પાટણ જ ગુજરાતની વાસ્તવિક રાજધાની રહ્યું હતું.

ગુજરાતને 'ગુજરાત' નામ મળ્યા પછી પાટણ તેનું પહેલું પાટનગર બન્યું. પાટણ તેની સ્થાપના બાદ 14મી સદી સુધીનાં લગભગ 650થી વધુ વર્ષ પર્યંત ગુજરાતનું પાટનગર રહેલું, એટલું જ નહિ, તે ગુજરાતનું રાજકીય અને વિદ્યાકીય ઉપરાંત સંસ્કૃતિનું કેન્દ્ર પણ હતું. સહસ્રલિંગતળાવને કાંઠે અનેક મઠો અને પાઠશાળાઓ હતાં. રાજસ્થાન, સિંધ, માળવા અને ઉત્તર ભારતના સાર્થવાહોના માર્ગોનું તે કેન્દ્ર રહેલું. ભીમદેવ પહેલો, કર્ણદેવ, સિદ્ધરાજ અને કુમારપાળના શાસન દરમ્યાન તે સમૃદ્ધિની ટોચે હતું, ત્યારે પાટણનો ઘેરાવો 30 કિમી. જેટલો હતો. 84 ચૌટાં અને 84 ચોક હતા. તે વખતે પાટણની વસ્તી પણ ઘણી હતી.

પાટણ એટલે સંસ્કૃતમાં 'પત્તન - શહેર'. આમ, પાટણ એ સામાન્ય શહેરવાચક નામ છે. ગુજરાતમાં અન્ય સ્થળોનાં નામ સાથે પણ 'પાટણ' શબ્દ શહેરવાચક તરીકે જોડાયેલો છે - જેમકે પ્રભાસ-પાટણ. આથી નગરીવિશેષનું નામ પાટણ સાથે જોડાય છે તે રીતે 'પાટણ' રાજધાનીનું પૂરું નામ અણહિલપુર-પાટણ છે. પણ હવે 'પાટણ' એટલે અણહિલપુર-પાટણ જ સમજાય છે, કારણ કે તે સૌથી મહત્ત્વનું પાટણ હતું.

અણહિલપુર-પાટણનું નામ ગુજરાતના સામ્રાજ્યનો પાયો નાખનાર ગણાતા વનરાજ ચાવડાના બાળમિત્ર અને સહાયક ભરવાડ અણહિલના નામ પરથી પડ્યું હોવાનું કહેવાય છે. અનુશ્રુતિ પ્રમાણે વિ. સં. 802 (ઈ. સ. 746, 28 માર્ચ)ના દિવસે અણહિલ ભરવાડે બતાવેલી જગાએ વનરાજ ચાવડાએ આ શહેરની સ્થાપના કરી હતી. પંચાસરના રાજા જયશિખરીનું કલ્યાણના રાજા ભુવડને હાથે યુદ્ધમાં મૃત્યુ થયા પછી બાળ



સોલંકીકાળમાં આ સહસ્રલિંગ-તળાવને કાંઠે એક હજાર શિવમંદિરો હતાં.

વનરાજને મામા સુરપાળ અને તેની માતા રાણી રૂપસુંદરીએ ઉછેર્યો. વનરાજે પછી ટોળી જમાવીને રાજ્યની સ્થાપના કરી અને અણહિલપુર-પાટણ વસાવ્યું. આ વનરાજ ચાવડાથી જ ગુજરાતના રજપૂતયુગના ઇતિહાસનો આરંભ થાય છે. આજે પણ, મૂળ પંચાસરના દેવાલયમાંથી લવાયેલી પારસનાથ ભગવાનની મૂર્તિ પંચાસરા પારસનાથને નામે ઓળખાતા પાટણના દેરાસરમાં જોવા મળે છે. તે દેરાસરના એક ગોખમાં વનરાજ ચાવડાની પુરાણી મૂર્તિ પણ છે. આજે પંચાસર પાટણથી થોડેક દૂર નાનકડું ગામ છે. ચાવડાઓ પછી સોલંકીઓ આવ્યા. તેમાં મૂળરાજદેવે ગુજરાતના રાજ્યનો બધી રીતે વિસ્તાર અને વિકાસ કર્યો. પણ ગુજરાતના સામ્રાજ્ય અને સમૃદ્ધિનો સુવર્ણયુગ સોળે કળાએ પ્રકાશ્યો સિદ્ધરાજ જયસિંહના સમયમાં. તે સમયના અત્યંત વિસ્તૃત નગર પાટણની જાહોજલાલી અને શોભાનાં વર્ણનો અનેક પ્રાચીન ગ્રંથોમાં જળવાયેલાં છે. શ્રી કનૈયાલાલ મુનશીની વિખ્યાત નવલકથા 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ' ઉપરાંત તેની પહેલાંના ભીમદેવ સોલંકીના સમયના મહમૂદ ગઝનીના આક્રમણની કથા રજૂ કરતી 'જય સોમનાથ'માં આ સ્થાનનું મહત્ત્વ રહ્યું છે, તો ગુજરાતની પહેલી નવલકથા નંદશંકરની 'કરણઘેલો' અને શ્રી મુનશીની છેલ્લી ઐતિહાસિક નવલકથા 'ભગ[વાન કૌટિલ્યની]

પાદુકા'માં સોલંકી પછીના વંશ વાઘેલાઓના છેલ્લા રાજવ[ી]ને ગુજરાતના છેલ્લા રાજપૂત રાજા કરણ વાઘેલાની ક[થા] આલેખાઈ છે. તેમાં પણ આ પાટણ જ કેન્દ્રમાં છે. એ સિવ[ાય] પણ સોલંકી-કથા પર આધારિત નવલકથાઓમાં પાટ[ણ] કેન્દ્રવર્તી છે.


પાટણ ગુજરાતના સામ્રાજ્યનું સત્તાકેન્દ્ર જ નહીં, પ[ણ] વિદ્યાકળાના પરમધામ સમું સંસ્કૃતિકેન્દ્ર પણ હતું. જેમાં ગુજરાતની પોતાની આગવી સાંસ્કૃતિક અસ્મિતા પ્રગ[ટી]. એમાં જેમ રાજા તરીકે સિદ્ધરાજ જયસિંહનો તેમ પર[મ] વિદ્વાન અને ધર્મપુરુષ તરીકે હેમચંદ્રાચાર્યનો ફાળો છે. [એ] જૈન સાધુ કલિકાલસર્વજ્ઞ કહેવાયા છે. તેમણે અનેક શા[સ્ત્રો] રચ્યાં, વિદ્વાનો તૈયાર કર્યા ને પાટણને ભોજની ધારાન[ગરી] સાથે સ્પર્ધા કરતું કર્યું, ગુજરાતને ગૌરવવંતું બનાવ્યું. તેમ[ણે] રચેલ મહાન વ્યાકરણ ગ્રંથ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન'[માં] સિદ્ધરાજ તેમજ હેમચંદ્રાચાર્યનું નામ દ્વિઅર્થી રીતે સંકળાયે[લું] છે તે વાજબી જ છે, કારણ કે એની સહાય અને બીજા[ઓની] વિદ્વત્તાયુક્ત પરિશ્રમ વગર એ થઈ ન શકે. એ વ્યાકરણ[ગ્રંથ] પૂરો થયો ત્યારે તેની હાથી પર સવારી કાઢી તેની આગ[ળ] સૌ સાથે હેમચંદ્રાચાર્ય ઉપરાંત મહારાજા સિદ્ધરાજ પ[ણ] ચાલતા પાટણની શેરીઓમાં ફરેલા અને વિદ્યાનું સંસ્કારિતાનું ગૌરવ કરેલું. એ 'શબ્દાનુશાસન'નું આ[ઠમું] પ્રકરણ એ ગુજરાતની આગવી ભાષા 'ગુજરાતી'નું આ[દ્ય] વ્યાકરણ ગણાય છે.

સોલંકીઓનું એ પાટણ અનેક મહાલયો-દેવાલય[ો] સ્થાપત્યોથી ભરપૂર હતું. તેમાં સિદ્ધરાજના સમયમાં બંધાયે[લ] સહસ્રલિંગતળાવનું વર્ણન વાંચતાં તેની વિશાળતા [ને] ભવ્યતાથી આશ્ચર્ય પમાય છે. એ ચોમેર બાંધેલા ઘાટવા[ળા] વિશાળ તળાવની કાંઠે શિવની હજાર દેરીઓ હતી. તે[ની] આસપાસનાં મંદિરો, પાઠશાળાઓ વગેરેમાં ધર્મ અને વિ[દ્યા] વિકસતાં. પુરાતત્ત્વવિદો દ્વારા ખોદકામ કરતાં મળી આવે[લ] આ તળાવના ઓવારાનું તેમ જ સરસ્વતીનદીમાંથી પા[ણી] આવવાના માર્ગનું નાળું વગેરેનું બાંધકામ હેરત પમાડે [એવું] છે. ચોમેર સંખ્યાબંધ શિલ્પાકૃતિઓવાળાં શિવમંદિરો, [આ] તળાવના ગોળાકારે ગોઠવેલા પથ્થરોનું ચણતરકામ આ[...]

જ્ઞાન મંદિરની સ્થાપના

શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિરની સ્થાપના પાટણ શ્રી સંઘે કરી હતી, જેનું ઉદ્ઘાટન વિદ્યાપુરુષ કનૈયાલાલ મુનશીના વરદ હસ્તે 7 એપ્રિલ, 1939ના રોજ કરવામાં આવ્યું હતું. આ જ્ઞાનમંદિરની સ્થાપના પૂર્વે પાટણની વિભિન્ન શેરીઓમાં (પાડાઓમાં) વ્યક્તિગત કે સાંઘિક માલિકીપણા હેઠળ નીચે દર્શાવ્યા મુજબના 20 જ્ઞાનભંડારો અસ્તિત્વ ધરાવતા હતા. આ ગ્રંથોનાં દર્શન દુર્લભ હતાં ! દાદા ગુરુ પ્રવર્તક કાંતિવિજયજીની નાદુરસ્ત તબિયતને લીધે મુનિ પુણ્યવિજયજીને અહીં સતત 18-20 વર્ષ રોકાવું પડેલું. તેમના જ પ્રયાસોને લીધે જૈન ભંડારોનાં તાળાં ખૂલ્યાં અને હસ્તપ્રતોનો ઉપયોગ સુલભ થયો. તેમણે હસ્તપ્રતો એકત્રિત કરી કાગળ ઉપર લખાયેલ 14789 હસ્તપ્રતોનું સુચિપત્ર બનાવ્યું, જેનું પ્રકાશન 1972માં થયું. અહીં સંગૃહિત હસ્તપ્રતો પૈકી ઈ.સ.1064માં લખાયેલ હસ્તપ્રત સૌથી જૂની છે.






હજાર-હજાર વર્ષે પણ જડબેસલાક છે. પાટણમાં આજે પણ અનેક જૂના અવશેષો જોવા મળે છે - હમણાં થોડાં વર્ષો પહેલાં જ જેનું ખોદકામ થયું ને તેનું અદ્ભુત સ્થાપત્ય તથા શિલ્પસમૃદ્ધિ પ્રગટ થયાં છે તે રાણકીવાવ. 'રાણીની વાવ' તરીકે પણ જાણીતી ભીમદેવની રાણી ઉદયમતીએ બંધાવેલી આ વાવ તે પ્રકારના સ્થાપત્યનો ઉત્તમ નમૂનો છે. તેની દીવાલો-ગોખમાંની અદ્ભુત સૌંદર્યમંડિત શિલ્પાકૃતિઓ આશ્ચર્યકારક શિલ્પકલા પ્રત્યક્ષ કરે છે. પાટણ નજીક ભૂતિયા વાસણા જેવા નાનકડા ગામે પણ કૂવો ખોદતાં દસમી સદીના અવશેષ મળ્યા છે.


પાટણમાં આ ઉપરાંત અનેક સુંદર જિનાલયો જોવા મળે છે તથા ત્યાંના સમૃદ્ધ ગ્રંથભંડારોમાં હજારો પ્રાચીન હસ્તપ્રતો તેમ જ પ્રાચીન ગ્રંથોની નકલો સચવાયેલી છે. શ્રી મુનશીના પ્રયત્નથી તેમ જ અનેક દાતાઓની સહાયથી ત્યાં હેમચંદ્ર-સ્મારક થયું છે. તેમાં આધુનિક વ્યવસ્થાનો ઉપયોગ કરીને ઠેરઠેરથી હસ્તપ્રતો લાવીને સંઘરવામાં આવી છે. હવે તો પાટણ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું કેન્દ્ર બન્યું છે એટલે પ્રાચીન ઇતિહાસ-કળાના સંશોધનાત્મક અભ્યાસને તેમ જ સંગ્રહાલયો વગેરે દ્વારા અવશેષોની જાળવણીને અધિક વેગ મળશે એવી આશા છે.

પાટણ હેમચંદ્રાચાર્ય, જેવા સાધુઓ અને કુમારપાળ જેવા રાજાઓ તેમ જ ઉદયન જેવા મંત્રીઓને કારણે મોટું જૈન કેન્દ્ર બન્યું ને વ્યાપાર તેમ જ કલાત્મક જિનાલયોથી સમૃદ્ધ બન્યું તેમ તે રાજા અને પ્રજાની વિશાળ હૃદયની ધર્મસહિષ્ણુતા અને વ્યાપક ધર્મદષ્ટિને કારણે શૈવ-બ્રાહ્મણ દેવાલયો ને સંસ્કૃત વિદ્યાનું પણ કેન્દ્ર બન્યું. તેના વિકાસમાં જૈનો તેમ જ નાગરોનો પણ ફાળો હતો, તો રજપૂતોના શૌર્યે તેને શક્તિ આપી હતી.

જગતભરનાં ઉત્તમ સ્થાપત્યોમાં જેની ગણના થઈ શકે તેવું રાણકીવાવનું ભવ્ય સ્થાપત્ય

રાણીવાવનાં અનુપમ શિલ્પો





પાટણનાં પટોળાંની પરંપરા વિશ્વવિખ્યાત છે.

હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર

વનરાજ ચાવડાએ પાટણની સ્થાપના વિ. સં. 802માં કરી હતી. તેની શ્રી અને સમૃદ્ધિનું વર્ણન 'દ્વ્યાશ્રય' મહાકાવ્ય, 'કીર્તિકૌમુદી', 'વસંતવિલાસ', 'સુકૃત સંકીર્તન', 'મોહરાજપરાજય' તથા અનેક પ્રબંધગ્રંથોમાં જોવા મળે છે. હેમચંદ્રાચાર્યે 'દ્વ્યાશ્રય'માં નોંધ્યું છે કે 'અણહિલવાડ પાટણ સર્વ વિદ્યા-કળાઓમાં સર્વોત્તમ અને વિશિષ્ટ વિદ્યાધામ છે.' સહસ્રલિંગના તટે અનેક વિદ્યામઠો સ્થિત હતા. ગુજરાતના વિદ્યાપ્રેમી રાજા-મહારાજાઓ, મંત્રીશ્વરો અને અમાત્યો પોતાનાં અંગત ગ્રંથાલયો ધરાવતા હતા.

અહીંના જ્ઞાનભંડારોનો ખાસ ઉલ્લેખ કરવા જેવો છે. 800થી 1000 વર્ષ પુરાણા અને દુનિયાભરમાં અલભ્ય ગણાય તેવા ગ્રંથો અહીં મોટી સંખ્યામાં સચવાયાં છે. પાટણના એક જ્ઞાનભંડારમાં તો પંદર હજારથી વધુ પ્રાચીન ગ્રંથો જળવાયા છે. અહીં તાડપત્ર, ભૂર્જપત્ર, કાપડ વગેરે પર લખાયેલા ગ્રંથો જોવા મળે છે. એમાં કેટલાક અદ્‌ભુત ચિત્રોથી સુશોભિત છે તો સોનારૂપાના રંગોવાળા પણ છે. ઉપરાંત આવા ગ્રંથો તૈયાર કરવાનાં પ્રાચીન સાધનો પણ નમૂનારૂપે અહીં સચવાયેલાં જોવા મળે છે. આમાં મુખ્યત્વે ધાર્મિક સાહિત્ય છે. પણ તે ઉપરાંત કાવ્ય, નાટક, વેદાંત, આયુર્વેદ અને જ્યોતિષ, ઇતિહાસ તેમ જ પુરાણના વિષયોના પણ ઘણા ગ્રંથો છે. મુનિશ્રી જિનવિજયજી તથા મુનિશ્રી પુણ્યવિજયજી જેવા સાધુ વિદ્વાનો અને અન્ય સંશોધકોએ ગ્રંથોની લિપિ ઉકેલી તેમને પ્રકાશમાં લાવવા ઘણો શ્રમ કર્યો છે. પાટણમાં મોટા અગિયાર ગ્રંથભંડારો છે. આ ભંડારોમાં જૈનેતર કૃતિઓ પણ પ્રાપ્ત થઈ છે તે બધાના અભ્યાસ, પ્રકાશન વગેરેમાં ડૉ. સાંડેસરા, મમ. કે. કા. શાસ્ત્રી તથા પાટણના જ રામલાલ મોદી અને કનૈયાલાલ દવે જેવા ગઈ પેઢીના વિદ્વાન સંશોધકોનો ઘણો મોટો પુરુષાર્થ છે. પાટણને પણ સયાજીરાવની સંસ્કારી અને ઉદાર રાજવી રીતિનો લાભ મળ્યો છે.

પાટણમાં શાંતિનાથનું જે મંદિર હતું તે મસ્જિદમાં ફેરવી નાખવામાં આવેલું. આ મસ્જિદ આજે શેખ ફરીદના રોજા તરીકે ઓળખાય છે. હરિહરેશ્વરના મંદિરની નજીક 'બ્રહ્મકુંડ' નામથી જાણીતું બનેલું અષ્ટકોણીય જળાશય આવેલું છે. આ બ્રહ્મકુંડની પાસે અમદાવાદના સર ચિનુભાઈ માધવલાલ બૅરોનેટના કુટુંબનાં પૂર્વજ સતી પ્રાણકુંવરબાઈની સમાધિ આવેલી છે. તેમણે ઈ. સ. 1799(વિ. સં. 1855)માં અહીં સતી તરીકે સમાધિ લીધેલી.

દૂરદૂર સુધીના વિસ્તારનાં ગામડાંઓમાં મળી આવતા અવશેષોથી મૂળ પાટણના વિસ્તારનો ખ્યાલ આવે છે. આજે તો ચોમેરનો કોટ નથી, ખાઈ પુરાઈ ગઈ છે. સરસ્વતી નદીનો પ્રવાહ પણ કંઈક દૂર ગયો છે ને નગરના અવશેષો તો ઉપર ગણાવ્યા તે જૂજ બાકી રહ્યા છે. મુસ્લિમ સમયનાં કેટલાંક સ્થાનો મળે છે ખરાં, પણ આજે પાટણ નવો જિલ્લો બનતાં હવે પાટણ શહેર જિલ્લાનું મુખ્ય મથક છે. અહીંનાં વિશ્વવિખ્યાત પટોળાંનો હાથવણાટનો ઉદ્યોગ હવે માંડ એક કુટુંબ જાળવી રહ્યું છે, તો 'કાદંબરી' જેવા કપરા સંસ્કૃત ગદ્યગ્રંથનો જૂની ગુજરાતી ભાષાના પદ્યમાં કાવ્યમય અનુવાદ કરનાર અને પદો લખનાર લગભગ પંદરમી સદીના કવિ ભાલણનું નામ તો 'ભાલણની ખડકી' એ નામ રૂપે જ રહ્યું છે. અહીંના સહસ્રલિંગ તળાવના કાંઠા પરનાં શિવાલયો અને સંસ્કૃત પાઠશાળામાં મહાન સંસ્કૃત વિદ્વાનોએ જે વિદ્યાગ્રંથો સર્જ્યા તે તો હવે અપ્રાપ્ય જ નહીં, વિસ્મૃત પણ છે. જૈન સાધુઓ - હેમચંદ્ર ઉપરાંત રામચંદ્ર, ગુણચંદ્ર અને અન્ય ધર્મજ્ઞો-સાહિત્યજ્ઞોની કૃતિઓ ભંડારોમાં સચવાઈ રહી તે ભાગ્યશાળી ગણાય. લોકોક્તિઓમાં વણાઈ ગયેલાં પાટણનાં પટોળાં - વિદેશોમાં વિખ્યાત - કિંમતી - રાજાઓ અને શ્રેષ્ઠીઓ પહેરતા. કપરી કળા ને ખર્ચાળ - મિલના ઉદ્યોગો સાથે કેમ ટકી શકે ? નમૂનારૂપે એકાદ કુટુંબ હયાત છે. એની કલાભક્તિ તો જોયે જ પરખાય અને કારીગરી કેટલી કપરી છે તે પ્રત્યક્ષ જોઈએ તો જ સમજાય.

અલાઉદ્દીન ખિલજીએ પાટણ ભાંગ્યા પછી અહમદશાહે પાટનગર બદલ્યું અને સાબરમતીને તીરે 'અહમદાબાદ' (અમદાવાદ) વસાવ્યું ને પાટણનાં મહત્ત્વ અને જાહોજલાલીનો અસ્ત થયો. વર્તમાન પાટણને જોઈને કવિ નરસિંહરાવે ગાયું -

'પાટણપુરી પુરાણ હાલ તુજ હાલ જ આવા'

હવે ત્યાં ઉદ્યોગો વિકસી રહ્યા છે ને તે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું વડું મથક થયું છે તો આશા રાખીએ કે 'સરસ્વતીને તીરે' ફરી પાછું વિદ્યાસંસ્કૃતિનું કેન્દ્ર વિકસે. કાળના ઉદરમાં ઊતરી ગયેલી ગઈકાલ તો પાછી આવતી નથી પણ નવી 'આજ'નો ઉદય તો થાય છે જ. એનો એ જ સનાતન સૂર્ય નવી તિથિ બનીને પાછો આવે છે ને !



જ્ઞાનમંદિરની પાસે જ આવેલા પંચાસરા પાર્શ્વનાથ દેરાસરમાં વનરાજ ચાવડાની પ્રતિમા.

સિદ્ધપુર

ઐતિહાસિક અણહિલવાડ-પાટણથી સરસ્વતીને તીરે-તીરે ઉપલાણે આગળ જઈએ. થોડે જ દૂર સરસ્વતીતીરે સિદ્ધપુર. સિદ્ધપુર માતૃગયા કહેવાય છે. જેમ પિતાના મહિમા માટે ગયાજીનો તેમ માતાના શ્રાદ્ધ માટે સિદ્ધપુરનો મહિમા છે. કહેવાય છે કે ભગવાન પરશુરામે અહીંના બિંદુ-સરોવરમાં સ્નાન કરીને માતાનું શ્રાદ્ધ કર્યું હતું. આ લોકમાન્યતાને કારણે આજે પણ લોકો માતૃશ્રાદ્ધ કરવા સિદ્ધપુર જાય છે.

આજે તો જેમાં વહોરાઓની વસ્તી વધારે છે એવું આ ગામ સામાન્ય નગર જ છે. નદી સહેજ દૂર ખસી છે. 'બિંદુ-સરોવર' એવી સ્થિતિમાં છે કે તેમાં સ્નાન કરવું હોય તો અસાધારણ શ્રદ્ધા જોઈએ. પણ વહોરાઓએ આ ગામને સમૃદ્ધ કર્યું છે. તેમનાં સુંદર મકાનોથી તે સુશોભિત છે. કિન્તુ ભૂતકાળમાં આ તીર્થનો મહિમા તેમ જ તેનાં મહત્ત્વ ને શોભા પણ અપાર હશે એવું અહીંના સુપ્રસિદ્ધ શિવાલય રુદ્રમહાલયના જૂના ગ્રંથોમાંનાં વર્ણનો ને અત્યારે રહેલા જૂજ અવશેષ પરથી જણાય છે.

રુદ્રમહાલયનું વર્ણન પ્રાચીન ગ્રંથોમાં વાંચતાં જણાય છે કે તે 'મહાલય' નામને યોગ્ય ભવ્ય-વિશાળ અને અનુપમ શિલ્પસમૃદ્ધિવાળું સ્થાપત્ય હતું. સોલંકી યુગના મૂળરાજે તે બાંધવાની શરૂઆત કરેલી અને જયસિંહદેવ સિદ્ધરાજે પૂરું કરેલું. તેના સભાખંડો, ખંડો, ઉપખંડો, માળ-મેડીઓ અને ઝરૂખા, અસંખ્ય સ્તંભો ને મનોહર શિલ્પબદ્ધ તોરણો તથા તેની સમૃદ્ધિ, ત્યાંના હજારો બ્રાહ્મણોના સ્તોત્રપાઠ ને પૂજા વગેરેનાં વર્ણનો વાંચતાં લાગે છે કે આ બીજું સોમનાથ હતું.

અલાઉદ્દીન ખિલજીએ તેનો ધ્વંસ કર્યો. પછી રફતે-રફતે તેનો નાશ થતો ગયો. આજે તે માત્ર ચારેક થાંભલા ને ઉપર કમાન જેવું થોડુંક બચ્યું છે. પણ તે જોતાં પણ આ મહાલય કેવો ભવ્ય અને સુંદર હશે તેની કલ્પના કરી શકાય છે. 100 મીટર લાંબા ને 75 મીટર પહોળા પ્રાંગણમાંનો આ બે કે ત્રણ માળવાળો 1600 થાંભલાઓવાળો ને ભવ્ય સભામંડપવાળો મહાલય જેની ચારે દિશામાં ચાર દ્વાર ને ત્રણ મંડપો હતા તથા ચોમેર નાનાંમોટાં મંદિરો હતાં તથા જેનાં શિખરો પર સુંદર કોતરણીવાળા સુવર્ણકળશો પર ધજાઓ ફરકતી તે મહાલયને તો વર્ણનોની મદદથી કલ્પીને જ સોલંકીયુગના સુવર્ણયુગના સુવર્ણકાળની ઝાંખી થાય.



સોલંકીકાળમાં જેની અનુપમ જાહોજલાલી હતી તે રુદ્રમહાલય

રુદ્રમહાલયની વાત કરીએ છીએ ત્યારે તેની સાથે સંકળાયેલી બે દંતકથાઓ પણ જાણવી જોઈએ. એક છે આ મહાલયના ખાતમુહૂર્તની. રાજા મૂળરાજ સોલંકી શિવભક્ત ને તેને પવિત્ર સરસ્વતીતીરે શિવ-રુદ્ર ભવ્ય મહાલય બંધાવવાની અભિલાષા થતાં તેણે તેનો નકશો બનાવવા વિદ્વાન કલાકાર પ્રાણધર શિલ્પ-સ્થપતિને આમંત્ર્યા. સ્થપતિ અને જ્યોતિષવિદોએ સ્થાન પસંદ કર્યું. દેશપરદેશથી કારીગરો આવ્યા.



ડાબે - સિદ્ધપુરની સુપ્રસિદ્ધ હવેલીઓ

નિષ્ણાતોએ પથ્થરોની પસંદગી કરી અને કામ શરૂ થયું.

મૂળરાજદેવ પછી પ્રખર કલાધર અને જ્યોતિષી પ્રાણધર પણ મૃત્યુ પામ્યો. પાટણની ગાદી પર ભીમદેવ સોલંકીની મર્દાનગી, કર્ણદેવનું શૌર્ય અને મીનળદેવીનાં શૌર્ય-શાણપણની કથાઓ કોતરાઈ ગઈ. પછી આવ્યા ગુજરાતને મહાસામ્રાજ્ય તરીકે પ્રસ્થાપિત કરનાર પરમ ભટ્ટાર્ક સિદ્ધરાજ જયસિંહ. કોઈએ તેમને મૂળરાજદેવના અપૂર્ણ સ્વપ્નની ને અંતિમ અભિલાષાની યાદ અપાવી. સિદ્ધરાજને પ્રપિતામહનાં આદર્યાં અધૂરાં હતાં તે પૂરાં કરવાની આકાંક્ષા જાગી. તેમણે ચાંપાનેરમાં વસતા પરમ વિદ્વાન ગંગાધર શાસ્ત્રીના તેવા જ વિદ્વાન પૌત્ર જ્યોતિષાચાર્ય માર્કંડ શાસ્ત્રીને તેડું મોકલ્યું.

વૃદ્ધ ગંગાધર શાસ્ત્રી હજી જીવંત હતા. વડ પરની વડવાઈઓની જેમ અંગ પર ચામડી લટકતી. હાથપગ શિથિલ ચીંથરા જેવા થઈ ગયેલા છતાં એમાં વિદ્યાની તેજસ્વી દૃષ્ટિની ઝીણી જ્યોત ઝબકતી હતી. એમાં વાર્ધક્યક્ષીણ કાનોમાં ગગનચુંબી રુદ્રમહાલયનાં શિખરો ઘડતા ટાંકણાના અવાજ સંભળાતા હતા. રુદ્રપૂજાના ઘંટનાદ સાંભળવાની, રુદ્ર આરતીની આશકા લેવાની એમની અંતર્ગત ઇચ્છાને વશ થઈ જાણે એ રુદ્રમાળના નિર્માણનું સ્વપ્ન સાકાર થતું જોવા મૃત્યુના મુહૂર્તને પાછું ઠેલતા હતા. તેમને પ્રપિતામહ પ્રાણધરનું તર્પણ કરવું હતું.



ખીલી ખેંચાઈ... ને તરત પાછી દબાય ત્યાં તો મહારાજ જયસિંહદેવનાં વસ્ત્રો પર રક્તધારા છંટાઈ ગઈ.

પણ... આ તો ભવ્ય મહાલય. તેને પૂરું થતાં તો વર્ષો લાગે, ત્યાં હજી તો એક જ માળ પૂરો થયો ને મૂળરાજદેવ એક જ વર્ષમાં મૃત્યુ પામ્યા. જતાંજતાં તે 'જય રુદ્ર ! જય રુદ્ર !' બોલતા કહેતા ગયા, 'મારી અભિલાષા આ મહાલય પૂરો કરાવજો. જે તે પૂરો કરશે તે અપૂર્વ રાજકીર્તિ રળશે.'

રાજાનું તેડું આવતાં જ પુત્ર હીરાધર સાથે તે પાટણ ગયા. માળવાથી મહાન જ્યોતિષાચાર્ય માર્કંડ શાસ્ત્રીને આમંત્રવામાં આવ્યા. રુદ્રમાળ માટે સિદ્ધપુર નજીક નવી ભૂમિમાં નવેસરથી ખાતમુહૂર્તની વિધિ શરૂ થઈ. આચાર્ય માર્કંડ માર્ગદર્શન આપતા હતા : 'ખાડો હજી સવા ગજ ઊંડો કરો. વિસ્તાર બરાબર મારા કહ્યા મુજબનો જ થાય તેનું ધ્યાન રાખો. આ સિદ્ધ ઘટિકા છે. રાખેલ દંડની છાયા પર નજર રાખો ને હું કહું કે તરત જ આ સુવર્ણખીલો જમીનમાં ઠોકી દેજો...' ને માર્કંડ શાસ્ત્રીની સૂચના મુજબની નિર્ધારિત પળે જ ધરતીમાં સુવર્ણખીલી ખોડાઈ ગઈ.

માર્કંડ શાસ્ત્રી બોલ્યા : 'ધન્ય ! ધન્યભાગ્ય સૌનાં ! રાજન્ ! આ રુદ્રમહાલયને હવે કાળ પણ સ્પર્શી શકશે નહીં. તે 'યાવચ્ચંદ્રદિવાકરૌ' શોભશે.

રાજાએ પૂછ્યું : 'માર્કંડજી, શા પરથી આમ કહો છો ?'

માર્કંડજી : 'મહારાજ, ખીલી શેષના નામે માથે વાગી છે. આ પળ સ્થિર થઈ ગઈ. એને હવે ઉત્પત્તિ કે ક્ષય ન હોય.'

જયસિંહદેવ : 'આચાર્યવર, જેનો ક્ષય ન હોય તેવી ઉત્પત્તિ તો બ્રહ્માએ પણ સર્જી નથી.'

માર્કંડજી : 'મહારાજ, મારી જ્યોતિષ-ગણતરી પ્રમાણેનું મુહૂર્ત મિથ્યા ન હોય. પ્રલયકાળનાં મોજાં આ મહાલયનાં પગથિયાં પખાળશે. રાજન્ ! ખીલી શેષને માથે વાગી છે.'

જયસિંહદેવ : 'અરે, ક્યાં પ્રલયકાળ ? ક્યાં શેષનું માથું ? ક્યાં આ તળપાતાળ ને આ વેંતની ખીલી ? માર્કંડજી, વાત માન્યામાં ન આવે. પ્રમાણ દાખવો.'

માર્કંડજી : 'રાજન્ ! વિદ્યાનાં પારખાં ન કરો.'

જયસિંહદેવ : 'આચાર્યજી, પણ મારે તો પ્રમાણ જોવું છે. દર્શાવી શકશો ?'

માર્કંડજી : મહારાજ, તો આ ખીલી કાઢો ને જુઓ કે રક્તધારા છૂટશે.

– ને ઘણી ચર્ચા-વિચારણા છતાં મહારાજ જયસિંહે



રાજહઠ ન મૂકી એટલે માર્કંડ શાસ્ત્રીએ કહ્યું : 'તો ભલે, આ ખીલી ખેંચીને સહેજ જ રક્ત દેખાય કે તરત જ પાછી દાબી દો.'

ખીલી ખેંચાઈ... ને તરત પાછી દબાય ત્યાં તો મહારાજ જયસિંહદેવનાં વસ્ત્રો પર રક્તધારા છંટાઈ ગઈ. ખીલી પાછી દબાઈ ગઈ.

રાજાએ હર્ષચકિત થઈ માર્કંડજી તરફ જોયું, પણ માર્કંડજી વિષાદગ્રસ્ત હતાશ્રરુ બોલ્યા :

'મહારાજ, ખીલી ખેંચાઈને પાછી દબાઈ તેટલી ક્ષણોમાં શેષનાગ તો સરકી ગયો. પછી તો ખીલી માથે નહીં, પૂંછડે વાગી.'

જયસિંહદેવ : 'તો પરિણામ ?'

માર્કંડજી : 'અધીશ્વર ! કહેતાં દુઃખ થાય છે' પણ આનું પરિણામ એ જ કે આપના અંગ પર શેષની રક્તધારાનો અભિષેક થયો છે, એટલે આપ અજિત તો બનશો, પણ...

જયસિંહદેવ : 'પણ ?'

માર્કંડજી : 'પણ... તમારી કીર્તિ પર કલંકના છાંટા રહેશે ને આ રુદ્રમાળ સંપૂર્ણ થશે, પણ કાળે કરીને તેનો વિનાશ થશે. તેના અહોરાત્ર ઘંટારવ રૂંધાઈ જશે. મહાલયના પથ્થરે-પથ્થર પર ઘણના ઘા પડશે. તેનાં વૈભવ ને મહિમા વિલુપ્ત થઈ જશે. રહેશે માત્ર તેની સ્મૃતિને સાચવતું ખંડેર.'

આ કથા હશે તો માત્ર દંતકથા - પણ કથા તરીકે તે છે રોમાંચક. રુદ્રમહાલયના અવશેષ આગળ ઊભા રહી આ કથા સંભારવાથી પણ રોમાંચ ખડાં થઈ જશે. ક્યારેક હકીકતના ઇતિહાસ કરતાં દંતકથાઓમાં પ્રજાનાં સંવેદનો - દર્શનો વધુ સાકાર થતાં લાગે છે.

ખેર, એ અવશેષ રુદ્રમહાલયને, ઇતિહાસની સ્મૃતિઓને ને સૌને પોતાના પુચ્છની ઝપટમાં લઈ લેનાર તેના મહાકાળ-શેષને નમસ્કાર કરીએ.

હવે બીજી કથા સાંભળીએ એ જ રુદ્રમહાલયના અલાઉદ્દીનના સરદારોને હાથે થયેલા વિધ્વંસના પ્રસંગ સાથે સંકળાયેલી.

કાળક્રમે સિદ્ધપુરનો ધ્વંસ થયો. ઘેરઘેર અલાઉદ્દીનના સરદારો ફરી વળ્યા. લૂંટ-આક્રમણો-અપહરણોનો દોર ચાલ્યો.

ત્યારે સિદ્ધપુરમાં એક શ્રીમાળી બ્રાહ્મણ રહે - નામે અસાઈત ઊંઝાનો એ વતની. પૂજાપાઠ, કર્મકાંડ, ગોરપદું કરે. તેને ઘેર તેના યજમાન પાટીદારની દીકરી મહેમાન તરીકે આવેલી. આક્રમણોથી તેને બચાવવા અસાઈતે વિચાર્યું. અલાઉદ્દીન અને તેના સરદારો સંગીતપ્રેમી હતા. કદાચ રીઝે. અસાઈત સારો સંગીતજ્ઞ. એણે ગાન શરૂ કર્યું. તેને આંગણે આવતાં જ સિપાઈઓને થયું : આને જ પકડીને સરદાર સમક્ષ પેશ કરીએ. એ અસાઈત પકડાયો - રજૂ થયો. આજ્ઞા મળતાં જ સંગીત શરૂ કર્યું. સરદાર પ્રસન્ન થયો ને તેની કૃપાના બદલામાં અસાઈતે માગ્યું : 'મારા ઘરની દીકરીઓને કોઈ હાથ ન લગાડે.' સરદારે વચન આપ્યું... પણ ગામ હોય ત્યાં ઉકરડોય હોય. કોઈકે સરદારના કાન ભંભેર્યા : 'વચન તો પાળવું પણ પેલી સ્વરૂપવાન યુવતી એની દીકરી નથી.' અસાઈતે તો સરદારના પ્રશ્નના ઉત્તરમાં કહ્યું, 'એય મારી દીકરી જ છે.' પણ પેલો ચાડિયો જ ચતુર. સરદારને કહે, 'આ બ્રાહ્મણને કહો કે જો તેની દીકરી હોય તો તેની સાથે એક ભાણે જમે.' અસાઈતને માથે ધર્મસંકટ આવ્યું : બ્રાહ્મણ થઈ પાટીદાર સાથે કેમ જમાય ? એ જમાનામાં આ વાત ખૂબ અઘરી હતી. પણ એક બાજુ વર્ણ-ધર્મ તો બીજી બાજુ તેની સામે યુવતીની લાજ. અસાઈત વર્ણબંધન છોડી તેની સાથે જમ્યો. આમ, યુવતીને બચાવી લીધી.



ભવાઈના વેશનો સર્જક - અસાઈત

પણ પછી તેનું શું ? લશ્કર ગયું. બધું થાળે પડ્યું એટલે

અલાઉદ્દીન ખીલજીનો સરદાર અને અસાઈત



સિદ્ધપુરના બ્રાહ્મણોએ આ ભ્રષ્ટ બ્રાહ્મણનો બહિષ્કાર કર્યો. હવે અસાઈત પૂજા-પાઠ-ધર્મ-કર્મ ન કરી શકે. વહારે ધાયા તેના યજમાન પાટીદારો. તેમણે અસાઈતને વર્ષાસન બાંધી આપ્યું.

અસાઈતને થયું : 'મફતનું શેં ખાઉં ? કંઈક સામે દઉં.' આ કલાકાર બ્રાહ્મણે પોતાના ત્રણ દીકરાને લઈને મંડળી કરી. ગામેગામ ભવ્ય સંગીત-નાટ્ય-નાટક કરવા માંડ્યાં. પ્રજાનું મનોરંજન કર્યું ને તે સાથે સમાજસુધારક ઉપદેશ પણ કર્યો. આ ભજવણી માટે તેણે એકાંકીઓ જેવી નાની રચનાઓ કરી, જે કહેવાયા વેશ. કહેવાય છે કે એક આખું વર્ષ ભજવાય તોય એકનો એક વેશ ફરી ભજવવો ન પડે તે માટે તેણે 360 વેશ રચેલા. ને આમ આરંભ થયો ગુજરાતના લોકનાટ્ય ભવાઈનો તેમ જ પેલા ત્રણ દીકરાના ત્રણ ઘરમાંથી તરગાળા(ત્રણ ઘરવાળા)ની કોમનો.

લોકનાટ્ય તરીકે ભવાઈ જોવા-જાણવા જેવી છે. ગુજરાતનું એ પોતાનું મૂળ નાટ્યસ્વરૂપ ગણાય. આ જ અસાઈતે 'હંસાઉલિ' (હંસાવલિ) નામની એક દીર્ઘ પદ્યકથા પણ પ્રાચીન ગુજરાતી ભાષામાં રચી છે. અસાઈતનું ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં આગવું પ્રદાન છે.



બાલારામ પૅલેસ રિસૉર્ટ

પાલનપુર

સિદ્ધપુરની ઇતિહાસયાત્રા પૂરી કરીને જઈએ ઉત્તર તરફ તો પ્રવેશીએ છીએ બનાસકાંઠામાં. ત્યાં પ્રથમ મોટું નગર આવે પાલનપુર. અમદાવાદ-મહેસાણા-આબુ-માર્ગે એ મોટું સ્ટેશન. પછી તો પહોંચીએ છીએ ગુજરાત-રાજસ્થાનની સીમાએ. એટલે એ રીતે જોતાં રાજસ્થાનમાંથી એ માર્ગે ગુજરાતમાં આવતાં પાલનપુર લગભગ પ્રવેશદ્વાર ગણાય. પાલનપુરનું મૂળ નામ પ્રહ્લાદનપુર. આબુના પરમાર રાજવંશના પ્રહ્લાદનદેવે તે વસાવેલું ને તેને પાટનગર બનાવેલું. ઇતિહાસમાં તેનું જે રીતે મહત્ત્વ અંકાયું છે તે જોતાં લાગે છે કે એક સમયે તે ભારે જાહોજલાલીવાળું નગર હશે. નવાબી સમયમાં આ નગર બગીચાઓનું નગર ગણાતું. તે ફૂલો અને ખાસ કરીને ગુલાબો માટે જાણીતું હતું. આથી અહીં ઉત્તમ અત્તર બનતાં. આજેય તે અત્તર ઉદ્યોગ ઉપરાંત સજનીઓ અને હીરાઉદ્યોગ માટે જાણીતું છે. પાલનપુરના હીરાના વેપારીઓ-ઝવેરીઓ પેરીસ અને આમસ્ટર્ડામ જેવાં જગતનાં મોટા હીરા-બજારોમાં આજે પણ મોટા વેપારીઓ રૂપે મળે. હજીય પાલનપુર તેના નવાબી સમયની છાયાઓ જાળવી રહ્યું છે. પાલનપુરનું નામ દેતાં યાદ આવે સૈયદ બંધુઓ - સુપ્રસિદ્ધ છબીકારો, સૈફ પાલનપુરી જેવા ગઝલકારો અને ચંદ્રકાન્ત બક્ષી જેવા સાહિત્યકાર. પાલનપુર એટલે તો ઇતિહાસથી સમૃદ્ધ અને રંગીલું નગર. અહીં કૉલેજ છે ને નજીકમાં જ સુંદર આશ્રમશાળા છે.

પાલનપુરનું એક દૃશ્ય



બનાસકાંઠા આમ તો સૂકો પ્રદેશ. રણનો કાંઠો નજીક. સરસ્વતી પણ જેમાં લુપ્ત થઈ ગઈ હતી તેવી રેતાળ સીમા. અંગ્રેજ સમયમાં લશ્કરી છાવણીના મથક તરીકે અને હમણાં કેટલાક ઉદ્યોગો તેમ જ નદી પરના બંધ. આચાર્ય સૂર્યકાન્ત પરીખે ઉછેરેલી-વિકસાવેલી સરસ મલ્ટીપરપઝ હાઈસ્કૂલ અને કૃષિ યુનિવર્સિટી વગેરેને કારણે વિકસેલું ડીસા કે જૂના નવાબી ગામ રાધનપુર સિવાય બનાસકાંઠામાં મોટાં મહત્ત્વનાં નગર નથી. હા, એક ઉત્તમ સૌંદર્યધામ છે પાલનપુર નજીકનું બાલારામ. નદીના પૂરથી ઘણું નાશ પામ્યું હોવા છતાં, વૃક્ષોના વિનાશ અને રેતીના પથરાટને કારણે ઘણું મૂળ સૌંદર્ય નાશ પામ્યું હોવા છતાં, હજી બાલારામ એની પ્રાકૃતિક મનોહરિતા ઘણે અંશે જાળવી રહ્યું છે ને પ્રવાસીઓને આકર્ષી રહ્યું છે. હવે તો નવાબના જૂના મહેલમાં સગવડવાળી હોટેલ પણ થયેલી છે. આપણેય વૃક્ષોનાં મૂળમાંથી પ્રગટતાં ઝરણાં, વહેતી નદી, વૃક્ષોનું શાંત-



અંબાજી મંદિર

શીતળ મનોરમ્ય પ્રકૃતિ-સૌંદર્ય માણી આગળ જઈએ તો આવે ગુજરાતનું એક ખૂબ જ મહત્ત્વનું તીર્થધામ અંબાજી.

અંબાજી

નર્મદે ગુજરાતની ઉત્તર સરહદ દર્શાવતાં ગાયેલું :

'ઉત્તરમાં અંબા માત...'

ગુજરાતની ઉત્તર સરહદે, અરવલ્લીની હારમાળાના સર્વોત્તુંગ શિખર અર્બુદગિરિ-આબુની બાજુનો ડુંગર આરાસુર. એ ડુંગર પર માતાજીનું મહિમાવંત સ્થાનક અંબાજી. ગુજરાતનાં અને ભારતનાં પણ પ્રસિદ્ધ માતૃતીર્થોમાંનું મહત્ત્વનું આ શક્તિપીઠ છે.

આરાસુરી અંબાજી એટલે ગુજરાતની બધી જ કોમોના માતાભક્તોનું પરમ શ્રદ્ધા-કેન્દ્ર. જેમ પૂર્વમાં પાવાગઢનાં મહાકાળી તેમ ઉત્તરમાં આરાસુરનાં અંબાજી. બ્રાહ્મણ, વણિક, પટેલ જેવી અનેક કોમો ઉપરાંત જૈનો પણ અંબાજીને ભજે, બાધાઓ રાખે, યાત્રાએ આવે, એટલે અંબાજીમાં અનેક ધર્મશાળાઓ છતાં હંમેશાં ભીડ રહે.

વર્ષો પહેલાં જેણે અંબાજી જોયું હોય તે તો આજનું અંબાજી જોઈ આશ્ચર્યમુગ્ધ બને. મંદિરનું મૂળ સ્થાનક યથાતથ રાખીને આસપાસની વિશાળ જગ્યાને તો આરસે મઢાઈ ગઈ છે. મુખ્ય રસ્તા પરથી મંદિરમાં જવાનો સીધો માર્ગ છે. આગળ છે પગથિયાં. મુખ્ય રસ્તા પર ઊભા રહીને પણ અંબાજી માતાનાં ભાવ-દર્શન થઈ શકે છે.

પાલનપુરથી લગભગ પચાસ કિલોમીટરે ડુંગરાઓમાં આવેલ અંબાજી એટલે મંદિરની આસપાસ વસેલું ગામ. મંદિરને કારણે આવતાં યાત્રાળુઓની સવલતો અને માતાનાં પૂજાપ્રસાદ તથા નાનીમોટી ચીજોનું ત્યાં બજાર. ઉપરાંત આસપાસનાં જંગલોની પેદાશ - લાખ, ખેર, મધ, મીણ, ગૂગળ વગેરેનું અને લાકડાનું પણ ત્યાં બજાર. વળી, 'આરાસુર' નામને અનુરૂપ આરસની તો ઘણી ખાણો અને તેના પથ્થરનો મોટો ઉદ્યોગ. તાંબું પણ નજીકમાંથી નીકળે છે એટલે એ સ્થળની આસપાસના વિસ્તારનો વિકાસ થઈ રહ્યો છે. અલબત્ત જંગલો કપાતાં જાય છે ને ડુંગરો ઉઘાડા થતા જાય છે.

અંબાજી માતાનું ભવ્ય મંદિર - જ્યાં રોજ હજારો યાત્રાળુઓ દર્શનાર્થે આવે છે.

કુંભારિયા








કોટેશ્વરનું મંદિર અને ગૌમુખ

ગબ્બરપર્વત અને
તેના ગોખમાં દીવો






અંબાજીની નજીકની ટેકરી ગબ્બર પણ માતાજીનું સ્થાનક, એટલે યાત્રાળુઓ એનું કપરું ચઢાણ પણ ચઢે. હવે તો યાત્રિકોની સુવિધા માટે રોપ-વેની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. અંબાજીની જ નજીક લગભગ ગામને પાદરે જ જણાય છે કુંભારિયા. મહત્ત્વનું જૈન તીર્થ. ત્યાંના પ્રાચીન જૈન મંદિરોમાંની આરસની કોતરણી દેલવાડાનાં દેરાંની સ્પર્ધા કરે છે. આ સોલંકીકાળનાં અદ્‌ભુત સુંદર મંદિરો છે. તે પાલનપુર અને આબુ વચ્ચેના વિસ્તારમાં ભીમદેવના વિમળમંત્રીએ બંધાવેલાં. સોલંકીસમયમાં પાલનપુર અને આબુના વચ્ચેના વિસ્તારમાં ચંદ્રાવતી નામે સમૃદ્ધ નગર હતું. એ આખું આરસનું બંધાવેલું મનાય છે. વિમળમંત્રી કેટલોક વખત ત્યાં હતા. તે અંબાજીના પણ ભક્ત હતા. તેઓ શૂરવીર અને મુત્સદી તથા સમૃદ્ધ શ્રેષ્ઠી હતા. કુંભારિયા ને દેલવાડામાં તેમણે બંધાવેલાં દેરાં તેમની શ્રદ્ધા અને સમૃદ્ધિની તેમ જ તે કાળની ગુજરાતની કળા-કારીગરીની સાક્ષી પૂરે છે. એ દેરાંની કલાત્મકતા દેશ-પરદેશના પ્રવાસીઓને આકર્ષે છે અને આશ્ચર્ય પમાડે છે.

કુંભારિયાથી થોડેક જ આગળ જતાં આવે કોટેશ્વર - સરસ્વતીનદીનું મૂળ અને ત્યાં કોટેશ્વરના કુંડ આગળથી પહાડના ઢોળાવ પર નિર્ઝરની જેમ સરતી આવતી સરસ્વતીમાં ચાલતાંચાલતાં ગાઢ વૃક્ષાવલિ વચ્ચેના ઉમરાના મૂળમાંથી નીકળતા સરસ્વતીના સ્રોત સુધી જવું તે એક લહાવો છે. કુંડ તથા મહાદેવનું મંદિર રમણીય સ્થાન.

પણ અંબાજીમાં મુખ્ય કેન્દ્ર તો અંબાજીનું મંદિર જ. પુરાણા મંદિરમાં માતાજીનું સ્થાનક. એના પર માના શણગાર થાય ને ચૂંદડીઓ ચઢે. બાજુમાં માનસરોવરના કુંડમાં શ્રદ્ધાળુઓ સ્નાન કરે - બાધા છોડે. મંદિરની આગળના ભાગમાં ચાચર ચોક - ત્યાં ગરબા ગવાય, ભવાઈ રમાય. નવરાત્રિમાં તસુ જગા ન મળે એવી ભારે ભીડ જામે. હવામાં 'જય અંબે'નો નાદ ઘેરાય. વાતાવરણ કંકુવરણું થઈ જાય એવો અહીં મેળો ભરાય. અહીં હવે યાત્રીઓ માટે નવીનવી સવલતોવાળી ઘણી રહેઠાણની વ્યવસ્થાઓ થઈ છે. મંદિરના ટ્રસ્ટ તરફથી યાત્રાળુઓની સવલત માટે ભોજનશાળાઓ પણ ચાલે છે.

મંદિર પુરાણું. અંદરના ગર્ભગૃહમાં માતાનો ગોખ. તેમાં સ્થાનક-મૂર્તિ નહીં. તે પછી મોટા થાંભલાવાળો સભાખંડ. સભાખંડમાં દર્શન કરીએ તો મૂર્તિ નહીં, છતાં વસ્ત્રો-અલંકારોની ગોઠવણીને કારણે સ્વરૂપદર્શન કર્યાનો ભાસ થાય. અંદર મંડપના દ્વારમાં સંવત 1601નો લેખ પણ છે.

અત્યારે આ મંદિરનો જીર્ણોદ્ધાર થઈ ગયો છે. પુરાણા સ્થાનને અને ગોખને જાળવીને, બાકીનું મંદિર નવેસરથી બંધાઈ ગયું છે ને અતિભવ્ય દેવાલયનું નિર્માણ થઈ ગયું છે. ડુંગરાઓ વચ્ચે આવેલા આ ભવ્ય દેવાલયનો પ્રભાવ ખૂબ આકર્ષક બન્યો છે. લોકશ્રદ્ધા જાણે ભવ્ય આકારમાં મૂર્તિમંત થઈ છે. ડાકોરના રણછોડરાયજી મંદિર, શામળાજીના ગદાધર- મંદિર ને સોમનાથના શિવાલયની જેમ એક ભવ્ય દેવાલયનું ગુજરાતની ધરતી પર નિર્માણ થયું છે. અત્યારે તો આપણે સૌ સાથે 'જય અંબે'નો નાદ ગજાવી, આ રાજસ્થાનની સીમારેખાએથી પાછા ફરીએ. પણ આબુ-રસ્તે ને અહીં સુધી આવ્યા જ છીએ તો આબુ જેવા સ્થળનું પ્રાકૃતિક સૌંદર્ય ને તે પરનાં તીર્થસ્થાનો પણ શા માટે બાકી રાખીએ ?



દેલવાડાનાં કલાત્મક દેરાસરો જ્યાં આરસમાં કંડારાયેલી કવિતા સમી અનુપમ શિલ્પ-સમૃદ્ધિ છે.

આબુ

હા, આબુ માટે આપણે પ્રવેશવું પડશે વીસેક કિલોમીટર જેટલું રાજસ્થાનમાં. આબુ આજે રાજસ્થાનમાં છે. આઝાદી પછીની ભાષાવાર રાજ્યરચનામાં તે રાજસ્થાનમાં સમાવાયું, પણ ઐતિહાસિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ તે ગુજરાતનો જ વિસ્તાર લાગે, એટલે ત્યાં જઈએ તો ગુજરાતની બહાર ગયા જેવું ખાસ ન લાગે.

મૂળે આ પરમારોની રાજધાની. પરમાર-સમયના અચલગઢ, કુંડ વગેરે અવશેષો હજી ત્યાં જોવા મળે છે. પણ પછીથી એ ગુજરાતના જ સામ્રાજ્યનો ભાગ બની રહ્યું હતું. વસ્તુપાળ, તેજપાળ અને વિમળમંત્રીએ આબુ પર દેલવાડાનાં અદ્ભુત દેવાલયોનું નિર્માણ કરાવેલું. આજે પણ તે જૈનોનું તીર્થ, પ્રવાસીઓનું આકર્ષણ અને કલાશોખીનોનું કેન્દ્ર છે. આબુમાં કોઈ પણ રજાઓ દરમિયાન જાઓ તો સૌથી વધુ સહેલાણીઓ ગુજરાતી જ જોવા મળે. ગુજરાત સાથે એનો નિકટનો નાતો છે - પોતાપણાનો ભાવ પણ છે.

અંબાજીડુંગરથી ખીણમાં ઊતરીને અવાય આબુ રોડ સ્ટેશને. તેનું જૂનું નામ ખરેડી ને ત્યાંથી સર્પાકાર રસ્તે ડુંગર ચઢી પહોંચાય માઉન્ટ આબુ. આબુ રોડથી અને અંબાજીથી પણ માઉન્ટ આબુની બસો મળે - ને અન્ય વાહનો પણ.

માઉન્ટ આબુ અરવલ્લી પર્વતમાળાનું જ સર્વોચ્ચ શિખર. સમુદ્રની સપાટીથી 6 હજાર કિ.મી. જેટલું ઊંચું. આખો ડુંગર તેની આસપાસનાં વાંસ અને અન્ય વૃક્ષોની ગાઢ ઝાડીને કારણે ખૂબ રળિયામણો લાગે છે - વહેતાં ઝરણાં તેમાં ઉમેરો કરે છે, તો જંગલોનાં વાઘ વગેરે પ્રાણીઓ રોમાંચ પણ કરાવે.

માઉન્ટ આબુ એ અંગ્રેજોએ વિકસાવેલું હવા ખાવાનું સ્થળ ગિરિનગર. તીર્થ તરીકે પ્રાચીન, ઐતિહાસિક દૃષ્ટિએ પણ પરમાર રાજાઓના કેન્દ્ર તરીકે મહત્ત્વનું, પણ હવા ખાવાના સ્થળ તરીકે વિકસાવ્યું અંગ્રેજોએ. અહીં અચલગઢનો કિલ્લો, વસિષ્ઠાશ્રમ, ગુરુશિખર પરનું ગુરુદત્તસ્થાન અને દેલવાડાનાં દેરાં તથા અર્બુદાદેવી વગેરે ખૂબ જૂનાં સ્થાનો છે અને આજેય પ્રવાસીઓનાં આકર્ષણો છે. આબુના સહેલાણીઓ માટે કેન્દ્રમાં આવેલું નખીતળાવ

ગુરુશિખર પરનું ગુરુદત્તસ્થાન





નખીતળાવ પાસે ટૉડ રૉક


- ડુંગર અને બગીચાઓથી ઘેરાયેલું. સહેલાણીઓ તેમાં નૌકાવિહાર કરે છે. તળાવને કાંઠે પહાડ પર દેડકા-આકારનો ટૉડ રૉક દેખાય છે. વળી, કાંઠા પર રઘુનાથજીનું મંદિર. પ્રવાસીઓ તળાવની પાળે હરે-ફરે ને બજારમાંથી અનેક નમૂનાઓ ખરીદે. સાંજે સનસેટ પૉઇન્ટ પર જઈ સૂર્યાસ્તનાં દર્શન કરે. ઠંડી હવા ને રળિયામણા સ્થળને કારણે અહીં જયપુર, બિકાનેર, ભરતપુર, લીંબડી, સાણંદ વગેરે સ્થળોના અનેક રાજાઓનાં આલીશાન નિવાસો - કોઠીઓ છે. ગુજરાતના કેટલાક સંપન્ન લોકોના સ્વતંત્ર માલિકીના બંગલા છે. વૈભવીથી માંડીને સામાન્ય એવી અનેક હોટેલો-લૉજો છે. ગુજરાત સરકાર દ્વારા કરાયેલી સવલત ગુજરાત ભવન અને પર્વતારોહણ માટે તાલીમશાળા પણ ચાલે છે. ભૂતકાળમાં ખ્યાતનામ સાહસિક યુગલ ધ્રુવકુમાર અને નંદિની પંડ્યાએ અનેક તાલીમશિબિરો દ્વારા યુવાનોને અહીં પ્રતિવર્ષ પર્વતારોહણની તાલીમ આપી હતી. તેના અનુસંધાનમાં આજે પણ પર્વતારોહણ-કેન્દ્ર દ્વારા પર્વતારોહણ તથા ટ્રેકિંગની પ્રવૃત્તિ અહીં ચાલી રહી છે, જેમાં પણ ગુજરાતના સેંકડો કિશોર-યુવાનો ભાગ લે છે.


પર્વતારોહણ-કેન્દ્રથી થોડે જ આગળ પરમ જૈન સંતનો આશ્રમ છે. તે જ રસ્તો આગળ વશિષ્ઠાશ્રમે જાય ને વચમાંથી જરા બાજુએ વળી મગર ઉછેર કેન્દ્રમાં પણ જઈ શકાય. અહીંથી પાછા ગુજરાતમાં જઈએ તો પહેલાં પ્રાચીન ગુજરાતની ગૌરવગાથા સમાં દેલવાડાનાં મંદિરો પર એક નજર નાખી લઈએ અને યાદ કરી લઈએ એ મંદિરો સાથે સંકળાયેલી એક રસમય કથા.

ગુજરાતના પ્રતાપી તેમ જ વિદ્વાન, શૂરવીર તેમ જ ભાવિક, સત્તાશીલ તેમ જ સમૃદ્ધ એવા વસ્તુપાળ અને તેજપાળ ગુજરાતના વાઘેલા રાજાઓના જૈન મંત્રીઓ સહકુટુંબ સૌરાષ્ટ્રનાં તીર્થોની યાત્રાએ નીકળ્યા. પ્રવાસમાં ઝાઝું ધન સાથે રાખવું અગર તેને સૂના ઘરમાં રેઢું મૂકવું જોખમકારક એટલે વધારાનું ધન ભોંયમાં ભંડારી રાખવા ખાડો ખોદ્યો, તો તેમાંથી અગાઉ કોઈએ દાટેલા સુવર્ણ ભરેલા ચરુ મળ્યા. આ આકસ્મિક પ્રાપ્ત ધનનું કરવું શું ? તેજપાળનાં વિચક્ષણ અને સંસ્કારમૂર્તિ સમાં પત્ની અનુપમાદેવીએ કહ્યું : 'લક્ષ્મીને આમ દાટી રાખીએ તો તેના આ જ હાલ થાય. કોની લક્ષ્મીને કોના હાથમાં આવી !' ને આ સૂચનના અમલ-રૂપે બંધાયાં દેરાસરો - દેલવાડા-શત્રુંજય-ગિરનારનાં.

આબુપર્વત પર દેરાં બંધાય. કુશળ શિલ્પીઓ આરસમાં ઝીણું નકશીકામ કરે - સંગેમરમરને મીણની જેમ આકારે... પણ આબુ પર ઠંડી કાતિલ. અનુપમાદેવીએ કલાકારો-કારીગરોને સગવડો આપી - ચોપાસ ભઠ્ઠા ને ચાંદીની સગડીઓ મુકાવી. કહેવાય છે કે કોતરી કાઢેલી પથ્થરની ભૂકીની ભારોભાર સુવર્ણનું મહેનતાણું આપ્યું, તો કલાકારોએ આ દેવાલયોમાં ભક્તિપૂર્વક કલા રેડી. બહારથી સાદાં લાગતાં આ મંદિરો અંદરથી જોતાં જ તેની ભવ્યતા ને કલામયતાથી આપણને ચકિત કરી દે છે. સ્તંભો અને કમાનો, ઘુમ્મટો અને ગોખની તસુએ તસુ જગા કલાખચિત છે. એમાં દેવો અને અપ્સરાઓની, નર્તકો અને યોદ્ધાઓની, પ્રાણીઓ-પંખીઓ, ફૂલો અને વેલીઓની, ભૌમિતિક આકૃતિઓ કે કથાપ્રસંગોની જે લીલા વિસ્તરી છે તે પ્રત્યેક મંદિરને દિવ્યલોક સમું બનાવી દે છે. વસ્તુપાળ અને તેજપાળની પત્નીઓના નામના બે ગોખ દેરાણી-જેઠાણીના

આબુનું એક આકર્ષણ : નખીતળાવ





દેલવાડાના દેરાસરની છત ઉપરની અદ્‌ભુત કોતરણી

ગોખને નામે ઓળખાય છે. તે ગોખમાંની ઝીણી કોતરણી તો ભલભલાને હેરત પમાડે છે. આરસના પથ્થરને મીણની માફક કોતરીને નિર્મેલું આવું સૌંદર્યવિશ્વ ભાગ્યે જ અન્યત્ર જોવા મળે છે. આથી જ તે ભારતમાં જ નહીં, વિશ્વભરમાં કીર્તિમંત છે અને આ દેશના જ નહીં, અનેક દેશોના પ્રવાસીઓને આકર્ષે છે. આ મંદિરોની કલા અને સુઘડતા, સ્વચ્છતા અને શાંતિ નમૂનેદાર છે. માત્ર મંત્રીઓએ બંધાવેલાં દેવળ જ નહીં, કલાકારોએ પોતાના આરામના સમયનો ઉપયોગ કરીને પોતાના તરફથી કારીગરોની યાદગીરી તરીકે બંધાવેલું એકલા પથ્થરનું દેવળ પણ સુંદર છે.

દેલવાડાથી આગળ જતાં કપરી જગાએ સદીઓ પહેલાં બંધાયેલો પરમારોનો અચલગઢ જોવા જવાય. રસ્તામાં અધ્ધરદેવીને તળે ઓળખાણી દેવી અર્બુદાનાં દર્શન ટેકરી ચઢીને કરી શકાય. અચલગઢ પાસેનો ત્રણ મહિષોની પ્રાચીન મૂર્તિઓવાળું સરોવર દંતકથા સંભળાવે, તો ગુરુ-શિખર પર તો હવે છેક ટોચ સુધી વાહનમાં જવાની સગવડ છે. નખીથી દેલવાડા જતાં પહેલું જ જે રમણીય સ્થાન આવે છે તે બ્રહ્માકુમારીને નામે ઓળખાતી વિશિષ્ટ આધ્યાત્મિક પ્રવૃત્તિનું મુખ્ય કેન્દ્ર - તેના વિશાળ હૉલની રચના, બગીચા, ધ્યાનખંડો, નિવાસો - બધું જુદા જ વાતાવરણમાં લઈ જાય છે. એની સ્થાનરચના તેમ જ પ્રવૃત્તિ તેને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ આપે છે.

સાહસિકો માટે આબુ પર પાછલી બાજુએથી ચઢવાનો એક સીધા ચઢાણવાળો માર્ગ તળેટીમાંના અનાદરાથી જાય છે. હવે તે અભયારણ્ય હોઈ – વસતા વાઘ, દીપડા, ઝરખ, રીંછની વસ્તી પણ જરૂર આકર્ષે ! ને હવે... અર્બુદગિરિનાં શિખરો, વનો, સરોવરો, મંદિરોનાં સ્મરણોને મનમાં-હૃદયમાં ભરી લઈને જઈએ પાછા ગુજરાત ! આબુથી અમીરગઢ આવતાં જૂની ચંદ્રાવતીનગરીના વિસ્તારમાંથી પસાર થતાં જાણે ઇતિહાસનાં પાનાં પરથી પસાર થઈ ભૂતકાળમાંથી વર્તમાનમાં આવતા હોઈએ એવી લાગણી થાય છે. બનાસકાંઠા, બનાસ નદી પરનો દાંતીવાડા બંધ-કૃષિ યુનિવર્સિટીનું વડું મથક - ડીસાનું ધરણીધરમંદિર - જિલ્લાનું મહત્ત્વનું મથક જૂનું નવાબી ગામ રાધનપુર - ને સાંતલપુર થઈ પ્રવેશીએ ભૌગોલિક રીતે વિશિષ્ટ ખંડ એવા કચ્છમાં ! નહીં તો થરાદ થઈ આગળ જઈશું તો પહોંચી જઈશું પાકિસ્તાનમાં. સાવ નજીક છે સીમારેખા.

દેલવાડાના મંદિરમાં સુંદર પ્રતિમાઓ





કચ્છ

શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,
ચોમાસે વાગડ ભલો, કછડો બારે માસ.

આમ તો કચ્છ કહીએ એટલે રણનું જ સ્મરણ થાય. તો આ તો કહે છે - કછડો બારે માસ રળિયામણો. કેવોક છે આ કચ્છ પ્રદેશ ?

ભૌગોલિક દૃષ્ટિએ ગુજરાતના અન્ય જિલ્લાઓથી અલગ પડી ગયેલો લાગે તેવો કચ્છ જિલ્લો વિસ્તારની દૃષ્ટિએ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો - પણ વસ્તીની દૃષ્ટિએ નહીં. તેનો મોટો ભાગ રણપ્રદેશ એટલે વસ્તી આછી અને ઓછી હોય તે સ્વાભાવિક. કચ્છની ભૂમિ, તેનો ઇતિહાસ, તેનાં ભાષા અને સંસ્કૃતિ ગુજરાતનાં જ છતાં અનેક રીતે વિલક્ષણ અને આગવાં છે. કચ્છને પોતાનું એક આગવું વ્યક્તિત્વ છે. સિંધ અને ગુજરાતની સીમા પરનો આ પ્રદેશ તેની ભાષા ને પોશાકોમાં ઉજાસની અસર દર્શાવે છે.

'કચ્છ' એટલે સંસ્કૃત અર્થમાં બેટ. પ્રાગૈતિહા
કાળમાં ક્યારેક વચમાંથી જતાં ભૂમિ સાથે સંકળાયેલો
ભાગ ક્યારેક બેટ જ હશે એવી પ્રતીતિ એ સમુ
ખાડીવાળો ભાગ આજે પણ ઓળંગતાં થયા વગર ર
નથી. ભરતીના સમયે ગુજરાતની તળભૂમિ અને ક
વચ્ચેનો ઓછા ઊંડાણવાળો રેતાળ ભાગ પાણીથી છવ
જતાં આજેય સમુદ્રદર્શનની ભ્રાંતિ ઊભી કરે. 'કચ્છ'
ઉલ્લેખો પુરાણકાળ જેટલા જૂના છે. આજે તો એનું મહ
તે પાકિસ્તાની સીમા સાથે સંલગ્ન હોઈ રાજદ્વારી અ
લશ્કરી દૃષ્ટિએ ઘણું વધી ગયું છે. કચ્છની લોકસંસ્કૃતિ
અને તેના ઇતિહાસની રોમાંચક ઘટનાઓની ત્યાંના રા
રાજાઓ અને મેકરણદાદા સમા સંતો તથા જવાંમર્દો
બારભાયાના રાજનો પ્રયોગ, મરદાનગીભર્યો આગેવા
ફતેહમામદ આરબ અને વિખ્યાત કસબી રામસિંહ માલ
- એ બધાની રંગભરી દાસ્તાનો કચ્છની લોકકથાઓ અ
ઇતિહાસોમાં ભરેલી-સંગ્રહાયેલી છે. દુલેરાય કારાણી અ
રામસિંહજી રાઠોડના ગ્રંથોએ કચ્છની ભાતીગળ સંસ્કૃ
જાળવી - પ્રગટ કરી આપી છે. કચ્છને જાણવો હોય તો અ
ગ્રંથો જરૂર વાંચવા જોઈએ.

પણ આપણે તો આ વર્તમાન કચ્છનો પરિચય કરવ
નીકળીએ. તેને પશ્ચિમ કાંઠે - લગભગ ભારતને છેક છેડે એ
પવિત્ર અને રમણીય - પુરાણપ્રસિદ્ધ સ્થળ નારાયણસરોવર
આ સ્થાનનો પુરાણોમાં ઉલ્લેખ છે. કચ્છ જિલ્લાના મુખ્
મથક ભુજથી લગભગ 125 કિલોમીટર દૂર નારાયણસ
ગામ આવેલું છે. ગામ પાસે નારાયણસરોવર છે. વિશા
પણ બહુ ઊંડું નહીં. યાત્રાળુઓ તેમાં શ્રદ્ધાપૂર્વક સ્નાન કરે
છે. ગામની મધ્યમાં સાત મંદિરો છે ને ફરતો કોટ છે.
લક્ષ્મીનારાયણ અને ત્રિકમજી ઉપરાંત આદિનારાયણ અને
ગોવર્ધનનાથ તેમ જ દ્વારકાનાથ અને લક્ષ્મીજીનું મંદિર પણ
છે. પાછળથી અહીં કલ્યાણરાયનું મંદિર પણ બંધાયું છે.
નજીકમાં જ બીજું મહત્ત્વનું સ્થળ છે દરિયાકાંઠે આવેલુ
કોટેશ્વર. ટેકરા ઉપર કોટેશ્વરનું મંદિર ઉપરાંત નીલકંઠનું
મંદિર પણ છે.

તીર્થની વાત કરીએ તો કચ્છની દક્ષિણે સમુદ્રકાંઠે
આવેલું ભદ્રેશ્વર પણ સ્મરી લઈએ. ભદ્રેશ્વર પુરાતન જૈન



કચ્છનું ભાતીગળ લોકજીવન

મંદિર હતું. કાળક્રમે તે ખંડિત થતાં સંવત 1315માં કચ્છના જ એક દાનવીર શેઠ જગડુશાએ તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો. ત્યારથી તે જગડુશાનાં દેરાં (વસહી) તરીકે ઓળખાય છે. તે પછી પણ આ મંદિરોમાં અવારનવાર ફેરફારો થયા કર્યા હોઈ તેની પ્રાચીનતા નષ્ટ થઈ છે. પણ સુંદર મંદિર, પવિત્ર સ્થાન અને રમણીય સ્થળ તરીકે ભદ્રેશ્વર યાત્રીઓ-મુલાકાતીઓથી ભર્યું રહે છે. ત્યાંનાં સરસ હવાપાણીને કારણે પણ આ સ્થળ આકર્ષક બની રહે છે.

આમેય કચ્છ પ્રાચીન સમયથી વિકસતું સ્થળ - એટલે ત્યાં પૌરાણિક સમયથી મંદિરો-તીર્થો તો હોય જ. ભચાઉની ઉત્તરે કંથકોટમાંનું સૂર્યમંદિર, સ્થળે-સ્થળે અન્ય દેવળો અને મસ્જિદો વગેરે હજી અવશેષ કે ખંડેર-રૂપે અન્ય ઐતિહાસિક સ્થળોનાં અવશેષો ને ખંડેરો સાથે ઊભાંઊભાં કચ્છના અતીતની એંધાણીઓ રૂપે પ્રત્યક્ષ થાય છે.

કચ્છનું મુખ્ય મથક છે ભુજ. સંવત 1650થી કચ્છની રાજધાની રહેલ આ નગરને તેનું નામ ભુજંગ-નાગની લોકકથા સાથે સંકળાયેલી ઘટના પરથી મળ્યું છે. ભુજ એક ડુંગરની તળેટીમાં છે - જે ભૂજિયા ડુંગર તરીકે ઓળખાય છે. ભૂજિયો ડુંગર ભુજંગ એટલે નાગનું સ્થાનક મનાય છે. ડુંગર ઉપર નાગનું દેવળ પણ છે. લગભગ 500 વર્ષ પુરાણા આ નગરના ઈતિહાસમાં અનેક મહાન રાજવીઓ-સરદારો થઈ ગયા. તેમણે ઘણાં ઈમારતો-મંદિરો બંધાવ્યાં, જેમાંનાં આજે પણ ઘણાં જોઈ શકાય છે. તેમાં મુખ્ય છે રામસંગ માલમે પરદેશથી કાચની કલા શીખી લાવીને બાંધેલો આયનામહેલ, મહારાવ લખપતજીની સુંદર કોતરણીઓવાળી છત્રીઓ, વીર જમાદાર ફતેહમામદ આરબનો હજીરો વગેરે. પણ ખાસ જોવાલાયક છે તેનું તળાવ અને તેમાં માઈલો દૂરથી પાણી લાવવા માટે ડુંગરની ધાર પર થઈને આવતી જૂની ભૂગર્ભ નહેર. આ નહેરનું બાંધકામ જૂના સમયના સ્થપતિઓનાં વિદ્યાકૌશલ્યનું સરસ સ્મારક છે. તળાવ નજીક થયેલો નેહરુ બાગ અને સ્વામિનારાયણ મંદિર વગેરે ભુજની શોભામાં વધારો કરે છે.

ભુજ ડુંગરાળ ભૂમિમાં વસેલું ઊંચાનીચા ચઢ-ઊતરવાળા ને વાંકાચૂકા રસ્તાઓવાળું પણ સરસ હવાપાણીવાળું શહેર છે. શહેરને જૂનો કોટ છે. મૂળ નગર અંદર છે, તો આધુનિક વિકાસના પરિણામે પ્રાપ્ત રેલવે સ્ટેશન, કૉલેજ, અન્ય સરકારી સંસ્થાઓ, એસ. ટી. મથક વગેરે કિલ્લાની બહાર છે. સીમાંત નગર તરીકે પણ તેનું મહત્ત્વ હોઈ લશ્કરી છાવણી અને એરોડ્રોમ વગેરે પણ અહીં વિકસ્યાં છે. તેના જૂના સાંકડા ભીડવાળા બજારમાં અંજાર વગેરેથી આવતી લોખંડની ચીજો - છરી, ચપ્પુ, સૂડી, કાતર તેમજ કચ્છી વણાટના ધાબળા, ભરતકામવાળાં વસ્ત્રો અને ખાસ તો અહીંથી મોટા પ્રમાણમાં બહાર જતી અજરખી - હાથછાપની ચાદરો-લુંગીઓ વહોરતા ગામેગામના વેપારીઓ અને પ્રવાસીઓ જોવા મળે છે. થોડેક દૂરના ખાવડા બેટના ઢોરઉછેર ઉદ્યમના પરિણામે અહીં માવો ને માવાની મીઠાઈ સારી ને સસ્તી મળે છે. ખાસ તો માવામાં ગુલાબનાં ફૂલો મેળવીને બનાવેલો ગુલાબપાક અહીંની વિશેષતા ગણાય છે. ભુજ જોવા-ફરવા-રહેવા લાયક શહેર છે. નવરાત્રિમાં ત્યાં જાઓ તો ચોકે-ચોકઠે ગરબાઓની રમઝટ અને દશેરાને દિવસે ફતેહમામદનો ઉર્સ જોવા મળશે. વિખ્યાત ફોટો-કળાકાર લાલજીભાઈ પોમલનો સ્ટુડિયો પણ જોવાશે. બાકી પુરાણી વાતોને આધારે અહીં નાટ્યશાળાઓ કે કવિતા છંદ અને વ્યાકરણની પાઠશાળાઓ - જેને માટે એક સમયમાં ભુજ ખૂબ પ્રસિદ્ધ હતું તે શોધવા જશો તો સ્મરણો સિવાય કશું નહીં જડે. સંતભક્તિથી મેકરણદાદાનું સ્થાનક જોઈ શકાશે ખરું. બાકી તો અન્યત્ર તેમ અહીં પણ અતીતના અવશેષો અને અર્વાચીન વિકાસના નવા નિર્માણની મિશ્ર સંસ્કૃતિનું જ દર્શન થાય. અહીં રાજકુટુંબોની સમાધિઓનો વિસ્તાર સુંદર શિલ્પ-સ્થાપત્યવાળી છત્રીઓથી શોભતો - પણ થોડા જ સમય પહેલાં થયેલા ભૂકંપે કરેલી તારાજીને કારણે બધી ઉત્તમ છત્રીઓ ધરમૂળથી જમીનદોસ્ત થઈ ગઈ છે. તે કેવી હતી તે જોવા ફોટોગ્રાફ મેળવવા પડે અથવા ત્યાંનાં દૃશ્યોવાળી ફિલ્મ જોવી પડે !

જોકે ભુજની નગરરચનાને પુરાણાં સ્થાપત્યો-રાજમહેલ, સ્થાપત્યના સુંદર નમૂનાસમું સંગ્રહસ્થાન, ચાંદીના તારની ફિલિગ્રીની કળાના ઉત્તમ નમૂના નિપજાવતું ચાંદીબજાર - આ બધાંની વાત કરતાં એ બધાં પર પોતાનો પ્રચંડ વિનાશક પંજો પછાડનાર ને નગરસમસ્તમાં વર્ણવી ન શકાય તેવી તબાહી પાથરનાર ભૂકંપની વાત કેમ વીસરી શકાય ? આજનું ભુજ તો વિનાશમાંથી વળ ખાઈને બેઠું થવા મથતું ઘાયલ ભુજ છે ! જેણે ભચાઉ જેવાં આખાં ને આખાં ગામ ભરખી લીધાં એ ધરતીકંપનાં પશ્ચાત્ કંપનો હજીય કુદરતના કોપ પછી ઝઝૂમતા જીવતા કચ્છવાસીઓનો કેડો મૂકતાં નથી, છતાં ભુજ એ ભુજ એ ભુજ છે. ઈતિહાસથીય પુરાણા સમયથી માંડીને આજ પર્યંતનાં ભક્તિનાં, દાનનાં, પુરુષાર્થનાં, સમરાંગણોનાં અનેક સ્મરણોના ચંદરવા સમું ભુજ ! કચ્છનું કેન્દ્રવર્તી નગર !

ભુજથી ઉત્તરે કોટાય પાસે કોટ્યર્કમાં સૂર્યમંદિર અને



જમાદાર ફતેહ મહમ્મદ

ફતેહ મહમ્મદ જમાદાર 1803થી પોતાના જીવનના અંતિમ દિવસ 5 ઑક્ટોબર 1813 સુધી કચ્છમાં સત્તાસ્થાને રહ્યો. જમાદાર ફતેહ મહમ્મદમાં અપાર મહત્ત્વાકાંક્ષા અને જબ્બર દેશાભિમાન હતાં. કચ્છના વિકાસ માટે તેણે ઘણું-ઘણું કર્યું. લખપત અને ફતેહગઢના કિલ્લા બંધાવ્યા. માંડવી, તુણા અને લખપત-બંદરનો વિકાસ કરાવ્યો, જેને કારણે કચ્છમાં વ્યાપારક્ષેત્રે ઘણો જ વિકાસ સાધી શકાયો.

ભદ્રેશ્વરનું દેરાસર





આશાપુરા માતાનું મંદિર



હમીરસર તળાવ

શિવમંદિરના અવશેષો - તેમની એક વખતે કેવી જાહોજલાલી હશે તેનો ખ્યાલ આપે છે. કોટાય કાઠીઓની વસાહતનું મુખ્ય મથક હતું. કાઠીઓ પશુપાલકો તેમ જ સમર્થ યોદ્ધાઓ હતા. બન્નીના ઘાસના ભંડાર સમા ઉચ્ચપ્રદેશમાં તેઓ ફૂલ્યાફાલ્યા. એ સૂર્યપૂજકોએ જ પ્રથમ કોટ્યર્કમાં સૂર્યમંદિર બંધાવ્યું હતું. કોટાયની પડખે જ અણગોરગઢમાં પ્રાચીન શિવમંદિર છે. આ બંને મંદિરોના અવશેષો ઉત્કૃષ્ટ ભારતીય શિલ્પ-સ્થાપત્યના નમૂના છે. તેમના બહારના ભાગમાં કંડારાયેલી સુંદર પ્રતિમાઓ કાળના ઘસારાથી ઘસાઈને અવશેષરૂપે જ રહી છે, છતાં સુવર્ણકાળની સુંદરતા અને ભવ્યતાની તે ઝાંખી કરાવે છે.

કોટાયથી દક્ષિણપૂર્વ થોડે નીચે હબાય વિસ્તારમાં હબા-ડુંગર પાસે સંત મેકરણદાદાની સમાધિ છે. દાદા મેકરણના બે સાથીઓ હતા : લાલિયો ગધેડો ને મોતિયો કૂતરો. મોતિયો રણમાં ભૂલા પડેલા મુસાફરોને શોધી કાઢતો ને પછી લાલિયા પર ગોઠવાયેલી પાણીની મસકો ને ખાવાનું લઈ જઈ તે મુસાફરોને પહોંચાડતો ને મુસાફરોને ઉતારે લઈ આવતો. મેકરણદાદા અને તેમની ભક્તિરચનાઓ વિશે કેળવણી અધિકારી શ્રી લક્ષ્મીશંકર જોષીના સંશોધનલેખ વાંચવા જેવા છે.

મેકરણદાદા, લાલિયો અને મોતિયો



ભુજથી દક્ષિણે 20 કિલોમીટર પર કેરા ગામમાંના પ્રાચીન શિવાલયની શિલ્પસમૃદ્ધિ પણ અદ્‌ભુત છે. આ મંદિર કચ્છના લોકપ્રસિદ્ધ પ્રતાપી રાજવી લાખા ફુલાણીના સમયનું કહેવાય છે. પરાક્રમી લાખા ફુલાણી વિશે લોકસાહિત્યમાં અનેક કૃતિઓ રચાઈ છે તેમ જ નાટકો પણ રચાયાં છે અને તેની ફિલ્મ પણ ઊતરી છે.

ભુજથી પૂર્વે - દક્ષિણે અંજાર છે. ભુજ પછી તે બીજું મહત્ત્વનું મથક છે. પાણીદાર છરી-ચપ્પાં ને સૂડીઓના ઉદ્યોગ માટે તે જાણીતું છે. ત્યાંનું જળેશ્વરનું પ્રાચીન અને કોતરણીથી ભરચક શિવાલય તથા જેસલ-તોરલની સમાધિ વિખ્યાત છે.

કથા જાણવા જેવી, રોમાંચક તેમ જ જ્ઞાનયુક્ત અને પ્રેરક છે. લોકકથા કહે છે : 14મી સદીના મધ્યસમયની વાત. જેસલ પ્રબળ પરાક્રમી ને શક્તિશાળી લૂંટારો - સ્વચ્છંદી અને નિરંકુશ. કારણે-અકારણે લોકોને રહેંસી નાખવા એ તેને મન રમતવાત. પરાક્રમના અભિમાને, શક્તિના ગર્વે, વિજયના કેફે તે ઉત્તરોત્તર બેફામ બનતો જાય છે. લૂંટારુઓ પણ જેની આમન્યા રાખે તેવાં ધોરણોને પણ તે અહંકારના અંધાપામાં કોરાણે મૂકે છે - કુંવારી જાન લૂંટે છે, મોડબંધાને હણે છે, વનના મોરલા મારે છે. તેની આક્રમકતાનો કોઈ આરો નથી, કોઈ આડશ નથી.

આ જેસલની ઇચ્છાને અંત નથી. જે ગમી જાય તે ઝૂંટવીને લેવાની તેને આદત. ને એક વાર તેને ગમી ગઈ કાઠિયાવાડના સલડી ગામના સુપ્રસિદ્ધ કાઠી ભગત સાંસતિયાજીની પાણીદાર ઘોડી 'તોરી' ને તે સાથે જ તેણે જેની ખૂબ પ્રશંસા સાંભળી હતી તે સાંસતિયાજીની અનુપમ રૂપવતી પત્ની તોરલ ! જેસલની દાઢ સળકી ને ગમતાંને ઘેર લાવવા તે વિવશ બન્યો. એક રાત્રે...

સાંસતિયાજીને ઘેર જાગ હતો. ભક્તમંડળ ભજનપૂજનમાં મગ્ન હતું ત્યારે જેસલ છુપાઈને સાંસતિયાજીની ઘોડારમાં પહોંચ્યો. અંધારામાં અજાણ્યા આદમીના આગમનથી જાતવાન ઘોડી ચમકી ને જમીનમાંથી ખીલો ખેંચીને ખીલા સહિત ભાગી ગઈ ભગત પાસે. તો સાંસતિયાજીનો રાવત વ્યાકુળ ઘોડીને શાંત પાડીને પાછો

ઘોડારમાં દોરી લાવ્યો ને ખીલો પાછો જમીનમાં ખોડવા લાગ્યો, ત્યાં અચાનક અજાણતાં ખીલો ખોડાઈ ગયો ઘાસમાં છુપાઈ રહેલા જેસલના હાથ પર ને જેસલ જડાઈ ગયો જમીન સાથે ! પણ નામર્દ દેખાવાના ડરે તેણે ન પાડી ચીસ કે ન કર્યો ચિત્કાર. ભયંકર વેદના સહન કરતો તે ત્યાં જ પડ્યો રહ્યો.

સાંસતિયાજીની પૂજા પૂરી થઈ. પ્રસાદ વહેંચાયો, પણ થોડો વધ્યો. આશ્ચર્ય, કારણ કે એ સ્થાનકનો પ્રભાવ જ એવો હતો - વગર માપે કરેલો પ્રસાદ પણ સૌને બરાબર વહેંચાઈ રહે. હાજર હોય એ સૌને પહોંચે. ન ઘટે કે ન વધે. તો આ વધ્યો કોના ભાગનો ? ત્યાં ઘોડારમાંથી ઘોડીના ધમપછાડા સાંભળી સાંસતિયાજી ઘોડારમાં ગયા. તેમણે જમીન સાથે જકડાયેલા જેસલને જોયો. તેની સહનશક્તિથી તે છક થઈ ગયા. તેને ત્યાંથી મુક્ત કર્યો ને સાંસતિયાજી અને તોરલે તેની સરભરા કરી. પણ જેસલ જેનું નામ. સવાર થયે ઈચ્છા વ્યક્ત કરી તોરી ઘોડી અને તોરલને લઈ જવાની. સૌને આઘાત લાગ્યો, પરંતુ સાંસતિયાજી તો સાચા સંત. તેમના ભક્ત હૃદયે શરત મૂકી : જેસલ ભક્તિમાર્ગે વળે તો તેની માગણી તે પૂરી કરશે. જેસલે ઈચ્છાના અનિરુદ્ધ દબાણને વશ થઈ તે શરત સ્વીકારી. સંતે વચન પાળ્યું ને ઘોડી અને પત્નીને આપીને જુલમી ભારાડી જેસલને ભક્તિમાર્ગે વાળવાનો અને ઉદ્ધારવાનો ઇલમ કર્યો.

- ને જેસલ - તોરલરાણીને લઈને ચાલી નીકળ્યો.

પણ સંતની નિષ્કામ ઉદારતા દીઠી તેમ સતીનો પરચો બાકી હતો. કાઠિયાવાડથી કચ્છ આવતાં સમુદ્રની ખાડી ઓળંગવી પડે. જેસલ-તોરલ વહાણમાં ચઢ્યાં. પણ મધદરિયે પ્રચંડ વંટોળ ઊઠ્યો. વિનાશક વાવાઝોડું ફૂંકાયું. વહાણ પ્રચંડ મોજાં પર ફંગોળાવા લાગ્યું અને ડૂબુંડૂબું થઈ ગયું. ચોપાસથી




ઘાસની ગંજીમાં છુપાયેલો જેસલ જાડેજા

ભીંસાતું મૃત્યુ આંખ સામે દેખાતાં ભડ જેસલ પણ ભયભીત થઈ ભાંગી પડ્યો. એની આભાસી વીરતા ઓસરી ગઈ. ભીતરની નિર્બળતા પ્રગટ થઈ. વીર જેસલ ભયથી વ્યાકુળ બની ગયો.

સતી તોરલે આ પારખ્યું અને જીવન-મૃત્યુ વચ્ચેની નાજુક ક્ષણે એણે જેસલને જીવનનું રહસ્ય સમજાવ્યું. સતનો મારગ ચીંધ્યો. જેસલનો હૃદય-પલટો થયો. વાસના-વ્યાકુળ અને સંહારક લૂંટારો સતધર્મી ને સંત બની ગયો. આંખ આગળનાં પડળ ખસી ગયાં ને સતીના શબ્દે પ્રગટાવેલી જ્યોતના તેજમાં તેણે તલવાર મૂકી એકતારો ઉઠાવ્યો ! 'પાપ તારું પરકાશ જાડેજા...' અને 'જેસલ કરી લે વિચાર' જેવાં સુપ્રસિદ્ધ લોકગીતમાં આ કથા ને તોરલની જ્ઞાનવાણી અમરત્વ પામી છે ને ભજનિકોને કંઠે ઘેરઘેર ગુંજી રહી છે.

'...તારી બેડલીને બૂડવા નહીં દઉં... જાડેજા રે...'



કચ્છની કલાત્મક સૂડીઓ

જોકે હવે જોવાશે તે તો ભૂકંપના પ્રચંડ આઘાતમાં લગભગ આખુંય જમીનદોસ્ત થઈ ગયા પછી બેઠું થયેલું નવું અંજાર ! જોકે પેલી જેસલતોરલની સમાધિ અને ત્યાંના રામદેવપીર તથા બાજુમાંનું શિવાલય ભૂકંપની તબાહીમાંથી બચી ગયાં છે. ફરીથી ત્યાં કચ્છી ભરત તથા અન્ય લોકકલાની પેદાશોનાં બજારો શરૂ થયાં છે, પણ તેની કાયા પર ભૂકંપના ઘા અવશ્ય ઓળખાય છે.

ભૂજિયો કિલ્લો



સતિયાની સમાધિમાં ગુંજતા એ સૂરોને હૃદયમાં ગુંજતા રાખી જઈએ માંડવી - કચ્છના પુરાણા બંદરે.

માંડવી ઈતિહાસ જૂનું બંદર. દેશપરદેશથી વહાણો અહીં લાંગરતાં. વહાણોના બાંધકામનો અહીં વિશ્વવિખ્યાત અડ્ડો. સત્તરમા સૈકામાં માંડવીમાં બંધાયેલા વહાણે બ્રિટાનિયાની સફર ખેડેલી. હજીય માંડવી

જેસલ-તોરલની સમાધિ - અંજાર







ઉપર : પ્રાચીન નારાયણ સરોવર
જમણે : કોટેશ્વર

રામસિંહ માલમ

રામસિંહે કચ્છમાં કલાત્મક નકશીકામનો પ્રારંભ કર્યો. તેણે કલાક્ષેત્રમાં 'કચ્છી ઘરાના'ની પ્રતિષ્ઠા કરી. 'કચ્છ વર્ક'ની સંરચના હાથીદાંત અને કાષ્ઠના કોતરકામમાં, રેશમી આરી-ભરતમાં, સ્થાપત્ય - પથ્થરોના વિવિધ નમૂનાઓમાં પ્રસ્તુત થતી રહી. રાજમહેલ તેમ જ મ્યુઝિયમમાં હુન્નરશાળામાં બનેલા મીનાકામના અનેક નમૂનાઓ છે. કચ્છનાં મીનાજડિત ચાંદીનાં આભૂષણો તો દેશભરમાં ખ્યાતિ પામેલ છે.



બંદર તો છે જ. મહત્ત્વ ઓછું થયું હોવા છતાં બંદરેથી મુંબઈ વગેરે શહેરો સુધી સ્ટીમર - સર્વિસ છે. છેક 1872થી તે શરૂ થયેલી. આ બંદરેથી કેટલાક કચ્છી સાહસિકો મુંબઈ ગયા હશે. એમના વ્યાપાર-ઉદ્યોગથી મુંબઈ વિકસ્યું એ કેમ ભૂલી શકાય ? દેશપરદેશમાં તેમનાં થાણાં. મુંબઈની વ્યાપારી સમૃદ્ધિ કેટલેક અંશે કચ્છમાંથી ગયેલા વ્યાપારીઓને આભારી છે તે શોધવા-જાણવા જેવું છે.

કચ્છે ગુજરાતને અનેક મહાપુરુષો આપ્યા છે. આગળના સમયના જગડુશા કે ફતેહમામદ ને લાખા ફુલાણી કે મેકરણદાદાને તો સ્મરીએ તોપણ આ કાળમાંયે શ્યામજી કૃષ્ણ વર્મા જેવા દેશભક્ત, ભગવાનલાલ ઈન્દ્રજી જેવા પુરાતત્ત્વવિદ, જયકૃષ્ણ ઇન્દ્રજી જેવા વનસ્પતિશાસ્ત્રી વગેરે પણ કચ્છની જ દેણ છે. સાહિત્યક્ષેત્રે લોકવાર્તાકાર દુલેરાય કારાણી, સંશોધક રામસિંહજી રાઠોડ કે વાર્તાકાર જયંત ખત્રી વગેરે ઉજમાળાં નામો છે. કચ્છના ઇતિહાસનાં પાનાં શૂરવીરો અને દાનવીરો, રાજવીઓ અને શ્રેષ્ઠીઓ, સંતો અને સતીઓ, વીરો અને વિદ્વાનોથી ભરપૂર છે. એ સુવર્ણપૃષ્ઠોમાં જવાંમર્દી ને વફાદારી, શૌર્ય અને સમર્પણ, માતૃભૂમિનો પ્રેમ, વ્યાપારી સાહસ અને કલાકારીગરીની કુશળતા પ્રાણવંતા અક્ષરે આલેખાયેલ છે. એક સમય હતો જ્યારે કચ્છની પિંગળ અને વ્યાકરણની પાઠશાળાઓ વિદ્વાનો અને વિદ્યાર્થીઓથી ગુંજતી.

રામસિંહ માલમને તૈયાર કરી મહારાવે ખીલવેલો કાચનો કલાત્મક ઉદ્યોગ, ઝીણી ગૂંથણીનું ચાંદીકામ (ફિલિગ્રી), વિશિષ્ટ રીતે રંગેલી બાંધણીઓ ને અજરખીઓ-ચાદરો વગેરેનું રંગાટી-છાપકામ અને લોખંડની ચીજોનો ઉદ્યોગ આજેય જીવંત અને મશહૂર છે. વહાણવટું કચ્છના ખારવાઓના લોહીમાં છે, તો વેપારનાં ઉદ્યમ અને સાહસ કચ્છી વેપારીનો સ્વભાવ છે. મહેલો ને ગઢ, ડુંગરો ને બંદરોનો આ પ્રદેશ આજે પણ બન્નીના ભરતકામને વિદેશમાં પહોંચાડે છે. ઢોર-ઉછેર ને દૂધ-ઉત્પાદનથી ગુજરાતને પોષે છે. લિગ્નાઇટની કીમતી ખાણો સમૃદ્ધિને ખોબલેખોબલે ઠાલવે છે.

અંગ્રેજીમાં 'ફ્લેમિંગો'ને કચ્છી ભાષામાં 'હંજ' તેમ જ 'સુરખાબ' નામે ખૂબ પ્રચલિત પક્ષીઓનાં મોટાં ટોળાં શિયાળાની ઋતુમાં કચ્છના રણવિસ્તારમાં ઊતરી પડે છે અને અહીં આવીને તે પોતાનું નગર વસાવે છે. પોતાનો સંવનનકાળ અહીં વિતાવી, બચ્ચાંઓને ઉછેરી, મીઠાં સ્મરણો સાથે સમય થતાં ચાલ્યાં જાય છે. આ પક્ષીઓ ભારતભરમાં માત્ર કચ્છમાં જોવા મળે છે. આ ઉપરાંત કચ્છનું એક અન્ય વિશિષ્ટ પ્રાણી છે ઘુડખર - જંગલી ગધેડું. ખૂબ ઝડપ ધરાવતું આ પ્રાણી કચ્છના રણવિસ્તારમાં રહે છે. અહીં તેને માટે અભયારણ્ય બનાવવામાં આવ્યું છે. જગતભરમાં 'ઘુડખર' માત્ર કચ્છમાં જ જોવા મળે છે.

કચ્છનું કંડલાબંદર અર્વાચીન પણ ભારતનાં અગત્યનાં બંદરોમાંનું એક બની રહ્યું છે. તે ફ્રી પૉર્ટ છે ને મોટી સ્ટીમરોની આવન-જાવનથી ધમધમે છે. તો ગાંધીધામ અને આદિપુર સિંધથી આવેલા ભાઈઓના વસવાટથી વિકસેલાં છે. આસપાસનો રણપ્રદેશ તેના વિકાસને રૂંધી શક્યો નથી. બન્ની ને ખાવડાના - છેક પાકિસ્તાનની સીમાને અને બીજી બાજુ રાજસ્થાનના રણને સ્પર્શતા - વિસ્તારો સુધી અર્વાચીન વિકાસ-યોજનાઓ પહોંચી ગઈ છે. કચ્છી બોલી તરીકે વિશિષ્ટ રૂપ ધરાવે છે. તેનું સાહિત્ય આગવું છે. એને પોષવા, સંરક્ષવા



કચ્છનું અનોખું વાદ્ય-સુરીન્દા



ગુજરાત સરકારે કચ્છી સાહિત્ય અકાદમીની રચના કરી છે. તે સાહિત્યનાં પોષણ અને પ્રકાશનની વ્યવસ્થા કરે છે.

કચ્છ જિલ્લામાં માંડવીમાં બીચ છે જે ગુજરાતનો અને સંભવતઃ દેશનો એકમાત્ર પ્રાઈવેટ બીચ છે. માત્ર રિસોર્ટના મુલાકાતીઓ આ ખાનગી બીચ પર હરવા-ફરવાની મજા ઉઠાવી શકે છે. અહીં દરિયાનું પાણી પણ ખૂબ જ સ્વચ્છ અને ભૂરું છે. ભારતમાં તદ્દન અનોખો એવો આ બીચ અને રિસોર્ટ તેની અન્ય સુવિધાઓને કારણે ભારતીય અને વિદેશી પ્રવાસીઓને આકર્ષે તેમાં નવાઈ નથી.

અરબી સમુદ્રના કાંઠે આવેલો આ રિસોર્ટ 450 એકરની લીલીછમ વનરાજિ વચ્ચે છે. અહીં હોટેલોમાં હોય છે તેવા રૂમો નથી, પરંતુ મુલાકાતીઓ માટે વૈભવી તંબુઓ છે, જેમાં પાણી, વીજળી, બાથરૂમ સહિતની તમામ આધુનિક સગવડો છે. વન્યજીવોની ઝલક મેળવવા માટે રિસોર્ટની બહાર જવાની જરૂર નથી, કારણ કે પેલેસના વિશાળ કમ્પાઉન્ડમાં નીલગાય, જંગલી કાચબા જેવા પશુપક્ષીઓ છે. એ જ રીતે રિસોર્ટમાં રહીને બીચ પર ક્રિકેટ, વૉલીબોલ, ફૂટબોલ જેવી આઉટડૉર કે ઇનડૉર રમતો રમી શકાય છે.

રિસોર્ટમાં રોકાણ દરમિયાન મુલાકાતી માંડવીનાં જોવાલાયક સ્થળોની મુલાકાત પણ લઈ શકે છે. માંડવી શહેર જૈનધર્મના ભવ્ય શહેર તરીકે પણ જાણીતું છે. અહીં જૈનોનાં 72 જિનાલયો છે. તો માંડવીનું શિપિંગ યાર્ડ વિશ્વનાં ગણતરીનાં શિપિંગ યાર્ડ પૈકીનું એક છે, જ્યાં જહાજો બને છે. દરિયાકાંઠા પરથી પવનચક્કીઓ પણ જોવા જેવી છે.

કચ્છ, ગુજરાતના તળપ્રદેશથી કંઈક છેટો, દૂરનો - વિખૂટા જેવો લાગતો પણ ગુજરાતનો જ અંગભૂત વિસ્તાર છે. તેની આગવી સંસ્કૃતિ - આગવો ઇતિહાસ - પણ ગુજરાતનાં જ સમૃદ્ધ પ્રકરણો છે. એક પાસ સાગર અને બીજી પાસ રણવાળું, ખસી ગયેલા સમુદ્રની ખાડી વચ્ચેની જમીનની સાંકડી નાળથી ગુજરાત સાથે નાળ-સંબંધ જાળવી રાખતું કચ્છ રળિયામણું છે. એની વિદાય લઈને પછી સ્ટીમલૉંચમાં ખાડી પાર કરી બસ પકડીને સૌરાષ્ટ્રમાં દાખલ થઈએ - રાજકોટ જિલ્લામાં થઈને !

વિજયવિલાસ પૅલેસ

કચ્છ જિલ્લામાં માંડવીમાં બીચ છે જે ગુજરાતનો અને સંભવતઃ દેશનો એકમાત્ર પ્રાઈવેટ બીચ છે. ઉનાળાના દિવસોમાં ગરમીથી બચીને દરિયાકિનારાના ઠંડા વાતાવરણમાં રહેવા 1920માં કચ્છના તત્કાલીન મહારાજાએ માંડવી શહેરથી આઠ કિ.મી. દૂર વિજયવિલાસ પૅલેસ બંધાવ્યો હતો. આ પૅલેસ અને તેના વિશાળ કમ્પાઉન્ડમાં હવે માંડવી પૅલેસ રિસૉર્ટ ખુલ્લો મુકવામાં આવ્યો છે. આ રિસૉર્ટમાં બે કિ.મી. લાંબા ખાનગી બીચનો પણ સમાવેશ થાય છે.

કચ્છનો આ વિજયવિલાસ પૅલેસ જોવા જેવું સ્થળ છે. આમિર ખાનની ફિલ્મ 'લગાન' અને દિગ્દર્શક સંજય લીલા ભણશાળીની ફિલ્મ 'હમ દિલ દે ચુકે સનમ'નું કેટલુંક શૂટિંગ આ પૅલેસમાં થયું હતું. પૅલેસમાં મ્યુઝિયમ પણ છે, તે જોવા ઘણા પ્રવાસીઓ આવે છે. હકીકતમાં માંડવી આ પૅલેસ અને તેના દરિયાકિનારા માટે પ્રવાસીઓમાં ઘણું જાણીતું છે.

ડાબે : ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્માનું સ્મારક
નીચે : ભુજનો રાજમહેલ







તસવીર : પ્રાણલાલ પટેલ

સૌરાષ્ટ્ર

સૌરાષ્ટ્ર એટલે રજવાડાંથી રચાયેલો ચંદરવો. ગામેગામ એક રજવાડું. દરેકને પોતાની શોભા - પોતાનાં ગઢ-રાજગઢ-તળાવો-પુલો-મંદિરો-ઈમારતો. દરેકનો આગવો ઈતિહાસ. એક પાસ બાકીના આખા ભારતમાં જેટલાં દેશી રાજ્યો તેટલાં બીજી પાસ એકલા સૌરાષ્ટ્રમાં ! સ્વાધીનતા આવી ત્યારે આ બધાનું એકીકરણ કેમ સધાશે એ મોટો - વિશ્વને વિચારતું કરી મૂકતો કોયડો. ભારતની રાજકીય મુત્સદીગીરી સામેની એક ચેલેન્જની જેમ અંગ્રેજો વારસામાં મૂકતા ગયા ! પણ ભારત પાસે એક હતો ભડવીર મુત્સદી - સરદાર પટેલ ! એણે નકશા પર આંગળી ફેરવી ને જાણે બધા રજવાડી રંગો ઓગળીને એક થઈ ગયા ! પણ સૌરાષ્ટ્રમાં હજીય એ રંગોની રંગછાયાઓ જોવા - સાંભળવા - અનુભવવા મળે ખરી. સૌરાષ્ટ્ર એટલે સાહસિકો-ભક્તો-શૂરવીરો-સાધુઓ-બહારવટિયાની - એ સાહસ અને સમર્પણની ભૂમિ ! રાગ ને ત્યાગ, મૈત્રી ને વેર ત્યાં જોવા મળે તેવાં અન્યત્ર ક્યાંય ન મળે ! ઠેરઠેર અનેક પાળિયા ને દેરીઓ, શૂરાની શૌર્યકથાઓ અને સંત ને સતિયાંની સમર્પણગાથાઓ. આ ભૂમિ જ શૂરાની, સાવજની, બહાદુરોની ને બહારવટિયાઓની. સૌરાષ્ટ્રનો પરિચય કરવો હોય તો વાંચવા જોઈએ મેઘાણીને - એમનાં 'સૌરાષ્ટ્રની રસધાર' અને 'રઢિયાળી રાત' - 'સોરઠ તારાં વહેતાં પા[ણી]' અને 'વેવિશાળ' અથવા એના સાગરકાંઠાને ઓળખવો હો[ય] તો વાંચો ગુણવંતરાય આચાર્યની દરિયાઈ કથાઓ તેમ [જ] એના લોકસાહિત્યને કે દુલા કાગની કવિતાને... અહીં તો કરીશું માત્ર થોડાંક સ્થાનોનો કેટલોક પરિચય... તો પ્રવેશીએ રાજકોટ જિલ્લામાં ને પહેલું જ આવે મોરબી.

મોરબી

મોરબી નાનું પણ સરસ રૂપાળું ગામ. મચ્છુ પર મજાના બે પુલ. એકના છેડે અનુપમ શિલ્પો, તો બીજો છે લક્ષ્મણઝૂલાની યાદ આવે તેવો ઝૂલતો પુલ - થાંભલા વગર તારનાં દોરડાંથી લટકાવેલો. મોરબીનું મનોહર શિલ્પયુક્ત મણિમંદિર તો કળાનો ઉત્કૃષ્ટ નમૂનો છે, તો એના દરવાજા ને ગ્રીન ચોકમાંનું બજાર તેના ઉદ્યમો ને ઉદ્યોગોનો પરિચય કરાવે છે. મોરબીનો મુખ્ય ઉદ્યોગ ઘડિયાળ - જાણે ઘેરઘેર ઘડિયાળનું કારખાનું, તો બીજો ઉદ્યોગ પૉટરીનો. પરશુરામ પૉટરીનું પ્રખ્યાત કારખાનું અનેક પ્રકારની ક્રોકરી બનાવે છે તે જ રીતે ચિનાઈ માટીનાં, ટાઈલ્સનાં પણ સંખ્યાબંધ કારખાનાં. થોડાં વર્ષો પહેલાં મોરબી કહેતાં જ યાદ આવે તેની જળહોનારત. એ આવી ને મોરબીને પ્રચંડ પૂરમાં તાણી ગઈ, પણ વળી પાછું વળ ખાઈને મોરબી ઊભું થઈ ગયું છે.

નજીકમાં નાનકડું ગામ ટંકારા. આમ તો સાવ નાનું ગામ, પણ સ્વામી દયાનંદની જન્મભૂમિ તરીકે તેનું મહત્ત્વ કેમ વીસરાય ? વળી, નજીકમાં વાંકાનેર. નદીની ધાર પર મહારાજાનો જોવાલાયક મહેલ છે. એનું દૃશ્ય ટ્રેનમાંથી પણ સરસ લાગે. મહેલમાં સ્વીમીંગ પુલ છે, સંગ્રહસ્થાન પણ છે. લાકડાનું ઉત્તમ કોતરણીવાળું રાચરચીલું છે. મ્યુઝિયમમાં પથ્થરનાં હથિયારો તેમ જ ચાંદીમાંથી બનાવેલો રથ તથા અન્ય ચીજો જોવાલાયક છે. ઉપરાંત મહારાજાના એક વિશિષ્ટ શોખની યાદગીરી-રૂપે પુરાણી મોટરોનાં મૉડલો (વિન્ટેજ કારનો) મોટો સંગ્રહ પણ છે. વાંકાનેરમાં પણ પૉટરી ઉદ્યોગ વિકસ્યો છે. થોડે દૂર થાનમાં પણ પરશુરામ પૉટરીનું કારખાનું છે.



જમણે: સ્વામિનારાયણ મંદિર - ગોંડલ

પણ ચાલો, આપણે તો જઈએ સૌરાષ્ટ્રના કેન્દ્ર સમા નગરે - રાજકોટ ભણી. સૌરાષ્ટ્રનાં રજવાડાંનું આ કેન્દ્ર. એક સ્વતંત્ર રાજ્ય ને અન્યના પ્રમાણમાં કંઈક મોટું પણ બ્રિટિશ સમયમાં કેન્દ્રવર્તી થાણા તરીકે તેનું મહત્ત્વ વધ્યું. રાજકુમારો માટેની કોલેજ અહીં વિકસી જે હજી પણ છે - અલબત્ત, અર્વાચીન યુગને અનુરૂપ ફેરફારો સાથે. પણ ત્યાં જઈએ તો ત્યાં ભણી ગયેલા કલાપી કે રણજિતસિંહ જામસાહેબ - વગેરે અથવા ત્યાં અધ્યાપકો તરીકે કામ કરી ગયેલા ન્હાનાલાલ કવિ યાદ આવે જ. અલબત્ત, મહત્ત્વની યાદ તો પૂ. ગાંધીજીનો રાજકોટમાં આવેલો કબા ગાંધીનો ડેલો, જેને મ્યુઝિયમ તરીકે સ્થાયી સ્મારક બનાવાયો છે. રાજકોટનું પરું ભક્તિનગર ભક્તિબા સમાં લોકસેવિકાની યાદ અપાવે છે. તો વળી અનેક પૂતળાં ને સંસ્થાઓ - પણ રાજાઓનાં નામ સાથે સંકળાયેલાં હોઈ તેમની સ્મૃતિઓ જાળવી રાખે છે. અર્વાચીન સમયમાં બંધાયેલું શ્રી રામકૃષ્ણ અને વિવેકાનંદનું રામકૃષ્ણ મિશનનું મંદિર ખાસ જોવાલાયક છે. તેવાં જ જોવાલાયક છે બગીચાઓ, બાળક્રીડાંગણો વગેરે. હવે તો રાજકોટમાં રેડિયો ને દૂરદર્શનનાં પ્રસારણકેન્દ્રો છે, તેમ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું વડું મથક પણ ત્યાં છે.

કેન્દ્રવર્તી સ્થાન અને રાજ્યદ્વારી મહત્ત્વને કારણે રાજકોટ ખૂબ વિકસ્યું છે. ઉદ્યોગોનો વિસ્તાર વિકસે છે. સોના-ચાંદીનાં ઘરેણાં માટેનું તો તે મોટું મથક થઈ પડ્યું છે. વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ અને નાનામોટા ઉદ્યોગો તથા ઑફિસો વગેરેને કારણે રાજકોટ ખૂબ ભર્યુંભર્યું શહેર લાગે છે - અને ગતિશીલ.

રાજકોટથી દક્ષિણે 38 કિલોમીટર દૂર વીરપુર સંત જલારામના સ્થાનકને કારણે ખ્યાતનામ બન્યું છે. સંતપુરુષની આ ભૂમિમાં હજીય જાણે તેનો સાત્ત્વિક પ્રભાવ વર્તાય છે. રોજ હજારો ભક્તો-યાત્રાળુઓ અહીંના 'જલાબાપા'ના મંદિરમાં દર્શનાર્થે આવે છે ને સૌને માટે મંડાયેલાં સદાવ્રત - અન્નક્ષેત્રમાં સૌનું સ્વાગત થાય છે. આ લોહાણા જ્ઞાતિના ભક્ત જલારામના ભક્તોમાં મુખ્યત્વે લોહાણા ઘણા - પણ તે ઉપરાંત આખા ગુજરાતમાંથી અનેક જાતિ-જ્ઞાતિના ભક્તો અહીં આવે છે ને સંત જલારામના અનેક પરચાની વાતો શ્રદ્ધાપૂર્વક સાંભળે ને સંભળાવે છે. સૌરાષ્ટ્રમાં ચાલતાં અનેક અન્નક્ષેત્રોની જેમ અહીં પણ વિનામૂલ્યે અન્નક્ષેત્ર ચાલે છે.



મણિમંદિર - મોરબી

તાજમહાલ શાહજહાંના અદ્ભુત માનસનું દર્શન કરાવે છે. મોરબીનું મણિમંદિર એવી કોઈ વિરલ ઊર્મિઓમાંથી ઘડાયું છે એમ એનો ઈતિહાસ કહે છે. અજબ વસ્તુસંકલના અને સુરૂપતા સાચવીને, એક કાલ્પનિક દૃશ્ય ખડું કરી આપતું આ મંદિર સૌરાષ્ટ્રની એક પ્રેમકથાનું પ્રતીક છે. મોરબીના રાજવી વાઘજી ઠાકોરે પોતાનાં પ્રણયપત્ની મણિબાઈની યાદગીરીમાં પોતાના હૃદયની સુકુમારતા અહીં ઠાલવી છે.

ગોંડલ

વીરપુર જતાં માર્ગમાં આવે. ગોંડલમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું વિશાળ મંદિર છે. તેના મૂળ મંદિરની આસપાસ અદ્યતન ઢબે જે નવું બાંધકામ કરવામાં આવ્યું છે તે ખૂબ ભવ્ય અને પ્રેક્ષણીય છે. અહીં ભુવનેશ્વરી શક્તિપીઠ, તે દ્વારા સંચાલિત ગ્રંથાલય તથા આયુર્વેદિક ફાર્મસી પણ છે. કોલેજ છે ને સૌથી વધુ નોંધપાત્ર તો છે અહીંના સાદાઈના ને સેવાભાવનાના અવતાર સમા દરબાર ભગવતસિંહજી. એમણે અનેક પ્રજાકીય કામો કરાવેલાં. તેઓ રાજા હોવા છતાં ખૂબ સાદાઈથી રહેતા તેઓને ગુજરાતી ભાષાના વિકાસમાં ખૂબ રસ હતો એટલે તેમણે જ અદ્વિતીય અને 'વિરાટ શબ્દકોશ' ભગવદ્‌ગોમંડલ તૈયાર કરાવેલો જેમાં લગભગ પોણા ત્રણ લાખ શબ્દો સમાવાયા છે.

મહારાજા ભગવતસિંહજી

ગોંડલના મહારાજા ભગવતસિંહજી કુશળ શાસક હતા. તેમણે પોતાના રાજ્યને બેનમૂન બનાવ્યું હતું. આ ઉપરાંત તેઓ ગુજરાતી ભાષાના મોટા સંવર્ધક હતા. એમની કીર્તિને ચિરંજીવ બનાવતું કાર્ય તો 'ભગવદ્‌ગોમંડલ' નામના કોશનું છે. કોશના સંપાદનનું કાર્ય છવ્વીસ વર્ષ સુધી ચાલ્યું હતું. નવ ભાગમાં વિસ્તરેલો ગુજરાતી ભાષાનો આ પ્રકારનો આ પ્રથમ શબ્દકોશ હતો.



ગોંડલનો મહેલ





જામસાહેબ રણજિતસિંહજી

રમતવીરોને વિકસાવનાર આ શહેરને આજના યુવાનો તો યાદ કરે છે વિશ્વવિખ્યાત ક્રિકેટવીર જામસાહેબ રણજિતસિંહના નામથી. તેમના નામે આજેય રણજી ટ્રોફી મેચો રમાય છે - જે રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ખેલાડીના પ્રવેશ માટેનું દ્વાર પણ છે. રણજીના નામે 'રણજી ટ્રોફી' પણ આપવામાં આવે છે.

રાજકોટ જિલ્લામાં ઘણાં સ્થાનકો છે તેમ જ ઘણા ઉદ્યોગો છે. આજીનદી પરના શહેર રાજકોટની નજીકમાં આજી ડેમ છે. જિલ્લામાં તેલની મિલોનો મોટો ઉદ્યોગ છે.

હવે જઈએ એક અગત્યના નગરે - જામનગર તરફ.

જામનગર

જામ રાવળે કચ્છ છોડીને ઈ. સ. 1540માં જામનગર શહેર વસાવેલું. ત્યાર પછી લગભગ 400 વર્ષ સુધી અને શહેર સૌરાષ્ટ્રના મોટા ને સમૃદ્ધ રાજ્ય 'નવાનગર સ્ટેટ'નું મુખ્ય શહેર બની રહ્યું. 1914 પહેલાં કિલ્લેબંધ શહેર હતું. જામ રણજિતસિંહે મોટા ચોક, વર્તુળો, વિશાળ રાજમાર્ગો અને એકસરખાં મકાનોની શ્રેણી દ્વારા શહેરની કાયાપલટ કરી નાંખી. પરિણામે તેને 'સૌરાષ્ટ્રનું પૅરિસ' એવું બિરુદ મળ્યું.

જામનગર ઐતિહાસિક શહેર છે. એની ચારે બાજુએ કોટ અને દરવાજા હતા. આ શહેરનો ઇતિહાસ રોમાંચક કથાઓ ને યુદ્ધગાથાઓથી ભરપૂર છે. અહીંના જાડેજાએ ઘણી પરાક્રમકથાઓ આલેખી છે. શહેર વચ્ચેના તળાવમાં આવેલો 'લાખોટા' મહેલ જો કહી શકે તો વીરતા અને વેરની, પ્રેમ અને પરાક્રમોની, જામ રાજાઓ ને દીવાનોની અનેક રંગીન ને રોમાંચક કથાઓ કહી શકે.

આજે તો જામ રણજિતસિંહના શાસનકાળ દરમ્યાન ઈ. સ. 1914માં - નગર આયોજન હેઠળ પુનઃરચના પામેલું આ નગર એના કેન્દ્રભાગમાં એનાં રસ્તાઓ, બજારો અને ચોક તથા મકાનોની બાંધણીમાં સંમિશ્રણના વિચિત્ર ભાવો પેદા કરે છે. 'સૌરાષ્ટ્રનું પૅરિસ' કહેવાતા આ નગરના સીધા વ્યવસ્થિત માર્ગો, આલીશાન ઇમારતો, ઐતિહાસિક આલયો એના એક વખતના ગૌરવનું સ્મરણ કરાવે છે. શહેરની અંદરનાં ને આસપાસનાં અનેક મંદિરોને કારણે અને અહીંની સંસ્કૃત પાઠશાળાઓને કારણે એક વખત જામનગર 'છોટી કાશી' કહેવાતું. આદિત્યરામજી જેવા સંગીતકાર અને આયુર્વેદાચાર્ય ઝંડુ ભટ્ટજી અહીં વસેલા તે તો દંતકથાના પાત્ર જેવા થઈ ગયા છે. તેમણે સ્થાપેલી રસાયણશાળાએ પછી તો આજની સુવિખ્યાત 'ઝંડુ ફાર્મસી'નું રૂપ ધારણ કર્યું.

સોલેરિયમ



જામનગર મહત્ત્વનું શૈક્ષણિક કેન્દ્ર પણ છે. આયુર્વેદિક યુનિવર્સિટી, ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, વિનયન વાણિજ્ય અને વિજ્ઞાનની કૉલેજો, મેડિકલ કૉલેજ પૉલિટેકનિક, આઈ.ટી.આઈ. તેમ જ લશ્કરની ત્રણે પાંખોની અહીં તાલીમશાળા છે. જામનગરની આસપાસ નવા ઉદ્યોગો તો વિકસે છે જ. થોડેથોડે અંતરે જ સિક્કા વગેરેમાં સિમેન્ટનાં કારખાનાં તો કંઈક દૂર તાતાનો રસાયણ-ઉદ્યોગ વિકસ્યો છે. એમાં જામ સાહેબનો ઘણો ફાળો છે. તે ઉપરાંત અહીંના પરંપરાગત ઉદ્યોગોમાં સોના-ચાંદીની કારીગરી, ચાંદીનાં વાસણો, ભરતકામ, બાંધણી, કંકુ, અત્તર અને સૂડી વગેરેના ઉદ્યોગો પણ છે. જામનગરની બાંધણી ને કંકુ તો દેશપરદેશ પહોંચે છે. શહેરના વિકાસમાં બેડીબંદરનો મોટો ફાળો છે.

ગામ વચ્ચે સરસ નાનકડું તળાવ છે - રણમલ તળાવ. તેની વચ્ચે કિલ્લા જેવો વિશિષ્ટ બાંધણીનો લાખોટા મહેલ છે. તેની રચના જ એવી છે કે કિલ્લામાંના માત્ર હાજર સૈનિકો બહારના મોટા શત્રુ સૈન્યને ખાળી-હંફાવી શકતા. અત્યારે આ મહેલમાં સંગ્રહસ્થાન છે. તેમાં સૌરાષ્ટ્રનાં શિલ્પસ્થાપત્યોના સુંદર નમૂનાઓ છે. આ મહેલમાં એક એવો વિશિષ્ટ રીતે બાંધેલો કૂવો છે જેમાંથી જમીનમાં પાડેલા એક કાણામાંથી ફૂંક મારીને પાણી બહાર લાવી શકાય છે. મહેલની દીવાલો પર કેટલાંક જૂનાં ચિત્રો પણ છે. તળાવને કિનારે 'કોઠા' તરીકે ઓળખાતો શસ્ત્રભંડાર છે. નજીકમાં માછલીઘર છે.

જામનગરનો ખંભાળિયા દરવાજો શિલ્પસ્થાપત્ય-ખચિત અને સુંદર છે. વિભાવિલાસ અને પ્રતાપવિલાસ મહેલો પણ છે. અનેક મંદિરો - માતાનાં-શિવનાં તેમ જ જૈન મંદિરો છે. અહીં કબીરસંપ્રદાયનું ખૂબ જ વિશાળ મંદિર છે.

આયુર્વેદ યુનિવર્સિટી (વિશ્વવિદ્યાલય), જામનગર

ભારતમાં આવેલી અલ્પસંખ્યક આયુર્વેદિક યુનિવર્સિટીઓમાં મહત્ત્વનું સ્થાન ધરાવનાર જામનગરમાં આવેલી આ યુનિવર્સિટીનો પ્રારંભ તા. 5-1-1967ના રોજ થયો હતો. આ યુનિવર્સિટી ભારત અને વિદેશોમાં આયુર્વેદના વૈજ્ઞાનિક શિક્ષણપ્રચાર, પ્રસાર તથા સંશોધનનું મહત્ત્વનું કાર્ય કરે છે. દર વર્ષે અનેક વિદેશી વિદ્વાનો અને મંડળો આયુર્વેદવિજ્ઞાન વિષે પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત કરવા આ યુનિવર્સિટીની મુલાકાત લે છે.



આ સ્થાનિક ભક્તિ અને લોક-કલ્યાણની પ્રવૃત્તિઓનું પણ કેન્દ્ર છે. અહીં મસ્જિદો છે, કોલેજો છે, પણ ખાસ નોંધપાત્ર છે આયુર્વેદિક યુનિવર્સિટી જેનું આ મુખ્ય કેન્દ્ર છે અને તેમાં અનેક શોધો કરવા માટે સંશોધનકેન્દ્ર પણ છે. ઉપરાંત સૌર-ચિકિત્સા માટે વર્ષો પહેલાં જામસાહેબે બંધાવેલું સૂર્યની ગતિ મુજબ ફરતું સોલેરિયમ આ શહેરનું મોટું આકર્ષણ છે. તેમાં સૂર્યનાં કિરણો દ્વારા દર્દોના ઉપચાર કરવામાં આવે છે.

જામનગરનું દેશભરમાં જાણીતું અનોખું સ્થાન છે માણેકબાઈ મુક્તિધામ - શહેરનું સ્મશાન. સ્મશાન પણ કેવું સુંદર અને શાંત તેમ જ સાત્ત્વિક ભાવ જગાડે તેવું હોઈ શકે તેનો ઉત્તમ નમૂનો તે પૂરો પાડે છે. આ સ્મશાનભૂમિમાં બગીચો છે, પુસ્તકાલય છે ને બગીચામાં ઐતિહાસિક મહાપુરુષો-સંતો-દેવ-દેવીઓ વગેરેની લગભગ સો જેટલી પ્રતિમાઓ છે. સ્તંભો પર ઉપદેશો-સ્તોત્રો તથા ભજનો કોતરેલાં છે. વિશ્રામની સવલત છે. સ્મશાન તરીકે મુક્તિધામ અનોખું અને અનન્ય છે. મૃત્યુની ભયાનકતા અહીં ઓસરે છે ને તેનું સાત્ત્વિક મંગલ સ્વરૂપ જ અહીં પ્રગટ થાય છે.



મુક્તિધામ (સ્મશાન) જામનગરનું એક જોવાલાયક વિશિષ્ટ સ્થળ છે.

જામનગરની એક પાસ રણજિતસાગર છે. ખાસ બંધ બાંધીને કરેલું આ સરોવર સુંદર ઉપરાંત પાણી-પુરવઠા માટે મહત્ત્વનું છે, તો બીજી પાસ બેડીબંદર છે જે સમુદ્રકાંઠાને જાળવે છે. બેડીમાં હવાઈદળ તથા નૌકાદળનું મહત્ત્વનું મથક છે. નજીકના બાલાચડીમાં સૈનિકશાળા છે.

અર્વાચીનકાળમાં લેખક શ્રી ગુણવંતરાય આચાર્ય તેમ જ મનસુખલાલ ઝવેરી ઉપરાંત જૂના કાળમાં અનેક વિદ્વાનો, સંગીતજ્ઞો, શાસ્ત્રીઓ તેમજ રમતવીરોને વિકસાવનાર આ શહેરને આજના યુવાનો તો કદાચ યાદ કરે છે વિશ્વવિખ્યાત ક્રિકેટવીર જામસાહેબ રણજિતસિંહના નામથી.

આઝાદીકાળે જામનગરે મહત્ત્વનો ફાળો આપ્યો છે. આઝાદી આવતાં જ જે રાજવીઓએ નવભારતના નિર્માણમાં અમૂલ્ય સહકાર આપ્યો તેમાં જામસાહેબ મોખરે હતા. ભારતનાં દેશી રજવાડાંઓના રાજકારણમાં અને અંતે તેમના વિલીનીકરણમાં જામસાહેબની કામગીરી મહત્ત્વની હતી. સૌરાષ્ટ્ર રાજ્યની સ્થાપનામાં ને સોમનાથના મંદિરના નવનિર્માણમાં પણ તેમણે ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ ઉપરાંત લશ્કરના ક્ષેત્રે જેમણે પોતાનું આગવું વ્યક્તિત્વ દેશને સમર્પિત કર્યું હતું તેવા મેજર જનરલ રાજેન્દ્રસિંહજી પણ જામનગરના જ હતા.

રાજકારણમાં, વિદ્યા વિસ્તારવામાં તેમ જ શાસ્ત્રો, વિજ્ઞાન ને કલાને પ્રોત્સાહન આપવામાં ને ઉદ્યોગો સ્થાપવામાં નવાનગર રાજ્યે ઘણી પ્રગતિશીલતા બતાવી છે. જામનગરની આસપાસના સિક્કાબંદર વગેરેના ખલાસીઓનાં સાહસો તથા તેમની વહાણવટાની કલા ને અહીંના વ્યાપારવીરોની વાતો માટે ગુણવંતરાય આચાર્યના ગ્રંથો 'દરિયાલાલ', 'જળસમાધિ' વગેરે વાંચવા જેવા છે. પશ્ચિમ કાંઠાનો આ વિસ્તાર ખૂબ મહત્ત્વનો છે.

દ્વારકા જતાં આવે નજીકનો (ગણેશ) નાગેશ્વર - ગોપીતળાવ તથા આ વિસ્તાર દારૂકાવન તરીકે ઓળખાતો. તેમાં આવેલું 'નાગેશ્વર'નું શિવમંદિર અત્યંત મહત્ત્વનું છે, કારણ કે શિવનાં બાર જ્યોતિર્લિંગોમાંનું એક આ છે - 'ગણેશ દારૂકાવને'.



ભારતનાં બાર જ્યોતિર્લિંગોમાંનું એક - નાગેશ્વર જ્યોતિર્લિંગ



દરિયાના ખારા પાણીને મીઠા પાણીમાં શુદ્ધિકરણનો પ્લાન્ટ



રણછોડજીનું મંદિર - દ્વારકા

ભારતપ્રસિદ્ધ ચાર હરિધામોમાંનું આ હરિધામ ગોમતીનદીના ઉત્તરકિનારે આવેલું છે. તેનું સ્થાપત્ય અન્ય હિન્દુ મંદિરોના જેવું તેરમી સદીનું છે. તેમાં ભગવાનની ચુતર્ભુજ મૂર્તિ, ગર્ભગૃહ, વિશાળ સભાગૃહ તથા મહામંડપનો સમાવેશ થાય છે. તેની છત ગ્રેનાઇટ અને રેતિયા પથ્થરના 60 સ્તંભ ઉપર ટેકવેલી છે. સાત માળના આ મંદિરના ચોથા માળે શક્તિદેવીની મૂર્તિ તથા પાંચમા માળે 72 કોતરણીવાળા સ્તંભો પર લાડવા મંડપ આવેલ છે. મંદિરનું શિખર 52 મીટરની ઊંચાઈ પર છે. મંદિરની પરસાળની લંબાઈ 27 મીટર તથા પહોળાઈ 6.4 મીટર છે. મંદિરની બહારની દીવાલોના પાયાથી શિખર સુધી કોતરણી છે, પરંતુ અંદરનો ભાગ સાદો છે. દ્વારકાધીશની મૂર્તિ અનેક અલંકારોથી શણગારવામાં આવે છે. તેના પ્રવેશદ્વાર પાસે ગણપતિની મૂર્તિ છે.

શ્રી આદિ શંકરાચાર્યજીએ દ્વારવતી-દ્વારકાના મંદિરસંકુલમાં પૂર્વ બાજુએ લગોલગ ઈ. સ.ની આઠમી સદીના અંતભાગમાં શારદાપીઠની સ્થાપના કરી એ પહેલાં મંદિર અસ્તિત્વમાં હતું. છઠ્ઠી સદીના ગારુલક રાજવીઓ પોતાને 'દ્વારકાપતિ' કહે છે એટલે છઠ્ઠી સદીમાં મંદિર હોવાનું તો સિદ્ધ છે, જે 'વિષ્ણુપુરાણ'માં મળે છે, એટલે ચોથી સદીમાં મંદિર હોવાની વાતનું સમર્થન કરે છે. અત્યારનું અનેક માળવાળું મંદિર 400થી 500 વર્ષથી જૂનું નથી લાગતું, પણ તળ નજીકથી ઊભણી દોઢ-બે હજાર વર્ષ જૂની હોઈ શકે. અત્રે નોંધવું જોઈએ કે શ્રીકૃષ્ણના સમયની દ્વારકા સમુદ્રે ડુબાડી દીધી એ દ્વારકાના અવશેષો આજની દ્વારકા નજીકના સમુદ્રમાં દરિયાઈ પુરાતત્ત્વના સંશોધક એસ. આર. રાવે શોધી અસલ સ્થાન નિશ્ચિત કરી આપ્યું છે. અસલ દ્વારકા આજથી પાંચ હજાર વર્ષ ઉપર હતી એ પૌરાણિક મત પ્રાપ્ત પ્રમાણોથી સિદ્ધ થઈ શક્યો નથી.



દ્વારકા

આ કાંઠાનું સૌથી વિખ્યાત મથક તે દ્વારકા. પુરાણ
પુરાણું આ નગર એમાંની સિમેન્ટ ફેક્ટરી કે પાઠશાળા
કારણે નહીં પણ અહીંની મહાવિભૂતિને કારણે વિખ્
છે - તે છે ભગવાન શ્રીકૃષ્ણ...

કથા કહે છે - મથુરા પર જરાસંધ અને કાલયવન
આવ્યા, કંસના વધનું વેર લેવા, ત્યારે યાદવોનો સં
અટકાવવા શ્રીકૃષ્ણ યાદવોને લઈ અહીં પશ્ચિમે તેનીયે
જેવી જગાએ આવ્યા અને આ નગર વસાવ્યું - નામ
દ્વારકા. એ નામ ખૂબ અર્થપૂર્ણ છે, કારણ કે પશ્ચિમ તર
વહાણોમાં આવનારને ભારતમાં પ્રવેશવા માટેનું આ દ્વાર
છે. દરિયાકાંઠે દ્વારકા ભારતની પશ્ચિમ ભૂમિ છે. ઈતિ
કહે છે કે, પુરાતન કાળમાં અહીં આદિમ સંસ્કૃતિયુ
એસિરિયાનાં વહાણો આવતાં ને પછી ઈરાન-અરબસ્તાન
જતાં.

શ્રીકૃષ્ણે વસાવેલી દ્વારકા તો સુવર્ણદ્વારકા કહેવા
પુરાણોમાં ને કાવ્યોમાં તેની ભવ્યતા, સુંદરતા અને સમૃદ્
મબલક વર્ણનો છે. આપણા પ્રેમાનંદે તો 'સુદામાચરિત્ર'
વર્ણવ્યું છે કે *'કનકકોટ ચળકારા કરે મણિમય રત્ન જ*
કાંગરે'. એ સુદામાએ દીઠેલી દ્વારકા તો શું, ઈતિહાસ
વર્ણવાયેલી નગરીનો પણ અંશ કે અવશેષ અહીં મળ
નથી. કહેવાય છે કે પ્રભાસપીપળેથી જીવનની અંતિ
વિદાય-વેળાએ શ્રીકૃષ્ણે યાદવોને સંદેશો મોકલ્યો હતો
દ્વારકા છોડી દેજો, કારણ કે શ્રીકૃષ્ણના દેહોત્સર્ગ બાદ
સમુદ્રમાં સમાઈ જશે. ને લોકવાયકા કહે છે કે સોના
દ્વારકા તો સમુદ્રને તળિયે છે. અત્યારનું દ્વારકા તો નવું વસે

લોકવાયકામાં તથ્ય ગમે તે હોય, સોનાની વાત ભ
કલ્પનાની હોય, પણ તાજેતરમાં સમુદ્રતળના વિદ્વા
પુરાતત્ત્વવિદ ડૉ. રાવે શોધી કાઢ્યું છે કે દ્વારકા
નજીકના સમુદ્રમાં તળિયે પાંચ વખત નગરી ડૂબી ગયા
અવશેષો છે. એ ગમે તે હોય, અત્યારે તો દ્વારકા નાન
ગામ છે ને તેનું માહાત્મ્ય યાત્રાસ્થળ તરીકે
પ્રાચીનોએ ગણાવેલી મોક્ષદાયિની સાત નગરીઓમાં
એક એવી આ નગરીમાં ચૈતન્ય મહાપ્રભુ પધારેલા. મી
તો કહે છે કે અંતિમ સમયે અહીં જ આવેલાં અ
ભગવાન શ્રીકૃષ્ણની મૂર્તિમાં સમાઈ ગયેલાં. ને તે યા
હજી અખંડ ચાલે છે ને રોજેરોજ દેશભરમાંથી હજા
યાત્રાળુઓ અહીંનાં ભવ્ય ઊંચાં સ્થાપત્યયુક્ત મંદિરોમાં
ભગવાન રણછોડરાયજીને - દ્વારકાધીશને - ચર
શ્રદ્ધાભક્તિથી પ્રણમવા આવ્યે જાય છે. મંદિર સુંદર છે.

ઊંચી ઊભણી પર આવેલા આ મંદિરમાં જવા મા
સંખ્યાબંધ લાંબાં પગથિયાં છે. સમુદ્ર ને ગોમતીના સંગ
પરથી આવતાં તટે જ આવેલું આ મંદિર પગથિયાંની શ્રેણીને
કારણે વધુ ભવ્ય લાગે છે. મુખ્ય મંદિરના ગર્ભગૃહ પ
લગભગ 60 મીટર ઊંચું છ માળવાળું શિખર છે. સામે પાં
માળનો વિશાળ મંડપ છે. તેનો ઘુમ્મટ 60 સ્તંભો પર ઊભો

છે. આ મંડપની ઊંચાઈ લગભગ 35 મીટર જેટલી છે. બહારની બાજુએ આખા મંદિર પર સુંદર શિલ્પકામ કરેલું છે, પણ અંદરની રચના કોતરણી વિનાની સાદી છે. બાંધકામમાં મુખ્યત્વે ચૂનાનો પથ્થર વપરાયો છે. મંદિરને બેવડો કોટ છે અને પરિક્રમા કરવાની જગા છે. આ જગામાં જ ને નજીકમાં જ શ્રીમદ્ શંકરાચાર્યનો મઠ છે. આદ્ય શંકરાચાર્યે જે ચાર મઠ ભારતની ચાર દિશામાં સ્થાપ્યા તેમાંનો એક 'શારદાપીઠ' અહીં છે. આજે પણ ત્યાં સંસ્કૃત વિદ્યાનું સંશોધનકાર્ય ચાલે છે.

મુખ્ય મંદિરના ગર્ભગૃહમાં ભગવાન શ્રી રણછોડરાય-દ્વારકાધીશની 1 મીટર ઊંચી ચતુર્ભુજ વિષ્ણુસ્વરૂપ શ્યામમૂર્તિ છે. ઉપરના માળે અંબાજીની અને સભામંડપની એક બાજુએ બલરામજીની મૂર્તિ છે. મહાતીર્થ હોય ત્યાં મુખ્ય મંદિર ઉપરાંત નાનાંમોટાં બીજાં અનેક મંદિરો પણ હોય જ ને યાત્રાળુઓ માટે ધર્મશાળાઓ પણ હોય.

દ્વારકાથી 32 કિલોમીટર દૂર શંખોદ્ધાર બેટ છે. તે સ્થળ બેટદ્વારકા અથવા રમણદ્વીપ તરીકે પણ ઓળખાય છે. પોતાના રાજ્યકાળ દરમ્યાન ભગવાન શ્રીકૃષ્ણ સહકુટુંબ અહીં રહેતા એવી કથા છે. બેટદ્વારકામાં એક રણછોડરાયજીનું મંદિર ને બીજું શંખોદ્ધાર એમ મુખ્ય સ્થળો છે. મંદિર સાદું છે - પુષ્ટિમાર્ગી હવેલી પ્રકારનું. ફરતા કોટવાળા વિશાળ ચોકમાં બે કે ત્રણ માળવાળાં પાંચ મહાલો છે. અહીં મત્સ્યાવતારનું મંદિર છે.

આ બેટની વાત શંખ નામના અસુરનો શ્રીકૃષ્ણે કરેલા ઉદ્ધાર અને વિષ્ણુના હાથમાંના શંખ - કૃષ્ણના પાંચજન્ય શંખ સાથે સંકળાયેલી છે. બેટની આસપાસના દરિયામાં હજી પણ શંખ ઘણા પેદા થાય છે. બેટ ઉપરથી અટક થઈ બેટાઈ - જેનાથી આપણા વિખ્યાત કવિ સુંદરજી બેટાઈ યાદ આવે.



તાતા કેમિકલ્સનું કારખાનું

બેટદ્વારકાની નજીક ગોપી તળાવ છે તે પણ પુરાણપ્રસિદ્ધ સ્થળ છે. અહીંની માટી તે જ ગોપીચંદન. યાત્રાળુઓ આ તળાવમાંથી માટી કાઢી તેના ગોળા બનાવે છે. તેનાથી આગળ નજીકમાં વન છે તે દારુકાવન તરીકે પુરાણોમાં ઓળખાવાયું છે. અહીં ભગવાન નાગેશ(શિવ)નું નાગનાથનું મંદિર છે જે શિવનાં બાર જ્યોતિર્લિંગોમાંનું એક ગણાય છે. આમ સોમનાથ અને દેહોત્સર્ગ તીર્થની જેમ જ અહીં પણ નાગેશ (જ્યોતિર્લિંગ) અને દ્વારિકાનું વૈષ્ણવ તીર્થ નજીકનજીક આવેલાં છે.

જામનગર અને દ્વારકા વચ્ચેનું તાતાનું કેમિકલ કારખાનું ને મીઠાનું કારખાનું મીઠાપુરમાં છે. સૌરાષ્ટ્રનું આ સૌથી મોટું કેમિકલનું ખાનગી કારખાનું છે. અહીં સોડાએશ બનાવવામાં આવે છે. રાષ્ટ્રના ઉદ્યોગક્ષેત્રે આ ઉદ્યોગકેન્દ્ર ઘણું મહત્ત્વનું છે. હવે ત્યાં રસાયણનું ખાતર પણ બનાવવામાં આવે છે.









સાગર-તળિયે બેઠેલી સોનાની દ્વારકાની શોધ

નિરર્થક નરસંહાર અટકાવવા શ્રીકૃષ્ણ યાદવોને લઈને મથુરાથી સ્થળાંતર કરીને ગુજરાત આવ્યા, દ્વારિકા નામે નગરી વસાવી જે સોનાની દ્વારિકા તરીકે ઓળખાઈ અને પૂરાં 36 વર્ષ રાજ્ય કર્યું.

જે જન્મે છે તે મૃત્યુ પામે છે. દ્વારકાધીશ શ્રીકૃષ્ણ પણ એક પારધીથી અજાણતાં ફેંકાયેલા તીરથી મૃત્યુ પામ્યા. તેમને ભાવિની જાણ થઈ ગઈ હતી તેમ દ્વારિકા- નગરી પર ઘૂઘવતો મહાસાગર ફરી વળ્યો અને પેટાળમાં તે સમાઈ ગઈ.

દ્વારકા ખાતે અને તેની બાજુના ટાપુ બેટદ્વારકા ખાતે '80ના દાયકામાં થયેલાં દરિયાઈ-સંશોધનોમાં મહાસાગરના તળિયેથી જે અવશેષો પ્રાપ્ત થયા છે તે અંદાજે ઈસવી સન પૂર્વે 1500ના વર્ષોના છે. પુરાતત્ત્વના વિદ્વાનો મહાભારત કાળ પણ ઈ. પૂર્વે 1500નો જ ગણાવે છે. મહાભારતનાં આદિ અને સભા પર્વમાં રૈવતક પર્વત પાસે દ્વારિકાનગરી હોવાના ઉલ્લેખો છે, પરંતુ મુસળ પર્વમાં આ નગરી દરિયા પાસે હોવાના સૌપ્રથમ ઉલ્લેખો મળે છે.

દ્વારકાના સ્થાન વિશે વિદ્વાનોમાં મતભેદ છે. એ મતો મુજબ સૌરાષ્ટ્રમાં ત્રણ સ્થાનોએ દ્વારિકા હોવાના સંકેતો છે. એક, પ્રભાસપાટણથી લગભગ 35 કિલોમીટર દક્ષિણ-પશ્ચિમે આવેલું મૂળ દ્વારકા, બીજું જૂનાગઢ, જે પ્રાચીનકાળમાં ગિરિનગર તરીકે જાણીતું હતું અને ત્રીજું જામનગર જિલ્લામાં આવેલું સ્થળ વર્તમાન દ્વારકા.

મૂળ દ્વારકા પાસે સાગરમાં થોડા નગર-અવશેષો મળ્યા છે ખરા, પરંતુ મહાભારતના ઉલ્લેખોને ધ્યાનમાં લઈએ તો તેમાં જણાવેલા રૈવતક પર્વતની સ્થિતિ સિદ્ધ કરે તેવી કોઈ પહાડીઓ અહીં નથી. ગિરનાર - જૂનાગઢનું સ્થળ દરિયાકાંઠેથી 60 કિલોમીટર દૂર છે એટલે તેનો દાવો પણ યોગ્ય નથી. તેથી હાલની દ્વારિકાનગરી પ્રાચીન દ્વારિકાનગરીનું મૂળ સ્થાન હોવાનો સંભવ છે. ત્યાંથી લગભગ 80 કિલોમીટર દૂર બરડા ડુંગર છે - જે પ્રાચીન રૈવતક પર્વત હોઈ શકે. અહીંથી મળી આવેલા અવશેષો ઈ. સ. પૂ. ત્રીજી સદીના મનાય છે.



નવલખા મંદિર

ઘૂમલી

પ્રાચીન સ્થળોની વાત કરીએ છીએ ને તેય ખાસ કરીને જામનગર જિલ્લામાં ત્યારે ઘૂમલી યાદ આવ્યા વિના ન રહે. જામનગર જિલ્લામાં બરડા ડુંગરના વિસ્તારમાં ભાણવડ ગામ પાસે એક અત્યંત પ્રાચીન નગર અને મંદિરનાં ખંડેરો અતીતમાં અર્ધલુપ્ત થયેલાં ને થોડાંક બાકી રહેલાં જાણે નિસાસા નાખતાં પડ્યાં છે. અનેક નગરો નાશ પામ્યાં ને પુનર્જીવિત થયાં, પણ કોણ જાણે કેમ ઘૂમલી ગયું તે ગયું, ફરી વસ્યું જ નહીં. ઇતિહાસ અને પુરાતત્ત્વ માટે હવે એ અભ્યાસનું ગણાઈને જ સંતોષ માને છે.

સામાન્ય રીતે, શિલ્પ-સ્થાપત્યની દૃષ્ટિએ, સૌરાષ્ટ્રમાં સૌથી પ્રાચીન સ્થાન મનાતું સોમનાથ (અલબત્ત, અત્યારે તો નવું મંદિર છે - પણ જૂના મંદિરના અવશેષો જાળવવામાં આવ્યા છે.), પણ સોમનાથ કરતાં પણ પાંચસો વર્ષ નજીકનું અને મોઢેરાની અપૂર્વ સ્થાપત્ય-શિલ્પ કળાની તોલે આવે તેવા ઉત્કૃષ્ટ મંદિરના અવશેષો ઘૂમલીમાં છે. દોઢેક કિલોમીટર જેટલા મોટા વિસ્તારમાં વેરવિખે[r] પડેલા, વિવિધ પ્રકારના અને શૈલીના અવશેષો પરથી તે 9મીથી 14મી સદી સુધીમાં બંધાયેલ હોવાનું જણાય છે. તેનું ઉત્કૃષ્ટ કલાવિધાન જોતાં અહીં કોઈ વૈભવ નગરનું અસ્તિત્વ હશે એમ જણાય છે.

નવલખા મંદિર

ઘૂમલી(જિ. જામનગર)નું નવલખા મંદિર અગિયારમી-બારમી સદીના સૌરાષ્ટ્રનાં મંદિરોમાં એના સમૃદ્ધ અને નમૂનેદાર સ્થાપત્યને કારણે અનોખી ભાત પાડે છે. ગુજરાતભરનાં મંદિરોમાં સૌથી વિશાળ જગતી ધરાવતું આ મંદિર 45.72 × 30.48 મી.ની જગતી પર પૂર્વાભિમુખ ઊભું છે. આ વિશાળ જગતી પર ચડવા માટેનાં પગથિયાં પાસે ભવ્ય કીર્તિતોરણ હતું જે નષ્ટ થયું છે. મંદિરમાં ગર્ભગૃહ અને ફરતો છાજલીયુક્ત પ્રદક્ષિણાપથ, સમ્મુખ વિશાળ (સભા)મંડપ અને એમાં પ્રવેશવા માટે ત્રણે દિશામાં કરેલ શૃંગારચોકીઓની રચના છે. જગતીની ઊભણીમાં ચોતરફ કરેલા ગવાક્ષોમાં દિક્પાલાદિ દેવતાઓનાં શિલ્પ મૂકેલાં છે. પ્રદક્ષિણાપથમાં ત્રણે દિશાએ ઝરૂખાઓની રચના છે. મંડપની મધ્યમાં અષ્ટકોણ સ્તંભ કરેલા છે. પ્રવેશચોકીઓ પણ બે મજલાની છે. મંદિરની પીઠની ત્રણે બાજુએ મધ્યમાં બે જબરદસ્ત હાથી સૂંઢમાં સૂંઢ ભરાવી સાઠમારી કરતા દર્શાવ્યા છે. પીઠમાં ગવાક્ષમંડિત દેવીઓનાં શિલ્પ છે. ભદ્રગવાક્ષમાં બ્રહ્મા-સાવિત્રી, પશ્ચિમે શિવ-પાર્વતી અને ઉત્તરે લક્ષ્મી-નારાયણનાં શિલ્પ દર્શનીય છે. મંદિરનું શિખર નષ્ટ થયું છે અને ગર્ભગૃહનો ઘણો ભાગ પણ નાશ પામ્યો છે.

ઘૂમલીનું નવલખા મંદિર એ સોમનાથથી કદમાં કંઈક નાનું પણ કલામાં લેશમાત્ર ઊતરતું નહીં એવું ઉત્કૃ

ઘૂમલીનાં કલાત્મક શિલ્પો





કલાકૃતિ સમુ છે. આભપરા ઉપરનો કોટ, ત્યાંનાં તળાવો, નવલખા મંદિર, ગણેશ દેરું, રામપોળનો દરવાજો, નાનીમોટી વાવો, પાળિયા, કંસારી વાવ, કંસારી દેરાં વગેરે ઘૂમલીની ઝાંખી કરાવે છે.

આ સદીના આરંભમાં ગુજરાત-સૌરાષ્ટ્રનાં શિલ્પ-સ્થાપત્યોના અવશેષોની નોંધ કરી ગયેલા વિદેશી કલાવિવેચક બર્જેસે પોતાના ગ્રંથ 'એન્ટીક્વીટીઝ ઑફ કાઠિયાવાડ'માં તેની નોંધ લીધી ત્યાર પહેલાં કોઈને ભાગ્યે જ આની જાણ હતી. છેલ્લા ચારેક દાયકા દરમ્યાન આ અંગે સારું એવું સંશોધન થયું છે અને ગ્રંથો પણ લખાયા છે. સને 1953થી પોરબંદરમાં કામ કરતા થયેલા પુરાતત્ત્વમંડળે પણ આ દિશામાં ઉપયોગી કાર્ય કર્યું છે. મધુસૂદન ઢાંકી અને જયેન્દ્ર નાણાવટી તેમ જ કે. કા. શાસ્ત્રીએ ઘૂમલી વિશે અભ્યાસપૂર્ણ ગ્રંથો પ્રગટ કર્યા છે. 'ઘૂમલી' અજ્ઞાતતાના ટીંબા નીચે ઢબુરાઈ ગયેલી સંસ્કૃતિની એક વૈભવી ગઈકાલ છે અને એ ગઈકાલની કલાને ને આ સમગ્રનો કોળિયો કરી જનાર મહાકાળને નમસ્કાર...

હવે જિલ્લાની દક્ષિણથી દરિયાકિનારે, ખાડી અને સમુદ્રના સંગમ પાસે, ટેકરીની તળેટીમાં આવેલા હરસિદ્ધિ-માતાનાં દર્શન કરીને - પછી ખાડી ઓળંગીને જઈએ પોરબંદર. આ હરસિદ્ધિમાતાને સ્થાનિક લોકો હર્ષદમાતા કહે છે. લોકવાયકા કહે છે કે પહેલાં માતાનું સ્થાનક ટેકરી પર હતું, પણ તે કારણે ટેકરીની બાજુએથી નીકળેલાં વહાણ માની દૃષ્ટિ પડતાં ડૂબી જતાં એટલે એક સોદાગર શેઠે માતાજીને વીનવીને આ પાસ નીચે ઉતાર્યાં હતાં.

હરિસિદ્ધિ માતાનું મંદિર





કીર્તિમંદિર -પોરબંદર

મહાત્મા ગાંધીજીના જન્મસ્થાન પોરબંદરમાં એ જ શહેરના નિવાસી ઉદ્યોગપતિ નાનજી કાલિદાસે ગાંધીજીની સ્મૃતિમાં 'કીર્તિમંદિર' બંધાવ્યું હતું. ગાંધીજીના 79 વર્ષના આયુષ્યના સંદર્ભે કીર્તિમંદિરની ઊંચાઈ 79 ફૂટ (આશરે 26 મીટર) રાખવામાં આવી છે. તેમાં ગાંધીજી - કસ્તૂરબાની પૂર્ણ કદની તસવીરો ઉપરાંત બીજી અનેક તસવીરો તેમ જ અનેક સ્મૃતિરૂપ ચીજો સંગ્રહાયેલી છે.

પોરબંદર

અહીંથી ખાડી ઓળંગી મિયાણી ગામને પાદર, જાણે ઝાડના ઝુંડ નીચે ગાયોનું મોટું ધણ બેઠું હોય એવા અસંખ્ય પાળિયાને જોઈ, ત્યાં થયેલ કોઈ ધિંગાણાની વાતનો વિચાર કરી, શૌર્યને સ્મરી અને સમર્પણની ખાંભીઓને વંદી પહોંચીએ પોરબંદર.

પોરબંદર એટલે સુદામાપુરી. બે સુદામાઓ અહીં થયા. પ્રાચીનકાળમાં કૃષ્ણભક્ત - ભાગવતપ્રસિદ્ધ સુદામા અને અર્વાચીન કાળમાં એવા જ અન્ય મહાપુરુષ એકવસ્ત્રધારી પણ અનન્ય એવા મહાત્મા પૂજ્ય ગાંધીજી.

પ્રાચીન કાળ તો વીસરાયો છે, પણ અર્વાચીન સમયમાં - પોરબંદર મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ છે એ એકમાત્ર કારણે તે વિશ્વના નકશામાં અંકિત થઈ ગયું છે.

રાજા વિક્રમજીના સમયમાં પોરબંદર રાજ્યનું દીવાનપદું ગાંધી કુટુંબના હાથમાં હતું. તેના છેલ્લા કારભારી થઈ ગયા કરમચંદ ગાંધી (ક. બા. ગાંધી). તેમને ત્યાં 1869માં જન્મ લેનાર બાળક તે મોહનદાસ કરમચંદ ગાંધી - જે પછીથી માત્ર ગુજરાતના જ ન રહેતાં ભારતના 'રાષ્ટ્રપિતા' બની ગયા. રાષ્ટ્રના સીમાડાઓ વટાવી તેમની કીર્તિ વિશ્વભરમાં ફેલાઈ. મહાત્મા ગાંધીજી સમગ્ર ભારતના 'બાપુ' બની ગયા. યોગાનુયોગ એવો છે કે આ જ ખડકીમાં કસ્તૂરબાનો જન્મ પણ થયેલો. તેમનું લગ્ન મોહનદાસ ગાંધી સાથે થયું અને તે ભારતનાં 'બા' બની ગયાં. આજેય પોરબંદરમાં સ્મારક તરીકે સચવાયેલું એ જન્મસ્થાન-ઘર-ઓરડો ને જગ્યા જોઈ શકાય છે ને અર્વાચીન યુગના મહાત્માના એ જન્મસ્થાનને સ્પર્શતા અનેરો રોમાંચ અનુભવી શકાય છે.

કસ્તૂરબા



પોરબંદરના પ્રખ્યાત ઉદ્યોગપતિ નાનજીભાઈ કાળિદાસે કીર્તિમંદિરની આ ભવ્ય ઇમારત બંધાવી છે. આ રીતે તેમણે એક રાષ્ટ્રીય કક્ષાનું સ્મારક પોરબંદરમાં ઊભું કર્યું છે. ઉપરાંત તેમણે ભારતના પ્રાચીન ઋષિમુનિઓથી માંડીને તે અર્વાચીન યુગના મહાપુરુષો સુધીના જ્યોતિર્ધરોની પ્રતિમાઓવાળું 'ભારત મંદિર' તેમ જ જવાહરલાલની સ્મૃતિમાં 'તારા મંદિર' બંધાવ્યાં છે. તેમણે આ ઉપરાંત પોરબંદરમાં સાયન્સ કૉલેજ, મહિલા કૉલેજ, આર્યકન્યા ગુરુકુળ વગેરે પણ સ્થાપીને પોરબંદરના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. તો અર્વાચીન પોરબંદરે દેના બૅંકના સ્થાપક પ્રાણલાલ દેવકરણ નાનજી, સિંધિયા સ્ટીમ નેવિગેશનનાં સ્થાપકો મોરારજી ગોકુળદાસ અને સુમતિ મોરારજી, ઉદ્યોગવીર નાનજીભાઈ કાલદિાસ તથા સાહિત્યકાર ગુલાબદાસ બ્રોકર આપ્યાં છે.



નહેરુ પ્લેનેટોરિયમ

ઉદ્યોગપતિ નાનજી કાલિદાસ તરફથી બંધાયેલ 'નેહરુ પ્લેનેટોરિયમ' ભારતીય શૈલીની અદ્યતન ઇમારત છે. આકાશદર્શનના અભ્યાસી માટે આ એક જોવાલાયક સ્થળ છે.

પોરબંદરમાં ગાંધીસ્મૃતિ ને ગુરુકુળ તો ખરાં જ. સુદામાના પ્રાચીન સ્થાન તરીકે ઓળખાતું સુદામાનું મંદિર પણ ખરું ને પોટરી, સિમેન્ટનાં કારખાનાં ને મિલો પણ ખરાં, પણ ખાસ જોવા જેવો છે તેનો દરિયો. તે જોયા વગર પોરબંદરથી પાછા ન જવાય...

સુદામાજીનું એકમાત્ર મંદિર - પોરબંદર



જૂનાગઢ

પૂ. ગાંધીજીની જન્મભૂમિના પુનિત સ્થળને વંદન ક સુદામાજીને સ્મરી - જઈએ જૂનાગઢ.

પોરબંદર ભક્ત સુદામાજીની નગરી તો જૂનાગઢ ભ નરસૈંયાની નગરી. નરસૈંયો જન્મ્યો તળાજામાં પણ પ વસેલો અહીં... તો જોઈએ જૂનાગઢ.

જૂનાગઢને લગતો પ્રથમ ઐતિહાસિક ઉલ્લેખ ચંદ્ર મૌર્યનો છે (ઈ. પૂ. 322-298). અશોકના ગિરનાર લેખમાં જણાવ્યા મુજબ તેના રાષ્ટ્રીય વૈશ્ય પુષ્યમિ સુવર્ણસિકતા નદી પર બંધ બાંધીને સુદર્શન સરોવરનું નિ કર્યું હતું. અશોકના રાજપાલે સુદર્શન સરોવરનું ઈ. 15 પુનઃ નિર્માણ કર્યું હતું.

ઈસુની પ્રથમ સદીમાં અહીં ક્ષત્રપ રાજાઓએ 400 રાજ કર્યું ત્યારે ગુજરાતમાં ગુપ્તવંશનું શાસન હતું. ત્યાર અહીં મૈત્રકવંશનું શાસન થયું. આ વંશનો સ્થાપક ભટ હતો. આરબોએ આ વંશનો અંત આણ્યો. ત્યાર બાદ 14 સુધી અહીં યાદવવંશી ચૂડાસમાઓનું રાજ્ય હતું. પછી દિલ્હીથી મોગલોએ અને બાદમાં સુલતાનોએ અહીં ર કર્યું.

ગરવો ગઢ ગિરનાર ને તેની તળેટીમાં વસેલું જૂના 'જીર્ણદુર્ગ' માત્ર ઐતિહાસિક જ નહીં, પ્રાચીન - અતિપ્રા પૌરાણિક સ્થાન. એનો નજીકનો ઇતિહાસ ઉખેળવા બેસ તો પાછે પગલે જતાં - આઝાદી પહેલાંની નવાબી રાજ્ય વાત ને તે પહેલાંની ચૂડાસમા રાજાઓની વાત - ને તે આગળ ને આગળ જતાં રુદ્રદામા - અશોક - અહીં ભગવાન શ્રીકૃષ્ણના સમય સુધી જવું પડે, કારણ કે આ અત્યંત પ્રાચીન સ્થાન. એના દીર્ઘ ઇતિહાસનાં પગલાં હ ભૈરવ ને ગોરખનાથની કથાઓમાં જ નહીં, બૌદ્ધ ગુફા - અશોક - રુદ્રદામાનો શિલાલેખ - જૈન મંદિરો - ને પ - જૈન રાસાઓમાંની કથાઓ - નરસિંહ મહેતાનો ચોરો

જૂનાગઢમાં નરસિંહ મહેતાનો ચોરો





દામોદરકુંડ તથા નવઘણ કૂવો ને ઉપરકોટથી માંડીને તે બાબી નવાબોની છત્રીઓ સુધીનાં સ્મારકો પરખાય છે. એ શ્રીકૃષ્ણ અને અશોક - રુદ્રદામન્થી નવઘણ અને રા' ગંગાજળિયા સુધીની વાતો કરવાનો અવસર મળે તો લેવા જેવો છે.

અત્યારે જે છે તે આ જૂનાગઢ. ગિરનારની છાયામાં વિસ્તરેલું નગર. પ્રાચીન - મધ્યકાલીન અવશેષો અને અર્વાચીન રચનાઓવાળું મિશ્ર નગર. રજપૂત અને નવાબી ઉભયનાં સંસ્કાર-સમૃદ્ધિ ને સ્મારકોનો ત્યાં સમૈયો. એણે ઈતિહાસના આટાપાટાના કેટલાય રંગ જોયા છે ? રજપૂત - બેગડાએ જીતી લીધા પછીનો મોગલ - તે પછીનો આધુનિક - વચમાં સ્વતંત્ર રજવાડું પણ ઉપર અંગ્રેજોનો ઓછાયો - જૂનાગઢના એ જીર્ણ દેહ પર આ બધાના ઘા ને એ બધાંનાં રંગછૂંદણાં અંકાયેલાં છે. ચૂડાસમાઓએ પ્રાચીન સ્થાન પર બંધાવેલી આ રાજાની છેક ઉપરકોટના કિલ્લા સુધી વિસ્તરેલી, એની સાથે જડાયેલી રોમાંચક કથાઓમાંની મુખ્ય તો રાણકદેવીની. લોકકથા-મિશ્રિત ઈતિહાસ એવું કહે છે કે જૂનાગઢનો રા' ખેંગાર પાટણના સિદ્ધરાજની વાગ્દત્તા કુંભારકન્યા રાણકદેવીનું હરણ કરી તેને પરણી ગયો. આથી ક્રોધે ભરાયેલા સિદ્ધરાજે જૂનાગઢ પર ચઢાઈ કરી. બાર-બાર વર્ષ સુધી ઘેરો ઘાલ્યો. આખરે ખેંગાર મરાયો. ને કહેવાય છે કે, સિદ્ધરાજે રાણકદેવીને પાછી ઉપાડી જવાનો પ્રયત્ન કર્યો, પણ રાણકદેવી તો વઢવાણ પાસે ભોગાવાને તીરે સતી થઈ.

આવી કથાઓને ઘણી વાર સંશોધનાત્મક ઈતિહાસનું સમર્થન નથી હોતું, બલકે પ્રતિવાદ પણ હોય છે. પણ એ સંશોધનાત્મક ઈતિહાસનાં તથ્યો વિદ્યાના અભ્યાસીઓ - ઈતિહાસ ગ્રંથો પૂરતાં મર્યાદિત રહે છે. પ્રજાગણ તો પેલી લોકકથાને જ રસથી વાગોળે છે. રાણકદેવીની કથા સૌરાષ્ટ્રના લોકસાહિત્યની ખૂબ લોકપ્રિય કથા છે. તો ગુજરાતના નવલકથાકાર શ્રી કનૈયાલાલ મુનશીએ પોતાની નવલકથાઓ('ગુજરાતનો નાથ' - 'રાજાધિરાજ')માં તેને વણી લઈ અધિક લોકપ્રિય બનાવી છે. આજેય જૂનાગઢના પ્રવાસી ખેંગારનો મહેલ, નાકાબારી વગેરે સ્થાનોમાં શોધે અને સંભારે છે તે ઈતિહાસની તથ્યકથાને જ નહીં પણ મુનશીની કથાને પણ.



ગિરનારનો શિલાલેખ અને શિલાલેખ રાખવામાં આવ્યો છે તે મકાન



દામોદરકુંડ

લોકવાયકા મુજબ નરસિંહ મહેતા પ્રાતઃકાળે દામોદરકુંડમાં સ્નાન કરવા માટે આવતા હતા. રસ્તે આવતાં-જતાં એમણે જે પદોની રચના કરી તે ગુજરાતી ભાષાનાં ઉત્તમ પદો તરીકે મૂલવાયાં છે.

આવી જ બીજી કથા છે રા' ગંગાજળિયાની. જૂનાગઢનો એ છેલ્લો રજપૂત રાજા રા' માંડલિક - ગંગાજળિયો કહેવાતો. સતિયો ને પવિત્ર ગણાતો. પણ કહેવાય છે કે આઈ નાગબાઈ પર કૂડી નજર કરીને શાપ ઊતર્યો. અમદાવાદના બાદશાહ મહમૂદ બેગડાએ જૂનાગઢ જીત્યું - ને ત્યારથી ત્યાં નવાબી શાસન થયું. શ્રી ઝવેરચંદ મેઘાણીની નવલકથા 'રા' ગંગાજળિયો'માં આ કથા સરસ રીતે આલેખાઈ છે. કહેવાય છે કે નરસિંહનો હારમાળાનો કહેવાતો પ્રસંગ પણ માંડલિકના દરબારમાં જ બનેલો. 15મા સૈકાની આ વાત.

ઈતિહાસ સમયના ખેતરમાં ચાસ પાડતો જાય છે ને લોકકલ્પનાઓમાં અનેક રંગભરી કથાઓનાં વન ઉગાડતો હોય છે. એના આકર્ષણમાં પેલો ચાસ ક્યાંય ખોવાઈ જતો હોય છે.

ગામમાં જોવાનું તો ઘણું છે. ગામ વચ્ચે ગઢ, ગઢના દરવાજા, અંદર ખેંગારના મહેલના અવશેષ, સાંકડી ઊંડી અડીચડી વાવ ને મહેમદાવાદના ભમ્મરિયા કૂવા જેવા સ્થાપત્યના વિસ્મયજનક નમૂનારૂપ નવઘણ કૂવો. કહેવત છે ને કે 'અડીચડી વાવ ને નવઘણ કૂવો, ના જુએ તે જીવતે



જૂનાગઢના નવાબનો મહેલ

મૂવો.' આ બાંધકામો 10મા સૈકાનાં મનાય છે. ગામમાં બાબી નવાબોની છત્રીઓ - નરસિંહ ચોરો - પ્રાણી સંગ્રહાલય - સક્કરબાગને નામે ઓળખાય છે તે ઉપરાંત વિવિધ મંદિરો વગેરે તથા હસ્તકલા-ઉદ્યોગની 'રૂપાયતન' જેવી જોવાલાયક સંસ્થાઓ છે. આયુર્વેદની દવાઓનું કેન્દ્ર છે. 19મી સદીનો રાજમહેલ છે... પણ પ્રાચીન સંસ્મરણો જાગે છે જૂનાગઢથી ગિરનારને રસ્તે. વાઘેશ્વરી દરવાજાથી બહાર નીકળી ગિરનાર તરફ જતાં રસ્તામાં આવે છે સમ્રાટ અશોકનો શિલાલેખ. તેના પર જ ઈ. સ.ના બીજા શતકમાં ક્ષત્રપ સરદાર રુદ્રદામા અને સમ્રાટ ચંદ્રગુપ્તે પણ લેખો કોતરાવ્યા છે. અશોકે અહીં શિલાલેખ કોતરાવ્યો, કારણ કે અહીં વિશાળ સુદર્શનતળાવ હતું. તેને કાંઠે આ સ્થળ તીર્થ ગણાતું. ઉપરાંત પ્રતિવર્ષ મોટો મેળો ભરાતો. કાળે કરીને તળાવ પુરાઈ ગયું. ગિરનારમાંથી આવતાં ઝરણાં બંધ થઈ ગયાં. પણ ગિરનાર ઉપરથી બરાબર અવલોકન કરતાં આ સ્થળ નીચાણવાળું અને તળાવ હશે એવી પ્રતીતિ કરાવતું જણાય છે. અહીંથી આગળ ભવનાથ છે. તેમાં હજુ પણ મેળો ભરાય છે, ખાસ કરીને આહીર લોકોનો. કહેવાય છે કે ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં પણ અહીં જ આહીર લોકોનો મેળો ભરાતો અને શ્રીકૃષ્ણ, બલરામ (યાદવ-આહીર) પણ તેમાં આવેલા. અર્જુન સાધુવેશે આવીને આ મેળામાંથી જ શ્રીકૃષ્ણની બહેન સુભદ્રાનું હરણ કરી ગયેલો. કેટલાં હ વર્ષોનું એ લોકોત્સવનું સાતત્ય ! સંસ્કૃતિનો અખંડ પ્રવ શિલાલેખની બ્રાહ્મી ખરોષ્ટી લિપિ જોઈ - અનુવાદ આગળ આવે છે દામોદરકુંડ. કૃષ્ણના નામ સાથે સંક સ્થાન. ને ભજનમાં ગવાયું છે તેમ 'ગિરિતળેટી ને દામોદર, ત્યાં મહેતાજી નાહવા જાય.' નરસિંહ મહેતા નાહવા આવતા. અહીં દામોદરજીનું મંદિર છે ને દ સ્મશાન તથા ઉત્તરે અશ્વત્થામાનો ડુંગર છે. ત્ય ભવનાથથી આગળ જતાં ગિરનારનો ચઢાવ શરૂ થાય ઉપર જતાં પહેલાં કવિ ન્હાનાલાલનું 'ગિરનારને ચ સ્મરી લેવું જોઈએ - એ કાવ્યમાંનું ઇતિહાસદર્શન અ છે. આ સ્થાનનાં નવાં જ દર્શન થાય છે. તો ઉપર જતા ચઢતાંચઢતાં - ભલે આ સ્થળ વિષયક જ નહીં બળવંતરાય ઠાકોરનું 'આરોહણ' યાદ કરવું જોઈએ. આ અનુભવ સમૃદ્ધ થશે. નરસિંહ - પ્રેમાનંદ - ન્હાનાલા બળવંતરાય આપણા ઉત્તમ કવિઓનો અહીં સથ મળે છે.



જમણે : અડીચડીની વાવ
નીચે : ગિરનારનું પ્રવેશદ્વાર



પગથિયાં ચઢીએ એટલે દરવાજો પછી પગથિ લગભગ 610 મીટરની ઊંચાઈએ પહેલી ટૂક આવે. બાર સદીનું નેમિનાથજીનું મંદિર. નેમિનાથજીએ અહીં તપશ્ કરેલી. ઉપરાંત અન્ય ચાર ભવ્ય જૈન દેરાસરો. આબુની જે આ સુંદર કોતરણીવાળાં, આરસનાં મંદિરો પણ વસ્તુપા તેજપાળે બંધાવેલાં છે.

હજી ઉપર અંબાજીની ટૂક. આરાસુરનાં અંબાજી જે જ આ ગિરનારી અંબાજીનો મહિમા. પછી ગોરખનાથ ટૂક. ગિરનાર તો યોગીઓનું - ખાસ કરીને ગોરખપંથીઓ મોટું કેન્દ્ર. ભર્તૃહરિ અને ગોપીચંદનું સ્થાન. હજી આગ

જતાં નીચે ઊતરી કમળકુંડ થઈ વળી પાછા ઉપર ચઢી છેક ઊંચી ગુરુ દત્તાત્રેયની ટૂકે ચઢી ઘંટ વગાડીએ. ગિરનારની ટોચ ઉપરથી આસપાસના પ્રદેશનું દર્શન થાય છે. આમ તો કુલ સાત ટૂકો છે. પણ બાકીની ટૂકો પર જવું કપરું છે.

ઉપર દરગાહ ને શિવમંદિર પણ છે. એટલે ગિરનાર જે ભારતના પવિત્રતીર્થરૂપ - પર્વતોમાંનો એક પુરાણપ્રસિદ્ધ પર્વત ગણાય છે. તે સર્વ ધર્મોનું યાત્રાસ્થાન બની રહ્યો છે, તો સાથેસાથે કલાપ્રેમીઓ, સફર અને સાહસ-પ્રેમીઓ માટે પણ આકર્ષણ બની રહ્યો છે. ઇતિહાસના નિષ્ણાતો પણ અહીં અભ્યાસ માટે આવે છે. ગિરનાર - ગરવો ગઢ - યોગગિરિ સૌને નિમંત્રે છે, સૌને આવકારે છે. એની છાંયમાં, એની ગુફાઓમાં, એનાં જંગલોમાં સાધુઓ-સંતો-યોગીઓ-ભક્તો તેમ જ શૂરવીરો ને શ્રમજીવીઓની સંસ્કૃતિ ઊછરી છે. ગિરનાર ન જાય તે ગુજરાતી ન ગણાવો જોઈએ એવું એનું મહત્ત્વ છે.

નજીકમાં જ ઉપરકોટનો કિલ્લો છે, જેમાં રજપૂત રાજવીનો મહેલ ને વાવો છે - બૌદ્ધ ગુફાઓ છે. વિખ્યાત બહારવટિયા ખાપરા ને કોડિયાના ભોંયરા તરીકે ઓળખાતાં સ્થાનો બૌદ્ધ વિહારો હશે એમ લાગે છે. ભિખ્ખુઓની ગુફાઓમાં - વિહારમાં બહારવટિયાનું થાણું - ઇતિહાસ પણ કેવી રમત કરે છે ! અહીંથી ખોદકામ કરતાં જૂના કોટની દીવાલો, કોઠારો, કોઠીઓ, ગુપ્ત લિપિ કોતરેલી શિલાઓ, જૂની મૂર્તિઓ, પાત્રો તથા બૌદ્ધકાલીન અવશેષ મળી આવ્યાં છે. ઉપરકોટમાં ત્રણ ગંજાવર તોપો પણ મળી આવી છે.

ગીરની તળેટીમાંથી સમુદ્ર સુધીના દક્ષિણ સૌરાષ્ટ્રના વિસ્તારમાં વિસ્તરેલું ગીરનું જંગલ વિખ્યાત જંગલોમાંનું એક છે. કવિ ત્રિભુવન વ્યાસે 'ગાજે જંગલ ગીર તણાં' કહી જેનું મસ્ત વર્ણન કરેલું તે અત્યંત સઘન અડાબીડ વિશાળ જંગલ તો હવે ઓછું થઈ ગયું - કુદરત અને મનુષ્ય બંનેના વાંકે, પણ હજી તે જંગલ તરીકે જોવાલાયક છે. તોતિંગ વૃક્ષોની છાયામાં ઊછરેલાં અનેક વન્યપશુઓ સાથે સૌરાષ્ટ્રના માલધારીઓનાં પણ અહીં થાણાં છે. જ્યારે સૌરાષ્ટ્રમાં દુકાળ પડે છે ત્યારે તો માલધારીઓ પોતાનાં ઢોરઢાંખર લઈ ગિરનારને જ ખોળે જાય છે, એટલે માલધારીઓ તો તેને 'ઢાંક્યું સાંપડ' માને છે. એ જ રીતે મરણિયો જંગ ખેલતો બહારવટિયો પણ ભીંસમાં આવતાં ગિરનારમાં જ ગરી જાય છે. એમને મન એ 'માનો ખોળો' છે. ઘન જંગલોનો - નાનાં ઝરણાં - તળાવડાંવાળો આ ડુંગરાળ પ્રદેશ અનેક પ્રાણીઓનું ઊગમ - આશ્રયસ્થાન છે. તેમાં હરણાં વગેરે ઉપરાંત ખાસ તો છે વનરાજ સિંહ. સિંહની વસ્તી હવે તો દુનિયાભરમાં રહી છે માત્ર આફ્રિકામાં અને ભારતમાં અને ભારતમાં પણ માત્ર ગુજરાતના ગીરમાં.

ગીરના બે વિભાગ છે : આરક્ષિત અને મહેસૂલી વન. લોકો તળપદી ભાષામાં તેમને જાડી કે ઘાટી ગીર અને આછી કે પાતળી ગીર તરીકે ઓળખે છે. આરક્ષિતમાં વન રક્ષાયેલું છે - ત્યાં વૃક્ષો કપાતાં નથી. મહેસૂલીમાં નિયમ પ્રમાણે કાપી શકાય છે.



ગિરનાર ઉપરનાં જૈન દેરાસરો

ગીરના પશ્ચિમ તરફને છેડે સાસણગીરમાં જંગલખાતાનું અતિથિગૃહ છે તેમ જ પ્રવાસીખાતાનું ગેસ્ટ-હાઉસ છે. સાસણ, વિસાવદર - તલાલા રેલવેલાઈન પર સ્ટેશન પણ છે. અહીં જંગલમાં રાત્રિનિવાસ કરવાનો આનંદ માણી શકાય છે તેમ જ સરકાર દ્વારા સિંહદર્શનની પણ વ્યવસ્થા કરવામાં આવે છે. સિંહને તેના કુદરતી સ્વરૂપમાં - સ્વતંત્ર દશામાં ખૂબ નજીક જઈને જોઈ શકાય છે.

ગીરના જંગલમાં વિવિધ પ્રકારનાં વૃક્ષો થાય છે તેમ જ ત્યાંના સપાટભૂમિના વિસ્તારોમાં પુષ્કળ ઘાસ થાય છે. સામાન્ય સંજોગોમાં આ ઘાસ એટલા વિપુલ પ્રમાણમાં થાય છે કે ગીરમાં અંદાજે 20,000 ઢોર ઉપરાંત બીજા જિલ્લાઓમાંથી પ્રતિવર્ષ આવતાં લગભગ 40,000 જેટલાં ઢોરને તે પૂરું પડી શકે છે. વનસ્પતિશાસ્ત્રીઓના અભિપ્રાય મુજબ લગભગ 50 જાતનાં ઘાસ આ જંગલમાં ઊગે છે. ગીરમાં મીઠું પાણી છે, વહેતા વહેળા છે તેમ હવે તો કૅનાલો પણ થઈ છે.અહીંના વન્ય પશુઓમાં સિંહ, જેને સ્થાનિક લોકો 'સાવજ' કહે છે તે મુખ્ય છે. આમ તો આ સિંહો આખા વનમાં વિચરી શકે છે, પણ જાણે પોતાનો વિસ્તાર વહેંચી લીધો હોય તેમ બધા સિંહ પોતાના કુટુંબને લઈ અમુક વિસ્તારમાં જ ફરતા હોય છે. સિંહ - વનરાજ - રાજસી સ્વભાવનું શક્તિમંત પણ ગૌરવશાળી ને





તુલસીશ્યામ

નિર્ભીક પ્રાણી છે. તે પ્રાણીઓને બિનજરૂરી હણે નહીં. ગીરનું બીજું નોંધપાત્ર પ્રાણી છે ગીરની ભેંસ. મોટાં શિંગડાંવાળી આ ભેંસ ખૂબ જ બળવાન અને હિંમતબાજ હોય છે. તેને સિંહનો પણ ભય હોતો નથી. વખત આવ્યે તે સિંહ સાથે પણ જંગમાં ઊતરે છે. આ સિંહો સાથે અહીંના માલધારીઓએ પણ સહવાસ સ્વીકારી લીધો છે, નિર્ભીકપણે. સિંહોના આ પ્રદેશ વચ્ચે જંગલની વચ્ચોવચ ખુલ્લી જગા કરી માલધારીઓ નિર્ભયતાથી પડાવ નાખીને રહે છે - સહકુટુંબ અને પોતાનાં પશુઓ સાથે.



સિંહોના અભયારણ્યમાં ગીરનો સિંહ

એક કાળે આખા સૌરાષ્ટ્રમાં સિંહની વસ્તી હતી. અન્ય સ્થળોની જેમ ગીરનાં જંગલો પણ નાશ પામી રહ્યાં છે. અહીંના વિશ્વવિખ્યાત સિંહોની વસ્તી ઘટી રહી છે - સિંહો સ્થળાંતર પણ કરી રહ્યા છે. આ ચિંતાજનક છે. પણ જેમજેમ જંગલો કપાતાં ગયાં તેમતેમ સિંહો
જંગલ તરફ જતા ગયા અને હવે તો સિંહો માત્ર ગીર
રહ્યા છે. તેમના બેસુમાર શિકારને કારણે પણ તેમની
ઘટી ગઈ છે. અત્યારે તો સિંહના શિકાર પર પ્રતિબ
અને તેમની વસ્તીની જાળવણી માટે સરકાર દ્વારા
પ્રયત્નો થઈ રહ્યા છે. સાસણ ગીરમાં સિંહોનું અભય
બનાવવામાં આવ્યું છે. તે વિસ્તાર ફરતે પથ્થરની દી
કરવામાં આવી છે ને વચમાંથી પસાર થતા માર્ગની
બાજુએ કાંટાળી વાડ કરી લેવામાં આવી છે.
કિલોમીટરના આ વિસ્તારમાંથી પશુ બહાર ન જા
બહારથી કોઈ પશુ કે શિકારી અંદર પ્રવેશે નહીં તેની કા
રખાય છે.

ગીરમાં હરણાંઓ વગેરે અન્ય પ્રાણીઓ ઉપરાંત
પ્રકારનાં સુંદર પક્ષીઓ ને દસ-પંદર પ્રકારના સર્પો
જોવા મળે છે. અલબત્ત, તેમાં મુખ્ય પાલતુ પ્રાણી તો
જ છે. વાંકાં મોટાં શિંગડાં ને શરીર પરનાં ધાબાં પર
ચામડીના રંગ પરથી કે માથાના આકાર પરથી આ ભેંસો
જુદી જુદી જાતો નવચંદરી, કુંઢી, ભગરી, સિંધણ, દેશણ
નામે ઓળખાય છે. આ હૃષ્ટપુષ્ટ અને બળવાન-કદા
ભેંસોનું ટોળું જાણે ટેકરીઓ હોય તેવું લાગે. એકલદોકલ સિ
બે-પાંચ ભેંસોના ટોળા પર હુમલો કરવાનું સલામત ન મા

ગીરમાં કેટલાંક જોવાલાયક સ્થળો છે. સિંહદર્શન
સાસણ ઉપરાંત ઊનાથી લગભગ 30 કિલોમીટર દૂર
વચ્ચે 'તુલસીશ્યામ' આવેલું છે. અહીં શ્યામજી મહારા
મંદિર તથા ગરમ પાણીના - ગંધકના - સપ્તકુંડ છે. તે
પાણી 70°થી 80° જેટલું ગરમ રહે છે. સરેરાશ 20 મીટર
7 મીટરના વિસ્તારને લગભગ 3 મીટર જેટલા ઊંડા
કુંડોમાં અંદર ઊતરવા માટે પગથિયાં પણ છે. આ ઉપર
સતાધારનું સ્થાનક બહુ જૂનું નહીં પણ જાણીતું છે. આ
ગીગાની સમાધિ ને રામમંદિરની યાત્રાએ આવ
યાત્રાળુઓને નાત-જાત-
કે સ્થાનના ભેદ વિના સૌ
અહીંના અન્નક્ષેત્રમાં
અન્ન અપાય છે. વસ્ત્રહીન
વસ્ત્ર અને નિરાશ્રિત
આશ્રય આપવાનું પણ ઉમ
કામ ચાલે છે. આ ઉપર
કંઈક માતા વગેરેનાં સ્થા
ગીરમાં આવેલાં છે,
ધાર્મિકતા અને પ્રાકૃતિ
રમણીયતાથી પ્રવાસીઓ
આકર્ષે છે.



ગીરપ્રદેશ જંગલ
વિસ્તાર છતાં ઠેરઠેર આ
ખુલ્લી જમીનોમાં બાજ
જુવાર, શેરડી, ઘઉં, ક
વગેરે પણ ઉગાડાય



અહમદપુર-માંડવી દરિયાકિનારે કુદરતના સાંનિધ્યમાં તંબુઓમાં રહેવાનો આનંદ...



અહમદપુર-માંડવીમાં ગ્રામીણ લાગતી કૉટેજની અંદર સુવિધાઓ છે

શેરડીના વધુ પાકને કારણે તલાલામાં ખાંડનું કારખાનું પણ થયું છે. આ વિસ્તારમાં ખૂબ જ વખણાતી કેસર કેરીનું ઉત્પાદન ઘણું થાય છે ને તેને ગુજરાત બહાર મોકલવામાં આવે છે. કેરી ઉપરાંત કેળાં, જામફળ, જાંબુ, રાયણ ને અન્ય ફળો તથા મધનું પણ ઉત્પાદન થાય છે.

આ ડુંગરાળ પ્રદેશમાંથી બૉક્સાઇટ, કેલ્સિયમ, કેલસાઈટ, જિપ્સમ, માઇકા વગેરે ખનિજો પણ મળે છે તથા ઇમારતી લાકડું ઉપરાંત દીવાસળી અને ટૂથપેસ્ટ બનાવવાનું ખાસ લાકડું પણ અહીં થાય છે. અહીંની વનસ્પતિઓમાંથી આયુર્વેદિક ઔષધિઓ પણ બનાવવામાં આવે છે. આ માટે ગુજરાત સરકારે ખાસ પ્રોત્સાહક યોજના કરી છે. પશુઓની મોટી વસ્તીને કારણે આ પ્રદેશમાંથી હાડકાં, શિંગડાં અને ચામડાંની કુદરતી સંપત્તિ પણ મોટા પ્રમાણમાં મળે છે. આમ, ગીર સાધના અને સૌંદર્યના ધામ ઉપરાંત સમૃદ્ધિનો ખજાનો પણ છે.

જૂનાગઢ જિલ્લામાં ઊનાથી માત્ર 12 કિલોમીટર દૂર આવેલ અહમદપુર-માંડવી નામે સમુદ્રી-પર્યટનધામ વિકસાવાયું છે. સ્થળ શાંત ને રમ્ય છે. સુંદર સાગરતટ છે ને સામે જ સાવ નજીક દીવનો બેટ છે. તેના ઐતિહાસિક કિલ્લાનું દૃશ્ય રોમાંચક વાતાવરણ સર્જે છે. આ દીવ પહેલાં પૉર્ટુગીઝ થાણું હતું ને હવે દમણ રાજ્યમાં છે. લોકવાયકા છે કે દીવમાં આવેલ ખડકની ગુફામાં જ તપ કરતા ઋષિ મુચકુંદે કાલયવનનો નાશ કરેલો. એ ગમે તે હોય પણ સ્થાન ખૂબ રમણીય છે. ટાપુ 12 કિલોમીટર લાંબો ને બાજુમાં ગામ છે, જેની આસપાસ પણ કિલ્લા છે. એ બંને ફિરંગીઓએ બંધાવેલા.

ટાપુ પરના 10માંથી 7 હજી વસે છે. બેટમાં ચૂનાના પથ્થરના ખડકો છે. 'કાઠિયાવાડ સર્વસંગ્રહ'માં જણાવ્યા મુજબ સંવતના આઠમા સૈકામાં અહીં ચાવડાઓ રાજ્ય કરતા. બેટમાં ઘણાં પુરાણાં શિલ્પો મળ્યાં છે જે બહુધા સોલંકી-યુગનાં છે. રજપૂતો પાસેથી દીવ મુસ્લિમો પાસે ગયેલું, તેમની પાસેથી પૉર્ટુગીઝોએ જીતી લીધું તે પછી તેમણે ત્યાં કેટલાંક ખ્રિસ્તી દેવળો પણ બનાવ્યાં છે. તેમાં સેંટ પૉલના દેવળની છત, ગવાક્ષો વગેરે જોવાલાયક છે. કેટલાંક પર ચિત્રકામ પણ જોવા મળે છે.

અહમદપુર-માંડવીમાં પ્રવાસીઓ માટે બાંધવામાં આવેલા નિવાસોના બહારી દેખાવ, આ પ્રદેશની ગ્રામીણ સંસ્કૃતિની ઝાંખી થાય તે માટે સૌરાષ્ટ્રની ભાતીગળ સંસ્કૃતિને અનુરૂપ કુટિરો રૂપે બનાવવામાં આવ્યા છે અને કુટિરોને સૌરાષ્ટ્રના સંત, શૂરા અને સતીઓનાં નામ આપીને વિશિષ્ટ વાતાવરણ ઊભું કરવામાં આવ્યું છે. કુટિરો પર મેંગ્લોરી નળિયાં છે ને દીવાલોને છાણની ગારથી લીંપવામાં આવી છે. રાચરચીલાથી ભોજન સુધીની તમામ વ્યવસ્થામાં શણગાર સહિત સૌરાષ્ટ્રની પરંપરાગત સંસ્કૃતિ અને અદ્યતન સુવિધાનો સમન્વય કરવામાં આવ્યો છે. દરેક કુટિરમાં હીંચકો તો ખરો જ. લગભગ 15 કુટિરો અહીં બાંધવામાં આવી છે ને દરેકમાં સમુદ્રદર્શન થઈ શકે તેવી સગવડ છે.

પર્યટનધામના પ્રાંગણમાં મોટી સંખ્યામાં આવેલ પામવૃક્ષોથી વાતાવરણ રમણીય બન્યું છે. મુખ્ય પ્રવેશદ્વાર ડેલી છે તેમાં સંગીતકારો અને નગારાખાનાની જોગવાઈ છે. આમ, અદ્યતન સુવિધાઓ સાથે, સૌરાષ્ટ્રની વિશિષ્ટ ને પરંપરાગત લોકસંસ્કૃતિનું અહીં વાતાવરણ અનુભવવાનો લહાવો મળે છે.

દીવનો ઐતિહાસિક કિલ્લો





સોમનાથનું ભવ્ય શિવાલય

ઉપર ઈન્સેટ

દરિયામાં શિવલિંગ : સોમનાથ પાસેના દરિયામાં કેટલાંક શિવલિંગ છે. દરિયામાં ભરતી આવતાં તે જળમાં ડૂબી જાય છે અને ભરતી ઊતરતાં ફરી પાછાં દેખાય છે.

સોમનાથનું શિવલિંગ



પ્રભાસ-પાટણ : સોમનાથ

અહીંથી કાંઠેકાંઠેય જવું હોય તો પશ્ચિમ તરફ જઈએ સુવિખ્યાત ધાર્મિક તેમજ ઐતિહાસિક ક્ષેત્ર - પ્રભાસપાટણ.

પ્રભાસપાટણ સોમનાથ-પાટણ તરીકે પણ જાણીતું છે. 'મહાભારત'માં બે સ્થાનોનો ઉલ્લેખ જોવા મળે છે : દ્વારકા અને પ્રભાસ ને ત્યાં પણ પ્રભાસને તીર્થક્ષેત્ર તરીકે વર્ણવ્યું છે. પાછળથી રચાયેલા 'શાકુંતલ' નાટકમાં પણ કવિ કાલિદાસે કણ્વઋષિને, શકુંતલાના ભાગ્યમાં રહેલા દુરિતને દૂર કરવા પ્રભાસ મોકલ્યા છે. આને ચંદ્રતીર્થ પણ કહેવાય છે, કારણ કે પુરાણો પ્રમાણે આ સ્થાનનું માહાત્મ્ય ચંદ્રે અહીં તપશ્ચર્યા કરીને શાપમોચન પ્રાપ્ત કર્યું ત્યારથી.

સોમનાથનું મંદિર તો ભારતની સાંસ્કૃતિક ચેતનાના ખંડન અને તેની પુનઃજાગૃતિના સનાતન ઇતિહાસનું પ્રતીક છે. ક. મા. મુનશી તેમના 'સોમનાથનાં મંદિર' વિશેના પુસ્તકમાં જણાવે છે તેમ, આ મંદિર સાત વાર બંધાયું છે. પ્રથમ ચંદ્રે રજતનું, પછી શ્રીકૃષ્ણે સુખડનું ને પછીના ઇતિહાસકાળમાં તે લાકડાનું ને પછી પથ્થરનું બંધાયું, જે તૂટતું-બંધાતું ગયું. આમાં મહંમદ ગઝનીએ કરેલા વિનાશની અને પછી અલાઉદ્દીન ખિલજીએ કરેલા સોમનાથધ્વંસની કથાઓ જાણીતી છે.

ભીમદેવ સોલંકીએ બંધાવેલું મંદિર બાદમાં કુમારપાળે પણ બંધાવેલું અને તેના અનેક અવશેષો મળે છે. આ અવશેષો એકઠા કરી અત્યારે મુખ્ય મંદિર નજીકના એક જૂના સૂર્યમંદિરમાં મ્યુઝિયમ તરીકે મૂકવામાં આવ્યા છે.

જૂનાં વર્ણનો પ્રમાણે આ મંદિર વિરાટ પ્રાસાદ હતું. તેમાં સોનાની સાંકળે અસંખ્ય ઘંટ લટકતા, રત્નજડિત દીવીઓમાં સુગંધી દ્રવ્યોના દીવા બળતા - તેમાં સોને-રૂપે-રત્ને મઢાયાં સ્તંભો અને દ્વાર હતાં. અનેક નર્તકીઓ ત્યાં ભગવાન શિવને રીઝવવા નૃત્ય કરતી. બાજુમાં પાઠશાળાઓ-ગૌશાળાઓ હતી. સોમનાથ શૈવપંથનું એક અત્યંત પુરાતન, સમૃદ્ધ ને મહત્ત્વનું કેન્દ્ર હતું. આજે પુરાણા મંદિરનું માત્ર સ્થાન જોવા મળે છે. તેના પાયામાં એક પછી એક બંધાતાં ગયેલાં મંદિરોના પુરાવા છે. 1951માં તેના બાંધકામના શેષભાગને ઉતારીને સંગ્રહાલયમાં રક્ષવામાં આવેલ છે. આ સોમનાથ એ ભારતમાં શૈવ સંપ્રદાયના અત્યંત પવિત્ર એવાં બાર જ્યોતિર્લિંગોમાંનું એક હોવાથી ને તે પણ પ્રથમ ગણાતું હોવાથી શૈવ સંપ્રદાય માટે તેનું ધાર્મિક મહત્ત્વ ઘણું જ છે.

છેક દરિયાકાંઠે આવેલા આ મંદિરનું સ્થાન ખૂબ જ રમણીય છે. સોમનાથનો ધ્વંસ કરવા બેગડો ચઢી આવ્યો ત્યારે સોમનાથની સખાતે આવેલા સૌરાષ્ટ્રના રાજવી વીરોના અગ્રણી હમીરજી ગોહિલે સોમનાથનું રક્ષણ કરતાંકરતાં સોમનાથના પ્રાંગણમાં જ વીરમૃત્યુ વહોર્યું હતું. તેમની ખાંભી તરીકે તેમનું નાનકડું દેવળ સોમનાથના પ્રાંગણમાં છે. ક



સોમનાથના પ્રાચીન મંદિરના પ્રાંગણની છેલ્લી તસવીર

સરદાર પટેલ, જામસાહેબ અને કનૈયાલાલ મુનશીના પ્રયત્નથી સોમનાથમંદિરના પુનઃનિર્માણની યોજના કરીને નવું મંદિર બાંધવામાં આવ્યું છે. તેમાં શિવલિંગની પ્રાણપ્રતિષ્ઠા રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદજીના હાથે ઈ. 1951માં કરવામાં આવી હતી. તસવીરમાં આરઝી હકૂમતના શામળદાસ ગાંધી, કનૈયાલાલ મુનશી, લીલાવતી મુનશી, જામસાહેબ વગેરે દેખાય છે.

કલાપીએ 'હમીરજી ગોહિલ' એ કાવ્યમાં હમીરજીની વીરગાથા સરસ રીતે ગાઈ છે. મંદિરના પ્રાંગણની સમુદ્ર તરફની પાળે બેસીને નીચે ઘૂઘવા તો સમુદ્ર તો જોવો ગમે જ, પણ તે સાથે એ પાળ પર એક દીપસ્તંભ બનાવ્યો છે તે પણ જોવા જેવો છે. આ પથ્થરના સ્તંભ પર દીવો કરવામાં આવે છે. સ્તંભની ટોચે આડા મૂકેલા શંખની આકૃતિ છે. શંખનું મુખ મંદિર તરફ અને અણી સમુદ્ર તરફ છે. તે શંખ એવી રીતે ગોઠવાયો છે કે તે અણીથી સીધી લીટી દોરીએ તો તે દક્ષિણ ધ્રુવ સમુદ્ર પર જ જાય - વચમાં ક્યાંય ભૂમિ ન આવે. સોમનાથના સ્થાનનું આ મહત્ત્વ છે. મંદિરના ચોગાનની બહાર ગામ છે. ગામમાં બીજાં મંદિરો પણ છે. તેમાં જૂના સોમનાથનું મંદિર નોંધપાત્ર છે. સ્થાનિક લોકો કહે છે કે જયારે અલાઉદ્દીન ખિલજી સોમનાથનો ધ્વંસ કરવા આવ્યો ત્યારે મૂળ શિવલિંગ માનીને તેનાં દર્શન કરેલાં. શ્રી ક. મા. મુનશીએ પોતાની નવલકથા 'ભગ્ન પાદુકા'માં શિવલિંગ ઉપાડવાનો પ્રયત્ન કરતા પૂજારીનો અછડતો ઉલ્લેખ કર્યો છે. ગામમાં ઉતારા માટે મોટી ધર્મશાળા છે. ગામના કોટની બહાર ઇતિહાસકાળનાં યુદ્ધોના અવશેષરૂપ કબ્રસ્તાન તથા યાદવાસ્થળીની જગ્યા સ્થાનિક લોકો પ્રવાસીઓને બતાવે છે. ગામમાં પુરાણા ઐતિહાસિક અવશેષો, મંદિરો, શિલાલેખ વગેરે તેમ જ કુમારપાળે બંધાવેલું જૈન મંદિર જોવાલાયક છે.

ગુજરાતમાં જ નહીં પણ સમગ્ર ભારતના આ પુરાણપ્રસિદ્ધ મહાતીર્થની ભવ્યતા તેમ જ તેના ઇતિહાસે અનેક કથાકારોને પ્રેર્યા છે. ગુજરાતીમાં ઠક્કર નારાયણ વસનજી, ઉપરાંત ક. મા. મુનશી, ધૂમકેતુ, ચૂનીલાલ મડિયા અને રઘુવીર ચૌધરી તથા હિન્દીમાં આચાર્ય ચતુરસેન શાસ્ત્રીએ ગઝનીના આક્રમણના પ્રસંગને અનુલક્ષીને લખેલી સુંદર નવલકથાઓ વાંચવા જેવી છે. અલાઉદ્દીનના આક્રમણ પ્રસંગને મધ્યકાલીન કથાકાવ્ય 'કાન્હડદે પ્રબંધ'માં નિરૂપવામાં આવ્યો છે.

સોમનાથ ભારતનું મહાન શક્તિકેન્દ્ર, ભક્તિકેન્દ્ર અને સંસ્કૃતિકેન્દ્ર છે. નિર્માણનો યશ, પ્રાચીન કળાને જીવંત રૂપે પરંપરિત કરનાર સોમપુરાઓને અને વિશેષતઃ મુખ્ય સ્થપતિ પ્રભાશંકર સોમપુરાને ફાળે જાય છે. અહીં સંસ્કૃત પાઠશાળા પણ સ્થપાઈ છે તથા 'ગુજરાત સંસ્કૃત વિદ્યાપીઠ'(યુનિ.)ની સ્થાપનાની તેના કેન્દ્ર તરીકે આ 4 સ્થળ પણ રખાયું છે. સોમનાથથી સાગરતટે ચાલતાં હિરણ નદી ને સમુદ્રનો સંગમ આવે છે જે પવિત્ર ત્રિવેણીતીર્થ ગણાય છે. આ પણ પુરાણું શક્તિપીઠ તથા શ્રી શંકરાચાર્યનો મઠ પણ છે ને તેનાથી આગળ ચાલતાં દેહોત્સર્ગતીર્થ આવે છે. પ્રત્યેક ભારતીય માટે આ મહત્ત્વનું સ્થાન ગણાય, કારણ કે આ એ જગ્યા છે જ્યાં ભગવાન શ્રીકૃષ્ણે દેહત્યાગ કરેલો ને તેમના દેહને અગ્નિસમર્પિત કરવામાં આવેલો. શ્રીકૃષ્ણના જીવન સાથે સંકળાયેલાં ગોકુળ-વૃંદાવન-મથુરા-દ્વારકા-કુરુક્ષેત્રનું જે મહત્ત્વ છે તેટલું જ આ સ્થાનનું પણ ગણાય. અહીં કાંઠા પર સરસ મંદિરો છે અને શ્રી મુનશી વગેરેના પ્રયાસોથી સોમનાથથી અહીં સુધી સુંદર માર્ગ બનાવીને તેમ જ અહીં સ્મારક વગેરે રચીને આ સ્થળના વાતાવરણને અનુરૂપ ઉઠાવ આપવામાં આવ્યો છે. સોમનાથથી એ દિશામાં નજીક જ ભાલકાતીર્થ છે જ્યાં શ્રીકૃષ્ણને બાણ વાગેલું ને ત્યાંથી દેહોત્સર્ગની જગ્યાએ આવીને તેમણે દેહત્યાગ કરેલો. આ શાંત રમણીય સ્થળ હૃદયમાં અપૂર્વ સંવેદનો જન્માવે છે. પ્રભાસથી માંગરોળ સુધીનો રમણીય રેતાળ દરિયાકિનારો સહેલાણીઓ માટે આહ્‌લાદક છે. માંગરોળ પાસે જ 'શારદાગ્રામ' શિક્ષણસંસ્થા અને ચોરવાડનો દરિયાકિનારો મુલાકાત લેવા યોગ્ય છે.

ચોરવાડ

ચોરવાડના દરિયાકિનારે આવેલ જૂનાગઢના નવાબના વિશાળ રાજમહેલને વિહારધામમાં ફેરવી દેવાયો છે. ત્યાં પ્રથમ, બીજા અને ત્રીજા વર્ગના આવાસની સગવડ છે. આ નાઘેરનો લીલોછમ-હરિયાળો દરિયાકિનારાનો વિસ્તાર છે. આજુબાજુ નારિયેળીનાં વૃક્ષો અને ફળોથી લચી પડેલી વાડીઓ જોવા મળે છે. દરિયાકિનારાની સ્વાસ્થ્ય - વર્ધક હવા અહીં આવતા પ્રવાસીઓ માટે આકર્ષણરૂપ બને છે. તીથલ, ડુમ્મસ અને ઉભરાટ જેવું જ ચોરવાડ વિહારધામ તરીકે ગુજરાત



સોમનાથ મ્યુઝિયમ :
પ્રાચીન સોમનાથના અવશેષો, મંદિરની બાજુમાં બંધાવાયેલા મ્યુઝિયમની અંદર સાચવવામાં આવ્યા છે.



ચોરવાડના દરિયાકિનારે આવેલ જૂનાગઢના નવાબના વિશાળ રાજમહેલને વિહારધામમાં ફેરવી દેવાયો છે.

સરકારે વિકસાવ્યું છે. અમદાવાદથી હોલીડે કેમ્પની બસની સુવિધા પણ છે. ચોરવાડમાં સરકાર દ્વારા નિવાસ-વ્યવસ્થા પણ છે. નિવાસોમાં કુટિરો ઉપરાંત જૂનાગઢના નવાબનો જૂનો મહેલ ઉપયોગમાં લેવાયો હોઈ આ સ્થળની વ્યવસ્થા સુવિધાપૂર્ણ થઈ છે.

સોમનાથ પાસેનું વેરાવળ બંદર જૂનું અને મોટું બંદર છે. દીવાદાંડી છે. નાનાં વહાણો બાંધવાનો ઉદ્યોગ અહીં વિકસેલો છે. ઉપરાંત મત્સ્ય-ઉદ્યોગના વિકાસ માટે 'ગુજરાત ફિશરીઝ' મહત્ત્વનું કામ કરે છે. નજીકનું હવાઈ મથક કેશોદમાં છે. જૂનાગઢ જિલ્લાની પૂર્વ દિશાએ અમરેલી જિલ્લો. સૌરાષ્ટ્રનો એ વિસ્તારની દૃષ્ટિએ સૌથી નાનો જિલ્લો, પણ ઉદ્યોગથી સમૃદ્ધ છે. આ જિલ્લાનો કોડીનાર તાલુકો મુખ્ય ભાગથી અલગ છે. કોડીનારમાં ખાંડનું કારખાનું અને જાફરાબાદમાં સિમેન્ટ ફેક્ટરી છે. રાજુલા ગૃહઉદ્યોગ અને વેપારનું કેન્દ્ર છે. વાડીઓ માટે જાણીતો આ વિસ્તાર હવે ઉદ્યોગોમાં તેમ જ નાળિયેરી વગેરેના વનઉછેરના વિસ્તાર તરીકે વિકસી રહ્યો છે.

કવિ કલાપીનો મહેલ

લાઠીમાં કવિ કલાપીનો મહેલ હતો. તેમાં કલાપી, તેમની હૃદયરાજ્ઞી શોભના વગેરેનાં તૈલચિત્રો અને રાચરચીલું હતાં. આજે તો એ ભવ્ય મહેલ જમીનદોસ્ત થઈ ગયો છે. જે ભૂમિમાંથી કવિ કલાપીનાં અનેક સંવેદનો પ્રગટ્યાં ત્યાં શૉપિંગ સેન્ટર થઈ ગયું છે. આપણા સંસ્કારસ્વામીઓનાં સ્મૃતિ-સ્મારકો આપણે જાળવી શકતા નથી તે આપણી મોટી કરુણતા છે.



લાઠી

આ જિલ્લાનું લાઠી ગામ રાજવી કવિ કલાપીની જન્મભૂમિ અને કર્મભૂમિ છે, તો નજીકનું ચાવંડ કવિ કાન્તની જન્મભૂમિ છે. લાઠીમાં કલાપી સાથે તેમના ભત્રીજા મંગલસિંહજીને પણ યાદ કરવા જોઈએ. કુમાર મંગલસિંહજીની વિશિષ્ટ પીંછીએ ચીતરેલાં લોકકલા શૈલીનાં ચિત્રો જોવા જેવાં છે.

આમ તો લાઠી આજે નાનકડું નિસ્તેજ ગામ છે; કોઈ ધાર્મિક યાત્રાનું સ્થાન નથી કે નથી પ્રાકૃતિક રમણીયતાનું કે નથી કલાકેન્દ્ર-ઉદ્યોગકેન્દ્ર કે પ્રાચીન અથવા ઐતિહાસિક અવશેષોનું સ્થાન, છતાં ગુજરાતને હૈયે લાઠીનું લાગણીભર્યું સ્થાન છે - સંસ્કારી ગુજરાતી - કાવ્યપ્રેમી પ્રત્યેક જનનું એ તીર્થ છે, કારણ કે રાજવી કવિ - પ્રેમી કવિ અને કદાચ તેથીય વિશેષ 'ન્યારા રાહ'ના ફકીરી હાલનાં દર્શન કરતા જોગી જેવા જુવાન કવિ-પ્રેમી કવિ કલાપીનું એ સ્થાન છે. અઠ્ઠાવીસ વર્ષની ભરયુવાન વયે આ દુનિયામાંથી વિદાય લઈ ગયેલ કવિ - 'સુરતાની વાડીનો મીઠો મોરલો' કવિઓ અને જોગી સમા ભાવનાશીલોના મિત્રમંડળ વચ્ચે પ્રેમની, સૂફીમતની, વેદાંતની, થિયૉસૉફીની કે સ્વીડનબૉર્ગની ચર્ચા કરતો - હૃદયનાં દર્દની અને અલગારી પંથની કવિતા ગાતો એ કવિ-મોરલો જ્યાં જન્મ્યો-ફર્યો-વિચર્યો ને ટહુક્યો એ ભૂમિ આપણે મન અનોખું તીર્થ છે. હજીય જાણે એની હવામાં એની દર્દીલી કવિતાના રણકાર ગુંજે છે તેમ જ અભિજાત વ્યક્તિત્વ અને એના ઋજુ હૃદયની સ્નેહાળ સંસ્કાર ગુંજ્યા કરતા અનુભવાય છે. કાન્ત જેવું દર્શન અને કલાપી જેવી ઊર્મિકવિતા ગુજરાતને પછી ક્યારેય નથી મળ્યાં - તેમનો મહેલ તો ગયો. સમાધિરૂપ સ્મારક જળવાય તોય ઘણું !

આ નાનકડા અમરેલી જિલ્લાએ ગુજરાતને ઘણી વિશિષ્ટ વ્યક્તિઓ આપી છે. આઝાદી-સંગ્રામના અગ્રણી અને ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યપ્રધાન ડૉ. જીવરાજ મહેતા, લોકસેવક રતુભાઈ અદાણી, ઉદ્યોગપતિ રામજીભાઈ કામાણી ને ગિજુભાઈ પછી બાળકોના મોટા ચાહક એવા શિક્ષણકાર પ્રતાપરાય ગિ. મહેતા - સાથે અર્વાચીન યુવાન કવિ રમેશ પારેખને અમરેલી સાથે અવશ્ય યાદ કરવા પડે. અમરેલી કૉલેજો વગેરેથી વિકસિત તો છે જ, ઉપરાંત અહીંના વતનીઓએ બહાર જઈ જે સમૃદ્ધિ મેળવી છે તેના સદુપયોગ અહીંના વિકાસ માટે પણ કરી રહ્યા છે.

ભાવનગર

સૌરાષ્ટ્રવિસ્તારનાં મોટાં શહેરોમાંનું અગત્યનું શહેર છે. ભારત સ્વતંત્ર થયું તે પહેલાં આ પ્રથમ વર્ગનું દેશી રાજ્ય હતું. ગોહિલવંશના રાજાઓ ત્યાં રાજ્ય કરતા.

ભાવનગર સંસ્કાર-શિક્ષણ અને ઉદ્યોગને લગતી પ્રવૃત્તિઓથી ધબકતું શહેર છે. સ્વાતંત્ર્યસંગ્રામને લગતી પ્રવૃત્તિઓના જમાનામાં ભાવનગર અગત્યનું કેન્દ્ર હતું. કાઠિયાવાડ રાજકીય પરિષદનું ત્રીજું અધિવેશન પૂ. ગાંધીજીના પ્રમુખપદે અહીં ભરાયું હતું. આઝાદી બાદ પણ 1959માં રાષ્ટ્રીય મહાસભાનું અખિલ ભારતીય અધિવેશન અહીં મળ્યું હતું. આઝાદી બાદ જ્યારે દેશી રજવાડાંને ભારતની રાષ્ટ્રીય એકતામાં અંતર્ગત કરવાની યોજના થઈ ત્યારે એ માટેના સરદાર પટેલના ભગીરથ પ્રયત્નોમાં સૌપ્રથમ સહકાર આપનારાઓમાં ભાવનગરના તે સમયના રાજવી શ્રી કૃષ્ણકુમારસિંહજી હતા. કૃષ્ણકુમારસિંહજી રાષ્ટ્રભાવનાશાળી, દીર્ઘદૃષ્ટિવાળા અને કુશળ ન્યાયપ્રિય વહીવટકર્તા હતા. નવા રચાયેલા સૌરાષ્ટ્રરાજ્યના એકમમાં ઉપપ્રમુખ થયેલા તથા પછીથી તેમણે રાજ્યપાલ તરીકે પણ રાષ્ટ્રને પોતાની સેવાઓ આપેલી.

ભાવનગર પહેલેથી જ સંસ્કારપ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરતું રહ્યું છે. કવિ દલપતરામનું સન્માન કરનાર આ રાજ્યે અનેક સાહિત્યકારો અને કલાકારોને પુરસ્કાર્યા છે. આ રાજ્યની આ સંસ્કારપ્રીતિનો લાભ વિવિધ રૂપે કવિ કાન્ત અને રાજકવિ નથુરામ સુંદરજી, ચિત્રકાર રવિશંકર રાવળ



રાજા તખ્તસિંહજીનું સ્મૃતિસ્થળ-તખ્તેશ્વર પ્લૉ


અને સોમાલાલ શાહ તેમ જ ફોટોકલાકાર જગન મહેતા એમ અનેકને સાંપડ્યો છે. ગોવર્ધનરામ ત્રિપાઠી અહીં વ્યવસાયાર્થે વસ્યા હતા. અહીંની શામળદાસ કોલેજમાં ગાંધીજીએ અભ્યાસ કરેલો. પ્રખર વિદ્વાન મણિલાલ દ્વિવેદી પણ અહીં પ્રોફેસર હતા. વિજયરાય વૈદ્ય પણ અહીં વસતા હતા. ભાવનગરે અનેક વિભૂતિઓ આપી છે. વિખ્યાત રાજનીતિજ્ઞ-મુત્સદ્દી 'ગગા ઓઝા', શામળદાસ અને તેમનાં પુત્રો લલ્લુભાઈ શામળદાસ તથા તે પછીની પેઢીના વૈકુંઠભાઈ, ગગનવિહારી મહેતા, સર પ્રભાશંકર પટ્ટણી અને અનંતરાય પટ્ટણી અને બળવંતરાય મહેતા એવાં અનેક નામોથી યાદી લાંબી થાય.

અર્વાચીન કાળમાંય ભાવનગરમાં મહિલા કોલેજ અને અન્ય કૉલેજો, શાળા-મહાશાળાઓ - સર પ્રભાશંકર પટ્ટણી ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, કોમર્સ કોલેજ, લૉ કૉલેજ તેમ જ આયુર્વેદ મહાવિદ્યાલય અને ભાવસિંહજી પૉલિટેક્નિક વગેરે ચાલે છે. આમાંય શ્રીધરાણી જેવા વિદ્યાર્થીઓ આપનાર 'દક્ષિણામૂર્તિ'નો ઉલ્લેખ તો અનિવાર્ય ગણાય. નાનાભાઈએ બુનિયાદી શિક્ષણ માટે 'દક્ષિણામૂર્તિ'ની શરૂઆત અહીંથી જ કરી. ત્યાર બાદ તેમણે ગામડામાં કામ કરવાની ઇચ્છાથી 'દક્ષિણામૂર્તિ' આંબલા ગામે ખસેડી. તેમના અવસાન બાદ આ પ્રવૃત્તિ લોકભારતીરૂપે સણોસરામાં શ્રી મનુભાઈ પંચોળી 'દર્શકે' આગળ વિકસાવી. અહીંથી જ ગિજુભાઈએ બાળપ્રવૃત્તિથી આખા ગુજરાતને જ નહીં ભારતને પોતાનું કર્યું છે.

ભાવનગરની સ્થાપના

મહારાજ ભાવસિંહજી પહેલાએ 1723માં વડવા ગામ નજીક કરી. દરિયાકિનારે હોવાથી આ સ્થળને જળ ને સ્થળ બંનેનો લાભ મળતાં તે મહત્ત્વનું બન્યું. પ્રાચીનકાળમાં આવા સ્થળને 'દ્રોણમુખ' કહેવામાં આવતું અને સંરક્ષણ અને વ્યાપારની દૃષ્ટિએ તેનું ભારે મહત્ત્વ ગણાતું. ભાવનગર નગરને અને રાજ્યને નવા જમાનાને અનુરૂપ સ્વરૂપ આપી ઘણો વિકાસ કરવાનો યશ મહારાજા તખ્તસિંહજીને ફાળે જાય છે.

ગુજરાતની પ્રજા સારાં પુસ્તકો વાંચે તેવી ભાવના માટે સતત પ્રયત્નશીલ એવા મહેન્દ્ર મેઘાણી





'ગાંધીસ્મૃતિ'



બાર્ટન લાઈબ્રેરી



કાળિયાર-અભયારણ્ય

ભાવનગરથી 70 કિ.મી. દૂર વેળાવદર રાષ્ટ્રીય પાર્ક છે. અહીં અઢાર કિ.મી.ના વિશાળ વિસ્તારમાં કાળિયારનું અભયારણ્ય છે. લગભગ 3000 જેટલાં કાળિયાર માટે આયોજિત ઉદ્યાન હરણકુળનાં આ સોહામણા પ્રાણીઓને ઉછેરે છે.

એક જમાનામાં આ વિસ્તાર ભાવનગરના રાજવી કુટુંબની માલિકીનો હતો. અહીં ભાવનગરના મહારાજા દ્વારા કાળિયારનું રક્ષણ કરવામાં આવતું તો સાથેસાથે તેમનો શિકાર-શોખ પોષવા માટે ચિત્તા દ્વારા તેમનો શિકાર પણ કરવામાં આવતો.

ઘાસિયા મેદાનના પ્રાધાન્યવાળા આ રાષ્ટ્રીય ઉદ્યાન કાળિયાર માટે વિશ્વવિખ્યાત છે. ગુજરાતમાં તેમ જ દેશમાં અન્ય સ્થળોએ કાળિયારની વસતિ છે, પણ દેશમાં કાળિયારની સૌથી મોટી વસતિ આ વિસ્તારમાં છે. વેળાવદરના આ કાળિયાર-અભયારણ્યની મુલાકાત લેવાનો શ્રેષ્ઠ સમય માર્ચ-એપ્રિલ અને ઑક્ટોબર-નવેમ્બર મહિના છે.

અહીં જગદીપ વીરાણી સ્થાપિત 'સપ્તકલા' (1953), શ્રી બાપોદરા સંચાલિત 'નાદ' (1983), 'ગુલબાઈ દેખૈયા'નું 'સ્વરકલા' તથા પાંચ અન્ય સંગીતકારો તથા ચિત્રકલાક્ષેત્રે ગુજરાતના કલાગુરુ રવિશંકર રાવળ ઉપરાંત અનેક ચિત્રકારો આપ્યા છે. અહીં તેમનું 'આકાર' નામનું કલામંડળ પણ છે. સાહિત્યક્ષેત્રે કવિ, વિવેચક, સાહિત્યકારો અને હાસ્યલેખકોની દેણગી પણ ભાવનગરની જ છે. ગુજરાતી-સાહિત્યક્ષેત્રે કવિઓ, વિવેચકો, વિદ્વાનો તૈયાર કરવામાં પ્રોફેસર રવિશંકર જોષીનો ફાળો ગણનાપાત્ર રહ્યો છે. ભાવનગરની ભાષા શિષ્ટ અને પ્રમાણભૂત છે એવું પ્રમાણપત્ર નર્મદાશંકર, બ. ક. ઠાકોર તેમ જ ઉમાશંકર જોશીએ આપેલું. બળવંતરાય મહેતા, જાદવજી મોદી, જગુભાઈ પરીખ, આત્મારામ ભટ્ટ, અમૃતલાલ ઠક્કર વગેરે રાજકીય આગેવાનો ભાવનગરના હતા. હરિજનોના ઉદ્ધાર માટે પ્રૌઢશિક્ષણની પ્રવૃત્તિનો પ્રારંભ ઠક્કરબાપા તથા બળવંતરાય મહેતાએ કર્યો હતો.

'ગાંધીસ્મૃતિ' ગાંધીજીનાં અનેક સ્મૃતિચિહ્નો સાચવતું પ્રેક્ષણીય સ્થળ છે, તો બાર્ટન લાઇબ્રેરી હજારો પુસ્તકો ને બાર્ટન મ્યુઝિયમ એ ભાવનગર રાજ્યની પરંપરાગત વિદ્યા-પ્રીતિનું સ્મરણ કરાવે છે. ભાવનગરની એક નોંધપાત્ર 'સંસ્થા' છે મહેન્દ્ર મેઘાણીની 'લોકમિલાપ'. પુસ્તકો માત્ર ગ્રંથાલયનાં કબાટોમાં જ ભરાઈ ન રહે તે માટે 'લોકમિલાપે' સીધો વાચકને જ સંપર્ક કરીને પુસ્તકો વાચકને સસ્તાં મળી રહે તેવા પ્રયત્ન કર્યા છે. માત્ર ગુજરાતમાં જ નહીં, દેશમાં અને દરિયાપારના દેશોમાં 'જ્યાંજ્યાં વસે એક ગુજરાતી' ત્યાંત્યાં પણ પુસ્તકોનાં પ્રદર્શનો યોજીને તેમણે શિષ્ટવાચનશોખને વિસ્તારવાના સુંદર પ્રયત્નો કર્યા છે.

ભાવનગરમાં જૂનો દરબારગઢ, ટાઉનહૉલ વગેરે જોવાલાયક છે. 1932માં બંધાયેલા ટાઉનહૉલમાં ધારાસભા બેસતી અને કૃષ્ણકુમારસિંહજીનો રાજ્યાભિષેક પણ ત્યાં જ થયેલો. દેવાલયો-દેરાસર-દરગાહ-મસ્જિદ-ચર્ચ-અગિયારી - બધા ધર્મોનાં સ્થળો ભાવનગરમાં જોવા મળે છે. અલંગથી નજીક, તેથી અહીં અલંગ બજાર છે. ભાવનગરના મહારાજાએ સુંદર પક્ષીસંગ્રહ કર્યો હતો.

ભાવનગરનું બંદર છેલ્લાં 200 વર્ષોથી પ્રસિદ્ધ હતું. એનો વેપાર શ્રીલંકા, ચીન, આફ્રિકા, સિંગાપોર સાથે ચાલતો. પાછળથી નવું વિક્ટર બંદર બાંધવામાં આવ્યું, જેના લોકગેટની યોજના વિશિષ્ટ છે. સરકારે સૉલ્ટ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ વગેરે સંસ્થાઓ પણ અહીં સ્થાપી છે.


ભાવનગર વિમાનમાર્ગે મુંબઈ અને સુરત સાથે જોડાયેલું છે. ભાવનગરથી રાજકુળની ઉપાસ્યમાતા ખોડિયારના વિશાળ મંદિરે થઈ સોનગઢ જઈને નજીકના વિશાળ ક્ષયરોગ-નિવારણ હૉસ્પિટલ જઈ શકાય છે. વિરલ ગણાય તેવી શિક્ષણસંસ્થાઓ ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને ગ્રામવિદ્યાપીઠ-સણોસરા નજીકમાં જ



તેમના આદર્શ અને પ્રજાને કેન્દ્રમાં રાખી કરાયેલા શિક્ષણપ્રયોગનો પરિચય કરવા જેવો છે. ભાવનગરથી કિ.મી. દૂર વેળાવદર રાષ્ટ્રીય પાર્ક છે. 18 ચો.કિ.મી. લગભગ 3000 જેટલાં કાળિયાર માટે આયોજિત ઉદ્યાન હરણકુળના આ રૂપાળા પ્રાણીને ઉછેરે છે. કાળિયાર સુંદર પ્રાણી છે. તે છ મીટર જેટલી લાંબી ફાળ ભરી શકે છે.

વલભીપુર

ભાવનગરથી વેળાવદરની વચ્ચે પુરાણું નગર વલભીપુર (પહેલાં તે 'વળા' નામે ઓળખાતું). સમયનું તે ગુજરાતની રાજધાનીનું શહેર – અત્યંત પ્રાચીન સમયમાં મૈત્રકકાલીન રાજાઓ રાજ કરતા. તે વખતે તેની જાહોજલાલીનાં વર્ણન પ્રાચીન ગ્રંથોની પ્રાચીન સમયના પ્રવાસીઓની નોંધમાંથી મળે છે. તે ઉપરથી જણાય છે કે વલભીપુર ખૂબ સમૃદ્ધ અને જાહોજલાલીવાળું નગર હતું. દેશ-દેશાવર સાથે તેનો બંદરી વેપાર હતો. નગરમાંના બૌદ્ધ મઠો ને જૈન વિહારોને કારણે તે વખતે તીર્થધામ ગણાતું. પ્રાચીન વિદ્યાપીઠમાં તક્ષશિલા નાલંદાની જેમ વલભીપુરની વિદ્યાપીઠ પણ મહત્ત્વની પ્રસિદ્ધ હતી ને દેશપરદેશથી છાત્રો અહીં જ્ઞાનની શોધમાં આવતા. ચીની પ્રવાસી યુઆન શ્વાંગે તો વલભીના વૈભવનું વર્ણન કરતાં લખ્યું છે કે સૌથી વધુ કરોડપતિ આ નગરમાં હતા. અહીંની કન્યાઓ રત્નજડિત કાં વાપરતી. પુરાતત્ત્વખાતા તરફથી કરાયેલા ખોદકામ દરમ્યાન અહીંથી તે સમયના જૂના સિક્કા, તામ્રપત્રો, જ અનેક પુરાણી ચીજવસ્તુઓ પ્રાપ્ત થયેલ છે જે સંગ્રહાલયમાં સચવાયેલાં છે.



શત્રુંજય પર્વતમાળા પર 863 જૈન દેરાસરોનો સમૂહ

પાલિતાણા

ભાવનગર જિલ્લાનું સૌથી મોટું અને વિશ્વપ્રસિદ્ધ આકર્ષણ તો છે પાલિતાણા પાસેનાં 'શેત્રુંજો' પર્વત પરનાં વિખ્યાત જૈન મંદિરો. ભાવનગરથી લગભગ 60 કિ.મી. દૂર આવેલું પાલિતાણા જૈનોનું ભારતખ્યાત મહાતીર્થ છે. 603 મીટર ઊંચી શત્રુંજય પર્વતમાળા પરનાં 863 મંદિરોએ આખા પર્વતનાં અનેક શૃંગોને લગભગ ઢાંકી દીધાં છે. ભારતીય કલાના વિશ્વમાન્ય અભ્યાસી બર્જેસે નોંધ્યું છે કે ગિરિશૃંગો પર આટલી મોટી સંખ્યામાં આવાં મંદિરોનો સમૂહ જગતભરમાં અન્યત્ર ક્યાંય નથી. આ સ્થળ ધાર્મિક રીતે જૈનોની શ્રદ્ધાનું પ્રતીક છે. લગભગ દરેક જૈનને વર્ષમાં એક વાર પાલિતાણાની જાત્રા કરવાની ઝંખના હોય છે. નવ-નવ પેઢી સુધી ચાલેલું આ મંદિર-સમૂહનું બાંધકામ મનુષ્યની શ્રદ્ધા, પરંપરા તેમ જ મહાજનોના સમાજમાં પ્રદાનની એક મહાગાથા છે. શત્રુંજય - જૈનોના પહેલા તીર્થંકર - આદિનાથ - ભગવાન ઋષભદેવજીનું સ્થાન ગણાય છે. અગિયારમા સૈકાનાં મંદિરોની યાત્રાએ શ્રદ્ધાળુઓ અને કલાપિપાસુઓ પ્રતિવર્ષ હજારોની સંખ્યામાં આવે છે. તેમાં પરદેશીઓની પણ મોટી સંખ્યા હોય છે. મંદિરોમાં ભગવાનની શોભા માટે સમર્પિત ઘણાં કીમતી આભૂષણો અને હીરા પણ છે. એ સમગ્ર જૈન મંદિરોનો વહીવટ જાણીતી પેઢી આણંદજી કલ્યાણજીની પેઢી કરે છે. તેમની પરવાનગીથી આ આભૂષણો જોઈ શકાય છે.

સમવસરણ મંદિર



મોટે ભાગે આરસપહાણથી અને સફેદ પથ્થરોથી બંધાયેલાં આ મંદિરોનું સ્થાપત્ય અને બેનમૂન કારીગરીવાળું ઉત્કૃષ્ટ કોટિનું શિલ્પ અને કોતરકામ હેરત પમાડે તેવું સુંદર છે. આભઝરૂખે પર્વતની ટોચ પર રચાયેલી આ મંદિરનગરી દેવનગરી જેવી પવિત્ર અને મનોરમ્ય લાગે છે. એની પાષાણી પ્રતિમાઓ, દેવમૂર્તિઓ, ગંધર્વો-અપ્સરાઓ અને અન્ય અનેકની એ સૃષ્ટિ ગિરિશિખરને દૂધધારાએ નવરાવતી ચાંદનીમાંયે જીવંત અને દિવ્ય બની જતી લાગે છે. ધરતીનાં માનવીઓએ જાણે ઊંચા હાથ ઉઠાવીને પ્રભુને પ્રાર્થના સાથે ઉપહાર ધર્યો હતો તેવું દેખાય છે. ધર્મની પ્રેરણા થકી નીપજેલી પ્રવૃત્તિના આ પારલૌકિક પરિણામમાં મનુષ્યની શ્રદ્ધા-ભક્તિ-કલા અને સમૃદ્ધિની અભિવ્યક્તિની દુન્યવી દૈન્યમાંથી ઊર્ધ્વગતિ સાધના મનુષ્યની અને સમાજની અલૌકિક પ્રતીતિ છે. પાલિતાણા નજીક શેત્રુંજી નદી પર ડેમ છે તથા પાલિતાણામાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ-કૉલેજો પણ વિકસી છે.



કથા એવી છે કે ભાભીનાં મહેણાંથી અપમાનિત થયેલા નરસિંહે ગૃહત્યાગ કર્યો હતો અને અહીં આવીને તેણે આ શિવાલયમાં તપ કર્યું હતું. અહીં જ ભગવાન શિવે પ્રસન્ન થઈ તેને સાક્ષાત્કાર કરાવ્યો હતો અને તેને કૃષ્ણની રાસલીલાનું દર્શન કરાવ્યું હતું.



ગોપનાથ

ગોપનાથ

ભાવનગર જિલ્લાનું મહુવાબંદર જૂનું છે. પ્રાચીન સમયનું એ 'મધુપુરી'. ત્યાં લાકડાનાં સુંદર રમકડાંનો ઉદ્યોગ. પણ આપણે જઈએ તાજા થઈને ગોપનાથ. તળાજા નરસિંહ મહેતાનું જન્મસ્થાન. પણ ત્યાંનો નાનો ડુંગર આપણને આકર્ષે છે. મંદિર તો ખરાં - જૈન મંદિરો પણ સુંદર. પણ તે ઉપરાંત તેમાંની અત્યંત પ્રાચીન બૌદ્ધ ગુફાઓ. તે જોઈને હવે નજીકના જ સમુદ્રતીરે જઈએ ગોપનાથ. દરિયાકાંઠે રમણીય સ્થળ ને પ્રાચીનસ્થાને પણ જીર્ણોદ્ધારિત એટલે નવું લાગતું વિશાળ શિવાલય. નિવાસ માટે ધર્મશાળા-ભોજનાલયની પણ વ્યવસ્થા. હવે તો સરકારી મહેમાનઘર પણ છે. ગોપનાથના મંદિરમાં ઘંટ વગાડીએ તો રણકામાં નરસિંહનો નાદ સંભળાય તો તેમાં આશ્ચર્ય નથી.

કથા છે કે ભાભીનાં મહેણાંથી ગૃહત્યાગ કરેલો નરસિંહ અહીં આવીને આ શિવાલયમાં રાત પડી રહેલો અને અહીં જ ભગવાન શિવે તેને સાક્ષાત્કાર કરાવી તેનો હાથ ઝાલી તેને કૃષ્ણની રાસલીલાનું દર્શન કરાવેલું ને નરસિંહ પુનરવતાર પામેલો અને ચાંદની - બને તો પૂનમની - વ… સરસ તો શરદપૂર્ણિમાની રાતે આ ગોપનાથના સાગરતટે ફરીશું, કાંઠાની રેત અને ખડકો પર પથરાતાં સમુદ્રનાં મોજ… પર ચમકતી ચાંદની જોઈશું, તો યાદ આવી જશે ગુજરાતના બે મૂર્ધન્ય કવિઓ - 'કાન્ત' અને ન્હાનાલાલ. કહેવાય … કે એ બે કવિમિત્રોએ અહીં આ સ્થળે શરદપૂર્ણિમા સા… માણેલી. તેમાંથી ગુજરાતને મળેલાં બે ઉત્તમ કાવ્યોમાં ન્હાનાલાલનું 'શરદપૂર્ણિમા' અને કાન્તનું 'સાગર અ… શશિ'. કવિ કાન્તના કાવ્યની પંક્તિઓ 'આજ મહારાજ, જ… પર ઉદય જોઈને ચંદ્રનો હૃદયમાં હર્ષ જાગે' તો હજી… સંસ્કારપ્રેમીઓની લોકજીભે જ છે. ગોપનાથને સમંદરતીરે અને હવે તો મહુવા-ગુજરાતના અત્યંત લોકપ્રિય કવિ સં… મોરારિબાપુને કારણે પણ ઘણું જાણીતું બન્યું છે. … વિસ્તારનું જ મજાદર ગામ એટલે કવિ દુલા કાગનું ગામ.

ભાવનગરથી ઉત્તર-પશ્ચિમે આવેલું ગઢ… સ્વામિનારાયણ સંપ્રદાયનું ખૂબ મહત્ત્વનું ધામ ગણાય છે. અહીં દાદા ખાચરના ઢોલિયા પર બેસીને સ્વામીએ ઉપદેશ આપેલો. એ દાદા ખાચરના વારસદારોએ આપેલી જમીન પર ગઢડાનું મંદિર બાંધવામાં આવ્યું છે. મંદિર વિશાળ છે. આસપાસ ઘણી મોટી જગ્યા છે. મુખ્ય મંદિરની આસપાસ સાધુઓને રહેવા માટેનાં તેમ જ અન્ય મકાનો છે. ભગવાન સ્વામિનારાયણ - સહજાનંદસ્વામીની અંગત ઉપયોગની વસ્તુઓ અહીં જાળવી રાખવામાં આવી છે.

વઢવાણ

પણ હવે પાછા ફરીએ ને ઉત્તરના સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રવેશીએ. સુરેન્દ્રનગર એ નવું શહેર પાછળ… વસેલું. જૂનું તો સામે કાંઠે છે તે વઢવાણ (જૂના સમય… વર્ધમાનપુર). વચમાં વહે છે ભોગાવો. જૂના શહે… વઢવાણના કિલ્લાને અડીને, કિલ્લાના જૂના દરવાજા… દાખલ થઈએ. નાના ગામના સાંકડા રસ્તામાં ફરતા… ભૂતકાળને સંભારતાં પહોંચીએ માધાવાવ જોવા. પહો… ઊંડી પગથિયાંબંધ આ વાવમાંથી હજીય લોકો પાણી ભરે … પણ અનેક સુંદર-શિલ્પસ્થાપત્યભરી વાવોના ગુજરાતમાં … માધાવાવનું શું મહત્ત્વ ? પૂછીએ તો વઢવાણના લોકો કહે… *- બાર-બાર વરસે માધાવાવ ગળાવી, તોયે ન નીર… નીર'...* ગીતમાં કથા છે - માધાવાવમાં પાણી નથી આવ… પ્રજા તરસે મરે છે. જાણતલ જોષી જણાવે છે - માતા … માગે છે - યુવાન દંપતીનો. ને ગામનો નગરશેઠ … પ્રત્યેની ફરજ સમજીને દીકરા અને પુત્રવધૂને તેમાં પધ… દે છે - ને પાતાળમાંથી પાણી ફૂટી નીકળે છે. કથા ક… છે, પણ તેમાં વહેમ-અંધશ્રદ્ધા કે અજ્ઞાનને બદલે લોક…



સ્વામિનારાયણ મંદિર - ગઢડા

અને સમર્પણભાવના વાંચીશું તો કથા સાર્થક થશે. માધાવાવનું પાણી માથે ચઢાવવાનું મન થશે ને એની વાતો કરતા પહોંચીશું જૂની સમાધિઓ ને છત્રીઓવાળા ગઢના નદી તરફના બુરજના ભાગમાં - અનેક પાળિયા-પથ્થરના ઘોડાઓ-સમાધિઓ અને તે પરની કોતરકામની છત્રીઓ જૂના કાળની જવાંમર્દીનું સ્મરણ કરાવશે - તલવારોની તાળી પડતી સંભળાવશે - આસપાસના રવડતા પથ્થરો રણાંગણમાં રવડતાં માથાંમાં પલટાઈ જશે - પથ્થરની કોતરેલી તલવારો વીંઝાતી જણાશે... આ સ્થાનમાં જાણે ભંડારાઈને પડેલો ભૂતકાળ કોઈ સૂતેલો ફણીધર ટોપલામાંથી ફૂંફાડો મારતો જાગી ઊઠે કે ભૂતાવળ ભભૂકીને ભડકી ઊઠે તેમ પ્રગટ થતો જણાશે... ને છેક છેવાડે નાનકડી દેરીમાં સતીમાતાની મૂર્તિમાંથી જાણે ઝાળો પ્રગટશે - 'જય અંબે' સંભળાશે - કંકુ-ગુલાલ ઊડતાં જણાશે ને પરખાશે - આ તો રાણકદેવી. આ સતીની દેરી. અતીતને ઓળખવા માટે જાગ્રત કલ્પના હશે તો ભેંકાર ઉજ્જડ ખંડેરો પણ અદ્દ્ભુત અનુભવ કરાવશે, સતી રાણકદેવીની દેરી. લોકહૃદયમાં એની કથાની ભાતીગળ રંગીન ચૂંદડી લહેરાતી રહી છે. એની યાદ અંતરને કશાક અસાધારણ ભાવથી ભરી દેશે ને આથમતા સૂર્યમાં સામેની ભોગાવોનદીના કિનારે પથ્થરોમાં જાણે ચિતા જલતી જણાશે - રાણકની.

વઢવાણ - પણ હા - આ તો કવિ દલપતરામનું ગામ. કવિ ભલે પછીથી અમદાવાદી થયા પણ મૂળ તો તે અહીંના ને... ફાર્બસસાહેબે તેમને ગુજરાતી શીખવા માટે સંદેશો મોકલ્યો ત્યારે એ વઢવાણથી પગપાળા અમદાવાદ આવેલા અને પછી તો એમણે અમદાવાદને જ ઘર કર્યું ને સામે પેલું અર્વાચીન સુરેન્દ્રનગર. કોલેજો, હોસ્પિટલો, બજારો ને અનેક કારખાનાંઓથી ધબકતો ઔદ્યોગિક વિસ્તાર. એમ તો ચિનાઈ માટીના ઉદ્યોગનું ગુજરાતનું મોટામાં મોટું મથક થાન તથા ધ્રાંગધ્રાનું સોડાએશનું કારખાનું પણ આ જ જિલ્લામાં. ઝવેરચંદ મેઘાણીનું ચોટીલા. ચોટીલાનો ડુંગર ને ભીમોરાગઢ ને ત્યાંની આશ્રમશાળા આ જ જિલ્લામાં. જૂના-નવા શહેર સુરેન્દ્રનગર અને વઢવાણને જુદાં પાડતી સીમારેખા સમી ભોગાવોની ભાળ લઈ જઈએ થાન નજીક ભગવાન ત્રિનેત્રનાં દર્શને.



સતી રાણકદેવીની દેરી - વઢવાણ

તરણેતર

ત્રિનેત્ર શિવ. અહીં ગ્રામભાષામાં ને આખા ગુજરાતમાં ઓળખાય છે 'તરણેતર' તરીકે. અત્યારે ત્યાં બધું ઉજ્જડ લાગે છે, પણ ત્યાં મેળો ભરાય છે ત્યારે માત્ર ગુજરાતના જ નહીં પણ ભારતભરના અને પરદેશના પ્રવાસીઓ પણ ત્યાં ઊતરી પડે છે. એવો હોય છે અહીંનો રંગબેરંગી મેળો. લોકકળાનો જાણે ચંદરવો. સૌરાષ્ટ્રની જાતજાતની જાતિઓ-આહીરો-રબારી-કાઠીઓ-ભરવાડો ઉપરાંત અનેક પોતપોતાના મૂળ રંગબેરંગી ભરતભરેલા પોશાકમાં અહીં એકઠા મળે છે. રૂપાળાં છોગલાં ઉડાડતા કેડિયાં ઘુમાવતા મુછાળા યુવાનો અને ભાતીગળ ચણિયાના ઘેર લહેરાવતી યુવતીઓ અહીં દાંડિયા-રાસ ચગાવે છે, છત્રીનૃત્ય કરે છે. ઢોલ-કાંસીજોડાં સાથે ભજન-ગીતો લલકારે છે. આખા ઉલ્લાસભર્યા વાતાવરણમાં આનંદ ને ઉમંગનાં અબીલ-ગુલાલ ઊડતાં હોય છે. લોકલાગણીના જુવાળવર્તુળમાં નાચતાં-રમતાં નરનારીઓની મસ્તીથી હેલે ચડી વાતાવરણ હિલોળા લેતું જણાય છે. કંઈકના કેમેરાની રંગીન ફિલ્મો



ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર

તરણેતરનો જીર્ણોદ્ધાર :

પુરાણા ખંડેર થઈ ગયેલા ભગવાન ત્રિનેત્રેશ્વરના મંદિરનો જીર્ણોદ્ધાર અને પ્રતિષ્ઠા ઈ. સ. 1902માં લખતરના રાજવી કરણસિંહજીએ પોતાની પુત્રી કરણબાની સ્મૃતિમાં કરાવ્યાં હતાં. હાલમાં મંદિરની આસપાસ 8થી 10 પગથિયાંવાળો કુંડ છે. મધ્યમાં તુલસી-ક્યારો છે. મંદિરનું કુંડમાં પડતું પ્રતિબિંબ એક સુંદર દૃશ્ય ઊભું કરે છે. હાલના મંદિરની બાંધણી 14મી સદીના સ્થાપત્ય મુજબ છે. આ સ્થળને પુરાતત્ત્વ-વિભાગ તરફથી રક્ષિત જાહેર કરવામાં આવ્યું છે.

ઈ.સ. 1902માં પ્રતિષ્ઠા કર્યા બાદ રૂ. 50,000 ખર્ચીને કળાકારીગરીવાળું શિખરબંધ મંદિર બંધાવ્યું હતું. મંદિરના બાંધકામમાં અવારનવાર સુધારા-વધારા થયા છે. સ્થાપત્યમાં જુદી-જુદી શૈલીઓ વરતાય છે. આ મંદિર સોલંકીકાળ પહેલાંની નાગરશૈલીનું જણાય છે. મંદિરની ત્રણે બાજુએ કુંડ આવેલા છે.

આ જીર્ણ મંદિરના ફોટા ડૉ. બર્જેસે ઈ. સ. 1890માં લીધા હતા. ઈ. સ. 1899માં આ ફોટા ત્યાંના રાજવીને આપવામાં આવ્યા અને ઈ. સ. 1902માં તેનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો.

શ્રી ઢાંકી આ મંદિરનો સમય ઈ. સ. 925નો કહે છે, પરંતુ ડૉ. બર્જેસના ફોટા અનુસાર તેનો સમય અગિયારમા સૈકાનો હોય તેવું કહી શકાય.



ત્યાં ઓછી પડતી હોય છે. ભાદરવા સુદ ચોથ-પાંચમ ને છઠ એ ત્રણ દિવસો દરમ્યાન 'તરણેતર'ના મંદિર આસપાસના વિસ્તારમાં હાટડીઓનું ગામ ઊભું થઈ જાય છે. ચગડોળ ને બીજી રમતો મંડાય છે. આબાલવૃદ્ધ નરનારીઓના આનંદ-કલ્લોલથી આખો વિસ્તાર છલકાઈ જાય છે. તરણેતર એટલે લોકજીવનનો રંગમેળો-ઉમંગમેળો.

'તરણેતર'નો મેળો જેની આસપાસ મંડાય છે તે ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર લખપતના રાજવી કરણસિંહજીએ એમની પુત્રી કરણબાની યાદમાં 1902માં બંધાવેલું હતું. મંદિરની સામે એક કુંડ છે ને એક તુલસીક્યારો છે. મંદિર સોમપુરાઓની શૈલીનું છે. લોકવાયકા છે કે, દ્રૌપદીસ્વયંવર અહીં રચાયેલો ને અર્જુને અહીં મત્સ્યવેધ કરેલો. એમ હોય કે ન હોય, પણ 'તરણેતર'નો મેળો જે ઉત્તરોત્તર તેની વિગતો ને મેળા વસ્તી - પ્રવૃત્તિમાં આધુનિક બની રહ્યો છે - તોપણ મહાલવા જેવો ખરો જ.

સૌરાષ્ટ્રની સોહામણી ધરતી ને રંગભર્યો લોકસમૂ એના વાંકા પહાડ, દિલાવર દરિયાલાલ, સાવજથી ગર વન, દુધાળા નેસડા, રૂડાં-રૂપાળાં ગામડાં ને રજવ રોનકદાર શહેર... સૌરાષ્ટ્રનાં રંગીલાં રજવાડાંની રંગ કથાઓ ને ઠેરઠેર થાનકોમાં પ્રગટતી ભાવના અને ભક્તિ ડુંગરેડુંગરે દેવ ને પાદરેપાદરે પાળિયા - એ શૌર્ય સમર્પણની, પ્રેમ અને પરાક્રમની રોમાંચક દાસ્તાનો - મે ને મોલાતો, ગઢ અને માતાના મઢ છેક પ્રાગૈતિહા કાળથી આજ સુધીનો એનો અડાબીડ ઇતિહાસ અને ને દુહા, ભજન અને રાસડા - બાજરાના રોટલા ને છ માખણ - એનો સ્વાદ છોડવો સહેલો નથી. એ ફાળિ લોળિયાં, છોગાં ને ઘમ્મરઘેર ઓઢણાં, એ આહીર ને ભર ખલાસી ને ખોજા, મકરાણી ને મીર - હજીય અતીત અળખામણો નથી થયો ને આવતી કાલે આવકાર પણ નથી એવી મિશ્ર સંસ્કૃતિનું એ સોરઠ એનાથી વિખૂટા કેમ ગમે ? છતાં પ્રવાસીએ તો પગલાં ઠેરવવાનાં જ ને ! એટલે આપણેય એ સોહામણા સોરઠને - હાલા નાઘેર અને ગોહિલવાડ અને ઝાલાવાડને પાછળ આગળ વધીએ.

છેક 'દક્ષિણમાં છે દમણગંગા' - લગભગ 'ત પ્રવાસ રે' એવી કવિ નવલરામની શિખામણ મુજબ કરી, નર્મદે દાખવેલી દિશાએ ઉત્તરમાં અંબામાત, 'પૂ કાળી માત' અને 'સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા - બધે નમી આવી હવે જઈએ કેન્દ્ર તરફ - અમદાવાદ

સુરેન્દ્રનગરથી અમદાવાદ... પણ તેમાં પ્રવેશતાં પ તેને જરીક બાજુએ રાખી પહેલાં જઈ આવીએ આ રાજનગર - ગાંધીનગરે.

તરણેતર

એક લોકવાયકા એવી છે કે તારકાસુરનો નાશ કરવા માટે ભગવાન શિવથી પુત્રની ઉત્પત્તિ જરૂરી હતી, તેથી ઇન્દ્રની આજ્ઞાથી કામદેવ શિવને પ્રસન્ન કરવા, શિવની સેવા કરવાના બહાને લાગ જોઈને તેમની ઉપર મોહાસ્ત્રનો પ્રયોગ કરે છે. આવા પ્રયોગથી દુભાયેલા મહાદેવે ત્રીજું નેત્ર ખોલીને સન્મુખ ઊભેલા કામદેવને ભસ્મીભૂત કરી નાંખ્યો. આથી કામદેવની પત્ની રતિ વિલાપ કરતી મહાદેવની ક્ષમાયાચના કરે છે. રતિવિલાપથી આર્દ્ર બનેલા ભગવાન શિવ રતિને દ્વાપર-યુગ સુધી રાહ જોવાનું કહે છે. દ્વાપરમાં કામદેવ કૃષ્ણને ત્યાં પુત્ર તરીકે જન્મ લેશે અને રતિને પ્રાપ્ત થશે એવું વરદાન આપે છે. આથી રતિએ ભગવાન-શિવનું ત્રીજું નેત્ર એટલે કે ત્રિનેત્રેશ્વરનું મંદિર બનાવી, દ્વાપરયુગ સુધી ભગવાનની પૂજા-અર્ચના કરીને તપશ્ચર્યા કરી.





ગુજરાત વિધાનસભા

ગાંધીનગર

ગાંધીજી જન્મ્યા ગુજરાતમાં - પ્રવૃત્તિનું થાણું નાખી આરંભ પણ કર્યો ગુજરાતમાં. પણ તેથી શું ? એ થોડા માત્ર 'ગુજરાતી' કે ગુજરાતના રહ્યા છે ? તોય ગુજરાતનેય પોતાના 'ગરવા ગુજરાતી'નું - પનોતા પુત્રનું - ગૌરવ તો હોય ને ? ગુજરાતે અનેક સંસ્થાઓ-સ્થાનો-પ્રવૃત્તિઓ સાથે ગાંધીજીનું નામ સાંકળ્યું છે તેનું સ્મરણ તાજું રાખવા - ગામેગામ તેમની પ્રતિમાઓ સ્થાપી, એલિસબ્રિજ સ્ટેશનને 'ગાંધીગ્રામ' કહ્યું ને કંડલા પાસે આખું ગાંધીધામ ઊભું કર્યું, પણ સૌથી મોટું સ્થાન જેની સાથે ગાંધીજીનું નામ સાંકળવામાં આવ્યું તે તો ગુજરાતની વર્તમાન રાજધાની - ગાંધીનગર.

આખું નગર જ નવેસરથી વસાવાયું - વ્યવસ્થિત આયોજન મુજબ તેનું નિર્માણ થયું. ગુજરાત રાજ્યના વહીવટી કેન્દ્ર તરીકે અને તેને અનુરૂપ વ્યવસ્થાઓ, સુવિધાઓ, તેને અનુરૂપ શોભા અને ગૌરવ જાળવીને વિશાળ નગરનું - મહાનગરની પરિકલ્પના કરીને આયોજન થયું. તબક્કાવાર તે વિકસાવ્યું ને ઉત્તરોત્તર વિકસાવાશે. જ્યારે સમગ્ર નગર સંપૂર્ણ રૂપે વિકસશે ત્યારે કેટલું વિસ્તૃત - ભવ્ય-અદ્યતન-શોભા-સુવિધાપૂર્ણ હશે તેની અત્યારે કલ્પના કરવી મુશ્કેલ છે. પણ આયોજકોએ તો, અલબત્ત, તેનું આયોજન અગાઉથી તેના ભાવિ વિકાસની શક્યતાઓને મનમાં રાખીને જ કર્યું છે.

1960માં મહારાષ્ટ્ર અને ગુજરાત જુદાં પડતાં ગુજરાતની કામચલાઉ રાજધાની અમદાવાદમાં રાખવામાં આવી, પરંતુ વર્ષોથી વિકસી ચૂકેલા ને ઠીકઠીક ભીડ અને ભીંસવાળા શહેરમાં રાજધાનીની વળી અધિક ભીડાભીડ ઉમેરાય તે કરતાં નજીકમાં જ છતાં સહેજ છેટું રાખીને, રાજનગરને અનુરૂપ ને અદ્યતન જીવન-વ્યવસ્થાને યોગ્ય એવું નવું જ નગર રચવામાં આવે તો વધુ સારું. માર્ગો-મકાનો-કાર્યાલયો અને નિવાસો - ને એ સર્વના ઉપજીવીઓ માટેની વ્યવસ્થાઓ - સુવિધાઓ - એ સર્વની દૃષ્ટિએ જરૂરી પણ હતું. આથી નવા નગરનું આયોજન થયું - એને ગાંધીનગર નામ અપાયું. સને 1964-65માં ગુજરાતની એ નવી રાજધાનીના પાયા નખાયા. ભારતમાં, અર્વાચીન કાળના પ્રથમ નવયોજિત નગર 'ચંદીગઢ' શહેરના ફ્રેંચ સ્થપતિ લા કાર્બુઝિયેરના નગરાયોજન પર ગાંધીનગરની આયોજન-કલ્પના કરવામાં આવી. નગરમાં 30 સેક્ટરો છે, સચિવાલય - વિધાનસભાગૃહ - અન્ય સરકારી દફતરો - કાર્યાલયો વગેરેની ભવ્ય ઇમારતો રચાઈ, હજી ઉમેરાતી જાય છે. તેમાં વિધાનસભાનું સ્થાપત્ય આધુનિક શૈલીનું છતાં વાતાવરણ સાથે સંવાદ સાધતું ભવ્ય કલાત્મક અને બેનમૂન છે. નગર નવેસરથી આયોજનપૂર્વક રચાયું હોઈ તેના વિભાગો વ્યવસ્થિત છે. માર્ગો વિશાળ છે. કાર્યાલયો અને નિવાસ વગેરેનાં ચોક્કસ ક્ષેત્રો ને વિસ્તારો આયોજનપૂર્વક



મહાત્મા મંદિર



સચિવાલય



અક્ષરધામનું ભવ્ય સંકુલ

નીચે ભોંયતળિયાની વિશાળ જગ્યામાં 'રામાયણ', 'મહાભારત' વગેરેના પ્રસંગો શિલ્પાકૃતિઓ અને ચિત્રો દ્વારા તાદૃશ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત નરસિંહ, મીરાં, તુલસીદાસ, પ્રેમાનંદ, કબીર, સુરદાસ, જયદેવ, તુકારામ જેવાં અનેક ભક્તકવિઓની પ્રતિમાઓ છે.

ગોઠવાયાં છે. બાંધકામની ગીચતા ન થાય તેનો ખાસ ખ્યાલ રખાયો છે. પોતાનાં જલાગાર તેમ જ વીજળીકેન્દ્ર વગેરેની વ્યવસ્થા સાથે, અહીં પ્રદૂષણ ન થાય તેની કાળજી રખાઈ છે. મકાનો ને વિશાળ ચોગાનો અને બગીચાઓ વગેરેમાં લાખો વૃક્ષો ઉગાડાયાં છે. સુંદર બગીચા - શાળાઓ - દેવાલયો વગેરે પણ રચાયાં છે. બાલોદ્યાન, સરિતાઉદ્યાન, હરિણોદ્યાન વગેરે તો આસપાસનાં સૌને માટે આકર્ષણરૂપ બન્યાં છે. નજીકના ઇંદ્રોડા ગામમાં હરણોનું ઉદ્યાન ને સર્પગૃહ તથા પ્રાણી સંગ્રહ પણ છે. જ્યુરાસિક પાર્ક જેવી રચનાઓ પણ આકર્ષક છે. હજી જાણે ગઈ કાલે જ જ્યાં ખેતરો હતાં ત્યાં આજે એક અદ્યતન, સુંદર નગર ઊગી



નીકળ્યું છે ને આપણી નજર સામે એક મહાનગરને પ્રગટ - વિકસતું જોવું એ એક અનેરો લહાવો છે !

અક્ષરધામ

ગાંધીનગરનું એક અનોખું આકર્ષણ છે અક્ષરધામ.

માત્ર ગુજરાતમાંથી જ નહીં પણ દેશમાં પરદેશમાંથી ગુજરાતના પ્રવાસે આવનારા પર્યટકો મ 'અક્ષરધામ' દર્શનીય બની ગયું છે. 23 એકરના વિશા વિસ્તારમાં અક્ષરધામ સંકુલ આવેલું છે. રાજસ્થાની ગુલા પથ્થરમાંથી બંધાયેલું આ મંદિર 38 મીટર ઊંચું, 80 મી લાંબું, 44 મીટર પહોળું છે. કલામય સ્થાપત્યશૈલી બંધાયેલા આ દેવાલયમાં સાત ફૂટ ઊંચી ભગવા સ્વામિનારાયણની પ્રતિમા છે. તેની બાજુમાં અક્ષર ગુણાતીતાનંદસ્વામી અને ગોપાલાનંદસ્વામીની પ્રતિમા છે. આ ઉપરાંત તેમના અન્ય શિષ્યોની પ્રતિમાઓ પણ

અડાલજની વાવ

ગાંધીનગરથી નજીક અને ગાંધીનગરથી અમદા આવતાં માર્ગમાં જ આવતા અડાલજ ગામની ઐતિહા વાવનું સ્થાપત્ય, એના કોતરણીવાળા સ્તંભો-ગોખ વગેરેનાં મનોરમ્ય શિલ્પ આ વાવને કલાના ઉત્કૃષ્ટ ન તરીકે પુરવાર કરે છે. વાવો અને પરબડીઓ ગુજરા લોકસ્થાપત્યની વિશિષ્ટતા છે.

તેમાં લોકોપયોગિતા સાથે કલાત્મકતાનો અદ્દભુત સાધવામાં આવ્યો છે. મંદિરોમાં ધર્મ સાથે તેમ જ વા પરબડીઓમાં સાર્વજનિક લોકોપયોગિતા - પ્રજા ઉપભોગદૃષ્ટિ સાથે કળાનો અનુબંધ કરવામાં આવ્યો

વાવના કૂવામાં ઊતરવા માટે લાંબી - ત્રાંસી ને શક્ય એટલી પહોળી પગથિયાંની શ્રેણી રચવામાં આવી છે. આથી તેના પ્રવેશ અને કૂવા વચ્ચે ખાસ્સું અંતર હોય છે. આ અંતરના વિસ્તારને વિવિધ માળ બાંધી ભરવામાં આવ્યા છે. એ ધરતીની ઉપર પણ એક માળ બાંધવામાં આવ્યો છે. પ્રવેશ આગળ મંડપિકા-ચોતરો વગેરે રચાયાં છે. અહીં વાવમાં અન્ય રચના દેખાતી નથી. પણ અડાલજ જેવી વાવમાં વળી વાવની બે બાજુએ પથ્થરની દીવાલો-સ્તંભો રચવામાં આવ્યાં છે, ગોખ બનાવ્યા છે અને આ બધાંને સુંદર કોતરણી અને શિલ્પોથી શણગારેલ છે. સ્થાપત્યદૃષ્ટિએ વાવ મહત્ત્વનો પ્રકાર છે. ગુજરાતના માર્ગો ઉપર તેમ જ નગરો-ગામોમાં કે દેવસ્થાનો પાસે પુરાણા સમયની અનેક વાવો છે. મહામાર્ગો ઉપર તો શ્રેષ્ઠીઓ-સોદાગરો ને વણજારાઓ પણ પ્રવાસીઓને પાણીની ને વિરામની સવલત માટે વાવ બંધાવતા. વાવ બંધાવવી એ લોકોપકાર અને પુણ્યનું કામ ગણાતું. હવે ઘણી વાવો ભાંગી-તૂટી-દટાઈ-પુરાઈ ગઈ છે. કેટલીક વણવપરાશે અવાવરુ થઈ ગઈ છે. ઉલ્લેખનીય કહી શકાય તેવી 100 જેટલી વાવો અત્યારે અસ્તિત્વ ધરાવે છે.

અડાલજની વાવની સુંદરતાને કારણે સરકારે તેની જાળવણી કરીને પ્રવાસસ્થાન તરીકે ત્યાં સવલતો કરી છે. અમદાવાદથી તે લગભગ 18 કિલોમીટર દૂર છે. આ વાવ રુદાબાઈએ તેના પતિ વીરસિંહની યાદમાં સંવત 1499માં બંધાવી હતી. તેને પાંચ મજલા છે. વાવમાં જવા માટે ત્રણ દ્વાર છે. અંદર જતાં મંડપ આવે છે. એના પર અષ્ટકોણ ઘુમ્મટ બાંધેલો, જે અત્યારે રહ્યો નથી, પણ તેના થાંભલા સારી હાલતમાં છે. પગથિયાંની બંને બાજુ સુંદર કોતરણીવાળા ઝરૂખા છે. નીચે હાથી વગેરે આકૃતિઓના કંદોરા કરેલા છે. વાવમાંના ગોખ પણ શણગારેલા છે. વાવની લંબાઈ કુલ 84 મીટર જેટલી છે. વાવમાં સંસ્કૃત ભાષામાં લેખ છે જેના પરથી તે બંધાયાની સાલ વગેરેની માહિતી મળે છે.

અમદાવાદ શહેરમાં પણ અનેક વાવો છે. કેટલીક વાવો બંધ કરી દેવામાં આવી છે, પણ બે-ત્રણ સુંદર વાવ હજુ સારી સ્થિતિમાં છે - તેમાંની અસારવા વિસ્તારમાંની દાદા હરિની વાવ વિખ્યાત છે. એ પણ અડાલજની વાવ જેટલી જ જૂની છે. તેની લંબાઈ 80 મીટર છે. મંડપમાં 5 મીટરના અષ્ટકોણ કૂવાનો ચોરસ ભાગ 9 મીટર લાંબો-પહોળો છે. દરેક ખંડમાં ગોખ છે. આ વાવ જોકે અડાલજની વાવ જેટલી કલાપૂર્ણ નથી. અમદાવાદમાં ઈસનપુરમાં આવેલી ઈંટોની બાંધેલી વાવ, શાહીબાગમાંની માધવલાલ બૉર્ડિંગ પાછળની તેમ જ સ્ટેશન પાસેની સાક્ષર કેશવ હર્ષદ ધ્રુવના પિતાશ્રીએ બંધાવેલી વાવો નોંધપાત્ર છે. અડાલજની વાવની વાત કરતાં - કરતાં આપણે અમદાવાદની વાવોની પણ વાત કરી લીધી, કારણ કે હવે અમદાવાદ જ જવાનું છે ને ? પણ, હજી એ મહાનગરમાં પ્રવેશવાનું મુલતવી રાખી આપણે અમદાવાદ જિલ્લાનાં અન્ય મહત્ત્વનાં સ્થળો જોઈ લઈએ. અમદાવાદ શહેર અને જિલ્લો જુદાં છે. અમદાવાદ જિલ્લામાં વિશ્વની પ્રાચીનતમ સંસ્કૃતિઓની સમકાલીન ભારતની સિંધુ સંસ્કૃતિના અવશેષો આવેલા છે. - તો ચાલો જઈએ એ સ્થળે - લોથલ...



અડાલજની વાવ



કોતરણીવાળો ઝરૂખો

લોથલ

અમદાવાદની દક્ષિણે 84 કિલોમીટરે આવેલું લોથલ પુરાતત્ત્વની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનું સ્થાન છે. હડપ્પા સંસ્કૃતિના લગભગ ચાર હજાર વર્ષ પૂર્વેના અવશેષો અહીંથી મળી આવ્યા છે. 'લોથલ' શબ્દનો અર્થ છે 'મૃત માનવીનો ટેકરો'. 'મોહન-જો-દડો'ની જેમ જ - પુરાતત્ત્વખાતાએ આ વિભાગમાં કરેલા ખોદકામથી એટલું જાણવા મળ્યું છે કે પ્રાચીન સમયમાં લોથલ વેપાર-વાણિજ્યથી ધમધમતું, તમામ સુવિધાઓ ધરાવતું સુયોજિત નગર હશે. તે એક સમૃદ્ધ બંદર પણ હશે એમ મનાય છે. અહીં કરાયેલા ખોદકામ દરમ્યાન અનેક સિક્કાઓ, મૂર્તિઓ, આભૂષણો, વાસણો, મનુષ્યનાં હાડપિંજરો વગેરે ચીજો મળી આવી છે. આ બધું એક મ્યુઝિયમમાં રાખવામાં આવ્યું છે. લોથલનો નાશ પૂરને કારણે થયો હોવાનું મનાય છે.

લોથલ
હડપ્પા સંસ્કૃતિના લગભગ ચાર હજાર વર્ષ પૂર્વેના અવશેષો





શિયાળા દરમ્યાન દેશ-પરદેશનાં વિવિધ યાયાવર પંખીઓ અહીં આવે છે.



ધોળકા

લોથલથી પૂર્વે ધોળકા ગામ છે. તે વાઘેલાઓના સમયમાં કેટલોક વખત રાજધાનીનું શહેર પણ હતું. આજે અહીં મીનળદેવીએ બંધાવેલું મલાવ તળાવ છે. આ તળાવનો એક ખૂણો અવ્યવસ્થિત દેખાય છે. કહેવાય છે કે ત્યાં રહેતી કોઈ ગરીબ વૃદ્ધાએ પોતાની એ જગ્યા ન આપી. મહારાણી મીનળદેવીએ એને ન્યાય આપી તેના ઉપર બળજબરી ન કરતાં તળાવની આકૃતિને વાંકી થવા દીધેલી. આથી આ જગ્યાને મીનળદેવીના ન્યાયનું પ્રતીક ગણવામાં આવે છે. ધોળકામાં પ્રાચીન શૈલીની ખૂબ પુરાણી - મુસ્લિમ સલ્તનતના સમય પહેલાંની મસ્જિદ પણ છે. અત્યારે તો ધોળકા જામફળની વાડીઓ માટે જાણીતું છે. ત્યાંથી દક્ષિણપૂર્વમાં અમદાવાદ-ખેડા જિલ્લાની સરહદે ત્રણ નદીઓના સંગમનું સ્થળ વૌઠા છે. ત્યાં પણ ખૂબ મોટો મેળો ભરાય છે.

નળસરોવર

અમદાવાદથી પશ્ચિમે 62 કિલોમીટર પર આવેલું નળસરોવર વિશિષ્ટ છે. તે ખૂબ જ વિસ્તૃત છે. તેમાં પાણી ભરાય ત્યારે તો વિસ્તાર ખૂબ જ મોટો લાગે છે. વચમાં અનેક - લગભગ 300 જેટલા બેટડાઓ પણ જણાય છે. પણ તે ખૂબ જ છીછરા પણ છે. કોઈ પણ જગ્યાએ બે મીટરથી વધુ ઊંડાણ નથી. વર્ષાઋતુ પૂરી થતાં પાણી ઘટવા લાગે છે અને ખારું બનતું જાય છે. માર્ચના અંતે સરોવરની સૂકી સપાટી પર મીઠાના કણોની પોપડી જોવા મળે છે. તે પૈકી પાનવડ ટાપુ સૌથી મોટો છે. ઉત્તર ગોળાર્ધના શીત કટિબંધની વિષમ ઠંડીથી બચવા સારુ છેક સાઇબીરિયાથી ઘાસવાળા ટાપુઓ પર શિયાળાની શરૂઆતથી પક્ષીઓ આવવા માંડે છે અને માર્ચ સુધી અહીં રહે છે. કેટલાંક પક્ષીઓ માળા બાંધી પ્રજનન માટે પણ રહેતાં હોય છે. નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી પક્ષીઓની સૌથી વધુ સંખ્યા હોય છે. નળસરોવરનું આંતરરાષ્ટ્રીય મહત્ત્વ છે, કારણ કે શિયાળા દરમ્યાન દેશ-પરદેશનાં વિવિધ યાયાવર પંખીઓ અહીં આવે છે. પ્રાચીન કાળથી આ પક્ષી-પરંપરા ચાલી આવે છે ને ઋતુ પ્રમાણે સ્થળાંતર કરતાં અનેક વિરલ પ્રકારનાં પંખીઓ અહીં વિસામો લે છે. આ પક્ષીઓ ચોક્કસ તારીખોમાં જ પ્રતિવર્ષ આવે છે. ગુજરાત સરકારે અહીં કેટલીક સુવિધાઓ કરી હોઈ આ સ્થળ આસપાસનાં ગામો માટે આકર્ષણરૂપ પ્રવાસસ્થળ - પિકનિકકેન્દ્ર બની ગયું છે. લોકભીડને કારણે યાયાવર પંખીઓ મુખ્ય કાંઠાની નજીક ઓછાં આવે છે. પણ સહેલાણીઓ માટે બેટ પર જવાની અને સરોવરમાં ફરવા માટેની હોડીઓની વ્યવસ્થા છે. સરોવર છીછરું હોવાથી અહીંની હોડીઓ અન્ય હોડીઓની જેમ ઊંડી નથી પણ સપાટ તળિયાની અને છીછરી - ખાસ આકારની હોય છે. તેમાં બેસી સરોવરમાં ઘૂમવાનો આનંદ આવે છે. નળ-સરોવર પક્ષિવિદો માટે, અભ્યાસીઓ અને જિજ્ઞાસુઓ માટે તીર્થસમાન બની રહે છે. લગભગ 60 પ્રકારનાં જળચર પક્ષીઓ અહીં આવે છે.

સરખેજ

અમદાવાદના લગભગ પાદરમાં જ કહી શકાય તેટલું નજીક આવેલું સરખેજ ત્યાંના રોજા માટે ખૂબ જાણીતું છે. નાનકડા તળાવને કાંઠે આવેલા રોજાનું બાંધકામ સ્થાપત્ય અને કોતરણીની દૃષ્ટિએ એટલું સુંદર છે તેમ અમદાવાદના ઇતિહાસ સાથે તેનો એવો સંબંધ છે





અમદાવાદ આવનાર કોઈપણ દેશી-વિદેશી પ્રવાસી સરખેજ ગયા વગર રહેતો નથી. મુસ્લિમો માટે તે ત્યાંની સંતની દરગાહને કારણે યાત્રાસ્થળ પણ બની રહ્યું છે. પવિત્રતા, વિદ્વત્તા અને પોતાની ઊંચી ધાર્મિક ભૂમિકા માટે વિખ્યાત આદરણીય સંત શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ 111 વર્ષની ઉંમરે 1446માં જન્નતનશીન થયા ત્યારે એ જ સાલમાં અમદાવાદના - ગુજરાતના - સુલતાને એમનો રોજો બંધાવવો શરૂ કર્યો તે 1451માં બંધાઈને પૂરો થયો.

સુલતાન મહમૂદ બેગડાને આ સ્થળ અને સંતનો સહવાસ ખૂબ જ પ્રિય હોઈ તેણે પોતાની દરગાહ પણ એ સંતના સાંનિધ્યમાં, સંતના રોજાની સામે જ કરાવી. નજીકમાં 280 મીટર લાંબું અને 230 મીટર પહોળું તળાવ ખોદાવ્યું. અહીં અન્ય સંતો વગેરેને પણ દફનાવવામાં આવ્યા હોઈ રોજાનો અને આસપાસનો વિસ્તાર મકાનોનો સુંદર સંકુલ બની રહ્યો છે.

વચલા ચોગાનમાં સંત અહમદ ખટ્ટુ ગંજબક્ષનો મુખ્ય અને વિશાળ રોજો છે. ગુજરાતભરમાં જે રોજાઓ છે તેમાં આ સૌથી મોટો છે. તેનો ફેલાવો 35 ચો. મીટર જેટલો છે. નજીકમાં જ મહમૂદ બેગડો અને તેની બેગમોના રોજા છે. રોજાની ભીંતો અને કબર પર સુંદર કોતરણી છે. ખાસ કરીને મુખ્ય રોજાની - કબરના વિશાળ ખંડની આરસની દીવાલોમાં - કોતરેલી જાળીઓ ખૂબ સુંદર છે. આરસની દીવાલોમાં - કોતરેલી જાળીઓ ખૂબ સુંદર છે. હવાની આવનજાવન ચાલુ રાખીને તે પ્રકાશનું સરસ નિયંત્રણ કરે છે. આથી અંદરની પ્રકાશાત્મકતા બધા જ સમયે અનુકૂળ અને મનોરમ્ય બની રહે છે. ઉપરાંત તે જાળીઓમાંથી પસાર થતો પ્રકાશ અંદર અને બહારની આરસની ફર્શબંદી પર સૂર્યની ગતિ સાથે પરિર્તિત થતાં છાયા-પ્રકાશની જે આકૃતિઓ રચે છે તે એ સફેદ ફર્શબંદીને કલાપૂર્ણ અને મનોહર બનાવે છે. ઉષ્ણતા, પ્રકાશ અને હવાનું સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર અનુકૂળ નિયંત્રણ કરી એની ભૌતિક આવશ્યકતાનો અહીં કલા સાથે અનુબંધ કરીને સ્થપતિઓ અને શિલ્પીઓએ ઉપયોગિતા અને સુંદરતા એમ બેવડી સિદ્ધિ એકસાથે હાંસલ કરી છે. સુલતાન મહંમદ અને અન્ય સુલતાનોની કબરો પણ અહીં છે. તેમાં બેગડાની વિશાળ કબર તેનાં પડછંદ વ્યક્તિત્વ અને તેના પરાક્રમોના પ્રતીક સમી બની રહે છે, તો સંત સમા સુલતાન મુઝફ્ફરશાહની કબર સંત ગંજબક્ષના સાંનિધ્યને વધુ પૂરક બનાવે છે. સંતો-સુલતાનો જ્યાં સાથે પોઢ્યા છે એવું આ અનોખું સ્થાન ઈતિહાસ - ધર્મ અને તળાવને નૈઋત્ય ખૂણે આવેલો બેગડાનો મહેલ તથા જૂના જમાનાનાં મકાનો અત્યારે ખંડેર થઈ ગયેલાં છતાં સમગ્ર વિસ્તારના આયોજનમાં રહેલી સૂઝ અને એક વખતની ભવ્યતાની ઝાંખી કરાવે છે. સ્થાપત્યકળાના વિદ્યાર્થીઓ અને વિદ્વાનો માટે સરખેજનું આયોજન અને સ્થાપત્ય અભ્યાસનો વિષય ગણાય છે. મહાન સંત અને સુલતાનની આ સમાધિઓને આરસની ઈમારતમાં પોઢેલી ઈતિહાસની એક ગરવી ગઈકાલને મસ્તક નમાવી પ્રવેશ કરીએ અમદાવાદમાં.

અમદાવાદનો પાયો નાંખનાર અહમદ નામના ચાર સ્થાપકો પૈકીના શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષની આ દરગાહ છે.

સરખેજના રોજામાં આવેલું સુંદર તળાવ







અમદાવાદ

અમદાવાદ ! એટલે કે અહમદાબાદ ! ભારતનાં નગરોમાં એનું સ્થાન મહત્ત્વનું છે. પહેલાં તો ઉત્તરમાંથી દક્ષિણ સાગર તરફ કે સૌરાષ્ટ્ર તરફ બલકે ચોપાસના મહામાર્ગો જ્યાં એકઠા થાય તેવા કેન્દ્ર પર આવેલું શહેર. કદાચ એ મહામાર્ગો પર પસાર થતી પોઠોની લૂંટફાટ કે લાગાનો જ જેનો ઉદ્યમ હશે એવા ખાંટ રાજા આશા ભીલનો અહીં ટીંબો - ગામનું નામ પણ તેના નામ આશા પરથી આશાવલ્લી - આશાવલ. આશો ભીલ ખૂબ પ્રસિદ્ધ હશે જ, કારણ કે લાંબા સમય સુધી આશાવલના ભીલરાજાઓ આશા ભીલ કહેવાતા જણાય છે. સોલંકી રાજા કર્ણદેવના સમય સુધીના ગુજરાત રાજ્યની લગભગ દક્ષિણ સીમા. દક્ષિણના લાટપ્રદેશમાં જવાનો રસ્તો અહીંથી. લાટ પ્રદેશ જીતવામાં સરળ પડે એટલા માટે તો કર્ણદેવ સોલંકીએ - સિદ્ધરાજના પિતાએ - તેનો કબજો લીધો અને અહીં પડાવ નાખ્યો, મહત્ત્વનું નગર વિસ્તાર્યું - રાજધાની જેવું જ મહત્ત્વ તેને આપ્યું અને એ નગર કર્ણદેવના નામ પરથી કર્ણાવતી કહેવાયું. અત્યારના જમાલપુર દરવાજા બહાર કેલિકો મિલની આસપાસના વિસ્તારમાં કર્ણાવતી વસ્યું-વિકસ્યું હશે એમ જણાય છે. કેલિકો મિલનાં કેટલાંક મકાનોના પાયાનું ખોદકામ કરતાં મંદિરો વગેરેના ટુકડાઓ મળી આવ્યા છે.

કર્ણદેવ પછી સિદ્ધરાજના સમયમાં અહીંના દુર્ગપાલ તરીકે આવેલા અને અહીં લાંબો સમય વસેલા વિખ્યાત જૈન મંત્રી ઉદયન - મહેતાએ કર્ણાવતીને ખૂબ વિકસાવ્યું. જૈન વેપારીઓએ વેપાર વિકસાવ્યો, મહાલયો બંધાવ્યાં - અનેક ઉત્કૃષ્ટ જિનાલયોનું અહીં નિર્માણ થયું. આશા ભીલના આશાવલનું આ સ્થાન - કર્ણદેવનું નાનું નગર કર્ણાવતી ખૂબ સુંદર અને સમૃદ્ધ નગર બન્યું. અમદાવાદમાં જૈન અને બ્રાહ્મણોની મોટી વસ્તી હતી. અમદાવાદના વિકાસમાં જૈન કોમનો ફાળો ઘણો મહત્ત્વનો છે ને કર્ણાવતીકાળથી અદ્યાપિપર્યંત એ કોમ અમદાવાદને વ્યાપાર અને ઉદ્યોગનું સમૃદ્ધ નગર બનાવવામાં સતત પ્રવૃત્ત રહી છે તેમ જ પોતાની ધર્મપરાયણતા ને દાનશીલતાને કારણે અનેક સંસ્થાઓ ને જૈન દેરાસરોથી અમદાવાદને તેણે સમૃદ્ધ કર્યું છે. એ કર્ણાવતીના અરિષ્ટનેમિપ્રાસાદ નામના મંદિરમાં જ સુપ્રસિદ્ધ સાધુ અને વિદ્વાન દેવચંદ્રસૂરિનો નિવાસ હતો. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે પણ અહીં અભ્યાસ કરેલો અને અર્વાચીન સમયમાં જૈનધર્મના પ્રખર અભ્યાસી પંડિત સુખલાલજી પણ અહીં વસ્યા હતા. ઉદયન મંત્રી અને

અન્ય જૈન અગ્રેસર શાંતુ મંત્રીએ અહીં 72 જિનાલયવાળું ઉદયવિહાર નામનું મંદિર બંધાવેલું. તે કાળે કર્ણાવતીની જાહોજલાલી કંઈ ઓર જ હશે.

14મી સદીના પ્રારંભમાં ગુજરાતમાં રજપૂત સત્તાનો અંત આવ્યો. ગુજરાતનો વહીવટ દિલ્હી સુલતાનના સૂબાઓ પાટણમાં રહીને કરવા લાગ્યા. પણ પછીથી દિલ્હીથી અલગ થઈ તેમણે ગુજરાતની સ્વતંત્ર મુસ્લિમ સલ્તનતની સ્થાપના કરી. ગુજરાતના પહેલા મુસ્લિમ સુલતાન મુઝફ્ફરશાહના પૌત્ર અહમદશાહે (ઈ.સ. 1411માં) ગુજરાત રાજ્યનો વિશાળ થઈ ગયેલો વિસ્તાર લક્ષમાં લઈને, પાટણ એક બાજુ આવી જતું હોવાથી વહીવટી દૃષ્ટિએ કેન્દ્રસ્થ સ્થાન તરીકે તેમ જ મહામાર્ગોની દૃષ્ટિએ તેમ જ લશ્કરી દૃષ્ટિએ પણ તેનું મહત્ત્વ ને તેની અનુકૂળતા વિચારી રાજધાની પાટણથી બદલીને કર્ણાવતી નજીક લાવવાનું નક્કી કર્યું ને આશાવલ તથા કર્ણાવતીનાં સ્થાનોની અડોઅડ જરાક ઉત્તરે સપાટ ભૂમિ પસંદ કરી ત્યાં નગર વસાવવાની યોજના કરી.

સરખેજ-નિવાસી સંત શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષની મારફતે પયગંબર અલખીઝર ખ્વાજાની પરવાનગી માગવામાં આવી. ખુદાઈ સત્તાની શરત અને આગાહી ભારે હતી : જે જીવનમાં રોજની પાંચેપાંચ નમાજમાંથી એક પણ ચૂક્યા ન હોય ને પવિત્ર જીવન ગાળ્યું હોય તેવી ચાર અહમદ નામની વ્યક્તિઓ ખાતમુહૂર્ત વખતે દોરીના ચાર છેડા પકડે અને જે શહેર વસાવાય તે શહેર આબાદ થાય અને તે શરત મુજબ, જેમાં બાદશાહ અહમદશાહ પણ સામેલ હતા તેવા ચાર અહમદોએ વિધિમાં ભાગ લઈ અમદાવાદનો પાયો નાખ્યો. બાદશાહ ઉપરાંત તેમાં બીજા અહમદ હતા પરમ સંત શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ, ત્રીજા હતા મલિક અહમદ (જેમની કબર અત્યારે કાલુપુર પાસે પઠાણવાડામાં છે) અને ચોથા હતા કાજી અહમદ જેમની કબર પાટણમાં છે.

આ ચાર પવિત્ર પુરુષોએ ઈ. સ. 1411ના એપ્રિલ માસની પહેલી તારીખે શુભ મુહૂર્તે ચડતે પહોરે પાયાની પ્રથમ ઈંટ મૂકી અને એ રીતે ધર્મપરાયણતા અને પવિત્રતાના પાયા પર અમદાવાદ શહેરનું નિર્માણ થયું. સૌપ્રથમ ભદ્રનો કિલ્લો બંધાવો શરૂ થયો ને કિલ્લાની પાસે જ - આજની ગુજરાત ક્લબ સામે પ્રથમ મસ્જિદ બંધાઈ. જુમ્મા મસ્જિદ પછીથી થઈ.

અમદાવાદમાં બે કિલ્લા છે : ભદ્રનો અને ગાયકવાડની હવેલીનો. ઉપરાંત શહેરની આસપાસ કોટ છે તેમાં બાર દરવાજાઓ છે. ગાયકવાડની હવેલી, અલબત્ત, પાછળથી 1783માં બંધાઈ છે. અમદાવાદ શહેરનો વહીવટ મોમીનખાં અને મરાઠા સરદારોએ વહેંચી લીધો ત્યારે મરાઠાઓએ પોતાને માટે બંધાવેલો નાનો કિલ્લો તે જ આ હવેલી.

ભદ્રના કિલ્લામાંથી નગર તરફ - કારંજ તરફ - જતાં મોટું મેદાન આવતું. તે મેદાને શાહ તરીકે ઓળખાતું. વચ્ચે આવેલા કારંજમાં બેસી બાદશાહ શુક્રવારનું બજાર કે પોલોની રમત જોતા. આમાં સૈનિકો-હાથી-ઘોડા પડ્યા રહેતા. તે પછી ત્રણ દરવાજાથી નગરમાં પ્રવેશ થતો. અમદાવાદનાં પ્રતીક સમાં જે મહત્ત્વનાં સ્થાપત્યો છે તેમાંનું એક છે આ ત્રણ દરવાજા. વચમાં મોટો ને આજુબાજુથી નાના દરવાજાવાળી આ ઈમારત પ્રભાવ પાડે તેવી છે. દરવાજાની ઊંચાઈ લગભગ આઠ મીટર છે. વચ્ચેના મોટા દરવાજાની કમાનોની પહોળાઈ સવાચાર મીટર છે. ત્રણેની કમાનોની અંદર ત્રણેને અલગ પાડતી વચલી દીવાલોમાં એકબીજામાં જઈ શકાય તેવી બારીઓ છે. તેમાં ગોખ અને બુરજો પણ છે. અત્યારે આસપાસની દુકાનોની ભીડથી ઊભી થયેલી સંકડામણથી ત્રણ દરવાજાના સ્થાપત્યનો પૂરો ખ્યાલ નથી આવતો. પણ આ જ દરવાજાની રચના પર આધારિત જણાતા મુંબઈના ગેટવે ઑફ ઇન્ડિયાની રચના જોવાથી આ ઈમારતના સ્થાપત્યની સુંદરતાનો ખ્યાલ આવશે.

અહમદશાહે ઈ. 1411માં અમદાવાદ વસાવતાંની સાથે સૌ પહેલો ભદ્રનો કિલ્લો બાંધ્યો અને તેનું નામ પાટણના કિલ્લાની માફક જ ભદ્ર પાડ્યું. તેનો દરવાજો મુઘલ સમયમાં ઉમેરાયેલો છે.




મગનલાલ વખતચંદ

(જ. 1830 - 1868)



એલેકઝાન્ડર ફોર્બ્સે સ્થાપેલી ગુજરાત વિદ્યાસભા 150 વર્ષ જૂની સંસ્થા છે. આ સંસ્થાના પ્રથમ 19 સભ્યોમાં 18 સભ્યો તો અંગ્રેજ હતા પણ એકમાત્ર ગુજરાતી સભ્ય મગનલાલ હતા. તેઓ ગુજરાત વિદ્યાસભા સંસ્થાના સહાયક મંત્રી હતા. આ સંસ્થા દ્વારા પ્રકાશિત થયેલા, ગુજરાતના સૌથી જૂના સામયિક 'બુદ્ધિપ્રકાશ'ના સંપાદનનું કાર્ય પણ (કવિ દલપતરામથી પણ પહેલાં) મગનલાલ શેઠે સંભાળ્યું હતું. તેમાં લેખો-વાર્તાઓ પણ લખતા.



તે સમયે મૅટ્રિકની પરીક્ષા મુંબઈમાં લેવાતી. તેવી પહેલી જ પરીક્ષામાં અમદાવાદના જે બે વિદ્યાર્થી ઉત્તીર્ણ થયા તેમાં મગનલાલ એક હતા. તેમના યશસ્વી પ્રદાનમાં તેમણે 1850માં 'અમદાવાદનો ઈતિહાસ' લખ્યો હતો. આ બદલ સંસ્થા તરફથી રૂ. 50નું ઈનામ અને સરકાર તરફથી રૂ. 200નો પુરસ્કાર તેમને મળ્યાં હતાં. (તેનું યથાતથ પુનર્મુદ્રણ 1998માં ગુજરાત વિદ્યાસભાએ કર્યું) અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં તેમણે મંત્રી, ટેક્સ કલેક્ટર તથા 'ધ બોમ્બે બૅન્ક'માં મહત્ત્વનો હોદ્દો સંભાળ્યો હતો. 1862માં તેઓ બૅન્કમાં રૂ. 500નો માસિક પગાર મેળવનાર જૂજ ગુજરાતીમાંના એક હતા. આ ઉપરાંત એમણે વિવિધ ક્ષેત્રે અમદાવાદમાં સેવા આપી હતી.



ત્રણ દરવાજા

ભદ્રના કિલ્લાની આગળના 'મેદાને શાહ' નામના મોટા મેદાનમાં બુરજ તથા ઝરૂખાથી મંડિત સુંદર ત્રણ દરવાજા અહમદશાહે બંધાવેલા.

જુમા મસ્જિદ

અહમદશાહે 1424માં બંધાવેલી જુમા મસ્જિદ હિંદની એક મોટી મસ્જિદ છે. 1819ના ધરતીકંપમાં પડી ગયેલા એના મિનારા અમદાવાદમાં ઊંચામાં ઊંચા હતા. આની નોંધ 1809માં હિંદના સર્વેયર જનરલ કર્નલ મૉનીએર વિલિયમ્સે લીધેલી.

ત્રણ દરવાજાની અંદર જતાં જમણે હાથે વિશાળ જામા મસ્જિદ આવેલી છે. અમદાવાદની આ 1423માં બંધાયેલી સૌથી મોટી મસ્જિદની ગણના ભારતની મોટી મસ્જિદોમાં થાય છે. ઉપરાંત સ્થાપત્ય-રચના અને શિલ્પશોભાની દૃષ્ટિએ પણ તે મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એક સમયમાં તે મોટા મેદાનની વચ્ચે અને ચાર રસ્તાના કેન્દ્રમાં હતી. આજની બજારભીંસને દૂર કલ્પીને વિચારતાં આ મસ્જિદની સ્થાપત્યકલાનો ખ્યાલ આવશે. એની મુખ્ય કમાનની આસપાસ બે ઊંચા મિનારા હતા જે ધરતીકંપને કારણે તૂટી ગયા છે. ઈ. સ. 1618માં બાદશાહ જહાંગીરે આ મસ્જિદની મુલાકાત લીધી હતી. વિશાળ ચોકની એક પાસ રચાયેલી અનેક કમાનો-થાંભલાઓવાળી આ મસ્જિદ ખૂબ જ ભવ્ય અને સુંદર છે.

આખી મસ્જિદની લંબાઈ 130 મીટર અને પહોળાઈ 82 મીટર છે. તેના ત્રણ દરવાજા છે : એક પૂર્વમાં માણેકચોકમાં, બીજો પાનકોરનાકે ને ત્રીજો કાગદીઓળમાં પડે છે. બાંધકામ રેતિયા પથ્થરનું છે, પણ નમાજ પઢવાની જગ્યાએ આરસનો ઉપયોગ થયો છે. ચારે તરફ કાંગરા ને છજાદાર બારીઓ છે. પાછળથી કેટલીક બારીઓ ચણતરથી બંધ કરવામાં આવી છે. તેનું ધાબું 190 થાંભલાના આધારે રહેલું છે. એક તરફ જવા માટે જાળીવાળો અર્ધમાળ છે તો વચમાંના થાંભલાને અન્યથી ઊંચા કરી તેની ઉપર ઘુમ્મટ-આકૃતિઓ કરીને અજવાળા માટે સવલત કરી છે. ચોકમાં વચ્ચે હોજ છે. ઉત્તરની પડાળીમાં બે મીટરના કદનાં પવિત્ર વાક્યો મોટા અક્ષરે કોતરેલાં છે.

અમદાવાદની આ બેનમૂન ને ભવ્ય ઈમારત ચોપાસ વળગેલી દુકાનોનાં બેડોળ બાંધકામ અને ગંદા બજારની ભીડમાં ઢંકાઈ ગઈ છે. જામે મસ્જિદમાંથી જ બાદશાહના હજીરામાં જઈ શકાય છે અને તેની સામે જ રસ્તાની સામી બાજુએ રાણીનો હજીરો છે. અહમદશાહે પોતાના મૃત્યુ બાદ પોતાના અને બેગમના દફન માટે બંધાવેલા રોજાઓ સુંદર છે. માણેકચોકની વચમાં આવેલી ઈમારતો પણ જોવા જેવી છે. માણેકચોકમાં ખૂબ ખુલ્લી જગ્યા હશે. ત્યાં ધંધાનું કેન્દ્ર તો હશે જ. વેપાર વધતાં આ વિસ્તારમાં મકાનો-દુકાનો વધતાં ગયાં. માણેકચોક અમદાવાદનું સૌથી મુખ્ય ચૌટું ને વ્યાપારી કેન્દ્ર બની ગયું. અત્યારે તે સૌથી ગીચ ને ભીડવાળો વિસ્તાર છે. અમદાવાદની નગરરચના લગભગ પાટણ પ્રમાણે જ થઈ અને પાટણની જેમ અમદાવાદમાં પોળો બનતી ગઈ.

અમદાવાદમાં જામે મસ્જિદ ઉપરાંત પણ સુંદર કલાકારીગરીવાળી બીજી અનેક મસ્જિદો આવેલી છે. એમાં રિલીફ રોડ પરની ઝકરિયા મસ્જિદ, દિલ્હી ચકલામાંની કુતુબુદ્દીન શાહની મસ્જિદ, સારંગપુરની મસ્જિદ, ખાનપુરમાં આવેલી રાણી રૂપમતીની અને આસ્ટોડિયા દરવાજા પાસેની રાણી સિપ્રીની, ઘીકાંટા વિસ્તારમાંની મહાફિઝખાંની ને લાલદરવાજા પરની સીદી સઈદની એ મુખ્ય છે. સીદી સઈદની જાળીઓની કોતરણી તો વિશ્વવિખ્યાત છે અને તેના



પથ્થરના નમૂના પરદેશનાં સંગ્રહાલયોમાં છે તો તેની ચાંદીની પ્રતિકૃતિઓ અમદાવાદના નગરપ્રતીક તરીકે લોકપ્રિય સોગાદ બની છે. વાસણા પાસેનો આઝમખાનનો, શાહઆલમનો રોજો અને શાહીબાગમાંનો ખૂબ જ વિશાળ, ઊંચો અને ઈંટનો બનેલો દરિયાખાનનો ઘુમ્મટ પણ અગત્યનાં મુસ્લિમ સ્થાપત્યો તરીકે જોવાલાયક છે.

કુતુબુદ્દીને બંધાવેલાં મકાનો

મુસ્લિમ સમય દરમ્યાન અમદાવાદ સતત વિકસતું જ ગયું છે અને તેમાં સુંદર બાંધકામો-ઈમારતો ઉમેરાતાં જ રહ્યાં છે. મૂળ અહમદશાહે વસાવેલા શહેરનો વિસ્તાર મહમૂદ બેગડાએ વિસ્તાર્યો ને નગર ફરતો કોટ ચણાવ્યો. તેના બાર દરવાજા રચાયા - જેમાંના ઘણાખરા હજી અડીખમ ઊભા છે. બેગડો સત્તા પર આવ્યો તે પહેલાં તેનો મોટો ભાઈ અહમદશાહ બીજો જે ઇતિહાસમાં કુતુબુદ્દીનના નામે મશહૂર છે - તેણે શાસન કર્યું હતું. તેના ટૂંકા રાજ્યકાળ દરમ્યાન પણ અમદાવાદમાં મસ્જિદો-મહેલો-તળાવોના બાંધકામની પ્રવૃત્તિ જોરમાં હતી.

સરખેજનાં મકાનો અને શહેરની કેટલીક મસ્જિદો તો કુતુબુદ્દીન શાહજાદો હતો ત્યારે એના પિતા મુઝફ્ફરશાહના સમયમાં બંધાવાં શરૂ થઈ ગયેલાં. દિલ્હી ચકલાની અને સારંગપુર ચકલાની મોટી મસ્જિદો, મલેક સાબાનનો રોજો ને તળાવ એ સમયમાં બંધાયાં હતાં. મલેક સાબાન અમદાવાદ શહેરનો મોટો સત્તાધીશ અમીર હતો. તે કલાનો રસિયો હતો. તેણે પોતાની આરામગાહ રખિયાલ પાસે બંધાવી હતી.

પરંતુ કુતુબુદ્દીનનું નામ ચિરસ્મરણીય બનાવનાર તો તેણે બંધાવેલું તળાવ 'હૌજે કુતુબ' જેને આપણે 'કાંકરિયા' તરીકે ઓળખીએ છીએ તે છે. માત્ર સાત જ વર્ષ રાજ્ય કરનાર કુતુબુદ્દીને રાજ્યની ધુરા હાથમાં આવતાં પહેલાંથી જ મકાનો બંધાવવાં શરૂ કરેલાં. એ ગાદીએ આવ્યો ત્યારે કાંકરિયું તળાવ બંધાઈ રહેલું. આ તળાવની ગણના ભારતનાં મોટાં નગર - તળાવોમાં થાય છે. તળાવની રચના રમણીય છે. આવી વ્યવસ્થિત આકૃતિવાળું - પગથિયાં-બેઠકો તથા છત્રીઓવાળું - આટલું મોટું નગર-તળાવ અન્યત્ર ક્યાંય નથી. 76 એકર જેટલી જમીન રોકતા આ તળાવનો ઘેરાવો લગભગ બે કિલોમીટર જેટલો છે તથા વ્યાસ 650 મીટર જેટલો છે. લગભગ 60 મીટર લાંબી એવી એની 34 બાજુઓ છે. વચમાંના બેટ ને તેમાંનો બગીચો - નગીનાવાડી ને તેની વચમાંનું આરામગૃહ સુંદરતામાં વધારો કરે છે. એક કાંઠાથી બેટ સુધી બાંધેલા સુંદર પુલ ઉપરથી ત્યાં જઈ શકાય છે. ઉનાળાની ગરમીમાં ઠંડક મેળવવા બાદશાહોએ કરેલી રચના આજે જનસામાન્યનું રોજનું વિહારધામ બની ગઈ છે. બાદશાહના આત્મકથાનક ઉપરથી લાગે છે કે પહેલાંના સમયમાં કાંકરિયાની આસપાસ મકાનો-મહેલો અને બગીચાઓ હશે. આ તળાવ ખોદતાં તેમાંથી ઘણી કાંકરીઓ નીકળેલી, તેથી પાછળથી તેનું નામ 'કાંકરિયું તળાવ' પડી ગયું.

પાંચસો વર્ષ જૂનું રાજાઓ-અમીરો અને સહેલાણીઓ તથા જનસાધારણનું આ વિહારધામ વચમાં કેટલોક વખત દુર્લક્ષ પામેલું. કાંકરિયાની પાળના પથ્થરો અમદાવાદના નવા



શાહઆલમનો રોજો

શાહઆલમ સાહેબ બુખારી અમદાવાદના સુપ્રસિદ્ધ સંતપુરુષ હતા. આ રોજો તાજખાન નરપાલીએ ઈ. 1475માં બંધાવ્યો. રોજાના મેદાનની એક બાજુ મોટી મસ્જિદ છે. તે પાટડાને બદલે કમાનો ઉપર બાંધેલી છે.



કાંકરિયા તળાવ જે અગાઉ 'હૌજે કુતુબ'નામે ઓળખાતું હતું.



કાંકરિયા તળાવની વચ્ચે નગીનાવાડી

રેલવે સ્ટેશનની રચનામાં વપરાયેલા એવું દલપતરામે નોંધ્યું છે. પાળ ભાંગેલું, અવાવરુ, કાંઠા પર ગંદકીવાળું ને દુર્ગંધ મારતું થઈ ગયેલું આ તળાવ તેની પંચશતાબ્દી નિમિત્તે તે વખતના અમદાવાદના મેયર ચીનુભાઈ શેઠના ભારે ઉત્સાહ અને પ્રયત્નોથી પુનર્જીવન પામ્યું. પાણી સાફ થયું. ઓવારા ચોખ્ખા થયા. ભંગાણની મરામત થઈ. ચારે પાસ ફરતો સુંદર ગોળ રસ્તો થયો. પ્રકાશ-યોજનાઓ થઈ. આસપાસની ટેકરીઓ પર બગીચા, પ્રાણીસંગ્રહાલય, બાળક્રીડાંગણ વગેરે વિકસ્યાં. તળાવમાં નૌકાવિહારની વ્યવસ્થા થઈ. પરિણામે આજે કાંકરિયા - યાને કે પેલું હૌજે કુતુબ - અમદાવાદનું જ નહીં ગુજરાતનું એક સ્મરણીય અને સહેલગાહનું સ્થાન બની ગયું છે. કુશળ પ્રાણીવિદ તથા કલ્પનાશીલ કલાપ્રેમી રૂબિન ડેવિડના પ્રયાસોથી કાંકરિયાની આસપાસની ટેકરીઓ પર વિકસેલાં બાળક્રીડાંગણ ને પ્રાણીસંગ્રહ - જળચરસંગ્રહ અને બગીચા અમદાવાદની શોભા કે સવલત જ નહીં પણ ગુજરાતનું આગવું ગૌરવ ગણાય તેવાં છે.

કુતુબુદ્દીન પછી તેના સાવકા ભાઈ ગુજરાતના સૌથી સમર્થ બાદશાહ મહમૂદ બેગડાએ પણ પોતાના સુદીર્ઘ રાજ્યકાળ દરમ્યાન અમદાવાદને વધુ શણગાર્યું, ભવ્ય બનાવ્યું. બેગડાનો સમય એ ગુજરાતનો તેની રાજધાની સમા અમદાવાદનો સુવર્ણ સમય હતો. રાજદ્વારી કારણોને લીધે બેગડાએ ગુજરાતની પૂર્વ સરહદે પાવાગઢની તળેટીમાં આવેલા ચાંપાનેરમાં વૈકલ્પિક રાજધાની કરી, તેથી ચાંપાનેર મહાનગર તરીકે વિકસ્યું.



સર ટૉમસ-રૉ

મહમૂદ બેગડાએ શાંતિના સમયમાં આરામ માટે સરખેજમાં તળાવ ને તેને કિનારે પોતાનો મહેલ બંધાવ્યાં હતાં. તેણે મૃત્યુ પછીની ચિરશાંતિ માટે સંતના સાંનિધ્યમાં સૂવા માટે ત્યાં જ પોતાનો રોજો બંધાવ્યો હતો. એની બે રાણીઓ રાણી રૂપમતી અને રાણી સિપ્રીની મસ્જિદો તો અત્યંત સુંદર નમૂના તરીકે પ્રસિદ્ધ છે ને આજે પણ તે જોઈ શકાય છે. તેના અમીર જલાલુદ્દીને બંધાવેલી સુંદર મસ્જિદ ઘીકાંટા પર છે. આ ઉપરાંત તેના સમય અન્ય પણ અનેક મહેલો-મસ્જિદો બંધાયાં છે

આ ઉપરાંત, ગુજરાતની સલ્તનત દિલ્હીના મુગલોની સત્તા સ્થાપિત થઈ તે પછી અમદાવાદમાં બાદશાહનો સૂબો વસ્યો. સમયે અમદાવાદમાં સર્વસત્તાધીશ લેખા હબસી અમીર જુહારખાન સીદીના ખાસ મિ સીદી સઈદે ભદ્રમાં લાલ દરવાજા પાસે બંધાવેલી સીદી સઈદની મસ્જિદ તેની જાળીઓ માટે વિખ્યાત છે. આ મસ્જિદની દીવાલમાં પથ્થરની કોતરેલી ત્રણ મોટી જાળીઓ છે. જાડા પથ્થરની આરપાર કોતરેલ ચોસલાં જોડીને બનાવેલી પોણા ચાર મીટર લાંબી ને સવાબે મીટર પહોળી આ જાળીઓ તેમાંની કલાત્મક સળંગ રચના અને મનોરમ્યતા માટે વિખ્યાત છે. એકમાં વૃક્ષની ડાળીઓમાંથી રચાયેલી આકૃતિ છે તો બીજીમાં ભૌમિતિક ભાતો છે. વચમાંની એક પરદેશ પહોંચી ગઈ કહેવાય છે. કેટલાક ઇતિહાસજ્ઞોનું માનવું છે કે વાસ્તવમાં આ મસ્જિદ રચાતી હતી તે દરમ્યાન મુગલ લશ્કર ચઢી આવતાં રચના અપૂર્ણ રહી ગયેલી. આજે પણ તેની કારીગરી જોવા દેશ પરદેશના હજારો લોકો આવે છે - ને આ જાળીઓની લાકડાની કે ચાંદીની પ્રતિકૃતિઓ સ્મૃતિચિહ્ન કે ભેટરૂપે લેતા જાય છે. આ જાળીઓની પ્રતિકૃતિઓ વિદેશોના સંગ્રહાલયોમાં પણ સ્થાન પામી છે.


મુગલ સામ્રાજ્યની હકૂમત દરમ્યાન અમદાવાદનું મહત્ત્વ ઘણું હતું. બાદશાહના દીકરાઓ અહીં સૂબા તરીકે આવતા. જહાંગીર ગાદીએ બેસતાં પહેલાં અને પછી



ઝૂલતા મિ

અમદાવાદમાં ઘણું રહ્યો છે. સર ટૉમસ રૉને મુલાકાત આપીને રાજા જેમ્સ પર તેણે અહીંથી જ પત્રો લખ્યા છે. સર ટૉમસ રૉને તે વખતે અમદાવાદ લંડન જેવડું લાગેલું. 1618માં બાદશાહ જહાંગીર અને સર ટૉમસ રૉની એ ઐતિહાસિક મુલાકાત વખતે બેમાંથી કોઈનેય ક્યાંથી ખ્યાલ હોય કે આ ક્ષણે રોપાયેલું વેપારની પરવાનગીરૂપી બીજ પછી ભારત પરના બ્રિટિશ સામ્રાજ્યમાં વિસ્તરશે ! કોને ખબર હતી કે પરદેશીઓને વેપાર કરવાની પ્રેમથી અપાયેલી પરવાનગી ગુલામીની શૃંખલા બનીને ભારતને જકડી લેશે ! અમદાવાદની ધરતી પર એ ક્ષણે ઇતિહાસની એવી મહાઘટનાનાં બીજ રોપાયાં - જેની અસરો પછીનાં બસો વર્ષ સુધી રહેવાની હતી.

જહાંગીર અને શાહજહાં ને તેનાય પુત્રો દારા શિકોહ, મુરાદ અને ઔરંગઝેબ - બધા અહીં રહી ગયા છે ને ઇતિહાસનાં પાનાં પર એમના નિવાસની નિશાનીઓ મૂકતા ગયા છે. શાહજહાંએ બંધાવેલો શાહીબાગ ને તેમાં પોતાને માટે બંધાવેલો મહેલ જેમાં પોતે કદી ન રહ્યો પણ જેમાં બાળપણમાં રવીન્દ્રનાથ વસેલા - પછી અનેક અમલદારો રહ્યા, પછી રાજ્યપાલ રહ્યા ને હવે સરદાર સ્મારક છે તે મહેલ જોવા જેવો તો છે જ. બાળ રવીન્દ્રનાથના મનમાં પાછળથી જેમાંથી 'ક્ષુધિત પાષાણ' નામે વિખ્યાત કથા રચાઈ તેના સંસ્કાર મૂકવા માટેય સ્મરણ કરવા જેવો છે 'શાહીબાગ'. 1618ના જાન્યુઆરીમાં સહકુટુંબ અમદાવાદ આવેલા જહાંગીરે બીજી સપ્ટેમ્બરે પુત્ર 'શાહજહાં' અને આખા જનાના સાથે અમદાવાદ છોડી આગ્રા જવા પ્રસ્થાન કર્યું ને માર્ગમાં જ - દાહોદમાં મુમતાઝમહેલે ઔરંગઝેબને જન્મ આપ્યો. આમ, મોગલાઈનો સૌથી મશહૂર ને સૌથી મોટો ને તે સાથે સૌથી ધર્મચુસ્ત બાદશાહ જન્મ પહેલાંના નવ માસ ગુજરાતમાં ઊછરેલો ને ગુજરાતમાં જ જન્મેલો.



મોગલ સામ્રાજ્ય દરમ્યાન હિન્દમાં સોનાની ચાર ટંકશાળ હતી તેમાંની અમદાવાદમાં પણ એક હતી. આજે પણ એ જગા 'કાળુપુર ટંકશાળ'ને નામે ઓળખાય છે. એમાં પડેલા સિક્કામાં રાજ્યના તેરમા વર્ષમાં 'જહાંગીરની સ્ત્રી નૂરજહાં અમદાવાદની સ્ત્રી સૂબેદાર' એવા શબ્દો કોતરેલા હતા. આ બાદશાહી ટંકશાળમાં જ આપણો કવિ અખો સોની - કામ કરતો હશે ને ?



સીદી સઈદની મસ્જિદમાં પથ્થરની કોતરેલી વિશ્વપ્રસિદ્ધ જાળીઓ જે અમદાવાદના પ્રતિકસમી ગણાય છે.

અમદાવાદનું ત્યારે મોગલ દરબારમાં માન હતું. અમદાવાદના શાંતિદાસ નગરશેઠ રાજ્યના ઝવેરી હતા. અમદાવાદ જૈન સાધુ અકબરના સામાન્ય સલાહકાર હતા. જહાંગીરને ચિત્રકળાનો ભારે શોખ હતો. તેની ચિત્રકળામાં ગુજરાતના ચિત્રકારો હતા. છેક મોગલશાસનના લગભગ અંતભાગે જ્યારે ફારસીને બદલે ઉર્દૂ ભાષા વધુ પ્રચલિત થઈ ત્યારે ઉર્દૂ કવિઓમાં અગ્રેસર ગણાતો 'વલી ગુજરાતી' અમદાવાદનો હતો. શાહીબાગ અંડરબ્રિજ પાસે એની દરગાહ જોઈ શકાય છે.



રાણી સિપ્રીની મસ્જિદ



અમદાવાદનો મોતીશાહી મહેલ : 'સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક'



કિંવદંતી એવી છે કે શાહીબાગના આ મોતીશાહીમહેલમાં શાહજહાંની ધામધૂમથી પધરામણી થવાની હતી. શાહજહાં હાથી પર બેસી આ મહેલમાં દાખલ થવા ગયો ત્યાં જ પ્રવેશદ્વારની કમાન એને માથે અથડાઈ ! હાથી પર બિરાજેલ શાહજહાંની સરખામણીમાં પ્રવેશદ્વાર નીચું હતું. એને અપશુકન ગણીને શાહજહાં પ્રવેશદ્વારથી જ પાછો ફર્યો. એ પછી એણે કદી આ મહેલમાં પગ મૂક્યો નહિ.

શાહજહાં અને મુમતાઝની પ્રણયગોષ્ઠીની એક સ્મરણગાથા પણ આ ઈમારત સાથે સંકળાયેલી છે. શાહજહાં જ્યારે અમદાવાદમાં સૂબો હતો ત્યારે બાદશાહ જહાંગીર અને બેગમ નૂરજહાં અમદાવાદની મુલાકાતે આવેલાં. તેઓ નવ મહિના અમદાવાદમાં રોકાયેલાં. એમની સાથે નૂરજહાંની ભત્રીજી મુમતાઝ પણ હતી. આ મુમતાઝ સાથે શાહજહાંની પ્રીતના અંકુર અહીં અમદાવાદમાં ફૂટ્યા હતા. શાહજહાં અને મુમતાઝે યુવાનીનો શ્રેષ્ઠ પ્રણયકાળ શાહીબાગ વિસ્તારમાં જ ગાળ્યો હતો. શાહજહાંએ મુમતાઝની યાદમાં જે તાજમહેલની રચના કરાવી, તેનું વિચારબીજ શાહીબાગની આ ઈમારત પરથી જ પાંગરેલું.

શાહજહાંએ બંધાવેલ આ મોતીશાહી મહેલ એના નિર્માણ પછી 1781 સુધી અકબંધ હતો અને એને સુપેરે સાચવવામાં પણ આવ્યો હતો. એની અસલિયત જળવાઈ રહે એ રીતે સમારકામ કરવામાં આવ્યું હતું. 1835માં બ્રિટિશ ઇજનેર વિલિયમ્સે બગીચાઓને નવો ઓપ આપ્યો હતો. 1875માં સાબરમતીમાં ભારે રેલ આવતાં નદી તરફના ભાગને સારું એવું નુકસાન થયું હતું. અંગ્રેજોના શાસન દરમિયાન અહીં બ્રિટિશ કમિશનરનો વસવાટ હતો.

અમદાવાદનાં સ્થાપત્યો નિહાળી પશ્ચિમી લેખક બ્રિગ્સે નોંધ્યું છે કે 'આ ભૂમિ કવિની કલ્પના અને ચિત્રકારની પીંછી માટે છે.' આ ઈમારતે કવિવર ટાગોરને શૈશવકાળનાં સ્મરણો આપ્યાં છે. રવીન્દ્રનાથ ટાગોર 1878માં જ્યારે યૌવનમાં ચરણ માંડતા હતા ત્યારે આ ઈમારતમાં રહ્યા હતા. એમના મોટા ભાઈ સત્યેન્દ્રનાથ ટાગોર જેઓ હિન્દુસ્તાનના પ્રથમ આ.સી.એસ. અધિકારી હતાં, તેઓ સરકારી રાહે આ ઈમારતમાં વસવાટ કરતા હતા. રવીન્દ્રનાથ ટાગોર સત્તર-અઢાર વર્ષની વયે લગભગ છ માસ આ મહેલમાં રહ્યા હતા. જે કમરામાં તેઓ અધ્યયન, લેખન, શયન કરતા હતા તેને 'ટાગોર સ્મૃતિ ખંડ' તરીકે જાળવી રાખવામાં આવ્યો છે. યૌવનવયે કાવ્યો-લેખો દ્વારા સાહિત્યક્ષેત્રમાં પ્રદાન કરનાર આ મહાન સર્જકની વિખ્યાત કૃતિ 'ક્ષુધિત પાષાણ' 'હંગ્રી સ્ટોન'નું વિચાર-બીજ આ ઈમારતમાં જ અંકુરિત થયેલું.

આઝાદી પછી સરકારના પુરાતત્ત્વખાતાએ આ ઈમારતને 'રક્ષિત' જાહેર કરી છે. 1960માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે રાજ્યના રાજ્યપાલના નિવાસ તરીકે 'રાજભવન'ના રૂપમાં આ ઈમારત ફાળવવામાં આવી. 1975માં મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મશતાબ્દીની સ્મૃતિમાં આ ઈમારતને 'સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારક' તરીકે નામાંકિત કરી. સાંપ્રતકાળમાં રાજકારણની અવનવી ઘટનાઓની સાક્ષી સમી આ ઐતિહાસિક ઈમારત 1979થી સરદાર વલ્લભભાઈ પટેલના જીવનકાર્યને કેન્દ્રમાં રાખી એમને સ્મરણાંકિત કરી રહી છે.

આજનો આમઆદમી જેમની સેવા વિશે બહુ ઓછું જાણે છે એવા આઝાદ ભારતના પ્રથમ નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ 1950માં અવસાન પામ્યા ત્યારે એમનું બેન્ક બેલેન્સ માત્ર રૂ. 260 જ હતું. ગાંધીજી પ્રેરિત સેવા અને સાદગીના પ્રતીક સમા આ મહાન સપૂતની સંપત્તિ સમાન કેટલાંક સ્મૃતિ - ચિહ્નો જેવાં કે હાથે કાંતેલી ખાદીનાં પહેરણ, જાકીટ, ધોતિયું, એલ્યુમિનિયમના બે લોટા, લોખંડની પેટી, પગરખાં, ટિફિન, રેંટિયો, પેન, ગીતા વગેરે આ સ્મારકમાં પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. આ ઉપરાંત એમનાં પુસ્તકો, જીવનપ્રસંગોની તસવીરો, પત્રવ્યવહાર વગેરે અહીં જાળવવામાં આવી રહ્યાં છે.

ઔરંગઝેબ પછીના બાદશાહ બહાદુરશાહ ફર્રુખશિયરની બાદશાહત દરમ્યાન અવ્યવસ્થા વધી - સ્થિતિ કથળી - મરાઠાઓના હુમલા થવા લાગ્યા. અમદાવા વારંવારના રાજ્યબદલાની અંધાધૂંધીમાં બે પાસથી લૂંટાવું થયું. સમૃદ્ધ નગરની બેહાલી થઈ ગઈ. અમદાવાદ પર મરાઠાઓએ 63 વર્ષ રાજ્ય કર્યું. તેમાં ભદ્રકાળીનું મંદિર અને સાબરમતી પરનું શાહીબાગનું, ભીમનાથનું દેરું થયું, પણ શહેરના હાલહવાલ થઈ ગયા. ચાડિયાઓને ચઢી વાગ્યું લોક પર અત્યાચાર થવા લાગ્યા. લોકો શહેર છોડીને જતા રહ્યા. અમદાવાદ અર્ધજંગલ સમું ને ખંડેરોનું શહેર થઈ ગયું.

જૈનોએ જતન કરીને વિસ્તારેલા વેપાર અને નગરને આપેલી અઢળક સમૃદ્ધિ ઝંખવાઈ ગયાં. અમદાવાદ જેમ મસ્જિદોનું તેમ જિનાલયોનું પણ નગર હતું. જૈનોને જિનાલયો જાળવવામાં ઘણી મુશ્કેલી પડી - ઘણી કુનેહ વાપરવી પડી. હઠીસિંગનાં દેરાં કે વાઘણપોળના મંદિરને જાળવવામાં ઓછું નથી વેઠવું પડ્યું. સલ્તનતના સમયમાં મંદિરો અને મરાઠાસમયમાં સમૃદ્ધિ જાળવવાં દુષ્કર હતાં.

આખરે અંગ્રેજોએ 1818માં અમદાવાદ પર યુનિયન જેક ફરકાવ્યો. 1819માં થયેલા એક મોટા ધરતીકંપમાં જામા મસ્જિદના મિનારા તૂટી પડ્યા. 1832માં મિરઝાપુરની રાણી રૂપમતીની મસ્જિદમાં મિ. વાઇબર્ટે વાઘ માર્યો હતો. (એ શહેરની પરિસ્થિતિ સૂચવે છે.) અત્યારે મ્યુનિસિપાલિટી ને મહાનગરપાલિકા જે પ્રકારનાં કામો કરે છે તેવાં કામો 1846માં રસ્તા પર પાણી છાંટવું ને શેરીમાં દીવા મૂકવા વગેરે શરૂ થયાં. 1849માં ભદ્ર પર મોટું ઘડિયાળ મુકાયું. અમદાવાદની પ્રજાએ ગુલામી વીસરીને અંધાધૂંધીમાંથી રાહતનો શ્વાસ લીધો. આથી જ કેટલાક સમય પછી કવિ દલપતરામે ગાયેલું : 'એ ઉપકાર ગણી ઈશ્વરનો હરખ હવે તું હિન્દુસ્તાન !'

1857ના બળવાના સમયે અહીં ઝાઝી પ્રવૃત્તિ જણાતી નથી. 1859માં રણછોડલાલ છોટાલાલે પહેલી કાપડની મિલ ઊભી કરી. 1864માં કાળુપુર દરવાજા બહાર બી. બી. એન્ડ સી. આઈ.નું રેલવે સ્ટેશન થયેલું. આ સમયે હાલમાં મસ્કતી માર્કેટ છે તે જગ્યાએ અહીંના કમિશનરે બે કે ત્રણ પૈસે વારના ભાવે આપવા ઑફર કરેલી, પણ કોઈ લેનાર ન હતું. માત્ર સો વર્ષમાં આ જગાનું કેટલું પરિવર્તન થવાનું છે તેનો



અમદાવાદનું જૂનું રેલવે સ્ટેશન

કોઈને ક્યાંથી ખ્યાલ હોય ? 1875માં ભયંકર રેલ આવી અને શહેરનાં 3887 મકાનો પડી ગયાં. 1855માં મ્યુનિસિપાલિટી માટે લોકપ્રતિનિધિઓની રીતસરની પહેલી ચૂંટણી થઈ અને ગુજરાતમાં મિલ-ઉદ્યોગના પિતા રણછોડલાલ છોટાલાલ તેના પહેલા પ્રમુખ થયા. એમણે અનેકનો વિરોધ વેઠીને અમદાવાદમાં પાણીના નળ અને ગટરોની શરૂઆત કરી. એમના પૌત્ર ચીનુભાઈ માધુભાઈ (બૅરોનેટ) મોટા દાનવીર થયા.

જૈન દેવળોમાંય શાંતિદાસ ઝવેરી - નગરશેઠે બંધાવેલું સરસપુરનું ચિંતામણિનું દેરું, બાવન જિનાલયવાળું હતું. કહેવાય છે કે આ જિનાલયમાંથી ભોંયરા વાટે ઝવેરીવાડમાં જવાની ગોઠવણ કરી હતી. શાહજહાંના રાજ્યકાળ ને ઔરંગઝેબના સૂબાકાળ દરમ્યાન તેનો નાશ થયો. મુખ્ય પ્રતિમાઓ ઝવેરીવાડમાં લઈ જઈ બચાવી દેવાઈ. કહેવાય છે કે આ દેરાસર હઠીસિંગનાં દેરાં જેવું જ ઉત્તમ કોતરણીવાળું હતું.

દિલ્હી દરવાજા બહારનું એ હઠીસિંગનું જિનાલય તો કળાનો અદ્‌ભુત નમૂનો છે. 1850માં પ્રેમચંદ સલાટે સફેદ આરસનું આ મંદિર રચ્યું. મંદિરમાં આગળ એક માળવાળો સુંદર મંડપ છે - મેઘનાદ મંડપ. અંદર ચોકમાં વચ્ચે મુખ્ય મંદિર અને આસપાસ બાવન જિનાલયો છે. મંદિરનો આગળનો મંડપ, વચલો મંડપ અને ગભારાનું બાંધકામ ઉત્તમ કોટિનાં છે. ઉપર માળ ને નીચે ભોંયરું છે. આ મંદિર સાથે શેઠ હઠીસિંગે આસપાસ વિસ્તારમાં વાડી-ધર્મશાળા ને થોડી વસ્તી વસાવેલી જે હઠીપરું તરીકે ઓળખાતી.

શેઠ હઠીસિંગ કેસરીસિંગ મોટા વેપારી હતા. તેમનાં પત્ની હરકુંવર શેઠાણી પણ ઉદાર, ધર્મપરાયણ અને સમાજ-સુધારક હતાં. જ્યારે કન્યા-કેળવણીની વિરુદ્ધનું વાતાવરણ હતું ત્યારે 1850માં તેમણે એક કન્યાશાળા બંધાવેલી - 'મગનલાલ કરમચંદ કન્યાશાળા.'



શેઠ હઠીસિંગ કેસરીસિંગ


હરકુંવર શેઠાણી

હઠીસિંગનાં દેરાં ઉપરાંત ઝવેરીવાડનું સંભવનાથનું ચિંતામણિ પાર્શ્વનાથનું તેમ જ આદીશ્વરનાથનું - વગેરે દેવાલયો અને નિશાપોળમાં હરકુંવરે બંધાવેલું ધર્મનાથનું - ધનાસુથારની પોળમાંનું આદીશ્વર ભગવાનનું, ફતાશાની પોળનું મહાવીરસ્વામીનું - આમ અનેક દેરાસરો છે. પાલડીમાં ધરણીધરનું, વીર ઘંટાકર્ણ અને વીરપદ્માવતીજી માતાનું વગેરે અર્વાચીન દેરાસરો પણ બનાવાયાં છે.

જૈનેતર મંદિરોમાં પ્રાચીન જડવાં મુશ્કેલ છે - પણ રાયપુર દરવાજા પાસેના કામનાથ મહાદેવ, શાહીબાગના ભીમનાથ મહાદેવ, ભદ્રનાં ભદ્રકાળી તથા અંબાજી, બહુચરાજી વગેરે માતાનાં મંદિરો, દોશીવાડાની પોળમાંની વૈષ્ણવ હવેલી તથા રણછોડજી, શ્રીકૃષ્ણ સાથે રામનાં અનેક મંદિરો છે. કેટલાંક અર્વાચીન દેવાલયો નવા પ્રકારની સ્થાપત્યશૈલીનાં ને તે રીતે જોવાલાયક છે, તો ઘણાંખરાં


દિલ્હી દરવાજા બહારનું એ હઠીસિંગનું જિનાલય





અમદાવાદનો એક સદી જૂનો એલિસબ્રિજ

આજના અડધા અમદાવાદ જેટલા સોસાયટી વિસ્તારની પ્રવૃત્તિના અગ્રેસર-આરંભક હતા ડૉ. હરિપ્રસા વ્રજરાયના ભાઈ પ્રીતમરાય દેસાઈ - 'પ્રીતમનગર' તરીકે ઓળખાતે અમદાવાદની જ નહીં પણ કદાચ ભારતભરની પહેલી હાઉસિંગ સોસાયટીના પ્રણેતા હતા.

જિનાલયો ને અન્ય પ્રાચીન શૈલીએ રચાયાં છે.

આ અગાઉ એલેકઝાન્ડર કિન્લોક ફાર્બસ જેવાની પ્રેરણાથી ને દલપતરામ કવિ જેવાના ઉત્સાહી પ્રયત્નથી 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' જેવી સંસ્થા પ્રગટી ચૂકી હતી. 'બુદ્ધિપ્રકાશ' પ્રસિદ્ધ થતું. હાઈસ્કૂલો-કન્યાશાળાઓ-ટ્રેનિંગ કૉલેજ સ્થપાયાં હતાં. મહીપતરામ નીલકંઠ ને ભોળાનાથ સારાભાઈના પ્રયત્નોથી વિકસેલ 'પ્રાર્થના સમાજ' તેમના યશસ્વી પુત્રો સાહિત્યકારો રમણભાઈ નીલકંઠને નરસિંહરાવ દીવેટિયા વિકસાવતા હતા. સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે પુનઃ જીવનનું પરોઢ પ્રગટતું પાંગરતું પ્રફુલ્લ થઈ રહ્યું હતું.

અમદાવાદ આવનાર પરદેશીએ બીજાં શહેરો સાથે સરખાવતાં અમદાવાદને સૂકુંપીળું શહેર કહેતા. એમ તો બાદશાહ જહાંગીરે અહીંની ધૂળથી અકળાઈને તેનું નામ 'ગર્દાબાદ' પાડેલું. વિક્ટોરિયા બાગ સિવાય, આ મિલોનાં ભૂંગળાથી 'શોભતા' ધુમાડાવાળા શહેરમાં આંખ ઠારવાનું સ્થાન ન હતું. કાંકરિયું અવાવરું ઉજ્જડ અને ભંગાર થઈ ગયેલું હતું. ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઈ જેવા રસજ્ઞ ને ઉત્સાહી કાર્યપુરુષના ઉદ્યમે પછીથી તેની કાયાપલટ થવા લાગી. બાદશાહી સમયમાં સાબરમતી પાર કરવા કોઈ પુલ ન હતો. 1870માં એક પુલ બન્યો પણ એક મોટા પૂરમાં તે તૂટી ગયો. વર્તમાન એલિસબ્રિજ તો 19મી સદીના છેલ્લા દાયકામાં બંધાયેલો. નદીપારના વસવાટ શરૂ કરનાર,

પછી તો અમદાવાદમાં અને સંસ્થાઓ વિકસી, ગુજરાત કૉલેજ શ થઈ - શહેરનો ને પ્રજાનો વિકાસ થ ગયો - ઉદ્યોગોની ભીડ થઈ અમદાવાદના મિલઉદ્યોગે તેને ભારતનું માંચેસ્ટર બનાવ્યું. ગાંધીજી આવ્યા - આશ્રમો થયા આઝાદી સંગ્રામમાં તો અમદાવાદનો અનોખો ફાળો આઝાદી આવી - ગુજરાતનું અલગ રાજ્ય ને એમ આપણે છેક 'આજ'ના ઉંબરે આવી પહોંચ્યા છીએ.

આમાંથી જ પ્રગટ થતું આ નગરનું એક વિશિષ્ટ વ્યક્તિત્વ, અહીંની પ્રજાનો આગવો સ્વભાવ. અહીંની પ્રજા કશાને ગણકારતી નથી ને કોઈને ગાંઠતી નથી. એનું દિમાગ ઓર છે. એનો મિજાજ આઝાદ છે. આથી જ અર્વાચીન કાળમાંય અનેક 'પ્રતિકારો' ને 'પડકારો' અહીંથી જ શરૂ થયા છે. ક્રાન્તિનો ઉત્સાહ જાણે એની રગોમાં છે. પડકારને ઝીલવો એ એનો સ્વભાવ છે, પ્રતિકાર કરવો એ એની ખાસિયત છે. જેટલી નિરાંતથી એ બેફિકરાઈપૂર્વક મોજ કરી શકે છે તેટલી જ આસાનીથી એ કોઈનીય નેતાગીરીની રાહ જોયા વગર સ્વયંભૂ પ્રેરણાથી અનાયાસ વ્યવસ્થિત રૂપે લોકઆંદોલન સ્વરૂપે પ્રગટ થઈ શકે છે. અહીંની પ્રજા જ્યારે રમણે ચઢે છે ત્યારે તેમાં યુવાન-વૃદ્ધનો કોઈ વય-પ્રાપ્ત તફાવત નથી હોતો. યુવાન અને યુવતી સમાન હિંમત કૌશલ્યથી પોલીસો સામે પથ્થરબાજી કરી શકે છે ને એ પ્રજા આપત્તિકાળે એટલી જ સાહજિકતાથી કામે લાગી શકે છે ને ધર્મપ્રસંગે પલાંઠીવાળી બેસી જાય છે.

રૂઢિચુસ્તતા અને પ્રગતિશીલતાનો ઐતિહાસિક અને અર્વાચીનનો આ નગરની રચનામાં માત્ર ઈમારતોમાં નહીં લોકસ્વભાવમાં પણ અજબનો મેળ છે. આ એક એ



ગુજરાતમાં સૌપ્રથમ કાપડની મિલ સ્થાપનાર રા. બ. રણછોડલાલ છોટાલાલની આ પ્રતિમા ભદ્રકાળીની મંદિર સામેના પાર્કમાં મૂકવામાં આવેલી છે.



દલપતરામ



ફાર્બસ



મહીપતરામ નીલકંઠ



ડૉ. હરિપ્રસાદ દેસાઈ





ઉપર : ટાગોર હૉલ
ડાબે : સંસ્કારકેન્દ્ર

શહેર છે જેમાં પૈસાપાત્ર મિલમાલિક હારી જાય ને ફકીર ચૂંટણી જીતી જાય. આ એક એવું શહેર છે જેમાં યુવક-યુવતીઓ નવરાત્રિમાં માતાની પૂજા અને ઉપવાસ કરે છે ને રાત્રે ગરબામાં ડિસ્કો રમે છે. આ એક એવું નગર છે જ્યાં માણસ વાપરવામાં કંજૂસાઈ કરે છે ને બહોળે હાથે દાન કરે છે. આ એક એવું શહેર છે જ્યાં કેટલીક સ્ત્રીઓ ઘૂમટો તાણે છે પણ પોલીસને પોળમાં પ્રવેશવા દેતી નથી. આ એક એવું નગર છે જ્યાં રસ્તા પર અદ્યતન પરદેશી મોટરગાડી અને ઊંટગાડી સાથેસાથે સરતાં દેખાય છે ને જ્યાં આ વીસમી સદીના છેલ્લા દસકાઓમાં પણ નોટિસ મારી છે - 'અહીં હાથીને પ્રવેશવાની મનાઈ છે.' અમદાવાદ એટલે અમદાવાદ !

હવે સ્થાનો જમાનાનુસાર બદલાયાં જણાય છે. અમદાવાદમાં મુસ્લિમ સમયના કે જૈન સ્થાપત્યકલાના કેટલાક ઉત્કૃષ્ટ નમૂના પણ જોવા મળે છે. કેટલીક સુંદર ઇમારતો પર તો લા કાર્બુઝિયર જેવા વિશ્વવિખ્યાત સ્થપતિનો સ્પર્શ અને પ્રભાવ પણ પરખાય છે. સંસ્કારકેન્દ્ર તેમાં મુખ્ય ગણાય. ઉપરાંત અમદાવાદ મિલ ઓનર્સ એસોસિયેશન 'અટિરા', એન.આઈ.ડી., કેલિકો મ્યુઝિયમ, આઈ.આઈ.એમ., ટાગોર હૉલ એવી અનેક આધુનિક ઇમારતો તેમના વિશિષ્ટ અદ્યતન સ્થાપત્યની દૃષ્ટિએ જોવાલાયક છે. નાની નાની સંસ્થાઓ ને નાનાં નિવાસી મકાનોમાં પણ અદ્યતનતાનો પ્રભાવ જણાય છે. શેઠ અંબાલાલ સારાભાઈનો 'રીટ્રિટ' નામનો બંગલો-ભવન અલગ પ્રકારનો છે. તે રવીન્દ્રનાથના 'ઉત્તરાયન' નામના નિવાસની આકૃતિ રચનાર સ્થપતિ સુરેન કારની સ્થાપત્યરચના છે. તે ખૂબ જ કલામય અને સુરુચિપૂર્ણ છે.

અમદાવાદની પ્રજાકીય પ્રવૃત્તિનો એક વિશિષ્ટ ઉન્મેષ છે. તેની અનેકવિધ સંસ્થાઓ, અમદાવાદના લક્ષ્મીવંતોની ઉદાર સખાવતો અને વિવિધ વિષયના તદ્‌વિદો તેમ જ પ્રજાકીય સહકારને પરિણામે સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક, સંશોધન, શિક્ષણ, ધર્મ, લોકસેવા એમ અનેક ક્ષેત્રોમાં કામ કરતી ઉત્તમ સંસ્થાઓ અમદાવાદમાં સ્થપાઈ-વિકસીને કામ કરી રહી છે.

સાંસ્કૃતિક ક્ષેત્રે લગભગ 150 વર્ષ પહેલાં એલેક્ઝાન્ડર કિન્લોક ફાર્બસ અને કવીશ્વર દલપતરામના સહયોગથી સ્થપાયેલી 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' હજી પણ 'ગુજરાત વિદ્યાસભા'ને નામે કામ કરી રહી છે અને તે સમયથી અદ્યાપિપર્યન્ત 'બુદ્ધિપ્રકાશ'નું પ્રકાશન તેમ જ અન્ય સાહિત્યિક પ્રવૃત્તિઓ કરી રહી છે. તેના ભાગરૂપે વિકસેલું ભો. જે. વિદ્યાભવન સંસ્કૃત-ગુજરાતી સાહિત્ય, ઇતિહાસ અને સંસ્કૃતિ (કલ્ચર) તેમ જ પુરાતત્ત્વ-સંશોધનક્ષેત્રે ખૂબ જ મહત્ત્વની પ્રવૃત્તિ કરી રહ્યું છે, તો 'ગુજરાત સાહિત્ય પરિષદ' તો



અટિરા (ATIRA)



નેશનલ ઇન્સ્ટિટ્યૂટ
ઑફ ડિઝાઈન (NID)

સમગ્ર ગુજરાતની સાહિત્યપ્રવૃત્તિઓની સૌથી વ્યાપક, પ્રધાન અને સૌની માતૃસંસ્થા સમી છે. તેના ભવ્ય ભવનમાં પુસ્તકાલય, પ્રેક્ષાગાર ઉપરાંત ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા અનુસ્નાતક અધ્યયન અને સંશોધનની પ્રવૃત્તિઓ પણ થઈ રહી છે. ગુજરાતમાં અને ગુજરાત બહાર ભરાતાં જ્ઞાનસત્રો-અધિવેશનો વિદ્વાનો ઉપરાંત સાહિત્યરસિકોનો સાહિત્યસમૈયો બની રહે છે. ખૂબ જૂની સંસ્થા 'ગુજરાત સાહિત્ય સભા' પણ પોતાની 'રણજિતરામ સુવર્ણચંદ્ર' વગેરે પ્રવૃત્તિઓ જાળવી રહી છે. તો હવે ગુજરાત સરકાર દ્વારા રચાયેલી ગુજરાત સાહિત્ય અકાદમી ગુજરાતી ઉપરાંત કચ્છી, ઉર્દૂ, સિંધી, સંસ્કૃત એમ અનેક ભાષાઓના સાહિત્યને પરિસંવાદો, ઉજવણીઓ, પ્રકાશનો, પારિતોષિકો અને અન્ય પ્રવૃત્તિઓ દ્વારા સાહિત્યપ્રવૃત્તિને પરિપોષી-વિકસાવી રહી છે.

નૃત્યક્ષેત્રે ભરતનાટ્યમમાં શ્રીમતી મૃણાલિની સારાભાઈની 'દર્પણ' સંસ્થા, ઉપરાંત શ્રીમતી ઈલાક્ષી ઠાકોરની 'નૃત્યભારતી', શ્રીમતી સ્મિતા શાસ્ત્રીની 'નર્તન' સંસ્થા, કથ્થકમાં કુમુદિની લાખિયાની 'કદંબ' એ મુખ્ય સંસ્થાઓ ઉપરાંત અનેક નૃત્યશાળાઓ કામ કરી રહી છે. પરિણામે ભરતનાટ્યમ્ અને કથ્થક નૃત્યો અમદાવાદનાં ઘર ઘરનાં નૃત્યો બની ગયાં છે. 'દર્પણ' તો નૃત્ય સાથે સંગીત અને નાટ્યકળાની પણ તાલીમ આપે છે અને નાટ્યમંડળી પણ ચલાવે છે. તો અમદાવાદની જૂની અને હવે ઓછી પ્રવૃત્ત સંસ્થા જાણીતી - રંગમંડળ, નટમંડળ, જવનિકા અને ભારત નાટ્યપીઠની જગાએ બીજી અનેક નાટ્યમંડળીઓ પ્રવૃત્ત છે. એમાં 'હઠીસિંગ વિઝ્યુઅલ આર્ટ'ની નોંધપાત્ર પ્રવૃત્તિઓ અને હ. કા. કૉલેજના નાટ્યવિભાગ દ્વારા તેમ જ ગુજરાત કૉલેજની માન્ય નાટ્યશાળા અને ભરત દવે, નિમેષ દેસાઈ, અરવિંદ વૈદ્ય તથા હસમુખ બારાડીના 'ગેરેજ થિયેટર'ના શેરીનાટકના પ્રયોગોથી તેમ જ બારાડીના નાટ્યતાલીમ કેન્દ્રથી અમદાવાદનો તખ્તો સતત પ્રયોગશીલ અને જીવંત રહ્યો છે. 'હઠીસિંહ વિઝ્યુઅલ આર્ટ સેન્ટર' ઉપરાંત 'કોન્ટેમ્પરરી આર્ટ ગૅલેરી' અને સરકારની લલિતકલા અકાદમીની કલા-પ્રદર્શનની પ્રવૃત્તિ તથા સી. એન. વિદ્યાવિહાર સંલગ્ન કલાશાળા-ચિત્રશિલ્પ વગેરે



ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી (PRL)

કલાઓને પ્રોત્સાહિત કરે છે - વિકસાવે છે, તો 'સ્કૂલ ઑફ આર્કિટેક્ચર' તો વિખ્યાત સ્થપતિ શ્રી બાલકૃષ્ણ દોશીના અવિરત પુરુષાર્થ વડે સ્થાપત્યશિક્ષણક્ષેત્રે વિશ્વમાન્ય સંસ્થા બની છે. આમાં 'નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન' તો કલાનો રોજિંદા જીવન સાથે સંદર્ભ રચતી ભારતભરની બેનમૂન સંસ્થા છે. તો તાજેતરમાં જ 'કવિલોક' તરફથી સ્થપાયેલ અને સ્વ. સાહિત્યકાર ભારતીબહેન સારાભાઈના 'કાંચનાર' ટ્રસ્ટથી પ્રોત્સાહિત 'વિશ્વકવિતા કેન્દ્ર' એક અનોખી સંસ્થા બની રહે છે ને 'નિહારિકા' મંડળ ફોટોગ્રાફીક્ષેત્રે કલાવૃત્તિ ચલાવે છે. આ અને આવી અનેક સાંસ્કૃતિક ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓની પ્રવૃત્તિઓ અને 'ગુજરાત રિસર્ચ સોસાયટી' વિજ્ઞાનને લોકપ્રિય બનાવનાર સ્વ. ડૉ. વિક્રમ સારાભાઈની 'કમ્યુનિટી સેન્ટર', જોધપુર ટેકરા પાસે વિકસાવાયેલું સર્પોદ્યાન - 'સુંદરવન' અને એવાં બીજાં અનેક સ્થાનો જોતાં હવે કોણ કહી શકશે કે અમદાવાદ માત્ર વેપારીઓનું જ વલણ દાખવતું નગર છે ?

શિક્ષણક્ષેત્રે તો અનેક શાળાઓ-મહાશાળાઓ, મેડિકલ ડેન્ટલ અને એન્જિનિયરિંગ કૉલેજો ઉપરાંત ગુજરાત યુનિવર્સિટી અહીં છે, તો તે સાથે ગાંધીજીએ સ્થાપેલી

ડાબે નીચે : સરકારી શિક્ષણના વિરોધમાં વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય કેળવણી આપવા માટે 1920માં ગાંધીજીએ શરૂ કરેલી ગૂજરાત વિદ્યાપીઠ

જમણે : ગુજરાત યુનિવર્સિટી





'ગુજરાત વિદ્યાપીઠ' હજી ગાંધીવિચારને કેન્દ્રમાં રાખીને એક સ્વતંત્ર વિદ્યાપીઠ તરીકે અનુસ્નાતક-સંશોધન - કક્ષા સુધીનું શિક્ષણ આપી રહી છે. એમાં ગ્રામસેવા, આદિવાસીઓનો અભ્યાસ અને ગાંધીપ્રતિષ્ઠાન નોંધપાત્ર છે.

વિજ્ઞાનક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાની ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, ઔદ્યોગિક સંશોધન માટેની 'અટિરા', ઉદ્યોગ-સંચાલનના શિક્ષણ માટેની મૅનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટ - આઇ. આઇ. એમ.ની નામના દેશ-વિદેશમાં છે. તો અંધ-બહેરામૂંગા માટેની તથા અપંગો માટેની સંસ્થાઓ પોતપોતાનાં ક્ષેત્રોમાં પ્રશસ્ય કામગીરી કરે છે. યુનિવર્સિટીની નજીકની જ પ્રાચ્યવિદ્યા સંશોધન સંસ્થા લા. દ. પ્રાચ્ય વિદ્યામંદિર હજારો હસ્તપ્રતો અને અન્ય સાધનોથી સજ્જ એવી સંસ્થા હોઈ અનેક વિદ્વાનો-સંશોધકોનું કેન્દ્ર બની રહી છે. તો નિરમા-ઉદ્યોગગૃહ તેમ જ રિલાયન્સ ઉદ્યોગગૃહ દ્વારા સંચાલિત ટેક્‌નિકલ શિક્ષણ અને સંશોધનના કેન્દ્રો પણ ધમધમે છે. આવી જ સંસ્કૃત ક્ષેત્રે કામ કરતી સંસ્થા છે મહર્ષિ વેદ અકાદમી, જે સંસ્કૃતને અને તેમાં ગોપિત ગણિતાદિ વિદ્યાઓને પ્રગટ કરવામાં ને પ્રસારવામાં ખૂબ કામ કરે છે. 'ગુજરાતી વિશ્વકોષ' માટેની સંસ્થા ડૉ. ધીરુભાઈ ઠાકરના માર્ગદર્શન નીચે વિવિધ વિષયોના તજ્‌જ્ઞોની મદદથી 'વિશ્વકોશ' તૈયાર કરવામાં પ્રવૃત્ત છે. ડૉક્ટરો-એન્જિનિયરો-વેપારીઓ પણ પોતાનાં મંડળો દ્વારા પોતપોતાના ક્ષેત્રે વિકાસાત્મક કાર્યો કરે છે. મિલમાલિકમંડળ તો ખૂબ જ જૂનું છે અને મિલ મજદૂર મહાજન ભારતનાં આરંભનાં મંડળોમાંનું એક ગણાય છે.

આ બધી સંસ્થાઓ પાછળ અનેક દાનવીરોની સહાય અને પ્રેરણા છે. ભારતીય પ્રાચ્ય વિદ્યામંદિર અને તેના જ સંકુલમાં આવેલું સુંદર મ્યુઝિયમ શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈનાં અનેક ઉત્તમ પ્રજાકીય કાર્યોમાંનું મહત્ત્વનું કાર્ય છે. તેઓ અને તેમનું કુટુંબ દાન અને સંસ્થાનિર્માણ ક્ષેત્રે હંમેશાં અગ્રણી રહ્યું છે. આમ, જ્ઞાન-વિજ્ઞાન-ક્ષેત્રે અનેક પ્રજાકીય સંસ્થાઓથી અમદાવાદ સમૃદ્ધ છે. આ બધાંને અમદાવાદમાંનાં દૂરદર્શન અને આકાશવાણીનાં કેન્દ્રોનો સાથ મળે છે ને સંસ્કૃતિનો લોકપ્રસાર થાય છે.



શેઠ મંગળદાસ ગીરધરદાસ ટાઉનહૉલ

આ બધાંની પ્રવૃત્તિઓ માટે અમદાવાદમાં જયશંકર સુંદરી હૉલ, વિદ્યાસભા દ્વારા સંચાલિત પ્રેમાભાઈ હૉલ, મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા સંચાલિત મંગળદાસ ટાઉન હૉલ અને ટાગોર હૉલ, ઠાકોરભાઈ દેસાઈ હૉલ, ભાઈકાકા હૉલ ઉપરાંત બીજા અનેક સભાખંડોની સવલતો છે. ઘણી સંસ્થાઓ અને મંડળોને પોતાનાં પ્રેક્ષાગારો છે જે અન્યને પણ ઉપયોગમાં આવે છે. આમ, જ્ઞાન-વિજ્ઞાન-ઉદ્યોગ વગેરે ક્ષેત્રે પ્રવૃત્તિ કરતી સંસ્થા છે ને સવલતો પણ છે.

ધાર્મિક પ્રવૃત્તિ અમદાવાદમાં હંમેશાં આવકારાતી-પોષાતી આવી છે. જૈન, મુસ્લિમ અને હિન્દુ તથા અન્યની ધર્મપરાયણતાને કારણે અહીં અનેક મંદિરો ઉપરાંત પોતપોતાના ધર્મ અને સંપ્રદાયને લગતી સંસ્થાઓ પણ વિકસેલી છે. એ કેવળ ધાર્મિક પ્રવૃત્તિમાં જ મર્યાદિત ન રહેતાં પ્રજાકલ્યાણ અને સદાચાર-પ્રસારની પ્રવૃત્તિઓ પણ કરે છે. ગરીબોને મદદ કરવી, આપત્તિ - સમયે રાહતકાર્યો કરવાં વગેરેમાં પણ પોતાનું અમૂલ્ય યોગદાન કરે છે. આમાં જૈન-હિન્દુ-મુસ્લિમ એ મુખ્ય

લા. દ. પ્રાચ્ય વિદ્યામંદિરમાં સંગ્રહાયેલી હસ્તપ્રત





ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ (IIM)



પ્રાચીન સચિત્ર હસ્તપ્રતોનો જ્યાં અમૂલ્ય સંગ્રહ છે તે લા. દ. પ્રાચ્ય વિદ્યામંદિર (INDOLOGY)




રથયાત્રા

ધર્મોની અનેક પરંપરાગત સંસ્થાઓ ઉપરાંત જગન્નાથજીના મંદિરની પ્રવૃત્તિ તથા સ્વામિનારાયણ સંપ્રદાયનાં પ્રવૃત્તિનાં કેન્દ્રો વગેરેની કામગીરી પ્રશસ્ય છે.

થિયોસોફિકલ પ્રવૃત્તિ સક્રિય છે અને બ્રહ્માકુમારી મિશન તથા સંન્યાસ આશ્રમ વગેરે પણ લોકોની ભીડ આકર્ષે છે. જોધપુર ટેકરા પાસે તો સરદાર પટેલ વહીવટી શિક્ષણ કેન્દ્ર અને સ્વાધ્યાય, ચિન્મય મિશન, રામકૃષ્ણ મિશન, સ્વામી શિવાનંદ મિશન જેવાં અનેક કેન્દ્રો-મંદિરોનું એક વિશિષ્ટ સંકુલ છે. આમ, ધર્મસ્થાનો સાથે સમાજસેવાનો અને વિજ્ઞાનનો સાથ પણ નિર્માયો છે. આમાંય 'સદ્‌વિચાર' સંસ્થાની અને તેના સૂત્રધાર શ્રી હરિભાઈ પંચાલની પ્રવૃત્તિની તો ખાસ નોંધ લેવી ઘટે. દાયકાઓથી વિવિધ ક્ષેત્રે આ 'સદ્‌વિચાર પરિવાર' જે કાર્ય કરી રહ્યો છે તે ખૂબ જ પ્રશંસનીય છે. અમદાવાદનો આખો ઇતિહાસ વિગતે જાણવો હોય તો 'મિરાતે અહમદી', મગનલાલ વખતચંદનો ઇતિહાસ, સાલેતોર કે કોમિસરિયેટ તથા રત્નમણિરાવ ભીમરાવના ઇતિહાસો વાંચવા પડે.

તાજિયા



અમદાવાદે મૌર્યો, ગુપ્તો અને દિલ્હીના મુઘલ શાસન, સુલતાનોના શાસન, મરાઠાઓ અને અંગ્રેજોના શાસનનાં મીઠાં-કડવાં ફળ ચાખ્યાં છે. આ નગરીની પ્રજાએ મીઠાશ કરતાં કડવાશ વધુ ચાખી છે. અમદાવાદના શાસકો સમૃદ્ધ થયા હશે પણ પ્રજા નહીં. અમદાવાદને પોતાનું સ્વત્વ પ્રાપ્ત તો થયું અંગ્રેજો સામેના આંદોલનકાળથી જ.

આજનું અમદાવાદ

અમદાવાદ માત્ર વીતેલા રાજયોગની સ્મૃતિઓ પર જીવતું, ઇતિહાસની સમાધિ સમું, લુપ્તવૈભવ-ભગ્નાવશેષોનું નગર નથી. એનો ઇતિહાસ સમૃદ્ધ છે તો એનો વર્તમાન પણ સતત વૈભવવંતો રહ્યો છે. તે સતત જીવંત રહેલું નગર છે એટલે એના અસ્તિત્વના કોઈ પણ કાળે તેની મુદ્રા ઝંખવાયેલી નથી. સોલંકીઓ, મુસ્લિમો અને મુગલો, મરાઠાઓ અને બ્રિટિશરો એમ અનેક સત્તાપલટાને, એમના વિલાસો અને વિધ્વંસોને સહન કરતું અને સમાવતું, તો વળી ક્યારેક વિદ્રોહ કરતું આ અમદાવાદ સદા જાગ્રત અને પુરુષાર્થ-નગર તરીકે ઉત્તરોત્તર વિકસતું જ રહ્યું છે.



આ અમદાવાદ...

મંદિરો અને મસ્જિદો, મિલો અને મહાલયોથી સભર આ અમદાવાદ - જ્યાં પુરાણા સ્થપતિઓનાં નિર્માણ નજરે ચડે અને અદ્યતન સ્થપતિઓ - લા કાર્બુઝિયો, લુઈ કાન અને બાલકૃષ્ણ દોશીનાં નિર્માણ પણ શહેરને શોભાવે છે - આ બધું એક જ વિરાટ ખોબામાં એકસાથે ! અદ્યતન નિર્માણો થયે જાય છે છતાં સોમપુરાના વંશજો પણ અમદાવાદમાં વસીને પરંપરાગત નિર્માણો કરી રહ્યાં છે - હજી નવાં દેવાલયો, જિનાલયો એ જ શૈલીમાં રચાય છે.

તો સાથેસાથે 'રાજપથ' અને 'કર્ણાવતી' જેવી મોટી મેમ્બરશીપ ધરાવતી ક્લબો ખાણીપીણી ઉપરાંત કમ્પ્યુટર, હેલ્થ ક્લબ, સ્પૉર્ટ્સ જેવી અનેક સુવિધાઓ ધરાવે છે. આ હાઈ-વે પર અનેક હોટેલો અને અદ્યતન થિયેટરો બંધાયાં છે. એક જ ઇમારતમાં ચાર-છ થિયેટરો, શૉપિંગ, બૂકશૉપ, રેસ્ટોરન્ટ વગેરેની સુવિધાઓ હોય છે. એક જમાનામાં પાંચ-દસ રૂપિયામાં ફિલ્મ જોનાર અમદાવાદી હવે 100 રૂપિયાની ટિકિટ ખર્ચીને ફિલ્મ જુએ છે. અમદાવાદમાં જૂની મિલો બં



અમદાવાદની વર્ષો પહેલાંની સ્કાયલાઈન બદલાઈ રહી છે

પડી પણ બીજા અનેક નવા ઉદ્યોગો અને ઉદ્યોગ-વિસ્તારો વિકસતા જાય છે. શહેરના રિચી રોડ અને રિલીફ રોડ, ઘી - કાંટા અને દિલ્હી ચકલા, રતન પોળ અને ઢાલગરવાડ, આસ્ટોડિયા અને રાયપુર વગેરે વિસ્તારો વેપાર-રોજગારથી જે રીતે ધમધમતા તે તો હજી એ જ રીતે ધમધમે છે, પણ ત્યાંથી ઊભરાયેલાં વસ્તી, વેપાર ને વ્યવહાર નદીની આ બાજુ ઠલવાયાં છે. નદીપારના આશ્રમ રોડ અને સી. જી. રોડ એટલે કે એક જમાનાના અમદાવાદના આદરણીય પ્રતિષ્ઠિત નાગરિક 'ચીમનલાલ ગિરધરદાસ (સી. જી.) રોડ' અમદાવાદનો એક અદ્યતન માર્ગ ગણાય છે. રસ્તાની બંને બાજુએ, એકએકથી ચડે તેવી અદ્યતન ઇમારતો - શૉપિંગ સેન્ટરો - શોરૂમ્સ આ શહેરની શોભા વધારે છે.

જાણે આટલુંય ઓછું પડતું હોય તેમ નગર અમદાવાદ, એક સમયે ઉજ્જડ પડેલા વિસ્તારોમાં ઑક્ટોપસની જેમ આઠેય દિશાઓ - ખૂણાઓને વીંધતું ને વિસ્તરતું રહ્યું છે. બાપુનગર, નરોડા, અસારવા ને ગોમતીપુરના વિસ્તારો વધ્યા છે - ત્યાં અને વટવામાં ઉદ્યોગો વિકસી રહ્યા છે, તો વસ્ત્રાપુર બાજુ હાઈરાઇઝ ટાવરોનો પાર નથી. રાણીપ તરફ પણ શહેર વિસ્તર્યું છે. સુખી વર્ગ હવે પોતાના નિવાસ ઉપરાંત બોપલ જેવા વિસ્તારોમાં ફાર્મહાઉસ બાંધીને વિશાળ જગ્યાઓમાં રજાઓ કે આરામનો સમય ગાળવા જાય છે. અમદાવાદની વર્ષો પહેલાંની સ્કાયલાઈન બદલાઈ ગઈ છે - બદલાઈ રહી છે - મિલોનાં ભૂંગળાંની જગ્યા હાઈ-રાઇઝ ટાવરોએ લીધી છે. મકાનો પર ડીશ એન્ટેના દેખાય છે. રહેણાકો ટીવી ચેનલો માટેના કેબલોથી સંકળાયેલા છે.

વીસમી સદીના અંતથી જાણે એકવીસમી સદીની શરૂઆત થઈ ચૂકી છે. અમદાવાદમાં કમ્પ્યુટર, યુગનો દબદબાભર્યો આરંભ થઈ ચૂક્યો છે. ઠેરઠેર સાઇબર કાફે, ઘેરઘેર કમ્પ્યુટરો, ઈ-મેઈલ અને ઇન્ટરનેટ દ્વારા વ્યવહારો સાવ અદના માણસો પણ કરતા થયા છે. સેલફોનનો ઉપયોગ વ્યાપક પ્રમાણમાં થાય છે. રસ્તા પર અનેક પ્રકારની ચમકતી દમકતી ગાડીઓ મોટા-પહોળા રસ્તાઓ, ઓવરબ્રિજ અને અંડરબ્રિજ, ફાસ્ટફૂડનાં પાર્લરો અને અમેરિકાની નકલ જેવા શૉપિંગ મૉલ રસ્તાની શોભા બની રહ્યાં છે અને એક જ જગ્યાએથી બધું જ ખરીદી શકાય તેવી નાગરિક સુવિધાઓ આકાર લઈ રહી છે.

અમદાવાદના રસ્તાઓ પર ઘોડાગાડીઓ ઍન્ટિક પીસ બની ગઈ છે. કોઈ શોખીન વરરાજા, કોઈ જૈનધર્મના દીક્ષાર્થી કે કોઈક સંપ્રદાયના ધર્મ - ધુરંધર મહારાજશ્રી ક્યારેક શણગારેલી બગીમાં જોવા મળી જાય ખરા. તેની જગ્યાએ બેસુમાર દ્વિચક્રી વાહનો, રિક્ષાઓ અને તરેહતરેહની વૈભવી મોટરકારોથી અમદાવાદના રસ્તાઓ



ડ્રાઈવઈન સિનેમા



મલ્ટીપ્લેક્સ થિયેટર



નિરમા વિદ્યાસંકુલ

ભરચક રહે છે.

વર્ષો સુધી તૃષાતુર રહેલી - માત્ર ચોમાસામાં ક્યારેક જ બે કાંઠે છલકતી રહેતી સાબરમતી નર્મદા યોજનાના એક પરિણામરૂપે હવે બારે માસ બે કાંઠે છલકાય છે. વર્ષોનાં વર્ષો પછી નદીના કાંઠાઓ તેને લીધે રળિયામણા લાગે છે. આ પાણીને કારણે, નદીના પટમાં વર્ષો સુધી જેનો પડાવ હતો તે ઝૂંપડપટ્ટી હવે નથી. ઉપરાંત શિયાળામાં સરકસોના તંબૂઓ પણ હવે બંધાતા નથી. શહેર વિસ્તારમાં સાબરમતી - નદી પર તોરણ બાંધ્યા હોય તેવા પાંચ પુલો બંધાયા છે. એ પુલો પર રાત્રે દોડતી મોટરગાડીઓનો પ્રવાહ દોડતા દીવાની રમત જેવો લાગે છે.

કેટલું બધું બદલાયું છે આ નગરમાં ! છતાં આ શહેરની પરંપરાઓ આજની આધુનિકતા સાથે કદમ મિલાવતી લાગે. બધું જાણે એકસાથે જીવતું લાગે !

અમદાવાદના રસ્તાઓ પર ઊંટગાડીઓ, હાથી અને લાખો રૂપિયાની અદ્યતન કાર એકસાથે જોવા મળે છે. ખાડિયા-રાયપુર, રતનપોળ-માણેકચોક, દરિયાપુર-દિલ્હીચકલામાં ફરો તો હજી જૂનું અમદાવાદ જિવાતું લાગે. આ માહોલમાં લોકો હજીય ચંદ્રવિલાસનાં ફાફડા-જલેબી, રાયપુરનાં ભજિયાં, ખાડાવાળાનાં દાળવડાં, શેરબજારના ચવાણાં, 'જનતા'ની કુલ્ફી, માણેકચોકનાં પૂરી-પકોડી ને ભેળ - વર્ષો પહેલાં ખાતા હતા એવા જ 'ટેસ'થી ખાય છે.

એસ.જી. હાઈવે ઉપર ગુરુદ્વારા



અમદાવાદના એલિસબ્રિજ વિસ્તારની મમ્મીઓ સાડી પહેરતી નથી પણ કુર્તા-પાયજામા પહેરે છે - કૉલેજિયન જીન્સ અને ટીનએજર છોકરીઓ પૅન્ટ પહેરે છે. સાઈકલ કાં તો નીચલો વર્ગ જ ચલાવે છે - સુખી ઘરની નાની છોકરીઓ પતંગિયાની જેમ કાઈનેટિક પર ઘૂમ્યા કરે શ્રીમંત નબીરાઓ પાસે પોતાની મોટરકાર હોય છે - પેઢી ફાફડા-ભજિયાં તરફ નાકનું ટીચકું ચડાવે છે. એમને પ્રિય છે બર્ગર અને પીઝા, ભાજીપાંઉ, ચાઈનીઝ મેક્સિકન. તે જાતભાતનાં આઈસ્ક્રીમો આરોગે છે, જ્યુસ શેક પીએ છે. પીઝાની કિંમત 400 રૂપિયા સુધીની હોય માત્ર સેલાડની પણ રેસ્ટૉરન્ટ હોય છે. ઑમલેટ ને દાબેલી લારીઓ પર ખવાય છે, ફાસ્ટફૂડ પુરબહારમાં ચાલે છે.

બોલચાલની ભાષામાંય ભારે પરિવર્તન આવ્યું છે. અંગ્રેજી માધ્યમમાં બાળકને શિક્ષણ આપવાની ધૂન નવી પેઢી પર સવાર છે. ગુજરાતી માધ્યમમાં ભણાવનારાની સંખ્યા ઓછી થતી જાય છે. અંગ્રેજી શબ્દોના ઉપયોગ વિના નવી પેઢી ભાગ્યે જ શુદ્ધ ગુજરાતી બોલી શકે. આ ભાષાને નવું નામ મળ્યું છે 'ગુજલીશ' ! અંગ્રેજી માધ્યમની સ્કૂલો બેસુમાર વધતી જાય છે - હજારોની ફી અને ડોનેશન - જમાનાની દોટમાં પોતાના બાળકને દોડતો રાખવા માગતી નવી પેઢી પોતાના બાળકનું બાળપણ અણજાણે પણ છીનવી રહી છે. તે પોતાની સંસ્કૃતિ ભૂલતી જાય છે. માતૃભાષા કે ગુજરાતી સાહિત્ય વિશે કશું જાણતી નથી.

અમદાવાદમાં ભલે નવી હવા પ્રસરી રહી છે છતાં પુરાણું જળવાયું પણ છે. બળેવ અને ઉત્તરાયણ, જન્માષ્ટમી, નવરાત્રિ અને દિવાળી હજી એવા જ ઉલ્લાસથી ઊજવાય છે. ચોરેચૌટે હોળીઓ પ્રગટે છે અને અમદાવાદના આકાશમાં પતંગો ચગે છે. દશેરાને દિવસે ફાફડા-જલેબી, ઉત્તરાયણમાં તલસાંકળી-ઉંધિયું, નાગપાંચમે તીખાં-ગળ્યાં ખાજાં અને હોળીના દિવસે ધાણી-ચણા લોકો હોંશેહોંશે આરોગે છે.

માત્ર અમદાવાદમાં જ ચાર સ્થાનિક યુનિવર્સિટીઓ છે ગુજરાત યુનિવર્સિટી, ઇંદિરા ગાંધી ઓપન યુનિવર્સિટી, એગ્રીકલ્ચર યુનિવર્સિટી અને ગૂજરાત વિદ્યાપીઠ. આ શહેરમાં આ ઉપરાંત અનેક અદ્યતન અધ્યાપન-સંશોધન સંસ્થા છે. આ અમદાવાદમાં એલોપથી, આયુર્વેદ, હોમિયોપથી, એક્યુપંક્ચર, ફિઝિયોથેરપી, નેચર ક્યોર જેવી

વિવિધ પ્રકારની થેરપી દ્વારા સારવાર મળી શકે છે. અહીં ફિઝિયોથેરપિસ્ટ છે, હાડવૈદ્યો છે - દોરાધાગાવાળા પણ છે.

અહીંના કોઈક ઘરમાં કે ફ્લૅટમાં લાજ કાઢેલી યુવતી જોવા મળશે તો પૅન્ટ અને ટીશર્ટ પહેરીને ઍક્ટિવા પર ફરતી અદ્યતન યુવતીએ જોવા મળશે. અહીં પોતાના વાસમાં ભેંસ દોહતો રબારી ઘડીક પછી મોટર - સાઈકલની બે બાજુ દૂધનાં બે કેન લઈને દૂધ આપતો જોવા પણ મળશે.



સ્વામિનારાયણ સંપ્રદાયનું વિદ્યાસંકુલ

અહીં એક અમદાવાદ મહેનતકશ આદમીનું છે, બીજું મધ્યમવર્ગી વ્યવહારુઓનું છે, ત્રીજું થોડા સમયમાં બે પાંદડે થયેલા ઉપલા મધ્યમવર્ગનું છે, ચોથું ધનિકોનું છે અને પાંચમું - અમદાવાદ બહાર - ભારતનાં અન્ય શહેરો સાથે નેશનલ ને ઇન્ટરનેશનલ સંપર્કો ધરાવતા માલેતુજારનું પણ છે.

અમદાવાદમાં એકાદ દસકાથી ચોરેચૌટે STDનાં બૂથો ઊભરાય છે. હવે સાઈબર કાફેમાં આજની તરવરતી યુવાન પેઢી ઈ-મેઈલની આપ-લે કરવા તેમ જ પરદેશમાં મોકલેલાં સંતાનો સાથે વાતચીત કરવા વડીલો માટે આવે છે. સામાન્ય દુકાનદાર પણ હવે કમ્પ્યુટરાઇઝ્ડ બિલો આપે છે. ટુ-વ્હીલર અને કારચાલકો કાને મોબાઇલ ચોટાડીને ફોન કરતા ફરે છે. દિનપ્રતિદિન સસ્તા થઈ રહેલા મોબાઇલ આવતી કાલે લક્ઝરી નહીં પણ જરૂરિયાત બની રહેવા સંભવ છે.

અમદાવાદની પ્રજામાં જીવનનો એક નવો ઉન્મેષ છે, એક આગવાપણું છે, કોઠાસૂઝ છે, પડકારવાની અને પડકાર ઝીલવાની, ભોગવવાની અને ભોગ આપવાની તાકાત છે - ખુમારી છે. ભલભલા ચમરબંધીને આ નગરે પાઠ ભણાવ્યા છે. પરંપરાને જાળવવાની અને નવીનતાને નોતરવા તેની પાસે ખુલ્લું મન છે - દૃષ્ટિ છે.

અમદાવાદના એક ખૂણે જોધપુર ટેકરા પાસે તો આખો ટેકરો દેવમંદિરો-ધર્મસ્થાનો-આશ્રમો વગેરેથી સભર છે. અહીં પાંડુરંગ આઠવલેજીનું 'ભાવનિર્ઝર' તેમ જ 'ચિન્મય મિશન'ના આશ્રમ છે. બાજુમાં સદ્‌વિચાર પરિવારની પ્રવૃત્તિઓ ચાલે છે. તો થોડે દૂર સરખેજ-ગાંધીનગર હાઈ-વે પર સ્વામી પ્રભુપાદ પ્રેરિત હરે રામ હરે કૃષ્ણ સંપ્રદાયનું વિશાળ મંદિર ઈસ્કોન બાંધવામાં આવ્યું છે. થોડે આગળ સોલા ખાતે કૃષ્ણશંકર શાસ્ત્રીજીનાં કૃષ્ણમંદિર અને ભાગવત વિદ્યાપીઠ છે. સ્વામિનારાયણ સંપ્રદાયનું ગુરુકુલ - દેવાલય સંકુલ, અમદાવાદનું હાઈકોર્ટ સંકુલ, સામે નિરમા ટેકનિકલ ઇન્સ્ટિટ્યૂટ તેમજ સફેદ આરસપહાણથી શોભિત ગુરુદ્વારા અમદાવાદના અલ્પસંખ્યક ગુરુદ્વારાઓમાં પ્રભાવક લાગે છે.



કૃષ્ણશંકર શાસ્ત્રીજી

ભારતના અગ્રગણ્ય દૈનિક અખબાર જૂથની ગુજરાતી આવૃત્તિ 'દિવ્ય ભાસ્કર'ની ભવ્ય ઇમારત પણ અદ્યતન મોટરકારોના શૉ-રૂમ પાસે આવેલી છે. રાત્રિ - સમયે આ વિસ્તારમાં પસાર થતાં ઊંચી ઇમારત ઉપરથી હાઈ-વેના આ વિસ્તારની રોનક જોતાં કોઈ મેગાસિટીનો અહેસાસ થાય છે.



હરે રામ હરે કૃષ્ણ સંપ્રદાયનું ઈસ્કોન મંદિર



ભાગવત વિદ્યાપીઠ - સોલા

SCIENCE CITY

સાયન્સસીટી





ગુજરાતની જનતાની વિજ્ઞાન અને ટેક્નૉલોજીના ક્ષેત્રે રસવૃદ્ધિ થાય અને લોકોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવાય એ હેતુથી ગુજરાત સરકાર દ્વારા અમદાવાદમાં વિજ્ઞાનનગરીનું આયોજન કરવામાં આવ્યું છે. વિજ્ઞાનનગરીનો ઉદ્દેશ 'શિક્ષણરંજન' એટલે કે મનોરંજન દ્વારા શિક્ષણને સરળ અને સહજ બનાવવાનો છે. મુલાકાતીઓ વિજ્ઞાનનાં રહસ્યોને સમજી શકે અને મનોરંજનનાં સૌથી વધુ ઉત્તેજક તેમ જ સમકાલીન સ્વરૂપો સુધી પહોંચી શકે તેવી કલ્પનાસભર ગુજરાત વિજ્ઞાનનગરી આંતરરાષ્ટ્રીય કક્ષાની રહેશે.

થ્રી ડી આઈમેક્સ થિયેટર : સમગ્ર ભારતમાં સૌપ્રથમ વાર ગુજરાત વિજ્ઞાનનગરી ખાતે વિશાળ થ્રી ડી આઈમેક્સ થિયેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેના પડદા આઠ માળ જેટલા ઊંચા અને પ્રતિબિંબ 35 એમ.એમ.વાળા પરંપરાગત પડદા કરતાં 10ગણું મોટું હોય છે, જે આપને ચલચિત્રની એટલી નજીક લઈ જાય છે કે આપ પડદા પર ચાલતી દરેક ઘટના સ્થળે મોજુદગીનો અવિસ્મરણીય અનુભવ કરશો.

વિજ્ઞાનનું પેવેલિયન : આ પેવેલિયન મુલાકાતીઓને વિજ્ઞાનના ઇતિહાસની સીમાચિહ્નરૂપ શોધોથી માહિતગાર કરશે. મુલાકાતીઓને દૈનિક ઘટનાઓને નિયંત્રિત કરતા સિદ્ધાંતો જાણવાની મજા પડશે. ગણિતશાસ્ત્રનાં સમીકરણોનો રમૂજી અનુભવ કરાવવામાં આવશે. આ પેવેલિયન મેઘધનુષનું સર્જન, માનવ આંખમાં પ્રતિબિંબનું નિર્માણ, સંભાવના, ઊર્જાનાં વિવિધ સ્વરૂપો, ઊર્જાસંચયના નિયમોનો અનુભવ કરાવશે.



અવકાશ અને સંદેશાવ્યવહાર પેવેલિયન : આ પેવેલિયનમાં આંતરક્રિયાત્મક પ્રદર્શનો અને જીવંત ચિત્રો દ્વારા અવકાશ સંદેશાપ્રસારણના સિદ્ધાંતો સમજાવતાં શૈક્ષણિક પ્રદર્શનો હશે. મુલાકાતીઓને ઉપગ્રહનું કાર્ય સંચાલન, મોબાઇલ ટેલિફોન વ્યવસ્થા, ઇન્ટરનેટ ટેક્નૉલોજી તથા ઉપયોગની સૂઝ આપશે. 10 MBPS સેટેલાઇટ સંદેશાવ્યવહાર - મથક મુલાકાતીઓને અવકાશમથકના કાર્યને સમવાની તક પૂરી પાડશે. ઇન્ફરમેશન ટેક્નૉલોજી, વાસ્તવાભાસ (વર્ચ્યુઅલ રિયાલિટી), મોર્ફિંગ, યંત્ર માનવશાસ્ત્ર, અવકાશયાનનો જીવંત અનુભવ, ગ્રહમાળાનું સર્જન, ભવિષ્યની આકાશ વસાહતો, પૃથ્વીના પેટાળમાં મુસાફરી એ આ પેવેલિયનનાં મહત્ત્વપૂર્ણ આકર્ષણો હશે. ઉપગ્રહના વિશાળ કદના આંતરક્રિયાત્મક નમૂનાઓ આ પેવેલિયનની વિશેષ ખાસિયત છે.

હૉલ ઑફ સાયન્સ : હૉલ ઑફ સાયન્સ એટલે મુલાકાતીઓને જાતે જ વિજ્ઞાનના પ્રયોગ કરવાનું સ્થળ. અહીં કોઈ ચીજને અડવાની મનાઈ નથી, જે તેની ખાસ વિશેષતા છે. ભૌતિક, રસાયણ તથા જીવવિજ્ઞાનના સિદ્ધાંતોને આધારે અહીં તૈયાર કરાયેલાં 'વર્કિંગ મૉડેલ' મુલાકાતીઓને રસપ્રદ રીતે પ્રયોગના અનુભવની સાથેસાથે વિવિધ વિષયોનું જ્ઞાન પૂરું પાડે છે.









સત્યાગ્રહ આશ્રમ - સાબરમતી


અમદાવાદની આસમાની-સુલતાનીની પળો રોમાંચક છે, પણ કદાચ સૌથી વધુ રોમાંચકારી તો છે સાબરને કાંઠેકાંઠે ઉપલાણે જઈને તેના પાદરને પાર કરીને સાબરને મળતી નાનકડી નદી ચંદ્રભાગાના તીરે પવિત્ર દધીચિ ઋષિની સમાધિને નમીને જતાં આવે છે તે સ્થળ - 'ગાંધી આશ્રમ'. ના, તેનું સાચું નામ તો 'સત્યાગ્રહ આશ્રમ'. પ્રાચીનકાળના ઋષિઓ - અવતારી પુરુષ સમા - ભગવાન બુદ્ધના વ્યક્તિત્વનો આ યુગમાં વ્યક્તિરૂપે સાક્ષાત્કાર કરાવનાર પૂ. ગાંધીજીની એ ભૂમિ ! તેની આગળ જ નજીકમાં જ સાબરમતી તરફ જતાં આવે સાબરમતી જેલની 'ઓતરાદી દીવાલો'. સાબરને તીરે દધીચિની સમાધિભૂમિ અને જેલની વચમાં આ યુગના એ મહાત્માનું થાણું. રસ્તાની એક પાસ - અમદાવાદથી જતાં ડાબે હાથે નિવાસો, મહેમાનઘર, શાળા, ગ્રામઉદ્યોગ, કેન્દ્ર કાર્યાલયો, તો નદીકાંઠે જૂનાં નિવાસો - જેમાં મીરાંબહેનની મઢૂલી અને ગાંધીજીનું હૃદયકુંજ ! ઉપાસના-ભૂમિ ! બાજુમાં જ નવું વિકસેલું ગાંધી સંગ્રહાલય - પછી ગૌશાળા, અંબર ચરખા કેન્દ્ર વગેરે.

અહીં પ્રવેશતાં જ રોમેરોમ પુલકિત થાય છે, હૃદય આર્દ્ર બને છે, મસ્તક નમે છે. જાણે આ સમગ્ર ભૂમિની રજેરજ પવિત્ર લાગે છે ! ગાંધી સંગ્રહાલયના મુખ્ય કાર્યકર એક-એક જગ્યાનો ને વસ્તુનો પરિચય કરાવતા જાય તેમ - તેમ આ યુગની એક અપૂર્વ ઘટના સમા એ વિરાટ વ્યક્તિનાં સ્મરણો જાગ્રત થતાં જાય છે. આખા વિશ્વના ઇતિહાસને જેણે અનોખું પ્રદાન કર્યું ને આખી દુનિયાએ જેની આ યુગની અપૂર્વ અને અનોખી વ્યક્તિ તરીકે વંદના કરી તે મહાત્માની આ ભૂમિ !

આ વડલો - જેની નીચે બેસી દાંડીકૂચના ઐતિહાસિક અને ઇતિહાસમાં અપૂર્વ એવા અભિયાન પહેલાં ગાંધીજીએ પ્રેરક પ્રવચન કરેલું : 'સ્વરાજ લીધા વિના આશ્રમમાં પાછો નહીં ફરું.' માત્ર ચપટી મીઠું લઈ - કશીય સત્તા-સેના-સાધનો-શસ્ત્રો વગર વિશ્વવ્યાપી અંગ્રેજ સત્તાને પડકાર ફેંકી, આખા ભારતને એકસાથે જાગ્રત કરી દેનાર ને અંગ્રેજ રાજ્યના પાયા હલાવી નાખનાર એ અભિયાન આરંભાયું ત્યારે ઘણાને તેમાં શ્રદ્ધા ન હતી, ઘણાને તે હાસ્યાસ્પદ લાગતું - કોઈને મૂર્ખામીભર્યું ! પણ આ નિર્બળ લાગતી નિઃશસ્ત્રોની નાનકડી ટુકડી યુદ્ધનાદ નહીં પણ ભજનો ગાતી - એક નાનકડા માનવીની આગેવાની હેઠળ કૂચ કરતી ગઈ ને આશ્ચર્ય ને અહોભાવનાં, ઉત્સાહ અને શ્રદ્ધાનાં, ભરતીમોજાં ઊછળવા લાગ્યાં - ધીરેધીરે દેશ અને પછી દુનિયા આ વામનમાંથી પ્રગટતું વિરાટ સ્વરૂપ - અર્જુનની જેમ - વિસ્મયથી જોઈ રહી ! દાંડીકૂચે ઇતિહાસની ગતિ બદલી, યુદ્ધનું તત્ત્વજ્ઞાન બદલ્યું, દુનિયાના ઇતિહાસમાં નિઃશસ્ત્ર યુદ્ધનું નવું પ્રકરણ ઉમેરાયું ! સાબરમતીના આ આશ્રમમાં રાત્રે છાયાપ્રકાશ - આયોજનથી ગાંધીકથાનો સાક્ષાત્કાર કરાવવામાં આવે છે ત્યારે આ સ્થળ જીવંત થઈ જાય છે - પણ એ કથા દાંડીકૂચ સુધીની જ છે. એમ જ હોય ને ?

પણ એ કૂચ અને ગાંધીજીએ આ આશ્રમની

ગાંધીસ્મૃતિ





વિદાય લીધી ત્યારે આઝાદી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પાછા નહીં ફરવાની તેમની પ્રતિજ્ઞા હતી ! અને આઝાદી આવી ત્યારે... તે વખતે દેશમાં જે બન્યું તેનાથી તેમના હૃદયને કરાર ન હતો, શાંતિ ન હતી, સંતોષ ન હતો... એટલે આ યુગનો એ મહામાનવ અહીં પાછો ન જ ફર્યો. એ અવસર... આવે તે પહેલાં જ તે પોઢી ગયો...

સાંજ ઢળે છે. સાબરમતીનાં પાણીમાં પણ તડકી-છાંયડી પથરાય છે... આથમતા સૂર્યતેજમાં સામે કાંઠે દૂરના નારણઘાટ - નજર ફેરવતાં દૂર મિલોનાં ભૂંગળાંઓ અને નદીતીરે તૂટતા ગયેલા કોટની પાછળ બંધાયેલાં નવાં મકાનો... નદી પર બંધાયેલા અનેક પુલ નજરે પડે છે.

આવો... આશ્રમની, ઉપાસનાભૂમિની નજીકની આ પાળ પર બેસીએ... આ વૃક્ષની નીચેની ઉપાસનાભૂમિમાં સંભળાય છે તે નારાયણ મોરેશ્વર ખરેનો તંબૂર અને કંઠ... ભજન ગાતો !... 'હરિનો મારગ છે શૂરાનો'. તંબૂરના રણકાર અને મંજીરાના મધુર પવિત્ર તરંગો બનીને હૃદયકુંજની આસપાસ ઘેરાતો જાય છે - સમગ્ર આશ્રમમાં ને વાતાવરણમાં પ્રસરતો પ્રસરતો નદીનો તટ - પહોળો પટ આગળના આખા આકાશને ભરી દેતો ગોરંભાતો જાય છે.

ક્યારેક હૃદયકુંજની પેલી ઓરડીમાં બેઠેલી... ક્યારેક તેના ઓટલા પર રેંટિયો કાંતતી તો ક્યારેક... આંખના આકાશમાં કરુણાર્દ્રતા સાથે, કોઈ અડગ નિર્ધાર સાથે ઘોળાયેલી - કોઈ ન સમજાય તેવી ગમગીની આખા વિશ્વ પર ને વિશ્વની ચોપાસ નજર કરતી એક અવર્ણનીય માનવમૂર્તિની અલૌકિક ઝાંખી થાય છે. કોઈ અલક્ષ્ય લક્ષ્ય પ્રતિ શાંત પણ મક્કમ અને ગતિશીલ ડગ ભરતી એ મૂર્તિનાં પગલાંમાં વામન - અવતારની પ્રતીતિ થાય છે, એના ચહેરા પર પથરાતું કરુણા અને મુદિતાનું તેજ જાણે ભગવાન બુદ્ધનો સાક્ષાત્કાર કરાવે છે, તો એની આત્મબલિદાનની તત્પરતામાં ઈસુ ઓળખાય છે... ને એ ચાલ્યો જ છે... એના ચળકતા ખુલ્લા વાંસા પર આથમતા સૂર્યનું તેજ ચળકે છે... ને જાણે એ ચાલતોચાલતો, જતોજતો... વિરાટરૂપે વિકસતો... અંતરિક્ષમાં ઓગળતો વ્યક્તિમાંથી છાયા... ને છાયામાંથી એક નાદ... એક મંત્ર - ગુંજન બની જાય છે... સમગ્ર વાતાવરણમાંથી જાણે સંભળાય છે માત્ર... સત્યમેવ જયતે... સત્યમેવ જયતે... સત્યમેવ જયતે... અને ધુમ્મસના ઢગલામાંથી આકાર પામી હોય એવી એક હોડી ધીરેધીરે સાબરમતીનાં નીર પર તરતી આવે છે... તેમાંથી એક કુંભ ઢોળાય છે... ને દધીચિનાં અસ્થિનાં થોડાંક 'ફૂલ'... થોડીક ભસ્મ ! હજારો ને લાખોનાં ડૂસકાં... ને તેમનાં અશ્રુ સાથે... સાબરમતીનાં જળમાં ભળી જાય છે...

ચોપાસ હજારો ભીના કંઠમાંથી ગાજતું સંભળાય છે...


'વૈષ્ણવજન તો તેને રે કહીએ...'

- ને દાંડીની પવિત્ર ભૂમિમાંથી શરૂ થયેલી યાત્રા અંતે હૃદયકુંજના પ્રાંગણમાં થંભી જાય છે... સમગ્ર ગુજરાતના આધુનિક યુગના ઈતિહાસની એ હૃદયભૂમિ આગળ ભીનું હૃદય, ભીની આંખમાં ને અંજલિમાં અર્ઘ્ય બનીને મૂક પ્રાર્થના સાથે તપ અને ત્યાગના, પ્રેમ અને પુરુષાર્થના એ દરિદ્રનારાયણાવતારને ચરણે ઢળી પડે છે ને અંતરમાંથી આપોઆપ અવાજ ઊઠે છે...


સત્યમેવ જયતે... સત્યમેવ જયતે... સત્યમેવ જયતે...




સાગરકાંઠે



ગુજરાતનો સાગરકાંઠો



ગુજરાતનું વહાણવટું



'વહાણવટું' શબ્દ દરિયાઈ વેપાર અને વહાણ-સંચાલનની પ્રવૃત્તિઓ સૂચવે છે. ગુજરાત પ્રાચીનકાળથી તેના વહાણવટા માટે જાણીતું છે. પ્રાચીન જગતના સભ્ય દેશો સુમેર, ફિનિશિયા, રોમ, મિસર, અરબસ્તાન, ઇરાન, પૂર્વ આફ્રિકા, લંકા, બ્રહ્મદેશ, મલાયા, જાવા, સુમાત્રા, ચીન વગેરે સાથે ગુજરાત દરિયાઈ માર્ગે વેપારી સંબંધોથી જોડાયેલું હતું.

મિસરની પ્રાચીન કબરોમાંથી ગળી અને મલમલ મળી આવ્યાં હતાં. આ ચીજો ગુજરાતમાંથી જ ગઈ હશે એમ માનવાનું કારણ મળે છે. ગુજરાતની દરિયાઈ પ્રવૃત્તિ ઇસવી સન પૂર્વે 3000 વર્ષ જૂની હોવાનું મનાય છે. મોહન-જો-ડેરો અને હરપ્પાકાલીન વસાહતોનાં 100 ઉપરાંત સ્થળો ગુજરાત-સૌરાષ્ટ્ર અને કચ્છમાંથી મળી આવ્યાં છે. લોથલમાંથી મળી આવેલ મમી, વહાણની આકૃતિવાળી મુદ્રાઓ, આસિરિયન મનુષ્યનું મસ્તક વગેરે પરદેશ સાથેના દરિયાઈ સંપર્કનું સૂચન કરે છે.

કનૈયાલાલ મુનશીના મત મુજબ કેટલાક વેદકાલીન ઋષિઓ ફિનિશિયન હતા. સૌરાષ્ટ્રના કિનારે તેઓ વેપાર અર્થે આવેલા હતા. સાંદીપનિ ઋષિના પુત્રને પાંચજન્ય અસુર પાસેથી શ્રીકૃષ્ણ છોડાવી લાવ્યા હતા.

બૌદ્ધ જાતકકથાઓમાં અગ્નિ-એશિયાના દેશો અને બેબિલોન સાથેના ગુજરાતના વેપાર અને દરિયાઈ સંબંધોની વાતો છે. તેમાં ભરૂચનો પણ બંદર તરીકે ઉલ્લેખ જોવા મળે છે. તે દરિયાઈ વેપારનું મથક હતું અને પહેલાં પતનગામ તરીકે જાણીતું હતું. સુપારામાં જણાવ્યા પ્રમાણે બોધિસત્ત્વ ભરૂચના ઉત્તમ નાવિક હતા.

સિલોન સાથે પણ ગુજરાતને દરિયાઈ સંબંધ હતો. સિલોનના ઇતિહાસગ્રંથોમાં જણાવેલી જનશ્રુતિ મુજબ લાટદેશના સિંહપરમાં રાજ્ય કરતા સિંહબાહુના પુત્ર કુમારવિજયે લંકાના ટાપુને 'સિંહલદ્વીપ' નામ આપ્યું હતું.

કૌટિલ્યના 'અર્થશાસ્ત્ર'માં પશ્ચિમકાંઠાની સાગરપટ્ટી પર વસનાર પ્રજાનો મુખ્ય વ્યવસાય વહાણવટાનો ગણાવ્યો છે. સમ્રાટ અશોકનો સૂબો તુશાષ્પ ગ્રીક હતો. પશ્ચિમ ભારતનો ધર્મપ્રચારક ધર્મરક્ષિત પણ યવન હતો. આ બધા પરદેશી સાથેના સંબંધો અને સંપર્કો ગુજરાતનાં બંદરો દ્વારા દરિયાઈ માર્ગોથી બંધાયેલા હતા. પ્રાચીન ગ્રીક અને રોમન લેખકોનાં પુસ્તકોમાં ગુજરાતનાં બંદરોના તે કાળમાં પ્રસિદ્ધ એવા નામોલ્લેખો પણ છે. જેમ કે ભરૂચ માટે 'બારીગાઝા' શબ્દ હતો. આ જ રીતે ક્ષત્રપ અને ગુપ્ત શાસન દરમ્યાન પણ દરિયાઈ વેપાર સારો હતો. આ જ રીતે મૈત્રક રાજવીઓની રાજધાની વલભી એક અતિસમૃદ્ધ બંદર હતું. આ અંગેનાં તામ્રપત્રો પણ મળી આવ્યાં છે.

સાતમી-આઠમી સદીમાં ચાવડાઓ સોમનાથ અને દ્વારકામાં હતા. તેમાંના કેટલાક ચાંચિયાગીરી કરતા હતા.

પ્રથમ ચિત્રમાં આશરે 4500 વર્ષ પહેલાંના મોહેં જો દડોમાંથી મળેલી મુદ્રાઓ પર જહાજની પહેલવહેલી આકૃતિનું દર્શન થાય છે. પછી, ઈ. સ.ની બીજી સદીના આંધ્રના સિક્કાઓ પર વહાણની ઉપરની આકૃતિઓ જોવા મળે છે.



વનરાજ અને ક્ષેમરાજે તેમને કાબૂમાં લેવા પ્રયત્નો કર્યા હતા. કચ્છના જત લોકો પણ ચાંચિયાગીરી કરતા હતા.

સોલંકીયુગમાં વહાણવટા અંગે છૂટાછવાયા ઉલ્લેખો મળે છે. આ કાળ ગુજરાતનો સુવર્ણયુગ હતો. મૂળરાજ અને સિદ્ધરાજના કાળમાં દરિયાપારના દેશોમાંથી ભેટો આવ્યાના ઉલ્લેખો છે. વસ્તુપાળ અને તેજપાળ નામના બે મંત્રીઓએ દરિયાઈ લડાઈમાં શંખ ચૌહાણને હરાવી ખંભાત પર વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. ચૌલુક્ય રાજાઓનું નૌકામથક ઘોઘા હતું. પાટણમાં નાવિકો માટે અલગ મહોલ્લો હતો. પ્રાચીન ગુજરાતી અને જૈન સાહિત્યમાં દરિયાઈ વેપારના ઉલ્લેખો આવે છે.

મુસ્લિમ યુગ દરમ્યાન ઈ. સ. 1315માં મહંમદ તઘલખના વખતમાં પણ ગુજરાતના સમૃદ્ધ વહાણવટાના ઉલ્લેખો મળી આવ્યા છે. મુસ્લિમ શાસન દરમ્યાન કેટલાક રજપૂતોને ચાંચિયાગીરી કરવાની ફરજ પડી હતી તેવા પણ ઉલ્લેખો છે. 'જગડુચરિત્ર'માં ઈરાનના હોરમઝ બંદર દ્વારા ચાલતા વેપારની વિગત છે. ગુજરાતના સુલતાનોના સમયમાં દરિયાઈ વેપાર ટોચે પહોંચ્યો હતો.

મોગલકાળ દરમ્યાન સુરત વધારે પ્રકાશમાં આવ્યું. ખંભાત પાસેનો અખાત પુરાતો જતો હતો, તેથી મોટાં વહાણો ઘોઘા બંદરે ઊભાં રહેતાં. મોગલોના શાસનકાળ દરમ્યાન મક્કાની હજ કરવાની વ્યવસ્થા સુરતથી થતી હતી. અંગ્રેજો અને વલંદાઓએ સુરત, ભરૂચ અને ખંભાતમાં કોઠીઓ નાખ્યા પછી એ બંને પ્રજાઓ વચ્ચે દરિયા ઉપર આધિપત્ય જમાવવા માટે અથડામણો થતી હતી. અબુલફઝલે અમદાવાદને 'દુનિયાનું બજાર' કહ્યું હતું, જે સૂચવે છે કે અમદાવાદમાં જુદાજુદા પ્રદેશોમાંથી દરિયાપારથી વસ્તુઓ વેચાવા માટે આવતી હતી.

ખંભાત અને ભરૂચનાં બંદરો પુરાવા માંડતાં સુરતની ચડતી થઈ હતી, તે એટલે સુધી કે તેના સમૃદ્ધ વેપારીઓના ખજાનામાંથી દિલ્હીના બાદશાહ વારંવાર જરૂર પડ્યે પૈસા ઉપાડતા. સુરતમાં હિન્દુ, મુસલમાન, પારસી, આરબ, ફ્રેન્ચ, અંગ્રેજ, વલંદા, ફિરંગી અને આર્મેનિયન વેપારીઓ રહેતા હતા. હિન્દુ વેપારીઓમાં વાણિયા મુખ્ય હતા.

પૉર્ટુગીઝોના આગમન પૂર્વે કચ્છીઓ અને ગુજરાતીઓ પૂર્વ આફ્રિકા અને મોઝામ્બિકમાં વસ્યા હતા. કચ્છના કાનજી માલમે ખ્યાતનામ પ્રવાસી વાસ્કો-ડી-ગામાને ભારતનો માર્ગ બતાવ્યો હતો.

સુરતના નવાબના જુલમને કારણે અંગ્રેજોએ તેમની કોઠી સુરતથી મુંબઈ ફેરવી હતી. 1818માં પેશ્વાઈનો અંત આવતાં અંગ્રેજોની સત્તા ભારતમાં સર્વોપરી બની હતી. સ્ટીમરયુગની શરૂઆતના કારણે તેમ જ અંગ્રેજોની ભેદભાવભરી નીતિને કારણે સુરત અને મુંબઈના વહાણ બાંધવાના ઉદ્યોગને મોટો ફટકો પડ્યો હતો. ગુજરાતનું વહાણવટું મૃતપ્રાય બન્યું છતાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં દેશી રજવાડાંઓના પ્રોત્સાહનને કારણે તે ટકી રહ્યું. કચ્છના રાવ ગોડજીના રાજ્યકાળમાં એક કચ્છી વહાણ લંડન સુધી સફર કરી આવ્યું હતું.



ઈસુની પાંચમી સદીમાં અજંતાની ચિત્રણામાં પણ નાવનાં આલેખન છે. ઘોઘાના રાજકુમાર વિજયની સિંહલયાત્રાનું તેમાં આલેખન છે. વચ્ચેના ચિત્રમાં - જહાજમાં કૂવાસ્તંભ અને સઢ પણ આલેખાયા છે. છેલ્લા ચિત્રમાં જહાજ નદીમાં સફર કરવા માટેનું લાગે છે. વચ્ચે મંડપની નીચે કોઈ રાજવી દંપતી બેઠેલાં જણાય છે.



તસવીર : સુરેન્દ્ર પટેલ



1600 કિ.મી. લાંબો દરિયાકાંઠો ધરાવતા ગુજરાત રાજ્યમાં કુલ 43 બંદરો આવેલાં છે. આ બંદરો પૈકી કંડલાબંદર મોટું બંદર છે. દીવ અને દમણ નાનાં બંદરો છે. કંડલાબંદરનો વહીવટ કંડલા પૉર્ટ ટ્રસ્ટ પાસે છે. જ્યારે દીવ અને દમણ બંદરો ગોવા સરકારને હસ્તક છે. બાકીનાં 40 બંદરોનો વહીવટ ગુજરાત મૅરિટાઈમ બૉર્ડ હસ્તક છે.

રેલવેના વિકાસ સાથે સૌરાષ્ટ્રનાં અમુક બંદરોનો વેપાર વધ્યો. બીજા વિશ્વયુદ્ધને કારણે ગુજરાતનાં બંદરોનો પરદેશો સાથેનો વેપાર લગભગ બંધ થઈ ગયો. આઝાદી બાદ સૌરાષ્ટ્રનાં અને કચ્છના કંડલા વગેરે બંદરોનો ઘણો વિકાસ થયો છે અને ગુજરાત ફરી વહાણવટામાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરે તેવી શક્યતા ઊભી થઈ છે.

ઈ. સ. 1919માં શેઠ વાલચંદ હીરાચંદ તથા નરોત્તમ મોરારજીના પ્રયાસોથી સિંધિયા સ્ટીમ નેવિગેશન કંપની અસ્તિત્વમાં આવી. અનેક ઝંઝાવાતો અને પરદેશી સરકારની ઉપેક્ષા છતાં ભારતીય અને ગુજરાતી વેપારીઓના સહકારથી આ કંપનીએ ગૌરવવંતું સ્થાન પ્રાપ્ત કર્યું. હાલની ભારતની બધી જહાજી કંપનીઓમાં ગુજરાતીઓની માલિકીની કે સંચાલન નીચેની કંપનીઓ પચાસ ટકા કરતાં પણ વધુ છે. આમ, ગુજરાતમાં અને ગુજરાત બહાર ગુજરાતીઓએ વહાણવટાના વિકાસમાં ગૌરવવંતો ફાળો આપ્યો છે. હજીરા અને અલંગના જહાજવાડાની સ્થાપનાથી ગુજરાતના વહાણવટાની પ્રાચીન પરંપરા જીવંત બની છે તેમાં શંકા નથી.

ભારતનો સાગરકાંઠો આશરે 5700 કિ.મી.ની લંબાઈ ધરાવે છે. તેમાંથી ગુજરાતના સાગરકાંઠાની લંબાઈ 1663 કિ.મી. છે. આમ, ભારતના કુલ દરિયાકાંઠાનો 30 ટકા ભાગ ગુજરાતનો છે.

તળગુજરાતનો દરિયાકિનારો છીછરો છે. સમુદ્રની ભરતીનું પાણી જમીન પર ફરી વળે છે. કીમથી દમણગંગાના કિનારાનો પ્રદેશ રેતીના ટેકરા અને ખારાપાટવાળો છે. તાપીથી ઉંમરગામનો ભાગ નાળિયેર અને તાડનાં વૃક્ષોથી છવાયેલો છે, જ્યારે ખંભાતથી દહેજ અને ભરૂચ સુધીનો કિનારો નીચો અને વેરાન છે.

સૌરાષ્ટ્રમાં આમલીથી ગોપનાથ સુધીનો લગભગ 110 કિ.મી.નો દરિયાકિનારો કાદવવાળો, રેતાળ અને ખડકાળ છે. ઓટ વખતે ખડકો સારી રીતે દરિયામાં પથરાયેલા જોઈ શકાય છે. ભાવનગર પાસે રોણિયોબેટ પર ખરબચડું ઘાસ ઊગે છે. પીરમબેટ ઉપર માસ્ટેડૉન, ગેંડો, વ્હેલ વગેરે પ્રાણીઓના અશ્મીભૂત અવશેષો મળે છે. દીવથી ઓખા સુધીનો 256 કિ.મી.નો દરિયાકિનારો સપાટ છે. ક્યાંકક્યાંક રેતીના ઢૂવા આવેલા છે. માણાવદરથી નવીબંદર સુધીનો ભાગ નીચાણવાળો છે. માણાવદરથી નવીબંદર સુધીનો કિનારો 'લીલી નાઘેર' તરીકે જાણીતો છે જે ખૂબ ફળદ્રુપ છે. અહીં નાળિયેરનાં વૃક્ષો, નાગરવેલના મંડપો અને આંબાની વાડીઓ છે.

દ્વારકા પાસેની જગત-ભૂશિર કચ્છના અખાતને અરબી સમુદ્રથી છૂટો પાડે છે. જાફરાબાદથી દ્વારકા સુધીનો કિનારો સમૃદ્ધ મત્સ્યક્ષેત્રો ધરાવે છે. અહીંથી બુમલા, પોમ્ફ્રેટ, ઝીંગા, શ્રીમ્પ વગેરેની નિકાસ થાય છે. માંગરોળ અને ઓખા વચ્ચેના સમુદ્રમાં શાર્ક માછલીઓનું પ્રમાણ વિશેષ છે. આ કારણે અહીં શાર્ક લીવર ઑઇલનો ઉદ્યોગ શરૂ થયો છે. ઓખા અને પોરબંદર આ માટેનાં કેન્દ્રો છે. ઓખાથી કચ્છના નાના રણ સુધીનો 256 કિ.મી.નો દરિયાકિનારો ખડકાળ અને કાદવવાળો છે. આ વિસ્તારમાં કિનારો તૂટક અને અંદર ઘૂસેલો હોઈ અહીં કેટલાંક બંદરો થઈ શક્યાં છે. હંજસ્થળ અને જોડિયા વચ્ચેનો ભાગ સાંકડો અને કાદવવાળો છે, તેમ જ તમરિયાની ઝાડીથી ભરપૂર છે. બેડી પાસે રોઝી અને ઓખા પાસે શંખોદ્ધાર નામના ટાપુઓ છે. ઓખા અને બેડી વચ્ચેનો પ્રદેશ શંખ અને હલકા પ્રકારના મોતીના ઉત્પાદન માટે જાણીતો છે. મોતી આપતી જાત પર્લ ઑઇસ્ટર અને વિન્ડો પેઇન ઑઇસ્ટર તરીકે ઓળખાય છે.

કચ્છનો દરિયાકિનારો લગભગ 350 કિ.મી. લાંબો છે. મોટે ભાગે એ કિનારો સીધો છે. આ કાંઠો સપાટ અને કાદવવાળો છે. અહીં તમરિયાની જમીન ફળદ્રુપ છે. કચ્છના નાના રણના કાંઠે જૂનાં બંદરો અને વહાણવટાના અવશેષો દેખાય છે. કચ્છમાં પૂર્વ તથા ઉત્તરે આવેલી છીછરી ખાડીઓ રણમાં ઘૂસેલી છે.

ખાડીઓ

રેલવે અને રસ્તાઓની ભૂતકાળમાં જ્યારે સારી સગવડ ન હતી ત્યારે દરિયાઈ માર્ગનું મહત્ત્વ ઘણું હતું. નાનકડી ખાડીઓ ઉપર આવેલાં બંદરો વાહન-વ્યવહાર માટે ખૂબ ઉપયોગી હતાં. અલબત્ત, હાલ સ્ટીમરના યુગમાં આ ખાડીઓની અગત્ય ઘટી છે. નદીઓના મુખને કારણે બનેલી ખાડીઓમાં વહાણો સુરક્ષિત રહી શકે છે. આથી મેથી ઑગસ્ટ સિવાય તેઓ વહાણો માટે ઉપયોગી બને છે. સુરત જિલ્લામાં અનેક નદીઓની ખાડીઓ આવેલી છે. નર્મદા ઉપર ભરૂચ પ્રાચીન બંદર છે. દહેજ, ટંકારિયા, જંબુસર, કાવી, ખંભાત અને ધોલેરાનાં બંદરો કાંપથી ખાડીઓ ભરાઈ

જવાથી બંધ થઈ ગયાં છે. આ જ રીતે સૌરાષ્ટ્રના કિનારે પણ કેટલીક ખાડીઓ આવેલી છે.

ખંભાતનો અખાત

ખંભાતનો અખાત સૌરાષ્ટ્રના ગોપનાથથી સાબરમતીના મુખ સુધી અને મહીના મુખથી તાપીનદીના મુખ સુધી ગણાય છે. તેની લંબાઈ લગભગ 130 કિ.મી. છે અને મુખ આગળ તેની પહોળાઈ લગભગ 50 કિ.મી. છે. મુખ આગળ દરિયામાં તોફાન થાય છે. તાપીનદીની ઉત્તરે સુંવાળી પાસે રેતીના ઢગ છે. કાંઠા પાસે વડ અને ખજૂરીનાં વૃક્ષો છે. દહેજ અને ટંકારિયા વચ્ચેનો ભાગ નીચો અને ભેજવાળો છે. ખંભાત પાસે અખાતના પાણી નીચે રેતીના ઢગ છે. આ રેતીના ઢગ વહાણવટા માટે ભયજનક છે. કૅમ્બે ચૅનલ અને ધોલેરાની ખાડી વચ્ચે 'બોર રૉક' આવેલો છે તે પણ વહાણો માટે ખતરનાક છે. અહીં દર પૂનમે અને અમાસે મોટી ભરતી આવે છે. આ ભરતીનો વેગ ચાળીસેક કિલોમીટર જેટલો હોય છે. મહીમાં આ ભરતીનું પાણી દાખલ થતાં 'ઘોડો' ઉત્પન્ન થાય છે જે ઘણી વાર માણસોને દરિયામાં તાણી જાય છે.

ખંભાતના અખાતમાં નવ નદીઓ લગભગ દોઢ લાખ ચો.કિ.મી. વિસ્તારનું પાણી ઠાલવે છે. સામાન્ય રીતે નદીના પાણીમાં 45 ટકા જેટલો કાદવ હોય છે એટલે ખંભાતના અખાતમાં ઠલવાતા પાણીના 45 ટકા કાદવ પ્રતિવર્ષ ઠલવાય છે. દરિયાની ભરતીને કારણે તેમ જ મોજાંની પ્રક્રિયાને કારણે એ કાદવનું થોડુંઘણું ધોવાણ થાય છે ખરું, છતાં સંપૂર્ણ નહીં. આ કારણે લાંબા સમયે કદાચ આખો ને આખો ખંભાતનો અખાત પુરાઈ જાય તેવી ભીષણ શક્યતાની દહેશત છે.

કચ્છનો અખાત

કચ્છના અખાતની લંબાઈ લગભગ 130 કિ.મી. જેટલી છે. એને મથાળે ત્રણચાર ખાડીઓ છે જે દ્વારા કચ્છના નાના રણમાં સમુદ્રનું પાણી પ્રવેશે છે. જોડિયાથી અખાતના મુખ સુધીનો કિનારો ખડકાળ છે. પાણીની ઊંડાઈ કચ્છ કરતાં સૌરાષ્ટ્ર તરફ વિશેષ છે.

કચ્છની પૂર્વે તથા ઉત્તરે આવેલી છીછરી ખાડીઓ કાંપ પથરાવાને કારણે રણમાં ઉમેરો કરે છે. અખાતની મોટી ભરતીનાં પાણી ચડે છે ત્યારે એ સાથે અસંખ્ય દરિયાઈ કીટાણુઓ, શંખલાંઓ વગેરે ખેંચાઈ આવે છે. સમુદ્રકાંઠે કાદવિયા નાળોમાં તમરિયાની ઝાડી ઊગે છે, જેને કારણે કિનારાનું ધોવાણ અટકે છે અને ઝાડી બળતણના કામમાં પણ આવે છે. દુકાળના સમયમાં સેંકડો ઢોરોને ચારો પૂરો પાડીને તેમને જીવતદાન આપે છે.

પોરબંદરથી ઓખા સુધીના અને કચ્છના અખાતના કિનારાના પ્રદેશમાં ભૂખરી શેવાળ થાય છે. આ શેવાળનો ઉપયોગ ખાતર અને ખોરાક તરીકે પણ થાય છે. દરિયાઈ રોપાઓ આયોડિન અને પોટૅશિયમ મેળવવા માટે ઉપયોગી છે. સૌરાષ્ટ્રના દરિયા-કિનારે આવેલા ચૂનાના ખડકો અને મબલખ રેતી બાંધકામ અને રસાયણ જેવા ઉદ્યોગો માટે ખૂબ ઉપયોગી છે.

કચ્છ અને સૌરાષ્ટ્રનો દરિયાકિનારો વિશાળ છે. દેશના અડધા ઉપરાંત મીઠાનું ઉત્પાદન ધારાસણાથી કોડીનાર સુધીના દરિયાકાંઠાના પ્રદેશમાં થાય છે. દરિયાકિનારાના પ્રદેશમાં સતત વાતા પવનો દ્વારા પવનચક્કીની મદદથી વીજળીનું ઉત્પાદન કરી ખેતીમાં સિંચાઈનો લાભ મેળવી શકાય તેમ છે.

સાગરકાંઠાની ગુજરાતના જનજીવન પર અસર

પ્રાચીન કાળમાં ગુજરાત જગતના લગભગ કેન્દ્રસ્થાને હોઈ ગુજરાતના બંદરેથી ભારતની પશ્ચિમ તેમ જ પૂર્વ દિશાના અનેક દેશોમાં ગુજરાતના વ્યાપારીઓ ગયા હતા તેમ જ વસવાટ કર્યો હતો. એ જ રીતે બહારની પ્રજા વેપાર અર્થે ગુજરાતમાં આવી હતી. ઈસવી સન પૂર્વેની છઠ્ઠી સદીથી ભરૂચ અને સોપારાનો વેપાર લેબેનોન-જાવા-સુમાત્રા અને શ્રીલંકા સાથે હતો. મધ્યયુગમાં ભરૂચ, ખંભાત, દીવ,

સૌરાષ્ટ્રનો દરિયાકાંઠો : સાહસિક વૃત્તિનો ઝરૂખો

દરિયાકાંઠે વસનારાની દૃષ્ટિમર્યાદા અનંત હોય છે. તેમની નજર ઝટ થંભી જાય એવાં વૃક્ષો, પર્વતો કે ખેતરવાડી-ત્યાં હોતી નથી. સાગરને ઝરૂખે બેસી માણસ વિચારને હીંડોળે ચડે છે, ત્યારે એનું જગત બહુ લાંબે સુધી વિસ્તરી રહે છે. સૌરાષ્ટ્રના સાગર પરના ઝરૂખા પરથી અનેક સાહસિક નરવીરો જરા પણ ધડક્યા વિના અજાણ્યા દેશમાં પોતાનું પૌરુષ અજમાવવા જઈ ચડ્યા હતા.

કચ્છમાંથી ઈબજી શિવજી, દ્વારકા-વેરાવળથી ઠાકરસી મૂળજી, જામનગરથી મૂળજી જેઠા, પોરબંદરથી નાનજી કાલિદાસ અને દેવકરણ નાનજી અને તેમના પુત્ર પ્રાણલાલ, માંગરોલના જીવણલાલ, જાફરાબાદથી વોરા કુટુંબના મનમોહનદાસ રામજી, વેરાવળબંદરેથી ધોરાજીવાળા આદમજી પીરભાઈ વગેરે નામોવાળા સાહસિક નરવીરો પરદેશ ગયા અને કેવળ સૌરાષ્ટ્રની સંસ્કૃતિએ પ્રેરેલા સાહસને પરિણામે અને હૈયા-ઉકેલના બળથી જ્યાં-ત્યાં શાહસોદાગર તરીકે નામાંકિત બન્યા. મુંબઈશહેરની અર્વાચીન જાહોજલાલીના પાયામાં અનેક સૌરાષ્ટ્રવાસી વેપારી પ્રજાના અને વેપારી કુનેહના દર્શન કોને નથી થતાં ? મુંબઈનાં ભાટિયા, વાણિયા, મેમણ, લુહાણા, ખોજાનાં મૂળ તો સૌરાષ્ટ્રમાં જ શોધ્યાં જડી આવશે.



બોરોબુદુર : જાવાના મંદિર પર વહાણનાં અર્ધશિલ્પો




'લંકાની લાડી અને ઘોઘાનો વર' : ઘોઘાના રાજકુમાર કુમારવિજય લગ્ન કરવા જહાજમાં લંકા જઈ રહ્યા છે.

ઘોઘા અને સૂરતના ધીકતા વેપારથી આકર્ષાઈને પૉર્ટુગીઝ, ડચ, અંગ્રેજ અને ફ્રેન્ચ વ્યાપારીઓએ તેમની કોઠી ખંભાત, ભરૂચ અને સુરતમાં સ્થાપી.

દરિયાકાંઠાના વસવાટને કારણે કાંઠાની પ્રજામાં વહાણવટાની આવડત વિકસી અને તેના પરિણામે પરદેશો સાથે વેપાર પણ વિકસ્યો. અનેક સમાજો-પ્રજાઓ સાથેના તેના વ્યવહારને કારણે સામી વ્યક્તિને સમજવાની, દુરાગ્રહી ન બનવાની ટેવ તેને પડી. ધીરજ ને ગણતરીવાળો તેનો સ્વભાવ ઘડાયો. ઉદારતા આવી અને પ્રશ્નો સુલઝાવવાની આગવી આવડત આવી. 'નાભિનંદન જિનોદ્ધારા પ્રબંધ' નામના એક પ્રાચીન ગ્રંથમાં ગુજરાતના લોકો માટે 'વિવેક-બૃહસ્પતિ' શબ્દ વાપરવામાં આવ્યો છે. ગુજરાતની પ્રજા પર આવી સાંસ્કૃતિક અસર પાડવામાં સાગરકાંઠાનો સીધો યા

પ્રાચીન ઈમારત ઉપર જહાજની શિલ્પાકૃતિ



આડકતરો પ્રભાવ છે. જાતિમિશ્રણ અને ભ્રમણોને કારણે ઘડાઈને ગુજરાતી નમ્ર અને વ્યવહારકુશળ બન્યો છે. ચોપડાપૂજનમાં ઘણા વેપારીઓ 'શ્રી રત્નાકર મહારાજની ઘણી કિરપા હજો' એમ ચોપડામાં લખે છે.

સાગરના સાંનિધ્યને કારણે ગુજરાતીઓ અંગ્રેજોની જેમ સાહસિક બન્યા છે. તેમના શરીરનો બાંધો સુદૃઢ નથી છતાં તેઓ હિંમત, શૌર્ય, ખાનદાની અને આતિથ્ય માટે પ્રસિદ્ધ છે. ગુજરાતની ત્રણ બાજુએ દરિયો આવેલો હોઈ અહીંની આબોહવા સમધાત રહી છે. ઉષ્ણકટિબંધની અસર અહીં ઓછી વર્તાય છે.

લોથલમાંથી મળી આવેલી મુદ્રાઓ પર પાંચ હોડીઓનાં રેખાંકનોમાં સૌથી જૂના અવશેષો છે. જાવાના બોરોબુદુરના મંદિરની દીવાલો પર ગુજરાતમાંથી જાવા ગયેલા સંસ્થાનવાસીઓ સહિત વહાણનાં અર્ધશિલ્પો જોવા મળે છે. કચ્છ સંગ્રહસ્થાનમાં નૌકાયુદ્ધ નિરૂપતો એક પાળિયો છે. અજંટાનાં ભીંતચિત્રોમાં ગુજરાતના કુમારવિજયના સિંહલગમનનાં ચિત્રો છે. શ્રીપાળ રાજાના રાસની સંવત 1725ની સચિત્ર પોથીમાં વહાણનાં ચિત્રો છે. જૂનાગઢ જિલ્લાના વેરાવળશહેરની ખારવણ બહેનોએ ટિપ્પણી નૃત્યની ભેટ આપી છે. એ જ રીતે માછીઓનાં ગીતો, નૃત્યો



વગેરે આપણો મહામૂલો વારસો છે. આમ, શિલ્પકળા ચિત્રકળા અને નૃત્યકળા પર સાગરકાંઠાની પ્રવૃત્તિઓ અને સંસ્કૃતિની અસર પડી છે. તે ઉપરાંત ભાષા, સાહિત્ય તથા લોકજીવન ઉપર પણ તેની અસર છે. આધુનિક ગુજરાતી સાહિત્યમાં ચંદ્રશંકર બૂચ (સુકાની), વનુ પાંધી, ગુણવંતરાય આચાર્ય, ઝવેરચંદ મેઘાણી, ચૂનીલાલ મડિયા વગેરેએ સાગરકથાઓ આલેખી છે.

દેવદેવીઓ

ગુજરાતમાં સાગર સાથે સંકળાયેલી દેવીઓ તરીકે વહાણવટી, શિકોતેર માતા, વડૂચી માતા, હિંગળાજ માતા, સિંધવી માતા વગેરે અનેક દેવીઓ સાગરકાંઠા-વિસ્તારમાં રહેતી પ્રજા દ્વારા પૂજાય છે. સિંધી અને લોહાણા ભાઈઓ દરિયાલાલ કે દરિયાપીરના રૂપે વરુણની પૂજા કરે છે.

ગુજરાતનાં બંદરો

ગુજરાતના સાગરકાંઠા પર મોતીના હાર જેવી બંદરોની હારમાળા આવેલી છે. પ્રાચીનકાળમાં લોથલ, પ્રભાસ અને ભરૂચનાં બંદરો મહત્ત્વનાં હતાં. મધ્યકાળમાં સોમનાથ, દીવ, માંગરોળ, ખંભાત, ભરૂચ અને રાંદેર વગેરે બંદરો હતાં. મોગલોના શાસન દરમ્યાન સુરતના બંદરનો અભૂતપૂર્વ વિકાસ થયો હતો. મુંબઈબંદરના ઉદય સુધી 17મી સદી દરમિયાન સુરત તેની જાહોજલાલીની ટોચ પર હતું.

1842ની સાલમાં સૌરાષ્ટ્રમાં 62 બંદરો હતાં. તેમાંથી 12 બંદરો વેપાર ઘટી જવાથી અને કાંપ પથરાવાના કારણે નકામાં થઈ જવાથી બંધ કરી દેવાયાં હતાં. કચ્છમાં માંડવી અને તૂણા મહત્ત્વનાં બંદરો હતાં. લખપતનો વેપાર કરાંચી બંદરના ઉદયને કારણે ઘટી ગયો હતો, જ્યારે કોટેશ્વર, જાત્રે અને મુંદ્રાનો વેપાર ચાલુ હતો.

અર્વાચીન યુગ

રેલવેના વિકાસની સાથે સૌરાષ્ટ્રનાં બંદરો વીસમી સદીના પ્રથમ ચરણ દરમિયાન કરાંચી અને મુંબઈનાં બંદરો સાથે સ્પર્ધામાં ઊતર્યાં હતાં. નવલખી, બેડી, ઓખા, વેરાવળ અને ભાવનગરનાં બંદરોને લાખો રૂપિયાના ખર્ચે અદ્યતન બનાવાયાં. 1917માં વિરમગામ અને ધંધુકાની જકાતબારી નીકળી જતાં આ વિકાસ ઝડપી બન્યો. બેડી, ઓખા અને ભાવનગરનાં બંદરો આયાતનાં બંદરો બન્યાં. પછીનાં વર્ષોમાં અમુક બંદરો નવાં થયાં, જ્યારે કેટલાંક કાંપથી પુરાઈ જવાને કારણે નકામાં પણ થયાં. 1939માં વિશ્વયુદ્ધ થતાં બેડી, ઓખા અને ભરૂચ સિવાયનાં બીજાં બંદરોનો વેપાર ખોરવાઈ ગયો હતો. કચ્છમાં માંડવી અને તૂણાનો વેપાર ટકી રહ્યો હતો. ગુજરાતનાં બંદરો પૈકી ઘોઘા, ધોલેરા, ખંભાત વગેરે બંદરોનો વેપાર પણ અસ્ત પામ્યો હતો.

આઝાદી બાદ સૌરાષ્ટ્રનું એકીકરણ થતાં સૌરાષ્ટ્રના વેપારમાં અભૂતપૂર્વ વધારો થયો. 1947 પછી કરાંચી પાકિસ્તાનમાં જવાથી મુંબઈ પર બોજો વધી ગયો. આથી પશ્ચિમ કિનારા પર મોટા બંદરની શોધ અનિવાર્ય બની. આ માટે નિમાયેલી કસ્તૂરભાઈ સમિતિએ કંડલાની પસંદગી કરી. આ ઉપરાંત સૌરાષ્ટ્રનાં અન્ય બંદરોને પણ વિકસાવવા પગલાં લેવાયાં છે. ગુજરાત અને સૌરાષ્ટ્રનાં બંદરોનો પ્રાણપ્રશ્ન કાંપનો પથરાવ છે. તે પ્રશ્ન ઉકેલીને બંદરોને તરતાં રાખવાનાં છે.

માંડવી : કચ્છનું મધ્યમ કક્ષાનું અરબી સમુદ્ર ઉપર દક્ષિણ કિનારે આવેલું છે. માંડવીનો અર્થ જકાતનાકું થાય છે. જૈન પ્રબંધગ્રંથોમાં તેનું 'રિયાણપત્તન' નામ મળે છે. કચ્છના મહારાવ ખેંગારજી-1ના શાસન દરમ્યાન ઈ. સ. 1580માં તેની સ્થાપના થઈ હતી. નગરઠક્કાથી આવેલા ભાટિયા વેપારી ટોપણ શાહે તેના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. બ્રેકવૉટર દ્વારા અહીંના બારાનું રક્ષણ થાય છે. અહીંની જેટીનો વહાણો ઉપયોગ કરે છે.



મત્સ્ય-ઉદ્યોગનું એક મોટું કેન્દ્ર વેરાવળબંદર

નવલખી : આ બંદર કચ્છના અખાતના પૂર્વ કિનારે આવેલું છે. 1909માં મોરબી ઠાકોર વાઘજીએ નવલખી બેટનું પુરાણ કરી તળભૂમિ સાથે તેને જોડી દીધું હતું. વરસામેડી અને સૂઈ ખાડીના સંગમસ્થાને આ બંદર આવેલું છે. લંગરસ્થળ કિનારાથી 2.5 કિમી. દૂર છે. આ બારમાસી બંદર છે. ભરતીનું પ્રમાણ 6થી 8 મીટર છે. 1935માં 43.3 કિમી. લાંબી રેલવે લાઇન દ્વારા તેનું મોરબી સાથે જોડાણ થયું હતું.

આયાત-નિકાસ : આઝાદી પૂર્વે ઉદ્યોગોના વિકાસના અભાવને કારણે તે મુખ્યત્વે આયાતી બંદર હતું. ઇમારતી લાકડું, મસાલા, સોપારી, વિલાયતી નળિયાં, સિમેન્ટ, રંગ, કાપડ વગેરેની આયાત થતી. હાલ અનાજ, ખાતર, કોલસા, ખાદ્યતેલ વગેરેની આયાત થાય છે, જ્યારે મીઠું, ખોળ, તેલીબિયાં, ચિનાઈ માટીનાં વાસણો અને ઢોરની નિકાસ થાય છે.

માંડવીની દીવાદાંડી



ખાતર, અનાજ અને કોલસાની આયાતનું પ્રમાણ ખૂબ વધ્યું છે, જ્યારે નિકાસ ઘણી ઘટી છે. નવલખી-કંડલા વચ્ચે મુસાફરોની આવ-જા માટે અહીં ફેરી-સર્વિસ હતી. ડીસા-કંડલા રેલવે-લાઇન નખાતાં તે બંધ પડી છે. અહીં 15થી 20 હજાર ટનની સ્ટીમરો લંગરસ્થાને થોભે છે. બજરા દ્વારા માલની હેરફેર થાય છે. મીઠું અને મચ્છીમારીના ઉદ્યોગનો અહીં વિકાસ થયો છે.

બેડી : તે ભૂતપૂર્વ જામનગર રાજ્યનું પ્રમુખ બંદર હતું. જામનગરથી તે 4 કિમી. દૂર છે. 1926થી 1935 દરમ્યાન આ બારમાસી બંદરનો રૂ. 166 લાખનો ખર્ચ કરીને વિકાસ કર્યો હતો. ખાડી ઊંડી કરી, રેલવે નાખી તથા ટગ, બજરા, ગોડાઉનો, ક્રેનો વગેરે

સગવડો વધારી તેને અદ્યતન બંદર બનાવ્યું હતું. વિરમગામની જકાતબારીને કારણે તેનો વિકાસ રૂંધાયો હતો. કિનારે ધક્કા સુધી 1000 ટનની સ્ટીમર આવે છે. લંગરસ્થાન 11.27 કિમી. દૂર છે. અહીં ઓટ વખતે નહિવત્ પાણી હોય છે. રોઝી ખાતે જેટી નજીક 5.5 મી. પાણી કાયમ રહે છે. પીરોટન વગેરે ટાપુઓને કારણે અહીંનું બારું સુરક્ષિત છે.

ખજૂર, કાથી, ઈમારતી લાકડું, બાંધકામનો સામાન, ખનિજતેલ, ઘઉં, નાળિયેર, કપાસિયા, લોખંડ વગેરેની આયાત અને ખોળ, ચા, ઊન, સીંગદાણા, મીઠું, બૉક્સાઇટ, લસણ, ડુંગળી, એરંડા, હાડકાં, બોનમિલ વગેરેની નિકાસ થતી હતી. પરદેશ સાથે બહોળો વેપાર હતો.

ઓખા : તે સૌરાષ્ટ્રના વાયવ્ય ખૂણા ઉપર છે. મુંબઈથી 330 નૉટિકલ માઇલ, પોરબંદરથી 74 નૉટિકલ માઇલ અને માંડવીથી તે 24 નૉટિકલ માઇલ દૂર છે. આ બારમાસી બંદરે ધક્કાને અડકીને બે સ્ટીમરો એકીસાથે થોભે છે. સમિયાણી અને શંખોદ્ધાર બેટો દ્વારા બારું સુરક્ષિત છે. વધુ રક્ષણ માટે બ્રેકવૉટર છે. સયાજી પિયર ખુલ્લા બારાનું લંગરસ્થાન 2.4 કિમી. દૂર છે. અન્ય લંગરસ્થાન 4.5 કિમી. દૂર છે. મોટી સ્ટીમરો બે બોયાંવાળાં મુરિંગસ્થાન ઉપર થોભે છે. બજરા દ્વારા માલની હેરફેર થાય છે. 1926માં આ બંદર ખુલ્લું મુકાયું હતું. વિરમગામ-ઓખા બ્રૉડગેજ રેલવે દ્વારા ભારતના અન્ય ભાગો સાથે તે જોડાયેલું છે. લખપતથી મુંબઈ સુધીનો કાંઠાનો ધોરી માર્ગ ઓખાથી પસાર થાય છે. પહેલી યોજના દરમ્યાન 304.5 મી. લાંબો વ્હાર્ફ બંધાયેલ છે. આ અર્ધકુદરતી બંદર કાંપના જમાવથી મુક્ત છે.

બેટ દ્વારકા અને ઓખા વચ્ચે ફેરી સર્વિસ છે. કાંઠાનાં બંદરો સાથે લગભગ 60થી 70 હજાર ટનની આયાત-નિકાસ થાય છે.

પોરબંદર : મધ્યમ કક્ષાનું આ બંદર બધી ઋતુઓમાં ખુલ્લું રહે છે. 2,625 મી. લાંબી અને 14 મી. પહોળી

વિશાળ જેટી





ઓખાબંદર

બ્રેકવૉટર દીવાલ બાંધીને જૂના બંદરથી 11 કિમી. દૂર નવું બંદર બંધાયું છે. પાણીની ઊંડાઈ 12.80 મી. છે. બ્રેકવૉટર અર્ધો કિમી. અને કિનારાથી બે કિમી. દૂર લંગરસ્થાન છે. અહીં 17.2 મી. ઊંડું પાણી છે. ધક્કાને અડકીને બારેમાસ 21,000 ટન સુધીની સ્ટીમરો આવે છે. 235 મી. લાંબી અને 13.40 મી. પહોળી જેટી ઉપરાંત વહાણો અને લાઇટરો માટે 2,128 મી. લાંબી દીવાલ અને બીજા પાંચ ધક્કા લાકડું અને જથ્થાબંધ માલના ઉતરાણ માટે છે. તેનું પ્રાચીન નામ બોરૉ સીમા છે.

આયાત-નિકાસ : બરડાનાં મગફળી અને રૂ તેના આંતરપ્રદેશના મુખ્ય પાકો છે. રસાયણ, સિમેન્ટ, મીઠું અને મત્સ્ય-ઉદ્યોગ તથા તે માટે હોડીઓ બાંધવાનો જહાજવાડો જેવા ઉદ્યોગો અહીં વિકસ્યા છે. રાજકોટ-જેતલસર-પોરબંદર રેલવે-પરિવહન માટે ઉપયોગી છે. આઝાદી પૂર્વે વિરમગામની જકાતબારીની રુકાવટ હતી. આઝાદી પછી સિમેન્ટ, રસાયણ, કાપડની મિલ, તેલમિલો, સાબુનું કારખાનું વગેરે સ્થપાતાં ઔદ્યોગિક વિકાસ વધુ થયો છે. ખાતર, કોક અને કોલસા, રૉક-ફૉસ્ફેટ, ખજૂર, સૂકો મેવો, પસ્તી, ભંગાર, રેક્ઝિન, રેડ ઑક્સાઇડ અને કઠોળની અહીં આયાત થાય છે. મીઠું, મચ્છી અગ્નિ એશિયાના દેશો ખાતે તથા પોલૅન્ડ ખાતે ખોળ, બાંધકામનો સામાન, કૅલ્સિયમ કાર્બોનેટ, રસાયણો, ચૉક અને ચૂનાના પથ્થરો, અનાજ, સિમેન્ટ, તેલીબિયાં, લસણ-ડુંગળી તેમ જ બૉક્સાઇટની નિકાસ થાય છે.

વેરાવળ : જૂનાગઢ જિલ્લામાં આવેલું આ મધ્યમ કક્ષાનું બ્રેકવૉટરથી સુરક્ષિત બંદર છે. બ્રેકવૉટર ખાતે પાણી 10 મી. ઊંડું છે. લંગરસ્થાન 1.5 કિમી. દૂર છે. લંગરસ્થાને એકીસાથે 15 સ્ટીમરો થોભી શકે છે. આ બંદરનું પ્રાચીન નામ 'વેલાકુલ' અને ગ્રીક નામ 'સુરાષ્ટ્રીન' છે.

આયાત-નિકાસ : આ બંદરે ઈમારતી લાકડું, ખાતર, બાંધકામનો સામાન, યંત્રો, રેયૉન પલ્પ (માવો), અનાજ, કઠોળ, કપાસિયા, કોલસા, પિગ આયર્ન વગેરેની આયાત થાય છે; જ્યારે ખોળ, કપાસ, સોડાઍશ, સિમેન્ટ, ચૂનો અને ચૂનાના પથ્થરો, બૉક્સાઇટ, ઊન, રૂ, ઘી, માછલાં (બૂમલાં) અને ડુંગળીની નિકાસ થાય છે.

realpatidar.com

જાફરાબાદ : મૂળ જંજીરાના નવાબના તાબાનું જાફરાબાદ અરબી સમુદ્રના દક્ષિણકાંઠે આવેલું મધ્યમ કક્ષાનું બંદર છે. જાફરાબાદનું બંદર ખાડીના અંદરના ભાગમાં હોઈ વાવાઝોડાથી મુક્ત રહે છે. નવું બંદર ખાડીના પૂર્વ કિનારે નર્મદા સિમેન્ટના કારખાના નજીક છે. 400 મી. લાંબા બ્રેક્વૉટરથી તેના બારાનું રક્ષણ થાય છે. જૂના બંદરને કાંપના પુરાણની અસર થઈ છે. જાફરાબાદ ખાતે 211 મી. લાંબી આર.સી.સી.ની બાંધેલી જેટી છે. સિમેન્ટ માટેની જેટી 260 મી. લાંબી છે, જ્યારે મીઠાની નિકાસ માટેની જેટી 45.7 મી. લાંબી છે. મત્સ્ય-ઉદ્યોગ માટેની જેટી 150 મી. લાંબી છે. વહાણો માટે 30 મી.નો ઢોળાવ છે. ડ્રેજિંગ કરીને બારું ઊંડું બનાવાયું છે. લંગરસ્થાન કિનારાથી 2.5 માઇલ દૂર છે. અહીં પાણીની ઊંડાઈ 14 મી. છે. લૉન્ચ, ટગ અને બજરાની અને ગોડાઉનો વગેરેની સગવડો છે. ધક્કા સુધી 1,500થી 2,000 ટનના બાજરા આવે છે.

આયાત-નિકાસ : આ બંદરેથી માછલી, મીઠું, ચિરોડી અને સિમેન્ટની નિકાસ થાય છે; જ્યારે અનાજ, કઠોળ, કોલસા, બાંધકામનો સામાન, કપાસિયાં, લાકડું વગેરેની આયાત થાય છે. સિમેન્ટની મગદલ્લા અને રત્નાગિરિ ખાતે નિકાસ થાય છે. મીઠું જાપાન ખાતે નિકાસ કરાતું હતું તે હાલ બંધ છે. તેની નિકાસ કર્ણાટક, કેરળ અને મુંબઈ ખાતે થાય છે. ચિરોડી મીઠાની પેટાપેદાશ છે. કોલસાની આયાત સિમેન્ટના કારખાના માટે થાય છે. સિમેન્ટ અને મીઠાની નિકાસને કારણે તેનો ટ્રાફિક વધ્યો છે. કાંઠાનાં બંદરો સાથે તેનો મર્યાદિત વેપાર છે.

ભાવનગર : ખંભાતના અખાતના પશ્ચિમ કિનારે કાળુભાર-નદીની ખાડીના મૂળ ઉપર આવેલું આ મધ્યમ કક્ષાનું બંદર છે. આ બારમાસી બંદરે ધક્કા સુધી નાની સ્ટીમરો આવે છે. સમુદ્રના ખાંચામાં નવું બંદર આવેલું હોઈ તે વાવાઝોડાના ભયથી મુક્ત છે. જૂનું બંદર કાંપથી પુરાઈ ગયું છે. મોટી સ્ટીમરો બંદરથી 10 કિમી. દૂરના લંગરસ્થાને થોભે છે અને ટગની મદદથી બજરા દ્વારા માલનું વહન થાય છે. નવું બંદર રૂવાની હદમાં ભાવનગરથી 10 કિમી. દૂર છે. બંદરની ચૅનલ સાંકડી હોઈ તેને 12 મી. ભરતીનો લાભ મળે છે. પાણીની સપાટી જાળવા રાખવા 'લૉક ગેટ'ની રચના કરાઈ છે. નવા બંદરે કાયમ 10 મી. પાણી રહે છે. 1998-99માં 5.06 લાખ ટન આયાત અને 1.15 લાખ ટનની નિકાસ મળીને કુલ આયાત-નિકાસ 6.21 લાખ ટનની થઈ હતી. ભાવનગર-બંદરમાં કાંપ દૂર કરવાનું કામ ખૂબ ખર્ચાળ ને મુશ્કેલ છે. કૉન્ક્રીટ જેટી, ક્વે, વ્હાર્ફ, ગોડાઉન, ટગ, લૉન્ચ, બજરા, ક્રેન તથા અન્ય આધુનિક સગવડો છે. પાઇલટ સેવા ફરજિયાત છે.



મગદલ્લા : આ બંદર તાપીનદીના મુખથી દક્ષિણે આવેલું છે. લંગરસ્થાન ખુલ્લા સમુદ્રથી 4 કિમી. અને જેટીથી 24 કિમી. દૂર છે. કાંપ દૂર કરીને આ બારું ઊંડું કરાયું છે અને જેટી બંધાઈ છે. મોટી ભરતી વખતે લંગરસ્થાને જહાજો આવે છે.

મૂળ દ્વારકા : આ બંદરે અંબુજા સિમેન્ટનું કારખાનું થતાં 1995-96માં કોલસાની 2,44,000 ટન આયાત થઈ હતી. 1998-99માં આ બંદરની આયાત 4,14,000 ટનની અને નિકાસ 16,56,000 ટન મળીને કુલ આયાત-નિકાસ 20,70,000 ટન હતી. ચૂનાના પથ્થરો, કોલસાની આયાત, સિમેન્ટ તથા તેના ગઠ્ઠાની નિકાસ મુખ્યત્વે હતી.

દહેજ : ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં આવેલું

અલંગ

અહીં 1998-99માં 30.08 ટનનાં જહાજો ભાંગવા માટે આવ્યાં હતાં. 180 પ્લૉટો છે. 30,000 માણસોને રોજી મળે છે. આ ઉદ્યોગને કારણે ઑક્સિજન પ્લાન્ટો અને ફાઉન્ડ્રીની સંખ્યામાં વધારો થયો છે. 1982-83થી અલંગ કાર્યરત છે.





ગુજરાત મૅરિટાઈમ બૉર્ડ

આ 40 બંદરો પૈકી 11 બંદરો મધ્યમ કક્ષાનાં અને બાકીનાં 29 નાની કક્ષાનાં છે. ગુજરાતના 19 જિલ્લા પૈકી 10 જિલ્લાને દરિયાકાંઠો મળ્યો છે.

ગુજરાત મૅરિટાઈમ બૉર્ડનાં કાર્યો સંક્ષેપમાં આ પ્રમાણે છે : (1) બૉર્ડ હસ્તક આવેલા બંદરોમાં વેપાર-ઉદ્યોગ માટે જરૂરી સગવડો પૂરી પાડવી અને તે અંગેની સગવડોનો વિકાસ કરવો. (2) બંદરો મારફત થતી આયાતનિકાસ અન્વયે જરૂરી મહેસૂલ, કરવેરા, ફી વગેરે વસૂલ કરવાં. (3) બંદરોના વહીવટ માટે આવશ્યક નીતિનિયમો ઘડી કાઢવાં અને તેનો અમલ કરવો. (4) બંદર આરોગ્ય નિયમોનો અમલ કરવો. (5) જુદાંજુદાં બંદરની મર્યાદા નક્કી કરવી તેમ જ માલસામાન ચડાવવા તથા ઉતારવા માટે યોગ્ય જગ્યા નક્કી કરવી. (6) મત્સ્યોદ્યોગ-વિભાગ વતી બંદરોની આજુબાજુના વિસ્તારમાં મત્સ્યોદ્યોગ વિકસાવવા માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવી. (7) વહાણો બાંધવા, તેની મરામત કરવા વ્યક્તિગત નાણાકીય સહાય આપવી.



મુંદ્રા બંદર

બંદર છે. દહેજબંદરે 10થી 12 હજાર ટનનાં જહાજો લંગરસ્થાન સુધી આવી શકે છે. જેટી, વ્હાર્ફ, ગોડાઉન વગેરેની સગવડ છે. લંગરસ્થાન જેટીથી 6.7 કિમી. દૂર છે. 1991-92માં 20,454 ટનની આયાત થઈ હતી. 1998-99માં 5,90,000 ટનની આયાત અને 49,000 ટનની નિકાસ હતી. તમાકુ, અનાજ, મૅંગેનીઝ, ફ્લુઓસ્પારની નિકાસ અને રૉક-ફૉસ્ફેટ, ગંધક, ખાતર, યંત્રો, સિમેન્ટ વગેરેની આયાત થાય છે.

હજીરા : તાપીના ડાબા કાંઠે આવેલું બંદર છે. 1985થી તેના વિકાસની શરૂઆત થઈ છે. અહીં કૃષકભારતીનું ખાતરનું કારખાનું, નૅશનલ થર્મલ પાવર કૉર્પોરેશન, રિલાયન્સ કંપનીનું કારખાનું અને લાર્સન ઍન્ડ ટુબ્રોનું ભારે ઈજનેરી સામાનનું કારખાનું છે. વળી એસ્સાર કંપનીનો ઇન્ટિગ્રેટેડ સ્ટીલ પ્લાન્ટ પણ અહીં છે. ઔદ્યોગિક વિકાસ થતાં આઠ લાખ ટન માલની આયાત-નિકાસની શક્યતા છે.

મુંદ્રા : કચ્છના અખાત આગળની બોખા-ખાડી ઉપર મુંદ્રાશહેરથી 10 કિમી. દૂર ભૂખી અને કેવડીનદીના સંગમ ઉપર આ બંદર આવેલું છે. તેનું લંગરસ્થાન કિનારાથી 2.5 કિમી. દૂર છે. નવી નાળ ખાતે 20 મી. પાણી રહે છે. અદાણી એક્સપોર્ટ કંપની દ્વારા ખાનગી ક્ષેત્રે જેટી બંધાઈ છે અને બીજી સગવડો ઊભી થઈ છે. વળી આ જ કંપની દ્વારા નવા બંદર ખાતે બ્રેકવૉટર બંધાયો છે, તેથી 25,000 ટનની મોટી સ્ટીમરો અહીં હવે આવી શકે છે.

પીપાવાવ : ગુજરાતનું આ બંદર સુંદર અને કુદરતી છે. શિયાલ અને ભેંસલો બેટ દ્વારા રક્ષિત આ બંદર વાવાઝોડાના ભયથી મુક્ત છે. ભાવનગર રાજ્યના બાહોશ ઇજનેર સિમ્સે તે ઝોલાપુરી-નદીની મોટા પટની ખાડી ઉપર બાંધ્યું હતું. 1892માં તેને પૉર્ટ વિક્ટર નામ અપાયું હતું. તે 20^{0} 59' ઉ.અ. અને 71^{0} 33' પૂ.રે. ઉપર આવેલું છે. ડુંગરથી પીપાવાવ સુધી રેલવે છે અને લખપતથી મુંબઈ સુધીનો કોસ્ટલ હાઈવે પીપાવાવ નજીકથી પસાર થાય છે.

પીપાવાવ



કંડલા : આ બંદર કચ્છના દક્ષિણ-પૂર્વ ભાગે ઉપર આવેલું મોટામાં મોટું બંદર છે. કચ્છના મહારાવ ખેંગારજીએ 1930-31માં સૌપ્રથમ જેટી બંધાવી આ બંદરની શરૂઆત કરી હતી. ત્યાર બાદ 1948માં કસ્તૂરભાઈ સમિતિની ભલામણ મુજબ તેનું આગળનું બાંધકામ વ્યવસ્થિત રીતે હાથ ધરાયું અને 1955માં વડાપ્રધાન જવાહરલાલ નેહરુના હસ્તે તેનું ઉદ્‌ઘાટન થયું.

ઉત્તર ગુજરાત, રાજસ્થાન, દિલ્હી, હરિયાણા, પંજાબ, કાશ્મીર, પશ્ચિમ ઉત્તરપ્રદેશ અને પશ્ચિમ મધ્યભારતનો છ લાખ ચો. કિમી. વિસ્તાર ધરાવતો અને 1 કરોડથી વધુ વસ્તીવાળો તેનો પીઠપ્રદેશ છે. કંડલાને ડીસા સાથે જોડતી મીટરગેજ રેલવે




ગુજરાતનું
મોટામાં મોટું બંદર
કંડલા

278.40 કિમી. અને ઝુંડ-કંડલાને જોડતી બ્રૉડગેજ રેલવે 234.11 લાંબી છે. કંડલાને અમદાવાદ સાથે જોડતો 8-એ રાષ્ટ્રીય ધોરી માર્ગ 1968માં પૂર્ણ થયો. 1952થી કંડલાનું વિમાની મથક પણ અસ્તિત્વમાં આવી ગયું છે.

1957માં 1,159.9 મી. લાંબી અને 9.6 મી. પહોળી કાર્ગો જેટી પૂર્ણ થઈ હતી. 206 મી. લાંબી છઠ્ઠી અને સાતમી જેટી ત્યાર પછી બંધાઈ છે. 9.4 મી.ના ડ્રાફ્ટવાળી 224.2 મી. લાંબી સ્ટીમર છેક ધક્કા સુધી આવે છે. જૂના કંડલાબંદરે ઑઇલ જેટીનો પેટ્રોલિયમ-પેદાશ, ખાદ્યતેલ અને પ્રવાહી રસાયણોની આયાત માટે ઉપયોગ થાય છે. અહીં બે ઉતરાણ-સ્થાન છે. ત્રીજી જેટી રૂ. 6 કરોડના ખર્ચે તૈયાર થઈ છે. બંદર બેઝિન ખાતે ત્રણ વ્હાર્ફ (ઉતરાણ-સ્થળ) છે. બંદરથી લંગરસ્થાન 22 કિમી. દૂર છે. અહીં 170 મી. લાંબી અને 10.36 મી. ડ્રાફ્ટવાળી સ્ટીમરો થોભે છે.

ઉદ્યોગોના વિકાસ માટે તથા નિકાસ વધારવા માટે 1965માં 283 હેક્ટરમાં 'મુક્ત વ્યાપાર ઝોન'ની રચના કરાઈ હતી. 1982માં રૂ. 117 કરોડની કિંમતનાં સ્ટીલનાં



કંડલા

વાસણો, દવા, રસાયણો, મગફળી, રબરની વસ્તુઓ, તૈયાર કપડાં, પ્લાસ્ટિકના પાઇપ, વીજળીનાં સાધનો વગેરેની નિકાસ થઈ હતી. અહીં સો ઉપરાંત કારખાનાં છે. યંત્રો અને તેના ભાગો અને કાચા માલની આયાતને જકાતમાંથી મુક્તિ આપવામાં આવી છે. નિકાસ માટે દેશનાં અન્ય રાજ્યોમાંથી કાચો માલ મંગાવાય છે. પાણી-વીજળીના દરમાં પણ રાહત આપવામાં આવે છે.

આયાત-નિકાસ : કંડલા ખાતે પેટ્રોલિયમ પેદાશો, ફૉસ્ફૉરિક ઍસિડ, અનાજ, લોખંડનો ભંગાર, ખાતર, મ્યુરિયેટ ઑફ પોટાશ, રૉક ફૉસ્ફેટ, ગંધક, જસત અને ત્રાંબાના ગઠ્ઠા-પોટૅશિયમ ક્લોરેટ, સિમેન્ટ, ન્યૂઝ-પ્રિન્ટ, કોક વગેરે આયાત થાય છે; જ્યારે મોલાસિસ (ગોળની રસી), આલ્કોહૉલ, ચોખા, ખાંડ, મીઠું, ગુવારગમ, હાડકાંનો ભૂકો, બેન્ટોનાઇટ, તાંબાના રિવેટ, બૉક્સાઇટ, ચા, ચિરોડી, ઢોર વગેરેની નિકાસ થાય છે. રેલવેલાઇન દ્વારા કંડલાનું ઉત્તર અને પશ્ચિમ ભારત સાથે જોડાણ હોઈ આ બંદરનું મહત્ત્વ ઘણું છે.

વાડીનાર : આ બંદર કંડલાથી 45 નૉટિકલ માઇલ દૂર (1 નૉટિકલ માઇલ = 1.852 કિમી.) કચ્છના અખાતના પૂર્વકિનારે જામનગર જિલ્લામાં સલાયા અને સિક્કા વચ્ચે આવેલું છે. બંદરની નાળ (ચૅનલ) 23 કિમી. લાંબી અને પાણીની લઘુતમ ઊંડાઈ 23.5 મી. અને પહોળાઈ 1,500 મી. છે. આ બંદરે 22 મી. ડ્રાફ્ટની 3.5 લાખ ટનનાં ટૅન્કરો અને જહાજો આવી શકે છે.

ઑફ-શોર ટર્મિનલનું કામ ઑગસ્ટ 1978માં પૂર્ણ થયું હતું. લંગરસ્થાન દરિયાકિનારાથી 5.8 કિમી. દૂર છે. ત્યાંથી સમુદ્રના પાણીમાં અને જમીન ઉપર થઈને નાખેલી પાઇપલાઇન દ્વારા સ્ટૉરેજ ટાંકી સુધી ક્રૂડ ઑઇલ લઈ જવાય છે. દરેક ટાંકી 75,000 ટન ક્રૂડ સંઘરવાની ક્ષમતા ધરાવે છે.

રાજ્યના વિકાસમાં બંદરોનો ફાળો

રાજ્યના આર્થિક વિકાસમાં બંદરોનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. ગુજરાત સાથે દેશના ઉત્તર અને મધ્ય પ્રદેશોનો વિસ્તાર જોડાયેલો હોવાથી આ બંદરોના વિકાસ માટે ખૂબ ઉજ્જ્વળ તકો રહી છે. રાજ્યની પંચવર્ષીય યોજનાઓમાં રાજ્યે બંદરવિકાસ માટે ખાસ જોગવાઈ કરીને વિવિધ યોજનાઓનો સમાવેશ કર્યો છે. ખાસ કરીને ભાવનગરથી નજીક અલંગમાં શિપ બ્રેકિંગ યાર્ડમાં દુનિયાના વિવિધ દેશોનાં નકામાં થયેલાં અને વપરાશમાંથી કમી કરવામાં આવેલાં જહાજો તોડવાની કામગીરી ચાલે છે. આ રીતે તોડવામાં આવેલાં જહાજોમાંથી મળેલ લોખંડ-પોલાદનો કાટમાળ રી-રોલિંગ મિલો માટે કાચા માલનો એક મોટો સ્રોત છે. આજે વિશ્વમાં જહાજ તોડવાના ઉદ્યોગમાં ચીન પ્રથમ સ્થાન ધરાવે છે (45%) અને અલંગનો ક્રમાંક બીજો છે (30%).

ગુજરાતીઓને સદા મહાગુજરાત રચતાં આવડ્યું છે. ઈતિહાસકાળની ઉષામાં પણ ગુજરાતીઓએ મિસર ને સિંહલ, જાવા ને ચીન ખેડ્યાની કથા કોણે નથી સાંભળી ? મધ્યકાળમાં ચોર્યાશી બંદર પર વાવટો ફરકાવતા ગુજરાતની કીર્તિ કોણે નથી સાંભળી ? અને આજે ગુજરાતી ક્યાં નથી ? કરાંચી ને કલકત્તા, દિલ્હી અને મદ્રાસનો ગુજરાતીસમૂહ એ તો હિન્દી મહાગુજરાતનાં ચોદિશામાં સીમાચિહ્નો છે; પણ ગુજરાતીઓ ક્યાં-ક્યાં નથી ? ટોકિયોમાં ? પેરીસમાં ? ન્યૂયોર્કમાં ? ક્યાં નથી ? ત્યાં બધે પાદેપાદ રસાળ ગૂર્જરગિરા બોલાય છે.

- કનૈયાલાલ મુનશી

આવી આઠ ટાંકીઓ છે. ટગ, લૉન્ચ બાર્જ વગેરે માટેની જેટી 150 મી. લાંબી છે. અહીં 9 મી. પાણીની ઊંડાઈ છે. અહીંથી પાઈપલાઈન દ્વારા 416 કિમી. દૂર વડોદરા નજીકની કોયલી રિફાઈનરી ખાતે ક્રૂડ ઑઈલ શુદ્ધ કરવા મોકલાય છે. વિરમગામથી પાઈપલાઈનનો બીજો ફાંટો 803 કિમી. દૂર મથુરા ખાતે આવેલી રિફાઈનરી સુધી ક્રૂડનું વહન કરે છે. 1991-92માં અહીં 120 લાખ ટન ક્રૂડની આયાત થઈ હતી. હાલ આ આયાત 200 લાખ ટનની થઈ છે. ગુજરાત સરકારની ભાગીદારીમાં રહી ભારત સરકાર આ બંદરેથી આઠ લાખ ટન અન્ય માલની આયાત કરવા ધારે છે; તેથી બાજા મુરિંગસ્થાનની જરૂર રહેશે. આ ઉપરાંત ખાતર, ગંધક, રોક-ફૉસ્ફેટ, લોખંડનો ભંગાર, મીઠું વગેરે જથ્થાબંધ માલ ચડાવવા-ઉતારવા ક્રેનો, ટગ, બજરા તથા જેટીની જરૂરિયાત ઊભી થઈ રહી છે.

નવાં બંદરો : મુંદ્રા, રોઝી (બેડી), પોશિત્રા (ઓખા નજીક), સીમર, પીપાવાવ, ખારી મીઠી વીરડી, ધોલેરા, દહેજ, હજીરા, વાંસી બોરસી અને મરોલી ખાતે આવેલાં બંદરો પૈકી ચાર બંદરો જાહેર ક્ષેત્ર દ્વારા અને બાકીનાં છ બંદરો ખાનગી ક્ષેત્રે વિકસાવવાની ગુજરાતના બંદરખાતાની મુરાદ છે.

બંદરોનું વર્ગીકરણ

ગુજરાતનું મોટામાં મોટું બંદર કંડલા છે. ઓખા અને ભાવનગર મહાબંદર થવાની ક્ષમતા ધરાવે છે. એક લાખ ટન કે તેથી વધુ આયાત-નિકાસ કરતાં ભારતનાં 20 મધ્યમ કક્ષાનાં બંદરોમાંથી 11 બંદરો ગુજરાતમાં છે. નવલખી, સલાયા, બેડી, સિક્કા, ઓખા, પોરબંદર, વેરાવળ, ભાવનગર, ભરૂચ, સુરત અને માંડવી મધ્યમ કક્ષાનાં બંદરો છે. ભાવનગર, ઓખા, બેડી, સિક્કા, સલાયા અને નવલખી એ બધી વસ્તુઓ માટેનાં બંદરો છે. ભાવનગરના બંદરે લૉકગેટના કારણે પાણીની ઊંડાઈ જળવાઈ રહેવાથી ભરતીનો આધાર રાખ્યા વિના સ્ટીમરો બંદરમાં પ્રવેશી શકે છે. ઓખા અને પૉર્ટ વિક્ટરનાં બંદર કુદરતી છે.

બંદરોનો વહીવટ

ગુજરાતનાં બંદરો પૈકી કંડલાનો વહીવટ કંડલા પૉર્ટ ટ્રસ્ટ કરે છે. આ બંદરને મુક્ત વેપાર માટે જાહેર કરાયું છે એટલે તેના માટે વિકાસની ઘણી શક્યતા છે. 11 મધ્યમ કક્ષાનાં અને 26 લઘુ બંદરો ગુજરાતના જાહેર બાંધકામ ખાતાના અંકુશ હેઠળ છે.

સાગર અને સંસ્કૃતિ

ગુજરાતના દરિયાકાંઠે વસતા લોકો મુખ્યત્વે ખારવા, કોળી, માછી, મોગલો, ઢીમર વગેરે છે. એમનું લોકજીવન તેમજ રીતરિવાજો, રહેઠાણ-પોશાક વગેરેની માહિતી અન્યત્ર આપવામાં આવી છે.

સાગરકાંઠાનાં તીર્થધામો અને નગરો

ગુજરાતના 1663 કિ.મી. લાંબા દરિયાકિનારા ઉપર નારાયણસરોવરથી માંડીને દમણ સુધી અનેક તીર્થધામો, પ્રાચીન નગરો તેમ જ વિહારધામો આવેલાં છે. તીર્થધામો પૈકી ઘણાંખરાં ચૌલુક્ય અને અનુચૌલુક્ય-કાળનાં છે. કેટલાંકના જીર્ણોદ્ધાર થયેલા છે. આ તીર્થધામો ઘણું કરીને શૈવ, શાક્ત અને વૈષ્ણવ સંપ્રદાયનાં છે. મુસ્લિમો, પારસીઓ તેમજ અંગ્રેજો દરિયામાર્ગે પ્રથમ ગુજરાતમાં આવ્યા હતા. પ્રભાસનો ઉલ્લેખ 'મહાભારત'માં છે. દ્વારકા અને ભરૂચ તથા અન્ય નગરો મુસ્લિમકાળ દરમ્યાન વિકાસ પામ્યાં છે. જૈન ગ્રંથોમાં મહુવા, તળાજા અને વલભીનો ઉલ્લેખ છે.


વિહારધામોનો વિકાસ બ્રિટિશ શાસન દરમ્યાન અને ત્યાર પછીના કાળ દરમ્યાન થયો છે. પહેલાં અંગ્રેજો, રાજા-મહારાજાઓ પછી ધનિકો અને હવે તો સામાન્ય લોકો પણ વિહારધામો પર રજા ગાળવા જાય છે.



દ્વારકાનું મંદિર

ગુજરાતના સાગરકાંઠાનું અત્યંત શોભાયમાન સ્થળ - દ્વારકાનું મંદિર. ભારતમાં સાગરરસ્તે પ્રવેશવાનું આ દ્વાર પણ ગણાય છે.

સમયરેતમાં પગલાં



ગુજરાતને સીમાડા નથી. 'ગુજરાત' એક જીવંત અને જાગ્રત વ્યક્તિ છે - જે પોતાને એક કલ્પવામાં, પોતાનું અસ્તિત્વ એક દૃઢ સંકલ્પ દ્વારા સમજવામાં જીવનસાફલ્ય સમજે છે અને ગુજરાતીઓનું બન્યું છે ખરું; પણ એ માત્ર માનવીઓનો સમૂહ નથી. જ્યાં ગુજરાતીઓ 'ગુજરાત' છે ને રહેશે એવી નિર્ણયાત્મક કલ્પના સેવી એકઠા મળે છે ત્યાં ગુજરાતની હસ્તી છે.

- કનૈયાલાલ મુનશી

ધન્ય ભૂમિ ગુજરાત ધન્ય હે ધન્ય ગિરા ગુજરાતી,
કૃષ્ણ-ચરણ રજ-પુનિત ધરા આ ગાંધીગિરા ગુજરાતી.
નરસિંહ મીરાં અખો જ્ઞાનભક્તિની એ જ્વાલાઓ;
પ્રેમાનંદ ગોવર્ધનરામે પાયા રસ-પ્યાલાઓ.
માટીમાંથી મર્દ નીપજ્યા ગાંધી-તપ આધારે,
અડગ ખડક કીધા સંગ્રામે વજ્ર સમા સરદારે.

.....

સૌરાષ્ટ્ર-કચ્છ આનર્ત શ્વભ્ર ને લાટ અનુપ અપરાંત,
તાપી રેવા મહી શ્વભ્રવતી સરસ્વતી જલકાન્ત.
નાગ અસુર યાદવ હૈહય શક ક્ષત્રપ ગૂર્જર કાઠી
પારસિક ઇસ્લામી એકરસ થઈ કાયા આ ગાંઠી.

.....

ધન્ય ભૂમિ ગુજરાત ધન્ય હે ધન્ય ગિરા ગુજરાતી,
કૃષ્ણ-ચરણરજ-પુનિત ધરા આ ગાંધીગિરા ગુજરાતી.

- ઉમાશંકર જોશી



સમયરેતમાં પગલાં

ગુજરાત ભારતનો એક ખંડ તો છે જ - પણ એક એવો ખંડ જેને પોતાનું આગવું સાંસ્કૃતિક અસ્તિત્વ છે, પોતાનાં સંસ્કારિતા અને સામ્રાજ્યનો એનો એક આગવો ઇતિહાસ છે. જે વિવિધ પ્રજાઓએ અહીં આવી વાસ કર્યો તેમણે એકરૂપ થઈ જે વ્યક્તિત્વ વિકસાવ્યું, જે સંસ્કૃતિ સર્જી, જે ઇતિહાસ આલેખ્યો, જે સામ્રાજ્ય વિસ્તાર્યું તેની અનોખી દાસ્તાન રસિક અને રોમાંચક છે. આ પ્રજાએ કદી દસ્તાવેજો કે પોતાનો ઇતિહાસ જાળવવાની ચિંતા કરી નથી. એ તો આગળ વિકસતી ને પાછલાને વીસરતી રહી છે. નર્મદાના પ્રવાહની જેમ એક ઘાટ છોડતી બીજો સર કરતી આગળ ધપતી રહી છે - ક્યાંક સંકોચાતી - ક્યાંક વિસ્તરતી, ક્યારેક ઢાળ પર ધસતી તો ક્યારેક ટેકરેથી ખાબકતી - એટલે એની કથાને સંશોધનથી મેળવવી પડે, શિલાલેખોના ઉલ્લેખોમાં ખોળવી પડે - તામ્રપત્રો ને તાડપત્રોમાંથી તારવવી પડે. ઘણોબધો ઇતિહાસ તો લોકકથા-દંતકથા-રાસ-પ્રબંધો-રાસડા ને ગાથા-દુહાઓમાં પડ્યો છે તે મેળવવો પડે. 'મિરાતે સિકંદરી' ને 'મિરાતે અહમદી' કે 'મુઝફ્ફરશાહી' અથવા 'ભોજપ્રબંધ' ને 'પ્રબંધ ચિંતામણિ' વાંચવા પડે તેમ જ વખતચંદનો ચોપડો ઉખેડવો પડે. ફાર્બસ ને ટોડથી માંડીને આધુનિકકાળમાં રત્નમણિરાવ ભીમરાવ અને ગોવિંદજી હાથીભાઈ, કોમેસરિયેટ, સાલેતોર, દુર્ગાશંકર શાસ્ત્રી, સાંકળિયા, આર. એન. મહેતા, અમૃત પંડ્યા, હરિપ્રસાદ શાસ્ત્રી, કનૈયાલાલ મુનશી તથા મજમુદારનાં નામ મોખરે છે. તેવા અનેક ઇતિહાસકારોના સંશોધન-પુરુષાર્થથી ગુજરાતની પોતાની ગાથા મળી રહી છે. જે ગુજરાતી અતીતમાં ડોકિયું કરશે તે સૌ આ ભૂમિનો ભવ્ય ભૂતકાળ જાણી ગૌરવ અનુભવશે.





ગુજરાતના જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ગોપગામમાં આવેલું આ મંદિર પાંચમી સદી જેટલું - કદાચ સૌથી પ્રાચીન હોવાનું મનાય છે.

ઇતિહાસગાથા : ગુજરાત

રોઝડીના ટીંબામાંથી ઈ. પૂ. 1850નાં વર્ષોનાં મળી આવેલા અવશેષો





ગુજરાત એ ભારતદેશનો એક ખંડ તો છે જ, પરંતુ આ એક એવો ખંડ છે, જેને પોતાનું આગવું સાંસ્કૃતિક અસ્તિત્વ છે, સંસ્કારિતા અને ઇતિહાસનો પોતીકો વારસો છે. ગુજરાતમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાંથી પ્રાગ્-ઐતિહાસિક યુગના અવશેષો ધરાવતી બસો જેટલી જગ્યાઓ મળી આવી છે. તેમાં લોથલ ઉપરાંત રંગપુર, લાખા બાવળ, અમરા, રોઝડી, દેશલપુર અને ધોળાવીરા જેવાં સ્થળોનો સમાવેશ થાય છે. ઈ. સ. પૂર્વે 2500થી 1500 દરમિયાન સિંધુ ખીણ સંસ્કૃતિને મળતી આવતી સભ્યતા લોથલમાં હતી. મનુષ્ય લખતો થયો ત્યાર પછી જ તે પોતાની સાંસ્કૃતિક અને બૌદ્ધિક સિદ્ધિઓને શબ્દબદ્ધ કરતો ગયો, પરંતુ મનુષ્ય લખતાં શીખ્યો તે પહેલાંના કાળને પ્રાગ્-ઐતિહાસિક યુગ ગણવામાં આવે છે.

ભારતના પશ્ચિમ કાંઠે આવેલો ગુજરાત પ્રદેશ ઇતિહાસ અને સંસ્કૃતિની દૃષ્ટિએ પોતાનું આગવું વ્યક્તિત્વ - અસ્મિતા ધરાવે છે. એનો ઇતિહાસ પુરાતન છે. એની સંસ્કૃતિ સમૃદ્ધ છે. એનું વ્યક્તિત્વ સતત વિકાસશીલ અને જીવંત છે. પ્રાગ્-ઐતિહાસિક કાળથી એની ગાથા શરૂ થાય છે. પુરાણોમાં એ પ્રસિદ્ધ છે. એનો ઇતિહાસ આગવો છે. સમગ્ર ભારતના ઇતિહાસમાં એનું વિશિષ્ટ પ્રદાન છે.

આજે આપણે જેને 'ઇતિહાસ' કહીએ છીએ તેવો જૂના સમયનો ગુજરાતનો કડીબદ્ધ ઇતિહાસ ઉપલબ્ધ નથી. જે કાંઈ ઇતિહાસ-ગ્રંથો આ જમાનામાં લખાયા છે તે હસ્તપ્રતો, શિલાલેખો, તામ્રપત્રો, સિક્કાઓ, પ્રાચીન સાહિત્યકૃતિઓ વગેરેના ઉલ્લેખો ઉપરથી અંકોડા મેળવીને લખાયા છે. પુરાણો અને પુરાતન ગ્રંથોની શૈલી વાર્તાકથન-સ્વરૂપની છે. તેમાં કલ્પના-મિશ્રિત પ્રસંગ-ઘટનાઓ-રૂપે તૂટકતૂટક ચિત્રો મળે છે. 'ઇતિહાસ' નહીં પણ 'ઇતિહાસની સામગ્રી' તેમાં પડેલી છે.

કાલના માપમાં આવે એવો ગુજરાતનો ઇતિહાસ ઈસવી સન પૂર્વે ચોથા સૈકાના છેલ્લા ચરણમાં શરૂ થાય છે, જ્યારે એની પહેલાંનો માનવ-સંસ્કૃતિનો ઇતિહાસ તો આદ્ય પાષાણયુગથી શરૂ થાય છે. 'મહાભારત'માં, ચાણક્યના 'અર્થશાસ્ત્ર'ના ગ્રંથમાં, 'દેવલસ્મૃતિ'માં, ઈસુની પહેલી સદીમાં લખાયેલી બૌદ્ધ જાતકકથાઓમાં ગુજરાત-સૌરાષ્ટ્ર પ્રદેશના ઉલ્લેખો છે. મહાક્ષત્રપ રુદ્રદામાના ઈ. સ. 150માં કોતરાયેલા ગિરનારના શિલાલેખમાં સૌરાષ્ટ્રનો સ્પષ્ટ ઉલ્લેખ છે.

સૌરાષ્ટ્રમાં ગોંડલ પાસે રોઝડી(શ્રીનાથગઢ)ના ટીંબામાંથી ઈસવી સન પૂર્વે 1850ની આસપાસનાં વર્ષોમાં આ સ્થળે વસતી પ્રજાના મળી આવેલા અવશેષો તેમ જ અહીંથી મળી આવેલા જુદીજુદી સંસ્કૃતિના ત્રણ થર ઉપરથી આ સંસ્કૃતિ ચાર હજાર વર્ષ જૂની હોવાનું પ્રસિદ્ધ થયું છે, તો અમદાવાદ જિલ્લાના લોથલમાં હડપ્પા સંસ્કૃતિના લગભગ ચાર હજાર વર્ષ પૂર્વેના અવશેષો મળી આવ્યા છે. રોઝડી પાસેથી વહેતી ભાદરનદીનાં કોતરોમાંથી પાષાણયુગનાં પથ્થરનાં ઓજારો પણ મળી આવ્યાં છે અને પુરાતત્ત્વવિદો માને છે કે એ ઓજારો બે લાખ વર્ષ પહેલાંનાં છે.



રોઝડી(શ્રીનાથગઢ)ના ટીંબામાં ઉત્ખનન

લોથલ

લોથલ (સરગવાલા) મુખ્યત્વે જૂની સંસ્કૃતિનું સ્થળ છે. તેનો સમય ઈસ્વીસન પૂર્વે 2450થી 1900 સુધીનો મનાય છે. અમદાવાદથી દક્ષિણ-પશ્ચિમે લગભગ 80 કિ.મી.ના અંતરે તે આવેલું છે. 1954ના નવેમ્બર-માસમાં તે શોધવામાં આવ્યું. 1879માં પ્રસિદ્ધ થયેલા એક ગૅઝેટિયરમાં કરેલી નોંધ પ્રમાણે તે કોઈ સમયે બંદર હતું.

એમ જણાય છે કે લોથલમાં લોકોનો પહેલવહેલો વસવાટ થયો તે પછી એકાદ સૈકે, લગભગ ઈ. સ. પૂર્વે 2350માં પૂરને કારણે બધાં ઘર નાશ પામ્યાં. બાદમાં કોઈક બુદ્ધિશાળી અગ્રણીના આયોજન મુજબ કોટની દીવાલ મજબૂત કરી અને ઊંચા ટેકરા ઉપર નગર-આયોજન કર્યું અને કૃત્રિમ ધક્કાની રચના કરીને વહાણોને લાંગરવાની સગવડો સુધારી.

મળી આવેલા અવશેષો જોતાં તેનું નગર-આયોજન સુંદર હતું. વિશાળ મકાનો, મકાનોમાં સ્નાનગૃહ – તેમાંથી પાણી જવાની મોરીઓ, રસ્તા પર ગટરો, કારખાનાં, વખારો, બજારો, રસ્તાઓ વગેરે વ્યવસ્થિત રીતે બંધાયાં હતાં. લોથલના રસ્તાઓ સામસામાં બે વાહનો જઈ શકે તેટલા પહોળા હતા. રસ્તાઓ સીધી લીટીમાં અને એકબીજાને કાટખૂણે કાપતા હતા. તેનાં મકાનો ભઠ્ઠીમાં પકવેલી ઈંટોથી બનાવેલાં હતાં. લુહાર અને સોનીઓ હથિયારો કે ઘરેણાં બનાવવા ગોળ ભઠ્ઠીનો ઉપયોગ કરતા હતા.

લોથલમાંથી મળી આવેલાં વાસણો માટી, પથ્થર, કાંસા વગેરેનાં હતાં. તેની ઉપર સુંદર નકશીકામ કરેલું જોવા મળે છે. ક્યાંક માનવ-આકૃતિઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે, તો વળી ક્યાંક માથું પશુનું અને આકૃતિ માનવની એવી મિશ્ર આકૃતિઓ પણ જોવા મળી છે. પ્રાણીઓમાં આખલાની આકૃતિ સવિશેષ છે. લોથલમાં કસબી-કલાકારો હોવા જોઈએ એમ લાગે છે. આ ઉપરાંત મુદ્રાઓ પણ મળી આવી છે. અહીંના લોકો સુંદર આભૂષણોના શોખીન હોય તેમ જણાય છે. લોથલના કારીગરો માપન માટે વાપરતા હશે તેવી હાથીદાંતની પટ્ટી પણ મળી આવે છે. લોથલના લોકઘરની અંદરથી શતરંજને મળતી આવે તેવી રમત પણ મળી છે.

લોથલનું સ્મશાન નગરને ફરતી દીવાલની પેલે પાર આવેલા ટેકરા પર હતું એમ જણાય છે. ત્યાંથી હાડપિંજરો પણ મળી આવ્યાં છે. એક હાડપિંજરના કાનમાંથી તાંબાની કડી મળી આવી છે. બીજાં બેમાંથી છીપની બંગડીઓ મળી હતી. આ કારણે ત્યાં દફનવિધિની પ્રથા હશે તેવું માનવાને કારણ મળે છે. એક સ્થળેથી બે જોડિયાં હાડપિંજરો પણ મળ્યાં છે. મળી આવેલાં હાડપિંજરો 20થી 30 સુધીની વયજૂથનાં છે, તો મોટી ઉંમરનાને અગ્નિસંસ્કાર કરાતો હશે ? - એ સંશોધનનો વિષય છે.

પુરાવસ્તુકીય પુરાવો સ્પષ્ટ રીતે સૂચવે છે કે સિંધુ સામ્રાજ્યમાં અને ખાસ કરીને લોથલમાં, લોકોનો એવો



લોથલનું નગર-આયોજન

સમૂહ રહેતો હતો કે જેમની ધાર્મિક ક્રિયાઓ, સામાજિક રીતરસમો પહેલાંના આર્યોથી બહુ જુદી ન હતી. કદાચ આ લોકોને જ 'ઋગ્વેદ'ના આર્યો 'અસુર' કહેતા હશે. આર્યો ભારતમાં આવ્યા ત્યારે ગુજરાતમાં પણ આવ્યા હતા. અનાર્યો કલા-કૌશલ્ય અને વિજ્ઞાનમાં આર્યો કરતાં વિશેષ આગળ હતા; જ્યારે આર્યો પાસે આર્ષદૃષ્ટિ, તત્ત્વજ્ઞાન અને તપ હતાં. આર્યોએ વેદોમાં ઈશ્વરની જે કલ્પના કરી છે, પંચતત્ત્વોનો સિદ્ધાંત સ્થાપ્યો છે, જે રીતે નિસર્ગને નિહાળી છે તે અપ્રતિમ છે. અનાર્યો પાષાણની પ્રતિમાને પૂજતા તેમ જ વૃક્ષો, સર્પો અને પશુઓનું પણ પૂજન કરતા. સૂર્યવંશીય આર્યોએ સાગરતીરે, સરિતાતટે સુંદર અને રમ્ય વનશ્રીમાં આશ્રમો બાંધી યજ્ઞધૂમ્રથી આ ભૂમિને પવિત્ર કરી અને દિશાઓને વેદગાનથી પાવન કરી.

ચંદ્રવંશીય આર્યો સૌરાષ્ટ્રના જળમાર્ગેથી આવ્યા. આર્યો અને અનાર્યો વચ્ચે દીર્ઘકાળ સુધી ઘર્ષણ થતું રહ્યું, પરંતુ સમય જતાં તેમની વચ્ચે સમાધાન થયું અને લગ્ન-વ્યવહારોથી પરસ્પર સંબંધો પણ બંધાયા. ધીરેધીરે બંને પ્રવાહો પરસ્પર મળી જઈને એક પ્રવાહ બની રહ્યો.

લોથલમાંથી મળી આવેલું નકશીકામ કરેલું વાસણ



લોથલનાં એક સ્થળેથી મળી આવેલાં બે જોડિયાં હાડપિંજરો





ધોળાવીરા-નગરનો મુખ્ય ભાગ

કચ્છના ધોળાવીરામાં સિંધુ સંસ્કૃતિના અવશેષો





મધ્ય નગર અને નીચેનું નગર

ગુજરાતમાં હડપ્પન સંસ્કૃતિના અવશેષો અમદાવાદ જિલ્લાના લીમડી તાલુકામાં રંગપુર ખાતે સૌપ્રથમ મળી આવ્યા હતા. 1954થી 1958 દરમ્યાન થયેલા ઉત્ખનનને પરિણામે અમદાવાદ જિલ્લાના જ ધોળકા તાલુકાના સરગવાલા ગામે લોથલનો ટીંબો મળી આવ્યો. ત્યાં પણ હડપ્પન સંસ્કૃતિના અવશેષો મળી આવ્યા હતા. આ ઉત્ખનન-સંશોધન ચાલુ રહેતાં 1967માં કચ્છમાં ધોળાવીરામાં આ જ સંસ્કૃતિના અવશેષોનું વિસ્તરણ છે તેવો સૌપ્રથમ ખ્યાલ આવ્યો. આ સ્થળને સ્થાનિક લોકો કોટડા તરીકે ઓળખે છે. આ સ્થળનું પદ્ધતિસરનું ઉત્ખનન તો 1990માં શરૂ થયું.

ધોળાવીરાનો વિસ્તાર પૂર્વ-પશ્ચિમે 775 મીટર અને ઉત્તર-દક્ષિણે 600 મીટર જેટલો છે. તેમાં ત્રણ મુખ્ય વિભાગો છે. એક્રોપોલીસ ટેકરા જેવા ભાગ પર કિલ્લેબંધી ઇમારતોના અવશેષો હતા. ત્યાર બાદ નીચે મધ્યભાગમાં અને સૌથી નીચે પણ નગર-આયોજન હતું એમ તેના અવશેષો પરથી સાબિત થાય છે.

આ નગર-આયોજનમાં સંરક્ષણની દૃષ્ટિએ ચારે દિશાએ નગરના ચાર દરવાજા પણ જણાયા છે. આ નગરનો પાકો બાંધેલો વિસ્તાર પણ ખાસ્સો દૂર સુધી લંબાયેલો જણાય છે. અવશેષો પરથી સ્પષ્ટ જણાય છે કે ધોળાવીરાનું નગર-આયોજન સંપૂર્ણ રીતે વિકસિત હતું. મધ્યમાં આવેલું નગર તેમ જ સૌથી નીચેના નગરને પણ પોતાના રક્ષણ માટે અલગ કિલ્લાઓ હતા.

આ સિંધુતટની સંસ્કૃતિનો વ્યાપ પાંચ હજાર વર્ષો પૂર્વે આજના પશ્ચિમ યુરોપ કરતાંય વધારે હતો. સુયોજિત નગરરચના અને વિકસિત ટેક્નોલોજીથી બનેલું ધોળાવીરા રણમાં એક રણદ્વીપ હતું. આખા ધોળાવીરામાં તળાવો, કૂવા અને પાણીની ટાંકીઓ ઉપલબ્ધ હતાં અને એથી જ પુરાતત્ત્વવિદો માને છે કે પાંચ હજાર વર્ષો પહેલાંનું ધોળાવીરા જાણે એક તળાવોની નગરી હશે. પાંચ હજાર વર્ષો પૂર્વે કચ્છના રણમાં આ ધોળાવીરાના લોકોએ જે પ્રકારે સુંદર જીવન જીવવાની કળા કેળવી તે આજ સુધી આંબી શકાઈ નથી. દિલ્હીની સંસ્થા 'સેન્ટર ફૉર સાયન્સ એન્ડ એન્વાયર્મેન્ટ' તો એવું માને છે કે ધોળાવીરા આજના પાણીની તંગી અનુભવતા પ્રદેશો માટે એક ઉત્તમ પદાર્થપાઠ છે !

હડપ્પા સંસ્કૃતિનાં બીજાં શહેરોની જેમ જ ધોળાવીરા પણ એક સમાંતરભુજ ચતુષ્કોણ છે. આ ચતુષ્કોણની આસપાસ એક દીવાલ છે. મુખ્ય મકાન કે જેને 'સિટાડેલ' (નગર-દુર્ગ) કહેવાય, તેની પાયાની દીવાલ 18 મીટર જાડી છે. તેની નજીકમાં લોકોને ભેગા થવાનું સ્થળ છે જે 300 મીટર લાંબું અને 50 મીટર પહોળું છે. પુરાતત્ત્વવિદો માને છે કે આ એક સ્ટેડિયમ હોઈ શકે કે જ્યાં ક્યારેક બજાર પણ ભરાતું હોય.

આ સ્ટેડિયમની આગળ બીજાં મકાનો છે અને તે હજુ પણ સારી સ્થિતિમાં છે. આ મકાનોમાંથી લાપીઝ લાઝુલી ચાંદી, સોનું અને છીપમાંથી બનેલાં ઘરેણાં, માટીનાં વાસણો આખલા અને અન્ય પ્રાણીઓનાં ચિત્રોવાળાં વજનિયાં અને રમકડાં મળ્યાં છે. અહીંથી 10 ચિહ્નો ધરાવતું 'સાઈનબોર્ડ' (નામનું પાટિયું) મળ્યું છે જે દુનિયામાં જૂનામાં જૂનું સાઈનબૉર્ડ છે !



ધોળાવીરાના અ[...] ઉત્ખનનમાં સૌથી વ[...] રસપ્રદ શોધ ત્યાંથી મળી આવેલા દસ શિલાલેખો છે તે સિંધુ લિપિમાં કોતરાયેલ છે. આ શિલાલેખો ખા[...] કાપવામાં આવેલા પાસા[...] પથ્થરો પર કંડારાયેલા છે. ધોળાવીરાના આ અવશેષો ભારતમાં મળી આવેલા બે સૌથી મોટા પ્રાચીન ઐતિહાસિક અવશેષોમાંના એક છે.

ગુજરાતની ગૌરવગાથાનો પ્રારંભ : શ્રીકૃષ્ણ



ગુજરાતની ગૌરવગાથાનો આરંભ તો શ્રીકૃષ્ણથી જ કરવો યોગ્ય ગણાય. શ્રીકૃષ્ણ સાત્વતકુળના ચંદ્રવંશી યાદવ હતા. મનુથી ગણીએ તો તે એકસઠમા પુરુષ હતા. વૈદિક અને વેદોત્તર સાહિત્યમાં, 'મહાભારત'-પુરાણોમાં, બૌદ્ધ તેમ જ જૈન સાહિત્યમાં શ્રીકૃષ્ણના ઉલ્લેખો છે. સમર્થ લોકનાયક યુગપુરુષ ભગવાન વિષ્ણુના પૂર્ણપુરુષોત્તમરૂપ અવતાર અને ભારતના આરાધ્યમૂર્તિ ભગવાન શ્રીકૃષ્ણનો જન્મ તો મથુરાના કારાગારમાં અને ગોપાલસ્વરૂપે ઉછેર ગોકુળમાં. એમની બાલ્યાવસ્થાનાં પરાક્રમો અને ગોપલીલાની લીલાભૂમિ તો વ્રજ-વૃંદાવન. એમની પૂર્વાવસ્થા ગોપીજનવલ્લભ રસેશ્વરની ભાગવતગાથા સાથે તો યમુનાતીરનો ગોકુળ-વૃંદાવન-મથુરાનો પ્રદેશ સંબંધિત છે, પણ કંસવધ પછીનાં પરાક્રમો કરી, જરાસંધ અને કાલયવન સાથે સંઘર્ષ કરી, વ્રજ છોડીને નીકળેલા શ્રીકૃષ્ણે સૌરાષ્ટ્રના સાગરતીરે વેરાન પડેલી જૂની રાજધાની કુશસ્થલીનો જીર્ણ દુર્ગ સમરાવી ત્યાં નવી નગરી વસાવી તે દ્વારકા, દ્વારિકા કે દ્વારામતી નામે ઓળખાઈ. યાદવોનું ત્યાં રાજ્ય સ્થાપ્યું ત્યારથી તે ગોકુલેશ દ્વારકેશ થયા. તેઓએ ગુજરાતને પોતાના વતન તરીકે અપનાવ્યું. 'મહાભારત'ના ગીતાનાયક યુગપુરુષ એવા ઉત્તરાવસ્થાના શ્રીકૃષ્ણ દ્વારકાધીશથી ગુજરાતની સંસ્કૃતિની કથાનાં મંડાણ થાય છે.

દ્વારકામાં શ્રીકૃષ્ણે યાદવોનું રાજ્ય સ્થાપ્યું. પાંડવસાથી અને સારથિ શ્રીકૃષ્ણ મહાભારતના સંચાલક બની રહ્યા. પણ પછી સત્તા, શક્તિ અને સંપત્તિથી પ્રમત્ત યાદવો વિલાસી થયા. શ્રીકૃષ્ણના કુળદીપકો-કુટુંબીઓ સોમનાથની યાત્રામાં અંદરોઅંદર કપાઈ મર્યા – 'યાદવાસ્થળી' રચાઈ અને સમગ્ર કુળના એકમાત્ર અવશિષ્ટ પુરુષ 'હું કાળ છું' કહેનાર, યુગવિધાયક, ભારતભાગ્યવિધાતા, ભગવાન શ્રીકૃષ્ણ એકાકી, અટૂલા, અજાણ્યા પુરુષ તરીકે સોમનાથ પાસેના ભાલકાસ્થળે પારધીના તીરથી વીંધાયા અને નજીકમાં જ હિરણનદીના કાંઠે એકાંતમાં ને એકલતામાં તેમણે દેહત્યાગ કર્યો. કંસના કારાગારમાં અવતરેલ આ અવતારી પુરુષ એક અજ્ઞાત-એકાકી પુરુષ તરીકે સૌરાષ્ટ્રના એક ખૂણે અવસાન પામ્યા. મથુરાના ગોકુળમાં જન્મીને લીલા કરી, રાજ સ્થાપ્યું ને અંતે એમની ભસ્મ ભળી ગુજરાતની ભૂમિમાં. એમની અલૌકિકતા ને દિવ્યતા, સમર્થતા ને લોકોત્તરતા વિખ્યાત છે. ગુજરાતના ઇતિહાસનો એ દ્વારકાધીશના ઉલ્લેખથી જ આરંભ થાય છે.

જાણે એક મહાજ્યોતિ વિલીન થતાં ઘેરું અંધારું છવાતું હોય તેમ ભગવાન શ્રીકૃષ્ણની કથા પછી ઇતિહાસના પટ પર અંધારપટ છવાયેલો છે – અજ્ઞાનતાનો. ત્રણેક હજાર વર્ષના વિસ્તાર પર એ ગાળામાં શું બન્યું તેની આધારભૂત કશી માહિતી પ્રાપ્ત નથી. ઇતિહાસની એ લુપ્ત કેડીના સગડ પાછાં સાંપડે છે નિત્યપ્રવાસી કાળપુરુષના પથ્થરમાં કોતરાઈ ગયેલ એક પગલા સમા સમ્રાટ અશોકના શિલાલેખોમાં, ગિરનારની તળેટીમાં.





સિકંદર

પ્રમાણિત ઇતિહાસનો આરંભ : મૌર્યકાળ


ગુજરાતનો પ્રમાણિત ઇતિહાસ મૌર્યકાલના આરંભથી શરૂ થાય છે. મૌર્ય એ સંસ્કૃત શબ્દ છે. હિમાલયપ્રદેશની 'મોરિય' (મૌર્ય) નામની પ્રાચીન જાતિના ગણતંત્રનો રાજા ચંદ્રગુપ્ત મૌર્ય (ઈ. સ. પૂ. 324-300) હતો. આ ચંદ્રગુપ્તને વિષ્ણુગુપ્ત ચાણક્ય નામના બ્રાહ્મણ વિદ્વાને તક્ષશિલા લઈ જઈને અનેકવિધ પ્રકારની તાલીમ આપી હતી. લગભગ એ જ સમયે સમગ્ર ગ્રીસ દેશ જીતી લેનાર રાજા ફિલિપના પરાક્રમી પુત્ર સિકંદરે વિશ્વવિજેતા બનવાની મહત્ત્વાકાંક્ષા સેવીને પશ્ચિમ એશિયા, ઇજિપ્ત અને ભારતના સમૃદ્ધ દેશો પર આક્રમણની શરૂઆત કરી હતી. સિકંદરના આક્રમણ સમયે ભારત એક સંગઠિત દેશ નહોતો. ભારતના સદ્‌ભાગ્યે સિકંદરે સંજોગવશાત્ પોતાની વિજયકૂચ અટકાવી દઈને માદરે વતન પાછા ફરવું પડ્યું હતું. એ વખતે વતનમાં પહોંચતાં સિકંદરનું અકાળે અવસાન થયું અને ચંદ્રગુપ્ત મૌર્યે વાયવ્ય-ભારતનાં લગભગ તમામ ગ્રીક-શાસત હેઠળનાં રાજ્યો જીતી લીધાં હતાં, એટલું જ નહિ, પણ ઈ. પૂ. 324માં મગધમાં પણ મૌર્યવંશની સત્તા સ્થપાઈ.

એ પછી તો ચંદ્રગુપ્ત મૌર્યે ઉત્તર ભારતનાં તમામ રાજ્યો જીતી લીધાં. પશ્ચિમ ભારત પર તેણે પોતાની આણ ફેલાવી હતી. છેક મગધથી માંડી ગાંધાર સુધીનું સાર્વભૌમ રાજ્ય ચંદ્રગુપ્ત મૌર્યે સ્થાપ્યું હતું. ચંદ્રગુપ્તના સામ્રાજ્યની સીમા ગાંધાર, એટલે કે છેક અફઘાનિસ્તાન સુધી ફેલાઈ હતી.

ચંદ્રગુપ્ત મૌર્યે પશ્ચિમ ભારતમાં મગધના 'રાષ્ટ્રીય' એટલે કે સૂબેદાર તરીકે પુષ્યગુપ્ત નામના વૈશ્યની નિમણૂક કરી હતી. આ અધિકારી સૌરાષ્ટ્ર પર અમલ ચલાવતો હતો અને તેનું વહીવટી મથક ગિરિનગર ઉર્ફે ગિરનાર-(જૂનાગઢ)માં હતું. ગિરનાર નામ તો પાછળથી પડેલું જણાય છે, પરંતુ ચંદ્રગુપ્ત મૌર્યના સમયમાં તેના રાષ્ટ્રીય પુષ્યગુપ્તનું વડું મથક ઉજ્જયંત (ગિરનાર) હતું એવો ઉલ્લેખ મળે છે. આ ઉજ્જયંત ગિરનાર પર્વતની તળેટીમાં વસ્યું હતું. પુષ્યગુપ્તે ગિરનાર પર્વતમાંથી નીકળતી સુવર્ણસિક્તા અને પલાશિની નદીઓનાં વહેણ આગળ બંધ બાંધી ત્યાં સુદર્શન નામે જળાશય કરાવ્યું હતું. આમ ગુજરાતનું ઐતિહાસિક આધારે જેને પહેલું પાટનગર ગણાવી શકાય તે ગિરિનગર-ગિરિપુર હતું. સુદર્શન જળાશયમાંથી નહેરો પણ કાઢવામાં આવી હતી.

શ્રીકૃષ્ણની દ્વારવતી - દ્વારકા અસલમાં ક્યાં હતી તે હજી પણ સંશોધનનો વિષય છે. 'મહાભારત' અને પુરાણોમાં એ નગરીનો ઉલ્લેખ સમુદ્રની અને રૈવતકપર્વત (ગિરનાર) પાસે હોવાનો કરાયો છે. હાલના દ્વારકાની નજીકમાં રૈવતકપર્વત નથી. હાલનો ગિરનાર દરિયાની સપાટીથી 1,117 મીટર ઊંચો છે અને તે દક્ષિણ-પૂર્વ દિશામાં પથરાયેલો છે. ઈ. સ. 150 પછી તરત જ કોતરાયેલા રુદ્રદામાના અભિલેખની પ્રથમ પંક્તિમાં 'ઇદં તડાગં સુદર્શનં ગિરિનગરાદ્' એવો ઉલ્લેખ છે તે સ્પષ્ટપણે 'આ સુદર્શન તળાવ ગિરિનગરથી' એમ જણાવે છે. ઈ. સ.ના બીજા સૈકાથી ઈ. સ.ના પાંચમા સૈકા સુધીના અભિલેખો ગિરિનગરને ઊર્જયત અને રૈવતક ગિરિઓના સાંનિધ્યમાં નિશ્ચિત કરે છે. આમ પહેલું પાટનગર ગિરિનગર ગણાય.

જે ચંદ્રગુપ્ત મૌર્યે પુરાણકાલીન દ્વારાવતી(દ્વારકા)ને બદલે ગિરિનગરને પોતાના શાસનની રાજધાની બનાવી હતી તેણે પોતાની કુનેહ, વહીવટી કાબેલિયત અને લશ્કરી તાકાતથી ગ્રીક વિજેતા સેલ્યુકસને પણ ઈ. પૂ. 305માં હરાવ્યો હતો. જોકે પાછળથી સમાધાનનો માર્ગ અપનાવી સેલ્યુકસે પોતાની પુત્રીનાં લગ્ન ચંદ્રગુપ્ત સાથે કરીને મૈત્રી સંબંધ બાંધ્યો હતો, સંબંધ મજબૂત બનાવ્યો હતો. ચંદ્રગુપ્તે 24 વર્ષ સુધી એકહથ્થુ સત્તા ભોગવ્યા પછી જૈન અનુશ્રુતિ અનુસાર ઈ. પૂ. 298માં રાજગાદીનો સ્વેચ્છાએ ત્યાગ કરીને જૈનધર્મની દીક્ષા લીધી હતી. ગ્રીકોના કબજા હેઠળના ભારતીય પ્રદેશોને છોડાવીને તેમ જ નંદોને હરાવીને વિશાળ સામ્રાજ્ય સ્થાપનાર ચંદ્રગુપ્ત મૌર્યના ગાદીત્યાગ પછી તેમના સ્થાને ગાદી પર બિરાજનાર પુત્ર બિંદુસારે તો ચંદ્રગુપ્ત કરતાં પણ એક વર્ષ વધારે એટલે કે પચીસ વર્ષ સુધી (ઈ. પૂ. 298 - ઈ. પૂ. 273) રાજ્ય કરી નવાં સોળ શહેરો જીત્યાં હતાં. મૌર્ય સામ્રાજ્યના આધિપત્ય હેઠળ હોવા છતાં આંતરિક રીતે સ્વાયત્ત તંત્રવાળો ગુજરાતનો પ્રદેશ બિંદુસાર અને પ્રિયદર્શી અશોકના સમયમાં પણ મૌર્ય સામ્રાજ્યમાં ભળેલો હતો.



ઉર્જયત (ગિરિનગર)

ગિરનારનું એક પુરાણ-નામ 'ઉર્જયત ગિરિ' અથવા 'ઉજ્જયંત પર્વત'. ત્યાંનું નગર તે ગિરિનગર. આ ગિરિનગર કેવું હશે તે તો જાણવા મળતું નથી, પણ ઇતિહાસ કહે છે કે મૌર્યો પછી ત્યાં શત્રપોનું શાસન હતું. પુરાતત્ત્વવિદ ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજીએ એ સ્થળેથી મળેલા સિક્કાઓ, પરદેશી પ્રવાસીઓના ઉલ્લેખો વગેરેનો અભ્યાસ કરી શૃંખલાબદ્ધ ઇતિહાસ રચવા પ્રયત્ન કર્યો છે. તે પરથી લગભગ 300 વર્ષનો ઇતિહાસ ઉકેલી શકાય છે. સિક્કાઓ અને લેખોમાં જે સંવત છે તે પરથી તે કનિષ્કના રાજ્યકાળ ઈ. 78થી અંકાય છે. આ શૃંખલા ઈ. 78થી 388 સુધીની છે. પશ્ચિમ ભારતના શક રાજાઓનો એ શાસનકાળ છે.

સમ્રાટ અશોક :

મૌર્ય સમ્રાટ પ્રિયદર્શી અશોકે (ઈ. પૂ. 273-236) પોતાના સદ્‌ગુણો, આદર્શવાદ અને પ્રજ્ઞાથી ઇતિહાસમાં સર્વોચ્ચ રાજવીઓની પંક્તિઓમાં સ્થાન મેળવ્યું છે. આનર્ત-સૌરાષ્ટ્ર પર અશોકનું શાસન હતું. અશોકના ગિરિનગરનો અધિકારી યવનરાજ તુષારફ્ હતો. એણે ચંદ્રગુપ્તે બંધાવેલા તળાવની રચના કરી હતી. તેણે 'દેવોના પ્રિય' એવા અશોકે ધર્મલેખો-રૂપે બહાર પાડેલાં 14 શાસનોની એક નકલ-શિલાલેખ આ જળાશય-ગિરનારના માર્ગ પર આવેલ એક મોટી શિલા પર કોતરાયેલા, રાજા અશોકના ચૌદ ધર્મલેખો એ ગુજરાતના સૌથી પ્રાચીન જ્ઞાત અભિલેખો છે. મૌર્ય સમ્રાટ અશોકે દામોદરકુંડની પશ્ચિમે શંકુ-આકારના શૈલ પર કોતરાવેલા ધર્મલેખોમાં મુખ્યત્વે સદાચાર પર ભાર મૂકવામાં આવ્યો છે. આ શિલાલેખ જમીનથી લગભગ 3.6 મીટર ઊંચો છે અને નીચેના ભાગમાં તેનો ઘેરાવો 22.86 મીટર એટલે કે લગભગ 75 ફીટ જેટલો છે.

કલિંગ પર વિજય મેળવવા જતાં સમ્રાટ અશોકે જે લોહિયાળ ક્રૂરતા અને હિંસા નજરોનજર નિહાળી તે પછી તેને સાચું દર્શન થયું. હિંસાથી મેળવેલી જીત પ્રત્યે નફરત જાગી, અશોકનં હૃદયપરિવર્તન થયું અને તે ધર્મપ્રિય રાજવી બની ગયો. તે પછી પ્રજાને સાચી સમજ મળે અને જરૂરી ઉપદેશ પહોંચાડી શકાય તે હેતુથી અશોકે સર્વધર્મ-સમભાવ પર ભાર મૂકતી લોકાજ્ઞાઓ કોતરાવી. અશોકે ઠેરઠેર આવા શિલાલેખો કોતરાવ્યા હતા.

યુદ્ધપ્રેમી સમ્રાટ તરીકે કલિંગ-વિજય કરવા જતાં જોયેલી હિંસા અને ક્રૂરતાથી આંખ ઊઘડી જતાં પરિવર્તન પામવાને કારણે ધર્મરાજવી બની જનાર પ્રિયદર્શી અશોકે ઠેરઠેર લોકાજ્ઞાઓ અને લોકોપદેશ માટે કોતરાવેલા શિલાલેખોમાંનો એક ગિરનારની તળેટીમાં છે. હિંસા અને શસ્ત્રો ત્યાગી ભગવાન બુદ્ધનો ઉપદેશ ગ્રહનાર આ સમ્રાટે આ સ્થાને વિશાળ મેળામાં એકઠી થતી જનતાને અહિંસા અને સદાચારનો અનુરોધ કરતી રાજાજ્ઞા આ શિલાલેખ પર કોતરાવેલી છે. આજના ભારતની રાજમુદ્રા તરીકે પ્રસિદ્ધ અશોકચક્ર એ જ અશોકે ઊભા કરાવેલા સ્તંભનું શીર્ષક છે. ગિરનારનો શિલાલેખ પણ એ જ ચક્રવર્તીનો સ્મરણલેખ છે. આ શિલાલેખથી ઇતિહાસપ્રવાહનો ઊગમ છે. એની લિપિમાં અને એની ભાષામાં જ ગુજરાતી લિપિ અને ભાષાનું પણ ઊગમસ્થાન હોય તેવું સિદ્ધ થયું છે.



ગિરનાર પરના શિલાલેખ



સમ્રાટ અશોકના શિલાલેખ

કવિ ન્હાનાલાલે પોતાના 'ગિરનારને ચરણે' કાવ્યમાં જેને 'શૈલકણ' કહી બિરદાવ્યો છે તે શિલાલેખો આઠ મીટર ઘેરાવવાળી અને જમીનથી લગભગ ચાર મીટર ઊંચી શિલા છે. તેમાં સમસ્ત ભારતનો તેમજ ગુજરાતનો ઇતિહાસ છે. ઇતિહાસની સામગ્રી તરીકે આવા શિલાલેખોનું મહત્ત્વ છે.

આ શિલા પર જ ત્રણ-ત્રણ સમ્રાટોના લેખો કોતરેલા છે : પ્રિયદર્શી અશોક, ક્ષત્રપ રુદ્રદામા અને સમ્રાટ સ્કન્દગુપ્ત-ઇતિહાસનાં એ ત્રણ પ્રકરણો છે. સમ્રાટ અશોક ઈ. સ. પૂર્વે 234-237, રુદ્રદામા ઈ. સ. 150, સ્કન્દગુપ્ત ઈ. સ. 456. આમ, સાત સૈકાથી પણ અધિક સમયને આ શિલા સાંકળે છે. અશોકનો લેખ પ્રાકૃત ભાષામાં, રુદ્રદામા અને સ્કન્દગુપ્તના લેખ સંસ્કૃત ભાષામાં છે. આ લેખો ભારતની પ્રાચીન બ્રાહ્મી લિપિમાં છે જેનું ક્રમશઃ પરિવર્તન થતું ગયું ને તેમાંથી દેવનાગરી, ગુજરાતી, બંગાળી, તેલુગુ, તમિળ વગેરે લિપિઓ થઈ.



રાજા વિક્રમાદિત્ય

શક સંવત્સર

શકોએ પોતાનો સંવત્સર ચાલુ કર્યો તે પહેલાં દેશમાં વિક્રમ સંવત્સર પ્રવર્તમાન હતો. શક સંવતનો પ્રારંભ ઈ. સ. 78માં થયો, જ્યારે વિક્રમ સંવત ઈ. સ. પૂર્વે 56માં શરૂ થયો એટલે બંને વચ્ચે 134 વર્ષનું અંતર છે.

વિક્રમ સંવતનો પ્રારંભ કોણે કર્યો તે માટે જુદાંજુદાં મંતવ્યો છે, પરંતુ ઈ. સ. પૂર્વે 56 આસપાસ વિક્રમ નામે કોઈ રાજા થયો નથી તેથી 'વિક્રમ સંવત' નામ કેમ પડ્યું તેનો કોઈ સંતોષકારક ઉત્તર મળતો નથી. ઈસુની ચોથી સદીમાં ચંદ્રગુપ્ત બીજાએ 'વિક્રમાદિત્ય'નું બિરુદ ધારણ કર્યું. પોતે શકોને હરાવ્યા છે એમ કહી શકારિ નામ ધારણ કર્યું અને પશ્ચાદ્ અસરથી સંવતની 'વિક્રમ સંવત' તરીકે ગણતરી કરી એમ પણ એક મંતવ્ય છે. બીજું મંતવ્ય એવું છે કે પુરુષપુરના મહારાજા કનિષ્કે જે સંવત શરૂ કર્યો તે વિક્રમ સંવત અને શાલિવાહને સ્થાપ્યો તે શક સંવત.

આ બંને સંવતો ઉપરાંત ભારતમાં અનેક સંવતો સ્થપાયા અને વિલાઈ ગયા, પરંતુ આ બંને સંવત્સરો બે હજાર વર્ષથી પ્રવર્તમાન છે તે અદ્યાપિ પ્રચલિત છે. અત્યારે દેશમાં વિક્રમ સંવત ચાલુ છે. દેશ સ્વતંત્ર થયા પછી ભારત સરકારે શક સંવતને રાષ્ટ્રીય સંવત્સર તરીકે અપનાવ્યો.

ગુજરાતમાં અશોકના પૌત્ર રાજા સંપ્રતિનું પણ શાસન પ્રવર્તતું હતું તેવું જૈન પરંપરા પરથી જણાય છે. ગુપ્ત સામ્રાજ્યની સ્થાપના થતાં સેનાપતિ ભટ્ટાર્કે વલભીમાંથી મળેલા વિવિધ સિક્કાઓમાં ગુપ્ત રાજવીઓના ચાંદીના સિક્કાઓનો પણ સમાવેશ થાય છે.

બહુમુખી સિદ્ધિઓ મેળવનાર સમુદ્રગુપ્ત જે ચંદ્રગુપ્ત પહેલાનો પુત્ર હતો તેણે (ઈ. સ. 340-376 સુધી) ભારતમાં દિગ્વિજય મેળવ્યો હતો, છતાં સમુદ્રગુપ્તના શાસનમાં ગુજરાત અને સિંધનો સમાવેશ થતો નહોતો. સમુદ્રગુપ્ત ધર્મની મર્યાદાનું પાલન કરનાર, કુશાગ્રબુદ્ધિ ધરાવનાર, વિદ્યા અને કલા પ્રત્યેની અભિરુચિ ધરાવનાર તેમ જ વિદ્વાનોને પ્રોત્સાહન આપનાર રાજવી હતો. સમુદ્રગુપ્તના અવસાન પછી શકોનો પ્રભાવ વધ્યો હતો.

વિક્રમાદિત્ય :

સમુદ્રગુપ્તના પુત્ર ચંદ્રગુપ્ત 'વિક્રમાદિત્યે' (ઈ. સ. 376-414) ઈ. સ. 400ની આસપાસના સમયગાળામાં માળવાના રાજા રુદ્રસેન ત્રીજાને હરાવીને, ગુજરાત-સૌરાષ્ટ્ર સુધી પોતાની સત્તાનો ફેલાવો કર્યો હતો. આ ચંદ્રગુપ્તનું શાસન પશ્ચિમ સમુદ્ર સુધી પ્રસર્યું હતું. એણે ચાંદીના સિક્કાઓ પણ પડાવ્યા હતા. પરાક્રમોની બાબતમાં તો એ પિતાના કરતાં પણ સવાયો ઠર્યો હતો. ચંદ્રગુપ્તના શાસનકાળ દરમિયાન ભારતમાં એનો વિરોધ કરે એવી એક પણ રાજસત્તા અસ્તિત્વમાં રહેવા પામી નહોતી, એટલું જ નહિ, પણ ગુપ્ત સામ્રાજ્ય દૃઢ અને સુશાસિત બન્યું હતું.

ગુપ્તકાળ દરમિયાન પણ રાજધાની ગિરિનગરમાં જ રહી હતી. ગુપ્તોના સમયમાં પાડોશી દેશોમાં પણ ભારતીય સંસ્કૃતિનો ફેલાવો થવા લાગ્યો હતો. ગુપ્ત સામ્રાજ્યના મધ્યાહ્નકાળ (ઈ. સ. 320થી 470)માં રોમન અને અરબી બજારો સાથે વેપાર-વાણિજ્યના સંપર્કો કેળવાયા હતા. ગિરિનગરમાં અશોકના ધર્મલેખો ધરાવતા શૈલ પર આગળ જતાં બીજા બે લેખ કોતરાયા હતા. એમાંનો બીજો લેખ ક્ષત્રપકાલીન બ્રાહ્મી લિપિમાં કોતરાયેલો છે. એમાં મુખ્ય હકીકત તો ગિરિનગરના સુદર્શનતળાવનો સેતુ રાજા મહાક્ષત્રપ રુદ્રદામાના સમયમાં, શક વર્ષ 72(એટલે કે ઈ. સ. 150)માં તૂટી ગયાની અને એ સેતુની જલદી મરામત કરાયાનો ઉલ્લેખ છે. ઉપરાંત રુદ્રદામાની તથા આનર્ત-સુરાષ્ટ્રના પાલન માટે નિમાયેલા અમાત્ય સુવિશાખની કરાયેલી પ્રશસ્તિ ઐતિહાસિક તેમ જ સાંસ્કૃતિક દૃષ્ટિએ મહત્ત્વની છે. આ શૈલ પરનો ત્રીજો લેખ ગુપ્ત સમ્રાટ સ્કંદગુપ્તના સમયનો છે. આમ આ એક જ શૈલ (શિલા) પર કોતરાયેલા ત્રણ લેખો એકંદરે પોણાઆઠસો વર્ષોના ઈતિહાસ પર પ્રકાશ પાડે છે. ઈ. સ. 460માં સ્કંદગુપ્ત મૃત્યુ પામ્યા પછી ગુપ્ત સામ્રાજ્ય છિન્નભિન્ન થઈ ગયું.

શક-શાસન

ઈસુ સંવત્સર પૂર્વેના છેલ્લા સૈકામાં આ ભૂમિ પર કોઈ પ્રતાપી શાસન ન હતું. તે પહેલાં આ ભૂમિ પર ભારતીય યવન રાજાઓ રાજ્ય કરતા. તે પછીના પ્રતાપી રાજાઓમાં નહપાન અને પછીથી ચાષ્ટવંશ શરૂ થયો. ચાષ્ટનનો પૌત્ર તે જ રુદ્રદામા. તે દરમ્યાન પશ્ચિમોત્તર દિશાઓમાંથી ઊતરી આવી શક પ્રજાએ અહીં શાસન જમાવ્યું. આ શકોના શાસનાધિપતિઓ તે જ ક્ષત્રપો.

આ ક્ષત્રપો મધ્યએશિયાના નિવાસી. ભારતમાં તે ધાડાંબંધ ઊતરી આવ્યા ને કાશ્મીર, પંજાબ તથા સિંધમાં વસ્યા. ત્યાંથી દક્ષિણ તરફ ઊતર્યા ને મથુરા પછી સૌરાષ્ટ્રમાં પણ આવી પહોંચ્યા.

પરદેશીઓએ પોતાના કેટલાક ઈતિહાસોમાં ઉલ્લેખ્યું છે તેવા તેઓ પછાત, જંગલી, જડ અને અસંસ્કારી ન હતા. તેઓ સુઘડ અને સુધરેલા, બળવાન અને કાબેલ હતા. અહીંના લોકો સાથે તેઓ હળી-ભળી ગયા ને પોતાના બાહુબળે નાના એકમો સ્થાપીને રાજ કરવા લાગ્યા ને તેને વિસ્તારતા ગયા ને બહારથી આવ્યા પછી પણ આ ભૂમિના જ વતની બની રહ્યા.

સુદર્શન-તડાગ (તળાવ)

રુદ્રદામાના સમય પહેલાંથી જ ક્ષત્રપો સૌરાષ્ટ્રના શાસકો બની ચૂક્યા હતા. રૂપાના સિક્કાઓમાં દેખાતી રુદ્રદામાની સુંદર મુખાકૃતિ પરથી આ રાજવી ઘાટીલો અને તેજસ્વી જણાય છે. તેણે આ પ્રદેશ પર લાંબો સમય રાજ્ય કર્યું હતું. આ મહાક્ષત્રપનો રાજ્યકાળ ચાળીસથી પણ વધુ વર્ષનો છે.

ગિરનાર પાસેના શિલાલેખવાળા આ પથ્થર પર રુદ્રદામાએ કોતરાવેલા શિલાલેખ પણ છે. રુદ્રદામાના શાસનકાળ દરમ્યાન જ વિશાળ સુદર્શનતળાવ ફાટ્યું હતું.

શક સંવત 72(ઈ. સ. 150)ના વર્ષમાં માર્ગશીર્ષના કૃષ્ણપક્ષની પડવાની તિથિએ ગિરિમાંથી નીકળતી ‘સુવર્ણસિક્તા’ અને ‘પલાશિની’ આદિ નદીઓના અતિશય ઊછળતા પ્રવાહના વેગથી સેતુ (બંધ) તૂટી ગયો. તળાવને સાચવવાના અનેક ‘પ્રતિકારો’ જેવાં કે વૃક્ષો, કિનારાઓ, મકાનો વગેરે પ્રલયકાળ સરખા વેગવાળા પાણીના ધસમસતા પ્રવાહ સામે ટકી ન શક્યાં અને ધરાશાયી થઈ ગયાં. કોઈ આરા-ઓવારા ન રહેતાં એ સુદર્શનતળાવ તળિયા પર્યંત ખુલ્લું થઈ ગયું.

અતિ લાંબા-પહોળા અને ઊંડા તળાવમાંથી સઘળું પાણી વહી ગયું અને તે ભૂમિની અત્યંત દુર્દશા થઈ ગઈ. નગરની જીવાદોરી સમું આ તળાવ નપાણિયું થઈ ગયું.

રુદ્રદામાએ પ્રજાની પીડા જાણી એ સરોવર સમરાવવાનું બીડું ઝડપ્યું, તેના નિષ્ણાતોને બોલાવ્યા, નકશાઓ કરાવ્યા. આ વાત કાંઈ નાનીસૂની ન હતી. મોટા ખર્ચની તેમાં આવશ્યકતા હતી. આ બંધ બાંધવા પ્રજા પાસેથી કોઈ કર, વેઠ અગર કોઈ પણ પ્રકારે નાણાં લીધા વિના રાજ્યની તિજોરીમાંથી તેણે લાખો સુવર્ણમુદ્રાઓ ખર્ચીને બંધ ફરી બાંધ્યો - તે પણ અગાઉ કરતાં દરેક બાબતમાં અનેકગણો ચડિયાતો.

ક્ષત્રપકાળમાં ગિરિનગરનો બીજો એક શિલાલેખ છે જે અત્યંત તૂટેલ હોવા છતાં જૈનધર્મના ઇતિહાસ માટે મહત્ત્વનો છે. સંભવ છે કે ક્ષત્રપકાળમાં ગિરિનગરમાં જૈન ગુફાને લગતો આ લેખ હોય.

રુદ્રદામા પછી બીજા લગભગ 22 ક્ષત્રપ રાજાઓ થયા હતા. રુદ્રદામાએ પોતાનો રાજ્યવિસ્તાર વધાર્યો હતો. ગુપ્તવંશીય ચંદ્રગુપ્ત બીજાએ ક્ષત્રપોની સત્તા પડાવી લીધી. ગુજરાત, સૌરાષ્ટ્ર સાથે પશ્ચિમ ભારત ગુપ્તના શાસનમાં ગયું. છેલ્લો ક્ષત્રપ રાજવી રુદ્રસિંહ યુદ્ધમાં હાર્યો અને હણાયો. આ સમય ઈ. સ. 395નો છે.

ગુપ્તકાળ

ગુપ્તોના સમયમાં પણ રાજધાની ગિરિનગરમાં જ રહી. ગિરિનગરની એ શિલા પર ત્રીજો લેખ સ્કંદગુપ્તનો છે. તેના પર ગુપ્ત સંવત 135 છે જે લગભગ ઈ. સ. 457-58ની બરાબર થાય. આ લેખનું નિમિત્ત પણ અતિવૃષ્ટિ, સુદર્શનનો નાશ અને પુનરુદ્ધાર છે. આ લેખ પર 39 શ્લોકોનું એક સુંદર કાવ્ય છે. સ્કંદગુપ્તનું મૃત્યુ ઈ. સ. 470ના અરસામાં થયું. તેના પછી ગુપ્તોની સત્તા નબળી પડી અને ગુજરાત-સૌરાષ્ટ્રમાં મૈત્રકો ક્રમેક્રમે સ્વતંત્ર થતા ગયા.

મૌર્ય, ક્ષત્રપ અને ગુપ્ત રાજ્યકાળ દરમ્યાન ગુજરાતની રાજધાની ગિરિનગર હતી, એટલે સાતસો વર્ષથી પણ વધુ સમય સુધી આ નગર ગુજરાત પર શાસન કરે છે. આટલું એનું ઐતિહાસિક મહત્ત્વ હોવા છતાં પુરાણો અને જૈન ગ્રંથો થોડા અપવાદ સિવાય એનો ઉલ્લેખ ભાગ્યે જ કરે છે. ત્રણ-ત્રણ વાર બંધાયેલા સુદર્શનતળાવનું આજે તો નામ-નિશાન પણ જડતું નથી. તેના કોઈક અવશેષો નજરે ચડે છે. તેના ઉપરથી ઇતિહાસ માટેની કીમતી સાધનસામગ્રી અહીં મળવા સંભવ છે.



સુદર્શન-તડાગ (તળાવ)

રુદ્રદામાએ પ્રજા પાસેથી કોઈ કર, વેઠ અગર કોઈ પણ પ્રકારે નાણાં લીધા વિના રાજ્યની તિજોરીમાંથી લાખો સુવર્ણમુદ્રાઓ ખર્ચીને બંધ ફરી બાંધ્યો

ગુજરાતની બીજી આવી જ મહત્ત્વની રાજધાની વલભીનગરીમાં મળી આવેલાં તામ્રપત્રોમાં ગિરિનગરવાસી વિદ્વાન ક્ષેત્રીય બ્રાહ્મણોના ઉલ્લેખ આવે છે. ઈસુની ત્રીજી સદીના આરંભમાં ચંદ્રગુપ્ત પહેલો મગધના સિંહાસને બેઠો ત્યારથી ગુપ્તવંશ સાચા અર્થમાં પ્રસિદ્ધિમાં આવ્યો હોવાનું મનાય છે.

આ સમયમાં ઉત્તર ગુજરાતમાં આવેલા વડનગરનું નામ ચમત્કારપુર કે આનંદપુર હતું. સિંધ કે પંજાબમાંથી આવેલા નાગરો ત્યાં વસતા હતા. આ સમયે બૌદ્ધો અને જૈનોનો પ્રભાવ ઘણો હતો. હિન્દુધર્મ પર તે ધર્મોનું આક્રમણ ખાળવા બ્રાહ્મણો ઝઝૂમી રહ્યા હતા. બ્રાહ્મણોએ આ યુગમાં સમશેર પણ ઉપાડી અને રાજ્યો પણ સ્થાપ્યાં હતાં.

આ યુગમાં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં કયા બનાવો બન્યા તેની વિગતો ઉપલબ્ધ નથી. ઈ. સ. 460માં ગુપ્ત સ્કંદગુપ્ત મૃત્યુ પામ્યો અને તે સાથે ગુપ્ત સામ્રાજ્ય છિન્નભિન્ન થઈ ગયું, જે-તે પ્રદેશોના સામંતો, માંડલિકો અને અધિકારીઓ સ્વતંત્રતા પ્રાપ્ત કરવાના કાર્યમાં પ્રયત્નશીલ થયા.



મૈત્રકકાળ : વલભીપુર

ગુપ્ત સામ્રાજ્યની પડતી થતાં સેનાપતિ ભટ્ટાર્કે વલભીમાં ઈ. સ. 473થી આસપાસ પોતાની રાજસત્તા સ્થાપી હતી. જેમ ગુપ્ત રાજવીઓના ચાંદીના સિક્કાઓ ગુજરાતમાંથી મળી આવ્યા છે, તેમ જ જૂનાગઢ અને ભરૂચ શહેરોમાંથી પણ ઘણા સિક્કાઓ મળી આવ્યા છે. એ સિક્કાઓ પરથી ઐતિહાસિક માહિતી મળે છે. શર્વ ભટ્ટારકના સિક્કાઓ ક્ષત્રપ સિક્કાઓનું અનુકરણ કરતા જણાયા છે. ગુજરાતમાં આશરે ત્રણસો વર્ષ સુધી મૈત્રક શાસકોએ રાજ્ય કર્યું હતું. તેઓ પ્રજાપ્રેમી અને ધાર્મિક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપનારાઓ હતા. આદિત્ય એટલે કે સૂર્યની ઉપાસના કરનારા આ રાજવીઓમાં સેનાપતિ ભટ્ટાર્ક ઉપરાંત દ્રોણસિંહ, ધ્રુવસેન પહેલો, શીલાદિત્ય પહેલો, ધ્રુવસેન બીજો અને ધીરસેન ચોથો શક્તિશાળી રાજવીઓ હતા. મૈત્રકોની સત્તા માત્ર સૌરાષ્ટ્રમાં જ નહિ, પણ ઉત્તર ગુજરાત અને મધ્યગુજરાત પર પણ હતી. ભટ્ટાર્ક એ જેને ગુજરાતનો જ કહી શકાય તેવો પહેલો ઇતિહાસ-પુરુષ હતો, કારણ કે તેણે જ ગુજરાતને મગધના ગુપ્ત સામ્રાજ્યના શાસનમાંથી મુક્ત કરાવ્યું હતું.

આ સમયે સૌરાષ્ટ્રનો રાજ્યપાલ સેનાપતિ વિજયસેન ભટાર્ક હતો. આ ભટાર્ક મૈત્રકકુળનો હતો. આ મૈત્રકો આ ભૂમિ પર ક્યાંથી અને ક્યારે આવ્યા તેની કોઈ સ્પષ્ટતા થઈ શકી નથી. આ વિષયમાં વલભીનાં તામ્રપત્રો અનુસાર મૈત્રકો શુદ્ધ આર્યો હતા અને બ્રાહ્મણધર્મને અનુસરતા હતા.

ભટાર્કનું પાટનગર વલભીપુર હતું. તેણે સ્વપરાક્રમથી એક મહાન સામ્રાજ્યની સ્થાપના કરી. ગુપ્ત સમ્રાટની સત્તા નહીંવત્ થઈ ગયેલી હોવા છતાં તેના પ્રત્યેની સ્વામીભક્તિથી તેણે ગુપ્ત ચલણ, ગુપ્ત સંવત્સર, નિયમો તેમજ રાજ્યપદ્ધતિ ચાલુ રાખ્યાં.

ગુજરાતનો વિગતવાર આધારભૂત ઇતિહાસ વલભીપુરથી શરૂ થાય છે અને ભટાર્ક ગુજરાતનો પ્રથમ ઇતિહાસ-પુરુષ છે. તે શાણો માણસ હતો. તેણે આદર્શ રાજવી તરીકે રાજ્ય કર્યું. તેના અમલ દરમ્યાન પ્રજા ખૂબ સુખી હતી. ભટાર્કે ગુજરાતને મગધના ગુપ્ત સામ્રાજ્યના શાસનમાંથી મુક્ત કરાવ્યું તે તેની મોટી સિદ્ધિ કહેવાય.

મૈત્રકોએ વલભીને પોતાની રાજધાની સુમારે ઈ. સ. 470માં બનાવી. તે સમયની પાંચમા સૈકાની મુદ્રાઓ મળી આવી છે. હાલ વળાથી દરિયો જેટલો દૂર છે તેટલો પહેલાં નહીં હોય એમ માનવાને કારણ મળે છે. વલભી એ પ્રાચીનકાળથી સૌરાષ્ટ્રનું એક વેપારી બંદર થશે તેવા પુરાવા છે. એક ઉલ્લેખ મુજબ ગુપ્તોથી સ્વતંત્ર રહેવાય તેવી રાજધાનીનું સ્થળ પસંદ કરવા માટે ભટાર્કે આ દ્રોણમુખ-સ્થળ પસંદ કરેલું. (દ્રોણમુખ એટલે જલમાર્ગે તેમજ સ્થળમાર્ગે જ્યાં જવાય તેવું સ્થળ.)

વલભીના ઇતિહાસ માટે નવા વલભીનગરની કલ્પના માટે ગિરિનગર કરતાં વધુ સામગ્રી મળી આવી છે. વલભી પર પ્રકાશ પડે તેવાં લગભગ 150 તામ્રપત્રો મળી આવ્યાં છે. ચીની મુસાફર હ્યુ એન સંગે પણ વલભી વિશે મહત્ત્વની માહિતી આપી છે.

સ્વતંત્ર વલભીના રાજ્યે ક્રમેક્રમે ભારતીય મહત્તા પ્રાપ્ત કરી હતી. વલભી દ્રોણમુખ હોઈ તેની આર્થિક સમૃદ્ધિ અને વિદ્યાકીય સંપત્તિને લઈને તે ભારતની અને ગુજરાતની એક મહત્ત્વની સંસ્કારભૂમિ બન્યું. વૈદિક, બૌદ્ધ અને જૈનધર્મોની વિદ્યાવિષયક પ્રવૃત્તિનું એક મહાન કેન્દ્ર ગણાવા લાગ્યું. ચીની મુસાફર ઇત્સિંગના મતે ભારતમાં પૂર્વમાં નાલંદા અને પશ્ચિમમાં વલભી એ બે મોટી બૌદ્ધ વિદ્યાપીઠો હતી.

મૈત્રકવંશ લગભગ 265 વર્ષ રાજ્ય કરે છે. તે દરમ્યાન આનર્ત-સૌરાષ્ટ્રનું પ્રભુત્વ ભોગવતા વલભીના પ્રભુત્વનો વિસ્તાર ક્રમેક્રમે વધતો જાય છે. તામ્રપત્રોમાંથી એવી પણ માહિતી મળે છે કે - તેમાંના ઘણા રાજાઓ પોતે વિદ્યાભ્યાસી હતા અને તે કાળમાં વિદ્યાના ઉત્તેજનનું અને સંવર્ધનનું ઉત્તમ વાતાવરણ હતું. રાજ્યમાં વેદ, ઇતિહાસ, પુરાણ, ધર્મશાસ્ત્ર ઇત્યાદિ વિષયોના સમર્થ અભ્યાસીઓ હતા. વલભીપતિઓ મોટે ભાગે પરમ શિવભક્ત હતા. આમ છતાં તેમણે બૌદ્ધ શાસ્ત્રો અને વિહારો માટે ઉદારતાથી દાન આપ્યાં છે. સર્વધર્મ પ્રત્યેના તેમના આદરપૂર્ણ વ્યવહારની આનાથી પ્રતીતિ થાય છે.

હ્યુ એન સંગ વર્ણન પરથી લાગે છે કે વલભી વ્યાપાર-વાણિજ્યનું ઘણું મોટું મથક હતું. તે ચીની મુસાફર વલભીમાં

હ્યુ એન સંગની નોંધપોથી

હ્યુ એન સંગે લખ્યું છે કે 'વલભીપુર એક ધીકતું બંદર છે. અહીં રોજ સેંકડો વહાણોની અવરજવર થાય છે. નગરની શોભા અનુપમ છે. બાગબગીચાનો પાર નથી. અહીંના રાજમાર્ગો પહોળા છે. અહીંની જમીન ફળદ્રુપ છે. વિદ્યાભ્યાસ માટે મોટી પાઠશાળાઓ છે. દૂરદૂરથી અહીં અભ્યાસ કરવા લોકો આવે છે. વલભી ભારે વૈભવશાળી છે. અહીંના લોકો બુદ્ધિશાળી, શિક્ષિત અને સાલસ છે. તેમની ભાષા શુદ્ધ અને સંસ્કારી છે. બ્રાહ્મણો અને બૌદ્ધધર્મીઓનું જોર વધુ છે. આ નગરમાં ઘણા કરોડપતિઓ છે અને અહીં ઘણી ગગનચુંબી ઈમારતો અને પ્રાસાદો છે.'

ઈ. સ. 641ના અરસામાં આવ્યો હતો. તેણે વલભીનું ખૂબ ભવ્ય વર્ણન કર્યું છે. તે લખે છે : 'વલભીનો વિસ્તાર લગભગ 1000 માઈલનો છે. રાજધાનીનો વિસ્તાર પાંચ માઈલનો છે. નગરમાં વસ્તી ગીચ છે. અહીંનાં સ્થાનો સમૃદ્ધ છે. આશરે સો કુટુંબો કરોડાધિપતિ છે. દૂરદૂરના દેશોની વિરલ અને મૂલ્યવાન વસ્તુઓનો અહીં મોટો સંગ્રહ છે. સેંકડો સંઘારામો છે. એમાં 6000 બૌદ્ધ ભિક્ષુઓ રહે છે. સેંકડો દેવમંદિરો છે.' મૈત્રકકાળમાં વલભી બૌદ્ધધર્મનું મોટું મથક હતું. ભાવનગર પાસે તળાજામાં બૌદ્ધ ગુફાના અવશેષો આજે પણ છે. આ ઉપરાંત જૂનાગઢ અને ગિરનારમાં પણ બૌદ્ધ ગુફાઓ છે. ગુજરાતમાં, દેવની મોરી (શામળાજી)માં પણ બૌદ્ધ સ્તૂપ વગેરે મળી આવ્યા છે.

ભટાર્કનું મૃત્યુ ઈ. સ. 493ની આસપાસ થયું.

વલભીનું પતન

ભટાર્કના વંશજોએ વલભી સામ્રાજ્ય પર પૂરાં 275 વર્ષ રાજ્ય કર્યું. શીલાદિત્ય સાતમો ઈ. સ. 765માં વલભીપુરના રાજ્યાસને ધ્રુભટ નામ ધારણ કરીને બેઠો. તેના વીર પૂર્વજોએ સ્થાપેલા સામ્રાજ્યનો અંત જોવાનું તેના ભાગ્યમાં લખાયું હશે.

ઈ. સ. 759માં સિંધના હાકેમ તરીકે હિશામ આવ્યો. તેની આજ્ઞાથી ઉમર-બીન-જમાલ નામનો સેનાપતિ 762-63માં વલભીપુર પર ચડી આવ્યો, પરંતુ વલભીપુરના સૈન્યે તેનો ઉગ્ર સામનો કરીને તેને ભગાડી મૂક્યો. આ પરાજયથી છંછેડાઈને હિશામ ફરી અધિક સજ્જ બનીને ધસી આવ્યો. આ વખતે પહેલાં તેણે ધર્મપરિવર્તન કરવા ફરજ પાડી. વિરોધ કરનારાઓની કતલ કરી. પછી તેનું વિરાટ સૈન્ય કૂચ કરતું ઈ. સ. 788માં વલભીના દ્વારે આવી પહોંચ્યું. વલભીના સૈન્યે સામનો કર્યો પણ તે હાર્યું. શીલાદિત્ય પણ મરાયો.

આરબોએ નગરને યથેચ્છ લૂંટ્યું, નિર્દોષ પ્રજાની કતલ થઈ અને ભારતના એક અનુપમ નગરનો સંપૂર્ણ વિનાશ કરીને ધગધગતી રાખના ઢગલા અને પ્રાણવિહીન માનવશરીરે પથરાયેલી ભૂમિ છોડીને આરબો સ્વદેશ પાછા ફર્યા. આ સાથે ભારતીય સંસ્કૃતિ, ધર્મ, કલા અને વિદ્યાનું એક ધામ પૃથ્વીના પટ પરથી અદૃશ્ય થયું.

વલભીના પતનના વિષયમાં કેટલીક લોકવાર્તાઓ પ્રચલિત છે અને જનશ્રુતિ તરીકે તે ઇતિહાસનું સ્વરૂપ પામી છે. આ કથા જૈન પ્રબંધોમાં આપેલી છે, તેથી તેની નોંધ લેવી આવશ્યક છે.

કાંસકીના કારણે

વલભીના પતનમાં નિમિત્તરૂપ કથા પ્રચલિત છે. શીલાદિત્યના સમયમાં એક મારવાડી વેપારી વલભીપુરમાં પોતાનું નસીબ અજમાવવા આવી પહોંચ્યો. નામ એનું કાકુ. તે તદ્દન નિર્ધન હતો. કાકુએ વલભીપુરમાં આવી ઘીનો ધંધો શરૂ કર્યો. ધીમેધીમે ધંધો જામતો ગયો. એ હજારપતિ થયો, લખપતિ થયો અને પછી કરોડપતિ થયો. એને ત્યાં અબજોની સમૃદ્ધિ થઈ ગઈ.



એક નાનકડી કાંસકીને નિમિત્તે વલભીપુર જેવા એક મહાનગરનો વિનાશ થયો.

શીલાદિત્યની કુંવરી અને કાકુ મારવાડીની દીકરીને સખીપણાં હતાં. એક વાર રાજાની કુંવરી કાકુને ત્યાં આવી ત્યારે તેની દીકરી હીરાજડિત કાંસકીથી વાળ ઓળતી હતી. કુંવરીના મનમાં આ સુંદર કાંસકી વસી ગઈ. તેણે પોતાની બહેનપણી પાસેથી એ કાંસકી માગી, પરંતુ કાકુની દીકરીએ તે આપી નહીં. આથી કુંવરીએ રાજાને ફરિયાદ કરી. રાજાએ કાકુ અને તેની દીકરીને કુંવરીને કાંસકી આપવા બોલાવ્યાં.

રાજાએ એકના હજાર આપવા કહ્યા છતાં પણ કાકુ કાંસકી આપવા તૈયાર ન થયો એટલે રાજા ગુસ્સે થયો અને સૈનિકો મોકલી બળજબરીથી કાંસકી પડાવી લીધી.

કાકુ રોષે ભરાયો. વેરની આગમાં તે ગયો સિંધના રાજા પાસે. તેણે તેની આગળ વલભીની જાહોજલાલીનું વર્ણન કરી તેને વલભી લૂંટવા બોલાવ્યો. સિંધના રાજાએ આવીને શીલાદિત્યને હરાવ્યો. વલભીનો નાશ કર્યો અને કાકુ જેવા નમકહરામ માણસને પણ મારી નાખ્યો અને લૂંટી લીધો. એક નાનકડી કાંસકીને નિમિત્તે એક મહાનગરનો વિનાશ થયો.

અનુમૈત્રક-કાલ

મૈત્રક-કાળનો અંત ઈ. સ. 788માં આવતાં ગુજરાતની રાજકીય પરિસ્થિતિમાં ભારે પલટો આવ્યો. દક્ષિણ ગુજરાતમાં ગૂર્જરનૃપતિવંશની સત્તા સાથે ચાલુક્યની નવસારી શાખાની સત્તા અસ્ત પામી અને રાષ્ટ્રકૂટોના એક કુળની સત્તા સ્થપાઈ - જે છેક સાબરકાંઠા સુધી પ્રસરી. આ શાસનની રાજધાની ખેડામાં હતી, પરંતુ થોડા જ સમયમાં આ રાષ્ટ્રકૂટની સત્તા દખ્ખણના રાષ્ટ્રકૂટે છીનવી લીધી અને પોતાની એક અલગ શાખા સ્થાપી.

સૌરાષ્ટ્રમાં ત્યારે અલગઅલગ સત્તાઓ પ્રવર્તતી હતી. પશ્ચિમ સૌરાષ્ટ્રમાં ઘૂમલીનો સૈંધવંશ સત્તા ધરાવતો હતો.



દક્ષિણ સૌરાષ્ટ્રમાં ચાલુક્યવંશનું રાજ્ય પ્રવર્તતું હતું ને વઢવાણની આસપાસ ચાપવંશનું શાસન ચાલતું હતું.

મૈત્રકકાળ દરમ્યાન ભિલ્લમાલ(દક્ષિણ રાજસ્થાન)ની આસપાસનો પ્રદેશ 'ગૂર્જરદેશ' તરીકે ઓળખાતો હતો અને ગુજરાત સાથે ગાઢ સંબંધ ધરાવતો હતો. ત્યાંથી અનેક જાતિઓ ગુજરાતમાં આવીને વસી.

ભિલ્લમાલ - શ્રીમાલ

ક્ષત્રિય રાજપુત્ર મૂળરાજ સોલંકીનું રાજકુલ 'ગૂર્જર' હોવું જોઈએ. સાતમી સદીમાં તો શ્રીમાલ-ભિલ્લમાલ-(ભીનમાલ)ની આસપાસનો પ્રદેશ ગૂર્જરદેશ તરીકે ઓળખાતો હતો. આ પ્રદેશ હાલના આબુની ઉત્તર-પશ્ચિમે, રાજસ્થાનના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં આવેલો છે. શ્રીમાલ શહેર ત્રણ વખત નાશ પામ્યું હતું અને ત્રણ વખત ફરીથી વસાવાયું હતું. બાર સૈકા સુધી એની સમૃદ્ધિ ટકી રહી હતી.

આનર્ત, સૌરાષ્ટ્ર અને લાટ એમ ત્રણેય રાજ્યોને સમાવતા પ્રદેશોનું નામ ગૂર્જરદેશ કે ગુજરાત પડ્યું હતું અને ગુજરાતની પહેલી રાજધાની ભિલ્લમાલ કે શ્રીમાલ હતી. શ્રીમાલે જ એક મહાકવિ માઘ અને જ્યોતિષી બ્રહ્મગુપ્ત ભારતને આપ્યા હતા. ગૂર્જરોનો સૌપ્રથમ ઉલ્લેખ 'હર્ષચરિત'માં આવે છે. શ્રીમાલનો ઈતિહાસ-પ્રસિદ્ધ રાજવંશ તે ગૂર્જર પ્રતિહાર પહેલો નાગભટ્ટ, પછી કાકુત્સ્થ દેવરાજ, અને પછી પ્રતાપી રાજા વત્સરાજ.

ઉત્તર-ગુજરાતમાં પ્રતિહારોના શાસનનો અંત આવ્યા પછી ત્યાં ચાવડાવંશનું રાજ્ય સ્થપાયું હતું. ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ ચાવડાઓનાં નાના-મોટાં રાજ્યો હતાં. ચાવડાઓ - ચાપકુલ 'ચાપોત્કટ'નું અપભ્રંશ બન્યું હશે. ગૂર્જર પ્રતિહારોની જેમ ચાવડાવંશના રાજાઓએ પણ ગુજરાતના રાજકીય ઈતિહાસમાં સક્રિય ભાગ ભજવ્યો હતો. વનરાજ ચાવડાનો ઉલ્લેખ અગાઉ આવી ગયો છે.

ગુજરાતની વર્તમાન જ્ઞાતિઓ, તેમના આચાર-વિચાર અને ધર્મ-એકતા બીજી રીતે શ્રીમાલ સાથે સંબંધ ધરાવે છે. આમ, ગુજરાતનું ઘડતર શ્રીમાલનું છે અને તેની જ સંસ્કૃતિ સૌરાષ્ટ્ર અને લાટ (ભરૂચ) સુધી વિસ્તરી છે. એ અર્થમાં આ પ્રદેશોની ગુજરાત તરીકેની પહેલી રાજધાની ભિલ્લમાલ કે શ્રીમાલ હતી. 'શ્રીમાલ'નગર વિશે એક પુરાણગ્રંથ મળી આવ્યો છે. તેમાં આ નગર વિશે અનેક કિંવદંતીઓ અને પરંપરાઓ સંગૃહીત છે. તેમાં ઈતિહાસ નથી પણ તે અંગે પ્રકાશ પાડે તેવી પુષ્કળ સામગ્રી છે.

'શ્રીમાલ પુરાણ'માં શ્રીમાલનગરનું ખૂબ સુંદર ને આકર્ષક વર્ણન થયું છે. પછી આગળ તેમાં જણાવ્યા મુજબ વિશ્વકર્માએ નગરનિર્માણનું કાર્ય કર્યું અને ભગવાન વિષ્ણુએ નિવેદન કર્યું, દેવોએ ઘોષ કર્યો એમ લખાયું છે.

શ્રીએ પ્રસન્ન થઈ વિશ્વકર્માનો સત્કાર કર્યો અને વિષ્ણુએ તેને વરદાન આપ્યું અર્થાત્ વાસ્તુશાસ્ત્રને ધર્મશાસ્ત્રની જેમ બ્રાહ્મણો ભણશે અને શિલ્પીઓમાં તું આદ્ય થઈશ. ગુજરાતમાં શિલ્પીઓની જે જ્ઞાતિ અને શિલ્પીની પરંપરા છે તેનું આમાં અર્થપૂર્ણ સૂચન છે. 'શ્રીમાલપુરાણ'માં આ નગર અંગે, તેની રચના વિશે, તેનાં સ્થાપત્ય અને મંદિરો, જાતિઓ, વેદપાઠીઓ વિશે સુંદર વર્ણન છે.

શ્રીમાલનગરના વિદ્યાવ્યાસંગનું વર્ણન પણ તેમાં છે. તેમાં હજારો બ્રહ્મશાળાઓ અને મઠો દર્શાવેલ છે. એમાં સર્વ પ્રકારની વિદ્યા શીખવાતી. શ્રીમાલે એક મહાકવિ અને એક

ચાલુક્યવંશ

ચાલુક્યવંશનો એક રાજા પુલકેશી માળવા, લાટ (ભરૂચ) અને ગૂર્જર રાજ્યનો સમ્રાટ હતો, એવો એક ઈ. 634નો શિલાલેખ બિજાપુર નજીકના એક ગામમાંથી મળી આવ્યો છે. આ ચાલુક્યવંશના રાજા જયસિંહ પુલકેશી બીજાનો પુત્ર હતો. એની હકૂમત ઈ. 666થી 693 સુધી રહી હતી. જયસિંહ વર્માના પુત્રનો શિલાલેખ નવસારીમાં છે. જયસિંહે 'પરમભટ્ટારક'નું બિરુદ અપનાવ્યું હતું. જયસિંહના સમયમાં 'ત્રૈકૂટક' સંવત ચાલતો હતો. ભરૂચનો આખરી ગૂર્જર રાજા 'જયભટ' ઈ. 734-735માં હયાત હતો. તેના પછી થયેલા ચાલુક્યવંશના રાજાઓ હતા શીલાદિત્ય યુવરાજ ઈ.સ 691, વિનયાદિત્ય મંગલરાજ ઈ. 731 અને પુલકેશી જનાશ્રય ઈ. 738. એના જમાનાનો એક શિલાલેખ નવસારીથી મળ્યો છે, જેમાં લખ્યું છે કે અરબ લશ્કર જે સિંધમાંથી આવ્યું હતું તેણે કચ્છ, સૌરાષ્ટ્ર, ચાવડા, મૌર્ય (ચિતોડ) અને ભિન્નમાલની સલ્તનતોને બહુ પજવી હતી. ચાલુક્યવંશનો આખરી રાજા 'વિજયરાજ' ઈ. 740માં થઈ ગયો. તેની પાસેથી રાષ્ટ્રકૂટોએ સલ્તનત છીનવી લીધી હતી.

મહાન જ્યોતિષી આપ્યા છે : મહાકવિ માઘ અને જ્યોતિષી બ્રહ્મગુપ્ત. ઉપરોક્ત ગ્રંથ ઈ. સ. 628માં પૂરો થયો હતો. આ તો શ્રીમાલ-ભિલ્લમાલનો સાંસ્કૃતિક ઇતિહાસ, પણ તેનો રાજકીય ઇતિહાસ સ્પષ્ટ રીતે તારવી શકાતો નથી.

ગૂર્જર પ્રતિહાર સમય

ગૂર્જરોનો સૌપ્રથમ ઉલ્લેખ 'હર્ષચરિત'માં આવે છે. ગૂર્જરોની જૂની વસાહત પંજાબ અને વાયવ્ય પ્રાંતમાં હતી - સિંધુથી તે મથુરા સુધી. મથુરાથી તેઓ લગભગ ઈ. સ. 400થી 600ના અરસામાં આવ્યા હોય તેમ લાગે છે. ભિલ્લમાલનું પ્રભુત્વ તેમને સાતમા સૈકામાં પ્રાપ્ત થયું હોય એમ જણાય છે. જોકે શ્રીમાલનું અસ્તિત્વ તે પહેલાંનું હતું.

શ્રીમાલનો ઇતિહાસ પ્રસિદ્ધ રાજવંશ તે ગૂર્જર પ્રતિહાર. પહેલો નાગભટ્ટ, પછી કાકુત્સ્થ, દેવરાજ અને પછી વત્સરાજ જે એક પ્રતાપી રાજા હતો. ગૂર્જર પ્રતિહારોના રાજવંશના સમયમાં પાછળથી આઠમા અને નવમા સૈકામાં સૌરાષ્ટ્ર અને લાટમાં ગૂર્જરોનું પ્રભુત્વ વધતું રહ્યું. એ રીતે સમગ્ર પ્રદેશમાં ગૂર્જરદેશ તરીકે જાણીતો થયો. રાજા ભોજ પહેલાના મળી આવેલા વિક્રમ સંવત 900 - ઈ. સ 840ના તામ્રપત્રમાંથી કેટલાક નિર્દેશો પ્રાપ્ત થયા છે જેમાં 'ગૂર્જરત્રા' એવો નામોલ્લેખ છે.

ભિલ્લમાલ - શ્રીમાલ એ સ્થળ કઈ જગ્યાએ આવ્યું હશે ? 'શ્રીમાલપુરાણ'ના ઉલ્લેખોને આધારે તે આબુ પહાડની ઉત્તરે અને આબુથી વાયવ્યદિશામાં સાંભરસરોવર પાસે વસ્યું હતું. પહેલાં તેનું નામ ભિલ્લમાલ હશે. તે નગરની પ્રજા શ્રીમાલી તરીકે ઓળખાતી હતી. આજે પણ ગુજરાતમાં બ્રાહ્મણ-વણિકાદિના ઉપપ્રકારોમાં તેમ જ અટક તરીકે 'શ્રીમાળી' લખાય છે.

આ શ્રીમાલનગરી અત્યારે તો વેરાન સ્થિતિમાં છે. ત્યાં હજુય 'ભિલ્લમાલ' નામનું ગામડું છે. ત્યાં એક ચામુંડાનું મંદિર છે. તદુઉપરાંત થોડા શિલાલેખ પણ છે. આજુબાજુ થોડા કોટકિલ્લાના અને સરોવરના ભગ્નાવશેષ પડ્યા છે. આ જોઈ એક કાળે અહીં મહાનગર હશે તેવી કલ્પના પણ આવી શકતી નથી. ભિલ્લમાલ પુરાવસ્તુકીય ખોદકામથી ભારતીય ઇતિહાસ માટે પુષ્કળ સામગ્રી મેળવી આપે તેવું સ્થળ છે.

ચાવડા-સમય

ઉત્તર-ગુજરાતમાં પ્રતિહારોના શાસનનો થોડા વખતમાં અંત આવ્યો અને ત્યાં ચાવડાવંશનું રાજ્ય પ્રવર્ત્યું. તેની રાજધાની અણહિલ્લપાટક (અણહિલવાડ) નામે નવા પત્તન-(પાટણ)માં સ્થપાઈ. આ અગાઉ મૈત્રકકાળ દરમ્યાન ગૂર્જરદેશમાં ચાપવંશનું રાજ્ય હતું. વઢવાણમાં પણ એ વંશનું બીજું એક રાજ્ય હતું. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છમાં પણ અન્ય ચાવડા રાજ્યો હતાં. એ ચાપ - કુલ 'ચાપોત્કટ' કે ચાવડા તરીકે ઓળખાતું. આમ, ગૂર્જર પ્રતિહારોની જેમ ચાવડાઓએ પણ મૈત્રક તથા અનુ-મૈત્રક કાળ દરમ્યાન ગુજરાતના રાજકીય ઇતિહાસમાં સક્રિય ભાગ ભજવેલો તથા સાંસ્કૃતિક અભ્યુદય સાધનાર સોલંકી રાજ્યનો પાયો અણહિલવાડના ચાવડા રાજ્યની ભૂમિકા પર સ્થપાયો.

વનરાજ ચાવડાના રાજ્ય-શાસનનો ઉલ્લેખ સોલંકી-કાળથી સાહિત્યમાં મળે છે, છતાં વનરાજના પૂર્વજો વિશે કશું પ્રાચીન સાહિત્યમાં ઉપલબ્ધ નથી. વનરાજના પિતા જયશિખરીનો ઉલ્લેખ છેક 17મા-18મા સૈકામાં રચાયેલી કૃષ્ણકવિની હિન્દી 'રત્નમાલા'માં મળે છે. પંચાસરમાં ચાવડાવંશનું રાજ્ય ક્યારથી પ્રવર્તેલું એ નક્કી કરવું મુશ્કેલ છે. જયશિખરી વિશેની કથા આ મુજબ છે.

જયશિખરી

'પંચાસર' નામે એક નગર હતું. ત્યાં રાજા જયશિખરી રાજ્ય કરતો હતો. એક વખત પંચાસરના શંકર બારોટે કલ્યાણીના રાજા ભુવડના દરબારમાં જઈ જયશિખરીની વીરતાનાં અને આબાદીનાં કવિત ગાયાં. ગુજરાતમાં આવી સમૃદ્ધિ જાણી ભુવડની દાઢ સળકી. તેણે સરદાર મિહિરને મોટું લશ્કર આપીને જયશિખરીને જીતવા મોકલ્યો.

મિહિર લડવા આવે છે તે જાણીને જયશિખરીએ



જયશિખરીએ કેસરિયાં કર્યાં. કિલ્લાના દરવાજા ખોલી નાખ્યા. અંદરથી સૈનિકો ધસમસતા બહાર આવ્યા. 'હર હર મહાદેવ'ના બુલંદ નારા સાથે તેઓ દુશ્મનો પર તૂટી પડ્યા.



વનરાજ ઝાડની ડાળે બાંધેલી ઝોળીમાં સૂતો હતો ત્યારે વનમાંથી પસાર થતા સાધુ શીલગુણસૂરિએ તેના મુખની કાંતિ જોઈને ભવિષ્ય ભાખ્યું : 'આ બાળક મોટો રાજા થશે અને જૈન ધર્મનો ઉદ્ધાર કરશે.'

પોતાના સાળા અને શૂરા સરદાર સુરપાળને સામે લડવા મોકલ્યા. મિહિરનો જોરદાર સામનો કરીને સુરપાળે તેને ભગાડી મૂક્યો. આથી છંછેડાઈને ભુવડ પોતે મોટું લશ્કર લઈને પંચાસર પર ચડી આવ્યો. તેણે બાવન દિવસ સુધી પંચાસરના કિલ્લાને ઘેરો ઘાલ્યો. કિલ્લામાં બહારથી સાધન-સામગ્રી આવી શકતાં ન હતાં. કિલ્લામાં જે કાંઈ ખાધા-ખોરાકી હતી તે પૂરી થવા આવી હતી. સૌ અકળાઈ ઊઠ્યાં. જોખમ વહોરીને પણ યુદ્ધ કર્યા વિના છૂટકો ન હતો. આ સમયે જયશિખરીએ સુરપાળ સાથે રાણી રૂપસુંદરીને વનમાં મોકલી દીધી અને એક ભીલ સરદારે તેની દેખભાળ રાખવાનું વચન આપ્યું.

આ તરફ જયશિખરીએ કેસરિયાં કર્યાં. કિલ્લાના દરવાજા ખોલી નાખ્યા. અંદરથી સૈનિકો ધસમસતા બહાર આવ્યા. 'હર હર મહાદેવ'ના બુલંદ નારા સાથે તેઓ દુશ્મનો પર તૂટી પડ્યા; પરંતુ ભુવડનું સૈન્ય ખૂબ મોટું હતું. જયશિખરી ખૂબ વીરતાથી લડ્યો, પરંતુ આખરે લડતાંલડતાં તે મરાયો. પંચાસર ભુવડના હાથમાં આવ્યું.

વનરાજ ચાવડો

વનમાં જયશિખરીની રાણી રૂપસુંદરીએ એક બાળકને જન્મ આપ્યો. તેનું નામ પડ્યું - વનરાજ. પોતાના રાજાને વફાદાર એવા ભીલ લોકોએ રૂપસુંદરી રાણીમાતાને માનપાનથી રાખ્યાં અને સાચવ્યાં.

એક વખત વનરાજ ઝાડની ડાળે બાંધેલી ઝોળીમાં સૂતો હતો ત્યારે વનમાંથી પસાર થતા સાધુ શીલગુણસૂરિની નજરે પડ્યો. તેના મુખની કાંતિ જોઈને જતિએ ભવિષ્યમાં ભાખ્યું : 'આ બાળક ભવિષ્યમાં મોટો રાજા થશે અને જૈનધર્મનો ઉદ્ધાર કરશે.'

વનરાજ મોટો થયો. મામાએ તેને તીર તાકતાં, ઘોડેસવારી કરતાં અને તલવાર ચલાવતાં શીખવી દીધું. માતા અને મામા પાસેથી વાતો સાંભળીને તેને પોતાના પિતાનું રાજ પાછું મેળવવાની ઇચ્છા જાગી. મામા સુરપાળ તેના માર્ગદર્શક હતા. વનરાજ હવે બહારવટે ચડ્યો હતો. ભુવડના તાબા હેઠળના મુલક પર તે છાપા મારતો અને ધન લૂંટીને ભેગું કરતો. જ્યાંથી સાથ મળે ત્યાંથી બહાદુર માણસોને પોતાની સાથે જોડતો ગયો અને પોતાનું લશ્કર જમાવતો ગયો. તે વનની વાટો, કેડીઓ અને ખીણ-કોતરોનો ભારે ભોમિયો હતો. કોઈ શિકારની રાહ જોઈને તેઓ ગુપચુપ સંતાઈ ઊભા હતા તેવામાં દૂરથી ઘીનો ગાડવો ઊંચકીને આવતા એક વાણિયા પર તેમની નજર પડી. તેના બીજા હાથમાં તીરકામઠું હતું.

'ઊભો રહેજે, વાણિયા ! ખસ્યો તો મર્યો સમજજે !' વનરાજે તેને પડકાર્યો.

'આ ઊભો છું, મોત જોઈતું હોય તે મારી સામે આવે' એમ કહીને ચાંપાએ પોતાના ભાથામાંનાં પાંચ તીરમાંથી બે ભાંગીને ફેંકી દીધાં અને એકને ચાપ ઉપર ચઢાવવા માંડ્યું. આ જોઈ ત્રણે સડક થઈ ગયા.

'અલ્યા, ખમી જા. અમનેય તીર ચલાવતાં આવડે છે. પણ આ તીર તેં કેમ ભાંગીને ફેંકી દીધાં ?' સુરપાળે પૂછ્યું.

'તમે ત્રણ છો એટલે ત્રણ તીર બસ છે.' ચાંપાએ વળતો જવાબ દીધો.

'વાહ ! બહાદુર છે તું ! તારું નામ ?' વનરાજે પૂછ્યું.

'ચાંપો.'

'ચાંપા, હવે કજિયો પતાવ. તારી પાસે જે કાંઈ હોય તે મૂકીને રસ્તે પડ. તું એક છે ને અમે છીએ ત્રણ.' અણહિલ બોલ્યો.

'ભલે ત્રણ હો. આ પરદેશી રાજ્યમાં લૂંટારા વધી પડ્યા છે એટલે લડાઈની મારે નવાઈ નથી.' ચાંપો બોલ્યો.

'પરદેશી રાજમાં ? અગાઉના રાજમાં લૂંટફાટ ન હતી ?' સુરપાળે પૂછ્યું.

'અગાઉનું રાજ ?' ચાંપાએ નિઃશ્વાસ મૂક્યો, 'ભાઈ,



ચાંપાએ પોતાના ભાથામાંના પાંચ તીરમાંથી બે ભાંગીને ફેંકી દીધાં અને એકને ચાપ ઉપર ચઢાવવા માંડ્યું. આ જોઈ ત્રણે સડક થઈ ગયા.

તે દી તો વહી ગયા. જયશિખરી અને સુરપાળની હાક વાગતાં લૂંટારાઓના હાંજા ગગડી જતા.'

'તો, સાંભળ, હું જ છું તારી સામે સુરપાળ અને આ છે વનરાજ - રાજા જયશિખરીનો એકમાત્ર વારસ. તારે અમારી સાથે જોડાવું છે ? વનરાજને તેનું રાજ્ય મેળવવામાં તું મદદ કરીશ ?' સુરપાળે ચાંપાને ચોંકાવી દીધો. ચાંપો તો ઊલટાનો રાજીરાજી થઈ ગયો.

વનરાજને આવો વીર અને ધનિક સાથીદાર મળી ગયો. પછી વનરાજ અને સુરપાળે બરાબર યોજના કરી મોટું લશ્કર ભેગું કરીને ભુવડને હરાવીને પોતાનું રાજ્ય પાછું મેળવ્યું. વનરાજે પાટણમાં પોતાની રાજધાની બનાવી. પોતાના મિત્રની કદરદાની-રૂપે તેને 'અણહિલપુર-પાટણ' એવું નામ આપ્યું. પછી વડોદરા પાસે પાવાગઢની તળેટીમાં બીજું એક શહેર વસાવ્યું. તેનું નામ પોતાના બીજા સાથીદારના નામ ઉપરથી 'ચાંપાનેર' રાખ્યું.

બચપણમાં પોતાનું ઊજળું ભવિષ્ય ભાખનાર અને સહાય કરનાર આચાર્ય શીલગુણસૂરિની ઇચ્છાનુસાર પાટણમાં પંચાસરા પાર્શ્વનાથનું દેરાસર બંધાવ્યું. એમાં પ્રજાના આગ્રહથી વનરાજની પ્રતિમા પણ મૂકવામાં આવી. એ આજે પણ ત્યાં છે. વનરાજ એકસોદસ વર્ષ જીવ્યો. તેણે સાઠ વર્ષ રાજ્ય કર્યું.

યોગરાજ

વનરાજ પછી તેનો દીકરો યોગરાજ પાટણની ગાદીએ આવ્યો. યોગરાજ ખરેખર યોગી જ હતો, ન્યાયપ્રિય હતો. સાદાઈથી અને ધર્મ પ્રમાણે તે ચાલતો, પરંતુ તેના પુત્રો તેનાથી જુદા સ્વભાવના નીકળ્યા. તેઓ લૂંટ કરવાની વૃત્તિ ધરાવતા હતા. વનરાજે પોતાના પિતાનું રાજ્ય પાછું મેળવવા ચોરી અને લૂંટ ચલાવી હતી તેથી તેમની મથરાવટી મેલી થઈ હતી. ચાવડા એટલે કે ચોરી કરનારા એમ તેમના પર મહેણું હતું. વનરાજે પોતાના ધર્મપરાયણ વહીવટથી તે મહેણું ટાળ્યું હતું, પરંતુ તેના વંશજો એના પર પાણી ફેરવી રહ્યા હતા. એક દિવસ પ્રભાસપાટણને બંદરે સપડાઈ આવેલાં વહાણોની વાત યોગરાજના પુત્ર ક્ષેમરાજ પાસે આવી. એ જાણતાં જ તેના મનમાં લોભ જાગ્યો : એ સઘળું હાથ આવી જાય તો કેટલી બધી દોલત મળી જાય !



સમુદ્રકાંઠે જઈને પોતાના હથિયારબંધ માણસો સાથે તેની પર તૂટી પડ્યો અને સઘળી માલમિલકત લૂંટી લીધી.

ક્ષેમરાજ યોગરાજ પાસે આવ્યો, પિતાને આખી વાત સમજાવી : 'એક હજાર ઘોડા, દોઢસો હાથી અને બીજી કંઈ કેટલીય ધનદોલત સાવ મફતમાં મળી જાય તેમ છે. તમે રજા આપો તો બધું લઈ આવું.'

યોગરાજે કહ્યું : 'દીકરા, આપણે ચાવડાઓ પરનું મહેણું ટાળવાનું છે. આપણે તો રાજા છીએ. આપણે પ્રજાનું રક્ષણ કરવાનું છે, ભક્ષણ નહીં.'

ક્ષેમરાજ પિતાની વાત સાંભળ્યા વિના જ જતો રહ્યો. સમુદ્રકાંઠે જઈને પોતાના હથિયારબંધ માણસો સાથે તેની પર તૂટી પડ્યો અને હાથી-ઘોડા તેમ જ સઘળી માલમિલકત લૂંટી લીધી. સાધુપુરુષ જેવા યોગરાજને જીવતર અકારું થઈ પડ્યું. તેણે અન્નજળ છોડી દીધાં અને ચિતામાં પ્રવેશ કરી તે બળી મૂઓ. પુત્રના દુષ્કૃત્યનું પ્રાયશ્ચિત્ત તેણે પોતાનું બલિદાન આપીને કર્યું.



મૂળરાજની ચમકારા કરતી તલવારથી સામંતસિંહનું માથું ધડથી જુદું થઈ ગયું.

સામંતસિંહ અને મૂળરાજ

ચાવડાવંશનો છેલ્લો રાજા સામંતસિંહ દારૂડિયો હતો. તેના ભાણેજ તે મૂળરાજ. મૂળરાજના બાપનું નામ હતું રાજ અને માતાનું નામ લીલાદેવી. રાજ કોઈ પરદેશી રાજકુમાર હતો. સોમનાથ-પાટણની જાત્રાએથી પાછા વળતાં તે તેના બે ભાઈઓ સાથે પાટણ આવ્યો હતો. ત્યાં એની અદ્ભુત એવી અશ્વપરખ જોઈને સામંતસિંહે તેની બહેન લીલાદેવીને રાજ સાથે પરણાવી હતી. થોડા સમય બાદ રાજ કચ્છના રાજા લાખાના હાથે મરાયો અને લીલાદેવી સુવાવડમાં ગુજરી ગઈ એટલે સામંતસિંહે મૂળરાજને ઉછેરીને મોટો કર્યો.

દારૂના ઘેનમાં અનેક વાર સામંતસિંહ મૂળરાજની મશ્કરી કરતો. મૂળરાજને તે ગાદી પર બેસાડતો અને ઘેન ઊતરી જતાં પાછો ઉઠાડી મૂકતો. આવી મશ્કરીથી મૂળરાજ ખૂબ અકળાતો. આવા દારૂડિયાથી લોકો પણ અકળાયેલા હતા એટલે મૂળરાજ ધીરેધીરે કેટલાક દરબારીઓને પોતાના પક્ષમાં લઈ લીધા. એક વાર આવે પ્રસંગે સામંતસિંહે



મૂળરાજે પોતાનું કલંક દૂર કરવા માટે કનોજ અને કાશીથી બ્રાહ્મણો તેડાવ્યા, તેમનું પૂજન કરી દક્ષિણા આપી સન્માન કર્યું.

મૂળરાજને ગાદીએ બેસાડ્યો ત્યારે મૂળરાજની ચમકારા કરતી તલવારથી સામંતસિંહનું માથું ધડથી જુદું થઈ ગયું. મૂળરાજ તે ગાદીનો માલિક બન્યો. તે દિવસથી ગુજરાતમાં સોલંકીયુગની શરૂઆત થઈ. મૂળરાજે તેના શાસન દરમ્યાન પાટણની ગાદી શોભાવી.

સોલંકીયુગ

મામાને મારીને મૂળરાજ ગાદીએ આવ્યો તેથી તેના ઘણા દુશ્મનો થયા. આ ઉપરાંત મૂળરાજને મામાની હત્યા કરવા બદલ પશ્ચાત્તાપ પણ થયો. પોતાનું એક કલંક દૂર કરવા માટે તેણે કનોજ અને કાશીથી બ્રાહ્મણો તેડાવ્યા, તેમનું પૂજન કરી દાન-દક્ષિણા આપ્યાં. તેની કીર્તિ ઠેરઠેર ફેલાઈ. તેણે સૌરાષ્ટ્રના એક અન્ય રાજવી ગ્રહરિપુ અને લાટના સરદાર બારપને હરાવ્યા. પોતાનું રાજ્ય ઠેઠ લાટ સુધી વિસ્તાર્યું. લગભગ તે સમયથી ગુજરાતની હદ બંધાઈ તેમ કહી શકાય.

આ ઉપરાંત સરસ્વતીનદીને તીરે રુદ્રમહાલય નામનું એક ભવ્ય શિવાલય બંધાવા માંડ્યું. રુદ્રમહાલયનાં સ્થાપત્ય-શિલ્પ ભારતનાં અન્ય ઉત્કૃષ્ટ સ્થાપત્યોની બરોબરી કરી શકે તેવા પ્રકારનાં હતાં. અલબત્ત, રુદ્રમહાલયનું આયોજન એટલું વિશાળ હતું કે પોતાના જીવનકાળ દરમ્યાન તે પૂરું થઈ શક્યું નહીં. આ ઉપરાંત પણ મૂળરાજે અન્ય પ્રાસાદો અને મંદિરો બંધાવ્યાં. પાટણનો વૈભવ તેણે એટલો બધો વધાર્યો કે ઠેરઠેરથી લોકો ત્યાં આવીને વસવા લાગ્યા. ભિલ્લમાલથી પણ મોટી સંખ્યામાં લોકો આવીને પાટણમાં વસ્યા હતા. પાટણ વેપાર અને વિદ્યાનું ધામ બન્યું.

મૂળરાજ સોલંકીના શાસન દરમિયાન ગુજરાત અને સૌરાષ્ટ્ર પર સોલંકીવંશનો ઝંડો ફરક્યો. તેના સમયમાં ગુજરાતમાંથી બૌદ્ધધર્મ નહિવત્ બની ગયો, કારણ કે મૂળરાજ બ્રાહ્મણોને બહુમાન આપતો હતો. મૂળરાજ પછીના ત્રણ રાજાઓના શાસનમાં ખાસ નોંધપાત્ર બનાવો બન્યા નહોતા.

ગઝનીની સોમનાથ પર સવારી

મૂળરાજ પછી પચીસ વર્ષના ગાળામાં ગુજરાતની ગાદી પર ત્રણ રાજાઓ થઈ ગયા : ચામુંડદેવ વલ્લભરાજ અને દુર્લભરાજ, પરંતુ એમના સમય દરમ્યાન ખાસ કોઈ નોંધપાત્ર બનાવો બન્યા નથી. તેમના પછી ભીમદેવ પહેલો ગાદીએ આવ્યો. ઇતિહાસમાં એ ભીમ બાણાવળી તરીકે પ્રસિદ્ધ છે. તે ગાદીએ આવ્યા પછી ગુજરાત પર અનેક ભયંકર આફતો ઊતરી આવી. આ આફતનાં મૂળ સૌરાષ્ટ્રને કાંઠે આવેલા પ્રભાસપાટણની જાહોજલાલી અને લક્ષ્મીમાં રહેલાં હતાં.

પ્રભાસનું સોમનાથનું આ શિવમંદિર ખૂબ સમૃદ્ધ હતું. તેમાં લાકડાના છપ્પન થાંભલા સોને મઢેલા હતા અને તેની પર રત્નો જડેલાં હતાં. જમીનની અંદર અડધો મીટર અને ઉપર દોઢ મીટર શિવલિંગ હતું. ત્રણ હાથ એનો ઘેરાવો હતો. યાત્રાળુઓનો અવિરત પ્રવાહ બારે મહિના અહીં ચાલુ રહેતો. તેઓની ભેટ-સોગાદોથી સોમનાથની સમૃદ્ધિ વધ્યા જ કરતી. મંદિરની અંદર શિવલિંગ પાસે 200 મણ વજનના લટકાવેલ ઘંટની સાંકળો સોનાની હતી. રત્નજડિત દીપમાળા નિરંતર બળ્યા કરતી. મહાદેવજી માટે 2000 કિ.મી. દૂરથી ગંગામૈયાનું પવિત્ર જળ દરરોજ કાવડમાં આવ્યા કરતું. રાજા-મહારાજા અને નગરશેઠો તરફથી કીમતી નજરાણું આવ્યા કરતું.

આવી આ અઢળક સમૃદ્ધિની વાત ગઝનીના સુલતાન મહંમદને કાને પડી. આરબ અને યહૂદી વેપારીઓ અહીંથી અદ્‌ભુત કલા-કારીગરી-ભર્યો માલસામાન લઈ જતા. રસ્તામાં ગઝની આવતું. સુલતાન મહંમદ બાળક હતો ત્યારે આ વેપારીઓને પૂછતો : 'આ બધું શું છે ? તમે ક્યાંથી ક્યાં લઈ જાઓ છો ?'

વેપારીઓ કહેતા : 'હિન્દુસ્તાન તો સોનાની ખાણ છે ખાણ ! એ દેશમાં અઢળક ધન છે !' ત્યારથી જ બાળક

સોમનાથ પર ગઝનીનો હુમલો



મહંમદે મનમાં નિશ્ચય કર્યો હતો કે મોટો થઈને હું હિન્દુસ્તાન જઈશ ને ત્યાંથી અઢળક સંપત્તિ લૂંટી લાવીશ.

સમય જતાં મહંમદ સુલતાન થયો. હિન્દની અપાર ધનદોલત એની દાઢમાં જ હતી. એ ધન લૂંટવા એણે હિન્દ પર ઘણી સવારીઓ કરી. સુલતાન માટે હિન્દમાં આવવાનું કંઈ સહેલું ન હતું. માર્ગમાં મોટું રણ હતું. તેમ છતાં ભારે હિંમત કરીને તે અહીં આવી પહોંચ્યો. ઈ. સ. 1025ના જાન્યુઆરીની 30મી તારીખે તેણે સોમનાથનાં બારણાં ખખડાવ્યાં.

ભીમદેવ પહેલો :

તે વખતે પાટણમાં સોલંકીવંશનો ભીમદેવ પહેલો રાજ્ય કરતો હતો. આવી ભીષણ આપત્તિથી ભીમદેવ મૂંઝાઈ ગયો. મંત્રીમંડળની સલાહથી તેણે કંથકોટના કિલ્લામાં આશ્રય લીધો. આજુબાજુથી હજારોની સંખ્યામાં સોમનાથનું રક્ષણ કરવા બહાદુર રજપૂતો ઊમટી આવ્યા, પરંતુ મહંમદ ગઝનીના વાવાઝોડા જેવા વિશાળ, ઝનૂની અને પ્રબળ સૈન્ય આગળ તેમનું કંઈ ચાલે તેમ ન હતું. મહંમદે સોમનાથના મંદિરમાં બેફામ લૂંટ ચલાવી, એટલું જ નહીં, પણ મંદિરનાં અનુપમ સ્થાપત્યનો નાશ કર્યો. ભવ્ય શિવલિંગના બે કટકા કરી નાખ્યા. અનેક બ્રાહ્મણોની કતલ કરી. મંદિરનાં સુંદર કારીગરીવાળાં સુખડનાં કમાડો ઉતરાવી લીધાં અને ગઝની તરફ એણે પ્રયાણ કર્યું.

છેવટે મહંમદ ગઝની ઉત્તર હિન્દુસ્તાન છોડીને પાછો જતો રહ્યો ત્યાર પછી જ ભીમદેવે ગુજરાતનું રાજ્ય પુનઃ કબજે કર્યું હતું. મહંમદ ગઝનીએ સોમનાથના ભવ્ય મંદિર પર પણ હુમલો કરીને, જે કંઈ ઝવેરાત મળ્યું તે લૂંટી લઈને, શિવલિંગનો નાશ કર્યો હતો. ભીમદેવની રાણી ઉદયમતીએ પાટણમાં બંધાવેલી વાવ હાલમાં 'રાણીની વાવ' તરીકે ઓળખાય છે. આ ભીમદેવે સિંધુનદી પર પુલ બાંધી સિંધના રાજા હમ્મુક પર ચડાઈ કરીને તેને હરાવ્યો હતો. ભીમદેવે ચેદીના રાજા કરણને પણ હરાવ્યો હતો, એટલું જ નહિ, પણ ભીમદેવે આબુના પરમાર રાજાને તેમજ નડૂલના ચૌહાણ રાજાને પણ વશ કર્યા હતા. ધનુર્વિદ્યામાં નિપુણ ભીમદેવના દંડક વિમળશાહે આબુ, દેલવાડા અને આરાસુરમાં મંદિરો બંધાવ્યાં હતાં.

મહંમદની ફોજ જ્યારે અણધારી ઝડપે તેમ જ કપરા વખતે પોતાની રાજધાની અણહિલવાડ પાટણ તરફ આવી પહોંચી ત્યારે ભીમદેવ નિષ્ફળ સામનો કરવાનું ટાળીને ત્યાંથી પલાયન થઈ ગયો હતો અને કંથકોટના કિલ્લામાં ભરાઈને બેઠો હતો, કારણ કે વીજળીવેગે ધસમસતા આવતા મહંમદના લશ્કર સામે થવાનું ભીમદેવના પ્રધાનોને મુનાસિબ નહોતું લાગ્યું, એટલે તેમની સલાહથી મહંમદને પાછા વળતાં ખોખરો કરવાનું તેમણે વિચાર્યું હતું. ત્યાં સુધી બીજા રાજાઓની મદદ મળી રહેવાની પણ આશા હતી.

સોમનાથ લૂંટીને મહંમદ પાછો ફરી રહ્યો હતો, ત્યાં એને સમાચાર મળ્યા કે હિન્દુ રાજાઓ એનો રસ્તો આંતરીને ઊભા છે. તે રસ્તો બદલીને કચ્છને માર્ગે આગળ વધ્યો. પાછા ફરતાં રણને રસ્તે તેના લશ્કરની ઘણી ખુવારી થઈ.



'રાણીની વાવ'

આ વાવ જમીનની સપાટીએથી સાત મજલા ઊંડી છે. દરેક મજલાની દીવાલો પર દેવદેવીઓ, નર્તકીઓ, દ્વારપાળો, પ્રાણીઓ વગેરેનાં સુંદર શિલ્પો છે. આ વાવ સેંકડો વર્ષો સુધી કોઈ અગમ્ય કારણોસર માટીમાં ધરબાયેલી રહી, તેથી વિધર્મીઓના આક્રમણથી બચી ગઈ. આઝાદી પ્રાપ્ત થયા પછી આ વાવનું ઉત્ખનન કરવામાં આવ્યું અને ઐતિહાસિક વારસાનું એક અપ્રતિમ સ્વરૂપ આપણને જોવા મળ્યું.

મૂળરાજ :

ભીમદેવ શૂરવીર હતો તેવો જ ઉદાર પણ હતો. તેના સમયમાં એક વાર ભયંકર દુષ્કાળ પડ્યો. એક દિવસ ભીમદેવનો પુત્ર મૂળરાજ ફરીને પાછો આવતો હતો ત્યારે મહેલ આગળ કેટલાક ખેડૂતોને પકડી લાવીને સૈનિકો ઊભા હતા. તપાસ કરતાં જણાયું કે તેઓએ મહેસૂલ ભર્યું ન હોવાથી તેમને પકડવામાં આવ્યા છે.

ખેડૂતોએ કહ્યું, 'બાપુ, અમે મહેસૂલ ભરી દઈશું. એક વરસ ખમી જાઓ, બાપુ !'

મહેસૂલ માફ કરવાની સત્તા મૂળરાજની ન હતી. આથી તે પિતા પાસે ગયો. ભીમદેવ તેની રાહ જોઈને બેઠો હતો. તે બોલ્યો, 'બેટા, આજે તારે માટે મેં એક સરસ ઘોડો ખરીદ્યો છે. તારી ઘોડેસવારીની મારે પરીક્ષા લેવી છે.'

મૂળરાજની આંખમાં ચમક આવી ગઈ. તે બોલ્યો, 'ચાલો બાપુ, અબઘડી જ.'

મૂળરાજ અને ખેડૂતો





મયણલ્લાદેવીની સુંદર છબી તૈયાર કરાવીને જયકેશીએ પુરોહિતને પાટણ મોકલ્યા અને કર્ણદેવની માતા પાસે જઈ માગું કરાવ્યું.

થોડા દરબારીઓને બોલાવવામાં આવ્યા. મૂળરાજ ઘોડા પર સવાર થયો. મૂળરાજે ઘોડો ખૂબ ખેલાવ્યો. એક મોટું ચક્કર લઈને મૂળરાજ પિતા પાસે આવ્યો. ભીમદેવ ખૂબ રાજી થઈ ગયો. તે બોલ્યો : 'વાહ બેટા ! હું ખૂબ ખુશ છું ! તારી જે કાંઈ ઈચ્છા હોય તે માગી લે !'

પિતાને આનંદમાં આવેલા જોઈને મૂળરાજે ખેડૂતોના દુ:ખની વાત પિતાને કરી. પ્રજા પ્રત્યે દીકરાની આવી અનુકંપા જોઈને ભીમદેવ ખુશ થઈ ગયો. તેણે ખેડૂતોનું મહેસૂલ માફ કરી દીધું અને તેમને છોડી મૂક્યા, પરંતુ કમનસીબે થોડા જ વખત પછી મૂળરાજ મરણ પામ્યો.

બીજે વર્ષે વરસાદ સારો થયો. પાક પણ સારો થયો. બે વર્ષનું મહેસૂલ લઈને ખેડૂતો રાજા પાસે ગયા. રાજાએ પોતે માફ કરેલું મહેસૂલ લેવાની ના પાડી. ખેડૂતોએ પણ એ મહેસૂલ ભરી દેવા જીદ પકડી. આખરે તોડ એવો કાઢ્યો કે 'ખેડૂતોએ આપેલા મહેસૂલમાં રાજાએ પણ એટલા જ પૈસા ઉમેરવા અને તેમાંથી મૂળરાજની યાદમાં એક સુંદર મંદિર બંધાવવું.'

ભીમદેવે પાટણમાં અનેક વિદ્યાપીઠો અને મંદિરો બંધાવ્યાં. મહંમદે ભાંગેલું સોમનાથનું મંદિર ભીમદેવે ફરી બંધાવ્યું. ઉપરાંત પાટણમાં રાણીની વાવ બંધાવી. મોઢેરાની ભાગોળે મહંમદ ગઝની સાથે થયેલા યુદ્ધની ભૂમિ પર સૂર્યમંદિર બંધાવ્યું. ભીમદેવ એક સારો રાજા હતો, પણ કમનસીબે તેનાં ઘણાં વર્ષો લડવામાં વેડફાઈ ગયાં.

કર્ણદેવ સોલંકી :

ભીમદેવ પહેલાના શાસન બાદ તેના અને રાણી ઉદયમતીના પુત્ર કરણ ઉર્ફે કર્ણદેવ સોલંકીએ રાજ્ય સંભાળ્યું. કર્ણદેવનો શાસનકાળ કેટલાક ઈતિહાસકારો 1064થી 1094 માને છે, જ્યારે મુસ્લિમ ઈતિહાસકારના મત પ્રમાણે ઈ. સ. 1072થી 1094 સુધી કરણે રાજ્ય કર્યું હતું. આ રાજાએ તમામ બંડખોરોને દબાવી ધંધુકા અને આશાપલ્લી-(આશાવલ)ના કોળી રાજાને હરાવી ત્યાં કર્ણાવતી નામનું નગર વસાવ્યું હતું. એ આશાવલ (હાલના અમદાવાદના) જમાલપુરના સ્થાને હતું અને કર્ણાવતીના વિસ્તારમાં આશાવલ ઉપરાંત કોચરબ-પાલડીનો પણ સમાવેશ થતો હતો. કર્ણદેવે લાટ પ્રદેશ જીતી લઈને સોલંકી રાજ્યનો ધ્વજ દક્ષિણ-ગુજરાતમાં છેક નાગસારિકા (હાલનું નવસારી) પર ફરકાવ્યો હતો. દક્ષિણ ભારતની મીનળદેવી સાથે કર્ણદેવ પરણ્યો હતો. એક ઈતિહાસકારના જણાવ્યા પ્રમાણે મીનળદેવી ચંદ્રપુરના રાજા જયકેશીની કુંવરી હતી. મીનળદેવીએ સિદ્ધરાજને જન્મ આપ્યો હતો.

કર્ણદેવે મહી અને નર્મદાની આસપાસનો લાટ નામે ઓળખાતો પ્રદેશ જીતી લીધો હતો. એ વખતે લાટ જીતવું એ જેવીતેવી વાત ન હતી. રસ્તામાં આશાવલ આવતું અને આશાવલમાં આશા ભીલ રાજ્ય કરતો હતો. ભીલોનો એ મોટો સરદાર હતો. તેની પાસે મોટું લશ્કર હતું. તેને પણ કર્ણદેવે હરાવીને આશાવલી પર કબજો કરી આશાવલી નગર સારી રીતે વસાવ્યું. આમ, કર્ણદેવ હવે કચ્છ, કાઠિયાવાડ, ઉત્તર ગુજરાત અને દક્ષિણ-ગુજરાતનો રાજા બન્યો એટલે હવે ભરૂચ, ખંભાત અને પ્રભાસપાટણનાં બંદરોની ભરચક આવક તેની તિજોરીમાં એકઠી થવા લાગી. તેનાં વૈભવ અને પરાક્રમની વાતો દૂરદૂર સુધી પહોંચી.

એ વખતે કર્ણાટકમાં ચંદ્રપુર નગરમાં રાજા જયકેશીનું રાજ્ય હતું. તેને મયણલ્લાદેવી નામની પુત્રી હતી. તે ગાયનવાદન અને નૃત્યમાં નિપુણ હતી. કર્ણદેવની કીર્તિ ઠેઠ ત્યાં સુધી પહોંચી હતી. મયણલ્લાદેવીએ મનોમન કર્ણદેવ સાથે પરણવાનું નક્કી કર્યું. પુત્રીની સુંદર છબી તૈયાર કરાવીને જયકેશીએ પુરોહિતને પાટણ મોકલ્યા અને કર્ણદેવની માતા પાસે જઈ માગું કરાવ્યું.

મયણલ્લાદેવીની સુંદર છબી જોઈને કર્ણદેવે હા પાડી. લગ્ન નક્કી થઈ ગયાં. પણ પરણવા આવેલી મયણલ્લાને જોઈને તે અકળાઈ ઊઠ્યો. છબીમાં જોયેલી સુંદર રાજકુમારીને બદલે આ તો શ્યામળી હતી. તેણે પરણવાની ના પાડી દીધી, પરંતુ માતા ઉદયમતીની સમજાવટથી આખરે તે માની ગયો અને કર્ણદેવે મયણલ્લા સાથે લગ્ન કર્યાં.

મયણલ્લાદેવી ખૂબ હોશિયાર અને ચતુર સ્ત્રી હતી. તેણે પોતાના બુદ્ધિકૌશલ્યથી રાજ્યની ધુરા પોતાના હાથમાં લઈ લીધી અને પાટણને એક સમૃદ્ધ રાજ્ય બનાવ્યું. આ મયણલ્લા તે જ પાછળથી પાટણની રાજમાતા મીનળદેવી તરીકે અપૂર્વ કીર્તિને પામી.

પાટણની ગાદી પર કર્ણદેવે થોડાં વર્ષ રાજ્ય કર્યું. થોડા સમય બાદ માળવાનો રાજા નરવર્મા પાટણ પર મોટું લશ્કર લઈને ચડી આવ્યો. કર્ણદેવને યુદ્ધમાં ઊતરવાની ફરજ પડી. માળવાનું લશ્કર મોટું હતું. કર્ણદેવ યુદ્ધમાં ખપી ગયો. આ વખતે કર્ણદેવનો પુત્ર જયસિંહ નાનો હતો એટલે તેના વતી માતા મીનળદેવીએ રાજ્યની લગામ હાથમાં લીધી અને કુશળતાથી રાજ્ય ચલાવ્યું.

સિદ્ધરાજ જયસિંહ (ઈ.સ. 1094થી 1143).

સિદ્ધરાજ તરીકે વિશેષ જાણીતા થયેલા જયસિંહનો જન્મ ઈ. સ. 1091માં થયો હતો. પિતા કર્ણદેવના અવસાન-સમયે સિદ્ધરાજ જયસિંહની ઉંમર ફક્ત ત્રણ જ વર્ષની હતી. આટલી નાની ઉંમરે પિતાની ગાદી પર બેઠેલા જયસિંહની ગાદીનો વહીવટ હકીકતમાં તો કર્ણદેવ ઉર્ફે કરણના મામા મદનપાળ સંભાળતા હતા. જ્યારે મદનપાળના જુલમોથી ત્રાસેલી પ્રજાએ તેને મારી નાંખ્યો ત્યારે જયસિંહની હોશિયાર માતાએ મીનળદેવીએ સત્તાની લગામ પોતાના હાથમાં લઈને રૈયતનાં દિલ જીતી લીધાં હતાં. તેના બે ઉત્તમ સલાહકારોમાંના એક હતા મુંજાલ.



મીનળદેવી સિદ્ધરાજ પાસે પ્રજાનો જાત્રાળુ કર માફ કરાવે છે.

લોકમાતા મીનળદેવી :

રાજમાતા મીનળદેવીની પ્રજાવત્સલતા વિશે એક સરસ કથા છે. રાજમાતા મીનળદેવી સોમનાથની જાત્રાએ જઈ રહ્યાં છે. તેમના મુખ પર આનંદ અને પ્રસન્નતા છે, એવામાં ભોળાદ ગામની ભાગોળે એકાએક તેમનું મોં પડી ગયું. કારણ કે સામે કેટલાક સાધુ-સંન્યાસીઓ મળ્યા. તે બધાંનાં મોં ઉદાસ હતાં. કેટલાકની તો આંખોમાં આંસુ હતાં.

મીનળદેવીને આ જોઈ દુ:ખ થયું. સિદ્ધરાજના રાજમાં પ્રજાની આંખમાં આંસુ ? તેમણે સાધુઓને પાસે બોલાવીને પૂછપરછ કરી તો એક સાધુએ કહ્યું, 'માતાજી, સોમનાથ મંદિરના વહીવટદાર અમારી જાત્રાળુઓ પાસે કર માગે છે. જો મુંડાવેરો ન આપીએ તો તે અમને દર્શન કરવા ન દે. અમે રહ્યા સાધુ-સંન્યાસી. અમારી પાસે પૈસા ક્યાંથી હોય ?'

'હું સમજી.' રાજમાતા બોલ્યાં. તેમણે રથ પાછો વળાવ્યો. વાયુવેગે વાત ફેલાઈ ગઈ કે રાજમાતા મીનળદેવી સોમનાથનાં દર્શન કર્યા વિના પાછાં ફરી રહ્યાં છે. વાત આવી સિદ્ધરાજને કાને. તે સામે ગયાં. અડધા રસ્તે માતાને મળ્યા. માતાએ મહાદેવનાં દર્શન કર્યા વિના પાછા ફરવાનું કારણ કહ્યું. માતાને સિદ્ધરાજે સમજાવ્યું કે આ વેરામાંથી બોંતેર લાખ રૂપિયાની આવક થાય છે.

મીનળદેવીએ કહ્યું, 'હા, હું જાણું છું. પણ જો પૈસાના અભાવે ભક્તો ભગવાનનાં દર્શન ન કરી શકે તો હું કયા મોઢે દર્શન કરું ? અને મેં દર્શન કર્યા વિના અન્નજળ ન લેવાની બાધા લીધી છે. મારે મન સૌ પહેલાં પ્રજાનું સુખ છે.' સિદ્ધરાજ શરમિંદો બની ગયો. તે બોલ્યો : 'મા, આજે તમે મારી આંખો ઉઘાડી છે. આજથી હું પ્રજાનો સાચો પાલક બનીશ.'

સિદ્ધરાજ જયસિંહે માળવા પર ચડાઈ કરીને ત્યાંના રાજા યશોવર્માને કેદ કરી એને પાટણ લઈ આવવાનું પરાક્રમ કર્યું હતું. માળવામાં સિદ્ધરાજે દંડાધિપતિ તરીકે મહાદેવને નીમ્યો હતો. માળવાની સાથે મેવાડ, ડુંગરપુર અને વાંસવાડાના પ્રદેશો પણ સિદ્ધરાજના તાબામાં આવ્યા હતા. અચલેશ્વર (ઉત્તર-ગુજરાત) અને ચંદ્રાવતીના પરમાર રાજાને પણ સિદ્ધરાજે હરાવ્યા હતા. બુરહાનપુર પણ સિદ્ધરાજની હકૂમત હેઠળ આવ્યું હતું. બુંદેલખંડના રાજા મદનવર્મા પર ચડાઈ કરીને, રાજાને હરાવીને સિદ્ધરાજે નજરાણાં મેળવ્યાં હતાં. આમ સિદ્ધરાજે સોલંકી રાજ્યને હાલના ગુજરાત કરતાં પણ વિસ્તૃત બનાવ્યું હતું. સિદ્ધરાજ જયસિંહની આ સિદ્ધિની સ્મૃતિમાં સિંહ સંવત (વિ. સં. 1170માં) શરૂ થયો. 'અવંતીનાથ' તરીકે કીર્તિ સંપાદિત કરનાર સિદ્ધરાજ અવારનવાર હેમાચાર્ય ઉર્ફે હેમચંદ્રાચાર્ય પાસેથી ધર્મની વાતો સાંભળતો હતો અને તેમને 'સિદ્ધહેમ' નામનો વ્યાકરણગ્રંથ રચવાની પ્રેરણા આપી હતી, એટલું જ નહિ, પણ શ્રીપાલ, વાગ્ભટ વગેરે અનેક વિદ્વાનોને તેણે ઉત્તેજન આપ્યું હતું.



મીનળદેવીના અમલ દરમ્યાન ધોળકામાં એક ગોળાકાર તળાવ બાંધવાનું નક્કી થયું હતું, પરંતુ તેમ કરતાં એક જગ્યાએ એક બાઈનું ઘર આવતું હતું. તેને લીધે તળાવના આકારમાં ખાંચો પડતો હતો અને તળાવની શોભા ઓછી થતી હતી. તળાવનો નકશો જોતાં મીનળદેવીએ એ બાઈ પાસે મોંમાગ્યા દામે ઘર વેચાતું માગ્યું, પણ પેલી બાઈને પોતાના ખોરડા માટે એટલી મમતા હતી કે તેણે તે વેચવા ના પાડી દીધી.

રાજમાતા મીનળદેવીએ ધાર્યું હોત તો એ ઘર લઈ શક્ત, પણ તેમણે તેમ કર્યું નહીં. તેમણે કહ્યું, 'જેવો આપણો મહેલ તેવી એની ઝૂંપડી.' તળાવની સુંદરતાના ભોગે પણ તે નભાવી લીધું અને ગરીબ બાઈનું દિલ દુભાવ્યું નહીં. તળાવ બંધાયું પણ તેમાં ખાંચો રહી ગયો. લોકો હજી કહે છે : 'ન્યાય જોવો હોય તો મલાવ તળાવ જુઓ.'



સિદ્ધરાજ જયસિંહ મહાગ્રંથ 'સિદ્ધહેમ'નું સન્માન કરે છે.



સિદ્ધરાજ અને હેમચંદ્રાચાર્ય

સિદ્ધરાજ જયસિંહદેવનો શાસનકાળ ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયેલો છે. તે સમય દરમ્યાન ગુજરાત તેની રાજકીય સ્થિરતા, સમૃદ્ધિ તેમ જ કળા અને સંસ્કૃતિના શિખરે હતું.

સિદ્ધરાજે ગુજરાતને અવંતી વગેરે સામ્રાજ્યોની બરાબરીનું ગૂર્જર સામ્રાજ્ય બનાવ્યું. તેણે લાટ અને સોરઠને જીતીને તે બંને પ્રદેશોને ગુજરાત સાથે સાંકળ્યા. માળવા પર વિજય કરીને સર્વોપરિતા સ્થાપી. માળવાના નાગદેવ પરમાર જેવા યોદ્ધાઓ તેની સેનામાં હતા, તો મુંજાલ, ઉદયન, સજ્જન અને શાંતુ મહેતા જેવા વિચક્ષણ તેના મંત્રીઓ હતા. હેમચંદ્રાચાર્યને તમામ સુવિધાઓ કરી આપી. પ્રતાપી પાટણનરેશ સિદ્ધરાજ અને જ્ઞાનની સાક્ષાત્ મૂર્તિસમી વિભૂતિ આચાર્ય હેમચંદ્રનો સુખદ સંયોગ થયો. શૌર્ય અને સંસ્કારની ભૂમિમાં જ્ઞાનના દીપ પ્રગટી ઊઠ્યા.

આચાર્ય હેમચંદ્રસૂરિના નિવાસે અનેક લહિયાઓ લખ્યા કરતા. આચાર્યશ્રી નિતનવું સાહિત્ય લખાવ્યે જતા. તેમણે વ્યાકરણ લખ્યું. વ્યાકરણનાં મૂળ સૂત્રો, વૃત્તિ અને વિવેચન તૈયાર થયાં. નામ એનું 'સિદ્ધહેમ'. વિદ્યાનો મહિમા પારખનારા સિદ્ધરાજે એ મહાગ્રંથને શણગારેલા હાથી ઉપર આદરપૂર્વક પધરાવીને આખા પાટણ નગરમાં વાજતે-ગાજતે વરઘોડો કાઢ્યો. પોતે પણ પગે ચાલીને એ યાત્રામાં સામેલ થયો.

સિદ્ધરાજના સમય દરમ્યાન 'સહસ્રલિંગ'-તળાવ જેવાં અનેક બાંધકામો પણ થયાં. સહસ્રલિંગ-તળાવના કાંઠે એણે 1008 શિવાલયો બંધાવ્યાં હતાં જેથી તે 'સહસ્રલિંગ' તરીકે ખ્યાતિ પામ્યું. આ રાજા વિશે તેના પરાક્રમની અનેક દંતકથાઓ પણ જોડાયેલી છે. તેમાં તેણે 'બર્બરક' જે બાબરા ભૂત તરીકે જાણીતો હતો તેને પોતાના શૌર્યથી હરાવીને વશ કર્યો હતો એમ કહેવાય છે. આ ઉપરાંત સતી રાણક અને જસમા ઓડણની કથાઓ પણ ખૂબ જ પ્રચલિત છે. અલબત્ત, આને ઇતિહાસનું સમર્થન નથી, પરંતુ ઇતિહાસ કહે છે કે સિદ્ધરાજ અપુત્ર હોઈ પોતાના પછી તેની ગાદી તેના જ ભત્રીજા કુમારપાળને મળે તે તેને ગમતું ન હતું. પહેલેથી જ તે કુમારપાળનો વિરોધી હતો. આથી કહેવાય છે કે કુમારપાળનો વધ કરવાનો તેણે પ્રયત્ન કર્યો હતો.

ખંભાતમાં અગ્નિપૂજકોએ મુસલમાનોની મસ્જિદ સળગાવડાવી એવી ફરિયાદ થતાં સિદ્ધરાજે જાતે તપાસ કરી. તે વાત સાચી જણાતાં તેણે અપરાધીઓને દંડ દીધો હતો. ધર્મ અને વિદ્યાકલાને પ્રોત્સાહન આપનાર આવો ઉદાર રાજવી જનસમાજમાં ઉજ્જૈનના પરદુઃખભંજન વિક્રમાદિત્ય જેવો લોકપ્રિય થયો હતો. સિદ્ધરાજ માટે પણ તેની અજબ સિદ્ધિઓ, પરમાર્થપરાયણતા તથા ન્યાયપ્રિયતાની ઘણી વાતો પ્રચલિત છે.

સિદ્ધરાજ જયસિંહ

ગુજરાતના ઇતિહાસના રાજવીઓમાં સૌથી વધુ યશસ્વી નામ હોય તો તે જયસિંહદેવ સિદ્ધરાજનું છે. નર્મદે જય જય ગરવી ગુજરાતનું જે ઉદ્‌બોધનગીત લખ્યું તેમાં પણ તેણે બે પંક્તિઓ લખીને સિદ્ધરાજને યાદ કર્યો છે.

એ અણહિલવાડના રંગ !
એ સિદ્ધરાજ જયસંગ !

જયસિંહ વિષે પ્રાકૃત અને સંસ્કૃત ભાષામાં પણ અનેક પ્રશસ્તિઓ લખાઈ છે. મૂળરાજ સોલંકી અને ભીમદેવે ગુજરાતની મહત્તા સ્થાપવા અનેક પ્રયત્નો કર્યા હતા. પરંતુ ગુજરાતની મહત્તા સિદ્ધ કરવાનું, ગુજરાતની અસ્મિતાની જ્યોત પ્રગટાવવાનું ઇતિહાસ-કર્તવ્ય તો સિદ્ધરાજે જ બજાવ્યું. ગુજરાતનો એ રાજાધિરાજ કહેવાયો.





સિદ્ધરાજે અદ્‌ભુત શૌર્ય દાખવીને બાહુયુદ્ધમાં બર્બરકને હરાવી બાંધી લીધો.

બર્બરકનો પરાભવ

હેમચંદ્રાચાર્યે જયસિંહનાં પરાક્રમોમાં બર્બરક-પરાભવના પરાક્રમનું વર્ણન કર્યું છે. સિદ્ધપુર પાસે સરસ્વતીના તીરે આવેલા ઋષિઓના આશ્રમ પર બર્બરક નામે રાક્ષસ ઉપદ્રવ કરતો હતો. તેને સિદ્ધરાજે અદ્‌ભુત શૌર્ય દાખવીને બાહુયુદ્ધમાં હરાવી બાંધી લીધો હતો. પછી બર્બરકની પત્ની પિંગલાની વિનવણીથી રાજાએ એને મુક્ત કર્યો ત્યારથી બર્બરક સિદ્ધરાજની સેવામાં રહેવા લાગ્યો. કહેવાય છે કે બર્બરક પાસે અલૌકિક સિદ્ધિઓ હતી. એવી પણ કથા છે કે બર્બરકને સ્મશાનમાં બાંધીને સિદ્ધરાજે વશ કર્યો હતો. ગુજરાતના લોકસાહિત્યમાં તે 'બાબરો ભૂત' તરીકે જાણીતો છે. એવું અનુમાન કરવામાં આવે છે કે બર્બરક એ આર્યેતર કોઈ આદિજાતિનો જોરાવર સરદાર હોવો જોઈએ.

કળાપ્રેમી સિદ્ધરાજ જયસિંહે પાટણમાં સહસ્રલિંગ તળાવ બંધાવવા ઉપરાંત ભરૂચના કિલ્લાની મરામત કરાવી હતી, ડભોઈનો કિલ્લો બંધાવ્યો હતો. સિદ્ધપુરના રુદ્રમહાલયને પણ એણે ભવ્ય રૂપ આપ્યું હતું. એ એવો સહિષ્ણુ હતો કે ખંભાતમાં મુસલમાનોની કનડગત થતી હોવાનો અહેવાલ મળતાં જ જાતે તપાસ કરીને એમને ન્યાય આપ્યો. મુસ્લિમ વેપારીઓ પર હુમલો કરનાર હિન્દુઓને શિક્ષા કરી હતી અને નવી મસ્જિદ બાંધવા ખંભાતના મુસલમાનોને નાણાં પણ આપ્યાં હતાં.

અનેક સિદ્ધિઓ મેળવનાર અને લોકપ્રિય, ગુજરાતના રાજકીય તેમ જ સાંસ્કૃતિક વિકાસમાં નોંધપાત્ર ફાળો આપનાર સિદ્ધરાજની કીર્તિને કલંકિત કરવા પાછળથી કેટલીક દંતકથાઓ પ્રચલિત થઈ હોવાનો સંભવ છે.

આશરે પચાસ વર્ષ સુધી ગુજરાત પર રાજ્ય કરીને ઈ. 1143માં સિદ્ધરાજ જયસિંહનું નિધન થયું ત્યારે તે નિઃસંતાન હોવાથી ભીમદેવની રાણી બકુલાદેવીનો વંશજ કુમારપાળ (1143-1174) ગાદી પર બેઠો. આ કુમાર સોલંકી સિદ્ધરાજના કાકા ક્ષેમરાજનો વંશજ હતો. તે પોતાના બનેવીની મદદથી સિદ્ધરાજ જયસિંહનો ઉત્તરાધિકારી બન્યો હતો. રાજપૂત હોવા છતાં ગાદીનશીન થયા પછી કુમારપાળે જૈનધર્મ સ્વીકાર્યો હતો, જૈનોની બાર શરતોનો સ્વીકાર કર્યો હતો.

કુમારપાળ

અણહિલપુર પાટણથી એક માણસ સિદ્ધરાજના માણસોથી બચવા દોડ્યો જાય છે. શો છે એનો વાંક-ગુનો કે સિદ્ધરાજના માણસો એની પાછળ પડ્યા છે ?

સિદ્ધરાજ જયસિંહને કોઈ સંતાન ન હતું. પોતાના પછી કોણ ગાદીએ આવશે તેની એને સતત ચિંતા રહેતી હતી. એક સાધુએ ભવિષ્યવાણી ભાખી હતી કે તેના પછી ગાદી ઉપર કુમારપાળ આવશે. આ વાત સિદ્ધરાજને ગમતી નથી. કુમારપાળ આમ તો તેના કુટુંબનો છે, પણ તેની માતાનું કુળ હલકું હતું તેથી કુમારપાળ તેની ગાદીએ આવે તેની સામે એની ભારોભાર અનિચ્છા હતી.

સાધુના વેશમાં આવેલા કુમારપાળના પગ ધોતાં રાજા સિદ્ધરાજ



કુમારપાળને પણ પોતાની ઉપરની સિદ્ધરાજની ખફામરજીની ખબર પડી ગઈ ત્યારથી તે બનતાં સુધી સિદ્ધરાજની નજરથી દૂર જ રહેવા લાગ્યો હતો. પણ સિદ્ધરાજના પિતા કર્ણદેવના શ્રાદ્ધનિમિત્તે કુટુંબીજનના નાતે તેમાં હાજરી આપવા આવ્યો હતો, તે પણ સાધુનો વેશ લઈને. ક્રિયા પૂરી થયા બાદ સિદ્ધરાજે સાધુઓના પગ ધોવા માંડ્યા. આ સાધુઓમાં કુમારપાળ છે તેવો તેને ખ્યાલ પણ નથી. પણ સાધુના વેશમાં કુમારપાળના પગ ધોતાં રાજા જેવાં સામુદ્રિક ચિહ્નો જોઈ સિદ્ધરાજ પામી ગયો કે આ પગ સાધુના નહીં પણ કોઈ રાજવંશીના જ છે. સિદ્ધરાજને શક પડી ગયો છે એમ કુમારપાળને ખ્યાલ આવી ગયો. તે ચેતી ગયો. બધાની નજર ચૂકવીને તે ભાગી નીકળ્યો.

જીવ બચાવવા ભાગતાંભાગતાં રસ્તામાં અલિંગ નામના એક કુંભારે તેને માટલાંઓ વચ્ચે સંતાડી દીધો. આગળ જતાં ભીમસિંહ નામના એક ખેડૂતે ખેતરની વાડમાં તેને છુપાવી દીધો. આમ, સતત નાસભાગ કરવી પડતી. ફરતોફરતો એ ખંભાત આવી ચડ્યો. ખંભાતમાં આચાર્ય હેમચંદ્રને શરણે ગયો. આચાર્યશ્રીએ કુમારપાળને ગ્રંથભંડારમાં આશરો આપ્યો. તેમણે કુમારપાળને હૈયાધારણ આપી : હવે તારે બહુ રખડવું નહીં પડે. તું થોડા જ વખતમાં ગાદીએ આવીશ.

કુમારપાળ ખંભાતમાં આચાર્ય હેમચંદ્રને શરણે ગયો. આચાર્યશ્રીએ તે ગ્રંથભંડારમાં આશરો આપ્યો. તેમણે કુમારપાળને હૈયાધારણ આપી : હવે તારે બહુ રખડવું નહીં પડે. તું થોડા જ વખતમાં ગાદીએ આવીશ.



આખરે હેમચંદ્રાચાર્યની વાણી સાચી પડી. સિદ્ધરાજનું મૃત્યુ થયું. કુમારપાળના શુભેચ્છકોએ ભેગા થઈને તેને ગાદીએ બેસાડ્યો. કુમારપાળે હેમચંદ્રાચાર્યને પોતાના ગુરુ બનાવ્યા. પોતાને મદદ કરનાર સૌ કોઈને યાદ કરી-કરીને તેઓની કદર કરી. હેમચંદ્રાચાર્યની સલાહ અનુસાર રાજ્યમાં હિંસા કરવાની, દારૂ પીવાની અને માંસ ખાવાની મનાઈ ફરમાવી. તે સર્વ ધર્મને સમાન ગણતો. તેણે શિવમંદિરો, જૈન દેરાસરો અને ઉપાશ્રયો બંધાવ્યાં હતાં. તેના શાસન દરમ્યાન તેણે પ્રજાને ઘણી સુખી કરી. ભારતમાં જેમ અશોક તેમ ગુજરાતમાં કુમારપાળ ધર્મરાજવી ગણાયો. બધા ધર્મોને તેણે પુરસ્કાર્યા. ગુજરાતમાં તેના સમયમાં સાહિત્ય, કળા-સ્થાપત્ય તેમ જ સમગ્ર સાંસ્કૃતિક ક્ષેત્રે ગૌરવયુગ પ્રસર્યો.

કુમારપાળે જૈન લોકો માટે દેરાસરો તેમ જ હિન્દુ પ્રજા માટે અનેક શિવ-મંદિરો બંધાવ્યાં હતાં. સોમનાથના મંદિરની મરામત કરાવી હતી. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યને તે પોતાના ગુરુ અને સલાહકાર તરીકે માન આપતો હતો. પોતાના આ ગુરુના અવસાનથી કુમારપાળને બહુ આઘાત લાગ્યો હતો. એણે પોતે તો માંસ-મદિરાનો ત્યાગ કર્યો જ હતો, પણ રાજ્યમાં પ્રાણીઓની હિંસા-કતલનો પણ તેણે પ્રતિબંધ ફરમાવ્યો હતો. જૈનધર્મ ઉપરાંત શૈવધર્મને પણ ઉત્તેજન આપનાર કુમારપાળ 80 વર્ષની વયે મૃત્યુ પામ્યો હતો. તેણે 30 વર્ષ રાજ્ય કર્યું હતું. સિદ્ધરાજની જેમ જ કુમારપાળ પણ નિ:સંતાન હોવાથી તેના પછી તેના ભાઈનો પુત્ર અજયપાળ સોલંકી (ઈ. સ. 1174થી 1177) રાજા બન્યો. 'તારીખે ગુજરાત'માં જણાવ્યા પ્રમાણે અજયપાળ એ કુમારપાળના ભાઈ મહીપાળનો પુત્ર હતો. પૃથ્વીરાજ ચૌહાણના પિતા સોમેશ્વર પણ અજયપાળને કર ચૂકવતા હતા. અજયપાળ ધર્મચુસ્ત શિવમાર્ગી હોવાથી તેના રાજ્યમાં શૈવધર્મને વધુ ઉત્તેજન મળ્યું હતું. જૈનધર્મીઓ તેનાથી નારાજ હતા. એવું માનવામાં આવે છે કે વિજયદેવ નામના એક સિપાઈએ અજયપાળનો પ્રાણ લીધો હતો.

સોલંકીવંશનો અંત

અજયપાળ પછી તેનો પુત્ર મૂળરાજ બીજો ગાદીએ બેઠો ત્યારે તે ઉંમરમાં નાનો હોવાથી તેની માતા નાયિકાદેવી રાજ્ય ચલાવતી હતી, પરંતુ સત્તા ખરેખર તો કાકા ભીમદેવના હાથમાં હતી. મોહમ્મદ શિહાબુદીન ઘોરીના હુમલાને મૂળરાજ બીજાએ માતાએ આપેલી હિંમતથી પાછો હટાવ્યો (ઈ. સ. 1178). એ તેની સિદ્ધિ હતી. એ પછી બે વર્ષ બાદ મૂળરાજનું ગૂઢ મોત નીપજ્યું અને ભીમદેવ બીજો ગાદીએ આવ્યો.

ભીમદેવ બીજો

ભીમદેવ બીજો (ઈ. 1179-1243) ઇતિહાસમાં 'ભોળા ભીમ' તરીકે જાણીતો થયો હતો. 64 વર્ષ સુધી રાજ્ય કરનાર ભીમદેવ બીજાએ અજમેર પર જે ચડાઈ કરી હતી, તેમાં પૃથ્વીરાજ ચૌહાણના પિતા સોમેશ્વર લડાઈમાં મૃત્યુ પામ્યા હતા. એ સમાચાર દિલ્હીમાં મળતાં જ પૃથ્વીરાજે 65,000ના લશ્કર સાથે ગુજરાત પર ચડાઈ કરી હતી અને ભીમદેવને હરાવીને પિતાના મોતનો બદલો લીધો હતો. જોકે ભીમદેવ કેદ પકડાયો નહોતો. એ પછી મહમ્મદ ઘોરીના સૂબા કુત્બુદીન ઐબકે બે વાર ગુજરાત પર ચડાઈ કરીને પાટણ લૂંટ્યું હતું. સોલંકી રાજાઓની પકડ ઢીલી પડતાં જ માળવા, મેવાડ અને મારવાડના સામંતો સ્વતંત્ર થતા ગયા. કુત્બુદીને પહેલો હુમલો ઈ. 1194માં કર્યો હતો, પરંતુ તે પાછો જતો રહ્યો ત્યારે ભીમદેવે અણહિલવાડ પાટણ કબજે કરી લીધું હતું. એ પછી ઈ. 1196માં કુત્બુદીને બીજી વખત ગુજરાત પર હુમલો કરી વેર વાળ્યું. ભીમદેવના કાળમાં જ સોલંકીવંશના સૂર્યાસ્તની શરૂઆત થઈ ચૂકી હતી.

ભીમદેવના મરણ પછી તેના ઉત્તરાધિકારી તરીકે ત્રિભુવનપાળ પિતાની ગાદી પર ઈ. 1243માં બિરાજમાન થયો. ધવલ્લક(ધોળકા)ના માંડલિક લવણપ્રસાદના યુવરાજ



ઈ. 1196માં કુત્બુદ્દીન બીજી વખત ગુજરાત પર હુમલો કરી વેર વાળ્યું. ભીમદેવના કાળમાં જ સોલંકી વંશના સૂર્યાસ્તની શરૂઆત થઈ ચૂકી હતી.

વીરધવલે ગુજરાતના રાજકીય સંરક્ષણમાં મહત્ત્વનો ભાગ ભજવીને પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું હતું. વીરધવલના મૃત્યુ પછી તેનું સ્થાન પુત્ર વીસલદેવે સંભાળી લીધું હતું. ઈ. 1244માં વીસલદેવે ત્રિભુવનપાળને ગાદી પરથી ઉતારી નાંખ્યો અને એ પોતે પાટણનો મહારાજા બની ગયો. ત્રિભુવનપાળ સોલંકી વંશનો છેલ્લો રાજા હતો. સોલંકીવંશની 11 વ્યક્તિઓએ લગભગ 300 વર્ષ ગુજરાતમાં રાજ્ય કર્યું હતું.

વાઘેલાવંશ (ઈ. 1242થી ઈ. 1304)

વાઘેલા વંશ પણ ગુર્જર સોલંકીની જ એક શાખા છે. કુમારપાળ સોલંકીએ માસા ધવલના પુત્ર અર્ણોરાજ ચૌલુક્ય(સોલંકી)ની સેવાથી ખુશ થઈને અણહિલપાટક પાસેનું વ્યાઘ્રપલ્લી અથવા વાઘેલ નામનું ગામ ભેટ આપ્યું હતું. અર્ણોરાજે ભીમદેવ બીજાને ગુજરાતની ગાદી અપાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આથી જ ભીમદેવે અર્ણોરાજના પુત્ર લવણપ્રસાદને પોતાનો દીવાન બનાવ્યો હતો, પરંતુ બંને વચ્ચે સુમેળ સધાયો નહિ, એટલે લવણપ્રસાદ વાઘેલનો સામંત મટીને ધવલ્લક(ધોળકા)નો મહામંડલેશ્વર - રાણક (રાણો) બની ગયો. લવણપ્રસાદના અવસાન પછી તેના બળવાન પુત્ર વીરધવલે ગોધરા અને ખંભાત જીતી લઈને પોતાના રાજ્યમાં જોડી દીધાં. ઈ. 1242માં તે મરણ પામ્યો. તેના બે પુત્રોમાંથી બાપથી નારાજ એવા વીરમદેવે વીરમગામમાં વસવાટ કર્યો અને એ ગામને રોનકદાર બનાવ્યું, પરંતુ વીરધવલના દીવાન વસ્તુપાળે વીરમદેવની હત્યા કરાવીને રાજ્ય વીસલદેવને અપાવ્યું. આ વસ્તુપાળ અને તેજપાળ બહુ હોશિયાર વણિકો હતા. તેમણે ઘણાં જૈન મંદિરો આબુ, ગિરનાર અને શત્રુંજય પર બંધાવ્યાં હતાં અને લોકોપયોગી બાંધકામો જેવાં કે કૂવા, વાવ, તળાવ વગેરે પણ બનાવી પ્રજાને રાહત આપી હતી.

ત્રિભુવનપાળના મૃત્યુ પછી તેમનો કોઈ સીધો ઉત્તરાધિકારી નહિ હોવાથી વીસલદેવ વાઘેલા (ઈ. 1244-1264) એ ગૂર્જર સોલંકીઓ પછી વાઘેલા સોલંકીઓનું રાજ્ય સ્થાપ્યું. ચૌલુક્યકુલની રાજ્યશ્રીનો ઉદ્ધાર કરનાર વીસલદેવ 'અભિનવ સિદ્ધરાજ' અને 'અમર અર્જુન' કહેવાયો કારણ કે તેણે કર્ણાટકમાં ફતેહ મેળવી અને રાજકુંવરીએ વીસલદેવના ગળામાં હાર પહેરાવ્યો હતો. વાઘેલાવંશના આ પહેલા રાજાએ ડભોઈના કિલ્લામાં આવેલા વૈદ્યનાથ મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો તેમ જ 'કડક' નામનું તળાવ બંધાવ્યું હતું.

સોલંકીકાળ એ ગુજરાતના ઈતિહાસનો સુવર્ણકાળ ગણાય છે. એ ગાળામાં સુંદર વહીવટી માળખું રચાયું હતું અને ધર્મના ક્ષેત્રમાં જૈનધર્મ અને શૈવધર્મની પ્રવૃત્તિઓ સારી રીતે વિકસી હતી. મોટાં મંદિરો, દેવાલયો, ચૈત્યાલયો પણ સોલંકીકાળમાં જ બંધાયાં હતાં અને વિદ્વાનો-પંડિતોની યોગ્ય કદર કરી તેમને માન આપવામાં આવ્યું હતું. ગુજરાતમાં અહિંસાની ભાવના પણ પ્રબળ બની હતી. બધા ધર્મના લોકો સુલેહ-સંપ અને સુમેળથી રહેતા હતા. સહિષ્ણુતા કેળવાઈ હતી. વિદ્યાઓનો વિકાસ થયો હતો. સાહિત્યિક પ્રવૃત્તિ પણ ખીલી હતી. ગુજરાતી ભાષા અને લિપિ ઘડાઈ. વિક્રમ સંવત પણ આ સમયે જ ગુજરાતમાં પ્રચલિત થયો. શિલ્પ-સ્થાપત્યમાં ઉમેરો થયો. મૂળરાજ ગાદીએ આવ્યો હતો, ત્યારથી શરૂ થયેલા સોલંકી વંશનો આમ અંત આવ્યો.

અણહિલપુર પાટણ

અણહિલપુર પાટણ ગુજરાતના ઈતિહાસમાં એક વિશિષ્ટ સ્થાન ધરાવે છે. ચાવડાવંશ, સોલંકીવંશ અને વાઘેલાવંશ સુધી એટલે કે ઈ. સ. 720થી 1297 સુધી અને ત્યાર બાદ મુસ્લિમ અમલમાં 1403 સુધી તે ગુજરાતની રાજધાની રહ્યું છે. અણહિલપુર ક્રમેક્રમે વિકાસ પામ્યું હતું જેની માહિતી પ્રબંધોમાંથી જાણવા મળે છે. તેમાં પણ ખાસ કરીને સોલંકીયુગ દરમ્યાન પાટણ તેની સમૃદ્ધિના શિખરે હતું. તે સમય દરમ્યાન ગુજરાતમાં ઉત્કૃષ્ટ કોટિનાં સ્થાપત્યો બંધાયાં.

સહિષ્ણુતા

વીસલદેવ પછી એનો ભત્રીજો અર્જુનદેવ વાઘેલા (ઈ. 1264-1275) ગાદીએ આવ્યો. તેના સમયમાં સોમનાથ દેવપત્તનમાં મુસલમાનોને મસ્જિદો બાંધવાની અને નિભાવવાની છૂટ આપવામાં આવી હતી. અર્જુનદેવના પુત્ર સારંગદેવ વાઘેલા(ઈ. 1275-1297)એ માવરાજ ગોગને તેમ જ યાદવ રાજા રામચંદ્રને હરાવ્યા હતા. ચંદ્રાવતીનો વીસલદેવ એને ખંડણી ભરતો હતો, એવું આબુના ઈ. 1294ના શિલાલેખ પરથી ફલિત થાય છે.

પ્રાગ્વાટો અને નાગરો

અણહિલપુરના ઇતિહાસમાં બે જ્ઞાતિઓએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે : પ્રાગ્વાટ (જૈન) અને નાગર. પ્રાગ્વટકુળમાં વિમળ શાહ થયા અને નાગરકુળમાં સોમેશ્વર થયા. તે બંનેની પ્રશસ્તિ સચવાઈ રહી છે. આ બંને કુળોએ પાટણને ઘડવામાં અને મહત્ત્વ અપાવવામાં મહાન પુરુષાર્થ કર્યો હતો. આ ઉપરાંત પોરવાડ જ્ઞાતિના બે ભાઈઓ વસ્તુપાળ અને તેજપાળનો પણ ખૂબ જ મહત્ત્વનો હિસ્સો હતો. ગુજરાતનું છિન્નભિન્ન થયેલું રાજ્ય વ્યવસ્થિત કરવામાં પણ તેમનો મોટો ફાળો છે. વસ્તુપાળે જિનાલયો ઉપરાંત શૈવમંદિરો તેમ જ મસ્જિદ બંધાવ્યાના પણ ઉલ્લેખ મળી આવે છે.

સિદ્ધરાજની સભામાં અનેક બ્રાહ્મણો અને જૈન વિદ્વાનો આવતા-જતા રહેતા હતા. પાટણને કાશ્મીરના પંડિતો સાથે સારો વ્યવહાર હતો. સોલંકીઓના જ જમાનામાં પાટણમાં સભાયોગ્ય નાગરિક થવા માટે વ્યાકરણ, સાહિત્ય અને તર્ક એ વિદ્યાત્રયીની નિપુણતા પ્રાપ્ત કરવી પડતી હતી.



વસ્તુપાળ અને તેજપાળને ધન દાટતાં બીજું ધન મળ્યું

વસ્તુપાળ અને તેજપાળ

યાત્રાળુઓનો એક સંઘ સોરઠ તરફ તીર્થયાત્રાએ નીકળ્યો છે. તેમાં વસ્તુપાળ અને તેજપાળ નામના બે શ્રીમંત ભાઈઓ પણ જોડાયા છે. ગુજરાતના ઇતિહાસમાં ખૂબ મશહૂર અને શાણા મંત્રીઓ તરીકે પંકાયા તે જ આ ભાઈઓ હતા.

વસ્તુપાળ અને તેજપાળ એ ધોળકાના રાણા વીરધવલના મંત્રીઓ હતા. ભીમદેવ બીજાના સમયમાં ભીમદેવ માત્ર નામનો જ રાજા રહ્યો હતો એટલે વાસ્તવમાં વસ્તુપાળ-તેજપાળ જ રાજ્ય ચલાવતા હતા. પોતાના બુદ્ધિકૌશલ્ય-કોઠાસૂઝથી વેપારમાં તેમણે ઘણી સંપત્તિ ભેગી કરી હતી.

પોતાના શાણપણ, સમૃદ્ધિ અને વ્યવહાર કુશળતાથી પંકાયેલા બે ભાઈઓ વસ્તુપાળ અને તેજપાળની તેમના સમયમાં ખૂબ જ ખ્યાતિ ફેલાયેલી હતી.



વસ્તુપાળ અને તેજપાળ

યાત્રા લાંબા સમય માટેની હતી. રાજ્યની પરિસ્થિતિ અસ્થિર હતી, તેથી તેઓ લગભગ બધી જ સંપત્તિ સાથે લઈને નીકળ્યા હતા. રસ્તામાં એમને વિચાર આવ્યો કે, બધું જોખમ સાથે લઈ જવા કરતાં થોડું જમીનમાં દાટી દીધું હોય તો સારું. વળતી વખતે પાછું લેતા જવાશે.

આમ વિચારી રાત્રે બંને ભાઈઓ અડધું ધન લઈને દૂર જંગલમાં દાટવા નીકળ્યા. એક જગ્યા નક્કી કરીને એમણે કોદાળીથી જમીન ખોદવા માંડી. થોડુંક જ ખોદ્યું ત્યાં તો 'ખડિંગ-ખડિંગ' કરીને અવાજ આવ્યો. આગળ ખોદતાંખોદતાં અંદરથી એમને ચરુ મળ્યા અને તે ઉઘાડીને જોયું તો ચરુઓમાં સોનામહોરો ભરેલી હતી. બંને ભાઈઓ આશ્ચર્યચકિત થઈ ગયા. હવે શું કરવું ? પોતાનું ધન દાટવા જતાં સામેથી બીજું ધન મળ્યું. તેઓ ઉતારે પાછા આવ્યા. તેજપાળની પત્ની અનુપમાદેવી ખૂબ હોશિયાર વ્યવહારકુશળ ને શાણી બાઈ હતી. તેની સલાહ માગી.

અનુપમાદેવીએ કહ્યું : 'અરે, ભોંયમાં ધન દાટનારના હાલ જોયા ? આ કોની લક્ષ્મી હશે ને કોના હાથમાં જઈ પડી ! કુદરતે આપણને રસ્તો સુઝાડ્યો છે. આપણે આ લક્ષ્મીને જમીનમાં દાટવા કરતાં તેને સૌ કોઈ જોઈ શકે એ રીતે મૂકવી જોઈએ.' બંને ભાઈઓ અનુપમાદેવીની વાતનો મર્મ સમજ્યા. તેમણે આબુના પર્વત પર દેલવાડામાં, પાલિતાણા પાસે શત્રુંજય-પર્વત ઉપર અને ગિરનાર પર્વત પર જૈન દેરાસરો બંધાવ્યાં.

મીણમાં કારીગરી કરેલી હોય એવી સુંદર નાજુક નકશીવાળાં દેલવાડાનાં દેરાં તો જગવિખ્યાત છે. આવાં અદ્દભુત દેલવાડાનાં દેરાં બંધાવવામાં વસ્તુપાળ-તેજપાળના ધનનો જ માત્ર ફાળો ન હતો પણ અનુપમદેવીનાં કોઠાસૂઝ અને સહકાર એટલાં જ મહત્ત્વનાં હતાં. દેલવાડાનાં મંદિરોમાં બંને ભાઈઓની પત્નીઓના દેરાણી-જેઠાણીના ગોખલા પણ છે. દેલવાડાનાં મંદિરોના કારીગરોએ દેરાણી અનુપમાદેવી અને જેઠાણી લલિતાદેવીની યાદગીરીમાં દેલવાડાનાં મંદિરની બાજુમાં જ - પોતાના આરામના સમયનો ભોગ આપીને એક બીજું મંદિર પણ બનાવ્યું છે.



આ કલાત્મક મંદિર કારીગરોની દેરાણી-જેઠાણીને અંજલિરૂપ છે.

અલબત્ત, આ મંદિરો દેલવાડાનાં મંદિરો જેવાં અદ્ભુત અને આરસમાં કંડારાયેલાં નથી. આ મંદિરો સાદા પથ્થરમાં કંડારાયેલાં છે, પરંતુ એ સાદા પથ્થરોમાં પણ પ્રાણ મૂકી શકનાર કલાકારોએ પોતાનું દિલ રેડીને ઈશ્વરને પોતાના સમર્પણના પ્રતીક રૂપે પ્રણામાંજલિ આપી હોય તેમ એ દેલવાડાના મંદિરના પ્રાંગણમાં જ ખડાં છે. આ મંદિરોમાં કલાનો કસબ તો એ જ શિલ્પીઓનો છે. જેમણે દેલવાડાનાં મંદિરોનું અનુપમ સર્જન કર્યું છે એટલે સ્તંભો પરની શિલ્પાકૃતિઓ કમનીય અને નયનરમ્ય બની છે.

એ સમયમાં દિલ્હીમાં મોગલ બાદશાહનું રાજ્ય હતું. બાદશાહને મરજી પડે ત્યારે ગમે ત્યાં જઈને ચડાઈ કરતા. ગુજરાતની ભૂમિ પર પણ દિલ્હીના બાદશાહનો ભય સતત તોળાયેલો રહેતો. ગુજરાતમાં એ સમયે રાજા વીરધવલ રાજ્ય કરતો હતો. એના શાસનમાં પ્રજા સુખી હતી, સંતોષી હતી, કોઈ વાતનું દુ:ખ ન હતું.

પરંતુ રાજા વીરધવલને પણ દિલ્હીના લશ્કરનો ભય સતત સતાવ્યા કરતો હતો. ક્યારે દિલ્હીનો હુમલો આવશે એની ગણતરી જ ન હતી. આ ભય કેમ ટાળવો તેની રાજને સતત ચિંતા રહેતી હતી. રાજ્યના મંત્રી તરીકે વસ્તુપાળ હતા. વસ્તુપાળ શાણા હતા, વીર હતા તેમજ ચતુર હતા. રાજાએ પોતાની આ ચિંતાની વાત પોતાના મંત્રીઓને કરી. તેનો ચતુર મંત્રી વસ્તુપાળ રાણાની મૂંઝવણ બરાબર સમજે છે. એવામાં સમાચાર આવ્યા કે, દિલ્હીના બાદશાહની મા મક્કા હજ કરવા જાય છે. આ સાંભળી વસ્તુપાળ રાજી થઈ ગયો. તેણે પોતાની મુત્સદ્દીગીરી કામે લગાડી.

તે સમયે ભારત બહાર દરિયામાર્ગે જવા માટે ગુજરાતના જ કોઈક બંદરેથી જવું પડતું. સુલતાનની મા ખંભાત બંદરેથી મક્કા જવા ઊપડ્યાં. દરિયામાં ચાંચિયા તો હોય જ. વસ્તુપાળે જ ચાંચિયાઓને ખાનગીમાં તૈયાર કરેલા એટલે બાદશાહની માનું વહાણ પણ લૂંટાયું અને ફરિયાદ પણ વસ્તુપાળ પાસે જ આવી. તે દોડ્યો. બાદશાહની માને મળ્યો. તેમને આશ્વાસન આપ્યું. ગુનેગારોને પકડવાની તેમને ખાતરી આપી.

બીજે જ દિવસે ચોરાયેલો રજેરજ માલ પાછો મેળવીને માને હવાલે કર્યો. થોડા વળાવિયા સાથે તેઓને મક્કા રવાના કર્યાં. મક્કાથી પાછાં ફર્યાં ત્યારે વસ્તુપાળે તેમની ખૂબ આગતાસ્વાગતા કરી. દિલ્હીનો બાદશાહ પોતાની માના મુખેથી આ વાત સાંભળી નવાઈ પામ્યો. વસ્તુપાળને મળવાનું અને આ ઉપકારનો બદલો વાળવાનું તેને મન થયું. વસ્તુપાળને દિલ્હી બોલાવી તેને ખૂબ માન આપ્યું. તેને મોટી જાગીરો ને ભેટ આપવા માંડી પણ વસ્તુપાળે તે લેવાની વિનયપૂર્વક ના પાડી.

બાદશાહે જ્યારે ઘણો જ આગ્રહ કર્યો ત્યારે તેણે કહ્યું : 'આપને આપવું જ હોય તો મારા રાજા સાથેની આપની હંમેશની દોસ્તી માગું છું. આપ વચન આપો કે, 'આપ ગુજરાત પર ચઢાઈ નહીં કરો.'

બાદશાહે વચન આપ્યું. પોતે કોઈ સ્વાર્થી માગણી ન કરતાં વસ્તુપાળે રાજ્યનું ભલું ઇચ્છ્યું. આવા દીર્ઘદૃષ્ટિવાળા અને ઉમદા ગુણોવાળા હતા એ મંત્રી.

વસ્તુપાળ માત્ર મુત્સદ્દી, વહીવટદક્ષ રાજપુરુષ કે યોદ્ધો જ નહીં, પરંતુ વિદ્વાન અને કાવ્યજ્ઞ પણ હતા. તેમણે પોતાની આસપાસ સારસ્વતોનું એક મંડળ ઊભું કર્યું હતું. અમાત્ય

અનુપમાદેવીની અનુકંપા

દેલવાડાનું કામ ચાલતું હતું ત્યારે અનુપમાદેવી પાસે ફરિયાદ આવી કે કામ બહુ ધીમું થઈ રહ્યું છે. શોભન નામના એક મુખ્ય શિલ્પીને તેમણે આનું કારણ પૂછ્યું.

શોભને કહ્યું : 'માતાજી, આ પર્વત પર ઘણી ઠંડી પડે છે. તેથી સવાર-સાંજ કારીગરો કામ કરી શકતા નથી. તેમને રસોઈ પણ જાતે કરવી પડે છે. તેમાં તેમનો સમય જાય છે.'

કારીગરોની મુશ્કેલી અનુપમાદેવી સમજી ગયાં. તેમણે સગડીઓની વ્યવસ્થા કરાવી તેમ જ રસોઇયાઓની સગવડ કરી આપી. રાત-દિવસ કામ ચલાવીને મંદિરોનું કામકાજ જલદી પૂરું કરાવ્યું. આમ, સગવડ મળવાથી કારીગરો ઉત્સાહમાં આવી ગયા. તેઓ કોતરણી કરીને પથ્થરની જેટલી રજ પાડે તે ઉપર તેમને પૈસા મળતા હતા.

શ્રેષ્ઠીઓ અને દહેરાં બાંધનારા ભાવનાશાળી શિલ્પીઓને કારણે આ દેરાસરો એટલાં તો સુંદર બન્યાં કે વિશ્વભરનાં સુંદર શિલ્પ-સ્થાપત્યોમાં હજાર વર્ષ પછી પણ તેની ગણના થાય છે.



માધવની પત્નીને કરણઘેલો હાથ કરવા માગતો હતો. એક વાર ખરીદી કરવાના બહાને માધવને કચ્છ મોકલી દીધો. માધવ ગયો એટલે કરણના માણસો તેની સ્ત્રીને ઉપાડી જવા આવ્યા.

વસ્તુપાળના આ વિદ્યામંડળ વિશે ડૉ. ભોગીલાલ સાંડેસરાએ સુંદર અધ્યયનગ્રંથ પ્રગટ કર્યો છે. તે ઉપરથી આ અમાત્યની વિદ્યાપ્રીતિનો ખ્યાલ આવે છે. એના સમયકાળ દરમ્યાન ગુજરાતે ઉત્તમ સાંસ્કૃતિક ઉન્મેષ જોયો.

વિશળદેવ

એ વખતે ગુજરાતમાં વિશળદેવ નામે રાજા છે. સોલંકી વંશના છેલ્લા રાજા ત્રિભુવનપાળને હરાવીને એ ગાદીએ આવ્યો છે. કુમારપાળના સમયમાં એના એક વડવાને વાઘેલ ગામ ભેટ મળ્યું હતું. તે પરથી તેઓ વાઘેલા તરીકે ઓળખાયા. સોલંકીવંશ પછી આમ વાઘેલાવંશનો ઉદય થયો હતો. વિશળદેવ વાઘેલાવંશનો પહેલો રાજા. એણે પોતાની રૈયત પર ઊતરી આવેલા આફતના ઓળા પારખ્યા. વિચાર કરવાનો સમય ન હતો.

ગુજરાતમાં કારમો દુષ્કાળ પડ્યો છે. લોકો આસમાન તરફ મીટ માંડીને ઊભા છે. પણ આકાશમાં ક્યાંય વાદળું પણ દેખાતું નથી. દુકાળનું આ સતત ત્રીજું વર્ષ હતું. ત્રણ-ત્રણ વર્ષથી અનાજ પાક્યું ન હતું. ઢોરઢાંખર મરી રહ્યાં હતાં. માણસોય મરે તેવો કપરો સમય આવ્યો હતો.

તેણે તરત હુકમ બહાર પાડ્યો. રાજ્યમાં ઠેરઠેર વાવ, કૂવા ને તળાવ ખોદાવવાં શરૂ કર્યાં. અનાજ-ઘાસચારાનાં કામ ઓછાં કર્યાં. હજારો લોકોને કામધંધો આપ્યો. વીસનગર અને ડભોઈનો સુપ્રસિદ્ધ કિલ્લો એ રાજાએ દુકાળગ્રસ્ત પ્રજાને રોજીરોટી આપવા બંધાવ્યા.

પણ અનાજ તો પાક્યું ન હતું, તો લોકો ખાય શું ? એ સમયમાં રાજાઓ અને નગરશેઠો આવા કપરા સમય માટે અગમચેતી વાપરી અનાજના ભંડારો-કોઠારો ભરી રાખતા. આમ, રાજાએ પોતાના કોઠારોમાંથી પ્રજાને અનાજ આપવા માંડ્યું, પરંતુ આખી પ્રજા માટે કોઠારનું અનાજ કેટલું ચાલે ? રાજાને ચિંતા થઈ. પણ તેવા સમયે એક નગરશેઠ નામ જગડુશા રાજાની મદદે આવ્યા. જગડુશા પાસે અઢળક ધનસંપત્તિ. એમની પાસે પણ અનાજના કોઠારો હતા. જગડુશાએ પોતાના કોઠારો પ્રજા માટે ખુલ્લા મૂકી દીધા અને આ કુદરતી આફતમાંથી હેમખેમ સૌને બહાર કાઢ્યા.

કરણઘેલો

વાઘેલાવંશમાં છેલ્લો રાજા કર્ણદેવ થયો. તેનો સ્વભાવ રંગીન અને તે અવિચારી હતો એટલે લોકોએ તેને 'કરણઘેલો' તરીકે ઓળખ્યો છે. કથા છે કે કરણને માધવ નામે એક પ્રધાન હતો. તેની પત્ની ઘણી સુંદર હતી. તેના પર કરણઘેલાની નજર બગડી. કોઈ પણ રીતે તે માધવની પત્નીને હાથ કરવા માગતો હતો.

એક વાર ખરીદી કરવાના બહાને માધવને કચ્છ મોકલી દીધો. માધવ ગયો એટલે કરણના માણસો તેની સ્ત્રીને ઉપાડી જવા આવ્યા. તેમની સાથે માધવના ભાઈ કેશવે લડાઈ કરી, પણ ઝપાઝપીમાં તે પોતે જ મરાયો. સ્ત્રી પણ કરણને તાબે ન થતાં સતી થઈ ગઈ.

માધવ જ્યારે કચ્છથી પાછો ફર્યો ત્યારે કરણઘેલાએ પોતાની સ્ત્રી સાથે કરેલા ગેરવર્તાવ અને અન્યાયની વાત જાણી. તેણે રાજા કરણઘેલા પર વેર લેવાનું મનોમન નક્કી કર્યું. ક્રોધ અને વેરથી સળગતો તે દિલ્હી ગયો.

દિલ્હીમાં આ સમયે અલાઉદ્દીન ખિલજી નામે બાદશાહ રાજ્ય કરતો હતો. માધવે અલાઉદ્દીન ખિલજીને ઉશ્કેરીને ગુજરાત પર ચઢાઈ કરવા લલચાવ્યો અને તે કામમાં પોતે તેને સંપૂર્ણ મદદ કરશે તેવું વચન આપ્યું. અગાઉ કાકુએ જેમ સિંધના રાજાને બોલાવીને વલભીપુરનો નાશ કરાવ્યો હતો તે જ રીતે માધવ અલાઉદ્દીનનું લશ્કર નોતરીને આવ્યો.

અલાઉદ્દીનને ગુજરાતની સમૃદ્ધિ હાથ કરવાની સોનેરી તક મળી ગઈ. તેણે પોતાના બે સરદારોને ગુજરાત પર ચઢાઈ લઈ જવા મોકલ્યા. સરદારો રસ્તામાં આવતાં ગામો લૂંટતા પાટણ તરફ જવા નીકળ્યા. કરણઘેલો ગભરાઈને પાટણ છોડીને નાઠો. અલાઉદ્દીનના સરદારોએ પાટણ લૂંટ્યું. ખંભાત અને સુરત પણ લૂંટ્યાં. સોમનાથનું મંદિર તોડ્યું. રુદ્રમાળ ભાંગ્યો ને બીજાં અનેક સુંદર શિલ્પ-સ્થાપત્યોનો નાશ કર્યો.

કરણ નાસતો-ફરતો નાસિકમાર્ગ પરના બાગલાણમાં જઈને ભરાયો અને ઈલોરાની ગુફાઓ નજીક સંતાયો. પણ આખરે તે હાર્યો-મર્યો અને આમ વાઘેલાકુળ પરવારી ગયું. કરણના અંત સાથે વાઘેલાવંશનો તેમ જ હિન્દુ રાજાઓના શાસનનો અંત આવ્યો અને ગુજરાત દિલ્હીના સુલતાનોના હાથમાં ગયું.



ગુજરાતમાં સલ્તનત

સુલતાન અલાઉદ્દીન ખિલજી

દિલ્હીના સુલતાન અલાઉદ્દીન ખિલજીએ ગુજરાત જીતી ત્યાં પોતાના સાળા મલેકની નાઝિમ (સૂબા) તરીકે નિમણૂક કરી (ઈ. 1304). અણહિલવાડ પાટણ, જે હિન્દુ રાજાઓનું પરંપરાગત પાટનગર હતું. ત્યાર બાદ કમાલુદ્દીન ગુર્ગ (1316), એનુલમુલ્ક મુલતાની (ઈ. 1316-17), મલેક દીનાર ઝફરખાન (ઈ. 1317), મલેક હુસામુદીન (ઈ. 1317-18), વહીદુદ્દીન કુરેશી (ઈ. 1318-19), ખુસરોખાન (ઈ. 1320) સૂબાઓએ ગુજરાતનો વહીવટ કર્યો, તેમાં કંઈ જ નોંધપાત્ર વાત બની નહોતી.

તુઘલક સુલતાનનો અમલ

ખિલજીવંશના શાહી કુટુંબના - તખ્ત માટે દાવો કરે તેવા તમામ પુખ્ત વયના પુરુષોને છેલ્લા સૂબા ખુસરોશાહે ખતમ કરી નાંખ્યા હતા. અમીરોની સલાહ મુજબ ગાઝી મલેક તુઘલક પોતે જ 'ગિયાસુદીન તુગલક શાહ ગાઝી' એવો ખિતાબ ધારણ કરીને તખ્ત પર બેઠો (ઈ. 1320).

તુઘલક શાસન દરમ્યાન સુલતાન મુહમ્મદસાહ તુઘલકના ગુજરાતમાં અમલ દરમ્યાન સલ્તનતની સત્તાનો સૌથી વિશેષ વિકાસ થયો હતો. ત્યાર બાદ મુકબિલ તિલંગીના શાસન (ઈ. 1339-45) દરમ્યાન ગુજરાતમાં બળવો ફાટી નીકળ્યો (ઈ. 1344).

ગુજરાતના બનાવોની દિલ્હીના સુલતાનને માહિતી પહોંચાડવામાં આવી. ત્યાંથી અઝીઝ ખમ્માર નામનો સરદાર સાત હજારની ફોજ લઈને ગુજરાત તરફ ધસી આવ્યો. ડભોઈમાં એને અમીરોના લશ્કરના સૈનિકોએ ઘેરી લીધો ત્યારે એ ગભરાઈ ગયો. સૈનિકોએ એની કતલ કરી નાંખી અને એની ફોજ વીખરાઈ ગઈ.

ત્યાર બાદ ગુજરાતમાં ઘણી અંધાધૂંધી ફેલાઈ. દરમ્યાન અહીં ઈ. 1350થી 1407 સુધી છ સૂબાઓએ ગુજરાતમાં વહીવટ કર્યો, પરંતુ તેમાંથી ભાગ્યે જ કોઈએ એવાં કાર્યો કર્યાં કે જેને કારણે ઇતિહાસમાં એમને સ્થાન આપી શકાય. છેલ્લો સૂબો મુઝફ્ફરશાહ હતો - જેના શાસનમાં ગુજરાતના દિલ્હી સાથેના સંબંધોનો અંત આવી ગયો.

દિલ્હી સલ્તનતની પડતી

આ સમય દરમ્યાન દિલ્હી સલ્તનતની પડતી દશા હતી. રજપૂત રાજાઓ ઠેરઠેર બળવો કરતા હતા. અમીરો, સરદારો, સામંતો અને જાગીરદારો વગેરે સત્તા પ્રાપ્ત કરતા રહ્યા હતા. દિલ્હી સલ્તનતના તખ્ત ઉપર નાસિરુદીન મહમૂદશાહ હતો તે દરમ્યાન ઈ. 1398માં એક વિનાશક રાજકીય આંધી આવી. તેમૂરે હિન્દુસ્તાનની લખલૂટ સંપત્તિ લૂંટવા આક્રમણ કર્યું. તેણે દિલ્હી લૂંટીને હાહાકાર વર્તાવ્યો. દરમ્યાન દિલ્હીના સુલતાન મહમૂદશાહે હારીને, ત્યાંથી પલાયન થઈને ગુજરાત આવી મુઝફ્ફરખાનનો આશ્રય લીધો, પરંતુ તેણે દિલ્હીના સુલતાનને દાદ આપી નહીં એટલે તે દિલ્હી પાછો ફર્યો. ગુજરાતમાં તાતારખાન નામે સરદાર દિલ્હીથી સ્વતંત્ર થઈને સત્તા ધારણ કરીને બેઠો (ઈ. 1403).


અલાઉદ્દીન ખિલજી

ગુજરાત સલ્તનત : સ્થાપના અને સ્થિરતા

તાતારખાન ખૂબ મહત્ત્વાકાંક્ષી હતો. દિલ્હીમાં ભારે અંધાધૂંધી પ્રવર્તતી હતી. જાણે દિલ્હીનું કોઈ ધણીધોરી જ ન હતું, એટલે ગુજરાતમાં એણે બળવાન લશ્કર ભેગું કર્યું અને દિલ્હી પર ચડાઈ કરી. ત્યાંની ગાદી મેળવવાની ઇચ્છા સેવવા લાગ્યો. દિલ્હી પર તૈમૂરના આક્રમણને કારણે એને પોતાની યોજના થોડો સમય પડતી મૂકી. તેના પિતા ઝફરખાને તેને આવું દુઃસાહસ ન કરવા સમજાવ્યો. બૂઢા બાપની સલાહ તેને પોતાના માર્ગમાં અડચણરૂપ લાગવાથી તેણે બાપને કેદમાં નાખ્યો, પરંતુ થોડા જ સમયમાં એક પ્રવાસ દરમ્યાન તાતારખાનનું મૃત્યુ થયું. આ અંગે એવી પણ એક અફવા ઊડી કે તેના પિતા ઝફરખાને જ કાવતરું કરીને તેને મારી નંખાવ્યો હતો.


મુહમ્મદસાહ તુઘલુક



અહમદશાહ દાદાને ઝેરનો પ્યાલો આપે છે.

કેદમાં પડેલા સુલતાન મુઝફ્ફરશાહે ફરી ગુજરાતની ગાદી સંભાળી લીધી, પરંતુ વૃદ્ધાવસ્થાની નબળાઈઓને કારણે રાજવહીવટ કરવાને અશક્ત થતાં તેમણે તાતારખાનના પૌત્ર અને પોતાના પુત્ર અહમદશાહને ગાદી સોંપી. એ નિવૃત્ત થયો (ઈ. 1410). ત્યાર બાદ માત્ર સાડા પાંચ મહિને તે ગુજરી ગયો.

ગાદીએ આવ્યા બાદ અહમદશાહની કોઈકે કાન ભંભેરણી કરી કે તેના પિતા તાતારખાનને દાદા મુઝફ્ફરશાહે જ મારી નંખાવ્યો છે.

'મિરાતે સિકંદરી' જણાવે છે કે અહમદશાહે ઉલેમાઓને બોલાવીને પ્રશ્ન કર્યો : જો અન્યાયી રીતે કોઈક એક વ્યક્તિ બીજી વ્યક્તિને મારી નાંખે તો મરનારના પુત્રે એના બાપનું વેર લેવું એ કાયદેસર છે કે નહિ ? ઉલેમાઓએ હકારમાં ફતવો આપ્યો.

પોતાના પિતાની હત્યાનો બદલો લેવા અહમદશાહ અધીરો બન્યો હતો. તે દાદા મુઝફ્ફરશાહ પાસે ગયો. તેના હાથમાં ઝેરનો પ્યાલો હતો. પ્યાલો દાદા સામે ધરીને તેણે કહ્યું : 'આ પી જાઓ.'

મુઝફ્ફરશાહ સમજી ગયા. 'બેટા, તું કહે છે એટલે આ ઝેર તો હું પી જઈશ, પણ એટલું જરૂર યાદ રાખજે કે મેં તારા બાપને મરાવ્યો ન હતો. તને જરૂર કોઈએ ભરમાવ્યો છે. તું ખોટો અપજશ વહોરે છે.' એમ કહી મુઝફ્ફરશાહ ઝેરનો કટોરો પી ગયા. મરતાંમરતાં એમણે અહમદ શિખામણ આપી : 'દારૂ પીતો નહિ અને પ્રજાને રંજાડ નહિ. પ્રજાનું સુખ એ જ રાજાનું સુખ ગણજે.'

ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનત સ્થપાતાં થોડાં જ વર્ષોમ એનું પાયતખ્ત નહરવાલા(અણહિલવાડ પાટણ)ને બદ અહમદાબાદ(અમદાવાદ)માં રાખવામાં આવ્યું. પાયત સલ્તનતના અંત સુધી ત્યાં રહ્યું તેમ જ મોગલકાળ ત મરાઠાકાળ દરમ્યાન ગુજરાતનું વડું મથક પણ ત્યાં જ રહ્ ત્યાર પછીય ગુજરાતનું સહુથી મોટું અને મહત્ત્વનું સાંસ્કૃતિ કેન્દ્ર અમદાવાદ રહ્યું છે.

જેમ અણહિલપાટણ સરસ્વતીના તીરે પ્રાચીન લાખારામના સ્થાન પર વસાવવામાં આવ્યું હતું તેમ અહમદાબાદ સાબરમતીના તીરે પ્રાચીન આશાપલ્લી-(આશાવલ)ની બાજુમાં વસાવવામાં આવ્યું હતું.

દિલ્હી સલ્તનતના અમલ દરમ્યાન અસાવલ ગુજરાતનું એક મહત્ત્વનું નગર ગણાતું. અલાઉદ્દીન ખિલજીની ફોજે અણહિલવાડથી સોરઠ તરફ કૂચ કરી ત્યારે પહેલું થાણું અસાવલમાં નાખ્યું હતું. મુહમ્મદ તુઘલક 1લાના સમયમાં ગુજરાતના અમીરોએ બળવો કર્યો ત્યારે બળવાખોરોના આગેવાન તગીનો પીછો પકડવા સુલતાન અસાવલ આવેલો ને વરસાદને લીધે ત્યાં એને એક મહિનો રોકાવું પડ્યું હતું. મુહમ્મદ તુઘલક 2જાના સમયમાં ગુજરાતના નવા નાઝિમ મુઝફ્ફરખાને નહરવાલા જતાં પહેલાં અસાવલમાં મુકામ કર્યો હતો. મુઝફ્ફરખાનના પુત્ર તાતારખાને પિતાને અસાવલમાં કેદ કરી ત્યાં પોતાની સ્વતંત્ર સલ્તનત સ્થાપી હતી. અહમદશાહે બળવાખોર અમીરોને વશ કરી ભરૂચથી પાછા ફરતાં અસાવલમાં મુકામ કર્યો હતો ત્યારે એને ત્યાંના હવાપાણી પસંદ પડ્યાં હતાં. વળી આ સ્થળ દક્ષિણ-ગુજરાતને કાબૂમાં રાખવા માટે નહરવાલા કરતાં ઓછું દૂર પડે એમ હતું, આથી સુલતાને સરખેજના સંત શેખ અહમદ ખટ્ટૂની સલાહ લઈ અસાવલની બાજુમાં નગર વસાવી ત્યાં પાયતખ્ત રાખવાનું વિચાર્યું હતું.



અમદાવાદની સ્થાપના માટે દંતકથા છે. અહમદશાહ પોતાની રાજધાની માટે જગ્યાની પસંદગી કરવા એક વાર ઘોડા પર નીકળ્યો ત્યારે તેણે એક અદ્ભુત દૃશ્ય જોયું. એક સસલાએ બે કૂતરા સામે ધસી જઈ તેમને હાંકી કાઢ્યા ! બાદશાહને થયું કે આ જ જગ્યા રાજધાની માટે યોગ્ય છે. ત્યારથી કહેવત પડી ગઈ કે 'જબ કૂત્તે પે સસ્સા આયા, તબ બાદશાહને શહેર બસાયા.'

અમદાવાદની સ્થાપના : અહમદશાહે આ નવું શહેર વસાવવા માટે શેખ અહમદ ખટ્ટૂ મારફતે પેગંબર એલીઝ અથવા અલ્ ખિજ્ર ખ્વાજાની પરવાનગી માગી ત્યારે જેમણે પાંચ નમાજ કદી પાડી ન હોય એવા ચાર અહમદ ભેગા થઈ ખાતમુહૂર્ત કરે તો શહેર આબાદ થાય એવી આગાહી થઈ. શેખ અહમદ ખટ્ટૂ અને સુલતાન અહમદશાહ એ આવા બે પાક અહમદ હતા. ગુજરાતમાં શોધ કરતાં એવા બીજા બે અહમદ પણ મળી આવ્યા : કાજી અહમદ અને મલેક અહમદ. શહેરની ખાતમુહૂર્ત-વિધિમાં આ ચાર અહમદ ઉપરાંત 12 બાબાઓનો પણ સાથ હતો. કોટ(રાજગઢ)ની દીવાલના પાયામાં પહેલી ઈંટ દક્ષિણ-પશ્ચિમ ખૂણામાં મુકાઈ ને ત્યાં માણેકબુરજ નામે બુરજ થયો, જે હાલના એલિસપુલના પૂર્વ છેડાની દક્ષિણે આવેલો છે. આ બુરજનું નામ 'માણેકબુરજ' અને શહેરના મુખ્ય ચોકનું નામ 'માણેકચોક' માણેકનાથ નામે બાવાના નામ પરથી પડ્યું જણાય છે. માણેકચોકમાં માણેકનાથની સમાધિ છે એ પરથી ત્યારે અમદાવાદ પાસે માણેકનાથ નામે નામાંકિત સાધુ થયા હોવાનું સંભવે છે. આમ અમદાવાદની સ્થાપના રાજગઢથી અને રાજગઢની સ્થાપના નૈર્ઋત્ય બુરજથી થઈ ને એ બુરજ 'માણેકબુરજ' નામે ઓળખાયો. અહમદશાહે આ સ્થાનને આબાદ (વસ્તીવાળું) કર્યું તેથી એનું નામ 'અહમદાબાદ' પાડવામાં આવ્યું. ગુજરાતીમાં એનું તદ્ભવ રૂપ 'અમદાવાદ' થયું. હિન્દુ લેખકો એને 'રાજનગર' અને 'શ્રીનગર' તરીકે પણ ઓળખાવતા.

સ્થાપનાનો સમય : અમદાવાદની સ્થાપના માટે મધ્યકાલીન સાહિત્યમાં જુદાજુદા સમયનિર્દેશ સૂચવાયા છે તે પૈકી બે સ્વીકાર્ય ગણાય : 1. મુસ્લિમ તારીખ પ્રમાણે હિ. સ. 813ના ઝિલકાદ મહિનાની 2જી તારીખ અને ગુરુવાર (તા. 26મી ફેબ્રુઆરી, ઈ.સ. 1411) અને 2. હિન્દુ અનુશ્રુતિ પ્રમાણે વિ. સં. 1468ની વૈશાખ સુદ-7 ને રવિવાર (તા. 27મી એપ્રિલ, ઈ. સ. 1412). રાજગઢનું ખાતમુહૂર્ત હિ. સ. 813(ઈ. સ. 1411)માં થયું લાગે છે ને એ ગઢ હિ. સ. 815-816(ઈ. સ. 1413)માં પૂરો થયો લાગે છે, તો વિ. સં. 1468(ઈ. સ. 1412)ની મિતિ ગઢના વાસ્તુપ્રવેશની હોઈ શકે.

ભદ્રનો કિલ્લો : અમદાવાદના નિર્માણનો આરંભ જે રાજગઢના બાંધકામથી થયો તે 'ભદ્રનો કિલ્લો' તરીકે ઓળખાય છે. 'મિરાતે અહમદી'માં એને 'અરકનો કિલ્લો' પણ કહ્યો છે. અણહિલવાડ પાટણના કિલ્લાને 'ભદ્ર' કહેતા તેના પરથી અમદાવાદના આ રાજગઢને પણ લોકો 'ભદ્ર' કહેતા. સમય જતાં આ કિલ્લાના સ્વરૂપમાં ઘણા સુધારાવધારા થયા છે. છેવટના ભાગમાં એને આઠ દરવાજા હતા. પૂર્વમાં બે મોટા દરવાજા હતા. એમાંના મુખ્ય દરવાજાને 'પીરાન પીરનો દરવાજો' કહેતા. હાલ એ 'ભદ્રના દરવાજા' તરીકે ઓળખાય છે. આ દરવાજાથી ઉત્તરે આગળ જતાં એ હરોળમાં બીજો દરવાજો હતો તે લાલ દરવાજો. હાલ એ દરવાજાની દક્ષિણ બાજુની દીવાલ જ મોજૂદ રહી



શહેરની ખાતમુહૂર્ત-વિધિમાં આ ચાર અહમદ ઉપરાંત 12 બાબાઓનો પણ સાથ હતો. કોટ(રાજગઢ)ની દીવાલના પાયામાં પહેલી ઈંટ દક્ષિણ-પશ્ચિમ ખૂણામાં મુકાઈ

છે, જે સીદી સઈદની મસ્જિદની દક્ષિણે પડતા માર્ગની સામી બાજુએ આવેલી છે.

ભદ્રનો કિલ્લો પશ્ચિમે નદીના તટ સુધી હતો. અસલ બાદશાહી મહેલ નદીના કિનારે હતો. 'મિરાતે અહમદી' આ કિલ્લાની પૂર્વ-પશ્ચિમ લંબાઈ 487 ઇલાહી ગજ અને ઉત્તર-દક્ષિણ પહોળાઈ 400 ઇલાહી ગજ હોવાનું જણાવે છે. કિલ્લાનું ક્ષેત્રફળ 43 એકર હતું. એને 14 બુરજ હતા. પહેલાં એલિસ પુલ આ કિલ્લાના દક્ષિણ-પશ્ચિમ ખૂણાની બહાર હતો - તે તૂટી ગયા પછી નવો પુલ કોટ તોડીને માણેક. બુરજની ઉત્તરે કરવામાં આવ્યો. સીદી સઈદની મસ્જિદ લાલ દરવાજાની ઉત્તરે કોટ તોડીને બાંધવામાં આવી હતી.

ભદ્રકાળીના મંદિરની દક્ષિણે આવેલો આઝમખાંનો મહેલ ગુજરાતના સૂબા આઝમખાંએ 1637માં ભદ્રના દરવાજાની દક્ષિણ બાજુની દીવાલ તોડીને બાંધ્યો હતો. ભદ્રકાળીનું મંદિર આ મહેલની ઉત્તર પાંખમાં મરાઠા-કાલમાં કરેલું છે. આઝમખાંનો મહેલ ભદ્રના કિલ્લાની પૂર્વ દીવાલ કરતાં આગળ આવી જવાથી કિલ્લાના મુખ્ય દરવાજાની આગળ બીજો દરવાજો ઉમેરવામાં આવ્યો.

અમદાવાદના નિર્માણનો આરંભ જે રાજગઢના બાંધકામથી થયો તે 'ભદ્રનો કિલ્લો'





મહંમદ બેગડાને સવારમાં એક કટોરો ઘી, એક કટોરો મધ અને 250 કેળાં જોઈએ. ઊંઘમાંથી જાગે ત્યારે એને ખાવાનું જોઈએ.

ભદ્રના કિલ્લામાં આવેલી અનેક ઈમારતો હાલ નામશેષ થઈ ગઈ છે. સલ્તનતના સમયની ઈમારતોમાં અહમદશાહની મસ્જિદ યથાતથ જળવાઈ રહી છે. અહમદશાહે ભદ્રના કિલ્લાની સાથે આ મસ્જિદ બંધાવવા માંડેલી, તે ઈ. સ. 1414ના ડિસેમ્બરની 17મી તારીખે પૂરી થઈ હતી.

નદીકિનારાથી ભદ્રના દરવાજાવાળી દીવાલ સુધી વિસ્તરેલા આ કિલ્લાની આગળ મોટું ચોગાન હતું, એને 'મેદાને શાહ' કહેતા. એની ઉત્તર-દક્ષિણ લંબાઈ 620 વાર અને પૂર્વ-પશ્ચિમ પહોળાઈ 330 વાર હતી. મેદાનમાં મોટો હોજ-ફુવારો હતો ત્યાં બેસી બાદશાહ શુક્રવારની ગુજરી જોતા. આ મેદાનમાં અમલદારો ચોગાનની રમત રમતા. મેદાનની પૂર્વે ત્રણ દરવાજા આવેલા છે, ત્યાંથી શહેરમાં જવાય છે. આ દરવાજા અહમદશાહે શહેર વસાવ્યા પછી થોડા વખતમાં જ બંધાવ્યા હતા.

શહેરનો વિકાસ : અહમદશાહે ભદ્રનો કિલ્લો બાંધવા માંડ્યો ને બીજા જ વર્ષે એ કિલ્લાથી પૂર્વમાં થોડે અંતરે શહેરની મુસ્લિમ જનતા માટે જુમા મસ્જિદ બંધાવવી શરૂ કરી એ 12 વર્ષે હિ. સ. 827(ઈ. 1424)માં પૂરી થઈ. એ અમદાવાદની મોટામાં મોટી અને સહુથી ભવ્ય મસ્જિદ છે. એની પૂર્વે અહમદશાહનો રોજો બંધાયો. એની ચારે બાજુએ બજાર હતું. માણેકચોકનું ચૌટું શહેરના ચારે બાજુથી આવતા રસ્તાઓનું કેન્દ્રસ્થાન હતું. ત્યાંથી એક સીધો મહામાર્ગ ઉત્તરદક્ષિણ જતો, જ્યારે ત્રણ દરવાજાથી આવતો મહામાર્ગ માણેકચોકની દક્ષિણ બાજુએથી નીકળતો હશે એવું માલૂમ પડે છે. પાંચકૂવા દરવાજો તથા પ્રેમ દરવાજો અને રિચી રોડ (ગાંધી માર્ગ) તથા રિલીફ રોડ (ટિળક માર્ગ) નવા હોઈ, અસલ અમદાવાદનું આયોજન એ બે માર્ગ વિના વિચારવું ઘટે. આગળ જતાં આ ચાર મહામાર્ગો ઉપરાંત ત્યાંથી ઉત્તર-પૂર્વે બે ત્રાંસા માર્ગ અને દક્ષિણપૂર્વે એક ત્રાંસો માર્ગ પણ જતો એવું જણાય છે. આમ અમદાવાદ શહેર પૂરેપૂરું નથી સ્વસ્તિક પ્રકારનું નગર-આયોજન ધરાવતું કે નથી સર્વતોભદ્ર પ્રકારનું ધરાવતું. માણેકચોકમાં આવેલી મુહરતપોળ એ શહેરમાં સ્થપાયેલી પહેલી પોળ હોવા મનાય છે. એ અનુસાર અહમદશાહે શહેરની મધ્ય વેપારીઓને વસાવ્યા ગણાય.

અહમદશાહે પોતાનો રોજો જુમા મસ્જિદની પૂ બાજુએ બંધાવ્યો હતો. એ 'બાદશાહનો હજીરો' કહેવાય છે એમાં સુલતાન અહમદશાહની, એના પુત્ર મુહમ્મદશાહની અને પૌત્ર કુત્બુદીન અહમદશાહની કબરો આવેલી છે. બાદશાહના હજીરાની પૂર્વબાજુએ 'રાણીનો હજીરો' આવેલો છે. આ હજીરો પણ અહમદશાહે બંધાવ્યો લાગે છે. દિલ્હી ચકલામાં આવેલી કુત્બુદીનની મોટી મસ્જિદ સુલતાન મુહમ્મદશાહ 1લાના સમયમાં હિ. સ. 853(ઈ. 1449)માં બંધાઈ હતી.

અમદાવાદની દક્ષિણ પૂર્વે આવેલું કાંકરિયું તળાવ સુલતાન કુત્બુદીને બંધાવેલું 'હોજે કુત્બ' (ઈ. 1451) છે. સે 34 કોણનું મોટું તળાવ છે. બકસ્થલમાં 'બાગે નગીના' છે, જેને હાલ 'નગીનાવાડી' કહે છે. તળાવની બાજુમાં સુલતાને 'ઘટામંડળ' નામે મહેલ બંધાવ્યો હતો. ગોમતીપુર પાસે રાજપુર-હીરપુરમાં આવેલી 'હાલતા મિનારાની મસ્જિદ' કુત્બુદીને હિ. સ. 858 (ઈ. 1454)માં બંધાવેલી સુંદર મસ્જિદ છે. 1442માં અહમદશાહ મરણ પામ્યો. પછી તેનો પુત્ર મહંમદશાહ પહેલો ગાદીએ આવ્યો અને ત્યાર બાદ તેનો પુત્ર મહંમદશાહ બીજો જે ઇતિહાસમાં મહંમદ બેગડા તરીકે પ્રસિદ્ધ થયો તે ગાદીએ આવ્યો.

મહંમદ બેગડો

ઝેર આપવાની ને ખૂન કરવાની વાતો તો તે સમયના રાજકારણમાં સાધારણ થઈ પડી હતી. આવી જ વાત ગુજરાતના મહંમદ બેગડાની છે. તેની મા તેને ઝેર આપતી હતી, પણ મારી નાખવા નહીં પણ જિવાડવા. મહંમદ બેગડાનું મૂળ નામ હતું ફતેહખાં. કોઈ તેને ઝેર આપીને મારી નાખશે એવી બીક તેની માને સતત લાગતી હતી. માએ તેનો ઉપાય શોધી કાઢ્યો. માએ દીકરાને નાનપણથી થોડુંથોડું - તે પચાવી શકે તેટલું ઝેર આપવા માંડ્યું. તે કારણે તેનું ખાવાનું પણ વધતું ગયું. સવારમાં તેને એક કટોરો ઘી અને એક કટોરો મધ જોઈએ. દિવસમાં ઢગલાબંધ અનાજ અને 250 કેળાં જોઈએ. ઊંઘમાંથી જાગે ત્યારે એને ખાવાનું જોઈએ. તે માટે બાજુમાં જ ખાવાનું મૂકી રાખવામાં આવતું. આવા એ મહંમદે બે ગઢ જીત્યા હતા એટલે લોકો તેને બેગડો કહેતા એમ મનાય છે. બે ગઢ એટલે એક ચાંપાનેરનો અને બીજો જૂનાગઢનો.

જૂનાગઢમાં રા' માંડલિક થઈ ગયો. તે પ્રજાને ખૂબ ત્રાસ આપતો હતો અને પ્રજામાં ખૂબ અપ્રિય થઈ પડ્યો હતો. તેને મહંમદે હરાવ્યો અને જૂનાગઢ જીતી લીધું. રા' માંડલિકને હારીને મુસલમાન બનવું પડ્યું. મહંમદે જૂનાગઢમાં મુસલમાનોને વસાવ્યા.

ચાંપાનેરમા પતાઈ રાવળ રાજ્ય કરતો હતો. મહંમદ બેગડાએ તેને પણ હરાવ્યો. મહંમદે ત્યાં શહેરની ફરતે કોટ

મિરાતે સિકંદરી

'મિરાતે સિકંદરી'નો લેખક સિકંદર ઇબ્ન મુહમ્મદ ઉર્ફે મંઝૂ ઇબ્ન અકબર હતો. જહાંગીર તથા ઇતમાદ ઉદ્ દૌલા એને 'શેખ અને સિકંદર' નામથી ઓળખે છે. શેખ સિકંદરના પિતા બાદશાહ હુમાયૂંના હજૂરી અને ગ્રંથપાલ તરીકે ગુજરાતમાં આવ્યા હતા. સૈયદ મુબારક બુખારીના આધ્યાત્મિક શિષ્ય અને વિશ્વાસુ સાથીદાર તરીકે એનો નામોલ્લેખ થાય છે. બાદશાહ અકબર પ્રથમ વાર ગુજરાતમાં આવ્યો ત્યારે સૈયદ મિરાતના પુત્ર સૈયદ હમીદની નોકરી કરતો હતો. ઈ. 1610માં એ શાહી નોકરીમાં જોડાયો હતો.

સિકંદરે ઘણા વિશ્વાસુ ગુજરાતીઓ પાસેથી વાર્તાઓ અને દંતકથારૂપે માહિતી એકત્ર કરી હતી. 'મિરાતે સિકંદરી' આ માહિતી પર આધારિત પુસ્તક છે. એ ઈ. 1613માં લખાઈ પૂરું થયું. જહાંગીરે પોતે એની વિશ્વસનીયતા નોંધી છે. શેખ સિકંદરે, તસવ્વુફ ઉપર 'નૂકાત-ઉલ્-આરેફીન' નામનું પુસ્તક પણ લખ્યું છે, જેની એક નકલ ઇતિમાદ-ઉદ્-દૌલાને જહાંગીરના વજીરે અર્પણ કરી હતી.

બંધાવ્યો. તેના સમયમાં ચોરી-લૂંટફાટનો ખૂબ ઉપદ્રવ હતો. દરિયામાં ચાંચિયાનું ખૂબ જોર હતું. તેમને માત કરીને તેણે શાંતિ સ્થાપી. ગુજરાતને કાંઠે દીવમાં રહેતા ફિરંગીઓ તોફાન કરતા હતા તેમને પણ મહંમદ ઠેકાણે લાવ્યો.

મહંમદ બેગડો બાંધકામનો અને બાગબગીચાનો પણ ભારે શોખીન હતો. મહેમદાવાદ શહેર તેણે વસાવ્યું હતું. ત્યાં વાત્રકને કાંઠે ભમ્મરિયો કૂવો અને ચાંદા-સૂરજનો મહેલ બંધાવ્યા હતા. અમદાવાદને રોનકદાર બનાવવા તેણે રસ્તાઓ બંધાવ્યા, ઝાડ રોપાવ્યાં, બગીચા પણ કરાવ્યા, વાવો પણ બંધાવી. સરખેજમાં એક તળાવ ખોદાવ્યું. આ અમલ દરમ્યાન પ્રજા સુખ-શાંતિ પામી હતી. ગુજરાતના સુલતાનોમાં તે સૌથી મોટો ગણાય છે. સોલંકીયુગ પછી ફરીથી આ બાદશાહના સમયમાં ગુજરાત મોટા રાજ્ય તરીકે વિસ્તર્યું. સુંદર બાંધકામો થયાં. ચાંપાનેર મહાનગર તરીકે વિકસ્યું.

મહંમદના સમયના વિખ્યાત સંત શાહઆલમની શુભેચ્છાઓ અને સલાહ બેગડાને મળી. સરખેજનો વિકાસ થયો, પરંતુ મુખ્યત્વે આ મહાન સુલતાનનો મોટા ભાગનો સમય પોતાની સત્તા સ્થિર કરવામાં અને બળવાખોર અમીરોને જેર કરવામાં ને પછી સામ્રાજ્યને વિસ્તારવામાં એમ બહુધા યુદ્ધોમાં જ વીત્યો. આમ છતાં તેના સમયમાં ગુજરાતની મુસ્લિમ સલ્તનત દૃઢ, વિશાળ, શક્તિશાળી અને સમૃદ્ધ બની.

મુઝફ્ફરશાહ બીજો

'એ ઘોડો મને નહીં ખપે.' મહંમદ બેગડાના દીકરા સુલતાન મુઝફ્ફરશાહે નોકરોને સંભળાવી દીધું. નોકરો તો બધા દંગ થઈ ગયા. વાત એમ બની હતી કે સુલતાનનો એ પ્યારો ઘોડો હતો. એક વાર તેના પેટમાં ચૂંક આવી એટલે હકીમે તેને દારૂ પિવડાવ્યો. સુલતાન ધાર્મિક પ્રકૃતિનો હતો. દારૂ તો શું ભાંગને પણ અડકતો નહીં. ઘોડાને દારૂ પાય છે જાણી તે ઘોડા પર કદી બેઠો નહીં.

આ મુઝફ્ફરશાહ જેવા ભલા અને દયાળુ બહુ ઓછા રાજ્યકર્તા થયા છે. તે સંતકક્ષાનો રાજવી હતો. વિદ્વાનોને તે માન આપતો. સ્ત્રીઓ તરફ આદર-ભાવનાથી જોતો. શત્રુઓ સાથેનું વર્તન પણ સારું રાખતો. કળા અને કુસ્તીનો શોખીન હતો. ભલભલા યોદ્ધાને નવાઈ લાગે તેવી કુશળતાથી તલવાર અને ભાલાનો ઉપયોગ કરી શકતો.



સુલતાન મુઝફ્ફરશાહ બીજો કુરાનની નકલ જાતે કરતો.

પાઈએ પાઈનો હિસાબ રાખતો. કરકસર અને પ્રામાણિકતાથી રાજ્ય કરતો. તેના દરબારીઓ તેને કંજૂસ પણ કહેતા, પરંતુ લોકોમાં તે ખૂબ જ પ્રિય રાજવી હતો.

તેના સદાચરણ સંબંધી એક વાત ઉલ્લેખનીય છે. એક વાર માળવા જીતીને તે માંડુગઢમાં રહ્યો હતો ત્યારે તેના સુલતાને પોતાના જનાનખાનાની ખૂબસૂરત સ્ત્રીઓને મુઝફ્ફરશાહ પાસે મોકલીને કહેવડાવ્યું, આપે મને જીત્યો છે, એટલે આ સ્ત્રીઓ પણ હવે આપની છે. મુઝફ્ફરશાહે તે સ્ત્રીઓને ખૂબ માન આપ્યું, તેમને બહેન ગણી અને માનભેર માળવાના સુલતાનને પાછી મોકલી, ઉપરથી તેને સલાહ આપી, 'સ્ત્રીઓનું આવું અપમાન ફરી કરશો નહીં.' આવો એ નીતિમાન બાદશાહ હતો.

તે વખતે છાપખાનાં ન હતાં. સારાં પુસ્તકોની તો હાથે નકલ કરવી પડતી. સુંદર અક્ષરે પુસ્તકોની નકલ કરનારા લહિયાઓને ખૂબ પૈસા આપીને પુસ્તકોની નકલ કરાવાતી. સુલતાન મુઝફ્ફર કુરાનની નકલ જાતે કરતો.

આ ભલો રાજા, એક વાર ગુજરાતમાં દુકાળ પડ્યો ત્યારે મૂંઝાયો. તેણે ખુદાને બંદગી કરી, 'હે પરવરદિગાર, હું રાજા છું. રાજાનાં પાપનાં ફળ પ્રજાને ભોગવવાં પડતાં હોય તો તું મારો પ્રાણ લઈ લે, પણ મારી પ્રજાને બચાવ !' ખુદાએ જાણે એની પ્રાર્થના સાંભળી. વરસાદ પડ્યો. દુકાળ પડતો રહી ગયો. થોડા વખતમાં બાદશાહની તબિયત બગડી અને એ મૃત્યુ પામ્યો. બેગડો વીર સુલતાન હતો, તો આ સુલતાન સંત સુલતાન હતો.


'મિરાતે અહમદી'

'મિરાતે અહમદી'ના લેખક મીરઝા મોહમ્મદ 1708માં અમદાવાદમાં આવી વસ્યા. ઈ. 1746માં એમને દીવાનનો હોદ્દો આપવામાં આવ્યો, પરંતુ ઈ. 1753માં રઘોબા તથા દામાજીરાવે અમદાવાદ જીતી લીધું ત્યારે એ નિમણૂક નામની બની રહી. આ રીતે એ ગુજરાતનો અંતિમ શાહી દીવાન બન્યો. એનો ઈતિહાસ 1761ના પાણીપતના યુદ્ધ પછી અટકી જાય છે.

દિલ્હીના બાદશાહ અહમદશાહના રાજ્ય-અમલ દરમ્યાન એણે લખવાનું શરૂ કર્યું, તેથી એ ગ્રંથનું નામ 'મિરાતે અહમદી' રખાયું. લેખકે એ લખવામાં 14 વર્ષોનો સમય (ઈ. 1748થી ઈ. 1761) લીધો અને એ લખવામાં એણે એક હિન્દુ કાયસ્થ નામે મીઠાલાલ કે જે ગુજરાતના દીવાનની કચેરીનો કર્મચારી હતો તેની મદદ લીધી હોવાનું એ નોંધે છે. મીઠાલાલ દફતરખાનાનો વંશપરંપરાગત સબનવીસ હતો અને સરકારી દફતરોથી સંપૂર્ણપણે વાકેફ હતો.

લેખકે પોતાનો એ ઈતિહાસ કોઈ પણ જાતના પૂર્વગ્રહ કે તરફદારી સિવાય લખ્યો છે. એમાં કેટલાક મુસ્લિમ સૂબેદારોને પણ એમની જુલ્મી વર્તણૂક માટે વખોડી કાઢ્યા છે. એ મૂળ ઈરાની ખાનદાનનો હતો છતાં એણે ગુજરાતને પોતાનું વતન માન્યું હતું. એનાં લખાણોમાં એનો ગુજરાત પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થાય છે.

એના ઈતિહાસમાં બાદશાહ અકબરથી લઈને મોહમ્મદશાહ બીજાના સમય સુધી લખાયેલાં અને ગુજરાતના સૂબેદારો કે દીવાનોને મોકલાયેલાં આશરે દોઢ ડઝન ફરમાનોનો સમાવેશ થાય છે. એ દૃષ્ટિએ ઈતિહાસના પુસ્તક તરીકે આ મિરાતનું વિશિષ્ટ સ્થાન છે.



ગુજરાતમાં મુગલ શાસન

બાબરે ઈ. 1526માં હિન્દ પર આક્રમણ કર્યું તે સમયે ગુજરાતમાં મુઝફ્ફરશાહ બીજાનું શાસન (ઈ. 1511-26) ચાલતું હતું. ત્યાર બાદ હુમાયૂંએ પણ ફરી ગુજરાત પર આક્રમણ કર્યું હતું. ત્યારે મુઝફ્ફરશાહના અવસાન બાદ તેનો શાહજાદો બહાદુરશાહ ગાદીએ બેઠો હતો. હુમાયૂંએ સૌરાષ્ટ્ર સિવાયના માળવા અને ગુજરાત-પ્રદેશ જીતી લીધો, પરંતુ તે દરમ્યાન મુગલ સામ્રાજ્યમાં શેરખાન અફઘાને બંડ કર્યાનો સમાચાર જાણી તેણે ગુજરાત છોડ્યું. તેની પૂંઠ ફરતાં જ ગુજરાતમાં બહાદુરશાહ-તરફી બંડ થયું અને બહાદુરશાહે ફરી પોતાના ગુમાવેલો પ્રદેશ કબજે કરી લીધો.



બાબર

સુલતાન બહાદુરશાહના અવસાન (ઈ. 1537) પછી ગુજરાતમાં સલ્તનતની સત્તા નબળી પડી તે સમયે દિલ્હીની ગાદીએ બેઠેલા અકબરને પોતાના સામ્રાજ્યના વિસ્તરણ માટે ગુજરાત-પ્રદેશ ઘણો અગત્યનો લાગ્યો. ફળદ્રુપ જમીન, વિસ્તૃત દરિયાકાંઠો, બંદરો વગેરેને કારણે ગુજરાત સમૃદ્ધ પ્રદેશ કહેવાતો. આથી અકબરે ગુજરાત પર ચડાઈ કરીને પોતાનું આધિપત્ય સ્થાપ્યું (ઈ. 1573).

અકબરે ગુજરાતમાં અમીરો પર વર્ચસ્વ ધરાવનાર ઈતિમાદખાનને ગુજરાતનો વહીવટ દિલ્હી શાસન વતી સોંપ્યો. અકબરને પ્રજા તરફથી તેમ જ અન્ય નાના-મોટા સરદારો તરફથી સારો આવકાર મળ્યો. ત્યાર બાદ અકબરે ખંભાતની મુલાકાત લીધી અને પ્રથમ વાર દરિયાનું પ્રત્યક્ષ દર્શન કર્યું. દરિયામાં સહેલગાહ કરી અને ઘણો આ[નંદ] અનુભવ્યો.

અકબરે અમદાવાદ છોડતાં તેની પાછળ અમીરો અ[ને] મીરઝાઓએ ખટપટ કરી અને બાદશાહ અકબર પ્રત્યે[ની] તેમની વફાદારી ફગાવી દીધી. આ સમાચાર મળ[તાં] વારાફરતી - એક પછી એક સૌને સીધાદોર કરી [ને] ફતેહપુર સિક્રી પહોંચ્યો, પરંતુ તેની પીઠ ફરતાં ફરી પા[છી] ગુજરાતમાં બગાવત શરૂ થઈ ગઈ. અકબરની ધર્મસહિ[ષ્ણુ] નીતિને કારણે પ્રજા તો શાંતિનો અનુભવ કરી રહી હતી, પરંતુ સુલતાનને પોતાનું રાજ્ય ગુમાવવાનો ભારે અસંતોષ હતો અને તે રાજ્ય પાછું મેળવવા ખટપટો કરી રહ્યો હતો.

બીજી ચડાઈ અને હકૂમતની દૃઢ સ્થાપના : અકબરને આ સમાચાર મળ્યા. તે ભારે દૂરંદેશી હતો. તેણે જરાય સમય ગુમાવ્યા વિના વીજળીવેગે કૂચ કરી. માત્ર નવ જ દિવસમાં 600 માઈલ(960 કિ.મી.)નું અંતર કાપીને તે અમદાવાદ આવી પહોંચ્યો. બળવાખોરો પર પ્રબળ હુમલો કરી, તેમને કેદ કરીને કડક શિક્ષા ફરમાવી.

વિજય મેળવ્યા બાદ અકબરે ગુજરાતની વ્યવસ્થા નક્કી કરી દીધી. આ સઘળું કામ તેણે માત્ર 43 દિવસમાં જ આટોપી લીધું અને આમ ગુજરાતમાં સલ્તનતના શાસનનો સત્તાવાર અંત આવ્યો અને ઈ. 1573માં ગુજરાત મુગલ સામ્રાજ્યનો એક સૂબો (પ્રાંત) બની ગયું. તેણે નીમેલા આઠ મુગલ સૂબેદારોએ ત્યાર બાદ ઈ. 1605 સુધી ગુજરાતનો વહીવટ ચલાવ્યો.

ગુજરાત પર બીજી વાર જીત મેળવ્યા બાદ અકબરે તળ-ગુજરાતની પાકી વ્યવસ્થા ગોઠવી. મીરઝા અઝીઝ કોકા - જે 'ખાન આઝમ' તરીકે જાણીતો હતો તેની સૂબેદાર તરીકે નિમણૂક કરી. અઝીઝ કોકાની સૂબાગીરી દરમ્યાન જે સૌથી મહત્ત્વનો બનાવ બન્યો તે ગુજરાતમાં રાજા ટોડરમલના આગમનનો હતો. રાજા ટોડરમલ ગુજરાતમાં છ મહિના રહ્યા અને 10 વર્ષ માટે મહેસૂલપદ્ધતિ નક્કી કરી, પરંતુ મીરઝા કોકાના વહીવટ અંગે અકબરને અસંતોષ લાગતાં તેણે મીરઝા અબ્દુર્રહીમની નિમણૂક કરી અને થોડા સમય બાદ શિહાબુદ્દીન અહમદખાનને સૂબો નીમ્યો.

ગુજરાત પર મુગલ શાસન હોવા છતાં હજી સૌરાષ્ટ્રના ભાગને અકબર નમાવી શક્યો ન હતો. તે કામ પાર પાડવા અગાઉના સૂબા મીરઝા અઝીઝ વધુ અનુકૂળ લાગતાં તેને ફરી ગુજરાતનો સૂબો બનાવવામાં આવ્યો. મુગલ સૈન્ય લઈને તેણે ઠેરઠેર હુમલા કર્યા. તેની કામગીરીથી ખુશ થઈ તેનું સન્માન કરવા અકબરે એને આગ્રા દરબારમાં આવવા આમંત્રણ આપ્યું, પરંતુ મીરઝા આગ્રા ન જતાં મક્કા હજ કરવા નીકળી ગયો. તે દરમિયાન અકબરે પોતાના બીજા શાહજાદા મુરાદને ગુજરાતનો વહીવટ સોંપ્યો. તેનું માત્ર 30 વર્ષની વયે (ઈ. 1599) અવસાન થતાં ફરી ત્રીજી વાર મીરઝા અઝીઝ કોકા પાસે ગુજરાતનો વહીવટ આવ્યો.

ગુજરાતમાં અકબરના અમલ દરમ્યાનની એક



અકબર

નોંધપાત્ર ઘટના એ છે કે અમદાવાદની શાહી ટંકશાળમાં મુગલ શહેનશાહોના સિક્કા પાડવાનો આરંભ થયો.

જહાંગીરનો રાજ્ય-અમલ (ઈ. 1605-1627) : અગાઉ અકબરના રાજ્ય-અમલ દરમ્યાન આઠ જેટલા મુગલ સૂબેદારોએ ગુજરાતનો વહીવટ કર્યો.

કુલીઝખાન અને વિક્રમજીત (ઈ. 1605-06) : જહાંગીરે પોતાના શાસનના આરંભમાં મોકલેલા સૂબેદારોમાં પ્રથમ સૂબેદાર કુલીઝખાન હતા. તે મોટો ઉમરાવ હતો અને અકબરના સમયથી તે ગુજરાત પ્રાંતની સેવામાં હતો. ઈ. 1606માં તેની બીજી કામગીરી સોંપાતા રાજા વિક્રમજીતને તેની જગ્યાએ મૂક્યો હતો. આ બંને સૂબેદારોની કામગીરી સામાન્ય રહી હતી.

મુર્તઝાખાન બુખારી (ઈ. 1606-09) : જહાંગીરને ગાદીએ લાવવામાં શેખ ફરીદ નામના સરદારે મહત્ત્વનો ભાગ ભજવેલો. તેની કદરરૂપે જહાંગીરે તેને ગુજરાતનું સૂબેદારપદ આપ્યું. તેનું 'મુર્તઝાખાન'નો ખિતાબ આપીને બહુમાન કરવામાં આવ્યું. પોતાના અમલ દરમ્યાન તેણે અમદાવાદમાં ત્રણ દરવાજા પાસે 'બુખારી મહોલ્લો' વસાવ્યો. કડીમાં કિલ્લો બંધાવ્યો (1609). એ કિલ્લાના દરવાજાની દીવાલ પરના લેખમાં તેનો ઉલ્લેખ છે. આ ઉપરાંત તેણે ભરૂચમાં એક મસ્જિદ બંધાવી હતી (1609). મુર્તઝાખાનના સગાસંબંધીઓ અમદાવાદની પ્રજાને રંજાડે છે અને સૂબો તેમને કાબૂમાં રાખી શકતો નથી તેવી ફરિયાદ દિલ્હી પહોંચવાથી જહાંગીરે ગુજરાતની સૂબાગીરી મીરઝા અઝીઝ કોકાને સોંપી.

મીરઝા અઝીઝ કોકા (4થી વાર) (1609-11) : નક્કી એ રીતે કરાયું કે ખાન આઝમે મુગલ રાજધાનીમાં રહી દેખરેખ રાખવી તથા તેના પુત્ર શમસુદ્દીને પોતાના વતી ગુજરાતમાં વહીવટ કરવા મોકલવા. આ દરમ્યાન ગુજરાતની પૂર્વ સરહદે રાજ્ય-વિરોધી બળવાખોર પ્રવૃત્તિઓને દાબી દેવા રાજા ટોડરમલના પુત્ર ગોપીનાથને મોકલવામાં આવ્યો. તેણે એ કામગીરી સારી રીતે બજાવીને શાંતિ સ્થાપી.

અબ્દુલાખાન ફિરોઝ જંગ (ઈ. 1611-16) : અબ્દુલ્લાખાનની સૂબાગીરીના વહીવટ દરમ્યાન અમદાવાદ ખાતેની અંગ્રેજોની વેપારી કોઠી સાથેના નવા સ્થપાયેલ સંબંધો અંગેની કેટલીક વિગતો સર ટોમસ રોની નોંધમાંથી જાણવા મળે છે. તેના સમય દરમ્યાન અમદાવાદમાં શાહ સોમપાલના પુત્ર રૂપચંદની પાછળ તેની ત્રણ પત્નીઓ તેની ચિતા પર ચડી અગ્નિસ્નાન કરી સતી થઈ ગઈ હતી. અબ્દુલ્લાખાનને એની કડક શાસનનીતિના કારણે જહાંગીરે પરત બોલાવી લીધો.

મુકર્રબખાન (ઈ. 1616-18) : અબ્દુલ્લાખાનના અનુગામી તરીકે મુકર્રબખાન નામના અમીરને પસંદ કરવામાં આવ્યો. તેણે અગાઉ સુરત અને ખંભાતના બંદરોના વહીવટની કામગીરી બજાવી હતી. કેટલાય સમયથી તેની ગુજરાતના સૂબેદાર થવાની આગ્રહભરી વિનંતી તે કરી રહ્યો હતો. તેની અગાઉની કામગીરીથી જહાંગીર ઘણો ખુશ હતો એટલે તેને આ બઢતી આપી.

મુકર્રબખાનના વહીવટ દરમ્યાન - જોગાનુજોગ જહાંગીરે પૂરા પાંચ વર્ષ અને ચાર મહિના (1613થી 1619) સુધી રાજધાની આગ્રા છોડી અજમેર, માળવા અને ગુજરાતના પ્રાંતોનો પ્રવાસ કર્યો હતો. આ પ્રવાસ દરમ્યાન અમદાવાદમાં લાંબો સમય એણે જ પ્રવૃત્તિઓ કરી હતી તેનો હેવાલ સર ટોમસ રોની નોંધપોથીમાંથી મળે છે. ઇંગ્લેન્ડના રાજા જેમ્સ 1લાના એલચી તરીકે સર ટોમસ રો જહાંગીરને મળ્યો હતો અને પોતાના રસાલા સાથે એ જહાંગીરની સાથે સાથે 1618 સુધી ફર્યો હતો.

ગુજરાતનો પ્રવાસ કરવા જહાંગીર માંડૂથી નીકળીને દાહોદ આવી પહોંચ્યો હતો (1લી ડિસેમ્બર, 1617). ગુજરાત જોવાની તેની તીવ્ર ઇચ્છા હતી. તેને ખારો સમુદ્ર જાતે જોવો હતો. નડિયાદ થઈ તે ખંભાત પહોંચ્યો (29, ડિસેમ્બર, 1617). દસ દિવસ રોકાઈ તેણે દરિયાઈ સફરની મોજ માણી. ત્યાર બાદ અમદાવાદ આવી તેણે કાંકરિયા તળાવ પર મુકામ કર્યો. એ દિવસે શાહજાદા શાહજહાંની 23મી વર્ષગાંઠ હતી. એ પ્રસંગે જહાંગીરે શાહજહાંને ગુજરાતની જાગીર બક્ષિસ આપી અને એના સૂબેદાર તરીકે નીમ્યો (5, જાન્યુઆરી, 1618).

શાહજાદા શાહજહાં (ઈ. 1618-23) : પોતાના વહીવટના પહેલાં ચાર વર્ષ એટલે કે 1622માં આંતરવિગ્રહ ફાટી નીકળતાં સુધી શાહજહાં ગુજરાતના સૂબેદાર તરીકે ઔપચારિક રીતે જ રહ્યો. એ તો એના પિતા જહાંગીરની



ટોડરમલ

મુગલકાલીન અમદાવાદ

મુગલ બાદશાહ અકબરે ગુજરાત જીતી લીધું ત્યારથી મુગલ બાદશાહોના સૂબેદારોનો વહીવટ શરૂ થયો તેઓનું વડું મથક અમદાવાદ હતું. એમાં અનેક નામાંકિત સૂબેદાર તેમજ બીરબલ અને ટોડરમલ જેવા નામાંકિત માણસ અમદાવાદમાં આવી વસ્યા હતા.

અકબરના સમયના અબુલફઝલે 'આઈને અકબરી'માં નોંધ્યું છે કે અમદાવાદ સાબરમતી ઉપર સારી રીતે બંધાયેલું મોટું શહેર છે, સ્થળ આરોગ્યવાળું છે, ત્યાં આખી દુનિયામાં બનતી ચીજો મળી શકે છે, એને બે કિલ્લા છે ને એની બહાર પણ શહેર છે. એમાં પહેલાં 360 પરાં હતાં, પણ હવે 84 પરાં સારી હાલતમાં છે. પથ્થરની એક હજાર મસ્જિદ છે ને એ દરેકને બબ્બે મિનારા છે.

'તારીખે ફિરશ્તા'માં લખ્યું છે કે અમદાવાદ એકંદરે આખા હિન્દુસ્તાનમાં સર્વથી સુંદર શહેર છે અને એને કદાચ આખી દુનિયામાં પણ સર્વથી સુંદર કહી શકાય. એના મુખ્ય માર્ગ એકી સાથે દસ ગાડી પસાર થઈ શકે તેટલા પહોળા છે.



શાહજહાં

ભારતના ઈતિહાસમાં મોગલ શાસન દરમ્યાન શાહજહાં સુંદર અને ભવ્ય ઈમારતોના બાંધકામો માટે સુપ્રસિદ્ધ છે. તેણે આગ્રાનો તાજમહાલ અને દિલ્હીમાં લાલ કિલ્લો અને બીજી પણ અનેક ઈમારતો બંધાવી હતી. અમદાવાદમાં શાહીબાગ ખાતે 'મોતીશાહી મહલ' પણ બંધાવ્યો હતો - જે આજે સરદાર પટેલ રાષ્ટ્રીય સ્મારક તરીકે અસ્તિત્વ ધરાવે છે.

સાથે જ ગુજરાત છોડીને આગ્રા ચાલ્યો ગયો હતો. તેના નાયબ સૂબાઓ તરીકે રૂસ્તમખાન અને રાજા વિક્રમજિતે જ વહીવટ કર્યો હતો.

ત્યાર બાદ જહાંગીર આગ્રા જવા રવાના તો થયો પણ આગ્રામાં મરકીનો રોગ ફાટી નીકળ્યાના સમાચાર સાંભળી તે પ્રવાસ ટૂંકાવીને અમદાવાદ પાછો ફર્યો; પરંતુ જહાંગીર અને શાહજહાં બંને જણા અમદાવાદમાં પણ રોગનો ભોગ બન્યા, એટલે તેનું અમદાવાદનું બીજી વારનું રોકાણ આનંદપ્રદ બન્યું નહીં. અહીંની ગરમી અને ધૂળથી તે ત્રાસી ગયો. તેણે કંટાળીને અમદાવાદનો 'ગર્દાબાદ' જેવું ઉપનામ આપ્યું. ગુજરાતમાંના જહાંગીરના અમલ દરમ્યાન અમદાવાદની ટંકશાળમાં જહાંગીર-નૂરજહાંનાં નામ ધરાવતા સુંદર સિક્કાઓ બહાર પાડવામાં આવ્યા હતા.

શાહજહાંનું બંડ અને દાવરબક્ષ (ઈ. 1623-24) : શાહજહાં જહાંગીરનો પ્રિય પુત્ર હતો. સૌ એને ગાદીવારસ ગણતા હતા, પરંતુ બેગમ નૂરજહાંની ખટપટોને કારણે એને ગાદી ન મળે તેવી સ્થિતિ સર્જાઈ હતી. એથી શાહજહાંએ કેટલાક અમીર-ઉમરાવોનો સાથ લઈને પિતા સામે બંડ કર્યું. નાનીમોટી લડાઈઓ થઈ. ખટપટો અને કાવાદાવા થયાં પણ શાહજહાં ફાવ્યો નહીં અને ગુજરાતમાં શાહજહાંનો બળવો તૂટી પડ્યો. તેની જગ્યાએ ગુજરાતમાં દાવરબક્ષ સૂબો નિમાયો અને ત્યાર બાદ ખાનજહાં લોદી ગુજરાતનો સૂબો નિમાયો.

શાહજહાંનો રાજ્ય-અમલ (ઈ. 1627-58) : જહાંગીરનું અવસાન (1627) થતાં શાહજહાં મુગલગાદીએ આવ્યો. તેનાં આરંભનાં આઠ વર્ષોમાં ગુજરાતમાં પાંચ જેટલા સૂબેદારો બદલાયા. તેમાં ઈસ્લામખાન (1631-32), બકીરખાન (1632-34), સિપહદારખાન (1634-35), સૈફખાન (1635-36)ના અમલ દરમ્યાન તો ભાગ્યે જ કોઈ નોંધપાત્ર રાજકીય બનાવ બન્યો.

આઝમખાન (1634-42) : પોતાની છ વર્ષની સૂબેદારી દરમ્યાન આઝમખાને ગુજરાતભરમાં શાંતિ અને વ્યવસ્થા સ્થાપી. સિદ્ધપુર-વિસ્તારમાં કોળીઓ અને ધંધુકા વિભાગમાં ખેડૂતોને રંજાડતા કાઠીઓને જેર કરીને પોતાની ધાક બેસાડી. આ જ પ્રમાણે આખા રાજ્યમાં તેણે શાંતિ સ્થાપી. વેપારીઓ, પ્રવાસીઓ અને સામાન્ય પ્રજા સલામતીનો અનુભવ કરવા માંડી. તેણે જૂનાગઢમાં એ ટંકશાળ સ્થાપી હતી. આમ છતાં તેની વિરુદ્ધ શાહજહાં કેટલીક ફરિયાદો મળતાં શાહજહાંએ તેને પાછો બોલાવી લીધો. આઝમખાનની જગ્યાએ શાહજહાંએ જૂનાગઢના લોકપ્રિય ફોજદાર અને પ્રજા-કલ્યાણનાં કામો કરનાર મીરઝા ઈસાતુરખાનની નિમણૂક કરી.

શાહજાદો ઔરંગઝેબ (1645-46) : શાહજહાંએ મીરઝા ઈસાતુરખાનની જગ્યાએ ઔરંગઝેબને ગુજરાતના સૂબેદાર તરીકે નીમ્યો ત્યારે ઔરંગઝેબની ઉંમર 27 વર્ષની હતી. એના અમલના ખૂબ ટૂંકા ગાળામાં અમદાવાદમાં ધાર્મિક ઝઘડાના બે બનાવો બન્યા તેમાં પરધર્મ પ્રત્યેની એની અસહિષ્ણુતા સ્પષ્ટ જણાય છે. 'મિરાતે અહમદી'ના લેખકના જણાવ્યા મુજબ અમદાવાદના સરસપુર-વિસ્તારમાં આવેલા ચિંતામણિ પાર્શ્વનાથ મંદિરને 'કુવ્વત ઉલ ઈસ્લામ' નામની મસ્જિદમાં ફેરવી નાંખવા ઔરંગઝેબે હુકમ કરેલ અને તેનો અમલ પણ કરાવેલો. આ મંદિર જૈન શ્રેષ્ઠી શાંતિદાસ ઝવેરીએ ઈ. 1625માં બંધાવ્યું હતું. શાહજહાંએ એક લડાઈની જવાબદારી તેને સોંપવા, ગુજરાતથી એને પરત બોલાવી લીધો અને તેની જગ્યાએ અમીર શાઈસ્તખાનને સૂબો બનાવ્યો (સપ્ટેમ્બર, 1646). ઔરંગઝેબની વિદાયથી અમદાવાદની પ્રજા આનંદ પામી હતી.

શાઈસ્તખાન (ઈ. 1646-48) : શાઈસ્તખાન સારો વહીવટદાર ન બની શક્યો. તેણે અમદાવાદના વેપારીઓ અને કારીગરો પ્રત્યે જુલ્મી વલણ દાખવ્યું હતું. તેની ફરિયાદો વધતાં તેને માળવાના સૂબેદાર તરીકે મોકલી આપવામાં આવ્યો. તેની જગ્યાએ શાહજાદા દારા શિકોહ-(1648-52)ની નિમણૂક કરવામાં આવી, પરંતુ તે માત્ર નામનો જ સૂબેદાર હતો. તેને બદલે એનો વિશ્વાસુ અકીર બેગ જ વહીવટ કરતો.

અકીર બેગે અમદાવાદ આવી પહેલે જ દિવસે બાદશાહ શાહજહાંના આદેશ મુજબ એક શાહી ફરમાન (18, સપ્ટેમ્બર, 1648) બહાર પાડ્યું. તેમાં 1645માં ઔરંગઝેબે શાંતિદાસ ઝવેરીએ બંધાવેલું જે જૈન મંદિર ઔરંગઝેબે તોડી નંખાવ્યું હતું તેના મૂળ માલિકને પાછું સોંપવાનો હુકમ કર્યો. ત્યાર બાદ ફરીથી બે વર્ષ માટે શાઈસ્તખાને ગુજરાતના સૂબા તરીકે કામગીરી કરી હતી.

શાહજાદો મુરાદબક્ષ (ઈ. 1654-58) : શાહજહાંએ બે વર્ષ બાદ શાઈસ્તખાનને પાછો બોલાવી પોતાના નાના શાહજાદા મુરાદબક્ષને નીમ્યો. 1657ના સપ્ટેમ્બરમાં શાહજહાં દિલ્હીમાં ગંભીર માંદગીમાં સપડાયો. થોડે વખતે તે સમયે સાજો તો થયો પણ હવે શાસન કરવા માટે એ અશક્ત થઈ ગયો હતો. બંગાળના સૂબેદાર તરીકે કામગીરી કરતા શાહજાદા શૂજાએ પોતાને મુગલ બાદશાહ જાહેર કર્યો. બીજી બાજુ ગુજરાતમાં મુરાદબક્ષે ઉતાવળમાં પગલાં લઈને લશ્કર એકત્ર કર્યું. દખ્ખણના સૂબેદાર તરીકે કામગીરી સંભાળતા સૌથી મોટા ભાઈ ઔરંગઝેબનો સાથ લઈ, દિલ્હી



મુરાદબક્ષ

તરફ કૂચ કરી, ગાદી પર પોતાનો હક્ક કરવા આગળ વધ્યો. ઔરંગઝેબ સાથે દિલ્હી જતાં પહેલાં એણે પત્નીઓ, સંતાનો તથા કીમતી જરઝવેરાત ચાંપાનેરના કિલ્લામાં ખસેડી દીધાં.

પૂરતી લશ્કરી તૈયારી કરી ઔરંગઝેબ ઔરંગાબાદથી અને મુરાદબક્ષ અમદાવાદથી નીકળી માળવામાં દીપાલપુર ખાતે લશ્કરો સાથે મળ્યા. ઔરંગઝેબનું કપટ સમજી ન શકે તેટલો મુરાદ ભોળો હતો. તેમણે સાથે આગ્રા પહોંચીને કિલ્લો કબજે કર્યો. પિતા શાહજહાંને નજરકેદમાં નાખ્યા. ત્યાંથી આઠ માઈલ (13 કિલોમીટર) દૂર શાહજાદા દારાને સજ્જડ હાર આપી (29, મે, 1658). બે-ત્રણ અઠવાડિયાંમાં પોતાને સંપૂર્ણ રીતે વાતાવરણ અનુકૂળ કરી લઈ ઔરંગઝેબ મુરાદબક્ષને મથુરા પાસેની છાવણીમાં કેદી બનાવી ગ્વાલિયરના કિલ્લામાં કેદ કર્યો - જ્યાં ત્રણેક વર્ષ બાદ એનો વધ કરવામાં આવ્યો.

ઔરંગઝેબનો રાજ્ય-અમલ (ઈ. 1658-1707) : ઔરંગઝેબે પોતાની તાજપોશી દિલ્હીમાં કરાવી (21 જુલાઈ, 1658). થોડા સમય બાદ એણે પોતાના સસરા શાહનવાઝખાન સફવીને ગુજરાતના પ્રથમ સૂબેદાર નીમ્યા.

શાહનવાઝખાન (ઈ. 1658-59) : ગુજરાતનો વહીવટ સંભાળ્યા બાદ શાહનવાઝખાનને સમાચાર મળ્યા કે ઔરંગઝેબના લશ્કરને થાપ આપતો આપતો દારા શિકોહ ભારે હાડમારી વેઠીને છેવટે કચ્છ પહોંચ્યો હતો. કચ્છના મહારાવ જામ તમાચી(1654-62)એ દારાને ઉમળકાભર્યો આવકાર આપ્યો હતો, એટલું જ નહીં, પણ પોતાની પુત્રીનાં લગ્ન રાવે દારાના શાહજાદા સાથે કર્યાં હતાં. દારા કચ્છના મહારાવની મદદથી અમદાવાદ આવ્યો.

અમદાવાદમાં શાહનવાઝખાન પહેલાં મૂંઝાયો, પણ અંતે તેણે દારાના પક્ષે ભળી જવું પસંદ કર્યું. તેણે દારાને ઘણી મદદ કરી, તે ઔરંગઝેબ સામે લડવા ગયો, પણ અજમેરની દક્ષિણે દેવરાઈના ઘાટમાં તેની હાર થઈ. ભાગતા દારાનો પીછો કરાવી ઔરંગઝેબે ક્રૂર રીતે તેની હત્યા કરી નાંખી. ત્યાર બાદ ગુજરાતના સૂબા તરીકે મહારાજા જશવંતસિંહ (ઈ. 1659-62) અને મહાબતખાને (ઈ. 1662-68) વહીવટ સંભાળ્યો હતો. ઈ. 1664ના જાન્યુઆરીમાં શિવાજીએ સૌપ્રથમ વાર સુરતમાં લૂંટ ચલાવી હતી.

ઔરંગઝેબે ગુજરાતની પ્રજાના સામાજિક અને ધાર્મિક ઉત્સવો સામે મનાઈ ફરમાવી હતી. પાંચમ, અમાસ અને એકાદશીના દિવસે હિન્દુઓ દુકાનો બંધ રાખતા. ઔરંગઝેબે હિન્દુઓને તે દિવસોએ દુકાનો ખુલ્લી રાખવા ફરમાન કર્યું. ઉપરાંત ગુજરાતના તમામ હિન્દુઓ પર જજિયા વેરો નાંખ્યો.

ત્યાર બાદ બહાદુરખાન (ઈ. 1668-70) અને મહારાજા જશવંતસિંહે (ઈ. 1670-72) ફરી ગુજરાતનો વહીવટ સંભાળ્યો હતો. પછીથી મુહમ્મદ અમીનખાને (ઈ. 1672-82) મુગલ અમલ દરમ્યાન લાંબામાં લાંબા સમય સુધી સૂબાગીરી કરી હતી. તેના અમલ દરમ્યાન વાત્રકનદી પરનો આઝમગઢ, જૂનાગઢનો ઉપરકોટ, અમદાવાદને ફરતી દીવાલો તેમ જ ભદ્રના કિલ્લાનું શાહી નિવાસસ્થાન દુરસ્ત કરવામાં આવ્યાં હતાં.

અમીનખાન પછી શુજાતખાને (1685-1701) પણ સોળ વર્ષ સુધી ગુજરાતની સૂબેદારી કરી હતી. તેના સમયમાં ગુજરાતમાં કેટલાક બાંધકામો કરવામાં આવ્યાં હતાં. ત્યાર બાદ શાહજાદા આઝમશાહે (ઈ. 1701-05) ચાર વર્ષ વહીવટ કર્યો હતો. ત્યારે ઔરંગઝેબ 84 વર્ષનો હતો. તેની ધાર્મિક અસહિષ્ણુતા સતત પ્રગટ થતી હતી. હિન્દુ જ્યોતિષીઓને તેણે પંચાંગ બનાવવાની પણ બંધી ફરમાવી હતી. તેણે 1694માં ગુજરાતના સૂબા શુજાતખાનને વડનગરના હાટકેશ્વરના મંદિરનો નાશ કરવા પણ હુકમ આપ્યો હતો. પણ તેનો અમલ થઈ શક્યો નહીં. પોતાના 86મા વર્ષે તેણે પોતાની જન્મભૂમિ દાહોદમાં એક મસ્જિદ બાંધવાનો આદેશ આપ્યો હતો. ત્યાર બાદ શાહજાદા મુહમ્મદ બીદર બખ્ત અને ઈબ્રાહીમખાન (ઈ. 1706-07) ગુજરાતના સૂબા રહ્યા હતા. 1707માં ઔરંગઝેબનું મૃત્યુ થયું હતું.

મુરાદબક્ષ

શાહજહાંના સૌથી નાના પુત્ર મુરાદ બક્ષની પિતાએ 1657માં ગુજરાતના સુબા તરીકે નિમણૂક કરી હતી. તે અવિચારી હતો. તેના સૌથી મોટા ભાઈ દારાની વારસદાર તરીકે નિમણૂક થવાને કારણે તેણે બંડ પોકારી - પોતે તેની સત્તા નીચે નથી તેમ સાબિત કરવા સુરત લુટ્યું હતું. પરંતુ ઔરંગઝેબે તેને શાંત પાડ્યો હતો. તેમાં પણ તેની ચાલ હતી પાછળથી આજ આરોપસર ઔરંગઝેબે તેને ફાંસી આપી હતી.

ઔરંગઝેબ



મરાઠા-કાળ



ઔરંગઝેબના મૃત્યુ બાદ ગુજરાતની સૂબેદારી મેળવવા મુગલ સરદારો વચ્ચે હરીફાઈ થઈ. હૈદરાબાદનો નિઝામ સમસ્ત ગુજરાત પર કાબૂ મેળવવા આતુર હતો, જ્યારે ગુજરાતનો મુગલ સૂબો શુજાતખાન પોતાનું સ્થાન ટકાવી રાખવા માગતો હતો. બંને પક્ષોને આ માટે મરાઠાઓની સહાયની જરૂર હતી. કંથાજી અને પિલાજીએ આ પરિસ્થિતિનો લાભ લીધો.

કંથાજી કદમે નિઝામના કાકા હમીદખાનને અમુક શરતોએ મદદ કરવાનું વચન આપ્યું. હમીદખાને મરાઠાઓની શરતોનો સ્વીકાર કરતાં કંથાજીએ તેને લશ્કરી સહાય કરી, જેથી હમીદખાને શુજાતખાનને પરાજય આપી અમદાવાદનો કબજો લીધો. કંથાજીએ પણ પોતાના રસાલા સાથે અમદાવાદમાં પ્રવેશ કર્યો, પરંતુ હમીદખાન શરત પ્રમાણે મરાઠાઓ સાથે નક્કી કરેલી રકમ આપી શક્યો નહિ. આથી કંથાજીએ અમદાવાદમાં લૂંટ ચલાવીને પોતે નક્કી કરેલી રકમ વસૂલ કરી.

અમદાવાદમાં પોતાનો પગપેસારો કરીને મરાઠાઓએ સૌરાષ્ટ્ર તથા ઉત્તર-ગુજરાતમાંથી કર ઉઘરાવ્યા. નબળી પડેલી મુગલ સત્તા કાંઈ કરી શકી નહીં એટલે ગુજરાત-સૌરાષ્ટ્રમાં મરાઠાઓનું વર્ચસ્વ વધ્યું. બીજો પેશવા બાજીરાવ 1લો શક્તિશાળી શાસક હતો. મરાઠી સરદારો એની સત્તાની અવગણના કરે એ બાબત એ ચલાવી લેવા તૈયાર ન હતો. થોડો સમય નાની મોટી ખટપટો થતી રહી અને અંધાધૂંધી પ્રવર્તતી રહી. હવે ગુજરાતના રાજકારણમાં ગાયકવાડ સક્રિય બન્યા હતા. વડોદરા 1734માં ગાયકવાડની રાજધાની બન્યું.

ખંભાતનો સૂબેદાર મોમીનખાન ગુજરાતનો સૂબેદાર બનવા માગતો હતો. મરાઠાઓની સહાય વિના આ શક્ય જ ન હતું. તેણે મરાઠાઓ સાથે સમજૂતી કરી તે અનુસાર મરાઠાઓ તેને ગુજરાતનો સૂબેદાર બનવામાં સહાય કરે તેના બદલામાં મોમીનખાને અડધું અમદાવાદ મરાઠાઓને સુપરત કરવું તથા તમામ પ્રદેશોમાંથી ચોથ ઉઘરાવવાનો મરાઠાઓને હક્ક આપવો. મોમીનખાન અને મરાઠાઓએ હુમલો કરીને અમદાવાદ જીતી લીધું. એકબે અપવાદો સિવાય 16 વર્ષ (1753) સુધી અમદાવાદ પર મુગલ સૂબેદાર અને મરાઠા સરદારનું સંયુક્ત શાસન ચાલુ રહ્યું. 1743માં મોમીનખાનનું મૃત્યુ થયું. આ દરમ્યાન 1749માં શાહુનું અવસાન થતાં દક્ખણના મરાઠા રાજકારણમાં મોટો પલટો આવ્યો.

પેશવા અને ગાયકવાડ વચ્ચે થયેલી સમજૂતીને પરિણામે ગુજરાતમાંથી મુગલ સત્તાના અંતની પ્રક્રિયા ઝડપી બની. દમાજી ગાયકવાડ તથા પેશવાનાં સંયુક્ત લશ્કરોએ અમદાવાદ પર આક્રમણ કર્યું અને અમદાવાદ કબજે કર્યું. જવાંમર્દખાને ભદ્રનો કિલ્લો ખાલી કર્યો. એને પાટણની સૂબાગીરી ભોગવવાની છૂટ મળી. વિઠ્ઠલ શિવદેવ અમદાવાદનો વહીવટકર્તા બન્યો. થોડા જ સમયમાં જૂનાગઢ, વાડાસિનોર, રાધનપુર, પાટણ, ખંભાત, ભરૂચ અને સુરત સિવાય ગુજરાતના મોટા ભાગ પર મરાઠાઓનું આધિપત્ય સ્થપાયું.

ગાયકવાડનું રાજ્ય : ગુજરાતમાં વડોદરાના ગાયકવાડના રાજ્યના ઉદ્‌ભવની શરૂઆત 18મી સદીના પૂર્વાર્ધમાં થયાનું કહી શકાય. એ સમયમાં મુગલ સત્તા અને અધિકાર સર્વત્ર શિથિલ બનતાં ગયાં. ગુજરાતનો વહીવટ દિલ્હીથી નિમાયેલા સૂબેદાર દ્વારા ચાલતો. પેશવા બાલાજી વતી સૂબા સદાશિવ રામચંદ્રે અને દમાજી ગાયકવાડે ગુજરાતના પાટનગર અમદાવાદનો કબજો કર્યો. એ રીતે ગુજરાતમાં પેશવાની આણ પ્રવર્તી. મરાઠાઓ ગુજરાતમાં લગભગ 60 વર્ષ (ઈ. 1818) સુધી સત્તા પર રહ્યા.

ગુજરાતમાં વિદેશી વસાહતો

પૉર્ટુગીઝ વસાહતો • વલંદા (ડચ) વસાહતો • અંગ્રેજ વસાહતો • ફ્રેંચ વસાહતો

પૉર્ટુગીઝ વસાહતો : મહમૂદ બેગડાના મરણ બાદ ગુજરાતના કિનારા પર ફિરંગીઓનો પ્રભાવ વધ્યો. મોગલ બાદશાહ હુમાયુંની વિરુદ્ધ લડવામાં ગુજરાતના સુલતાન બહાદુરશાહે ફિરંગીઓની મદદ લીધી હતી તેથી દીવ અને દમણ પર ફિરંગી-વર્ચસ સ્થપાયું. પૉર્ટુગીઝોએ દમણ ગુજરાતના એક અમીર પાસેથી મેળવ્યું હતું. એમની વસાહતોમાં ખ્રિસ્તીધર્મ પ્રચાર-પ્રવૃત્તિઓ ચાલતી. દમણમાં પણ જેસુઇટ ચર્ચ ઉપરાંત ડોમિનિકન, ફ્રાંસિસ્કન અને ઑગસ્ટિયન ચર્ચ પણ હતાં. દીવના કિલ્લાને ફરતી બેવડી ખાઈ હતી. બહારની ખાઈની ઊંડાઈ વધુ હોવાથી એમાં વહાણ પણ આવી શકતાં. કિલ્લા પર મોટી તોપો રાખવામાં આવતી. એક સમયે ફિરંગીઓનાં 200 વહાણ બારામાં નાંગરેલાં હોવાનો ઉલ્લેખ છે. 1616 પછી અંગ્રેજોની વેપારી જમાવટ ખંભાતબંદરે થતાં ફિરંગીઓનું જોર ઓછું થયું. સુરત મુકામે પણ પૉર્ટુગીઝોનાં વળતાં પાણી થયાં.

વલંદા (ડચ) વસાહતો : વલંદાઓના આગમન-સમયે હિન્દના દરિયાકિનારા પર પૉર્ટુગીઝોનું વર્ચસ્વ હતું. મોગલોની નૌકાશક્તિના અભાવમાં પૉર્ટુગીઝોને પડકારનાર કોઈ બીજી સત્તા ન હતી. વલંદા ઉત્તમ પ્રકારના ખલાસી હોવાથી એમણે પૉર્ટુગીઝોની દરિયાઈ શક્તિને પડકારી.

વલંદાઓનો મુખ્ય વેપાર તેજાનાના ટાપુઓ સાથે હતો, તેથી હિન્દના કોરોમાંડલ-કિનારા પર એમની વેપારી કોઠીઓ હતી; પરંતુ અમુક સમય પછી ગુજરાત સાથે વેપારની જરૂરત વલંદાઓને લાગી. પહેલાં અરબો પણ ગુજરાતના કાપડના સાટે ટાપુઓના નિવાસીઓ પાસેથી તેજાના ખરીદતા હતા એ કારણે ગુજરાતમાં વસાહત સ્થાપવાની જરૂરત ઊભી થઈ. ઈ. સ. 1601માં વલંદા સુરત આવ્યા હતા અને 1606માં એમણે એ સ્થળે કોઠી સ્થાપી હતી. ત્યાર બાદ સુરતની કોઠી બંધ કરી.

18મા સૈકાના ઉત્તરાર્ધમાં મોગલોની સત્તાના અસ્તસમયે અંગ્રેજોનું વર્ચસ્વ સુરત પર વધ્યું. પરિણામે વલંદાઓને સહન કરવું પડ્યું. 1762માં સુરતના નવાબે વલંદાઓની કોઠી જપ્ત કરી. આ જગ્યા વલંદાવાડ તરીકે ઓળખાઈ. અંતે ઈ. સ. 1788માં વલંદા સુરતની કોઠી છોડી જતા રહ્યા.

અંગ્રેજ વસાહતો : વલંદાઓને નફાકારક વેપાર કરતા જોઈ અંગ્રેજોએ હિન્દનો વેપાર શરૂ કર્યો. 16મા સૈકાની છેલ્લી પચીસીમાં ઇંગ્લૅન્ડની રાણી ઇલિઝાબેથે 'ખંભાતના શહેનશાહ'ને વેપારી સગવડો આપવા અર્થે પત્ર લખ્યો હતો, પરંતુ અંગ્રેજોને વેપારી સવલતો તરત પ્રાપ્ય ન થઈ, કારણ કે મોગલ દરબારમાં પૉર્ટુગીઝ



મરાઠા અમલ : મરાઠાઓની હકૂમતનો આ કાળ ગુજરાતમાં અવ્યવસ્થા, લૂંટફાટ અને આતંકનો રહ્યો. પેશ્વાના સૂબા શેલુકરે શહેરમાં ઘણો જુલમ કર્યો. એણે ગાયકવાડની હવેલી પર ચડાઈ કરી હવેલી લઈ લીધી. ગાયકવાડના લશ્કરે જમાલપુર દરવાજેથી દાખલ થઈ ભદ્રના કિલ્લા પર હુમલો કર્યો ને નાચગાનમાં મશગૂલ રહેલા શેલુકરને કેદ કરી પૂના મોકલ્યો (1800). આમ શેલુકરે 'હવેલી લેતાં ગુજરાત ખોઈ'. પેશ્વાએ વાર્ષિક આવક આપવાની શરતે અમદાવાદનો ઈજારો ગાયકવાડને આપ્યો. અલબત્ત, બંનેની રાજનીતિ એકસરખી હતી. બળજબરીથી પૈસા પડાવવા એ એમના શાસનનું મુખ્ય ધ્યેય હતું. દેશી રજવાડાં પર કરબોજ વધારી વધારીને તેમને પાયમાલ કર્યે જતા હતા. આખા રાજ્યમાં તેમણે ભયનું વાતાવરણ પેદા કરી દીધું હતું. ગુજરાતમાં સાંસ્કૃતિક પ્રગતિ તો સંપૂર્ણપણે બંધ થઈ ગઈ.

વડોદરા રાજ્ય : વડોદરા રાજ્યમાં ગોવિંદરાવ અને સયાજીરાવ પહેલાએ (1768થી 1778) સુધી રાજ્ય કર્યું. દરમ્યાનમાં અંગ્રેજોએ સુરતનો કિલ્લો અને ભરૂચ શહેર પર કબજો જમાવ્યો હતો અને ગુજરાતમાં પગ-પેસારો કરવા માંડ્યો. અંગ્રેજો નબળાને મદદ કરતા ને બમણા લાભ લેતા.

અંગ્રેજોનું ગુજરાતમાં જામતું પ્રભુત્વ : ગુજરાતમાં જહાંગીરની પરવાનગીથી સુરતમાં અંગ્રેજોએ કોઠી સ્થાપી. એ પછી તેઓ ધીમે ધીમે પોતાનો પગદંડો અહીં સ્થિર કરવા પ્રવૃત્ત રહ્યા. તેઓએ સુરત ઉપરાંત ભરૂચ, ખંભાત અને અમદાવાદમાં પણ પોતાની કોઠી સ્થાપી દીધી. શિવાજીની સુરતની લૂંટો પછી અને મુગલોના નિર્બળ સૂબેદારોના સમયમાં મરાઠા સરદારોનું ગુજરાતમાં પ્રભુત્વ જામતું ગયું. અન્ય પ્રાંતોની જેમ અંગ્રેજોએ પણ પોતાના આર્થિક હિતોની સલામતી માટે ગુજરાતમાં પણ રાજકીય સત્તા હાંસલ કરવાના પ્રયત્નો આદર્યા. તેમણે સૌપ્રથમ સુરત કબજે કરવા નક્કી કર્યું. મુગલ બાદશાહ તરફથી 1લી ડિસેમ્બર, 1759ને રોજ બહાર પાડેલા ફરમાન મુજબ સુરતના કિલ્લા પર અંગ્રેજોનો અધિકાર માન્ય રાખ્યો હતો. ત્યાર બાદ તેમણે ભરૂચ પણ સર કર્યું. 1780માં તેમણે પેશવા પાસેથી ડભોઈ પડાવી લીધું. બાદમાં 15મી ફેબ્રુઆરીએ અમદાવાદ પર હુમલો કરીને અમદાવાદ કબજે કર્યું. 1817માં સૌરાષ્ટ્રનો મોટો વિસ્તાર જીતી લીધો.



પાદરીઓ અંગ્રેજોને ફાવવા દે એમ નહોતું. સુરતબંદરે 1608માં અંગ્રેજ વહાણ 'હેક્ટર' નાંગર્યું. જહાંગીર પાસેથી વિલિયમ હોકિન્સે વેપારી સગવડો મેળવી, પરંતુ મોગલ અમીરો અને પોર્ટુગીઝોની ખટપટને લીધે એ રદ કરવામાં આવી. હોકિન્સ પછી 1611માં હેન્રી મિડલ્ટન સુરત આવ્યો. એ સમયે પોર્ટુગીઝો અવરોધરૂપ હતા. પોર્ટુગીઝોનાં નાનાં વહાણ ચોકી કરતાં હોવાથી સુરત-બંદર અંગ્રેજો માટે બંધ હતું તેથી મિડલ્ટને પાસેના સુંવાળી-બંદરે વહાણ નાંગર્યાં ને વેપાર પણ શરૂ કર્યો. પોર્ટુગીઝોના દબાણને કારણે મોગલ સત્તાવાળાઓએ અંગ્રેજોને સુંવાળી છોડવાનો હુકમ કર્યો. આખરે 13મી ઓક્ટોબરે 1613ના રોજ શાહી ફરમાન પણ આવ્યું. સુરત ખાતે વેપારી કોઠી ખોલવામાં આવી.

ઇંગ્લેન્ડના રાજા જેમ્સ પહેલાના પ્રથમ અધિકૃત એલચી તરીકે ટોમસ રો 1615ના સપ્ટેમ્બરમાં હિન્દ આવ્યો. ડિસેમ્બરમાં જહાંગીર પાસે પોતાનાં ઓળખપત્ર રજૂ કર્યાં. એ ત્રણ વર્ષ લગી બાદશાહની છાવણીઓમાં સાથે ને સાથે રહ્યો. અંતે એણે ગુજરાતમાં વેપાર કરવાનો પરવાનો મેળવ્યો. શાહજાદા ખુર્રમ પાસેથી અંગ્રેજોને જે કરાર મળ્યા તે પ્રમાણે અંગ્રેજોને હથિયાર રાખવાની, પોતાનો ધર્મ પાળવાની અને પોતાના ઝઘડાઓનો નિવેડો લાવવાની છૂટ હતી. એમને ઘર બાંધવાની મનાઈ હતી. 1613માં સુરતની કોઠીની સ્થાપના બાદ 1615થી 1618ના ગાળામાં ખંભાત ભરૂચ વડોદરા અને અમદાવાદમાં એની શાખાઓ સ્થાપવામાં આવી હતી.

1618માં મોગલ બાદશાહ જહાંગીરે વેપાર અને વસવાટની ખાતરી આપતા બે પત્ર લખ્યા. 1818માં - બરાબર 200 વર્ષ પછી અમદાવાદના ભદ્ર કિલ્લા પર યુનિયન જેક લહેરાતો થયો. બ્રિટિશ સામ્રાજ્યની ભાવી શક્યતાઓ પણ ગુજરાતમાં સુરત ખાતે શરૂ થઈ કહેવાય : 'સુરતના એ ભાડુતી અંગ્રેજોએ તદ્દન અજાણ્યે એક મહાન સામ્રાજ્યના પાયા નાખ્યા.'

ફ્રેંચ વસાહત : ફિરંગી, વલંદા અને અંગ્રેજ પ્રજાઓની સરખામણીએ ફ્રેંચો હિન્દના વેપારમાં મોડા દાખલ થયા. ઈ. સ. 1664માં ફ્રેંચ વેપારી કંપની રાજા લુઈ 14માની પરવાનગીથી સ્થપાઈ. એ જ વર્ષે પૂર્વ-તૈયારી કરવા બેબર નામે ફ્રેંચ સુરત આવ્યો. ઔરંગઝેબના ફરમાનથી ફ્રેંચોને સુરત ખાતે વેપાર કરવાની અને સુંવાળી ખાતે કોઠી રાખવાની પરવાનગી મળી. ત્યાર પછી ઈ. સ. 1668માં ફ્રેંચોએ વેપાર શરૂ કર્યો. બેબરની કુશળતાને કારણે ફ્રેંચોનો વેપાર જામ્યો હતો, પરંતુ પછીના સમયમાં કંપનીના અંદરના વિખવાદને લીધે વેપાર પડી ભાંગ્યો.

દેશના સ્વાતંત્ર્યની પ્રાપ્તિમાં ગુજરાતનો ફાળો

સ્વતંત્રતા એ માનવજીવનનું ખરું સત્ત્વ છે. વ્યક્તિ કે સમાજ એ વિના નિઃસત્ત્વ બની જાય છે. અંગ્રેજોની સત્તા ભારતની પ્રજા પર જામતી ગઈ તેમતેમ પ્રજામાં સ્વતંત્રતાની ભૂખ જાગવા માંડી ને 1857 સુધીમાં તો અસંતોષ અને વિરોધનો ભારેલો અગ્નિ તેની પરાકાષ્ઠાએ પહોંચ્યો.


દિલ્હીના છેલ્લા બાદશાહ બહાદુરશાહ જફર સાથે અંગ્રેજોનો અનુચિત વ્યવહાર, અયોધ્યાના નવાબ અને તેની પ્રજા ઉપર જુલમ, સરકારની ખાલસા અને અપહરણ નીતિ, બાજીરાવના દત્તક પુત્ર નાનાસાહેબને કરેલો હડહડતો અન્યાય તેમ જ ભારતવાસીઓને ઈસાઈ બનાવવાના પ્રયાસની શંકાને કારણે ક્રાંતિની જ્વાળાઓ ભભૂકી ઊઠી, પરંતુ ક્રાંતિના આયોજનમાં ખામીને કારણે તેમ જ વ્યાપક પ્રજાના વિરોધવંટોળને બદલે માત્ર અમુક જ વર્ગનો વિદ્રોહ બની રહેવાને કારણે તે નિષ્ફળ ગયો.

ઉત્તરભારતમાં શરૂ થયેલા આ પ્રચંડ બળવાના પડઘા અને તણખા ગુજરાતમાં પણ પડ્યા. ગુજરાતનાં નાંદોદ, દાહોદ, ગોધરા, રેવાકાંઠા તથા મહીકાંઠાનો કેટલોક પ્રદેશ ક્રાંતિમાં જોડાયાં. ક્રાંતિના વિજય માટે પ્રાર્થનાઓ પણ થઈ, પરંતુ તેની નિષ્ફળતાને પરિણામે ગુજરાતમાંના પંદર ક્રાંતિકારીઓ પકડાયા. તેમાંના ચારને તોપને મોંએ ચઢાવવામાં આવ્યા, નવને કેદ તથા એકને કાળા પાણીની સજા કરવામાં આવી.

ગુજરાતમાં સિપાઈઓએ સૌપ્રથમ અમદાવાદમાં માથું ઊંચક્યું. 1857ની 9મી જુલાઈએ સાત જણાએ દારૂગોળાનો ભંડાર કબજે કરવા પ્રયત્ન કર્યો, પણ તે નિષ્ફળ જતાં તે બધાને ફાંસીએ લટકાવ્યા. બીજા એક એવા પ્રયાસમાં પણ નિષ્ફળ ક્રાંતિકારીઓને તોપને મોંએ ઉડાડવામાં આવ્યા. પણ રાજપીપળાએ રંગ રાખ્યો. ત્યાં પણ થોડી ઊથલપાથલ થઈ. લુણાવાડામાં પણ બળવાની ગંધ આવતાં અંગ્રેજોએ આખા ગામને આગ ચાંપી. ઉત્તર-ગુજરાતમાં ડીસા, પાલનપુર અને સિરોહીમાં પણ બળવો થયો. મધ્યગુજરાતમાં ચરોતરે પણ તેજ પરખાવ્યું. ગ્રામરક્ષકદળ બનાવી અહીંના લોકોએ અંગ્રેજોને પોતાનો પ્રતાપ પરખાવ્યો.

અનેક કારણોસર દેશવ્યાપી બળવો શમી ગયો, છતાં ગુજરાતમાં તો 1858 સુધી તેના પડઘા પડતા જ રહ્યા, પરંતુ ગુજરાતમાં આ ક્રાંતિની આગેવાની લેનાર કોઈ કુશળ નેતા ન હોઈ બળવો વ્યાપક બની શક્યો નહીં, છતાં પોતાની શક્તિ મુજબ તે દેશના પ્રવાહમાં સહભાગી બન્યું.

ક્રાંતિ પછીની વિકટ પરિસ્થિતિને પહોંચી વળવા અને મોરચે બરાબર ટક્કર લઈ શકે તેવી ધુરંધર વ્યક્તિઓ ભારતના પ્રાંત-પ્રાંતમાંથી બહાર આવતી ગઈ. મુંબઈ અને ગુજરાતમાંથી દાદાભાઈ નવરોજીએ આર્થિક અને રાજકીય મોરચે પ્રજાને જાગ્રત કરવાનું કામ કર્યું. કવિ નર્મદ વગેરેએ




દુર્ગારામ મહેતાજી


કરસનદાસ મૂળજી


શ્રીમન્નથુરામ શર્મા


શ્રીમન્નૃસિંહાચાર્ય

ગુજરાતને સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે જાગ્રત કર્યું. બંગાળના બ્રહ્મોસમાજની અસર મુંબઈ અને ગુજરાતમાં પ્રાર્થનાસમાજના રૂપે થવા પામી. સ્વામી દયાનંદનો જન્મ પણ ગુજરાતમાં થયો હતો. તેમણે આર્યસમાજ પ્રસરાવ્યો. સ્વામી સહજાનંદે આ અગાઉ પછાત જાતિઓ પર પ્રભાવ પાડીને જાગૃતિ આણી હતી. પચીસ-ત્રીસ વર્ષ સુધી આમ નવજાગૃતિનો જુવાળ ઊભરાતો રહ્યો. પ્રજામાં નવચેતનાનો સંચાર થતો રહ્યો.

આ જ સમય દરમ્યાન શ્રીમન્નૃસિંહાચાર્ય, શ્રીમન્નથુરામ શર્મા જેવા ધર્મપુરુષોની પ્રવૃત્તિઓની પણ દૂરગામી અસરો થઈ. આર્ષદષ્ટિ ધરાવતા આવા મહાનુભાવોએ હિન્દુધર્મની મહત્તા સાથે તેમાં શુદ્ધ તત્ત્વોને પ્રગટ કરી તેને સામાજિક નવજાગૃતિને પરિણામે ને સાથે સાથે આ ધાર્મિક-સામાજિક રીતરિવાજોની સુધારણાનું કાર્ય પણ શરૂ થઈ ચૂક્યું હતું. 1848માં ગુજરાત વિદ્યાસભા અને 1851માં બુદ્ધિવર્ધક સભાની તો સ્થાપના થઈ ચૂકી હતી. સુરતના દુર્ગારામ મહેતાજી તથા મહીપતરામ, કરસનદાસ મૂળજી વગેરેએ સામાજિક સુધારણા ક્ષેત્રે ક્રાંતિકારક પગલાં ભર્યાં. ઉપરાંત નર્મદ, દલપતરામ, લાલશંકર ઉમિયાશંકર તથા અન્ય સુધારકોએ પણ પ્રજાનું માનસ ઘડવામાં સારી સેવા બજાવી. સ્ત્રીશિક્ષણ, સ્ત્રીપુર્નલગ્ન તેમ જ તેમના અધિકારો વિશેની વાતો ચર્ચાને આરે આવી. રણછોડલાલ છોટાલાલે અમદાવાદમાં સૌપ્રથમ કાપડની મિલ શરૂ કરીને ઔદ્યોગિક ક્ષેત્રે મંગલાચરણ કર્યું અને તાર-ટપાલ, રેલવે, છાપખાનાં વગેરે શરૂ થયાં જેને કારણે આરંભાયેલા નવા યુગને પ્રગટ કર્યો.

19મી સદીના પ્રારંભથી અંગ્રેજો ભારતમાં સત્તાધીશ બન્યા પછી તેમણે દેશમાં બાહ્ય શાંતિ સ્થાપી, પરંતુ 1857ની ક્રાંતિએ એમની ઊંઘ ઉડાડી મૂકી. એ લોકો સાવધ પણ થયા, પરંતુ ત્યાર બાદ યુનિવર્સિટીઓની સ્થાપનાથી ફેલાયેલ ઉચ્ચ કેળવણી તથા આર્યસમાજ, બ્રહ્મોસમાજ, થિયૉસોફી વગેરે પ્રવૃત્તિઓને કારણે ભારતીય પ્રજામાં એક પ્રકારનું આત્મભાન-આત્મગૌરવ સર્જાવા લાગ્યું. પોતે એક મહાન દેશના મહાન સંસ્કૃતિના વારસ છે એમ લાગવા માંડ્યું. નેતાઓના માર્ગદર્શનને કારણે અંગ્રેજ સલ્તનતની ધાક ઓછી થવા માંડી.

કૉંગ્રેસનો જન્મ :

1885ના ડિસેમ્બરની 28મી તારીખે બપોરે મુંબઈની એક ગુજરાતી સંસ્થા ગોકળદાસ તેજપાળ સંસ્કૃત પાઠશાળાના મકાનમાં કૉંગ્રેસની સૌપ્રથમ સભા મળી. આ અધિવેશનમાં કુલ 72 પ્રતિનિધિઓ હતા. તેમાં અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતનું પ્રતિનિધિત્વ સૌથી વધુ હતું. આ અધિવેશનનું કામ ત્રણ દિવસ ચાલ્યું. આ કૉંગ્રેસના અધિવેશનના પ્રથમ પ્રમુખ હતા વ્યોમેશચંદ્ર બેનરજી. બીજું અધિવેશન દાદાભાઈ નવરોજીના પ્રમુખપદે કલકત્તામાં અને ત્રીજું મદ્રાસમાં બદરુદ્દીન તૈયબજીના પ્રમુખપદે ભરાયું. આ ત્રણે અધિવેશનના પ્રમુખો જુદીજુદી કોમના હતા, પરંતુ છેલ્લા બે પ્રમુખો ગુજરાતના હતા.

1893ના વર્ષમાં કૉંગ્રેસ ધીમેધીમે એક રાષ્ટ્રીય સંસ્થા બની. તેમાં સુરેન્દ્રનાથ બેનરજી, દાદાભાઈ, રાનડે, ગોખલે, ટિળક, લાલા લજપતરાય, માલવિયાજી, ફિરોઝશાહ મહેતા વગેરે નેતાઓની રાષ્ટ્રભાવનાથી દેશમાં એક નવી હવા ઊભી થઈ રહી હતી.

સ્વાતંત્ર્ય-સંગ્રામ લાંબા ગાળાનું યુદ્ધ હોય છે. તે ઘણે મોરચે લડાતું હોય છે. દેશમાં તેમ જ પરદેશમાં પણ. જેમકે દાદાભાઈ ઉપરાંત બીજા ત્રણ ગુજરાતીઓ શ્યામજી કૃષ્ણવર્મા, સરદારસિંહ રાણા અને માદામ ભીખાઈજી કામાએ

કૉંગ્રેસનો જન્મ : 1885ના ડિસેમ્બરની 28મી તારીખે બપોરે મુંબઈની એક ગુજરાતી સંસ્થા ગોકળદાસ તેજપાળ સંસ્કૃત પાઠશાળાના મકાનમાં કૉંગ્રેસની સૌપ્રથમ સભા મળી.





ઈ. 1915માં દક્ષિણ આફ્રિકાથી ગાંધીજી અને કસ્તૂરબા મુંબઈ આવ્યાં.

પરદેશમાં રહી ભારતના સ્વાતંત્ર્યની વાત પરદેશમાં પણ ફેલાવી. ત્યાંથી છાપાં કાઢીને પણ આપણો પ્રચાર કર્યો.

સ્વાતંત્ર્યની આખીય લડતને એક નવો જ વળાંક આપવાનું જેના ભાગ્યમાં લખાયેલું હતું, જેને ભારતભાગ્યવિધાતા તરીકે લોકો પૂજવાના હતા એવા એક સપૂત મોહનદાસ કરમચંદ ગાંધીનો 1869માં ગુજરાતના પોરબંદરમાં જન્મ થયો હતો.

ઈંગ્લૅન્ડમાં બૅરિસ્ટર થઈ વકીલાત કરવાના ઉદ્દેશથી તેઓ આફ્રિકા ગયા, પરંતુ ત્યાં હિન્દીઓ ઉપર થતા અન્યાય અને દમનને કારણે તેમનું હૈયું કકળી ઊઠ્યું. ત્યાં આફ્રિકાની ધરતી પર 'સત્યાગ્રહ' નામના શબ્દનો જન્મ થયો. આફ્રિકામાં એમણે એ અન્યાયની સામે જે રીતે અહિંસક લડત આપી તેનું અહીં દેશની પ્રજા અને દેશના નેતાઓએ રસપૂર્વક નિરીક્ષણ કર્યું. તેમના પ્રત્યે અહીં સૌને આદરની લાગણી થઈ.

ગુજરાતમાં સશસ્ત્ર ક્રાંતિની પ્રેરણા અરવિંદ ઘોષ પાસેથી અંબુભાઈ પુરાણીને મળી હતી. અરવિંદ ઘોષ વડોદરામાં પ્રોફેસર હતા. અંબુભાઈ, તેમના જ ભાઈ છોટુભાઈ તેમ જ વડોદરાના પ્રોફેસર માણિકરાવ વગેરેએ વ્યાયામપ્રવૃત્તિઓ ઠેરઠેર શરૂ કરીને સ્વરક્ષણની સ્વદેશી ભાવનાની અને અન્યાય સામે ટક્કર લેવાની એક નવી જ હવા ઊભી કરી આપી. સેંકડો જુવાનો આવા નેતાઓની રાહબરી નીચે તૈયાર થતા હતા.

ભારતમાં આવીને ગાંધીજીએ પોતાની પ્રવૃત્તિઓ માટે જે સ્થાન પસંદ કર્યું તે અમદાવાદમાં આવેલો કોચરબ આશ્રમ



અંગ્રેજો સામે એક નવો પડકાર પણ હતો અને તે વડોદરાના મહારાજા સયાજીરાવનો. પોતાના રાજ્યની પ્રજાના કલ્યાણ અર્થે તેમણે ઉદાર નીતિ અખત્યાર કરી હતી તે અંગે તેમની વ્યક્તિગત સ્વતંત્રતા ઉપર સરકાર અંકુશ મૂકવા માગતી હતી તેનો સયાજીરાવે હિંમતપૂર્વક પ્રતિકાર કર્યો, જેમાંથી તે રાજવીનાં સ્વદેશાભિમાન તેમજ સ્વાભિમાનનાં દર્શન થાય છે.

1915માં ગાંધીજી ભારતમાં આવ્યા અને એક વર્ષ દેશાટન કરીને તેમણે દેશની પરિસ્થિતિ નિહાળી. નાનાંમોટાં અનેક કામોમાં હિન્દની પ્રજાની યાતના તેમણે નજરે જોઈ. તે અંગે લડત આપવા માંડી. સૌ પહેલાં અમદાવાદમાં કોચરબમાં તેમણે આશ્રમ સ્થાપ્યો. ખૂબ સાદગીભર્યું જીવન તેમ જ પોતાનાં રોજિંદાં કામો જાતે જ કરી લેવાં વગેરે અનેક બાબતોથી તેમના પ્રત્યે ધીમે ધીમે લોકોનું ધ્યાન ખેંચાવા માંડ્યું. સરદાર વલ્લભભાઈ તે વેળા અમદાવાદમાં વકીલાત કરતા હતા તે ગાંધીજી સાથે તેમના કાર્યમાં જોડાયા, તે સાથે મહાદેવભાઈ દેસાઈ પણ જોડાયા. પછી તો દેશના અનેક નેતાઓ તેમની સાથે જોડાયા, એટલું જ નહીં, પણ તેમના માર્ગદર્શન નીચે કામ કરવા લાગ્યા. મહાદેવભાઈ તો પૂ. ગાંધીજીના રહસ્યમંત્રી તરીકે વર્ષો સુધી રહ્યા.

અમદાવાદના મિલમાલિક શેઠ અંબાલાલ સારાભાઈએ તે કપરા સમયમાં આશ્રમના ખર્ચ માટે સારી એવી મદદ કરેલી. તેમનાં બહેન અનસૂયાબહેન તેમ જ પત્ની સરલાદેવીએ પણ ગરીબોની સેવા કરવાની શરૂઆત કરી હતી. અમદાવાદના મિલમજૂરોના પ્રશ્નોનું પણ ગાંધીજી અને શેઠ અંબાલાલ, અનસૂયાબહેન, શંકરલાલ બૅંકર વગેરેની મદદથી સુખદ નિરાકરણ થયું. આ કારણે રાષ્ટ્રીય લડતોમાં ભાગ લેતા કરી શક્યા. ભારતનું આ પ્રથમ મજૂર સંચાલન. પછી આવ્યો ખેડા સત્યાગ્રહ. ખેડા જિલ્લાના ખેડૂતોની મહેસૂલ-ચુકવણી અંગેના પ્રશ્નો અંગે ગાંધીજી, વલ્લભભાઈ, વિઠ્ઠલભાઈ, મોહનલાલ પંડ્યા વગેરેએ સરકાર સાથે વાટાઘાટ કરી, પરંતુ નિષ્ફળ ગઈ, એટલે 1918ની 22મી માર્ચે આ અંગે સત્યાગ્રહ કરવા માટે એક સંમેલનમાં નિશ્ચય કરવામાં આવ્યો. ખેડૂતોએ પ્રતિકાર કર્યો અને ગુજરાતમાં સૌપ્રથમ સત્યાગ્રહનો જન્મ થયો. આ પ્રસંગે જ ગુજરાતને સાંપડ્યા એક ઉત્તમ લોકસેવક પૂ. રવિશંકર મહારાજ.

દેશના પ્રજાજનોની આંખ લડતની આ નવી અહિંસક પદ્ધતિ સામે મંડાઈ રહી હતી. આનાથી ભારતના આધુનિક યુગમાં એક નવા પ્રકરણનો પ્રારંભ થયો. ગાંધીજીના આગમન પછી 'ગાંધીયુગ' શરૂ થયો હોય એમ લાગવા માંડ્યું. પાયાના આ કાર્યની વ્યાપક અસરો દેશવ્યાપી થવા માંડી. આમાં એક નવું જ ઉમેરણ થયું : ઢસાના દરબાર ગોપાળદાસે ગાદીત્યાગ કરી પોતાનું સર્વસ્વ દેશને અર્પણ કરી સાદું જીવન અપનાવી સ્વાતંત્ર્ય-ચળવળમાં ઝંપલાવ્યું

અને નાનાં રજવાડાંના અનેક રાજવીઓ માટે એક દાખલો બેસાડ્યો.

દેશના દરિદ્રનારાયણોનો ભૂખમરો રેંટિયો અને ખાદી વડે મટે એવો સૌપ્રથમ ખ્યાલ ગાંધીજીએ આપ્યો હતો. દેશમાં આવી તેમણે આશ્રમ શરૂ કર્યો અને દેશી કાપડ તૈયાર કરવા હાથસાળ વસાવી હતી. ગાંધીજીએ 1917માં ભરૂચનાં ગંગાબહેનને રેંટિયો શોધી લાવવા સૂચવ્યું. વિજાપુર ગામમાંથી રેંટિયો મળ્યો. પછી શોધ ચાલી પૂણીઓની. પછી તો રેંટિયા પર ગાંધીજીએ જે પ્રયોગો કર્યા તે તો જગજાહેર છે.

આમ, ખાદીનો જન્મ થયો. તેનાં ઘણાં દૂરગામી પરિણામો આવ્યાં. પાછળથી રચનાત્મક કાર્યક્રમોમાં ગાંધીજીએ રેંટિયો, ખાદી, દારૂબંધી, અસ્પૃશ્યતા-નિવારણ અને કોમી ઐક્યનો મંત્ર આપ્યો. આનાં સુફળરૂપે ગુજરાતમાં અનેક સ્થળે અનેક સંસ્થાઓ સ્થપાઈ. ગાંધીરંગે રંગાયેલા દેશભક્તોએ ધૂણી ધખાવીને દેશના ખૂણેખૂણે બેસીને વિવિધ પ્રવૃત્તિઓ આદરી દીધી. મોહનલાલ પંડ્યા, ત્રિભુવનદાસ પટેલ, પરીક્ષિતલાલ મજમુદાર, ઈન્દુલાલ યાજ્ઞિક, જુગતરામ દવે, રવિશંકર મહારાજ, ઠક્કરબાપા, નાનાભાઈ ભટ્ટ, કલ્યાણજીભાઈ વગેરે અનેક કાર્યકરોએ પોતાનું સમગ્ર જીવન એક કાર્યક્ષેત્ર પસંદ કરી તેને સમર્પિત કરી દીધું.

સત્યાગ્રહ આશ્રમની સાથે ગૂજરાત વિદ્યાપીઠ પણ ગાંધીજીએ ગુજરાતને આપેલું એક પ્રદાન હતું. અસહકારના આંદોલન વેળા વિદ્યાર્થીઓને શાળા-કૉલેજો છોડવાની હાકલ કરી હતી. જે યુવાનોએ આ આદેશ માની શાળા-કૉલેજ છોડી તેમને રાષ્ટ્રીય શિક્ષણ મળે તેવી સંસ્થા પણ આપી. 1920માં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના થઈ. કાકાસાહેબ કાલેલકર, આચાર્ય કૃપાલાણી, રામનારાયણ વિ. પાઠક, ગિદવાણીજી, પંડિત સુખલાલજી અને રસિકલાલ છોટાલાલ પરીખ જેવા અનેક તેજસ્વી વિદ્વાનો ત્યાં અધ્યાપનકાર્ય કરતા હતા. ગાંધીજીએ 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા' શરૂ કર્યાં. તેમાં સ્વામી આનંદે અમૂલ્ય સેવા આપી હતી.

ગુજરાતની સત્યાગ્રહ - લડતોમાં બોરસદ, બારડોલી, દાંડી અને ધરાસણા મુકામે યોજાયેલા સત્યાગ્રહો ખૂબ મહત્ત્વના રહ્યા. બોરસદના લોકો બહારવટિયાઓને સાથ આપે છે એમ આક્ષેપ કરી ત્યાંની પ્રજા પર કર નખાયો. એનો પ્રજાજનોએ વિરોધ કરી દમનનો સામનો કર્યો. બારડોલીમાં પણ મહેસૂલના મુદ્દે ગ્રામજનોએ સરદાર વલ્લભભાઈ પટેલની રાહબરી નીચે સખત લડત આપીને સરકારને નમાવી. આમાં કાર્યકરો ઉપરાંત કાનૂની રાહે લડત આપીને કનૈયાલાલ મુનશીએ પણ મહત્ત્વનો ફાળો આપ્યો હતો. બારડોલીના આ સફળ સત્યાગ્રહે વલ્લભભાઈ પટેલને 'સરદાર'નું બિરુદ અપાવ્યું. અત્યાર સુધી ગુજરાતના 'સરદાર' રહેલા વલ્લભભાઈ હવે દેશભરમાં 'સરદાર' તરીકે જાણીતા થયા.

1929ના ડિસેમ્બરમાં લાહોરમાં ભરાયેલા કૉંગ્રેસ અધિવેશનમાં પૂર્ણ સ્વરાજની ઘોષણા કરવામાં આવી. ગાંધીજી વાઇસરૉય સાથે પત્ર દ્વારા મંત્રણાનો દોર ચલાવી રહ્યા હતા. તેમણે 1930ની બીજી માર્ચે વાઇસરૉયને અલ્ટિમેટમ આપ્યું અને સરકાર દેશના લોકોની લાગણી નહીં સમજે તો આખરી લડત આપવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો. તેમણે લડતનો મુદ્દો પણ પ્રજા પર એકસરખી રીતે પડનારા મીઠાવેરાને બનાવ્યો. એટલે કાયદાનો સૌપ્રથમ ભંગ ગાંધીજી પોતે કરે અને પછી સમગ્ર પ્રજામાં તેનો વ્યાપક ભંગ થાય તેવી ખુલ્લેખુલ્લી વ્યૂહરચના હતી.



ગાંધીજીના આગમન પછી 'ગાંધીયુગ' શરૂ થયો હોય એમ લાગવા માંડ્યું. ભારતના આધુનિક યુગમાં એક નવા પ્રકરણનો પ્રારંભ થયો.

પ્રથમ વિચારમાં કૂચ ખેડા જિલ્લાના બાદલપુર લઈ જઈ ત્યાં દરિયાનું પાણી ઉકાળીને મીઠું બનાવવાની યોજના હતી, પરંતુ સુરતના કાર્યકર્તા કલ્યાણજીભાઈ મહેતાએ સુરત જિલ્લાને પણ વીંધીને દરિયા-કિનારે જામેલું મીઠું ઉપાડીને કાયદાનો ભંગ કરવામાં આવે તો સમગ્ર દેશમાં તેની અસર થશે એમ સૂચવ્યું. તેમનું સૂચન સ્વીકારવામાં આવ્યું અને આ સત્યાગ્રહ માટે 'દાંડી'ની પસંદગી કરવામાં આવી.

ગુજરાતના ઇતિહાસવિદ એમ. એસ. કોમિસરિયેત (1881-1972)

ગુજરાતના ઉત્તમ કોટિના ઇતિહાસવિદ માણેકશાહ સોરાબશાહ કોમિસરિયેતનો જન્મ પારસી કુટુંબમાં, મુંબઈમાં. કૉલેજનું શિક્ષણ મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં મેળવ્યું. 1935માં સરકારી સેવામાંથી નિવૃત્ત થયા બાદ મુંબઈમાં કાયમી વસવાટ કર્યો. પ્રોફેસર કોમિસરિયેતે પોતાની અધ્યાપક તરીકેની કારકિર્દી દરમ્યાન ગુજરાતના મધ્યયુગને લગતી સંશોધન-કામગીરી 1918થી શરૂ કરી હતી. તે ગુજરાતના સલ્તનત, મોગલ અને મરાઠા સમયના ઇતિહાસના અભ્યાસી અને સંશોધક હતા.

ગુજરાતના રાજપૂત સમય પછીના મધ્યકાલના ઊંડા અભ્યાસ અને મૌલિક સંશોધનના પરિપાકરૂપે પ્રોફેસર કોમિસરિયેતે જે ઇતિહાસલેખન કર્યું તેમાં 'મેન્ડેલ્સ્લોસ ટ્રાવેલ્સ ઇન વેસ્ટર્ન ઇન્ડિયા' (ઑક્સફર્ડ યુનિ. પ્રેસ - લંડન, 1931), 'સ્ટડીઝ ઇન ધ હિસ્ટરી ઑફ ગુજરાત' (લૉન્ગમૅન્સ ગ્રીન એન્ડ કંપની - લંડન, 1935), 'હિસ્ટરી ઑફ ગુજરાત : વૉ. 1 : ધ મુસ્લિમ પિરિયડ : ઈ.સ. 1296-1573' (લૉન્ગમૅન્સ ગ્રીન એન્ડ કંપની - મુંબઈ, 1938), 'ઇમ્પીરિયલ મુઘલ ફરમાન્સ ઇન ગુજરાત' (સંશોધનપત્ર, જર્નલ ઑફ ધ બૉમ્બે બ્રાન્ચ ઑફ રૉયલ એશિયાટિક સોસાયટી, વૉ. 1, નં. 10, જૂન-જુલાઈ 1940, મુંબઈ), 'હિસ્ટરી ઑફ ગુજરાત : વૉ. 3 : ધ મરાઠા પિરિયડ : ઈ.સ. 1758-1818' (ગુજરાત વિદ્યાસભા, અમદાવાદ, 1980)નો સમાવેશ થાય છે. કોમિસરિયેતે 67 વર્ષો સુધી સક્રિય રહી અથાગ પરિશ્રમ વેઠી ગુજરાતના ઇતિહાસના મધ્યયુગને ત્રણ મહત્ત્વના ગ્રંથો લખીને ગુજરાતના ઇતિહાસલેખનમાં અમૂલ્ય ફાળો આપ્યો છે.

દાંડીકૂચ

સરકારે આ હવા પારખીને સૌ પહેલાં 7મી માર્ચે સરદારને ખેડા જિલ્લામાંથી પકડી લીધા. એમનો સરકારને ઘણો ડર હતો. 8મી માર્ચે સાબરમતી નદીના પટમાં પચાસ હજારની મેદનીમાં ગાંધીજીએ ભાષણ કર્યું અને લડતનો બુંગિયો ફૂંકાયો. 'દાંડીકૂચ' માટે 12મી માર્ચનો દિવસ નક્કી થયો.

દાંડીકૂચની આગલી સાંજે આશ્રમની પ્રાર્થનાસભામાં ગાંધીજીએ આપેલું વ્યાખ્યાન તેમના વસિયતનામા સમાન હતું. તેમણે આ લડત સંપૂર્ણ શાંતિપૂર્વક, અહિંસક રીતે અને નીડરતાથી લડી લેવા સૌને શીખ આપી. સર્વ રીતે સરકારનો અસહકાર કરવાની અને ફેંસલો ન આવે ત્યાં સુધી લડત આપવાની સલાહ આપી. આ ઉપરાંત તેમણે ભીષ્મ પ્રતિજ્ઞા કરતાં કહ્યું : 'હું કાગડા-કૂતરાને મોતે મરીશ પણ સ્વરાજ્ય લીધા વિના આશ્રમમાં પાછો નહીં ફરું.' આ પ્રતિજ્ઞાની ભારતભરની જનમેદની પર વીજળીની જેમ અસર થઈ.

11મી માર્ચની રાતથી સાબરમતી આશ્રમ પાસે લોકોનાં ટોળેટોળાં ઊભરાવા માંડ્યાં. દેશમાંથી અને કેટલાક પત્રકારો પરદેશથી પણ આવ્યા હતા. 12મી માર્ચે સવારે 'શૂર સંગ્રામકો'...નું ભજન ખરેસાહેબે ગાયું. બહાર લોકોને 'હરિનો મારગ છે શૂરાનો'નું ભજન ફરીથી ગવડાવ્યું. સવારે 6-20 કલાકે ગાંધીજીએ મંગલ પ્રયાણ કર્યું. 61 વર્ષના 'ભવ્ય ડોસા'નું મહાભિનિષ્ક્રમણ દેશ અને દુનિયા નિહાળી રહ્યાં. રસ્તામાં ઠેરઠેર તેમનું સ્વાગત થયું. લોકો સામૈયાં કરતા, આરતી ઉતારતા, પ્રાર્થનાસભાઓ યોજાતી, કાર્યકરો સાથે ચર્ચા થતી. વચ્ચેથી પણ અનેક લોકો જોડાતા ગયા. જાણે એક મોટો માનવ-મહેરામણ ઊમટ્યો. કોઈએ ન ધારેલી, ન કલ્પેલી એવી ક્રાંતિની એક તાજગીભરી હવા બંધાઈ. આ કૂચે જાણે નિર્બળોમાં પણ પ્રાણ ફૂંકીને તેમને બેઠા કરી દીધા. પ્રજામાં એક નવચેતનાનો જુસ્સો પ્રગટી ઊઠ્યો.

12મી માર્ચે શરૂ થયેલી એ ધર્મયાત્રા પાંચમી એપ્રિલે દાંડી પહોંચીને પૂર્ણ થઈ. 6ઠ્ઠી એપ્રિલે સવારે સમુદ્રસ્નાન કરીને ગાંધીજીએ ચપટી મીઠું ઉપાડીને નમકનો કાયદો તોડ્યો. એ મીઠાનો લૂણો બ્રિટિશ સામ્રાજ્યને લાગી ગયો.

આ પછી ધરાસણાનાં મીઠાનાં ગોદામો ઉપર પણ સત્યાગ્રહ કરવામાં આવ્યો. અનેકોએ તેમાં મારપીટ સહન કરી, પરંતુ સંપૂર્ણ અહિંસક રીતે એ લડત સફળતાપૂર્વક ચલાવવામાં આવી. 'દાંડીકૂચ' ભારતની જ નહીં પણ વિશ્વની ક્રાંતિઓની યાદીમાં એક વિશિષ્ટ પ્રયોગ તરીકે નોંધપાત્ર છે. 1931માં ગાંધીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા ગયા ત્યારે ઝવેરચંદ મેઘાણીએ ગાયું :

છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો, બાપુ !
સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો, બાપુ !

ગાંધીજી ખાલી હાથે ઇંગ્લૅન્ડથી પાછા આવ્યા. મુંબઈની પ્રજાએ તેમનું સ્વાગત કર્યું. અસહકારની લડત જોરશોરથી





ચાલી રહી હતી, પરંતુ તેની વ્યાપકતાને કારણે તેમાં ગાંધીજીએ ચીંધેલી સાધન-શુદ્ધિનો અભાવ વર્તાવાથી ગાંધીજીએ એ લડતને સંકેલી લેવા જાહેરાત કરી.

સ્વાતંત્ર્ય-સંગ્રામમાં વર્તમાનપત્રોએ પણ એકંદરે સારો એવો ભાગ ભજવ્યો હતો. તેમાં મોટા ભાગનાં અંગ્રેજી વર્તમાનપત્રો સરકારની તરફદારી કરતાં અને ચળવળનો વિરોધ કરતાં લખાણો પ્રગટ કરતાં, જ્યારે ભારતીય ભાષાઓમાં પ્રગટ થતાં અખબારોએ લડતને સારો એવો ટેકો આપ્યો અને તે પણ સરકારની ભારે કનડગત છતાં. મુંબઈમાં 'મુંબઈ સમાચાર', અમદાવાદમાં 'ગુજરાત સમાચાર', 'પ્રજાબંધુ', 'સંદેશ', 'પંચ' તેમ જ સુરતમાં 'ગુજરાત મિત્ર' છાપાંઓએ ઊંચું ધોરણ જાળવી રાખ્યું હતું. ગાંધીજીના ભારત આવતાં પહેલાં ઈન્દુલાલ યાજ્ઞિકે 'નવજીવન' માસિક શરૂ કરેલું. ગાંધીજીએ માસિક પોતે લઈને તેને સાપ્તાહિક બનાવ્યું. સૌરાષ્ટ્રમાં 'સૌરાષ્ટ્ર' જે પછી 'ફૂલછાબ' બન્યું તે છાપાંઓએ ઉત્તમ કામગીરી બજાવી.

1942ની ચળવળ

1942માં બ્રિટિશ પ્રધાનમંડળના સભ્ય સ્ટેફર્ડ ક્રિપ્સ વિષ્ટિ કરવા હિન્દ આવ્યા, પરંતુ એ જે દરખાસ્ત લાવ્યા હતા તેનો અસ્વીકાર કરવામાં આવ્યો. હવે ભારતના નેતાઓની ધીરજ ખૂટી રહી હતી. આખરી આંદોલન કરવા ગાંધીજી સાથે સરદાર, કૃપાલાણી, રાજેન્દ્રબાબુ, જવાહરલાલ અને અબુલ કલામ આઝાદ - સૌ સંમત થયા. એ મુજબ 'હિન્દ છોડો'નું આખરી એલાન આપવામાં આવ્યું. ગાંધીજીએ સૂત્ર આપ્યું : 'કરેંગે યા મરેંગે !'

સરદાર વલ્લભભાઈ સમયની તાકીદ સમજી ગયા. અમદાવાદમાં આવી ગુજરાતમાં વિવિધ સ્થળે ભાષણો આપવા માંડ્યાં. તેમની આગઝરતી વાણીએ ગુજરાતની પ્રજાની સ્વતંત્રતાની આકાંક્ષા પ્રજ્વલિત કરી. ભરૂચમાં આપેલું તેમનું ભાષણ યાદગાર હતું. 1942ની 8મી ઑગસ્ટે કૉંગ્રેસ મહાસમિતિએ દેશવ્યાપી બળવો જગાવવાની હાકલ કરી. 9મી ઑગસ્ટે સરકારે તમામ નેતાઓને પકડી લીધા. આના પ્રત્યાઘાત ખૂબ વિપરીત પડ્યા. લોકોએ હવે હિંસક માર્ગ અપનાવ્યો. પોલીસથાણાં, તાર-ટપાલ અને રેલવે પર હુમલા થવા માંડ્યા.

ગુજરાતે 1942ના આંદોલનને બરાબર ઝીલી લીધું. ગુજરાતમાં ઠેરઠેર હડતાળો પડવા માંડી. અમદાવાદના મિલમજૂરોએ સાડાત્રણ માસ હડતાળ ચલાવી. કેટલીક શાળાઓ અને કોલેજો બંધ રહી. ઠેરઠેર ભાંગફોડના બનાવો પણ બનવા લાગ્યા. અમદાવાદમાં વીર કિનારીવાલાએ સામી છાતીએ ગોળી ઝીલી. તે શહીદ થયા. અડાસમાં પણ શહીદી વહોરવામાં આવી.



શહીદ વીર કિનારીવાળા
(જ. 1924 * અ. 1942)

9 ઑગસ્ટ 1942ની રાત્રે વિદ્યાર્થી સંગ્રામ સમિતિની બેઠક મળી. 1942ની 10મી ઑગસ્ટે લૉ કૉલેજ આગળના મેદાનમાંથી એક ભવ્ય સરઘસ આંબાવાડી અને ગુજરાત કોલેજ થઈને ભદ્રમાં આવેલા 'કૉંગ્રેસ ભવન' તરફ જવા નીકળ્યું. ગુજરાત કૉલેજ નજીક પોલીસે ટીયર-ગેસ છોડ્યો. તેને પરિણામે વિદ્યાર્થીઓ દીવાલ કૂદીને કૉલેજમાં દાખલ થયા. તેની સાથે પોલીસ અને ગોરા અફસર પણ દાખલ થયા. વિદ્યાર્થીઓએ ઈંટાળાનો મારો કર્યો. એક ઈંટ અમલદારને વાગી તેણે ફાયરિંગનો હુકમ છોડ્યો. 18 વર્ષનો તરવરિયો વિનોદ ગોળીનો ભોગ બની મૃત્યુ પામ્યો.

તેની સ્મૃતિમાં કોલેજના ઉત્તર તરફના પ્રવેશદ્વાર આગળ - પૂર્વ તરફ પશ્ચિમાભિમુખ ખાંભી ઊભી કરવામાં આવેલી છે. 10 ઑગસ્ટે ખાંભી આગળ શહીદ વિનોદને શ્રદ્ધાંજલિરૂપે પુષ્પાંજલિ અર્પણ કરાય છે. ખાંભી ઉપર 'દિન ખૂન કે હમારે યારો ન ભૂલ જાના' લખાણ કંડારેલું છે





દક્ષિણ ગુજરાતમાં ઠાકોરભાઈ દેસાઈ, લાલભાઈ નાયક, ગોસાઈભાઈ વગેરેએ સારી લડત આપી. મકનજી સોલાએ તો સરકારની ઊંઘ હરામ કરી દીધી. આમાં ભરૂચના ક્રાંતિવીરોનો પણ ખાસ ઉલ્લેખ કરવો જરૂરી છે. અંબુભાઈ અને છોટુભાઈ પુરાણી, ચંદ્રશેખર ભટ્ટ, ડૉ. ચંદુલાલ દેસાઈ, લલ્લુભાઈ પટેલ વગેરેએ પણ સરકારને બરાબર હંફાવી. આ જ વર્ષના ઑગસ્ટ માસમાં આગાખાન મહેલ - પુણેમાં ગાંધીજીના મંત્રી મહાદેવભાઈ દેસાઈ અને 1943માં કસ્તૂરબા મૃત્યુ પામ્યાં.

અસહકારની લડતમાં સત્યાગ્રહીઓનો નવોનવો ફાલ ઊતર્યે જતો હતો. તેમાં કનૈયાલાલ મુનશી, મોરારજી દેસાઈ, ગણેશ વાસુદેવ માવળંકર, કાનજીભાઈ દેસાઈ, ભોગીલાલ લાલા, રાવજીભાઈ પટેલ વગેરેએ લડતની જવાબદારી ઉપાડી લીધી હતી. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં ઢેબરભાઈ, બળવંતરાય મહેતા, રતુભાઈ અદાણી, રસિકલાલ પરીખ મોખરાના સ્થાને હતા, જ્યારે ખેડામાં ઉત્સવભાઈ પરીખ, માધવલાલ શાહ, બાબુભાઈ જ. પટેલ, રાવજીભાઈ પટેલ, તો અમદાવાદમાં અર્જુન લાલા, ખંડુભાઈ, જયંતિ દલાલ, મૃદુલા સારાભાઈ, નીરુભાઈ દેસાઈ વગેરે હતા. વડોદરામાં ડૉ. જીવરાજ મહેતા, મગનભાઈ શંકરભાઈ, ભાઈલાલભાઈએ કામ ઉપાડી લીધું હતું.


દેશની આઝાદીની પ્રાપ્તિ અર્થે ગાંધીજીએ અહિંસક રાહ અપનાવ્યો, પરંતુ પ્રખર દેશભક્ત બોઝને આવો માર્ગ પસંદ ન હતો. તેમની 194 થઈ હતી. તેમણે ઉપવાસ કર્યા. સરકારે એમને જ નજરકેદ રાખ્યા. 1941માં એમના એ પોલીસના પહેરા છતાં તેમને થાપ આપીને તે કાબુલ થઈ રશિયા પહોંચ્યા અને ત્યાંથી ગયા અગ્નિ-એશિયામાં આવીને તેમણે 'આઝાદ હિન રચના કરી. હજારો સૈનિકો તેમની 'આઝાદ હિન જોડાયા. આઝાદી પ્રાપ્ત કરવા તેમની ગણતરી બ્રિટિશરોને હઠાવવાની હતી.

1944-45ના શિયાળામાં બ્રિટનના હુમ જાપાનીઓ રંગૂન પાછા ફર્યા. નેતાજી સુભાષ ફરીથી યુદ્ધમોરચો ઊભો કરવાની આશાએ 1945માં જાપાન શરણે થયું અને નેતાજી ઊપડ્યા. પછી તેમનો પત્તો લાગ્યો જ નહીં તેમના સેનાપતિઓ કેપ્ટન શાહનવાઝ, કેપ્ટન અને કેપ્ટન લક્ષ્મી સામે લાલ કિલ્લા ચલાવવામાં આવ્યું. તે ઐતિહાસિક ખટલો બાહોશ ધારાશાસ્ત્રી ભુલાભાઈ દેસાઈએ ચલાવ્યો વીરોને છોડાવ્યા.

લૉર્ડ માઉન્ટબેટને 24મી માર્ચ, 1947ના વાઈસરોય તરીકેનું પદ સંભાળી લીધું. 14 મધરાતે એટલે 15મી ઑગસ્ટે ભારતને સ્વતં ભારતમાં ભાષાવાર રાજ્યરચના થઈ. તેમાં ગુજરાતનું એક ભેગું દ્વિભાષી રાજ્ય રચવા પાછળથી 1960માં સ્વતંત્ર ગુજરાત રાજ્યની અને 'ગુજરાતની અસ્મિતા'નું ગાન ગરવી ગુર્જ ગુંજવા લાગ્યું.



રતનદીવડા





દક્ષિણ ગુજરાતમાં ઠાકોરભાઈ દેસાઈ, લાલભાઈ નાયક, ગોસાઈભાઈ વગેરેએ સારી લડત આપી. મકનજી સોલાએ તો સરકારની ઊંઘ હરામ કરી દીધી. આમાં ભરૂચના ક્રાંતિવીરોનો પણ ખાસ ઉલ્લેખ કરવો જરૂરી છે. અંબુભાઈ અને છોટુભાઈ પુરાણી, ચંદ્રશેખર ભટ્ટ, ડૉ. ચંદુલાલ દેસાઈ, લલ્લુભાઈ પટેલ વગેરેએ પણ સરકારને બરાબર હંફાવી. આ જ વર્ષના ઑગસ્ટ માસમાં આગાખાન મહેલ - પુણેમાં ગાંધીજીના મંત્રી મહાદેવભાઈ દેસાઈ અને 1943માં કસ્તૂરબા મૃત્યુ પામ્યાં.

અસહકારની લડતમાં સત્યાગ્રહીઓનો નવોનવો ફાલ ઊતર્યે જતો હતો. તેમાં કનૈયાલાલ મુનશી, મોરારજી દેસાઈ, ગણેશ વાસુદેવ માવળંકર, કાનજીભાઈ દેસાઈ, ભોગીલાલ લાલા, રાવજીભાઈ પટેલ વગેરેએ લડતની જવાબદારી ઉપાડી લીધી હતી. આ ઉપરાંત સૌરાષ્ટ્રમાં ઢેબરભાઈ, બળવંતરાય મહેતા, રતુભાઈ અદાણી, રસિકલાલ પરીખ મોખરાના સ્થાને હતા, જ્યારે ખેડામાં ઉત્સવભાઈ પરીખ, માધવલાલ શાહ, બાબુભાઈ જ. પટેલ, રાવજીભાઈ પટેલ, તો અમદાવાદમાં અર્જુન લાલા, ખંડુભાઈ, જયંતિ દલાલ, મૃદુલા સારાભાઈ, નીરુભાઈ દેસાઈ વગેરે હતા. વડોદરામાં ડૉ. જીવરાજ મહેતા, મગનભાઈ શંકરભાઈ, ભાઈલાલભાઈએ કામ ઉપાડી લીધું હતું.


દેશની આઝાદીની પ્રાપ્તિ અર્થે ગાંધીજીએ અહિંસક રાહ અપનાવ્યો, પરંતુ પ્રખર દેશભક્ત સુભાષચં[દ્ર] બોઝને આવો માર્ગ પસંદ ન હતો. તેમની 1940માં ધરપક[ડ] થઈ હતી. તેમણે ઉપવાસ કર્યા. સરકારે એમને એમના ઘરમ[ાં] જ નજરકેદ રાખ્યા. 1941માં એમના એ મકાન પર પોલીસના પહેરા છતાં તેમને થાપ આપીને તે નાસી છૂટ્યા. કાબુલ થઈ રશિયા પહોંચ્યા અને ત્યાંથી ગયા બર્લિન. પછી અગ્નિ-એશિયામાં આવીને તેમણે 'આઝાદ હિન્દ ફોજ'ની રચના કરી. હજારો સૈનિકો તેમની 'આઝાદ હિન્દ ફોજ'માં જોડાયા. આઝાદી પ્રાપ્ત કરવા તેમની ગણતરી લશ્કર વડે બ્રિટિશરોને હઠાવવાની હતી.

1944-45ના શિયાળામાં બ્રિટનના હુમલાને કારણે જાપાનીઓ રંગૂન પાછા ફર્યા. નેતાજી સુભાષબાબુએ પણ ફરીથી યુદ્ધમોરચો ઊભો કરવાની આશાએ બર્મા છોડ્યું. 1945માં જાપાન શરણે થયું અને નેતાજી બૅંગકોકથી ઊપડ્યા. પછી તેમનો પત્તો લાગ્યો જ નહીં. બાદમાં તેમના સેનાપતિઓ કૅપ્ટન શાહનવાઝ, કૅપ્ટન ધિલ્લોન અને કૅપ્ટન લક્ષ્મી સામે લાલ કિલ્લામાં કામ ચલાવવામાં આવ્યું. તે ઐતિહાસિક ખટલો ગુજરાતના બાહોશ ધારાશાસ્ત્રી ભુલાભાઈ દેસાઈએ ચલાવ્યો અને ત્રણેય વીરોને છોડાવ્યા.

લૉર્ડ માઉન્ટબેટને 24મી માર્ચ, 1947ના દિને પોતાનું વાઇસરૉય તરીકેનું પદ સંભાળી લીધું. 14મી ઑગસ્ટે મધરાતે એટલે 15મી ઑગસ્ટે ભારતને સ્વતંત્રતા મળી. ભારતમાં ભાષાવાર રાજ્યરચના થઈ. તેમાં મુંબઈ અને ગુજરાતનું એક ભેગું દ્વિભાષી રાજ્ય રચવામાં આવ્યું. પાછળથી 1960માં સ્વતંત્ર ગુજરાત રાજ્યની રચના થઈ અને 'ગુજરાતની અસ્મિતા'નું ગાન ગરવી ગૂર્જરભૂમિ પર ગુંજવા લાગ્યું.



રતનદીવડા



આ વ્યક્તિત્વના ઘડતરમાં પર્વત કે નદીઓનું સ્થાન ગૌણ છે. મુખ્ય સ્થાન તો જે મહાપુરુષોએ ગુજરાતની આ ભાવના સર્જાવી છે તેમનું છે. તેમનાં પરાક્રમો અથવા સાહિત્યકૃતિઓ ગુજરાતીઓની કલ્પના અને ઈચ્છાને કેન્દ્રસ્થ કરે છે. તે ઈતિહાસ કે સિદ્ધાંત રચી જાય છે, ઉત્સાહ અને આનંદ પ્રેરે છે, ગૌરવકથાઓનાં મંડાણ માંડે છે અને ગુજરાતનું સૂક્ષ્મ શરીર બાંધી જાય છે.

- **કનૈયાલાલ મુનશી**

'ન માનુષાત્ શ્રેષ્ઠતરં હિ કિંચિત્ ।'
મનુષ્યથી ના અદકું કંઈ જ.
મનુષ્યમાંયે શિર જેનું ઊર્ધ્વ,
મૂર્ધન્ય તે.
નમામિ તં નિર્ભયમ્ ઊર્ધ્વમાનુષમ્ ।

- **ઉમાશંકર જોશી**



રતનદીવડા

પ્રજાનું ગૌરવ છે તેનું પ્રજાકીય અસ્મિતાને ગૌરવવંતી કરતી સામુદાયિક પ્રવૃત્તિઓની સિદ્ધિમાં, પણ તેના દીપસ્તંભો બની રહે છે એ પ્રજાના જ ખમીરની વ્યક્તિગત અભિવ્યક્તિ સમા 'જ્યોતિર્ધરો.' વિવિધ ક્ષેત્રે કેટલીક વિશિષ્ટ વ્યક્તિઓ પોતાની આગવી વ્યક્તિગત પ્રતિભાથી અને પોતાના વિશેષ પુરુષાર્થથી આગળ ઊપસી આવે છે ને ગિરિમાળાનાં શિખરોની જેમ પ્રજાનાં ગૌરવશિખરો બની રહે છે. સંતો, સાહિત્યકારો અને કલાકારો, ઉદ્યોગવીરો, વિજ્ઞાનીઓ અને લોકસેવકો, જેમણે પ્રજાજીવનનાં વિવિધ ક્ષેત્રો પૂરતી જ સિદ્ધિ અને પ્રાપ્તિ સાધી છે એમ નથી, પરંતુ તેમની એ સિદ્ધિનું ફળ સમગ્ર પ્રજાને પ્રાપ્ત થયું છે. આથી જ આ મહાનુભાવો ગુજરાત અને દેશની પ્રજાસમસ્તના દીપસ્તંભો બની રહે છે.


નરસિંહ, પ્રેમાનંદ, ગોવર્ધનરામ સમા સારસ્વતો કે જમશેદજી તાતા સમા ઉદ્યોગપતિઓ, પૂ. રવિશંકર મહારાજ જેવા લોકસેવકો કે ડો. વિક્રમ સારાભાઈ સમા વિજ્ઞાનીઓ - તેઓ વ્યક્તિવિશેષો છતાં માત્ર 'વ્યક્તિ' જ નથી રહ્યા - નહીં રહેતાં ગુજરાતની અસ્મિતાના ઉન્મેષને પ્રત્યક્ષ કરતા, લોકસત્ત્વના પ્રતિનિધિઓ બની રહે છે. વ્યક્તિ તરીકે તેમનું દર્શન અલગઅલગ અને ઉન્નત છે, પણ તેમની પ્રતિભા અને પ્રયત્નોએ સમગ્ર દેશને સીંચ્યો છે અને સમૃદ્ધ કર્યો છે. એમની સિદ્ધિઓ અભિનંદનીય છે, એમનાં ચરિત્રો પ્રેરક છે, એમનાં વ્યક્તિત્વો સ્મરણીય, અનુકરણીય, આદરણીય અને ગૌરવપ્રદ છે.



અખો (શિલ્પી : રતિલાલ કાંસાદોરિયા)

મહામાનવ મહાત્મા ગાંધીજી


(જ. 2-10-1869 * અ. 30-1-1948)



જીવનચરિત્રોના આ વિભાગમાં આ મહામાનવને કયા વિભાગમાં-કયા ચોકઠામાં ગોઠવી શકાય ? સાહિત્ય, રાજનીતિ, સમાજસેવા, શિક્ષણ, આરોગ્ય, ચિંતન, ધર્મ-અધ્યાત્મ, સેવા, પ્રયોગશીલતા ? દેશમાં ભાગ્યે જ એવું કોઈ ક્ષેત્ર હશે જેમાં ગાંધીજીનો પ્રભાવ નહિ હોય. એટલે આપણે આ વિભાગનો આરંભ આ વિશ્વવિભૂતિના ચરિત્રથી કરીએ.

હિમાલયનો પરિચય ન હોય, તેનાં દર્શન જ હોય. ગુજરાતને, ભારતને કે વિશ્વને પણ ગાંધીજીનો શો પરિચય કરાવવાનો હોય ? બુદ્ધ-ઈસુની પરંપરાના એ યુગપુરુષ. હજારો વર્ષે મળે એવું માનવજાતિનું સુફળ - અમરફળ ! અહિંસા, પ્રેમ અને સત્ય - માનવતાનું એ સત્ય યુગેયુગે કોઈક ને કોઈક વ્યક્તિ દ્વારા મૂર્તિમંત થતું હોય છે. આ યુગનો સત્યાવતાર તે મહાત્મા ગાંધીજી.

છેક કુમારવયથી જ સત્યના પાયા પર જીવનનું ચણતર કરીને 78 વર્ષના જીવનકાળની એકએક પળને તેમણે આ દેશનાં જડ અને કૃત્રિમ મૂલ્યોનું આમૂલ પરિવર્તન કરી નાખવામાં ખર્ચી.



દક્ષિણ આફ્રિકામાં ફર્સ્ટક્લાસના ડબામાંથી ગોરાઓએ મોહનદાસ ગાંધીનો સામાન બહાર ફેંકી દીધો અને અન્યાય સામે લડવાની એક ચિનગારી પ્રગટી.

અપાર કરુણા અને વત્સલતાથી, સતત ક્રિયાશીલતાથી, સત્તાની આકાંક્ષા વિના, ગીતાપ્રોક્ત સ્પૃહારહિત કર્તવ્યબુદ્ધિથી આ દેશના પ્રશ્નોને વિધાયક દૃષ્ટિથી ઉકેલવા પ્રયાસ કરીને આ દેશની દરિદ્ર, મૂઢ અને પરવશ પ્રજાની ચેતનાને એમણે ઢંઢોળી. ભારતની પ્રજામાં મૂલ્યોનું અને સાંસ્કૃતિક વારસાનું તેમણે આત્મભાન પ્રગટાવ્યું. વિશાળ બ્રિટિશ સામ્રાજ્યને અહિંસાને માર્ગે હચમચાવી આ દેશને સ્વરાજને કાંઠે લાવી નાંગર્યો.

ઈ. સ. 1869ની બીજી ઑક્ટોબરે કાઠિયાવાડના ટેકીલા પણ મુત્સદી ઉત્તમચંદ (ઓતા) ગાંધીના પુત્ર કરમચંદ (કબા) ગાંધીને ત્યાં એમનાં ચોથી વારનાં પત્ની પૂતળીબાઈથી વૈષ્ણવ કુટુંબમાં પોરબંદરમાં મોહનદાસનો જન્મ. પિતાના ત્રણ પુત્રો, પણ ત્રણ પુત્રોમાં એ સૌથી નાના. 1887માં રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી મૅટ્રિક થયા. શામળદાસ કૉલેજ, ભાવનગરમાં પહેલું સત્ર પૂરું કર્યા પછી 1888માં લંડન ગયા અને 1891માં બૅરિસ્ટર થઈ ભારત પાછા ફર્યા. 1881માં શાળાઅભ્યાસ દરમિયાન શ્રવણની પિતૃભક્તિ અને હરિશ્ચંદ્ર નાટકની એમના પર ખૂબ ઊંડી અસર થઈ જે જીવન પર્યંત રહી. પરિણામે સત્યવાદી થવાનો સંકલ્પ એમણે જીવનભર પાળ્યો. 1883માં ગોકુલદાસ મકનજી નામના વેપારીનાં પુત્રી કસ્તૂરબાઈ સાથે લગ્ન થયું.

સત્ય બોલવાની પ્રતિજ્ઞાએ તરત જ એમની કસોટી કરી. 1884-85માં બીડી પીવાનો તેમ જ દેખાદેખીએ માંસ ખાવાનો પ્રયોગ કર્યો, પરંતુ આ માટે માતાપિતા આગળ જૂઠું બોલવાને કારણે તેમને અસહ્ય પશ્ચાત્તાપ થયો. પછી વચેટ ભાઈનું કરજ કાપવા ચોરી કરવામાં તેને મદદ કરી. પિતાને ચિઠ્ઠી લખી દોષ કબૂલ કર્યો. પિતાજીનાં અશ્રુબિંદુએ તેમને વીંધ્યા ને સહજ રીતે તેમની પાસેથી જ અહિંસાની શક્તિનો પહેલો પદાર્થપાઠ શીખ્યા. તેમના 17મે વર્ષે પિતાનું મૃત્યુ થયું.

પોરબંદરની એક મેમણની પેઢીના દક્ષિણ આફ્રિકામાં ચાલતા મોટા મુકદમામાં મદદ કરવાની નોકરીની તક મળતાં આફ્રિકા જવા ઊપડ્યા. 1894માં આફ્રિકા નાતાલની કોર્ટમાં સૌપ્રથમ હિંદી વકીલ તરીકે પ્રવેશ મળ્યો. યુરોપિયનો તરફથી હિંદીઓને ડગલે ને પગલે થતા અપમાનનો એમણે જાતઅનુભવ કર્યો. પહેલા વર્ગની ટિકિટ હોવા છતાં કેવળ રંગભેદને કારણે આગગાડીમાંથી ઉતારી મૂકવામાં આવ્યા. સિગરામમાં પણ અન્યાયનો વિરોધ કરતાં માર પડ્યો. પરિણામે તેમણે હિંદીઓનાં દુઃખ દૂર કરવાનો નિશ્ચય કર્યો. જે કેસ માટે તેઓ આફ્રિકા ગયેલા તે કેસ પૂરો થતાં ભારત આવવા તૈયાર થયા, પણ એ જ અરસામાં હિંદીઓનો મતાધિકાર પાછો ખેંચી લેવાના કાયદાનો વિરોધ કરી નાતાલ ઇન્ડિયન કૉંગ્રેસની સ્થાપના કરી. એમની માગણીઓ સરકારે મંજૂર કરવાથી તેઓ 1915માં ભારત પાછા આવ્યા. આમ અન્યાયની સામે માત્ર સત્યના બળે તેમણે અહિંસક પ્રતિકાર કર્યો અને જગતે 'સત્યાગ્રહ' શબ્દ જાણ્યો, તેની શક્તિ જાણી અને મોહનદાસ કરમચંદ ગાંધી વિશ્વમાં પ્રસિદ્ધ થયા.

1915માં ભારત આવી તેમણે ભારતપ્રવાસ કર્યો. દેશમાં એક સામાન્ય માનવીની રીતે જ ફર્યા. લોકોની સ્થિતિ જોઈ.

બ્રિટિશ સરકારનાં શોષણ અને અન્યાય જોયાં. 25મી મેને દિવસે અમદાવાદમાં કોચરબમાં જીવણલાલ બેરિસ્ટરના મકાનમાં પચીસ સ્ત્રીપુરુષો સાથે સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી. હિંદમાંથી દક્ષિણ આફ્રિકા આદિ ઠેકાણે મજૂરો મોકલવાની ગિરમિટ પ્રથા રદ કરવા પહેલું આંદોલન અને તેમાં સરકારને નમાવી પહેલો વિજય પ્રાપ્ત કર્યો. પછી 1917માં ચંપારણ્ય(બિહાર)માં ગળીનાં કારખાનાંના મજૂરોના પ્રશ્ને તેમ જ 1918માં અમદાવાદના મિલમજૂરોના પ્રશ્ને પણ વિજય મળ્યો અને પછી તો સરકારના અન્યાય સામે તેમણે અનેક આંદોલનો કર્યાં. પ્રજાને તેમણે અન્યાયનો અહિંસક રીતે પ્રતિકાર કરતાં શિખવાડ્યું. 1919માં ઈન્દુલાલ યાજ્ઞિકના 'નવજીવન' માસિકને સાપ્તાહિકમાં રૂપાંતર કરાવી તેના તંત્રીપદેથી ગુજરાતમાં નવી ચેતનાનો સંચાર કર્યો. બાદમાં 'યંગ ઇન્ડિયા' નામનું અંગ્રેજી અર્ધસાપ્તાહિક પણ શરૂ કર્યું. 1920માં તેમણે દેશભરમાં અસહકારનો જુવાળ પ્રગટાવ્યો. શાળા-કોલેજ બંધ કરાવી. સરકારી નોકરીઓમાં રાજીનામાં અપાવીને વિદેશી કાપડ તથા ચીજવસ્તુઓની હોળી કરાવીને દેશને ધમધમતો કરી મૂક્યો. દેશની મોટા ભાગની પ્રજાની ગરીબી જોઈ પહેરણ-ટોપી પહેરવાનું છોડી એકલો ટૂંકો કચ્છ પહેરવાનો નિર્ણય કર્યો.

1930માં સાવ સામાન્ય લાગતો મીઠાનો કાયદો તોડવા તેમણે સત્યાગ્રહ કરવાનો નિર્ણય કર્યો. 12મી માર્ચે અમદાવાદના સાબરમતી આશ્રમેથી સિત્તેરેક જેટલા સાથીઓ સાથે તેમણે દાંડીયત્રા આરંભી અને 25 દિવસ બાદ 241 માઈલની મુસાફરી કરીને દાંડીના દરિયાકાંઠેથી ચપટી મીઠું ઉપાડી સરકારના જુલમી કાયદાનો ભંગ કરીને સમસ્ત દેશમાં તેમણે કાયદાભંગનો મંત્ર મૂક્યો. આ ચપટી મીઠાએ વિરાટ બ્રિટિશ સલ્તનતમાં લૂણો લગાડ્યો. ચપટી મીઠાની આ લડતને વિશ્વભરમાં પ્રસિદ્ધિ મળી.

1931માં ગોળમેજી પરિષદમાં કૉંગ્રેસના એકમેવ પ્રતિનિધિ તરીકે ઇંગ્લૅન્ડ ગયા. નિષ્ફળ ગોળમેજીનો ઝેરનો કટોરો લઈને પાછા ફર્યા. 1933માં હરિજન-ઉદ્ધાર માટે હિંદભરમાં પ્રવાસ કર્યો. ગ્રામોદ્ધાર કેવો હોય તે મૂર્તિમંત કરી આદર્શ ગામડાની રચના કરવા મધ્યપ્રદેશના વર્ધા પાસેના એક ગામડા સેગાંવ-(સેવાગ્રામ)માં પોતાનું વડું મથક સ્થાપ્યું. 1946માં મુસ્લિમ લીગના સીધાં પગલાંને દિવસે થયેલી હુમલાખોરી અને આમ કતલને પરિણામે પૂર્વ બંગાળના નોઆખલીમાં દુઃખી લોકોને સાંત્વન આપવા તથા હિંદુમુસ્લિમ ઐક્ય સ્થાપવા ગામડેગામડે નીડરતાનો ને શાંતિનો સંદેશ અપવા પગપાળા ફરી વળ્યા. દેશના ભાગલા પાડવાની જનાબ ઝીણાની યોજના તથા દ્વિરાષ્ટ્ર સિદ્ધાંત સ્વીકારવાની અસંમતિ દર્શાવી.



ચિત્રકાર : રવિશંકર રાવળ

ગુજરાતી ગદ્યને એમણે નવું ચેતન અને તાજગીભરી નવી દિશા આપી છે. 'સત્યના પ્રયોગો'એ એમની અનોખી આત્મકથા છે. આ વિરલ, નિખાલસ આત્મકથા માત્ર ગુજરાતી સાહિત્યને જ નહિ, પણ વિશ્વસાહિત્યને પણ અનોખું પ્રદાન છે.

આ ઉપરાંત 'મારો જાતઅનુભવ', 'સર્વોદય', 'યરવડા અનુભવ', 'નીતિનાશને માર્ગે', 'ગીતાબોધ', 'અનાસક્તિયોગ', 'આરોગ્યનીચાવી', 'કેળવણીનો કોયડો' વગેરે એમનાં અનેક પુસ્તકો છે. ગાંધીજીનાં લખાણો, ભાષણો, પત્રો વગેરેનો સંગ્રહ 'ગાંધીજીનો અક્ષરદેહ' ભાગ 1થી 90માં પ્રગટ થયાં છે. આટલી વિપુલ સંખ્યામાં, પોતાના વિચારોની મૌલિક કે લેખિત સ્વરૂપે અભિવ્યક્તિ કદાચ વિશ્વસાહિત્યના ઈતિહાસમાં ભાગ્યે જ હશે. ગુજરાતના લેખકોની નજર ગ્રામસૃષ્ટિ ભણી વાળવામાં તેમનો વિધાયક ફાળો રહેલો છે.



પંદરમી ઑગસ્ટ 1947

મહાત્માજીના અવિશ્રાંત શ્રમ અને અદ્વિતીય નેતાગીરીના પરિણામે દેશ (વિભાગાયેલો તે છતાં) આઝાદ બન્યો. દેશભરમાં જ્યાં અશાંતિ થઈ ત્યાં ગાંધીજીએ દોડી જઈ એ દાવાનળ શમાવવા પ્રયત્ન કર્યો. જરૂર પડી ત્યાં અનશન કર્યાં. 1948ની 30મી જાન્યુઆરીએ સાંજની પ્રાર્થનાસભામાં જતાં નથુરામ ગોડસેની ગોળીએથી તેઓ વીંધાયા અને અવસાન પામ્યા. એક મહાજ્યોતિનો વિલય થયો.

ઐતિહાસિક મુકદ્દમો

1922માં ગાંધીજી પર રાજદ્રોહના આરોપસર મુકદ્દમો ચલાવવામાં આવ્યો. મુંબઈથી જજ મિ. બ્રુમફિલ્ડ આવ્યા હતા. ગાંધીજી પરનું તહોમતનામું વંચાયું. ગાંધીજીને પૂછ્યું: 'તમે આરોપો કબૂલ કરો છો કે મુકદ્દમો ચલાવવા માંગો છો ?' ગાંધીજીએ કહ્યું : 'મારી સામેના દરેક તહોમતનો હું સ્વીકાર કરું છું.' ન્યાયાધીશે કહ્યું : 'હવે સજા ફરમાવવાની બાકી રહે છે, પણ તે પહેલાં તહોમતદારને કંઈ કહેવું હોય તો તે મારે સાંભળવું છે.'

ગાંધીજીએ ઉત્તરમાં પોતાનું નિવેદન વાંચવાની ઇચ્છા દર્શાવી. ગાંધીજીનો એ એકરાર ઈતિહાસ-પ્રસિદ્ધ વચનો બની ગયો છે : 'જે સરકારે હિંદનું અહિત જ કર્યું છે તેની સામે અપ્રીતિ થવી એને હું સદ્‌ગુણ સમજું છું.'

ગાંધીજીનો એકરાર બ્રિટિશ સલ્તનત પર આકરું તહોમનામું હતો. ન્યાયાધીશે ગાંધીજીને છ વરસની કેદની સજા ફરમાવી અને કહ્યું : 'સરકાર તમને છોડી મૂકશે તો મારા જેટલો આનંદ કોઈને નહિ થાય.' ન્યાયમૂર્તિ બ્રુમફિલ્ડ તથા ઍડવોકેટ જનરલ આર્મસ્ટ્રૉંગ - બધા જ આ 'નરસિંહ' આગળ પામર જણાતા હતા.

ધર્મ-અધ્યાત્મ

સ્વામી સહજાનંદ

(જ. 1781 * અ. 1830)



સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના સ્વામી સહજાનંદે કરી હતી. તેમણે માત્ર સાધુસંતોને દીક્ષા આપીને કે તેમને ઉપદેશ આપીને સંતોષ ન માન્યો, પરંતુ આમજનતાને પણ તેમણે અજ્ઞાન, અંધશ્રદ્ધા અને વહેમોની પકડમાંથી મુક્ત કરી હતી.

સ્વામી સહજાનંદનો જન્મ અયોધ્યા પાસે છપૈયામાં સંવત 1837ના ચૈત્ર સુદ નોમને દિવસે (રામનવમીએ) થયો હતો. તેમનું બાળપણનું નામ ઘનશ્યામ હતું. પાછળથી તેમને નીલકંઠ બ્રહ્મચારી કહેતા. અગિયાર વર્ષની વયે તેમણે ઘર છોડ્યું. સંવત 1858માં રામાનંદસ્વામીએ તેમને જૂનાગઢ જિલ્લાના લોજપુર ગામના આશ્રમમાં દીક્ષા આપી ત્યારથી તેઓ સહજાનંદ નામે ઓળખાવા લાગ્યા. રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને ધર્મની ધુરા સોંપી. તે વખતે તેમની ઉંમર 21 વર્ષની હતી. તેમણે પોતાના ભક્તોને નવો મંત્ર આપ્યો : 'સ્વામિનાારાયણ સ્વામિનારાયણ જપો'. તેમનો સંપ્રદાય ઓધવ સંપ્રદાય કહેવાય છે.

રામાનંદજી વૃદ્ધ થયા હોઈ એક વર્ષ બાદ પોતાના સંપ્રદાયની સઘળી જવાબદારી તેમણે સહજાનંદને સોંપી. સહજાનંદ ઉંમરમાં અન્ય શિષ્યો કરતાં નાના હોવા છતાં તેમની વિદ્વત્તા અને પ્રતિભાથી પ્રસન્ન થઈ તેમણે જેતપુરની ગાદી સોંપી. સહજાનંદ સ્વામીએ પછી સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ઠેરઠેર ફરી ફરીને પછાત ગણાતી કોમોમાં આચારવિચારથી નવું ચેતન આણ્યું. અંધશ્રદ્ધા અને વહેમનું નિરાકરણ કરી સમાજના ઉત્થાનનું કપરું કાર્ય કર્યું. તેમણે સંસ્કૃત અને ગુજરાતી ભાષામાં બે સુંદર ગ્રંથો રચ્યા : 1. 'શિક્ષાપત્રી' અને 2. 'વચનામૃત'. સહજાનંદ સ્વામીએ લખેલી 'શિક્ષાપત્રી'માં તેમનો સમગ્ર ઉપદેશ સમાઈ જાય છે.

આર્યસમાજ

પોતાના વિચારોના પ્રચાર માટે દયાનંદે ઈ. સ. 1875માં મુંબઈમાં આર્યસમાજની સ્થાપના કરી. પંજાબ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને ત્યારના મુંબઈ ઇલાકામાં તેમણે આર્યસમાજની 100 જેટલી શાખાઓ તથા કેટલેક સ્થળે સંસ્કૃત પાઠશાળાઓ પણ સ્થાપી. દયાનંદ ક્રિયાકાંડોના વિરોધી હતા. તેમણે મૂર્તિપૂજા, અવતારવાદ, મૃત્યુ પછીનાં ક્રિયાકાંડ, બહુદેવવાદ અને બાળલગ્નનો વિરોધ કર્યો. વ્યક્તિની ફરજ તરીકે તેમણે સમાજસેવાને મહત્ત્વ આપ્યું. સ્ત્રીઓ અને શૂદ્રો પણ ધર્મશાસ્ત્રો વાંચી શકે એમ જણાવ્યું. ભારતના ભવ્ય ભૂતકાલીન વારસાની લોકોને પ્રતીતિ કરાવી. દયાનંદે સ્ત્રીઓને સમાન દરજ્જો આપવાની તથા રાષ્ટ્રીય શિક્ષણની હિમાયત કરી. આર્યસમાજ તરફથી ધરતીકંપ, દુષ્કાળ કે રોગચાળા જેવી કુદરતી આપત્તિ વખતે માનવ-સેવાનાં કાર્યો કર્યાં.

દયાનંદ સરસ્વતી

(જ. 1824 * અ. 1883)



સ્વામી દયાનંદનું નામ મૂળશંકર. જન્મ ગુજરાતમાં ટંકારામાં. શંકરભક્ત હતા. 14 વર્ષે તો તેમને આખો 'યજુર્વેદ' કંઠસ્થ હતો.

શિવરાત્રિનો ઉપવાસ કરીને ગામની બહાર આવેલા શિવમંદિરમાં દર્શન કરવા ગયેલા મૂળશંકરે જ્યારે જોયું કે ભક્તો જે શિવલિંગની પૂજા કરતા હતા તેના પર તો ઉંદરો ફરતા હતા. એ દૃશ્ય જોઈને મૂળશંકરને થયું કે શિવ, જે સમગ્ર વિશ્વના સ્વામી છે, પાલક અને સંહારક છે એ એટલા બધા અસમર્થ છે કે ઉંદરોથી પોતાનું રક્ષણ ન કરી શકે ? મૂળશંકરે ઉપવાસ તોડી નાખીને સત્યની શોધ કરવાનો સંકલ્પ કર્યો.

ઈ. સ. 1846માં તેમણે ગૃહત્યાગ કરી. નર્મદાનદીના કિનારે ભ્રમણ કરતાં, ચાંદોદ પાંસે વિદ્વાન સાધુ પૂર્ણાનંદ સરસ્વતીથી પ્રભાવિત થઈ, તેમની પાસે સંન્યસ્ત ગ્રહણ કરી, 'દયાનંદ સરસ્વતી' નામ રાખ્યું. તેમણે હરદ્વાર, હૃષીકેશ, બદરીનારાયણ, કેદારનાથ, રુદ્રપ્રયાગ, જોશીમઠ વગેરે સ્થળે પ્રવાસ કર્યો. 1860માં તેઓ મથુરામાં 80 વર્ષના પ્રજ્ઞાચક્ષુ પ્રકાંડ પંડિત સ્વામી વિરજાનંદને મળ્યા. તેમની પાસે રહીને શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. શિષ્યને વિદાય આપતી વખતે ગુરુએ આર્યાવર્તમાં વેદધર્મની પુનપ્રતિષ્ઠા કરવાનું વચન માગ્યું. દયાનંદે ગુરુનો આદેશ શિરોમાન્ય ગણ્યો.

ઈ. સ. 1856થી તેમના સેવામય જીવનની શરૂઆત થઈ. સ્વામીજીનું જનજાગૃતિનું આ કાર્ય ખૂબ કપરું હતું. અજ્ઞાન અને અંધશ્રદ્ધાના સામે પૂરે તરવાનું આ અતિવિકટ કાર્ય હતું. તેમને એમ લાગ્યું કે પોતાનું જીવનકર્તવ્ય પાર પાડવા કોઈ વાહક સંસ્થાની જરૂર છે. ઈ. સ. 1875ના એપ્રિલની 10મી તારીખે એમણે મુંબઈમાં આર્યસમાજની સ્થાપના કરી.

શ્રીમદ્ રાજચંદ્ર

(જ. 12-11-1867 * અ. 9-4-1901)



શ્રીમદ્ રાજચંદ્રનું મૂળ નામ રાયચંદભાઈ. પિતાનું નામ રવજીભાઈ અને માતાનું દેવબાઈ હતું.

નાનપણથી જ એમની યાદશક્તિ અદ્ભુત હતી. શિક્ષક જે કંઈ ભણાવે તે તેમને તરત જ યાદ રહી જતું હતું. કૃષ્ણભક્તિ કરતા તેમના પિતાના મુખેથી તેમણે સાંભળેલાં કૃષ્ણકીર્તનનાં પદો તેમને અક્ષરશઃ યાદ હતાં, પરંતુ પછીથી તેઓ જૈનધર્મ તરફ વળ્યા. 8મા વર્ષે પ્રથમ કવિતા લખનાર રાયચંદ 13 વર્ષના થયા ત્યારે તેમના લેખો 'બુદ્ધિપ્રકાશ' માસિકમાં છપાતા હતા. તેરમા વર્ષે તેઓ જૈન-ધર્મના રંગે પૂરેપૂરા રંગાઈ ગયા હતા.

આઠ-નવ વર્ષની વયે તેમણે 'રામાયણ' અને 'મહાભારત'ની પદ્યમાં 5000 કડીઓ રચી હતી. દસમા વર્ષે તેઓ છટાદાર પ્રવચન કરી શકતા હતા. તેર વર્ષની વયે રાયચંદભાઈ અંગ્રેજીનો અભ્યાસ કરવા રાજકોટ ગયા. બાદમાં પિતાની દુકાને બેસવા લાગ્યા.

મોરબીમાં જૈનોના ઉપાશ્રયમાં શાસ્ત્રી શંકરલાલ માહેશ્વર ભટ્ટના અષ્ટાવધાન(આઠ જુદીજુદી બાબતો એકસાથે ધ્યાનમાં રાખીને પુનઃ તે ભૂલ કર્યા વિના કરી બતાવવી)ના પ્રયોગો જોઈને તેમણે તે તરત શીખી લીધા હતા અને બીજા જ દિવસે તેનો પ્રયોગ જાહેરમાં કરી બતાવ્યો હતો. ક્રમશઃ અવધાનની સંખ્યા વધારતા જઈને 1943માં તેમણે મુંબઈમાં શતાવધાન(100 અવધાન)ના પ્રયોગો કરી બતાવ્યા હતા. આ પ્રસિદ્ધિ પોતાની આત્મોન્નતિની યાત્રામાં અવરોધરૂપ બનશે તેવું લાગતાં વીસ વર્ષે આ અવધાનપ્રયોગ ત્યજી દીધા.

ગુજરાતમાં વવાણિયા, અગાસ, નાર, કવિઠા, વડવા, ઉત્તરસંડા, અમદાવાદ, ઇન્દોર, બૅંગલોર, દેવલાલી વગેરે સ્થળોએ શ્રીમદ્ રાજચંદ્રના આશ્રમો છે.

શ્રી મોટા

(જ. 4-9-1898 * અ. 22-7-1976)



પૂજ્ય શ્રી મોટાનું મૂળ નામ તો ચુનીલાલ. ભાવસાર જ્ઞાતિમાં જન્મેલા ચુનીલાલના પિતાનું નામ આશારામ અને માતાનું નામ સૂરજબા. જન્મ સાવલી (જિ. વડોદરા) મુકામે થયો હતો. પિતા રંગરેજનું કામ કરતા ને 'ભગત' તરીકે ઓળખાતા હતા.

પિતાની સાથે તેઓ સાવલી છોડીને પંચમહાલ જિલ્લાના કાલોલ ગામમાં આવીને વસ્યા હતા અને ત્યાં અભ્યાસ કરવા માટે પોતાની જ શાળામાં મહિને દોઢ રૂપિયાના પગારથી પટાવાળાનું કામ કરતાં પણ તેઓ ખચકાયા નહોતા. આ હોશિયાર વિદ્યાર્થી દર વર્ષે પરીક્ષામાં પહેલા નંબરે પાસ થઈને ઇનામ-શિષ્યવૃત્તિ પણ મેળવતા. વધુ અભ્યાસ માટે તેઓ પેટલાદ ગયા હતા અને અમદાવાદમાં આગળ ભણીને મેટ્રિક થયેલા. એ પછી વડોદરાની કૉલેજમાં ભણતાંભણતાં જ્યારે બી.એ.ના છેલ્લા વર્ષમાં હતા ત્યારે ગાંધીજીએ યુવાનોને કરેલી હાકલને અનુસરીને, અભ્યાસ અધૂરો મૂકીને દેશસેવાના અને રચનાત્મક કાર્યક્રમમાં લાગી ગયા. હરિજનોની સેવા કરી. એવામાં માનસિક ઉપાધિઓના કારણે તેમને હિસ્ટિરિયાનો રોગ લાગુ પડતાં ચુનીલાલે જીવનનો અંત લાવવા નર્મદાનદીમાં ઝંપલાવ્યું, પરંતુ નર્મદાનાં નીરે તેમને ઉછાળીને ફરીથી કાંઠા પર મૂકી દીધા.

તેમને થયું કે તેમનો જન્મ કંઈક સારું કામ કરવા માટે થયો છે. પછી તો તેમણે સમાજકલ્યાણની પ્રવૃત્તિઓ ઉપાડી. પ્રજાનાં સ્વાસ્થ્ય અને ચારિત્ર્યઘડતર માટે તેમ જ જ્ઞાનના પ્રચાર માટે પૂજ્ય મોટાએ લાખો રૂપિયા ઉઘરાવી શાળાના ઓરડાઓ બંધાવ્યા. તરણસ્પર્ધાઓ યોજવા, જ્ઞાનગંગોત્રી જેવા ગ્રંથો છાપવા માટે પૂ. મોટાએ છૂટા હાથે દાન કર્યું. મૌનમંદિરો અને આશ્રમો સ્થાપવા ઉપરાંત આધ્યાત્મિક વિકાસ પણ ચીંધ્યો.

દાદા પાંડુરંગ આઠવલે

(જ. 19-10-1920 * અ. 25-11-2003)



વેદશાસ્ત્રસંપન્ન દાર્શનિક અને ચિંતક પાંડુરંગનો જન્મ રોહા(મહારાષ્ટ્ર)માં થયો હતો. તેમણે ભારતીય તથા પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અને સમાજશાસ્ત્રનો તુલનાત્મક તથા તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. જન્મે મહારાષ્ટ્રના હોવા છતાં ગુજરાતભરમાં પણ તેમની પ્રવૃત્તિઓ વિસ્તરી હતી.

1956માં તેમણે મુંબઈમાં 'તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ'ની સ્થાપના કરી. આમ છતાં પોતે કોઈ પણ સંસ્થાના પદ કે હોદ્દામાં પોતાના વ્યક્તિત્વને બાંધ્યું નહોતું. તેમની પ્રવૃત્તિઓ અનેક સંસ્થાઓ દ્વારા વિસ્તરી છે. 1982માં પશ્ચિમ જર્મનીમાં સેન્ટ નિકોલસની પંચશતાબ્દી પ્રસંગે તેઓએ અતિથિવિશેષ તરીકે હાજરી આપી હતી.

એમની પ્રેરણાથી દેશવિદેશમાં હજારોની સભ્યસંખ્યા ધરાવતાં સાપ્તાહિક સ્વાધ્યાયકેન્દ્રો, બાળ-સંસ્કારકેન્દ્રો, મહિલા-સ્વાધ્યાયકેન્દ્રો, યુવાકેન્દ્રો જેવા સંગઠિત એકમો દ્વારા ભારતીય સંસ્કૃતિના સંવર્ધન માટે પ્રયાસો થઈ રહ્યા છે. સદ્વિચારદર્શન ટ્રસ્ટ દ્વારા વિવિધ ભાષાઓમાં તેમનાં ત્રીસથી વધુ પુસ્તકો પ્રકાશિત થયેલાં છે. તેમને મેગ્સેસે એવૉર્ડ (1996) અને ટેમ્પલ્ટન એવૉર્ડ (1997) મળ્યો હતો.

દાદાની પ્રવૃત્તિઓ ધાર્મિક કરતાં વધુ આધ્યાત્મિક-સમાજલક્ષી છે. સાવ નીચલા થરના, સંસ્કાર અને સગવડથી વંચિત લોકો તેમ જ સુખી વર્ગ સુધી દાદાની પ્રવૃત્તિઓનો પ્રભાવ પહોંચ્યો છે. દેશ-પરદેશમાં પણ તેમણે અનેક લોકોને પ્રેરણા આપી છે, તો સાથેસાથે ભારતનાં ગામડાંઓમાં પણ તેમણે જાગૃતિ આણી છે. નિરક્ષર અને અબુધ ગ્રામજનો સુધી વિસ્તરેલી તેમની સંસ્કારપ્રવૃત્તિઓનું પ્રતિબિંબ પાડતી એક ફિલ્મ 'આંતરનાદ' બનાવવામાં આવી છે.

શ્રી રંગ અવધૂત

(જ. 21-11-1898 * અ. 19-11-1968)



નારેશ્વરધામના શ્રી રંગ અવધૂત તરીકે જ જાણીતા થયેલા પાંડુરંગનો જન્મ ગુજરાતના પંચમહાલ જિલ્લાના ગોધરામાં. પિતાનું નામ વિઠ્ઠલ અને માતાનું રુક્મિણી.

માત્ર દોઢ વર્ષની વયે પિતા સાથે ગંભીર વિષયોની વાતો કરનાર પાંડુરંગને બાળપણથી જ રામનામનો ગુરુમંત્ર પિતા પાસેથી મળી ગયો હતો. પાંડુરંગે ગોધરામાં પ્લેગ ફાટી નીકળવાથી પિતાની છત્રછાયા ગુમાવી. આઠ વર્ષના પાંડુરંગને જનોઈ આપવા માટે માતા મહારાષ્ટ્રમાં લઈને ગયાં. કોલ્હાપુર નજીક આવેલા દત્તાત્રેયના અવતાર શ્રી નૃસિંહ સરસ્વતીના લીલાસ્થાન નરસોબાની વાડીમાં વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીને પાંડુરંગે મનોમન ગુરુ માન્યા.

બાળપણથી જ ઉત્તમ યાદશક્તિ ધરાવતા અને વાચનપ્રેમી પાંડુરંગ વડોદરા કૉલેજમાં ભણતા હતા ત્યારે ગાંધીજીનો તેમના પર પ્રભાવ પડવાથી, રાષ્ટ્રભક્તિથી પ્રેરાઈને તેમણે કૉલેજનો અભ્યાસ અધૂરો છોડ્યો હતો. અમદાવાદની રાષ્ટ્રીય વિનય-મંદિરની શાળામાં પણ તેમણે કામ કર્યું હતું.

'દત્તપુરાણ'નાં પારાયણ કરવા માટે તેમણે નર્મદાનદીના કિનારે આવેલું નારેશ્વર ગામ પસંદ કર્યું. પારાયણ પછી તેમણે મા નર્મદાની 108 દિનમાં પગે ચાલીને પરિક્રમા કરી હતી. એ પછી જ તેઓ નારેશ્વરના સંત શ્રી રંગ અવધૂતજી તરીકે ઓળખાવા લાગ્યા. માતાના અવસાન પછી દોઢેક વર્ષે હરિદ્વારમાં શ્રી રંગ અવધૂતે દેહલીલા સંકેલી લીધી. તેમના અગ્નિ-સંસ્કાર નારેશ્વરમાં જ કરવામાં આવ્યા હતા.તેમણે 'ગુરુલીલામૃત', 'અવધૂતી આનંદ', 'રંગ હૃદયમ્', 'વાસુદેવ સપ્તશતી', 'રંગતરંગ', 'અમર આદેશ', 'પ્રશ્નોત્તરગીતા', 'દત્તયોગ પદ્ધતિ' વગેરે વીસેક પુસ્તકો લખ્યાં છે.

ભક્ત જલારામ

(જ. 1799 * અ. 1881)



બાળક જલારામનું ચિત્ત બચપણથી જ ભક્તિભાવ તરફ ઢળેલું હતું. શરૂઆતમાં જલારામ પિતાની દુકાને બેઠા પણ થોડા જ વખતમાં એમનું ચિત્ત ઊઠી ગયું. એકાએક એમના મનમાં જાત્રાએ જવાનો સંકલ્પ થયો. જાત્રા કરીને પાછા ફર્યા બાદ તેઓએ ભોજા ભગતનને ગુરુ બનાવ્યા. ગુરુએ કંઠી બાંધી મંત્ર આપ્યો. પછી સંતોની સેવામાં તેમણે જીવન સમર્પિત કર્યું.

એક સુખદ પળે તેમને સદાવ્રત ખોલવાનો વિચાર આવ્યો. ગુરુની આજ્ઞા લઈ સદાવ્રત ખોલ્યું માત્ર વીસ વર્ષની ઉંમરે ! અનેક કસોટી વચ્ચે તેમણે સદાવ્રત ચલાવ્યું. તેનાથી ગરીબોની આંતરડી ઠરતી. તેમની સદ્વૃત્તિથી એવું બનવા માંડ્યું કે તેમના મુખેથી જે નીકળે તે વાણી સિદ્ધ થવા માંડી. એમની સર્વ પ્રવૃત્તિઓમાં તેમનાં પત્ની વીરબાઈનો ઘણો મોટો હિસ્સો હતો.

દાદા ભગવાન

(જ. 7-11-1907
અ. 2-1-1988)



'દાદા ભગવાન'નું વતન ખેડા જિલ્લામાં આવેલું ભાદરણ. તેમનું મૂળ નામ અંબાલાલ.

શાળામાં નાનામાં નાની રકમ અને સર્વમાં અવિભાજ્યરૂપે રહેલી રકમ શોધવાના લઘુતમ સાધારણ અવયવના દાખલાના જવાબમાં તેમને અચાનક જીવનના ગહન રહસ્યની જાણે એક ચાવી મળી ગઈ.

સ્વામિનારાયણ, વૈષ્ણવ અને જૈન-ધર્મનાં તથા કબીર, અખો અને શ્રીમદ્ રાજચંદ્રનાં પુસ્તકોનું તેમણે અધ્યયન કરેલું, પરંતુ તેથી તૃપ્તિ ન થઈ. શ્રીમદ્‌ના ગ્રંથો વાંચ્યા પછી બાવીસમે વર્ષે તેમની આત્માની ખોજ શરૂ થઈ. ત્યાર બાદ ગામેગામ, દેશવિદેશ પરિભ્રમણ કરીને તેમણે મુમુક્ષુઓને સત્સંગ અને જ્ઞાનની પ્રાપ્તિ કરાવ્યાં.

અમદાવાદમાં ચાલતા તેમના સત્સંગ-કેન્દ્રે અત્યાર સુધી તેમનાં ચાળીસેક પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે. 'દાદા વાણી' તથા 'અક્રમ વિજ્ઞાન' નામનાં બે સામયિકો પણ પ્રકાશિત કરવામાં આવે છે. અમદાવાદ પાસે કામરેજ ગામે એક ત્રિમુર્તિ મંદિર પણ બંધાયું છે.

પ્રમુખસ્વામી

(જ. 7-12-1921)



દેશવિદેશના અસંખ્ય લોકો જેમના દિવ્યત્વનું સ્મરણ કરે છે તે સંતવિભૂતિ પ્રમુખ સ્વામીનો જન્મ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના ચાણસદ ગામમાં થયો હતો. એમનું મૂળ નામ શાંતિલાલ. પિતા મોતીભાઈ અને માતા દિવાળીબા.

ગામના પાદરે આવેલા હનુમાનમઢીના મંદિરે બિરાજતા સાધુ હરિદાસે આ બાળકના હીરને પારખી લીધું હતું. હનુમાનમઢીએ 'રામાયણ', 'મહાભારત', 'ભાગવત', સંતચરિત્ર અને હિમાલયની વાતો થતી. બાળભક્ત શાંતિલાલનું મન બદરીકેદારની ગિરિકંદરાઓનાં સંન્યાસ-ક્ષેત્રોમાં અલખની આરાધના કરવા માટે પહોંચી જતું.

આખરે એક દિવસ એવો આવ્યો. સત્તર વર્ષની ઉંમરે ગામને પાદર ક્રિકેટનાં સાધનોની ખરીદી માટે નીકળતા શાંતિલાલને ગુરુ શાસ્ત્રીજી મહારાજની ચિઠ્ઠી મળી : સાધુ થવા આવી જાઓ ! કશી જ ચહલપહલ નહીં ! વિદાય આપનારા સ્વજનોની ભીડ નહીં ! કશી ધમાલ નહીં ! માતા-પિતાએ પણ હસતે મોંએ પોતાના લાડકવાયાને શાસ્ત્રીજી મહારાજના ચરણે ધરી દીધો !

1939માં અમદાવાદમાં શાસ્ત્રીજી મહારાજે કિશોરવયના શાંતિલાલને દીક્ષા આપી. 1940માં ગોંડલમાં ભાગવતી દીક્ષા આપી અને તેમાંથી સૌને મળ્યા નારાયણસ્વરૂપદાસ-સ્વામી. આજે સૌ તેમને પ્રમુખસ્વામીબાપા તરીકે ઓળખે છે. માત્ર દશ જ વર્ષમાં શાસ્ત્રીજી મહારાજના હૈયાનું રત્ન બની ગયા.

સ્વામીજીએ અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થાનું એક વિશ્વવ્યાપી સંસ્થામાં પરિવર્તન કર્યું. પચાસથી પણ વધુ દેશોમાં 425થી પણ વધુ મંદિરો બાંધીને તેમણે ભારતીય સંસ્કૃતિનો ધ્વજ ફરકાવ્યો છે.

સ્વામી સચ્ચિદાનંદજી

(જ. 22-4-1932)



એકવીસ વર્ષની વયે, વૈરાગ્યની તીવ્ર ધૂનમાં, માત્ર સવા રૂપિયો લઈને કિશોર ન્હાનાલાલે ગૃહત્યાગ કર્યો. પિતા મોતીલાલ ત્રિવેદી. વતન મહેસાણા પાસેનું મુજપુર.

સુરત સ્ટેશન પાસેની ધર્મશાળામાં ભિક્ષુકોની વચ્ચે રાત્રિ પસાર કરતાં થયેલો સાધુજીવનનો પ્રથમ અનુભવ જીવનની કીમતી મૂડી બની ગયો. રેલવેને પાટે પાટે કુંભમેળામાં જઈ, ગુરુ પ્રાપ્ત કરી, જીવનના એકમાત્ર લક્ષ્ય - મોક્ષ માટે જીવન સમર્પિત કરી દેવાનો એમનો સંકલ્પ હતો, પરંતુ એ પછી પગે ચાલીને પોણા ભાગના ભારતનું ભ્રમણ કરતાં કરતાં એમને સાધુસંસ્થાઓની અને તીર્થસ્થાનોની માયાજાળના તેમ જ દારિદ્રની વેદનાના જે અનુભવો થયા એમણે એમની આંખ પરનાં પડળ ખોલી નાખ્યાં. 24મે વર્ષે મળેલા સદ્‌ગુરુ મુક્તાનંદજી પાસે પંજાબમાં દીક્ષિત થયા તે પહેલાં વૃંદાવન અને કાશીમાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. 1966માં તો 'વેદાન્તાચાર્ય'ની પદવી મેળવી. બનારસ યુનિવર્સિટીમાં પ્રથમ આવી સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યો, ત્યાર બાદ ગુજરાત આવી પેટલાદ (દંતાલી)માં આશ્રમ સ્થાપી ગુજરાતમાં જ પ્રજાશિક્ષણનું રચનાત્મક કાર્ય આરંભ્યું.

પોતે કોઈ સંપ્રદાયની કંઠી બાંધી ન હોવાથી એમનું વિચારજગત ખુલ્લું રહ્યું છે. એમણે લખ્યું છે : 'મારા ત્રણ ગુરુઓ છે : વાચન, ભ્રમણ અને નિરીક્ષણ.' કોઈ પણ સંપ્રદાયનાં, કોઈ પણ ધર્મનાં અને જગતના કોઈ પણ જ્ઞાનવિષયનાં પુસ્તકો અને સામયિકો તેઓ વાંચે છે. ભારતમાં અને બારેક વાર વિદેશોમાં ખુલ્લી આંખે અને ખુલ્લા મને એમણે ભ્રમણ કર્યું છે. પ્રવાસ દરમ્યાન એમણે વિદેશોની વિવિધ પ્રજાનો, ત્યાંની ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિના પરિપ્રેક્ષ્યમાં અભ્યાસ કર્યો છે.

મોરારી બાપુ

(જ. 25-9-1946)



ભાવનગર જિલ્લાના તલગાજરડામાં મોરારિબાપુનો જન્મ. પિતા પ્રભુદાસ અને માતા સાવિત્રીબહેન. નિમ્બકાચાર્યની વૈષ્ણવ પરંપરાના અનુયાયી. વિદ્યાર્થી-અવસ્થામાં શિક્ષણાર્થે મહુવા જતાં-આવતાં રસ્તે તુલસી રામાયણની ચોપાઈઓ કંઠસ્થ કરેલી.

1966માં મહુવાની સ્કૂલમાં શિક્ષક થયા. દરમ્યાન સંતો-વિદ્વાનો સાથેનો વ્યાસંગ ચાલતો જ હતો. મોરારિબાપુ ધર્મ અને દર્શનની સાથે સાથે સાહિત્ય અને સમાજ માટે પણ વિધેયાત્મક પ્રદાન કરતા રહ્યા છે. તેમણે કૈલાસ-માનસરોવર જઈને ત્યાં પણ કથા-પારાયણ કરેલું. તેમણે 500થી પણ વધુ કથા-પારાયણો કર્યાં છે. તીવ્ર સ્મરણશક્તિ અને સુંદર વાક્છટાનું વરદાન તેમને મળેલું છે. આ ઉપરાંત તેમણે સ્ટીમરમાં તેમ જ વિમાનમાં પણ શ્રોતાઓ સમક્ષ રામકથા કરી છે. ભારત ઉપરાંત અનેક દેશોમાં તેમનાં કથા-પ્રવચનો અવારનવાર યોજાતાં રહે છે.

મોરારિબાપુ મધ્યકાલીન તેમ જ સાંપ્રત ગુજરાતી સાહિત્યના અભ્યાસી અને મર્મજ્ઞ છે. પોતાનાં પ્રવચનોમાં તેઓ અવારનવાર સાહિત્યની સુંદર કાવ્યપંક્તિઓ ટાંકીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરે છે. સાત્ત્વિક અને ભાવનાશીલ સાહિત્યના સંનિષ્ઠ ઉપાસકોનું યોગ્ય સન્માન થાય એ માટે અલગ ટ્રસ્ટ સ્થાપી તે દ્વારા દર વર્ષે 1,51,000 રૂપિયાના નરસિંહ મહેતા પુરસ્કારનું આયોજન કર્યું છે. હનુમાન જયંતીની ઉજવણી નિમિત્તે સાહિત્યકારોના સહયોગથી 'અસ્મિતાપર્વ'નું આયોજન પણ કરેલું છે. તેમાં દર વર્ષે મહુવામાં અનેક સાહિત્યકારોને નિમંત્રીને સાહિત્યિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. ત્રણેક દિવસના આ કાર્યક્રમમાં મોરારિબાપુ વ્યાસપીઠ પર નહીં પણ શ્રોતાગણમાં બિરાજે છે.

realpatidar.com

નરસિંહ મહેતા

(જ. આશરે સંવત 1414 * અ. આશરે સંવત 1480)

આજે પાંચસો-પાંચસો વર્ષથી જેની કવિતા ગુજરાતના ઘેરઘેર ગવાય છે, ગામડાંના અભણ ગાડાખેડુઓ જેનાં પ્રભાતિયાંનું રટણ કરે છે અને જેનાં સરળ છતાં અત્યંત ગહન તત્ત્વભર્યાં કાવ્યોનો રસાસ્વાદ કરવામાં અને કરાવવામાં મોટામોટા વિદ્વાનો પણ સદીઓથી આનંદ અનુભવે છે એ નરસિંહ મહેતા ગુજરાતી ભાષાના આદિકવિ ગણાય છે.

અલબત્ત, નરસિંહ પહેલાં પણ ગુજરાતી ભાષામાં કાવ્યસર્જન થયું હતું, પરંતુ ઉમાશંકર જોશી નોંધે છે તેમ : નરસિંહ ગુજરાતી ભાષાના આદિકવિ ઇતિહાસ-દૃષ્ટિએ નથી, પણ નરસિંહમાં ગુજરાતી ભાષાને એનો પ્રથમ અવાજ સાંપડે છે. કોઈ ભાષા - જેને લીધે સાહિત્યની ભાષા બને - સાહિત્ય ધરાવતી ભાષાનું ગૌરવ પામે એવો વીર્યવંત સર્જકનો એ આવજ છે. એ અર્થમાં નરસિંહ ગુજરાતીના આદિકવિ જરૂર છે.

નરસિંહ સૌરાષ્ટ્રમાં તળાજામાં વડનગરા નાગર જ્ઞાતિમાં જન્મ્યા હતા. પિતા કૃષ્ણદાસ અને માતા દયાકુંવરની ઓથ તો બચપણમાં જ ગુમાવી હતી. મોટા ભાઈનું નામ બંસીધર કે જીવણરામ હતું. માબાપ જતાં તે જૂનાગઢમાં ભાઈભાભી સાથે રહેવા ગયા. બાળપણથી જ નરસિંહનું ચિત્ત ન હતું ભણતરમાં કે ઉદ્યમમાં, પરંતુ તે સાધુસંતોના સંગમાં અને ભજનકીર્તનમાં જ રચ્યાપચ્યા રહેતા.

નરસિંહનું લગ્ન તેમની 16 વર્ષની વયે માણેક નામની કન્યા સાથે થયેલું અને તેમને શામળશા નામનો પુત્ર અને કુંવરબાઈ નામે પુત્રી એમ બે સંતાનો થયેલાં. આમ સંસાર માંડવા છતાં નરસિંહની ભગવદ્ભક્તિ, રખડુપણું અને નિષ્ક્રિયતા જેમનાં તેમ જ રહ્યાં. ચારચાર જણનો સંસાર અને કમાણી કાંઈ કરતાં કાંઈ નહિ ! નરસિંહને એક દિવસ ભાભીએ 'મૂરખ' કહી મહેણું માર્યું. આકરાં વેણ કીધાં. નિર્ધન કવિ, જેના ધનમાં તેનું સ્વમાન જ હોય, એવાં મહેણાં શી રીતે સહન કરી શકે ? નરસિંહે ઘર છોડ્યું. રખડતા રખડતા એ ગામ બહાર ગયા. વનની વાટ પકડી. ત્યાં જગલમાં તૂટ્યુંફૂટ્યું એક શિવાલય અને અંદર અપૂજ એવું એક શિવલિંગ. ગોપનાથના એ મંદિરમાં સાતસાત દિવસ સુધી ખાધા-પીધા વિના એમણે શિવજીની ભક્તિ કરી.

આખરે મહાદેવ પ્રસન્ન થયા અને વર માગવા કહ્યું. નરસિંહે માંગ્યું : 'મેં માગ્યું : (જ્યે) સ્વામી, તમનિં વહાલું, તે ક્રિપા કરીનિં દિજી મુને'. 'હે ભગવાન, તમને જે વહાલું હોય તે મને આપો.' મહાદેવે એમને શ્રીકૃષ્ણની રાસલીલાનાં દર્શન કરાવ્યાં. આ લોકવાણી કે દંતકથામાં સત્ય હોય કે ન હોય - નરસિંહને તેમના ચર્મચક્ષુથી રાસલીલા દેખાઈ કે નહીં... પણ તેમના અંતરની આંખથી તો વિશ્વાંતરમાં ગુંજી રહેલી પરબ્રહ્મની રાસલીલા તેમને દેખાઈ જ અને એટલે તો એમને કવિતા સ્ફુરી... 'નીરખ ને ગગનમાં કોણ ઘૂમી રહ્યો તે જ હું તે શબ્દ બોલે.' ભાભીનું એ મહેણું નરસિંહને - હરિને આત્મસાત્ કરવામાં નિમિત્ત બન્યું તેથી ઘેર પાછા ફરેલા નરસિંહે ભાભીના તો લાખલાખ ઉપકાર માન્યા.

ગોપનાથના એ સાત દિવસના નિવાસમાં નરસિંહને ભક્તિનો ગાઢો રંગ લાગી ગયો. હવે એ સામાન્ય નાગર નથી રહ્યો. જૂનાગઢમાં જ નાનુંમોટું વૈદું કરીને ખપજોગું કમાઈ લે છે. સવારના પહોરમાં ઊઠીને ગિરિતળેટીમાં આવેલ દામોદરકુંડમાં નાહવા જાય છે. જતી વખતે જે પદો ગાયાં તે રામગ્રી અને ઘરે પાછા આવતાં ગાયેલાં પદો તે પ્રભાતિયાં. સાંજે - રાત્રે સંતોભક્તો સાથે સત્સંગ અને પ્રભુભજન કરે છે. એક દિવસ હરિજનવાસમાં સંતોના નિમંત્રણથી તે કીર્તન કરવા જાય છે અને નાગરી નાત એમને નાત બહાર મૂકે છે.



ચિત્રકાર : રવિશંકર રાવલ

નરસિંહની ખાસ ફાવટ મનોહર અને ભાવવાહી ઝૂલણાછંદમાં છે. વર્ષોથી તે પ્રભાતના સમયમાં ગવાતાં હોઈ તે પ્રભાતિયાં કહેવાય છે. નરસિંહનાં આ પ્રભાતિયાં કોઈ પણ કાળનાં આપણાં ઉત્તમ કાવ્યોની હરોળમાં હકપૂર્વક બેસી શકે છે. એ પદોથી વેદાંતી કવિ નરસૈયાના સાચા વ્યક્તિત્વનાં દર્શન થાય છે. નરસિંહ જેવા શબ્દસિદ્ધિના તેવા જ લયસિદ્ધિના કવિ છે. નરસિંહનાં પદોની ખૂબી એ છે કે તેમની કૃતિઓ શાસ્ત્રીય રાગોમાં ગાઈ શકાય તેમ છે.

મહાત્મા ગાંધીજીને પ્રિય 'વૈષ્ણવજન તો તેને કહીએ', 'સુખદુ:ખ મનમાં ન આણીએ' અને 'જે ગમે જગતગુરુ દેવ જગદીશને' જેવી બોધવાણી સંભળાવતાં નરસિંહનાં પદો લોકપ્રિય છે. આથીય વિશેષ આકર્ષક છે એમનાં જ્ઞાનનાં પદો. 'જાગીને જોઉં તો જગત દીસે નહીં, ઊંઘમાં અટપટા ભોગ ભાસે' 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપ અનંત ભાસે', જેવાં પદોમાં ઉપનિષદોની કોટિની કાવ્યમય જ્ઞાનવાણી તે લલકારતા દેખાય છે. આ પદોમાં કાવ્યત્વના ઉદ્રેક સાથે સ્વાનુભૂતિનો પ્રબળ રણકાર સંભળાય છે. નરસિંહની કવિતા લખવા ખાતર, પોતે કવિ હોવાના ભાન સાથે લખાયેલી કવિતા નથી. તે એક ભક્તહૃદયની વ્યાકુળતા, આનંદ અને તલસાટની સહજ પ્રસ્ફુટિત થયેલી વાણી છે. સ્વયંસ્ફુરણાથી ઊપજેલાં એ કાવ્યોને ઉછાળો મારતો ભક્તિરસ પ્રાણવાન બનાવે છે. સરળ છતાં મુગ્ધકર ભાષામાં વણાયેલું ઉચ્ચ કોટિનું તત્ત્વજ્ઞાન કાવ્યોને અનોખું ગૌરવ અર્પે છે.

વિશિષ્ટ કૃતિઓ :

'સુદામાચરિત્ર', 'દાણલીલા', 'ચાતુરીઓ' (ભક્તિરચનાઓ), 'પુત્રવિવાહ', 'હૂંડી', 'પુત્રીનું મામેરું.'

પદો : 'અખિલ બ્રહ્માંડમાં', 'નીરખ ને ગગનમાં', 'વૈષ્ણવજન તો તેને કહીએ'. 'વારી જાઉં રે', 'મેહુલો ગાજે ને માધવ નાચે', 'વારી જાઉં રે સુંદર શ્યામ'... વગેરે.



મીરાં

(જ. 1499 * અ. 1547 આશરે)



ચિત્રકાર : રવિશંકર રાવલ

મેડતામાં દાદા રાવ દુદાજી પાસે રહીને મીરાંએ આકંઠ ભક્તિરસ પીધો ને માતાએ રમવા આપેલી શામળિયાની મૂર્તિ એ પ્રેમભક્તિનું કેન્દ્ર બની ગઈ. એમણે ગાયું હતું કે 'બીજાને મીંઢળ નહિ રે બાંધું', છતાં વડીલોની ઇચ્છા મુજબ તેને ચિતોડના રાણા સંગ્રામસિંહના પાટવીકુંવર ભોજરાજ સાથે પરણાવી દેવામાં આવ્યાં.

ચિતોડના રાજવી શિવભક્ત કુટુંબમાં સંસારી નજરે રાજરાણી બન્યાં, છતાં 'મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઈ' માનનાર મીરાં તો 'પગ ઘૂંઘરુ બાંધી' નાચતાં-ગાતાં જ રહ્યાં. પણ સાસરિયાના રાજકુટુંબને આમ 'લોકલાજ ખોવી' ન જ ગમે, એટલે આ કૃષ્ણભક્તિનો કુછંદ છોડાવવા તેમણે વિવિધ ઉપાયો કર્યા.

રાણાએ મોકલેલા વિષના પ્યાલાનેય મીરાં તો અમૃત ગણી ગટગટાવી ગયાં. જાતજાતની સતામણીને કારણે તેની સહનશક્તિની હદ આવી ગઈ. સાસરિયા સાથેના ક્લેશના અને કચવાટના પ્રસંગોને કારણે મીરાં મેવાડથી હવે કંટાળ્યાં હતાં. જીવનના ભયથી નહીં, પરંતુ ભક્તિમાં વારંવાર પડતા વિક્ષેપથી. આમ એમણે કૃષ્ણ ન છોડ્યો પણ મેવાડ છોડ્યો. ગયાં એ વ્રજભૂમિમાં વૃંદાવનમાં - પ્રવાસના ને જીવનના મારગે ઉરના ઉમળકામાંથી જાગ્યાં તે ગીતો ગાતાં. એમણે નથી રચ્યો મહાગ્રંથ - ન મહાકાવ્ય રચ્યાં છે, પણ રચ્યાં છે ત્રણસોએક પદો, પણ હૃદયમાંથી જાણે સીધાં જ પ્રગટેલાં આ ગીતોની અજબ મોહિનીએ - એમની પ્રેમલક્ષણા ભક્તિએ ગોપીહૃદયનો સાક્ષાત્કાર કરાવ્યો.

મીરાંનાં પદો મધ્યકાલીન ગુજરાતી ભાષાનું અનોખું આભૂષણ છે - આભરણ છે. તેમનાં પદોએ ખાસ કરીને ગુજરાતી-રાજસ્થાની પ્રજા પર તો વિશેષ કામણ કર્યું છે. મેવાડમાં મીરાંનો સંપ્રદાય ચાલે છે. કૃષ્ણ-મીરાંની મૂર્તિઓ એકસાથે પૂજાય છે. મીરાંએ કંઈક અંશે રાધાનું પદ છીનવી લીધું છે.

પ્રેમાનંદ

(જ. આશરે સંવત 1640 * અ. આશરે સંવત 1712)

જન્મ વડોદરામાં, પરંતુ સંજોગોવશાત્ બાળપણ વીત્યું ગુજરાતને દક્ષિણ છેડે, છેક નંદરબારમાં. નાની ઉંમરે માતાપિતા ગુજરી ગયાં એટલે મોસાળમાં માસી પાસે ઊછર્યા. આ નબાપા છોકરાનાં બાળપણનાં પંદરેક વર્ષ તો સાવ રખડપટ્ટીમાં જ ગયાં. ઘરથી દૂર કામનાથ મહાદેવનું મંદિર. ત્યાં એક સિદ્ધગુરુ. પ્રેમાનંદને અનાયાસે ગુરુ રામચરણ સાથે ભેટો થયો અને તેની જીવનદિશા જ બદલાઈ ગઈ.



ચિત્રકાર : રવિશંકર રાવલ

કોઈએ એનામાં ક્યારેય ન દીઠેલી, ન પ્રીછેલી પ્રજ્ઞા જાગી ઊઠી, પ્રતિભા ઝળકી ઊઠી. પ્રેમાનંદ સંસ્કૃત-હિન્દી શીખ્યા અને સંસ્કૃત અને હિન્દીમાં કાવ્ય રચવા લાગ્યા. એ જમાનામાં ગુજરાતમાં દિલ્હીનું શાસન હતું. ગુજરાતી ભાષાનું ત્યારે માન ન હતું. ઘણા ગુજરાતી કવિઓ હિન્દી તેમ જ ઉર્દૂ ભાષામાં કવિતા લખતા થઈ ગયા હતા. આમ પ્રેમાનંદને પણ એ જ રીતે હિન્દીમાં લખવાનું મન થઈ આવ્યું હતું. હિન્દીમાં લખીને એમણે પોતાના ગુરુ રામચરણને બતાવ્યું. ગુરુએ શિખામણ આપી કે, 'ઉંબર છોડી તું ડુંગર પૂજે કેમ ?'

એમ કહી તેમણે પ્રેમાનંદને ગુજરાતી ભાષામાં જ કવિતા રચવાનું કહ્યું. પ્રેમાનંદને ગુરુવચનની બરાબર અસર થઈ. પરિણામે, પ્રેમાનંદે ગુજરાતી ભાષામાં જ કવિતા રચવાનો નિર્ધાર કર્યો તેમ જ ગુજરાતી ભાષાને અન્ય ભાષા જેવું ગૌરવ ન મળે ત્યાં સુધી પાઘડી ન પહેરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

ગુરુકૃપાથી પ્રેમાનંદે ગુજરાતી ભાષામાં કવિતા કરવા કલમ ઉપાડી. ગુજરાતી ભાષાને ઉત્તમ કાવ્યવૈભવ મળ્યો અને ગુજરાતને મહાકવિ પ્રેમાનંદ. ધંધો એમનો ગાગરિયા ભટ્ટનો. માણ વગાડે, કથાકીર્તન કરે, પણ ધર્મ જાળવે કલાકારનો. અન્યની જેમ માત્ર કથાકીર્તન કરીને સંતોષ માને નહીં, પણ શ્રોતાઓની રુચિઅરુચિ, રહેણી-કરણી બધાંનું નિરીક્ષણ કરે. એથી તો એમનાં આખ્યાનોમાં કથાનક તાદૃશ થતું.

ગુજરાતી સાહિત્યનાં બે વિશિષ્ટ કલાસ્વરૂપો છે : રાસ અને આખ્યાન. તેમાં આખ્યાનસ્વરૂપને ઘાટ આપનાર મહાકવિ પ્રેમાનંદ છે. આજના જમાનામાં સાહિત્યસ્વરૂપ તરીકે નવલકથાનું જેવું સ્થાન છે તેવું સ્થાન પોતાના જમાનામાં પ્રેમાનંદે આખ્યાનને અપાવ્યું હતું. નવલકથા તો વાંચી જ શકાય, દૃશ્ય નાટક તો જોઈ જ શકાય, કાવ્ય વાંચી કે સાંભળી શકાય, ગીત ગાઈ શકાય, પણ પ્રેમાનંદનાં આખ્યાનમાં નવલકથાના કથારસનો, નાટકની અભિનયક્ષમતા અને મનોરંજનનો, કાવ્યના માધુર્યનો તેમ જ સંવેદનનો અને ગીતના સંગીતનો જે સમન્વય થયો છે તેને પરિણામે પ્રેમાનંદનું આખ્યાન વિશ્વસાહિત્યમાં ગૂર્જર સાહિત્યનું યશસ્વી પ્રદાન બની રહ્યું.

પ્રેમાનંદનો લગભગ 60 વર્ષનો કવનકાળ છે. પ્રેમાનંદને નામે લગભગ 47 કૃતિઓ છે. તેમાંથી બીજા કવિઓની પ્રેમાનંદને નામે ચડાવી દેવામાં આવેલી એ બધી બાદ કરતાં પ્રેમાનંદની જ કહી શકાય તેવી 27 કૃતિઓ છે. સરસ્વતીના પ્રેમાનંદ પર ચારે હાથ છે. કોઈ કવિની કાવ્યબાની ભાષાના પર્યાયરૂપ બને અને લાંબા સમય સુધી રહે એવું જવલ્લે જ જોવા મળે છે. પ્રેમાનંદની ભાષા સરળ છે છતાં પ્રૌઢ છે, સુગમ છે પણ માર્મિક છે, તળપદી છે તથા સુચારુ છે. પ્રેમાનંદનું કાવ્યસર્જન એ ભરપૂર ઉલ્લાસથી, ઉમળકાથી થયેલું સર્જનકાર્ય છે. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ 1000 વર્ષનો છે. તેમાં તેના જેવો બીજો કવિ થયો નથી. પ્રેમાનંદ મહાકવિ લેખા છે અને ગુજરાતના જ્યોતિર્ધરનું બિરુદ પામ્યા છે.

વિશિષ્ટ કૃતિઓ : નરસિંહ મહેતા સંબંધી 'મામેરું', 'હૂંડી', 'શ્રાદ્ધ', 'હારમાળા' અને બીજી રચનાઓ. 'રણયજ્ઞ', 'અભિમન્યુ આખ્યાન', 'સુદામાચરિત', 'સુધન્વા આખ્યાન', 'સુભદ્રાહરણ', 'ઋષ્યશૃંગાખ્યાન', 'ઓખાહરણ', 'નળાખ્યાન', 'દશમસ્કંધ', 'વિવેક વણજારો' વગેરે.



દયારામ

(જ. ભાદરવા સુદ-11 સંવત 1833 * અ. મહા વદ-5 સંવત 1909)



કવિ ન્હાનાલાલે દયારામને પ્રાચીનતાના મોતી વર્ષતા છેલ્લા રસમેઘ તરીકે ઓળખાવ્યા છે. આપણા આદિકવિ નરસિંહ અને પ્રાચીનોમાં છેલ્લા કવિ દયારામ બંને નાગર હતા. બંને શ્રીકૃષ્ણમાં ગોપીભાવે આસક્ત હતા તે પણ એક સુભગ અકસ્માત છે.

કવિ દયારામ એમની ગરબીઓથી ઘેરઘેર જાણીતા છે. એમના જેટલી લોકપ્રિયતા ભાગ્યે જ બીજા કોઈ ગુજરાતી કવિને વરી હશે. ગુજરાતનાં નારીજગત એમની ગરબીઓ રમતું હોઈ દયારામ સુરીલો કંઠ ધરાવતા સંગીતજ્ઞ હતા. એમની કીર્તનબેઠકો સંગીતસ્પર્ધામાં પલટાઈ જતી હશે એવું કેટલીક અનુશ્રુતિઓ બતાવે છે.

દયારામનો જન્મ એમના મોસાળ ડભોઈમાં થયો હતો. એમનું વતન ચાંદોદ. ત્યાંના સાઠોદરા નાગર ગૃહસ્થ પ્રભુરામ આણંદરામ ભટ્ટ એમના પિતા અને માતા મહાલક્ષ્મીબહેન અથવા રાજકોર. ભક્તિપ્રિય માતાપિતાનો એ એકનો એક પુત્ર. ગંગા નામે એક બહેન ખરી, પણ તે નાનપણમાં જ ગુજરી ગયેલી. દયારામની સ્મરણશક્તિ ઘણી તેજ હતી. યજ્ઞોપવીત-સંસ્કાર કર્યા પછી પિતાની અભિલાષા એને કાશી મોકલવાની હતી, પરંતુ કુટુંબની સાધારણ સ્થિતિને કારણે એ બની ન શક્યું. ભવિષ્યમાં એવો કોઈ યોગ ઊભો થાય એ પહેલાં પિતા મૃત્યુ પામ્યા. પછી બે વરસે માતાનું પણ અવસાન થતાં નિરાધાર બનેલા દયારામ પોતાના મોસાળ ડભોઈ જઈ ત્યાં જ રહ્યા.

ડભોઈ રહેવા છતાં દયાશંકરને શૈશવની સ્મૃતિઓનું સ્મરણ થયા કરે છે. તે અવારનવાર ચાંદોદ જતા-આવતા રહે છે. એક દિવસ તે મામા સાથે ડભોઈ જઈ રહ્યા છે. રસ્તામાં તેન તળાવ આવે. હીરા કડિયાએ સોલંકીના સમયમાં બાંધેલું તે તેન તળાવ. એ તેન તળાવ પાસે કથાવાર્તા ચાલે. તે સમયના સુપ્રસિદ્ધ કથાકાર વિદ્વાન ઈચ્છારામ ભટ્ટજી કથા કરે. આવો અનાયાસ લાભ મળી જતાં મામા-ભાણેજ કથાશ્રવણ કરવા બેઠા. આ કથાશ્રવણથી દયાશંકર ખૂબ પ્રભાવિત થયા. ભટ્ટજીને એમણે ગુરુ કીધા. એ સંબંધે દયારામનું જીવન પલટાઈ ગયું. એક વખત એકાંતમાં ભટ્ટજીએ દયાશંકરને કહેલું : 'બેટા, તું બીજો નરસૈંયો થવાનો છે. તું હિન્દુસ્તાનનાં તીર્થોની યાત્રા કર. તારી દૃષ્ટિ ખૂલી જશે.' દયારામ જન્મે નાગર એટલે એમનો પરંપરાગત ધર્મ તે શૈવ, પરંતુ ગુરુના ઉપદેશથી વલ્લભસંપ્રદાયનો વૈષ્ણવધર્મ તેમણે અપનાવ્યો. પરિણામે તેઓ દયાશંકરમાંથી દયારામ થયા.

મામાની રજા અને ગુરુના આશીર્વાદ લઈને દયારામ ભારતનાં તીર્થોની યાત્રાએ નીકળી પડ્યા. એ દિવસોમાં વાહનવ્યવહારનાં તો કોઈ સાધનો હતાં જ નહીં, એટલે પગપાળા જ મુસાફરી કરવી પડતી. ચૌદ-પંદર વરસની ઉંમરે દયારામે કરેલાં પર્યટન બાર વરસ સુધી અવિરત ચાલુ રહ્યાં. પોતાના આયુષ્યકાળમાં ત્રણ-ત્રણ વાર ભારતનાં તીર્થોની યાત્રાઓ કરી હતી. શ્રીનાથજીની તો એમણે સાત વાર યાત્રા કરી હતી.

કુમારાવસ્થાથી યુવાવસ્થા સુધી લંબાયેલી એમની પર્યટનયાત્રા દરમિયાન ઓછામાં ઓછી એ બારેક ભાષા શીખેલા. ગુજરાતી ઉપરાંત વ્રજ, મરાઠી, પંજાબી વગેરે ભાષાઓમાં પણ એમણે રચનાઓ કરેલી છે. કચ્છીમાં 'ગિરિધર પ્રાણ' જેવી એમની રચના મળી આવે છે. ગુજરાતીમાં લખી છે તેમ મારવાડમાં મોટ, બિહારીમાં કંજરી, સિંધીમાં કાફી વગેરે પણ દયારામે રચ્યાં છે. આમંત્રણ મળ્યે મુસલમાની મહેફિલોમાં પણ એ જઈ આવતા ને 'મદનમોહન પ્યારે મહેબૂબ મેરા હૈ' જેવાં ઉર્દૂ પદો ગાઈ આવતા. તેમના કંઠનું, સંગીતના જ્ઞાનનું પણ લોકોને ભારે આકર્ષણ હતું. તેમણે લગભગ પચાસેક ગ્રંથોની રચના કરી છે અને પદ-ગરબી પ્રકારની લગભગ 600 જેટલી લઘુરચનાઓ તેમ જ નાનીમોટી 300 જેટલી કૃતિઓની રચના કરી છે.

દયારામના જીવનકાળને હવે શરદઋતુ બેસી ગઈ હતી. અવારનવાર બીમાર પડવાને લીધે ઠાકોરજીની સેવામાં વિક્ષેપ પડતો હતો. જાણે આ પરિસ્થિતિ પેદા થવાની હોય તેમ શ્રીહરિએ એવી એક વ્યક્તિને તેમની સેવામાં મૂકી દીધી. એ હતાં રતનબાઈ. એક વિધવા સોનારણ. રતનબાઈ દયારામના ભજનકીર્તનમાં નિત્ય આવતાં અને પૂજ્યભાવે તેમના અંતરંગ શિષ્યવૃંદમાં ભળી ગયાં હતાં. દયારામની તબિયતની પરિસ્થિતિ જાણીને સેવા કરવાની આ તક રતનબાઈએ ઝડપી લીધી. દયારામના જીવનના અંત સુધી રતનબાઈએ નિષ્ઠાપૂર્વક સેવા કરી.

દયારામના અવસાનના સમાચાર વાયુવેગે પ્રસરી ગયા. તેમની અંતિમ ઇચ્છા મુજબ તેમનો મૃતદેહ ચાંદોદ લઈ જવાયો હતો. ડભોઈ-ચાંદોદના નવ માઈલના મારગ ઉપર તેમના દર્શનાર્થે હજારો લોકોનાં ટોળાં તેમનાં પદો ગાતાં સ્મશાનયાત્રામાં જોડાયાં હતાં.

અખો

(જ. 1591 * અ. 1656 આશરે)



અખો જન્મે સોની. અમદાવાદ નજીક જેતલપુર ગામનો એ વતની. બાપનું નામ રહિયાદાસ. અખો બાળપણમાં જ માનું સુખ ખોઈ બેઠેલો અને તે પછી ધંધાર્થે પિતાની સાથે અમદાવાદ આવીને વસેલો. ખાડિયા, દેસાઈની પોળમાં, કૂવાવાળા ખાંચામાં આજે પણ અખાજીના ઓરડા તરીકે એ નું થાનક અમદાવાદમાં સાચવી રખાયું છે.

આ સમય દરમિયાન તેની કસોટી કરે તેવો એક બીજો પ્રસંગ પણ બની ગયો. સંવત 1674માં અમદાવાદમાં બાદશાહ જહાંગીરે એક ટંકશાળ સ્થાપી હતી. એ ટંકશાળમાં અખો મહત્ત્વના અધિકારીની પદવી ધરાવતો હતો. કેટલાક ખટપટિયાઓએ બાદશાહના કાન ભંભેર્યા કે અખો ઊંચી ધાતુના સિક્કાઓમાં બીજી હલકી ધાતુ ભેળવે છે. અખા પર આળ આવ્યું અને રાજ્યે એને કેદ કર્યો. તપાસ ચાલી. તપાસને અંતે સાબિત થયું કે અખો નિર્દોષ છે. અખો છૂટી ગયો, પણ એનું મન ખાટું થઈ ગયું. પોતે સ્વેચ્છાએ એ સ્થાનેથી છૂટો થઈ ગયો. એને ખૂબ નિર્વેદ થઈ ગયો. તેણે સોનીના ધંધાને તિલાંજલિ આપી. ધંધાનાં ઓજારો કૂવામાં પધરાવીને દુનિયાના નિષ્ઠુર અને સ્વાર્થી વ્યવહારોથી દુભાયેલો અખો સત્યની શોધમાં નીકળી પડ્યો. ઓછું ભણેલો પણ બુદ્ધિશાળી ને જ્ઞાનની તીવ્ર ભૂખવાળો. અખાનું મન પહેલેથી જ સંસારથી વિરક્ત. તેમાં પેલો આઘાત મળતાં મનના આગળા ઊઘડી ગયા ને અખો નીકળી પડ્યો સદ્‌ગુરુની શોધમાં. વર્ષોની રઝળપાટેય સાચો ગુરુ લાધ્યો નહીં. જે મળ્યા તે દંભી. અખાએ તીવ્રતાથી પોતાની કવિતામાં એ દંભ ઉઘાડા પાડ્યા છે.

આ વેદાંતમર્મજ્ઞ કવિએ કઠિન વેદાંતને સરળ વાણીમાં વ્યક્ત કર્યું. વેધક વ્યંગ અને મર્માળી વાણી તીરની જેમ સોંસરવી ઊતરતી, ચાબખા ફટકારતી. 'અખેગીતા', 'પંચીકરણ', 'કૈવલ્યગીતા', 'ગુરુશિષ્ય-સંવાદ' વગેરે તેના મુખ્ય ગ્રંથો, પણ હાસ્ય-કટાક્ષયુક્ત વેધક તો તેના છપ્પા છે.

અલેકઝાન્ડર ફાર્બસ



ઈસ્ટ ઇન્ડિયા કંપનીની નોકરી અર્થે ભારતમાં ગુજરાતમાં આવી ગુજરાતી ભાષા, સાહિત્ય, શિક્ષણ અને સંસ્કૃતિની અનન્ય સેવા કરનાર અંગ્રેજ સજ્જન ફાર્બસનું ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં માનભર્યું સ્થાન છે.

ગુજરાતી ભાષા અને સાહિત્યની ઉન્નતિ અર્થે તેમણે 1948માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી. તે સંસ્થા દ્વારા તેમણે અનેક ઉપયોગી પ્રવૃત્તિઓ આદરી. મુંબઈમાં 'ગુજરાતી સભા'ની સ્થાપના કરી, જે પાછળથી ફાર્બસ ગુજરાતી સભા તરીકે જાણીતી થઈ.

તેમનું બીજું મહત્ત્વનું પ્રદાન છે 'રાસમાળા'નું સંપાદન. રાજવંશો અને ઐતિહાસિક પ્રસંગોના દસ્તાવેજ સમું આ પુસ્તક તૈયાર કરવા માટે તેમણે પગપાળા મુસાફરી પણ કરી હતી. અર્વાચીનકાળમાં 'રાસમાળા' ગુજરાત ઇતિહાસના આલેખનના પ્રથમ પ્રયત્ન સમું બની રહી છે.

કવિ દલપતરામ

(જ. 21-1-1820 * અ. 25-3-1898)



ગુજરાતની પ્રજા પાસેથી કવીશ્વરનું બિરુદ પામનાર દલપતરામનો જન્મ વઢવાણમાં યજમાનવૃત્તિ કરનાર રંક બ્રાહ્મણ ડાહ્યાભાઈ વેદિયાને ત્યાં થયો હતો. ડાહ્યાભાઈએ ઘરઆંગણે વૈદિક અગ્નિની સ્થાપના કરેલી જે તેમના ઘરમાં સતત પ્રજ્વળ્યા કરતો.

માવજી પંડ્યા નામના મહેતાજીની ધૂળી નિશાળમાં દલપતરામ માંડ બે-અઢી વર્ષ ભણ્યા, પરંતુ સંસ્કારી પિતા પાસે તેમને ધાર્મિક જ્ઞાનનો અને સંસ્કારનો મબલક વારસો મળ્યો. કુળની પરંપરા મુજબ પિતા પાસે એમણે વેદ શીખવાનો આરંભ કર્યો, પરંતુ પિતાના અત્યંત ક્રોધી સ્વભાવને કારણે તે શીખી ન શક્યા. તેનાથી ત્રાસીને એક દિવસ તે ઘરેથી ભાગી છૂટ્યા. ત્યાંથી તે મામાને ઘરે આવ્યા. પતિના ક્રોધથી તંગ આવીને માતા અમૃતબા પણ પિયર પહોંચ્યાં હતાં અને મા-દીકરાએ નિરાંતનો શ્વાસ લીધો. અહીંથી દલપતરામની જીવનદિશા બદલાઈ.

કિશોર દલપતને બાળપણથી જ હડૂલા રચવાનો શોખ. હડૂલો એટલે રમતમાં જોડાયેલાં પ્રાસવાળાં જોડકણાં. આમાંથી દલપતરામને ધીમે ધીમે કવિતા રચવાની ફાવટ આવતી ગઈ. પછી તેઓ પદ્યમાં રચાયેલી શામળ ભટ્ટની વાર્તાઓ વાંચવા લાગ્યા.

દલપતરામે ચૌદ વર્ષની વયે ભૂમાનંદ સ્વામીથી પ્રભાવિત બની સ્વામિનારાયણ સંપ્રદાય અંગીકાર કર્યો હતો. શુદ્ધ વેદાંતી પિતાને પુત્રના આ પગલાથી ઊંડો આઘાત લાગ્યો. પરિણામે એમણે ગૃહત્યાગ કરી સંન્યાસ લીધો. દલપતરામ બાદમાં દેવાનંદ સ્વામીના સંપર્કમાં આવ્યા. તેમની કવિત્વશક્તિને આ સત્સંગનો મોટો લાભ થયો. દેવાનંદ સ્વામી પાસે દલપતરામે પરંપરાગત કાવ્યશાસ્ત્ર, છંદશાસ્ત્ર, પિંગળ અને વ્રજભાષાની કાવ્યશક્તિનું શિક્ષણ લીધું. આ અભ્યાસે દલપતરામની નિસર્ગદત્ત કવિત્વશક્તિ ડોલી ઊઠી. તેમની એ પ્રતિભાથી આકર્ષાઈ સાધુ અયોધ્યાપ્રસાદે એમના કુટુંબના ભરણપોષણનું ખર્ચ ઉપાડી લઈ એમને અમદાવાદના સ્વામિનારાયણના મંદિરમાં સંસ્કૃત ભણવા મોકલ્યા.

તેમના પ્રથમ કાવ્યગુરુ દેવાનંદ પાસે કાવ્યદીક્ષિત થયા. રંકતા અદૃશ્ય થતી ગઈ અને રિદ્ધિ સમીપ આવતી ગઈ. એ વર્ષ હતું 1845નું. અમદાવાદના સુપ્રસિદ્ધ નાગરિક અને મુનસફ ભોળાનાથ સારાભાઈને તેઓ પિંગળપાઠ શીખવતા.



અમદાવાદમાં દલપતરામ જ્યાં રહેતા હતા તે લાંબેશ્વરની પોળમાં તેમના મકાનના ઓટલા પર તેમની પ્રતિમા મૂકવામાં આવી છે.

બેત્રણ વર્ષ બાદ ભાગ્યચક્ર ફર્યું. અમદાવાદથી ઇજન આવ્યું. ત્યાંના કલેક્ટર અલેકઝાન્ડર કિન્લોક ફાર્બસ એક અંગ્રેજ હોવા છતાં ગુજરાતનાં ઇતિહાસ-સંસ્કૃતિ જાણવા તે ઘણા આતુર હતા, પરંતુ ગુજરાતી ભાષાની જાણકારી વિના તેમને ખૂબ મુશ્કેલી પડતી. આ માટે તેમણે ભોળાનાથભાઈને કોઈ વ્યક્તિ શોધી આપવા વિનંતી કરી. ભોળાનાથભાઈએ તેમને દલપતરામની ભલામણ કરી. ફાર્બસસાહેબે દલપતરામને તેડાવ્યા. દલપતરામ અમદાવાદ આવ્યા.

અમદાવાદમાં તેમની મુલાકાત થઈ. દલપતરામે એમને કૃષ્ણની આઠ રાણીઓનાં બે કવિત સંભળાવ્યાં અને ફાર્બસસાહેબને સંતોષ થયો. પગાર નક્કી થયો અને ગુજરાતી ભાષા અને સાહિત્યનું શિક્ષણ શરૂ થયું. બાદમાં આ સુભગ મિલન ઘનિષ્ઠ મૈત્રીમાં પરિણમ્યું. શિક્ષણકાર્ય ઉપરાંત ફાર્બસસાહેબ દલપતરામને પોતાની સાથે પ્રવાસે લઈ જતા. તેઓ ઐતિહાસિક માહિતી અને સામગ્રી શોધવામાં રચ્યાપચ્યા રહેતા.

ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું 'બુદ્ધિપ્રકાશ' માસિક મંદ પડ્યું હતું. તેને સારા તંત્રીની જરૂર હતી. હવે દલપતરામની અહીં ખાસ જરૂર ઊભી થઈ. આ પરિસ્થિતિની ફાર્બસને જાણ કરાતાં ફાર્બસની ભલામણથી દલપતરામે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી તેમ જ 'બુદ્ધિપ્રકાશ'નું તંત્ર હાથમાં લીધું અને તેને ખરાબે જતાં અટકાવ્યું. 'બુદ્ધિપ્રકાશ'ની કાયાપલટ કરી એનો ફેલાવો વધાર્યો. શેઠ હીમાભાઈને પ્રસન્ન કરીને રૂ. 3,000નું દાન મેળવી હીમાભાઈ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી. હરકુંવર શેઠાણી પાસેથી દાન મેળવી કન્યાશાળા શરૂ કરી. 1858માં હોપ વાચનમાળા તૈયાર કરવામાં સરકારી શિક્ષણખાતાને તેમણે મૂલ્યવાન સહાય કરી.

હવે એમની આંખો નબળી પડી હતી - અંગો શિથિલ થયાં હતાં. ચોવીસ વર્ષની એકધારી સેવા પછી જ્યારે તેઓ નિવૃત્ત થયા ત્યારે એમની અમૂલ્ય સેવાઓની કદરરૂપે એમને રૌપ્ય ચંદ્રકથી નવાજવામાં આવ્યા હતા અને નિવૃત્તિકાળના સુખમય નિર્ગમન માટે તે જમાનામાં ઘણો મોટો કહેવાય તેવો રૂપિયા 10,000નો ફાળો પણ કરી આપેલો. દલપતરામનું વ્યક્તિત્વ તેમના સમકાલીન નર્મદ જેવું પ્રતાપી ન હતું. ધસમસતા પૂર જેવા નર્મદ સામે દલપતરામનો પ્રભાવ ઢંકાઈ જતો લાગે, પરંતુ આ બે મહારથીઓના સમકાલીન અસ્તિત્વને કારણે ગુજરાતી સમાજને તો ફાયદો થયો.

નર્મદ

(જ. 24-8-1833 * અ. 25-2-1886)

સુરતમાં વડનગરા જ્ઞાતિમાં જન્મેલા, અર્વાચીન સાહિત્યયુગના આ આદિપુરુષનું જીવન એટલે આંધી, તોફાન અને ઝંઝાવાત. એનો જીવનમંત્ર એટલે પ્રેમ અને શૌર્ય. દયારામના અવસાન સાથે મધ્યયુગ સમેટાઈ ગયો અને નર્મદના ધસમસતા પૂર સાથે, 'દાંડિયા'ના દાંડીનાદ સાથે અર્વાચીન યુગનો ઉઘાડ થયો.

સુરત શહેરના એક નાગર બ્રાહ્મણ કુટુંબમાં લાલશંકર દવેને ત્યાં તેમનો જન્મ. નર્મદને મુખ્યત્વે તો મુંબઈમાં જ શિક્ષણ મળ્યું હતું. પાંચ વર્ષની વયે ભૂલેશ્વરમાં નાના મહેતાની નિશાળમાં એ દાખલ થયા હતા. શાળાકીય અભ્યાસ દરમિયાન સંસ્કૃત અને મરાઠી ભાષા પણ શીખ્યા. શાળા બદલતાં - તે સુરતમાં જ દુર્ગારામ મહેતાની નાણાવટમાં આવેલી શાળામાં દાખલ થયા. દુર્ગારામ મહેતાજી ગુજરાતના આરંભના સમાજસુધારકોમાંના એક હતા. નર્મદ ઉપર સુધારાના પ્રથમ સંસ્કારો આ રીતે દુર્ગારામ મહેતાજીના પડ્યા, જેણે આગળ જતાં નર્મદની જીવનદૃષ્ટિ કેળવવામાં પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

કોલેજમાં ભણતા હતા તે દરમિયાન જ નર્મદના જાહેર જીવનનો આરંભ થઈ ચૂક્યો હતો. તેમના ચાર-પાંચ મિત્રો તેમને ઘેર વારંવાર મળતા. મૂછનો દોરો ફૂટે એવી સત્તર-અઢાર વર્ષની ઉંમરે તો એમણે જુવાન માણસોની 'અન્યોન્ય બુદ્ધિવર્ધક સભા' નામની એક સંસ્થાની સ્થાપના કરી. તેના પ્રમુખ નર્મદ અને મંત્રી મયારામ શંભુનાથ હતા. પ્રમુખ તરીકે નર્મદ 'મંડળી મળવાથી થતા લાભ' વિશે એક નિબંધ વાંચે છે. બીજે વર્ષે એ વ્યાખ્યાન છપાવીને પ્રસિદ્ધ કરે છે. આ હતું - ગુજરાતી ભાષાનું સૌપ્રથમ ગણનાપાત્ર ગદ્યલખાણ ! આમ ગુજરાતી ગદ્યસાહિત્યના પિતા તરીકે નર્મદ યશના અધિકારી છે. બાદમાં નર્મદે એકાદ વર્ષ 'જ્ઞાનસાગર' નામનું સાપ્તાહિક પણ ચલાવ્યું. નર્મદે કવિતા કરવી પણ શરૂ કરી અને પછી થોકબંધ કવિતાઓની રચના કરી.

નર્મદ કાવ્યરચના તો કરતા, પરંતુ તેમાં પિંગળનું અજ્ઞાન તેમને ખૂંચતું હતું. તે સમયે બે જણને પિંગળનું જ્ઞાન હતું. એક દલપતરામ અને બીજા મનમોહનદાસ રણછોડદાસ. બંને સાથે તેમને મેળ ન હતો એટલામાં ગોરધન નામે એક કડિયાનો ભેટો થયો. ગોરધન કવિતાઓ અને ગીતોનો શોખીન હતો. તેણે કહ્યું કે તેની પાસે તેના ગુરુ લાલદાસનાં પુસ્તકો છે. તેમાં 'છંદરત્નાવલિ' નામે એક પુસ્તક નીકળ્યું. દૃઢનિશ્ચયી અને ખંતીલા નર્મદે રાતદિવસ ન જોતાં એ આખુંય પુસ્તક ઉતારી લીધું. તેમાંથી તેમને માત્રામેળ વૃત્તો વિશે જ્ઞાન થયું. બાદમાં નર્મદે 'પિંગળપ્રવેશ' લખ્યું, 'અલંકારપ્રવેશ' લખ્યું અને 'રસપ્રવેશ' લખ્યું. બાર વર્ષના સખત પરિશ્રમે 'નર્મકોશ' તૈયાર કર્યો. ગુજરાતી ભાષાનો એ પહેલો શબ્દકોશ.





ઈ. 1858ના નવેમ્બરની 23મી તારીખ હતી. ગુજરાતી સાહિત્યના ઊગમનો જાણે ઐતિહાસિક દિવસ ઊગ્યો. તે દિવસે નર્મદે શાળાની નોકરીને તિલાંજલિ આપી. સાંજે ઘેર ગયા. સંકલ્પની પ્રેરણાથી તે પયગંબરી મનોદશા અનુભવે છે. કલમ સામું જોઈ તેની આંખમાં ઝળઝળિયાં આવ્યાં. તે બોલ્યા, 'હવે તારે ખોળે છું.' હવે શું કરવું ? આવકનું કોઈ સાધન ન હતું. નર્મદને પોતાની વાક્છટામાં વિશ્વાસ હતો. હરદાસનો ધંધો આવડે તો તેમાંથી રોજી નીકળી રહે. હરદાસ એટલે કથાકાર. પણ તે માટે સંસ્કૃતના સારા જ્ઞાનની જરૂર હતી, એટલે પુણે જઈ તેણે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. ઈ. 1864માં નર્મદે વળી નવું પ્રયાણ કર્યું. તેણે સુરતથી 'દાંડિયો' નામનું પખવાડિક પત્ર શરૂ કર્યું. સ્વતંત્ર અને નિર્ભય પત્રકારત્વના નમૂનારૂપ એ પત્ર હતું. 'દાંડિયો' એટલે રાત્રે લોકોને જાગ્રત રાખનાર ચોકીદાર. 'દાંડિયો' પત્ર સાચા અર્થમાં સમાજ અને સાહિત્યની ચોકીદારી કરતું. ઈ. 1865માં નર્મદે વ્યાકરણ લખ્યું અને 'નર્મગદ્ય'નાં પુસ્તકો પ્રગટ કરવાનો આરંભ પણ તેણે કર્યો. એ પછીના વર્ષે 'મારી હકીકત' નામની પોતાની આત્મકથા લખી.

અર્વાચીન યુગનો રીતસરનો પ્રારંભ નર્મદથી થયો છે. વિવિધ પદ્યસ્વરૂપો અને ગદ્યસ્વરૂપોમાં એમણે કરેલી પહેલને કારણે તેઓ અર્વાચીનોમાં આદ્ય અને નવયુગના પ્રહરી ગણાયા છે. નર્મદના સર્જનના મોટા ભાગમાં કવિત્વની ઊંચી કક્ષા નથી. આમ છતાં એ કવિ નર્મદ તરીકે ઓળખાય છે તેનું કારણ તેની ઊંચી કક્ષાની કવિતા નહિ, પરંતુ કવિતાની દિશામાં તેમણે આત્મમંથન અને યુગચેતનાના આશાભર્યા, જુસ્સાભર્યા અને દેશભક્તિથી ભર્યા ઘૂઘવતા પૂરના પ્રવાહમાં વહેતી કરી તે છે. અંગ્રેજી કવિઓની વ્યાપક અસર નીચે તેમણે પ્રકૃતિકાવ્યો રચ્યાં, પ્રેમભાવ ગાયો અને તે પણ રાધા-કૃષ્ણનાં પ્રતીક છોડીને માનુષી પ્રિયતમાને બોધીને. આ પ્રકારના પ્રણયભાવોનો પ્રવેશ ગુજરાતી કાવ્યોમાં સૌપ્રથમ નર્મદે કરાવ્યો. નર્મદનું જીવનકાર્ય માત્ર એમના જીવનની બીજી પચીસીમાં તો પૂરું થઈ ગયું. નર્મદના જીવનનો પરિપક્વ ભાગ શરૂ થાય તે પહેલાં તો એ જીવન અસ્ત પામ્યું. નર્મદ યુગપુરુષ બની ગયા. એ સમયની કોઈ પણ વ્યક્તિ કરતાં નર્મદે વધારે પ્રમાણમાં યુગબળને ઝીલ્યું. તેમણે ગાયેલા 'જય જય ગરવી ગુજરાત'માંથી ગુજરાતની પેઢીઓએ ગૂર્જરભક્તિની દીક્ષા લીધી છે. એમાં ભૂતકાળનું તેજ, વર્તમાનનો ઉત્સાહ અને ભાવિની આશા સમાયાં છે.

વિશિષ્ટ કૃતિઓ :

'નર્મકવિતા', 'નર્મગદ્ય', 'પિંગળપ્રવેશ', 'અલંકારપ્રવેશ', 'નર્મવ્યાકરણ', 'રસપ્રવેશ', 'નર્મકોશ', 'નર્મકથાકોશ', 'મારી હકીકત', 'રાજ્યરંગ', 'ઉત્તર નર્મદચરિત્ર', 'ધર્મવિચાર', 'કૃષ્ણકુમારી', 'શ્રી દ્રૌપદી દર્શન', 'સીતાહરણ', 'શ્રી સારશાકુંતલ', 'કવિ અને કવિતા', 'કવિચરિત્ર', 'સજીવારોપણ'.

realpatidar.com

મણિલાલ નભુભાઈ દ્વિવેદી

(જ. 26-9-1858 * અ. 1-10-1898)



'કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે' જેવું પ્રસિદ્ધ કાવ્ય રચનાર, માત્ર 40 વર્ષની નાની વયે અવસાન પામનાર પ્રકાંડ પંડિત, વેદાંતી, સંસ્કૃત ઉપરાંત અંગ્રેજી ભાષા અને સાહિત્યના વિદ્વદ્જન મણિલાલનો જન્મ નડિયાદમાં. ભાવનગરની કૉલેજમાં સંસ્કૃતના પ્રોફેસર થયા તે પહેલાં એમની સાહિત્ય પ્રવૃત્તિ તો શરૂ થઈ ગઈ હતી.

મણિલાલ તેમના અંગત જીવનમાં ચારિત્ર્ય-શિથિલ તેમ જ દુઃખી હતા. તેને કારણે નાની ઉંમરમાં અનેક વ્યાધિઓએ તેમને અસહ્ય પીડામાં ધકેલી દીધા હતા. એક બાજુ બુદ્ધિ અને જ્ઞાન તેમ જ બીજી બાજુ અદમ્ય વૃત્તિઓ-ઊર્મિઓ એ બે વચ્ચે તેઓ ભીંસાતા-રિબાતા જ રહ્યા.

એ નિષ્ઠાનાં ઉત્તમ ફળ તેમણે ગુજરાતી સાહિત્યને 'ઉત્તરરામચરિત' અને 'માલતીમાધવ'ની કક્ષાનાં ઊંચી કક્ષાનાં ભાષાંતરો દ્વારા આપ્યાં. એવા ઉત્કૃષ્ટ કોટિના ગ્રંથોના અભ્યાસથી પરિપુષ્ટ થયેલો અને પોતાની મૌલિક વિચારસૃષ્ટિ દ્વારા સર્જેલો ચિંતનસમુચ્ચય તેમણે તેમના અનેક ગ્રંથો દ્વારા ગુજરાતી જનતાને સુલભ કરી દીધો. 'સિદ્ધાંતસાર' એ મણિલાલની પરિણત પ્રજ્ઞાનું મિષ્ટ ફળ છે. 'કાન્તા' નાટક એ નાટ્યસાહિત્યના આરંભકાળની કૃતિ છે, તો 'આત્મનિમજ્જન' તેમની ઉચ્ચ કોટિની કાવ્યપ્રતિભા દર્શાવે છે. 'ગુલાબસિંહ' નામે લૉર્ડ લિટનની નવલકથા 'ઝેનોની'નું રૂપાંતર તેમની પ્રતિભા દર્શાવે છે.

તેઓ નારીની કેટલી પ્રતિષ્ઠા કરતા હતા તેનું પ્રમાણ 'નારીપ્રતિષ્ઠા' નામનો તેમનો ગ્રંથ જ આપે છે. 'ઉત્તરરામચરિત', 'માલતીમાધવ' જેવાં બે ભાષાંતરો તેમણે આપ્યાં છે. આ ઉપરાંત 'સિદ્ધાંતસાર', 'નૃસિંહાવતાર' તેમ જ 'કાન્તા' નાટકો ઉલ્લેખનીય છે. 'આત્મનિમજ્જન' તેમની ઉચ્ચ કોટિની કાવ્યપ્રતિભા દર્શાવે છે. 'સુદર્શન ગ્રંથાવલિ' તેમના ગદ્યસામર્થ્ય તથા વિચારસામર્થ્યનું સુંદર દર્શન કરાવે છે.

ગોવર્ધનરામ ત્રિપાઠી

(જ. 20-10-1855 * અ. 4-1-1907)



નડિયાદના ધર્મપ્રિય નાગર બ્રાહ્મણ માધવરામ ત્રિપાઠીને ત્યાં જન્મ. ગોવર્ધનરામે કોલેજના અભ્યાસકાળ દરમિયાન જીવન જીવવા માટે ત્રણ સંકલ્પ કર્યા : એલએલ.બી. થઈ મુંબઈમાં વકીલાત કરવી, ક્યારેય નોકરી કરવી નહિ, ચાળીસમે વર્ષે નિવૃત્તિ લઈને શેષજીવન સાહિત્ય અને સમાજની સેવામાં સમર્પિત કરવું. કૉલેજકાળ દરમિયાન તેમણે સાહિત્ય તથા કવિતાનો આમૂલ અભ્યાસ આદર્યો. સંસ્કૃત માટે પણ એમનો શોખ વધતો ગયો. ઇતિહાસના વિષય ઉપર પણ તેમની ખાસ પ્રીતિ હતી. કૉલેજકાળથી જ કાવ્યરચના કરવાનો અને લેખો લખવાનો પ્રારંભ થઈ ચૂક્યો હતો.

ગોવર્ધનરામની ઊઘડતી જતી જ્વલંત કારકિર્દીની નિયતિને જાણે ઈર્ષ્યા આવતી હોય તેમ 1874ના વર્ષમાં દુઃખો અને વિટંબણાઓએ તેમની પર ઘા પર ઘા કરવા માંડ્યા. તે વર્ષમાં તેમનાં પત્ની હરિલક્ષ્મીનું સુવાવડમાં અવસાન થયું પિતા માધવરામની પેઢી તૂટી. પછી આખું કુટુંબ મુંબઈથી નડિયાદ ગયું. ગોવર્ધનરામ કોલેજનો અભ્યાસ પૂરો કરવા માટે મુંબઈમાં રહ્યા. આવી આર્થિક આપત્તિઓને કારણે, 1879થી 1883 સુધી એમને અનિચ્છાએ ભાવનગરના દીવાનના અંગત સેક્રેટરી તરીકે નોકરી કરવી પડી.

ભાવનગરથી માત્ર પચાસ રૂપિયાની મૂડી સાથે મુંબઈ આવીને વકીલાત શરૂ કરી. વકીલાત સરસ ચાલવા માંડી. 1884થી 1887 સુધીમાં તેમણે પોતાના પિતાનું દેવું એકલે હાથે વાળી દીધું. 40 વર્ષની વયે નિવૃત્ત થયા બાદ બાકીના જીવનમાં શું પ્રવૃત્તિઓ કરવી તેનો નિર્ણય કરી લીધો હતો.

ગોવર્ધનરામનો હવે સાહિત્યાકાશમાં ઉદય થઈ રહ્યો હતો. સાથેસાથે ગુજરાતી સાહિત્યના પણ સુવર્ણયુગનો ઉદય થયો ગણાય. આ સમયગાળાની સૌથી મહત્ત્વની પ્રવૃત્તિ તો 'સરસ્વતીચંદ્ર'ના પહેલા ભાગનો આરંભ. 1885માં તે પૂરો લખાઈ ગયો ને 1887માં પ્રગટ થયો. આ જ અરસામાં એક બીજી મહત્ત્વની ઘટના બની. ગોવર્ધનરામે પોતાના નાના ભાઈ હરિરામ પાસે પુસ્તક-પ્રકાશનની પેઢી એન. એમ. ત્રિપાઠીની સ્થાપના કરાવી - જેણે આજે પણ એક પ્રતિષ્ઠિત પ્રકાશન-સંસ્થા તરીકે ઊજળું નામ રાખ્યું છે. 1892માં 'સરસ્વતીચંદ્ર'નો બીજો ભાગ પ્રગટ થયો. 1898માં ત્રીજો અને 1901માં ચોથો ભાગ પ્રગટ થયો.

ઈ. 1895નું વર્ષ - ગોવર્ધનરામ ચાળીસ વર્ષના થયા. પોતે કરેલા સંકલ્પ મુજબ વકીલાતનો અત્યંત ધીકતો ધંધો સમેટી લીધો. વીસ-બાવીસની કાચી, યુવાન અને મુગ્ધ ઉંમરે જીવનનો નકશો ચીતરવો અને તેને નિશ્ચયપૂર્વક વળગી રહેવું, પ્રૅક્ટિસ છોડીને સાહિત્યસર્જનમાં જીવન સમર્પણ કરવું - આ બધી વિરલ વાતો કહેવાય, જે ગોવર્ધનરામે કરી બતાવી. ગોવર્ધનરામ નડિયાદ આવીને વસ્યા.

1905માં અમદાવાદમાં પહેલવહેલી ભરાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદના તેઓ પ્રમુખપદે ચૂંટાયા હતા. તે સ્થાનેથી અપાયેલું વ્યાખ્યાન પણ અભ્યાસપૂર્ણ હતું. ગોવર્ધનરામની અંગ્રેજી કૃતિ 'ક્લાસિકલ પોએટ્સ ઑફ ગુજરાત ઍન્ડ ધેર ઇન્ફ્લુઅન્સ ઑન ધ સોસાયટી ઍન્ડ મૉરલ્સ'માં તેમણે મધ્યકાલીન ગુજરાતી કવિઓની સામાજિક અને ધાર્મિક જીવન પરની અસરનું ચિત્ર ઉપસાવ્યું છે, જ્યારે 'સ્ક્રેપબૂક્સ' ભાગ 1-2-3ની મરણોત્તર પ્રકાશિત કૃતિમાં લેખકની અંગત નોંધો છે.



ગોવર્ધનરામનું ટેબલ - જેની પર 'સરસ્વતીચંદ્ર'નું સર્જન થયું

બાલાશંકર કંથારિયા

(જ. 17-5-1858 * અ. 2-4-1898)



નરસિંહરાવ દિવેટિયા

(જ. 3-9-1859 * અ. 14-1-1937)



મણિશંકર રતનજી ભટ્ટ 'કાન્ત'

(જ. 20-11-1867 * અ. 16-6-1923)



ગુજરાતી ગઝલના આદ્યપ્રવર્તક કવિ બાલાશંકરનું વતન નડિયાદ. પિતા મામલતદાર હતા. બાલાશંકર લાડકોડમાં ઊછરેલા ને નાનપણથી જ મસ્ત પ્રકૃતિના હતા. તેમનો જીવ તો સાહિત્યમાં જ પરોવાયેલો હતો.

બાલાશંકરની ઉદારતા અને મહેચ્છા અપૂર્વ હતી. ખૂબ ધન કમાવું અને કવિઓ તથા સાહિત્યકારોને માટે એક મનોહર નિવાસસ્થાન 'કવિલોક' રચી એમને ત્યાં જીવનનિર્વાહની ચિંતાથી મુક્ત કરીને રાખવા. 'સરસ્વતીચંદ્ર'માં ગોવર્ધનરામે કલ્યાણગ્રામની જે યોજના રજૂ કરી છે તે પ્રકારની આ યોજના બાલાશંકરના મનમાં ઘણા સમય પહેલાં ઉદ્ભવેલી ને એને કાર્યાન્વિત કરવા કવિએ 'આયર્ન ઍન્ડ મેટલ ફૅક્ટરી' નામે બીડનું કારખાનું શરૂ કરેલું. એમાં સમય અને પૈસાની બરબાદી થવા છતાં કારખાનું ફળદાયી ન થઈ શક્યું. આર્થિક મુશ્કેલીને કારણે કવિને પુનઃ નોકરી કરવાની આવશ્યકતા ઊભી થઈ.

મણિલાલ જેવી સમાનશીલવ્યસની વ્યક્તિઓના સંસર્ગને કારણે તે ઉત્તરોત્તર વિકાસ પામ્યા હતા. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કલાન્ત કવિ' નામે પ્રગટ થયો છે. તે ઉપરાંત 'દેવીદાસ રાજનીતિ', હિન્દી કવિ હરિશ્ચંદ્રની 'નાટિકા ચંદ્રાવલી', 'મદનચંદા', 'સાહિત્યદર્પણ'નો સટીક અનુવાદ, ઇતિહાસ માળા, હાફિજમાંથી અનુવાદો, 'ઉત્તરરામચરિત'નું ભાષાંતર, 'વિજયાપ્રશસ્તિ', શંકરાચાર્યનો આગમન પ્રસંગ, 'દીપન પંચદશી', 'મૃચ્છકટિક' તથા 'કર્પૂરમંજરી'ના અનુવાદો ઇત્યાદિ જેવી બાલાશંકરની સાહિત્યપ્રવૃત્તિ નોંધપાત્ર છે.

'આ વાદ્યને કરુણ ગાન વિશેષ ભાવે' - કારુણ્યસભર આવી પંક્તિના સર્જક નરસિંહરાવ અમદાવાદમાં જન્મ્યા હતા. મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી અંગ્રેજી અને સંસ્કૃત સાથે બી.એ. થયા.

ગોવર્ધનરામ ત્રિપાઠીના સમયથી શરૂ થયેલી તેમની સાહિત્યપ્રવૃત્તિ લંબાતીલંબાતી છેક ઉમાશંકરના કાળ સુધી ફેલાઈ રહી. એ અવિરત પ્રવૃત્તિ દ્વારા કવિ, ગદ્યકાર, વિવેચક, ચરિત્રકાર તથા ભાષાશાસ્ત્રી તરીકેનાં નરસિંહરાવનાં વિવિધ પાસાંનાં દર્શન થયાં.

ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે નરસિંહરાવ સૌપ્રથમ કવિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા હતા. અંગ્રેજી સાહિત્યના પ્રભાવથી પ્રેરાયેલી, નર્મદ પછીની કાવ્ય-અભિવ્યક્તિએ નરસિંહરાવને વધુ પક્વતા અને પ્રૌઢિ તરફ વાળી દીધા. અંગ્રેજીમાં 'લિરિક' નામે ઓળખાતાં તેવાં એમનાં ઊર્મિકાવ્યો ગુજરાતી ભાષામાં એક નવું પ્રસ્થાન કરનારાં હતાં. એમના કાવ્યવિષયો નવા હતા. એમનો પહેલો કાવ્યસંગ્રહ 'કુસુમમાળા' 1887માં પ્રસિદ્ધ થયો. અંગ્રેજી શૈલીનાં ઊર્મિકાવ્યોનો સૌપ્રથમ વાર જ ગુજરાતી ભાષામાં પ્રાદુર્ભાવ થયો. ત્યાર બાદ 1896માં 'હૃદયવીણા', 1914માં 'નૂપુરઝંકાર', 1915માં 'સ્મરણસંહિતા' અને 1934માં 'બુદ્ધચરિત' પ્રસિદ્ધ થયાં.

એમના વિવેચનલેખો 'મનોમુકુર' ચાર ભાગમાં પ્રગટ થયા છે. નરસિંહરાવે લખેલા તાત્ત્વિક લેખો 'વિવર્તલીલા' અને 'તરંગલીલા' નામના બે સંગ્રહોમાં છે. નરસિંહરાવ વિવેચક અને ભાષાશાસ્ત્રી તરીકે એમના જમાનામાં સવિશેષ ગણનાપાત્ર અને કીર્તિપાત્ર બન્યા હતા.

ખંડકાવ્ય-પ્રકારના પ્રારંભ તેમ જ ઉત્તમ ખંડકાવ્યો અને ચિરંજીવ ઊર્મિકાવ્યોના સમર્થ સર્જક કવિ 'કાન્ત'નું સ્થાન ગુજરાતી કાવ્ય-સાહિત્યના ઇતિહાસમાં વિશિષ્ટ છે.

એમનો જન્મ સૌરાષ્ટ્રમાં લાઠી પાસે ચાવંડ ગામે થયો હતો. પંદર વર્ષની વયે તો એમણે કવિતા લખવા માંડી હતી. 1888માં મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી તર્કશાસ્ત્ર અને ફિલસૂફી સાથે બી.એ. થયા. કૉલેજના અભ્યાસ દરમ્યાન પાશ્ચાત્ય બુદ્ધિવાદે એમને અજ્ઞેયવાદી બનાવ્યા. અંગ્રેજી કવિતાએ તેમના પર કામણ કર્યું.

આ કાવ્યોમાં ખંડકાવ્યો, ઈશ્વરપ્રેમનાં ઊર્મિકાવ્યો, દાંપત્યપ્રેમનાં તેમ જ મિત્ર બળવંતરાય ઠાકોરને ઉદ્દેશીને રચાયેલાં ઉત્કટ મૈત્રીપ્રેમનાં કાવ્યોનો સમાવેશ થાય છે. બધાં મળી સોએક કાવ્યોનો જે એકમાત્ર સંગ્રહ થઈ શક્યો છે તે 'પૂર્વાલાપ'. આ માત્ર કવિ કાન્તનું ગુજરાતી કાવ્યસાહિત્યને થયેલું સંખ્યાની દૃષ્ટિએ અલ્પ છતાં ગુણવત્તાની દૃષ્ટિએ અતિ મહત્ત્વનું અર્પણ છે.

1890થી 1898 સુધી એમણે વડોદરાના કલાભવનમાં અને ટ્રેનિંગ કૉલેજના આચાર્ય તરીકે કામ કર્યું. કાન્તને ત્યારે સ્વીડનબૉર્ગનો પરિચય થયો. કાન્તના આંતરજીવનમાં મોટું પરિવર્તન આવ્યું.

ઘોઘામાં બૅપ્ટિઝમ લઈ, ધર્માંતર કરીને તેઓ ખ્રિસ્તી બની ગયા. એમણે માનેલા સત્ય માટે સ્વજનોથી વિખૂટા પડી એકલતાની અસહ્ય યાતના સહી. આમ છતાં સ્વજનોના સ્નેહને કારણે પ્રાયશ્ચિત્તવિધિ કરી હિન્દુધર્મમાં પુનઃપ્રવેશ કર્યો. તેમનો એક માત્ર 'પૂર્વાલાપ' કાવ્યસંગ્રહ તેમના મરણના દિવસે પ્રગટ થયો.

કલાન્ત કવિ બાલશંકર

શિખરિણી છંદના 100 શ્લોકમાં લખાયેલા એમના આત્મલક્ષી કાવ્ય 'કલાન્તકવિ'માં મુખ્યત્વે વિપ્રલંભશૃંગારનું નિરૂપણ છે. આ કાવ્યના આરંભમાંના 75થી 80 સુધીના શ્લોકોમાં સૌંદર્યતત્ત્વની તીવ્ર અભીપ્સા અને એના વિરહનું સમુત્કટ ગાન છે. પ્રિયા સાથેના પૂર્વસહવાસનાં સ્મરણોના સંદર્ભે વસંતથી પાનખર સુધીની છ ઋતુઓનાં વિવિધ સ્થળકાળનાં મનોહર વર્ણનો, દેહસૌંદર્યનાં ઉન્માદક ચિત્રો અને પ્રેમાવેગનાં આલેખનો છે. કાવ્યાંતે શાંત ભક્તિભાવથી માદક શૃંગારનું શમન થાય છે. એમની કવિતાની શિષ્ટ ભાવછટા, અલંકારસમૃદ્ધિ, છંદપ્રભુત્વ અને પ્રાસાદિક બાનીને કારણે ગુજરાતી કવિતાના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપે છે.

આનંદશંકર ધ્રુવ

(જ. 25-2-1869 * અ. 7-4-1942)



સફેદ દૂધ જેવો ડગલો અને ધોતિયું, માથે લાલચટક અમદાવાદી નાગરી પાઘડી ને કપાળે કંકુનો ચાંદલો. જોતાંવેંત જ આદર અને શ્રદ્ધા પ્રેરે તેવો ભદ્ર અને સહૃદયતાથી અંકિત ચહેરો. જ્ઞાનના તેજે ચમકી રહેલી આંખો એટલે બહુશ્રુત પંડિત આચાર્ય આનંદશંકર ધ્રુવ.

અભ્યાસકાળ દરમ્યાન જ પિતાએ તેમને ઉત્તર ભારતના પંડિતો પાસે હિન્દુ ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરાવ્યો હતો. 1892માં બી.એ. અને 1897માં એલએલ.બી. થયા. લલચાવનારી નોકરીઓ છોડી તેમણે ગુજરાત કૉલેજના પ્રાધ્યાપકની નોકરી પસંદ કરી. 1895થી 1919 સુધી તેઓએ સંસ્કૃત, અંગ્રેજી, ન્યાયશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનનું અધ્યાપન કર્યું. ભારતભરની તત્ત્વજ્ઞાન પરિષદનું પ્રમુખસ્થાન તેમને પ્રાપ્ત થયું.

તેમના તંત્રીપદે શરૂ થયેલું 'વસંત' માસિક કાવ્ય તેમ જ કેળવણીની દૃષ્ટિએ મહત્ત્વનું હતું. એમનાં મહત્ત્વનાં પુસ્તકો છે : 'આપણો ધર્મ', 'હિન્દુધર્મની બાળપોથી', 'કાવ્યતત્ત્વવિચાર', 'સાહિત્યવિચાર', ' દિગ્દર્શન' અને 'વિચારમાધુરી' (ભાગ 1 અને 2). એમની સમન્વયવાદી પણ મૂળગામી તત્ત્વવેત્તાની દૃષ્ટિને કારણે ટાગોરે પણ એમને માટે ઉચ્ચારેલું : 'આપની નજર મૂળ પર્યંત પહોંચે છે.' એમના વ્યક્તિત્વમાં શુચિતા ને વિદ્વત્તાનો શાંત ઝળહળાટ હતો, તો દર્શનમાં મર્માળી સ્વસ્થતા હતી ને ગદ્યમાં અભિજાત મધુરતા હતી.

1919માં બનારસ વિશ્વવિદ્યાલયના નિર્માતા પંડિત મદનમોહન માલવિયાને નિત્યનિરંતર વિકાસ પામતી એ સંસ્થા માટે સમર્થ સંચાલકની જરૂર પડી. ગાંધીજી અને સર લલ્લુભાઈ શામળદાસ બંનેએ સ્વતંત્ર રીતે આનંદશંકરનું જ નામ સૂચવ્યું. આનંદશંકર તે મહાન સંસ્થામાં જોડાયા. પોતાનાં કૌશલ્ય, ડહાપણ અને નિષ્પક્ષ નિર્ણયોથી છ માસથી પણ ઓછા સમયમાં સમગ્ર તંત્રને વ્યવસ્થિત કર્યું. બાદમાં આનંદશંકર ઉપકુલપતિપદે નિયુક્ત થયા.

બ. ક. ઠાકોર

(જ. 23-10-1869 * અ. 2-1-1952)



પોતાના દીર્ઘ જીવનના અંત સુધી પુસ્તકોની સૃષ્ટિમાં ગળાડૂબ રહેનાર વિદ્વાન બળવંતરાય ઠાકોર ભરૂચમાં બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં જન્મ્યા હતા. પિતા કલ્યાણરાય અને માતા જમનાબહેન. બળવંતરાયને પ્રાથમિક શિક્ષણ ભરૂચમાં અને માધ્યમિક શિક્ષણ રાજકોટમાં મળ્યું હતું. પિતાની નોકરી અર્થે તેમનું બાળપણ રાજકોટમાં વીત્યું. કૉલેજ-કેળવણી એમણે શામળદાસ કૉલેજમાં, એલ્ફિન્સ્ટન કૉલેજમાં અને પૂનાની ડેક્કન કૉલેજમાં લીધી હતી.

1889માં બી.એ. થયા. અંગ્રેજીના વિષયમાં તેઓ આખી યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યા હતા. પૂના, કરાંચી અને અજમેરની કૉલેજોમાં અધ્યાપન કર્યું.

1903થી દસ વર્ષ સુધી રાજકોટમાં રાજકુમાર કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી. વ્યવસાયે તેઓ શિક્ષણકાર્ય સાથે સંલગ્ન રહ્યા છતાં આ સારસ્વતના અંતરના તાર તો સાહિત્ય, ઇતિહાસ, વિજ્ઞાન અને અર્થશાસ્ત્ર જેવા વિષયમાં ગૂંથાયેલા રહ્યા. એમની નિમણૂક પૂનામાં ડેક્કન કૉલેજમાં થઈ હતી અને એ નિવૃત્ત થયા ત્યાં સુધી 1924 સુધી એ તે જ હોદ્દા પર રહ્યા.

ગુજરાતી સાહિત્ય પરિષદની પ્રવૃત્તિ સાથે તો એમનો ગાઢ પરિચય રહ્યો હતો. પરિષદનું ત્રીજું અધિવેશન રાજકોટમાં મળ્યું હતું. તેમાં બળવંતરાય ઠાકોરે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. આમ છતાં બળવંતરાય ઠાકોરનું પ્રથમ પુસ્તક પ્રમાણમાં મોડું પ્રસિદ્ધ થયું - 1905માં અને એ પણ કવિ કાલિદાસના 'અભિજ્ઞાન શાકુંતલ'નું ભાષાંતર ! એમનો પ્રથમ મૌલિક કાવ્યસંગ્રહ 'ભણકાર' તો છેક 1917માં પ્રગટ થયો. 'ભણકાર' બે ભાગે પ્રગટ થયો. બ. ક. ઠાકોરે વિપુલ પ્રમાણમાં કાવ્યો લખ્યાં નથી. 'ભણકાર' ભાગ 1 અને 2 એ બે જ તેમના કાવ્યસંગ્રહો છે. બીજું લખાણ ગદ્યમાં છે.

બળવંતરાય ઠાકોર સ્વભાવે નાનપણથી જ બંડખોર હતા. એમની પ્રયોગશીલ વૃત્તિએ તેમને નવી પેઢીને જૂની પેઢીથી અલગ તારવી આપવાનું કામ કર્યું છે. તેમનાં મૌલિક સર્જનો તેમ જ વિવેચન દ્વારા તેમણે ગુજરાતી સાહિત્યમાં નવાં રૂપો-આકારો, ઉદ્ગારો અને ઉન્મેષોનું પ્રદાન કર્યું હતું. તેમનું આ પ્રદાન, આ અભિવ્યક્તિ ખાસ કરીને તેમની કાવ્યસર્જનપ્રવૃત્તિમાં આવિષ્કાર પામ્યાં. તેમણે કરેલા અભિનવ પ્રયોગો આત્મવિશ્વાસથી ભર્યાભર્યા, પ્રાણવાન અને તાજગીભર્યા હતા. લોકપ્રિયતાને ઉત્તમ કૃતિનું પ્રમાણપત્ર કદી તે માનતા નહિ.



કાવ્યસ્વરૂપોના ક્ષેત્રે બળવંતરાયનું મુખ્ય પ્રદાન સૉનેટનું છે. સૉનેટ પ્રકાર મૂળ ઇટાલીનો, પછી ઇંગ્લૅન્ડમાં આવ્યો અને 19મી સદીમાં તે આપણા દેશમાં આવ્યો. કાન્ત અને બળવંતરાય એ બંનેએ ગુજરાતી ભાષામાં તેના પર સફળતાપૂર્વક હાથ અજમાવ્યો હતો. બળવંતરાયે સૉનેટ વિકસાવ્યું, વિસ્તાર્યું અને રમાડ્યું. બળવંતરાયનાં ઘણાંખરાં સૉનેટો પૃથ્વીછંદમાં લખાયેલાં છે. સૉનેટની રચનાઓમાં અનેક પ્રયોગશીલતાને આવકારી, અપનાવી અને તેઓ અનુકરણ કરતા થઈ ગયા. પરિણામે ગુજરાતી કવિતા ખૂબ વિસ્તરી, ગહન બની અને સૂક્ષ્મ ભાવોથી પરિપૂર્ણ બની. પદ્યની જેમ ગદ્યલેખનમાં પણ એમણે અખતરાબાજી કરી, પરિણામે ગદ્યમાં પણ નવતર પ્રયોગો ગુજરાતી સાહિત્યને મળ્યા.

બળવંતરાય ઠાકોરનું સાહિત્ય બુદ્ધિમાન વર્ગને જ દૃષ્ટિમાં રાખીને સર્જાયું હોવાના કારણે તે ચિંતનથી લદાયેલું છે. આથી સામાન્ય વાચક માટે તે દુર્બોધ અને ક્યારેક નીરસ પણ બન્યું છે. તેઓ જોડણી પોતાની રીતે જ કરતા. જોડણીમાં નિયમો પાળતા નહિ. એમણે કાન્તવિષયક તેર મૈત્રીકાવ્યો લખ્યાં છે. ગુજરાતી સાહિત્યના અગ્રગણ્ય ગદ્યકારોમાં બ. ક. ઠાકોરનું સ્થાન છે. ગુજરાતી ભાષાના પોતાને અનુકૂળ ફારસી-અરબી, સંસ્કૃત-પ્રાકૃત, શિષ્ટ અને તળપદા શબ્દો - રૂઢિપ્રયોગોનો ઉપયોગ કરીને પોતાને ઇષ્ટ અર્થને ચોકસાઈપૂર્વક વ્યક્ત કરવાનો તેમણે પ્રયાસ કર્યો છે.

સર રમણભાઈ નીલકંઠ

(જ. 13-3-1868 * અ. 6-3-1928)



એક સમર્થ હાસ્યકારે કહ્યું છે કે 'ભદ્રંભદ્ર'ના રચનારને પદભ્રષ્ટ કરી શકે એવો મહાનુભાવ ગુજરાતની હાસ્યસૃષ્ટિમાં હજી જન્મ્યો નથી. પોતાના 'ભદ્રંભદ્ર' પાત્ર દ્વારા ચિરંજીવ બનેલા રમણભાઈ આજે પણ ગુજરાતી સાહિત્યમાં માનભર્યું સ્થાન ધરાવે છે. રમણભાઈનો જન્મ અમદાવાદમાં.

1889માં રમણભાઈ એલએલ.બી. થયા. એ જ વર્ષમાં એમનું લગ્ન ગુજરાતના સુધારાના આંદોલનના અગ્રણી અને પ્રાર્થનાસમાજના સંસ્થાપક ભોળાનાથ સારાભાઈની દૌહિત્રી વિદ્યાગૌરી સાથે થયું. એ સુખી દાંપત્યે જીવનભર સાહિત્ય અને સમાજસેવાનાં અનેક કાર્યો કરી તે જમાનામાં શિક્ષણ અને સુધારાના ક્ષેત્રે નવા ચીલા પાડ્યા. રમણભાઈની સાહિત્યસેવાની શરૂઆત 1887થી થઈ. પ્રાર્થનાસમાજ તરફથી 'જ્ઞાનસુધા' નામે એક માસિક પ્રસિદ્ધ થતું, જેનું તંત્રીપદ 1887માં સ્વીકાર્યું ત્યારથી 1918માં એ માસિક બંધ થયું ત્યાં સુધી એમણે તેનું સંચાલન કર્યું હતું.

તેમની ઊંડી અવલોકનશક્તિએ માનવસ્વભાવનાં અનેક પાસાં જોયાં, તેથી તેમનામાં રહેલી સુષુપ્ત એવી વિનોદવૃત્તિ જાગી ઊઠી. તેમાં સંસારસુધારાની સંનિષ્ઠ ભાવના ભળી અને 'ભદ્રંભદ્ર'નું સર્જન થયું. 'હાસ્યમંદિર', 'રાઈનો પર્વત' અને 'ધર્મ અને સમાજ' એ તેમની નોંધપાત્ર કૃતિઓ છે. ગુજરાતના જાહેરજીવનના તેઓ અગ્રેસર હતા. રમણભાઈના જાહેરજીવનમાં મુખ્ય પ્રવૃત્તિ અમદાવાદ શહેર સુધરાઈ અંગેની અને ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અંગેની રહી છે. સરકારે તેમને 1913માં મુંબઈ ધારાસભાના સભ્ય નિયુક્ત કર્યા હતા.

રણજિતરામ વાવાભાઈ

(જ. 25-10-1881 * અ. 5-5-1917)



ગુજરાત સાહિત્ય સભા, ગુજરાતી સાહિત્ય પરિષદ, સાહિત્ય તથા કલાનાં પ્રદર્શનો, ગુજરાતી કેળવણી પરિષદ વગેરે પ્રવૃત્તિઓ હાથ ધરી ગુજરાતની અસ્મિતાના વિકાસમાં અસામાન્ય ફાળો આપનાર રણજિતરામ મહેતાનો જન્મ સુરતમાં. 1903થી શિક્ષણકાર્ય કરી ત્રિભુવનદાસ ગજ્જરના મંત્રી તરીકે મુંબઈ ગયા હતા.

આ અરસામાં ગુજરાતમાં સાહિત્યની એકેય સંસ્થા નહોતી, જે કાંઈ પ્રયાસો એ દિશામાં થતા તે છૂટાછવાયા અને ધોરણ વિનાના હતા, તે વખતે સાહિત્યનું કામ પદ્ધતિસર કરવા માટે, સાહિત્યનો શાસ્ત્રીય રીતે અભ્યાસ કરવા લેખકો અને વિદ્વાનોને એકત્ર કરવા ને એકબીજાના પરિચયમાં આણવાને તેમણે 1904માં અમદાવાદમાં પહેલી ગુજરાત સાહિત્ય સભાની સ્થાપના કરી, જે ફત્તેહમંદ નીવડી. આવી શરૂઆત કરવાનું - એક નવો ચીલો પાડવાનું - એક નવી પ્રથા પાડવાનું માન રણજિતરામને ઘટે છે. એ માટે સમગ્ર ગુજરાત તેમનું ઋણી રહેશે. રણજિતરામના અથાગ પરિશ્રમથી ઈ. સ. 1905ના જૂનની 30મી, જુલાઈની 1લી-2જી તારીખોએ સાહિત્યપરિષદનું અધિવેશન ભરાયું હતું. તેના પ્રમુખસ્થાને હતા શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી. એ પરિષદ અમદાવાદમાં પ્રેમાભાઈ હૉલમાં મળી હતી. આ પછી સાહિત્યપરિષદનું બીજું અધિવેશન મુંબઈમાં મળ્યું હતું. ત્યારે રણજિતરામ મુંબઈ સ્થિર થયા હતા. અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ 1928થી રણજિતરામ સુવર્ણચંદ્રક આપવાની પ્રથા આરંભીને એમની સ્મૃતિને જાળવવાનો પ્રયાસ કર્યો છે.

કલાપી

(જ. 26-1-1874 * અ. 10-6-1900)



મધુરરસથી ભર્યા જામ જેવી માત્ર છવ્વીસ વર્ષની જિંદગી જીવી જનાર કલાપી એક દંતકથા સમાન છે. રાજા, કવિ અને પ્રેમીનો યોગ ક્વચિત જ થાય. પ્રજાવત્સલ રાજા અને પ્રેમયોગી તરીકે લોકહૃદયમાં ચિરંજીવ સ્થાન તે પ્રાપ્ત કરી ગયા.

રાજકોટની રાજકુમાર કૉલેજમાં એમણે શિક્ષણ લીધું. રાજકીય ખટપટોને કારણે ઘણું ઓછું શિક્ષણ પામેલા કલાપીએ અંગત શિક્ષક રોકીને અંગ્રેજી-સંસ્કૃતનું શિક્ષણ મેળવ્યું. ફારસી-ઉર્દૂનો પણ અભ્યાસ કર્યો, વાચન-અધ્યયનની રુચિ કેળવી. અન્ય ભાષાઓના ગ્રંથોના વાચને એમની સજ્જતા કેળવવામાં યોગદાન કર્યું.

સોળમે વર્ષે લાઠીના સુરસિંહજીએ કચ્છની કુંવરી રમા સાથે લગ્ન કર્યાં. રમાની સાથે જ દાસી તરીકે આવેલી સાત-આઠ વર્ષની નાની બાલિકા મોંઘીથી રાજવી પ્રભાવિત થયા. તેને ભણાવીને મોંઘીમાંથી શોભના બનાવી, પરંતુ 'શોભના' બનતાં સુધીમાં તો તેણે કલાપીના હૃદયનો કબજો લઈ લીધો. સામાજિક અને નૈતિક ધોરણો, શોભનાનો સ્વીકાર વર્જ્ય ગણતાં. શોભના વિના જીવન એમને અકારું લાગતું હતું.

18 વર્ષની વયે કલાપીએ લેખનપ્રવૃત્તિ આરંભી હતી. તેના ફળસ્વરૂપે ગુજરાતી સાહિત્યને તેમનાં કાવ્યો મળ્યાં. તેમાં સૌથી મહત્ત્વનું કાવ્ય 'હૃદયત્રિપુટી' આપણા સાહિત્યનું એક ઉત્તમ પ્રેમકાવ્ય છે. અલબત્ત, 1892માં પ્રસિદ્ધ થયેલું એમનું પ્રથમ લખાણ કાશ્મીરપ્રવાસના વર્ણનનું હતું. સાહિત્યકાર તરીકે કલાપીનું મહત્ત્વ એમના 'કેકારવ'ને કારણે જ છે. 'કલાપીનો કેકારવ' ઈ. સ. 1903માં કવિ કાન્તે પ્રગટ કર્યો.

કવિહૃદય

કલાપી એક વખત મિત્રોને લઈને માથેરાન ગયેલા. એક દિવસ સૌ બેઠા હતા તેવામાં એક પંખી વેચનારો બુલબુલનાં પાંજરાં લઈને આવ્યો. બુલબુલોને જોતાં જ કલાપી આનંદમાં આવી ગયા : 'લાઠીને બુલબુલોથી ગાજતું કર્યું હોય તો કેવું ?'

આ સાંભળીને હરગોવિંદ નારાજ થયા. તેમણે કંઈક ઉગ્ર સ્વરે કહ્યું : 'ઠાકોર, આવાં બિચારાં પંખીને તમે પકડી પાંજરે પૂરીને દીવાલો વચ્ચે ગોંધી રાખો છો ! બિચારા વગડાના જીવને વગડામાં જીવવા દેતા નથી !' આમ છતાં કલાપીએ બધાં જ બુલબુલો ખરીદી લીધાં.

હરગોવિંદ નારાજ થઈને બોલ્યા : 'એ ખુલ્લા આકાશના પંખીને પાંજરામાં પૂરી રિબાવીને મારી નાખો છો !' આટલું કહી કવિ હરગોવિંદ બેઠક છોડી ચાલ્યા જ ગયા.

બીજે દિવસે વહેલી સવારે કવિ હરગોવિંદ નીચે આવ્યા ત્યાં સવારના ઝાંખા અજવાળામાં કલાપી સ્થિર ઊભા હતા. તેમણે નજીક જઈ જોયું તો બધાં પાંજરાં ખુલ્લાં હતાં ને ઊડી જતાં બુલબુલો તરફ કલાપી રસથી જોતા હતા.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

(જ. 1-12-1885 * અ. 21-8-1981)



કાકાસાહેબનું મૂળ નામ દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર. 1907માં પુનાની કોલેજમાંથી બી.એ. થયા. પિતાની સરકારી નોકરીને કારણે વારંવાર તેમની બદલી થયા કરતી. પરિણામે વિવિધ સ્થળો તેમને જોવા મળ્યાં અને માનવસ્વભાવનાં વિધવિધ પાસાંઓનો તેમને અનુભવ થયો. આ કારણે તેમનો પ્રવાસપ્રેમ પણ વધ્યો. તેમણે હિમાલયનો લગભગ 3500 કિલોમીટરનો પગપાળા પ્રવાસ કર્યો. બ. ક. ઠાકોર જેવા કડક વિવેચકે કાકાસાહેબને ગુજરાતના પ્રથમ દસ ગદ્યસ્વામીઓમાંના એક ગણ્યા અને ગાંધીજીએ તેમને 'સવાઈ ગુજરાતી'નું બિરુદ આપ્યું.

1920થી તેમણે ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રાચીન ઇતિહાસ, ધર્મશાસ્ત્ર, ઉપનિષદો અને બંગાળી ભાષાનું અધ્યાપનકાર્ય કર્યું. 1922માં ગાંધીજીને છ વર્ષની કેદની સજા થઈ. એ પછી 'નવજીવન'ના તંત્રી અને સંચાલક સ્વામી આનંદ થયા. એ પણ થોડા વખતમાં પકડાઈ ગયા. એ પછી 'નવજીવન' અંગેની જવાબદારી કાકાસાહેબ પર આવી. 1928માં ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક બન્યા. 1934 સુધીમાં તો તેઓ ગાંધીરંગે પૂરેપૂરા રંગાઈ ગયા હતા. 1959માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ બન્યા હતા.

1965નું સાહિત્ય અકાદમી, દિલ્હીનું પારિતોષિક અને 1964માં 'પદ્મવિભૂષણ'નો ઇલ્કાબ પણ એનાયત થયેલાં. તેમણે 'પૂર્વરંગ', 'જીવન-સંસ્કૃતિ', 'જીવનનો આનંદ', 'જીવનનો વિકાસ', 'હિમાલયનો પ્રવાસ', 'સ્મરણયાત્રા' વગેરે અનેક પુસ્તકો લખ્યાં. કાકાસાહેબે લખ્યું છે તો ગદ્યમાં, પરંતુ સાચા અર્થમાં તો તેમની કવિતા જ ગદ્યવેશે ઊતરી આવી છે. જન્મે મહારાષ્ટ્રી હોવા છતાં પરભાષા ગુજરાતીમાં આવું ચિરંજીવ, મૂલ્યવાન અને સુંદર સાહિત્યસર્જન કરનાર તો વિરલ અપવાદરૂપ જ ગણાય. ગાંધીયુગીન ગુજરાતી સાહિત્યમાં કાકાસાહેબ એક સીમાસ્તંભ છે.

ન્હાનાલાલ દલપતરામ

(જ. 16-3-1877 * અ. 9-1-1946)

'ઊગ્યો પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજ' કહીને તેમના પોતાના જ શબ્દમાં કવિ કાન્તે જેમને બિરદાવ્યા હતા તે કવિ ન્હાનાલાલ ગુજરાતની કવિતાના આકાશમાં સાચે અમીવર્ષણ ચંદ્રરાજ જ હતા. કવિનો જન્મ કવિપિતા કવીશ્વર દલપતરામને ત્યાં અમદાવાદમાં થયો હતો.

અમદાવાદની ગુજરાત કૉલેજ, મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજ અને પુણેની ડેક્કન કૉલેજમાં શિક્ષણ લઈ તેઓ બી.એ. થઈ 1901માં એમ.એ. થયા. પછી 1902થી 1918 સુધી રાજકુમારો માટેની બે કૉલેજો - સાદરાની સ્કોટ કૉલેજ અને રાજકોટની રાજકુમાર કૉલેજમાં અધ્યાપનકાર્ય કર્યું. જલિયાંવાલાબાગના હત્યાકાંડે જન્માવેલા રાષ્ટ્રપ્રકોપ અને ગાંધીજીપ્રેરિત અસહકારની હવામાં 1920માં રજા ઉપર ઊતરી 1921માં એ સરકારી નોકરીનું રાજીનામું આપી અમદાવાદને પોતાનું કાયમી નિવાસસ્થાન બનાવ્યું.



ભાવ, ભાષા અને શૈલી, ઉચ્ચ ભાવના અને આદર્શો સાથે તેમનાં કાવ્યો પ્રગટ્યાં અને ગુજરાતની પ્રજાનું ચિત્ત હરી બેઠાં. તે સમયે ગુજરાતનું રસજીવન જે ઝંખતું હતું - સ્ત્રી અને પુરુષ પ્રત્યેનો જીવનમાં મૂર્ત થતો, ઝંખનાભર્યો પ્રબળ પ્રેમ - તે પ્રેમને આદર્શની ઉચ્ચ કોટિએ રાખીને ન્હાનાલાલે તેમનાં અદ્‌ભુત કાવ્યોની અને કાવ્યમય નાટકોની રચના કરી. તેમનાં એ કાવ્યો, ગીતો ગુજરાતી પ્રજાએ ઉમળકાભેર વધાવી લીધાં. એ સમયમાં અમદાવાદની શેરીઓમાં અને શહેરને છેવાડે આવેલી અભણ અને સરળ, અજ્ઞાન વસ્તીવાળા ભાગોમાં પણ ત્યાંની ગુજરાતણોને કંઠે આ ગીતો વહેતાં થઈ ગયાં હતાં. દયારામના મૃત્યુ બાદ પહેલી જ વાર ગુજરાતી નારીને કંઠે ગાવા માટે સરળ અને અદ્‌ભુત ગીતો સાંપડ્યાં.

નાની ઉંમરે લખવાનું શરૂ કર્યું હતું. મૅટ્રિકમાં અભ્યાસ કરતા હતા ત્યારથી જ એ લખતા. કૉલેજમાં ગયા બાદ નિયમિત રીતે લખતા. તેમનું સૌપ્રથમ કાવ્ય 'વસંતોત્સવ' 1898માં લખાયું અને 1903માં પ્રગટ થયેલા પ્રથમ કાવ્યસંગ્રહ 'કેટલાંક કાવ્યો'માં પ્રગટ થયું. સાહિત્યસર્જનમાં તેમનું ઉત્તમ પ્રદાન ઊર્મિકાવ્યો છે. આ ઉપરાંત લગ્નગીતો, હાલરડાં, રાસ-ગરબા, ભજનો, કથાગીતો, પ્રાસંગિક કાવ્યો તેમ જ બાળગીતો પણ તેમણે લખ્યાં છે. કવિની કવિતાના મુખ્ય કવનવિષય પ્રકૃતિસૌંદર્ય, પ્રણય અને પ્રભુ છે. છંદો તેમને કવિતાસર્જનમાં બંધનરૂપ લાગતા હતા. તેઓ માનતા કે કવિતાને તો માત્ર ઊર્મિનું જ ડોલન જોઈએ, બાકી બધાં બંધનો તો કવિતાના સ્વરૂપને કૃત્રિમ કરી નાખે છે. આથી નવો લય ઉપજાવવાની ઇચ્છાથી તેમણે ડોલનશૈલી ઉપજાવી હતી. અને એ રાગયુક્ત ગદ્ય જેવી માત્ર ઊર્મિઓનું ડોલન સ્વીકારનારી શૈલીમાં 'જયા-જયંત', 'ઇન્દુકુમાર' વગેરે નાટકો અને બીજી અનેક કાવ્યકૃતિઓ તેમણે ઉતારી હતી. તેમનું મરણોત્તર પુરાણકલ્પ પ્રકાશન બનેલ 'હરિસંહિતા' ભાગ 1-2-3 1959-60માં પ્રગટ થયું. આ એમની વિપુલકાય કૃતિ હોવા છતાં નિર્ધારાયેલાં બાર મંડળોમાંથી આઠ જેટલાં જ હોઈ અપૂર્ણ રહી.

કવિનાં નાટકોમાં 'ઇન્દુકુમાર' અને 'જયા-જયન્ત', 'પ્રેમકુંજ', 'અમરવેલ', 'વિશ્વગીતા', 'શાહાનશાહ અકબર શાહ', 'સંઘમિત્રા' વગેરે છે, તો 'પાંખડીઓ' તેમનો વાર્તાસંગ્રહ છે. જોકે તેઓ આને વાર્તાઓ નહિ, પરંતુ પ્રસંગો તરીકે ઓળખાવે છે. તેમનાં વ્યાખ્યાનોના પણ સંગ્રહો થયેલા છે. આ વ્યાખ્યાનો ગૃહજીવન, શિક્ષણ, સમાજપ્રશ્નો, સાહિત્ય, ધર્મ, કલા - એમ જીવનનાં બધાં મુખ્ય ક્ષેત્રોને સ્પર્શી વળતાં હોઈ કવિને એક સ્વસ્થ અભ્યાસી વિચારક તરીકે રજૂ કરે છે. આ ઉપરાંત ગુજરાતની ભૂગોળનાં શિક્ષણોપયોગી પુસ્તકો પણ એક શિક્ષકની દૃષ્ટિવૃત્તિથી લખ્યાં છે.

દેશભક્તિનાં ગીતો પણ ન્હાનાલાલે લખ્યાં છે તેમ જ ગુજરાતભક્તિનાં પણ સુંદર ભાવવાહી ગીતો તેમની કલમે ગુજરાતને મળ્યાં છે. ગાંધીજીની સુવર્ણજયંતી પ્રસંગે પણ તેમણે કાવ્ય લખ્યું હતું. કલ્પનાનો જે વૈભવ તેમનાં કાવ્યોમાં જોવા મળે છે તેવો વૈભવ ભાગ્યે જ બીજા ગુજરાતી કવિમાં મળશે. જીવનના ઉલ્લાસનો અનુભવ એમના સમો આપણને કોઈએ કરાવ્યો નથી. તેમણે પોતાના સર્જન દ્વારા ગુજરાતી ભાષાનું સામર્થ્ય બતાવ્યું છે. શબ્દને ન્હાનાલાલનો સ્પર્શ થાય અને એ જાણે પુષ્પ બની જાય છે. એમના મંત્રશક્તિભર્યા શબ્દો અને એમાંથી ફલિત થતો પ્રેરણાસૂર ગુજરાતી વાઙ્‌મયને શોભાવનારો અલંકાર બની જાય છે. 'સૂંસાં પૈસા ચાર'નું બિરુદ પામેલી ગુજરાતી ભાષાને સમૃદ્ધિ આપી મહાકવિ પ્રેમાનંદે, પણ શક્તિ અને તેજ આપ્યાં કવિવર ન્હાનાલાલે. તેમણે માત્ર શબ્દ આપ્યા નથી, પરંતુ લય અને તાલ પણ આપ્યા છે.

ઓગણીસમી શતાબ્દીના ઉત્તરાર્ધમાં ગુજરાતમાં જે વિભૂતિઓ ઉદય પામી, ઝળહળી તેમાં ન્હાનાલાલ આગલી હરોળમાં છે.

કનૈયાલાલ મુનશી

(જ. 30-12-1887 * અ. 8-2-1971)

ભરૂચમાં સામાન્ય સ્થિતિમાં ઉચ્ચ ભાર્ગવ બ્રાહ્મણ કુટુંબમાં સરકારી અમલદાર પિતા માણેકલાલ અને માતા તાપીબાઈને ત્યાં એમનો જન્મ થયો. 1902માં મેટ્રિક, 1906માં વડોદરા કોલેજમાંથી બી.એ. અને 1910માં એલએલ.બી. થયા. 1913માં વકીલાત શરૂ કરી. મુનશીજી યુવાકાળથી જ સ્વપ્નસેવી હતા. અનેક સ્વપ્નો એમના ચિત્તગર્ભમાંથી સાકાર થવાના સળવળાટમાં હતાં. સાહિત્યસર્જન, રાજનીતિ, ઇતિહાસ સંશોધન, ગુજરાતી અસ્મિતાની પુનઃસ્થાપના, ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને વારસાની પુરસ્કૃતિ જેવી અનેક ચીજો એમના ભાવુક હૃદયનો અને મેધાવી મગજનો કબજો જમાવીને બેઠી હતી. એમની યુવાનીમાં સાહિત્યપ્રવૃત્તિના પ્રખર પુરસ્કર્તા રણજિતરામનો મૈત્રીસંબંધ પારસમણિના સ્પર્શ સમાન નીવડ્યો.

મુનશીજીએ સાહિત્યલેખનનો આરંભ કર્યો ટૂંકી વાર્તાથી. તેમની પ્રથમ ટૂંકી વાર્તા 'મારી કમલા' 'ઘનશ્યામ'ના ઉપનામથી 'સ્રીબોધ' માસિકમાં પ્રગટ થઈ, જે સારી પ્રશંસા પામી. ત્યાર પછી પણ તેમણે થોડી ટૂંકી વાર્તાઓ લખી, પરંતુ ટૂંકી વાર્તાનું ફલક જાણે તેમને નાનું પડ્યું. પછી તેમનો સર્જનપ્રવાહ નવલકથા તરફ વળ્યો. તે પ્રકારમાં તેમણે વિપુલ સાહિત્યસર્જન કર્યું. સામાજિક નવલકથાઓ, ઐતિહાસિક નવલકથાઓ અને પૌરાણિક નવલકથાઓ સુધી એમની સૃષ્ટિ વિસ્તરી.

સાહિત્ય અને વકીલાત બંને ક્ષેત્રો જ શા માટે, મુનશીજીએ જે જે ક્ષેત્રમાં પ્રવેશ કર્યો એ દરેક ક્ષેત્રની ઉચ્ચ કોટિ સુધી તેઓ પહોંચી શક્યા હતા. યુવાન ઉંમરે સમાજસુધારાની અને પ્રણયભાવનાની તેમણે હિમાયત કરી હતી. તેમણે લીલાવતી શેઠ સાથે વિધવાવિવાહ કરીને તે સમયમાં હલચલ મચાવી હતી. જુવાન વયમાં રાજકારણમાં હોમરૂલ લીગના આંદોલનમાં જોડાયા. પછીથી રાજકારણના ક્ષેત્રમાં પણ તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો.

સ્વાતંત્ર્યપ્રાપ્તિ ટાણે સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડનારી બંધારણસભામાં પોતાના કાયદાકીય જ્ઞાન અને વિચક્ષણ બુદ્ધિથી આગવી હરોળમાં રહી કીમતી ફાળો આપ્યો. દેશી રાજ્યોના વિલીનીકરણ વખતે સરદાર વલ્લભભાઈની નજર એમના પર ઠરેલી અને એમણે મુનશીજીને હૈદરાબાદના એજન્ટ જનરલનો કાંટાળો તાજ પહેરાવેલો. અહીં તેમણે પોતાની મુત્સદ્દીગીરી અને કુનેહનો પરચો દેશને આપેલો. 1950થી 1952 સુધી કેન્દ્રીય પ્રધાન તરીકે પણ કામગીરી બજાવેલી.

સંસ્કારક્ષેત્રે પણ એમની લેખનપ્રવૃત્તિ ઉપરાંત સ્થાયી પ્રવૃત્તિ 1938માં મુંબઈમાં ભારતીય વિદ્યા ભવનની સ્થાપનાની છે. શાશ્વત-આધ્યાત્મિક મૂલ્યો પર આધારિત આ દેશની પ્રાચીન સંસ્કૃતિને તેના શુદ્ધ સ્વરૂપે પુનર્જીવિત કરવાના અને જાળવી રાખવાના ભગીરથ પ્રયાસરૂપ આ સંસ્થા એમનું આગવું અર્પણ છે. દેશભરમાં તેમ જ અન્ય દેશોમાં પણ વિસ્તરેલા ભારતીય વિદ્યા ભવનને અર્વાચીન ઋષિકુળનું સ્વરૂપ આપવા તેમનો આ પ્રશસ્ય પ્રયત્ન છે. ભારતીય સંસ્કૃતિના પ્રાચીન વારસાની અર્વાચીનતા સાથે સંવાદિતા માટે તેઓ જીવનના અંત સુધી પ્રયત્નશીલ રહ્યા. સંસ્કૃત-પ્રાકૃત આદિ ભાષા-સાહિત્યનાં અધ્યયન-સંશોધન અને પ્રકાશનો દ્વારા એમણે ભારતીય વિદ્યાનું ગૌરવ કર્યું છે. ભારતીય સંગીત અને નૃત્ય જેવી કલાઓની ઉપાસના માટે પણ ભવન એક શ્રદ્ધેય સ્થાન બની રહ્યું.

ગોવર્ધનરામની 'સરસ્વતીચંદ્ર' નવલકથા પછી મુનશીની નવલો ગુજરાતી નવલકથાના વિકાસનું એક વિશિષ્ટ પ્રકરણ બની રહે છે. નવલકથામાં નાટ્યાત્મકતા મુનશીનું નોંધપાત્ર પ્રદાન છે. મુનશીનો ઇતિહાસપ્રેમ એમને પુરાણો સુધી ખેંચી જાય છે. વેદ-પુરાણકાળને નિરૂપીને એક સાંસ્કૃતિ કથા રચવાની એમની ઇચ્છા પૌરાણિક નવલકથાઓ અને નાટકો દ્વારા ચરિતાર્થ થઈ છે. આ ઉપરાંત એમણે પૌરાણિક, ઐતિહાસિક અને સામાજિક એમ ત્રણે પ્રકારનાં નાટકો લખ્યાં છે.



વિવિધ ક્ષેત્રે આવી અનેક સિદ્ધિઓના સ્વામી હોવા છતાં તેમની ચિરંતન કીર્તિનું અધિકારી તો તેમનું લેખનસર્જનનું ક્ષેત્ર જ રહ્યું. મુનશીજીએ ઐતિહાસિક નવલકથાલેખનના ક્ષેત્રે અદ્ભુત કૌશલપૂર્વક આલેખન કરીને સૌને આંજી નાખ્યા. તેમાંય સોલંકીયુગની નવલત્રયી 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ' તેમની યશકલગી સમાન છે. ત્રણ નવલકથાઓમાં સમાયેલી આ સોલંકીયુગની મહાકથા છે. આ નવલકથાઓનાં પાત્રો ગુજરાતની પ્રજાને હૈયે ચિરકાળ વસી ગયાં છે. ચેતનાથી તરવરતાં, અસાધારણ શક્તિવાળાં, પ્રભાવશાળી ધબકતાં જીવંત પાત્રો વાચકને મુગ્ધ કરી દે છે. મુનશીજીનું પ્રણયભાવોનું આલેખન પણ તેમના પુરોગામીઓથી અનોખું છે. તેમાં ભાવની મૃદુતાની સાથેસાથે આવેશનો ધસમસાટ છે.

જે ઉંમરે કોઈ પણ વ્યક્તિ નિવૃત્ત થવાનો ખ્યાલ સેવે તેવી ઉંમરે તેમણે એક મહાકાર્ય આરંભ્યું, તે 'કૃષ્ણાવતાર' મહાનવલ - શ્રેણીનો પ્રારંભ કરવાનું. આઠ ખંડોમાં વિસ્તરેલી એ મહાનવલનો છેલ્લો ભાગ લખતાં એમની કલમને વિધિએ અટકાવી દીધી. ઇકોતેર-બોંતેર વર્ષની જૈફ ઉંમરે તેમણે 'તપસ્વિની' જેવી દોઢ હજાર પાનાંની નવલકથા લખીને લોકોને ચકિત કરી દીધા. ગોવર્ધનરામ પછી નવલકથાક્ષેત્રે તેઓ યુગપ્રવર્તક રહ્યા. મુનશીજી માત્ર ગુજરાતની અસ્મિતા ગાઈને સંતુષ્ટ ન રહ્યા, પરંતુ ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિના પુનર્જાગરણના જ્યોતિર્ધર બની રહ્યા. પોતે સેવેલાં સ્વપ્નો પોતાના જીવનકાળ દરમિયાન સિદ્ધ થયેલાં જોવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરનાર વિરલ વ્યક્તિઓમાં મુનશીજી હતા.



વિશિષ્ટ કૃતિઓ :

'વેરની વસૂલાત', 'કોનો વાંક ?', 'સ્વપ્નદૃષ્ટા', 'તપસ્વિની', 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ', 'જય સોમનાથ', 'પૃથિવીવલ્લભ', 'ભગવાન કૌટિલ્ય', 'ભગવાન પરશુરામ', 'કૃષ્ણાવતાર' ખંડ 1 થી 8 (નવલકથા), 'લોપામુદ્રા', 'બે ખરાબ જણ', 'કાકાની શશી', 'ધ્રુવસ્વામિનીદેવી' (નાટક), 'નરસૈંયો ભક્ત હરિનો', 'નર્મદ' (ચરિત્ર), 'ચક્રવર્તી ગુર્જરો', 'ગુજરાતની અસ્મિતા' (ચિંતન), 'અડધે રસ્તે', 'સીધાં ચઢાણ', 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' (આત્મકથા).

'ધૂમકેતુ' ગૌરીશંકર જોષી

(જ. 12-12-1892 * અ. 11-3-1965)



ધૂમકેતુનો પ્રથમ વાર્તાસંગ્રહ 'તણખા' મંડળનો પહેલો ભાગ પ્રસિદ્ધ થયો ત્યારે સાહિત્યાકાશમાં આ 'તણખા'નાં તેજ સૂર્યની જેમ પ્રકાશી ઊઠ્યાં. પહેલા જ પુસ્તકથી તેઓ સર્વમાન્ય અને સર્વશ્રેષ્ઠ વાર્તાકાર તરીકે પ્રજાના હૃદયમાં વસી ગયા.

સૌરાષ્ટ્રના વીરપુરમાં તેમનો જન્મ. 1920માં અંગ્રેજી-સંસ્કૃત વિષયો સાથે સ્નાતક થયા. નાનીમોટી નોકરીઓ કરી 1923માં અમદાવાદમાં સ્થાયી થયા. 'ધૂમકેતુ' તો ઉપનામ. ગ્રેજ્યુએટ થતાં સુધી તેમણે કાવ્ય, તત્ત્વજ્ઞાન, પરદેશના સાહિત્યસ્વામીઓની કૃતિઓ તેમ જ ઈતિહાસના વિષયનાં પુસ્તકો વાંચ્યાં હતાં. ટૂંકી વાર્તાના સર્જનમાં તેમણે સાવ સામાન્ય થરમાંથી પણ પાત્રોને ઉઠાવ્યાં અને હૃદયસ્પર્શી, ચોટદાર અને અસરકારક વાર્તાઓ આપી. સામાન્ય સ્તરનાં પાત્ર પણ તે કલાત્મકતાથી અવતારતા.

ટૂંકી વાર્તાઓ સિવાય ઐતિહાસિક નવલકથાઓ તેમણે વિપુલ સંખ્યામાં લખી છે. ઈ. 1921માં 'કુમારપાળ' તથા 'સિદ્ધરાજ જયસિંહ' જેવી નવલકથાઓ પ્રગટ થઈ, જેમાં ગુપ્તયુગ અને ચાલુક્યયુગની અસ્મિતા પ્રગટ કરી છે. 'ચૌલાદેવી', 'રાજસંન્યાસી', 'કર્ણાવતી', 'અવંતીનાથ', 'આમ્રપાલી' વગેરે તેમની સુપ્રસિદ્ધ નવલકથાઓ છે, તો 'જિબ્રાનની વાણી', 'જીવનરંગ...' વગેરે ચિંતનાત્મક સાહિત્યનાં પુસ્તકો છે. 'પાનગોષ્ઠિ' હળવો નિબંધસંગ્રહ છે.

1953માં તેમને નર્મદ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો. '44માં વડોદરામાં યોજાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદના સાહિત્યવિભાગના પ્રમુખ તરીકેની તેમણે જવાબદારી નિભાવી હતી.

સ્વામી આનંદ

(જ. 8-9-1887 * અ. 25-1-1976)



સૌરાષ્ટ્રમાં લીંબડી પાસે શિયાણી ગામે જન્મેલા સ્વામી આનંદ કોઈ શાળા-કોલેજમાં ગયા ન હતા. પ્રાથમિક શિક્ષણ મુંબઈમાં લીધું હતું. બચપણમાં ઘરમાંથી ભાગી સારા-નરસા સાધુઓની દુનિયામાં ખોવાઈ ગયા. તેમના સદ્‌ભાગ્યે તેઓ સ્વામી રામકૃષ્ણપંથી અનુયાયીઓના સંસર્ગમાં આવ્યા અને તેમને જીવનની સાચી દિશા પ્રાપ્ત થઈ.

સ્વામી આનંદને બચપણથી જ ભાષાસાહિત્ય પરત્વે નૈસર્ગિક અભિરુચિ હતી. ગાંધીજી આફ્રિકાથી ભારત આવતાં તેમના સંસર્ગમાં આવ્યા અને આકર્ષાયા. 1919થી 1922 સુધી ગાંધીજીનાં 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા'નું તંત્રસંચાલન હાથમાં લીધું. નવજીવન મુદ્રણાલય અને તેના તંત્રમાં ઓતપ્રોત થઈ ગયા. 1928માં બારડોલી-લડતમાં સરદાર પટેલના મંત્રી તરીકે કામ કર્યું હતું. 1930માં થાણા (મુંબઈ), બોરડી (દ. ગુજરાત), કૌસાની વગેરે સ્થળોએ આશ્રમ સ્થાપીને આદિવાસી તેમ જ પછાત વર્ગના લોકો વચ્ચે રચનાત્મક કામ કર્યું.

એમણે કાકાસાહેબ સાથે જ હિમાલય-યાત્રા કરી હતી. વેદ, વેદાંત, ગીતા, ઉપનિષદો, દર્શનો, સંક્ષિપ્ત રામાયણ, મહાભારત, ભાગવત આદિ સંસ્કૃતિગ્રંથો, ધર્મગ્રંથો તેમ જ પાશ્ચાત્ય ઉત્તમોત્તમ સાહિત્ય સ્વામી આનંદે પરંપરાગત કેળવણી લીધા વિના વાંચ્યું અને પચાવ્યું. એ સઘળું જીવનનાં મૂળિયાં સુધી પહોંચાડ્યું. જીવનના આરંભકાળે અભણ અને અબુધ હોવા છતાં આકરી તપશ્ચર્યા કરીને અનાસક્ત, અપરિગ્રહી, જ્ઞાની અને પ્રબુદ્ધ થયા. પોતાનાં તપ, તેજ - સકલ સંસિદ્ધિઓનો સમાજને પૂરેપૂરો લાભ આપીને પરલોકે સંચર્યા.

રામનારાયણ વિ. પાઠક

(જ. 8-4-1887 * અ. 21-8-1955)



'દ્વિરેફની વાતો' જેવા ટૂંકી વાર્તાના પ્રથમ સંગ્રહથી જ ગુજરાતી સાહિત્યમાં એક સમર્થ વાર્તાકાર તરીકે પ્રસ્થાપિત થનાર રામનારાયણ પાઠકનો જન્મ ધોળકા પાસે ગાણોલમાં થયો હતો. ઉચ્ચ શિક્ષણ મુંબઈમાં લઈને કારકિર્દી વકીલાતથી શરૂ કરી, પણ જીવ તેમાં ન લાગતાં, પોતાના રસનાં શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રમાં કારકિર્દી શરૂ કરી.

ગાંધીજીના અસહકાર-આંદોલનનાં મંડાણ થતાં 1921માં વિદ્યાપીઠમાં જોડાયા. 1928 સુધી વિદ્યાપીઠમાં ભાષાસાહિત્યના અધ્યાપક તરીકે કામ કર્યું. બાદમાં 'પ્રસ્થાન' માસિક શરૂ કર્યું. તેમાં એમણે વાર્તાઓ લખવા માંડી અને પરિણામે ગુજરાતી સાહિત્યને ઘાટ અને ઘડતરની દૃષ્ટિએ નવીન વાર્તાઓ મળી. 1935થી 1952 સુધી મુંબઈની યુનિવર્સિટીમાં, અમદાવાદની કૉલેજમાં અને ફરી મુંબઈમાં ભારતીય વિદ્યાભવનમાં અધ્યાપનકાર્ય કર્યું.

1928માં એમનો વાર્તાસંગ્રહ 'દ્વિરેફની વાતો'નો પ્રથમ ભાગ પ્રગટ થયો અને ગુજરાતને એક સમર્થ વાર્તાકાર મળ્યો. પોતાના નામમાં બે 'ર'કાર આવતા હોઈ પોતાનું ઉપનામ 'દ્વિરેફ' રાખી તેમણે 'દ્વિરેફની વાતો'ના ત્રણ ભાગ પ્રગટ કર્યા. ઉપરાંત 'શેષનાં કાવ્યો' જેવો નમૂનેદાર કાવ્યસંગ્રહ પણ આપ્યો. 'સ્વૈરવિહારી' ઉપનામથી એમણે નિબંધનું ક્ષેત્ર ખેડ્યું હતુ. 'ધમ્મપદ' ઉપરાંત રસિકલાલ પરીખ સાથે 'કાવ્યપ્રકાશ'નું ભાષાંતર તથા સંપાદનનાં પુસ્તકો પણ આપ્યાં. વિવેચનના ક્ષેત્રમાં તેમણે કરેલું કામ અજોડ કહી શકાય તેવું છે. 'સાહિત્યવિમર્શ', 'મનોવિહાર', 'બૃહત્ પિંગળ' વગેરે તેમની ઉત્તમ કૃતિઓ છે.

રા.વિ. પાઠકની કૃતિઓ : 'અર્વાચીન ગુજરાતી કાવ્ય-સાહિત્ય', 'અર્વાચીન કાવ્ય-સાહિત્યનાં વહેણો', 'કાવ્યની શક્તિ', 'સાહિત્યવિમર્શ', 'આલોચના', 'નર્મદાશંકર કવિ'ને સમાવતો 'નર્મદ : અર્વાચીન ગદ્યપદ્યનો આદ્ય પ્રણેતા', 'સાહિત્યાલોક', 'નભોવિહાર' અને 'આકલન' એ ગ્રંથોમાં સંઘરાયેલા લેખો દર્શાવે છે કે એમનું ઘણું ગ્રંથાવલોકનકાર્ય 'યુગધર્મ' ને 'પ્રસ્થાન'ને નિમિત્તે થયું છે.

1923થી 'દ્વિરેફ'ના ઉપનામે લખાયેલી અને ત્રણ સંગ્રહોની કુલ 40 વાર્તાઓ આપનાર આ લેખકનો પ્રથમ વાર્તાસંગ્રહ 'દ્વિરેફની વાતો' ભાગ-1, ભાગ-2 અને ભાગ-3 બહુધા 1941 સુધી લખાયેલી વાર્તાઓનો સંગ્રહ છે.

ઝવેરચંદ કાલિદાસ મેઘાણી

(જ. 26-8-1896 * અ. 9-3-1947)



કલકત્તામાં ઍલ્યુમિનિયમનાં વાસણો બનાવનારી પેઢી જીવણલાલ કંપનીમાં સ્થિર થયેલા ઝવેરચંદ મેઘાણીને 1921માં પોતાના વતનનો જાણે સાદ સંભળાય છે અને પોતાની એ મોટા પગારવાળી નોકરી છોડીને લોકસાહિત્યની સેવા કાજે પોતાની ભૂમિમાં પાછા ફરે છે.

શેઠ જીવણલાલ સાથે ઝવેરચંદ ત્રણ મહિના લંડન જઈ આવ્યા. જીવણલાલની ઇચ્છા એવી હતી કે ઝવેરચંદ લંડનમાં જ સ્થિર થાય અને ત્યાંનું કામકાજ સંભાળી લે. પણ... કાઠિયાવાડની ભોમકાની સુગંધ મેઘાણીને સાદ કરીને બોલાવી રહી હતી. ઝવેરચંદ વેપારનો જીવ ન હતા. એ તો સાહિત્યનો જીવ હતા. શેઠ તેમ જ કુટુંબીજનો દુભાયા, પણ પોતાના વતનનો સાદ સાંભળીને ઝવેરચંદ કાઠિયાવાડ પાછા ફર્યા.

કાઠિયાવાડ આવ્યા બાદ તેમને માટે અનેક નોકરીઓ તૈયાર હતી, નિશાળમાં શિક્ષકની તેમ જ દેશી રજવાડાંઓની પણ. તો વળી વેપારમાં નીવડેલા મેઘાણીને વેપાર તરફ ખેંચવાનોય કોઈકે પ્રયત્ન કરી જોયો. દરમ્યાન ઈશ્વરકૃપાએ તેમનો ભેટો હડાળા દરબાર વાજસુરવાળા સાથે થાય છે. બંને વચ્ચે વાતોની રમઝટ બોલી. દરબાર મારફતે કથાવાર્તાના કોઠાર સમા સામંત ગઢવીનો પરિચય થયો. તેમના સત્સંગને લીધે લોકસાહિત્યની સમૃદ્ધિ તરફ મેઘાણીનું ધ્યાન ખેંચાયું. પરિણામે મેઘાણીમાં રહેલો સુષુપ્ત વાર્તાકાર જાગ્રત થઈ ગયો. પિતા કાલિદાસની ફોજદારીની નોકરીમાં બદલીઓને કારણે સૌરાષ્ટ્રની ધરતીનો ખૂણેખૂણો તેમના પગ તળે બાળપણમાં જ ખૂંદાયો હતો. જાતભાતનાં પાત્રોને નજદીકથી નીરખવાનો અને તેમના અંતરંગ પામવાનો મોકો આપોઆપ જ મળી ગયો હતો.

સર્જકનું સ્વયંભૂ ઝરણું ફૂટ્યું. 'મોતીની ઢગલીઓ', 'સમરસની પ્યાલી' અને 'ચોરાનો પોકાર' જેવા લેખો લખાયા. છેલ્લો લેખ રાણપુરથી અમૃતલાલ શેઠના તંત્રી પદે પ્રગટ થતા 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થયો. અમૃતલાલ શેઠ જેવા પારખુએ મેઘાણીનું હીર એક જ લેખમાં પારખી લીધું. મેઘાણીને પોતાને ત્યાં રાખી લીધા અને 'સૌરાષ્ટ્ર' પત્ર તરફથી મેઘાણીએ કરેલો ટાગોરની કથાઓનો અનુવાદ 'કુરબાનીની કથાઓ' પ્રગટ થયું, ઝવેરચંદ મેઘાણીનું આ સૌપ્રથમ પુસ્તક. અમૃતલાલ શેઠે એમના સર્જનને વહેવા પૂરતી સગવડ આપી. શુક્ર, શનિ, રવિ એમ ત્રણ દિવસ કાઠિયાવાડમાં રખડીને લોકસાહિત્ય એકઠું કરવાની છૂટ આપી.

મેઘાણીએ સૌરાષ્ટ્રના ગામેગામ ફરીને લોકકથાઓ, રાસડા, દુહા, ગીતો વગેરે એકઠાં કર્યાં. ચારણથી માંડીને સામાન્ય અભણ વૃદ્ધો કે બાઈઓ પાસે જઈને તેમણે પોતાની નોંધપોથીઓ ભરવા માંડી. પહેલા જ વર્ષે 'સૌરાષ્ટ્રની રસધાર'નો પહેલો ભાગ પ્રગટ થયો. આ પુસ્તકને ગુજરાતમાં અપૂર્વ આવકાર મળ્યો. ત્યાર બાદ 1927 સુધીમાં તો તેના પાંચ ભાગ પ્રગટ થઈ ગયા.

થોડા સમય પછી અમૃતલાલ શેઠે મુંબઈમાં 'જન્મભૂમિ' દૈનિક શરૂ કર્યું. મેઘાણી મુંબઈ ગયા અને 'જન્મભૂમિ'માં જોડાયા. અઠવાડિયામાં બે વખત તેમણે 'કલમ અને કિતાબ' નામે એક સાહિત્યવિભાગનું સંપાદન કર્યું. આ ઉપરાંત 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ 1થી 5, 'સોરઠી બહારવટિયા' ભાગ 1થી 3, 'સોરઠ તારાં વહેતાં પાણી', 'વસુંધરાનાં વહાલાંદવલાં', 'તુલસીક્યારો', 'વેવિશાળ', 'માણસાઈના દીવા', 'જેલ ઑફિસની બારી' જેવાં અનેક પુસ્તકો લખ્યાં. મેઘાણી એટલે આવેશ અને સંવેદનાનું મિશ્રણ. આ ગુણોને પરિણામે 'સિંધુડો', 'કોઈનો લાડકવાયો', 'છેલ્લો કટોરો' જેવાં અદ્ભુત કાવ્યો ગુજરાતી સાહિત્યને મળ્યાં. એ ગીતોમાં પોતાની મનોવ્યથાનો સાચો ચિતાર અનુભવતાં ગાંધીજીએ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ આપ્યું.

મેઘાણીએ કલકત્તા-બંગાળમાં ગાળેલો સમય પણ તેમની સાહિત્ય-સર્જકતાને પરિપોષક નીવડ્યો. રવીન્દ્રનાથનાં અદ્ભુત કાવ્યોથી આકર્ષાઈને તેમણે એમનાં અનેક કાવ્યોને ગુજરાતી ભાષામાં ઉતાર્યાં. એ કાવ્યોનો સંગ્રહ તે 'રવીન્દ્ર-વીણા'. અનુવાદ-રૂપાંતર કરવાની એમની પાસે આગવી શક્તિ હતી. કદાચ મૌલિક સર્જન કરતાંય રૂપાંતર-અનુસરણમાં તેમની શક્તિ વધુ ખીલી નીકળતી. 'કોઈનો લાડકવાયો' તેનું ઉત્તમ ઉદાહરણ છે. કાવ્ય ઉપરાંત નાટકમાં પણ તેમનું સારું પ્રદાન છે. મૌલિક નાટક નહિ, પણ 'રાણો પ્રતાપ', 'શાહજહાં' વગેરેના સુંદર અનુવાદો તેમણે આપ્યા છે. નવલકથા, નિબંધ, નવલિકા, ઇતિહાસ તેમ જ સંશોધન વગેરેમાં હાથ અજમાવનાર મેઘાણીએ 'કલમ અને કિતાબ' કટાર દ્વારા 'જન્મભૂમિ' પત્રમાં વિવેચન-ક્ષેત્ર પણ સફળતાપૂર્વક ખેડ્યું હતું.

રમણલાલ વસંતલાલ દેસાઈ

(જ. 12-5-1892 * અ. 20-9-1954)



'કલા ખાતર કલા' નહીં પણ 'જીવન ખાતર કલા' એવા સિદ્ધાંતનું પોતાના સર્જન દ્વારા પ્રતિપાદન કરનાર રમણલાલ વ. દેસાઈ એમના સમયકાળમાં અત્યંત લોકપ્રિય નવલકથાકાર હતા.

વડોદરા રાજ્યના સિનોર ગામના વતની હતા. 1916માં એમ.એ. થયા. વ્યવસાયે એ ગાયકવાડી રાજ્યના અમલદાર હતા. 1930-32 દરમ્યાન જ્યારે આખો દેશ સત્યાગ્રહના આંદોલનથી ક્ષુબ્ધ બની ગયો હતો ત્યારે પોતાની નવલકથાઓ દ્વારા આદર્શવાદી પાત્રો સર્જીને પ્રજાની ભાવનાઓને પોષે એવું વાચન તેમણે આપ્યું. સ્વતંત્રતાની ચળવળ દરમ્યાન દેશભરમાં બનતા બનાવોને પોતાના સંવેદનતંત્રમાં ઝીલીને તેમણે સાહિત્યસર્જન કર્યું.

પાંત્રીસ વર્ષની નાની ઉંમરે પત્નીનું અવસાન થતાં પત્નીની પ્રેમાળ સ્મૃતિને હૃદયમાં સંઘરીને, સ્નેહીઓનાં અનેક દબાણો છતાં તેમણે બીજું લગ્ન ન કર્યું. પોતાનાં લખાણોમાં અભિવ્યક્ત થયેલા પ્રેમનાં વિશુદ્ધ મૂલ્યોને તેમણે પોતાના પ્રત્યક્ષ જીવનમાં ચરિતાર્થ કરી બતાવ્યાં.

રમણલાલની લેખનપ્રવૃત્તિનો આરંભ તો 1915માં સુરતમાં ભરાયેલી સાહિત્યપરિષદ વખતે ભજવવા માટે લખેલા 'સંયુક્તા' નાટકથી થયો, જે પાછળથી પુસ્તકાકારે પણ પ્રસિદ્ધ થયું. એમને લેખક તરીકે ખ્યાતિ અપાવનાર નવલકથા તો 'ઠગ'. 'નવગુજરાત' સામયિક માટે લખાયેલી આ નવલ પુસ્તકાકારે 1938માં પ્રગટ થઈ હતી. 1930થી 1940નાં વર્ષો દરમિયાન તેઓ ગુજરાતની પ્રજા પર અને ખાસ તો યુવાવર્ગ ઉપર છવાઈ ગયા હતા. તેમની નવલકથાઓએ લોકોને ઘેલું લગાડ્યું હતું.

1932માં એમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. 1941માં ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાહિત્યવિભાગના પ્રમુખ તરીકે તેમની વરણી થઈ હતી. 1952માં વિશ્વશાંતિ પરિષદમાં તેમણે વિયેનાની મુલાકાત લીધી હતી.

ચંદ્રવદન ચીમનલાલ મહેતા

(જ. 6-4-1901 * અ. 4-5-1991)



ગુજરાતી સાહિત્યના એક સમર્થ નાટ્યકાર, કવિ અને અવેતન રંગભૂમિના આદ્યપ્રવર્તક તરીકે ચંદ્રવદન મહેતાનું નામ સીમાસ્તંભ સમું છે. પિતા રેલવેમાં લોકો-ખાતામાં એક ઉપરી હતા એટલે બચપણ વીત્યું રેલવે લાઈનના પાટાઓ વચ્ચે. અવાસ્તવિક સૃષ્ટિ, સ્ત્રીનો પાઠ ભજવતા પુરુષ એવી કૃત્રિમતા દૂર કરવા અવિરત પરિશ્રમ લઈ શિષ્ટ અને સંસ્કારી જૂથ ઊભું કરીને અવેતન રંગભૂમિની સ્થાપના કરી.

1924માં સ્નાતક થઈ મુંબઈમાં શિક્ષણકાર્ય કર્યું. પછી આકાશવાણીમાં નિયામકપદે પહોંચ્યા. નિવૃત્તિ બાદ વડોદરાની મ. સ. યુનિવર્સિટી તથા ગૂજરાત વિદ્યાપીઠ સાથે સંલગ્ન રહ્યા. ગુજરાતી સાહિત્યને ચન્દ્રવદનનું શ્રેષ્ઠ અર્પણ તેમણે ઊભી કરેલી વિશાળ અને વૈવિધ્યસભર નાટ્યસૃષ્ટિ છે. તેને વિવિધ વસ્તુ, પાત્ર, સંવાદ અને શૈલી ધરાવતાં ઢગલાબંધ નાટકો તેમણે આપ્યાં. સામાજિક, પૌરાણિક, ઐતિહાસિક, અર્ધઐતિહાસિક, ચરિત્રાત્મક અને ચિંતનાત્મક નાટકો, પ્રહસન, ટ્રેજેડી, બાલનાટક, રેડિયોરૂપક અને ફીચરો; અનૂદિત અને મૌલિક નાટકો તેમ જ એકાંકી, દ્વિઅંકી અને બહુઅંકી નાટકો; ગદ્યાત્મક અને પદ્યાત્મક નાટકો, સાક્ષરી અને ગ્રામીણ નાટકો એમ અનેક વિષય, પ્રકાર અને શૈલીનાં નાટકો આપીને તેમણે ગુજરાતી ભાષા, સાહિત્ય અને રંગભૂમિને ન્યાલ કર્યાં છે.

સાત કાવ્યસંગ્રહો, આઠ નવલકથાઓ અને વાર્તાઓ, પાંત્રીસ નાટકો, અગિયાર આત્મકથાનકો, તેર વિવેચનો, બે પ્રવાસ, ચરિત્રો, સંપાદનો તેમ જ અંગ્રેજી ભાષામાં પણ વિપુલ સાહિત્ય તેમણે આપ્યું છે.

ભારત સરકારે તેમને 'પદ્મશ્રી'નો ખિતાબ આપેલો. અનેક યુનિવર્સિટીઓએ તેમને ડી.લિટ્.ની માનાર્હ પદવી આપેલી. ગુજરાત સાહિત્ય સભાનો 1936નો રણજિતરામ સુવર્ણચંદ્રક તેમને 'આગગાડી' નાટક માટે અપાયેલો. 1943-46નો નર્મદચંદ્રક, 1971નો સાહિત્ય અકાદમી પુરસ્કાર વગેરે તેમને પ્રાપ્ત થયેલા. 1978માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા હતા.

ગુણવંતરાય આચાર્ય

(જ. 9-9-1900 * અ. 25-11-1965)



ગુણવંતરાય આચાર્યનો જન્મ જેતલસરમાં થયો. 1917માં મુંબઈ જઈ પત્રકાર બનવાની દિશામાં પ્રવૃત્ત થયા. 1927માં 'સૌરાષ્ટ્ર'ના તંત્રીમંડળમાં ને 'ફૂલછાબ' સાપ્તાહિકના તંત્રીપદે રહ્યા. 'પ્રજાબંધુ' અને 'ગુજરાત સમાચાર'માં પણ કટારલેખક તરીકે સેવા આપેલી. મુંબઈમાં સિનેસૃષ્ટિનો પણ અનુભવ લીધો.

નવલકથા, વાર્તા, નાટક આદિનાં 100 ઉપરાંત પુસ્તકો આપનાર ગુણવંતરાય મુખ્યત્વે એમની દરિયાઈ સાહસોની નવલકથાઓથી વિશેષ જાણીતા છે. 'દરિયાલાલ' તેમની આ પ્રકારની શ્રેષ્ઠ નવલકથા છે. તે માટે તેમને 1945નો રણજિતરામ સુવર્ણચંદ્રક પણ મળેલો. 'સક્કરબાર', 'હરારી', 'સરફરોશ', 'સરગોસ', 'દરિયાલાલ' જેવી સાગર-સાહસકથાઓ અને 'રાય હરિહર', 'રાય બુક્કારાય', 'મહાઅમાત્ય માધવ' જેવી ઐતિહાસિક કથાઓ વિશેષ લોકપ્રિય બનેલી.

તેમની નવલકથાઓમાં વિશાળ આમસમુદાયનું રંજન કરનારું તત્ત્વ કથારસ એટલે ઘટનારસ છે. ઘટનાપરંપરાના સનસનાટીભર્યા ચિત્રણ દ્વારા તેઓ વાચકને વશ કરે છે. પરિસ્થિતિના નાટ્યાત્મક ચિત્રણમાં ક્યારેક તેઓ મુનશીના જેવું ગજું બતાવે છે.

એમણે લખેલી 'અખોવન', 'આપઘાત', 'જોગમાયા' 'અલ્લાબેલી' આદિ નાટ્યકૃતિઓમાં છેલ્લી, રંગભૂમિ પર સફળ નીવડેલી કૃતિ છે. ટૂંકીવાર્તાના એમના 12-13 સંગ્રહો પ્રકાશિત થયેલા છે. સાહિત્યનાં વિવિધ ક્ષેત્રે ખેડાણ છતાં તેઓ તેમની દરિયાઈ કથાઓથી વધુ જાણીતા છે.

ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ'

(જ. 16-4-1903 * અ. 6-1-1991)



વલસાડ જિલ્લાનું ચીખલી એમનું વતન, પણ વસવાટ અમદાવાદમાં. જેટલા સાહિત્યકાર એટલા જ શિક્ષણકાર.

સ્વાતંત્ર્યજંગ સમયના જુવાળમાં તેઓ 1921માં ગૂજરાત વિદ્યાપીઠમાંથી વિનીત અને 1926માં સ્નાતક થઈ, ત્યાં જ ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના અધ્યાપક બન્યા. 1934માં મુંબઈમાં વિલેપાર્લેની રાષ્ટ્રીય શાળામાં આચાર્ય થયા અને ત્યાર બાદ 1938માં સી. એન. વિદ્યાવિહાર, અમદાવાદમાં આચાર્ય અને નિયામક તરીકે આજીવન સેવા બજાવી શિક્ષણક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન કર્યું.

કવિ સ્નેહરશ્મિના આરંભના કાવ્યસંગ્રહો 'અર્ઘ્ય' અને 'પનઘટ'. એમણે રવીન્દ્ર ઠાકુરની બંગાળી અસર ઝીલી. પાછળથી હાઈકુનો એક નવતર કાવ્યપ્રકાર તેમણે આરંભ્યો ને 'સોનેરી ચાંદ રૂપેરી સૂરજ'માં ઠીકઠીક હાઈકુ ઝળહળાવ્યાં. બાળકો માટે એમણે 'ઉજાણી' અને 'તરાપો' પણ આપ્યાં.

'મારી દુનિયા', 'સાફલ્યટાણું' અને 'ઊઘડે નવી ક્ષિતિજો'માં વિસ્તરેલી તેમની આત્મકથા કવિ-શિક્ષકની આંતરકથા તો છે જ, પરંતુ ગાંધીયુગના સત્યાગ્રહ અને અસહકારનું એક રીતે દસ્તાવેજી ચિત્ર અને સાથે લેખકના નોખા કેળવણીપ્રયોગોનું સમૃદ્ધ ભાથું પણ તેમાં મળી રહે છે. ઝીણાભાઈને 1961માં ઉત્તમ શિક્ષક તરીકે રાષ્ટ્રપતિ ઍવૉર્ડ પ્રાપ્ત થયો હતો. ત્રણેક વાર ગુજરાત યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ થયા. 1972માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ થયા. 1967નો રણજિતરામ સુવર્ણચંદ્રક તેમ જ 1985નો નર્મદચંદ્રક તેમને એનાયત થયો હતો.

બાલાભાઈ દેસાઈ 'જયભિખ્ખુ'

(જ. 26-6-1908 * અ. 24-12-1969)



'જયભિખ્ખુ' નામે સાહિત્યસર્જન કરનાર બાલાભાઈ દેસાઈનો જન્મ વીંછિયા-(રાજકોટ)માં. પોતાની કારકિર્દીના આરંભે જયભિખ્ખુએ ત્રણ પ્રતિજ્ઞા લીધી હતી : 1. નોકરી કરવી નહીં, 2. પૈતૃક સંપત્તિ લેવી નહીં, 3. કલમના આશ્રયે જીવવું.

જયભિખ્ખુએ સાહિત્યના અનેક પ્રકારો ખેડ્યા છે. ઐતિહાસિક, સામાજિક અને પૌરાણિક નવલકથાઓ, નવલિકાઓ તેમ જ કિશોરો માટે સાહસકથાઓ, ચરિત્રો અને ધર્મકથાઓ વગેરે થઈને તેમણે ત્રણસો ઉપરાંત નાનાં-મોટાં પુસ્તકો આપ્યાં છે.

જૈનધર્મના કથાવસ્તુને કેન્દ્રમાં રાખીને તેમણે ઘણું સાહિત્ય સર્જ્યું, પરંતુ પૌરાણિક-ચમત્કારક પ્રસંગોનું પણ બુદ્ધિગમ્ય રીતે, ફુમાશભરી શૈલીમાં નિરૂપણ કરવાની તેમની હથોટી તેમજ માનવતાનાં તત્ત્વોને કેન્દ્રવર્તી બનાવવાના અભિગમને કારણે તેઓ જૈન અને જૈનેતર ઉભય વાચકવર્ગને સરખા જ રુચિકર બન્યા હતા.તેમણે જીવનના અંત સુધી 'ગુજરાત સમાચાર'માં 'ઈંટ અને ઈમારત' નામે લોકપ્રિય કૉલમ ચલાવેલી. 'પ્રેમભક્ત કવિ જયદેવ' ઉપરથી કલાકાર કનુ દેસાઈએ 'ગીત, ગોવિંદ' નામે ફિલ્મ પણ બનાવેલી. સ્વભાવે તેઓ ઝિંદાદિલ અને સહૃદયી આદમી હતા.

એમણે નાનાંમોટાં દોઢસો પુસ્તકો લખ્યાં છે. પૌરાણિક-ઐતિહાસિક વિષયવસ્તુ ધરાવતી નવલકથાઓ, વાર્તાસંગ્રહો તેમ જ બાળ-કિશોરો માટે નીતિ-મૂલ્યો-વિષયક અનેક પુસ્તકો એમણે આપ્યાં છે. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા એમના સાહિત્યસર્જન માટે અનેક પુરસ્કારો તેમ જ 1948માં એમને કુમારચંદ્રક પ્રાપ્ત થયો હતો.

ગુલાબદાસ બ્રોકર

(જ. 20-9-1909 * અ. 10-6-2006)



સૌરાષ્ટ્રના પોરબંદરમાં પિતા હરજીવનદાસને ત્યાં જન્મ. શાળાકીય શિક્ષણ પોરબંદરમાં અને પાછળથી મુંબઈની ભરડા હાઈસ્કૂલમાં. 1930માં એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી.એ. થયા. 1933થી '64 સુધી મુંબઈ શેરબજારમાં કામ કર્યું.

તેમનું પહેલું પુસ્તક 'લતા અને બીજી વાતો' 1938માં પ્રગટ થયું હતું. 1940થી તેઓ પી.ઈ.એન.ના સભ્ય હતા. બાદમાં તેના માનદ મંત્રી અને ખજાનચી પણ થયા. ઈ. સ. 1956માં સાહિત્ય અકાદમી - દિલ્હીમાં ગુજરાતી વિભાગના સલાહકાર તરીકે અને બાદમાં તેમની કારોબારીમાં નિયુક્તિ થઈ. જર્મની અને અમેરિકાના નિમંત્રણથી તેમણે પ્રવાસ કર્યો.

શ્રી બ્રોકરે ટૂંકી વાર્તા, નાટ્યલેખન, પ્રવાસલેખન, વિવેચન, ચરિત્રલેખન, સંપાદન વગેરે સાહિત્યપ્રકારો ખેડેલા છે, પરંતુ આ સૌમાં ટૂંકીવાર્તાના ક્ષેત્રે તેમની કલમ સિદ્ધહસ્ત થઈ છે. તેમની વાર્તાઓ હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાઓમાં અનુવાદિત થઈ છે. 1968માં તેમને કુમારચંદ્રક એનાયત થયો હતો. 1974-75માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે તેમની વરણી થઈ હતી. આ ઉપરાંત અન્ય પુરસ્કારો પણ તેમના સાહિત્ય-સર્જન માટે તેમને મળ્યા છે.

'લતા અને બીજી વાર્તાઓ' (1938) એમના પ્રથમ વાર્તા-સંગ્રહથી જ તેમને સાહિત્યજગતમાં યશસ્વી સ્થાન મળી ગયું હતું. બ્રોકરે નવલિકા, વિવેચન, અનુવાદ, ચરિત્રો, એકાંકી વગેરે અનેક સાહિત્ય-સ્વરૂપોમાં પ્રદાન કર્યું છે, પરંતુ તે સૌમાં નવલિકાલેખનનો તેમને માટે યશોદાયી નીવડ્યું છે.

જ્યોતીન્દ્ર હરિશંકર દવે

(જ. 21-10-1901 * અ. 11-9-1980)



ગુજરાતના અદ્વિતીય-અણનમ હાસ્યકાર જ્યોતીન્દ્ર દવેનો જન્મ સુરતમાં થયો હતો. 1923માં સંસ્કૃત-ગુજરાતી સાથે બી.એ. 1925માં એમ.એ. થયા.

1926-33 દરમિયાન મુંબઈમાં ક. મા. મુનશી સાથે ગુજરાતી સાહિત્યના ઈતિહાસની યોજનામાં જોડાયા. 1933-37 દરમિયાન સુરતની એમ. ટી. બી. કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક. 1937માં મુનશીના આગ્રહથી ફરી પાછા મુંબઈમાં ઑરિએન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસમાં મુખ્ય ભાષાંતરકાર બન્યા. 1956માં ત્યાંથી નિવૃત્ત થઈ છેલ્લે માંડવી(કચ્છ)ની કૉલેજમાં ત્રણેક વર્ષ આચાર્ય તરીકે પણ સેવાઓ આપી હતી.

'અખંડ-આનંદ' માસિકમાં તેમની લેખમાળા પ્રગટ થતી રહી. તેણે તો ગુજરાતી વાચકોમાં ઘેલું લગાડ્યું હતું. 1930 પછીના સમયગાળામાં ગુજરાતી સાહિત્યને હાસ્યથી પલ્લવિત કરનારા જે સમર્થ લેખકો થયા એ સર્વમાં જ્યોતીન્દ્રે અદકેરું સ્થાન પ્રાપ્ત કરી લીધું.

'છત્રી' અને 'ખુરશી' જેવાં જડ પાત્રો પર પણ પાનાંઓ ભરી રસિક લખાણ લખ્યું છે. તેમણે રમણભાઈ નીલકંઠ પછી હાસ્યકાર તરીકેનો સીમાસ્તંભ રોપ્યો હતો.

1941માં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો. 1966માં સુરતમાં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે તેમની વરણી થઈ હતી. તેમને નર્મદ સુવર્ણચંદ્રક પણ મળ્યો હતો. 1957માં ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાન શ્રેણીમાં રસશાસ્ત્ર વિશે જે વ્યાખ્યાનો આપ્યાં હતાં તેમાં તેમની રસશાસ્ત્રના પ્રખર પંડિત તરીકેની પ્રતીતિ થાય છે.

જ્યોતીન્દ્રની કૃતિઓ

તેઓ સૌથી વિશેષ લોકપ્રિય અને અગ્રણી નિબંધકાર હતા. હાસ્યકાર તરીકેની ઊંચી શક્તિ અને હાસ્યપ્રેરક વ્યાખ્યાનો આપવાની ઉત્તમ આવડત એ બંને ગુણોનો એમાં ફાળો હતો. 'રંગતરંગ' ભાગ 1થી 6, 'મારી નોંધપોથી', 'હાસ્યતરંગ', 'પાનનાં બીડાં', 'અલ્પાત્માનું આત્મપુરાણ', 'રેતીની રોટલી', 'નજર : લાંબી અને ટૂંકી', 'ત્રીજું સુખ', 'રોગ, યોગ અને પ્રયોગ', 'જ્યાં ત્યાં પડે નજર મારી' તથા પોતાના પ્રતિનિધિ હાસ્યલેખોને સંપાદિત કરી પોતે જ પ્રગટ કરેલો સંગ્રહ 'જ્યોતીન્દ્ર તરંગ' – એ ગ્રંથોમાંના લેખો-નિબંધોમાં સાહિત્ય, કેળવણી, સામાજિક-રાજકીય આચારવિચાર, અંગત જીવનની રુચિ-અરુચિ, રોજિંદા જીવનની વસ્તુઓ અને ઘટનાઓ એમ માનવજીવનને સ્પર્શતી કોઈ પણ બાબત તેમની કૃતિના હાસ્યનું લક્ષ્ય બની છે.

પ્રહ્લાદ પારેખ

(જ. 12-10-1912 * અ. 2-1-1962)



કવિ પ્રહ્લાદ પારેખનો જન્મ ભાવનગરમાં. ઘડતર નાનાભાઈ ભટ્ટ અને હરભાઈ ત્રિવેદી જેવા શિક્ષકોની નિશ્રામાં ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થામાં થયું હતું. 1930માં રાષ્ટ્રીય આંદોલનમાં સક્રિય રહી જેલવાસ પણ ભોગવ્યો હતો. ગૂજરાત વિદ્યાપીઠ અને 1933માં 'શાંતિનિકેતન' જઈ એમણે ચાર વર્ષ અભ્યાસ કર્યો હતો. ત્યાં રવીન્દ્રનાથના સાંનિધ્યે એમના કાવ્યસર્જનને પ્રેરણા આપી. 1945થી મુંબઈની મૉડર્ન સ્કૂલમાં શિક્ષક તરીકે તેમણે સેવા આપી હતી.

એમના સંગ્રહ 'બારી બહાર' (1940)માં ગાંધીયુગની સાહિત્યધારાથી જુદી પડતી નવીન કાવ્યધારા વહે છે. માનવ અને પ્રકૃતિની સૂક્ષ્મતાને કલાત્મકતાથી કાવ્યમાં ઝીલી, અમૂર્ત ભાવોને કવિ લયની મનોહર લીલાથી સજીવતા અર્પે છે.

'આજ અંધાર ખુશબોભર્યો લાગતો...'થી આરંભાતું 'આજ' કાવ્ય, નખશિખ સુંદર 'વિદાય' સૉનેટ, પુષ્પો તેમ જ દરિયા વિશેનાં લયાન્વિત ઋજુ ગીતો, 'પરાજયની જીત' જેવું મનોહર અને 'દાન' જેવું અનુસર્જનાત્મક ખંડકાવ્ય વગેરે અનેક રચનાઓ પ્રહ્લાદની ઉત્તમ કવિ તરીકેની છબીને ઉપસાવે છે.

કાવ્યો ઉપરાંત ભાઈબહેનના શૈશવજીવનનું નિરૂપણ કરતી 'ગુલાબ અને શિવલી' ગદ્યકથા આપી છે. તેમણે લાંબી બાલવાર્તાઓ, બાલકાવ્યો પણ લખ્યાં છે, જે હજુ અપ્રગટ છે. 'રૂપેરી સરોવરને કિનારે' અને 'અજાણીનું અંતર' અનુક્રમે મિસિસ લૉરા ઇન્ગોલ્સ બાઈલ્ડરની ગદ્યકથા અને સ્ટીફન ઝ્વાઇગની નવલકથાના એમણે કરેલા અનુવાદો છે.

પ્રહ્લાદ પારેખની કૃતિઓ

કરુણમંગલ ગદ્યકથા 'ગુલાબ અને શિવલી'માં એમણે ભાઈબહેનના શૈશવજીવનનું મનોવૈજ્ઞાનિક નિરૂપણ કર્યું છે. મિસિસ લૉરા ઇન્ગોલ્સ બાઇલ્ડરની ગદ્યકથાનો કવિએ 'રૂપેરી સરોવરને કિનારે' નામે, તો સ્ટિફન ઝ્વાઇગની નવલકથાનો 'અજાણીનું અંતર' નામે અનુવાદો પ્રગટ કર્યા છે. 'શિસ્તની સમસ્યા' એમની પરિચયપુસ્તિકા છે. 'રાજકુમારની શોધમાં' અને 'કરુણાનો સ્વયંવર' નામક દીર્ઘ બાળવાર્તાઓ તથા 'તનમનિયાં' - નામક બાળકાવ્યોનો સંગ્રહ અદ્યાપિ અપ્રગટ છે.

ત્રિભુવનદાસ લુહાર 'સુંદરમ્'

(જ. 22-3-1908 * અ. 17-1-1991)



નવલિકા, વિવેચન, અનુવાદ, કવિતા જેવાં વિવિધ સાહિત્યક્ષેત્રે પ્રદાન કરનાર 'સુંદરમ્' માટે કવિતા જ યશોદાયી નીવડી છે. 1933માં તેમનો કાવ્યસંગ્રહ 'કાવ્યમંગલા' પ્રગટ થતાં જ તેમને અર્વાચીન કવિતાના એક સીમાચિહ્ન તરીકે સ્થાન મળ્યું.

ભરૂચ જિલ્લાના મિયાંમાતર ગામમાં જન્મ. ભરૂચમાં શાળાકીય શિક્ષણ લઈને અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કર્યો - જ્યાં રામનારાયણ પાઠક જેવા ઉત્તમ શિક્ષક તેમને મળ્યા અને પરિણામે તેમને કવિતાદેવીના મંદિરમાં પ્રવેશવાની તક મળી.

1946માં તેઓ પૉંડિચેરી ગયા અને શ્રી અરવિંદ - માતાજીના સાંનિધ્યમાં આશ્રમવાસી બનીને વસ્યા. મૃત્યુપર્યંત પોતાનાં જીવન અને સર્જન - શ્રી અરવિંદ અને માતાજીને સમર્પિત કરી દીધાં. ત્યાંથી શ્રી અરવિંદ વિચારધારાના 'દક્ષિણા' સામયિકનું સંપાદન કર્યું. કવિતા ઉપરાંત તેમણે સાહિત્યનાં અનેક ક્ષેત્રે ખેડાણ કર્યું. તેમણે નવલિકાઓ ને એકાંકી પણ આપ્યાં છે.

એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'કોયા ભગતની કડવી વાણી' અને 'ગરીબોનાં ગીતો' 1933માં પ્રગટ થયેલાં. એ વર્ષમાં 'કાવ્યમંગલા' બીજો અને 1939માં ત્રીજો સંગ્રહ 'વસુધા' પ્રગટ થયો.

1934માં રણજિતરામ સુવર્ણચંદ્રક, 1946માં મહીડા પારિતોષિક અને 1955માં નર્મદ સુવર્ણચંદ્રક તેમને એનાયત થયા. ઉપરાંત 1968માં દિલ્હીની સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પણ એમને મળેલો. ગુજરાતી સાહિત્ય અકાદમીએ પણ એમનું સન્માન કર્યું હતું. ભારત સરકારે એમને 'પદ્મભૂષણ'નો ઇલકાબ આપ્યો હતો.

જયંતિ દલાલ

(જ. 18-11-1909 * અ. 24-8-1970)



નાટ્યકાર, નવલકથાકાર, વાર્તાકાર, અનુવાદક જેવાં સાહિત્યમાં અનેક ક્ષેત્રો ખેડનાર જયંતિ દલાલની જન્મભૂમિ અને કર્મભૂમિ અમદાવાદ.

ગાંધીયુગના કેટલાક સાહિત્યકારો રાજકારણના રંગે રંગાયેલા અને ઓછેવત્તે અંશે તેમાં ભાગ પણ લઈ ચૂકેલા.

પિતા ઘેલાભાઈ દોલતરામ મહાન નાટ્યકાર હોઈ રંગભૂમિનો રસ તો તેમણે ગળથૂથીમાં જ પીધેલો. નાટકની ટેક્નિકના તે પૂરા જાણકાર. 'દેશી નાટક' નામની કંપનીનું તેઓ સંચાલન કરતા. નાટકશાળાના પડદાઓ વચ્ચેથી પસાર થયેલું તેમનું બાળપણ તેમને નાટ્યલેખન તરફ દોરી ગયું. તેમણે 'જવનિકા' પ્રવેશ બીજો, ત્રીજો, ચોથો જેવાં અનેક નાટકો, 'આભલાનો ટુકડો', 'મૂકમ્ કરોતિ', 'ઝાડ, ડાળ અને માળો' જેવી વાર્તાઓ તેમ જ 'યુદ્ધ અને શાંતિ' જેવો અનુવાદ આપેલ છે. એમણે નાટકો લખ્યાં, ભજવ્યાં, દિગ્દર્શન કર્યું. એકાંકી વિશેનું તેમનું વાચન વિશાળ હતું. રંગભૂમિ ઉપરાંત રેડિયો માટે પણ તેમણે એકાંકી લખ્યાં છે. 'રેખા'માં તેઓ પોતાની ધારદાર કલમ ચલાવતા.

'ધીમુ અને વિભા' અને 'પાદરનાં તીરથ' જેવી નવલકથાઓ તેમણે લખી છે, પણ નવલકથાના ક્ષેત્રમાં તો ટૉલ્સ્ટૉયની વિશ્વવિખ્યાત નવલકથા 'યુદ્ધ અને શાંતિ'નો તેમણે કરેલો અનુવાદ એ તેમની તરફથી સાહિત્યને મળેલી અત્યંત મૂલ્યવાન ભેટ છે. 'ગતિ' સાપ્તાહિક અને 'રેખા' માસિક બંને આર્થિક મુશ્કેલીઓને કારણે ઝાઝું જીવી ન શક્યાં, પણ અભિવ્યક્તિનાં જે વિવિધ સ્વરૂપો એમણે ખીલવ્યાં હતાં એવાં સ્વરૂપો આજેય ભાગ્યે જ કોઈ પત્રમાં જોવા મળશે.

ઉમાશંકર જોશી

(જ. 21-7-1911 * અ. 19-12-1988)

કુદરતની મહેરથી મહેલા પોતાના વતન નાનકડા બામણા ગામની ભાગોળ છોડી, થોડો સમય ઈડરમાં 7 ધોરણ પૂરાં કરી, અમદાવાદમાં મૅટ્રિક થઈ, ગુજરાત કૉલેજ અને ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરી, 1934માં મુંબઈ ખેંચાઈ આવેલ 23 વર્ષના યુવાન ઉમાશંકર મલબાર હિલ પરથી એક ફૂટતી સવારે મનોહર મુંબઈનું દર્શન કરે છે અને એમના અંતરમાંથી ઉદ્ગાર સરી પડે છે :

આ ભૂમિનો બનીશ એક દી હું વિજેતા.

ભારતીય ભાષાઓમાં શ્રેષ્ઠ સર્જન માટેના 1967ના ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કારના વિજેતા ઉમાશંકર જોશીની સર્જનક્ષમતા અને ઊંચા નિશાનની મહત્ત્વાકાંક્ષા કુમારજીવનથી જ અણસાર આપી ગઈ હતી. મૅટ્રિકની પરીક્ષા આપવા માટે 1927માં અમદાવાદ આવ્યા. મૅટ્રિકનું પરિણામ આવતાં તેમની મહત્ત્વાકાંક્ષા સાચી ઠરી. ઉમાશંકર યુનિવર્સિટીમાં ત્રીજા અને અમદાવાદ સેન્ટરમાં પહેલા આવ્યા. ગુજરાત કૉલેજમાં ઇન્ટર સુધીનો અભ્યાસકાળ પણ યશસ્વી હતો. કવિતાની કૂંપળો તેનું પુષ્ટ સ્વરૂપ પામીને હવે ફૂટવા લાગી હતી. નવાઈની વાત તો એ છે કે ભવિષ્યમાં ગુજરાતીમાં ઊતરનારી કવિતાની શરૂઆત એ કાળે સંસ્કૃત કાવ્યરચનાઓથી થઈ. સંસ્કૃત દ્વારા ફૂટેલી એ સરવાણીએ પછી તો ગુજરાતીમાં રમ્ય ઝરણનું રૂપ લીધું ને 1928માં રચાયેલા એમના પહેલા સૉનેટ 'નખી સરોવર પર શરદપૂર્ણિમા'ની છેલ્લી પંક્તિ એમના સમસ્ત જીવનનો જાણે સારમર્મ બોલી રહી.




'સૌંદર્યો પી, ઉરઝરણ ગાશે પછી આપમેળે.'

બરાબર ઇન્ટરની પરીક્ષા વખતે સત્યાગ્રહની લડતનો સાદ સંભળાતાં જ એમાં ઝંપલાવ્યું. ધરપકડ થઈ અને ચૌદ અઠવાડિયાંની જેલ થઈ. એ વખતે એમની વય 19 વર્ષની. જેલમાંથી છૂટીને વિદ્યાપીઠમાં જઈ બેઠા અને કાકાસાહેબના એટલા તો ગાઢ પરિચયમાં આવ્યા કે એમના અંતેવાસી થઈ રહ્યા. કાકાસાહેબને અર્પણ થયેલા એમના પ્રથમ કાવ્યસંગ્રહ 'ગંગોત્રી'ના અર્પણમાં એમની ભક્તિ પ્રગટ થાય છે.

અજાણ્યું વ્હે આપ્યું ગભરુ ઝરણું કો તવ પદે,
પ્રવાસી તેં એને હૃદય જગવી સિંધુરટણા.

વિદ્યાપીઠમાં છ કલાક ખાદીકામ કરતા. ઈ. સ. 1931ના ચોમાસામાં લાંબું સળંગ કાવ્ય 'વિશ્વશાંતિ' લખાયું. સ્વ. નરસિંહરાવ જેવા સાહિત્યપારખુએ 'વસંત'માં તરત એની વિસ્તૃત પ્રશસ્તિ લખી, તે એ ફૂટતી પ્રતિભાનું મૂલ્ય કેટલું ઊંચું હતું તે દર્શાવે છે. એમનો દૂરથી આવતો એ મંગલ શબ્દ ગુજરાતના નાનામોટા કાવ્યરસિકોનાં હૃદયમાં પડઘાઈને ઘૂમરાઈ રહ્યો. 1934નું વર્ષ એમના જીવનમાં યાદગાર છે. પહેલો કાવ્યસંગ્રહ 'ગંગોત્રી' એ જ વર્ષે પ્રગટ થયો.



ઇતિહાસ અને અર્થશાસ્ત્રના વિષયો લઈને 1936માં તેઓ બી.એ. તથા સંસ્કૃત તથા ગુજરાતી લઈ એમ.એ.માં પ્રથમ વર્ગમાં આવ્યા. એમ.એ.નું પરિણામ આવ્યું તે પહેલાં જ મુંબઈની સિડનહામ કૉલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતા નિમાયા. ત્યાં એક વર્ષ કામ કર્યું. મુંબઈમાં મિત્રોને કારણે તેમને યુરોપીય સાહિત્યપ્રવાહોના સંપર્કમાં આવવાનો પણ લાભ મળ્યો. 1939માં અમદાવાદમાં 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'(આજની ગુજરાત વિદ્યાસભા)માં મુંબઈ સરકારની સહાય અને ઉપક્રમે ઉચ્ચ અભ્યાસ અને સંશોધનનો જે નવો વિભાગ ઊઘડ્યો તેમાં તેમની વરણી થઈ. એમના જેવી શક્તિ ધરાવતી વ્યક્તિ માટે આવું કાર્યક્ષેત્ર મળ્યું તે ઉભયને યશ અપાવે તેવું નીવડ્યું. એ સંશોધનકાર્યમાંનું 'પુરાણોમાં ગુજરાત' અને 'અખો : એક અધ્યયન' જેવી કૃતિઓ નીપજી. સાથેસાથે ગુજરાત સાહિત્ય સભાના ઉપક્રમે કરેલું કવિ બાલાશંકરનાં કાવ્યોનું સંપાદન 'કલાન્ત કવિ' પ્રગટ થયું.

આ સમયમાં ઉમાશંકરની સર્વોત્તમ સેવા તે 1947માં 'સંસ્કૃતિ' માસિકનો આરંભ. સાહિત્ય, કલા, સમાજ, રાજ્ય, ઇતિહાસ, ધર્મ, ચિંતન – એમ મનુષ્યજીવનના સમગ્ર પ્રશ્નો વિશેનો વિચાર તેમણે 'સંસ્કૃતિ' દ્વારા કર્યો. 'સંસ્કૃતિ'એ ગુજરાતના સંસ્કારજીવનને નવી જ દૃષ્ટિએ જોયું અને મૂલવ્યું. રાજકીય કટોકટી વેળાએ પોતાની નિર્ભીકતાનો પરિચય આપ્યો. નિવૃત્તિ લેવાનો સમય આવ્યે ઉમાશંકરે પોતે 'સંસ્કૃતિ'નું પ્રકાશન સ્વેચ્છાએ સમેટી લીધું.

'ભમ્યા કર્યું છે વળી ને ભમીશ પૃથ્વી પરે દેશવટે ગયા સમો.'

કવિતા, ટૂંકી વાર્તા, એકાંકી, નિબંધ, વિવેચન, સંપાદન, સંશોધન, પ્રવાસવર્ણન - સાહિત્યનાં લગભગ બધાં જ પાસાં ઉમાશંકરની પ્રતિભાનો સ્પર્શ પામ્યાં છે. ઉમાશંકરનો વ્યાપ ગુજરાત પૂરતો સીમિત ન હતો. ભારતના સીમાડાઓમાં પણ તે બંધાયો ન હતો. તેમણે પોતે જ કહ્યું હતું તેમ 'ગુજરાતીમાં લખતા તે વિશ્વકવિ' હતા, તે વાત આજે કેટલી બધી સાર્થક લાગે છે ! ઉમાશંકર આજીવન યાત્રી રહ્યા છે. તેઓ ખૂબ ફર્યા છે – ભમ્યા છે, દેશમાં તેમ જ પરદેશમાં પણ. તેમણે સ્વાનુભવનાં પ્રવાસ વર્ણનો પણ લખ્યાં છે. વાસ્તવમાં તે પ્રવાસકાવ્યો છે.

વિશિષ્ટ કૃતિઓ :કવિતા : 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી', 'નિશીથ', 'આતિથ્ય', 'વસંતવર્ષા', 'અભિજ્ઞા', 'ધારાવસ્ત્ર', 'સમગ્ર કવિતા'. **પદ્યનાટકો :** 'પ્રાચીના', 'મહાપ્રસ્થાન'. **નવલિકા :** 'શ્રાવણી મેળો', 'ત્રણ અર્ધું બે'. **એકાંકી :** 'સાપના ભારા', 'શહીદ'. **નિબંધ :** 'ઉઘાડીબારી', 'ગોષ્ઠિ'. **વિવેચન :** 'અભિરુચિ'. **સંશોધન :** પુરાણોમાં ગુજરાત, 'અખો – એક અધ્યયન'. **ચિંતન :** 'ઈશાવાસ્યોપનિષદ'. **પ્રવાસ :** 'યુરોપયાત્રા' (અંગ્રેજી) વગેરે. **તંત્રી :** 'બુદ્ધિપ્રકાશ', 'સંસ્કૃતિ'.

સન્માન

1966થી 1972 સુધી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે રહ્યા. એ જ વર્ષમાં દિલ્હીની સાહિત્ય અકાદમીના કારોબારીના સભ્ય થયા અને 1978થી 1983 સુધી પ્રમુખપદે રહ્યા. 1965થી નેશનલ બૂક ટ્રસ્ટના અને 1966થી કેન્દ્રીય ભાષા સલાહકાર સમિતિના સભ્ય બન્યા. 1955માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના સાહિત્યવિભાગના પ્રમુખ હતા. 1936માં એમને રણજિતરામ સુવર્ણચંદ્રક અને 1947માં નર્મદ ચંદ્રક મળ્યા. 1970થી 1976 સુધી તેઓ રાજ્યસભાના નિયુક્ત સભ્ય બન્યા. 1973માં સાહિત્ય અકાદમી - દિલ્હીનો પુરસ્કાર મળ્યો. 1979થી 1982 વિશ્વભારતી યુનિવર્સિટી - શાંતિનિકેતનના કુલપતિપદે રહ્યા. 1981માં વિશ્વગુર્જરીનો ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયો. આ ઉપરાંત પણ અનેક પુરસ્કારો, માનાર્હ સભ્યપદ-પદવી અને પ્રમુખ-ઉપપ્રમુખ જેવાં પદોની યાદી ઘણી લાંબી છે. જીવનમાં એક લેખક ઇચ્છી શકે તેટલાં પુરસ્કારો, પદવીઓ, સત્તા, કીર્તિ, માનઅકરામો તેમને સામે ચાલીને પ્રાપ્ત થયાં છે.

પન્નાલાલ પટેલ

(જ. 7-5-1912 * અ. 6-4-1989)



શ્રેષ્ઠ સાહિત્યસર્જન માટેનો સુપ્રતિષ્ઠિત એવો ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત કરનાર પન્નાલાલ ગુજરાતી સાહિત્યજગતનો એક ચમત્કાર છે. આઠ ચોપડી ભણેલા અને કોઈ પણ વડીલની છત્રછાયા વિનાના કિશોર પનાએ પેટગુજારા માટે મિલ અને કારખાનામાં કામ કર્યું, કાપડ અને બંગડીની દુકાન ખોલી, ખેતરમાં મજૂરી કરી અને બંગલાઓમાં વાસણ-કપડાંય ધોયાં. એ સ્થિતિમાં એ છોકરાને જોનાર કોઈનેય કલ્પનાય નહીં હોય કે એક દિવસ એ પનામાંથી પન્નાલાલ થઈને ગુજરાતનો સમર્થ સાહિત્યકાર બનશે.

જન્મ સ્થળ અને વતન રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાનું માંડલી. સ્થિર થવા કિશોર પન્નાલાલ અમદાવાદ આવ્યા. જાતભાતની નોકરીઓ કરી. 1936માં અમદાવાદમાં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં સદ્ભાગ્યે બાળપણના ગોઠિયા ઉમાશંકર ભેટી ગયા. તેમની અને સુન્દરમ્‌ની પ્રેરણાથી લખવાનું શરૂ કર્યું. ભીતરનો સુષુપ્ત સર્જક જાગી ઊઠ્યો ને સાહિત્ય-સર્જનની સરવાણી વહેવા માંડી.

સાહિત્યસર્જનની શરૂઆત કવિતાથી કરી પણ તેમાં ઝાઝી સફળતા ન મળી અને પન્નાલાલે નવલિકા પર હાથ અજમાવ્યો. તેને પરિણામે 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ', 'વળામણાં', 'નાછૂટકે' જેવી ઉત્તમ નવલકથાઓ ગુજરાતને મળી. તેમણે નાટક-એકાંકી ઉપર પણ હાથ અજમાવ્યો. આ ઉપરાંત અનેક ઉત્તમ કક્ષાની નવલિકાઓ પણ મળી. જીવનના ઉત્તરાર્ધમાં તેમણે પૌરાણિક પાત્રસૃષ્ટિ પર આધારિત નવલો લખી છે.

1947માં એક બીમારીમાં તેમણે શ્રવણેન્દ્રિય ગુમાવી હતી. શ્રી અરવિંદ અને માતાજીમાં તેમને પૂર્ણ શ્રદ્ધા. તેમની નવલકથાઓ તેમ જ અન્ય સર્જનો તેમના પોતાના પ્રકાશનગૃહ 'સાધના પ્રકાશન' દ્વારા જ પ્રગટ થાય છે. નવલકથાક્ષેત્રે તેમનું મહત્ત્વનું પ્રદાન છે. વાસ્તવિક જીવનનાં સંઘર્ષો, મનોમંથન અને આંતરવ્યથાનું તેમનું નિરૂપણ આગવું છે. 1958માં પન્નાલાલ અમદાવાદ આવીને સ્થિર થયા. લેખન તે એમની એકમાત્ર પ્રવૃત્તિ બની રહી.

ગુજરાત વિદ્યાસભા તરફથી તેમને 1950ના વર્ષનો રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો. તેમને રાજ્ય સરકાર તરફથી પણ પુરસ્કારો પ્રાપ્ત થયા. 1980માં વડોદરામાં યોજાયેલા ગુજરાતી સાહિત્ય પરિષદના 30મા અધિવેશનમાં સર્જન વિભાગના અધ્યક્ષ તરીકે વરણી થઈ. આ સૌ પુરસ્કારની કલગીરૂપ એમને 1985ના વર્ષનો ભારતીય સાહિત્ય માટેનો સર્વોચ્ચ 'ભારતીય જ્ઞાનપીઠ' એવોર્ડ પણ એનાયત થયો.

સર્જન નહિ અવતરણ

પન્નાલાલની વાર્તાઓથી આકર્ષાઈને મેઘાણીએ તેમને 'ફૂલછાબ' માટે એક ભેટપુસ્તક લખી આપવા કહ્યું. પન્નાલાલ માટે આ મોટો પુરસ્કાર હતો. માત્ર વીસ-બાવીસ દિવસના ટૂંકા ગાળામાં વેગીલી કલમે તેમની એ દળદાર કથા નીપજી આવી ! ખુદ પન્નાલાલને પણ તેનું વિસ્મય રહ્યું. તેઓ કહે છે : 'આટલા ટૂંકા ગાળામાં સર્જાયેલી આ કથાને હું સર્જન નહીં, અવતરણ કહું છું.'

સુંદરમ્ કહે છે : 'પન્નાલાલમાં સાહિત્યસર્જનશક્તિ વાંસની ગાંઠની પેઠે ફૂટી નીકળી છે. તે ચેતનાનું વાચકોને અને વિદ્વાનોને એકસરખું કુતૂહલ રહ્યું છે. પન્નાલાલ સાચે જ સાહિત્યજગતનો એક ચમત્કાર છે.'

રાજેન્દ્ર શાહ

(જ. 28-1-1913 * અ. 2-1-2009)



ઊંચી સુડોળ દેહછટા, ઉત્સાહ અને સ્ફૂર્તિભર્યો રણકતો અવાજ અને પ્રસન્નતાને પ્રગટ કરી દે એવું પારદર્શક કવિ રાજેન્દ્રનું વ્યક્તિત્વ.

દેશની સ્વાતંત્ર્યપ્રાપ્તિની ચળવળમાં ભાગ લઈને સત્તરમા વર્ષે તો જેલવાસ ભોગવ્યો. બે વર્ષ અભ્યાસમાં ગાબડું પડ્યું. મૅટ્રિક થતાં પહેલાં તો લગ્ન થઈ ગયું. રાજેન્દ્રે પોતાના દાંપત્યજીવનને પ્રસન્નતાથી છાઈ દીધું જે જીવનભર તેમની કાવ્યપ્રવૃત્તિનું બળ બની રહ્યું.

વતન કપડવંજમાં શાળાનો અભ્યાસ કર્યો. વડોદરા કૉલેજમાંથી બી.એ. કર્યું. એમ.એ. કરવા માટે અમદાવાદના વસવાટ દરમ્યાન 'કુમાર' માસિકના તંત્રી અને કવિતાના મરમી બચુભાઈ રાવતનો ઘનિષ્ઠ પરિચય થયો. તેમના છંદોલયાનુસારી કાવ્યપઠને અને કાવ્યચર્ચાએ તેમને સાચી દિશા આપી. 1951માં એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'ધ્વનિ' પ્રગટ થયો. ચારે દિશાએથી તેને આવકાર મળ્યો. વ્યવસાયો એમણે જાતજાતના કર્યા. મુંબઈમાં 'લિપિની પ્રિન્ટરી' પ્રેસ કર્યું. એમનાં કાવ્યોમાં નૈરાશ્યને સ્થાન નથી, પરંતુ પ્રસન્નતાથી ભરીભરી એમની કવિતા ગુજરાતી કવિતા માટે મૂલ્યવાન સંપ્રાપ્તિ છે.

એમનો કાવ્યરાશિ વિપુલ છે તેમ સત્ત્વશાળી પણ છે. ઇયત્તા અને ગુણવત્તાની દૃષ્ટિએ આ કવિ અનુગાંધીયુગના પ્રમુખ કવિ છે. એમની કવિતામાં પ્રહ્લાદ પારેખની કવિતાનાં લક્ષણો વિકસિત રૂપે જોવા મળે છે. પ્રહ્લાદ પારેખ - શ્રીધરાણીથી શરૂ થયેલી સૌંદર્યાભિમુખ કવિતાની પરાકાષ્ઠા આ કવિની કવિતામાં સહજ રીતે આવી છે.

એમની કવિતાના મુખ્ય વિષયો પૈકી એક છે પ્રેમ. એમનો પ્રેમનો અનુભવ વધુ ને વધુ વ્યાપક થતો ગયો છે એની પ્રતીતિ 'ધ્વનિ'થી 'પત્રલેખા' સુધીનાં પ્રેમકાવ્યોમાં થાય છે. 'શ્રુતિ', 'ચિત્રણા' તથા 'વિષાદને સાદ' તેમ જ 'ક્ષણ જે ચિરંતન' એમના પ્રસિદ્ધ કાવ્યસંગ્રહો છે. આ ઉપરાંત બે એકાંકીઓ પણ તેઓએ લખ્યાં છે. તેમનાં કાવ્યોમાં પ્રણયભાવ ઘણી વાર લૌકિકતાની હદને ઓળંગી અલૌકિકતાના સીમાડાને સ્પર્શી રહે છે. બીજો મહત્ત્વનો વિષય છે પ્રકૃતિ. પ્રકૃતિ જ્યાં આલંબનવિભાવ તરીકે આવી છે ત્યાં શુદ્ધ પ્રકૃતિકાવ્યો પ્રાપ્ત થયાં છે.

1956માં રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ થયો. પછી તેમને સંખ્યાબંધ પારિતોષિકો પ્રાપ્ત થયાં. ઉપરાંત ઈ. 2001માં ગુજરાતી ભાષામાં શ્રેષ્ઠ કાવ્યસર્જન માટેનો તેમને એક લાખ રૂપિયાનો નરસિંહ મહેતા એવૉર્ડ એનાયત થયો હતો. આ સૌ પુરસ્કારોના શિરમોર સમો ભારતીય ભાષામાં ઉત્તમ સર્જન માટે વર્ષ 2000નો જ્ઞાનપીઠ ઍવૉર્ડ તેમને એનાયત કરવામાં આવ્યો છે.

રાજેન્દ્ર શાહની કૃતિઓ

એમના પ્રથમ કાવ્યસંગ્રહ 'ધ્વનિ'એ કાવ્યશક્તિનાં ઊંચાં શિખરો સર કર્યાં છે. 'શ્રાવણી મધ્યાહ્ને', 'નિરુદ્દેશે', 'શેષ અભિસાર', 'આયુષ્યના અવશેષે'થી તેમનો કાવ્યનિધિ સમૃદ્ધ છે.

'શાંત કોલાહલ' એમનો બીજો કાવ્યસંગ્રહ છે. એમાં 'રાગિણી'નાં આઠ સૉનેટના ગુચ્છમાં સંગીતના વિવિધ રાગોને અનુલક્ષીને સંપન્ન દામ્પત્યજીવનની પ્રસન્નતા પ્રગટ કરી છે. આવું જ નોંધપાત્ર બીજું ગુચ્છ છે 'વનવાસીનાં ગીત'.

આ ઉપરાંત 'ચિત્રણા', 'વિષાદનો સાદ', 'ક્ષણ જે ચિરંતન', 'મધ્યમા', 'દક્ષિણા', 'પત્રલેખા', 'સંકલિત કવિતા' વગેરે રાજેન્દ્રની મહત્ત્વની કૃતિઓ છે.

મનુભાઈ પંચોલી 'દર્શક'

(જ. 15-4-1914 * અ. 29-8-2001)



માધ્યમિક કક્ષા સુધીનું જ શિક્ષણ પામેલો એક કિશોર સ્વયંસ્ફુરણાથી 'દીપનિર્વાણ', 'સૉક્રેટિસ', 'ઝેર તો પીધાં છે જાણી જાણી' જેવી મનભર કૃતિઓ સર્જી શકે એ એક ચમત્કાર જ લાગે.

નવલકથાકાર, નાટ્યકાર, નિબંધકાર મનુભાઈ પંચોલી - 'દર્શક'નો જન્મ વાંકાનેર પાસે પંચાશિયા ગામમાં થયેલો. સોળ વર્ષના થયા તે પહેલાં સત્યાગ્રહી થઈને તેમણે અભ્યાસ છોડેલો. 1930-34ના ગાળાના જેલજીવને એમના ઘડતરમાં મોટો ફાળો આપ્યો. જેલમાં એમને નાનાભાઈ ભટ્ટ ભેટી ગયા અને જીવનમાં કાયમનો સથવારો મળી ગયો. ભાવનગરની દક્ષિણામૂર્તિ, આંબલાની ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા અને સણોસરાની લોકભારતી વિદ્યાપીઠ જેવી કેળવણીની બુનિયાદી સંસ્થાઓમાં સેવાઓ આપી. શિક્ષણ અને ગ્રામોન્નતિની દિશામાં એમણે મહત્ત્વનો ફાળો આપ્યો. ઇતિહાસ અને રાજનીતિ એમના રસના વિષય બન્યાં. પરિણામે ગુજરાત વિધાનસભાના સભ્ય થયા. શિક્ષણમંત્રી પણ બન્યા.

સ્વાતંત્ર્યજંગની આંધી ઊઠતાં મનુભાઈએ નવમા ધોરણનો અભ્યાસ અધૂરો મૂકી આઝાદીની લડતમાં વિદ્યાર્થી-સૈનિક તરીકે ઝંપલાવ્યું હતું. વીરમગામની છાવણી અને વિસાપુર-નાસિકની જેલો દર્શકને માટે મહાશાળાઓ બની રહી. આ સમયે એમણે સમાજવાદની વ્યાખ્યા જાણી, તો વીરમગામ-છાવણીમાં થયેલા નાનાભાઈ ભટ્ટના પરિચયથી શિક્ષણ અને ગ્રામોત્થાન એ ભારતીય પ્રજાજીવનમાં ઉત્કર્ષનાં બે પૈડાં છે - એવી એમની સમજ કેળવાઈ. શિક્ષણપ્રયોગોની જરૂર ગ્રામીણ વિસ્તારમાં જ છે એવું સમજી, ગ્રામ-દક્ષિણામૂર્તિ લોકશાળાની આંબલામાં સ્થાપના કરતાં, મનુભાઈ ત્યાં શિક્ષક-ગૃહપતિ તરીકે જોડાયા હતા.

1953માં ગ્રામીણ સ્તરે ઉચ્ચ શિક્ષણની સુવિધા પૂરી પાડવા મનુભાઈએ લોકભારતી ગ્રામવિદ્યાપીઠનો આરંભ કર્યો હતો. આ ભૂમિકાએ 1948માં ભાવનગર રાજ્યના જવાબદાર પ્રજાતંત્રમાં તેઓ શિક્ષણ પ્રધાન તથા 1967થી 1971 દરમ્યાન વિધાનસભાના સભ્ય તેમજ 1970માં શિક્ષણ પ્રધાન રહ્યા હતા.

ઉમાશંકર જોશીએ જેમને ગ્રીક નાગરિક તરીકે ઓળખાવ્યા છે, એ દર્શક જગતના ઇતિહાસના ઊંડા અભ્યાસી અને વિશ્વસંસ્કૃતિના પરમ ચાહક હતા. દર્શક કહે છે : એમના જીવનનો ત્રીસ ટકા જેટલો અંશ જ સાહિત્ય સાથે સંકળાયેલો છે એટલે કે દર્શક સિત્તેર ટકા જેટલા પ્રજાપુરુષ છે. પ્રબુદ્ધ ચિંતક અને મનોહારી સર્જક દર્શકનો પહેલો પ્રેમ નવલકથા હતો. અલબત્ત, એમનામાંનો સર્જક ત્યારેજ કલમ પ્રજાજીવનને કલ્યાણરાજ તરફ દોરી જવા વ્યાકુળ અને કૃતસંકલ્પ બનતાં. એમના વિપુલ નિબંધ-સાહિત્યમાં પ્રગટતા ચિંતક અને ઈ.સ. 1936થી 2000 વચ્ચે પથરાયેલા સાઠ વર્ષમાં માત્ર નવ જ નવલકથા આપનારા ઉત્કૃષ્ટ કલાના આરાધક દર્શકમાં ચિંતક અને કલાકાર વચ્ચે નિરંતર સંઘર્ષ ચાલતો રહ્યો. પણ દર્શક યાદ તો રહેશે એમની સમાજશીલ અને સંસ્કૃતિની ગૌરવગાથા નીવડતી નવલકથાઓથી જ !

'જન્મભૂમિ' અખબારમાં સાપ્તાહિક ધારાવાહી નવલકથા તરીકે પૂર્ણ પ્રકાશિત થયેલી અને શ્રીકૃષ્ણના માનવીય રૂપનું સંકીર્તન કરતી 'કુરુક્ષેત્ર' (1991) તથા કાળા દેશવાસી બંધુઓ માટે ગોરા હોવા છતાં ગોરાઓ સાથે યુદ્ધ ખેલનારા વિરલ પુરુષ લિંકનની કથા મંડાઈ છે. દર્શક સુખ્યાત, અલબત્ત, એમની નવલકથાસૃષ્ટિથી થયા, પરંતુ એમણે સાહિત્યસર્જનનો આરંભ તો નાટ્ય-લેખનથી કરેલો. 'જલિયાંવાલા' (1934), 'અઢારસો સત્તાવન' (1935), 'પરિત્રાણ' (1967), 'અંતિમ અધ્યાય' (1983), 'ગૃહારણ્ય' (1995) એ એમનાં એમને પ્રિય ઇતિહાસ-સામગ્રીથી રચાયેલાં, ભજવાયેલાં અને જપ્ત પણ થયેલાં નાટકો છે.

એમની પ્રથમ નવલકથા 'બંદીઘર' 1935માં પ્રગટ થઈ. ત્યાર બાદ 'બંધન અને મુક્તિ', અને 'દીપનિર્વાણ' પ્રગટ થઈ, પરંતુ એમની યશોદાયી નવલત્રયી તો 'ઝેર તો પીધાં છે જાણી જાણી'નો ભાગ 1 - 1952માં, ભાગ 2 - 1958માં અને ભાગ 3 તો છેક 1985માં પ્રગટ થયો. વચ્ચે 'સૉક્રેટિસ' (1974) અને બીજાં નાટકો તેમની કલમે અવતરી ચૂક્યાં હતાં.

1964માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક, 1975માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર અને 1987માં મૂર્તિદેવી પુરસ્કાર પ્રાપ્ત થયો છે. 1998માં ભારતમાં સાહિત્યક્ષેત્રે સર્વોચ્ચ એવો 'સરસ્વતી સમ્માન' પુરસ્કાર પ્રાપ્ત થયો છે. 1982માં સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે તેમની વરણી થઈ હતી.

મકરંદ દવે

(જ. 13-11-1922 * અ. 31-1-2005)



ગુજરાતી ભાષાના અગ્રણી ફિલસૂફ કવિ મકરંદ દવેનો ગોંડલમાં જન્મ. ત્યાંથી જ મેટ્રિક થયા અને રાજકોટની કૉલેજમાં જોડાયા, પણ 1942ની ચળવળમાં અભ્યાસ છોડ્યો. 1943થી 'કુમાર', 'ઊર્મિ-નવરચના' અને 'જયહિન્દ' દૈનિકમાં કામ કર્યું અને સાહિત્ય-પત્રકારત્વ સાથેનો નાતો બંધાયો.

પરંપરાગત અભ્યાસ ભલે છોડ્યો, પણ સ્વાધ્યાયરૂપે અભ્યાસ ચાલતો રહ્યો. ભણેલાને ભણાવવાની યોગ્યતા કેળવાઈ. સંતપરંપરાના સાહિત્યનો ભજનરસ, લોકસાહિત્યના સંસ્કારોથી મંડિત સંવેદના, સૌરાષ્ટ્રનું તળપદું શબ્દભંડોળ, ગઝલના મિજાજનો રંગ, કવિની પરિવ્રાજક સાધક વ્યક્તિતા તેમની કવિતામાં દેખાય છે.

તેમણે દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં આદિવાસી વિસ્તારમાં પ્રાકૃતિક, સરળ અને શાંત જીવન અંગેનો પ્રયોગ કરવા નવતર જીવનશૈલીનો પ્રયોગ કરતી સંસ્થા 'નંદીગ્રામ'ની 1984માં સ્થાપના કરી. મકરંદભાઈનું જીવન એક અવિરત સાધના છે. જે સ્વાનુભવ લાધે એ સર્વાનુભવ બને એવી એમની અભીપ્સા છે. ઈ. સ. 1979માં એમને રણજિતરામ સુવર્ણચંદ્રક, 1996માં મેઘાણી ચંદ્રક અને 1999માં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર એનાયત થયો હતો.

મકરંદભાઈ અધ્યાત્મના કવિ તરીકે સૌના હૃદયમાં પ્રસ્થાપિત થયેલા છે. એમના દસેક કાવ્યસંગ્રહો, એક નવલકથા, બારેક અધ્યાત્મ-ચિંતન ગ્રંથો, સંપાદનો અને અનુવાદો પ્રગટ થયાં છે. 'તરણાં', 'જયભેરી', 'ઝબૂક વીજળી ઝબૂક', 'ગોરજ', 'સૂરજમુખી', 'સંજ્ઞા', 'સંગતિ', 'આપણી ટોળી' જેવા કાવ્યસંગ્રહો, 'માટીનો મહેક્તો સાદ' જેવી નવલકથાઓ, 'યોગી હરનાથના સાન્નિધ્યમાં', 'સત કેરી વાણી', 'પીડ પરાઈ', 'ભજનરસ', 'અંતર્વેદી', 'યોગપથ', 'સહજને કિનારે', 'ભાગવતી સાધના', 'એક પગલું આગળ' જેવા આધ્યાત્મ-ચિંતનના ગ્રંથો પ્રગટ થયા છે.

અમૃત 'ઘાયલ'

(જ. 19-8-1916 * અ. 25-12-2002)



સુપ્રસિદ્ધ ગઝલકાર અમૃતલાલ લાલજીભાઈ ભટ્ટનો જન્મ જૂનાગઢ જિલ્લાના સરધાર ગામમાં. 'ઘાયલ' તો એમનું તખલ્લુસ.

સાવરકુંડલા, ભુજ, આદિપુર વગેરે રાજ્યોમાં વિવિધ નોકરીઓ કરી. પાજોદ દરબારના રહસ્યમંત્રી પણ રહ્યા. નિવૃત્તિ રાજકોટમાં ગાળી.

1939માં ગઝલલેખનનો આરંભ કર્યો. 'શૂળ અને શમણાં' એમનો પ્રથમ ગઝલ-સંગ્રહ. 'રંગ', 'રૂપ', 'ઝાંય', 'અગ્નિ' અને 'ગઝલ જામે સુખ' એમના અન્ય ગઝલ-સંગ્રહો. એમની સમગ્ર રચનાઓનો સંગ્રહ 'આઠો જામ ખુમારી' 1994માં પ્રસિદ્ધ થયો હતો. 1960 પછી બદલાયેલી પદ્ધતિને પણ તેમણે સફળપણે અપનાવી. ગઝલનો તળપદી ગુજરાતી ભાષા સાથે સંબંધ કરાવી આપવાનું શ્રેય એમને આપી શકાય. સૌરાષ્ટ્રની બોલીનું ખમીર, મીઠો કટાક્ષ અને તોછડાઈ વગરનું ગરવાપણું ઘાયલે ગઝલોમાં વિશિષ્ટ રીતે ઉપયોગમાં લીધાં છે. તળપદા શબ્દોને કારણે ગુજરાતી ગઝલ ઉર્દૂ-ફારસીની પકડમાંથી મુક્ત થતી લાગે છે.

સદાય કોટ, પૅન્ટ, ટાઈમાં સજ્જ, ચમકતી આંખોવાળા, બોલકા, હસમુખા, સારો-ખોટો પ્રતિભાવ તરત જ આપનારા 'ઘાયલ' એક જીવંત વ્યક્તિત્વ હતા.

1993માં એમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' અને 2002માં 'નરસિંહ મહેતા' ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યા છે, દાયકાઓ સુધી દેશભરમાં એમણે અનેક મુશાયરાઓમાં ભાગ લીધો હતો. તેમની હાજરી-માત્ર મુશાયરાનું આકર્ષણ બની રહેતી અને મહેફિલમાં રોનક આવી જતી.

ઈશ્વર પેટલીકર

(જ. 9-5-1916 * અ. 22-11-1983)



જન્મ પેટલી(જિ. ખેડા)માં. કારકિર્દી શિક્ષક તરીકે શરૂ કરનાર ઈશ્વર પેટલીકરે પત્રકારત્વથી સાહિત્યક્ષેત્રે પગરણ માંડ્યા. પન્નાલાલની નવલકથાઓ પરથી પ્રેરણા ઝીલી તેમણે પહેલી નવલકથા લખી 'જનમટીપ'.

પહેલી નવલકથાથી જ તેમને પ્રથમ હરોળના નવલકથાકારોમાં સ્થાન મળી ગયું. ઝવેરચંદ મેઘાણીએ તેમને પત્ર લખીને ઉમળકાથી આવકાર્યા. એ જ અરસામાં આણંદથી નીકળતા 'પાટીદાર' માસિકનું તંત્રીપદ અને સંચાલન તેમના હાથમાં આવ્યું. એ નામ તેમણે ફેરવીને વ્યાપક કરીને 'સંસાર'માં રૂપાંતરિત કર્યું. નવલકથા અને ટૂંકી વાર્તાના સર્જનની સાથેસાથે તેમણે 'સંસાર' માસિક દ્વારા સામાજિક પ્રશ્નોની છણાવટ ચાલુ રાખી. દાયકાઓ સુધી એમણે જાણીતાં વર્તમાનપત્રો અને સામયિકોમાં નિયમિતપણે કટારલેખન કર્યું. 1960થી અમદાવાદમાં સ્થાયી નિવાસ કર્યો.

ચાળીસેક વર્ષની લેખન-કારકિર્દીમાં પેટલીકરે પચીસેક નવલકથાઓ, દસ-બાર વાર્તાસંગ્રહો અને લેખસંગ્રહો તેમ જ કેટલાંક રેખાચિત્રો અને પ્રકીર્ણ પુસ્તકો આપ્યાં છે. 'લોકસાગરને તીરે તીરે' નામક તેમની કૉલમ વર્ષો સુધી વર્તમાનપત્રમાં પ્રગટ થતી રહી. તે દ્વારા તેમણે અનેક રાજકીય-સામાજિક સમસ્યાઓની છણાવટ કરીને પત્રકારત્વમાં પણ મહત્ત્વનો ફાળો આપ્યો. તેઓ તળપદી શૈલીના સાહિત્યસર્જક, સમાજહિતચિંતક, નિર્ભીક વિચારક અને દૃષ્ટિસંપન્ન પત્રકાર હતા. 1961માં તેમને ગુજરાતી સાહિત્યનો પ્રતિષ્ઠિત એવો રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો.

સુરેશ જોષી

(જ. 30-5-1921 * અ. 6-9-1986)



પ્રકાંડ પાંડિત્યપૂર્ણ સર્જનો દ્વારા સાહિત્યની જૂની, ચીલાચાલુ પરંપરાને તોડી-ફોડી નવો ચીલો પાડનાર વ્યક્તિ તો દાયકાઓમાં ક્વચિત જ પાકે છે. કવિતા, નવલકથા, નવલિકા, વિવેચન, અનુવાદો અને સંપાદન જેવા વિવિધ પ્રકારો દ્વારા પોતાની ઝળહળતી પ્રતિભા દાખવનાર સર્જક સુરેશ જોષીનો જન્મ સુરત જિલ્લાના વાલોડ ગામે થયો હતો.

1943માં બી.એ. અને 1945માં એમ.એ. કરી જીવનભર શિક્ષણકાર્યનો વ્યવસાય સ્વીકાર્યો. વડોદરા યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા વિભાગમાં છેવટ સુધી અધ્યાપન કર્યું, પરંતુ સાથેસાથે સાહિત્યિક પ્રવૃત્તિઓ પણ એટલી જ ગતિશીલ રાખી. નવીન અસ્તિત્વવાદી વિચારધારાના તે પ્રવર્તક હતા. નીડર અભિવ્યક્તિ અને સ્વતંત્ર વૈચારિક સર્જકવૃત્તિ દ્વારા તેમણે પત્રકારત્વમાં પણ બહુમૂલ્ય પ્રદાન કર્યું.

'પ્રત્યંચા', 'ઇતરા', 'નવોન્મેષ', 'ઉપજાતિ' અને 'પરકીયા' એ તેમના કાવ્યસંગ્રહો છે. 'છિન્નપત્ર', 'કથાચક્ર', 'મરણોત્તર' વગેરે નવલકથાઓ છે. જ્યારે 'ક્ષિતિજ', 'ઊહાપોહ' તથા 'મનીષા'નું તેમણે સંપાદન કરેલું છે. એમનું મહત્ત્વનું સર્જકકર્મ તો વિવેચનક્ષેત્રનું છે. એમના 'ગુજરાતી કવિતાનો આસ્વાદ', 'કિંચિત્', 'કથોપકથન', 'અરણ્યરુદન', 'ચિન્તયામિ મનસા', 'અષ્ટમોધ્યાય' આદિ ગ્રંથો પરથી એ પ્રતીત થાય છે. તેમને નર્મદ સુવર્ણચંદ્રક તેમ જ રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. 1983માં જાહેર થયેલા સાહિત્ય અકાદમી દિલ્હીના ઍવૉર્ડનો અસ્વીકાર કરેલો.

સુરેશ જોષી

'જનાન્તિકે' એમનો લલિત નિબંધોનો પ્રથમ સંગ્રહ છે. કાવ્યાત્મક, કથનાત્મક, આત્મકથાનક અને ચિંતનાત્મક શૈલીઓનો સમન્વય કરીને નિપજાવેલું એક નવા જ પ્રકારનું 'જનાન્તિકે' નિબંધસ્વરૂપ ગુજરાતી ભાષાને મળ્યું. લલિત-નિબંધક્ષેત્રે કાકાસાહેબ પછી શકવર્તી લક્ષણો સ્થાપિત કરે છે.

આ ઉપરાંત એમના 'ઇદમ્ સર્વમ્', 'અહો બત કિમ્ આશ્ચર્યમ્' અને 'ઇતિ મે મતિ' નોંધપાત્ર નિબંધસંગ્રહો છે.

ધીરુભાઈ ઠાકર

(જ. 27-6-1918)



'સવ્યસાચી' વિવેચક સંશોધક સંપાદક અને નાટ્યવિદ ધીરુભાઈ ઠાકરનો જન્મ વીરમગામમાં થયો હતો. અમદાવાદ-મુંબઈમાં ઉચ્ચ શિક્ષણ લીધું. 1941માં એમ.એ. થઈ ગુજરાત સાહિત્યના અધ્યાપનની કારકિર્દીનો પ્રારંભ તે 1978માં નિવૃત્ત થયા ત્યાં સુધી. દરમ્યાન મુંબઈની તથા અમદાવાદની કૉલેજોમાં અધ્યાપન કર્યું. મોડાસાની કૉલેજમાં તો સંસ્થા-સંચાલનની પણ કામગીરી બજાવેલી.

ધીરુભાઈ અધ્યાપન કરતાં કરતાં અનેક સાહિત્યિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રહ્યા. વડોદરાની મ. સ. યુનિવર્સિટીની સંગીત-નૃત્ય-નાટ્ય સમિતિ તથા લલિતકલા વિદ્યાશાખાના સભ્ય રહેલા. 1956થી 1971 સુધી અધ્યાપકો અને વિદ્યાર્થીઓ માટેની અનેક નાટ્યતાલીમ શિબિરોનું તેમણે સુંદર સંચાલન કરેલું.

ધીરુભાઈને ગુજરાત સાહિત્ય સભા તરફથી રણજિતરામ સુવર્ણચંદ્રક (1994), વિશ્વ ગુજરાતી સમાજ દ્વારા પુરસ્કાર (1998), ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર (1998) અને વિદ્યાવિકાસ ટ્રસ્ટ દ્વારા સારસ્વત પુરસ્કાર એનાયત થયો છે. તેમને સચ્ચિદાનંદ સન્માન પણ પ્રાપ્ત થયું છે.

નિવૃત્તિ બાદ અમદાવાદમાં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સ્થાપના 1985માં થઈ હતી. તેના નેજા હેઠળ ચાલતા 'ગુજરાતી વિશ્વકોશ'ના મુખ્ય સંપાદક તરીકે તેમણે ૨૫ વર્ષમાં ૨૫ દળદાર ગ્રંથો પ્રગટ કર્યા છે.

નટવરલાલ પંડ્યા 'ઉશનસ્'

(જ. 28-9-1920 * અ. 6-11-2011)



વડોદરા જિલ્લાના સાવલીમાં નટવરલાલ પંડ્યા - 'ઉશનસ્'નો જન્મ. સંસ્કૃતના વિષય સાથે બી.એ. થઈ 1945માં એમ.એ. થયા. કારકિર્દીનો આરંભ 1947થી નવસારીથી કર્યો. વલસાડ કૉલેજમાં અધ્યાપક અને બાદમાં આચાર્યપદ 1968માં સંભાળ્યું. ત્યારથી ત્યાં જ આસનબદ્ધ થઈ 1980માં નિવૃત્ત થયા.

1940ના અરસામાં આરંભી એકધારી રીતે કાવ્યસર્જન કરનાર ઉશનસ્‌ના 11 કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. તેમણે સમકાલીન કવિતામાંથી કેટલાક પ્રભાવ ઝીલીને પોતાની આગવી મુદ્રા ઉપસાવી છે. એમના પ્રથમ તબક્કાની કવિતાઓ 'પ્રસૂન', 'નેપથ્યે', 'આર્દ્રા' અને 'મનોમુદ્રા' 1960માં પ્રગટ થઈ. 'તૃણનો ગ્રહ' અને 'સ્પંદ અને છંદ' કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. અધ્યાપનના વ્યાસંગે એમણે વિવેચન પણ લખ્યું છે. આ ઉપરાંત એમની નાટ્યકૃતિઓ, નિબંધો અને રેખાચિત્રો પણ પ્રગટ થયેલાં છે.

એમના સાહિત્યસર્જન માટે એમને કુમાર ચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક (1972), ગુજરાત સાહિત્ય પરિષદ, ગુજરાત સાહિત્ય અકાદમી, રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી પારિતોષિક (1976) આદિ પુરસ્કારો પણ પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય પુરસ્કાર, ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર તેમ જ ગુજરાતી કવિતા માટે અપાતા સર્વોચ્ચ એવા નરસિંહ મહેતા ઍવૉર્ડ(2001)થી પણ તેઓ સન્માનિત થયા છે.

જયંત હિંમતલાલ પાઠક

(જ. 20-10-1920 * અ. 1-9-2003)



કવિ, વિવેચક, નિબંધકાર અને સંસ્મરણ-લેખક જયંત પાઠકનો જન્મ ગોઠ (રાજગઢ)માં થયો હતો. 1945માં વડોદરા કૉલેજમાંથી એમ.એ. થયા. 1960માં એમણે પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી. 1943થી 1947 સુધી શિક્ષણના વ્યવસાયમાં રહીને 1948માં તેઓ મુંબઈમાં 'જન્મભૂમિ' અને 'હિન્દુસ્તાન' પત્રોમાં જોડાયા. 1953માં સુરતની કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે જોડાયા અને એ જ સ્થાનેથી નિવૃત્ત થયા.

જયંત પાઠકના કાવ્ય સંગ્રહો 'મર્મર', 'સંકેત', 'વિસ્મય', 'અંતરીક્ષ', 'અનુનય', 'મૃગયા', 'શૂળી ઉપર સેજ', 'બે અક્ષર આનંદના', 'દ્રુતવિલંબિત' જોતાં જણાય છે કે પ્રકૃતિ, પ્રીતિ, પરમાત્મા, કુટુંબભાવ અને માનવીનાં સુખદુ:ખાત્મક સંવેદનો એમના આરાધ્ય વિષયો રહ્યા છે. પ્રારંભે ગીત, સૉનેટ, મુક્તક, છંદોબદ્ધ રચનાઓ અને પછીથી ગઝલ, અછાંદસ રચનાઓ ભણી પણ વળ્યા છે. કવિએ વતનનાં સંસ્મરણોનું આલેખન કરતી ગદ્યકૃતિઓ 'વનાંચલ' અને 'તરુરાગ અને નદીસૂક્ત' આપી છે.

જયંત પાઠક એમના સાહિત્યકાર્યથી અનેક ઇનામો ને એવૉર્ડ્ઝ પામ્યા છે. કુમાર ચંદ્રક, નર્મદ ચંદ્રક, રણિજિતરામ સુવર્ણચંદ્રક, પ્રેમાનંદ સુવર્ણચંદ્રક, સોવિયેત દેશ નેહરુ ઍવૉર્ડ, કેન્દ્રની અકાદમીનો ઍવૉર્ડ, ન્હાનાલાલ પારિતોષિક, ધનજી કાનજી સુવર્ણચંદ્રક, ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક, અનંતરાય રાવળ વિવેચન ઍવૉર્ડ આદિ સન્માનો એમના સાહિત્યિક કાર્યની ઉત્તમતાની શાખ પૂરે છે.

ધીરુબહેન પટેલ

(જ. 29-5-1926)



નવલકથાકાર, નાટ્યકાર અને વાર્તાકાર ધીરુબહેનનો જન્મ વડોદરામાં. શિક્ષણ મુંબઈમાં. મુખ્ય વિષય અંગ્રેજી સાથે 1948માં એમ.એ. મુંબઈની ભવન્સ કોલેજમાં 1963 સુધી અંગ્રેજી સાહિત્યનું અધ્યાપન. 1963થી પોતાનું 'કલ્કિ પ્રકાશન' શરૂ કરેલું. 'જન્મભૂમિ' જૂથના સાપ્તાહિક 'સુધા'માં 1975 સુધી તંત્રી તરીકે સેવા આપી.

વાર્તાલેખનથી સર્જન આરંભેલું, પણ યશ અપાવ્યો નવલકથાઓએ. 'વડવાનલ', 'વમળ', 'શીમળાનાં ફૂલ', 'વાવંટોળ' એમની સફળ નવલકથાઓ છે. 'એક ભલો માણસ' - 'કાદંબરીની મા' લઘુનવલો છે. 'આગંતુક' લઘુનવલ કુટુંબ-સંસાર તજનાર નાયકનું મનોજગત આલેખતી ઉત્તમ કૃતિ છે. આ કૃતિ માટે 'દર્શક ઍવૉર્ડ' તેમને એનાયત થયો હતો. ધીરુબહેને હાસ્યસાહિત્યનું ખેડાણ કર્યું હતું. 'પરદુ:ખભંજન પેસ્તનજી', 'ગગનનાં લગન' એમની હાસ્યરસની કૃતિઓ છે.

1966માં એમણે 'અંડેરી ગંડેરી ટીપરી ટેન' બાળનાટક આપેલું. 'બતકનું બચ્ચું'માં બાળવાર્તા અને 'મિત્રાનાં જોડકણાં'માં બાળકાવ્યો છે. માર્ક ટ્વેઇનની 'ટોમ સૉયર' અને 'હકલબરી ફિનનાં પરાક્રમો'ના પણ ઉલ્લેખનીય છે.

1980નો રણજિતરામસુવર્ણચંદ્રક, ક. મા. મુનશી સુવર્ણચંદ્રક, નર્મદ સુવર્ણચંદ્રક તેમ જ ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી ગૌરવ પુરસ્કાર પણ તેમને મળેલા છે. 2004-05ના વર્ષ માટે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે તેમની વરણી થઈ છે.

નિરંજન ભગત

(જ. 28-5-1926)



અમદાવાદમાં જન્મ. કૉલેજશિક્ષણ મુંબઈમાં. એમ.એ. થઈ અમદાવાદની વિવિધ કૉલેજોમાં અંગ્રેજીના અધ્યાપક અને વિભાગીય અધ્યક્ષ રહ્યા. અધ્યાપનકાર્ય સાથે એમની કવિતા પણ કોળી રહી.

તેમના પ્રથમ કાવ્યસંગ્રહ 'છંદોલયે' ગુજરાતી કાવ્યસરિતાને એક નવો જ વળાંક આપ્યો. 'છંદોલય' ગુજરાતી કવિતાનો નવો વળાંક સૂચવતો તથા માંજેલી ભાષાનો અને ચુસ્ત પદ્યબંધનો અનોખો આસ્વાદ આપતો કાવ્યસંગ્રહ છે. બીજે જ વર્ષે એમનાં ગીતોનો સંગ્રહ 'કિન્નરી' પ્રગટ થયો. 'કિન્નરી' ગીતસંગ્રહ છે. 'પ્રવાલદ્વીપ' મુંબઈનાં પાત્રોની પચીસ કૃતિઓનો સંગ્રહ છે. 1953માં એમનો ત્રીજો કાવ્યસંગ્રહ 'અલ્પવિરામ' પ્રગટ થયો. 1956માં મહાગુજરાતના આંદોલને તેમના કવિચિત્તને સંકોર્યું અને એક બીજો ઉન્મેષ '33 કાવ્યો'માં પ્રગટ થયો. ત્યાર બાદ તેમનું કાવ્યસર્જન અટક્યું.

એમની કાવ્યબાનીમાં સુઘડતા, સ્વચ્છતા અને સુગ્રથિતતા છે. કાવ્યભાષાને એમણે નવો મરોડ આપ્યો છે. ગદ્યકાર તરીકે એમના વિવેચનલેખો કે નોંધોમાં એમની સૂક્ષ્મ વિશ્લેષણશક્તિ - મૌલિક અભિગમ, નીડર નિખાલસ અભિવ્યક્તિ નોંધપાત્ર છે. 1997માં તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદે ચૂંટાયા હતા.

1957માં સુરતની નર્મદ સાહિત્ય સભાએ તેમને સુવર્ણચંદ્રક આપ્યો. 1969માં રણજિતરામ સુવર્ણચંદ્રક તથા 2002માં ગુજરાતી કવિતા માટેનો સર્વોચ્ચ ઍવૉર્ડ 'નરસિંહ મહેતા પુરસ્કાર' તેમને એનાયત થયો હતો.

નિરંજન ભગતની કૃતિઓ :
મુંબઈ વિશેનાં કાવ્યોનો ગુચ્છ 'પ્રવાલદ્વીપ' કાવ્યજૂથ કવિના મુંબઈ મહાનગરમાં વસવાટ દરમિયાનના પ્રબળ સંસ્કારોનો અભિનવ કલ્પનોમાં વિસ્ફોટ છે. પ્રશિષ્ટ રેખાઓ વચ્ચે ગોઠવાયેલી આ આધુનિક વિષયસામગ્રી સંવેદન-સભર છે. નગરકવિતાનું ગુજરાતી ભાષામાં પ્રગટેલું આ સૌંદર્ય નવું છે.

પ્રિયકાન્ત મણિયાર

(જ. 24-1-1927 * અ. 25-6-1976)



નખશિખ કવિ પ્રિયકાન્તનો જન્મ વીરમગામમાં પણ વતન અમરેલી. અભ્યાસ નવ ધોરણ સુધી કરી પોતાના વંશ પરંપરાગત વ્યવસાયમાં જોડાઈ ગયેલા. પણ ચૂડીઓ ઉતારતાં ઉતારતાં કવિતાનો ઉન્મેષ પ્રગટ્યો.


કવિમિત્રોને પરિચિત અને ઉમાશંકરે જેને અમર કરી આપેલી તે અમદાવાદમાં બાલાહનુમાન પાસેની અઢી હાથની દુકાનમાં ચૂડીઓ ઉતારતાં-ઉતારતાં એવાં જ સંઘેડાઉતાર ગીતો પ્રિયકાન્ત કાગળ પર ઉતારતા. ખોબા જેવડી આ દુકાનમાં રહ્યે રહ્યે કવિ પ્રિયકાન્ત કવિતાના અમાપ આકાશમાં વિહરવા મંડ્યા. કંકણકળા અને કાવ્યકળા પર એકસરખો તેમનો હાથ બેસવા લાગ્યો.

'કુમાર'માં ચાલતી 'બુધકાવ્યસભા'માં તેઓ નિયમિત જતા. ત્યાં અન્ય કવિમિત્રોના સંસર્ગે તેઓ ખૂબ ખીલ્યા. તેઓ પોતાનો પરિચય 'ફૂલના કવિ' તરીકે આપતા. ફૂલના ફૂટવાના જેટલું જ નૈસર્ગિક હતું તેમનું સર્જન. પ્રિયકાન્ત મંચ ઉપર કવિતા-પઠન કરવા આવે ત્યારે એ મસ્ત કવિને જોવા-સાંભળવા આવેલા શ્રોતાઓ સાંભળતાંસાંભળતાં ઝૂમી ઊઠતા.

તેમના 7 કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે : 'પ્રતીક', 'અશબ્દ રાત્રિ', 'સ્પર્શ', 'સમીપ', 'પ્રબળ ગતિ', 'વ્યોમલિપિ' અને 'લીલેરો ઢાળ'. 'પ્રબળ ગતિ'ની મોટા ભાગની કૃતિઓ 1972માં અમેરિકાના પ્રવાસ દરમ્યાન ત્યાંનાં સ્થળ, કાળ, પાત્રો, પ્રસંગો અને અનુભવમાંથી જ પ્રગટી છે. જીવનપ્રવૃત્તિ-કાવ્યપ્રવૃત્તિના મધ્યાહ્નને, પ્રિયકાન્ત પૂરા પ્રકાશતા હતા તેવા ટાણે તે અક્ષરલીલામાં મળી ગયા.

બકુલ ત્રિપાઠી

(જ. 27-11-1928 * અ. 31-8-2006)



બકુલ મણિશંકર ત્રિપાઠીનો જન્મ સાક્ષરભૂમિ નડિયાદમાં, પણ અર્વાચીન શ્રેષ્ઠ હાસ્યલેખક તરીકે તેઓ પોંખાયા અને પંકાયા અમદાવાદમાં. વ્યવસાયે એ અમદાવાદની એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સના પ્રાધ્યાપક હતા. પણ એમની ગુજરાતભરમાં નામના તો થઈ છે જ્યોતીન્દ્ર દવે પછીની એવી અને એટલી જ ઈયત્તાના એક વિચક્ષણ હાસ્યસર્જક તરીકે.

'કુમાર'માં સને 1951માં તેમણે નિબંધિકાઓ લખવી શરૂ કરી. 'ગુજરાત સમાચાર'માં તેમની 'કક્કો અને બારાખડી', 'સોમવારની સવારે' જેવી કટારો ચાલતી રહી, જે કટારોની સુવર્ણજયંતી થઈ ગઈ.

બકુલ ત્રિપાઠીને સામયિકો, દૈનિકો, આકાશવાણી, દૂરદર્શન, રંગભૂમિ વગેરેમાં પોતાની અભિવ્યક્તિનાં માધ્યમો મળ્યાં છે. પ્રયોગશીલ હાસ્યકાર તરીકે ઝળકેલા તેમણે અગંભીર વિષયોનો ગંભીર રીતે વિનિયોગ કરી હાસ્યસાહિત્ય પીરસ્યું છે.

બકુલ ત્રિપાઠી ઊંચા ગજાના નાટ્ય-મીમાંસક છે. ભવાઈના સ્વરૂપમાંથી અંશો લઈને તેમણે રચેલું 'લીલા' નાટક નાટ્યકાર તરીકે પણ તેમને ઊંચો આંક અપાવી રહે છે. લલિત નિબંધોનો સંગ્રહ 'વૈકુંઠ નથી જાવું' એમની સર્જકતાનું પરિમાણ પ્રગટાવે છે.

તેમને 1952નો 'કુમાર ચંદ્રક' એનાયત થયો. 1955માં તેમણે તેમના હાસ્યકટાક્ષલેખોનો સંગ્રહ 'સચરાચરમાં' પ્રગટ કર્યો ને તેને ગુજરાત સરકારનું ઉત્તમ હાસ્યપુસ્તકનું ઇનામ જાહેર થયું. તેમને 1988નો રણજિતરામ સુવર્ણ ચંદ્રક એનાયત થયો હતો. ઈ. 2005માં તેઓ સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા.

મોહમ્મદ માંકડ

(જ. 13-2-1928)



ભાવનગર જિલ્લાના પાળિયાદમાં જન્મ. શાળાકીય શિક્ષણ પુરું કરીને સાયન્સ કૉલેજમાં જોડાયા. સંજોગોવશાત્ અભ્યાસ અધૂરો મૂકવો પડ્યો. બોટાદ હાઈસ્કૂલમાં શિક્ષક થયા. 1950માં સૌરાષ્ટ્રના 'ફૂલછાબ'માં વ્યાવસાયિક જીવનનો એકડો ઘૂંટેલો તે પહેલાં 1948માં લેખનપ્રવૃત્તિ શરૂ થઈ હતી. એમને ય ખબર નહીં હોય કે સાહિત્ય-સર્જન તેમનો જીવનરસ બની રહેશે.

'કાયર' એ તેમની પહેલી કૃતિ. પછી તો 'ધુમ્મસ', 'મોરપીંછના રંગ', 'ગ્રહણરાત્રિ', 'બંધનગર', 'અશ્વદોડ' જેવી પ્રશિષ્ટ નવલકથાઓ અને ટૂંકી-વાર્તાઓએ તેમને ગુજરાતી સાહિત્યક્ષેત્રે અગ્રિમ હરોળમાં ગોઠવી દીધા. 1979માં 'સંદેશ' દૈનિકમાં શરૂ થયેલી 'કેલિડોસ્કોપ' નિબંધ-કટારે એમને યશસ્વી નામ અપાવ્યું. તેમની કથાઓ મનોવૈજ્ઞાનિક અને પ્રયોગશીલ છે.

માંકડની ગુજરાત રાજ્યની ગુજરાતી સાહિત્ય અકાદમીના પહેલા અધ્યક્ષ તરીકે 1982માં વરણી થઈ હતી. 1984-90 સુધી તેઓ ગુજરાત પબ્લિક સર્વિસ કમિશનના સભ્ય તેમ જ 1989-91 સુધી ગુજરાત યુનિવર્સિટીની સેનેટના સભ્ય હતા.

માંકડને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી ત્રણ પારિતોષિકો, કાકા કાલેલકર પારિતોષિક ક. મા. મુનશી ચંદ્રક, તેમજ સદ્‌વિચાર પરિવાર તરફથી બહુમાન મળ્યાં છે. આ ઉપરાંત ગુજરાત સરકાર દ્વારા સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન બદલ ગૌરવ પુરસ્કાર એનાયત કરીને તેમના સર્જનને સન્માનિત કરવામાં આવ્યું છે.

તારક મહેતા

(જ. 26-12-1929)



સુપ્રસિદ્ધ હાસ્યકાર અને નાટ્યલેખક તારક મહેતાનો જન્મ અમદાવાદમાં. પિતાનું નામ જનુભાઈ.

ઈ. સ. 1958માં એમ.એ. થયા. ફિલ્મક્ષેત્રે કારકિર્દી કરવાની ઇચ્છા ફળીભૂત ન થતાં નાટ્યલેખન શરૂ કર્યું. ભારત સરકારના ફિલ્મ ડિવિઝનમાં ઈ. 1960થી '86માં નિવૃત્ત થયા સુધી કૉમેન્ટરી-લેખક તરીકે સેવા આપી.

'ચિત્રલેખા' સાપ્તાહિકમાં પ્રગટ થતી તેમની લેખમાળા 'દુનિયાને ઊંધાં ચશ્માં' પ્રહસનને ગુજરાત-મહારાષ્ટ્રની સરકારો તરફથી દિગ્દર્શન, અભિનય તેમ જ લેખનના મળીને કુલ 14 પારિતોષિકો પ્રાપ્ત થયાં હતાં; પરંતુ તેમનાં યશસ્વી નાટકો તો 'સપ્તપદી', 'મોસમ છલકે', 'હેલો ઈન્સ્પેક્ટર', 'જૂઠ બોલે કૌવા કાટે' જેવાં છે જે આઈ. એન. ટી.એ ભજવ્યાં છે. આ નાટકો મુંબઈ તેમ જ ગુજરાતનાં અનેક શહેરોમાં ભજવાયાં છે અને તે ખૂબ જ લોકપ્રિય થયાં છે. 'તારક મહેતાનાં ઊંધાં ચશ્માં' એ નામે નૅશનલ નેટવર્ક ઉપરથી ટી.વી. સિરિયલ ચાલી રહી છે.

'ચિત્રલેખા' સાપ્તાહિકમાં ઈ. સ. 1971થી તેમની 'દુનિયાને ઊંધાં ચશ્મા' હાસ્યકૉલમ શરૂ થઈ હતી, જે આજે પણ પ્રગટ થઈ રહી છે. આ કૉલમમાં હાસ્ય ઉપરાંત કથાનકનું નાટ્યાત્મક તત્ત્વ છે.

નાટ્યક્ષેત્રે - હાસ્યરસના ક્ષેત્રે તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. તેમના સાહિત્યસર્જન માટે તેમને ગુજરાત સરકારનાં 6 ઇનામ મળ્યાં છે. નિવૃત્તિકાળમાં તેઓ અમદાવાદમાં સ્થાયી થયા છે.

ચંદ્રકાન્ત બક્ષી

(જ. 20-8-1932 * અ. 25-3-2006)



અભિનવ વિભાવના પ્રેરિત નવલકથા લખવાના ગુજરાતી સાહિત્યમાં જે પ્રયોગો થયા તેમાં ચંદ્રકાન્ત બક્ષીનું મહત્ત્વનું પ્રદાન છે.

ઉત્તર ગુજરાતના પાલનપુરમાં એમનો જન્મ. ઉજ્જ્વળ કારકિર્દી સાથે એમણે એમ.એ., એલએલ.બી.નો અભ્યાસ પૂર્ણ કર્યો. વિવિધ કારણોસર 1948 સુધી બક્ષી પરિવારને કલકત્તા-પાલનપુરમાં રહેવાનું બન્યું. 1969 સુધી કલકત્તામાં કાપડનો વ્યવસાય કર્યો. 1970થી દસ વર્ષ સુધી કૉલેજમાં અને મુંબઈ યુનિવર્સિટીમાં ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર વિષયોમાં અધ્યાપનકાર્ય કર્યું. બાદમાં બે વર્ષ રાહેજા કૉલેજમાં આચાર્યપદે તેમ જ મુંબઈ યુનિવર્સિટીની સેનેટના સભ્ય પણ હતા.

બક્ષીનાં લગભગ સાઠ ઉપરાંત પુસ્તકો પ્રગટ થયાં છે. એમાં બે ડઝન જેટલી તો નવલકથાઓ છે. આ ઉપરાંત ઇતિહાસ-સંશોધનનાં પણ સત્તરેક પુસ્તકો તેમણે લખ્યાં છે. 'પડઘા ડૂબી ગયા', 'રોમા', 'એકલતાના કિનારા', 'એક અને એક' વગેરે તેમની આગવી નવલકથાઓ છે. તેમણે નવલિકાલેખન પણ કર્યું છે. એના સંગ્રહોની સંખ્યા પણ એક ડઝન જટેલી થાય છે. 'જ્યુથિકા' એમનું ત્રિઅંકી નાટક છે.

બક્ષીની ભાષા ચોટદાર અને વેધક છે. વર્તમાનપત્રો અને સામયિકોમાં એ નિયમિત રીતે લખતા રહેતા. એમનો વાચકવર્ગ ખૂબ વિશાળ હતો. ગુજરાતી ભાષામાં સૌથી વધુ વંચાતા લેખકોમાં તેઓ અગ્રણી હતા. બ્રિટન, ફ્રાન્સ, અમેરિકા, રશિયા વગેરે દેશોનો પ્રવાસ કર્યો હતો.

હરીન્દ્ર દવે

(જ. 19-9-1930 * અ. 29-3-1995)



સિદ્ધહસ્ત નવલકથાકાર, ઊર્મિશીલ કવિ, 'જન્મભૂમિ'-'પ્રવાસી' દૈનિકોના સંનિષ્ઠ તંત્રી હરીન્દ્ર દવેનો જન્મ ખંભારા(કચ્છ)માં થયો હતો.

એમ.એ. થયા તે પહેલાંથી જ 'જનશક્તિ' દૈનિકમાં જોડાયા હતા. 1973થી 'જનશક્તિ'ના તંત્રી અને 1979થી અવસાન સુધી 'જન્મભૂમિ'ના તંત્રીપદે રહ્યા.

કવિતા-નવલકથા અને પત્રકારત્વ ઉપરાંત ગઝલ, દીર્ઘ કાવ્યો, સૉનેટ, નાટક તેમણે રચ્યાં છે. નિબંધ અને વિવેચનક્ષેત્રે પણ એમનું પ્રદાન છે.

પ્રેમ અને મૃત્યુ એમના સર્જનના ખાસ વિષયો છે. 'આસવ', 'મૌન', 'અર્પણ', 'સમય' અને 'સૂર્યોપનિષદ' એમના કાવ્યસંગ્રહો છે. સંપાદિત થયેલાં એમનાં કાવ્યોના પુસ્તક 'હયાતી'ને દિલ્હી સાહિત્ય અકાદમી તરફથી પારિતોષિક પ્રાપ્ત થયું છે. આ ઉપરાંત રાજ્ય તરફથી પણ તેમનાં પુસ્તકો પુરસ્કૃત થયાં છે. 'ગાંધીજીની કાવડ' જેવી સાંપ્રત પરિસ્થિતિનો પર્દાફાશ કરતી કટાક્ષપ્રધાન નવલ તેમ જ 'અનાગત' જેવી નવલ પણ તેમણે આપી છે.

'કૃષ્ણ અને માનવસંબંધો' એ તેમનો નિરાળો ચિંતનપ્રધાન અભ્યાસપૂર્ણ ગ્રંથ છે, જ્યારે 'માધવ ક્યાંય નથી' એ તેમની મનહર ઊર્મિરસની નવલ છે. 'શબ્દ ભીતર' લેખસંગ્રહ અને 'વિવેચનની ક્ષણોમાં' તેમનાં ઉલ્લેખનીય પુસ્તકો છે. ડેવિડ વેગ્નર અને વિલિયમ સ્ટેફર્ડનાં કેટલાંક કાવ્યોના ઉત્તમ અનુવાદ પણ તેમણે આપ્યા છે.

સુરેશ દલાલ

(જ. 11-10-1932 * અ. 10-8-2012)



કવિ, સંપાદક, અધ્યાપક, વિવેચક, નિબંધકાર, શિક્ષણવિદ અને કટારલેખક સુરેશ દલાલનો ઉછેર અને શિક્ષણ મુંબઈમાં થયાં હતાં. મુંબઈની વિવિધ કૉલેજોમાં એમણે અધ્યાપન કર્યું.

મુંબઈમાંથી 'જન્મભૂમિ' ટ્રસ્ટ દ્વારા 'કવિતા' દ્વૈમાસિક દ્વારા કાવ્યોનો મબલક ફાલ કવિતારસિકો સુધી પહોંચાડીને કવિતાને લોકપ્રિય કરવામાં સુરેશ દલાલનો મહત્ત્વનો ફાળો રહ્યો છે.

મુંબઈ જ એમની જન્મભૂમિ અને કર્મભૂમિ. મુંબઈની એસ.એન.ડી.ટી. કૉલેજમાં અધ્યાપનકાર્ય કરનાર સુરેશ દલાલે કાવ્યપ્રવૃત્તિને સારી એવી વિસ્તારી છે. એમણે સાહિત્યના વિવિધ પ્રકારો ખેડ્યા છે : કાવ્ય, બાળકાવ્ય, નવલિકા, નિબંધ, વિવેચન, સંપાદન તેમ જ ભાષાંતરના ક્ષેત્રે એમણે વિપુલ સર્જન કર્યું છે, પરંતુ એમનો પ્રથમ પ્રેમ તો કવિતા જ છે. તેમના વીસેક કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. એમાં 'એકાન્ત', 'હસ્તાક્ષર', 'સિમ્ફની', 'તારીખનું ઘર' વગેરેને પુરસ્કાર પ્રાપ્ત થયા છે. બાળકાવ્યોમાં ચાર પુરસ્કૃત પુસ્તકો સહિત તેર જેટલા સંગ્રહો પ્રગટ થયા છે. તો 'ભૂરા આકાશની આશા', 'મારી બારીએથી' નિબંધસંગ્રહો ઉલ્લેખનીય છે. તેઓએ અનેક વખત પરદેશયાત્રા કરી છે અને ત્યાંના સાહિત્યકારો સાથે મુલાકાતો યોજી પરદેશી સાહિત્ય સાથે આદાનપ્રદાન કર્યું છે. ગુજરાતી સાહિત્ય અકાદમીના તેઓ ઉપપ્રમુખ પણ રહ્યા હતા. 1983નો રણજિતરામ સુવર્ણ ચંદ્રક ઉપરાંત તેમને અનેક પુરસ્કારો એનાયત પ્રાપ્ત થયા હતા.

ભગવતીકુમાર શર્મા

(જ. 31-5-1934)



કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર ભગવતીકુમાર શર્માનો જન્મ સુરતમાં. એમણે નબળી આંખોને કારણે એસ.એસ.સી. પછી અભ્યાસ છોડ્યો.

કિશોરાવસ્થાથી જ જેનો છંદ લાગ્યો હતો તે સાહિત્યમાં જ કારકિર્દી બનાવવાના નિર્ધાર સાથે 21 વર્ષની વયે 'આરતી અને અંગારા' નામની નવલકથા લખી અને પછી તો લેખનનો સિલસિલો ચાલુ જ રહ્યો.

પોતાના જન્મસ્થળ સુરતના જ સુપ્રસિદ્ધ દૈનિક 'ગુજરાત-મિત્ર'નાં તંત્રી વિભાગમાં 1955માં જોડાઈને કારકિર્દીની શરૂઆત કરી ત્યારથી આજ દિન સુધી એ જ પત્રમાં રહીને સાહિત્ય-પ્રવૃત્તિ કરે છે. આશ્ચર્ય એ છે કે 1950માં છોડેલા અભ્યાસનો દોર 19 વર્ષ બાદ 1969માં સાધ્યો અને 1974માં પ્રથમ વર્ગમાં બી.એ. થયા. સાહિત્યક્ષેત્રે બાર નવલકથાઓ, દસ વાર્તાસંગ્રહો, બે કાવ્યસંગ્રહો અને એક નિબંધસંગ્રહ ઉપરાંત સંપાદન-અનુવાદ થઈને તેમનાં ત્રીસેક પુસ્તકો પ્રગટ થયાં છે.

એમનાં દસેક પુસ્તકોને ગુજરાત રાજ્યના તેમ જ અન્ય પુરસ્કારો પ્રાપ્ત થયા છે. 'ઊર્ધ્વમૂલ'ને ગોવર્ધનરામ પુરસ્કાર તેમ જ વાર્તા-કવિતા માટે 'કુમાર ચંદ્રક' વગેરે બહુમાન પણ તેમને મળ્યાં છે. 1977માં કુમાર ચંદ્રક, 1984માં રણજિતરામ સુવર્ણચંદ્રક, દર્શક ચંદ્રક પણ એનાયત કરવામાં આવ્યો હતો. 1987માં સાહિત્ય અકાદમી દિલ્હીનો પુરસ્કાર પણ એમને પ્રાપ્ત થયો હતો. ઈ. 2011-12માં સાહિત્ય પરિષદના પ્રમુખ પદે તેમની વરણી થઈ હતી.

ભોળાભાઈ પટેલ

(જ. 7-8-1934 * અ. 20-5-2012)



અનેકભાષાવિદ સર્જક, લલિત-નિબંધકાર, વિવેચક ભોળાભાઈ પટેલનો જન્મ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના સોજા ગામે થયો હતો.

1957માં બનારસ હિન્દુ યુનિવર્સિટીમાંથી બી.એ. અને 1960માં હિન્દી-સંસ્કૃત વિષયોમાં એમ.એ. થયા. 1970માં અંગ્રેજી ભાષાવિજ્ઞાન સાથે પુનઃ એમ.એ. 1978માં પીએચ.ડી. થયા. આરંભમાં કૉલેજમાં અધ્યાપન કરી 1969થી ગુજરાત યુનિવર્સિટીમાં હિન્દીના વ્યાખ્યાતા તરીકે જોડાયા. બાદમાં અધ્યક્ષ થયા. 1983-84માં વિશ્વભારતી શાંતિનિકેતનમાં તુલનાત્મક ભારતીય સાહિત્ય વિઝિટિંગ ફેલો બન્યા.

એમણે પ્રવાસ નિબંધોના લલિત નિરૂપણમાં પોતાની આગવી મુદ્રા ઉપસાવી છે. 'વિદિશા', 'પૂર્વોત્તર', 'કાંચનજંઘા', 'રાધે તારા ડુંગરિયા પર', 'દેવોની ઘાટી', 'દેવતાત્મા હિમાલય', 'બોલે ઝીણા મોર', 'ચૈતર ચમકે ચાંદની' અને 'શાલભંજિકા' પ્રવાસનિબંધો છે.

તેમણે વીસેક વિવેચનસંગ્રહો તેમ જ અનુવાદો પણ આપ્યા છે. અંગ્રેજી, જર્મની, હિન્દી, મરાઠી, બંગાળી, ઓડિયા, અસમિયા વગેરે ભાષા-સાહિત્યનો એમનો અભ્યાસ છે. 'પરબ'ના તંત્રી તરીકે 25 વર્ષની એકધારી સેવા આપી એમણે ભારતીય ભાષાઓની ગતિવિધિ 'પરબ'ના તંત્રીલેખો દ્વારા વાચકો માટે સુલભ કરી આપી. તેમને 1995માં રણજિતરામ સુવર્ણચંદ્રક અને 1997માં વિવેચનનો અનંતરાય રાવળ પુરસ્કાર મળ્યો છે. તેમની 2012માં સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે વરણી થઈ છે

લાભશંકર ઠાકર

(જ. 14-1-1935)



પરંપરાગત સર્જનમાંથી બહાર નીકળીને પોતાનો નવો ચીલો પાડનાર વિલક્ષણ વ્યક્તિત્વ ધરાવતા લાભશંકર ઠાકર પાટડીના વતની. 1959માં એમ.એ. થઈ સાતેક વર્ષ સુધી ગુજરાતી ભાષા-સાહિત્યના અધ્યાપક રહ્યા, પણ પિતાના વ્યવસાય - વૈદકનો પસંદ કર્યો.

સાતમા દાયકામાં સૌંદર્યલક્ષી કવિતાથી જુદી પડી જતી આધુનિક મિજાજવાળી કવિતા લઈને જે કવિઓ આવ્યા તેમાં લાભશંકરનો મોટો ફાળો છે. 1965માં એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'વહી જતી પાછળ રમ્ય ઘોષા' પ્રગટ થયો અને પહેલા જ સંગ્રહથી સિદ્ધહસ્ત કવિ તરીકે તેમનું સ્થાન નિશ્ચિત થયું.

'વહી જતી પાછળ રમ્યઘોષા' ઉપરાંત 'માણસની વાત', 'મારા નામને દરવાજે', 'બૂમ કાગળમાં કોરા' તેમના કાવ્યસંગ્રહો છે, તો 'અકસ્માત' અને 'કોણ' તેમની નવલકથાઓ છે. નાટ્યલેખનના પરિણામે, 'એક ઉંદર અને જદુનાથ', 'મરી જવાની મજા' અને 'પીળું ગુલાબ' નાટકો પ્રગટ થયાં છે.એમની કલમ એબ્સર્ડ પ્રકારનાં નાટકોમાં ગતિશીલ રહી છે. 'ઇનર લાઇફ' - નામક સ્વરૂપલક્ષી પુસ્તિકામાં એમણે નવલકથા વિશે નવમતવાદ રજૂ કર્યો છે. લાભશંકર સાહિત્યના પ્રવાહને બંધિયાર બનતો અટકાવનારાઓમાં આવકાર્ય અગ્રણી છે.

કુમાર ચંદ્રક, નર્મદ ચંદ્રક ઉપરાંત તેમને 1981નો રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો તેમ જ 2003માં તેમને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયો છે.

રાધેશ્યામ શર્મા

(જ. 5-1-1936)



કવિ, વાર્તાકાર, વિવેચક, નવલકથાકાર અને સંપાદક રાધેશ્યામનો જન્મ ગાંધીનગર જિલ્લાના વાવોલમાં.

પિતા સીતારામ શર્મા ગુજરાતમાં કથાકાર 'કીર્તનાચાર્ય' તરીકે સુપ્રસિદ્ધ. દાદા ભગવાનના 'અક્રમવિજ્ઞાન' સામયિકના માનાર્હ તંત્રી અને 'ધર્મસંદેશ' તથા 'ધર્મલોક' સાપ્તાહિકોનું સંપાદન પણ કરેલું.

સ્વતંત્ર લેખનનો વ્યવસાય. ગુજરાત સાહિત્ય અકાદમી, 'સંદેશ', 'મુંબઈ સમાચાર', 'જન્મભૂમિ-પ્રવાસી', 'સમભાવ', 'રંગતરંગ' અને 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'માં સ્વતંત્ર લેખન. સાહિત્યનો સતત અભ્યાસ તથા અનુવાદ-પ્રવૃત્તિ. આધુનિકતા તથા પ્રયોગશીલતા એમણે સતત સેવી છે.

'આંસુ અને ચાંદરણું' એમનો પહેલો કાવ્યસંગ્રહ છે. 'ફેરો' નવલ અને 'સ્વપ્નતીર્થ' લઘુનવલ એમની યશદાયી કૃતિઓ છે. વાર્તાક્ષેત્રે 'બિચારાં'ની પરંપરાગત શૈલીથી શરૂ કરી 'વાર્તાવરણ'ની પ્રયોગશીલ રચનાઓ સુધીની એમની સર્જનયાત્રા નોંધપાત્ર રહી છે.

'સાક્ષરનો સાક્ષાત્કાર' નામક પાંચ દળદાર ગ્રંથોમાં સમકાલીન જીવંત લેખકો-કળાકારોનાં જીવન-કવનને તેમણે ગ્રંથસ્થ કર્યાં છે. એમને ધનજી કાનજી સુવર્ણચંદ્રક, રણજિતરામ સુવર્ણચંદ્રક ઉપરાંત ગુજરાત રાજ્ય સરકારનાં પારિતોષિકો, ગુજરાત સાહિત્યમંડળ, કલકત્તાનો પુરસ્કાર, ક્રિટિક્સ ઍવૉર્ડ, 'કવિલોક' ઍવૉર્ડ, અનંતરાય રાવળ ઍવૉર્ડ પ્રાપ્ત થયા છે. એમનાં ચોત્રીસ પુસ્તકો પ્રગટ થયાં છે.

આદિલ મનસૂરી

(જ. 18-5-1936 * અ. 6-11-2008)



'આદિલ' તખલ્લુસ, પણ મૂળ નામ ફકીર મહંમદ ગુલામનબી મનસૂરી. વતન અમદાવાદ. વચ્ચે કરાચી જઈ રહેવું પડે તેવી પરિસ્થિતિ થઈ, તો કવિનાં અંતર- ઊંડાણમાંથી ઉદ્ગાર સરી પડ્યા ને એમાં વતન અમદાવાદ માટેની એમની અનન્ય ચાહના જોવા મળી :

વતનની ધૂળથી માથું ભરી લઉં 'આદિલ !'
અરે ! આ ધૂળ પછી ઉમ્રભર મળે ન મળે !

આખરે એમની ચાહના જીતી ને એમને અહીં જ રહેવાનું થયું. અઢાર વર્ષની ઉંમરથી એમણે કાવ્યો રચવા માંડેલાં. 'ક્યાં છે દરિયો, ક્યાં છે સાહિલ' એ એમની પહેલી ગઝલ. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'વળાંક' અને એ પછી પ્રગટ થયો. 'પગરવ' કાવ્યસંગ્રહ જેને ગુજરાત સરકારનું ઉત્તમ પુસ્તકનું પારિતોષિક પણ મળ્યું હતું. તે પછી ત્રીજો સંગ્રહ 'સતત' અને ચોથો ઉર્દૂ કાવ્યોનો સંગ્રહ પ્રકાશ્ય છે.

આદિલ માત્ર કવિ નથી, સમર્થ નાટ્યલેખક પણ છે. એમના 'હાથપગ બંધાયેલા છે'માંનાં મોટા ભાગનાં એકાંકી ગુજરાત અને મુંબઈમાં વારંવાર ભજવાયાં છે. 'પેન્સિલની કબર અને મીણબત્તી', 'હાથપગ બંધાયેલા છે' અને 'જડબેસલાક રામ જાંબુ' એકાંકી ખૂબ લોકપ્રિય થયાં છે.

આદિલના અગિયાર જેટલા કાવ્ય-ગઝલ-સંગ્રહો, ચાર નાટ્યસંગ્રહો પ્રગટ થઈ ચૂકયા છે, પરંતુ તેઓ ગઝલકાર તરીકે સૌથી વધુ જાણીતા છે. તેમની ગઝલોની ભાષા જીવંત અને બલિષ્ઠ છે. ગુજરાતી ભાષા તેમની ગઝલોમાં સોળ શણગાર સજી અવનવી છટાઓ પ્રગટ કરે છે.

ચન્દ્રકાન્ત ટોપીવાળા

(જ. 7-8-1936)



ચન્દ્રકાન્તનો જન્મ વડોદરામાં, ઉછેર ને અભ્યાસ મુંબઈમાં. ત્યાંની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસ કરી ગુજરાતી સાથે એમ.એ., પીએચ.ડી. કર્યું. 1984 સુધી પોરબંદર કૉલેજમાં અને દાહોદની કૉલેજમાં અધ્યાપન કરી ત્યાં 1971થી 1984 સુધી આચાર્યપદે રહ્યા. 1984થી '96 સુધી ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક. લા. સ્વાધ્યાયમંદિરના નિયામક રહ્યા. એમણે 1987માં યુરોપ અને 1997માં અમેરિકાનો પ્રવાસ કરેલો.

ચન્દ્રકાન્ત જ્ઞાનપીઠની ભાષા-સલાહકાર સમિતિના સભ્યપદે તેમ જ તેના અધ્યક્ષપદે હતા. ચન્દ્રકાન્તે પાંચ કાવ્યગ્રંથો, સોળ વિવેચનગ્રંથો, સાત અનુવાદગ્રંથો તથા પંદર સંપાદનગ્રંથો આપ્યા છે. ગુજરાતી સાહિત્યના ભાષાકર્મીઓમાં તેઓ નિઃસંદેહ આગલી હરોળમાં બિરાજે છે.

પહેલો કાવ્યસંગ્રહ 1962માં 'મહેરામણ' પ્રકાશિત થયો. બીજો સંગ્રહ 'કાન્ત તારી રાણી'ના પ્રગલ્ભ પ્રયોગોએ પ્રયોગશીલ કવિસર્જકોનું ધ્યાન તો ખેંચ્યું હતું. એમની સર્જકતાનો ઉઘાડ-પ્રકાશ 'પક્ષીતીર્થ' અને તે પછી 'બ્લેક ફૉરેસ્ટ'માં અનુભવાય છે.

તેમનાં મહત્ત્વનાં સંપાદન 'ગુજરાતી સાહિત્યકોશ : ભાગ-2 અને ભાગ-3'. ઉપરાંત ગુજરાતી સંદર્ભ-સાહિત્યમાં 'વિશિષ્ટ સાહિત્યસંજ્ઞાકોશ' 'આધુનિક સાહિત્યસંજ્ઞાકોશ' અને 'ગુજરાતી ટૂંકીવાર્તાકોશ' એમનું પ્રદાન છે. તેઓને બલવંતરાય ક. ઠાકોર અને 2002માં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો છે.

ગુણવંત શાહ

(જ. 12-3-1937)



ગુજરાતના પ્રબુદ્ધ સાહિત્યકાર, અસરકારક વકતા, લલિતનિબંધકાર ગુણવંત શાહનો જન્મ સુરતમાં.

બી.એસસી. અને એમ.એડ. સાથે શિક્ષણના વિષય સાથે પીએચ.ડી. કર્યું. આરંભમાં વડોદરામાં શિક્ષણના અધ્યાપનકાર્યથી કારકિર્દીનો આરંભ કર્યો. ચેન્નાઈ, મુંબઈ અને છેલ્લે સુરતમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના પ્રોફેસર તેમ જ અધ્યક્ષ તરીકે કામ કર્યા પછી ઈ. સ. 1987માં તેમણે વહેલી નિવૃત્તિ લઈ લીધી.

ઈ. સ. 1974થી તો એ 'ગુજરાતમિત્ર'માં 'કાર્ડિયોગ્રામ'ની અને 'સંદેશ'માં 'રણ તો લીલાંછમ'ની કટાર લખતા થઈ ગયા. ઈ. 1987થી દસ વર્ષ માટે યુવાનોમાં વિચારક્રાન્તિ, જાગૃતિ અને સામાજિક ઉત્તરદાયિત્વ પ્રગટે એ માટે તેમણે પંચશીલ આંદોલન ચલાવ્યું. અનેક પદયાત્રાઓ પણ કરી. તેમનાં 40થી વધુ પુસ્તકોમાં નિબંધ, પ્રવાસ, ચિંતન, ચરિત્ર ઉપરાંત એક કાવ્યસંગ્રહ પણ છે. તેમણે વિશ્વમાં અનેક સ્થળોએ વ્યાખ્યાનો આપ્યાં છે.

એમણે એ પછી લલિતનિબંધોના અનેક સંગ્રહો ગુજરાતને ચરણે ધર્યા છે. 'કાર્ડિયોગ્રામ', 'વિચારોના વૃંદાવનમાં', 'બત્રીસે કોઠે દીવા', 'ઝાકળભીનાં પારિજાત', 'કેક્ટસ ફ્લાવર' જેવાં લલિતનિબંધોનાં પુસ્તકો વાચકોને રસતરબોળ કરે છે. 'ઢાઈ અક્ષર પ્રેમકા', 'ગાંધી : નવી પેઢીની નજરે' જેવાં પુસ્તકો આપ્યાં છે.

ઈ. સ. 1997માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક અને નર્મદ ચંદ્રક પણ એનાયત થયો છે.

મનહર મોદી

(જ. 15-4-1937 ✶ અ. 23-3-2003)



પ્રયોગશીલ ગુજરાતી ગઝલકાર મનહરનો જન્મ અમદાવાદમાં. પિતાનું નામ શાંતિલાલ.મનહરનું શાળા-કૉલેજનું શિક્ષણ અમદાવાદમાં. આંકડાશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર સાથે બી.એ. થયા બાદ ગુજરાતી-સંસ્કૃતના વિષય સાથે ફરી બી.એ. થયા. ઈ. સ. 1966માં એમ.એ. થયા. ઈ. સ. 1962માં બચુભાઈ રાવતની બુધસભા તેમ જ પ્રયોગશીલ કવિઓ દ્વારા સ્થપાયેલી 'રે મઠ' ઉપરાંત અમદાવાદના નાટ્યસર્જકો-કવિઓ દ્વારા સ્થાપિત 'આકંઠ સાબરમતી' સંસ્થામાં પણ સક્રિય થયા.

ડાકોરની ભવન્સ આર્ટ્સ કૉલેજમાં ઈ. સ. 1966માં એક વર્ષ કામ કર્યા બાદ અમદાવાદની ભક્ત વલ્લભધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજમાં ગુજરાતીના વ્યાખ્યાતા અને બાદમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષ થયા.

'11 દરિયા' નામના તેમના સંગ્રહમાં તેમની ગઝલોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'આકૃતિ'. તે પછી 'ૐ તત્ સત્' તથા 'હસુમતી અને બીજાં' પ્રગટ થયાં. ત્યાર બાદ 'એક વધારાની ક્ષણ', 'મનહર અને મોદી' અને 'શ્રીમુખ તડકો' પણ પ્રગટ થયાં. મનહર મોદીને ઈ. સ. 1998માં ધનજી કાનજી સુવર્ણચંદ્રક, ગુજરાત સાહિત્ય અકાદમી તથા ગુજરાતી સાહિત્ય પરિષદના પુરસ્કારો પ્રાપ્ત થયા છે. તેમણે યુરોપ-અમેરિકાનો પ્રવાસ કર્યો છે. તેઓએ 'નિરીક્ષક', 'પરબ' તથા છેલ્લે પોતાની પ્રકાશન સંસ્થા રન્નાદે પ્રકાશનના 'ઓળખ'ના તંત્રી-સંપાદક તરીકે કાર્ય કર્યું હતું.

દિનકર જોષી

(જ. 30-6-1937)



દિનકર જોષીનું વતન નાગધણીબા (જિ. ભાવનગર). 1961માં ઈતિહાસ અને રાજકારણ વિષયો સાથે બી.એ. થયેલા. વિવિધ નોકરીઓ પછી મુંબઈમાં એક પ્રસિદ્ધ બૅન્કમાં અધિકારી તરીકે કામ કરેલું.

છેલ્લા પાંચ દાયકાથી ગુજરાતી સાહિત્યક્ષેત્રે અવિરત સર્જન કરી રહેલા દિનકર જોષીના ગ્રંથોની કુલ સંખ્યા એક શતકનો આંકડો પાર કરી ચૂકી છે. સામાજિક, ઐતિહાસિક, ગ્રામલક્ષી, પૌરાણિક એમ વિવિધ ક્ષેત્રે ચાળીસેક જેટલી નવલકથાઓ, ચિંતનાત્મક નિબંધો, પ્રસંગચિત્રો, સંપાદનો, અનુવાદો વગેરે પ્રકારોનું એમણે ઊંડું ખેડાણ કર્યું છે.હરિલાલ ગાંધીના જીવન ઉપર આલેખાયેલી નવલકથા 'પ્રકાશનો પડછાયો' ઉપરથી અંગ્રેજી સહિત અનેક ભારતીય ભાષાઓમાં નાટ્યાંતરો થયાં છે.

એમનાં સંખ્યાબંધ પુસ્તકોના હિંદી, મરાઠી, બંગાળી, કન્નડ, તેલુગુ, તમિલ એમ વિવિધ ભારતીય ભાષાઓમાં અનુવાદો થયા છે. ગુજરાત રાજ્ય સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ જેવી અનેક સાહિત્યિક સંસ્થાઓ દ્વારા એમને પારિતોષિકો પ્રદાન થયાં છે.

એમની મુખ્ય રચનાઓ 'શ્યામ એક વાર આવોને આંગણે', 'પ્રકાશનો પડછાયો', 'પ્રતિનાયક', 'અમૃતયાત્રા', 'કૃષ્ણં વંદે જગદ્ગુરુમ્', 'એકડા વગરનાં મીંડાં', 'મહાભારતમાં પિતૃવંદના', 'મહાભારતમાં માતૃવંદના', 'રામાયણમાં પાત્રવંદના' વગેરેને ગણાવી શકાય.

ચંદ્રકાંત શેઠ

(જ. 3-2-1938)



સંવેદનભીનાં કાવ્યો, લલિત નિબંધો, નાટકો, કાવ્યો, અનુવાદ-સંપાદન અને વિવેચનક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કરનાર ચંદ્રકાંત શેઠનો જન્મ કાલોલમાં થયો હતો. 1961માં એમ.એ. કરી ગૂજરાત વિદ્યાપીઠમાંથી પીએચ.ડી. થયા. કૉલેજ અને અનુસ્નાતક-કક્ષાએ અધ્યાપનકાર્ય કર્યું. 1985થી ગૂજરાત વિદ્યાપીઠ ખાતે મહાદેવ દેસાઈ સમાજ મહાવિદ્યાલમાં ગુજરાતીના પ્રાધ્યાપક અને વિભાગીય વડા તરીકે સેવા આપી.

'પવન રૂપેરી' તેમનો પ્રથમ કાવ્યસંગ્રહ 1972માં પ્રગટ થયો. તેમના કાવ્યસંગ્રહો ઉપરાંત બાલકાવ્યોના સંગ્રહો, નિબંધો, વિવેચન-સંશોધનો-સંપાદન-અનુવાદ તેમ જ અન્ય સાહિત્યક્ષેત્રે તેમનું નોંધપાત્ર પ્રદાન છે.

'નંદ સામવેદી' ઉપનામે લખાતા નિબંધોના છ સંગ્રહો અને પંદર જેટલી વિવેચનકૃતિઓ - તે ક્ષેત્રે તેમનું નોંધપાત્ર પ્રદાન છે. એક ઊર્મિશીલ કવિ ઉપરાંત તેમની મૂલ્યનિષ્ઠ અને અભ્યાસુ સંશોધક તરીકેની છબિ ગુજરાતમાં પ્રસ્થાપિત થયેલી છે.

'ધૂળમાંની પગલીઓ' તેમનાં સંસ્મરણો છે, જેને 1986માં દિલ્હીની કેન્દ્રીય સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયું હતું. 1985માં રણજિતરામ સુવર્ણચંદ્રક, 'કુમાર ચંદ્રક', 'ધનજી કાનજી ચંદ્રક', 'નર્મદ સુવર્ણ ચંદ્રક' તેમ જ અનંતરાય રાવળ વિવેચન ઍવૉર્ડ વગેરે પ્રાપ્ત થયાં છે. તેમને નરસિંહ મહેતા ઍવૉર્ડ, અકાદમીનો ગૌરવ પુરસ્કાર, વિદ્યાવિકાસ ટ્રસ્ટ દ્વારા પુરસ્કાર તેમજ સચ્ચિદાનંદ સન્માન પણ પ્રાપ્ત થયું છે.

વિનોદ ભટ્ટ

(જ. 14-1-1938)



ગુજરાતના પ્રથમ પંક્તિના હાસ્યલેખક વિનોદ ભટ્ટનો જન્મ અમદાવાદ પાસે નાંદોદમાં થયો હતો. એલએલ.બી.ની ઉપાધિ મેળવી પિતાનો ટૅક્સ કન્સલ્ટન્ટનો વ્યવસાય સ્વીકાર્યો.

કોઈક નાજુક પળે વિનોદ ભટ્ટે હાસ્યકાર બનવાનું બીડું ઝડપ્યું. છેલ્લાં વીસેક વર્ષથી તેઓ 'ઇદમ્ ચતુર્થમ્', 'વિનોદની નજરે', 'અને ઇતિહાસ', 'આંખ આડા કાન' વગેરે દ્વારા અને વર્તમાનપત્રોમાં કૉલમો દ્વારા હાસ્યલેખનની પ્રવૃત્તિ કરે છે. આ ઉપરાંત હિન્દી, મરાઠી, ઉર્દૂ અને ગુજરાતી ભાષામાંની શ્રેષ્ઠ હાસ્યરચનાઓનું સંપાદન પણ કર્યું છે.

આ ઉપરાંત 'હાસ્યમાધુરી', 'હાસ્યાયન', 'સારા જહાં હમારા', 'પ્રસન્ન ગઠરિયાં' વગેરે પણ તેમનાં ઉલ્લેખનીય સંપાદનો છે. 'અમદાવાદ એટલે અમદાવાદ' એ તેમની વિલક્ષણ શૈલીમાં લખાયેલું નગરજીવનનું તાદૃશ વ્યંગચિત્ર છે, જ્યારે 'વિનોદવિમર્શ' એ ગુજરાતી ભાષાનું હાસ્યનું સર્વપ્રથમ ગંભીર પુસ્તક છે.

ગુજરાત રાજ્યની શ્રેષ્ઠ પુસ્તકોની સ્પર્ધામાં તેમને પાંચ વખત ઇનામ મળ્યાં છે. ઉપરાંત કુમાર ચંદ્રક તેમ જ જ્યોતીન્દ્ર પારિતોષિક પણ પ્રાપ્ત થયાં છે. એમની શૈલી નર્માળી-મર્માળી છે, હસતાં-હસાવતાં, પરોણો મારતાં કે ટેકરી ઉડાડી ગંભીર મુદ્દાને પણ હાસ્યપ્રદ બનાવતાં તેમને આવડે છે. તેમનાં કેટલાંય લખાણો લઘુકથા કે ટૂંકી વાર્તાના સર્જક - શી તેમની શક્તિનો પરિચય આપે છે. તેમને 1989માં રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો હતો.

ડૉ. રતિલાલ બોરીસાગર

(જ. 31-8-1938)



જન્મસ્થળ સાવરકુંડલા (જિ. અમરેલી). માધ્યમિક શિક્ષણ સાવરકુંડલામાં અને ઉચ્ચ શિક્ષણ રાજકોટ અને ભાવનગરમાં. એમ.એ. (1967), પીએચ.ડી. (1989).

કારકિર્દી શરૂ કરી પ્રાથમિક શિક્ષકથી. બાદમાં ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ, ગાંધીનગરમાં. ત્યાંથી નાયબ નિયામક તરીકે નિવૃત્ત થયા.

એમની હાસ્યરચનાઓનો પહેલો સંગ્રહ 'મરક મરક' વાંચીને જ્યોતીન્દ્ર દવે જેવા સમર્થ સાહિત્યસર્જકે તેમની સર્જનશક્તિ સંદર્ભે પત્રમાં લખેલું : '...પુસ્તક વાંચી ગયો. કેટલુંક લખાણ તો જાણે મેં લખ્યું હોય એવું લાગ્યું છે.'

'સંભવામિ યુગે યુગે' હાસ્ય-લઘુનવલ છે. તેમાં નર્મદા યોજનાના પ્રશ્નને કેન્દ્રમાં રાખીને, ભદ્રંભદ્રનું આજના સમયમાં પુનરાગમન કરાવીને હાસ્ય નિષ્પન્ન કરાયું છે. રમણભાઈ નીલકંઠે સર્જેલા ભદ્રંભદ્રનાં ગુણ-લક્ષણોની યથાતથ જાળવીને સો વરસ અગાઉ લખાયેલી 'ભદ્રંભદ્ર'ની કથાને આગળ ચલાવે છે. તેમની હાસ્યકલાનું ઉત્તમ શિખર 1997માં પ્રગટ થયેલી આત્મકથનાત્મક હાસ્યરસિક નવલકથા 'એન્જ્યોગ્રાફી' છે. 'એન્જ્યોગ્રાફી' હાસ્યકથાના પ્રાગટ્યથી બોરીસાગર સવિશેષ જાણીતા થયા.

બોરીસાગરને ગુજરાત સાહિત્ય અકાદમીનાં પારિતોષિકો, ગુજરાતી સાહિત્ય પરિષદનું જ્યોતીન્દ્ર દવે હાસ્ય પારિતોષિક તથા ઘનશ્યામદાસ સરાફ એવૉર્ડ પ્રાપ્ત થયાં છે. આ ઉપરાંત બોરીસાગરને ધનજી કાનજી સુવર્ણચંદ્રક પણ એનાયત કરવામાં આવ્યો છે.

રઘુવીર ચૌધરી

(જ. 5-12-1938)



ઉત્તર ગુજરાતમાં - બાપુપુરામાં જન્મ. અમદાવાદમાં ઉચ્ચ શિક્ષણ લઈ એમ.એ. થયા 1962થી 1977 સુધી કૉલેજોમાં અધ્યાપનકાર્ય કરી ગુજરાત યુનિવર્સિટીમાં હિન્દીના વ્યાખ્યાતા થયા. રઘુવીર ચૌધરીની શૈક્ષણિક કારકિર્દીની સાથેસાથે સાહિત્યિક કારકિર્દી પણ ઊઘડતી ગઈ. તેનું મૂળ કવિતાથી થયેલું, પરંતુ યશોદાયી પ્રકાર તો નવલકથાનો. સંપાદન-વિવેચન પણ કર્યાં છે.

પ્રથમ નવલકથા 'પૂર્વરાગ'થી જ ગણનાપાત્ર નવલકથાકારોમાં એમનું સ્થાન આવી ગયું. એનું અનુસંધાન 'પરસ્પર' અને 'પ્રેમઅંશ'માં છે. 'અમૃતા' એ તેમની શ્રેષ્ઠ નવલકથા છે. 'ઉપરવાસ', 'સહવાસ', 'અંતરવાસ' એમની મહત્ત્વાકાંક્ષી કથાત્રયી છે. 'તેડાગર', 'રુદ્રમહાલય', 'શ્રાવણી રાતે', 'લાગણી' અને 'ઇચ્છાવર' તેમની લઘુનવલો છે, જ્યારે 'તમસા' અને 'વહેતાં વૃક્ષ પવનમાં' કાવ્યસંગ્રહો છે.

રઘુવીર ચૌધરીને 1975માં રણજિતરામ સુવર્ણચંદ્રક, 1977માં દિલ્હીની કેન્દ્રીય સાહિત્ય અકાદમીનો ઍવૉર્ડ, 1995માં દર્શક ઍવૉર્ડ, 2002માં ગુજરાત સાહિત્ય અકાદમી ગૌરવ પુરસ્કાર ઉપરાંત અનેક સન્માન પ્રાપ્ત થયાં છે. તેમણે વિદેશ-યાત્રાઓ પણ કરી છે. 2001માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે તેમની વરણી થઈ હતી.

રઘુવીરે 'રંગદ્વાર પ્રકાશન' શરૂ કર્યું છે. સાહિત્ય-સર્જન ઉપરાંત સામાજિક ક્ષેત્રે તેમની ઘેરી નિસ્બત રહી છે. અનેક સામાજિક સંસ્થાઓ સાથે વિવિધ નાતે તેઓ સંકળાયેલા રહે છે.

ચિનુ મોદી

(જ. 30-9-1939)



કવિ, નાટ્યકાર, નવલકથાકાર, વાર્તાકાર ચિનુ મોદીનું વતન કડી. ગુજરાત યુનિવર્સિટીમાંથી બી.એ., એલએલ.બી. થયા. 1968માં ગુજરાત વિદ્યાપીઠમાંથી પીએચ.ડી. થયા. 1965થી 1975 સુધી કૉલેજોમાં અધ્યાપન કરી 1993 સુધી જાહેરાત ક્ષેત્રે ફ્રી-લાન્સિંગ કર્યું. 1994થી ગુજરાત યુનિવર્સિટીના ગુજરાતી વિભાગમાં રીડર તરીકેની જવાબદારી નિભાવી.

સાહિત્યક્ષેત્રે કાવ્યસર્જનથી શરૂઆત કરી. 'રે' મઠના કવિઓના સંપર્ક પછી તેમની કવિતામાં આધુનિક કવિતાનો મિજાજ પ્રગટતો રહ્યો. છાંદસની સાથે અછાંદસ રચનાઓ પણ પ્રાપ્ત થતી ગઈ. સાથે સાથે ગઝલ પણ. અમદાવાદમાં પરંપરા સામે વિદ્રોહી 'રે' મઠના કવિઓએ જે આધુનિક સંવેદના વ્યક્ત કરી છે તેમાં ચિનુ મોદીનો ફાળો પણ મહત્ત્વનો છે.

કવિતા પછી એમનો બીજો પ્રેમ નાટક સાથે છે. તેમણે પ્રયોગશીલ નાટકો આપ્યાં છે. 'કોલબેલ', 'હુકમ માલિક', 'જાલકા', 'અશ્વમેધ', 'શુકદાન' એમનાં મહત્ત્વનાં નાટકો છે. તેમની પ્રથમ નવલકથા 'શૈલા મજમુદાર' ઉપરાંત 'ભાવચક્ર', 'લીલા નાગ', 'હૅંગ ઓવર' 'માણસ હોવાની મને ચીડ' અને 'ભાવ-અભાવ' એમની અન્ય નવલકથાઓ છે.

ચિનુ મોદીને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા, ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પુરસ્કારો પ્રાપ્ત થયા છે. ગુજરાત રાજ્ય સંગીત-નાટક-નૃત્ય અકાદમી દ્વારા એમને ગૌરવ પુરસ્કાર, મુંબઈની આઈ.એન.ટી. સંસ્થા દ્વારા કલાપી ઍવૉર્ડ પણ એનાયત થયો હતો.

વર્ષા અડાલજા

(જ. 10-4-1940)



ગુજરાતી નવલકથાકાર વાર્તાકાર અને નાટ્યકાર વર્ષા અડાલજાનો જન્મ મુંબઈમાં. જામનગર એમનું વતન. પિતા સુપ્રસિદ્ધ સાહિત્યકાર ગુણવંતરાય આચાર્ય. માતા નિર્મળાબહેન.

ઈ. 1962માં એમ.એ. થઈ ઈ. 1965થી આકાશવાણી-મુંબઈમાં પ્રવક્તા તરીકે કારકિર્દીનો આરંભ કર્યો. ઈ. 1975થી '78 સુધી 'જન્મભૂમિ' પ્રકાશન 'સુધા'નાં તંત્રી બન્યાં. લેખનની શરૂઆત તો 'આકાશવાણી' સાથે હતાં ત્યારથી થઈ ગઈ હતી. વિવિધ સામયિકો અને વર્તમાનપત્રોમાં કૉલમલેખન કર્યું. સાથેસાથે નાટકની દુનિયામાં પણ પ્રવેશ કર્યો. નાટકોમાં અભિનય કરીને ઉજ્જ્વળ કારકિર્દી પ્રાપ્ત કરી. ગુજરાતી રંગભૂમિ પર ઇબ્સનનું 'ડૉલ્સ હાઉસ', ટેનિસી વિલિયમ્સનું 'ગ્લાસ મિનેજરી', શૂદ્રકનું 'મૃચ્છકટિકમ્', દર્શકનું 'ઝેર તો પીધાં છે જાણી જાણી' વગેરે નાટકોમાં મુખ્ય ભૂમિકા નિભાવી.

ઈ. 1966થી સાહિત્યસર્જનને એકમાત્ર વ્યવસાય તરીકે સ્વીકાર્યું. આશા પારેખ દિગ્દર્શિત 'જ્યોતિ' ટી.વી. સિરિયલની પટકથા તથા સંવાદોનું લેખન કર્યું; પણ તેમનું મુખ્ય સર્જનકાર્ય નવલકથા છે. ઈ. સ. 1968માં તેમની પહેલી નવલકથા 'શ્રાવણ તારાં સરવડાં' મળી. ત્યાર બાદ 'આતશ', 'ગાંઠ છૂટ્યાની વેળા', 'બંદીવાન', 'ખરી પડેલો ટહુકો' છે. 'તિમિરના પડછાયા', 'મારે પણ એક ઘર હોય', 'રેતપંખી' તેમની નવલકથાઓ છે. 'અણસાર' નવલકથા માટે કેન્દ્રીય સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કાર મળેલો. તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો છે.

રમેશ પારેખ

(જ. 27-11-1940 * અ. 16-5-2006)



સોળ વરસની કન્યાનાં હૃદય-સ્પંદન અને મીરાંની ઉત્કટતાનું સંવેદન એકસરખી રીતે ઝીલનાર કવિ રમેશ પારેખનો જન્મ અમરેલીમાં. 1958માં અભ્યાસ અધૂરો મૂકીને અમરેલીમાં જ જિલ્લા પંચાયતની નોકરીમાં જોડાયા.


નાનપણમાં કોડ તો હતા મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં જઈ ચિત્રકાર થવાના. પણ મનના મનોરથ મનમાં જ ઢબૂરાઈ ગયા. ચિત્રકાર થવાનો આતશ ફંટાઈને ફૂટ્યો સાહિત્યક્ષેત્રે. ત્યાં તો કોઈ મહાશાળાની તાલીમની એમને જરૂર ન હતી. જરૂર હતી માત્ર કાગળ, કલમ અને પ્રસ્ફુટ થવાની રાહ જોઈને બેઠેલા ભીતરના સંવેદનાભર્યા દરિયાની.

આધુનિક સર્જક તરીકે દીક્ષા પામ્યા 1967માં અને પછી એનું ઉરઝરણ સહજ રીતે કાગળ ઉપર વહેવા લાગ્યું. ઈ. 1970માં 'ક્યાં' કાવ્યસંગ્રહ પ્રગટ થયો. 'ખડિંગ', 'ત્વ', 'સનનન', 'ખમ્મા આલાબાપુને' અને 'વિતાન સુદ બીજ' તેમ જ બાળકાવ્યો અને વાર્તાઓ અનરાધાર વરસતાં રહ્યાં. રમેશનું ગીત અને ગઝલ પર વિશેષ પ્રભુત્વ છે. નવીનકોર કાવ્યબાની, તળપદ રણકો, અપૂર્વ પ્રાસરચના, અસાધારણ ભાષાકર્મ તથા સહજ લયસિદ્ધિ તેમની કવિતાના ઉત્તમ અંશો છે. બાળ-સાહિત્યમાં પણ નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

1986માં રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો. આ ઉપરાંત તેમને 'કુમાર ચંદ્રક', 'નર્મદ ચંદ્રક', 'ધનજી કાનજી ચંદ્રક', 'ગિજુભાઈ ચંદ્રક', 'સંસ્કાર એવૉર્ડ' અને 'કલાગૌરવ ચંદ્રક' પણ એનાયત કરવામાં આવ્યા હતા.

સિતાંશુ યશશ્ચંદ્ર

(જ. 18-8-1941)



કવિ, નાટ્યકાર, વિવેચક સિતાંશુનો જન્મ ભુજ(કચ્છ)માં થયો હતો. શિક્ષણ વડોદરા અને મુંબઈમાં લીધું. 1965માં એમ.એ. સિતાંશુ વ્યવસાયે વડોદરા યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગના અધ્યક્ષપદે રહી ગુજરાતી અધ્યાપન કરે છે. કવિ રાજેન્દ્ર શાહની સોબત સિતાંશુને ગુજરાતીમાં કાવ્યરચના તરફ વાળી લાવી.

1968માં તેમને ફુલબ્રાઈટ સ્કૉલરશિપ મળતાં અમેરિકા જવાનું થયું અને ત્યાં અભ્યાસ પૂરો કરી પાછા વળતાં ફ્રાન્સમાં પણ થોડો વસવાટ કરતા આવ્યા. 1975માં એક વર્ષ ફ્રાન્સમાં રહી ફોર્ડ ફેલોશીપ હેઠળ પીએચ.ડી. અને 1977માં મુંબઈ યુનિવર્સિટીમાંથી ફરી પીએચ.ડી. કર્યું. આ દરમ્યાન તેમનું કાવ્ય અને નાટ્યના વિષયવસ્તુનું ઠીક-ઠીક ભાથું બંધાયું. સાહિત્ય અકાદમીમાં 'ભારતીય સાહિત્યના જ્ઞાનકોશ'નું કાર્ય પણ પૂરું કર્યું. 1983થી વડોદરાની મ. સા. યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગમાં પ્રાધ્યાપક અને પાંચ વર્ષ અધ્યક્ષ પણ રહ્યા બાદમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી - રાજકોટમાં કુલપતિ થયા.

સિતાંશુનું મુખ્ય અર્પણ તે ગુજરાતીમાં તેમણે અવતારેલી સરરિયલ કવિતા. 'ઓડિસ્યૂસનું હલેસું' નામના પ્રથમ કાવ્યસંગ્રહ દ્વારા ગુજરાતને એમની ભેટ મળી છે. આ જાતની કવિતા તે એક કવિનું આંદોલન છે. કોઈ પણ વાતને એ ક્યારેક ક્રિયાપદની મદદથી, ક્યારેક વિશેષણની મદદથી, તો ક્યારેક પ્રતિરૂપ કે પ્રતીકની મદદથી પ્રયોજે છે. સિતાંશુએ 'મગન કાવ્યો' આપી સારાં કટાક્ષકાવ્યો પણ પૂરાં પાડ્યાં છે.

મધુ રાય

(જ. 19-7-1942)



સૌરાષ્ટ્રના જામખંભાળિયામાં જન્મેલા મધુસૂદન વલ્લભદાસ ઠાકર 'મધુ રાય' ગુજરાતી સાહિત્યના એક ઉત્તમ વાર્તાકાર, નવલકથાકાર અને નાટ્યકાર છે. સુરેશ જોશી પછીના કથા-સાહિત્ય અને નાટ્ય-સાહિત્યમાં સર્જકતાની ઊંચી માત્રા દાખવનાર મધુ રાયે દ્વારકામાં પ્રાથમિક શિક્ષણ લઈ કોલકાતામાં કૉલેજનું શિક્ષણ લીધું.

ત્યાર બાદ અમદાવાદ આવી સ્થિર થયા. અન્ય મિત્રોની મદદથી એમણે 'આકંઠ સાબરમતી' નાટ્યસંસ્થાની સ્થાપના દ્વારા ગુજરાતી નાટકને નવો વળાંક આપ્યો. 1970માં રંગમંચ અને દિગ્દર્શનની તાલીમ માટે અમેરિકા ગયા. 1975માં એમણે સર્જનાત્મક સાહિત્યલેખનમાં અનુસ્નાતક પદવી મેળવી. વચ્ચે કેટલોક વખત ઇંગ્લૅન્ડમાં રહ્યા પછી ફરી અમેરિકામાં વસ્યા. એમના પ્રથમ વાર્તાસંગ્રહ 'બાંશી નામની એક છોકરી' સાથે ગુજરાતી ભાષાની આધુનિક વાર્તામાં રજૂઆત અને ભાષાની તદ્દન જુદી શક્તિનો પરિચય થયો. 'ચહેરા' એમની પ્રયોગશીલ નવલકથા છે.

એમણે પોતાનાં જ નાટકો પરથી નવલકથા-રૂપાંતરો કરેલાં છે. 'કામિની', 'કોઈ એક ફૂલનું નામ બોલો તો', 'સભા', 'કુમારની અગાશી' અને 'સાપબાજી' 'આપણે ક્લબમાં મળ્યાં હતાં'નું રૂપાંતર છે, જ્યારે 'અશ્વત્થામા', 'ઝેરવું', 'કાગડી ? કાગડા ? માણસો ?', 'ઝૂમરી તલૈયા' અને 'તું એવું માને છે' એમનાં એકાંકીઓના સંગ્રહ છે. 'સંતુ રંગીલી', 'શરત' અને 'ખેલંદી' એમનાં અત્યંત સફળ થયેલાં રૂપાંતરો છે.

રાજેન્દ્ર શુક્લ

(જ. 12-10-1942)



અલગારી મસ્ત કવિ રાજેન્દ્ર શુક્લનો જન્મ-વતન જૂનાગઢ જિલ્લાનું બાંટવા ગામ. 1967માં એમ.એ. કરી 1982 સુધી વિવિધ કૉલેજોમાં અધ્યાપનકાર્ય કર્યું.

સંસ્કૃત ભાષાના પ્રાધ્યાપક તરીકે છેલ્લે દાહોદમાં રહી તેમણે ને તેમના (એક વખતનાં અંગ્રેજી અધ્યાપિકા) પત્નીએ નવો પ્રયોગ કરવાનું નક્કી કરી નોકરીમાંથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી હતી. તેમનાં બે બાળકોને શિક્ષિત કરવાના પ્રયોગરૂપે આ દંપતીએ તેમની સાથે અમદાવાદમાં વસવાટ સ્વીકાર્યો.

કવિ તરીકે તેમની પાસેથી 'કોમલ રિષભ', 'સ્વવાચકની શોધ' અને 'અંતરગાંધાર' સંગ્રહો મળ્યા છે. આ સર્વમાં નવી કવિતા છે. પણ વિશેષ તો નવી ગઝલો છે. રાજેન્દ્ર શુક્લની ગઝલ એટલે ઉર્દૂ, ગુજરાતી અને સંસ્કૃત ત્રણેનો મધુર સમન્વય. જોકે ગીત અને છંદોબદ્ધ તેમ જ અછાંદસ રચનાઓમાં પણ તેમણે ઊંચું ગજું દાખવ્યું છે. તેમની ભાષા પ્રાસાદિક અને ઊંચી કોટિની છે.

તેમની કવિતામાં મનુષ્યને રસથી ચાહવાની વૃત્તિ અને સાહિત્ય ઉપરાંત સંગીત, જ્યોતિષ, ઇતિહાસ, ફિલસૂફી વગેરેના અધ્યયનથી કેળવાયેલી એમની કવિ તરીકેની સજ્જતા જોઈ શકાય છે. કૃતિમાં ઝીણું નકશીકામ કરવાનો એમનો કલા-કસબને લીધે એમની કવિતા તાજગીસભર છે.

1980-81માં એમને ઉત્તમ કાવ્યસર્જન માટે 'ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક' પ્રાપ્ત થયું હતું. એમના પ્રયોગોને આપણી પરંપરાની સમૃદ્ધ ભૂમિકા સાંપડી છે.

કુમારપાળ દેસાઈ

(જ. 30-8-1942)



સાહિત્ય, શિક્ષણ, પત્રકારત્વ, તત્ત્વજ્ઞાન અને સમાજ અને સાંસ્કૃતિક ક્ષેત્રે પ્રદાન કરનાર કુમારપાળ દેસાઈએ ચરિત્ર, પ્રૌઢસાહિત્ય, વિવેચન, બાળસાહિત્ય, અનુવાદ, સંશોધન અને તત્ત્વજ્ઞાનના વિષયમાં એકસોને વીસ જેટલી સાહિત્ય કૃતિઓનું સર્જન કર્યું છે.

બ્રિટનની 17 જેટલી સંસ્થાઓએ આપેલો 'હેમચંદ્રાચાર્ય એવૉર્ડ' તથા ગુજરાત સાહિત્ય સભા તરફથી શ્રી ધનજી કાનજી ગાંધી ચંદ્રક, 'કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય સુવર્ણચંદ્રક', ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા મૂર્ધન્ય સાહિત્યકારને અપાતો 'સાહિત્યકાર ગૌરવ પુરસ્કાર' પ્રાપ્ત થયો છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના પૂર્વપ્રમુખ અને અત્યારે ગુજરાત સાહિત્ય સભાના પ્રમુખ અને ગુજરાત વિદ્યાસભાના ઉપપ્રમુખ, ભાષાસાહિત્ય ભવનના અધ્યક્ષ અને ગુજરાત યુનિવર્સિટી વિનયન વિદ્યાશાખાના ડીન તરીકે કામગીરી બજાવી ચૂક્યા છે.

છેલ્લાં પચાસ વર્ષથી મૂલ્યનિષ્ઠ, પ્રેરક અને સમાજને વધુ સુદૃઢ બનાવે તેવાં કૉલમ્સ લખી રહ્યા છે. 1953માં સાક્ષર પિતા જયભિખ્ખુએ શરૂ કરેલી 'ઇંટ અને ઇમારત'કૉલમ 1970ની આજપર્યંત લખે છે. તે ઉપરાંત બીજી ચાર કૉલમ નિયમિત રીતે લખે છે.

1985થી ગુજરાત વિશ્વકોશના સ્થાપનાકાળથી એના ટ્રસ્ટી અને એના વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. આંતરરાષ્ટ્રીય સંસ્થા ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ભારતના કો-ઑર્ડિનેટર છે. જેસિસ દ્વારા ટેન આઉટસ્ટેન્ડિંગ પર્સનાલિટીનો એવોર્ડ, 'જૈન રત્ન' નો એવોર્ડ, તેમજ ડૉ. અબ્દુલ કલામના હસ્તે પદ્મશ્રી એવૉર્ડ (2004) પ્રાપ્ત થયો છે.

મનોજ ખંઢેરિયા

(જ. 6-7-1943 * અ. 27-10-2003)



આધુનિક કવિતાના ભાગરૂપે આવેલી નવી ગઝલના કેટલાક પુરસ્કર્તા કવિઓમાં માનભર્યું સ્થાન પામનાર મનોજ ખંઢેરિયાનો જન્મ જૂનાગઢમાં. શાળાકીય અને કૉલેજનું શિક્ષણ પણ જૂનાગઢમાં જ થયું. જૂનાગઢની કૉલેજમાંથી બી.એસસી., એલએલ.બી. કર્યું. 1977થી '81 સુધી અધ્યાપન કર્યું પણ તે પહેલાં 1968થી તેમણે વકીલાત શરૂ કરી દીધી હતી.

મનોજ ખંડેરિયાનો પ્રથમ પ્રેમ કવિતા-ગઝલ છે. પરંપરાગત ગઝલને તેમણે આધુનિકતાના સંદર્ભે પ્રયોજી ગુજરાતી ગઝલને એક નવું પરિમાણ આપવામાં મોટો ફાળો આપ્યો છે. 1866માં 'કુમાર'માં પ્રગટ થયેલી તેમની પ્રથમ રચના પછી તેમનો કાવ્ય સાથે અખંડ નાતો રહ્યો છે.

તેમનો પ્રથમ સંગ્રહ 'અચાનક' 1970માં પ્રગટ થયો. વિવેચકો અને કાવ્યરસિકોએ તેને પ્રમાણ્યો અને તેઓ ગુજરાતી સાહિત્યના કવિઓની આગલી હરોળમાં બેસી ગયા. ત્યાર બાદ 1979માં 'અટકળ' અને 1991માં 'અંજની' અને 'હસ્તપ્રત' પ્રગટ થયાં. તેમની ગઝલોમાં 'પીંછું', 'રસ્તા વસંતના', 'ક્ષણોને તોડવા બેસું તો' જેવી અત્યંત સંવેદનશીલ ગઝલો તેમ જ 'શાહમૃગો' જેવી લાંબી રચના પણ સર્જકતાની એંધાણી આપે છે. તેમના ચારેય કાવ્યસંગ્રહોને રાજ્ય સરકારની ગુજરાત સાહિત્ય અકાદમીએ પુરસ્કૃત કર્યા છે. 1987માં અમેરિકાની 'ધ ગુજરાતી લિટરરી અકાદમી ઑફ નૉર્થ અમેરિકા'ના આમંત્રણથી તેમણે અમેરિકાની કાવ્યયાત્રા કરી હતી.

પ્રીતિ સેનગુપ્તા

(જ. 17-5-1944)



અમદાવાદમાં જન્મેલાં, ઊછરેલાં પ્રીતિ શાહ માતા કાંતાગૌરી પાસેથી સૌંદર્યદૃષ્ટિનો અને પિતા રમણલાલ પાસેથી આદર્શવાદનો વારસો પામ્યાં. કિશોરાવસ્થામાં ખૂબ પ્રવાસો કરવાની તક મળી એટલે પ્રવાસ માણવાની એક રસરુચિ કેળવાઈ. 'સ્નેહરશ્મિ' જેવા જેના આચાર્ય હતા તેવા સી. એન. વિદ્યાલયના માહોલમાં સાહિત્ય - સંસ્કારનું વાતાવરણ મળ્યું.

અંગ્રેજી સાહિત્ય સાથે એમ.એ. કરી, અમદાવાદની કૉલેજમાં અધ્યાપન કરી 1968માં પ્રીતિ અમેરિકા ગયાં. પરાયી ધરતી છતાં ત્યાંના મુક્ત વાતાવરણમાં એમનું સાહિત્યસર્જન કોળી ઊઠ્યું. ન્યૂયૉર્કમાં ચંદન સેનગુપ્તા સાથે પરિચય, પ્રણય દ્વારા પરિણયમાં પાંગર્યો ત્યારથી ન્યૂયૉર્ક ઘરનું ઘર બની ગયું. પ્રીતિના જીવનનાં બે પાસાં છે. બંને પ્રબળ. એક સાહિત્ય-સર્જન અને બીજું પ્રવાસ. તેમણે ભારતમાં પણ ખૂબ પ્રવાસ કરેલા.

તેમણે સાહિત્યસર્જનની શરૂઆત કાવ્યથી કરેલી. 'જૂઈનું ઝૂમખું' કાવ્યસંગ્રહ એ તેમના ચાર કાવ્યસંગ્રહોમાં પહેલો. તેમણે 16 પ્રવાસ-પુસ્તકો લખ્યાં છે. આ સોળ પુસ્તકોમાં વર્ણવેલા પ્રવાસો તેમણે કયા કયા દેશોમાં કર્યા છે તેની વિગતોની ઝલક પણ રસપ્રદ છે. વિશ્વના સાતેય ખંડોમાં, લગભગ સો ઉપરાંત દેશોમાં તેમનાં પગલાં ઘૂમી વળ્યાં છે. તેમાં ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવ વિસ્તારનો પણ સમાવેશ થાય છે. ધ્રુવપ્રદેશો પર એકલે પંડે વિહરનારી આ ગુજરાતણ નિઃસંદેહ ગુજરાતનું ગૌરવ છે.

માધવ રામાનુજ

(જ. 22-4-1945)



તાલીમથી ચિત્રકાર, સાહિત્યનાં વિવિધ સ્વરૂપો ખેડનાર પણ જેમની મુખ્ય ઓળખ કવિની એવા માધવનો જન્મ ધંધુકા તાલુકાના પચ્છમ ગામમાં. પિતા ઓધવદાસ વૈદ્ય હતા.

નાની ઉંમરે પિતાનું અવસાન થવાથી શિક્ષણ અમરાપુરની ઉત્તર બુનિયાદી સંસ્થા 'ગ્રામભારતી'માં પૂરું કર્યું. આ દરમિયાન સાહિત્યરસ જાગ્યો. અમદાવાદની સી. એન. કૉલેજ ઑફ ફાઇન આર્ટ્સમાં કલાનું શિક્ષણ મેળવ્યું અને ત્યાં જ કૉલેજમાં કલાશિક્ષક અને બાદમાં આચાર્ય થઈ નિવૃત્ત થયા.

માધવના વિવિધ રસ છે, પરંતુ એમનો પ્રથમ પ્રેમ કવિતા છે. માધવ 'સ્લો' રેસના સર્જક છે. તેમણે પ્રમાણમાં ઓછું લખ્યું છે પણ જે લખ્યું છે તે ઉત્તમ લખ્યું છે. એમના ખાતામાં માત્ર બે કાવ્યસંગ્રહ : 'તમે' અને 'અક્ષરનું એકાંત'. બે બાયોગ્રાફિકલ નૉવેલ 'પિંજરની આરપાર' અને 'સૂર્યપુરુષ'. ત્રણ નાટક : 'અક્ષરનું અમૃત', 'રાગ-વૈરાગ' અને 'એક હતી રૂપા' (રેડિયોનાટક). ભવાઈ : 'જસમા' અને 'ગુરુ ગણિકા'. બાળસાહિત્ય : 'વિશ્વ રૂપાળું' અને 'કલાના જ્યોતિર્ધરો' અને એક ટેલિફિલ્મ 'રેવા'. 'તમે' તથા 'પિંજરની આરપાર' નવલકથા માટે ગુજરાત સાહિત્ય અકાદમી તથા સાહિત્ય પરિષદ તરફથી ઍવૉર્ડ મળ્યા છે.

ઈ. સ. 2003થી આચાર્ય તરીકે નિવૃત્ત થયા પછી માધવ કિડની ઇન્સ્ટિટ્યૂટ (સિવિલ કેમ્પસ, અમદાવાદ)માં ડૉ. એચ. એલ. ત્રિવેદી સાથેના મૈત્રીસંબંધે સેવા માટે પ્રેરાયા છે. ત્યાં હ્યુમન રિસોર્સ વિભાગ સંભાળે છે.

વીનેશ અંતાણી

(જ. 27-6-1946)



માનવીના આંતરમનનાં સંચલનોનું સંકુલ નિરૂપણ કરનાર વીનેશ અંતાણી ગુજરાતી સાહિત્યના પ્રથમ કક્ષાના નવલકથાકાર છે. કચ્છના દુર્ગાપુરમાં તેમનો જન્મ. વતનભૂમિ રણ અને દરિયાથી વીંટળાયેલી હોઈ એમની કથાઓમાં દરિયો ડોકાય અને રણની ડમરીઓ તાદૃશ થયા વિના રહે નહિ.

એમ.એ. થયા બાદ ભુજની કૉલેજમાં અધ્યાપન કર્યું અને પછી 'આકાશવાણી'માં જોડાયા. તે નિમિત્તે વીસ વર્ષના કાર્યકાળ દરમ્યાન ભુજ, અમદાવાદ, વડોદરા, મુંબઈ અને ચંદીગઢ જેવા વિવિધ પ્રદેશોમાં રહેવાનું થયું. 1995માં આકાશવાણીના સ્ટેશન ડિયરેક્ટરના પદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી અને 'ઇન્ડિયા ટુડે' સામયિકની ગુજરાતની આવૃત્તિના સિનિયર કૉપી એડિટરની કામગીરી કરી.

1974માં પ્રથમ નવલકથા 'નગરવાસી' પ્રસિદ્ધ થઈ. ત્યાર બાદ 1975માં 'એકાન્ત દ્વીપ' નવલકથા. આ બંને નવલકથામાં પ્રયોગાત્મક અભિગમ અપનાવ્યો. ત્યાર બાદ ત્રીજી નવલકથા 'પલાશવન' દ્વારા પ્રયોગશીલતા છોડીને એઓ માનવ-સંબંધોના સૂક્ષ્મ તાણાવાણા વણતી સંવેદનશીલ નવલકથાઓ તરફ વળ્યા તેમાં તેમને અપ્રતિમ સફળતા મળી. 1980માં પ્રકાશિત 'પ્રિયજન' ગુજરાતી ભાષાની કેટલીક શ્રેષ્ઠ નવલકથાઓમાં એક તરીકે સ્વીકારાઈ. તેમનાં સર્જનો માટે તેમને ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી છ પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. ગોવર્ધનરામ ત્રિપાઠી એવૉર્ડ પણ પ્રાપ્ત થયો છે.

પ્રબોધ જોશી

(જ. 7-10-1953)



અંગ્રેજી સાહિત્ય સાથે એમ.એ. થયેલા પ્રબોધ જોશી 1975માં કોર્પોરેટ ક્ષેત્રે જોડાયા. સાંપ્રતમાં એક અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપનીમાં એ વડા તરીકે કાર્ય કરે છે. ઉચ્ચ અધિકારીની પ્રતિભા નીચે તેમની ભીતર કોળેલું સંવેદનાનું વિશ્વ સામાન્ય ભાવક માટે અલપ્રીચ્છયું રહેલું, જે પ્રગટ થયું 2006માં, જ્યારે એમણે વિવેચક પિતા રમણલાલ જોશીના અવસાન પછી 'ઉદ્દેશ'નું તંત્રીપદ સંભાળ્યું.

રસ અને રુચિનાં ઊંચાં ધોરણો જાળવી રાખી, ઉત્તમ પ્રોડક્શન અને નિયમિતતા સાથે સાહિત્યિક સામયિક કેવું હોઈ શકે તેનો પ્રબોધભાઈએ આદર્શ પૂરો પાડ્યો. યુવાનીમાં હોટેલ પોએટ્સની મહેફિલો માણી અને શ્રીમતી મંજુ મહેતા પાસે સિતાર પણ શીખ્યા. પ્રથમ કાવ્યસંગ્રહ 'મારે કોઈ નામ આપવું બાકી છે' 1978માં પ્રગટ થયો. જ્યારે બીજો કાવ્યસંગ્રહ '...પાછો ઉઘાડ નીકળ્યો આ' માર્ચ 2012માં પ્રગટ થયો છે. 'ઉદ્દેશ'માં પ્રગટ થતા તંત્રી-લેખોમાં સાહિત્ય અને કલાવિષયક લેખો ઉપરાંત સામાજિક અને રાજકીય ગતિવિધિનું ચિંતન વિચારપ્રેરક અને આસ્વાદ્ય હોય છે. આ ઉપરાંત ગુજરાતી કાવ્યોના તેમણે કરેલા અંગ્રેજી અનુવાદો અંગ્રેજી ભાષાની તેમની સજ્જતાની સાક્ષી આપે છે.

વ્યવસાયાર્થે તેમને અનેક દેશોમાં જવાનું બને ત્યારે પોતાની વ્યાવસાયિક ફરજો સાથેસાથે તેમની તીવ્ર નિરીક્ષણ-શક્તિથી જે-તે દેશનાં પાસાંની કોઈક તસવીર ચિત્ત પર અંકાઈ હોય છે તેનો લાભ 'ઉદ્દેશ'ના વાચકોને આપે છે.

રાજેશ વ્યાસ 'મિસ્કીન'

(જ. 16-10-1955)



રાજેશભાઈનો જન્મ અમદાવાદમાં. પિતા જટાશંકર અને માતા વિજયાબહેન.

મનોવિજ્ઞાનના વિષય સાથે ઈ. 1978માં સ્નાતક તો થયા પણ તરત જ ભાન થયું કે સાહિત્યનાં કલ્પનાનાં જળ છોડી તર્કના વિતંડાવાદમાં ક્યાં ગયો ? અને એકડો ઘૂંટીને ઈ. 1981માં ફરી ગુજરાતી સાહિત્ય સાથે બી.એ., ઈ. 1983માં એમ.એ. અને બાદમાં પીએચ.ડી. થયા.

અભ્યાસની પ્રક્રિયા સાથેસાથે, અનેક સારસ્વતોને સંગેસંગે, ભીતરે સર્જનનો એક પિંડ બંધાઈ રહ્યો હતો. ગઝલની રચના કરવી અને ગઝલનું પઠન કરવું એ બંને જુદીજુદી શક્તિઓ માગી લે છે. બંને સાધ્ય થાય તો તેને સોનામાં સુગંધ ભળી લાગે. તેમની માત્ર 18 વર્ષની ઉંમરે આ સિદ્ધિની પ્રતીતિ આ શ્રોતાઓને થઈ ગઈ.

રાજેશ વ્યાસનો પ્રથમ ગઝલ-સંગ્રહ 'છોડીને આવ તું' અને ત્યાર બાદ સંશોધનગ્રંથ 'ગઝલવિમર્શ', 'અમલ ગઝલો' ઉપરાંત 'કોઈ તારું નથી', 'એ પણ સાચું, આ પણ સાચું', 'પહેલી નજર' અને 'બદલી જો દિશા' જેવા એમના સંગ્રહો પ્રકાશિત થયા છે. 'મરીઝથી મિસ્કીન' - ગઝલના આસ્વાદ કરાવતા અનેક કાર્યક્રમો તેમણે આપ્યા છે. તેમના આધ્યાત્મિક વિવેચન સાથે તેમણે પાંચ કાવ્યસંપુટની પણ રચના કરી છે. સર્જન માટે તેમને હરીન્દ્ર દવે એવૉર્ડ, દિલીપ મહેતા એવૉર્ડ તેમ જ ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી એવૉર્ડ મળ્યા હતા. ઈ. સ. 2009માં તેમને આઈ.એન.ટી. દ્વારા કલાપી એવૉર્ડ મળ્યો છે.

હર્ષદ ત્રિવેદી

(જ. 17-7-1958)



કવિ, વાર્તાકાર, વિવેચક અને સંપાદક હર્ષદ ત્રિવેદીનું વતન સુરેન્દ્રનગર. પિતાનું નામ અમૃતલાલ.

કિશોરાવસ્થાથી જ લેખન-વાચન પ્રત્યે અભિરુચિ તેમને સાહિત્યના ક્ષેત્ર તરફ લઈ ગઈ. એમ.એ. થઈ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા તૈયાર થઈ રહેલા 'ગુજરાતી સાહિત્યકોશ'માં સંપાદનકાર્યમાં જોડાયા. તે ગાળો 1981થી 1984.

ત્યારબાદ ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત 'શબ્દસૃષ્ટિ'ના પ્રૂફવાચક તરીકે 1995 સુધી કામ કર્યું. આ સમયગાળો તેમના જીવનનો મહત્ત્વનો બની રહ્યો. ભીતરમાં રહેલી સર્જકતાને કોળવા અવકાશ મળી રહ્યો. તેમના પહેલા કાવ્યસંગ્રહ 'એક ખાલી નાવ'ને જયન્ત પાઠક કવિતા પુરસ્કાર પ્રાપ્ત થયો. ત્યાર બાદ 'રહી છે વાત અધૂરી' અને 'તારો આજ' - એમ બીજા બે કાવ્યસંગ્રહો તેમની પાસેથી મળ્યા. આ ઉપરાંત 'જાળિયું' નામે એક વાર્તાસંગ્રહ પણ તેમણે આપ્યો.

1995માં તેમની શક્તિ અને દૃષ્ટિની નોંધ લેવાઈ અને 'શબ્દસૃષ્ટિ'ના સંપાદક તરીકે તેમની વરણી થઈ. સામયિકનું સંપાદન એક વિશિષ્ટ શક્તિ માગી લે છે. ઉચ્ચ કોટિની સામગ્રી એ સામયિક માટે સૌથી મહત્ત્વની છે જ, પરંતુ તેને યોગ્ય લે-આઉટ, ટાઈપોગ્રાફીમાં સુઘડ રીતે રજૂ કરવી એ સોનામાં સુગંધ ઉમેરવા સમાન છે. તેમના સંપાદનમાં 'શબ્દસૃષ્ટિ' સોળે કળાએ ખીલ્યું છે. 'શબ્દસૃષ્ટિ'ના વિશેષાંકો તેમની સૌંદર્યદૃષ્ટિની સાક્ષી આપે છે.

પંડિત સુખલાલજી

(જ. 8-2-1880 * અ. 2-3-1978)



માત્ર સત્તર વર્ષની નાની ઉંમરે શીતળાની બીમારીમાં સુખલાલજીએ આંખો ગુમાવી. પણ પોતાની શારીરિક મર્યાદાને વળોટીને પ્રખર જ્ઞાન-ઉપાસના કરી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી ભારતીય દાર્શનિકોમાં અગ્રસ્થાન પામ્યા.

સૌરાષ્ટ્રમાં વઢવાણ પાસે એક નાના ગામમાં તેઓ જન્મ્યા. નાની ઉંમરમાં જ માતાપિતાનું છત્ર ગુમાવનાર, અભ્યાસમાં તેજસ્વી કિશોરને વડીલોએ સાત ચોપડીથી અભ્યાસ છોડાવીને દુકાને બેસાડી દીધો. થોડા જ વખત પછી શીતળાના રોગમાં આંખો ગુમાવતાં તે દુકાને બેસવા માટે પણ નકામો થઈ પડ્યો. શરૂઆતમાં માનસિક વલોપાત વેઠીને એણે પોતાનું ચિત્ત અભ્યાસ તરફ વાળ્યું. ગામડાના જૈન સાધુઓ પાસે શિખાય એટલું શીખી લઈ, વડીલોના કચવાટ છતાં તેઓ કાશીમાં મુનિ ધર્મવિજયજીની પાઠશાળામાં પ્રાકૃત અને સંસ્કૃતના અભ્યાસ માટે પહોંચી ગયા. આંખોના અભાવે તેમને બધું કંઠસ્થ કરી લેવાની ટેવ પડી.

ત્યાં બનારસ યુનિવર્સિટીના આમંત્રણથી અધ્યાપનકાર્યમાં જોડાયા. ત્યાંના વસવાટ દરમ્યાન તેમણે જૈનતર્ક, ભાષા, જ્ઞાનબિંદુ પ્રમાણમીમાંસા, હેતબિંદુનું સંપાદન તથા અનેક વિદ્યામૂલક કાર્યો કર્યાં.

બનારસથી નિવૃત્ત થઈને થોડો સમય મુંબઈ ભારતીય વિદ્યાભવનમાં અને પછી અમદાવાદ આવી ગુજરાત વિદ્યાસભામાં જોડાયા. તત્ત્વજ્ઞાન અને જૈનદર્શનની કોઈ જટિલ ગૂંચ ઉકેલવા દેશવિદેશના અનેક જિજ્ઞાસુઓ તેમની પાસે આવતા. તેઓ વ્યક્તિ નહીં પણ એક જંગમ વિદ્યાપીઠ બની રહ્યા હતા.

કેશવરામ કાશીરામ શાસ્ત્રી

(જ. 28-7-1905 * અ. 10-9-2006)



કે.કા.ના નામે સુપરિચિત એવા કેશવરામ કા. શાસ્ત્રીનો જન્મ સૌરાષ્ટ્રના માંગરોળમાં થયો હતો. કારકિર્દી શિક્ષક તરીકે શરૂ કરી, પરંતુ 1937માં એમની રુચિને અનુકૂળ એવા સંશોધનકાર્ય માટે અમદાવાદની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં જોડાયા. 1944માં મુંબઈ યુનિવર્સિટી તરફથી અનુસ્નાતક-અધ્યાપન માટે એમને માન્યતા મળી.

1946માં અમદાવાદના ભો. જે. વિદ્યાભવનમાં અધ્યાપક-સંશોધકની અને 1955થી માનાર્હ અધ્યાપક અને પીએચ.ડી.ના માર્ગદર્શક થયા. બાદમાં લા. દ. ભારતીય સંસ્કૃતિ મંદિરમાં પણ સંશોધનકાર્ય કર્યું. શાસ્ત્રીજીની લેખન-પ્રવૃત્તિનો આરંભ સંસ્કૃત ગ્રંથોના સંપાદન-અનુવાદથી થયો, પરંતુ એમનું વિશેષ સત્ત્વ વિકસ્યું જૂની ગુજરાતીના ગ્રંથોના સંપાદનમાં તથા ગુજરાતી મધ્યકાલીન કવિઓને લગતી માહિતીના સંકલનમાં. તેમણે ગુજરાતી ભાષા-વ્યાકરણ અને કોશોના સંદર્ભમાં પણ વિશેષ પ્રદાન કર્યું. તેમનાં નાનાં પુસ્તકો તેમજ બૃહદ્ ગ્રંથોની સંખ્યા 215થીય વધુ છે.

એમની સાહિત્ય-સંશોધનની સેવા બદલ અનેક પુરસ્કારો-સંમાનોથી એઓ વિભૂષિત થયા છે. રણજિતરામ સુવર્ણચંદ્રક, વિદ્યાવાચસ્પતિ, મહામહિમોપાધ્યાય, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી ડી.લિટ્, ભારત સરકાર દ્વારા પદ્મશ્રી, બ્રહ્મર્ષિ, પ્રભારત્ન, ભારતમાર્તંડ જેવા ખિતાબો પ્રાપ્ત થયા છે.

1983માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે એમની વરણી થઈ હતી. આ ઉપરાંત એઓ ગુજરાત સાહિત્ય સભાના પણ પ્રમુખ હતા.

હરિવલ્લભ ભાયાણી

(જ. 25-6-1917 * અ. 11-11-2002)



ગુજરાતી ભાષાના બહુશ્રુત વિદ્વાન ડૉ. હરિવલ્લભ ભાયાણીનો જન્મ મહુવામાં. મહુવાથી મૅટ્રિક, મુંબઈના ભારતીય વિદ્યાભવનમાંથી 1939માં બી.એ., 1941માં સંસ્કૃત અને અર્ધમાગધી વિષયોમાં એમ.એ. અને 1951માં મુનિ જિનવિજયજી પાસે પીએચ.ડી. કર્યું.

1945થી '65 સુધી ભારતીય વિદ્યાભવનમાં સંશોધક-અધ્યાપક, 1965થી '75 પર્યંત ગુજરાત યુનિવર્સિટીના ભાષા સાહિત્યભવન સાથે સંલગ્ન અને 1975માં સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી. ત્યાર બાદ એલ. ડી. ઇન્ડોલૉજી - અમદાવાદમાં માનદ પ્રાધ્યાપક થયા. 1980માં ઇન્ટરનૅશનલ સ્કૂલ ઑફ દ્રવિડિયન લિંગ્વિસ્ટિક્સ - ત્રિવેન્દ્રમમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું.

ભાયાણીસાહેબે રચેલા ગ્રંથોની કુલ સંખ્યા 70 જેટલી થાય છે. તેમણે ગુજરાતી ભાષાની વિચારણા તથા ભાષા-વિજ્ઞાન-સંશોધન અને સ્વાધ્યાય અંગેનાં સાતેક પુસ્તકો, સંશોધન-વિવેચનનાં આઠેક પુસ્તકો, પ્રાકૃત-અપભ્રંશ કૃતિઓના સંપાદનનાં બારેક પુસ્તકો ઉપરાંત એમણે 'જાતકવાર્તા' તેમ જ 'લોકસાહિત્ય - સંપાદન અને સંશોધન' જેવાં પુસ્તકો આપ્યાં છે. સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને મધ્યકાલીન ભાષાસાહિત્યનો વારસો એમની ભાષા-વિચારણાને સમતૂલ પરિપ્રેક્ષ્ય આપે છે.

1963માં રણજિતરામ સુવર્ણચંદ્રક અને 1981માં સાહિત્ય અકાદમી - દિલ્હીનો પુરસ્કાર પ્રાપ્ત થયો. 1985માં સંસ્કૃતના અખિલ ભારતીય વિદ્વાન તરીકે સન્માનપત્ર તથા 1994માં નર્મદ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

દલસુખભાઈ માલવણિયા

(જ. 22-7-1910 * અ. 28-2-2000)



પરંપરાગત ખાસ શિક્ષણ ન પામેલા ભારતીય દર્શનના પ્રકાંડ પંડિત દલસુખભાઈ માલવણિયા માત્ર વિદ્યાપ્રીતિથી ગ્રંથોના અધ્યયન તરફ વળ્યા. બાદમાં બિકાનેર, બ્યાવર અને જયપુરમાં અભ્યાસ કરી 1931માં 'ન્યાયતીર્થ' થયા. સંસ્થાએ એમને 'જૈન વિશારદ'ની પદવી આપી.


દલસુખભાઈ માલવણિયાને પંડિત બેચરદાસ દોશી, વિધુ-શેખર, શરિન ભટ્ટાચાર્ય અને મુનિ જિનવિજયજી પાસેથી મૌલિક દૃષ્ટિ, પાલિ ભાષા અને બૌદ્ધ શાસ્ત્રોના અભ્યાસનો લાભ, પ્રાકૃત ભાષા અને જૈન આગમોનો વિશેષ અભ્યાસ કરવાનો અવસર પ્રાપ્ત થયો. 1934માં પંડિત સુખલાલજીનો પરિચય થતાં બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં જોડાયા. 1944માં પંડિતજી નિવૃત્ત થતાં એમને સ્થાને દલસુખભાઈની નિમણૂક થઈ.

1957માં અમદાવાદમાં 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ મંદિર'ની સ્થાપના થતાં કસ્તૂરભાઈએ તેના નિયામક તરીકે કાર્ય કરવા દલસુખભાઈને આમંત્રણ આપ્યું. દલસુખભાઈએ તે સ્વીકારી 1976 સુધી, તેને માટે કાર્ય કરી વિદ્યામંદિરને આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા અપાવી. તેમની વિદ્વત્તા દેશ અને વિદેશમાં પોંખાઈ છે. ભારત સરકારે તેમને પદ્મભૂષણનો ખિતાબ આપ્યો હતો.

પત્રકારત્વ

ફરદુનજી મર્ઝબાન

(જ. 1787 # અ. 1847)



ભારતનું પ્રથમ ગુજરાતી વર્તમાનપત્ર શરૂ કરનાર, પ્રથમ ગુજરાતી છાપખાનું શરૂ કરનાર, પ્રથમ ગુજરાતી તંત્રી અને પત્રકાર ફરદુનજી મર્ઝબાનનો સુરત ખાતે જન્મ. નાનપણથી જ કંઈક નવું કરી બતાવવાની તમન્નામાં તેઓ સુરત છોડી મુંબઈ આવ્યા. 1808માં તેમણે બૂક-બાઈન્ડિંગની દુકાન કરી. એ પછી નાના-મોટા વ્યવસાયોમાં ઝંપલાવ્યા બાદ અંતે પ્રિન્ટિંગ-પ્રેસના વ્યવસાયમાં નજર ઠરી.

એ વખતે છાપખાનાના વ્યવસાય સાથે સંકળાયેલા જીજીભાઈ છાપગર સાથે તેમને મિત્રતા હતી. તેમની મદદથી ઘણા પ્રતિકૂળ સંજોગો વચ્ચે તેમણે 1812ની સાલમાં મુંબઈમાં સૌપ્રથમ ગુજરાતી છાપખાનાની શુભ શરૂઆત કરી.

છાપખાનું ઠીકઠીક ચાલવા માંડતાં ફરદુનજીના મનમાં વર્તમાનપત્ર કાઢવાનો વિચાર સળવળવા માંડ્યો. એ વખતે ભારતભરમાં પ્રાદેશિક ભાષામાં એકમાત્ર બંગાળી છાપું 'સમાચાર દર્પણ' 1818માં શરૂ થયું હતું.

ફરદુનજીએ મિત્રોના સહકારથી 1લી જુલાઈ, 1822ના રોજ 'મુંબઈ સમાચાર' નામનું અઠવાડિક સમાચારપત્ર શરૂ કરેલું. 1822થી 1823 સુધી તે અઠવાડિક રહેલું, પછી અઠવાડિક બે વાર પ્રગટ થતું અને 1855થી 'મુંબઈ સમાચાર' સંપૂર્ણ દૈનિક તરીકે પ્રગટ થવા લાગ્યું.

અમૃતલાલ શેઠ

(જ. 25-8-1891 # અ. 20-7-1954)



સૌરાષ્ટ્ર ટ્રસ્ટ અને 'જન્મભૂમિ'ના સંસ્થાપક અને આદ્યસંચાલક તથા અઠંગ પત્રકાર અમૃતલાલ શેઠનો જન્મ લીંબડીમાં. કિશોરાવસ્થામાં જ તેમનો પરિચય એક અખબારી પ્રતિનિધિ સાથે થયો અને તેમને અખબારી આલમમાં રસ જાગ્યો. પછી તો શેઠ વઢવાણમાં ભણતાં-ભણતાં જ મહીકાંઠા અને રેવાકાંઠા ગેઝેટના ખબરપત્રી બન્યા.

શરૂઆતમાં તેમણે જીવનમાં સ્થિર થવા વકીલાત શરૂ કરી. પછી લીંબડીમાં ન્યાયાધીશ પણ બન્યા, પરંતુ પત્રકારત્વ તેમનાથી છૂટતું નહોતું. 'બોમ્બે ક્રોનિકલ' કાઠિયાવાડ લેટર્સ લખવાનું શરૂ કર્યું અને પછીથી નોકરી છોડીને માત્ર પત્રકાર જ બની ગયા.

1921માં તેમણે 'સૌરાષ્ટ્ર' શરૂ કર્યું, તેમાં મેઘાણીભાઈ, કકલભાઈ વગેરે સાથીઓની મદદ મળતાં 'સૌરાષ્ટ્ર' સ્થિર થતાં પત્રકારત્વ માટે વધુ મોકળું મેદાન મેળવવા તેઓ મુંબઈ ગયા. પ્રથમ તેમણે અંગ્રેજી અખબાર 'સન' કાઢ્યું, પણ તેમાં નિષ્ફળ જતાં 'જન્મભૂમિ'નો જન્મ થયો. અમૃતલાલ શેઠે થોડા જ સમયમાં તેને રાષ્ટ્રવ્યાપી પ્રતિષ્ઠા ધરાવતું અખબાર બનાવી દીધું હતું.

1939માં તેમણે ચીન અને જાપાનની મુલાકાત લીધી હતી. તેમણે યુદ્ધ-ખબરપત્રી (વૉર કૉરસપૉન્ડન્ટ) તરીકે પણ કામગીરી બજાવી હતી. તે દરમિયાન તેઓ બર્માના મોરચે ગયા હતા. ત્યાં તેમણે સુભાષબાબુએ સર્જેલો ચમત્કાર સગી આંખે જોયેલો. આઝાદ હિંદ ફોજ તેમની નજર સમક્ષ હતી. સુભાષબાબુનું મૃત્યુ થતાં તેમની અગત્યની ફાઈલો સહીસલામત ભારત પહોંચાડવાની એક મોટી સમસ્યા ઊભી થઈ હતી. એક પત્રકાર તરીકે તેમણે બીડું ઝડપ્યું. સહીસલામત રીતે એ ફાઈલો તેઓ ભારત લાવ્યા હતા.

1954માં અમેરિકામાં સાનફ્રાન્સિસ્કોમાં 46 રાજ્યોની ઐતિહાસિક પરિષદ મળી હતી. આ પરિષદમાં 'જન્મભૂમિ'ના પ્રતિનિધિ તરીકે અમૃતલાલ શેઠ ગયા હતા. ત્યાં તેમણે ત્યાંનાં વર્તમાનપત્રોનો વિકાસ જોયો. ત્યાંથી પાછા ફર્યા બાદ 'જન્મભૂમિ'ના વિકાસ માટે એમણે અનેક યોજનાઓ ઘડી કાઢી હતી. તેમાં સંસ્થાની જ માલિકીના વિમાન દ્વારા બૃહદ્ ગુજરાતમાં 'જન્મભૂમિ'ની નકલો પહોંચાડવાની એમણે યોજના કરી હતી. એક વિમાનનો સોદો કરીને તેની પર 'જન્મભૂમિ' અક્ષરો પણ ચીતરાઈ ગયા હતા. 'જન્મભૂમિ'ના પોતાના મકાન પર વીજળીનાં સાધનો વડે વારંવાર સમાચારો પ્રગટ કરવાની પણ તેમની ઇચ્છા હતી. પત્રકારત્વની તાલીમ માટે 'જન્મભૂમિ'ના સીનિયર કર્મચારીઓને પરદેશ મોકલવાની પણ તેમની યોજના હતી. મુદ્રણ છેલ્લાં થોડાં વર્ષથી જ આધુનિક થવાની દિશામાં છે, પરંતુ આજથી પચાસ વર્ષ પહેલાંના બળદગાડાના યુગમાં વિમાનની કલ્પના કરી તેને અમલમાં મૂકનાર આ દૃષ્ટિસંપન્ન સાહસિક મરજીવાનું સ્થાન પત્રકારત્વના ઇતિહાસમાં નિશ્ચિત રીતે અવિસ્મરણીય રહેશે.

શામળદાસ ગાંધી

(જ. 1857 # અ. 8-6-1953)



દેશની આઝાદીના ઇતિહાસમાં ફના થઈ જનાર દેશભક્તો સાથે ખભેખભા મિલાવીને ગુજરાતના પત્રકારોએ પણ ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો છે. એમાંના એક શામળદાસ ગાંધીનો જન્મ રાજકોટમાં.

નાનપણથી જ લેખનનો શોખ એમને 'મુંબઈ સમાચાર'ની કચેરી સુધી લઈ ગયો, જેને પરિણામે એ પત્રકાર બની ગયા. અનુભવની એરણે ઘડાઈને 'મુંબઈ સમાચાર' સાપ્તાહિકના તંત્રી અને પછી 'જન્મભૂમિ' દૈનિકના પણ તેઓ થોડા સમય તંત્રી રહ્યા.

શામળદાસની કલમની ઓજસ્વિતાએ અમૃતલાલ શેઠને આકર્ષ્યા. એમણે નવા શરૂ કરેલા સૌરાષ્ટ્ર ટ્રસ્ટના 'જન્મભૂમિ' દૈનિકમાં શામળદાસને સ્થાન આપ્યું. 'જન્મભૂમિ'એ હવે નિરાળું વ્યક્તિત્વ જમાવ્યું. દેશ પરના વિદેશી, આપખુદ શાસન અને શાસનના ઢીંગલા સમાં દેશી રજવાડાં સામે 'જન્મભૂમિ'માંથી ઝરવા માંડેલા અગ્નિસ્ફુલિંગોએ દમનખોરોને જેમ વધુ ને વધુ દઝાડવા માંડ્યા, તેમ 'જન્મભૂમિ' વધુ ને વધુ લોકપ્રિય બનતું ગયું. 1938-39ની લીમડી-રાજકોટની લડત સામે 'જન્મભૂમિ'એ વર્ણવેલા જુલ્મો ગાંધીજીને રાજકોટ ખેંચી લાવેલા. પરંતુ 1940માં અમૃતલાલ શેઠ સ્વદેશ પાછા આવ્યા અને 'જન્મભૂમિ'નું સુકાન પાછું સંભાળી લેતાં શામળદાસ પોતાના સાથીઓ સાથે છૂટા થઈ ગયા. 1941ના માર્ચની 15મીએ તેમણે 'વંદે માતરમ્' દૈનિક પત્ર શરૂ કર્યું. 56 પાનાંનો તેનો પહેલો અંક એ ગુજરાતી પત્રકારત્વમાં સીમાસ્તંભરૂપ બન્યો હતો.

1941માં તેમણે પોતાનું દૈનિક 'વંદે માતરમ્' શરૂ કર્યું. આઝાદી-પ્રાપ્તિ પૂર્વેનાં વર્ષોમાં તેમની આગઝરતી કલમે તેમ જ તીખી વાણી અને બુલંદ ગર્જના કરતી સભાઓથી સરકારની સુસ્તી ઊડી જતી. આઝાદી પછી જૂનાગઢના નવાબ જૂનાગઢને પાકિસ્તાન સાથે જોડવા તૈયાર થતાં તેમણે પ્રજાકીય પક્ષ રચ્યો – આરઝી હકૂમત. હાથમાં તલવાર ધારણ કરી પોતે આગેવાની લઈને નવાબને નમાવ્યો અને ભારતના પ્રજાતંત્રમાં જોડાવા ફરજ પાડી. આ ઘટના એ માત્ર સ્થાનિક પ્રજા માટે જ નહીં પણ હિન્દની પ્રજા માટે પણ એક અવિસ્મરણીય બનાવ છે. તે સમયના ભારતની એકતામાં બાધારૂપ રજવાડાંના અનેક પ્રશ્નો સુલઝાવવાના પ્રયત્નોમાં ઉપકારક અને દિશાસૂચક બની રહ્યા.

શામળદાસની કલમ જોશીલી તેમ જ રણક દાર હતી. તેમાં ભાષાની ભભક અને વાગ્મિતાનો પ્રભાવ હતો.

1952માં સ્વતંત્ર ભારતમાં સર્વપ્રથમ ચૂંટણીઓ યોજાઈ. શામળદાસે જૂનાગઢમાં લોકપક્ષની સ્થાપના કરેલી. મુંબઈમાં એમની ગેરહાજરીમાં 'વંદે માતરમ્'ની સ્થિતિ પણ કથળી ગઈ હતી. શામળદાસભાઈનું પણ તે અરસામાં અવસાન થયું. 'વંદે માતરમ્' બંધ પડ્યું. તેમની સાહસિકતા અને મરદાનગી જેવા અનેક ગુણો સંભારીને તેમને અંજલિ આપીએ.

હાજી મહંમદ અલારખિયા શિવજી

(જ. 13-12-1878 *અ. 23-1-1921)



ગુજરાતી ભાષામાં સચિત્ર સામયિકનું જ્યારે કોઈ સ્વપ્ન પણ સેવતું ન હતું ત્યારે ખોજા શ્રીમંત પિતા અલારખિયાના પુત્ર હાજી મહંમદે તે સિદ્ધ કરી બતાવ્યું.

મુંબઈના પેડર રોડ વિસ્તારના મહેલ સરીખા બંગલામાં યુવાન હાજીને વેપારવણજને બદલે સાહિત્યનો છંદ લાગ્યો. જાતભાતનાં અંગ્રેજી મૅગેઝિનો મંગાવે, વાંચે, વાર્તાઓ લખે અને સાહિત્ય-રસિકોની સોબત રાખે. પુસ્તકો તો ઢગલાબંધ ખરીદે.

એક દિવસ હાજીના ચિત્તમાં વિચાર ઝબક્યો... એક સરસ મઝાનું સાહિત્ય-કલાનું મૅગેઝિન શરૂ કરવું. મિત્રોની મહેફિલો જામવા માંડી. કેવાકેવા મિત્રો ? નરસિંહરાવ દિવેટિયા, કનૈયાલાલ મુનશી, ન્હાનાલાલ, ખબરદાર, રણજિતરામ વગેરે. કોઈકે પ્રોત્સાહિત કર્યા, કોઈકે ચેતવ્યા, તો કોઈએ તેમના ઉત્સાહ પર પાણી રેડ્યું. ઊગતા કલાકાર રવિશંકર રાવળ અને સુપ્રસિદ્ધ તસવીરકાર શાપુરજી એદલજીને પણ સાથે ભેળવ્યા. દાદાભાઈ નવરોજી, મીનુ મરઘણી અને સાહિત્યકારો પાસે લેખો, વાર્તાઓ ને કવિતાઓ લીધાં. કવરપેજનો બ્લૉક લંડન બનાવવા મોકલ્યો - આવો હતો હાજીનો ઠાઠ !

અચાનક વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું. વાત ખોરંભે પડી. આખરે 1916ના એપ્રિલમાં પ્રથમ અંક પ્રગટ થયો - નામ એનું 'વીસમી સદી'. તે માટે અઢળક ખર્ચ હાજીએ કરી નાંખ્યો હતો. હાજી ખુવાર થઈ ગયા. તેમણે હિંમતથી કામ ચાલુ રાખ્યું. પણ માત્ર પાંચ જ વર્ષ બાદ હાજી અકાળે અવસાન પામ્યા - પણ તેમના અનુગામીઓ માટે એક સ્વપ્ન છોડી ગયા.

ભિક્ષુ અખંડાનંદ

(જ. 1874 * અ. 4-1-1942)



ભગવાં વસ્ત્રો પહેરીને તેને દીપાવનારા ગુજરાતીઓમાં ભિક્ષુ અખંડાનંદનું નામ મોખરે છે. એમનું સંસારી નામ લલ્લુભાઈ જગજીવન ઠક્કર. એમનો જન્મ ખેડા જિલ્લાના બોરસદમાં.

પાંચ ચોપડી ભણીને અભ્યાસ છોડી દીધો અને ભાઈઓ સાથે ધંધે વળગ્યા. 28 વર્ષ સુધી જાત-જાતના ધંધા કરી જોયા, પણ મન વૈરાગ્ય તરફ વળતાં અમદાવાદ આવી દીક્ષા લીધી. સંન્યાસી તરીકે નામ પડ્યું અખંડાનંદ. સંન્યાસ લઈને તેમણે દેશમાં ઠીકઠીક પરિભ્રમણ કર્યું. અનેક સંતોના સમાગમમાં આવ્યા - ધર્મગ્રંથો વાંચ્યા.

એક વાર હિમાલયથી પાછા ફરેલા સંન્યયસી ભિક્ષુ અખંડાનંદ મુંબઈ આવ્યા હતા. એક વાર એક દુકાને ભજનસંગ્રહ ખરીદવા ગયા. તેની કિંમત જોઈ તો ચાર-પાંચ-ગણી ચડાવેલી. એમને થયું કે સામાન્ય માણસ પુસ્તકો શી રીતે ખરીદી શકે ? એમની આંખ ઊઘડી ગઈ. આધ્યાત્મિક પિપાસા સંતોષવાની હોય તો આવાં મોંઘાંદાટ પુસ્તકોને બદલે સસ્તાં પુસ્તકો મળે એવું કંઈક કરવું જોઈએ. સ્વામીજીએ મનમાં સંકલ્પ કર્યો. સંજોગોવશાત્ પૂર્વાશ્રમના કોઈ કુટુંબીનો પત્ર આવ્યો : તેમના કુટુંબમાં કોઈકનું મૃત્યુ થયું હતું. વધુમાં જણાવ્યું હતું કે લગભગ ત્રણ સો રૂપિયા જેટલી રકમ તેમને ધર્માદામાં ખરચવી હતી. તે માટે ભાગવતનો એકાદશસ્કંધ છપાવીને ભેટ આપવાની ઇચ્છા હતી.

સ્વામીજીને જાણે જીવનની દિશા મળી ગઈ હોય, જીવનનું ધ્યેય પ્રાપ્ત થઈ ગયું હોય, તેમ છ આનાનું દેવદારનું ટેબલ લાવીને ભાગવત છપાવવાના એ કામમાં મુંબઈમાં જ એક ઓટલા પર બેસીને તેમણે લેખનકાર્ય શરૂ કર્યું. લેખનકાર્યથી માંડીને પુસ્તકો છપાવી, બંધાવી, તેનાં પાર્સલો સ્ટેશને પહોંચતાં કરવા સુધીનું બધું કામ એ જાતે જ કરતા. કાળક્રમે દેવદારના એ ખોખામાંથી ટેબલ થયું. બેસવાને ખુરશી થઈ, કાર્યાલય થયું, મકાન થયું. એક વ્યક્તિમાંથી ફૂલીફાલી આજની સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય નામક સંસ્થા બની ગઈ. ઈ. 1908માં શરૂ થયેલી આ ઉપકારક પ્રવૃત્તિ તેમના દેહવિલય સાથે 1942માં પૂરી થઈ.

સ્વામીજીએ પ્રકાશનકાર્ય શરૂ કર્યું ત્યારે મુખ્ય કાર્યાલયને અમદાવાદ લાવ્યા. ગુજરાતી ભાષામાં પુસ્તકો પ્રગટ કરવા માટે ગુજરાતના પાટનગર અમદાવાદમાં જ હોવું જોઈએ તેમ તેમને લાગ્યું. દિવસેદિવસે વધુ ને વધુ પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં. એટલે જો પ્રેસ સંસ્થાની પોતાની માલિકીનું હોય તો સગવડ વધે અને સસ્તુંય પડે. સ્વામીજીએ સંસ્થાનું પોતાનું છાપખાનું શરૂ કર્યું, પરંતુ સ્વામીજી ઉપરનો બોજો વધી ગયો.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયને વ્યવસ્થિત રીતે ચલાવવા માટે એ ઘણા વિચારો કરતા. પોતાની હયાતી ન હોય ત્યારે પણ આ કાર્ય ચાલતું રહે તેવી તેમની અંતરેચ્છા હતી. ઘણાં વરસ આ રીતે સંસ્થા ચાલ્યા બાદ તેને બંધ કરવાનો તેમણે વિચાર કર્યો. એટલે જે કાંઈ પુસ્તકો હતાં તે સાવ અડધી કિંમતે તેમણે વેચવા કાઢ્યાં. એનો પ્રતિભાવ એવો આવ્યો કે આ પુસ્તકો ખરીદવા લોકોનો ભારે ધસારો થયો. આ કારણે ચપોચપ પુસ્તકો વેચાઈ જતાં સંસ્થા એકદમ સધ્ધર થઈ ગઈ અને ફરી પાછું સંસ્થા બંધ કરવાનું બની શક્યું જ નહિ. આ વર્ષો પછી આ સંસ્થા ટ્રસ્ટમાં ફેરવી નાંખવામાં આવી. તેનું સુકાન મનુ સૂબેદાર અને એચ. એમ. પટેલ જેવા સપૂતોએ હાથ ધરીને તેને સધ્ધર પાયા પર મૂકી આપી. જીવનને ઊર્ધ્વગામી બનાવતા વિવિધ સાહિત્યની ગુજરાતી ભાષામાં પરબો માંડનાર આ સંન્યાસીનાં કાર્યોનો સરવાળો સહજમાં માંડી શકાય તેમ નથી. 'અખંડ આનંદ' જેવું સત્ત્વશીલ માસિક તેમની પુણ્યસ્મૃતિને આજે પણ તાજી રાખે છે. સ્વામીજીની સમાજના સંસ્કાર સાથે ઘેરી નિસ્બત ધરાવતી પ્રવૃત્તિમાં સુપ્રસિદ્ધ અર્થશાસ્ત્રી મનુ સૂબેદારે પોતાના લોટસ ટ્રસ્ટ દ્વારા મોટો ટેકો કર્યો હતો. અમદાવાદની આયુર્વેદિક કૉલેજ તેમજ હૉસ્પિટલ પણ તેમના અનુદાનને આભારી છે.

ઈચ્છારામ સૂ. દેસાઈ

(જ. 1853 *અ. 5-12-1911)



ગુજરાતી ભાષાનું પહેલું દૈનિક 'મુંબઈ સમાચાર', તો પહેલું ગુજરાતી સાપ્તાહિક 'ગુજરાતી'. મુંબઈના કૈસરે હિન્દુ પ્રેસમાં છપાઈને તેનો પહેલો અંક 1880ની છઠ્ઠી જૂને પ્રગટ થયો. 'ગુજરાતી' અઠવાડિકના તંત્રીનું નામ ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ, વતન સુરત.

નાનપણથી ઇચ્છારામને લખવા-વાંચવાનો શોખ. સારા અક્ષરને કારણે નાજરની નોકરી મળી. ફાજલ સમયનો ઉપયોગ એ વાંચવામાં કરતા. સમૃદ્ધ એન્ડ્રુઝ લાઇબ્રેરી એમણે તળે-ઉપર કરી નાંખેલી. પ્રૂફવાચન નિમિત્તે પણ કાંઈક વાંચવા મળતું. લખવાનો, સંપાદનનો અને છાપકામનો અનુભવ વધતો ગયો.

આ સમય દરમ્યાન બધાં છાપાં - સામયિકો પારસીઓ દ્વારા ચાલતાં. તેનો ઝોક પણ પશ્ચિમ-તરફી. જ્યારે હિન્દુ સંસ્કૃતિ તરફ ઝોક ધરાવનારું, ગુજરાતી ભાષાનું આ પ્રથમ સંપૂર્ણ પત્ર હતું. ધીમેધીમે તેની ગ્રાહકસંખ્યા પણ વધવા લાગી. 1884માં તેનું પ્રેસ ઊભું થયું. સમાજ અને સરકારમાં તેની વગ વધવા લાગી.

ઇચ્છારામ દેસાઈનું બીજું મહત્ત્વનું પ્રદાન તે તેમણે સૌપ્રથમ શુદ્ધ ગુજરાતી પંચાંગ પ્રગટ કર્યું, જે ખૂબ જ લોકપ્રિય થઈ ગયું. મુદ્રણના વ્યવસાયમાં ઊંડો રસ લઈ તેમણે પોતાની ટાઈપ ફાઉન્ડ્રી પણ સ્થાપી. ઈ. 1900માં તેમણે 'ચંદ્રકાન્ત' ભાગ 1-2 લખ્યા. તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહીં હોય તેટલી તેની આવૃત્તિઓ થઈ અને હજારો નકલો ખપી. આ ઉપરાંત પણ અનેક પ્રકાશનો પ્રગટ કર્યાં.

ચાંપશીભાઈ ઉદ્દેશી

(જ. 1892 * અ. 1974)



ચાંપશીભાઈ કલકત્તામાં જન્મ્યા હતા. એમના દિલમાં એક શિષ્ટ સામયિક પ્રગટ કરવાનો આતશ સદા જલ્યા કરે.

આખરે 1922માં કલકત્તાથી જ એમણે 'નવચેતન' માસિક શરૂ કર્યું. આર્થિક વિટંબણા વચ્ચે દેવું કરીને તેમણે માસિક શરૂ કરતી વખતે જ પ્રતિજ્ઞા લીધેલી કે જીવીશ ત્યાં સુધી 'નવચેતન' ચલાવીશ.

ત્રણ દાયકા સુધી કલકત્તામાંથી પ્રગટ કરીને પાછળથી અમદાવાદ આવતાં ત્યાંથી જ 'નવચેતન' પ્રગટ થવા લાગ્યું. આવું શિષ્ટ સામયિક સાઠસાઠ વર્ષ સુધી ચાલતું રહે તેની પાછળ તેમનાં સંનિષ્ઠા અને સાહિત્યના લગાવ સિવાય બીજું શું હોઈ શકે ?

ચાંપશીભાઈને સાહિત્ય ઉપરાંત નાટક, ફિલ્મ અને ક્રિકેટનો જબરો શોખ હતો. યુવાનીમાં એમણે રંગભૂમિ પર અનેક ભૂમિકાઓ કરી હતી. વળી, નાટક પણ લખેલું. એમની બે કથાઓ પરથી ફિલ્મ પણ ઊતરી હતી.

બચુભાઈ રાવત

(જ. 27-2-1898 * અ. 12-7-1980)



'કુમાર' માસિકના પ્રકાશન દ્વારા ગુજરાતમાં સંસ્કાર ચિરકાળ ટકી રહે તેવું પ્રદાન કરનાર બચુભાઈ રાવતનો જન્મ અમદાવાદમાં. પિતાનું નામ પોપટભાઈ.

આર્થિક નબળા સંજોગોને કારણે બચુભાઈ મૅટ્રિકથી આગળ અભ્યાસ કરી શક્યા નહોતા, પરંતુ તેમના હૃદયમાં ઊંડી વિદ્યાપ્રીતિ હતી, તેથી ગોંડલમાં શિક્ષકની નોકરીની સાથેસાથે ત્યાંની સમૃદ્ધ લાઈબ્રેરી, ત્યાંના વિદ્વાન લેખક-કવિ અને ચિત્રકારો સાથેની મૈત્રીથી અદ્‌ભુત આત્મવિકાસ સાધ્યો. યોગાનુયોગ શ્રી રવિશંકર રાવળ સાથે તેમનો સંપર્ક થયો. સાહિત્ય અને કળા સંબંધી એક સામયિક શરૂ કરવા માટેનાં બંનેનાં સ્વપ્નાં એકસરખાં હતાં. ઈ. સ. 1924માં રવિશંકર રાવળે 'કુમાર' માસિક શરૂ કર્યું. આરંભથી જ તેનાં સંચાલન-સંપાદનની જવાબદારી બચુભાઈએ ઉપાડી લીધી. થોડાં વર્ષો બાદ રવિભાઈએ 'કુમાર'ના તંત્રી તરીકે તેમ જ તેના સંચાલનમાંથી નિવૃત્તિ લીધી. ત્યારથી બચુભાઈએ 'કુમાર'ની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લીધી.

'કુમાર'ના સંપાદનમાં વિરલ એવી સૂઝ બતાવી તેને દેશના પ્રથમ કક્ષાના સામયિક લેખે સ્થાન અપાવ્યું. પૂરાં પચાસ વર્ષ સુધી તેમણે કાવ્યવાચનની 'બુધસભા' ચલાવી. એમાં આજના અનેક ખ્યાતનામ કવિઓએ પોતાના કાવ્યસર્જનનો વિકાસ સાધ્યો છે. ગુજરાતના ફોટોગ્રાફરોની પ્રખ્યાત નિહારિકા ક્લબનાં મંડાણ પણ અહીંથી જ થયેલાં. મુદ્રણકૌશલમાં તો બચુભાઈની બેનમૂન સૂઝ હતી. તેમાં તેમણે અનેક પ્રયોગો કર્યા હતા.

પોતાના જીવનમાં તેમ જ 'કુમાર' માસિકનાં સંપાદન-સંચાલનમાં તેઓ કડક શિસ્તના આગ્રહી હતા. નિષ્ઠાવંત તંત્રી તરીકે 'કુમાર'ની માવજત કરી ગુજરાતની યુવાપેઢી પર મોટો ઉપકાર કરનાર બચુભાઈએ ન ભુલાય તેવી ઉત્તમ સેવા કરી છે. બુધસભામાં નવોદિત તેમ જ સિદ્ધહસ્ત કવિઓ આવતા. એક રીતે કવિતાની આ એક વર્કશૉપ હતી. આ વર્કશૉપમાંથી ગુજરાતના અનેક કવિઓ તૈયાર થયા. બચુભાઈની નજર નીચે પસાર થયેલું કાવ્ય જો 'કુમાર'માં છપાય તો તેમાં કવિ પોતાનું ગૌરવ સમજતા. પૂરાં પચાસ વર્ષ સુધી બચુભાઈએ સતત નિયમિતપણે આ 'બુધસભા'નું સંચાલન કર્યું. બચુભાઈ એક ઉત્તમ કવિતાપ્રેમી, કવિતા-સંચાલક અને કવિતાસંપાદક હતા. આવી જ રીતે ફોટોગ્રાફીની નિહારિકા ક્લબ ચલાવીને તેમણે ગુજરાતમાં છબીકલાને સીધું ને આડકતરું ઉત્તેજન આપ્યું છે.

બચુભાઈ મુદ્રણવિદ્યાના નિષ્ણાત હતા. મુદ્રણ એક કસબ નહીં, પણ કળા છે, એ દૃષ્ટિ ગુજરાતને બચુભાઈનું સમર્પણ છે. લિપિ અને મુદ્રણ અંગેની અનેક સંસ્થાઓ અને સમિતિઓમાં પદ દ્વારા, પુસ્તકો દ્વારા અનન્ય અને અધિકારજન્ય એવી પ્રતિષ્ઠા ગુજરાતે બચુભાઈને આપી છે. 'કુમાર' વિદ્યાપીઠના એ 'કુલપતિ' હતા. કોઈ યુનિવર્સિટીએ નહીં ઉછેર્યા હોય એટલા કવિઓ અને લેખકોને બચુભાઈએ એકલે હાથે ઉછેર્યા દેખાય છે. બચુભાઈ જીવનભર નેપથ્યવાસી હતા. એટલે જ તો પોતાના નિવાસનું નામ પણ 'નેપથ્ય' રાખ્યું હશે. આટલા વિશિષ્ટ સામયિકનું તંત્રીપદ દાયકાઓ સુધી ભોગવ્યા છતાં તેઓ પ્રસિદ્ધિથી દૂર જ રહ્યા હતા. લગભગ 700 અંકમાં ભાગ્યે જ એમના નામ સાથે કંઈ પણ લખાણ પ્રગટ થયું હશે. ક્યારેક બ. રા. અથવા અંતિમ નામાક્ષરો ઈ.ત.થી વિશેષ કાંઈ નહીં !

બચુભાઈ 'કુમાર'ના સંસ્કારયજ્ઞના ઋત્વિક હતા. તેમણે કરેલી ગુજરાતની સેવાની સામે એમની પણ ગુજરાતે કદર કરી છે : ઈ. સ. 1948માં પત્રકારત્વ માટેનો રણજિતરામ સુવર્ણચંદ્રક, હરિૐ આશ્રમ તરફથી ઈ. સ. 1973માં સુવર્ણચંદ્રક, ભારત સરકાર તરફથી ઈ. સ. 1975માં 'પદ્મશ્રી' એવોર્ડ, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમી દ્વારા ઈ. સ. 1979માં જાહેર સન્માન વગેરે. ઈ. સ. 1954માં ગવર્નર તરફથી મુંબઈ રાજ્યની વિધાનસભામાં છ વર્ષ માટે તેઓ સભ્ય તરીકે નિયુક્ત થયા હતા. બે વખત તેમણે લંડનનો પ્રવાસ કર્યો હતો. નાનપણમાં ગોંડલમાં કેટલાંક યુરોપિયન કુટુંબો વચ્ચે એમનો વસવાટ હતો. વળી કિશોરવયમાં પણ એમણે અંગ્રેજી સામયિકો વાંચેલાં એટલે અંગ્રેજ પ્રજા પ્રત્યે એમને અહોભાવ જાગેલો. અંગ્રેજ પ્રજાના શિસ્ત જેવા ઉચ્ચ ગુણોને તેમણે જીવનમાં આત્મસાત્ કર્યા હતા. એટલે ઉમાશંકરભાઈએ એમને ગુજરાતમાં ભૂલા પડેલા અંગ્રેજ તરીકે બિરદાવ્યા છે.

વિજયગુપ્ત મૌર્ય

(જ. 26-3-1909 * અ. 10-7-1992)



વિજ્ઞાનના અઘરા વિષયોને કિશોરો અને મોટેરાં માટે પણ ખૂબ સરળ ભાષામાં લોકભોગ્ય શૈલીમાં લખી નવી પેઢીને વિજ્ઞાન પ્રત્યે અભિરુચિ કેળવવામાં બહુમૂલ્ય પ્રદાન કરનાર વિજયગુપ્ત મૌર્યનો જન્મ પોરબંદરમાં. મૂળ નામ વિજયશંકર. અટક વાસુ.

માધ્યમિક શિક્ષણ પોરબંદરમાં લઈ મુંબઈ યુનિવર્સિટીમાંથી એડ્વોકેટ થયા. ઈ. સ. 1933માં પોરબંદરમાં વકીલાત શરૂ કરી અને ઈ. સ. 1937માં ન્યાયાધીશ થયા. મૂળે એમનો જીવ લેખક–પત્રકારનો હતો. ઈ. સ. 1942ના 'ભારત છોડો' આંદોલનમાં સક્રિય થવા વકીલાત છોડીને મુંબઈ ગયા. મૂળજી જેઠા માર્કેટમાં નોકરી કરતાંકરતાં ઈ. સ. 1944માં તેઓ મુંબઈ-'જન્મભૂમિ'ના તંત્રીવિભાગમાં જોડાયા. બાદમાં એમનો લેખનનો સિલસિલો ચાલુ રહ્યો તે છેક તેમના આયુષ્યના અંત સુધી.

'જન્મભૂમિ'ની 'પ્રવાસી'-સાપ્તાહિક પૂર્તિમાં લેખન આરંભ્યું. નામ રાખ્યું 'છેલ્લું પાનું'. એ સમયમાં સાહિત્ય, ધર્મ, તત્ત્વજ્ઞાન જેવા વિષયોના લેખો પ્રગટ થતા, પણ વિજ્ઞાન વિશે ઝાઝું લખાણ આવતું નહિ. વિજયગુપ્ત મૌર્યે આ અવકાશ પૂરી દીધો અને ગુજરાતની પ્રજા આગળ જ્ઞાન-વિજ્ઞાનની માહિતીનો ભંડાર ખોલી દીધો. વાચકો તરફથી ઉમળકાભર્યો પ્રતિસાદ મળ્યો. બાળકોને જ્ઞાન સાથે ગમ્મત આપે તથા માર્ગદર્શક બની રહે તેવાં અનેક પુસ્તકો એમણે આપ્યાં છે. એમનું પ્રથમ પુસ્તક 'પ્રિન્સ બિસ્માર્ક' છે. એમણે ગુજરાતનાં પક્ષીઓ વિશેનું એક પુસ્તક 'પ્રકૃતિનાં લાડકવાયાં' લખ્યું છે. એમની લખેલી પ્રાણીકથાઓમાં 'જંગલની કેડી', 'મોતનો સામનો', 'શિકાર અને શિકારી', 'કપિનાં પરાક્રમો', 'શેરખાન', 'હાથીના ટોળામાં' વગેરેનો સમાવેશ થાય છે.

હરકિસન મહેતા

(જ. 25-5-1928 • અ. 3-4-1998)



વિશાળ વાચકવર્ગ ધરાવતા ખ્યાતનામ 'ચિત્રલેખા' સાપ્તાહિકના હોનહાર તંત્રી હરકિસન મહેતાનો જન્મ સૌરાષ્ટ્રના મહુવામાં.

હરકિસન મહેતા 'ચિત્રલેખા'માં જોડાયા ત્યારે તે સિને-સાપ્તાહિક હતું. 'ચિત્રલેખા'નો આર્થિક તેમ જ ફેલાવાની દૃષ્ટિએ વિકાસ થવા લાગ્યો. એક ઓરડામાંથી ઑફિસ સ્થળાંતર થઈને મુંબઈના કોટ વિસ્તારમાં ગઈ. આજે અંધેરી વિસ્તારમાં કાર્યરત છે.

ઈ. સ. 1959માં શ્રી વજુ કોટકનું આકસ્મિક અવસાન થયું અને આ સામયિક આગળ ચલાવવું, કેવી રીતે ચલાવવું તે એક મોટી સમસ્યા થઈ રહી. આ દરમિયાન 'ચિત્રલેખા' પાસે તેના શુભેચ્છકો, પત્રને મદદરૂપ થઈ શકે તેવા વિદ્વાન લેખકોપત્રકારોનું મોટું વર્તુળ થઈ ગયું. સૌના સાથ-સહકારથી 'ચિત્રલેખા'નું સ્વરૂપ બદલવાનું નક્કી થયું અને 'ચિત્રલેખા' નવા સ્વરૂપે, આજે પ્રગટ થાય છે તે સ્વરૂપે પ્રગટ થવા લાગ્યું. તેની સંપૂર્ણ બાગડોર શ્રી હરકિસન મહેતાને સોંપવામાં આવી.

ત્યાર બાદ 'ચિત્રલેખા' અને હરકિસન મહેતા એવાં એકરૂપ બની ગયાં કે બંનેનો વિકાસ સમાંતર બની રહ્યો. તેજસ્વી લેખકો અને કટારલેખકો તેના મજબૂત સ્તંભો બની રહ્યા, પરંતુ સારથિ તરીકે હરકિસનભાઈએ આ સાપ્તાહિકનો રથ ખૂબ કુશળતાપૂર્વક દોડાવ્યો.

હરકિસનભાઈએ 'ચિત્રલેખા' દ્વારા તેના વાચકોને સંખ્યાબંધ નવલકથાઓની ભેટ ધરી. તેમની નવલકથાના હપ્તા માટે લોકો અધીરાઈથી 'ચિત્રલેખા'ની રાહ જોતા. તેમની નવલકથાઓ ઉપરથી ફિલ્મો બની; આ કારણે 'ચિત્રલેખા'નો ફેલાવો પણ ખૂબ વધી ગયો.

ડૉ. સુશ્રુત પટેલ

(જ. 9-7-1944)



વ્યવસાયે રેડિયોલોજિસ્ટ, વિજ્ઞાન-વિષયક લેખો લખીને પ્રજાને વિજ્ઞાનાભિમુખ કરવામાં મહત્ત્વનો ફાળો આપનાર ડૉ. સુશ્રુતનો જન્મ અમદાવાદમાં.

માધ્યમિક શિક્ષણ અમદાવાદમાં લઈ ગુજરાત યુનિવર્સિટીમાંથી M.B.B.S; DMRE (Radiology M.D.)ની ડિગ્રી મેળવી. અમદાવાદની એલ. જી. હૉસ્પિટલ તથા ગુલાબભાઈ જનરલ હૉસ્પિટલમાં રેડિયોલૉજી વિભાગના વડા તરીકે તેમ જ અન્ય હૉસ્પિટલોમાં સેવા આપ્યા પછી ઈ. 1977થી રેડિયોલોજિસ્ટ તરીકે અમદાવાદમાં સ્વતંત્ર પ્રૅક્ટિસ શરૂ કરી.

અડધી સદીની તેમની લેખનયાત્રામાં તેમણે વિજ્ઞાનવિષયક અનેક લેખો અને વિજ્ઞાનનાં પુસ્તકો પણ લખ્યાં છે. પહેલું પુસ્તક 'ધૂમકેતુની હેલી' ઈ. સ. 1985માં પ્રગટ થયું, જેને બે પારિતોષિકો અને 'ચાલો અવકાશમાં રીંછ શોધી કાઢીએ' પુસ્તકને ગુજરાત સાહિત્ય અકાદમીનું ઇનામ મળ્યું છે. આ ઉપરાંત તેમના 'બ્લૅકહોલ શું છે ?', 'ઇસરો', 'અવકાશવિજ્ઞાનમાં પ્રવેશ', 'સુનામી' 'આકાશદર્શન' અને ' બૉમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી' પુસ્તકો છે.

'ગુજરાતી વિશ્વકોશ' શ્રેણીના ગ્રંથોમાં ખગોળ અને અંતરિક્ષવિભાગના સહસંપાદક તરીકે કોશના આરંભકાળમાં તેનું આયોજન અને માળખું તૈયાર કરી આપવામાં તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી છે. વિશ્વકોશ માટે અંતરિક્ષવિજ્ઞાન અને મુખ્યત્વે ખગોળશાસ્ત્રનાં વિવિધ અધિકરણોના લેખનની કામગીરી તેમણે કરી છે. હાલમાં 'રવિકૃપા ટ્રસ્ટ'ના ટ્રસ્ટી તરીકે અને ટ્રસ્ટ સંચાલિત 'વિજ્ઞાનદર્શન' નામના વિજ્ઞાન સામયિકનું સહસંપાદન.

નગેન્દ્ર વિજય

(જ. 15-12-1944)



ગુજરાતી પ્રજાને વિજ્ઞાનાભિમુખ કરવાની દિશામાં સિંહફાળો આપનાર, 'સફારી' જેવા વિજ્ઞાન-સામયિકના તંત્રી નગેન્દ્રવિજયનો જન્મ રાજકોટમાં.

છૂટાછવાયા લેખો અને કટારો લખતાં લખતાં ઈ. સ. 1970માં તેમને સ્વતંત્ર રીતે સામયિક-સંપાદનની એક તક મળી. ઈ. સ. 1970માં તેમણે 'શ્રીરંગ' માસિકનું સંપાદનકાર્ય હાથમાં લીધું અને તેને નવા બીબામાં ઢાળી અત્યંત લોકપ્રિય બનાવ્યું. બીજાની માલિકીના મૅગેઝિનનું સંપાદન કરવામાં પોતાને પૂરતી સ્વતંત્રતા મળતી નથી એમ તેમને લાગ્યું. એટલે ઈ. સ. 1975માં તેમણે પોતાનું સાપ્તાહિક 'ફ્લૅશ' શરૂ કર્યું.

ઈ. સ. 1977માં નગેન્દ્રવિજયે વિજ્ઞાન સામાયિક 'સ્કોપ'નું પ્રકાશન હાથ ધર્યું. આ સામયિકે વિજ્ઞાનને લગતા વિષયોની રજૂઆતમાં શૈલી-સંપાદન અંગેનો તેણે નવો ચીલો પાડ્યો અને પુષ્કળ લોકચાહના પામ્યું, છતાં થોડાં વર્ષ પછી આર્થિક કારણોસર તેને બંધ કરી દેવું પડ્યું હતું.

નગેન્દ્રવિજયે ઈ. સ. 1980માં 'સફારી' નામનું જ્ઞાન-વિજ્ઞાનનું સામયિક નવી પેઢીના વાચકો સમક્ષ મૂક્યું. એક માતબર અને માહિતીપ્રદ સામયિક તરીકે 'સફારી' વ્યાપક સ્વીકૃતિ પામ્યું. લેખોની પસંદગી, રજૂઆત, ગ્રાફિક્સ, માહિતીનું ઊંડાણ વગેરેની બાબતમાં 'સફારી'એ પોતાની આગવી છાપ જન્માવી છે, જે તેને બીજાં પ્રકાશનો કરતાં જુદું પાડે છે. થોડા સમય બાદ તેમણે 'સફારી' માસિક અંગ્રેજી ભાષામાં પણ પ્રગટ કરવા માંડ્યું. અંધબાળકો માટે બ્રેઈલ લિપિમાં પણ 'સફારી' પ્રગટ થાય છે. સીડીના સ્વરૂપમાં પણ તે ઉપલબ્ધ છે.

રમેશ તન્ના

(જ. 1-12-1966)



પત્રકાર રમેશ તન્નાનો જન્મ પાટણ જિલ્લાના અમરાપુર ગામમાં.

બી.કોમ. થઈ પત્રકારત્વમાં રસ-રુચિ હોઈ પત્રકારત્વમાં સ્નાતક અને 'પારંગત' થયા. આ ઉપરાંત જર્નાલીઝમમાં અને કમ્યુનિકેશનમાં માસ્ટર ડીગ્રી પણ મેળવી. કારકિર્દી શરૂ કરી 'અમદાવાદ ટુડે' દૈનિકથી, સાથે 'કમ્પ્યૂટર જગત' અને 'ઇન્ફોવર્લ્ડ' નામે સામયિકો શરૂ કર્યાં.

તેઓએ 'ગુજરાત વિદ્યાપીઠ', ગુજરાત યુનિવર્સિટી, ભવન્સ કૉલેજ, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ તથા 'સ્પીપા' જેવી અન્ય સંસ્થાઓના પત્રકારત્વ-વિભાગમાં અનેક વ્યાખ્યાનો આપ્યાં છે અને આપતા રહે છે. આ ઉપરાંત 'આકાશવાણી' અને અમદાવાદ 'દૂરદર્શન' ઉપરથી મહાનુભાવોની મુલાકાત લીધી છે. તેમણે અનેક લેખો પણ લખ્યા છે.

તેમની શિરટોચ સમી પ્રવૃત્તિ તો હાલમાં 'ગુજરાત ટાઇમ્સ' સાથે સંલગ્નતાની છે. અમેરિકાના ગુજરાતીઓ માટે પ્રગટ થતું આ લોકપ્રિય સાપ્તાહિક 1999થી શરૂ થયું. આ પત્રનું સંપાદન અમદાવાદમાંથી થાય છે. શ્રી રમેશ તન્ના તેમાં પહેલાં પત્રકાર તરીકે જોડાયા, બાદમાં એ સાપ્તાહિકના ભાગ તરીકે પ્રગટ થતી 'સપ્તક' પૂર્તિના સંપાદનની જવાબદારી સોંપવામાં આવી. લેખકો, કલાકારો અને સમાજના રાજકારણની વિવિધ વ્યક્તિઓ સાથેના બહોળા સંપર્કોને કારણે તેઓના સંપાદન સાથેની પૂર્તિ ખૂબ ચાહના મેળવી શકી છે. તેમની નિષ્ઠા અને કાર્યકુશળતાને કારણે હવે તેમની ઉપર પૂર્તિ ઉપરાંત સમગ્ર સાપ્તાહિકની (સમાચારો સહિત) જવાદબારી સોંપવામાં આવી છે. તેઓ 'ગુજરાત ટાઈમ્સ'ના નિવાસી તંત્રી છે.

आलोके ते निपतति पुरा सा
बलिव्याकुला वा, मत्सादृश्यं विरहतनु
वा भावगम्यं लिखन्ती । पृच्छन्ती वा
मधुरवचनां सारिकां पञ्जरस्थां, कच्चिद्भर्तुः
स्मरसि रसिके त्वं हि तस्य प्रियेति ॥



उत्सङ्गे वा मलिनवसने सौम्य
निक्षिप्य वीणां, मद्गोत्रांकं विरचितपदं
गेयमुद्गातुकामा । तन्त्रीमार्द्रां
नयनसलिलैः सारयित्वा कथंचिद्,
भूयोभूयः स्वयमपि कृतां मूर्च्छनां
विस्मरन्ती ॥

काश्यपः –
यास्यत्यद्य शकुन्तलेति
हृदयं संस्पृष्टमुत्कण्ठया,
कण्ठः स्तम्भितबाष्पवृत्ति
कलुषश्चिन्ताजडं दर्शनम् ।
वैक्लव्यं मम तावदीदृशमिदं
स्नेहादरण्यौकसः,



पीड्यन्ते गृहिण
नु तनयाविश्लेष
मेयं याति शकु
पतिगृहं सर्वैरनुज्ञा
ययातेरिव शर्मि
भर्तुर्बहुमता भव



આપણા શબ્દશિલ્પીઓ

સર્જનની યાત્રાને કદી અંત નથી હોતો. એને કદી રેખાઓમાં બાંધી શકાતી નથી. પરિવર્તનશીલ સમાજની ચેતનાને ચિત્રિત કરતું સાહિત્ય નિતનવા રૂપે પ્રાગટ્ય પામતું રહે છે અને અનાદિકાળ સુધી એમ જ થતું રહેશે. ગુજરાતી સાહિત્ય એમાંથી બાકાત રહી શકે નહીં. નરસિંહથી શરૂ થયેલી અર્વાચીન કવિતાની સરવાણી હજુય વહેતી રહી છે. 'કરણઘેલો' પહેલી નવલકથા હતી એટલું જ; 'છેલ્લી નવલકથા' શબ્દ ક્યારેય વાપરવો નહીં પડે. યુગ-પ્રતિબિંબોને ઝીલતી રહેલી સાહિત્યયાત્રા તબક્કાઓમાં ભલે વહેંચાઈ, આખરે તો એ અનંત યાત્રા છે.

સુરેશ જોષીથી આરંભાયેલી નવી તરેહનો સાંપ્રત યુગ ફરી ક્યાંક નવો વળાંક લઈને જ રહેશે. મનુષ્યની અકલ્પ્ય શક્તિ અને અસહ્ય નિ:સહાયતાનો, સાર્થકતા અને નિરર્થકતાનો, પુરુષાર્થ અને પરિણામનો, શ્રદ્ધા-અશ્રદ્ધા અને મૂલ્યોનો પડઘો તેમ જ વૈશ્વિક ઘટનાઓનાં પ્રતિબિંબ સર્જકના ચિત્ત પર પડે છે અને અંકિત થાય છે તેના કાવ્ય કે કથામાં...

સાહિત્ય તો વહેતી નદી છે. નદી વળાંકેવળાંકે રમણીય રૂપ ધારણ કરે તેમ સાહિત્યનાય વળાંકો અને તે વળાંકોને તેમની પોતાની નિજી મુદ્રા, નવલું રૂપ. નદીની જેમ સાહિત્ય પણ ક્ષણેક્ષણે નવલાં રૂપ ધારણ કરે. કોઈ પણ ભાષાના સાહિત્યમાં આવું જ હોય. ગતિ હોય, વળાંકો હોય. પરંપરા અને પ્રયોગ... વળી પાછી કોઈ નોખી પરંપરા અને વળી નવાં રૂપો...

સાહિત્ય એટલે જ આનંદયાત્રા, ચેતોયાત્રા... અને ગુજરાતી સાહિત્યની યાત્રા પણ આનંદયાત્રા જ બની રહે છે... કવિતાને ક્ષેત્રે તો નરસિંહ, મીરાં, અખો, પ્રેમાનંદ અને દયારામ જેવાં કવિઓએ કાવ્યોનું રસપાન કરાવી આપણી ચેતનાને જાગૃત કરી, ત્યાં જ એક નવો વળાંક આવ્યો, ક્ષિતિજો વિસ્તરી અને દલપત-નર્મદે કવિતાને નવી કેડીએ દોરી. ગાંધીજીનું આગમન દેશ માટે ને ગુજરાતી સાહિત્ય માટે ઇતિહાસબારી



નંદશંકર 1835



દી.બ. કૃષ્ણલાલ મો. ઝવેરી 1868



કવિ બોટાદકર 1870



કવિ ખબરદાર 1881

ની રહ્યુ. સમાજનો પડઘો - ઇતિહાસનો પડઘો - નવજાગૃતિનો પડઘો ગુજરાતી કવિતાએ ઝીલ્યો અને સુંદરમ્-ઉમાશંકર, રામપ્રસાદ, શ્રીધરાણીની કવિતા તેને આત્મસાત્ કરતી રહી. અહીં પણ બ. ક. ઠા.ની એક પ્રયોગલક્ષી કેડી હતી. તો ન્હાનાલાલની રમણા નોખી જ હતી. પણ આ દિગ્ગજોએ કવિતાને સભર તો કરી જ. ત્યાં જ નવો ગતિવળાંક-સૌંદર્યલક્ષી કવિતાનો ! પ્રહ્લાદ પારેખ, વેણીભાઈ પુરોહિત, હરિશ્ચંદ્ર ભટ્ટ, નિરંજન ભગત, પ્રિયકાન્ત મણિયાર, બાલમુકુંદ દવે સૌંદર્યલક્ષી કવિતાનું રૂપ અવતારે છે. ગાંધીયુગીન કવિઓ ઉશનસ્ તથા જયંત પાઠક પણ તેમાં પોતાનો ફાળો આપે છે. મકરંદ દવે અને રાજેન્દ્ર શાહે તો કવિતાના રમણીય, નમનીય રૂપભર્યાં જતન કર્યાં છે. ત્યાર પછીની આવેલી કેટલીય પેઢીઓએ ગુજરાતી કવિતાને લાડ લડાવવામાં, સૌંદર્યલક્ષી કે ચિંતનલક્ષી રૂપ આપવામાં નવ-નવાંકે કવિતાને લઈ જવા રમ્યરૂપે ઉછાળવામાં પ્રદાન કર્યું છે. આમાં સિતાંશુ યશશ્ચંદ્ર, લાભશંકર ઠાકર, ચન્દ્રકાન્ત શેઠ, ચન્દ્રકાન્ત ટોપીવાળા, નલિન રાવળ, રઘુવીર ચૌધરી, હેમંત દેસાઈ, ગુલામ મોહમ્મદ શેખ, હસમુખ પાઠકનો સમાવેશ થાય છે. પણ ત્યાર પછીના દાયકાઓમાં નવું જોમ નવી ચેતના લઈને આવી છે કવિઓની પેઢીઓ. કવિતાને નવતા આપવા રમેશ પારેખ, મનોહર ત્રિવેદી, હરિકૃષ્ણ પાઠક, જોસેફ મેકવાન, ચિનુ મોદી, મનહર મોદી, પ્રીતિ સેનગુપ્તા, પન્ના નાયક, સંસ્કૃતિ રાણી દેસાઈ, હર્ષદ ત્રિવેદી, ઉષા ઉપાધ્યાય, રમણીક સોમેશ્વર, ધીરેન્દ્ર મહેતા, દલપત પઢિયાર, પ્રવીણ ગઢવી, દલપત ચૌહાણ, કૃષ્ણ દવે જેવા કવિઓ કવિતાને રૂપે-રંગે જીવંત રાખે છે.

કવિતા સાથે જ ગઝલ સાંભરે. આમ તો સૉનેટ અને ગઝલ બંને કવિતામાં આવતાં સ્વરૂપો, પણ બ. ક. ઠા.એ સૉનેટને ગુજરાતી જ બનાવી દીધું. ગાંધીયુગનો કોઈ કવિ ભાગ્યે જ સૉનેટ લખ્યા વિનાનો રહ્યો હશે. અત્યારે તે સ્વરૂપનાં અલપઝલપ દર્શન થાય છે. ઉશનસ્ જેવા કવિ તેનાં જતન કરે. (જોકે હાઈકુ પણ અહીં સાંભરે. સ્નેહરશ્મિએ તે જાપાનીઝ સ્વરૂપને અવતાર્યું, પણ બહુ ઓછા કવિઓ એમને અનુસર્યા. અત્યારે પ્રિયંકા કલ્પિત તે સ્વરૂપનાં જતન કરે છે.) જ્યારે ગઝલનું સ્વરૂપ કલાપી, કાન્ત, મણિલાલ, બાલાશંકરને હાથે મહોર્યું. જતન પામેલી ગઝલ-કવિતાઓની સવા સો વર્ષની યાત્રામાં વિવિધ રૂપે, વિવિધ રંગે, પ્રયોગ ને પરંપરાની આંગળીએ, સમુચિતતામાં સરકીને આજે ખીલી ઊઠી છે, જેને રંગ-સૌંદર્ય આપનાર ગઝલકવિઓ છે - આદિલ મનસૂરી, ચિનુ મોદી, મનહર મોદી, ભગવતીકુમાર શર્મા, શોભિત દેસાઈ, જલન માતરી, રશીદ મીર, અદમ ટંકારવી, મનોજ ખંડેરિયા, અમૃત ઘાયલ, રાજેન્દ્ર શુક્લ, ખલીલ ધનતેજવી, અઝીઝ ટંકારવી, ધૂની માંડલિયા, મકરંદ દવે, નયન દેસાઈ વગેરે.

રમેશ પારેખે તો ગીતના સ્વરૂપને નવા આયામો આપ્યા - કલ્પન અને પ્રતીકો આપ્યાં - લયનો ભર્યોભર્યો હિલ્લોળ આપ્યો. વિનોદ જોશીએ પણ તેમને પગલે પગલાં માંડ્યાં. આધુનિકોમાં સુરેશ દલાલ, માધવ રામાનુજને હાથે ગુજરાતી ગીત વિષય-લય-ગેયતામાં નવા ઉન્મેષો પ્રગટ કરે છે. તો અગાઉના ગીત-કવિઓમાં રાજેન્દ્ર શાહ, વેણીભાઈ પુરોહિત, પિનાકિન ઠાકોર, બાલમુકુંદ દવે, નિરંજન ભગત, રવીન્દ્ર ઠાકોર આદિ પણ સાંભરે.



પ્રિ. રામપ્રસાદ બક્ષી 1894

ગુજરાતી ગદ્યનો વૈભવ પણ ન્યારો - વારસોય ન્યારો. નવલકથાનો વિચાર કરીએ ત્યાં ક. મા. મુનશી, ઝવેરચંદ મેઘાણી, ર. વ. દેસાઈ, ગુણવંતરાય આચાર્ય, ચુ. વ. શાહ, ભોગીન્દ્રરાવ દિવેટિયાનું સ્મરણ અવશ્ય થાય. પણ ત્યાર પછી તો પન્નાલાલ પટેલે ગુજરાતી નવલકથામાં છલાંગ મારી. ગો. મા. ત્રિપાઠી સાથે સ્મરી શકાય તેવું સમર્થ નામ પન્નાલાલનું... પન્નાલાલની સાથેસાથે પેટલીકર તથા પીતાંબર યાદ આવે જ. ત્યાં જ દર્શક-દાદાની વિજયી રણભેરી વાગે. જયંતી દલાલે આપી તો માત્ર બે જ નવલકથાઓ પણ પોતાની મુદ્રા સ્થાપિત કરી. મોહમ્મદ માંકડ - ભૂપત વડોદરિયાએ પણ નવલકથાનો નવો મિજાજ ઊભો કર્યો... આધુનિક સાહિત્યકારોમાં નવલકથાકાર તરીકે શ્રીકાંત શાહ, રઘુવીર ચૌધરી, ચન્દ્રકાંત બક્ષી, ભગવતીકુમાર શર્મા, કુંદનિકા કાપડિયા, સરોજ પાઠક, પિનાકિન દવે, હરીન્દ્ર દવે, મધુ રાય, વીનેશ અંતાણી, મુકુંદ પરીખ, જોસેફ મેકવાને નિજી રીતે પોતાનું પ્રદાન કરીને આ સ્વરૂપયાત્રા



રસિકલાલ પરીખ 1897


વિષ્ણુપ્રસાદ ત્રિવેદી 1899


કિસનસિંહ ચાવડા 1903


પ્રા. મનસુખલાલ ઝવેરી 1907


યશોધર મહેતા 1909-1989

વિકસાવી છે, તો હરકિશન મહેતા, રસિક મહેતા, વિઠ્ઠલ પંડ્યા જેવા પોતાની રીતે નવલકથાને દોરી રહ્યા છે. નવલકથા બહુજનપ્રિય સ્વરૂપ હોવાથી પછીની પેઢીએ પણ તેનું શિલ્પ ઘડવામાં પ્રદાન કર્યું છે. હસુ યાજ્ઞિક, લાભશંકર ઠાકર, વસુબહેન ભટ્ટ, દિલીપ રાણપુરા, મહેશ દવે, દિનકર જોશી, રામચંદ્ર પટેલ, ધીરેન્દ્ર મહેતા, વર્ષા અડાલજા, બિન્દુ ભટ્ટ, માલતી દેસાઈ, હિમાંશી શેલત, અશોકપુરી ગોસ્વામી, ઈવા ડેવ, દિગીશ મહેતા, ધ્રુવ ભટ્ટ, બકુલ દવે જેવા નવલકથાકારો આ સ્વરૂપને લાડ લડાવી રહ્યા છે.

આ મોટા ભાગના નવલકથાકારોએ નવલિકાનેય રમણીય રૂપ આપ્યું છે. તોપણ પુરોગામીઓમાં જયંત ખત્રી, પન્નાલાલ, પેટલીકર, બકુલેશ, ધૂમકેતુ-દ્વિરેફ પછી ગુલાબદાસ બ્રોકરનો કીર્તિધ્વજ ઊંચો ફરક્યો. ત્યાર પછી પીતાંબર, જયંતિ દલાલ, સ્વપ્નસ્થ, કેતન મહેતા જેવાનાં નામો તરવરે. સુરેશ જોશીએ નવલિકાની નવી વ્યાખ્યા પ્રગટાવી. સુધીર દલાલ, ઈવા ડેવ, લક્ષ્મીશંકર વ્યાસ જેવાએ નવી દિશા આપી. ઘટનાને જીવંત રાખતી વાર્તાઓ જ જીતી-જીવી. આધુનિકતામાં બિપિન પટેલ, બિંદુ ભટ્ટ, ઉત્પલ ભાયાણી, દિલીપ રાણપુરા, વિભુત શાહ, કેશુભાઈ દેસાઈ, રવીન્દ્ર ઠાકોર, માય ડિયર જયુ, જયવદન પટેલ, યોગેશ જોશી, પ્રાણજીવન મહેતા, મહેશ દવે, પ્રવીણસિંહ ચાવ… કિરીટ દુધાત, વિજય શાસ્ત્રી, કંદર્પ દેસાઈ, પ્રવીણ ગઢ… દલપત ચૌહાણ, રમેશ મંગલમ્, મોહન પરમાર, … કેશરશિવમ્ જેવા અનેક વાર્તાકારો આ સ્વરૂપનો ઉન્મે… પ્રગટાવી રહ્યા છે અને તેઓ નવલકથા અને નવલિકા… જતન કરે છે.

નાટક કોણ જાણે કેમ પણ ઉપેક્ષિત સ્વરૂપ રહ્યું છે. છતાં પણ નાટ્યલેખનનાં કામણ ઓછાં તો નથી જ. 'કાન્તા'… 'રાઈનો પર્વત' જેવાં પ્રશિષ્ટ નાટકો લખાયાં છે, તો એકાં… જેવા સ્વરૂપનેય તો આપણે ખૂબ લાડ લડાવ્યાં. બટુભાઈ ઉમરવાડિયા, યશવંત પંડ્યાથી માંડીને શ્રીધરાણી, ઉમાશંકર દુર્ગેશ શુક્લ અને જયંતિ દલાલે એકાંકીને નવું ગૌરવ આપ્યું પછી તો ચં. ચી. મહેતા, શિવકુમાર, મડિયા, તારક મહેતા, વિનોદ જાની, પ્રબોધ જોશી, રવીન્દ્ર ઠાકોર જેવાઓએ તેનાં જતન કર્યાં. આધુનિકોએ તેમાં દીર્ઘનાટકો તથા એકાંકીઓમાં - નવો જ શ્વાસ ભર્યો. મધુ રાય, લાભશંકર, આદિલ, બકુલ ત્રિપાઠી, ચિનુ મોદી, ઇન્દુ પુવાર, હસમુખ બારાડી, જના… નાયક, સતીશ વ્યાસ, લવકુમાર દેસાઈ, શ્રીકાંત શાહ, વર્ષા અડાલજા, દલપત ચૌહાણ, પરેશ નાયક જેવા આધુનિકો શબ્દ રંગમંચના સાયુજ્ય સહિતનાં નાટકો આપી રહ્યાં છે.

શ્રીધરાણી 1911



અનંતરાય રાવળ 1912



યશવંત શુક્લ 1915



ચુનીલાલ મડિયા 1922





પ્રબોધ પંડિત 1923-1975



કુન્દનિકા કાપડિયા 11-1-1927



રાવજી પટેલ 1939



અશ્વિની ભટ્ટ 22-3-1936

નિબંધક્ષેત્રે પણ સારું એવું કાઠું નીકળ્યું છે. એ અંગત નિબંધ હોય, પ્રવાસનિબંધ હોય, ચિંતનશીલ નિબંધ હોય, ચરિત્રાત્મક નિબંધ હોય, પણ અંતે તો તે નિબંધ જ છે. વિનોદિની નીલકંઠ, કિસનસિંહ ચાવડા, ભૂપત વડોદરિયા, મોહમ્મદ માંકડ, ગુણવંત શાહ, સુરેશ દલાલ, પ્રવીણ દરજી તે સહુની કલમ આ ક્ષેત્રે સુપેરે વિહરી છે. તો પ્રવાસનિબંધોમાં ભોળાભાઈ પટેલ અને પ્રીતિ સેનગુપ્તાનું પ્રદાન મહત્ત્વનું રહ્યું છે. દિગીશ મહેતાએ પણ આ સ્વરૂપના મર્મને પિછાણ્યો છે. આધુનિકોમાં યજ્ઞેશ દવે, વીનેશ અંતાણી, લાભશંકર ઠાકર, રામચંદ્ર પટેલ જેવા પ્રદાન કરે છે. ફાધર વાલેસ, સ્વામી સચ્ચિદાનંદના નિબંધો પ્રેરક-ચિંતનશીલ છે.

આમ તો હાસ્યનિબંધ હોય, પણ આપણે ત્યાં હાસ્યનું સાહિત્ય આગવી રીતે રમણભાઈ નીલકંઠ, જ્યોતીન્દ્ર દવે, ધનસુખલાલ મહેતા, ગગનવિહારી મહેતા, ચિનુભાઈ પટવા દ્વારા વિકસ્યું. ત્યાર પછી બકુલ ત્રિપાઠી, તારક મહેતા, મધુસૂદન પારેખ, વિનોદ ભટ્ટ, રતિલાલ બોરીસાગરે પણ તેના સાતત્યને જાળવી રાખ્યું. તેમની કલમ તો આ ક્ષેત્રે અથાક રહી છે, પણ સાથેસાથે અશોક દવે, નિરંજન ત્રિવેદી, બાબુભાઈ વ્યાસ, હર્ષદ પંડ્યા તેમના હમસફર બન્યા છે તેનોય આનંદ છે. રઘુવીર ચૌધરીનો વ્યંગ પણ માર્મિક હોય છે. ચુનીલાલ મડિયા અને લાભશંકર ઠાકરે પણ હાસ્ય-નવલકથાઓ આપી છે તે ન ભુલાય.

આત્મકથા-ચરિત્રોનું ક્ષેત્ર પણ ઊણું નથી. ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' તો ગુજરાતે વિશ્વને આપેલી દેન છે. નારાયણ હેમચંદ્ર, ઇન્દુલાલ યાજ્ઞિક કે મણિલાલ દ્વિવેદીની આત્મકથાઓએ સાહિત્યને સમૃદ્ધ કર્યું છે અને જુદી જુદી વિભૂતિઓનાં આત્મચરિત્રો પણ આપણે ત્યાં લખાયાં છે, જ્યારે ચરિત્રો પણ યથોચિત લખાયાં છે અને તે પણ પ્રેરક, ઊર્ધ્વગામી ઠરે તેવાં. આધુનિકોમાં નારાયણ દેસાઈ, શ્રીકાંત ત્રિવેદી, જયંત કોઠારી, પ્રસાદ બ્રહ્મભટ્ટ, સ્મિતા ભાગવત જેવાંઓ ચરિત્રસાહિત્યની દેન આપી રહ્યાં છે.

સર્જનની સાથે વિવેચન પણ એટલા જ ગૌરવભેર પગલે ચાલી રહ્યું છે. આનંદશંકર ધ્રુવ, રા. વિ. પાઠક, અનંતરાય રાવળ, ધીરુભાઈ ઠાકર કે રમણલાલ જોશીનું અભ્યાસનિષ્ઠ, રસગ્રાહી વિવેચન આપણને મળ્યું. આધુનિકોએ પણ એટલી જ અભ્યાસનિષ્ઠ બહુશ્રુતતા સાથે મર્મગામી, સત્યમૂલ વિવેચન આપણે આપીને કલા તથા કૃતિને મૂલવવાનો ને આસ્વાદનો પુરુષાર્થ કર્યો છે, એટલું જ નહિ, પણ તુલનાત્મક વિવેચન દ્વારા સાહિત્યનો મર્મ સાંગોપાંગ સમજાવ્યો છે. ચન્દ્રકાન્ત ટોપીવાળા, સુમન શાહ, શિરીષ પંચાલ, પ્રવીણ દરજી, અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, જયંત કોઠારી, પ્રમોદકુમાર પટેલ, રાધેશ્યામ શર્મા, રમણ સોની, વિનોદ અધ્વર્યુ, શરીફા વીજળીવાળા, વિજય શાસ્ત્રી, ભરત મહેતા, લાભશંકર શુક્લ આદિનું પ્રદાન મૂલ્યવાન છે. નાટ્ય-વિવેચનોમાં પણ સર્વશ્રી સતીશ વ્યાસ, જશવંત શેખડીવાળા, મહેશ ચંપકલાલ, ઉત્પલ ભાયાણી, કૃષ્ણકાંત કડકિયાએ સુંદર પ્રદાન કર્યું છે.



શરીફા વીજળીવાળા
4-8-1962

અનુવાદક્ષેત્રે પણ સરસ કામ થયું. બંગાળી અને મરાઠી ભાષાની અનેક કૃતિઓના અનુવાદો આપ્યા. આપણે ત્યાં નગીનદાસ પારેખ, શ્રીકાંત ત્રિવેદી, ગોપાળરાવ વિદ્વાંસ દ્વારા અન્ય ભાષામાંથી તો જયંતિ દલાલ, નીરુ દેસાઈ, અશોક હર્ષ દ્વારા ભારતીય ભાષાઓના અનુવાદો સાથે વિશ્વની અન્ય ભાષાઓની કૃતિઓના પણ અનુવાદો મળતા થયા છે. આવું આદાન-પ્રદાન સાહિત્યને ઉપકારક છે. વિશ્વની કૃતિઓ ગુજરાતીમાં લખાય તે એટલા માટે સારું છે કે સાચા અંગ્રેજીથી આપણે અપરિચિત થતા જઈએ છીએ. વિશ્વની કવિતાના અનુવાદો થાય છે - સંપાદન પણ થાય છે. હરીન્દ્ર દવેએ, જયા મહેતા, સુરેશ દલાલ, ઉત્પલ ભાયાણી, મહેશ દવેએ એ કાર્ય કર્યું છે. ગદ્યાનુવાદોમાં ભોળાભાઈ પટેલ, જયંત પંડ્યા, વિનોદ મેઘાણી, અનિલા દલાલ, મનસુખ સલ્લા, રવીન્દ્ર ઠાકોર, હસુ યાજ્ઞિક, શ્રીકાન્ત ત્રિવેદી, રંજના હરીશ, પ્રતિમા દવે, જયા મહેતા, શરીફા વીજળીવાળા, રજનીકાન્ત પંચોળી આદિનાં કામો બહુ મૂલ્યવાન છે.

હિમાંશી શેલત 8-1-1947



જોકે જેવું આદાન થાય છે તેવું પ્રદાન થાય તે ઇચ્છનીય. અકાદમી, પરિષદ અને ભાષાંતર ભવન જેવી સંસ્થાઓના આ દિશાના પ્રયત્નો ફળે તે પ્રાર્થના.



ગુજરાતી બાળસાહિત્ય



ગિજુભાઈ બધેકા
(15-11-1885 - 25-6-1939)

ગુજરાતી બાળસાહિત્યનો પ્રારંભ પાઠ્ય-પુસ્તકો માટેની સામગ્રી તરીકે અને ઈતર-વાચનરૂપે થયો. આ બંને ઉદ્દેશો માટે, શરૂઆતના લેખકોએ પરદેશનાં લખાણો અને ભારતીય પરંપરાઓ પર ભારે આધાર રાખ્યો હતો. આ પરંપરા આજે પણ ચાલુ છે. આમાં મૌલિક લખાણોનો સમુચ્ચય પણ ઉમેરાયો છે. વળી, ગુજરાતી ભાષાનાં બાળકો માટેનાં પુસ્તકોની સંખ્યા અન્ય ભારતીય ભાષાઓની સરખામણીમાં ગૌરવપ્રદ છે.

ગુજરાતી ભાષામાં પહેલાં સારાં પાઠ્યપુસ્તકો ઓ સદીની ચાળીશીમાં રચાવા લાગ્યાં હતાં, તેથી વાચનમાળ એ પુસ્તકો હતાં. બ્રિટનમાં વિદ્યાર્થીઓને ઇતરવાચ (કમ્પેનિયન રીડિંગ) સૂચવવાનો અને એ માટેનાં પુસ્ત તૈયાર કરવાનો રિવાજ હતો તેથી અહીં પણ એ પ્રકાર પુસ્તકો દેખાવા લાગ્યાં. આમાં વાચનસામગ્રી વિદેશી સ્થાનિક સાહિત્યિક પરંપરામાંથી પસંદ કરવામાં આવત


વીસમી સદીના પ્રારંભ સુધીમાં ગુજરાતી ભાષામાં ડઝન જેટલાં બાળકો માટેનાં સામયિકો અસ્તિત્વમાં આ 'બાલજીવન', 'બાલમિત્ર', 'ગાંડીવ' વગેરે અને મુંબઈમાં 'રમકડું' માસિક અને અમદાવાદથી 'ઝગમગ' સાપ્તાહિ શરૂ થયાં. આ બે સામયિકોને ગુજરાતી જનતાનો એટલો સારો આવકાર સાંપડ્યો કે બીજાં ત્રણ સામયિકો શરૂ થ

બાળસાહિત્યની ભાષા-શૈલી અલગ અને આગવી હો એ સમજણ વીસમી સદીની ત્રીશીની અધવચ્ચે ગિજુભા બધેકાના આગમન પછી વિકસી હતી. જોકે ગિજુભાઈ પ આ સાહિત્યનો ઉપયોગ શિક્ષણસાધન તરીકે જ કરવા ધાર હતા, પરંતુ તેઓની લેખનશૈલી બાળકો માટે ખૂબ અનુ હતી. એમણે શિક્ષકોને બાળકો માટેનાં ઉત્તમ પુસ્તકો લખ પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યાં. એમના આ અદ્વિતીય પ્રદાન બદલ તેઓ 'ગુજરાતી બાળસાહિત્યના બ્રહ્મા' કહેવાય છે. આ સમયગાળા દરમિયાન રમણલા સોની, નટવરલાલ વીમાવાળા, હરિપ્રસાદ વ્યાસ, જીવરા જોશી, રમણલાલ ના. શાહ જેવા ધુરંધરોએ બાળસાહિત્ય વિપુલ સર્જન કર્યું.

સુખદ આશ્ચર્યની વાત એ છે કે આ નવજાગરણના આગેવાન એક ચિત્રકાર અને કાર્ટૂનિસ્ટ ચંદ્ર ત્રિવેદી હતા 1962માં એમને બાળસાપ્તાહિક 'ઝગમગ'નો હવાલો સોંપાયો અને એમણે પોતાની આસપાસ નવનીત સેવક હરીશ નાયક, યશવંત મહેતા વગેરે યુવાન અને ઉત્સાહી લેખકોની ટીમ સર્જી. એમણે આ નવોદિતોને લેખનનાં નવાં નવાં ક્ષેત્રોમાં ગતિ કરવા પ્રેર્યા, જેવાં કે વાસ્તવિક સાહસકથાઓ, વિજ્ઞાનલેખો અને વિજ્ઞાનકથા, સાયન્સ જ્ઞાન



6-7-1905 જીવરામ જોશી 27-4-2004



1898 રમણલાલ ના. શાહ 25-7-1987



25-1-1908 રમણલાલ સોની 20-9-2006



હરીશ નાયક



નવનીત સેવક



1938 યશવંત મહેતા

બાળકની આંખો તથા આંગળાં તથા અક્કલની કેળવણીના ઉદ્દેશવાળું પ્રવૃત્તિલક્ષી સાહિત્ય, રહસ્યકથાઓ અને અન્ય અનેક. તેઓ સ્વયં અચ્છા ચિત્રકાર હોવાને કારણે એમણે આ સાહિત્યને સુંદરતા પણ બક્ષી.

બાળસાપ્તાહિક 'ઝગમગ'ની સાથે જ નવા યુગના મશાલચી તરીકે એક અન્ય સામયિક ભૂમિકા ભજવી રહ્યું હતું. એ હતું 'રમકડું' માસિક, જે વિખ્યાત પત્રકાર અને જૂનાગઢના આઝાદીજંગના વીરનાયક શામળદાસ ગાંધીએ શરૂ કર્યું હતું. પછીથી એમના સુપુત્ર કિશોર ગાંધી દ્વારા સંપાદિત આ સામયિક (1949થી 1986) બદલાતા સમય સાથે કદમ મિલાવવાની સદાય સભાન કોશિશ કરતું રહ્યું. અફસોસ કે 'ઝગમગ' અને 'રમકડું' બંને ઍંશીના દાયકાની અધવચ્ચે અવસાન પામ્યાં. અન્ય પણ અનેક બાળ-સામયિકોનાં પ્રકાશન બંધ પડ્યાં. બાળકો માટેનાં સામયિકો પ્રકાશિત કરનાર દૈનિક અખબારોનો આ સામયિકોમાંનો રસ ઊડી ગયો. એક ગંભીર મંદાવસ્થા શરૂ થઈ.

છેલ્લાં દસેક વર્ષમાં બાળકો માટે કેટલાંક સામયિકો પ્રગટ થાય છે, પરંતુ આજના તેજસ્વી બાળકની જિજ્ઞાસા અને જાણકારીને સંતોષે એવું સાહિત્ય પીરસવામાં સક્ષમ પુરવાર થયા નથી, જ્યારે કિશોરો માટે નગેન્દ્રવિજયના 'સફારી' માસિકે સારી ચાહના પ્રાપ્ત કરી છે.

લગભગ 1975થી ગુજરાતી બાલસાહિત્યમાં ઑફસેટ પ્રિન્ટિંગમાં મુદ્રિત રંગીન બાલસાહિત્યનો યુગ શરૂ થયો. તેની શરૂઆત ચિત્રકાર - લેખક રજની વ્યાસે કરી હતી. ત્યાર બાદનાં વર્ષોમાં તો ઢગલાબંધ પુસ્તકો પ્રગટ થતાં રહ્યાં છે.

ગુજરાતમાં પણ પ્રિન્ટિંગ ટેક્નૉલોજીના વિકાસને કારણે પ્રકાશનો રૂપકડાં બન્યાં છે. વિષયવસ્તુની રીતે હવે આ યાદીમાં જ્ઞાનવિજ્ઞાનનાં ઘણાં પુસ્તકોનો સમાવેશ કરી શકાય. વાસ્તવમાં, એન્સાયક્લોપીડીઆ પ્રકારનાં ઘણાં પુસ્તકોનુંય ગુજરાતી ભાષાને ગૌરવ છે. રજની વ્યાસ, બંસીધર શુક્લ, પ્રદ્યુમ્ન દેસાઈ વગેરેએ વિવિધ ક્ષેત્રના જ્ઞાનસંગ્રહો આપ્યા છે. આમાંના કેટલાક બહુરંગી છે. ચિત્ર-કથાઓનાં પણ સેંકડો પુસ્તકો છપાયાં છે.

છેલ્લાં કેટલાંક વર્ષોથી આપણે સ્વસ્થ બાળ-સાહિત્યના વિકાસને પ્રેરક વાતાવરણ સર્જવા કોશિશ કરી રહ્યા છીએ. બાળસાહિત્યકારોની સંસ્થા બાલસાહિત્ય અકાદમીની રચના કરવામાં આવી છે. અનેક વિષયો અંગે જાગૃતિ કેળવવા માટે આ સંસ્થા સભાઓ, પરિસંવાદો અને અન્ય કાર્યક્રમો યોજે છે.

ઈ. 1994માં રજની વ્યાસે 'વિશ્વજ્ઞાનકોશ' - એક જ ગ્રંથમાં (single volume encyclopaedia) આપ્યો. ઈ. 2010માં ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ તરફથી ચંદ્રકાન્ત શેઠ સંપાદિત 'ગુજરાતી બાલવિશ્વકોશ'ની સર્વસંગ્રહશ્રેણી શરૂ થઈ છે - જેના ત્રણ ગ્રંથો પ્રગટ થયા છે અને કુલ છ ગ્રંથોમાં તે પૂર્ણ થશે. ઈ. 2010 માં અક્ષરા પ્રકાશન તરફથી શ્રી બંસીધર શુક્લ સંપાદિત 'પ્રસન્નિકા જ્ઞાનકોશ'ના દસ ગ્રંથો પ્રગટ થયા છે.

ગિજુભાઈ બધેકા

બાળ-કેળવણીની જંગમ વિદ્યાપીઠ સમા અને બાળકોમાં 'મુછાળી મા'ના વહાલસોયા નામે જાણીતા ગિજુભાઈનો જન્મ ભાવનગર જિલ્લાના વળા ગામમાં થયો હતો.

આર્થિક સ્થિતિ નબળી હોવાથી કૉલેજનો અભ્યાસ અધૂરો મૂકી નોકરી-ધંધા માટે આફ્રિકા ગયેલા ને ત્યાંથી પાછા આવી નોકરી કરતાંકરતાં વકીલાતનું શિક્ષણ પૂરું કર્યું હતું. 1911માં વકીલાત શરૂ કરી, પણ તે દરમ્યાન વસોના દરબાર ગોપાળદાસને ત્યાં ગુજરાતના પ્રથમ બાલમંદિરના ઉદ્ઘાટનમાં જવાનું થયું ત્યારથી બાળ-સાહિત્ય અને બાળ-શિક્ષણ પ્રત્યે તેમનો રસ વધવા માંડ્યો. મૉન્ટેસરીનાં લખાણો વાંચ્યા પછી તેમના રસને સાચી દિશા મળી હતી અને તેમના જીવનકાર્યનાં દ્વાર ઊઘડી ગયાં હતાં. તેમાંય નાનાભાઈ ભટ્ટ સાથે સંપર્ક થયા બાદ તો ગિજુભાઈ ધીકતી વકીલાત પણ છોડી 'દક્ષિણામૂર્તિ' સંસ્થામાં નાનાભાઈ ભટ્ટ સાથે તેમના મદદનીશ તરીકે જોડાઈ ગયા. ત્યાં તેઓ વીસ વર્ષ રહ્યા. પછી તેઓ સાવ નાની વયનાં બાળકોની કેળવણી તરફ વળ્યા અને બાળશિક્ષણ અને સાહિત્યને જ તેમણે પોતાનું જીવનકાર્ય બનાવ્યું.



રજની વ્યાસના નૅશનલ ઍવૉર્ડ-વિજેતા બાલસાહિત્યના પુસ્તક 'મિજબાની'(અંગ્રેજીમાં The King's Promise)ની દૃશ્ય-શ્રાવ્ય ડીવીડી પ્રગટ થઈ છે. ગુજરાતી બાલસાહિત્યમાં આ પ્રથમ પ્રશસ્ય પ્રયોગ છે.



રજની વ્યાસ સંપાદિત 'વિશ્વજ્ઞાનકોશ



ચંદ્રકાન્ત શેઠ સંપાદિત 'ગુજરાતી બાળવિશ્વકોશ'



બંસીધર શુક્લ સંપાદિત 'પ્રસન્નિકા જ્ઞાનકોશ'

ગુજરાતની મુખ્ય સાહિત્યસંસ્થાઓ



ગુજરાતી ભાષાનું સૌથી જૂનું સામયિક 'બુદ્ધિપ્રકાશ' પખવાડિક



ગુજરાત વર્નાક્યુલર સોસાયટી - ગુજરાત વિદ્યાસભા

આજથી સહેજે દોઢસો વર્ષ પહેલાં જ્યારે ગુજરાતી ભાષા અને સાહિત્યનું ક્ષેત્ર સાવ ઉપેક્ષિત હતું ત્યારે ગુજરાતની ભાષા પરત્વે એક મહત્ત્વની ઘટનાએ આકાર લીધો. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના પ્રતિનિધિ તરીકે અમદાવાદ આવેલા ફાર્બસસાહેબે ઈ. 1848ની 26મી ડિસેમ્બરે એક સંસ્થાની સ્થાપના કરી તે 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'.

ગુજરાતી ભાષાની ઉન્નતિ અને વિકાસ માટે સ્થપાયેલી આ સંસ્થાએ ભાષા, સાહિત્ય તેમજ શિક્ષણનાં અનેક પાયાનાં કાર્યો કર્યાં. આ સંસ્થાના પ્રથમ 19 સભ્યોમાં 18 સભ્યો તો અંગ્રેજ હતા અને એક ગુજરાતી સભ્ય હતા તે મગનલાલ વખતચંદ શેઠ. તેમણે ઈ.1850માં 'અમદાવાદનો ઇતિહાસ' પુસ્તક લખ્યું હતું. આ સંસ્થાના અંગ્રેજ સભ્યોમાં ફોકલેન્ડ, એલ્ફિન્સ્ટન અને રે જેવા વિદ્યાપ્રીતિ ધરાવતા ગવર્નરો હતા તેમ જ સંસ્કારપ્રિય રાજવી શ્રીમંત સયાજીરાવ જેવા તે સંસ્થાના પેટ્રન હતા.

આ ઉપરાંત સંસ્થાના સદ્‌ભાગ્યે ગુજરાતી ભાષાના પરમ સારસ્વત કવિ દલપતરામનો આ સંસ્થાના સંચાલનમાં તેમ જ એને પ્રતિષ્ઠિત કરવામાં મહત્ત્વનો ફાળો રહ્યો હતો. ગુજરાતી ભાષા-સાહિત્યનો પ્રસાર એ તેનો પાયાનો ઉદ્દેશ હતો. તેની પૂરક પ્રવૃત્તિઓ તરીકે તેમણે વર્તમાનપત્રનું પ્રકાશન, પુસ્તકાલયની સ્થાપના, ગુજરાતી કોશ માટેનો પ્રયત્ન, અમૂલ્ય હસ્તપ્રતોની જાળવણી અને સંગ્રહ, શાળા શરૂ કરવી, શાળોપયોગી તેમજ ઇતરવાચનનાં પુસ્તકોનું પ્રકાશન વગેરેની યાદી પણ હતી. 'વર્તમાન' દર બુધવારે પ્રગટ થતું હોવાથી તે 'બુધવારિયું' પણ કહેવાયું.



ગુજરાતી સાહિત્યનું સામયિક 'ઉદ્દેશ'

'વરતમાન' અને 'બુદ્ધિપ્રકાશ'નું પ્રકાશન

'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી' તરફથી એક છાપું પ્રગટ કરવાનો નિર્ણય લેવાયો. ઈ. 1849ની 2જી મેના દિવસે 'વરતમાન' નામનું છાપું (અઠવાડિક) પ્રગટ થયું. તે દર બુધવારે પ્રગટ થતું હોવાથી તે 'બુધવારિયું' પણ કહેવાતું. તેમાં શહેરના સમાચાર અને બજારભાવ તેમ જ અન્ય લેખો પણ પ્રગટ થતા. તેનું વાર્ષિક લવાજમ છ રૂપિયા હતું.

ઈ. 1850માં સોસાયટીએ 'બુદ્ધિપ્રકાશ' નામે એક નવું મંડળ સ્થાપ્યું. એ મંડળે તે જ વર્ષની 15મી મેના દિવસે 'બુદ્ધિપ્રકાશ' નામે એક પખવાડિક શરૂ કર્યું, જેને પાછળથી માસિકનું સ્વરૂપ અપાયું. તેની સફર દરમ્યાન તેના ઘણા તંત્રીઓ બદલાયા. 'અમદાવાદનો ઇતિહાસ'ના કર્તા મગનલાલ વખતચંદ શેઠ તેમ જ દલપતરામે પણ તેનું તંત્રીપદ સંભાળ્યું હતું. આજે પણ 'બુદ્ધિપ્રકાશ' માસિક પ્રગટ થાય છે.

પુસ્તકાલય

ઈ. 1849માં સોસાયટીએ એક પુસ્તકાલય શરૂ કર્યું. 'નેટિવ લાઇબ્રેરી'ને નામે તેની સ્થાપના થઈ. પહેલાં એ લાઇબ્રેરી ભદ્રના કિલ્લાના એક ભાગમાં શરૂ થઈ, પરંતુ પાછળથી તેનું મકાન બાંધવાનો નિર્ણય લેવાયો. ઈ. 1855માં તે માટે નગરશેઠ પ્રેમાભાઈ અને શેઠ પ્રેમચંદ રાયચંદે ઉદાર સખાવત કરી અને પુસ્તકાલયનું પોતાનું મકાન બન્યું. આચાર્ય આનંદશંકર ધ્રુવે પચાસ હજાર રૂપિયાની કિંમતનાં પુસ્તકોનો કીમતી સંગ્રહ પુસ્તકાલયને ભેટ આપ્યો. પાછળથી આ પુસ્તકાલયને ટ્રસ્ટનું સ્વરૂપ આપવામાં આવ્યું. આ પુસ્તકાલય તે જ આજે ભદ્ર વિસ્તારમાં તાર ઑફિસ સામે આવેલું હિમાભાઈ ઇન્સ્ટિટ્યૂટ.

શાળા અને કન્યાશાળા

ઈ. 1849માં સોસાયટીએ પ્રથમ મિશ્ર શાળાની શરૂઆત કરી. એ સમયે અમદાવાદમાં કન્યાઓ માટે કોઈ શાળા ન હતી એટલે મગનલાલ કરમચંદ કન્યાશાળા તથા રા.બ. રણછોડલાલ છોટાલાલ (આર.બી.આર.સી.) કન્યાશાળાની સ્થાપના થઈ, જે શાળાઓ આજે ચાલુ છે.

પુસ્તક પ્રકાશન

આ સમય દરમ્યાન જ શરૂ કરવામાં આવેલી 'હોપ વાચનમાળા' માટે શબ્દકોશ તેમ જ નાના નિબંધોના પ્રકાશનનું કામ સોસાયટીએ હાથ ધર્યું. આ ઉપરાંત વ્યાકરણનાં પુસ્તકો, ગુજરાતી ભાષાનો કોશ, પૌરાણિક કોશ, ભૌગોલિક કોશ, દાર્શનિક કોશ, સાહિત્યનો પારિભાષિક કોશ, 'ગ્રંથ અને ગ્રંથકાર'ના 11 ભાગ, 'ગુજરાતનું રેખાદર્શન' અને ગુજરાતના વિવિધ ઇતિહાસ વગેરે લગભગ એક હજાર પુસ્તકોનું પ્રકાશન થયું. 'ગુજરાત વર્નાક્યુલર સોસાયટી'નું પાછળથી ગુજરાત વિદ્યાસભામાં રૂપાંતર થયું. તેની પ્રવૃત્તિઓ કે. કા. શાસ્ત્રી, આચાર્ય યશવંત શુક્લ અને ચીનુભાઈ નાયકે મૃત્યુ પર્યંત નિભાવી. મધુસૂદન પારેખ જેવા સંનિષ્ઠ સારસ્વતો હજી આ કાર્ય કરી રહ્યા છે.

બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ

ઈ. 1935માં સોસાયટીને સરકાર મારફત 'બ્રહ્મચારી વાડી ટ્રસ્ટ'નો હવાલો મળ્યો. તેમાં મંદિરના વહીવટ ઉપરાંત સંસ્કૃતના વિષયની ઉચ્ચ પરીક્ષાઓ માટેનો આરંભ થયો. બનારસ યુનિવર્સિટીની 'શાસ્ત્રી' તથા 'આચાર્ય'ની પદવીઓ માટેની પરીક્ષા આ ટ્રસ્ટ દ્વારા લેવાય છે. બ્રહ્મચારી વાડી ટ્રસ્ટના સ્થાપક સંન્યાસી રામાનંદની સ્મૃતિમાં ઈ. 1955માં 'રામાનંદ કૉલેજ'ની સ્થાપના થઈ, જે પાછળથી મોટું દાન આપનાર અમદાવાદના ઉદ્યોગપતિ હરજીવન કાલિદાસના નામ પરથી 'હ. કા. આર્ટ્સ કૉલેજ' તરીકે ઓળખાય છે. પાછળથી તેમાં કૉમર્સ કૉલેજ પણ ઉમેરાઈ છે.

ગુજરાત સાહિત્ય સભા

ગુજરાતી ભાષા-સાહિત્ય અને સંશોધનને ઉત્તેજન આપવા માટે અમદાવાદમાં રણજિતરામ વાવાભાઈ મહેતા-(1881)એ ઈ. 1904માં 'ગુજરાત સાહિત્ય સભા'ની સ્થાપના કરી. ગુજરાતી સાહિત્યનો શક્ય તેટલો વિસ્તાર કરવા અને તેને લોકપ્રિય કરવા માટે તેમણે વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી. સાહિત્યપરિષદ ભરવાનો સૌપ્રથમ તેમણે વિચાર કર્યો. ઈ. 1929માં 'ગુજરાતી સાહિત્ય સભા'ને 25 વર્ષ પૂરાં થતાં તેનો રજતજયંતિ સમારોહ ઊજવાયો. તેમાં બે મહત્ત્વનાં કાર્યોનો આરંભ થયો. 1. ગુજરાતી ભાષામાં પ્રગટ થતાં પુસ્તકોની વાર્ષિક સમીક્ષા કરવી-કરાવવી તથા 2. ગુજરાતની અસ્મિતાને પોતાનાં કાર્ય અને કૃતિ દ્વારા પ્રગટ કરતા સાહિત્યસર્જક કે કલાકારને 'રણજિતરામ સુવર્ણચંદ્રક'થી વિભૂષિત કરવા. આ ઉપરાંત સાક્ષરોની જયંતીઓની ઉજવણી કરવી તેમ જ પ્રકાશનો પણ કરવાં. સાતસાત દાયકાથી આ પ્રવૃત્તિ અવિરતપણે હજી અવિચ્છિન્નપણે ચાલુ રહી છે.

શરૂઆતનાં વર્ષોમાં આ ચંદ્રક ગુજરાતની અસ્મિતામાં પ્રદાન કરનાર સાહિત્યકાર ઉપરાંત રવિશંકર રાવળ કે કનુ દેસાઈ જેવા ચિત્રકારો, પંડિત ઓમકારનાથ જેવા સંગીતકારો અને રત્નમણિરાવ ભીમરાવ કે રામસિંહજી રાઠોડ જેવા સંશોધકોને પણ આપવામાં આવતો હતો, જ્યારે હવે આ ચંદ્રક મહદંશે સાહિત્યકારોને જ આપવામાં આવે છે. સાહિત્યપ્રદાનના આ કાર્યક્રમના આયોજનની જવાબદારી ગુજરાતના પ્રતિષ્ઠિત પ્રકાશક 'ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે' પોતાને શિરે લીધા પછી તે સમારંભો સમૃદ્ધ બન્યા છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ

રણજિતરામ મહેતાએ પોતે ઝાઝું સાહિત્યસર્જન કર્યું નથી પણ સાહિત્યના ઉત્કર્ષ માટે, સાહિત્યકારોને પ્રેરક એવી પ્રવૃત્તિઓનું આયોજન કરીને ભાષા-સાહિત્ય અને સંસ્કાર માટે વ્યાપક કલ્પનાઓ કરી તેને મૂર્ત સ્વરૂપ આપવામાં ઊંડો રસ લીધો અને પોતાનો સંપૂર્ણ સમય આ કામ માટે આપ્યો.

ગુજરાતી સાહિત્ય પરિષદ એ ગુજરાત સાહિત્ય સભાની પ્રવૃત્તિઓમાંથી જન્મેલું સંતાન છે. સમસ્ત ગુજરાતીભાષા પ્રજાને સાહિત્ય અને વિદ્યાના રસથી આંદોલિત કરી, સાહિત્ય પ્રીત્યર્થે સમાજને એકત્રિત કરવામાં ગુજરાતી સાહિત્ય પરિષદે છેલ્લા બે દસકામાં ખૂબ મહત્ત્વનો ફાળો આપ્યો છે.

ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના સમયે રણજિતરામે ઉચ્ચારેલી અપેક્ષા - કામના ધ્યાનાર્હ છે : 'ગુજરાતી ભાષામાં પાંડિત્ય અને રસિકતા ખીલે, નવીન શોધખોળ માટે ઉત્કંઠા તીવ્ર થાય, વિદ્યામાં સમાયેલ સર્વ વિષયોનું સાહિત્ય આપણી ભાષામાં રચાય.' ગુજરાત સાહિત્ય સભા દ્વારા 1904થી આરંભાયેલી, પ્રતિવર્ષ થઈ રહેલી સાહિત્યપરિષદની પ્રવૃત્તિઓ ક્રમશઃ એટલી વ્યાપક બની રહી કે અંતે તે એક અલગ સંસ્થા તરીકે સ્થિર થઈ.

માધ્યમિક તથા ઉચ્ચ સ્તરના શિક્ષણમાં ગુજરાતી ભાષા-સાહિત્યનું સ્વીકારવું જોઈતું મહત્ત્વ, ઉચ્ચ શિક્ષણના માધ્યમ તરીકે ગુજરાતી ભાષાનો સ્વીકાર, ભાષાવાર પ્રાંત રચના તેમ જ મહાગુજરાતની રચના જેવી રાજકીય-ઐતિહાસિક બાબતોમાં રસ લઈ, માત્ર ઠરાવ કરીને બેસી ન રહેતાં એ બાબતો અમલમાં મુકાય તેવી જેહાદ તેણે જગાવી હતી. વિશાળ સંમેલનો, કલા-સાહિત્ય અને પુરાતત્ત્વનાં પ્રદર્શનો, વ્યાખ્યાનો, કવિસંમેલનો, નાટ્યપ્રયોગો અને લોકસંગીત આદિના કાર્યક્રમો દ્વારા શિક્ષિત પ્રજામાં નવજાગૃતિ અને નવચેતનાનો સંચાર કરી, સાહિત્યિક પ્રવૃત્તિનાં સઘળાં પાસાંને પલ્લવિત કરી પ્રશંસનીય વિસ્તાર તેણે કર્યો છે.

ગુજરાત અને ગુજરાત બહાર વસતાં ગુજરાતીઓનાં આમંત્રણોનો સ્વીકાર કરીને દ્વિવાર્ષિક સંમેલનો અને એકાંતર વર્ષે જ્ઞાનસત્રો યોજવાની મહત્ત્વની પ્રવૃત્તિ ઉપરાંત કવિ-

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રકાશિત સામયિક 'પરબ'



'પરબ'

ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી 'પરબ'નું પ્રકાશન 1960થી શરૂ થયું. શરૂઆતમાં તેનું સ્વરૂપ ત્રૈમાસિકનું રહ્યું. નગીનદાસ પારેખ, ભૃગુરાય અંજારિયા, નિરંજન ભગત તથા યશવંત શુક્લ જેવા સારસ્વતોએ આરંભમાં તેનું તંત્રીપદ સંભાળ્યું. 1974થી તે માસિક સ્વરૂપે પ્રગટ થવા લાગ્યું. ભોળાભાઈ પટેલ તેના પ્રથમ તંત્રી બન્યા. 1974થી 2002-લગાતાર ત્રણ દાયકા સુધી તેમણે તેનું તંત્રીપદ તેમણે સંભાળ્યું. ગુજરાતી ભાષા-સાહિત્યનાં ઉચ્ચ મૂલ્યોની જાળવણી-સંવર્ધનની સાથેસાથે અન્ય ભારતીય ભગિની ભાષાઓની ગતિવિધિ 'પરબ'ના તંત્રીલેખો દ્વારા વાચકો માટે તેમણે સુલભ કરી આપી. અંગ્રેજી અને સાથે વિશ્વની અન્ય ભાષાઓના લેખકો અને કૃતિઓની પણ અવારનવાર વાતો કરી ગુજરાતી વાચકોને ભારતીય ભાષાઓ તેમ જ વિશ્વની ભાષાઓ સાથે સંપર્કમાં રાખવાનું ઉપયોગી અને ઉપકારક કાર્ય કર્યું તે માટે ગુજરાતીના સાહિત્યરસિકો તેમના ઋણી રહેશે. હાલમાં યોગેશ જોષી 'પરબ'ના તંત્રી છે.



પ્રેમાનંદ સાહિત્ય સભા-વડોદરા

સંમેલનો, મુશાયરા, ભાષાસંમેલન, લોકસાહિત્ય, પુસ્તકોના આસ્વાદના કાર્યક્રમો યોજે છે. આ ઉપરાંત 'પરબ' જેવું ગુજરાતી સાહિત્યની પ્રવૃત્તિને ઉપકારક એવું સામયિક પણ ચલાવે છે. આ ઉપરાંત સાહિત્ય-પ્રકાશનોને પ્રતિવર્ષ પારિતોષિકો પણ આપે છે.

ઈ. 1981માં અમદાવાદમાં સાબરમતીને તીરે, મોકાની જગ્યા પર 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું પોતાનું ભવન બંધાયું. ત્યાર પહેલાં અમદાવાદની એચ. કે. કોલેજના એક ખંડમાં સાહિત્યપરિષદની પ્રવૃત્તિ તેના તે સમયના મંત્રી સ્વ. પીતાંબર પટેલે વર્ષો સુધી કરી હતી. પોતાનું ભવન બંધાયા બાદ પરિષદની અનેક પ્રવૃત્તિઓને વેગ મળ્યો. જેમકે સાહિત્યસંશોધન માટે શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ સ્વાધ્યાય મંદિરની સ્થાપના થઈ. પરિષદે 'ગુજરાતી સાહિત્ય'ના ત્રણ ગ્રંથો પ્રગટ કરી એક મહત્ત્વનું કામ કર્યું છે, જે વર્ષો સુધી સંદર્ભગ્રંથોની ગરજ સારશે.

પ્રેમાનંદ સાહિત્ય સભા (વડોદરા)

ગુજરાતી ભાષા-સાહિત્યના વિકાસ અને ઉન્નતિના ઉદ્દેશથી વડોદરામાં ઈ. 1916માં 'વડોદરા સાહિત્ય સભા'ની સ્થાપના થઈ. ઈ. 1944માં તે સંસ્થાએ 'પ્રેમાનંદ સાહિત્ય સભા' નામ ધારણ કર્યું. સાહિત્યોપયોગી જ્ઞાનવર્ધક વ્યાખ્યાનો, સાહિત્ય તેમ જ તેની ભગિની લલિતકલાઓને પોષક પ્રવૃત્તિઓ, સાહિત્યિક ગ્રંથોનું પ્રકાશન તેમ જ સાહિત્યકારોની જયંતીઓની ઉજવણી કરે છે. થોડો સમય આ સંસ્થા તરફથી 'સાહિત્યકાર' નામે સામયિક પણ પ્રગટ કરવામાં આવ્યું હતું, પરંતુ આ સંસ્થાની અવિસ્મરણીય સેવા તો 'સાહિત્યકાર પ્રેમાનંદ', 'સાહિત્યકાર શામળ', 'સાહિત્યકાર અખો', 'વલ્લભ ભટ્ટની વાણી', 'બ્રેહદેવકૃત ભ્રમરગીતા', 'સાહિત્યગંગા', 'સ્વાતિબિંદુ' જેવા ગ્રંથોનું પ્રકાશન કર્યું તે ગણાય.

નર્મદ સાહિત્ય સભા (સુરત)

ઈ. 1923માં સુરતમાં સ્થપાયેલી ગુજરાતની સાહિત્યિક સંસ્થાનું મૂળ નામ તો હતું 'ગુજરાતી સાહિત્ય મંડળ', પરંતુ ઈ. 1939માં નર્મદનું નામ સંકળાતાં તે બની નર્મદ સાહિત્ય સભા. એક તરફ આ સંસ્થાએ લેખક-મિલનો યોજીને આવકારદાયક પ્રવૃત્તિનો આરંભ કર્યો તો બીજી બાજુ હેમચંદ્રાચાર્ય સારસ્વત મહોત્સવ, કવિ કાલિદાસ સમારોહ, મૂળરાજ સોલંકી સહસ્રાબ્દી જેવા કાર્યક્રમો-ઉત્સવો યોજી ગુજરાતની જ નહીં, સમગ્ર સાહિત્ય અને કલાની ખેવના કરી છે. આ સંસ્થા તરફથી ઈ. 1940થી આજ પર્યંત પ્રદાન થતો 'નર્મદ સુવર્ણચંદ્રક' ગુજરાતી સાહિત્યનું એક નોંધપાત્ર બહુમાન ગણાય છે.

ફાર્બસ ગુજરાતી સભા (મુંબઈ)

ગુજરાતી ભાષાનાં પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોના સંચયના આશયથી ફાર્બસ અને મનસુખરામ ત્રિપાઠીના સંયુક્ત પ્રયત્નોથી સ્થપાયેલી 'ગુજરાતી સભા'(1865)એ ફાર્બસનું અવસાન થતાં એમની સ્મૃતિમાં પોતાની સંસ્થાના નામમાં ફાર્બસસાહેબનું નામ ઉમેરી તેનું નવું નામકરણ કર્યું : 'ફાર્બસ ગુજરાતી સભા'. કવિ નર્મદ સ્થાપિત 'બુદ્ધિવર્ધક સભા' (1851) પણ થોડાં વર્ષ પછી બંધ થતાં તેનાં પુસ્તકો અને ભંડોળ ફાર્બસ ગુજરાતી સભાને સોંપવામાં આવ્યાં. આ પછી સભાએ પોતાની પ્રવૃત્તિમાં 'બુદ્ધિવર્ધક વ્યાખ્યાનમાળા'નો પણ સમાવેશ કર્યો. સંસ્થાની પ્રકાશન પ્રવૃત્તિના સુફળ લેખે ધર્મ, સાહિત્ય, વિજ્ઞાન અને સંશોધનવિષયક લગભગ 75 જેટલાં પ્રકાશનો થયાં છે. તેમાં ફાર્બસ-કૃત 'રાસમાળા'નો ગુજરાતી અનુવાદ, દુર્ગાશંકર શાસ્ત્રીનું 'પ્રબંધચિંતામણિ', હરિવલ્લભ ભાયાણી સંપાદિત 'ત્રણ પ્રાચીન ગુજરાતી કાવ્યો', હેમચંદ્રનું 'અપભ્રંશ વ્યાકરણ', પોપટલાલ શાહ કૃત 'વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ', નર્મદાશંકર મહેતા કૃત 'શાક્તસંપ્રદાય' તેમ જ ભોગીલાલ સાંડેસરાનું 'રૂપસુંદરકથા' નોંધપાત્ર છે. સંસ્થાએ ઈ. 1932થી પોતાના મુખપત્ર 'ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક પત્ર'નું પ્રકાશન શરૂ કરેલું છે. તેણે હસ્તપ્રતો, ગ્રંથોની ઉપયોગી સૂચિઓ પણ પ્રગટ કરી છે. મંજુબહેન ઝવેરીએ લાંબો સમય સુધી આ સંસ્થાને સેવા આપી છે.

ભો. જે. વિદ્યાભવન

ઈ. 1939માં આનંદશંકર ધ્રુવના નિયામકપદે અને પ્રા. રસિકલાલ પરીખના અધ્યક્ષપદે ઉચ્ચ અભ્યાસ-સંશોધન માટે એક ખાસ વિભાગ શરૂ કરવામાં આવ્યો. ગુજરાતી ભાષાસાહિત્ય તેમજ ઇતિહાસ-સમાજશાસ્ત્રના શિષ્ટ ગ્રંથોનું સંપાદન કરાવવું, જૂની હસ્તપ્રતો, સિક્કાઓ, મૂર્તિઓ, ચિત્રો- ઇતિહાસને ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ કરવો- ભવનની સ્થાપનાનો મુખ્ય ઉદ્દેશ. ઈ. 1946માં શ્રેષ્ઠી ભોળાભાઈ જેસીંગભાઈ તરફથી મોટી રકમનું દાન મળતાં એમનું નામ ભવન સાથે જોડવામાં આવ્યું. આ ભવન તરફથી ઉચ્ચ કોટીના સંખ્યાબંધ સંશોધન ગ્રંથો પ્રગટ થઈ ચૂક્યા છે.

વિદ્યાર્થીઓને સંશોધન માટે વિદ્વાનો તરફથી માર્ગદર્શન મળે છે. તેમાં રસિકલાલ પરીખ, હરિપ્રસાદ શાસ્ત્રી, પ્રવીણચંદ્ર પરીખ વગેરેનો મોટો ફાળો છે. વિદ્યાપ્રેમીઓએ શિષ્યવૃત્તિઓ તેમજ પારિતોષિકો આપવા માટે માતબર રકમો આપી છે.



ગુજરાત સાહિત્ય અકાદમી (ગાંધીનગર)

ગુજરાત રાજ્ય સંચાલિત સાહિત્ય અકાદમીની સ્થાપના ઈ. 1982માં રાજ્ય તરફથી કરવામાં આવી છે. અકાદમી વર્ષ દરમ્યાન પ્રગટ થયેલી કૃતિઓને પારિતોષિક આપે છે. તેમ જ સર્જકોનું બહુમાન કરે છે. આ ઉપરાંત સાહિત્યસર્જન તેમ જ સંશોધન માટે ફેલોશિપ, વિવિધ સાહિત્યકારો પર પરિસંવાદ, કાર્યશિબિરો, ગ્રંથપ્રકાશન, નવોદિત સાહિત્યકારોને પોતાનાં પ્રકાશન કરવા માટે આર્થિક સહાય પણ આપવામાં આવે છે. આ ઉપરાંત પ્રશિષ્ટ સાહિત્યકારોના જીવન-કવન પર વીડિયો ફિલ્મનું નિર્માણ, લેખક-માહિતી-કોશ જેવી પ્રવૃત્તિઓ પણ કરે છે. સંસ્થાનું મુખપત્ર 'શબ્દસૃષ્ટિ' નિયમિત રીતે પ્રગટ થાય છે.

વિદેશમાં ગુજરાતી સાહિત્યની પ્રવૃત્તિઓ

ડાયસ્પોરિક સાહિત્યસર્જન



ગુજરાતી લિટરરી એકેડેમી(બ્રિટન)ના આમંત્રણથી 1988માં ઇંગ્લૅન્ડ-યુરોપ અને 1996માં બ્રિટનની, નૉર્થ અમેરિકાની તથા કૅનેડાની ગુજરાતી લિટરરી એકેડેમીના આમંત્રણથી અમેરિકા, કૅનેડા અને ઇંગ્લૅન્ડના પ્રવાસે જવાનું થયું. તે દરમ્યાન વિદેશોમાં વસેલાં ગુજરાતી ભાઈ-બહેનોને નજીકથી મળવાનું થયું. કાર્યક્રમો ઉપરાંત કુટુંબોમાં હળવાભળવાનું પણ થયું. નિરાંતે વાતો કરવાનું થયું. તેમની સમસ્યાઓ સાંભળવાનું થયું. તેમના મનની ભીતર ઝાંખવાનું થયું.

મહદંશે મિત્રો સુખી હતા, સાધન-સંપન્ન હતા. ભૌતિક સુખ-સમૃદ્ધિમાં મહાલતા હતા, પણ નેવું ટકા લોકોમાં એક સામાન્ય તારણ એ હતું કે એમનાં હૈયાંમાં પોતાની માતૃભૂમિનાં મૂળિયાંમાંથી રસકસ પામવાની સતત ઝંખના હતી.

વિદેશોમાં વસતાં ગુજરાતી કુટુંબોમાં આપણી માતૃભાષા - ગુજરાતી ભાષા ટકાવવા કેટલાક મિત્રો પોતાનો યત્કિંચિત્ ફાળો આપી રહ્યા છે. જ્યારે ભારતનાં મોટાં નગરોમાં પણ ગુજરાતી ભાષાનું મહત્ત્વ ઓસરી રહ્યું છે. બાળકો અંગ્રેજી માધ્યમ તરફ ઢળી રહ્યાં છે, ત્યારે વિદેશની તો વાત જ શી કરવી ?

ઈ. સ.ના 2000ના વર્ષમાં એપ્રિલ-મેમાં બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમીએ ઇંગ્લૅન્ડના બેડફર્ડ શહેરમાં છઠ્ઠી ભાષાસાહિત્ય પરિષદ યોજી હતી. વિપુલ કલ્યાણી જેના સુકાની-પદે છે એવી એ બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમી વિદેશમાં - વિશેષે ઇંગ્લૅન્ડમાં ગુજરાતી ભાષાસાહિત્યની જાળવણીના અને સંવર્ધનના પ્રયત્નો કરી રહી છે.

વિશ્વની બધી પ્રજાઓ સ્થળાંતર કરતી રહે છે. સ્થળાંતર ક્યારેક સ્વૈચ્છિક હોય છે, ક્યારેક રાજકીય પરિબળોને આધીન હોય છે. ગુજરાતી પ્રજા ઐચ્છિક રીતે સ્થળાંતર કરવામાં અગ્રણી જરૂર છે, પણ બ્રિટનમાં અનેક ગુજરાતી પરિવારોએ કેન્યા-યુગાન્ડાની સરકારો અને ઈદી અમીનને કારણે સ્થળાંતર કર્યું હતું. તેમની હવે તો બીજી-ત્રીજી પેઢી ચાલતી હશે. સ્વાભાવિક છે સ્થળાંતર પછી જે-તે દેશની ભાષા-સંસ્કૃતિનો પ્રભાવ પડવાનો અને સ્વભાષાનો વપરાશ ઘટવાનો. તેમ છતાં બ્રિટનના ગુજરાતી પરિવારો ત્યાં રહીને ગુજરાતી ભાષા અને સંસ્કૃતિની રક્ષામાં પ્રવૃત્ત છે. સ્થળાંતર કરી ત્યાં વસતા અનેક સર્જકો પોતાની માતૃભાષામાં કંઈક ને કંઈક લખી રહ્યા છે. ઉપરાંત જે નવા લોકોમાં જઈને વસ્યા છે, તેઓ પણ અંગ્રેજી અપનાવવા છતાં ગુજરાતીમાં લખવા પ્રયત્ન કરે છે.

વિદેશમાં વસતા બધા ગુજરાતી સમાજોની વાત નોખી-નોખી છે. જેમકે પાકિસ્તાનમાં અલગ ગુજરાતી સમાજ 1947-48માં અસ્તિત્વમાં આવ્યો અને ત્યાંના ગુજરાતીઓમાં મુસ્લિમો વધારે છે, એટલે પાકિસ્તાનમાં લખાતું ગુજરાતી સાહિત્ય તળ-ગુજરાતી સાહિત્યની મુખ્ય ધારાથી જુદું પડે તે નવાઈનો વિષય નથી. આફ્રિકામાં વસતા ગુજરાતીઓએ પણ જે ગુજરાતી સાહિત્ય રચ્યું છે, તે પણ સાવ કાઢી નાખવા જેવું નથી. આફ્રિકાથી જે ગુજરાતીઓ બ્રિટનમાં આવ્યા છે, તેમાંથી ઘણા લેખકો હતા, જેમણે ગુજરાતી સાહિત્યને પુસ્તકો આપ્યાં છે. વળી બ્રિટનમાંથી ગુજરાતીમાં અનેક સામયિકો પણ પ્રગટ થાય છે.

અમેરિકા અને ભારત-ગુજરાત - બે ભિન્ન સંસ્કૃતિઓનું મિલન - પ્રશ્નો ઊભા કરે છે - તેમાં ખાસ તો વસાહતી પ્રજાએ મથામણ કરવાની હોય છે, પોતાની સંસ્કૃતિ સાચવવાની, ધર્મ સાચવવાની, ભાષા સાચવવાની. પરંતુ સાચવવાની એ પ્રક્રિયાનાં કોઈ અલગ ટાપુવાસી બની જવાનું પાલવે નહીં. તેમાં જે-તે દેશનાં ભાષા-સંસ્કૃતિ-સાહિત્યનો સર્જનાત્મક પ્રભાવ આવે તે ઇષ્ટ બની રહે. પ્રશ્ન તો એ છે કે અમેરિકા (કે બ્રિટનમાં) વસતા સર્જકો ગુજરાતમાં લખાતા-રચાતા સાહિત્યની મુખ્ય ધારા પ્રમાણે લખે છે - લખવા પ્રયત્ન કરે છે કે પોતાની એક આગવી મુદ્રા પણ ઊભી કરે છે ? અમેરિકામાંથી ગુજરાતીમાં સમાચાર-સાપ્તાહિકો અને 'ગુર્જરી ડાયજેસ્ટ' જેવું સાહિત્યનું ત્રૈમાસિક કિશોર દેસાઈના તંત્રીપદે સોળ વર્ષથી પ્રગટ થાય છે, એની ગુજરાતે નોંધ લેવી જોઈએ.

પરદેશોમાં - ખાસ તો બ્રિટન-અમેરિકામાં ગુજરાતી ભાષામાં લખતા લેખકમિત્રોને એ વાતનો રંજ હતો કે વિદેશમાં રચાતા આ સાહિત્યની ગુજરાત ખાસ નોંધ લેતું નથી - એ વાતની પણ કે ત્યાં વિદેશમાં ગુજરાતી ભાષાને ટકાવી રાખવા કેવાકેવા પ્રયત્નો થઈ રહ્યા છે.

આમ છતાં વિદેશોમાં ગુજરાતી ભાષા ટકાવી રાખવા, ગુજરાતી ભાષામાં સર્જન કરનારા, સાંસ્કૃતિક ક્ષેત્રે પણ ફાળો આપનારા કેટલાક સુજ્ઞ ગુજરાતીઓની, તેમનાં જીવન અને કવન વિષે ટૂંકી માહિતી અહીં આપવામાં આવી છે. પરદેશની ભૂમિ પર અનેક ઝંઝાવત સામે ઝઝૂમનાર, સામા પૂરે તરનાર મિત્રો ધન્યવાદને પાત્ર છે.

અહીં આપેલી સામગ્રી માત્ર લંડન, કૅનેડા અને અમેરિકા સ્થિત ડાયસ્પોરાની છે. જગતમાં બીજા અનેક દેશોમાં ગુજરાતીઓ વસેલા છે - સ્થિર થયેલા છે, પરંતુ જે કંઈ માહિતી પ્રાપ્ત થઈ છે તેનાથી સંતોષ માન્યો છે. આમ છતાં વિશ્વમાં ક્યાંય પણ થતી ગુજરાતી ભાષા-સાહિત્યની નોંધપાત્ર પ્રવૃત્તિઓની કોઈ જાણ કરશે તો આગામી આવૃત્તિમાં તેનો સમાવેશ કરવા પ્રયત્ન કરીશું.

બ્રિટનમાં સાંસ્કૃતિક ક્ષેત્ર ઉપરાંત શિક્ષણ-રાજકારણ-ક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનાર ગુજરાતીઓ

નવનીતભાઈ ધોળકિયા

બ્રિટનની પાર્લામેન્ટમાં ઉમરાવ બનનાર નવનીતભાઈ ધોળકિયા 1997માં લૉર્ડ બન્યા પછી એમની પ્રગતિ અવિરત રહી છે. નવનીતભાઈનો જન્મ 1937માં ટાન્ઝાનિયામાં. પિતા પરમાનંદદાસ પોરબંદરમાં તબીબ હતા. તેમની શૈક્ષણિક સફર ઘણી તેજસ્વી રહી. 1956માં ઇંગ્લૅન્ડના બ્રાઈટન નગરમાં આવ્યા. રાજકારણમાં રસ હતો. ભણતાં-ભણતાં નોકરી કરતા. દરમિયાન 1958માં તેઓ લિબરલ પક્ષ તરફથી બ્રાઈટન નગરમાંથી ચૂંટાયા હતા.

લૉર્ડ ભીખુભાઈ પારેખ

લૉર્ડ ભીખુભાઈ પારેખ ગુજરાતના અમલસાડના વતની. બ્રિટનના હાઉસ ઑફ લૉર્ડ્ઝમાં તેમની વરણી થઈ છે. તેઓ નીડર ચિંતક અને કેળવણીકાર છે. તેઓ મુંબઈ યુનિવર્સિટીમાંથી અર્થશાસ્ત્ર સાથે એમ. એ. થયા બાદ વડોદરા યુનિવર્સિટીમાં રાજ્યશાસ્ત્રના પ્રાધ્યાપક બન્યા. બે વર્ષ પછી 1959માં વધુ અભ્યાસ માટે લંડન સ્કૂલ ઑફ ઈકોનૉમિક્સમાં જોડાયા. પીએચ.ડી. થઈને અધ્યાપક બન્યા.


યુ.કે.(ઇંગ્લેન્ડ)માં વસતા ગુજરાતી સાહિત્યકારો

ડાહ્યાભાઈ પટેલ (જ. 3-4-1920)



ગુજરાતમાં ચરોતરના સુણાવ ગામમાં જન્મ. રાષ્ટ્રીય શાળામાં અભ્યાસ મેટ્રિક સુધી કરી 18મા વર્ષે મોટા ભાઈ પાસે આફ્રિકા આવ્યા. 1946માં લંડન આવી બેરિસ્ટર થઈ '48થી 72 સુધી કંપાલા(યુગાન્ડા)માં બેરિસ્ટરનો વ્યવસાય કર્યો. દરમિયાન યુગાન્ડા લૉ સોસાયટી અને અન્ય સંસ્થાઓમાં લોકસેવા કરી. બે વખત પાર્લામેન્ટની ચૂંટણીઓમાં એકમાત્ર એશિયન તરીકે ચૂંટાયા. દસ વર્ષ સુધી 'શેડો મિનિસ્ટર ઑફ જસ્ટીસ' તરીકે સેવાઓ આપી. ઈદી અમીનનો સામનો કરી જેલવાસ પણ સેવ્યો. પૂર્વ આફ્રિકામાં સામાજિક, સાંસ્કૃતિક અને રાજદ્વારી ક્ષેત્રે અનન્ય સેવાઓ આપી ઇંગ્લેન્ડ 1972માં આવ્યા. અહીં પણ એ જ પ્રવૃત્તિઓ નિરંતર ચાલુ રહી છે. કવિને શાળાકાળથી જ સાહિત્યપ્રીતિ. અત્યાર સુધીમાં તેમનાં 12 કાવ્યસંગ્રહ, 4 કાવ્યસંપાદનો, 14 નવલકથા, 9 વાર્તાસંગ્રહો, 1 નાટક અને 1 લેખસંગ્રહ પ્રગટ થઈ ચૂક્યા છે, પણ તેમનું મહત્ત્વનું પ્રદાન તો મહાત્મા ગાંધીના જીવન પર આધારિત નવ ખંડમાં પ્રકાશિત મહાકાવ્યનું સર્જન ગણી શકાય. વિવિધ છંદોમાં લગભગ 1,25,000 પંક્તિઓમાં રચાયેલા આ મહાકાવ્યના સર્જક તરીકે 'વિશ્વગુર્જરી'ના ઍવૉર્ડથી પણ તેમનું સન્માન થયું છે. આ ઉપરાંત અનેક સુવર્ણચંદ્રકોથી તેઓ વિભૂષિત થયા છે. બ્રિટનમાં ગુજરાતી સાહિત્ય અકાદમી, મહાત્મા ગાંધી ફાઉન્ડેશન તથા સાહિત્ય સંગીત કલાનિકેતનના તેઓ સ્થાપક પ્રમુખ હતા. લંડનની ગુજરાતી સાહિત્યની પ્રવૃત્તિઓમાં તેમના આયુષ્યનાં અંત સુધી અગ્રેસર રહ્યા હતા. જીવનના 8 દાયકા વટાવી ચૂક્યા પછી પણ યુવાનની જ સ્ફૂર્તિથી મહાકાવ્યનું લેખન ચાલુ રાખ્યું હતું.

પોપટલાલ પંચાલ (જ. 29-4-1920)



સાક્ષરધામ નડિયાદમાં જન્મ. અમદાવાદમાં એમ.એ. અને બી.એડ. કર્યા પછી 1955 સુધી શિક્ષક તરીકે વ્યવસાય કર્યો. ત્યારપછી 1989 સુધી આફ્રિકામાં ટાન્ઝાનિયા તથા કેનિયામાં શિક્ષક તરીકે નિવૃત્ત થયેલા પોપટભાઈ લંડન ખાતે રહે છે. નિવૃત્તિ તો નામની જ, બાકી સાહિત્યસર્જનમાં સતત પ્રવૃત્તિશીલ. કવિતા, નાટક, નવલિકા, નવલકથા, હાસ્યલેખો, ધાર્મિક લેખન વગેરે સાહિત્યનાં વિવિધ ક્ષેત્રોને એકસરખો ન્યાય આપી શકે છે. અત્યાર સુધીમાં તેમણે ત્રણ નવલકથા, બે હાસ્યનિબંધસંગ્રહો તથા એક વાર્તાસંગ્રહ આપ્યા છે, તો બે પ્રકીર્ણ સંગ્રહો પણ પ્રગટ થયા છે અને સૌને વાચકોનો એકસરખો પ્રતિભાવ સાંપડ્યો છે. તેમની વાર્તાઓને અનેક પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. તેમણે કરેલાં સંપાદનોમાં સાહિત્ય સંગીત કલાનિકેતન, યુ.કે. પ્રયોજિત, ઇંગ્લેન્ડના વાર્તાલેખકોએ પોતે પસંદ કરેલી વાર્તાઓના સંગ્રહ 'અમારી શ્રેષ્ઠ વાર્તાઓ'નું સંપાદન (ડૉ. જગદીશ દવે સાથે) જ પ્રસિદ્ધ થયેલું નોંધપાત્ર છે. તેમની છેલ્લી બે નવલકથા બ્રિટનના 'ગુજરાત સમાચાર'માં પ્રસિદ્ધ થઈ.

બળવંત નાયક (જ. 13-4-1921)



દક્ષિણ ગુજરાતમાં વાપીમાં જન્મ. સુરતની એમ.ટી.બી. કૉલેજ અને મુંબઈની વિલ્સન કૉલેજમાં ઉચ્ચ અભ્યાસ. ગુજરાતી-અંગ્રેજી સાથે એમ.એ. અભ્યાસકાળ દરમિયાન જ કંપાલામાં થોડો સમય શિક્ષક તરીકે ને પછીથી 'હિંદુસ્તાન' દૈનિકના તંત્રીમંડળમાં 1953 સુધી કાર્ય. 1953માં આફ્રિકામાં યુગાન્ડા-કંપાલા સ્થિર થઈ શિક્ષક તરીકે ને પછી આચાર્ય તરીકેની સફળ કામગીરી પછી 1972માં વિસ્થાપિત થતાં લંડનમાં નિવાસ. આ સમગ્ર કાળ દરમિયાન સતત લેખન. ચાર નવલકથા 'મૂંગા પડછાયા', 'વેડફાતાં જીવતર', 'વનનો રાજા' - ને 'ધરતીને ખોળે નરક વેરાયું' ગુજરાતીમાં અને એક નવલકથા અંગ્રેજીમાં 'Passage from Uganda' ઉપરાંત આફ્રિકાની લોકકથાઓના સંગ્રહો, 'નિર્ઝરા' (કાવ્યસંગ્રહ), 'Petals of Roses' (અંગ્રેજી કાવ્યસંગ્રહ) તથા ત્રણેક અંગ્રેજી નવલકથાઓના ગુજરાતી અનુવાદ, જેમાંથી નોબેલ પારિતોષિક વિજેતા ટોની મોરીસનની 'The Darling'ના અનુવાદ 'લાડલી'ને ગુજરાત રાજ્યની ગુજરાત સાહિત્ય અકાદમીએ તાજેતરમાં પારિતોષિક પણ આપ્યું છે. 'શ્રી બળવંત નાયક અભિનંદન ગ્રંથ' (પંચોતેરમે)માં ચુનંદા લેખોનું સંપાદન થયું છે. બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી છે.

દીપક બારડોલીકર (જ. 1925)

પાકિસ્તાનમાં અવિરત રીતે ગુજરાતી સાહિત્યની સેવા કરનાર આ પત્રકાર, લેખક, કવિ પાકિસ્તાનમાં જાણીતા દૈનિક 'ડૉન'(ગુજરાતી)ના તંત્રીવિભાગમાં લાંબો સમય હતા. મૂળ નામ તો મુસાઈ ઈસબજી હાફિઝજી. બારડોલીથી કરાંચી પહોંચ્યા ને ત્યાંથી નિવૃત્ત થઈને હવે માન્ચેસ્ટરમાં વસે છે. તેમના મહત્ત્વના કાવ્યસંગ્રહો 'પરિવેશ', 'મોસમ', 'વિશ્વાસ', 'આમંત્રણ', 'તલબ', 'એની શેરીમાં'. બ્રિટનમાં ભરાતાં કવિસંમેલનો, મુશાયરાઓમાં અગ્રગણ્ય ભૂમિકા ભજવે છે. 'ઓપિનિયન' માસિકમાં તેમની જીવનકથા 'ઉછાળા ખાય છે પાણી' હપ્તાવાર પ્રગટ થઈ હતી.

રામુભાઈ મટવાડકર (જ. 18-5-1926)



મહાત્મા ગાંધીજીની દાંડીયાત્રાથી સુપ્રસિદ્ધ દાંડીગામમાં રામુભાઈનો જન્મ. ઇન્ટર આર્ટ્સની પરીક્ષા આપ્યા પછી 1950માં કેનિયા ગયા. નૈરોબી અને પછી કિટાલેમાં શિક્ષક તરીકે 1966 સુધી કાર્ય કર્યું. ભારત આવી બી.એ. થયા. 1973માં ઇંગ્લૅન્ડમાં સ્થિર થયા. કવિતા વાંચવા-લખવાની પ્રવૃત્તિ તો પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા હતા ત્યારથી જ હતી, તે અહીં વધુ પાંગરતી ગઈ. ઉમાશંકર જોશીએ તેમનાં કાવ્યો જોઈ કહેલું, ''તમને કાવ્યનું ઝરણું મળ્યું છે. એમાંથી ધોધ પ્રગટાવવો તમારા હાથમાં છે.'' આ શબ્દો પ્રેરણાસ્રોત બન્યા. આજ સુધી લખાયેલાં કાવ્યોનો સંગ્રહ 'સંવેદના' નામે પ્રગટ થયો છે.

ભારતીય વિદ્યાભવન - યુ.કે. કેન્દ્ર

ભારત બહારની મોટામાં મોટી સાંસ્કૃતિક સંસ્થા ભારતીય વિદ્યાભવન લંડનમાં 1972માં સ્થપાયું ત્યારથી તેની દિનપ્રતિદિન પ્રગતિ થતી રહી છે. સાવ નાનકડી જગ્યામાંથી વેસ્ટ કેન્સિંગ્ટન ખાતે વિશાળ ચર્ચની 1978માં જગ્યા મેળવી અને જૂન, 2002માં મિલેનિયમ ગ્રાન્ટ મળતાં આધુનિક ભવનમાં નિર્માણ થયું. દોઢ હજાર ઉપરાંત વિવિધ પ્રકારના સભ્યો તથા નવસો ઉપરાંત વિદ્યાર્થીસંખ્યા ધરાવતા આ કેન્દ્રમાં ભારતીય નૃત્ય, નાટ્ય, ભાષાઓ, ચિત્રકલા આદિ પચીસેક જેટલા વિષયો શીખવાય છે. તેમનો ગુજરાતી નાટ્ય વિભાગ રજતજયંતી ઊજવી રહ્યો છે. મુંબઈથી ખ્યાતનામ દિગ્દર્શકો અહીં નિવાસી દિગ્દર્શકો તરીકે આવતા રહે છે. હાલમાં તખ્તાના, ટી.વી.ના તથા ફિલ્મોના જાણીતા કલાકાર અને દિગ્દર્શક તુષાર ત્રિવેદી આ હોદ્દો ધરાવે છે. આરંભનાં વર્ષોથી માંડીને લગભગ વીસેક વર્ષ સુધી તેના સંચાલક અને ચેરમેન તરીકે નટુભાઈ પટેલ કાર્યરત હતા. હવે જાણીતા ઉદ્યોગપતિ અને નાટકના જીવ તથા કલાકાર નરેશ પટેલ ચેરમેનપદ સંભાળી રહ્યા છે. ભવનના ભાષાઓના વર્ગોમાં ગુજરાતીના વર્ગોમાં ત્રીસેક વિદ્યાર્થીઓ ગુજરાતી શીખી રહ્યા છે. સમગ્ર ભવનના આરંભના કપરા કાળમાં એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે માથુર કૃષ્ણમૂર્તિએ સંભાળી ભવનને સ્થિર સ્થિતિ પર મૂક્યું. આજે તે હોદ્દો ડૉ. નંદકુમાર સંભાળે છે.

પ્રો. જગદીશ દવે (જ. 1928)



જગદીશ દવે ભાવનગરમાંથી એમ.એ. કર્યા પછી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. થયા. ગુજરાતીના અધ્યાપક તરીકે 1950થી 1984 સુધી ગુજરાત અને મહારાષ્ટ્રની વિવિધ કોલેજોમાં કાર્ય કર્યા પછી 1984થી લંડનમાં વસવાટ, અહીં આરંભમાં લંડન યુનિવર્સિટીની ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશનમાં કમ્યુનિટી લૅંગ્વેજીઝમાં તથા 1993થી તે જ યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ઑરિયેન્ટલ એન્ડ આફ્રિકન સ્ટડીઝ(SOAS)ના લૅંગ્વેજ સેન્ટરમાં અંશસમયના અધ્યાપક તરીકે કાર્યરત છે. દરમિયાન હેરોની વિદ્યાવિહારના આચાર્ય તથા ભારતીય વિદ્યાભવનના કોર્સ ડિરેક્ટર તરીકે પણ કામગીરી બજાવી છે. બ્રિટનમાં તેમનું પ્રમુખ કાર્ય અહીં વસતાં ગુજરાતી બાળકો, કિશોરો, યુવાનો ગુજરાતી ભૂલી ન જાય તે માટે વિશિષ્ટ રીતનાં પાઠ્યપુસ્તકો, ઑડિયો-વીડિયો કેસેટો અને અન્ય શૈક્ષણિક સાધનો કે નિમાર્ણ કરવાનું રહ્યું છે. સાથેસાથે 900 જેટલા શિક્ષકોને તેમણે તાલીમ આપી છે. આરંભમાં બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમી પુરસ્કૃત આ વર્ગો બ્રિટનમાં લીધા ને પછી ચંદરયા ફાઉન્ડેશને (ઇન્ટરનેશનલ) તેમને Gujarati Teaching Worldwide આ પ્રોજેક્ટના માનદ નિયામક તરીકે નીમતાં સિંગાપુર, અબુધાબી, દુબઈ, અમેરિકા, આફ્રિકા, કેનેડા, પોર્ચુગાલ વગેરે સ્થળોએ તેમનું કાર્ય વિસ્તરતું ગયું. રોમની યુનિવર્સિટીએ પણ તેમના ઇટાલિયન વિદ્યાર્થીઓને ગુજરાતી શીખવવા ખાસ નિમંત્ર્યા હતા. ગુજરાતી શીખવા માટેનાં ગુજરાતી-અંગ્રેજીમાં બારેક જેટલાં પુસ્તકો તેમણે પ્રગટ કર્યાં છે. ગુજરાતી સાહિત્ય અકાદમીએ તથા ઇન્સ્ટિટ્યૂટ ઑફ લિંગ્વિસ્ટે તેમને ફેલો બનાવી સન્માન્યા છે. 'ગુજરાત સમાચારે' તેમની 'Learn Gujarati'ની કટારને નિયમિત સ્વરૂપે પ્રગટ કરી. South Asian Literature Societyના અધ્યક્ષપદે પણ તેઓ 1993થી 1996 સુધી કાર્યરત હતા. તેમનો મહાનિબંધ 'ગુજરાતી અને મરાઠી નાટકો' અને કાવ્યસંગ્રહ 'કંડો સૂરજ' પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે. તાજેતરમાં લંડનની સાહિત્ય સંગીત કલાનિકેતન સંસ્થાએ તેમને સુવર્ણચંદ્રક આપીને તથા ગુજરાતમાં વિશ્વ ગુજરાતી સમાજે માનદ સભ્યપદ તથા માનદ મંત્રીપદ આપીને ગૌરવ કર્યું છે.

વનુ જીવરાજ સોમૈયા (જ. 13-8-1929)




પૂર્વ આફ્રિકામાં યુગાન્ડામાં મસાકા ખાતે જન્મ. મેટ્રિકની પરીક્ષા સમયે અતિશ્રમ કરવાથી મેનિન્જાયટીસમાં સપડાયા ને શ્રવણશક્તિ ગુમાવી બેઠા. અભ્યાસ અધૂરો મૂકવો પડ્યો. પ્રિન્ટિંગ વ્યવસાયમાં જોડાયા. લેખનનો આરંભ 1956માં પૂર્વ આફ્રિકા લોહાણા મહાપરિષદના ખાસ અંકના સંપાદનથી કર્યો. 1962માં પોતાનું સ્વતંત્ર 'સોમીયા પ્રેસ' શરૂ કર્યું, સ્થિર થયા ત્યાં ઈદી અમીને એશિયનોને નિર્વાસિત કર્યા ત્યારે 1972માં બ્રિટન આવ્યા. સ્થિર થતાં 'નવ બ્રિટન' નામે અંગ્રેજી-ગુજરાતી માસિક શરૂ કર્યું ને પછી 1975માં 'સોમીયા પ્રેસ' ફરી શરૂ કર્યું. 'નવ બ્રિટન' 1988 સુધી ચાલ્યું, પછી વ્યવસાયમાંથી નિવૃત્તિ લઈને પછીનાં ચૌદેક વર્ષ ભારતના સૂર્યવંશીઓના પ્રાચીન ઇતિહાસનું અને પૂર્વ આફ્રિકાની હિન્દી વસાહતના ઇતિહાસનું સંશોધન કરવામાં ગાળ્યાં. આ પરિશ્રમપૂર્વક કરેલું કાર્ય એક દળદાર સચિત્ર ગ્રંથ તરીકે પ્રગટ કરવામાં મિત્રોની પણ સહાય સાંપડી. Ancient History of the 'Solar Race & A History of Indians in East Africa' આ સંદર્ભગ્રંથ તેમના અભ્યાસપૂર્ણ લેખનનું સીમાચિહ્ન બની રહેશે.

કુસુમબહેન પોપટ (જ. 1930)



પૂર્વ આફ્રિકામાં મોમ્બાસા ખાતે જન્મ. પોરબંદરના આર્ય કન્યા ગુરુકુળમાં અભ્યાસ. આફ્રિકા, યુરોપ, અમેરિકા અને અફઘાનિસ્તાન જેવા સ્થાનોમાં પરિભ્રમણ કરી હવે લંડનમાં સ્થિર થયાં છે. એમના પ્રથમ જ વાર્તાસંગ્રહને જાણીતા લેખક ભગવતીકુમાર શર્માની પ્રસ્તાવનાનો લાભ પ્રાપ્ત થયો છે. તેમની વાર્તાઓને યુ.કે.ની ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી ત્રણ વાર 'શાંતશીલા ગજ્જર પારિતોષિક' પ્રાપ્ત થયું છે. 40 વર્ષના સહજીવન પછી પતિનું દુઃખદ અવસાન થતાં ખાલીપો ભરવા કલમ ઉપાડી અને તેમનાં સંતાનોએ પ્રોત્સાહન આપતાં એક પછી એક વાર્તાઓ સર્જાતી ગઈ. દેશવિદેશના અનુભવોનું ભાથું તો હતું જ. તેમના વાર્તાસંગ્રહના નામ અનુસાર, 'શમણાં વાવ્યાં ને કૂંપળ ફૂટી' !

ચંદુભાઈ મટ્ટાણી (જ. 1934)



ચંદુભાઈ મટ્ટાણીનો જન્મ કચ્છમાં માંડવી ખાતે થયો હતો. 19 વર્ષની ઉંમરે જ મધ્ય-આફ્રિકામાં ઝાંબિયા પહોંચી ગયા અને 1974 સુધી આફ્રિકામાં વ્યવસાય કરી 1977થી ઇંગ્લૅન્ડમાં લેસ્ટરમાં સ્થિર થયા 'સોનારૂપા'ના રૂપે. સાડીઓ અને ભારતીય વસ્ત્રો તથા સુગમ અને શાસ્ત્રીય ભારતીય સંગીતની કેસેટો આવા વિરલ મિલનને વ્યવસાય તરીકે સ્વીકારી બ્રિટનભરમાં સુખ્યાત બન્યા. વ્યાવસાયિક સફળતા પૂર્ણરૂપે તેમને વરી. પણ મૂળભૂત રીતે તો ચંદુભાઈ સંગીતનો જીવ. પોતે સુગમ સંગીતના ઉત્તમ કલાકાર. પુત્ર હેમંત, પુત્રવધૂ પ્રીતિ અને પૌત્રી શેફાલીને પણ આ વારસો તેમણે આપ્યો છે. સ્વરસમ્રાજ્ઞી લતા મંગેશકર કે સુગમ સંગીતના મહાન કલાકાર પુરુષોત્તમ ઉપાધ્યાય કે આશિત-હેમા દેસાઈ સાથે નિકટનો નાતો. 1983થી આ સૌ કલાકારોના સાથ-સહકારથી અનેક કેસેટોનું નિર્માણ 'સોનારૂપા'એ કર્યું. ભારતીય સંસ્કૃતિ અને ખાસ કરીને ગુજરાતની અસ્મિતાને દીપાવતી લેસ્ટરની 'શ્રુતિ આર્ટ્સ'ની સ્થાપના 1983માં કરી. લોકસંગીત, શાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત, નૃત્યો, નાટકોના વિવિધ કાર્યક્રમો કલકારોને ખાસ આમંત્રી લેસ્ટરના નગરજનો સમક્ષ તેમણે મૂક્યા છે. તેમનાં પુત્રવધૂ પ્રીતિબહેન તેના મંત્રી તરીકેનો કાર્યભાર સંભાળે છે. સ્થાનિક કલાકારોને તૈયાર કરવામાં પણ 'શ્રુતિ'નો અનન્ય ફાળો છે.

ગરવી ગુજરાત
(આરંભ પાક્ષિક તરીકે, પછી સાપ્તાહિક) - યુ.કે.



1લી એપ્રિલ, 1968ના રોજ પાક્ષિક તરીકે પ્રથમ અંક બહાર પડ્યો ત્યારથી જ તેના તંત્રી તથા માલિક તરીકે રાંદેરના રમણીકલાલ સોલંકી તથા તેમનું સમગ્ર કુટુંબ કાર્યરત છે. ઑક્ટોબર, 1972થી તે સાપ્તાહિક તરીકે ફેરવાયું. પોતાનું સ્વતંત્ર, સર્વ આધુનિક સાધનોથી પરિપૂર્ણ પ્રેસ પણ હોવાથી આકર્ષક સ્વરૂપે તે પ્રગટ થાય છે. 'Asian Traders' નામે ધંધાદારી લોકો માટે ઉપયોગી સામયિક પણ તેઓ ચલાવે છે. 'ગરવી ગુજરાત'ની પરામર્શક સમિતિમાં ગુજરાતના જાણીતા કવિ નિરંજન ભગત પણ છે. પ્રતિવર્ષ એકાદ માસ નિયમિત રીતે લંડન આવી સેવાઓ આપી જતા હોય છે.

સંગત કમ્યુનિટી સેન્ટર

1982માં કાન્તિભાઈ નાગડાએ સ્થાપેલી આ સંસ્થાનાં કાર્યોમાં ઇમિગ્રેશનની બાબતોમાં કાયદાકીય માર્ગદર્શન આપે છે. પ્રતિવર્ષ અઢી હજાર એશિયનો, જેમાં બે હજાર ગુજરાતીઓ લાભ લે છે. સંસ્થાનું ગ્રંથાલય પણ છે, મફત તાલીમ આપતું આઈ.ટી. સેન્ટર પણ છે. બહેરાંમૂંગાં અને અપંગ બાળકો માટે પણ વર્ગો ચાલે છે. તેમના મકાનમાં બસો માણસો બેસી શકે તેવો સભાખંડ છે. વિવિધ સંસ્થાઓને પોતાના કાર્યક્રમો માટે તેનો લાભ મળે છે. તેમના આ કાર્યને સરકાર તરફથી સ્વીકૃતિ પણ મળી છે. સમગ્ર બ્રિટનમાં આવી સ્વીકૃતિ ધરાવતી આ પ્રથમ એશિયન સંસ્થા છે.

સી. બી. પટેલ
(જ. 1938)



લંડનમાં 5મી મે, 1972ના રોજ 'ગુજરાત સમાચાર'નો ગુજરાતી સામયિક તરીકે પ્રથમ અંક બહાર પડ્યો. 9 એપ્રિલ, 1976થી સી. બી. પટેલે તે પત્ર ખરીદી લીધું. ત્યારથી આજ સુધી 'ગુજરાત સમાચાર' સતત પ્રગતિના પંથે પગલાં ભરી રહ્યું છે. ચંદ્રકાન્તભાઈ પટેલ, જેઓ 'સી.બી.' તરીકે જ વધુ જાણીતા છે, 1938માં ભાદરણમાં જન્મેલા. કૉલેજ સુધીનો અભ્યાસ ગુજરાતમાં કરીને 1960માં તાન્ઝાનિયા ગયા ને ત્યાંથી 1966માં લંડનવાસ સ્વીકાર્યો. પત્રકારત્વના ક્ષેત્રમાં પ્રવેશ્યા પછી વાણિજ્યને 'આવજો' કહી માહિતી, મનોરંજન અને માર્ગદર્શનને ધ્યેયમંત્ર બનાવી કામ ચાલુ કર્યું. 1993માં 'New Life' અંગ્રેજીમાં, જે 'Asian Voice' તરીકે ફેરવાયું અને 1996થી 'ગુજરાત સમાચાર'ની સાથોસાથ સ્વતંત્ર સાપ્તાહિક તરીકે જાણીતું બની ચૂક્યું છે. સાપ્તાહિકની સાથોસાથ અનેક વિશેષાંકો અને પ્રતિવર્ષ દળદાર દીપોત્સવી અંકમાં અનેક સ્થાનિક લેખકોને તક આપી રહ્યા છે.



રજનીકાન્ત જે. મહેતા (જ. 1930)

લંડનમાં જન્મેલા રજનીકાન્તભાઈ અર્થશાસ્ત્ર અને રાજકારણ સાથે એમ.એ. થયા પછી વ્યવસાય તરીકે તો 'આંતરરાષ્ટ્રીય વહાણવટું અને આર્થિક રોકાણ' સ્વીકાર્યું, પણ ગુજરાતી અને અંગ્રેજીમાં વર્તમાનપત્રો, સામયિકો આદિમાં સતત લખતા રહ્યા. વ્યવસાયને કારણે (અને શોખને કારણે પણ) સિત્તેરેક દેશોની સફર ખેડી એ અનુભવોને 'મુંબઈ સમાચાર' અને અન્યત્ર કટારલેખનરૂપે કે સ્વતંત્ર લેખોરૂપે પ્રગટ કરતા રહ્યા. લંડનના 'ગુજરાત સમાચાર'માં તેમની કટાર 'મારે કાંઈક કહેવું છે' લોકપ્રિય બની રહી છે. આમાંથી ઉપયોગી લેખોનો સંચય તેમણે 'થેમ્સ નદીને કાંઠેથી', 'મીઠી સ્મૃતિઓની જુદી જ દુનિયા', 'દરિયાપારની દાસ્તાન' તથા 'વણખેડ્યો દેશ-દરિયાપારનો' આ પુસ્તકોમાં ગ્રંથસ્થ કર્યો છે. તેમની પ્રવૃત્તિઓમાં લેખન, પ્રવાસ, ગ્રામવિકાસ ને અન્ય સમાજોપયોગી કાર્ય પ્રામુખ્ય રહ્યાં છે.

પ્રફુલ્લ દવે (જ. 1934)

જન્મ સૌરાષ્ટ્રમાં ભાવનગર. 'ઘરશાળા'માંથી એસ.એસ.સી.ની પરીક્ષા આપી વડોદરા જઈ 1953થી 1957 સુધી



એમ. એસ. યુનિવર્સિટીમાં ચિત્રકલા સાથે બી.એ.માં પ્રથમ વર્ગમાં પ્રથમ સ્થાને ઉત્તીર્ણ થઈ મુંબઈમાં ભૂલાભાઈ ઇન્સ્ટિટ્યૂટમાં ચિત્રકામ કર્યું. 1962માં લંડન આવી સેરેમિક્સ તથા સિનેમેટોગ્રાફીનો અભ્યાસ કરી સર્જનાત્મક ફિલ્મોનું નિર્માણ કર્યું. તે દરમિયાન બ્રિટન, જપાન, અમેરિકા આદિ દેશોમાં પ્રદર્શનો યોજાયાં. 1970માં સ્વિટ્ઝર્લૅન્ડમાં આવી Rote Fabrikમાં સ્ટુડિયો લીધો ત્યારથી બ્રિટન અને સ્વિટ્ઝર્લૅન્ડ બંને સ્થળોએ કાર્ય કરે છે. તેમનાં ચિત્રપ્રદર્શનો મુંબઈની Gallery Chemolds તથા લંડન અને ઝુરિક ખાતે યોજાતાં રહે છે અને અન્ય દેશોમાં મહત્ત્વનાં પ્રદર્શનોમાં તેમનાં ચિત્રો રજૂ થતાં રહે છે. દેશવિદેશના અનેક નામાંકિત ચિત્રસંગ્રહાલયોમાં તેમનાં ચિત્રો અગ્રસ્થાને હોય છે.

વિનય કવિ (જ. 1935)

મૂળ કલોલના વતની વિનયભાઈનો જન્મ દેવડા ખાતે થયો. અભ્યાસ મુંબઈમાં. પિતા જીવણલાલ બ્રહ્મભટ્ટ કવિ તથા



નાટ્યકાર. એમની પ્રેરણાથી સાહિત્યમાં અભિરુચિ પેદા થઈ. કૉલેજકાળ દરમિયાન જ કાવ્યો, વાર્તાઓ સર્જાતાં ગયાં, પ્રસિદ્ધ થતાં ગયાં. 1953માં મોમ્બાસા ગયા. ત્યાં 'કેનિયા ડેઈલી મેઇલ' માટે વિપુલ લેખન કર્યું. પૂર્વ આફ્રિકાનાં અનેક ખ્યાતનામ અખબારોમાં લેખન ચાલુ રહ્યું. રેડિયો ઉપરથી પણ અનેક પ્રસારણો થયાં. 1969થી ઇંગ્લેન્ડમાં સ્થાયી થયા. લેસ્ટરમાં નાટ્યમંડળની સ્થાપના કરી; નાટકો લખ્યાં, અભિનય કર્યો. તેમનાં એકાંકીઓ સ્પર્ધાઓમાં પણ વિજેતા બન્યાં. બ્રિટનસ્થિત ભારતીય વસાહતોના પ્રાણપ્રશ્નોને એમના લેખનમાં વાચા સાંપડી છે. 'પ્રણયપંથે' નવલકથા, 'સૂર્ય પશ્ચિમમાં પણ પ્રકાશે છે' વાર્તાસંગ્રહ, 'દેહ અને આત્મા' નાટિકાસંગ્રહ, 'ઉરધબકાર' અને 'દિલ એટલે દર્દ' કાવ્યસંગ્રહો તેની સાક્ષી પૂરશે.

રમેશ પટેલ 'પ્રેમોર્મિ' (જ. 1936)

બ્રહ્મદેશમાં રંગૂનમાં જન્મ. બીજા વિશ્વયુદ્ધ વખતે 1942માં



પોતાના વતન કરમસદ આવ્યા. 1954માં નાટિકા(મહારાષ્ટ્ર)માં S.S.C.ની પરીક્ષા આપી, 1957માં લંડન આવી, એન્જિનિયરિંગની પદવી પ્રાપ્ત કરી, સ્થિર થયા. 'મંદિર' નામે શાકાહારી રેસ્ટોરંટ, 'કુશલ' નામે આયુર્વેદિક ઔષધાલય, 'નવકલા' નામે ભારતીય સંગીત-નૃત્ય-નાટ્ય સંસ્થા આ સૌના સ્થાપક, માલિક અને સંચાલક હોવા ઉપરાંત 'પ્રેમોર્મિ' ઉપનામથી અસંખ્ય ગીતો-કાવ્યોના સર્જક રહી, બહુમુખી પ્રતિભા ધરાવનાર વ્યક્તિ બની ગયા છે. સૌમાં પ્રમુખ કાવ્યસર્જન રહ્યું. 'હૃદયગંગા' નવ ભાષામાં રચાયેલો કાવ્યગ્રંથ, તે ઉપરાંત પાંચેક કાવ્યસંગ્રહો આજ સુધી તેમણે આપ્યા છે.

વલ્લભ નાંઢા (જ. 8-3-1938)

વલ્લભભાઈનો જન્મ સૌરાષ્ટ્રના કુતિયાણા ગામે થયો.



1949માં દસ વર્ષની ઉંમરે જ પૂર્વ આફ્રિકામાં ટાંગાનિકા ગયા. મ્વાંઝા શહેરમાં સિનિયર કેમ્બ્રિજનો અભ્યાસ કરી ત્યાંની જ લેઇક પ્રાઇમરી સ્કૂલમાં શિક્ષક તરીકેની કામગીરી બજાવી. 1969થી લંડનમાં સરકારી કર્મચારી તરીકે સેવાઓ આપે છે. 1958માં તેમની પ્રથમ વાર્તા 'ભણેલી વહુ' પ્રગટ થઈ ત્યારથી લેખનકાર્યનો પ્રારંભ ગણી શકાય. તેમની ટૂંકી વાર્તાઓના ચાર વાર્તાસંગ્રહો આજ સુધી પ્રગટ થયા છે : 'પાગલ', 'કોનાવા', 'ઝંખના' અને 'વધામણી'. તેમની વાર્તાનું ફલક ગુજરાત, આફ્રિકા અને બ્રિટન સુધી વિસ્તરતું રહ્યું છે. તેમના પ્રકીર્ણ લેખોનો સંગ્રહ 'બે કિનારા' પણ પ્રગટ થઈ ચૂક્યો છે. વાંઝા જ્ઞાતિના મુખપત્રનું પણ તેઓ સંપાદન કરે છે. 2003થી બ્રિટનની ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રમુખ તરીકે કાર્યરત છે.

વિનોદ કપાસી (જ. 1938)

સુરેન્દ્રનગર જિલ્લાના ચૂડા ગામમાં વિનોદભાઈનો જન્મ.



સિવિલ એન્જિનિયરિંગની ડિગ્રી મેળવી. 1968થી લંડનમાં સ્થાયી થયા અને વ્યવસાય ચાલુ રાખ્યો, પણ નાનપણમાં પિતાનો સાહિત્યનો સંસ્કારવારસો મેળવી ચૂકેલા આ ઇજનેરને લંડનમાં સરસ્વતીની ઉપાસના ચાલુ રાખવાનું જ સૂઝ્યું. ગુજરાતી સાહિત્ય અકાદમીના ઉપપ્રમુખ રહ્યા, 'ગરવી ગુજરાત'(સાપ્તાહિક)માં લેખનકાર્ય ચાલુ રાખ્યું. 'અનિમેષ' અને 'જે મેં કોયાં હતાં પળવાર' એ બે નવલકથા લખ્યા પછી તેમનો ઝોક ધાર્મિક લેખન તરફ વળ્યો. જૈનધર્મ પર અંગ્રેજી અને ગુજરાતીમાં બારેક પુસ્તકો લખ્યાં, 'હેમસિદ્ધિ' ગ્રંથ લખ્યો. 'જૈનધર્મમાં જૈન સ્તોત્રો' પર પીએચ.ડી.ની પદવી મેળવી છે.

realpatidar.com

ઉપેન્દ્ર ગોર (જ. 20-10-1939)



જન્મ મોગર ગામે. વતન વસો. ફાર્માસિસ્ટ તરીકે વ્યવસાય. પોતાની ફાર્મસી 'ફાર્મા હાઉસ' વડોદરા ખાતે, 1990 સુધી. પછી ઇંગ્લેન્ડમાં સ્થિર. ભારતમાં હતા ત્યારે વાલમ બ્રાહ્મણ જ્ઞાતિનાં સમાજસેવાલક્ષી, શિક્ષણલક્ષી કાર્યો સાથે સંલગ્ન. ઇંગ્લેન્ડ આવ્યા પછી તે જ જ્ઞાતિની પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા રહ્યા છે. થિયોસોફીમાં અને શ્રી અરવિંદમાં ઊંડી શ્રદ્ધા. આફ્રિકામાં જિંજામાં અભ્યાસ કરતા ત્યારથી જ લેખન પ્રત્યે આસક્તિ. વાચન, મનન, ચિંતન સતત ચાલે તેના પરિપાકરૂપે વાર્તાઓ જન્મી. 'જળભર્યા કિનારે' પ્રથમ વાર્તાસંગ્રહમાં પૂર્વ આફ્રિકા અને ઇંગ્લેન્ડની પરિસ્થિતિઓમાં તેમની અનુભૂતિનું નિદર્શન કરાવ્યું છે. 'નૈવેદ્ય' તેમનો ત્યાર પછીનો લેખસંગ્રહ 2001માં જ પ્રસિદ્ધ થયો.

પ્રફુલ્લ અમીન



જમિયતપુરા, અડાલજ, ગુજરાતમાં જન્મેલા પ્રફુલ્લભાઈ અંગ્રેજી સાથે એમ.એ. કર્યા પછી અંગ્રેજીના પ્રાધ્યાપક તથા અંગ્રેજી વિભાગના વડા તરીકે ચારેક વર્ષ સિદ્ધપુર અને પિલવાઈની કોલેજોમાં કાર્ય કર્યા પછી ઇંગ્લેન્ડમાં અંગ્રેજીના શિક્ષક તરીકે 13 વર્ષ કાર્ય કર્યું. 1978થી બૅંકિંગ અને આર્થિક બાબતોના વિશેષજ્ઞ અને ધંધાદારી સલાહકાર તરીકે સેવાઓ આપે છે. લલિતકળાઓ અને સાહિત્ય તેમ જ પ્રવાસમાં રુચિ ધરાવતા શ્રી અમીન કવિ તરીકે પણ ઇંગ્લેન્ડમાં જાણીતા છે. તેમનો કાવ્યસંગ્રહ 'અમે અમથારામ' પ્રગટ થઈ ચૂક્યો છે.

યોગેશ પટેલ (જ. 18-11-1952)



સુરતમાં 1969માં S.S.C.ની પરીક્ષા ઉત્તીર્ણ કરી વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં એક વર્ષ વિજ્ઞાનનો અભ્યાસ કરી અલીગઢની ગાંધી હૉસ્પિટલમાંથી ઓપ્ટોમેટ્રીનો ડિપ્લોમા મેળવ્યો. 1977માં F.A.D.O. થઈ આંખના નિષ્ણાત તરીકે વિવિધ જાણીતી કંપનીઓમાં કાર્ય કરતા રહ્યા છે. કવિ તરીકે અંગ્રેજી તથા ગુજરાતી બંનેમાં વિશિષ્ટ સર્જન તેમણે કર્યું છે. ઇન્ટરનેશનલ પોયેટ્રી સોસાયટી અને ઇન્ટરનેશનલ એકેડેમી ઑફ પોયેટ્સના તેઓ ફેલો છે, રોયલ સોસાયટી ઑફ આર્ટ્સે પણ તેમને ફેલો બનાવીને બહુમાન કર્યું છે. 'The Manikin in Excle' અંગ્રેજી કાવ્યસંગ્રહ, ગુજરાતી કાવ્યસંગ્રહ 'અહીં', 'પગલાંની લિપિ' વાર્તાસંગ્રહ પ્રગટ થઈ ચૂક્યા છે. ગીતસંગીત અને નાટકની રેકર્ડ તથા ફિલ્મના નિર્માણમાં પણ તેમનો ફાળો છે. ગુજરાતી સાહિત્ય અકાદમી(બ્રિટન)ના તેઓ પ્રમુખ રહી ચૂક્યા છે અને અંગ્રેજી કવિતાના સામયિક 'Skylark'ના સહસંપાદક તરીકે કાર્યરત છે.

વિપુલ કલ્યાણી (જ. 1941)



વિપુલભાઈનો જન્મ ટાંઝાનિયામાં અટ્ટુપામાં. શાલેય અભ્યાસ આરંભમાં ત્યાં જ, પછી સૌરાષ્ટ્રમાં વતનમાં જામખંભાળિયામાં, 1953માં ભારત આવ્યા ત્યારે. પાંચ વર્ષ પછી પાછો આફ્રિકાવાસ. 1960માં ઉચ્ચ અભ્યાસ માટે મુંબઈની વિલ્સન કૉલેજમાં પ્રવેશ. બી.એ. અને એમ.એ. રાજ્યશાસ્ત્ર અને ઇતિહાસ વિષયો સાથે કર્યું. દરમિયાન શાળામાં શિક્ષક તરીકે કામગીરી બજાવી. પછી વ્યવસાય તરીકે પત્રકારત્વ પસંદ કરી આરંભમાં 'જન્મભૂમિ'માં તથા પછી 'Indian Express'માં કાર્ય કર્યું. 1975થી લંડનવાસ સ્વીકાર્યો. આરંભમાં ઠીકઠીક સમય સરકારી નોકરી કરી, પણ પછી સ્વતંત્ર વ્યવસાય તરીકે અનુવાદક, ઇન્ટરપ્રિટર ને તત્સમ કાર્યોમાં અગ્રણી બન્યા. વચ્ચે થોડો સમય 'ગુજરાત સમાચાર' (યુ.કે.) સાપ્તાહિકના તંત્રી રહ્યા હતા. પણ તેમનું સર્વોત્તમ પ્રદાન તે 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના મહામંત્રી તરીકેનું. 12 ફેબ્રુઆરી 1977માં આ સંસ્થા સ્થપાઈ ત્યારથી અત્યાર સુધી તનમનધનથી, લગભગ એકલે હાથે, વગર મકાને, પોતાના ઘેરથી જ આ સંસ્થા ચલાવી, ગુજરાતી ભાષા, સંસ્કૃતિ અને સાહિત્યના પ્રચાર અને પ્રસારની ધૂણી ધખાવી છે. તેવું બીજું કાર્ય તે 'ઓપિનિયન' વિચારપત્રના સંપાદક તરીકેનું. આ માસિકનો પ્રથમ અંક 26 એપ્રિલ, 1995ના રોજ પ્રગટ થયો ત્યારથી આજ સુધીમાં આ માસિકના 97 અંકો નિયમિત રીતે પ્રગટ થયા છે. ઓછી ગ્રાહક-સંખ્યા અને જાહેરખબર ન લેવાની પ્રતિજ્ઞાને લીધે આર્થિક પ્રાપ્તિની તો અપેક્ષા જ ન હોય, પણ પોતાની આગવી રીતે આ માસિકે કાઠું કાઢ્યું છે. અનેક નવા લેખકોને કલમ વાપરતા કરી મૂક્યા છે ને ગુજરાત અને બ્રિટનના વિચારકોની કડી સમાન બન્યું છે. અકાદમી તરફથી 'અસ્મિતા' અનિયતકાલિકમાં પણ અનેક નવા લેખકોનો સમાવેશ થયેલો જોવા મળે છે, તેનું સંપાદનકાર્ય પણ શ્રી વિપુલ કલ્યાણી જ સંભાળે છે. વિશ્વ ગુજરાતી સમાજે તેમને માનદ સભ્યપદ આપીને સન્માન્યા છે.

અદમ ટંકારવી (જ. 1940)



બ્રિટન - બોલ્ટનમાં વસતા આ કવિ અદમ ટંકારવી બ્લેકબર્ન શાળામાં આચાર્ય તરીકેની કામગીરી બજાવે છે. કવિજીવ અદમભાઈ સાહિત્યજગતમાં મુશાયરાઓના કુશળ સંચાલક તરીકે સુખ્યાત છે. તેમની ગઝલોના સંગ્રહનો ગુજરાતમાં પણ એક મહત્ત્વના પુસ્તક તરીકે સ્વીકાર થયો છે. એ પરદેશ વસતા સૌ ગુજરાતીઓ માટે ગૌરવ સમાન છે. અદમ ઘોડીવાળા અંગ્રેજીના શિક્ષક, પણ સાહિત્યની દુનિયામાં અદમ ટંકારવી તરીકે પ્રખ્યાત છે, બ્રિટનમાં તેમ જ ગુજરાતમાં પણ. તેમના પ્રથમ કાવ્યસંગ્રહ 'અદમ ટંકારવીની ગઝલોની ચોપડી'નું ગુજરાત સાહિત્ય અકાદમીનું તથા ગુજરાત સાહિત્ય પરિષદનું પારિતોષિક પણ પ્રાપ્ત થયું છે.

ગુજરાતી સાહિત્ય અકાદમી - બ્રિટન

12મી ફેબ્રુઆરી, 1977માં અકાદમી સ્થપાઈ. 1978થી આજ સુધી તેના મહામંત્રી તરીકે વિપુલ કલ્યાણીએ તનમનધનથી તેના વિકાસમાં સંપૂર્ણ ફાળો આપ્યો છે. ગુજરાતી સાહિત્યનાં સર્જનાત્મક અને વિવેચનાત્મક વિવિધ પાસાંઓને અને પ્રવૃત્તિઓને વેગ આપવો, તે માટે ગુજરાતી સાહિત્યકારો અને કળાકારોનાં પ્રવચનો/પ્રદર્શનો અને ચર્ચાઓ તથા અન્ય કાર્યક્રમો યોજવાં, બ્રિટનમાં રચાતા ગુજરાતી સાહિત્યના નિષ્કર્ષરૂપ સામયિક 'અસ્મિતા' પ્રગટ કરવું, દર બે-ત્રણ વર્ષે દેશપરદેશના વિદ્વાનોને નિમંત્રી ભાષા-સાહિત્યની પરિષદો યોજવી, ગુજરાતીનાં પાઠ્યપુસ્તકો, શિક્ષકતાલીમના વર્ગો તથા પરીક્ષાઓનું આયોજન કરવું, પ્રતિવર્ષ મેના પ્રથમ સપ્તાહમાં આંતરરાષ્ટ્રીય ગુજરાતી દિનની ઉજવણી કરવી - આ બધાં દ્વારા પ્રવૃત્તિઓને સતત ધબકતી રખાઈ છે.


ઓપિનિયન

નૉર્થ અમેરિકામાં વસતા ગુજરાતી સાહિત્યકારો

ગુજરાતી લિટરરી એકેડેમી ઑફ નૉર્થ અમેરિકા

ગુજરાતી લિટરરી એકેડમી ઑફ નૉર્થ અમેરિકાની સ્થાપના 1981માં થઈ. અમેરિકા જેવી પરદેશની ભૂમિમાં ગુજરાતી સાહિત્યને વરેલી એક સંસ્થા આજે બાવીસ વર્ષથી કાર્યરત હોય તે એક નોંધપાત્ર ઘટના છે. અમેરિકામાં ભાષાપ્રેમીઓની ખોટ નથી. તેમ છતાં સંપૂર્ણ વિદેશી માહોલ અને અંગ્રેજી ભાષા વચ્ચે ગુજરાતી ભાષાની એક નાની શી જ્યોત પ્રજ્વલિત રાખવાનું - તેની શગ સંકોર્યા કરવાનું કામ કેટલું દુષ્કર છે તેની આ પુસ્તકના લેખકના વિદેશ-પ્રવાસ દરમ્યાન તેમને પ્રતીતિ થઈ ચૂકી છે.

અમેરિકા દેશ વિસ્તારની દૃષ્ટિએ પહોળો-પથરાયેલો પ્રદેશ છે. દૂર-દૂર સંવાદ સાધવો, કોઈ કાર્યક્રમ વખતે સૌની એકસાથે અનુકૂળતા સાધવી, લાંબાંલાંબાં અંતરો સુધી ગાડીઓ ચલાવવી-સ્થગિત વાહનવ્યવહારમાં કલાકો વિતાવી કાર્યક્રમમાં આવવું સહેલું તો નથી જ. વળી, લાંબાં અંતરોને કારણે શનિ-રવિ સિવાય કાર્યક્રમો કરવા મુશ્કેલ છે. અકાદમીએ આરંભથી ગુજરાતમાંથી અકાદમીના સંપૂર્ણ ખર્ચે સાહિત્યકારોને આમંત્ર્યા છે. સાહિત્ય-વિશ્વના સૌન્દર્યની - આનંદની અનુભૂતિ ભાવકોને થાય, સર્જકો અને સહૃદયો વચ્ચે સેતુબંધ સ્થપાય, એ અકાદમીનો હેતુ છે.

અકાદમીના મોંઘેરા મહેમાનો

'દર્શક'થી રઘુવીર સુધીના સાહિત્યકારોને તો એકેડેમીએ નિમંત્રણ આપીને બોલાવેલા, પરંતુ જ્યારે પણ કોઈ નિમિત્તે બીજા સાહિત્યકારોને અમેરિકા આવવાનું થયું હોય ત્યારે એકેડેમીએ એ તકનો લાભ લીધો જ છે.

અકાદમીએ ઉપરોક્ત મહેમાનોના કાર્યક્રમોનું અમેરિકાના વિવિધ શહેરોમાં આયોજન કર્યું છે. ઠેરઠેર પથરાયેલા સાહિત્યપ્રેમીઓએ પોતપોતાના વિસ્તારમાં આમંત્રિત મહેમાનોના કાર્યક્રમો તો ગોઠવ્યા જ છે, પરંતુ તેમનું સારી રીતે આતિથ્ય પણ કર્યું છે. તેમાં કેલિફોર્નિયા-લોસ એન્જેલસમાં વિક્રમ કામદાર અને અંજલિબહેન તથા શિકાગોમાં અશરફ ડબાવાલા તથા ન્યૂજર્સીમાં નરેન્દ્રભાઈ અને શકુંતલા લાખાણી વિશેષત: ઉલ્લેખનીય છે.

એકેડેમીની સ્થાપના થઈ ત્યારથી જ એક ઉત્તમ નિર્ણય લેવાયો હતો : દર વર્ષે એકેડેમીએ એક મૂર્ધન્ય સાહિત્યકારને નિમંત્રણ આપવું અને અમેરિકા-કૅનેડામાં એમનાં પ્રવચનો-કાવ્યપઠનો ગોઠવવાં. અકાદમીનું એ પરમ સૌભાગ્ય હતું કે આ પ્રવૃત્તિનો મંગલારંભ શ્રી મનુભાઈ પંચોળી-'દર્શક'થી થયો.

એકેડેમીનું નિમંત્રણ સ્વીકારીને આવેલા સાહિત્યકારોમાં 1983માં સર્વશ્રી 'દર્શક', '84માં હરીન્દ્ર દવે, '85માં નિરંજન ભગત, '86માં ઉમાશંકર જોશી, '87માં ચિનુ મોદી, મનોજ ખંઢેરિયા, '88માં પ્રદ્યુમ્ન તન્ના, '89માં મકરંદ દવે, કુન્દનિકા કાપડિયા, '91માં રઘુવીર ચૌધરી, '96માં ભગવતીકુમાર શર્મા અને રજની વ્યાસ, 2000માં રઘુવીર ચૌધરી, 2003માં માધવ રામાનુજ અને હરીશ 'મીનાશ્રુ'નો સમાવેશ થાય છે.

મધુસૂદન કાપડિયા - સુશીલા કાપડિયા

અમેરિકામાં ગુજરાતી સાહિત્યની પ્રવૃત્તિઓનો આરંભ કરનારાઓમાં પ્રો. મધુસૂદન કાપડિયા અગ્રણી હતા. તેઓ મૂળ મુંબઈના અને મુંબઈની કૉલેજમાં અધ્યાપન કરતા. સાહિત્યના પ્રવાહો તથા ગતિવિધિઓમાં ઊંડો રસ હોઈ અમેરિકામાં પણ તે પ્રવૃત્તિનો આરંભ કરવામાં અગ્રણી બન્યા. અનેક સમાન રસ ધરાવતા મિત્રોને સાથે રાખી તે પ્રવૃત્તિ વિસ્તારી, ગુજરાતી લિટરરી અકાદમીની સ્થાપનામાં મહત્ત્વનો ફાળો આપ્યો. અનેક સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કર્યું. ગુજરાતથી સાહિત્યકારોને આમંત્રણ આપવાની પરંપરા શરૂ કરી. અનેક સાહિત્યકારોના સ્નેહપૂર્વક યજમાન બન્યા. 'દર્શક'ની વિલંબમાં પડેલી મહાનવલ 'ઝેર તો પીધાં છે જાણીજાણી'નો ત્રીજો ભાગ 'દર્શક'ને પોતાને ત્યાં આગ્રહપૂર્વક રાખીને પૂરો કરાવ્યો એ માટે સાહિત્યજગત તેમનું ઋણી છે. સાહિત્ય-વિષયક વ્યાખ્યાનો વર્ષોથી આપતા રહે છે. ઊંડો અભ્યાસ, આકર્ષક કથનશૈલી શ્રોતાઓને આસનબદ્ધ કરી મંત્રમુગ્ધ કરે છે.



ભારતના અગ્રગણ્ય અખબાર જૂથ 'દૈનિક ભાસ્કર'ની આંતરરાષ્ટ્રીય ગુજરાતી આવૃત્તિ

ભારતના અગ્રગણ્ય અખબાર જૂથ 'દૈનિક ભાસ્કર' ભારતનાં નવ રાજ્યોમાં વિવિધ ભાષાઓમાં 25 જેટલી આવૃત્તિઓ પ્રગટ કરે છે. 2003ના જૂન માસથી ગુજરાત રાજ્યમાંથી અમદાવાદ ખાતે ગુજરાતી ભાષામાં 22મી આવૃત્તિ 'દિવ્ય ભાસ્કર' નામે શરૂ થઈ. 28મી મે, 2004માં ન્યૂયૉર્કથી (નૉર્થ અમેરિકા એડીશન) આંતરરાષ્ટ્રીય આવૃત્તિ શરૂ થઈ છે. આ આવૃત્તિ સાપ્તાહિક છે. ભારત-ગુજરાતના છેલ્લામાં છેલ્લા સમાચાર સાથે વિષય-વૈવિધ્ય ધરાવતી 'ચંદરવો' નામક પૂર્તિ પણ આપવામાં આવે છે. અમેરિકાની ગુજરાતી પ્રજામાં તેને ઉમળકાભર્યો આવકાર સાંપડ્યો છે.

એક વિશિષ્ટ સાપ્તાહિક : 'ગુજરાત ટાઈમ્સ'



અમેરિકામાં ગુજરાતીઓને પોતાના પ્રદેશના નાના-મોટા સમાચારોથી માહિતગાર રાખતું આ સાપ્તાહિક ગુજરાતભરના મહત્ત્વના રાજકીય અને સમાજલક્ષી સમાચારોથી સભર હોય છે. 'સપ્તક' નામે એક સાંસ્કૃતિક પૂર્તિ પણ આપવામાં આવે છે. ગુજરાતના સાંસ્કૃતિક વારસાની તેમ જ ભારતીય સંસ્કૃતિની સુંદર, રસપ્રદ સામગ્રી - સચિત્ર રૂપે તેમાં આપવામાં આવે છે. પાંચ વર્ષથી શરૂ થયેલું આ સાપ્તાહિક અમેરિકાસ્થિત ગુજરાતીઓમાં ખૂબ લોકપ્રિય થયું છે.

કિશોર દેસાઈ (જ. 1938)



સાહિત્યનું સામયિક પ્રગટ કરવું એ જો માતૃભૂમિમાં પણ સાહસ ગણાતું હોય તો અમેરિકા જેવા પર-દેશમાં ગુજરાતી ભાષામાં સાહિત્યનું પત્ર કાઢવું તેને શું કહેવાય ? ગુજરાતી ભાષા-સાહિત્યપ્રીતિની હૃદયમાં ઘેરી નિસબત હોય તે જ વ્યક્તિ આવું દુઃસાહસ કરી શકે. આવું સાહસ કિશોરભાઈ દયાળજીભાઈ દેસાઈએ કર્યું.

1971માં મુંબઈ યુનિવર્સિટીમાંથી કિશોરભાઈએ મિકેનિકલ એન્જિનિયરિંગમાં માસ્ટર ડિગ્રી મેળવી. તે પહેલાં તેઓએ મુંબઈની ભારતીય વિદ્યાભવનની એન્જિનિયરિંગ કોલેજમાં અધ્યાપક તરીકે કામ કર્યું હતુ. 1971માં તેઓ અમેરિકા આવ્યા.

સામાન્ય વેપારી પિતાનો એન્જિનિયર થયેલો પુત્ર બે પૈસા રળવાના ઉદ્દેશથી અમેરિકા આવી ચડે તે વાતમાં કોઈ અસાધારણ વાત નથી, પરંતુ કોઈ સુષુપ્ત સંસ્કારના બળે કિશોરભાઈમાં આવી ઇચ્છા જાગ્રત થઈ. કેટલાય સાહિત્યકારો સાથે સંવાદ સાધીને, કેટલાય હિતેચ્છુઓની ચેતવણીઓને નજરઅંદાજ કરીને તેમણે આખરે પોતાનો સંકલ્પ અમલમાં મૂક્યો - તે એક અસાધારણ ઘટના છે.

1988માં 'ગુર્જરી' ડાયજેસ્ટનો આરંભ થયો. ગુજરાતના અને વિદેશના - ખાસ તો અમેરિકાના સાહિત્યકારોના સહયોગથી પોતાની મનોકામના સિદ્ધ કરી. આ લખાય છે ત્યારે 'ગુર્જરી' સોળ વર્ષની અદ્ભુત વયે પહોંચ્યું છે. અમેરિકામાં તો sweet sixteenનો મોટો મહિમા છે.

ડૉ. ભરત શાહ (જ. 16-3-1942)



અમદાવાદ જિલ્લાના દહેગામ પાસે ખાનપુર ગામમાં જન્મ. ઉછેર મુંબઈમાં. એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી સ્નાતક થઈ એમ.બી.બી.એસ.ની ઉપાધિ મેળવી 1967માં અમેરિકા આવ્યા.

વ્યવસાયે તબીબ હોવા છતાં ડૉ. ભરત શાહનો જીવ સાહિત્યનો છે. પરદેશવાસ દરમ્યાન પણ ગુજરાતી સાહિત્યનું વાચન કરતા જ રહે છે અને ત્યાં ચાલતી સાહિત્યપ્રવૃત્તિઓમાં સક્રિય છે.

અમેરિકાની 'ગુજરાતી લિટરરી એકેડેમી ઑફ નૉર્થ અમેરિકા'ના 1991-93 સુધી મંત્રી અને 1993થી '96 સુધી તેના પ્રમુખપદે સેવાઓ આપી હતી. આ સંસ્થાનું બંધારણ ઘડવામાં તેમનો મોટો ફાળો હતો. ડૉ. ભરત શાહે આ પ્રવૃત્તિને માત્ર સાહિત્યના અમુક પ્રકારો પૂરતી સીમતિ ન રાખતાં સંસ્કૃત સાહિત્ય અને વિશ્વસાહિત્ય - નાટકો અંગે પણ કાર્યક્રમોનું આયોજન કરીને વિશિષ્ટ ચીલો પાડ્યો હતો.

સાહિત્યસર્જનમાં તેઓ અમેરિકાથી પ્રગટ થતા 'ગુર્જરી', 'ગુજરાત ટાઇમ્સ', 'ઇન્ડિયા એબ્રૉડ'માં અવારનવાર લેખો-વાર્તાઓ લખે છે. ભરતભાઈનાં પત્ની ઉષાબહેનની ગંભીર માંદગીને ડૉ. ભરતભાઈએ જાણે યમદેવની હાજરીમાં જે રીતે જોઈ તેની એક ડૉક્યુનૉવેલ 'સમીપે' અમદાવાદમાંથી પ્રગટ થઈ છે. તેમણે પાંચ એકાંકીઓ પણ લખ્યાં છે તેમ જ 'Jainism' ઉપર અંગ્રેજીમાં પુસ્તક લખ્યું છે.

અમેરિકાની યુવાન ગુજરાતી પેઢી માટે તેમણે અંગ્રેજી માધ્યમ દ્વારા ગુજરાતી, સંસ્કૃત અને દેવનાગરી ભાષા શીખવા માટેનાં પુસ્તકો પ્રગટ કર્યાં છે. 1987માં ભરતભાઈએ 'સેતુબંધ પ્રકાશન' નામ હેઠળ એક પુસ્તક પ્રકાશન સંસ્થા શરૂ કરી છે.

પ્રવીણ પટેલ 'શશી'



વતન ખેડા જિલ્લામાં ભાદરણ. કૉલેજનું શિક્ષણ વિદ્યાનગર અને મુંબઈમાં. એકાઉન્ટ્સમાં ઉચ્ચતમ ઉપાધિ સાથે બિઝનેસ, માર્કેટિંગ, ફાઈનાન્સ અને લેબર મૅનેજમેન્ટના પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા. મુંબઈ, લંડન અને ન્યૂયૉર્ક વ્યવસાયનાં કાર્યક્ષેત્રો. 1979થી અમેરિકામાં વસવાટ.

સાહિત્ય અને કલામાં રસ-રુચિ છે. છેલ્લાં આઠ વર્ષથી અમેરિકાના 'ગુજરાત દર્પણ' સામયિકમાં નિયમિત લેખન ઉપરાંત માનદ પરામર્શકની સેવા પણ આપે છે. 'સૌજન્ય માધુરી', 'અમેરિકન ગુજરાત', 'ઓપિનિયન', 'આભૂષણ', 'સમાચાર', 'ગુંજન', 'ગૂર્જરી', 'કલમ', 'દર્પણ', 'તિરંગા', 'તમન્ના', 'માનવ', 'મસાલા', 'માતૃભાષા' વગેરેમાં એમનાં કાવ્યો, લેખો અને વાર્તાઓ પ્રગટ થયાં છે. લંડનના 'ગુજરાત સમાચાર'ના દિવાળી અંકોમાં પણ વાર્તાઓ આવેલી છે.

'સાઠ દિન' કવિ મિલન બેઠક તથા 'ઇન્ડોઅમેરિકન લિટરરી અકાદમી'ની માસિક સાહિત્ય ગોષ્ઠિ સભા, 'સાઠ દિન' કવિ મિલન બેઠક અને 'ન્યૂ જર્સી પોએટ્રી સોસાયટી'ના સક્રિય સદસ્ય છે. ઑક્ટોબર 2002માં યોજાયેલી કાવ્યસ્પર્ધામાં એમના કાવ્ય METAMORPHOSISને ન્યૂ પોએટ્રી સોસાયટીએ HONARABLE MENTIONનું પારિતોષિક એનાયત કર્યું હતું. વળી આ કાવ્યની સરાહના ન્યૂયૉર્ક નગરના મેયર અને ન્યૂયૉર્ક રાજ્યના ગવર્નરે પણ કરી હતી.

તેમનું ચિંતનાત્મક પુસ્તક 'શાંતિની શોધમાં', લઘુ નવલકથા 'પેઇંગ ગેસ્ટ પરવાનો' પ્રગટ થયાં. સળંગ નવલકથા 'અમાસનો ચંદ્ર' ત્રણ ખંડ માં પ્રગટ થઈ. 'રંગરંગીલો ચંદ્ર મનોહર', 'કાવ્યધારા' સંગ્રહ 2001માં પ્રગટ થયા.

કિરીટ એન. શાહ (જ.16-12-1940)



ગાંધીવિચારસરણી ધરાવતા પિતા નાથાલાલ અને માતા કાન્તાબહેન પાસેથી તે વારસો પ્રાપ્ત કરનાર કિરીટ શાહ બાળપણથી જ સેવાભાવી વૃત્તિ ધરાવતા હતા.

1963માં એન્જિનિયરિંગના ઉચ્ચ અભ્યાસાર્થે અમેરિકા જઈ કેલિફોર્નિયાની સ્ટોનફોર્ડ યુનિવર્સિટીમાંથી માસ્ટર ડિગ્રી મેળવી. અમેરિકામાં નિવાસ બાદ થોડા જ સમયમાં તેમને થયું કે જો ગુજરાતી ભાષા અને ભારતીય સંસ્કૃતિ અંગે નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં નહીં આવે

'માનવ'



નોર્થ અમેરિકામાં વસતા વિચારશીલ અને કર્મશીલ ગુજરાતીઓ માટે કૌશિક અમીનના તંત્રીપદે પ્રગટ થતું આ માસિક પત્ર થોડા સમયમાં લોક્ચાહના મેળવી ચૂક્યું છે.

'ગુર્જરી' ડાયજેસ્ટ



અમેરિકા જેવા દેશમાં વસતા ગુજરાતીઓના મોટા સમૂહમાં એવા થોડા ગુજરાતીઓ પણ છે જેમને પોતાનાં ભાષા-સાહિત્ય પરત્વે લગાવ છે. તેમની સંવેદનાને વાચા આપવા, તેમની અભિવ્યક્તિને મંચ આપવા 'ગુર્જરી' મોટી સેવા બજાવે છે.

'ગુર્જરી' સારા ધોરણસરનું સુઘડ અને મૂલ્યનિષ્ઠ પત્ર બની રહેવામાં તંત્રી કિશોરભાઈની માવજત અછતી રહેતી નથી. 'ગુર્જરી'ના અવારનવાર વિશેષાંકો પ્રગટ થાય છે. તાજેતરમાં પ્રગટ થયેલો 'સુરેશ જોશી' વિશેષાંક તેનો પ્રશંસનીય નમૂનો છે. બે દાયકાના આયુમાં 'ગુર્જરી'એ એક શિષ્ટ સામયિક તરીકેનું પોતાનું સ્થાન પ્રસ્થાપિત કર્યું છે.

આસીમ રાંદેરી



1907માં સુરત પાસે રાંદેરમાં જન્મેલા શાયર-ગઝલકાર વર્ષોથી કેલિફોર્નિયા રાજ્યમાં સાન્ટાક્લેરામાં એમના પુત્રો-પરિવાર સાથે રહેતા હતા. દીર્ઘઆયુષ્ય દરમિયાન આસીમ સાહેબે તાજગીભરી ગઝલોનું સર્જન કર્યું હતું.

અશરફ ડબાવાલા



શિકાગો-સ્થિત અશરફ ડબાવાલા જાણીતા ગઝલકાર છે. શિકાગો જતા ગુજરાતી સાહિત્યકારો-કલાકારોના યજમાન હોય છે - જેમના કાર્યક્રમોથી તેમનું હોમ થિયેટર સદા ગુંજતું હોય છે. તેમનો તાજો ગઝલસંગ્રહ 'ધબકારાનો વારસ' ઈમેજ પબ્લિકેશન્સ - મુંબઈ-અમદાવાદ તરફથી પ્રગટ થયો છે.



ડૉ. બિનીતા શાહ

ડૉ. રજની પી. શાહનાં પત્ની બિનીતાબહેન વ્યવસાયે ડૉક્ટર છે પણ થિયેટરનાં એક સક્ષમ કલાકાર પણ છે. તેમણે આ નાટકોમાં સુંદર અભિનય આપ્યો છે. અમેરિકા જેવા દેશમાં - જ્યાં સતત રેસમાં દોડવું પડતું હોય છે તેમાં RPની થિયેટર પ્રત્યેની ઘેરી નિસબત ચાલુ રહી શકી છે તેમાં બિનીતાબહેનનો ફાળો છે.

તો પછીની પેઢીમાંથી ગુજરાતી ભાષા અને સાહિત્ય સાવ નાબૂદ થઈ જશે.

પોતે એન્જિનિયર હોવા છતાં 1978માં તેમણે થોડા રસ ધરાવતા લોકોના બાળકોને ગુજરાતી-હિન્દી ભાષા અને યોગ શીખવવાનું શરૂ કર્યું. આ કામ અમેરિકામાં તો અંગ્રેજી માધ્યમ દ્વારા જ થઈ શકે, પરંતુ આ પ્રકારનાં પુસ્તકો તેમને મળ્યાં નહીં એટલે કિરીટભાઈએ 'Learn Gujarati' પુસ્તક લખ્યું. આ પુસ્તકને ઘણી સફળતા મળી. તેની આવૃત્તિઓ પણ થઈ. આ ઉપરાંત પુસ્તકની CD Rom પણ પ્રગટ થવાથી તેનો વ્યાપક પ્રચાર થયો. કિરીટ શાહ ચાળીસ વર્ષથી અમેરિકામાં વસવા છતાં તેમને હૈયે હજી ગુજરાતની ભાષાનો પ્રેમ એવો જ અકબંધ છે. 2001માં ગુજરાતમાં થયેલા ભીષણ ભૂકંપ બાદ તેમણે ગુજરાતનાં છ શહેરોમાં ભૂકંપ સામે ટક્કર લઈ શકે તેવી બાંધકામની ડિઝાઈન અંગે પરિસંવાદોનું આયોજન પણ કર્યું હતું.

ડૉ. રજની પી. શાહ (જ. 26-12-1937)

મિત્રવર્તુળમાં RPના નામે જાણીતા રજની શાહ વ્યવસાયે ડૉક્ટર છે. વડોદરામાં તબીબી અભ્યાસ કરતાં લેખન-પ્રવૃત્તિ શરૂ થઈ ગઈ હતી. 1967માં ન્યૂયૉર્ક આવતા સુધીમાં એમની વાર્તાઓ ગુજરાતી સામયિકોમાં પ્રગટ થઈ ચૂકી હતી.

ગુજરાતમાં હતા ત્યારે સાહિત્યલેખન ઉપરાંત એમનો રંગભૂમિ પ્રત્યે ઘેરો લગાવ હતો. એમણે અનેક નાટકો લખ્યાં, તખ્તા પર રજૂ કર્યાં, દિગ્દર્શન કર્યું, અભિનય પણ કર્યો. થિયેટર



પ્રત્યેનો લગાવ પરદેશી ભૂમિમાં મોળો ન પડ્યો પણ મજબૂત થયો. તેમનું 'બુકાની બાંધેલો સ્નોમેન' નાટક અમેરિકાનાં અનેક નગરોમાં રજૂ થયું અને ભાવકોની પ્રશંસા પામ્યું. અમેરિકામાં મોટેલ ખોલવાનું સાહસ કરી બેઠેલા એક ગુજરાતીની આ કરુણાંતિકા છે. જ્યારે માનવમનની ભીતરના જાતીય આવેગોને સપાટી પર લાવી મૂકતું નાટક 'મારી નિગાર સુલતાના' પણ એક સુંદર કલાકૃતિ છે.

RP કદાચ એવા એકમાત્ર ગુજરાતી છે કે ન્યૂયૉર્ક - બ્રૉડવેમાં ભજવાયેલાં લગભગ બધાં જ પશ્ચિમી નાટકો જોયાં છે. એમની પાસે એમણે જોયેલાં અંદાજે 250 નાટકોની ઑપેરા બૂક છે. નાટક જોયા પછી તેનું પોતે લખેલું અવલોકન અને તે જ નાટકનું 'ન્યૂયૉર્ક ટાઈમ્સ' આવેલા અવલોકનનાં કટિંગની પણ અપ ટુ ડેટ ફાઈલ છે. સલામ RP !

પન્ના નાયક

મુંબઈમાં જન્મ પણ કાયમી નિવાસ કર્યો અમેરિકામાં. વિદ્યાર્થીકાળથી જ લેખન પ્રત્યેની અભિરુચિના સુખદ પરિણામે 1972માં કાવ્યસર્જન તરફ વળ્યાં. 1976માં પ્રથમ કાવ્યસંગ્રહ 'પ્રવેશ' પ્રગટ થયો. ત્યાર બાદ 'ફિલાડેલ્ફિયા', 'નિસબત', 'અરસપરસ', 'અવાજવન' અને ઈ. 2000માં 'વિદેશિની' કાવ્યસંગ્રહો પ્રગટ થયા.

તેમનાં કાવ્યોનાં અંગ્રેજી ભાષાંતર 'માસાચ્યુસેટ્સ રિવ્યૂ', 'ચંદ્રભાગા', 'જર્નલ ઑફ સાઉથ ઈન્ડિયન લિટરેચર' જેવાં સામયિકોમાં પ્રગટ થયાં છે. આ ઉપરાંત તેમની ગુજરાતી નવલિકાઓ ગુજરાત-ભારતમાં તેમ જ વિદેશોમાં પણ પ્રગટ થઈ



છે. ગુજરાતી ભાષાના પ્રશિષ્ટ પ્રકાશક 'ઈમેજ પબ્લિકેશન' દ્વારા પન્ના નાયકની વાર્તાઓનું પ્રકાશન થયું છે. પન્નાબહેનના પ્રથમ કાવ્યસંગ્રહ 'પ્રવેશ'ને ગુજરાત સરકારનું પારિતોષિક પ્રાપ્ત થયું હતું. આ ઉપરાંત તેમના ગુજરાતી સાહિત્યમાં ધ્યાનાર્હ પ્રદાન બદલ ઉત્તર અમેરિકાની ગુજરાતી લિટરરી અકાદમીએ તેમને ચુનીલાલ વેલજી એવૉર્ડથી સન્માનિત કર્યાં હતાં. પન્ના નાયક અમેરિકાના પેન્સિલવેનિયા રાજ્યની યુનિવર્સિટી લાઈબ્રેરીમાં લાઈબ્રેરિયન તરીકે સેવાઓ આપે છે. તેમણે ગુજરાતી અને સંસ્કૃત સાહિત્ય સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી એમ.એ. તથા લાઈબ્રેરી સાયન્સની ઉપાધિ મેળવી છે.

પ્રીતમ લખલાણી (જ. 1-9-1952)



મુંબઈમાં ઘાટકોપરના વતની પ્રીતમ લખલાણી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર સાથે એમ.એ.નો અભ્યાસ કરીને 1977થી અમેરિકામાં સ્થાયી થયા છે. અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ લીધું હોવા છતાં તેમણે ગુજરાતી સાહિત્યસર્જનમાં સફળતાપૂર્વક હાથ અજમાવ્યો છે. તેમણે કાવ્યો ઉપરાંત જીવનચરિત્રો અને વાર્તાઓનું પણ સર્જન કરેલું છે. તેમનાં કાવ્યોમાં ગ્રામીણ જીવન અને પ્રકૃતિનાં પ્રતીકોનું સુંદર સંયોજન જોવા મળે છે. ઘણી વાર તેમનાં કાવ્યો આપણી ભીતર રહેલા વિસ્મયને જગાડે છે. તેમના ચાર કાવ્ય સંગ્રહો : 'ગોધૂલિ', 'દમક', 'સંકેત' અને 'એક્વેરિયમમાં દરિયો' દ્વારા તેમણે નોંધપાત્ર લઘુકાવ્યો અને મોનો-ઈમેજ કાવ્યો આપ્યાં છે. સત્યપ્રસંગો પર આધારિત લખાયેલ લેખોનો સંગ્રહ 'સુગંધની પરબ', વાર્તાસંગ્રહ 'દૃષ્ટિકોણ' અને વ્યક્તિચિત્રોનો સંગ્રહ 'શબ્દની ફ્રેમ' તેમના ઈ. 2002માં પ્રગટ થયેલ સંગ્રહો છે. ટૂંક સમય પહેલાં જ તેમના સંપાદન તળે અમેરિકાના સર્જકોનો કાવ્યસંગ્રહ 'બરફમાં મેઘધનુષ' અને વાર્તા સંગ્રહ 'દરિયા પારના દર્પણમાં' પ્રગટ થયા છે.

દિનકર પુજારા



મૂળ રાજકોટના વતની. અભ્યાસે-વ્યવસાયે એન્જિનિયર. નસીબ અજમાવવા અમેરિકા, અને ત્યાં સ્થિર થયા. ન્યૂયૉર્ક જેવા મેગાસિટીનો ટ્રાન્સિટ ઑથોરિટીના મૅનેજરનો હોદ્દો સંભાળે છે. બાળપણથી જ લેખન પ્રત્યે લગાવ હતો તે ચાલુ જ રહ્યો, એટલું જ નહીં, વિકસ્યો પણ ખરો. 'નેતિ નેતિ' (1996) 'રૌરવ' (1998) અને 'વાસનામોક્ષ' (2000) તેમની નવલકથાઓ છે. હાલમાં અંગ્રેજીમાં એક નવલકથા લખી રહ્યા છે. તેમના રસનો વિષય રાજકારણનો પણ છે. એટલે રાજકીય પૃષ્ઠભૂમાં ઉચ્ચકક્ષાએ કેવાં કૌભાંડો - કરતૂતો ચાલે છે તે તેમનાં પાત્રોમાં ગૂંથીને રસપ્રદ નવલકથા રચી શકે છે. ઈતિહાસ અને રાજકારણ તેમના રસના વિષયો છે.

કેનેડામાં ગુજરાતી સાહિત્યિક પ્રવૃત્તિઓ

કેનેડામાં સૌપ્રથમ ગુજરાતી ક્યાં અને ક્યારે આવ્યા તેની ખબર નથી, પરંતુ ત્રીસ વર્ષ પહેલાં ટૉરન્ટોમાં ગુજરાતીઓની વસ્તી હતી અને ઉત્તરોત્તર સંખ્યા વધતી જ રહી છે. એક લાખ પચાસ હજાર ગુજરાતીઓ હશે અને તેમાંથી પંચોતેર હજાર ટૉરન્ટો અને તેની આજુબાજુના વિસ્તારમાં છે. મોન્ટ્રિયલ, ઓટાવા, વેનકુવર, વિનિપેગ, કેલગરી અને ક્વીબેકમાં કુલ પિસ્તાલીસ હજાર હશે. આ સંખ્યામાં ગુજરાતીઓ ઉપરાંત પારસી, મેમણ, ઇસ્માઈલી-મુસલમાન અને કચ્છી, જેઓ ઘરમાં ગુજરાતી બોલે છે, તે બધાની ગણતરી કરી છે.

પ્રકાશનપ્રવૃત્તિમાં નિયમિત ધોરણે મફત ચોપાનિયાં અવારનવાર પ્રગટ થતાં રહે છે. અગાઉ 'ગુજરાત વર્તમાન' (જે. ડી. શાહ), 'સબરસ' (કનુ ગજ્જર), 'મધુવન' (રામભાઈ ત્રિવેદી) અને હાલમાં 'ગુજરાત અબ્રૉડ' (વિપુલ જાની) જેવાં અનિયતકાલિકો પ્રગટ થાય છે. પહેલાં ગુજરાત સમાજ વાર્ષિક દિવાળી અંક પ્રગટ કરતો હતો. ગુજરાતી સંસ્થાઓએ અંગ્રેજીમાં અહેવાલ કે પત્રિકા છાપવાનો કે ઑનલાઇન પ્રગટ કરવાનો સરળ રસ્તો લીધો છે. સંસ્કૃતિ જાળવવાની દૃષ્ટિએ આવા ફેરફાર ઊંધી દિશામાં જાય છે. ચિંતનાત્મક ચર્ચા-વિચારણાનું કોઈ પ્રકાશન કે પુસ્તક પ્રગટ થયું જોવામાં આવ્યું નથી.

થોડાં વર્ષો પહેલાં વીરેન્દ્ર અઢિયાએ 25 વર્ષ સુધી રેડિયો કાર્યક્રમ અને ટીવી કાર્યક્રમો 12 વર્ષ સુધી સતત ચલાવ્યા હતા. રાજેન-રેખા મર્ચન્ટે પણ પ્રયાસ કર્યા છે. ભારતથી કેબલ દ્વારા ટીવીના કાર્યક્રમો પ્રસારિત થાય છે. અગત્યના સમાચાર દૈનિક છાપાની કે સામયિકી વેબસાઇટ પરથી જોઈ સંતોષ મેળવે છે.

થોડાક સાહિત્યકારો પોતાનાં લેખ, કાવ્યરચનાઓ કે અન્ય કૃતિઓ અમેરિકા અને ભારતમાંથી પ્રગટ થતાં સામયિકમાં મોકલે છે અને પ્રગટ પણ થાય છે. અગાઉ વીરેન્દ્રભાઈ 'મુંબઈ સમાચાર'માં કેનેડાનો પત્ર લખતા હતા.

કવિતા, ગઝલ વગેરે પદ્યમાં લખતાં હોય તેમાં શૈલેશ દેસાઈ, આબીદ ઓકડિયા, કિશોર પટેલ, કેશવ ચંદરિયા, મધુરી અને શાંતિલાલ ધનિક, શકુંતલા સ્વામી, કનુ ગજ્જર છે, જ્યારે ગદ્યમાં - વાર્તા, નવલકથા, લેખ, ભાષાંતર વગેરે ક્ષેત્રે : નીતા દવે, પ્રકાશ મોદી, જય ગજ્જર, કિન્નરી ભટ્ટ, ફિરોઝ ખાન.

ગુજરાતી હોવા છતાં અન્ય ભાષામાં (મુખ્યત્વે અંગ્રેજીમાં) પોતાનું યોગદાન પ્રદાન કરનારામાં - ઠક્કર બહેનો - સુધા, મેનકા અને પ્રજ્ઞા, રસેશ ઠક્કર છે. કલાકાર પ્રજ્ઞા દેસાઈ, પ્રખ્યાત ઍવૉર્ડવિજેતા નવલકથાકાર રોહિન્ટન મિસ્ત્રી, તંત્રી-લેખક એમ. જી. વસનજી, વાર્તાકાર લીલા મહેતા, વકીલ જય ચૌહાણ, ડૉ. ચંદ્રકાંત શાહે પાઠ્યપુસ્તક-લેખન-ક્ષેત્રે પ્રદાન કર્યું છે.

પોતાની યુવાનીમાં અહીં કે પરદેશમાં સક્રિય પ્રવૃત્તિઓ કરી હોય પણ ઉંમરને કારણે હવે નિવૃત્તોની યાદીમાં ડૉ. વિનોદ બ્રહ્મભટ્ટ, સ્મિતા ભાગવત, પૂર્ણિમા ભટ્ટ, કુસુમબહેન અઢિયા, દિલહર ભચેચ, માર્કંડ ભટ્ટ છે. અગાઉ સાહિત્યમાં પ્રદાન કર્યું હોય પણ દિવંગતની યાદીમાં રમણીકભાઈ શાહ જેમણે થોડાંક પુસ્તકો પ્રગટ કર્યાં છે.

ભારતમાં કેનેડિયન સાહિત્યમાં રસ ધરાવનાર નીતા રામૈયા મુંબઈમાં એસએનડીટી યુનિવર્સિટીમાં કેનેડિયન સ્ટડીઝનો ખાસ વિભાગ સંભાળે છે. તેમણે કેનેડિયન કવિઓના અનુવાદ તેમ જ અન્ય કેનેડિયન સાહિત્ય વિષે સંગ્રહ પ્રગટ કર્યા છે. તેવી જ રીતે શીરીન કુડચેડકરે પણ 'કવિસપ્તક' કાવ્ય-અનુવાદ-સંગ્રહ પ્રગટ કર્યો છે. 'કાવ્યવિશ્વ'માં મૂકેશ જોષી અને જગદીશ જોષીનાં અનુવાદિત કેનેડિયન કાવ્યો પ્રગટ થયાં છે.

આપણાં અહીં જન્મેલાં બાળકોની આ જ માતૃભૂમિ કહેવાય, પણ તેમને ગુજરાતી ભણાવવા માટે બૉર્ડ ઑફ એજ્યુકેશને વ્યવસ્થા કરી છે. ખર્ચના કાપ અને વિદ્યાર્થીની ઘટતી સંખ્યાને લીધે સ્કૂલ અને વિદ્યાર્થીદીઠ શિક્ષકની સંખ્યામાં ફેરફાર થયા છે. મફતભાઈ પટેલે ઘણાં વર્ષ આ કાર્યમાં મદદ કરી અને હવે ઘણા નવા શિક્ષકો આ જવાબદારી સંભાળે છે. ઇસ્માઈલી મુસલમાન, મેમણ-વહોરા અને પારસી કોમની પોતાની ધાર્મિક પાઠશાળામાં ગુજરાતી શીખવવાની પણ વ્યવસ્થા કરી છે, પણ તેવું હિન્દુ-જૈનધર્મીઓએ કશું કર્યું નથી. સ્કૂલમાં ગુજરાતી વિષય ક્રેડિટ કોર્સમાં છે, પરંતુ યુનિવર્સિટી (વિદ્યાપીઠ) કક્ષાએ યોગ્ય વ્યવસ્થા નથી. શહેરના પુસ્તકાલયમાં ગુજરાતી પુસ્તકો ઉપરાંત ઑડિયો-વિડિયો કેસેટ્સ ઉપલબ્ધ છે.

મેનકા ઠક્કર





પ્રજ્ઞા દેસાઈ

કેનેડામાં સાહિત્યસંશોધનક્ષેત્રે ગુજરાતી સાહિત્યકારો



નીતા દવે

મુંબઈમાંથી સ્નાતક થઈ, 1992માં કેનેડાને પોતાની કર્મભૂમિ બનાવનાર નીતા દવે અને શૈલેશ દેસાઈ ગુજરાતીભાષાપ્રેમી છે. દેશ-વિદેશથી - ખાસ કરીને ભારત-ગુજરાતથી કેનેડા આવતાં સાહિત્યસર્જકો તેમજ ગાયક-સંગીતકારોના કેનેડામાં કાર્યક્રમો યોજવામાં આ દંપતીને ઝાઝો રસ અને ઉમળકો છે. નીતા દવે ઇન્ટરપ્રિટર અને ટ્રાન્સલેટર છે, જ્યારે શૈલેશ દેસાઈ ફાર્માસિસ્ટ છે. નીતાબહેનનાં લેખો, નવલિકા, કાવ્યો 'ગુર્જરી ડાયજેસ્ટ', 'ચિત્રલેખા', 'સમકાલીન', 'દેશવિદેશ' જેવાં પત્રોમાં પ્રગટ થતાં રહે છે. જ્યારે શૈલેશ દેસાઈ પણ કાવ્ય, ગઝલ, લેખો જેવાં સાહિત્યસ્વરૂપોમાં સફળતાપૂર્વક ખેડાણ કરી રહ્યા છે. નીતાબહેને 'ગુર્જરી ડાયજેસ્ટ'ના 'કેનેડા વિશેષાંક'નું સંપાદન કર્યું છે.



શૈલેશ દેસાઈ

પ્રકાશ મોદી (જ. 20-9-1944)



પ્રકાશ મોદીનો જન્મ વઢવાણ-ગુજરાતમાં પરંતુ સંજોગોવશાત્ શાળાકીય શિક્ષણ લીધું રંગુન(મ્યાનમાર)માં અને કૉલેજશિક્ષણ કલકત્તામાં. તે જ યુનિવર્સિટીમાંથી કૉમર્સ વિદ્યાશાખામાં સ્નાતક થયા. થોડો સમય એકાઉન્ટન્ટ તરીકે કામગીરી પણ કરી.

1972માં પ્રકાશ મોદી મુંબઈ આવ્યા. ટૅક્સેશન અને મૅનેજમેન્ટ કન્સલ્ટેશનની કંપની શરૂ કરી. ત્યાર બાદ જામનગરમાં તેમણે ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ અને રાજકોટમાં સાયન્સ સેન્ટરની શરૂઆત કરી. આ દરમ્યાન, કિશોરાવસ્થાથી જ તેમનામાં પાંગરેલો વાચનનો અને વિવિધ વિષયોમાં સંશોધનનો રસ સતત વિકાસ પામી રહ્યો હતો.

1988માં પ્રકાશભાઈ કૅનેડા ગયા. ત્યાં તેમણે નાની-મોટી નોકરીઓ કરી ઓન્ટારિયોના ટેલિવિઝન કેન્દ્રમાં શિક્ષણ-વિભાગમાં પ્રવક્તા તરીકે અને ત્યાર બાદ મિડિયા લાઇબ્રેરિયનની ગમતી કામગીરી મળી ગઈ. આ સાથેસાથે તેઓ તેમના વિસ્તારમાં થતી સાહિત્યની તેમ જ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સક્રિય રહે છે. જેમકે, કૅનેડાના ગુજરાતીઓની એકમાત્ર સાહિત્ય-સંસ્થા 'શબ્દસેતુ'માં, ટોરેન્ટોની જૈન સોસાયટી જેવી અનેક સંસ્થાઓમાં પ્રવૃત્ત છે. આ ઉપરાંત તેઓ 'ટોરન્ટો સ્ટાર ડેઈલી ન્યૂઝ' પેપરના કમ્યુનિટી એડીટોરિયલ બોર્ડ ઉપર પણ રહીને સેવા બજાવે છે. તેમણે અનેક લેખો લખ્યા છે.

પ્રકાશ મોદી ઝીણું કાંતનારા સંશોધનકાર છે. ગુજરાતના મહાનુભાવોની જન્મ-અવસાનની તારીખો, ટપાલટિકિટો પર મહાનુભાવો, જૈનધર્મ અંગે કેટલીક બાબતે તેમણે સંશોધનો કર્યા છે. પરદેશમાં - જ્યાં આ પ્રકારનાં સંશોધનો માટેનાં સ્રોત-માહિતી ઓછાં હોય ત્યાં - આવું કાર્ય અભિનંદનીય છે.

કેશવ ચંદરયા (જ. 27-1-1927)



જામનગર-સૌરાષ્ટ્રમાં જન્મેલા કેશવ ચંદરયા માત્ર આઠ માસના હતા ત્યારે પિતા સાથે આફ્રિકા ગયા હતા. તેમણે શાળાકીય શિક્ષણ ભારતમાં લીધું પણ કૉલેજશિક્ષણ અમેરિકાની કેલિફોર્નિયાની યુનિવર્સિટીમાંથી મેળવ્યું. 1948માં સ્નાતક થયા. કેનિયા-આફ્રિકામાં પોતાના પરિવારના ઉદ્યોગ-સામ્રાજ્યમાં જોડાયા અને તે પ્રવૃત્તિના જ વિસ્તરણ નિમિત્તે 1976માં કૅનેડા આવ્યા.

કેશવ ચંદરયાના પૂર્વજો એક સો વર્ષથી એન.આર.આઈ. છે. પરિણામે કૅનેડામાં સ્થિર થઈ તેમણે માત્ર પોતાના ઉદ્યોગગૃહના વિકાસમાં જ પોતાની નિષ્ઠા અને શક્તિને સીમિત રાખ્યાં નથી, પરંતુ પોતાના વિસ્તારની સામાજિક તેમ જ સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં ઊંડો રસ લઈને, તેમનાથી જે કાંઈ ફાળો આપી શક્યા તે હૃદયપૂર્વક આપ્યો છે. રોટરી ક્લબ દ્વારા આયોજિત માનવતાવાદી પ્રકલ્પોમાં, રૉયલ ઓન્ટારિયો મ્યુઝિયમમાં 'સાઉથ એશિયન ગૅલેરી'ની સ્થાપના જેવાં અનેક કાર્યોમાં તેમનું મહત્ત્વનું યોગદાન છે. તેમના ભાઈ કપૂરભાઈ ચંદરયાએ 'ચંદરયા ફાઉન્ડેશન ઇન્ટરનૅશનલ' (લંડન) દ્વારા ગુજરાતી ભાષા-સાહિત્ય અને સંસ્કૃતિને પોષક-પ્રોત્સાહક એવી અગણિત પ્રવૃત્તિઓ કરી છે. તેમ જ બીજા ભાઈ રતિલાલ ચંદરયા કમ્પ્યુટરક્ષેત્રે ગુજરાતી ભાષાના સૉફ્ટવેર-વિકાસમાં વર્ષોથી પ્રવૃત્ત છે.

રોહિન્ટન મિસ્ત્રી (જ.1952)



મુંબઈમાં જન્મ - 1975માં કૅનેડા આવ્યા. બૅંકમાં નોકરી કરી અને ન્યૂયૉર્ક યુનિવર્સિટીમાં તેમ જ ટોરન્ટો યુનિવર્સિટીમાં અંગ્રેજી અને ફિલૉસોફીમાં ઉચ્ચ અભ્યાસ કર્યો. 1983માં બી.એ. થયા.

1982માં યુનિવર્સિટી દ્વારા યોજાયેલી ટૂંકી વાર્તાની એક સ્પર્ધામાં તેમને પહેલું ઇનામ મળ્યું. ત્યાર બાદ અંગ્રેજીમાં લખાયેલી તેમની અનેક ટૂંકી વાર્તાઓ કૅનેડાના ખ્યાતનામ સામયિકોમાં છપાઈ. 1987માં પ્રથમ વાર્તાસંગ્રહ 'ટેલ્સ ફ્રૉમ ફિરોજશા બાગ' કૅનેડાના પૅંગ્વિન બૂક્સ તરફથી પ્રગટ થયો. મિસ્ત્રીની પ્રથમ નવલકથા 'સચ એ લૉંગ જર્ની' પણ પ્રગટ થઈ. 1995માં તેમનું પુસ્તક 'એ ફાઈન બૅલેન્સ' વિશ્વપ્રસિદ્ધ બૂકર પ્રાઇઝ માટે રજૂ કરવામાં આવ્યું હતું.

જય ગજ્જર



ઉત્તર ગુજરાતના પાનસરમાં જન્મ. અમદાવાદમાં એમ.એ. કરી ગુજરાત સરકારના ભાષાસંચાલન તંત્રમાં અને બાદમાં ગુજરાત યુનિવર્સિટીમાં ભાષાંતરકાર તરીકે કામગીરી કરી. ત્યાર પછી અમદાવાદની કૉલેજમાં ગુજરાતી વિષયમાં અધ્યાપન કર્યું.

આ દરમ્યાન લેખન તો ચાલુ થઈ જ ગયું હતું. સામયિકોમાં નવલિકાઓ પ્રગટ થતી હતી - 'કુમાર', 'નવચેતન', 'શ્રીરંગ', 'નવનીત', 'ચિત્રલેખા', 'ચાંદની', 'સ્ત્રી', 'શ્રી' જેમાં નવલકથાક્ષેત્રે 'ફૂલડે ફૂલડે ફોરમ'થી આરંભ કરી 'અંતઃ સ્તલ', 'સ્નેહ શૂન્યના સરવાળા' અને 'પથ્થર થરથર ધ્રૂજે' સહિત છ નવલકથાઓ પ્રગટ થઈ છે.

1970માં જય ગજ્જર કૅનેડા આવ્યા. વ્યાપારી કૌશલ્ય ગળથૂથીમાં જ હોઈ ધંધામાં પડ્યા અને 1974માં પોતાની માલિકીની કંપની 'ક્વૉલિટી પ્રિન્ટર્સ' શરૂ કર્યું. આ જ વર્ષમાં જાહેરજીવનમાં પણ તેમણે પદાર્પણ કર્યું. અહીંની લાયન્સ ક્લબમાં જોડાતાં તેમની સામાજિક સેવા-પ્રવૃત્તિ પણ શરૂ થઈ.

1993માં કૅનેડાના ગવર્નર જનરલે પદ્મશ્રીને સમકક્ષ એવો ત્યાંનો 'ઑર્ડર ઑફ કૅનેડા' ગજ્જરને અર્પણ કર્યો હતો. આ એવૉર્ડ મેળવનાર જય ગજ્જર પ્રથમ ગુજરાતી છે.

શબ્દસેતુ

(સાહિત્ય-સંસ્થા)



થોડાં વર્ષો પહેલાં કૅનેડામાં રહેતા ગુજરાતી મિત્રોએ અવારનવાર મળવાનું મુનાસિબ માન્યું. તે સમયે તો કોઈના મનમાં - મળીને શું કરવું - તે વિષે કોઈ નક્કર ખ્યાલ ન હતો, પણ એક શુભ ઘડીએ એ મિલનને - સાહિત્ય-સંસ્કૃતિમાં સમાન સમજણ અને રસ ધરાવતા એ મિત્રના મિલનનું નામકરણ થયું - 'શબ્દસેતુ'.

'શબ્દસેતુ' ગુજરાતી ભાષા-સાહિત્યમાં રસ ધરાવનાર મિત્રો માટે સાચા અર્થમાં 'સેતુ' સાબિત થયો. એટલું જ નહીં, પણ આ સંસ્થા અમેરિકામાં વસતા તેમ જ ભારતમાં વસતા સાહિત્યકારોને પોતાને આંગણે અવારનવાર આમંત્રે છે. તેમની સાથે સાહિત્યિક-સાંસ્કૃતિક સંવાદ સાધે છે. 'શબ્દસેતુ'ના સભ્યો તે સંવાદમાં પોતાના સૂર પુરાવે છે - સમૃદ્ધ થાય છે અને કરે છે. પોતાનાં મૂળિયાંમાંથી રસકસ ચૂસીને તાજગી અને પ્રસન્નતા અનુભવે છે.

'શબ્દસેતુ'ના સભ્યો દર મહિનાના બીજા રવિવારે મળે છે. તેની કોઈ સભ્ય-ફી નથી. પ્રકાશ મોદી, કિશોર પટેલ તેમાં સક્રિય રહે છે.

શાસ્ત્રીય સંગીત

તાના-રીરી

(જ. આશરે 16મી સદી)

શાસ્ત્રીય સંગીતની વિખ્યાત ગાયિકાઓ, તાના અને રીરી નામે બે બહેનો વડનગરમાં રહેતી હતી.

એક સુપ્રસિદ્ધ ઘટનાને કારણે તાના-રીરીનું નામ સંગીતના ઇતિહાસમાં અમર થયું છે. અકબરની શાહજાદીએ એક વાર મિયાં તાનસેન પાસેથી દીપક-રાગ સાંભળવાની હઠ કરી. આ રાગ ગાવાથી ગાયકના શરીરમાં દાહ થાય છે અને તેનું શમન મલ્હાર-રાગ ગાવાથી જ થઈ શકે એમ કહીને તાનસેને દીપક-રાગ ગાવાની આનાકાની કરી. પરંતુ શાહજાદીના હઠાગ્રહને લીધે છેવટે તાનસેને તે રાગ ગાયો ખરો, પરંતુ તેના શરીરમાં દાહ પ્રગટ્યો. મલ્હાર-રાગ ગાઈ શકે એવા કુશળ ગાયકની શોધમાં તાનસેને આગ્રાથી પ્રયાણ કરી ઠેરઠેર રખડવા માંડ્યું.

ફરતાંફરતાં તે વડનગર પહોંચ્યો. તે સમયમાં શાસ્ત્રીય સંગીત અને અન્ય કળાઓના ક્ષેત્રે વડનગરની પ્રતિષ્ઠા ઘણી ઊંચી હતી. પોતાની તરસ દૂર કરવા તાનસેન નગરના શર્મિષ્ઠાતળાવ પર ગયો. તાના-રીરી તે દિવસે અહીં પાણી ભરવા આવી ત્યારે તાનસેનને જોઈને આ બે બહેનો સમજી ગઈ કે દીપક-રાગના દાહથી તે પીડાઈ રહ્યો છે.

ઘરે પહોંચતાં જ તેમણે પોતાના પિતાને આ વાત કહી. પિતા તરત જ તળાવ પાસે ગયા. તાનસેનની કથની સાંભળીને પિતા દ્રવિત થયા અને પોતાની દીકરીઓ મલ્હાર-રાગ ગાઈને તાનસેનને પીડામાંથી મુક્ત કરશે એવું વચન તેમણે તાનસેનને આપ્યું. નગરના પ્રાચીન હાટકેશ્વર મહાદેવના મંદિરમાં તાના-રીરીએ મલ્હાર-રાગ રજૂ કર્યો. રાગ જેમજેમ ગવાતો ગયો તેમ-તેમ આકાશમાં વાદળાં ઘેરાતાં ગયાં અને જોતજોતાંમાં મુસળધાર વરસાદ નગર પર તૂટી પડ્યો. તાનસેન દાહમાંથી મુક્ત થયો.

તાના-રીરીના પિતાએ તાનસેન પાસેથી વચન મેળવ્યું કે તેમના વિશેની કોઈ વાત બાદશાહને કહેવામાં નહિ આવે. તાનસેન બાદશાહના દરબારમાં હેમખેમ પાછો ફર્યો ત્યારે તેનું રહસ્ય કહેવા માટે બાદશાહે તાનસેનને ફરજ પાડી. બંને બહેનોને દરબારમાં રજૂ કરવા બાદશાહે હુકમ કર્યો. સૈનિક વડનગરની દિશામાં દોડ્યા. સૈનિકોને જોઈને નગરજનો ગભરાયા. બંને પક્ષો વચ્ચે લડાઈ થઈ, પરંતુ તે દરમ્યાન તાના-રીરી ગુપ્ત રાહે નગર છોડીને બહાર જતી રહી અને સૈનિકોને વશ થવાને બદલે તેમણે જળસમાધિ લીધી. આ હકીકતની જાણ થતાં તાનસેન ખૂબ દુઃખી થયા. આજે પણ વડનગરના સ્મશાનમાં તાના-રીરીની સમાધિઓ તેમની યાદ આપતી ઊભી છે.



બૈજુ બાવરા

(જ. ઈ. સ. 1500થી 1600 વચ્ચે હયાત)

બાદશાહ અકબરના શાસન દરમ્યાન સ્વામી હરિદાસ અને તાનસેનની સાથે બૈજનાથ - બૈજુનું પણ મહત્ત્વનું સ્થાન છે.

બૈજુનો જન્મ ગુજરાતમાં ચાંપાનેરના એક ધાર્મિક વૃત્તિના બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. બચપણમાં જ એના પિતાનો દેહાંત થયો. એની માતા શ્રીકૃષ્ણની ઉપાસિકા હતી. તેના પ્રભાવથી બૈજુ પણ શ્રીકૃષ્ણનો ભક્ત થયો હતો. બૈજુનાં રચેલાં ધ્રુપદોમાં શ્રીકૃષ્ણ ઉપરાંત ગણેશ, શારદા, શંકર, હરિહર વગેરે દેવદેવીઓની સ્તુતિઓ પણ છે.



બૈજુની કિશોરાવસ્થામાં જ એની માતા એને લઈને શ્રીકૃષ્ણના લીલાધામ વૃંદાવન ગઈ. ત્યાં સંગીતના મહાન આચાર્ય સ્વામી હરિદાસનો એ શિષ્ય બન્યો અને સ્વામીજીનાં શિક્ષણ તથા સત્સંગથી એ મહાન સંગીતકાર તથા પરમ ભક્ત બન્યો.

સંગીતકલામાં પારંગત થયા પછી બૈજુ ચંદેરીના શાસક રાજસિંહ કછવાહાને આશ્રયે રહ્યો અને તે પછી ગ્વાલિયરના કલાપ્રિય રાજા માનસિંહ તોમારના દરબારી ગાયક તરીકે નિયુક્ત થયો. ગ્વાલિયરમાં નિવાસ દરમ્યાન બૈજુએ હોરી-ગાયકીની એક સુંદર પ્રણાલીનું સર્જન કર્યું તથા ગુજરી તોડી, મૃગરંજની તોડી, મંગલ-ગુજરી જેવા અનેક નવા રાગો બનાવ્યા. બૈજુની પ્રતિભાને ચિરસ્થાયી બનાવવા માટે મહારાણી મૃગનયની તથા માનસિંહે 'ગ્વાલિયર સંગીત વિદ્યાપીઠ'ની સ્થાપના કરી હતી અને તેના અભ્યાસક્રમમાં હોરીગાયકી તથા ધમાર તાલ સમાવિષ્ટ કર્યાં હતાં. ગ્વાલિયરનું પતન થયા પછી બૈજુ ગુજરાતના સુલતાન બહાદુરશાહનો આશ્રિત થયો હતો.

બૈજુના સમગ્ર જીવન પર સ્વામી હરિદાસજીનો ખૂબ પ્રભાવ રહ્યો. તે આજીવન કૃષ્ણભક્ત રહ્યા અને સંસારથી તેમનું મન વિમુખ જ રહ્યું. છેલ્લે તેણે સંન્યાસ લીધો હતો અને કાશ્મીરની પહાડીઓ અને જંગલોમાં જીવનની અંતિમ ક્ષણો વિતાવી હતી એવી પણ એક માન્યતા છે.

મોગલ સમ્રાટ હુમાયુએ ગુજરાત પર ચઢાઈ કરી અને બહાદુરશાહના તાબામાં રહેલો માંડુનો કિલ્લો જીતી લીધો તથા અંદર રહેલા માણસોની કતલ કરવાનો હુકમ આપ્યો. આ અરસામાં બૈજુ પણ ત્યાં જ હતો અને પોતાની સંગીત-સાધનામાં મશગૂલ હતો. તેનું દિવ્ય સંગીત સાંભળીને એક મોગલ સૈનિક એને હુમાયુ પાસે લઈ ગયો. હુમાયુએ બૈજુને ગાવાનું ફરમાન કર્યું. બૈજુનું સંગીત સાંભળીને હુમાયુ બહુ જ પ્રસન્ન થયો ને બૈજુને ઇનામ માગવા કહ્યું. બૈજુએ કતલ બંધ કરવાની અરજ કરી જે હુમાયુએ માન્ય રાખી. આ ઉપરાંત બૈજુએ સર્વ કેદીઓને મુક્ત કરવાની અરજ કરી અને તે પણ માન્ય થઈ. બૈજુએ 'ઓકદેશા' નામનો એક સંગીતગ્રંથ લખ્યો હતો તેમ જ 'રામસાગર'ની રચના કરી હતી.

સંગીતસ્પર્ધા

બૈજુ બાવરાના જીવનની તાનસેન સાથેની પ્રતિસ્પર્ધાની વાત ખૂબ જાણીતી છે. કિંવદંતી મુજબ તાનસેન અકબરના દરબારનો શ્રેષ્ઠ ગાયક કહેવાતો હતો ત્યારે બૈજુ બાવરા સાથે એક વાર તેનો મુકાબલો થયો હતો. તાનસેને તોડી રાગ ગાઈને પાસેના વનમાંથી હરણોને બોલાવ્યાં અને તે પૈકી એક હરણને હાર પહેરાવ્યો. ગાયન પૂરું થયું અને હરણ ચાલ્યાં ગયાં. ત્યાર બાદ બૈજુ બાવરાએ મૃગરંજની રાગ ગાઈને જેના ગળામાં હાર હતો, તે એક જ હરણને બોલાવી બતાવ્યું. વળી બૈજુએ માલકૌંસ રાગ ગાતાં પથ્થર પીગળવા માંડેલો. તાનસેને પોતાના શ્રેષ્ઠ ગુરુબંધુની શ્રેષ્ઠતા સ્વીકારી હતી.

આદિત્યરામ વ્યાસ

(જ. 1819 * અ. 1880)



આદિત્યરામનો જન્મ જૂનાગઢમાં થયો હતો. નવ વર્ષની વયે મધુર અવાજની ખ્યાતિ સાંભળીને જૂનાગઢના નવાબ બહાદુરખાને આદિત્યરામને માનભેર તેડાવીને એમનું સંગીત સાંભળ્યું અને કિશોર આદિત્યને દરબારમાં ગાવાનું આમંત્રણ આપ્યું. લખનૌના ઉસ્તાદ નન્નુમિયાં પાસે તેમની શાસ્ત્રીય સંગીતની તાલીમનો બંદોબસ્ત કરી આપ્યો.

નન્નુમિયાં પાસે આઠ વર્ષની ઘનિષ્ઠ તાલીમ લઈને નિપુણ બનેલા આદિત્યરામનું નવાબે સન્માન કરીને તેમને રાજ્યગાયક નીમ્યા. એક વખત તેઓ ગાતા હતા ત્યારે એક સાધુએ આવીને મૃદંગ પર તેમની સંગત કરવા માંડી. આવું અદ્‌ભુત મૃદંગવાદન તેમણે સાંભળ્યું ન હતું. તેમની પાસેથી આદિત્યરામ મૃદંગ પણ શીખ્યા.

મૃદંગ ઉપરાંત બીજાં કેટલાંક વાદ્યો પર પણ આદિત્યરામે સારો કાબૂ મેળવ્યો હતો. પોતાના શિષ્ય નવાબ હમીદખાંને એમણે ફક્ત પંદર દિવસમાં જ પખવાજ-વાદન શીખવ્યું હતું. બીજા પણ અનેક શિષ્યોને એમણે વિદ્યાદાન કર્યું હતું. એમના પુત્રો કેશવદાસ તથા લક્ષ્મીદાસ પણ પ્રખર સંગીતકાર હતા અને એમણે પિતાની સંગીતપરંપરા ચાલુ રાખી હતી.

આદિત્યરામજી ત્યાર બાદ વ્રજનાથ મહારાજ સાથે ભારતની સંગીત-યાત્રાએ નીકળ્યા. અનેક સ્થળોએ ગાયન-વાદનમાં તેમણે દિગ્વિજય કર્યો. જામનગર પાછા ફરીને તેમણે સંગીત પર એક પુસ્તક લખ્યું. એ 'સંગીતાદિત્ય' તરીકે વિખ્યાત છે.

આદિત્યરામજીની સંગીતકાર તરીકેની ખ્યાતિ એ કાળમાં ભારતની સંગીતની દુનિયામાં ખૂણેખૂણે વ્યાપી ગઈ હતી. આમ, બૈજુ પછી ગુજરાતને પોતાનો કહી શકાય તેવો મહાન સંગીતકાર મળ્યો.

આદિત્યરામના દેહાંત પછી એમના પુત્રોએ એમનું રચેલું 'સંગીતાદિત્ય' નામનું પુસ્તક પ્રકટ કર્યું હતું જેમાં એમણે રચેલી બંદિશોનો સંગ્રહ છે. તેમાંની કેટલીક બંદિશો માલશ્રી, માલવી, ત્રિવેણી, બ્રહ્માવર્ત વગેરે અપ્રચલિત રાગોમાં છે. આ પુસ્તકમાં જેમણે તેના પ્રકાશનમાં મદદ કરી હતી તેમનાં નામો આપવામાં આવ્યાં છે. તે નામાવલિમાં જેમણે એક રૂપિયાનું દાન કર્યું હોય એવા કેટલાક રાજવીઓનાં તથા રાજ-કુટુંબીઓનાં નામો પણ છે, જે મદદ આજના સમયમાં આપણને હાસ્યાસ્પદ લાગે, પરંતુ તે સમયે એક રૂપિયાનું મૂલ્ય ઘણું હતું.

ઈ. 1956માં સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમીએ આદિત્યરામનો જયંતી મહોત્સવ યોજ્યો હતો અને ઉત્તમ કોટિના કલાકારોએ ભાગ લઈ તેમને અંજલિ આપી હતી.

આદિત્યરામ

આદિત્યરામ ગૌરવર્ણા અને દેખાવડા હતા. જામનગરી લાલ પાઘડી, લાંબી બાંયનું અંગરખું અને લાલ કોરવાળા ધોતિયામાં તેમનો દેખાવ પ્રભાવશાળી લાગતો. 1846માં તેમનાં લગ્ન ભારે ધામધૂમથી થયાં. તેમની ઉપર રાજાના ચાર હાથ હતા એટલે આદિત્યરામનાં લગ્નનો સઘળો ખર્ચ જામસાહેબે આપ્યો હતો.

આદિત્યરામ સંસ્કૃત, હિન્દી, ફારસી તેમ જ ઉર્દૂ ભાષાનું ઊંડું જ્ઞાન ધરાવતા હતા. ટૂંક સમયમાં જ એમની ખ્યાતિ ચોતરફ ફેલાઈ ગઈ. ઘણી રિયાસતો તરફથી એમને રાજ્ય-ગાયકની પદવી માટે આમંત્રણ મળ્યાં જે એમણે નકાર્યાં. ઘણા સમય પછી પણ જામ વિભાજીના વખતમાં એમણે જામનગરના રાજ્ય-ગાયકની પદવી સ્વીકારી. એમને લક્ષ્મી તથા સરસ્વતી બંને વર્યાં હતાં, જે બીજા અનેક કલાકારો માટે અપવાદરૂપ ગણી શકાય.

ડાહ્યાભાઈ શિવરામ નાયક

(જ. 1869 * અ. 1925)



પિતા શિવરામ, પિતામહ મનસુખરામ અને પ્રપિતામહ બહેચરદાસ એમ ચાર-ચાર પેઢીઓથી સંગીતનો વારસો પામનાર ડાહ્યાલાલ સંગીતના સંસ્કાર સહજ રીતે જ પામ્યા હતા. તેમના પિતા આ પૂર્વે ભાવનગરના રાજ્યગાયક હતા. પિતાના સ્વર્ગવાસ બાદ ડાહ્યાલાલભાઈએ પણ ભાવનગર રાજ્યનું એ પદ શોભાવ્યું.

શરૂઆતનાં થોડાં વર્ષો તેમણે મુંબઈની દાદાભાઈ ઠૂંઠીની નાટક કંપનીમાં કામ કર્યું હતું. પણ પછી ભાવનગર આવીને રહ્યા હતા. ભાવનગરના મહારાજા ભાવસિંહજી સાહિત્ય-સંગીતના મર્મજ્ઞ હતા તેમ જ કલાપ્રેમી હતા.

કોઈકે લખ્યું છે કે 'હું એવા માણસોને ભાગ્યશાળી ગણું છું કે જેમને પોતાનો જીવન-માર્ગ આસાનીથી મળ્યો હોય.' ડાહ્યાલાલે પોતાનો માર્ગ મનમાં નક્કી કરી લીધો અને ભાવનગરમાં ગાયકની જગ્યા સંભાળી લીધા પછી સંકલ્પ કર્યો કે ગીતો રચવાં, તરજો બાંધવી અને પિતા કરતાં કંઈક અપૂર્વ કરી બતાવી રાજ્યસેવામાં જીવન સમર્પિત કરવું અને એ નિશ્ચય તેમણે જીવનભર પાળ્યો. કેટલાક માણસો પાસેથી કુદરત જાણ્યે-અજાણ્યે કશુંક મહત્ત્વનું કામ કરાવતી હોય છે. ડાહ્યાલાલ અને કવિ કાન્તની મૈત્રીનો યોગ પણ કંઈક અંશે આવો જ છે. કવિ મણિશંકર રત્નજી ભટ્ટ સાથે બેસીને ડાહ્યાલાલે ઘણાં નાટકો અને કાવ્યો રચ્યાં છે.

તેમની પ્રેરણા અને સહાયથી ડાહ્યાલાલભાઈએ 'શ્રી સંગીત કલાધર' નામના એક મહાગ્રંથની રચના કરી. મોટી સાઇઝના પાંચસોથી પણ વધુ પૃષ્ઠોવાળો આ ગ્રંથ એટલો તો મૂલ્યવાન થયો કે તેની બીજી આવૃત્તિ પણ થઈ હતી.

ડાહ્યાલાલના પિતાશ્રી શિવરામ પણ સારા કવિ હતા. તેમના તથા તેમના પિતાના સંગીત અને કાવ્યના હસ્તલિખિત ગ્રંથોનું ડાહ્યાલાલે રસથી અને નિષ્ઠાપૂર્વક પરિશીલન કર્યું જેનો તેમના ઘડતરમાં મોટો લાભ મળ્યો. તેમણે 'શ્રી સંગીત કલાધર' ઉપરાંત બારેક પુસ્તકો લખ્યાં હતાં.

ડાહ્યાલાલભાઈનો દેહ કદાવર હતો અને કંઠ સુરીલો હતો. અત્યંત ઋજુ હૃદયનો સ્વભાવ ધરાવતા ડાહ્યાલાલભાઈ તેમના ગ્રંથોમાં અનુગામીઓ માટે ઘણી મૂલ્યવાન સામગ્રી મૂકી ગયા છે.

ડાહ્યાલાલની અંતિમ ક્ષણોએ ભાવનગરના સુખ્યાત સંગીતકારોને ઘરે બોલાવવામાં આવેલા. આ સંગીતકારોએ એક પછી એક રાગ-રાગિણીઓ છેડ્યાં. છેલ્લે ભૈરવી શરૂ થઈ અને જીવનભર સંગીતની આરાધના અને સાધના કરનાર આ મહાન કલાકારે સાચા અર્થમાં સ્વર સાથે પોતાનું અનુસંધાન જાળવ્યું હતું.

પ્રો. મૌલાબક્ષ

(જ. 1833 * અ. 10-7-1896)



ગુજરાતમાં સંગીતને ગુંજતું કરવામાં તેમ જ ભારતીય સંગીતમાં નોટેશન પદ્ધતિ ઉમેરીને મહત્ત્વનો ફાળો આપનાર પ્રો. મૌલાબક્ષનો જન્મ દિલ્હી પાસેના ચિંહાડ ગામે એક જાગીદાર કુટુંબમાં થયો હતો. તેમનું મૂળ નામ શોલેખાન હતું. તેમના કુટુંબમાં સંગીતના કોઈ સંસ્કારો હતા નહીં. પણ એક વાર એક સૂફી સંતનો ભેટો થતાં તેમણે તેને 'તું સંગીતકાર થશે' તેવા આશીર્વાદ આપ્યા ત્યારથી શોલેખાનનો જીવનપ્રવાહ બદલાઈ ગયો. પ્રો. મૌલાબક્ષને સંગીતની તાલીમ ઘસીટખાં નામના વિદ્વાન સંગીતજ્ઞ પાસેથી મળી હતી.

તાલીમ લીધા પછી તેઓ દક્ષિણના પ્રવાસે ગયા ત્યારે તેમને ખ્યાલ આવ્યો કે ભારતીય સંગીત કરતાં દક્ષિણ હિન્દુસ્તાની સંગીત વધુ વ્યવસ્થિત છે અને તેની શિક્ષણ-પદ્ધતિમાં પણ વિકાસ થયેલ છે. તેમણે બંને સંગીતપદ્ધતિઓનો અભ્યાસ કરીને બંને વચ્ચે સમન્વય સાધવા પ્રયત્ન કર્યો.

ઉત્તર હિન્દુસ્તાની સંગીતમાંની તેમની વિદ્વત્તા જોઈને મૈસૂરના રાજાએ તેમનું સન્માન કર્યું. એ અરસામાં વડોદરાના સયાજીરાવ મહારાજે એક ગાયનશાળા શરૂ કરેલી. તેમણે મૌલાબક્ષની આ ગાયનશાળાના નિયામક તરીકે નિમણૂક કરી. મૌલાબક્ષે ઈ. 1870માં સંગીતવિષયક એક સામયિક પણ પ્રગટ કર્યું હતું, પરંતુ એ પાછળથી બંધ થઈ ગયું. મૌલાબક્ષ રોજ 8થી 9 કલાક રિયાજ કરતા. તેમનું ભાષાજ્ઞાન પણ અદ્ભુત હતું. તેઓ હિન્દી, ઉર્દૂ, કન્નડ, ગુજરાતી વગેરે ભાષાના નિષ્ણાત હતા. તેમણે સંગીત પર લખેલાં પુસ્તકોમાં 'સંગીતાનુભવ', 'બાલસંગીતમાળા', 'સંગીત છંદોમંજરી', 'ભગવંત ગરબાવલી', 'નરસિંહ મહેતાનું મામેરું' વગેરેનો સમાવેશ થાય છે.

ભારતમાં પહેલી જ વાર સંગીત - નોટેશન પદ્ધતિની શરૂઆત કરીને સંગીતકારોને આશ્ચર્યમુગ્ધ કરી દીધા. હિન્દુસ્તાની સંગીત યુરોપિયન સંગીતની જેમ લખવામાં આવતું નથી તેવી દલીલો થઈ, પણ સંગીતના વિદ્યાર્થીઓને પદ્ધતિસરનું શિક્ષણ આપવા માટે આ નવી પદ્ધતિનો સ્વીકાર થયો. આ તેમનું ભારતીય સંગીતને એક મોટું પ્રદાન છે.

પ્રો. મૌલાબક્ષે પાશ્ચાત્ય અને દક્ષિણ ભારતીય સ્વરલિપિ-પદ્ધતિનો અભ્યાસ કરી સંગીતના ઈતિહાસમાં સૌપ્રથમ ઉત્તર હિન્દુસ્તાની સ્વરલિપિ પદ્ધતિનું સંશોધન કર્યું. વડોદરાની સંગીતશાળાનું સંચાલન કરતાંકરતાં તેમણે ગુજરાતી ગીતો, રાસ, ભજનો વગેરે જૂના ઢાળને લિપિબદ્ધ કર્યાં હતાં, તેનું પુસ્તકરૂપે પ્રકાશન કર્યું હતું. આમ, ગુજરાતમાં સંગીતનો પ્રચાર અને તેના મૂળ ઢાળને સાચવી રાખવામાં પ્રૌ. મૌલાબક્ષે મૂલ્યવાન ફાળો આપ્યો છે.

ઉસ્તાદ ફૈયાઝહુસેનખાં

(જ. 1880 * અ. 1950)



'આફતાબે મૌસીકી' ઉસ્તાદ ફૈયાઝખાં જન્મે ગુજરાતના નથી છતાં એમની કર્મભૂમિ ગુજરાતમાં વડોદરા બની રહી. માતા અને પિતાના પક્ષે સંગીત-સાધનાના સંસ્કારનો વારસો પામેલા ફૈયાઝખાંનો જન્મ આગ્રામાં થયો હતો.

ફૈયાઝખાં વારસાગત રીતે 'રંગીલા ઘરાણા'ના હતા. તેઓ ચારેક વર્ષના હતા ત્યારે તેમના પિતા સફદર હુસેનખાં અવસાન પામ્યા. તેઓ સારા ખયાલગાયક હતા. ફૈયાઝખાંનાં માતા પણ શહેનશાહ અકબરના વખતમાં ધ્રુપદ ગાવામાં પ્રખ્યાત થયેલાં. આમ ફૈયાઝખાંને માતાપિતાના બંને પક્ષે સંગીત વારસામાં મળ્યું હતું, પરંતુ સંગીતનું પદ્ધતિસરનું જ્ઞાન તો માતામહ ગુલામ અબ્બાસખાં તરફથી મળ્યું, કારણ કે પિતાના અવસાન બાદ માતા સાથે તેઓ મોસાળ આવીને રહ્યા.ઈ. સ. 1906ના મ્હૈસૂરના શાહી ગવૈયા નથ્થનખાંએ ગુલામ અબ્બાસખાંનો જલસો ગોઠવ્યો હતો. આ જલસામાં જુવાન ફૈયાઝખાંએ પણ ગાયું. મ્હૈસૂરનરેશે એમને સુવર્ણચંદ્રકથી નવાજ્યા. કલકત્તાની મશહૂર ગાયિકા મલકાની પાસેથી તેઓ ઠૂમરી શીખ્યા.

ફૈયાઝખાંની કીર્તિથી પ્રભાવિત થઈને ઈ. સ. 1912માં વડોદરાના મહારાજા સયાજીરાવે પોતાના દરબારમાં મુખ્ય સંગીતકાર તથા રાજ્યની સંગીત વિદ્યાપીઠમાં જોડાવા તેમને આમંત્રણ આપ્યું. ફૈયાઝખાંએ તે સ્વીકાર્યું અને ત્યારથી માંડીને તેમના જીવનના અંત સુધી તે વડોદરામાં જ રહ્યા. મહારાજા સયાજીરાવે તેમને બહારના કાર્યક્રમો કરવાની છૂટ આપી. પછી તો ગ્રામોફોન રેકર્ડો દ્વારા વહેતો થયેલો એમનો અવાજ ભારતીય સંગીતની પહેચાન કરાવવા લાગ્યો. ત્યારથી જીવનના અંત સુધી વડોદરા-ગુજરાત તેમની કર્મભૂમિ બન્યાં.

દશેરાના એક ઉત્સવમાં મૈસૂરનરેશે તેમને 'આફતાબે મૌસીકી'નો ખિતાબ આપ્યો, પરંતુ ઇંગ્લૅન્ડ ગયેલા સયાજીરાવની તારથી પરવાનગી મેળવીને જ તેનો એમણે સ્વીકાર કર્યો. એમની ગાયકી રંગીલા ઘરાણાથી ઓળખાય છે. ધ્રુપદ-ધમાર પર એમનું ઘણું જ પ્રભુત્વ હતું. 'પ્રેમપિયા'ના તખલ્લુસથી એમણે લખેલી પચાસેક 'ચીજો' ભારતીય સંગીતના ઇતિહાસમાં એક ઘટના સમાન છે. તેઓ રુઆબદાર પોશાક પહેરતા. ઉસ્તાદ ફૈયાઝહુસેનખાં આ જમાનાના ઉત્કૃષ્ટ ભારતીય સંગીતકારોમાં અગ્રગણ્ય છે. તેમના શિષ્યો આજે પણ તેમની ગાયકીને અને તેમના ઘરાણાને જાળવી રહ્યાં છે.

વડોદરાની સંગીત વિદ્યાપીઠમાં એમની પાસે સેંકડો વિદ્યાર્થીઓ તૈયાર થયા. રતંજનકર, લતાફતહુસેનખાં, આતાહુસેનખાં, વલ્લભદાસ, શરાફત હુસેનખાં વગેરે એમના શિષ્યો. એમનો કંઠ રેકર્ડ તથા કેસેટમાં જળવાયો છે.

ફૈયાઝખાંની રચનાઓ

'પ્રેમપિયા'ના તખલ્લુસથી એમણે લખેલી પચાસેક ચીજોની રચના કરી હતી. તેમાં જયજયવંતી અને ભૈરવી દાદરાની 'મોરે મંદિર અબ લો નહીં આવે' અને 'બનાવો બતિયાં ચલો કાહે કો જૂઠી' કે ભૈરવી ઠૂમરી 'બાબુલ મોરા નૈહર છૂટો જાય' ગાઈને તેઓ શ્રોતાઓને રસમાં તરબોળ કરી દેતા. મહેફિલમાં રંગ ભરવાની કલા તો તેમની જ. ઈ. સ. 1932માં સંગીત પરિષદ વખતે કુન્દનલાલ સાયગલે ખાંસાહેબનો 'ગંડો' બાંધી તેમનું શિષ્યપદ ગ્રહણ કર્યું હતું. શ્રીમંત સયાજીરાવે ખાંસાહેબને 'જ્ઞાનરત્ન'ની પદવી અને પોશાકીથી દરબારમાં ખુરશીનું સન્માન આપ્યું હતું. ઈ. સ. 1948માં મહાત્મા ગાંધીજીના અવસાન પ્રસંગે આકાશવાણી ઉપરથી તેમણે 'વૈષ્ણવજન' ગીત કરુણસાભર સ્વરે ગાયું હતું.

પંડિત ઓમકારનાથ ઠાકુર

(જ. 24-6-1897 * અ. 29-12-1967)



જન્મે, કર્મે તથા આચાર-વિચારે ગુજરાતી, પણ ભારતીય સંગીતની સાધના અને સિદ્ધિ દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યક્તિ તરીકે પંડિતજીએ ભારતના સાંસ્કૃતિક ઇતિહાસમાં એક અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે, બનારસ હિન્દુ વિશ્વવિદ્યાલય દ્વારા અપાતા ડૉ. ઑફ લેટર્સના વિરલ બહુમાનના અધિકારી પંડિત ઓમકારનાથજીનો જન્મ ખંભાત પાસેના જહાજ ગામમાં થયો હતો.

પિતા ગૌરીશંકર ઠાકુર ૐકાર મંત્રના સાધક હતા. કુટુંબના યોગક્ષેમ માટે એ ધ્યાન આપતા નહિ. ઓમકારનાથજીનું બાળપણ ગરીબી અને સંઘર્ષ વચ્ચે શરૂ થયું હતું. કિશોર ઓમકાર રમવાની ઉંમરે રસોઇયાની નોકરી કરતી માને મદદ કરતો. ક્યાંય પણ કોઈ સંગીતનો કાર્યક્રમ હોય કે ભજનકીર્તન હોય તો ત્યાં તે અચૂક પહોંચી જતા. ઓમકારનાથજીને બચપણથી જ સંગીત તરફ અજબનો લગાવ હતો. ભરૂચના એક શ્રીમંત પારસી સજ્જને મુંબઈમાં પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર પાસે પદ્ધતિસરનું શિક્ષણ લેવા તેમને આર્થિક સહાય કરી. ઓમકારનાથ પંડિત વિષ્ણુ દિગંબર પાસે સંગીતનું શિક્ષણ લેવા મુંબઈ ગયા. ગુરુ પાસે સાતેક વર્ષ રહીને સંગીતની ખૂબ સાધના કરી. કિશોરાવસ્થામાંથી યુવાન થતાં તેમનો અવાજ બદલાઈને મેઘ-ગંભીર થઈ ગયો હતો.

આટલી તાલીમ પછી ઓમકારનાથ લાહોર ગયા. ત્યાં ઈ. સ. 1916માં ગાંધર્વ મહાવિદ્યાલયના આચાર્ય બન્યા. અહીં ત્ર વર્ષ રહીને વિદ્યાલયને તેમણે પ્રતિષ્ઠા અપાવી. બનારસ હિ યુનિવર્સિટીના સંગીતવિભાગના કુલગુરુ બન્યા.



હવે એમનું મન સાધના તરફ વળ્યું હતું. નર્મદાકાંઠે ઝૂં બાંધીને ત્યાં અંબુભાઈ પુરાણી સાથે તેમણે સાધના કરી. ભરૂચ તેમણે 'ગાંધર્વ નિકેતન' નામે એક સંગીતસંસ્થા શરૂ કરી સંગીતના કાર્યક્રમો - એ જ તેમના જીવનનિર્વાહનું એકમા સાધન હતું.

પંડિતજી ભલે એક ખૂણે બેસી સાધના કરતા હતા પણ તેમની કીર્તિ દેશભરમાં વ્યાપી ગઈ હતી. દેશભરમાં જ્યાં પણ સંગીતસંમેલનો ભરાય ત્યાં તેમને આદરપૂર્વક આમંત્રણ મળતાં હતાં. 1933માં ફ્લોરેન્સમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય સંગીત પરિષદમાં તેમણે ભાગ લીધો અને ભારતીય સંગીતની ખ્યાતિ વધારી. ઈટાલી, જર્મની, હોલેન્ડ, ફ્રાન્સ, ઇંગ્લેન્ડ, સ્વિટ્ઝર્લેન્ડ વગેરે અનેક દેશોની તેમણે મુલાકાત લીધી હતી. મધુર અને પ્રભાવશાળી ગાયકીએ વિશ્વને મંત્રમુગ્ધ કર્યું. ત્યાં સંગીતના કાર્યક્રમો આપવા ઉપરાંત ભારતીય સંસ્કૃતિ-વિષયક પ્રવચનો પણ કર્યાં હતાં. કાલિદાસકૃત 'મેઘદૂત' અને 'શાકુન્તલ'નાં એમણે ભાષાંતર પણ કરેલાં છે. તેમણે 'સંગીતાજલિ' નામનું સંગીતશાસ્ત્ર ઉપર છ ભાગમાં એક સંશોધનાત્મક પુસ્તક લખ્યું છે. આ ઉપરાંત 'પ્રણવભારતી' એ તેમનો વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ છે.

બાદમાં ભરૂચમાં સ્થિર થયા. સંગીતકાર તરીકે તેમની લોકપ્રિયતા ઝડપથી વધવા લાગી. અનેક સંગીતસંમેલનોમાં ભાગ લેતા રહ્યા. 1933માં પત્નીના અવસાનથી આઘાત લાગવાથી ભરૂચ છોડી મુંબઈ જઈ વસ્યા. 1938માં કરાંચીમાં ગુજરાતી સાહિત્ય પરિષદમાં સંગીતવિભાગના અધ્યક્ષ થયા. 1943નો રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો.

તેમણે અનેક ઉત્તમ શિષ્યો તૈયાર કર્યા. એમની શિષ્યા ડૉ. એન. રાજમે ગુરુના કંઠની ગાયકીને વાયોલિનમાં ઉતારી અને ગાયકીને વાયોલિનમાં ઉતારવાની ટેક્નિક વિકસાવી. તેમનો અવાજ બુલંદ છતાં સુમધુર અને સંમોહક હતો. ગુજરાત સાહિત્ય સભા તરફથી તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો હતો.

1950માં કાશીના હિન્દુ વિશ્વવિદ્યાલયના ડીન તરીકે જોડાયા. સંગીતક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કર્યું. 1953માં બુડાપેસ્ટ ખાતે મળેલી 'વિશ્વશાંતિ પરિષદ'માં ભારતનું પ્રતિનિધિત્વ કરીને ભારતીય સંસ્કૃતિનો વિજય-ધ્વજ ફરકાવ્યો. આ ઉપરાંત અનેક દેશોમાં સંગીતના કાર્યક્રમ આપ્યા. બુડાપેસ્ટની વિશ્વશાંતિ પરિષદમાં પ્રસ્તુત કરેલું 'વંદેમાતરમ્' ગીતથી શ્રોતાઓની અપ્રતિમ ચાહના મેળવી. તેમને અનેક માન-અકરામો પ્રાપ્ત થયા. 1955માં ભારત સરકારે પદ્મશ્રી ખિતાબ એનાયત કર્યો. તેમના કંઠમાં બુલંદી અને મધુરતાનો અજબ સમન્વય હતો.

1963ના ડિસેમ્બરમાં હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી તરફથી તેમને ડૉક્ટર ઑફ લેટર્સની પદવી મળી હતી. 'વંદે માતરમ્' જેવા રાષ્ટ્રીય ગીતને રાગ દેશમાં સુપ્રતિષ્ઠિત કર્યું. એમની રાગ માલકૌંસની 'પગ ઘુંઘર બાંધી મીરાં નાચી રે' અને ભૈરવીની 'જોગી મત જા' અમર રચનાઓ છે.

ભજન અને ભાવગીતોની તેમની રજૂઆત અપૂર્વ હતી. તેમણે સંગીતવિષયક વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો પણ લખ્યા છે. ગુજરાતના મધ્યકાલીન ઇતિહાસનાં પ્રખર સંગીતરત્નો પછી પંડિતજીએ અર્વાચીન યુગને ઉજમાળો બનાવ્યો.

યશવંત પુરોહિત

(જ. 27-12-1916 * અ. 3-2-1964)



યશવંત પુરોહિતનો જન્મ ભાવનગર જિલ્લાના પરવાળા ગામમાં થયો હતો. પિતા ચિમનલાલ પુરોહિત પણ ભાવનગરના પ્રતિષ્ઠિત સંગીતજ્ઞ હતા.

1935માં સ્વ. પં. નારાયણરાવ ખરે પાસે અને સ્વ. શંકરરાવ વ્યાસ પાસે એમણે સંગીતની વધુ તાલીમ લીધી. ત્રણેક વર્ષ પં. ઓમકારનાથજી પાસે પણ સાધના કરી હતી. પિતાનું આ અરસામાં જ અવસાન થવાથી કુટુંબની જવાબદારીનો ભાર ભાઈ સાથે એમના પર પણ આવી પડતાં સંગીતસાધનામાં રુકાવટ આવી. પણ ભાવનગરનરેશે એમનું સંગીત સાંભળ્યું ને એમની શક્તિ પિછાની એના વધુ વિકાસ અર્થે પાંચ વર્ષ માટેની અભ્યાસની સગવડ કરી આપી. તેઓ મુંબઈમાં ખાંસાહેબના પટ્ટશિષ્ય બાલકૃષ્ણ બુવા કપિલેશ્વરી પાસે તાલીમ લેવા લાગ્યા ને તપશ્ચર્યા આદરી.

શંકરા તથા કેદાર રાગ તેમને અતિપ્રિય હતા. ખ્યાલ-ગાયકી તેમની ગાયનકલાનું મુખ્ય અંગ હતું. ઠૂમરી-ગાયકીમાં પણ તેમનું કૌશલ્ય હતું. તેમનો અવાજ મીઠો હતો અને તેમની ગાયકીમાં મધુર તાલ, સ્વર, શબ્દ, રસ તથા ભાવની અનેરી મિલાવટ હતી. કિરાના ઘરાનામાં અલ્પ પ્રચલિત એવા છાયાનટ, શ્રી બિહાગ વગેરે જેવા રાગો ઉપર એમનું પ્રભુત્વ હતું.

સંગીતક્ષેત્રમાં ઘણી વાર જોવા મળતી વાડાબંધીથી તેઓ દૂર રહી બીજી સંગીતશૈલીઓ અને ઘરાના પ્રત્યે પણ આદર રાખતા. 'રસરંગ'ના ઉપનામે એમણે 'મધુબંસરી માન મનાવત', 'આંગનમેં' વગેરે કેટલીક સુંદર 'ચીજો' પણ રચી છે.

શ્રી શિવકુમાર શુક્લ

(જ. 12-7-1918 *અ. 31-12-1998)



શ્રી શિવકુમાર શુક્લનો જન્મ સૌરાષ્ટ્રના ગોંડલમાં. કારકિર્દીના ઘડતરમાં તેમનાં માતાપિતાની સંગીતપ્રીતિ હતી.

પિતાએ પુત્રની ઉત્કંઠા પારખીને તેને યોગ્ય દિશા આપવા મુંબઈ મોકલ્યા. 1932માં તે મુંબઈના મહારાષ્ટ્ર સંગીત વિદ્યાલયમાં જોડાઈ બાબુરાવ ગોખલે પાસે તાલીમ લીધી. 1934માં ગોંડલના મહારાજા ભગતસિંહજીનાં સુવર્ણજયંતીના પ્રસંગે પોતાની ગાયનકલા રજૂ કરી. તેના પુરસ્કાર-રૂપે રાજ્યના ગાયક નિમાયા.

1935માં ઓમકારનાથજીના શિષ્ય બન્યા. દુરારાધ્ય કલાગુરુ પાસે સંગીત-ઉપાસના આદરી. એક વર્ષ પછી 1936માં પંડિતજી પાસે 'સંગીત રસરાજ'નો માનવંત ખિતાબ મેળવ્યો. ત્યારબાદ તેમણે મુંબઈના મહારાષ્ટ્ર સંગીત વિદ્યાલયની ડિગ્રી મેળવી. 1941માં પૂનાના ખ્યાતનામ ગાયક અમાનઅલીખાંના શિષ્ય બન્યાં. ત્યારપછી તેમણે ભારતભરમાં અસંખ્ય સંગીતસમારંભોમાં પોતાની ગાયકી છટા દાખવી.

1951થી વડોદરા યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ પરફૉર્મિંગ આર્ટ્સમાં રીડર અને 1968થી 1974 સુધી ફેકલ્ટીનાં પ્રિન્સિપાલ થઈ 1978માં નિવૃત્ત થયા.

સંગીતક્ષેત્રમાં તેમને 1980માં કલકત્તા આઈ.ટી.સી. સંગીત એકેડેમી દ્વારા સન્માન તથા રોકડ પુરસ્કાર, 1990માં ગુજરાત સરકાર દ્વારા 1 લાખ રૂપિયાનો પંડિત ઓમકારનાથ ઍવૉર્ડ, 1992માં હિન્દુસ્તાની ક્લાસિકલ મ્યુઝિકમાં યોગદાન બદલ નૅશનલ ઍવૉર્ડ તેમને પ્રાપ્ત થયા હતા. તેમણે અનેક ઉત્તમ શિષ્યો તૈયાર કર્યા હતા.

રમણલાલ સી. મહેતા

(જ. 31-10-1918)



સંગીતવિજ્ઞાની (musicologist) બી.એ., ડી. મ્યૂઝ. થયા પછી ફૅકલ્ટી ઑફ પરફૉર્મિંગ આર્ટ્સ 15 વર્ષ આચાર્ય તરીકેની સેવા આપનાર પ્રિ. આર. સી. મહેતાએ કંઠ્ય સંગીતની કિરાના શૈલીની તાલીમ કંચનલાલ મામાવાળા અને પછી અબ્દુલ વહીદખાન પાસે લીધી હતી. ત્યારબાદ આકાશવાણી પર સેવા આપી.

તેમણે ખ્યાલ ગાયકી તથા ઠુમરીમાં પોતાની આગવી શૈલી વિકસાવી છે અને મ્યૂઝિક સર્કલ, સંગીતપરિષદોમાં તથા આકાશવાણી પર શાસ્ત્રીય હિન્દુસ્તાની સંગીતના વિવિધ કાર્યક્રમો આપ્યા છે.

આંતરરાષ્ટ્રીય સામયિક 'ધ જર્નલ ઑફ ધી ઇન્ડિયન મ્યૂઝિકોલૉજિકલ સોસાયટી'ના સ્થાપક-તંત્રી. ઇંગ્લૅન્ડની યુનિવર્સિટીમાંના સંગીત-શિક્ષણના અભ્યાસ માટે બ્રિટિશ કાઉન્સિલનું નિમંત્રણ મળતાં 1966માં યુ.કે.નો પ્રવાસ કર્યો. વ્યાખ્યાનો આપ્યાં. ઍમ્સ્ટર્ડૅમની આંતરરાષ્ટ્રીય સંગીત પરિષદમાં ભાગ લીધો.

સંગીતનાં બહુવિધ પાસાં પરત્વેનાં તેમનાં પ્રકાશનો આ પ્રમાણે છે : 'આગ્રા ઘરાના - પરંપરા, ગાયકી ઔર ચીજેં', 'સંગીતચર્ચા', 'ગુજરાતી ગેય કવિતા', 'એ ડિરેક્ટરી ઑફ ડૉક્ટરલ સ્ટડિઝ ઇન મ્યૂઝિક ઇન ધ યુનિવર્સિટિઝ ઑફ ઇન્ડિયા'. તેમના તંત્રીપદ હેઠળ સંગીત-સંશોધનવિષયક 17 પુસ્તકોનું પ્રકાશન થયું છે. ગુજરાત સંગીત નાટક અકાદમીના તેઓ ઉપાધ્યક્ષ (1993-94, 1995-96) હતા. 1999 સુધી એ સંસ્થાના સંગીતકાર્યક્રમોના આવાહક તરીકે તેમણે સેવાઓ આપી છે.

ભીખુભાઈ ભાવસાર

(જ.3-5-1929)

પિતા ભગવાનજીભાઈ તથા મોસાળપક્ષે સંગીતકાર



ત્રિકમભાઈનો સંગીતવારસો પામેલા ભીખુભાઈનું મૂળ વતન અગામ પણ વસવાટ વલસાડમાં.

મામાએ તો બાળપણમાં ભીખુભાઈને સંગીતસંસ્કારો આપ્યા જ પરંતુ પિતાશ્રી તેમને અનેક સંગીતના જલસાઓ સાંભળવા લઈ જતા. તેમાંથી તેમના પર સંગીતસંસ્કાર પડ્યા. 1946-47માં મુંબઈના કાશીનાથ તુળપુળેની ઉમરગામની શાળામાં સંગીતશિક્ષક તરીકે નિમણૂક થઈ. એક વાર તેઓ વલસાડ આવતાં તેમનો અને ભગવાનજીભાઈનો ભેટો થયો. તેઓએ કાશીનાથજી પાસે શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી અને બાદમાં વલસાડમાં પોતાનો પહેલો કાર્યક્રમ આપ્યો.

ભીખુભાઈને વિશેષ તાલીમની જરૂર છે તેવી અંતરેચ્છાથી બાપ-દીકરો કોઈ ઊંચા ગુરુની શોધમાં હતા. દરમ્યાન તેમને મણિરામજીનો ભેટો થયો. મેવાતી ઘરાનાના મણિરામજીએ ભીખુભાઈનો શિષ્ય તરીકે સ્વીકાર કરી તેમને 'ગંડો' બાંધ્યો. હવે મણિરામજીએ તેમના લઘુબંધુ જશરાજ અને ભીખુભાઈને એકસાથે તાલીમ આપવાનું શરૂ કર્યું.

ભીખુભાઈએ શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો આપ્યા છે. તેમને અનેક સન્માન પ્રાપ્ત થયાં છે. વલસાડમાં તેમણે 'કલાયતન' નામે સંસ્થા સ્થાપી છે.

નંદન મહેતા

(જ. 26-2-1942 * અ. 26-3-2010)

બનારસ ઘરાનાના વિખ્યાત તબલાંવાદક નંદન મહેતાનો સાહિત્ય, સંગીત અને કલાઓના આશ્રયદાતા પરિવારમાં જન્મ. પિતા યશોધર નર્મદાશંકર મહેતા જાણીતા એડવોકેટ હોવા ઉપરાંત ગુજરાતના અગ્રણી વિદ્વાન અને સાહિત્યકાર હતા. માતા વસુમતીબહેન સર ચિનુભાઈ બૅરોનેટનનાં પુત્રી હતાં.



1962માં ઇતિહાસ અને રાજ્યશાસ્ત્ર સાથે સ્નાતકની પદવી પ્રાપ્ત કરી, પરંતુ તેમને નાનપણથી જ તબલાંવાદન પ્રત્યે રુચિ હતી. આઠ વર્ષની વયે તેમણે તબલાવાદની તાલીમ પંડિત સદાશિવરાવ લુતડે પાસેથી લેવાની શરૂઆત કરી. ત્યારબાદ 1955થી ભારતના અગ્રણી તબલાવાદક, બનારસ ઘરાનાના પંડિત કિશન મહારાજ પાસેથી તેમણે ઉચ્ચ તાલીમ પ્રાપ્ત કરી. તેમણે આકાશવાણી અને દૂરદર્શન પર રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમો ઉપરાંત દેશમાં અનેક કાર્યક્રમો આપ્યા છે.

1980માં અમદાવાદમાં સપ્તક સ્કૂલ ઑફ મ્યુઝિકની સ્થાપના થઈ તેમાં તેમનું નામ મોખરે છે. આ સંસ્થા દ્વારા દર વર્ષે અમદાવાદમાં યોજાતા 10-12 દિવસના શાસ્ત્રીય સંગીત સમારોહમાં ખ્યાતનામ સંગીતકારો પોતાની કલાનું પ્રદર્શન કરતા હોય છે. તે સમારોહના સફળ આયોજનમાં તેમનો બહુમૂલ્ય ફાળો હોય છે. નંદન મહેતાને 1988માં ગુજરાત રાજ્ય ગૌરવ પુરસ્કારથી સંમાનિત કરવામાં આવ્યા છે.

અમુભાઈ દોશી

(જ. 1920 * અ. 1994)



ગુજરાતના અગ્રણી સંગીતકાર તથા નિષ્ણાત સરોદવાદક અમુભાઈનો જન્મ કરાંચીમાં. અમુભાઈનું મૂળ વતન ભુજ-કચ્છ. નાની ઉંમરમાં વિખ્યાત શાસ્ત્રીય સંગીતકારોના સંપર્કમાં આવ્યા.

1947માં ભારતના ભાગલા પડ્યા બાદ કરાંચીથી રાજકોટ આવી ખાનગી સંગીતશાળા શરૂ કરી. 1955માં સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમીની સ્થાપના થતાં તેમા વાદ્યસંગીત શાખાના વડા બન્યા. 1956-60 દરમ્યાન મૈહર ખાતે ઉસ્તાદ અલાઉદ્દીનખાંસાહેબ પાસેથી સરોદની ઘનિષ્ઠ તાલીમ લીધી. ગુજરાતમાં સરોદ વાદ્યનો પ્રસાર-પ્રચાર તેમના થકી થયો હતો. 1963માં રાજકોટમાં 'સંગીત-નાટ્યભારતી' સંસ્થાના આચાર્યપદે નિમાયા. તેમણે રાજકોટ ખાતે 'સંગીત સંસદ' નામની સંસ્થાની સ્થાપના કરી અને આજીવન તેના મૅનેજિંગ ડિરેક્ટર રહ્યા.

તેઓ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સભ્ય નિમાયા હતા. ઉપરાંત બૃહદ્ ગુજરાત સંગીત સમિતિના તેઓ સ્થાપક સભ્ય હતા. ગુજરાત સરકારે તેમને 1987માં ગૌરવ પુરસ્કારથી સન્માન્યા હતા. સંગીત વિષય પર તેમણે ગુજરાતી ભાષામાં વિપુલ લેખનકાર્ય કર્યું છે, જેમાં ગ્રંથો ઉપરાંત વિવિધ સામયિકોમાં પ્રકાશિત થયેલા લેખોનો પણ સમાવેશ થાય છે. તેમણે લખેલા ગ્રંથોમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત 'ભારતીય સંગીતનો વિકાસ', સિતાર વાદ્ય પર બે માર્ગદર્શક પુસ્તિકાઓ, સંગીતની મધ્યમા-વિશારદ પરીક્ષાઓના અભ્યાસક્રમને અનુલક્ષીને તેમણે લખેલાં પાઠ્યપુસ્તકો નોંધપાત્ર છે.

બળવંતરાય ભટ્ટ

(જ. 23-9-1921)



હિંદુસ્તાની શાસ્ત્રી સંગીતના ગુજરાતી કલાકાર બળવંતરાય ભટ્ટે મુંબઈની 'ધ વિક્ટોરિયા મ્યૂઝિકલ સ્કૂલ ફૉર ધ બ્લાઇન્ડ'માં શાળાંત પ્રમાણપત્ર સુધીનો અભ્યાસ. સુરતના 'શ્રી સંગીત નિકેતન'માં સંગીતનો ડૉક્ટર ઇન મ્યૂઝિક કક્ષાનો અભ્યાસક્રમ પૂરો કરી 'સંગીતાચાર્ય'ની પદવી મેળવી (1950).

શાસ્ત્રીય સંગીતની વિશેષ તાલીમ પં. ઓમકારનાથજી પાસે લીધી. ઉત્તર હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીત પરંપરાની ખયાલ ગાયકીમાં; ધ્રુપદ, તરાના ખયાલ ગાયકીની રચનાઓ સંગીતબદ્ધ કરવામાં અને મંત્રો તથા શ્લોકોના ગાયનમાં તેમ જ એકાંતર તાલ(cross rythm)માં પ્રશંસનીય પ્રભુત્વ મેળવ્યું હતું.

તેમને ભાવનગરના મહારાજા તરફથી (1941-42) અને હંસરાજ પ્રાગજી ઠાકરસી ટ્રસ્ટ તરફથી (1943-45) શિષ્યવૃત્તિ મળી હતી. આ ઉપરાંત તાનસેન-વિષ્ણુ દિગંબર શિષ્યવૃત્તિ-(1949)માં પ્રથમ વિજેતા બન્યા હતા.

આકાશવાણીનાં કેન્દ્રો પરથી તેમણે 1933થી ગાયક તથા વાદક તરીકે કાર્યક્રમો આપ્યા હતા. દેશ-વિદેશમાં અનેક સ્થળે સંગીતપરિષદોમાં તેમણે ભાગ લીધો હતો. તેમણે 250 ઉપરાંત વિવિધભાષી ભજનોનું સંગીતનિયોજન કર્યું હતું. અમેરિકાનો પ્રવાસ ખેડી અનેક વ્યાખ્યાન-નિદર્શનો યોજ્યાં. અંધજનોની વિવિધ સંસ્થાઓ માટે પણ તેમણે સેવા બજાવી. ગુજરાત સંગીત નૃત્ય નાટ્ય અકાદમીમાં સભ્યપદે હતા. બનારસ હિંદુ યુનિવર્સિટીમાં રીડર તરીકેની કામગીરી બજાવી હતી.

મહારાણા જયવંતસિંહજી

(જ. 1904 * અ. 1981)



ગુજરાતનાં રાજવી કુળોમાં કેટલાક રાજવીઓ સંગીતશાસ્ત્રના પ્રેમી અને જાણકાર હતા. તેમાં સાણંદ-નરેશ શ્રી જયંવતસિંહજીનું સ્થાન મોખરે છે. તેમના પૂર્વજો પહેલાં પાટણ અને બાદમાં સાણંદમાં આવીને વસ્યા. સોલંકીવંશની શાખા વાઘેલાકુળમાં તેમનો જન્મ. શ્રી જયવંતસિંહજી 'સાણંદબાપુ'ના નામે અંતરંગ વર્તુળમાં જાણીતા હતા.

શ્રી જયવંતસિંહજીને સંસ્કાર-વારસામાં જ ભક્તિ અને સંગીત પ્રાપ્ત થયાં હતાં. મા ભવાનીના તેઓ પરમ ઉપાસક તેમ જ સાધક. તેમના દાદા શ્રી ભગવતસિંહજી જલતરંગ-વાદક હતા અને પિતા શ્રી રણમલસિંહજીને શાસ્ત્રીય સંગીતમાં તેમ જ તબલાવાદનમાં રસ હતો. સાણંદ બાપુએ સંગીતનું પ્રાથમિક શિક્ષણ રાજકુમાર પાસેથી લીધું હતું. બાદમાં અમદાવાદમાં ગોવિંદપ્રસાદજી પાસેથી કંઠ્યસંગીત તેમ જ સિતાર અને વિચિત્રવીણાનું શિક્ષણ પણ લીધેલું. મેવાતી ઘરાણાના ઉસ્તાદ મુનવ્વરખાંસાહેબ પાસેથી ગાયન અને રુદ્રવીણા શીખીને તેનું ઊંડું અધ્યયન કર્યું.

સાણંદબાપુના આ સંગીતપ્રેમને કારણે ભારતભરના ખ્યાતનામ સંગીતકારો તેમની પાસે આવતા અને બાપુ સમક્ષ પોતાની કળા અભિવ્યક્ત કરવામાં આનંદ અને ગૌરવ અનુભવતા.

શ્રી જયવંતસિંહજીએ પોતે નવા રાગોની રચના પણ કરી હતી : 'જયવંતી તોડી', 'બાગકંસ', 'માલકૌંસ' વગેરે. નાદબ્રહ્મની ઉપાસના કુળદેવી મા ભવાનીની ભક્તિ અને સાધના એ જ તેમના જીવનરસ હતા.

રસિકલાલ અંધારિયા

(જ. 1931 * અ. 19-7-1985)



ઉત્તર હિન્દુસ્તાની શાસ્ત્રીય સંગીતને ગુજરાતના નકશા ઉપર સ્થાન અપાવનાર રસિકભાઈનો ભાવનગરમાં જન્મ.

દાદા ભાવનગરના રાજા ભાવસિંહજીના દરબારના રાજગવૈયા હતા. સંગીતની પ્રાથમિક તાલીમ તેમણે સંગીતજ્ઞ પિતા ગોવિંદભાઈ તથા મોટા ભાઈ બાબુભાઈ અંધારિયા પાસેથી મેળવી હતી. ઈશ્વરદત્ત ઘેરો રણકારયુક્ત અવાજ, સંગીત પ્રત્યેની અનન્ય ભક્તિ અને રિયાજનો કઠોર પરિશ્રમ – આ ત્રિવેણી સંગમ તેમનામાં હોવાથી યુવાન વયે શાસ્ત્રીય સંગીતમાં નિપુણતા મેળવીને કિરાના ઘરાનાના નામી કલાકાર બન્યા.

કિરાના ઘરાનાના બે ધુરંધર ગાયકો અબ્દુલ કરીમખાન સાહેબ અને ઉસ્તાદ અમીરખાન સાહેબ ઉપરાંત ગુજરાતના બે ખ્યાતનામ સંગીતકારો પં. બલવંતભાઈ ભટ્ટ અને પં. યશવંત પુરોહિતની ગાયકીથી પણ તેમની ગાયકી પ્રભાવિત થઈ હતી. છતાં આ સ્વયંશિક્ષિત કલાકારે ગાવાની પોતાની એક આગવી શૈલી ઊભી કરી હતી. સૌપ્રથમ ઈ. સ. 1956માં રાજકોટ કેન્દ્રના આકાશવાણી કલાકાર બન્યા બાદ તેમણે આકાશવાણી, દૂરદર્શન પર અખિલ ભારતીય સંગીત સમારોહના અસંખ્ય કાર્યક્રમો આપ્યા હતા.

હિઝ માસ્ટર્સ વૉઈસ દ્વારા તેમની લૉંગ પ્લે રેકર્ડ પણ બહાર પડી ચૂકી છે. ઈ. સ. 1980માં ગુજરાત રાજ્ય તરફથી તેમને ગૌરવ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. ગુજરાત સંગીત, નૃત્ય, નાટ્ય અકાદમીના તેઓ સભ્ય હતા. તેમનાં અનેક શિષ્યોમાંનાં પ્રદીપ્તા ગાંગુલી અમદાવાદ આકાશવાણીનાં ખ્યાતનામ કલાકાર છે.

અતુલ દેસાઈ

(જ. 31-1-1934)



અતુલ દેસાઈનો જન્મ અમદાવાદમાં. પિતા ગિરીશચંદ્ર તથા માતા સુલભાબહેન પાસેથી સંગીતનો વારસો મેળવ્યો. 1955માં બનારસ યુનિવર્સિટીમાં શાસ્ત્રીય સંગીતની તાલીમ માટે જોડાયા. પં. ઓમકારનાથ ઠાકુર પાસેથી આગ્રા ઘરાનાની તાલીમ મેળવી. આકાશવાણી કેન્દ્રોમાં પ્રથમ કક્ષાના કલાકાર તરીકે સ્થાપિત થયા. આકાશવાણી-અમદાવાદના શાસ્ત્રીય સંગીતવિભાગના નિર્માતા તરીકે સેવા આપી.

1970માં અમદાવાદની N.I.D.માં જાણીતા અમેરિકન સંગીતજ્ઞ ડેવિડ ટ્યૂડર પાસેથી 'ઇલેક્ટ્રોનિક મ્યૂઝિક'ની વિશિષ્ટ તાલીમ મેળવી. ત્યાર પછી તે જ વર્ષે અમદાવાદની કથકનૃત્ય પ્રશિક્ષણ સંસ્થા 'કદમ્બ'માં સંગીતવિભાગના નિયામક બન્યા, જ્યાં એમણે આધુનિક નૃત્ય પ્રયોગોમાં સંગીતને નૃત્યની સમકક્ષ દરજ્જો અપાવવાનું કાર્ય કરી બતાવ્યું. 1975માં અવકાશ-સંશોધન માટેની સંસ્થા 'ઇસરો'ના સંગીત-નિર્દેશક બન્યા. સાથે-સાથે એમણે નૃત્ય-નાટિકાઓ, નાટકો, રેડિયો રૂપકો તથા બાળકાર્યક્રમોનું સંગીતનિર્દેશન કર્યું છે.

1986માં દિલ્હી ખાતે આયોજિત 'અપના ઉત્સવ'માં 'ગુંજે પથ્થર' કાર્યક્રમના મ્યુઝિક ટ્રેકનું સ્વરનિયોજન એમણે કર્યું હતું. ભારત સરકારના સાંસ્કૃતિક વિભાગ દ્વારા વિશિષ્ટ ફેલોશિપ, વડોદરાની ત્રિવેણી સંસ્થા દ્વારા શ્રેષ્ઠ કલાકાર ઍવૉર્ડ તથા ગુજરાત રાજ્ય દ્વારા ગૌરવ પુરસ્કાર, 1995-96ના વર્ષનો સંગીત નૃત્ય અકાદમી ઍવૉર્ડ પ્રાપ્ત કર્યો હતો.

કૃષ્ણકાંત પરીખ

(જ. 8-11-1941)



કલકત્તાના એક ગર્ભશ્રીમંત પરિવારમાં કૃષ્ણકાંતભાઈનો જન્મ. આરંભના દિવસોમાં ખંભાતમાં ગુરુશ્રી ઘનશ્યામભાઈ વ્યાસ અને કાંતિલાલ ત્રિવેદી પાસેથી પ્રાથમિક તાલીમ લીધી. ત્યાર બાદ કલકત્તાના તે સમયના મૂર્ધન્ય કલાકાર ગુરુવર્યશ્રી પંડિત સુખેન્દુ ગોસ્વામીજી પાસે સ્વરસાધના વિસ્તારી.

એમની ઇચ્છા સંગીતને પૂર્ણકાલીન વ્યવસાય બનાવવાની નહોતી, પરંતુ યુવાનીમાં જ આંખોની તકલીફ ઊભી થતાં એમણે પોતાના શોખના ક્ષેત્રને જ કાર્યક્ષેત્ર બનાવ્યું. જાણે ઈશ્વરનો જ એ સંકેત હતો.

સાણંદ ઠાકોર સાહેબના સાંનિધ્યે એમના જીવનમાં સ્વરપ્રકાશ રેલાયો. સંગીતમાર્તંડ, પદ્મવિભૂષણ પંડિત જસરાજજીનું શિષ્યત્વ પ્રાપ્ત થયું. 1973માં ગુરુજીએ શિષ્યની શક્તિને પારખી અને શરૂ થઈ એક સંગીતયાત્રા. કૃષ્ણકાંતભાઈએ આકાશવાણી અમદાવાદ પરથી ત્રીસ વર્ષની સુદીર્ઘ સેવા આપી.

પોતે વૈષ્ણવ પુષ્ટિમાર્ગીય હવેલી-સંગીતની પરંપરા સાથે એમની શાસ્ત્રીય ગાયનકલાનો સુમેળ સાધી માધુર્યયુક્ત ભાવપૂર્ણ ગાયનશૈલી વિકસાવી...

એમણે સંગીતશિક્ષણનો કપરો પંથ સ્વીકાર્યો અને એ જ એમનું સંગીતક્ષેત્રે સૂના ગુજરાતને બહુમૂલ્ય પ્રદાન છે. અનેક સંભાવનાઓઓથી ભરેલા યુવાકંઠને યોગ્ય તાલીમ આપીને તૈયાર કરવાનું કામ એમણે કર્યું છે. આજના આપણા અનેક પ્રસિદ્ધ, પ્રતિષ્ઠિત અને પ્રતિભાવંત કલાકારો એમના શિષ્ય હોવાનું ગૌરવ અનુભવે છે. ગુજરાતની સ્વરમય આજ એમની આ નિષ્ઠાનું પરિણામ છે.

સુધીર ખાંડેકર

(જ. 31-10-1946)

મૂળ થાણા-મહારાષ્ટ્રના પણ ગુજરાતને પોતાનું ઘર કરનાર સંગીતકાર પિતા વિલાસરાવ ખાંડેકરને ત્યાં સુધીરનો જન્મ. સુધીરને ગળથૂથીમાંથી જ સંગીતનો વારસો મળ્યો હતો. શાળાકીય અને ઉચ્ચ શિક્ષણ અમદાવાદમાં લીધું. 1969માં સંગીત અલંકારની પદવી પ્રાપ્ત કરી સમગ્ર ભારતમાં પ્રથમ આવ્યા.



અંગ્રેજી વિષય સાથે એમ.એ. થઈ અમદાવાદની ભવન્સ કૉલેજમાં જોડાયા. ત્યાં પણ સંગીતની સાધના વિસ્તારીને તેમણે યુનિવર્સિટી કૉયર ગ્રુપનું સંચાલન કર્યું. 1980માં યુનિવર્સિટીમાં રશિયન ડેલીગેશનને આવકારવા રશિયન ગીતો તૈયાર કરી ડેલીગેશનને ખુશ કરી દીધું.

1970થી વાયોલીનવાદક અને કમ્પોઝર તરીકે નામના મેળવનાર સુધીર ખાંડેકર અને તેમના પત્ની વાસંતીએ 'ખાંડેકર સંગીતમ્ સિમ્ફની' - સંગીતવર્ગોની સ્થાપના કરી. તેમાં તેઓ શાસ્ત્રીય, કંઠ્ય અને વાદ્યસંગીત તેમજ વૉઈસ કલ્ચરના વર્ગો ચલાવે છે. આજે આ સિમ્ફનીની શહેરમાં ચાર શાખાઓ છે. તેમાં તેમણે અનેક વિદ્યાર્થીઓ તૈયાર કર્યા છે. તેમણે દેશવિદેશમાં અનેક કાર્યક્રમો આપ્યા છે. અમદાવાદના 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા' દૈનિકમાં સંગીત-વિષયક લેખો લખ્યા છે. શ્રી ખાંડેકર સારા તસવીરકાર પણ છે. તેમની તસવીરોના પ્રદર્શનો પણ થયા છે. તેમના ભાઈ શરદ ખાંડેકર ખ્યાતનામ સંગીતકાર છે.

ગુજરાતનું હવેલીસંગીત અને તેના સંગીતકારો



પુષ્ટિમાર્ગની હવેલીમાં ભગવાન શ્રીકૃષ્ણની આઠ પ્રહરની સેવાપૂજા કરતી વખતે જે પદ ગાવામાં આવે છે તેને હવેલીસંગીત તરીકે ઓળખવામાં આવે છે. પુષ્ટિમાર્ગના સ્થાપક શ્રી વલ્લભાચાર્યે ઈ. 1509માં જતીપુરામાં શ્રીનાથજીની સ્થાપના કરી. ત્યાંથી ઈ. 1671માં અરવલ્લી પહાડની ટેકરીઓ વચ્ચેના સુરક્ષિત ગામ સિંહાડમાં તેની સ્થાપના થઈ. પુષ્ટિમાર્ગમાં શ્રીકૃષ્ણને બ્રહ્મનું પ્રગટ સ્વરૂપ માનવામાં આવે છે અને નંદરાયજીની હવેલીમાં ઊછરતા બાલકૃષ્ણની સેવા કરવામાં આવે છે. આઠ પ્રહરની આ સેવાને 1. મંગળા, 2. શણગાર, 3. ગ્વાલ, 4. રાજભોગ, 5. ઉત્થાપન, 6. ભોગ, 7. સાન્ધ્ય આરતી અને 8. શયન કહેવામાં આવે છે. આઠેય પ્રહરની આ સેવામાં સમય, ઋતુ અને ઉત્સવ પ્રમાણેનાં પદ શાસ્ત્રીય રાગની વિવિધ 100 જેટલી રાગરાગિણીઓમાં ગાવામાં આવે છે. આને આપણે હવેલીસંગીતના નામે ઓળખીએ છીએ પરંતુ પુષ્ટિમાર્ગમાં એને કીર્તન કહે છે.

હવેલીની સ્થાપના સાથે જ શાસ્ત્રીય સંગીતના ગાયક-વાદક અને ભક્તકવિને કીર્તનકાર તરીકેની સેવા સોંપવામાં આવી. પહેલી સેવા કુંભનદાસે કરી અને તેમના પછી સુરદાસને તે સેવા સોંપવામાં આવી. આમ શ્રીવલ્લભાચાર્યના સમયમાં કુંભનદાસ, સુરદાસ, પરમાનંદાસ અને કૃષ્ણદાસ એ ચાર કીર્તનકારોએ સેવા કરી. તે પછી શ્રી વિઠ્ઠલનાથ ગુસાંઈના સમયમાં નંદદાસ, ચતુર્ભુજદાસ, ગોવિંદસ્વામી અને છીતસ્વામી એ ચાર કીર્તનકારોએ સેવા બજાવી. આ આઠ કવિ-ગાયકોને ગુસાંઈજીએ ઈ. 156 અષ્ટછાપ - મંડળ તરીકે જાહેર કર્યા અને તે આઠ કૃ કીર્તનકારોને કૃષ્ણના સખા માનવામાં આવ્યા.

અમદાવાદમાં વિઠ્ઠલદાસ બાપોદરાએ સંગીત વિદ્યાપીઠની સ્થાપના કરી અને હવેલી-સંગીતના તાલીમવર્ગો શરૂ કર્યા હતા - જે હવે તેમના પુત્ર મનહરભાઈ બાપોદરા ચલાવે છે.



હવેલી સંગીતમાં મુખ્યત્વે અષ્ટછાપ સખાઓનાં રચેલાં પદ ગાવામાં આવે છે. આ ઉપરાંત મોગલકાળના અમર ગા તાનસેન, અકબરનાં રાણી ચાંદબીબી અને ધોંધી વગેરેની પદરચના પણ ગવાય છે. અષ્ટછાપ સખા સિવાયના જે કવિઓનાં પદ હવેલીમાં ગવાય છે તેમાં હિત હરિવંશ, આનંદઘન, હરિદાસ, શ્રી ભટ્ટ, રસિકપ્રીતમ, કૃષ્ણજીવન, ચતુરવિહારી, વલ્લભગિરિધર, ગદાધર મિશ્ર, નાગરીદાસ, કલ્યાણભટ્ટ, દ્વારકેશ, મુરારિદાસ, જગતરાય, આસકરણ, રામરાય અને તાનતરંગખાનો સમાવેશ થાય છે. ગુજરાતમાં નરસિંહ મહેતા અને દયારામની રચનાઓ પણ ગવાય છે.

ગુજરાતમાં હવેલીની સ્થાપના ઈ. 1716-1769ના દ્વારકેશ-યુગમાં થઈ. એને રાજ્યાશ્રય અને લોકાશ્રય મળ્યા. આ ધર્મના મુખ્ય પ્રવર્તક શ્રી વલ્લભાચાર્ય અને તેમના પુત્ર શ્રી વિઠ્ઠલનાથ ગુજરાતનાં અનેક નગરોમાં પધાર્યા હતા અને વિવિધ સ્થળે તેમની ગાદીની સ્થાપના થઈ હતી. આથી આરંભથી જ હવેલી સંગીતની સીધી અસર ગુજરાત પર રહી. અષ્ટછાપસખા કૃષ્ણદાસ તો ગુજરાતના જ હતા. આમ છેક આરંભથી જ ગુજરાતમાં હવેલી સંગીતનાં પ્રભાવ અને પ્રવર્તન રહ્યાં.

ગુજરાતના કીર્તનકારોમાં પ્રથમ સ્થાન કૃષ્ણદાસનું છે. તેઓનો સમય ઈ. 1496થી 1579 છે. તેર વર્ષની વયે તેઓ ગુજરાતમાંથી વ્રજમાં ગયા અને શ્રી વલ્લભાચાર્યના અનુયાયી બન્યા. એમણે સંગીતની તાલીમ લીધી ન હતી, એથી વલ્લભાચાર્યે એમને કીર્તનકાર તરીકેની સેવા ન સોંપી. પરંતુ સુરદાસ જેવા ઉત્તમ ગાયક અને કવિની સાથે રહેવાનું થતા સંગીતનું જ્ઞાન મેળવી શક્યા અને પદોની પણ રચના કરી.

પાંચેક સદીના આ સમયગાળામાં ગુજરાતમાં નામી-અનામી અનેક કીર્તનકારોએ યોગદાન આપ્યું અને ગુજરાતની હવેલીસંગીતની ધારાને આગળ વધારી. આવાં કાર્યોમાં વિશેષ નોંધપાત્ર કાર્ય શ્રી ચંપકલાલ છબીલદાસ નાયકનું છે. તેમણે ઈ.1935માં કીર્તન-પદ્ધતિ અને નિત્યકીર્તનનું પ્રકાશન કર્યું.

રેડિયોમાં પ્રસારિત થતા હવેલીસંગીત દ્વારા અને કીર્તનના શિક્ષણ દ્વારા પોરબંદરના શ્રી વલ્લભદાસ બાપોદરા અને એમના પુત્ર શ્રી વિઠ્ઠલદાસ બાપોદરાનું યોગદાન પણ મૂલ્યવાન છે. એમણે ઈ.1998માં અષ્ટછાપ કીર્તન સંગીત વિદ્યાપીઠની સ્થાપના કરી. આ ગાનના શિક્ષણની વ્યવસ્થા કરી, જેથી આ પરંપરા ટકી રહે.

ગુજરાતમાં સુરત, વડોદરા જેવાં શહેરોમાં અને પોરબંદર, જૂનાગઢમાં હવેલી છે. આ હવેલીઓમાં સેવા આપતા અનેક કીર્તનકારોએ હવેલીસંગીતના ઉત્કર્ષ-વિકાસમાં યોગદાન આપ્યું. વલ્લભકુળના ગોસ્વામીઓમાં પણ કેટલાક ઉત્તમ ગાયક-વાદક થઈ ગયા અને પખવાજવાદનમાં ભારતીય સ્તરે નામાંકિત બન્યા. આમાં પોરબંદરના ગોસ્વામી શ્રી રસિકરાય વિશેષ ઉલ્લેખનીય છે. તેમણે દાદા ઘનશ્યામલાલ અને પિતા દ્વારકેશ પાસે હાર્મોનિયમવાદનની તાલીમ લીધી. એ પછી પં. રવિશંકર પાસે શિક્ષણ લીધું અને સિતારની ગતવાદનની શૈલીને હાર્મોનિયમવાદનમાં ઉતારી એની બે કેસેટ પણ બહાર પડી છે.

ચંપકલાલ છ. નાયક

(જ. 19-4-1909 * અ. 5-12-1998)



ખ્યાતનામ પુષ્ટિમાર્ગીય કીર્તનકાર ચંપકલાલનો જન્મ પાટણમાં. પિતા છબીલદાસ બે પેઢીથી દ્વારકાધીશમંદિરમાં કીર્તનકાર હતા. પોતાને ત્યાં ગામ-પરગામથી આવતા સુપ્રસિદ્ધ કીર્તનકારોને સાંભળવાનો તેમને લહાવો મળતો હતો. પિતાની સાથે મંદિરે જતા. કાને સંગીતના સંસ્કારો સતત પડ્યા કરતા.

તેમને પૂંજીરામ નામના ઉસ્તાદ પાસે મૃદંગની ખાસ તાલીમ આપવામાં આવી અને ત્યાર બાદ એક પખવાજી તરીકે તે મંદિરમાં સામેલ થયા.

સંગીતને પ્રોત્સાહન માટે મહારાજા સયાજીરાવે વડોદરા રાજ્યમાં ચાર સંગીતશાળાઓ સ્થાપી હતી. તેમાંની એક પાટણમાં પણ હતી. ચંપકલાલ અગિયાર વર્ષની ઉંમરે તેમાં દાખલ થયા. ત્યાર બાદ મહેસાણા અને વિસનગરનાં મંદિરોમાં કીર્તનકાર તરીકે સેવાઓ આપીને તેઓ અમદાવાદમાં સ્થિર થયા. અમદાવાદમાં લીનાબહેન મંગળદાસની કુટુંબશાળામાં પણ સંગીત શીખવ્યું.

તેમને અમદાવાદમાં ભાતખંડે સંગીતપદ્ધતિનું વિદ્યાલય શરૂ કરવાની ઇચ્છા થઈ. પરિણામે ભાતખંડે સંગીત મહાવિદ્યાલયનો પ્રારંભ થયો.

ચંપકલાલજી અમદાવાદમાં આકાશવાણી ઉપરથી કાર્યક્રમ આપતા હતા. 1965માં 'ગોવિંદસ્વામી' નામે ફિલ્મમાં તેમણે અકબરની ભૂમિકા કરી હતી તેમ જ સંગીતનિર્દેશન પણ કર્યું હતું. તેમણે અનેક સ્થળોએ સંખ્યાબંધ કાર્યક્રમો આપ્યા હતા તેમ જ 'અષ્ટછાપીય ભક્તિસંગીત' સહિતના 16 ગ્રંથોની રચના કરી હતી.

ભગવતીપ્રસાદ પ્રે. ભટ્ટ

(જ. 19-11-1914 * અ. 17-12-1980)



ભગવતીપ્રસાદનો જન્મ જામનગરમાં. ભગવતીપ્રસાદના દાદા ગાયનાચાર્ય પં. કાનજીભાઈ ભટ્ટ જામનગર હવેલીમાં કીર્તનકાર અને ઉત્તમ પખવાજ-વાદક હતા. એમના પુત્ર પં. પ્રેમશંકર ધ્રાંગધ્રાના રાજગાયક અને હવેલીના કીર્તનકાર બન્યા. કાનજી ભટ્ટ પં. આદિત્યરામ વ્યાસના શિષ્ય હતા.

ધ્રાંગધ્રાના કલાપ્રેમી મહારાજા અજિતસિંહે ભગવતીપ્રસાદની કલાપ્રતિભા પારખી અને વિશેષ અભ્યાસની સુવિધા કરી આપી. આથી ભગવતીપ્રસાદે દેવાસના રજબઅલીખાં, વડોદરાનાં પં. ગોવિંદપ્રસાદ અને મુંબઈના પં. બાબુરાવ ગોખલે પાસે સંગીતની તાલીમ લીધી અને 'સંગીત-પ્રવીણ' અને 'શિક્ષાવિશારદ' બન્યા. કુળધર્મ અને પ્રતિભા ઉપરાંત વ્યવસ્થિત ઉસ્તાદી કક્ષાના સંગીતના શિક્ષણને કારણે જ આ કીર્તનકારના ગાનમાં પુષ્ટિમાર્ગના સંગીતનું શુદ્ધ સ્વરૂપ જળવાયું અને વિકાસ પામ્યું. આકાશવાણીમાં હવેલી-સંગીતને સ્થાન મળ્યું તેમાં પણ મુખ્ય યોગદાન પં. ભગવતીપ્રસાદ ભટ્ટનું છે.

ભગવતીપ્રસાદનું હવેલીસંગીતમાં ઉત્તમ કાર્ય છે. એમનો લખેલો 'પુષ્ટિ સંગીત પ્રકાશ' ગ્રંથ સંગીત નાટક અકાદમી, દિલ્હીએ પ્રગટ કર્યો છે. અનેક અલ્પપ્રચલિત અને અપ્રચલિત રાગોની વિગત હિંદીમાં લખાયેલા આ રાષ્ટ્રીય કક્ષાના ગ્રંથમાં મળે છે. દોઢસો વર્ષની કુળપરંપરાને આધારે આ ગ્રંથ લખાયો છે અને તેમાં પદનાં મૂળભૂત ગાનસ્વરૂપને સ્વરાંકનથી પૂર્ણ રૂપે દર્શાવ્યાં છે. પુષ્ટિ-કીર્તનનો શ્રદ્ધેય ઇતિહાસ આ ગ્રંથમાં છે.

વિઠ્ઠલદાસ બાપોદરા

(જ. 8-8-1924)



વિઠ્ઠલદાસને હવેલીસંગીતનો વારસો વંશપરંપરાગત રીતે મળ્યો છે. દાદા પરસોતમદાસ તથા પિતા વલ્લભદાસ બંને હવેલીસંગીતમાં નિપુણ હતા. તેમણે ગોસ્વામી દ્વારકેશલાલજી અને પિતા પાસેથી હવેલીસંગીતની તાલીમ પ્રાપ્ત કરી હતી. ગાંધર્વ મહાવિદ્યાલયમાંથી 'સંગીત અલંકાર'ની પદવી પણ તેમણે મેળવેલી.

તેમણે પોરબંદર, જૂનાગઢ અને મુંબઈની હવેલીમાં, જૂનાગઢની સરકારી શાળામાં સંગીતશિક્ષક તરીકે, ભાવનગરની મહિલા કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે 20 વર્ષ કામગીરી બજાવી. નિવૃત્તિકાળ દરમ્યાન આકાશવાણી, હવેલી-સંગીત માટેની શિક્ષણ-શિબિરો, તેના કાર્યક્રમો દ્વારા પુષ્ટિમાર્ગની આ સંગીતપરંપરાની જાળવણીનો તેઓ પુરુષાર્થ કરતા રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ 'અષ્ટછાપ વિદ્યાપીઠ'ની સ્થાપના કરવામાં આવી છે. દેશભરમાં આ પ્રકારની આ એકમાત્ર સંગીત-સંસ્થા છે.

તે આકાશવાણીના ઉચ્ચ કક્ષાના કલાકાર છે. ભુજ, રાજકોટ, અમદાવાદ, દિલ્હી, જયપુર, મથુરા વગેરે કેન્દ્રો ઉપરથી તેમના કાર્યક્રમો અવારનવાર રજૂ થતા રહ્યા છે. INT તરફથી યોજાયેલ 'હવેલીસંગીત મહોત્સવ'નો કાર્યક્રમ તેમના દ્વારા પ્રસ્તુત થયો હતો. 1982માં 'હવેલીસંગીત શતાબ્દી સમારોહ'માં તેમણે કાર્યક્રમ રજૂ કર્યો હતો.

અખિલ ભારત બાલકૃષ્ણ શુદ્ધાદ્વૈત, સુરત તરફથી 'કીર્તનભૂષણ'ની પદવી અપાઈ છે. 1996માં સરકાર તરફથી ગૌરવ પુરસ્કાર વડે સન્માન કરાયું છે.

અષ્ટસખા

સુરદાસ : જન્મ દિલ્હી નજીક સિંહીમાં. સંવત 1535માં સારસ્વત બ્રાહ્મણ. સ્વયં જન્માંધ. સં. 1567માં વૈષ્ણવ સંપ્રદાયમાં પ્રવેશ. કીર્તનસેવામાં પરાસોલીમાં રહ્યા. સં. 1640માં અવસાન.

પરમાનંદનદાસ : કનોજમાં સંવત 1550માં જન્મ. કાન્યકુબ્જ બ્રાહ્મણ. જીવનભર અવિવાહિત. સં. 1577માં પ્રયાગમાં સંપ્રદાયમાં પ્રવેશ. સં. 1640માં અવસાન. 'પરમાનંદ-સાગર'ની રચના કરી છે.

કુંભનદાસ : સંવત 1525માં જન્મ. ગોરવા ક્ષત્રિય. ગાનવિદ્યામાં નિપુણ. સં. 1556માં વૈશાખ સુદ ત્રીજે ગિરિરાજમાં સપત્ની દીક્ષા લીધી. સં. 1640માં સંકર્ષણકુંડમાં અવસાન. 400 પદ રચ્યાં છે.

કૃષ્ણદાસ : જન્મ સંવત 1554માં. ગુજરાતના કણબી પટેલ. 13 વર્ષની વયે ગૃહત્યાગ. મથુરામાં સં. 1567માં દીક્ષા. ગુસાંઈ વિઠ્ઠલનાથજીએ એમને ગિરિરાજ મંદિરના કૃષ્ણભંડારના 'અધિકારી' બનાવેલા. 1638માં જળસમાધિ. 700 પદ રચ્યાં છે.

ચતુર્ભુજદાસ : અષ્ટસખા કુંભનદાસના પુત્ર. વલ્લભ સંપ્રદાયમાં શિક્ષા લઈ પિતા પાસેથી ગાયન અને કવિતાશક્તિ મેળવી. વિઠ્ઠલનાથજી પાસે 1596માં દીક્ષા. સં. 1642માં અવસાન. 400 પદ મળે છે.

નંદદાસ : સં. 1590માં રામપુરમાં જન્મ. સારસ્વત બ્રાહ્મણ. ગાયનના પ્રેમી, વિદ્વાન અને કવિ. 400 જેટલાં પદ એમણે રચેલાં.

છીતસ્વામી : મથુરામાં જન્મ. ચતુર્વેદી બ્રાહ્મણ. ગુસાંઈજીના પ્રતાપે સદાચારી થઈ સં. 1592માં સંપ્રદાયમાં પ્રવેશ. 200 જેટલાં પદ પ્રાપ્ય છે.

ગોવિંદસ્વામી : ભરતપુર રાજ્યમાં જન્મ. સનાઢ્ય બ્રાહ્મણ. પ્રથમથી વિખ્યાત કવિ અને ગાયક. તાનસેન એમની પ્રેરણાથી ગુસાંઈજીના શિષ્ય બનેલા. સંવત 1642માં ગોવર્ધનમાં સમાધિ લીધી. 500 પદ મળે છે.



સપ્તસૂરના સાધકો

સંગીત હૃદયોદ્ગાર છે - વ્યક્તિનો અને પ્રજાનો. પ્રત્યેક પ્રજાને પોતાની સંગીતપરંપરા હોય છે. એ પરંપરિત ધારામાં પ્રજાના જીવનની એષણાઓ અને ઉમંગરમણાઓ, આનંદો અને વિષાદો, સંસારનાં સુખ-દુઃખથી માંડીને જ્ઞાનવૈરાગ્યનાં ગીતો સુધીના અનેકવિધ ઉદ્ગારોનું સરળ સ્વાભાવિક લોકસંગીત, કલાની પેઢીગત સાધનાના પરિપાક સમું શાસ્ત્રીય સંગીત અને પ્રયોગાત્મક પ્રવૃત્તિના પરિણામરૂપ, જમાનેજમાને નીપજતું એવું સુગમ સંગીત એમ અનેક સરવાણીઓ એકસાથે વહેતી હોય છે.



ગુજરાતનેય પોતાનું અભિનવ સંગીત છે. સૌરાષ્ટ્ર તો વૈવિધ્યપૂર્ણ લોકસંગીતથી સમૃદ્ધ છે. પણ ઉત્તર ગુજરાત, ચરોતર અને દક્ષિણ ગુજરાત, પશ્ચિમકાંઠાના સાગરખેડુઓ અને પૂર્વ સીમારેખાના વનવાસીઓને પણ પોતાનું સંગીત છે. ઢોલ ને પાવા, એકતારો ને મંજીરા કે ડફ, ચંગ ને રાવણહથ્થા સાથે લલકારાતાં ગીતો-ભજનો-દુહા-છંદ-રાસ કે નૃત્યગીતોનું નેસડા ને પડાવોમાં, ફળિયા-ચાચર-મેળામાં કે કૂવા-કાંઠડે પાણી ભરતાં કે ઘરખૂણે દળતાં-ખાંડતાં, પ્રસંગે-પ્રસંગે કે નિત્યજીવન સાથે ગવાતાં અનેકવિધ ગીતોનું લોકસંગીત ગુજરાતે જાળવી રાખ્યું છે. ચારણો-ગઢવીઓ-રાવળો-ભજનિકોની પરંપરા લુપ્ત થઈ નથી. તે સાથે વેદવિખ્યાત સામગાનથી માંડી હવેલીસંગીત અને શાસ્ત્રીય સંગીતની પરંપરાના ઉત્તમ કોટિના કલાકારો ગુજરાતે આપ્યા છે. અર્વાચીનકાળની અભિરુચિમાંથી ઉદ્ભવેલી કાવ્ય અને સંગીતની કળાઓનો સમન્વય સાધતી સુગમ સંગીતની ધારા પણ ગુજરાતમાં વેગથી વિકસી સમૃદ્ધ થઈ છે. કલાકારોની એક પછી એક પેઢીઓ ઊગતી-આથમતી જાય છે અને વારસાને ઝીલી-જાળવીને તેને પોતાના આગવા પ્રદાનથી સમૃદ્ધ પણ કરતી જાય છે.

સામ-સંગીત

આર્યોના આગમન પછી ભારતમાં આર્ય સંસ્કૃતિનો જે ફેલાવો થયો તેમાં ગુજરાત અલિપ્ત ન હતું. વેદકાળના ગુજરાતનાં જાણીતાં સ્થળોમાં પ્રભાસક્ષેત્ર અને ભૃગુકચ્છ (ભરૂચ) એ મુખ્ય હતાં. આ ક્ષેત્રોમાં મહર્ષિઓના આશ્રમો હતા. આ આશ્રમો વૈદિક સંસ્કૃતિનાં કેન્દ્રો ગણાતાં. અહીં 'ઋગ્વેદ', 'યજુર્વેદ', 'સામવેદ' અને 'અથર્વવેદ'નું શિક્ષણ મળતું. ઋચાઓ સંગીતમય સ્વરોમાં ગવાય છે. સામવેદ એ ભારતના સંગીતની ગંગોત્રી છે. તેની ત્રણ મુખ્ય શાખાઓમાંથી 'કૌથુમી' શાખા ગુજરાતમાં પ્રચલિત છે. આજે પણ ગુજરાતનાં શુક્લતીર્થ, ચાણોદ, કરનાળી, શિહોર (દક્ષિણ ગુજરાત), વાંસવાડા, સરખેજ, સુરત, ભરૂચ, વડોદરા, જૂનાગઢ, જામનગર, પડધરી અને ડાકોર જેવાં ગામોમાં સામવેદી બ્રાહ્મણો છે. તેમના દ્વારા આપણી પ્રાચીન સંસ્કૃતિના વારસાનો તંતુ ચાલી રહ્યો છે. રાજકોટ પાસે પડધરીના વિદ્વાન બ્રાહ્મણ રેવાશંકર સામગાનના નિષ્ણાત હતા.

સંગીત-સંસ્કૃતિના આરાધ્ય દેવ

વેદકાળ પછી આર્ય સંસ્કૃતિનો ફેલાવો કરનાર જે મહાપુરુષો તથા કુળો ગુજરાતમાં આવ્યાં, તેમાં યાદવકુળનો ફાળો મહાન છે. ગુજરાતમાં યાદવકુળ દ્વારકામાં સ્થિર થયું અને દ્વારકા ગુજરાતની પ્રાચીન સંસ્કૃતિનું કેન્દ્ર બન્યું. ગુજરાતના યાદવોના અગ્રણી નેતા હતા શ્રીકૃષ્ણ. ગુજરાતમાં સંગીત અને નૃત્યના સંસ્કારોનું આરોપણ કરવામાં શ્રીકૃષ્ણ પહેલા અને આગળ-પડતા હતા. શ્રીકૃષ્ણની દ્વારકામાં યાદવોની મહેલાતો સંગીત અને નૃત્ય વડે ધમધમતી હતી. આ સમયે છાલિક્ય-ગાન એ ઘણું મુશ્કેલ અને ગહન સંગીત ગણાતું. આ ગાન-પદ્ધતિમાં શ્રીકૃષ્ણ પોતે, બલરામ, સામ્બ, પ્રદ્યુમ્ન અને અનિરુદ્ધ વગેરે નિષ્ણાત ગણાતા. 'હરિવંશ'ના બીજા

પર્વનો 89મો અધ્યાય છાલિક્ય-ગાન અંગેનો છે. શ્રીકૃષ્ણની વાંસળીનો વારસો ગુજરાતની ગોપ-કોમોએ લોકસંગીત દ્વારા જાળવી રાખ્યો છો.

વલભીકાળ (ઈ. સ. 509-766)

વલભી એ ગુજરાતનું પહેલું અને પ્રતાપી રાજ્ય હતું. આ કાળના ગુજરાતમાં સાહિત્ય, તત્ત્વચિંતન, શિલ્પ-સ્થાપત્ય તથા સંગીતનો સારો વિકાસ થયો હતો. કેટલાક વલભીના રાજવીઓ પણ સંગીતજ્ઞ હતા. પણ આ યુગમાં સંસ્કૃત સાહિત્યમાં મહાકવિ ભટ્ટીનું નામ મળી આવે છે તેવું સંગીતમાં કોઈ નામ હાથ લાગતું નથી.

રાજપૂતકાળ (ઈ.સ. 766-1297)

વલભીના નાશ પછી ગુજરાતમાં ચાવડા, સોલંકી અને વાઘેલા વંશોનું આધિપત્ય લગભગ 500 વર્ષ ચાલ્યું. આ કાળમાં ગુજરાતની રાજકીય, આર્થિક તથા સાંસ્કૃતિક સમૃદ્ધિમાં મોટો પલટો આવે છે. ઉપર જણાવેલ ત્રણે વંશમાં સોલંકીકાળ એ ગુજરાતનો સુવર્ણયુગ કહેવાય છે. આ સમયે ગુજરાત શ્રી અને સરસ્વતીનું ધામ બની રહ્યું હતું. ગુજરાતનાં શિલ્પસ્થાપત્યોએ ભારતના નકશામાં અગ્રસ્થાન પ્રાપ્ત કર્યું હતું, પરંતુ તે કાળમાં સંગીતકળાને એટલું પ્રોત્સાહન મળ્યું હોય તેવું લાગતું નથી. કદાચ મળ્યું હોય તો તે જાણવા આપણી પાસે કોઈ સાધન નથી. હરિપાલ એ ભીમદેવ પહેલાના (1022-1064) પુત્ર હતા. તેમને તેમના કાકા કર્ણદેવ સાથે અણબનાવ થતાં તેઓ ગુજરાત છોડીને દક્ષિણમાં શ્રી રંગનાથના મંદિરમાં રહેવા ગયા હતા. અહીં તેમણે 'સંગીતસુધાકર' નામનો ગ્રંથ લખેલો જે આજે પણ પ્રાપ્ય છે. તે ગ્રંથ તામિલ ભાષામાં લખાયો હતો.

ત્યાર બાદ સૌરાષ્ટ્રમાં જૂનાગઢ એ ચૂડાસમા રાજવીઓની રાજધાની હતું. જૂનાગઢ પાસેના સૂત્રાપાડા નામના ગામ પાસેની વાવમાંથી મળેલા ચૌદમી શતાબ્દીના



શિલાલેખમાં ત્યાંના ધાંધળ નામના એક નાગર ગૃહસ્થની બે કન્યાઓ સંગીતમાં પ્રવીણ હતી તેવો ઉલ્લેખ છે. નરસિંહ મહેતા ગુજરાતના આદિકવિ જ નહીં પણ સમર્થ સંગીતકાર અને ભક્ત હતા તે તો કેદાર-રાગને ગીરવે મૂકવાની કથા પરથી સ્પષ્ટ થાય છે.



મુસ્લિમકાળ

વાઘેલાવંશ પછી મુસ્લિમકાળમાં ગુજરાત રાજકીય અને સાંસ્કૃતિક દૃષ્ટિએ અનેક વાર રગદોળાયું. દિલ્હીના મુગલ શાસનમાંથી સ્વતંત્ર થઈ ગુજરાતના સુલતાનો સ્વતંત્ર રાજ્યકારભાર કરતા થયા બાદ ફરીથી ગુજરાતની જાહોજલાલી શરૂ થઈ. ગુજરાતમાં બહાદુરશાહનો કાળ (1526-1537) સંગીતકલાની દૃષ્ટિએ ઘણો મહત્ત્વનો ગણાય. તેમના દરબારમાં બક્ષુ અને બૈજુ નામના બે મહાન સંગીતકારો હતા. તેમાં બૈજુ ગુજરાતી હતો. ચાંપાનેરનો તે વતની હતો અને તેણે વૃંદાવનમાં સ્વામી હરિદાસ પાસે સંગીતની સાધના કરી હતી. 1573ના અકબરના સમય દરમ્યાન તેના દરબારના સંગીતકાર તાનસેનનો દાહ શમાવવા વડનગરની બે નાગર કન્યાઓ તાના અને રીરીએ મલ્હારરાગ ગાયો હતો એવી દંતકથા છે.

ભારતના કોઈ પણ પ્રદેશ કરતાં ગુજરાતમાં દેશી રાજ્યોની સંખ્યા વિશેષ હતી. તે બધાં રાજ્યોમાં સંગીત, કલા અને વિદ્વત્તાને આશ્રય આપવાની પરંપરા હતી. આ સંદર્ભમાં ગુજરાતનાં દેશી રાજ્યોએ આ અંગે કરેલા પ્રયત્નોની નોંધ લેવી જરૂરી છે.

સંગીતને રાજ્યાશ્રય

ભારતમાં ગ્વાલિયર રામપુર, કોલ્હાપુર મિરજ, ઈન્દોર, જયપુર, જોધપુર વગેરે સંગીત માટે આશ્રયસ્થાનનાં જેમ કેન્દ્રો બની ગયાં, તેમ ગુજરાતમાં વડોદરા, જામનગર, જૂનાગઢ, ભાવનગર, ધરમપુર, વાંસદા, વઢવાણ, ચૂડા, હડાળા, પાલનપુર, સંતરામપુર, લુણાવાડા, બારિયા, ઈડર, સાણંદ વગેરે નાનાંમોટાં રાજ્યોએ અનેક સંગીતકારોને વર્ષો સુધી રાજ્યાશ્રય આપી ગુજરાતમાં સંગીતની શિષ્ટ ભૂમિકાને ટકાવી રાખવામાં ફાળો આપેલ છે.

રાજ્યાશ્રિત ગાયકો રાજ્યના આશ્રયે ઊછરતા અને રાજવીઓ તેમના આશ્રયદાતા હોવાથી ગુજરાતની પ્રજામાં સંગીતના સંસ્કારોને પોષણ મળ્યું નહિ. સંગીતના જલસાઓ કરી, રેકર્ડ ઉતરાવી તથા રેડિયોમાં કાર્યક્રમ આપી શિષ્ટ સંગીતનો પ્રસાર કરવાની પ્રક્રિયાને ચાર દાયકાથી વધુ વખત થયો નથી. તેમ છતાં ગુજરાતમાં કેટલાંક સંસ્કારી કુટુંબોમાં સંગીતની સમજ હતી. પરંતુ આ કુટુંબો ગણ્યાંગાંઠ્યાં હોવાથી પ્રજાનો ઘણો મોટો ભાગ શિષ્ટ સંગીતથી અનભિજ્ઞ રહેતો.

જૂનાગઢ

1742માં જૂનાગઢમાં નવાબી રાજ્યની સ્થાપના થયા બાદ સંગીતકલાને પ્રોત્સાહન મળવાનું શરૂ થયું. તે પહેલાં પંદરમી શતાબ્દીમાં થઈ ગયેલા નરસિંહ મહેતાનાં કાવ્યો, ભજનો અને સંગીત માટે તે જાણીતું હતું. તેમણે કેદાર-રાગને ગીરવે મૂક્યો હતો તેવી દંતકથા છે. 1827માં બહાદુરખાનજીના વખતમાં રાજ્યગાયક તરીકે લખનૌના જાણીતા ગાયક નન્નુ મિયાંની નિમણૂક થઈ હતી. આ નન્નુમિયાં પાસે આદિત્યરામ વ્યાસે બાળપણમાં સંગીતનું શિક્ષણ લીધું હોવાનું કહેવાય છે. નન્નુમિયાં પછી આદિત્યરામ વ્યાસ જૂનાગઢના રાજ્યગાયક બન્યા. ત્યાર પછી વિભા જામના આગ્રહથી તેઓ જામનગર પાછા ગયા હતા. જૂનાગઢના નવાબ બડે મહોબ્બતખાનજી કુશળ સંગીતકાર ગણાતા હતા. ખાનસાહેબ અબ્દુલકરીખાં થોડો વખત જૂનાગઢ રહ્યા હતા. ઉસ્તાદ અમીરખાં પણ યુવાનીમાં અહીં રહી ચૂક્યા હતા. આજે જોકે આ સ્થળે સંગીતની પરંપરા નામશેષ થયેલી છે.



અબ્દુલકરીમખાં

શિષ્ટ-સંગીતક્ષેત્રે એક જાણીતું નામ છે.

ભાવનગર

ભાવનગર રાજ્યના સંગીતનો ઇતિહાસ મહારાજા તખ્તસિંહજીના કાળથી શરૂ થાય છે. તેને વેગ આપવાનું કામ મહારાજા ભાવસિંહજીએ કર્યું હતું. સેનિયા ઘરાણાના હમીરખાં, બીનકાર રહીમખાન તથા ચંદ્રપ્રભાને ભાવનગરમાં રાજ્યાશ્રય મળ્યો હતો. રહીમખાનના પુત્ર કાદિરખાન અચ્છા સિતારવાદક હતા. આ ઉપરાંત ભાવનગર રાજ્યે પોતે પણ સંગીતકારો પેદા કર્યા છે. તેમાં નાયક દલસુખરામ ઠાકોર અને ડાહ્યાલાલ શિવરામ નાયક મુખ્ય હતા. ડાહ્યાલાલ નાયકે 'સંગીત કલાધર' જેવો મહાન સંગીતગ્રંથ ગુજરાતી ભાષામાં આપ્યો છે. દલસુખરામ ઠાકોરના પુત્ર ગજાનન ઠાકોર વડોદરા સંગીત કૉલેજમાં અધ્યાપક હતા. ગુજરાતના જાણીતા ખયાલગાયક યશવંતરાવ પુરોહિત પણ ભાવનગરનું રત્ન હતા. તેમ જ ભાવનગરના શિષ્ટસંગીતમાં બાબુલાલ અંધારિયા અને રસિકલાલ અંધારિયાનો ફાળો મહત્ત્વનો છે. પંડિત ઓમકારનાથજીના શિષ્ય બળવંત ભટ્ટ પણ ભાવનગરના હતા. તેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીની સંગીતશાળામાં અધ્યાપક હતા. આ ઉપરાંત સુગમ સંગીતના જગતમાં જાણીતા રસિકલાલ ભોજક અને જયદેવ ભોજક ભાવનગરના છે. આમ જોતાં ભાવનગરે સંગીતની પરંપરા હજી સુધી જાળવી રાખી છે. પંડિત ઓમકારનાથજીના બીજા શિષ્ય અતુલ દેસાઈનું

વઢવાણ

વઢવાણ રાજ્ય આમ તો નાનું રાજ્ય છે, પરંતુ ત્યાંનો સંગીત-આશ્રય મોટો ગણાતો. વઢવાણના ઠાકોરસાહેબ દાજીરાજજીને સંગીતનો નહીં, પરંતુ શાસ્ત્રનો પણ શોખ હતો. તેમણે ભવાનરાવ પિંગળે અને ધારપુરે નામના સંગીતકારો પાસે સંગીતનાં પુસ્તકો લખાવ્યાં હતાં. પિંગળેનું 'ઇન્ડિયન મ્યુઝિક' નામનું પુસ્તક અંગ્રેજીમાં લખાયેલું હતું. ધારપુરેએ સિતારવાદન અંગે પુસ્તકો લખ્યાં હતાં.

ધરમપુર-વાંસદા

કેટલાંક રજવાડાંઓના રાજવીઓ પોતે જ સંગીતકાર હતા. જૂનાગઢના નવાબ મહોબ્બતખાનજી, ચૂડાના તેમજ સાણંદના દરબારો તથા ધરમપુરના રાજવી વિજયદેવજી તથા રાજકુમાર પ્રભાતદેવજી સારું સંગીત જાણતા હતા. ખ્યાતનામ સંગીતકાર પંડિત જદુનાથજી સાણંદબાપુના શિષ્ય હતા. પ્રભાતદેવજી કાદરબક્ષના શિષ્ય હતા અને ગુજરાતના પહેલા બીનકાર હતા. 1920માં તેમણે 'સંગીત પ્રકાશ' નામનો મહાગ્રંથ બે ભાગમાં પ્રગટ કર્યો હતો. એ ગુજરાતી, હિન્દી, ફ્રેન્ચ અને અંગ્રેજી ભાષામાં પ્રગટ થયો હતો. આ ઉપરાંત તેમણે 'મ્યુઝિક મેગેઝિન'નું પ્રકાશન કર્યું હતું તેમ જ ધરમપુરમાં સંગીતશાળાની સ્થાપના કરી હતી. ધરમપુર પાસે આવેલા વાંસદા રાજ્યમાં સિતારવાદક રહીમખાન રહ્યા હતા. તેમ જ પંડિત ભાતખંડેના મુખ્ય શિષ્ય ગણાતા શિષ્યોમાંના પંડિત વાડીલાલ શિવલાલ પણ વાંસદામાં ઠીકઠીક સમય રહ્યા હતા. ત્યાંથી ભાતખંડેના ગ્રંથોનું ગુજરાતીમાં ભાષાંતર કરીને પ્રકાશન કર્યું હતું.

જામનગર

ગુજરાતમાં પાટણ અને ધોળકાનું પતન થયા પછી ગુજરાતની સંસ્કૃતિવિદ્યાઓ અને લલિતકલાઓ ધીરેધીરે સૌરાષ્ટ્ર તરફ વળી. અમદાવાદમાં સલ્તનતની સ્થાપના પછી સૌરાષ્ટ્રમાં જાડેજાની સત્તાનો ઉદય જામનગરમાં થયો ત્યારથી જામનગર ગુજરાતનું છોટે કાશી બની ગયું. સોળમા સૈકામાં જામનગરના કવિ શ્રીકંઠ વિરચિત 'રસકૌમુદી' નામનો સંસ્કૃત ભાષામાં લખાયેલો સંગીત, નૃત્ય અને નાટ્ય પરનો ગુજરાતનો પહેલો ગ્રંથ જામનગરે આપ્યો.



દલસુખરામ ઠાકોર

1841માં જામનગરની હવેલીના વ્રજનાથજી મહારાજનું સંગીતનું જ્ઞાન ઘણું સારું હતું. 1889માં જામનગરના જામ વિભાજીએ જામનગરમાં સંગીતશાળા શરૂ કરી હતી. તેનું આચાર્યપદ આદિત્યરામજીને સુપરત કરવામાં આવ્યું હતું. તેમના શિષ્યોમાં કેશવલાલ આદિત્યરામ, લક્ષ્મીદાસ આદિત્યરામ, મૂળજી વ્યાસ, દ્વારકાનાથ મહારાજ, જેઠા રાવળ, જટાશંકર શુક્લ વગેરે મુખ્ય હતા. દિલરૂબાવાદક પ્રવીણસિંહ જાડેજા પણ જામનગરના જ વતની છે.

વડોદરા

ગુજરાતનાં દેશી રાજ્યોમાં સંગીત માટે થયેલા પ્રયત્નો સૌથી વધુ વ્યવસ્થિત અને વ્યાપક સ્વરૂપમાં રહ્યા છે. તે માટેનો યશ મહારાજા સયાજીરાવને ફાળે જાય છે. વડોદરામાં સંગીત-પ્રવૃત્તિનો પ્રારંભ ખંડેરાવ મહારાજના સમયથી થયો છે. તેમણે સૌપ્રથમ મૈસૂરના રાજગાયક મૌલાબક્ષને વડોદરા આવવા આમંત્રણ આપ્યું હતું. સયાજીરાવે 1886માં વડોદરામાં સંગીતશાળા શરૂ કરી. તેના પહેલા આચાર્ય તરીકે મૌલાબક્ષની નિમણૂક કરી હતી. મૌલાબક્ષ વીણાવાદક હતા અને કંઠ્ય સંગીતમાં ધ્રુપદ-ધમાર-પદ્ધતિમાં તૈયાર થયા હતા. માત્ર 70 વિદ્યાર્થીઓથી શરૂ થયેલી એ સંસ્થા આજે સંગીત, નૃત્ય અને નાટ્યકલાના શિક્ષણ માટેની આગવી સંસ્થા બની ચૂકી છે. વડોદરાએ મૌલાબક્ષ ઉપરાંત ખાંસાહેબ અબ્દુલકરીમખાં, ફૈયાઝખાં, નાસિરખાં, ફિદાહુસેન, ફૈજમહમ્મદ, ગણપતરામ, આતાહુસેન, અમીરખાં, ઈનાયત-હુસેન, ગંગારામ તખવાજી, હીરાબાઈ બડોદેકર, લક્ષ્મીબાઈ જાદવ, મીરાં ખાડકર વગેરે અનેક સંગીતકારોને રાજ્યાશ્રય આપ્યો હતો. વડોદરામાં શરૂ થયેલી સંગીત પ્રણાલીઓ આજદિન પર્યંત ચાલુ રહી છે.


ઈનાયત હુસેનખાં

મહારાજા સયાજીરાવે દર અઠવાડિયે દરબારી ગાયકો તથા વાદ્યવાદકોના જાહેર જલસાઓ યોજીને પ્રજાની સંગીતની રસવૃત્તિ પોષી હતી. સંગીતને પોતાના મહેલનો કે દરબારનો ઇજારો ન સમજતાં તેને બહાર કાઢીને પ્રજા સમક્ષ લાવીને મૂક્યું હતું. વડોદરાની સંગીતશાળામાંથી અનેક સંગીતકારો-સંગીતશિક્ષકો બહાર પડ્યા છે. સુપ્રસિદ્ધ સંગીતકાર ભાસ્કર બુવા પણ વડોદરા રાજ્યમાં જન્મ્યા હતા. 1916માં ભારતની સૌપ્રથમ સંગીત-પરિષદ વડોદરાએ બોલાવી હતી. વડોદરાના દરબારના ઉત્તમ કલાકારો અઠવાડિયે એક વાર જાહેરમાં લોકો માટે પણ ગાતા.

કચ્છ

કચ્છમાં ઉસ્તાદ લાલખાં જેવા સુપ્રસિદ્ધ સંગીતકારે વર્ષો સુધી રહી, વડોદરામાં ઉસ્તાદ ફૈયાઝખાંએ આગ્રા ઘરાણાની જમાવટ કરી હતી તેવું પોતાનું ઘરાણું જમાવ્યું હતું અને કચ્છને ગુજરાતના સંગીત-નકશામાં મૂકી દીધું હતું. આ સમયે રાજકોટની રાજકુમાર કૉલેજમાં સંગીતને પદ્ધતિસરનું સ્થાન મળ્યું હતું. આજથી લગભગ 90 વર્ષ પહેલાં અહીંની જ આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં સંગીતના વર્ગો શરૂ થયા હતા.



ગુજરાતના સંગીતગ્રંથો

પ્રાચીન ગુજરાતમાં અને ખાસ કરીને છેલ્લાં સો વર્ષમાં રચાયેલ સંગીત ઉપરના સંસ્કૃત ગ્રંથોમાં હાલ તો 16મી શતાબ્દીમાં જામનગરના કવિ શ્રીકંઠે રચેલ 'રસકૌમુદી' નામના ગ્રંથ સિવાય બીજો કોઈ ગ્રંથ ઉપલબ્ધ નથી. ગુજરાતીમાં લખાયેલા ગ્રંથોની સંખ્યા ઠીકઠીક છે.

ગુજરાતીમાં સંગીતગ્રંથો લખવાની શરૂઆત 1862થી થાય છે, જ્યારે 'રાગસ્થાન પોથી' નામનું સંગીત-પુસ્તક એક પારસી ગૃહસ્થે લખ્યું હતું પણ તે પ્રાપ્ય નથી. વાસ્તવમાં સંગીતપુસ્તકો વડોદરાથી શરૂ થયાં છે. ઈ. સ. 1870માં 'ગાયનાબ્ધિ સેતુ' નામનું ભારતનું સહુ પ્રથમ ગણી શકાય તેવું સંગીત માસિક પ્રો. મૌલાબક્ષે શરૂ કર્યું હતું. આ પછી એમણે 1888માં 'સંગીતાનુભવ', 1891માં 'બાલસંગીતમાલા', 1892માં 'છંદોમંજરી', 1893-94માં સ્વલેખન સહિત નરસિંહ મહેતાનું મામેરું તથા 'ભગવંત ગરબાવલી' વગેરે પુસ્તકો પ્રગટ કર્યાં હતાં. જામનગરે વડોદરા પછી સંગીતશાળા સ્થાપી અને તેના આચાર્યપદે આદિત્યરામ વ્યાસને નીમ્યા. આદિત્યરામે 1889માં 'સંગીતાદિત્ય' નામનું પુસ્તક રચ્યું જેમાં સંગીતશાસ્ત્રની માહિતી ઉપરાંત તેમણે બનાવેલા ચતુરંગ વગેરેનો સમાવેશ કર્યો છે. પરંતુ આ બધામાં ધ્યાન ખેંચે તેવો સંગીત, નૃત્ય અને વાદ્ય ઉપરનો મહાગ્રંથ તો ભાવનગરના ડાહ્યલાલ શિવરામે 1901માં રચ્યો જેની સાથે સરખામણી થઈ શકે તેવો કોઈ ગુજરાતી કે હિન્દી ગ્રંથ મળતો નથી. આ ગ્રંથનું નામ 'સંગીતકલાધર' છે. પછીના કાળમાં સંગીત ઉપરના ગ્રંથલેખનનું કામ ઝડપી બનતું હોય તેમ જણાય છે. 1902માં નારાયણ હેમચંદ્રે 'ગાયનતત્ત્વ' લખ્યું. 1902થી 11 સુધીમાં ગણપતરાવ બર્વેએ 'નાદલહરી', 'શ્રુતિસ્વરસિદ્ધાંત' અને 'ગાયનવાદન પાઠમાલા' ગુજરાતી ભાષામાં લખ્યાં.

જામનગરના મૂળજી જેઠરામ વ્યાસે 'સંગીત ચિંતામણિ' લખ્યું. વાંકાનેરના કવિ નથુરામ સુંદરજીએ 'ભરતનાટ્યમ્ શાસ્ત્ર અને સંગીતરત્નાકર'નાં ભાષાન્તરો બહાર પાડ્યાં. રતનશી લીલાધરે 'સંગીતદર્પણ' અને 'સંગીતરત્નાકર' પુસ્તક લખ્યું. વલ્લભજી જટાશંકર ઓઝાએ 'નાદચિંતામણિ' પ્રગટ કર્યું. રાજકોટમાંથી લક્ષ્મીશંકર રણછોડજી ત્રિવેદીએ 'સંગીતરત્નમાલા' બહાર પાડયું. ધરમપુરના રાજકુમાર પ્રભાતદેવજીએ 'સંગીતપ્રકાશ', સુરતના પં. મહારાણીશંકરે 'ભારતીય સંગીતકલા', પંડિત ફીરોઝ ફ્રામજીએ 'હિન્દુસ્થાની સંગીતવિદ્યા', 'હિન્દી સંગીત એનસાઈક્લોપીડીઆ', 'સંગીતકલાશિક્ષક', 'ભારતીય શ્રુતિ સ્વર-રાગ શાસ્ત્ર' વગેરે પુસ્તકો પ્રગટ કર્યાં હતાં. ધરમપુરના મહારાજ વિજયદેવજીએ 'સંગીતભાવ' નામનો ગ્રંથ પ્રસિદ્ધ કર્યો, જે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષામાં પ્રગટ થતાં આ ગ્રંથનું આંતરરાષ્ટ્રીય સંગીતસાહિત્યમાં સ્થાન રહ્યું છે. 1915 પછીના સમયમાં બહાર પડેલ સંગીત ઉપરના સંગીતના ગુજરાતી ગ્રંથોમાં પંડિત વાડીલાલે ગુજરાતીમાં ભાષાંતર કરેલા પંડિત ભાતખંડેના ઉત્તર હિન્દુસ્તાની સંગીતપદ્ધતિના ગ્રંથો અને તેની ઐતિહાસિક સમાલોચના છે. વડોદરામાંથી આ કાળમાં લખાયેલાં પુસ્તકોમાં વિભુકુમાર દેસાઈ રચિત 'ઉત્તર હિન્દુસ્થાની સંગીતનો ઈતિહાસ', 'સંગીતપ્રણાલીઓ', 'વૈદિક સંગીત', 'રાગતત્ત્વબિબોધ' એ ધ્યાન ખેંચનારા ગ્રંથો છે. રાજકોટની રાષ્ટ્રીય શાળાના સંચાલક પુરુષોત્તમ ગાંધીએ સંપાદિત કરેલ પંડિત નારાયણ મોરેશ્વર ખરે કૃત 'ગુજરાતમાં સંગીતનું પુનર્જીવન' એ ગુજરાતની અને ભારતની સંગીત-પરિસ્થિતિનું વર્ણન કરતો ગ્રંથ છે.

પંડિત ઓમકારનાથજી ગાયક હતા તેવા જ ઉચ્ચ કોટીના સંગીતશાસ્ત્રી હતા. તેમના 'રાગ અને રસ', 'સંગીતાંજલિ' અને આ બધામાં હિન્દીમાં લખાયેલ 'પ્રણવ ભારતી' એ સંગીતશાસ્ત્ર ઉપરનો સમગ્ર ભારતમાં મહત્ત્વનો ગ્રંથ ગણી શકાય તેવો મહાગ્રંથ છે. આ ઉપરાંત 'દિલખુશ ઉસ્તાદી ગાયકી', 'ઠુમરીસંગ્રહ', 'મૃદંગબાજ', 'સિતારશિક્ષક' વગેરે પુસ્તકો બહાર પડ્યાં છે. ગુજરાતના આધુનિક સમયમાં વડોદરા સંગીત કૉલેજના પ્રો. આર. સી. મહેતા અને રાજકોટ સંગીત કૉલેજના અમુભાઈ દોશી તરફથી અનુક્રમે 'સંગીતચર્ચા' અને 'ભારતીય સંગીતનો વિકાસ' નામે ઉપયોગી પુસ્તકો બહાર પડ્યાં છે.







હરીપ્રસાદ ચોરસિયા



ઝાકીર હુસેન

સપ્તક સ્કૂલ ઑફ મ્યુઝિક

ભારતીય શાસ્ત્રીય સંગીતમાં પ્રજાનો રસ જાગૃત કરવા ભારતીય સંગીતના વારસાનું સંશોધન અને અધ્યયન કરવા માટે તેમ જ આ ક્ષેત્રમાં નવા ઊભરતા કલાકારોને પ્રોત્સાહન આપવાના હેતુથી 1980માં 'સપ્તક સ્કૂલ ઑફ મ્યુઝિક'ની સ્થાપના થઈ હતી. 'સપ્તક' એક ચેરિટેબલ ટ્રસ્ટ છે. 'સપ્તક'ના બૅનર નીચે આ સંસ્થા વિદ્યાર્થીઓને કંઠ્ય તેમ જ વાદ્યસંગીતમાં તાલીમ આપે છે. પ્રાચીન ગુરુ-શિષ્ય પરંપરાની રીતે ચાલતી આ સંસ્થાના અધ્યાપકો ગાયન-વાદનક્ષેત્રે સંગીતનું પુસ્તકિયું જ્ઞાન આપનારા માત્ર શિક્ષકો નથી પરંતુ નિષ્ણાત કલાકારો છે. 'સપ્તક'માંથી કોઈ પ્રમાણપત્ર આપવામાં આવતું નથી પરંતુ અનુભવસિદ્ધ શિક્ષણ જ આપવામાં આવે છે.



રાજન-સાજન

'સપ્તક' આજે તો દેશભરમાં જાણીતી સંસ્થા છે તેનું કારણ તો દર વર્ષે સપ્તક તરફથી યોજાતો દસ દિવસનો સંગીત મહોત્સવ છે. ભારતીય સંગીતક્ષેત્રના કંઠ્ય અને વાદ્યસંગીતના વિવિધ ઘરાણાના, આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રખ્યાત સુપ્રસિદ્ધ સંગીતરત્નો આ મહોત્સવમાં ભાગ લેવા ઉમળકાભેર આવે છે, જેનો કોઈ પુરસ્કાર તેઓ લેતા નથી. ભારતમાં એક પણ એવો સુપ્રસિદ્ધ કલાકાર નહીં હોય જેણે 'સપ્તક'ના મહોત્સવને શોભાવ્યો નહીં હોય ! અમદાવાદના એક વિશાળ હૉલમાં સૅંકડો શ્રોતાઓ મોડી રાત સુધી અને ક્યારેક વહેલી પરોઢ સુધી આ કલારત્નોને શ્રવણ કરવાનો લહાવો લે છે. પંડિત રવિશંકરજી, પંડિત જસરાજજી, પં. કિશનમહારાજ, ખાં-સાહેબ અલ્લારખા અને ઝાકિર હુસેન, પં. શિવકુમાર શર્મા, બડે ગુલામઅલીખાં જેવા દિગ્ગજો કોઈ પુરસ્કારની અપેક્ષા વિના આવીને પોતાની કલા પ્રદર્શિત કરે એ અમદાવાદ માટે ગૌરવપ્રદ વિરલ ઘટના છે. સપ્તક સ્કૂલ ઑફ મ્યુઝિકના ટ્રસ્ટીઓ કલામાં ઊંડો રસ લેનારા કલાકારો અને કલામર્મજ્ઞો છે. તેમનાં નામ છે 1. રૂપાંદે પી. શાહ ર. મંજુ એન. મહેતા 3. ભારતીબહેન પરીખ 4. પ્રા. ડી. ડી. ત્રિવેદી 5. નંદન વાય. મહેતા. કોઑપ્ટ કરેલા બીજા બે સભ્યો છે - 6. હિંમતભાઈ કપાસી અને 7. પ્રફુલ્લ અનુભાઈ.



પં. શીવકુમાર શર્મા

'સપ્તક' સંસ્થાના સ્થાપક શ્રી નંદન મહેતાના અવસાન બાદ પણ તેમના કલાકાર પત્ની શ્રીમતી મંજુ મહેતાએ 'સપ્તક'ની જ્યોત જલતી રાખી છે.



'સપ્તક' નો એક કાર્યક્રમ



સુગમ સંગીત

અવિનાશ વ્યાસ

(જ. 21-7-1911 * અ.20-8-1984)



અવિનાશભાઈનો જન્મ અમદાવાદમાં. જુવાનીમાં તેમને ક્રિકેટનો શોખ જાગ્યો. સારું ક્રિકેટ રમવા છતાં એમણે ક્રિકેટને કારકિર્દી તો ન બનાવ્યું, પણ ક્રિકેટનો શોખ તેમને મૅચ જોવા મુંબઈ લઈ ગયો અને મુંબઈની એ મુલાકાત તેમના જીવનમાં ઉપકારક થઈ પડી. તે દરમ્યાન મુંબઈની નવી નેશનલ ગ્રામોફોન કંપની સાથે કોઈ શુભ પળે એવો મેળ પડી ગયો કે તેમનાં ગીતનાં રેકૉર્ડિંગ થવા માંડ્યાં.

અવિનાશ વ્યાસ એ દિવસોમાં અવેતન રંગભૂમિના અભિનયકાર હતા. અભિનય ઉપરાંત સુમધુર કંઠને કારણે તેમને 'વન્સમોર' મળતો. તેમનું નાટક હોય ત્યારે ઑડિયન્સ ફુલ હોય. અવિનાશભાઈનાં ગીતની પહેલી રેકર્ડ 1940માં ઊતરી. ઓલ ઇન્ડિયા રેડિયો પરથી તેમનાં ગીતો પ્રસરવા માંડ્યાં. તેઓ મુંબઈ જઈ કનૈયાલાલ મુનશીના સંપર્કમાં આવ્યા. એમણે અવિનાશભાઈની શક્તિ પારખી ભારતીય વિદ્યાભવનના સંગીતવિભાગના અધ્યક્ષ તરીકે નિયુક્ત કર્યા. અવિનાશભાઈએ તેમના સૌપ્રથમ બેલે 'જય સોમનાથ'નું અહીં સર્જન કર્યું. એમને આઇ.એન.ટી. અને યોગેન્દ્ર દેસાઈનો સાથ સાંપડ્યો. પછી તો યાદગાર સર્જનો તખ્તા પર ભજવાતાં ગયાં. 'નરસૈંયો', 'રાસદુલારી', 'આમ્રપાલી', 'મીરાં' અને 'જેસલ-તોરલ' જેવી અનેક નૃત્યનાટિકાઓ મુંબઈગરાઓને માણવા મળી. એ વખતની પરંપરા કરતાં આ નૃત્યનાટિકાઓનું સ્વરૂપ તદ્દન નવું જ હતું. અવિનાશભાઈની કારકિર્દીનો આ ઉત્તમ સમય હતો. એમનાં શબ્દ અને બંદિશની ખૂબી રચનાની સરળતામાં હતી. અવિનાશભાઈનાં ગીતોમાં શબ્દની સરળતા, ગેય તત્ત્વ ઉપરાંત મસ્તી હતી ! એટલે એમનાં ગીતો સહેજે લોકજીભે ચડી જતાં.

"તારી બાંકી રે પાઘલડીનું ફૂમતું રે મને ગમતું રે
આ તો કહું છું રે પાતળિયા તને અમથું."

અને પેલું 'જેસલ-તોરલ'નું ભજન...

"ધૂણી રે ધખાવી બેલી, અમે તારા નામની..."

આવી તો કાંઈ કેટલીય રચનાઓ એમની કલમમાંથી સર્જાઈ છે. 175 ગુજરાતી સહિત 250 ઉપરાંત ફિલ્મોમાં સંગીતદિગ્દર્શન એમણે આપ્યું છે. દસેક જેટલાં ગીત-ગરબા-કાવ્યસંગ્રહો એમણે આપ્યાં છે. 'મહાસતી અનસૂયા' - એમણે પ્રથમ હિન્દી ફિલ્મમાં સંગીત આપ્યું. 'મહાસતી અનસૂયા' ફિલ્મ હિટ ગઈ. તેમનું નામ પહેલી વાર હજારો થિયેટરોના પરદે ચમકી ગયું !

1948ના અરસામાં મુંબઈની ફિલ્મી દુનિયામાં રણજિત મૂવીટોન અને સરદાર ચંદુલાલનાં નામ સોળે કળાએ પ્રકાશતાં હતાં. અનેક સફળ હિન્દી ચિત્રોના ગુજરાતી સર્જક સરદાર ચંદુલાલે એક ગુજરાતી ફિલ્મ બનાવી - 'ગુણસુંદરી'. રતિભાઈ પુનાતર તેના દિગ્દર્શક હતા. એમની શબ્દરચનાઓની બંદિશ અવિનાશભાઈએ બાંધવાની હતી. અવિનાશભાઈ હાર્મોનિયમ પર બેઠા. એક પછી એક ગીત સંભળાવવા મંડ્યા. પણ વાત કાંઈ જામતી ન હતી. ગુણવંતરાય આચાર્યે કહ્યું : 'તમે પણ ગીત લખો છો ને ! અવિનાશભાઈ ? તમારું પણ એકાદ ગીત સંભળાવો ને', અવિનાશભાઈએ હારમોનિયમ પર ગીત છેડ્યું.

વાત જામી ગઈ. આખરે અવિનાશભાઈ 'ગુણસુંદરી'ના ગીતલેખક અને સંગીતદિગ્દર્શક બન્યા. 'ગુણસુંદરી'નાં એકેએક ગીત હિટ પુરવાર થયાં. પછી 'મંગળફેરા'નાં ગીત 'રાખનાં રમકડાં'ની રેકર્ડનું એવું ધૂમ વેચાણ થયું કે એ જમાનામાં એચ. એમ. વી. કંપનીએ દસ તોલાનો સુવર્ણચંદ્રક અને રૂ. 3,500 રોકડા આપ્યા. રણજિત મૂવીટોને એક ઑસ્ટિન મોટરકાર આપી.

અવિનાશભાઈને 1970માં પદ્મશ્રીનો ઇલકાબ મળ્યો. જર્મન સરકાર તરફથી દેશના પ્રથમ હરોળના સાત બેલે-સંગીત-તજ્જ્ઞોને આમંત્રણ આવ્યું હતું. જે સાત જણાની પસંદગી થઈ તેમાં તેઓ પણ હતા. સાતેય મહેમાનોને તેમણે સરકારી ખર્ચે યુરોપ ફેરવવાની ઇચ્છા દર્શાવી. પણ 'ભાઈ'એ ના પાડી. બધાં પૂછે કે કેમ ના પાડો છો ? તો અવિનાશભાઈ કહે : દિવાળી એકદમ નજીક છે. મારો નિયમ છે કે ભાઈબીજને દિવસે માનાં દર્શન કરવાં. એ નિયમ પડે. મિત્રો કહે, પંદર દહાડા પછી જજો - આવી તક થોડી જીવનમાં ફરી ફરી મળવાની છે ? પણ 'ભાઈ' એકના બે ન થયા. એ ધરાર એકલા પાછા આવી ગયા ને ભાઈબીજે અંબાજી ગયા.

અઠવાડિયા પછી ઇટાલીથી બાલુભાઈ પાઠકનો કૉલ આવ્યો : અહીં એક શિબિર કરવી છે. ઇટાલિયન ગીતોને ભારતીય સંગીતમાં ઢાળવાં છે. તૈયારી કરો. ટિકિટ મોકલું છું. અને અવિનાશભાઈ બે જ મહિનામાં ફરીથી યુરોપ ગયા. સરસ કાર્યક્રમ થયો અને ઇટાલીની સરકાર તરફથી તેમને આખું યુરોપ ફરવા મળ્યું ! ''ફરી આવી તક જિંદગીમાં નહી મળે'' કહેનારા મિત્રોની આંખમાં પણ અવિનાશભાઈ માટે શ્રદ્ધાનો આદર છલકાઈ ગયો.



ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશન

ગુજરાતી સુગમ સંગીત બહુજનસમાજ સુધી પહોંચે તે માટે 'ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશન'ની સ્થાપના કરવામાં આવી છે. તે દ્વારા ત્રણ ઍવૉર્ડ્ઝ એનાયત કરવામાં આવશે.

(અ) અવિનાશ વ્યાસ ઍવૉર્ડ: સંગીત-પ્રવૃત્તિથી સતત ધબકતા રહેલા સ્વરકાર-ગાયકને તેમની સંગીત ક્ષેત્રની આજીવન સિદ્ધિ માટે રૂ.1,11,111/-નો ઍવૉર્ડ.

(બ) ગુજરાતી સુગમ સંગીત ફાઉન્ડેશન ઍવૉર્ડ : શ્રેષ્ઠ ગુજરાતી કૃતિ માટેનો રૂ.75,000/-નો આ ઍવૉર્ડ છે, જે કવિ, ગાયક, સ્વરકારને સરખે ભાગે એનાયત કરવામાં આવશે.

(ક) યુવા કવિ, યુવા ગાયક, યુવા સ્વરકાર ઍવૉર્ડ : યુવા પ્રતિભાઓને પ્રોત્સાહિત કરવાના ભાગરૂપે દરેકને રૂ.11,000/-નો ઍવૉર્ડ.

ફાઉન્ડેશને હાથ ધરેલાં કાર્યો પૈકી બીજું મહત્ત્વનું કાર્ય દરેક શહેરમાં સંગીતની પ્રવૃત્તિ ધબકતી રહે તે માટે કાર્યક્રમો કરવાનો છે. આર્કાઈવ્ઝ દ્વારા ગુજરાતી સુગમ સંગીતના સુરીલા વારસાને સાચવવાનું કાર્ય ફાઉન્ડેશનના ક્ષેત્રમાં છે.

નિનુ મઝમુદાર

(જ. 9-11-1915 * અ. 3-3-2000)



હિન્દુસ્તાની અને પાશ્ચાત્ય સંગીતના જ્ઞાતા તેમ જ ચલચિત્રના આરંભનાં વર્ષોથી અભિનય અને દિગ્દર્શનના નાતે જોડાયેલા પિતા નગેન્દ્ર મઝમુદારને ત્યાં વડોદરામાં નિનુભાઈનો જન્મ.

બાળપણમાં ઉસ્તાદ ફૈયાઝખાં તેમ જ ઉસ્તાદ ઇમામઅલીખાન પાસે સંગીત શીખવાનું સૌભાગ્ય નિનુભાઈને પ્રાપ્ત થયું હતું.

1931માં નિનુભાઈ મુંબઈ આવ્યા. ત્યાં તેઓ રવીન્દ્રસંગીત શીખ્યા. બંસરીવાદન શરૂ કર્યું. અનેક કાર્યક્રમો આપવા શરૂ કર્યા. 1937માં તેઓ વારાણસી ગયા. ત્યાં ઉત્તર હિન્દુસ્તાની લોકસંગીત, ઠુમરી અને દાદરાશૈલીના પરિશીલનથી અનુભવ-સમૃદ્ધિનું મોટું ભાથું સાથે બંધાયું અને સંગીત-સર્જનની પરિપક્વતાનો પિંડ બંધાયો. 1954માં સ્વર-કિન્નરી કૌમુદી મુનશી સાથે લગ્ન કર્યાં.

નિનુભાઈએ અનેક ફિલ્મોમાં સંગીત-દિગ્દર્શન કર્યું છે. એમાં હિન્દી ફિલ્મ 'ગોપીનાથ' મુખ્ય છે. 1956માં વ્હી. શાંતારામની ડોક્યુમેન્ટરી ફિલ્મ 'ગુજરાતનું લોકસંગીત' માટે પણ તેમણે સંગીત-નિર્દેશન કર્યું હતું. ગુજરાતના ગામડેગામડે ફરીને તેમણે લોકસંગીતનું સંશોધન કર્યું હતું. તેઓ સંસ્કૃત સાહિત્યના અભ્યાસી હતા. પુરાણોમાં ગોપિત રહસ્યોનું સંશોધન કરી તેના પર આધારિત સંગીત-રૂપક બનાવવાની તેમની અભિલાષા હતી.

નિનુ મઝમુદારની ગીત-બંદિશોમાં કાવ્ય અને સંગીતના ઊંડા રસની અભિવ્યક્તિ પ્રાપ્ત થાય છે.

દિલીપ ધોળકિયા

(જ. 1921 * અ. 2-1-2006)



ખ્યાતનામ સંગીતકાર દિલીપ ધોળકિયાનો જન્મ જૂનાગઢમાં નાગર જ્ઞાતિમાં થયો હતો. એ જમાનાની મુંબઈ યુનિવર્સિટીમાંથી તેઓ સંસ્કૃત અને ગુજરાતી સાથે બી.એ. (ઓનર્સ) થયા હતા.

1942થી 1946 સુધી મુંબઈ સરકાર અને કેન્દ્ર સરકારમાં નોકરી કર્યા પછી નોકરી છોડી દીધી અને ફિલ્મલાઇનમાં જોડાયા. થોડા સમય પછી સંગીત-નિર્દેશક ચિત્રગુપ્ત અને એસ. એમ. ત્રિપાઠીના સહાયક બન્યા. પછી લક્ષ્મીકાન્ત-પ્યારેલાલ સાથે તેમના સહાયક તરીકે જોડાયા.

1956માં પ્રથમ વાર ફિલ્મમાં સંગીત-દિગ્દર્શનની તેમને તક મળી અને ફિલ્મ 'બગદાદ કી રાતેં' માટે લતા મંગેશકર, રફી અને ગીતા દત્ત પાસે ગીતો ગવડાવ્યાં હતાં. આ ફિલ્મ છેક 1964માં પ્રદર્શિત થઈ શકી હતી. એ પહેલાં આકાશવાણી પર અને ગુજરાતી-હિન્દી ફિલ્મોનાં ગીતો ગાયાં હતાં. ખૂબ જાણીતું ગુજરાતી ગીત 'તારી આંખનો અફીણી...' દિલીપભાઈએ ગાયું છે.

ગુજરાતી અને હિન્દી મળી કુલ 35 જેટલી ફિલ્મોમાં તેમણે સંગીત-નિર્દેશન કર્યું છે. એમાં 'કંકુ', 'મેનાગુર્જરી', 'ડાકુરાણી ગંગા' વગેરે મુખ્ય છે. પણ આ આર્થિક દૃષ્ટિએ બહુ ફાયદાકારક ન રહેતાં અન્ય સંગીતકારો સાથે મ્યુઝિકલ ટેક્નિશિયન તરીકે તેઓ કામ કરતા રહ્યા છે. તેમણે મ્યુઝિશિયન્સ એસોસિયેશનના મંત્રી તરીકે પણ જવાબદારી અદા કરી હતી. આ ઉપરાંત તેમણે સંખ્યાબંધ ગીતોની સ્વરગૂંથણી કરી છે.

ક્ષેમુ દિવેટિયા

(જ. 1-10-1924 * અ. 30-7-2009)



અમદાવાદમાં સુગમ સંગીત સાથે સૌપ્રથમ યાદ આવે તે દંપતી સુધાબહેન-ક્ષેમુભાઈ. વિદ્યાર્થી વિજ્ઞાનના પણ જીવ સંગીતનો એટલે અભ્યાસકાળથી જ કૉલેજમાં ડ્રામેટિક સોસાયટીની સ્થાપના કરી. બી.એસસી.ની ડિગ્રી મેળવતાં પહેલાં તેમણે 1942થી જ અમદાવાદમાં 'રંગમંડળ' સાથે જોડાઈને નાટકો અને ગરબાના કાર્યક્રમોમાં સંગીતનિર્દેશન કરવાનું શરૂ કરી દીધેલું.

1950થી આકાશવાણી ઉપરથી ક્ષેમુભાઈનો ઘૂંટાયેલો કંઠ વહેતો થયો અને પછી સંગીતરૂપકો તેમ જ તેમણે કરેલાં સ્વરાંકનો પણ ગુજરાતના સંગીતરસિકોને સાંભળવા અને માણવા મળ્યાં.

શ્રી મૃણાલિની સારાભાઈના 'નળાખ્યાન', ચંદ્રવદન મહેતાના 'શાકુંતલ', શ્રી જશવંત ઠાકરના 'ચિત્રાંગદા' અને 'બાજીરાવ મસ્તાની', નરોત્તમ શાહના 'ગોદાન', પ્રવીણ જોશીના 'સપનાનાં વાવેતર', સુરેશ રાજડાના 'કુરુક્ષેત્ર' વગેરે અનેક નાટકોને સંગીતથી સજાવ્યાં હતાં તેમ જ 'કાશીનો દીકરો' વગેરે ફિલ્મોમાં પણ સરસ સંગીત આપ્યું.

1984માં તેમની ષષ્ટિપૂર્તિપ્રસંગે 26 કલાકારોના સહયોગથી તૈયાર કરવામાં આવેલી 49 ગીતો અને ગરબાની, ચાર સુંદર કૅસેટો ('સંગીત સુધા') પ્રગટ થઈ છે. આ ઉપરાંત ગુજરાતની અનેક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેઓ સહભાગી બનતા રહ્યા છે.

અનેક પુરસ્કારો તેમ જ ગુજરાત રાજ્યનો પણ સંગીતનો ઍવૉર્ડ પ્રાપ્ત થયો છે.

નિરૂપમા શેઠ



નિરૂપમા - અજિત શેઠ, મુંબઈસ્થિત એક આદર્શ સંગીત-યુગલ છે. સુગમ સંગીત ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર નિરૂપમાબહેને તેમના 'સંગીતભવન ટ્રસ્ટ' દ્વારા સંગીતના ઉપક્રમે અનેક કાર્યક્રમો આપ્યાં છે. ઉપરાંત દૃશ્ય - શ્રવ્ય અને વિડિયો જેવા માસ મિડિયા માટે પોતાનો કંઠ આપ્યો છે. ગુજરાતી તેમ જ બંગાળી ગીતોને તેમણે ઘરેઘરમાં પહોંચાડ્યાં છે. આ ઉપરાંત તેમણે રવીન્દ્રસંગીતનાં ગીતો બંગાળી ભાષામાં પણ ગાયાં છે.

રસિકલાલ સી. ભોજક

(જ. 29-12-1926 * અ.17-9-1990)



વર્ષો સુધી આકાશવાણી સાથે સંકળાયેલા રહેનાર જાણીતા સંગીતકાર રસિકલાલ ભોજકનો જન્મ ભાવનગરમાં થયો હતો. સંગીતના સંસ્કાર તેમને માતૃપક્ષ અને પિતૃપક્ષ બંને તરફથી મળ્યા હતા.

શાળા-કૉલેજકાળ દરમ્યાન દરેક વાર્ષિક દિને સંગીતસ્પર્ધામાં તેઓ પ્રથમ આવતા. તેમના પિતરાઈ ખ્યાતનામ સંગીતકાર દલસુખરામ ભોજક ભાવનગરના રાજ્ય-ગાયક હતા. તેમની પાસેથી રસિકભાઈને સંગીતની પ્રારંભિક તાલીમ મળી હતી.

1951માં તેઓ આકાશવાણીમાં સ્ટાફ કલાકાર તરીકે જોડાયા અને ક્રમશઃ સંગીતના સહાયક સંગીત-નિયામક તરીકે નિયુક્ત થયા. અહીં તેમને સ્વતંત્ર સ્વરરચના કરવાની તક સાંપડી, જે તેમણે ઝડપી લીધી. 1959માં તેમની બદલી રાજકોટ અને તેના છ મહિના પછી ઇન્દોર કેન્દ્રમાં થઈ. ત્યાં તેઓ 1965 સુધી રહ્યા, બાદમાં ફરી પાછા અમદાવાદ આવી અહીંથી જ નિવૃત્ત થયા હતા.

1972માં ચીનના આક્રમણ વખતે તેમણે હિન્દી-ઉર્દૂનાં લગભગ ચારસો જેટલાં દેશપ્રેમનાં ગીતો સ્વરાંકિત કરેલાં, જેમાંનું શ્રીહરિકૃષ્ણ પ્રેમી-લિખિત 'શહીદ કી મા' ખૂબ પ્રશંસા પામ્યું હતું. દિલ્હી દૂરદર્શન પરથી ત્રણ મહિના સુધી તે સતત પ્રસારિત કરાયું હતું.

આકાશવાણીમાંથી નિવૃત્ત થયા બાદ પણ આકાશવાણી અને દૂરદર્શન પરથી તેમની રચનાઓ સાંભળવા મળતી. અનેક સંસ્કાર-પ્રવૃત્તિઓ સાથે તેઓ સંકળાયેલા રહ્યા હતા.

અજિત શેઠ

(જ. 19-9-1932 * અ. 23-1-2006)



સાહિત્ય કાવ્ય અને સંગીતનો ખૂબ જ સુંદર વિનિયોગ કરનાર ઉત્તમ કલાકારોમાં અજિત શેઠ અગ્રણી છે. ગુજરાતી કવિતાને સંગીતમાં મઢી રંગમંચ, આકાશવાણી, દૂરદર્શન, વીડિયો સહિતનાં વિવિધ દૃશ્ય-શ્રવ્ય માધ્યમો દ્વારા તેની અભિવ્યક્તિ કરીને અજિત શેઠે પ્રશસ્ય કાર્ય કર્યું છે.

મુંબઈમાં તેમનો જન્મ. કારકિર્દીને હિસાબે બી.કૉમ. થયા, પણ જીવ સાહિત્યનો એટલે સંસ્કૃત અને અંગ્રેજીના વિષય સાથે બી.એ. પણ કર્યું. 1967માં 'એડ્રોઇટ' વિજ્ઞાપનસંસ્થા સ્થાપી. તેને 1972માં વિસ્તારીને તેમાં દૃશ્ય-શ્રવ્ય માધ્યમની પ્રવૃત્તિ ઉમેરી, વ્યવસાયમાં અનેક પારિતોષિકો પ્રાપ્ત કર્યાં.

પોતે સ્વરબદ્ધ કરેલાં ગીતો 1949થી આકાશવાણી અને 1972થી દૂરદર્શન પરથી શરૂ કર્યાં. 1955થી ભારતીય વિદ્યાભવનના સુગમ સંગીત વિભાગનું અને બાદમાં કલાકેન્દ્રનું સુકાન સંભાળ્યું. 1971માં સંગીત ભવન ટ્રસ્ટની સ્થાપના કરી ગીત-સંગીત, કાવ્યપઠન, નાટ્ય, દૃશ્ય-શ્રવ્ય પરિસંવાદ દ્વારા ગુજરાતના સારસ્વતોની જયંતી ઊજવવા માંડી. સાહિત્યનાં ગીતોની સંગીતબદ્ધ કૅસેટો પણ શરૂ કરી.

ગુજરાતી કવિતા અને સંગીત સાથે દૃશ્યોનો પણ સહયોગ કરી દૃશ્ય-શ્રવ્ય કાર્યક્રમો તૈયાર કરી ભારે પ્રશંસા પ્રાપ્ત કરી. સંગીતપ્રસાર માટે તેમણે પરદેશ-પ્રવાસ પણ કર્યા. પંકજ મલ્લિકના જીવન પર આધારિત 'ગુજર ગયા વહ જમાના' પુસ્તક લખ્યું છે. ખ્યાતનામ સંગીતકાર હોવા ઉપરાંત તેઓ કાવ્યમર્મજ્ઞ પણ છે.

પુરુષોત્તમ ઉપાધ્યાય

(જ. 15-8-1934)



માધુર્યની સાથે ગાંભીર્યનો સંગમ એટલે પુરુષોત્તમ ઉપાધ્યાયનો કામણગારો કંઠ. અવિનાશ વ્યાસ અને ક્ષેમુ દિવેટિયા પછી પુરુષોત્તમભાઈએ પુરોગામીઓની એ ઉજ્જ્વળ પ્રતિભા પૂર્ણ સ્વરૂપે દીપાવી છે.

1947માં માત્ર ખભે ખડિયો લઈ મુંબઈની ધરતી પર આવી પહોંચેલ એક યુવાન થોડાં જ વર્ષમાં પોતાના કંઠની કુમાશ ને ગાયકીની નજાકતથી ગુજરાતને ઘેલું કરશે એવું કોણે કલ્પ્યું હોય ?

એ કલાકારમાં રહેલી ગાયક તરીકેની તેમ જ સ્વરકાર તરીકેની સહજ પ્રતિભા તક મળતાં જ પોષાઈ, અનુભવે પુષ્ટ થઈ અને ગુજરાતી ગીત-મહેફિલોનું ઘરેણું બની ગઈ. અનેક કલાકારોના સહકારમાં ગાનાર આ કલાકારે ફિલ્મમાં ગાવાનો આરંભ કરેલો મૂકેશ સાથેના દોગાનામાં 'નારીકંઠ' તરીકે !

સુવિખ્યાત સંગીતકાર કલ્યાણજી-આણંદજીએ પણ જેમને બિરદાવ્યા તેવા કુશળ કલાકાર, ગુજરાતભરમાં - ભારતભરમાં ને વિદેશોમાંય તેમણે અનેક કાર્યક્રમો આપ્યા ને ભારે લોકપ્રિયતા હાંસલ કરી છે. પુરુષોત્તમભાઈ લબ્ધપ્રતિષ્ઠ સંગીતનિર્દેશક અને ઉત્તમ ગાયક સાથે ઉત્તમ વક્તા પણ છે.

મોહમ્મદ રફી, મૂકેશ, મન્નાડે, ભૂપિન્દર સિંઘ, જગજિત સિંહ, આશા ભોંસલે, લતા, બેગમ અખ્તર જેવાં નામી કલાકારોએ તેમના સંગીતનિર્દેશન નીચે ગીત ગાયાં છે, જ્યારે આશિત દેસાઈ, સોનાલી અને રૂપકુમાર રાઠોડ, સોલી કાપડિયા, અલકા યાજ્ઞિક જેવાં કલાકારોની પુરુષોત્તમભાઈએ ગુજરાતી સુગમ સંગીતને ભેટ આપી છે.

હંસા દવે



હંસાબેન દવે શાસ્ત્રીય સંગીત પંડિત પ્રતાપનારાયણ, તાજ એહમદખાં અને વિમલાબેન ગવનકર પાસે શીખ્યાં. સુગમ સંગીતમાં પુરુષોત્તમ ઉપાધ્યાયને ગુરુપદે સ્થાપ્યા.

પોતાની સંગીત-યાત્રામાં પૂર્વ-મધ્ય આફ્રિકાના દેશો, અમેરિકા, ઇંગ્લૅન્ડ, કૅનેડા, ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલૅન્ડ જેવા દેશોમાં પુરુષોત્તમ ઉપાધ્યાય સાથે સંગીતના કાર્યક્રમો આપ્યા.

ગુજરાત રાજ્યના સતત બે વર્ષ ઍવૉર્ડ મળ્યા. ગુજરાતી અને હિન્દી ચિત્રપટ માટે પણ પાર્શ્વગાયિકા તરીકે ગાયું છે.

રાસબિહારી દેસાઈ

(જ. 23-6-1935)



ગુજરાતમાં સુગમ સંગીતના પર્યાય સમા રાસબિહારીને સાંભળતાં એક સંસ્કારપૂત ધીરગંભીર ઓમકારનો નાદ પ્રગટ થતો લાગે. રાસબિહારી વિજ્ઞાનના વિદ્યાર્થી, વ્યવસાયે પદાર્થવિજ્ઞાનના અધ્યાપક, પણ જીવ સંગીતનો.

સેંકડો ગીતોને તેમણે કંઠ આપ્યો, સેંકડો ગીતોનું તેમણે સ્વરાંકન કર્યું, પણ એમનું સૌથી મોટું અને મહત્ત્વનું પ્રદાન તો 'શ્રુતિ' સંસ્થાની પ્રવૃત્તિનું છે. 1961માં શરૂ થયેલી આગવી સંગીત-સંસ્થાના એ સ્થાપક સભ્ય હતા. કોઈ માળખાના બંધન વિના અનૌપચારિક રીતે પચીસ વર્ષથી ચાલતી આ સંસ્થાના તેઓ પ્રેરક બળ સમાન છે.

આ ઉપરાંત પોતે જે કૉલેજના પ્રાધ્યાપક છે તે ભવન્સ સાયન્સ કૉલેજના સંગીતવિભાગના આશ્રયે તેઓ સંગીતના વર્ગો પણ ચલાવે છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંચાલિત 'ક્વૉયર' ગ્રૂપમાં પણ તેઓ અધ્યાપન કરે છે તેમ જ સંગીત-અધ્યાપનની અનેક શિબિરો પણ તેમણે ઉત્સાહપૂર્વક યોજી છે. આમ, સંગીતના શિક્ષણનું, નવા સંગીતકારોને તૈયાર કરવાનું ખૂબ જ મહત્ત્વનું કાર્ય તેઓ કરી રહ્યા છે.

તેમને કંઠે ગવાયેલાં તેમ જ તેમણે સ્વરાંકન કરેલાં અનેક ગીતોની રેકર્ડ તેમ જ કેસેટ ઊતરી ચૂકી છે. આકાશવાણી તેમ જ ટી.વી. ઉપરથી તેમનાં ગીતો પ્રસારિત થાય છે. તેમનાં પત્ની વિભાબહેન પણ સંગીતક્ષેત્રનાં ઉત્તમ કલાકાર છે. આ દંપતીના સહયોગે સંગીતને કર્ણમધુર કરવામાં મોટો ફાળો આપ્યો છે.

ગૌરાંગ વ્યાસ

(જ. 24-11-1938)



લબ્ધપ્રતિષ્ઠ સંગીત નિર્દેશક, ગાયક ગૌરાંગ વ્યાસે સંગીતની કોઈ ઔપચારિક તાલીમ લીધી નથી. સંગીતકાર પિતા અવિનાશભાઈ વ્યાસ અને માતા વસુબહેન પાસેથી સંગીતના સંસ્કાર તો તેમને ગળથૂથીમાં જ મળ્યા છે.

પરંપરાગત શિક્ષણમાં તેઓ આમ તો મિકેનિકલ એન્જિનિયર છે, પરંતુ શરીરની નસેનસમાં વહેતા સંગીતે તેમને અંતે તો સંગીતકાર જ બનાવ્યા. ઇજનેરી કારકિર્દીને અભરાઈએ ચડાવીને સંગીતને જ તેમણે પોતાના શ્વાસ-પ્રાણ બનાવ્યું છે.

ગૌરાંગભાઈની સ્વતંત્ર સંગીત-નિર્દેશિત પ્રથમ ફિલ્મ હતી 'લાખો ફુલાણી'. એમાં કિશોરકુમારે પ્રથમ વાર ગુજરાતી ફિલ્મમાં પ્લેબૅક ગીત આપ્યું હતું. ગુજરાત સરકારે તેમને ત્રણ ફિલ્મો માટે શ્રેષ્ઠ સંગીત-નિર્દેશકના ઍવૉર્ડ આપ્યા છે. બીજાં અસંખ્ય નાનાં-મોટાં પારિતોષિકો પણ તેમણે મેળવ્યાં છે. તેમના સંગીત-નિર્દેશન હેઠળ લગભગ મોટા ભાગનાં ખ્યાતનામ પાર્શ્વગાયક-ગાયિકાઓએ ગીતો ગાયાં છે. તેમણે 75 ઉપરાંત ટી.વી. સિરિયલોમાં ટાઇટલ સંગીત આપ્યું.

ગૌરાંગ વ્યાસનું ચિત્રજગતમાં જેવું મહત્ત્વનું પ્રદાન છે એવું જ બલકે એથી વિશેષ ગુજરાતી સુગમ-સંગીત-ક્ષેત્રે બેમિસાલ બંદિશોનું યશસ્વી યોગદાન છે. તેમણે 1961માં 'શ્રુતિ' નામની સંસ્થામાં સહભાગી થઈને ગુજરાતના સંગીતક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન આપ્યું છે. આ ઉપરાંત કેટલીય નૃત્યનાટિકાઓમાં અને અસંખ્ય ગરબાઓમાં પણ ગૌરાંગભાઈએ સંગીત-નિર્દેશન કર્યું છે.

આશિત દેસાઈ

(જ. 1951)



માતા-પિતા પાસે વારસામાં સંગીત પ્રાપ્ત કરનાર આશિત દેસાઈ વડોદરામાંથી કૉમર્સ ગ્રેજ્યુએટ થયા પણ સાથેસાથે મ. સ. યુનિવર્સિટીના સંગીત મહાવિદ્યાલયમાંથી કંઠ્ય સંગીતનો ડિપ્લોમા પણ પ્રાપ્ત કર્યો હતો. ત્યાર બાદ મોટા ક્ષેત્રની ખોજમાં તેઓ મુંબઈ આવ્યા. ગુજરાત રાજ્ય તરફથી 1976 અને 1989માં ઍવૉર્ડ મળ્યા હતા.

એમના જીવનની સૌથી મોટી ઉપલબ્ધિ તે આંતરરાષ્ટ્રીય-ખ્યાતિપ્રાપ્ત સિતારવાદક પંડિત રવિશંકરજી સાથે મળેલી કામ કરવાની તક. 'એશિયાડ' વખતે પંડિતજીએ આશિતભાઈને સાંસ્કૃતિક કાર્યક્રમોના સંયોજનની જવાબદારી સોંપી હતી. આ કાર્યની સફળતા બદલ એમને ભારતના રાષ્ટ્રપતિને હસ્તે 'એશિયાડ જ્યોતિ મેડલ' એનાયત થયો હતો. 1988માં મોસ્કો ખાતે યોજાયેલ 'ફેસ્ટિવલ ઑફ ઇન્ડિયા'ના સમાપનસમારોહનું સંચાલન આશિતભાઈએ કર્યું હતું.

આશિત દેસાઈએ પંદરેક જેટલી હિન્દી ટીવી સિરિયલ અને સત્તર જેટલી ગુજરાતી ટીવી સિરિયલ માટે સંગીત-નિર્દેશન કર્યું છે. તેમાં 'ચાણક્ય' શિરમોર સમી છે. ગુજરાતી સિરિયલ 'શ્રદ્ધા'ના સંગીત માટે તેમને 'શ્રેષ્ઠ સંગીતનિર્દેશક' તરીકેનો ઍવૉર્ડ પણ મળ્યો છે.

એટનબરોની યાદગાર ફિલ્મ 'ગાંધી' માટે તેમણે 'વૈષ્ણવજન' અને 'રઘુપતિ રાઘવ' બે ગીતો માટે કંઠ આપ્યો હતો. 1998-99ના વર્ષનો 'પંડિત ઓમકારનાથ ઠાકુર ઍવૉર્ડ' પણ તેમને એનાયત કરવામાં આવ્યો હતો.



હેમા આશિત દેસાઈ

આશિતભાઈ અને હેમા દેસાઈએ ચોક્કસ વિષય પર આધારિત 'નમોસ્તુતે' તેમ જ ગુજરાતી મધ્યકાલીન તેમ જ અર્વાચીન કવિઓનાં કાવ્યો પર, કૃષ્ણગીતો, વર્ષાગીતોના સંગીત કાર્યક્રમો પણ તેમણે યોજ્યા છે. કેલુચરણ મહાપાત્ર, પ્રતિમા બેદી, પંડિત બિરજુ મહારાજ જેવા અનેક નામાંકિત નૃત્ય-કલાકારો માટે તેમણે જુદીજુદી નૃત્યશૈલીઓને અનુરૂપ ગાયન તેમ જ સંગીતનિર્દેશન કર્યું છે.

આશિતભાઈમાં હેમા આશિત દેસાઈનો તાર સતત ગૂંથાયેલો રહ્યો છે. ભાવનગરની એસ.એન.ડી.ટી. કૉલેજમાંથી સુવર્ણચંદ્રક સાથે સંગીત વિશારદ થયા. ગુજરાતી સાહિત્ય સાથે એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી. વિખ્યાત સંગીતજ્ઞો રસિકલાલ અંધારિયા અને વિઠ્ઠલદાસ બાપોદરા પાસે શાસ્ત્રીય સંગીતની વિશદ તાલીમ લીધી. હેમાબહેને પણ ટીવી સિરિયલ તેમ જ હિન્દી-ગુજરાતી સ્ટેજ શો માટે કંઠ આપ્યો છે. ગુજરાત રાજ્ય તરફથી પણ તેમને ઉત્તમ ગાયિકાનો ઍવૉર્ડ મળ્યો છે.

ઉદય મઝૂમદાર



ટૅલિવિઝનના દર્શકો માટે ઉદય મઝૂમદાર ખૂબ જાણીતું નામ છે. અપ્રતિમ, ઘૂંટાયેલા અને મીઠા કંઠની વિરાસત ઉદયને સુપ્રસિદ્ધ સંગીતજ્ઞ પિતા નિનુભાઈ અને સિદ્ધેશ્વરીદેવીનાં શિષ્યા એવાં માતા કૌમુદીની મુનશી પાસેથી મળી. વારાણસીમાં તેમનો જન્મ.

મુંબઈ યુનિવર્સિટીમાંથી સ્નાતક થયા, પણ તેમનાં રોમેરોમ તો સંગીત સાથે જ જીવનભર સંકળાઈ રહેવાનાં છે તે તો સુનિશ્ચિત હતું. વારસાગત મધુર કંઠ અને સંગીતશાસ્ત્રની સમજણ-તાલીમ સાથે ઉદયે યુવાનીના ઉંબરેથી સંગીતક્ષેત્રે પદાર્પણ કરી દીધું હતું.

ઉદય ગાયક અને સંગીત-નિર્દેશક છે. તેમનું મહત્ત્વનું પ્રદાન સિરિયલોમાં છે. દૂરદર્શન ઉપર વર્ષો પહેલાં અત્યંત લોકપ્રિય સોપ ઑપેરા 'બુનિયાદ'ને હજી લોકો ભૂલ્યા નથી. ઉપરાંત 'હમરાહી', 'ખોજ', 'અપને આપ', 'મૃત્યુંજય' વગેરેમાં તેમણે સંગીત આપ્યું હતું. ઝી ટીવીની 'પરમ્પરા', 'એક ઔર મહાભારત', 'તીર કમાન' ઉપરાંત સ્ટાર પ્લસની 'ગાથા વિરુદ્ધ' અને સોનીની 'જાદુગર', 'હાલ કૈસા હૈ જનાબ કા' પણ હજી યાદ આવે છે. ગુજરાતી સિરિયલો - 'ધૂપ છાંયે', 'આગંતુક', 'અનુરાધા', 'પારકી થાપણ', હિન્દી ફિલ્મ 'લાલ સલામ' અને 'કુછ ના કહો'માં તેમણે પાર્શ્વસંગીત આપ્યું છે. તેમનાં સંખ્યાબંધ મ્યુઝિક આલ્બમ પ્રગટ થયાં છે.

ગુજરાતી ફિલ્મ 'માણસાઈના દીવા'માં શ્રેષ્ઠ ગાયક તરીકેનો, 'બુનિયાદ' માટે 'સ્ટાર એન્ડ સ્ટાઇલ' ટ્રૉફી તેમ જ અન્ય સન્માન તેમને પ્રાપ્ત થયાં છે.

સૌમિલ મુનશી

(જ. 5-9-1960)



શ્યામલ મુનશી

(જ. 14-4-1962)



ગુજરાતમાં સુગમ-સંગીત-ક્ષેત્રે નવી પેઢીના જે સંગીતકારો સુગમ-સંગીતની ક્ષિતિજે ઉદય પામ્યા તેમાં સૌમિલ-શ્યામલ મુનશી બંધુ-બેલડી આગલી હરોળમાં છે. સૌમિલ અને શ્યામલનું નામ અમદાવાદમાં અને ગુજરાતમાં સાથે જ લેવાય છે. એટલે તેમનો પરિચય પણ સાથે જ આપવાનું મુનાસિબ માન્યું છે.

માતા ભક્તિબહેન અને પિતા પરેશભાઈએ જાણે ગળથૂથીમાં જ સંગીત-સંસ્કાર સીંચ્યા હોય તેમ બહુ નાની ઉંમરથી જ બંને ભાઈઓ સંગીત પ્રત્યે ઢળ્યા. સૌમિલ અને શ્યામલની રુચિ-અભિરુચિ, સિદ્ધિ અને પ્રસિદ્ધિ સહજ રીતે વહેતી અને વિકસતી રહી છે અને એટલે તેમના વિકાસનો આલેખ પણ એકસાથે જ થતો રહ્યો છે. શ્યામલ વ્યવસાયે પ્લાસ્ટિક સર્જન તબીબ છે, જે સંગીતનાં વાદ્યો અને ઑપરેશનનાં ઓજારો એકસરખી કુશળતાથી વાપરી શકે છે.

સૌમિલ-શ્યામલ બંનેના અવાજમાં એક પ્રકારની મીઠાશ છે - દર્દ છે. સૌમિલ અંતર્મુખ છે જ્યારે શ્યામલ બહિર્મુખ. શ્યામલ સંગીતના કાર્યક્રમોનું સંકલન ખૂબ આત્મવિશ્વાસથી કરી તેને જીવંત-રસપ્રદ બનાવી શકે છે. ગંભીર કાવ્યો કે ઊર્મિગીતો, ભજન કે સ્તવન, ગઝલ કે ગરબા-ગીતનો ગમે તે પ્રકાર હોય, સૌમિલ-શ્યામલના કંઠે સહજ રીતે વહે છે. સૌમિલ-શ્યામલ બંને ગાયક છે અને સાથે સંગીતનિર્દેશકો અને આયોજકો પણ છે. પરંપરાગત ગીત રચનાઓ ઉપરાંત અછાંદસ જેવી કે ગદ્યપ્રકાર જેવી પદ્યરચનાઓનું આ ભાઈઓ સહજતાથી-સરળતાથી સ્વરાંકન કરે છે અને ગાય છે.

સૌમિલ-શ્યામલે અનેક સંગીત-કાર્યક્રમો આપ્યા છે. 'મોરપિચ્છ' તેમનો પ્રથમ કાર્યક્રમ. આ ઉપરાંત 'મોસમ તારી યાદની', 'મિજલસ', 'મનડે મહોર્યા ગુલમહોર', 'મસ્તી અમસ્તી' અને 'મેઘધનુષ' અને 'વિષય અનુરૂપ ગીતો' તેમના મહત્ત્વના નોંધપાત્ર કાર્યક્રમો છે. 'ટચિંગ ટ્યૂન્સ' નામે સંગીત-પ્રચાર-પ્રસાર માટે તેમણે ઊભી કરેલી સંસ્થા દ્વારા 'મેઘધનુષ', 'રંગત', 'જિનમંગલ' અને 'જિનવંદના' કેસેટ-સંપુટો પ્રગટ થયેલા છે. 'સ્વરસેતુ' નામે તેઓ સંગીત-સાંસ્કૃતિક વિષયક એક સુંદર સામયિક પ્રગટ કરે છે. ગુજરાતના ખ્યાતનામ સંગીતકારો પુરુષોત્તમ ઉપાધ્યાય અને ગૌરાંગ વ્યાસની ષષ્ટિપૂર્તિ નિમિત્તે તેમણે આયોજેલા દૃશ્ય-શ્રવ્ય કાર્યક્રમો અવિસ્મરણીય છે. આ સંગીતત્રિપુટીએ પરદેશોમાંથી આમંત્રણ મળતાં લંડન અને અમેરિકાનો પ્રવાસ કર્યો છે.

આરતી સૌમિલ મુનશી એ આ સંગીતકાર ત્રિપુટીનું મહત્ત્વનું અને પૂરક પરિબળ છે - સુરીલો મોહક કંઠ, સદાય સસ્મિત અને પ્રફુલ્લિત આરતી માનવીના સંવેદનના પ્રત્યેક અંશમાં પોતાની જાતને એકરૂપ કરીને - અનુરૂપ કરીને ગીતને અને 'સ્વ'ને અભિવ્યક્ત કરી શકે છે. પ્રણયથી ભીનાં કે ભક્તિરસમાં તરબોળ કે તરવરાટથી ભરપૂર ગરબા-રાસની ગતિ-તાલમાં પ્રાણ પૂરી શકે છે. 1979માં રાજ કપૂરના હસ્તે 'મૂકેશ ટ્રૉફી' અને 1997માં ગુજરાત સરકાર દ્વારા ફિલ્મ 'માનવીની ભવાઈ'ના શ્રેષ્ઠ પાર્શ્વગાયિકા તરીકે તેમને એવૉર્ડ એનાયત થયો હતો.



આરતી સૌમિલ મુનશી

સંજય ઓઝા

(જ. 1961)



માતા ઉમાબહેન તરફથી ગળથૂથીમાં જ સંગીત અને પ્રોફેસર-પ્રિન્સિપાલ પિતા મહેશ ઓઝા પાસેથી વ્યાવસાયિક શિસ્તનો વારસો મેળવનાર સંજય ગુજરાતી સુગમ સંગીતની ત્રીજી પેઢીના કલાકાર છે.

અમદાવાદમાં જન્મ. કૉલેજશિક્ષણ પૂરું કરતાં સુધી તો સંગીતક્ષેત્રે એમણે પદાર્પણ કરી દીધું હતું. ત્યાર બાદ સંગીતને પૂર્ણ સમયના વ્યવસાય તરીકે સ્વીકારી લીધું. સંગીતક્ષેત્રે સંજય પોતાની પ્રગતિનો યશ સંગીતકાર ગૌરાંગ વ્યાસને આપે છે.

સંજય ઓઝાએ સંગીતમાં પણ અનેક દિશાઓમાં કામ કર્યું છે. સુગમ સંગીત ઉપરાંત તેમણે રાસ-ગરબાના કાર્યક્રમોમાં, એડ. ફિલ્મો, ડૉક્યુમેન્ટરી, ટીવી સિરિયલો તથા ગુજરાતી ફિલ્મોમાં પાર્શ્વગાયન પણ કર્યું છે. 1991માં 'હું હુંશી હુંશીલાલ' અને 1998માં 'સાસરિયું સ્વર્ગથી સોહામણું' ફિલ્મો માટે ગુજરાત સરકાર તરફથી પાર્શ્વ-ગાયન માટેના એવૉર્ડ મળ્યા છે.

અમેરિકામાંથી આમંત્રણ મળતાં 1996, '97, '99માં કાર્યક્રમો આપીને ભારે પ્રશંસા મેળવી હતી.

સોલી કાપડિયા



ભાગ્યે જ એવું કોઈ ક્ષેત્ર હશે કે તેમાં પારસીઓએ પ્રદાન ન કર્યું હોય. સુગમસંગીતક્ષેત્રે ગુજરાત ગૌરવ લઈ શકે તેવા એક હોનહાર કલાકાર ગુજરાતને મળ્યા છે, નામ સોલી કાપડિયા.

સુરતમાં જન્મ. વિજ્ઞાનની ધારામાં ઉચ્ચ ગુણે ઉપાધિ ધારણ કરેલા સોલીને વિન્‌જ્ઞાન કરતાં સંગીતમાં રસ વધતો ગયો. પણ સુરતનું ક્ષેત્ર નાનું લાગતાં પહોંચ્યા મુંબઈ. પંડિત ફીરોઝ દસ્તૂર અને પંડિત અજય પોહનકર પાસે શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી. જીવનમાં કશુંક વિશિષ્ટ કરવાની મહત્ત્વાકાંક્ષા ભારેલા અગ્નિની જેમ ધરબાઈને બેઠી હતી. સર્જકતાની ક્ષમતાનું બીજ તો હતું જ, પરિશ્રમના રસાયનથી તેને માવજત મળી. અને... સુગમ સંગીતક્ષેત્રની હવામાં તાજગીની એક લહર પ્રસરી.

સોલીનો કંઠ ઘેરો અને ઘૂંટાયેલો, માર્દવભર્યો અને મીઠો છે. આભિજાત્ય અને અનાયાસ અભિવ્યક્તિના બળે પ્રસિદ્ધિના શિખરે પહોંચવામાં વાર ન લાગી. ગુજરાતી ઉર્દૂ ગઝલને તો એ એકદમ માફક આવી ગયો.

સોલીના મધુરા કંઠે ગવાયેલાં ગીતોએ ગુજરાતમાં, દેશમાં અને પરદેશોમાં શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા છે. તેમની અનેક કેસેટ, આલ્બમ, સીડી પ્રસિદ્ધ થયાં છે. 'ત્રિકાલ', 'આપની દુનિયા', 'સાઝિશ' ટીવી સિરિયલોમાં પોતાનો કંઠ આપ્યો છે. 'HMV' કંપનીએ તેમને ગૌરવપૂર્વક રજૂ કર્યા છે. સુપ્રસિદ્ધ ગાયિકા નિશા ઉપાધ્યાય સાથેના સાયુજ્યે, સોલી-નિશા દંપતી ગુજરાતના સુગમ-સંગીતક્ષેત્રે ઝળહળતાં નામ છે.



નિશા ઉપાધ્યાય

કલા-સંગીતના માહોલ વચ્ચે જ ઊછરેલાં નિશાએ એમ. એસ. યુનિવર્સિટી - વડોદરામાંથી શાસ્ત્રીય સંગીતમાં એમ.એ.ની ઉપાધિ મેળવી અને 'ઈસરો' દ્વારા યોજાયેલી સ્પર્ધામાં 1987નો એવૉર્ડ પ્રાપ્ત કર્યો.જન્મ ભુજમાં, શાસ્ત્રીય સંગીતનો અભ્યાસ કર્યો વડોદરામાં, પણ ઉન્નત શિખરે ચડવાની ક્ષમતા, શક્તિ અને મહાત્ત્વકાંક્ષા એને લઈ ગઈ સંગીતદિગ્દર્શકો કલ્યાણજી - આનંદજી પાસે.

અનેક ગુજરાતી અને હિન્દી ટીવી સિરિયલોમાં કંઠ આપ્યો. ગૌરાંગ વ્યાસના સંગીત- નિર્દેશન સાથેની નેશનલ એવૉર્ડ વિજેતા 'માનવીની ભવાઈ' ફિલ્મમાં પણ કંઠ આપ્યો. નિશાની સંખ્યાબંધ ઑડિયો કેસેટ પ્રગટ થઈ છે. તેમાં સાધના સરગમ સાથે સ્વામિનારાયણ-ભજનની, મનહર ઉધાસ સાથે 'રામ-રક્ષાસ્તોત્ર' અને ઉષા મંગેશકર - કવિતા કૃષ્ણમૂર્તિ સાથે 'મહીસાગર ડિસ્કો' કેસેટો નોંધપાત્ર છે.

નયનેશ જાની

(જ. 28-7-1955)



સુમધુર કંઠ અને કર્ણપ્રિય સ્વર-સંયોજનોથી ગુજરાતની સુગમ સંગીતની નવી પેઢીમાં અગ્રણી હરોળમાં પોતાનું સ્થાન પ્રસ્થાપિત કરનાર નયનેશ જાનીનું વતન ઉત્તર ગુજરાતનું કલોલ.

કૉમર્સ ગ્રેજ્યુએટ થઈ નોકરી કરતાં-કરતાં પોતાના બાળપણનો સંગીત પ્રત્યેનો શોખ તેમણે ચાલુ રાખ્યો. બાદમાં સંગીતને વ્યવસાય તરીકે સ્વીકારીને નોકરીને તિલાંજલિ આપી દીધી.

નયનેશ 1980થી આકાશવાણીના ગાયક તરીકે સ્વીકૃતિ પામ્યા છે. તેઓ 'સ્વરમ્', 'સંગીતમ્', 'મોરલી', 'સ્પંદન', 'રાગેશ્રી' વગેરે સંસ્થાઓ સાથે સક્રિય છે. તેમણે 'આરોહી' (ગીત-ગઝલ), 'ગાગર' (ગરબા), 'તપીશ' (ગઝલ), 'જૈન સ્તવન', (ભક્તિસંગીત), 'મિરાત' (ગીત-ગઝલ) કેસેટો દ્વારા સંગીત ક્ષેત્રે પ્રદાન કર્યું છે. આ ઉપરાંત તેમણે 'પાલવ', 'સંગાથ', 'અગ્નિપંખી', 'આશાકિરણ' જેવી ટીવી સિરિયલોમાં, 'દૂતવાકય' - સંસ્કૃત નાટકમાં, તેમજ 'દીકરી વિના સૂનો સંસાર' ગુજરાતી ફિલ્મમાં સંગીત આપ્યું.

નયનેશભાઈએ સચ્ચિદાનંદજીના હસ્તે 'સંસ્કાર એવૉર્ડ' તેમ જ 1999ના વર્ષનો 'સ્વ. કુંદનલાલ સંગીત સિદ્ધિ એવૉર્ડ' પણ પ્રાપ્ત કર્યો છે તેમણે ગુજરાતમાં, ગુજરાત બહાર તેમ જ પરદેશમાં નિમંત્રણ મળતાં સુગમ સંગીતના અનેક કાર્યક્રમો આપીને શ્રોતાઓની ભારે પ્રશંસા મેળવી છે.

નયનેશભાઈ કુશળ સ્વરનિર્દેશક છે, સુરીલો કંઠ ધરાવતા ગાયક છે. તેમણે કેટલાક ગીત - ગરબાઓ પણ લખ્યાં છે જે લોકગીતો જેવાં બળકટ અને સક્ષમ છે.

નયન પંચોલી

(જ. 27-5-1964)




પિતા લક્ષ્મીકાંત પંચોલી જાણીતા ભજનિક હતા. નયનને સંગીતનો વારસો તેમની પાસેથી મળ્યો. સંગીતમાં રસ હોઈ તેમણે સંગીતની પદ્ધતિસર તાલીમ લીધી.

સુપ્રસિદ્ધ સંગીતકાર કૃષ્ણકાંતભાઈ પાસે કંઠ્ય સંગીત, રાસબિહારી દેસાઈ પાસે સુગમ સંગીત, સુધીર પાંડેકર પાસે વાયોલીન, દિવ્યાંગ વકીલ પાસે તબલા અને અનુપ જલોટાજી પાસે ભજનની તાલીમ લીધી.

નયન પંચોલી પાસે ઘૂંટાયેલો ઘેરો અવાજ છે, ગળાની મીઠાશ છે અને બુલંદી પણ છે. પોતાના ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ કરી છે. ભારે લોકચાહના મેળવી છે. 'ભજનાનંદ', 'શ્રીનાથજીને ચરણે', 'આંગણ સજાવો રાજ', 'આરતીગંગા', 'અંબા અમૃત ગંગા', 'જલ અમૃત ગંગા', 'ભજન અને સ્તોત્રમાલા', 'કબીર કે દોહે' જેવાં તેમના આલ્બમ પ્રગટ થયાં છે.

સુગત સંગીતના કાર્યક્રમો આપવા તેમને અનેક દેશોમાંથી આમંત્રણ મળ્યાં છે. માત્ર 20 વર્ષની નાની ઉંમરથી પરદેશમાંથી તેમને આમંત્રણ મળવાં શરૂ થઈ ગયાં હતાં. તેમણે અમેરિકા, ઇંગ્લેન્ડ, ફ્રાન્સ, મધ્યપૂર્વના દેશો, પૂર્વ આફ્રિકા જેવા અનેક દેશોમાં અનેક વખત જઈને, કાર્યક્રમો આપીને ખૂબ પ્રશંસા પ્રાપ્ત કરી છે. 1985માં ફ્રાન્સમાં યોજાયેલા લોકોત્સવમાં ભાવ લીધો હતો. સુગમ સંગીતના સુપ્રસિદ્ધ ગાયકો પુરુષોત્તમ ઉપાધ્યાય, રાસબિહારી દેસાઈ, આશિત દેસાઈ જેવા સાથે તબલાંની સંગત માટે પણ તેમણે પરદેશયાત્રા કરી છે. તેમને આ બદલ અનેક માન-સન્માન-એવૉર્ડ પણ પ્રાપ્ત થયાં છે.



ગુજરાતમાં રેલાતા સુગમ સંગીતના સૂર

ગુજરાતી કવિતાના આદિકવિ નરસિંહ મહેતાની રચનાને જનસામાન્યના હૈયે અને હોઠે રમતી કરનારું, ચિરંજીવતા આપનારું તત્ત્વ કયું હશે - કવિતા કે એનો ઢાળ ? કહે છે કે નરસિંહ મહેતા પોતાનાં પદ પોતે સ્વરબદ્ધ કરીને ગાતા. આપણી પાસે કવિના અવાજમાં આવા કોઈ ઢાળ ઉપલબ્ધ નથી. આપણી પાસે તો છે કર્ણોપકર્ણ સચવાયેલી રચનાઓ. ગુજરાતભરનાં ગામડેગામડે ગૃહિણીઓ, લોકગાયકોએ તેમને ગાઈને સાચવી છે. એને આમ સાચવી શકનારું બળ કયું - શબ્દ કે સ્વર ? આ જ સવાલ મૂંઝવે છે - દયારામની ગરબીઓ સાંભળતાં; પ્રેમાનંદનાં આખ્યાનો માણતાં ! ભક્તિરસથી છલકતી આ રચનાઓ આપણા ધર્મપ્રેમી માનસમાં સચવાઈ છે, તો અખાના છપ્પા, ધીરાની કાફી આપણાં મનને સ્પર્શી જાય છે. દાસીભાવે આલેખાયેલી ધૂપસળી સમ મહેકતી પ્રેમલક્ષણા ભક્તિસભર રચનાઓ, કૈં આરતીના દીપ સમી ઝળહળતી જ્ઞાનમાર્ગની પ્રેરક રચનાઓ, સમાજના અંત્યજ વર્ગમાંથી આવતાં કવિજનોનાં પદ, ગવાતાં રહ્યાં છે ને એમ સચવાતાં રહ્યાં છે. સૂફીઓનાં ભક્તિ-ગીત પણ લોબાન સરીખાં મઘમઘી રહ્યાં છે અને ભાવકો એમને મનોમન મમળાવતાં રહ્યાં છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના સંતકવિઓ, દલિત સમાજમાંથી આવતા સમર્થ ચિંતકોની સરળ બાની પણ સંગીતના સથવારે ગુંજતી રહી છે.

પ્રજાને આ સઘળું માણવું ગમ્યું છે, ગાવું ગમ્યું છે. કવિનો શબ્દ વિચાર અને સંવેદનને વ્યક્ત કરે છે અને સ્વરના સથવારે સચવાય પણ છે. અહીં એને મુદ્રણનો સાથ નથી ને છતાં પણ એ ક્યાંય ખોવાયો નથી. મહિમા કોનો - શબ્દનો કે સ્વરનો ? આ રચનાને પદ્ધતિસર સ્વરબદ્ધ કરવા કોણ બેઠું હશે ? એના રાગ-ઢાળ નિશ્ચિત કોણે કર્યા હશે ? કદાચ એકાદ વ્યક્તિનું આ કાર્ય નહીં હોય... પણ ઉત્તરમાં અનેક સંભાવનાઓ છે. હળવા શાસ્ત્રીય સંગીતમાં 'બંદિશ' તરીકે ગવાતી ચીજમાં પણ કવિતા સચવાઈ છે, તો ભદ્ર સમાજમાં કવિ ન્હાનાલાલ 'રાસ'માં તો કવિકલ્પના અને સંગીતનો હીંડોળ ઝાકમઝોળ વર્તાય છે.

આપણી પાસે ગરબાની પણ એક અનોખી પરંપરા છે. વલ્લભ મેવાડાના ગરબા ગામે-ગામ ગવાતા અને એની સાથે ગરવી ગુજરાતણનું નર્તન પણ ભળતું. રાસ, રાસડા, ટિપ્પણી, ગરબી જેવા પ્રકારભેદમાં પણ શબ્દ સ્વર સંગાથે શોભતો... આ બધી જ રચનાઓ સામાન્ય જન, સમૂહમાં કે એકલા ગાઈ શકતો. એકતારો, રામસાગર, રાવણહથ્થો, જંતર, કરતાલ, મંજીરા, ઢોલ, ઢોલક, પખાવજ, નરઘાં, નાળ, તબલાં, વાજાપેટી જેવાં વાદ્યોના સથવારે ગુજરાતી કવિનો શબ્દ ગુંજતો રહ્યો... ગુજરાતભરમાં...

એવામાં એક સમર્થ સમૂહમાધ્યમનો ઉદય થયો જેને આપણે આકાશવાણી તરીકે આજે ઓળખીએ છીએ. લોક ગાયકો અને પ્રતિભાસંપન્ન કલાકારોને શોધીશોધીને એમને આમંત્રણ અપાવા લાગ્યું. આપણા સમૃદ્ધ લોકવારસાને સાચવવાનો મહાયજ્ઞ શરૂ થયો, જેનાં યજ્ઞફળ સમા આપણને મળ્યા હેમુ ગઢવી, દુલાભાયા કાગ અને નવલોક ગીતો. આજ પર્યંત એ પ્રવૃત્તિ ચાલી રહી છે અને આપણી વચ્ચે દિવાળીબહેન ભીલ, પ્રફુલ્લ દવે અને હેમંત ચૌહાણ જેવા કલાકારોના કંઠ ગુંજી રહ્યા છે... આકાશવાણીએ કેવળ લોકસાહિત્યને સાચવવા પૂરતી જ પ્રવૃત્તિને સીમિત ન રાખતાં ગુજરાતી કવિતાજગતના પ્રતિષ્ઠિત કવિજનોની રચનાઓને પણ જનસાધારણ સુધી પહોંચાડવાનું શરૂ કર્યું. આવી કવિતાઓને સ્વરબદ્ધ કરીને રેડિયો પર રજૂ કરવાની પ્રવૃત્તિમાંથી જ નામ આવ્યું સુગમ સંગીત...



હર્ષદાબહેન અને જનાર્દનભાઈ રાવળ

ઠાકુર જયદેવસિંહે આ પ્રકારના સંગીતને સુગમ સંગીત તરીકે ઓળખાવ્યું, જેની પારિભાષિક ઓળખ અંગ્રેજીમાં Light Vocal Music - હળવું કંઠ્ય સંગીત છે. ઊર્મિગીતો, ગઝલ જેવા કાવ્યસ્વરૂપને એક વ્યક્તિ Solo - બે વ્યક્તિ Duet - યુગલગાન અને સમૂહસ્વરમાં Chorus - રજૂ કરવામાં આવ્યાં. માધ્યમે પોતાની જરૂરિયાત મુજબ 'સંગીતિકા' જેવા ગીતનાટક જેવા સ્વરૂપને પણ વિકસાવ્યું. સક્ષમ સ્વરકારો, ગાયકો અને કાર્યક્રમ-નિર્માતાઓએ, કવિજનના સથવારે એને અપ્રતિમ લોકપ્રિયતા બક્ષી. ગુજરાતી સુગમ સંગીતનું કાઠું ઘડાવા માંડ્યું... અને એને લોકપ્રિયતાના શિખરે બેસાડનાર પ્રતિભાનો રંગમંચ ઉપર પ્રવેશ થયો. નામ એમનું અવિનાશ વ્યાસ. સરળ શબ્દ અને સુમધુર સ્વરાંકનની સહાયથી જનજનનાં હૈયે ગુજરાતી ગીતને ગુંજતું કરી પોતાના નામને સાર્થક કરતા આ સર્જકનું આગમન એટલે આ જગતજનનીના કપાળે શોભતા કુમકુમતિલકનું કંકુ ખર્યું અને સૂરનો સૂરજ ઊગ્યો...

અવિનાશભાઈએ પોતાની સર્જકતાના બળે ગુજરાતી ગીતસંગીતના જગતને છલકાવી દીધું. ગુજરાતી ગીતને માટે ગુજરાતી સંગીત એ લાવ્યા. અવિનાશભાઈ આપણા સુગમ સંગીતનો જાણે પર્યાય બની ગયા. ગીત, ગરબા, ભજન, નૃત્યનાટિકા... અપાર વિષયવૈવિધ્યસભર એમની

સંગીતકાર કૃષ્ણકાન્ત પરીખ સાથે નીરવ પરીખ અને વિકાસ પરીખ



રચનાઓએ ગુજરાતણના કંઠમાં ગળાયેલા કૂવામાં ગીતનાં આછાં થતાં જતાં નીરને ફરી છલકાવ્યાં. ગુજરાતી સંગીતની રંગરેખાએ આકાર ધારણ કરવા માંડ્યો. અવિનાશી સંગીતના સ્પર્શે ગુજરાતી સુગમ સંગીત સમૃદ્ધ થયું.

અને એ જ સમયમાં આ સમૃદ્ધિને ઓર અદકેરી બનાવતા સ્વરકાર કવિ નિનુ મઝૂમદારે પણ પોતાની પ્રતિભાની આગવી ઓળખ ઊભી કરી. અહીં પણ શબ્દ અને સ્વરનું મનોહર સાયુજ્ય ઊભર્યું અને સ્વરના સાહ્યબાની પાઘડીએ લાગ્યો કોઈ જુદો રંગ...

ગુજરાતીઓથી સમૃદ્ધ મોહમયી મુંબઈનગરીમાં રહીને આ કલાપ્રવૃત્તિને વેગ આપવા મથ્યા મધુર કંઠના માલિક દિલીપ ધોળકિયા - સુગમ સંગીતને લોકપ્રિયતા બક્ષનારા આ સ્વરકાર ગાયકનો મુકુટ અનેક યશસ્વી કલગીઓથી શોભે છે. એ જ વેળા ગુજરાતપ્રસિદ્ધ દિવેટિયા કુટુંબનાં સુપુત્ર ક્ષેમુ દિવેટિયાએ સુગમ સંગીતના દીપને આપણી સમૃદ્ધ સંગીતપરંપરા - લોકસંગીત અને શાસ્ત્રીય સંગીતના સુમેળથી વધુ પ્રજ્વલિત કર્યો.

મુંબઈમાં અજિત મર્ચન્ટે, પાશ્ચાત્ય સંગીતના એમના અભ્યાસનો લાભ આપણા ગુજરાતી સુગમ સંગીતને આપતાં અનોખી કેડી પાડી. વળી એક વાર ગુજરાતી સુગમ સંગીતનું આકાશ ઝળહળી ઊઠ્યું. અવિનાશ વ્યાસે પ્રગટાવેલ મશાલને સ્વપ્રતિભાએ ઝગમગાવતા સ્વરકાર ગાયક પુરુષોત્તમ ઉપાધ્યાયની કલાસાધનાએ એ ભાવકવર્તુળનો વ્યાપ વધાર્યો. પોતાની ગાયકીના બળે, દેશ-પરદેશના શ્રોતાઓને મંત્રમુગ્ધ કરતા, પારંપરિક પદરચના અને આધુનિક ગીત-ગઝલને સમજણથી સ્વરબદ્ધ કરતા આ કલાકારે આંતરરાષ્ટ્રીય-ખ્યાતિ-પ્રાપ્ત બિનગુજરાતીભાષી કલાકારોને કંઠે પણ અમર ગુજરાતી રચનાઓ વહેતી કરી... ગુજરાતી સુગમ સંગીતની પ્રવૃત્તિઓથી ત્યારે મુંબઈ અને ગુજરાત ધમધમતાં રહેતાં. એમાં મહત્ત્વનો ઉલ્લેખ કરવો જ પડે તેવી પ્રવૃત્તિ એટલે -

આ માસનાં ગીતો.

સ્વરકાર અજિત શેઠના પ્રયત્નોથી સુગમ સંગીતની આ પ્રવૃત્તિએ તાલીમશિબિરો અને વિવિધ સ્થળોએ નામી-અનામી કલાકારો દ્વારા ગુજરાતી ગીત સંગીતની રજૂઆતનું સ્વરૂપ લીધું, જે આજે પણ સંગીત ભવન ટ્રસ્ટના ઉપક્રમે, દૃશ્ય-શ્રવ્યનાં આયોજનોની મદદથી, ગુજરાતી સુગમ સંગીતની વિશિષ્ટ પ્રવૃત્તિમાં ગુજરાતનાં આકાશવાણીનાં કેન્દ્રોનો ફાળો પણ નોંધપાત્ર છે. સ્વ. રસિકલાલ ભોજકે તો પોતાની પ્રતિભાનો સુરીલો પરિચય ર. છો. પરીખના 'મેનાગુર્જરી' નાટકનાં ગીતો દ્વારા આપી જ દીધો હતો. ત્યાર બાદ આકાશવાણી - અમદાવાદ ખાતે અહમદ દરબાર સાથે L.M.U.ની સ્થાપના અને Air Choral Groupની પ્રવૃત્તિઓ થકી એમણે એમની ઓળખ પાકી કરાવી દીધી. એ જ રીતે આકાશવાણી દ્વારા ભાઈલાલભાઈ બારોટ અને ઉપેન્દ્ર ત્રિવેદીએ પણ પોતાનાં સ્વરાંકનોથી ભાવકોનું ધ્યાન ખેંચ્યું.



સુધા દિવેટિયા
(જ. 10-10-1924 * અ. 20-11-2000)



વિભા દેસાઈ
(જ. 15-10-1941)



કૌમુદી મુન્શી

કૌમુદી મુનશી

કૌમુદી મુનશીનો જન્મ બનારસના જમીનદાર રાજા મુનશી માધવલાલાના કુટુંબમાં થયો હતો. સંગીતશોખને વ્યવસ્થિત સ્વરૂપ આવા હિન્દુ વિશ્વવિદ્યાલય-(વારાસણી)માં સંગીતનો અભ્યાસ કરી સ્નાતક થયાં. સુપ્રસિદ્ધ ગાયિકા સિદ્ધેશ્વરીદેવીની તાલીમ પામી કવિ-સંગીતકાર નિનુભાઈ મઝુમદાર સાથે લગ્ન કરી મુંબઈ ખાતે સ્થાયી થયાં.

શ્રી મનહર બર્વે, શ્રી તાજઅહમદ ખાન તથા ઉસ્તાદ ઘમનખાં સાહેબ પાસે સંગીતનો વિશેષ અભ્યાસ કર્યો. સત્યેન્દ્ર ત્રિવેદી પાસે ઠૂમરી-ગાયકીનું માર્ગદર્શન લીધું.

મુનશીએ આકાશવાણી, દૂરદર્શન અને મહેફિલો તથા પરિષદો દ્વારા ઠૂમરી-દાદરા-ભજન-ગઝલ-ગીત - લોકગીતની ગાયકી હિન્દી અને ગજરાતી બન્ને ભાષાઓમાં ભારતભરમાં તથા ભારત બહાર પણ રજૂ કરી છે. તેઓએ ઇંગ્લેન્ડ અને અમેરિકાના સફળ પ્રવાસ કર્યા છે. ત્યાં અનેક કાર્યક્રમો તેમણે આપ્યા છે.

કૌમુદી મુનશીનાં કેટલાંય ગીતો ગ્રામોફોન રેકર્ડમાં ધ્વનિ-મુદ્રિત થયાં છે. હાલ એમની 'કેસેટો' ખૂબ લોકપ્રિય થઈ છે.

ગુજરાતી સુગમ સંગીતને લોકપ્રિય બનાવવામાં ગુજરાતી ફિલ્મોનો પણ ઉલ્લેખ કરવો જરૂરી બને છે. આપણા અનેક સમૃદ્ધ અને સમર્થ કલાકારોએ આ સર્વજનપ્રિય માધ્યમની મદદથી અનેક ગીતોને સ્વરબદ્ધ કરી જાણીતાં બનાવ્યાં. વિષયવસ્તુની મર્યાદામાં રહીને પણ આવાં ગીતો, ગીતકાર-સ્વરકારના સથવારે લોકપ્રિયતા હાંસલ કરી શક્યાં. અવિનાશ વ્યાસના પુત્ર ગૌરાંગ વ્યાસે પિતાની સિદ્ધિઓનો ધ્વજ લહેરતો રાખી સિદ્ધ પિતાનાં પ્રસિદ્ધ પુત્ર તરીકે આગવી ઓળખ ઊભી કરી. ગૌરાંગ વ્યાસનાં સ્વરાંકનોમાં જનસાધારણને આકર્ષવાની અદ્ભુત શક્તિ છે. ફિલ્મ ઉપરાંત ગુજરાતી ગીત-ગઝલનાં ઝૂમતાં કરી દે તેવાં સ્વરાંકનોની ભેટ ધરનાર આ સ્વરકારે વૃંદગાનના ક્ષેત્રમાંય આગવી સિદ્ધિ હાંસલ કરી છે. હિન્દી ફિલ્મજગતમાંય પોતાનાં સ્વરાંકનોનાં બળે ડંકો વગાડનાર કલ્યાણજી-આણંદજીએ પણ કેટલીય ગુજરાતી ફિલ્મોમાં લોકપ્રિય ગીતો આપ્યાં. તેઓ નવા કલાકારોને પ્રોત્સાહન આપવામાં હંમેશા તત્પર રહેતા. સુગમ સંગીતની લોકપ્રિયતાની આગેકૂચને આંચકો લાગ્યો અનોખી પ્રતિભાના માલિક સ્વરકાર - ગાયક પરેશ ભટ્ટની અણ-ચિંતવી વિદાયથી.

અને ગુજરાતી સ્વરકાર - ગાયક તરીકે એને અનોખી ખ્યાતિ અપાવી આશિત દેસાઈએ. આંતરરાષ્ટ્રીય વાદ્યવૃંદનું આયોજન હોય કે દૂરદર્શન દ્વારા કથામાળા કે વિવિધ વિષયોને કેન્દ્રમાં રાખીને રંગમંચ પરથી રજૂ થતા કાર્યક્રમ - આશિત દેસાઈની પ્રતિભાનો પુરાવો આપતા રહ્યાં છે.

સુગમ સંગીતની આ પ્રવૃત્તિનું એક મહત્ત્વનું પાસું એટલે વૃંદગાન. સમૂહગાનથી અલગ એવી આ પાશ્ચાત્ય ગાયનશૈલીએ પણ આપણા સ્વરકારોને આકર્ષ્યા. પરિણામે વ્યક્તિગત રીતે અદ્ભુત સ્વરસામર્થ્ય ધરાવનારા ગાયકોએ પણ સાથે મળીને સંઘભાવનાને આત્મસાત્ કરીને, ગુજરાતને સુંદર વૃંદગીતો આપ્યાં છે. આ દિશામાં સૌથી મહત્ત્વનું પ્રદાન રહ્યું છે શ્રુતિ સંસ્થાનું. વર્ષોથી ચાલતી આ સંસ્થા આજપર્યંત વૃંદગાન રજૂ કરે છે અને નવાનવા કલાકારો તેમાં જોડાતા રહે છે. આ નવા કલાકારોને તાલીમ આપતી આવી જ મહત્ત્વની અન્ય સંસ્થાઓ છે ભવન્સ અને સ્વરમ્ તથા આકાશવાણી ગાયકવૃંદ. વૃંદગાનના પ્રયોગોના સ્વરકારો છે - ગૌરાંગ વ્યાસ, રાસબિહારી દેસાઈ, આશિત દેસાઈ, સ્વ. રસિકલાલ ભોજક, ચીમન તપોધન, સુધીર ખાંડેકર, સૌમિલ-શ્યામલ મુનશી, નયનેશ જાની, વગેરેનું સ્થાન નોંધપાત્ર છે. વૃંદગાનની આ પ્રવૃત્તિ મોટી સંખ્યામાં ગાયકોનો સહકાર માગતી પ્રવૃત્તિ છે. તદુઉપરાંત ગાયકોના સ્વરનો ઉપયોગ કરવાની સૂઝ ધરાવતા સ્વરકારો, પ્રમાણમાં આછા વાદ્યવૃંદની સહાયથી, કેવળ સ્વરની શક્તિથી, ચિત્ર ઉપસાવવાનું રહે છે. આજના સમયમાં સાધના અને સંઘ ભાવના માગતા અને પ્રમાણમાં ઓછો અર્થલાભ ધરાવતા


શાસ્ત્રીય-સુગમસંગીત-યુગ્મ



પરેશ નાયક

ભારતના સંગીતમાર્તંડ પંડિત જસરાજજીના શિષ્ય પરેશ નાયક આકાશવાણી અને દૂરદર્શનના ઉચ્ચ કોટિના સંગીત-દિગ્દર્શક અને ગાયક છે. સંગીત પ્રત્યેના ઊંડા લગાવને કારણે તેમ જ ગુરુમાતા મા નંદિની માના આશીર્વાદથી, મુંબઈમાં પોતાના ધીખતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકેના વ્યાવસાયને તિલાંજલિ આપી ભરૂચ પાસે નર્મદાકાંઠે મંગલેશ્વર મુકામે 'ૐશ્રી નંદિની મા વિદ્યાપીઠ' સ્થાપના કરી. સંગીતસાધના અને શિક્ષણની સાંસ્કૃતિક પ્રવૃત્તિ શરૂ કરી. આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના પણ અનેક સંગીતપિપાસુ વિદ્યાર્થીઓ આ વિદ્યાપીઠનો લાભ લે છે.

માલિની પંડિત - પરેશ નાયકના સાયુજ્યે આ પ્રવૃત્તિ મહોરી રહી છે. શુદ્ધ ઉચ્ચાર અને મધુર કંઠ ધરાવતાં માલિનીબહેન ગુજરાતી સુગમ સંગીતનાં ખ્યાતનામ કલાકાર છે. અમદાવાદમાં ગાંધર્વ મહાવિદ્યાલયમાંથી સુવર્ણચંદ્રક સાથે તેઓ સંગીતવિશારદ થયાં છે. આકાશવાણી ઉપરાંત અનેક કાર્યક્રમો તેમજ કેસેટોમાં તેમણે કંઠ આપ્યો છે. સુગમ સંગીત, બાળગીતો, ભજન તેમ જ સંસ્કૃત સ્તોત્રોની પણ તેમની કેસેટો ઊતરી છે અને ખૂબ પ્રશંસા પામી છે. સંગીત વિદ્યાપીઠની તમામ સંગીત-પ્રવૃત્તિઓમાં અને શિબિરોમાં તેમનું સક્રિય યોગદાન છે.



માલિની પંડિત

તુષાર શુક્લ

ગુજરાતમાં સુગમ સંગીતની દુનિયામાં કવિ તુષાર શુક્લ એક સન્માનનીય નામ છે. તુષાર શુક્લ નથી ગાયક કે નથી સંગીતનિર્દેશક, પણ ગુજરાતના સુગમ-સંગીત-જગત સાથે પ્રવક્તા-સંકલનકારના નાતે તેઓ સંગીતજ્ઞ જેટલી જ નિકટતાથી સંકળાયેલા છે.

સંગીતના કાર્યક્રમમાં રજૂ થતા ગીત પહેલાં અને પછી જે તે ગીતનો તેઓ જે રીતે આસ્વાદ કરાવે છે તે શ્રોતાઓને મંત્રમુગ્ધ કરે છે. સ્વયં કવિ હોવાને કારણે તેમની બાની સાહિત્યિક તો હોય છે જ, પરંતુ એક સર્જકની અવલોકન - નિરીક્ષણ-શક્તિને કારણે તે મર્માળી પણ બની રહે છે. શ્રોતાઓ જેટલા ગીતો માણે છે તેટલા જ બે ગીતોને જોડતા તેમના સંવાદને પણ માણે છે. તેમના આ સંવાદ-સેતુથી કાર્યક્રમ જીવંત થઈ રહે છે. તેમનાં અનેક કાવ્યો સંગીતબદ્ધ થયાં છે અને ઉત્તમ કલાકારોના કંઠે રેલાયાં છે.



આભા દેસાઈ



સોનલ રાવલ



આ પ્રયોગોને આકાશવાણી જેવા સમર્થ માધ્યમનો સાથ સાંપડ્યો છે. આકાશવાણીનું અમદાવાદ કેન્દ્ર દેશનાં પ્રતિષ્ઠિત ગાયકવૃંદ ધરાવતાં અલ્પ કેન્દ્રો પૈકીનું એક મહત્ત્વનું કેન્દ્ર છે.

સુગમ સંગીતને પોતાની પ્રતિભાનો સંસ્પર્શ કરાવતા કલાકારોમાં સર્વ શ્રી કંચનલાલ માવાવાળા, પિનાકિન શાહ, જયંતી જોશી, વિ. બલસારા તથા દક્ષેશ ધ્રુવ, મનહર ઉધાસ, રાસબિહારી દેસાઈ, જગદીપ વીરાણી, હરેશ બક્ષી, રાજેન્દ્ર શાહ, ઉપરાંત આજની પેઢીમાં સૌમિલ-શ્યામલ મુનશી, સોલી કાપડિયા, ઉદય મઝૂમદાર, નયનેશ જાની, રજત ધોળકિયા, નીરજ-ઉતંક વોરા, સુધીર ઠાકર, સુરેશ જોશી, આભા દેસાઈ, નયન પંચોલી, અમર ભટ્ટ વગેરે નવી કવિતા સાથે કામ પાડે છે અને પ્રયોગશીલતા અને લોકપ્રિયતાનો સુમેળ સાધવા મથે છે.

એમાં પણ સૌમિલ-શ્યામલ મુનશી બંધુઓએ કાવ્ય-સંગીત ઉપરાંત, બાળગીતોની મેઘધનુષી રજૂઆત અને કાર્યક્રમની આકર્ષક રંગમંચ પ્રસ્તુતિ વડે ભાવકો અને ગુણીજનોની પ્રશંસા પ્રાપ્ત કરી છે. એ જ રીતે પોતાની નૈસર્ગિક પ્રતિભા અને અનુભવના બળે ફિલ્મક્ષેત્રે પાર્શ્વસંગીતમાં રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત રજત ધોળકિયા ગુજરાતીઓનું ગૌરવ છે.

ગુજરાતી સુગમ સંગીત તરીકે ઓળખ પામ્યા બાદ આ ક્ષેત્રે જ્યોત્સ્ના મહેતા, સુધા લાખિયા, સરોજ ગુંદાણી, હર્ષદા રાવલ-જનાર્દન રાવલ, સુરેશ જાની, દિલીપ પટેલ, જંયતિ દેસાઈ, રાસબિહારી-વિભા દેસાઈ, હંસા દવે, પ્રતિમા ત્રિવેદી, પ્રજ્ઞા છાયા, કૌમુદી મુનશી, રાજુલ મહેતા, ઉમા ઓઝા, વીણા મહેતા, બંસરી યોગેન્દ્ર, મધુસૂદન શાસ્ત્રી, એ. આર. ઓઝા, રજની લાખિયા, મહંમદ દેળૈયા, જયદેવ ભોજક, મુકુંદ વ્યાસ, મુનિકુમાર દેસાઈ, સ્વ. ઇસ્માઇલ વાલેરા, આશિત-હેમા દેસાઈ, અનંત વ્યાસ, સ્વ. ભ્રદ્રાયુ ધોળકિયા, સંજય ઓઝા, રેખા ત્રિવેદી, આરતી મુનશી, નિશા ઉપાધ્યાય, સોનલ રાવલ, દિપાલી સોમૈયા, દીપ્તિ દેસાઈ, ગાર્ગી વોરા, વિરાજ-બીજલના કંઠે ગુજરાતી ગીત-ગઝલ-ભજન-ગરબા વગેરે વહેતાં થયાં છે ને ગુજરાતી સુગમ સંગીતની ઓળખ દૃઢ બનતી ગઈ છે. અહીં ઉલ્લેખ કરવાનો રહી ગયો હોય તેવી પ્રતિભાઓએ એને અનાદર ન ગણતાં, સ્થળસંકોચ માત્ર ગણવા વિનંતી. દૂરદર્શનના માધ્યમ દ્વારા 'સુરીલી સરગમ'ના 100 ઉપરાંત એપીસોડ વડે આ ક્ષેત્રના પ્રચાર પ્રસાર માટે નિર્માતા સલિલ મહેતા અને ગાયિકા કલ્યાણી કૌઠાળકર યશનાં અધિકારી છે. આ અગાઉ આ દૃશ્યશ્રાવ્ય માધ્યમ દ્વારા હર્ષજિત ઠક્કર અને દીપક વાવસકરે આકર્ષક રજૂઆત દ્વારા ધ્યાન ખેંચ્યું છે.

અનેક ગાયકો, સ્વરકારો અને કવિજનોની પ્રતિભાના બળે કરીને આજનો ગુજરાતી સુગમ સંગીતનો ચ્હેરો ઘડાયો છે. એની પાસે લોકસંગીત અને શાસ્ત્રીય સંગીતનો ભવ્ય વારસો છે. તદ્દઉપરાંત અનેક તબક્કે સીધો જનસંપર્ક ધરાવીને આ કલાપ્રકાર ભાવક હૃદયમાં સ્થાન પામતો રહ્યો છે. પણ આ એક તદ્દન સ્વતંત્ર કલા સ્વરૂપ છે એનો સ્વીકાર થાય એવી સમજણ વધે તે મહત્ત્વનું છે. આજે જ્યારે માતૃભાષા ગુજરાતી સામે અનેક પડકારો ઊભા થયા છે ત્યારે તો આ રીતે જ આપણે આપણી ભાષાને મહોરતી રાખી



વિરાજ અને બીજલ

શકીશું... ગવાતી ભાષા જ જીવંત ભાષા બને છે. શાળામાં અંગ્રેજીનું વધતું ચલણ, સંગીતશિક્ષકોની ગેરહાજરી, ઉચ્ચારની અશુદ્ધિઓ, અધરી અભિવ્યક્તિ ધરાવતી કવિતા, ક્લિષ્ટ સ્વરાંકનો, અપૂરતી તૈયારીવાળા કલાહોંશીલા મિત્રો. ધ્વનિમુદ્રિત રચનાઓની સરસ રજૂઆત માટે રેકર્ડ અથવા સી.ડી.નો આગ્રહ ને સામે ગુજરાતી સંગીતના રૂપિયા ખર્ચીને ખરીદનારા ગ્રાહકોની અલ્પસંખ્યાને કારણે ધ્વનિમુદ્રિત રચનાઓની ઉપલબ્ધિ સંબંધે કરવાં પડતાં સમાધાનો, અનેક સુવિધા ધરાવતા ફિલ્મ સંગીત સાથેની સરખામણીનો દુરાગ્રહ, રસજ્ઞો દ્વારા વિવેચનાની ગેરહાજરી, ચેનલો કે દૂરદર્શન પર પ્રસારણના નિર્ધારિત સમયની અલ્પતા, અખબાર જેવાં સમર્થ માધ્યમો દ્વારા આ કલાપ્રયોગોની ઉપેક્ષા જેવા અનેક પડકારો છે. છતાં 100 વર્ષોનો જેનો ઇતિહાસ નથી થયો એ કલાસ્વરૂપ આપણને, આપણી આવતી કાલ માટે આપણી ભાષાને જીવતી રાખવામાં નોંધપાત્ર પ્રદાન કરી રહ્યું છે.

ગુજરાતનું લોકસંગીત

ગુજરાતનું લોકસંગીત બે મુખ્ય પ્રવાહોમાં વહી રહ્યું છે. એક પ્રવાહમાં લોકોનાં મન અને અંતરને ભક્તિનું સાંત્વન આપતાં ભજન-ગીતો તથા અન્ય ગીતોનો સમાવેશ થાય છે અને બીજો પ્રવાહ છે ચારણી લોકગીતો, જેમાં દુહા, છંદ વગેરેનો સમાવેશ થાય છે. પ્રથમ પ્રવાહમાં નરસિંહ મહેતા અને મીરાંથી માંડી ગુજરાતે સંતો અને ભક્તોથી જ ભજનિકોની પરંપરાઓ પેદા કરી છે. આ સંત-ભક્તોની વાણીમાં વેદો અને ઉપનિષદોનાં સત્યોને વણી લઈ લોકભોગ્ય રીતે તેની રજૂઆત થઈ છે. આ વાણીમાં નાત, જાત, ધર્મના ભેદો ઓગળી ગયા છે અને શુદ્ધ સાત્ત્વિક રૂપે નિતાન્ત સત્યો રજૂ થયાં છે. દાસી જીવણ ચમાર હતા, હોથી સુમરા મુસલમાન હતા. આજે પણ અભરામ ભગતનાં ભજનો હવે ગુજરાતનાં ગામડાંઓમાંથી લંડન સુધી પહોંચ્યાં છે. સ્વ. ઇસ્માઇલ વાલેરાનાં ભજનો સાંભળવાં એ લહાવો હતો. આ વાણી શહેરો કરતાં ગામડાંના ગરીબોનાં ઝૂંપડાંમાં અને ગીરના નેસડા સુધી પહોંચે છે. રવિ, ભાણ, મોરાર, રોહિતદાસ, પીપા ભગત, ત્રિકમ, પ્રેમસાહેબ વગેરેએ પછાત કોમમાંથી આવી સંત-સરવાણીને સંગીત દ્વારા વહાવી છે.

બીજો પ્રવાહ છે ચારણી સાહિત્ય અને સંગીતનો. ચારણી સાહિત્યમાં સંગીતનો એવો સુમેળ થયો હોય છે કે ક્યાં સાહિત્ય પૂરું થાય છે અને સંગીત શરૂ થાય છે તેની ચારણો ખબર જ પડવા દેતા નથી. અસાધારણ સ્મૃતિ અને કાવ્યશક્તિ ધરાવતા ચારણોની આ કોમ 16મી શતાબ્દીમાં કાઠીઓ સાથે ગુજરાતમાં આવેલ હોવાનું કહેવાય છે. આ કોમ આજે મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં જોવામાં આવે છે. જૂનાં રાજ્યોમાં ચારણ કવિને લગભગ દરેક રાજ્યમાં આશ્રય મળતો. ચારણી સાહિત્ય માટે જૂના કચ્છ રાજ્યમાં ડિંગળનો અભ્યાસક્રમ શીખવતી એક ચારણ શાળા હતી અને તેણે ઘણા ચારણ કવિઓ તૈયાર કર્યા હતા. જૂના સૌરાષ્ટ્ર રાજ્યે પણ જૂનાગઢમાં ચારણની એક શાળા સ્થાપી હતી. પણ સૌરાષ્ટ્ર મુંબઈમાં ભળ્યા પછી તેનો અંત આવી ગયો. લોકસાહિત્યમાં અગ્રણી ચારણ કવિઓમાં ભૂતકાળમાં ભાવનગરના કવિ પિંગળશીભાઈ, લીંબડીના શંકરદાનજી અને વળાના ઠારણભાઈ અને છત્રાવાના મેઘાણંદ ગઢવીનાં નામો જાણીતાં હતાં. કંઠ, કહેણી અને કવિતા એ ચારણી સંગીત-સાહિત્યનાં આગવાં અંગો કહેવાય છે. આજે ગુજરાતમાં ભક્તકવિ દુલા કાગ, મેરુભા મેઘાણંદ, પિંગળશી મેઘાણંદનાં નામો અગ્રસ્થાને છે. આમાંયે કવિ દુલા કાગ તો લોકસંગીતના વાગ્ગેયકાર ગણાય છે, અર્થાત્ ગાયક અને નાયક બન્ને છે. એમણે લોકગીતો વિપુલ સંખ્યામાં આપ્યાં છે અને આજે મોટા ભાગના આધુનિક લોકસંગીતકારો બધા દુલા કાગનાં જ ગીતો ગાઈને ડાયરા ભરે છે અને મનોરંજન કરે છે. ગુજરાતના આધુનિક લોકસંગીતકારોમાં રતિકુમાર વ્યાસ, સ્વ. હેમુ ગઢવી, મધુસૂદન વ્યાસ, લાખા ગઢવી, પ્રાણલાલ વ્યાસ, બચુભાઈ ગઢવી, મહમ્મદ રહીમતુલ્લા, દિવાળીબેન ભીલ, કરસન પઢિયાર ઇત્યાદિ નામી કલાકારોનો સમાવેશ થાય છે. ઉપરાંત કેટલાક અનામી અને અજ્ઞાત કલાકારો જેવા કે મનુભાઈ ગઢવી, પ્રેમજી બારોટ, રેવાદાન ગઢવી, કનુભાઈ બારોટ, પ્રભુદાન ગઢવી વગેરે છે, જેઓ રાજકોટના રેડિયો સ્ટેશનેથી અવારનવાર લોકગીતો, દુહા, છંદ વગેરેના કાર્યક્રમો રજૂ કરે છે. નાનજી મિસ્ત્રીએ વાયોલીન પર લોકગીતોને સરસ સંગીત આપ્યું છે.

ગુજરાતના બીજા પ્રદેશોના સાગરકાંઠાના માછીમારોનું કે ડાંગ વગેરેના આદિવાસી વનવાસીઓનું લોકસંગીત તેમ જ તેમનાં લોકવાદ્યો વગેરે પણ જળવાય તે જરૂરી છે. ધર્મસંગીતના જ એક ફાંટા જેવા લોકસંગીતનો 'ભજનો'નો પ્રકાર છે. પરંપરાગત ઢાળ અને તાલમાં ગવાતાં ભજનોની પરંપરા અદ્યાપિપર્યંત જળવાઈ છે, તો બીજી બાજુ આધુનિક કવિઓ અને સંગીતકારોએ પણ સુગમ સંગીતમાં આધુનિક ભજનોની એક સરવાણી વહાવી છે.





કાનજી ભૂટા બારોટ

ગુજરાતના બારોટ-શૈલીના સમર્થ વાર્તાકાર કાનજી ભૂટા બારોટે લોકવાર્તાઓને ડાયરાઓ અને રંગમંચ ઉપરથી વહેતી મૂકીને લોકહૈયાં સુધી પહોંચાડી હતી. તેઓ વહીવંચા બારોટ હતા - જે પહેલાં પોતાના યજમાનોનાં કુટુંબો સમક્ષ વાર્તાઓ કહેતા અને પછી જાહેરમાં વાર્તા કહેતાં એવું કહી શકાય કે બારોટ પરંપરાના તેઓ સમર્થ છેલ્લા વાર્તાકાર હતા. તેમને રાજ્ય અને રાષ્ટ્રીય કક્ષાએ સન્માન પ્રાપ્ત થયાં હતાં.



દિવાળીબહેન ભીલ

ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી'નો ખિતાબ પ્રાપ્ત કરનાર લોકગાયિકા દિવાળીબહેને આદિવાસી જાતિમાંથી આવીને માત્ર ગુજરાત રાજ્યમાં જ નહીં પણ પરદેશોમાં પણ પોતાની ખ્યાતિ પ્રાપ્ત કરી છે. કહેવાય છે તેમ સૌરાષ્ટ્રની ભૂમિનું પાણી પીનારને રૂપાની ઘંટડી જેવો મધુર અવાજ મળે છે તે રીતે તેમનો અવાજ વિલક્ષણ છે. તેમણે પોતાનાં ગીતો દ્વારા લોકહૈયાં ડોલાવ્યાં છે તેમને રાજ્ય સરકાર અને સમાજ તરફથી સન્માન પ્રાપ્ત થયાં છે.

પ્રફુલ્લ દવે

(જ. 30-3-1951)



પોતાના મીઠાશભર્યા કંઠે અગણિત ગુજરાતી ગીતો ગાઈને લોકહૈયાં ડોલાવનાર પ્રફુલ્લભાઈનો જન્મ અમરેલી જિલ્લાના ચિત્તલમાં. પિતાનું નામ દેવશંકર અને માતાનું નામ મણિબહેન.

શાળાકીય શિક્ષણ અમરેલીની આસપાસના ગામોમાં લઈ મેટ્રિકનો અભ્યાસ અમરેલીની કામાણી ફોરવર્ડ હાઈસ્કૂલમાં કર્યો. અભ્યાસમાં તેજસ્વી હોવા છતાં ઉચ્ચશિક્ષણ મેળવી શક્યા નહીં. મેટ્રિક પાસ થયા બાદ ડૉક્ટર થવાનાં સ્વપ્નાં મનમાં જ ધરબી દઈ આયુર્વેદ કોલેજમાં પ્રવેશ મેળવ્યો, કારણ કે પુત્રને ડૉક્ટર બનાવી શકે તેવી પિતાની આર્થિક સ્થિતિ જ ન હતી.

બાળપણથી જ સંગીત પ્રત્યે તીવ્ર લગાવ હતો. એસ.એસ.સી. સુધી સ્કૂલમાં પણ સંગીતનો વિષય લીધો હતો. પિતાને આ વાતની જાણ હતી, પરંતુ અનિશ્ચિત કમાણી હોય તેવો સંગીત-વ્યવસાય ન પસંદ કરવા પિતાની શીખ હતી.

થોડો સમય સંગીત તરફથી તેમણે પોતાનું મન ઉઠાવી લીધું, પરંતુ ગુજરાતના આ ભાવિ સંગીતકાર માટે કુદરતે જ દ્વાર ખોલી આપ્યાં. કોલેજ-અભ્યાસ દરમિયાન અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોમાં પ્રફુલ્લે કંઠ રેલાવ્યો. તેમનું નામ ઊગતા સંગીતકાર તરીકે લોકપ્રિય થવા લાગ્યું. રાજ્યકક્ષાએ યોજાતા યુવક મહોત્સવોમાં ત્રણ વર્ષ સતત ઇનામો મેળવ્યાં.

બી.એસ.એ.એમ.નો અભ્યાસ પૂરો કર્યો બાદ જામનગર ઇન્ટર્નશીપ દરમિયાન ભાવનગરની 'કલા-સંગમ' સંસ્થા દ્વારા અમદાવાદમાં નવરાત્રિ ઉત્સવમાં રાસ-ગરબામાં બેકસ્ટેજ સીંગર તરીકે ગાવાનું નિમંત્રણ મળ્યું. આ કાર્યક્રમ સાંભળવા આવેલા મધુસૂદન વ્યાસે 'યૌવન વીંઝે પાંખ' નામના કાર્યક્રમ માટે પ્રફુલ્લભાઈને પોતાના કાર્યક્રમમાં ગાવા નિમંત્રણ આપ્યું.

આ કાર્યક્રમમાં તેમણે ગાયેલા 'મણિયારો' ગીતને પ્રચંડ લોકપ્રિયતા સાંપડી. ઈ. સ. 1976ના દિગંત ઓઝાની 'લાખો ફુલાણી' ફિલ્મમાં સંગીત-નિર્દેશક ગૌરાંગ વ્યાસે આ ગીત પ્રફુલ્લ દવે અને સુમન કલ્યાણપુરના કંઠે ગવડાવ્યું. ગુજરાતી ફિલ્મોમાં પ્રફુલ્લભાઈએ અનેક ગીતોનું પ્લેબેક સંગીત આપ્યું.

સહજ રીતે ફૂટેલી સંગીતની સરવાણી પ્રફુલ્લ દવેનું જીવન અને જિજીવિષા બની ગઈ. ત્યારથી સફળતાએ પાછું વાળીને જોયું નથી. ગુજરાતમાં, દેશમાં અને અનેક દેશોમાં એમના સંગીતના અનેક કાર્યક્રમો થતા રહ્યા છે. લંડનના પ્રતિષ્ઠિત રૉયલ આલ્બર્ટ હૉલમાં પણ તેમનો કાર્યક્રમ યોજાયો હતો. આ ઉપરાંત તેમણે વેમ્બલી કૉન્ફરન્સ સેન્ટર અને લેસ્ટરમાં સીમ્ફનિ ઑરકેસ્ટ્રા સાથે લોકસંગીત રજૂ કર્યું હતું. પરદેશોમાં એમના કાર્યક્રમોને અપ્રતિમ પ્રતિસાદ સાંપડ્યો હતો.

તાજેતરમાં લંડનમાં 'ગળથૂથીથી ગંગાજળ સુધી આપણો મલક'ના શીર્ષકવાળી એમની કૉન્સર્ટને ઘણી સફળતા પ્રાપ્ત થઈ હતી. એવું કહેવાય છે કે પ્રફુલ્લ દવેને બધા ગુજરાતીઓ ઓળખે જ. ન ઓળખે એ ગુજરાતી ન ગણાય. પ્રફુલ્લ દવેએ આમ તો લગભગ બધા જ પ્રકારનાં ગીતો ગાયાં છે, પરંતુ ગુજરાતી લોકસંગીતની વાત આવે ત્યારે તો પ્રફુલ્લભાઈનું નામ અચૂક યાદ આવે.

ડૉ. નિરંજન રાજગુરુ

(જ. 24-12-1954)



ડૉ. નિરંજન રાજગુરુ ગુજરાતના સંતવાણીના ગાયક-સંશોધક-સંપાદક છે. સૌરાષ્ટ્રના ગામે-ગામમાંથી સેંકડો ભજનો પરંપરાગત ઢાળમાં ધ્વનિમુદ્રિત કર્યાં. લોકડાયરા-સંતવાણીના કાર્યક્રમોનું સંચાલન કર્યું. સંચિત સામગ્રીને સંશોધિત સ્વરૂપમાં સંપાદિત કરી પુસ્તકના રૂપમાં મૂકી. 'દૂધઈ પડવાળા પામના દૈવી સંતો', 'શરદની રાતડી', 'કૃષ્ણગાન', 'બીજમારગી ગુપ્ત' 'પાટઉપાસના' અને 'મહાપંથી સંતોની ભજનવાણી' જેવા ગ્રંથો આપ્યા છે. એમને દાસી જીવણ રૌપ્ય ચંદ્રક અને ગુજરાત સાહિત્ય અકાદમીની ફેલોશિપ આપવામાં આવી છે.

ડૉ. હસુ યાજ્ઞિક

(જ. 12-2-1938)



એમ.એ.;પીએચ.ડી., સંગીત વિશારદ, વાયોલીનમાં પ્રથમ વર્ગ. 1963થી '82 અમદાવાદ જામનગર, સુરેન્દ્રનગરમાં ગુજરાતીના અધ્યાપક. ઈ.1982થી '96 સુધી ગુજરાત રાજ્યની સાહિત્ય અકાદમીઓના મહામાત્ર. 1996થી '03 શ્રી મેઘાણી લોકવિદ્યા સંશોધન ભવન, અમદાવાદના મેનેજિંગ ટ્રસ્ટી.

હસુ યાજ્ઞિક નવલકથાકાર, ટૂંકીવાર્તાકાર, મધ્યકાલીન કથાસાહિત્ય અને લોકસાહિત્યના સંશોધક-સંપાદક અને સંગીતશાસ્ત્રી છે. એમણે 20 નવલકથા, 7 વાર્તાસંગ્રહ, 7 બાલસાહિત્યનાં પુસ્તકો, 5 વિવેચન, 15 લોકસાહિત્યનાં સંશોધન-સંપાદનનાં પુસ્તકો લખ્યાં છે. તે ઉપરાંત શાસ્ત્રીયરાગદર્શન, હાર્મોનિયમવાદન, બંસરીવાદન અને વાયોલીનવાદન પર પુસ્તકો લખ્યાં છે. પોતે વાયોલીનવાદક છે. પેરિસ (ફ્રાન્સ), શિયાટલ (અમેરિકા), વેનિસ (ઈટાલી) અને લંડનમાં એમણે લોકગીતોમાં કૃષ્ણચરિત, રામચરિત અને સૌરાષ્ટ્રના રબારીઓના સરજૂગાન પર અંગ્રેજીમાં શોધપત્રો વાંચ્યા, તે, તે દેશોમાં ગુજરાતી ભાષા-સાહિત્ય, લોકસાહિત્ય અને શાસ્ત્રીય સંગીત પર વ્યાખ્યાનો આપ્યાં. એમને સ્કાયલાર્ક એવૉર્ડ, લંડન 1992, ફેલોશિપ ઑફ ગુજરાતી સાહિત્ય અકાદમી, લંડન, 1994 એનાયત થયાં છે.

ડૉ. ભગવાનદાસ પટેલ

(જ. 19-11-1943)



ડૉ. ભગવાનદાસ ગુજરાતના આદિવાસી સાહિત્યના ઉત્તમ સંશોધક સંપાદક છે. સાબરકાંઠાના લેખક ખેડબ્રહ્માની હાઈસ્કૂલમાં શિક્ષક છે. દોઢેક હજાર જેટલી કેસેટમાં આદિવાસીઓની કંઠસ્થ પરંપરાનું ધ્વનિમુદ્રણ કર્યું. 'લીલામોરિયા', 'અરવલ્લી પહાડની આસ્થા', 'અરવલ્લીની વહીવાતો' જેવાં સંપાદનો આપ્યાં. એમનું રાષ્ટ્રીય કક્ષાનું ઉત્તમ કાર્ય તો ભીલ મહાકાવ્ય રાઠોરવાર્તા, ગુજરાતનો અરેલો, ભીલી મહાભારતકથા અને રામાયણ છે. આ સંપાદન-સંશોધનથી સિદ્ધ થયું કે વીસમી સદીના અંત સુધી પણ આદિવાસીઓમાં કંઠપરંપરાના લોકમહાકાવ્યની પરંપરા જીવતી રહી છે. આ સંપાદનોનાં હિંદી ભાષાંતર થયાં અને રાષ્ટ્રીય કક્ષાએ એનું મહત્ત્વ સમજાયું. ઈ. 1984 અને 1987માં એમણે ભીલી કલાકારો સાથે યુરોપમાં આંતરરાષ્ટ્રીય મહોત્સવોમાં ભાગ લીધો હતો.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાતી સાહિત્ય પરિષદ વગેરે દ્વારા તેમનાં સંપાદન-સંશોધનને એવૉર્ડ અપાયા છે. તોળી રાણીની વારતા, ભીલલોકોત્સવ, ગોર પણ તેમનાં મહત્ત્વનાં યોગદાન છે. ભીલી કલાકારો સાથે આદિવાસી ક્ષેત્રોમાં ગીત, કથા અને નાટકના માધ્યમે વ્યસનમુક્તિના પ્રચારમાં પણ તેમનું નોંધપાત્ર પ્રદાન છે.

દુલા ભાયા કાગ

(જ. 25-12-1902 * અ. 22-2-1977)



લોકસાહિત્યના ઘૂઘવતા મહેરામણ સમા મહાન કવિ-કથાકાર અને લોકગાયક દુલા કાગ લોકસાહિત્યના ક્ષેત્રે એક યુગનું સર્જન કરી ગયા. પ્રજામાં એ 'કાગબાપુ' તરીકે લોકપ્રિય હતા. સૌરાષ્ટ્રના સોડવદર ગામમાં એમનો જન્મ. એમનું મૂળ વતન ભાવનગર પાસેનું મજાદર ગામ.

કવિ કાગના કંઠેથી વહેતી લોકસાહિત્યની ગંગાધારામાં નિમજ્જન કરવું એ એક લહાવો હતો. કંઠોપકંઠ જળવાઈ રહેલી લોકસાહિત્યની પરંપરા જે સરસ્વતીપુત્રોએ આજ સુધી સજીવન રાખી છે તેમાં 'કાગબાપુ' અગ્રણી છે.

પ્રતાપી માતા-પિતાને ત્યાં જન્મેલા કવિએ પાંચ ચોપડી સુધીનો જ અભ્યાસ કરી શાળા છોડી અને ગાયો ચરાવવા માંડી. એ વયથી જ એમનામાં ભક્તિના સંસ્કારો જોવા મળતા હતા. કહેવાય છે કે સંત મુક્તાનંદની કૃપાથી એમનામાં કવિતાની પ્રથમ સરવાણી ફૂટી અને એમાંથી અલૌકિક કવિતાનો દરિયો ઘૂઘવતો થયો. એમની વાણી 'કાગવાણી'ના આઠ ભાગમાં અક્ષરદેહ પામી છે.

સૌરાષ્ટ્ર-ગુજરાતના આજના લોક-સાહિત્યકારોમાંથી ઘણાનું ઘડતર 'કાગબાપુ'ના હાથે થયું છે. તેમની મોટી શિષ્યપરંપરા છે. મેઘાણીની જેમ 'કાગબાપુ'માં કંઠ, કહેણી અને કવિતા – ત્રણેયનો સુયોગ થયો હતો.

ભારત સરકારે એમના આજીવન કાર્ય – પ્રદાન બદલ એમનું પદ્મશ્રીના ખિતાબથી બહુમાન કર્યું હતું. આકાશવાણીએ એમની રચનાઓ ધ્વનિ-મુદ્રિત કરેલી છે.

પિંગળશી ગઢવી

(જ. 27-7-1914)



લોકસાહિત્યમાં વિપુલ પ્રદાન કરનાર કવિ પિંગળશી ગઢવીનો જન્મ જૂનાગઢ જિલ્લાના છત્રાવા ગામે થયો હતો. પિતા મેઘાણંદ લોકસાહિત્યના અદ્ભુત ગાયક હતા. મુંબઈ અને ગુજરાતની જનતાને પોતાના બુલંદ કંઠથી તેમણે વર્ષો સુધી પ્રભાવિત કરી હતી.

પિંગળશીભાઈએ અભ્યાસ તો પાંચ ગુજરાતીનો જ કર્યો છે, પણ અત્યાર સુધીમાં 9 કાવ્યસંગ્રહો, 4 લોકવાર્તા-સંગ્રહો, 2 નવલકથાઓ, 4 ગીત-નાટિકાઓ, ચારણી સાહિત્ય અને લોકસાહિત્યવિષયક દસેક જેટલા વિવેચનલેખોનું સર્જન કર્યું છે.

આ ઉપરાંત પિંગળશીભાઈએ ભારતનાં બધાં મોટાં શહેરોમાં અને 1978માં પૂર્વ આફ્રિકામાં પણ લોકસાહિત્યનો પ્રચાર અને પ્રસાર કર્યો છે. આકાશવાણી અને દૂરદર્શનના રાજકોટ કેન્દ્ર દ્વારા લોકસાહિત્ય અને ચારણી સાહિત્યના કાર્યક્રમો રજૂ કર્યા છે.

લોકસાહિત્યને ક્ષેત્રે આવું ગંજાવર કામ કરનાર પિંગળશીભાઈને અસંખ્ય નાનાંમોટાં પારિતોષિકો મળ્યાં છે. કેટલીયે સમિતિઓ-સંસ્થાઓના તેઓ સભ્ય, ઉપાધ્યક્ષ, અધ્યક્ષ રહી ચૂક્યા છે. જૂનાગઢ-જામનગરના લોકસાહિત્ય વિદ્યાલયના આચાર્યપદે રહી ચૂક્યા છે.

1969માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા ચારણી સાહિત્યના વિદ્વાન તરીકે, 1972માં આર્યકન્યા ગુરુકુળ, પોરબંદર દ્વારા સરસ્વતીના વરદ પુત્ર તરીકે, 1980માં સન્માન સમારોહ સમિતિ-મુંબઈ દ્વારા તેમને સન્માનવામાં આવ્યા હતા.

હેમુ ગઢવી

(જ. 8-9-1929 * અ. 1965)



કસુંબલ ડાયરાને દરબારગઢમાંથી પ્રજાની વચ્ચે લાવવાનું યશોદાયી કાર્ય કરનાર હેમુને એક જ વાર મળ્યા હોઈએ તોપણ એવી લાગણી થાય કે ભૂલોકમાં ભૂલો પડેલો આ કોઈ દિવ્ય ગાયક છે.

ઝવેરચંદ મેઘાણીએ વર્ષોની રઝળપાટ પછી સંગ્રહિત કરેલા લોકસાહિત્યને પોતાની અદ્ભુત ગાયકી દ્વારા ઘરઘર સુધી, લોકહૈયાં સુધી પહોંચાડવાનું જેમને શ્રેય છે તેમાં હેમુ ગઢવી અગ્રણી છે.

કુટુંબની સામાન્ય આર્થિક સ્થિતિને કારણે તેઓ ઝાઝું ભણી શકેલા નહીં. ગામડાંમાં ભજવાતી રામલીલા અને ભવાઈએ તેમના પર મોહિની જન્માવી. પરિણામે મામાની નાટક કંપનીમાં જોડાઈ ગયા. ચહેરાની નમણાશે તેમને સ્ત્રી-ભૂમિકાની અનુકૂળતા કરી આપી.

કોઈક સુખદ અકસ્માતે હેમુભાઈ આકાશવાણીના રાજકોટ કેન્દ્રમાં જોડાયા. તાનપુરા આર્ટિસ્ટ તરીકે જોડાયેલા હેમુભાઈનો કંઠ પણ આકાશવાણી પરથી રેલાવા લાગ્યો અને લોકો પર એ કંઠે અજબનું સંમોહન છાપી દીધું. પછી તો તેમની હલકદાર શૈલીમાં તેમણે લોકગીતો, દુહા, છંદ રજૂ કરીને લોકોને રસતરબોળ કરી મૂક્યા. મેઘાણી દ્વારા સંપાદિત રચનાઓને તેમના મૂળ ઢાળ શોધીશોધીને રજૂ કરવા માંડી. સૌરાષ્ટ્રના વિખ્યાત લોકમેળાઓમાં લોકસાહિત્યની અખંડ રસધારા દિવસ અને રાત વહેવડાવી હતી.

તેમનાં ગીતોની એક લોંગ પ્લે રેકર્ડ પણ ઊતરી છે. એક કાર્યક્રમના રેકોર્ડિંગ દરમ્યાન જ તેમનું અકાળે અવસાન થતાં એક તેજસ્વી તારકનો અંત આવ્યો.

રતિકુમાર વ્યાસ

(જ. 10-8-1921 * અ. 12-5-1990)

ગુજરાતના લોકગાયક રતિકુમારનો જન્મ ગોંડલમાં થયો હતો. પિતાનો વસવાટ અમદાવાદમાં. મુંબઈમાં સુપ્રસિદ્ધ સંગીતજ્ઞ નારાયણરાવ વ્યાસ પાસે તાલીમ લીધી. ત્રણ વર્ષ સુધી શાસ્ત્રીય સંગીતની તાલીમ લઈને ગોકળીબાઈ હાઈસ્કૂલમાં સંગીત-શિક્ષક તરીકેની કારકિર્દી શરૂ કરી.

1940માં ત્યાં જ ગોકુળદાસ રાયચૂરાનો



સુવર્ણમહોત્સવ ઊજવાયો ત્યારે તેમણે રતિકુમારને દુલા કાગનો પરિચય કરાવ્યો. તે પરિચય તેમના જીવનમાં તેમને માટે એક મોટી ઉપલબ્ધિ બની ગયો. દુલા કાગના સાંનિધ્યે રતિકુમારે લોકગાયક તરીકે ખૂબ પ્રગતિ કરી. 1941માં રેડિયો પરથી એમનો પ્રથમ કાર્યક્રમ રજૂ થયો.

દરમ્યાન રતિકુમારને નાટક-સિનેમામાં અભિનય કરવાની ઇચ્છા જાગી. 1941માં 'ગોપિકા' નાટકમાં તેમણે જોબન પગીની ભૂમિકા કરી. ત્યાર બાદ સરદાર ચંદુલાલ શાહે તેમને ફિલ્મમાં પ્રવેશ કરાવ્યો. 'વહ જમાના' નામની હિન્દી ફિલ્મ સહિત તેમણે 'જોગીદાસ ખુમાણ', 'મૂળુ માણેક', 'કાદુ મકરાણી', 'જેસલ તોરલ' જેવી અનેક ગુજરાતી ફિલ્મોમાં ગીતો ગાયાં અને ભૂમિકાઓ પણ ભજવી. ત્યાર પછી મુંબઈમાં પીપલ્સ થિયેટરમાં જોડાયા. જશવંત ઠાકર, દીનાબહેન ગાંધી અને પ્રતાપભાઈ ઓઝા, બલરાજ સાહની વગેરે સાથે નાટકોમાં કામ કર્યું અને ગાયું.

રવિશંકર રાવળ

(જ. 1-8-1892 * અ. 9-12-1977)

જ્યારે ચિત્રકાર માત્ર પાટિયાં ચીતરતો 'પેઇન્ટર' ગણાતો, કલા-અસ્મિતાનું કોઈને સ્વપ્નું ન હતું તે સમયે રવિશંકર રાવળે ગુજરાતમાં કલા-સંસ્કારનાં બીજ રોપી પ્રજાનાં રસ-રુચિ કેળવ્યાં.

ભાવનગરમાં એમનો જન્મ. અભ્યાસકાળથી જ ચિત્રકળાનો શોખ હતો, પરંતુ ચિત્રકામ અંગેની સાચી દિશા તો એમને ત્યારે જ પ્રાપ્ત થઈ જ્યારે તેઓ તે સમયના સુપ્રસિદ્ધ ચિત્રકાર રાજા રવિ વર્માને મળ્યા. 1907માં એમણે ભાવનગરમાં જ એક સ્વદેશી પ્રદર્શન જોયું. તેમાં એક કળા-ખંડ હતો. મુંબઈની કલાશાળાના વિદ્યાર્થીઓના તેમાં નમૂના મૂકેલા હતા. તે જોઈને તેઓ મુંબઈ જવા તલસી ઊઠ્યા. મૅટ્રિકની પરીક્ષા બાદ એ મુંબઈ ગયા. તેમના એક સ્નેહી ગજાનન પાઠક સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં અભ્યાસ કરતા હતા. તેમની સાથે મુંબઈની કલાશાળા જોવા ગયા અને જોઈને તેમાં જોડાવા આતુર થઈ ગયા. પિતાની નામરજી છતાં તેમને મનાવી 1910માં કલાશાળામાં જોડાયા. છ વર્ષ તનતોડ મહેનત કરીને 1916માં અંતિમવર્ષમાં તેઓ પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા, એટલું જ નહીં, પણ તેમને ગોલ્ડમેડલ મળ્યો.





મુનશીની પાત્રસૃષ્ટિ : મુંજાલ મહેતા

ગુજરાતી ભાષાના સૌપ્રથમ સચિત્ર માસિક 'વીસમી સદી'ના તંત્રી હાજી મહંમદે તેમને ખૂબ ટેકો કર્યો અને પ્રોત્સાહન આપ્યું. ધીમેધીમે રવિભાઈ સાહિત્યકારોના સંપર્કમાં આવ્યા. તેમની રુચિ ઘડાતી ગઈ. તેમણે અનેક સુંદર ચિત્રો, વ્યક્તિચિત્રો, પ્રસંગચિત્રો કરી ગજરાતની કલાસમૃદ્ધિમાં બહુમૂલ્ય ઉમેરો કર્યો તેમ જ સાંપ્રત સાંસ્કૃતિક ઘટનાઓમાં સહભાગી થઈ ઉલ્લેખનીય ફાળો આપ્યો. ચોક્કસ પ્રકારના પાત્રાલેખન કરવામાં રવિભાઈની પેન્સિલ અને પીંછી અપ્રતિમ હતી. ગુજરાતના સારસ્વતોનાં તેમણે કરેલાં રંગીન ચિત્રો તેમ જ અનેક વ્યક્તિ-વિશેષોનાં ત્વરિત પેન્સિલ-આલેખનો તેમની આ વિશેષતાની સાક્ષી આપે છે.

1919માં તેઓ અમદાવાદ આવીને સ્થિર થયા. તેમને એક સાહિત્ય-કલાનું માસિક કાઢવાની ખૂબ ઇચ્છા જાગી - જેની ફલશ્રુતિરૂપે 'કુમાર' માસિકનો જન્મ થયો. રવિભાઈએ સંખ્યાબંધ કલ્પનાચિત્રો, વ્યક્તિચિત્રો અને આલેખો કર્યાં છે. 1952માં એમણે રશિયાનો પ્રવાસ કર્યો હતો. 1956માં ભારત સરકારે એમને 'પદ્મશ્રી'નો ખિતાબ આપી સન્માન કર્યું હતું. રવિભાઈએ ચિત્રકાર તરીકે તો પ્રદાન કર્યું જ છે, પરંતુ તેમનું વધુ મૂલ્યવાન પ્રદાન 'કલાગુરુ' તરીકેનું છે. અમદાવાદમાં રવિભાઈએ પોતાના નિવાસસ્થાને જ 'ગુજરાત કલાસંઘ' શરૂ કરી અનેક વિદ્યાર્થીઓને કલાની દીક્ષા આપી ગુજરાતને ચરણે હોનહાર કલાકારો ધર્યા છે.

રવિભાઈનું એક બહુમૂલ્ય પ્રદાન 'કુમાર' માસિક છે. એક ચિત્રકાર સાહિત્ય અને કલાનું આવું સુંદર સામયિકની કલ્પના કરી, તેને મૂર્ત રૂપ આપે - તેને એક સંસ્કારી, પ્રગતિશીલ સામયિકનો દરજ્જો અપાવી શકે તેની ગુજરાતના સાહિત્ય અને કલાના ઇતિહાસમાં નોંધ લેવાવી જોઈએ. 'કુમાર' અનેક ચિત્રકારો માટે પ્રેરણાસ્રોત બન્યું - કલાકારોની અભિવ્યક્તિ માટે માધ્યમ બન્યું. તેમાં પ્રગટ થતાં ચરિત્રોથી અને સામાન્ય જ્ઞાનના લેખોથી યુવાપેઢીનું પથદર્શક બન્યું. આમ માત્ર કલાજગત પર જ નહીં પણ ગુજરાતની બેત્રણ પેઢીઓ પર રવિભાઈનું મોટું ઋણ છે.

1930માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો. 1965માં તેમની કદર કરીને ભારત સરકારે પદ્મશ્રીનું બિરુદ આપ્યું હતું તેમ જ 1970માં ભારતીય લલિતકલા અકાદમીએ 'ફેલો' બનાવીને તેમનું બહુમાન કર્યું હતું.



કનુ દેસાઈ

(જ. 12-3-1907 " અ. 8-12-1980)



ગુજરાતમાં 'કલા' શબ્દના પયાર્ય તરીકે 'કનુ દેસાઈ'નું નામ સહેજે પચીસ વર્ષ સુધી રહ્યું હતું. અમદાવાદમાં બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં જન્મેલા કનુભાઈએ કલાગુરુ રવિશંકર રાવળ પાસે ચિત્રકલાની તાલીમ લીધી હતી. વિદ્યાપીઠમાં તેમના શિક્ષક આચાર્ય કૃપાલાણીએ કનુભાઈની શક્તિ જોઈ તેમને શાંતિનિકેતનમાં અભ્યાસ કરવા મોકલ્યા. ત્યાંની બે વર્ષની તાલીમ એમનું જીવનભરનું ભાથું બની ગઈ. નંદબાબુ જેવા કલાગુરુ અને કવિવર ટાગોરની નિશ્રામાં એમની કલાદૃષ્ટિ પૂર્ણપણે વિકસિત થઈ.

ત્રણ વર્ષ બાદ તેઓ પાછા ફર્યા. તેમનો પ્રથમ ચિત્રસંપુટ 'સત્તર છાયાચિત્રો' પ્રગટ થયો. પછી તો એમનું કલ્પનાજગત સોળે કળાએ ખીલી ઊઠ્યું. એમની પીંછીમાંથી કલાકૃતિઓ પ્રગટવા લાગી. એમનાં લગભગ ત્રીસ જેટલાં આલ્બમો પ્રગટ થયાં. દરમ્યાન દિવાળી અંકોનાં મુખપૃષ્ઠો, દિવાળી કાર્ડો, કેલેન્ડર-ચિત્રો, અર્ધશિલ્પો વગેરે અનેક પ્રકારની કલાઅભિવ્યક્તિથી તેઓ ગુજરાતભરમાં છવાઈ ગયા. 1930માં દાંડીયાત્રામાં એમણે ભાગ લીધો હતો. એની સ્મૃતિરૂપે એક ચિત્રસંપુટ પણ પ્રગટ કર્યો હતો.

કનુ દેસાઈ હવે કલાવિશ્વમાં સુપ્રસિદ્ધ થઈ ગયા હતા. ગુજરાતમાં અને ગુજરાતના સીમાડા વટાવી તેમની કીર્તિ દૂર-સુદૂર ફેલાઈ રહી હતી. 1938માં એમને રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો. ત્યાં મુંબઈથી ર. વ. દેસાઈની કથા ઉપરથી બનતી ફિલ્મ 'પૂર્ણિમા'ના કલાનિર્દેશન માટે આમંત્રણ મળ્યું.

પછી તો 'રામરાજ્ય', 'ભરતમિલાપ' વગેરે ફિલ્મોમાં પણ એમણે કલાનિર્દેશન કર્યું. સુપ્રસિદ્ધ સ્વરકિન્નરી શુભલક્ષ્મીના 'મીરા' ચિત્રનું પણ કલાનિર્દેશન કનુભાઈને મળતાં તેઓ દક્ષિણ ભારત સુધી વિખ્યાત થઈ ગયા. દક્ષિણના 'કલ્કિ' જેવા પ્રસદ્ધિ સામયિકમાં કનુભાઈનાં ચિત્રો પ્રગટ થવા માંડ્યાં. 1953માં વી. શાંતારામે એમના પ્રથમ રંગીન ચિત્ર 'ઝનક ઝનક પાયલ બાજે'નું કલાનિર્દેશન કનુભાઈને સોંપ્યું, જે ખૂબ સફળ થયું. પછીનાં બધાં ચિત્રોમાં કનુભાઈ શાંતારામ સાથે રહ્યા હતા. 'ઝનક ઝનક પાયલ બાજે' તેમની એક ઉત્કૃષ્ટ ફિલ્મ હતી. પરિણામે કનુભાઈએ અમદાવાદ છોડી મુંબઈનો કાયમી વસવાટ કર્યો.

ગુજરાતનું અલગ રાજ્ય થયું તે પછી તરત ભાવનગરમાં કૉંગ્રેસનું અધિવેશન યોજાયું તેમાં કનુભાઈએ 'ગુજરાતદર્શન' કરાવ્યું હતું. 'વૈષ્ણવજન' કાવ્ય પર આધારિત એમણે ત્યાં રજૂ કરેલાં ચિત્રોએ દેશના અગ્રણી નેતાઓને પ્રભાવિત કર્યા હતા. 1964માં ન્યૂયૉર્કમાં રોરિક મ્યુઝિયમમાં એમનાં ચિત્રો પ્રદર્શિત થયાં હતાં. 1969માં ગાંધીજન્મશતાબ્દી સમયે ગાંધીજીની જીવનકથા વર્ણવતી સોળસોળ ડબાની બે આખી ટ્રેનો એમણે સુશોભિત કરી આપી હતી. કનુભાઈની સિદ્ધિ એમના કલાસર્જન ઉપરાંત બહુજનસમાજને એમણે કલાભિમુખ બનાવ્યો તે પણ ગણાવી જોઈએ.

કનુભાઈએ શુદ્ધ ભારતીય ભાવનાઓ અને ગુજરાતની અસ્મિતાના સ્પર્શ સાથેનાં પોતાનાં કલ્પનાપ્રચુર ચિત્રો દ્વારા ગુજરાતના સમાજજીવનને કલાના સંસ્કાર આપ્યા હતા. એ દાયકામાં એમનું એકાદ ચિત્ર કે આલ્બમ ઘરમાં હોવું એ સંસ્કારિતાનું દ્યોતક ગણાતું. 1965માં ગુજરાત રાજ્ય તરફથી તેમનું સન્માન થયું હતું. ગુજરાત બહાર ગુજરાતની કલાની દ્યુતિ પ્રસરી છે તેમાં કનુભાઈનો મહત્ત્વનો હિસ્સો છે. કનુ દેસાઈની કલાનો વ્યાપ 'રામરાજ્ય' જેવી ફિલ્મો વગેરેને પણ મળ્યો છે.

ગુજરાતની અસ્મિતાની કૂચમાં ગુજરાતની કલાનો ઝળહળતો ધ્વજ ફરકે છે અને રાજ્ય બહાર પણ તેની દ્યુતિ પ્રસરી ચૂકી છે, એ પ્રકાશ પાથરનારાઓમાં કનુ દેસાઈનું નામ સદા અગ્રગણ્ય રહેશે. કનુ દેસાઈએ ચિત્રકાર તરીકે પ્રાપ્ત કરેલી સિદ્ધિ ઉપરાંત તેમણે ગુજરાતી પ્રજાને કલાભિમુખ બનાવી તે માટે ગુજરાત એમનું ઋણી રહેશે. તેઓ માત્ર ગુજરાતમાં જ નહીં પણ સમગ્ર દેશમાં ખ્યાતનામ હતા.

કનુ દેસાઈએ ચિત્રકલામાં પોતાની મૌલિક શૈલી ઉપસાવી હતી, તેમાંની એક શૈલી છાયાચિત્રો છે. કાળા ધાબા જેવા આકારોમાંથી એમણે અનેક વિષયો લઈ સૌંદર્ય નિપજાવ્યું.





છગનલાલ જાદવ

(જ. 1903 * અ. 1987)



કડી પાસેના નાના ગામના હરિજન કુટુંબમાં તેમનો જન્મ. ગૂજરાત વિદ્યાપીઠની રાત્રિશાળામાં અભ્યાસ કરી ત્યાં ચિત્રશિક્ષક તરીકેની કામગીરી કરી જીવનની શરૂઆત કરી. 21 વર્ષની વયે પુત્ર અને પત્નીએ વિદાય લીધી. જીવનપર્યંત એકાકી રહ્યા, પરિણામે પોતાનું જીવન કલાને સમર્પિત કરી દીધું. પહેલાં કનુ દેસાઈ પાસે અને બાદમાં કલાગુરુ રવિશંકર રાવળ પાસે તેમણે ચિત્રકાર્યની દીક્ષા લીધી. પાછળથી ઇંદોર અને લખનૌ જઈ ત્યાં પણ શિક્ષણ લીધું. ત્યાં તેઓ સુપ્રસિદ્ધ કલાકારના બેન્દ્રેના પરિચયમાં આવ્યા. તેમની સાથે ઘણા લૅન્ડસ્કેપ કર્યા.

છગનભાઈએ 1944માં હિમાચલયાત્રા આરંભી. કાશ્મીર જઈ અદ્‌ભુત દૃશ્યચિત્રોનું સર્જન કર્યું. શરૂઆતનાં વર્ષોમાં વાસ્તવદર્શી ચિત્રો સર્જ્યાં, પાછળથી આધુનિક ચિત્રકળાના પ્રવાહે તેમને આકર્ષ્યા. પરિણામે તેમણે ચિત્રકળામાં અવનવા પ્રયોગો કર્યા. વયવૃદ્ધિ સાથે તેમની શૈલી અને વિચારધારા બંધાઈ ન જતાં ઊલટાની સમય સાથે તાલ મિલાવી શકી હતી. એ કારણે છગનભાઈ તેમના સમયની પારંપરિક શૈલીની ચિત્રશૈલી ધરાવતી યુવાન પેઢીના કલાકારોમાં સરખા જ પ્રિય બની રહ્યા હતા. આયુષ્યના અંત સુધી તેઓ પ્રત્યેક ચિત્ર-પ્રદર્શનની મુલાકાત લેતા. દીર્ઘ આયુષ્યકાળમાં લગભગ છેલ્લે સુધી કાર્યરત રહેલા છગનભાઈએ છ-છ દાયકા સુધી સંખ્યાબંધ સર્જનો કર્યાં હતાં.



કોઈક વિરલ પળે તેમને ઈશ્વરદર્શનની ઝંખના જાગી. 1947માં પૉંડિચેરી ગયા. શ્રી અરવિંદ અને માતાજીના તેઓ અનુયાયી બન્યા અને તેમાં પૂર્ણ શ્રદ્ધા ધરાવતા થયા ત્યાર બાદ થયેલાં ચિત્રસર્જનોમાં અધ્યાત્મભાવજગત નિરૂપાયું. જાણે તેમના ચિત્રોની ભાષા જ બદલાઈ ગઈ. ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના ઉપપ્રમુખ હતા તેમ જ અકાદમીએ તેમનું સન્માન પણ કર્યું હતું. એમણે લગભગ વીસ જેટલાં વૈયક્તિક ચિત્રપ્રદર્શનો યોજ્યાં હતાં.

સોમાલાલ શાહ

(જ. 14-2-1905 * અ. 12-11-1994)





ગુજરાતના ભાતીગળ લોકજીવનને મીઠાશભર્યા રંગોમાં આલેખી સંસ્કાર-જીવનને ભર્યુંભર્યું કરી દેનાર સોમાલાલ આખી વીસમી સદી જીવ્યા અને પોતાની કલાથી ગુજરાતના કલાજગતને સમૃદ્ધ કર્યું.

બાળપણથી જ ચિત્રકળાનો શોખ હતો. તે સમયે ગુજરાતમાં ચિત્રકળાની કોઈ આબોહવા ન હતી એટલે સચિત્ર સામયિકોના અવલોકનને સહારે તેમણે પોતાના કલામાર્ગની કેડી કંડારી.

રવિશંકર રાવળના માર્ગદર્શને મુંબઈની જે. જે. સ્કૂલ ઓફ આર્ટમાં તેમણે અભ્યાસ કર્યો અને ઉત્તીર્ણ થયા, બાદમાં કલકત્તા જઈ શાંતિનિકેતનમાં પણ અભ્યાસ કર્યો. બંગાળી ચિત્રશૈલી વૉશ પદ્ધતિની ઘેરી અસર નીચે તેમનું ચિત્રસર્જન આગળ વધ્યું. ત્યાર બાદ તેઓ ભાવનગરની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ચિત્રશિક્ષક તરીકે જોડાયા અને નિવૃત્ત થતાં સુધી તેમણે સેવાઓ આપી.

સોમાભાઈનું ચિત્રસર્જન આ વર્ષો દરમ્યાન ઉત્તરોત્તર વધતું ગયું. ગુજરાતની પ્રજામાં એક સુપ્રસિદ્ધ ચિત્રકાર તરીકે તેઓ પ્રતિષ્ઠિત થયા. તેમનાં ચિત્રોના વિષયોમાં મુખ્યત્વે ગુજરાતનું લોકજીવન રહ્યું. આ ઉપરાંત પૌરાણિક-ઐતિહાસિક વિષયો લઈને પણ તેમણે સંખ્યાબંધ ચિત્રો કર્યાં. તેમના સર્જકકર્મ માટે તેમને અનેક પુરસ્કારો પ્રાપ્ત થયા હતા. તેમાં 1949માં રણજિતરામ સુવર્ણચંદ્રક, 968માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર તેમ જ 1989-90માં ગુજરાત સરકાર તરફથી એક લાખનો પુરસ્કાર મુખ્ય હતા. 1988માં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

રસિકલાલ પરીખ

(જ. 16-5-1910 * અ. 23-6-1982)





ગુજરાતના એક અગ્રણી ચિત્રકાર અને ચિત્રશિક્ષક રસિકલાલ પરીખનો જન્મ ગામ વાલિયા, જિ. રાજપીપળામાં થયો હતો. બાળપણથી જ ચિત્રકળા પ્રત્યે ઊંડી રુચિ હતી. કોઈ યોગાનુયોગે તેમની અભિલાષા મુજબ રવિશંકર રાવળ પાસે ચિત્ર શીખવા જવાની તક ઊભી થઈ. 1926માં તેઓ રવિભાઈની 'ગુજરાત કલાસંઘ ચિત્રશાળા'માં જોડાયા. રવિભાઈ પાસે ચિત્રકળાનો અભ્યાસ શરૂ કર્યો.

રવિભાઈ પાસે નિષ્ઠાપૂર્વક તેમણે તાલીમ લીધી. ત્યાં ઉચ્ચ અભ્યાસ માટે એક તક ઊભી થઈ. તે સમયે મદ્રાસ-(ચેન્નઈ)ની સરકારી કલાશાળાના આચાર્ય દેવીપ્રસાદ રાયચૌધરી પાસે વધુ અભ્યાસ માટે રવિભાઈએ વ્યવસ્થા કરી આપી. રસિકભાઈ મદ્રાસ ગયા. પોતાની નિષ્ઠા અને સાધનાથી તેમણે દુરારાધ્ય એવા ગુરુને પ્રસન્ન કરી દીધા.

બાદમાં મુંબઈની સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટ્સમાં તેમને ડિપ્લોમા પેઇન્ટિંગ ક્લાસમાં સીધો પ્રવેશ મળી ગયો. મુંબઈમાં સુપ્રસિદ્ધ કલાકાર જગન્નાથ અહિવાસી પાસે તેમણે તાલીમ લીધી હતી. ત્યાં તેઓ ફર્સ્ટ ક્લાસમાં પાસ થયા. ત્યાં તેમની 'દેવદાસી' કૃતિને સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયો.

આ દરમ્યાન તેમની મહત્ત્વની કલાકૃતિઓનું સર્જન થયું. ત્યાર બાદ અમદાવાદ આવી સ્થિર થયા અને શેઠ સી. એન. કૉલેજ ઑફ ફાઇન આર્ટ્સના સ્થાપક આચાર્ય બન્યા. ફાઇન આર્ટ્સ કૉલેજની સ્થાપના પછી શિક્ષણપ્રવૃત્તિ સાથે તેઓ વધુ સંકળાયેલા રહ્યા. અલબત્ત, શિક્ષણકાર્યમાં વ્યસ્ત રહેવાને કારણે તેમના સર્જનમાં થોડી ઓટ આવી, પણ બીજી તરફ ગુજરાતને અનેક કલાકારો મળ્યા. રસિકભાઈએ પાઠ્યપુસ્તકો માટે સેંકડોની સંખ્યામાં ચિત્રો કર્યાં છે. સુઘડ-સુરેખ રેખા દ્વારા આલેખાયેલાં આ ચિત્રો અન્ય ચિત્રકારો માટે આદર્શરૂપ બન્યા છે.

બાલકૃષ્ણ પટેલ

(જ. 1925 * અ. 2003)



બાલકૃષ્ણ ગુજરાતના અગ્રણી અમૂર્ત ચિત્રકાર હતા. તેમની ચિત્રકલાની તાલીમ કલાગુરુ રવિશંકર રાવળ પાસે 'ગુજરાત ચિત્રકલા સંઘ'માં થઈ હતી. આ પછી સમવયસ્ક ચિત્રકાર શાંતિ દવે સાથે થોડો સમય અમદાવાદમાં એક જ સ્ટુડિયોમાં કામ કર્યું. 1950માં વડોદરાની ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સમાં નારાયણ શ્રીધર બેન્દ્રે પાસે તાલીમ લીધી. પોતે ફેકલ્ટીમાં વિધિસર નામ નોંધાવ્યું નહિ, તેથી ડિપ્લોમા કે ડિગ્રી લઈ શક્યા નહિ. ત્યાર બાદ તેઓ અમદાવાદ આવી સ્થિર થયા અને તેમણે અમદાવાદમાં અમૂર્ત કલાના ક્ષેત્રે પગરણ શરૂ કર્યાં. પીરાજી સાગરા અને જેરામ પટેલની સાથે આધુનિક કલાને અમદાવાદમાં ઉત્તેજન આપવામાં બાલકૃષ્ણ પટેલ પણ પાયાના કલાકાર રહ્યા છે.

બાલકૃષ્ણ પટેલે અમદાવાદમાં સાબરમતીના પટમાં રેતી વડે કામચલાઉ શિલ્પો પણ બનાવ્યાં છે. તેમણે અરવિંદ અને કેલિકો મિલ્સમાં કેટલાંક વરસ ટેક્સ્ટાઈલ ડિઝાઈનર તરીકે પણ સેવા આપી હતી. રાષ્ટ્રીય કક્ષાએ બાલકૃષ્ણ પટેલનું નામ 1950થી 1960 સુધીમાં ટોચની ગણતરીમાં મુકાયું અને 1957માં કેન્દ્રીય લલિતકલા અકાદમીના 1969 અને '78માં બે વાર મેરિટ ઍવૉર્ડ પ્રાપ્ત થયા.



બાલકૃષ્ણ પટેલે અન્ય કલાઓમાં પણ પોતાની શક્તિ પ્રયોજી છે. તેઓ જેવા સક્ષમ કલાકાર હતા તેવા જ અભિનેતા પણ હતા. કવિતા લખવા ઉપરાંત વર્ષોથી વિવિધ નાટકો અને સીરિયલમાં અભિનય આપ્યો છે. તેમાં લાભશંકર ઠાકરના ઍબ્સર્ડ નાટક 'મનસુખલાલ મજીઠિયા'નો અભિનય નોંધપાત્ર હતો. તેમનાં ચિત્રોનાં અનેક પ્રદર્શનો ભરાઈ ચૂક્યાં હતાં. પરંપરાગત ચિત્રસર્જનોમાંથી આધુનિક શૈલીમાં અભિવ્યક્ત થનાર તેઓ છગનલાલ જાદવ પછી બીજા કલાકાર હતા.

વાસુદેવ સ્માર્ત

(જ. 17-7-1925 * અ. 25-8-1999)



ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના આગ્રહી, આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાત ચિત્રકાર વાસુદેવભાઈનો જન્મ સુરતમાં.

સુરતમાં કલાપ્રવૃત્તિની સાથે દાયકાઓ સુધી વાસુદેવ સ્માર્તનું નામ જોડાયેલું રહ્યું હતું. સુરતમાં માત્ર ચિત્રકલા જ નહિ પણ કોઈ પણ સંસ્કાર-પ્રવૃત્તિની વાત આવે ત્યારે તેઓ સક્રિય હોય જ.

ઈ. સ. 1943માં મેટ્રિક થઈ મુંબઈની ખ્યાતનામ સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં દાખલ થયા. ભારતીય કલાપરંપરાના સ્વામી શ્રી જગન્નાથ અહિવાસીની નિશ્રામાં કલાસાધના કરવાનો લાભ મળ્યો. ત્યાં ડિપ્લોમા મેળવી તે જ સંસ્થામાં ફેલો નિમાયા. બે વર્ષ કલ્ચરલ સ્કૉલરશિપ મેળવીને બનારસ હિંદુ યુનિવર્સિટીના મહિલા મહાવિદ્યાલયમાં જોડાયા અને ઈ. સ. 1885માં નિવૃત્ત થયા. ઈ. સ. 1993થી '95 ભારત સરકારના માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય - દિલ્હી તરફથી સિનિયર ફેલો તરીકે તેમની નિમણૂક થઈ.

આ તો થઈ વાસુદેવભાઈની કારકિર્દીની વાત, પરંતુ ભારતીય પરંપરાના એક અનોખા ચિત્રકાર તરીકે તેમની સિદ્ધિ એ તેમની સાચી ઓળખ છે. શ્રી અહિવાસીના માર્ગદર્શન નીચે તેમણે સિત્તવાસલ, કુસુમસરોવર, દક્ષિણ ગુજરાતનાં જૈન મંદિરો તથા રાજસ્થાનનાં ભીંતચિત્રોનો ફક્ત અભ્યાસ જ નહીં પણ અનુકૃતિઓ કરીને તેની જાળવણી કરવામાં મહત્ત્વનું કામ કર્યું છે. તેમણે રાજસ્થાન, દક્ષિણ ભારત અને ગુજરાતમાં ફરીફરીને ત્યાંની કલા-સંસ્કૃતિને ગ્રંથસ્થ કરી છે. આ ઉપરાંત 'રસિકપ્રિયા' નામે ચિત્રસંપુટ પણ પ્રગટ કર્યો છે.



'રૂપસંહિતા' નામે એક કલાગ્રંથ આપવા માટે કલાજગત તેમનું સદૈવ ઋણી રહેશે. આ ગ્રંથની આવૃત્તિઓ થઈ ચૂકી છે. ઈ. સ. 1975માં એમની સમગ્ર સર્જનનું એક કલાપ્રદર્શન યોજાયું હતું. તેમની કલાસાધનાની કદર-રૂપે એમને અનેક ઍવૉર્ડ-પારિતોષિકો પ્રાપ્ત થયાં હતાં. 'સંસ્કૃત સેવા સમિતિ' દ્વારા પ્રગટ થયેલા પાંચ ભાષામાં અનૂદિત 'મેઘદૂતમ્' માટે વાસુદેવભાઈએ પરંપરાગત શૈલીમાં કરેલાં રેખાચિત્રો ખૂબ સુંદર છે.

ખોડીદાસ પરમાર

(જ. 31-7-1930 * અ. 31-3-2004)



ગુજરાતમાં કલાનાં પગરણ ભીંતચિત્રો દ્વારા મંડાયાં. નામી-અનામી ચિત્રકારોએ મહાલયો, મંદિરો, હવેલીઓ તેમ જ સામાન્ય ઘરોની ભીંતો ઉપર પોતાની કળા અજમાવી. કળામાં વાસ્તવદર્શી અને આધુનિક ચિત્રકળાશૈલીના મુખ્ય બે ફાંટા ગણીએ તો ત્રીજો મહત્ત્વનો ફાંટો છે લોકશૈલી. અદના માનવીના અંતરમાંથી તેની કોઠાસૂઝથી જે સહજ કળા પ્રગટે તેવી શૈલીના સિદ્ધહસ્ત કલાકાર છે ખોડીદાસ પરમાર.



ભાવનગરમાં તેમનો જન્મ. એમ.એ. થઈ ભાવનગર કૉલેજમાંથી ગુજરાતી અને સંસ્કૃતના વિષયો સાથે ગુજરાતી વિષયના વ્યાખ્યાતા થયા. લોકસાહિત્યમાં રસ પડવાથી તેનો ઊંડો અભ્યાસ કર્યો અને તેમાં જ પીએચ.ડી. પણ થયા. પ્રસિદ્ધ કલાકાર સોમાલાલ શાહને ગુરુ કરીને 1948થી 1951 સુધી તાલીમ લીધી. ચિત્રકળામાં સામાન્ય રાહ પકડવા કરતાં એમણે જુદો જ ચીલો પાડ્યો. લોકશૈલી પર ચિત્રો કરવાનો રસ્તો તેમણે પસંદ કર્યો. પોતાની પૂર્ણ નિષ્ઠા અને કૌશલથી લોકશૈલીની ચિત્રકળા પર હાથ અજમાવી તેમણે ખૂબ પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી.

આ ઉપરાંત તેમનાં ગુજરાતના લોકસાહિત્ય અને લોકકળાના વિષય પર પંદરેક પ્રકાશનો પણ પ્રગટ થયાં છે. દેશભરનાં એકાદ ડઝન જેટલાં મ્યુઝિયમ અને આર્ટ ગૅલેરીમાં તેમનાં ચિત્રો સંગ્રહાયેલાં છે. જૂનાં મૂલ્યવાન ચિત્રોની જાળવણી કરવાનો કસબ તેમને સિદ્ધહસ્ત છે. આ દિશામાં પણ તેમણે ઘણું કામ કર્યું છે.

નાનાંમોટાં થઈને તેમને વીસેક જેટલાં પારિતોષિકો મળ્યાં છે. એમાં 1957માં લલિતકલા અકાદમી દિલ્હીનો, એકેડમી ઑફ ફાઇન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાયટી - દિલ્હીનાં આઠ પારિતોષિકો, બૉમ્બે આર્ટ સોસાયટીનો ઍવૉર્ડ તથા ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીનું પારિતોષિકો મુખ્ય છે.

તેમના વન-મૅન શો પણ યોજાયા છે. તેમનાં ચિત્રો નેશનલ ગૅલેરી તથા મૉડર્ન આર્ટ ગૅલેરી-દિલ્હી, અમૃતસર અને ઉજ્જૈનની આર્ટ ગૅલેરી તેમ જ ગુજરાત લલિતકલા અકાદમીમાં સંગ્રહાયેલાં છે. લોકશૈલીમાં ચિત્રકાર્ય કરનારા ઓછા ચિત્રકારો છે. તેમાં ખોડીદાસ પરમાર અગ્રણી છે.

જેરામ પટેલ

(જ. 1930)



જેરામ પટેલનો જન્મ સોજિત્રામાં થયો હતો. વીસમી સદીના ઉત્તરાર્ધના ગુજરાતના મહત્ત્વના કલાકાર તરીકે તેમણે રાષ્ટ્રીય ઉપરાંત આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ નોંધપાત્ર કામગીરી બજાવી છે. મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં કૉમર્શિયલ આર્ટનો અભ્યાસ કર્યો તથા તે પછી 1957માં લંડનની સેન્ટ્રલ સ્કૂલ ઑફ આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સમાં ટાઇપોગ્રાફી ઍન્ડ પબ્લિસિટી ડિઝાઇનિંગનો અભ્યાસ કર્યો. માત્ર લલિત કલાકાર-ચિત્રકાર તરીકે જ નહિ, પણ ગ્રાફિક ડિઝાઇનર તરીકે પણ તેમણે મોટું ગજું દાખવ્યું છે.

તેમણે વડોદરાની ફૅકલ્ટી ઑફ ફાઇન આર્ટ્સ, અમદાવાદની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન તેમ જ અમદાવાદની સ્કૂલ ઑફ આર્કિટેક્ચરમાં વર્ષો સુધી શિક્ષણકાર્ય કરેલું. ભારતની કેન્દ્રીય લલિતકલા એકૅડેમીમાં વર્ષો સુધી તેઓ સભ્ય રહ્યા છે. તેઓ ગુજરાત લલિતકલા અકાદમીના અધ્યક્ષ પણ હતા. આ ઉપરાંત વિવિધ જાહેર અને ખાનગી લિમિટેડ કંપનીઓમાં પણ ડિઝાઇન-સલાહકાર તરીકે સેવાઓ આપી છે. તેમણે ભારતીય લઘુચિત્રશૈલીથી શરૂઆત કરી, પરંતુ તુરત તેઓ અર્ધઅમૂર્ત સ્વરૂપો પ્રત્યે આકર્ષાયા.



1963માં વડોદરાના કલાકારોએ રચેલા જૂથનું નામ હતું - 'ગ્રૂપ 1890'. તેમાં જેરામ પણ મહત્ત્વના કલાકાર હતા. આ સમયે હિંમત શાહની સાથે જેરામભાઈએ માધ્યમ સાથે તોડફોડ કરીને નવી ચિત્રભાષા સર્જવાની મથામણ કરી. પિકાસો અને પૉલ ક્લેના સંસ્કાર ઝીલી, તરડાયેલા ચહેરાનું નિરૂપણ કરી તેમણે આદિમતાનાં પાતાળો ડહોળ્યાં છે. તેમના આ પ્રકારના સર્જનનો પ્રભાવ એક તબક્કે દેશમાં ખાસ્સો ઝિલાયો.

બ્લો ટૉર્ચ વડે લાકડું બાળી, ખીલા ઠોકી, ઈનેમલ અને તૈલરંગના વિનિયોગ દ્વારા સર્જાતી કૃતિઓમાં વિદ્રોહની લાગણીને વાચા આપી છે. માધ્યમ સાથે તોડફોડ કર્યા પછી એક જ રંગને પાથરી જરૂર જેટલો આકાર આપી સંવેદન પ્રગટાવવા તેઓ મથ્યા છે.

પિરાજી સાગરા

(જ. 1931)

ગુજરાતના ચિત્રજગતમાં પિરાજીનું આગવું સ્થાન છે. નિજી શૈલીનાં મબલક ચિત્રસર્જનો એમણે કર્યાં છે. વિવિધ માધ્યમો પર એમણે હાથ અજમાવ્યો છે. શરૂઆતમાં વાસ્તવદર્શી ચિત્રો કરતાં પાછળથી સંવેદનાની - અનુભૂતિની - પરિપક્વતાએ એમની પરિપાટી બદલાતી રહી.



સુઘડ અને સફાઈદાર રેખાચિત્રો તેમ જ પેઇન્ટિંગથી માંડીને કાચી રેતી તેમ જ પદાર્થોનો તેમણે પેઇન્ટિંગમાં ઉપયોગ કર્યો છે. પિરાજીનો જન્મ અમદાવાદમાં થયો છે. ચિત્રકળામાં પ્રાથમિક અવસ્થાએ કોઈ પદ્ધતિસરની તાલીમ લીધા વિના જ તેમણે પોતાનો હાથ અજમાવ્યો અને નોંધપાત્ર સિદ્ધિ મેળવી. 1957માં ડ્રૉઇંગ માસ્ટર અને 1960માં આર્ટ માસ્ટર થયા. 1963થી તેઓ અમદાવાદની ખ્યાતનામ સ્કૂલ ઑફ આર્કિટેક્ચરમાં જોડાયા. ત્યારથી એ જ સંસ્થાઓમાં તેઓ સંખ્યાબંધ વિદ્યાર્થીઓને તાલીમ આપે છે.



1960માં સ્થપાયેલા 'પ્રોગ્રેસીવ પેઇન્ટર્સ ગ્રૂપ'ના તેઓ સ્થાપક સભ્ય છે. 1964થી અમદાવાદના સંસ્કાર-કેન્દ્રમાં તેમના સંખ્યાબંધ વન-મૅન શો યોજાયા છે. આ ઉપરાંત મુંબઈ 'શેમોલ્ડ આર્ટ ગૅલેરી'માં તેમ જ દિલ્હી અને હૈદરાબાદમાં પણ તેમનાં ચિત્રપ્રદર્શનો થયાં છે. પરદેશમાં ટોકિયો - જાપાનમાં, મોન્ટ્રિયલ - જર્મનીમાં, સાઉપાઉલો - બ્રાઝિલમાં તેમ જ 'આર્ટ નાઉ ઇન ઇન્ડિયા' પ્રદર્શન તો યુરોપભરમાં ફરી ચૂક્યું છે. અમદાવાદની CEPT સંસ્થા તરફથી તેમના 25 વર્ષમાં કરેલા ચિત્રોનું એક 'રીટ્રોસ્પેક્ટીવ' નામે પ્રદર્શન સંસ્કાર-કેન્દ્ર ખાતે યોજવામાં આવ્યું હતું.

પિરાજીને સંખ્યાબંધ પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. એમાં કલકત્તાની ફાઇન આર્ટ્સ અકાદમીના સુવર્ણચંદ્રકો, ગુજરાત રાજ્ય લલિતકલાનું પ્રથમ પારિતોષિક, લલિતકલા એકૅડેમીનો નેશનલ એવૉર્ડ મુખ્ય છે. પિરાજી સાગરાનાં ચિત્રો દેશભરમાં અનેક સ્થળોએ તેમ જ પરદેશમાં પણ પહોંચ્યાં છે. સાગરા સતત કાર્યરત હોય છે. જ્યારે પણ એમને મળવાનું થાય ત્યારે નવાં પેઇન્ટિંગ્સનો ઉમેરો થયેલો જ હોય ! તેમના નાના ભાઈ ઈશ્વર સાગરા પણ સિદ્ધહસ્ત ચિત્રકાર છે.

realpatidar.com

કનૈયાલાલ યાદવ

(જ. 10-4-1932 * અ. 21-6-1992)






હોલૅન્ડના અલગારી કલાકાર વાન ગોગ જાણે ભારતના રતલામમાં જન્મ ધરી અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવવા ઊતરી આવ્યો હોય એવો અણીશુદ્ધ કલાકાર કનૈયાલાલ યાદવના પિતા મૂળ આગ્રાના પણ માતા પાટણનાં - ગુજરાતનાં. પિતા નિવૃત્ત થયા અમદાવાદમાં અને કનૈયાલાલનો ઉછેર અમદાવાદમાં જ થયો. મૅટ્રિક થતાં સુધી તો ફિલ્મલાઈનમાં જવાનાં સપનાં સેવેલાં. મૅટ્રિક પછીય ઘણી રઝળપાટ કરી - હાથમાં ચિત્રકલાની એવી ઊંડી રેખા જન્મથી જ પડેલી કે હરીફરીને થયા ચિત્રશિક્ષક.

સી. એન. કલાવિદ્યાલયના રસિકલાલ પરીખના સંસર્ગમાં આવતાં ચિત્રકામની લગની લાગી ગઈ. સ્કેચિંગ, લૅન્ડસ્કેપ, પૉર્ટ્રેટ થતા ગયા. છેલ્લી પરીક્ષા આપવા તે સમયે મુંબઈ જવું પડતું અને તેમાં પાસ થવું કઠિન ગણાતું. તેવા સંજોગોમાં સમગ્ર ગુજરાત-મહારાષ્ટ્રમાં પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યા ! આવી ઝળહળતી સફળતાની બીજી બાજુ ઘરઆંગણે ભારે દારિદ્ય હતું. નૂતન મિલની પાછળ ઝૂંપડીમાં રહેતા. ત્યાં જ તેમનું અદ્ભુત કહેવાય તેવું સર્જન થયું - આજુબાજુ નાગાંપૂગાં છોકરાંઓ કલબલાટ કરતાં હોય તેવા ગંદા માહોલ વચ્ચે ! ચિત્ર કરતી વેળાએ તે જાણે મનની ભીતર ઊતરી જતા ! પ્રેમાળ પત્ની રામદુલારી અને મોટી દીકરીના અકાળે અવસાન થતાં તેઓ મગજનું સંતુલન ગુમાવી બેઠેલા તે હૉસ્પિટલમાં ખાસ ઇલાજ કરવા દાખલ કરવા પડેલા. સહૃદય મિત્રોએ લાગણીથી તેમની ગાડી પાટે ચડાવી, સી. એન. ફાઇન આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક બનાવ્યા.

ચિત્રનો વિષય ગમે તે હોય - તાજમહાલ કે ઝૂંપડપટ્ટી - મોર કે કબૂતરો, કોઈક મૉડેલનું અગર પ્રમુખસ્વામીનું પૉર્ટ્રેટ, આદિવાસી કન્યા કે ઘેટાંબકરાં ચરાવતો ભરવાડ - એમની પીંછી તેમાં કોઈ અવનવા સૌંદર્યનું પાન કરાવતી. સ્વામિનારાયણ મંદિર માટે ઘણાં ચિત્રો કર્યાં - તેમના સાધુઓને શીખવ્યું. છેલ્લેછેલ્લે ધાર્મિક ચિત્રો તરફ વળ્યા હતા. થાગડ-થીગડ કોટ - મેલાં ઘેલાં કપડાં, વધેલી દાઢીની અંદર એક સાફસૂથરો - સુઘડ અને સૌંદર્યદષ્ટિથી સભર કલાકાર વસતો હતો, જેણે પોતાના છેલ્લા શ્વાસ સુધી - હળાહળ પીને જગતને અમૃત-સિંચન કર્યું. ભગવાન વિષ્ણુ-લક્ષ્મીનું પેઇન્ટિંગ કરતાંકરતાં અચાનક એમનો શ્વાસ થંભી ગયો.

હકુ શાહ

(જ. 1934)



ગુજરાતના અગ્રણી અને આધુનિક ચિત્રકાર તથા ગુજરાતના આદિવાસી લોક-જનજીવન અને તેમની કલાના ઉપાસક-સંશોધક હકુ શાહે વડોદરા ખાતેની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડાની ફૅકલ્ટી ઑફ ફાઇન આર્ટ્સમાં વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવ્યો અને 1957માં ચિત્રકલાના સ્નાતકની તથા 1962માં અનુસ્નાતકની પદવીઓ મેળવી. દરમિયાન અહીં માર્કંડ ભટ્ટ, વી. આર. આમ્બેડકર, શંખો ચૌધરી અને નારાયણ શ્રીધર બેન્દ્રે હેઠળ તેમણે કલાનો સઘન અભ્યાસ કર્યો. આ પછી એક વરસ માટે તેમણે વેડછીની ઉત્તર બુનિયાદી તાલીમની કૉલેજમાં શિક્ષક તરીકે અધ્યાપન કર્યું. ત્યારબાદ 1964થી 1968 સુધી તેમણે અમદાવાદની નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈનમાં કલાનું અધ્યાપન કર્યું અને મદદનીશ સંશોધકની કામગીરી બજાવી. 1968થી 2001 સુધી તેમણે ગુજરાત વિદ્યાપીઠ ખાતેના આદિવાસી સંગ્રહાલયના ક્યુરેટર તરીકેની કામગીરી બજાવી. આ બધાં જ વરસો દરમિયાન ભારતીય આદિવાસીઓ અને તેમાં પણ ખાસ તો દક્ષિણ ગુજરાતના આદિવાસીઓની જીવનશૈલી અને કલા અંગે ઊંડું સંશોધન આદર્યું અને પરિણામે દેશવિદેશમાં પ્રસિદ્ધિ મેળવી.



1989માં ભારત સરકારે 'પદ્મશ્રી' ખિતાબ વડે હકુભાઈને નવાજ્યા. 1991માં કેલિફૉર્નિયા યુનિવર્સિટીમાં રીજેન્ટ પ્રોફેસર તરીકે તેઓ નિયુક્તિ પામ્યા. 1952થી 1962 સુધી અલગઅલગ સમયાંતરે ભારત સરકારના વીવર્સ સર્વિસ સેન્ટરમાં મુંબઈ અને કોલકાતા કેન્દ્રોમાં ડિઝાઇનર તરીકે તેમણે સેવાઓ આપેલી. 1998માં ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ ગૌરવ પુરસ્કાર વડે તેમનું સન્માન કર્યું હતું. વળી અમદાવાદની સ્કૂલ ઑફ આર્કિટેક્ચર અને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન તથા અમેરિકામાં ન્યૂયૉર્ક નગરની રોડ (Rhode) આયલૅન્ડ સ્કૂલ ઑફ ડિઝાઇન ખાતે પણ મુલાકાતી પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી છે.

તેમણે આદિવાસી જીવન ઉપર બે દસ્તાવેજી ફિલ્મો પણ ઉતારી છે. તેમણે અમેરિકા ઉપરાંત મેક્સિકો, જાપાન, હોલૅન્ડ, સ્વિટ્ઝર્લૅન્ડ, બ્રિટન અને ઑસ્ટ્રેલિયામાં વ્યાખ્યાનો આપ્યાં છે. તાજેતરમાં હકુભાઈ વિશે 'ઇન્વિઝિબલ ઑર્ડર : એ ટ્રિબ્યૂટ ટુ હકુ શાહ' નામનું એક પુસ્તક લખાયું છે. તેમાં તેમના બહુમુખી વ્યક્તિત્વ ઉપર પુપુલ જયકર, મુલ્કરાજ આનંદ, સ્ટેલા ક્રેમ્રીશ, ચાર્લ્સ કોરિયા, બાલકૃષ્ણ દોશી, શંખો ચૌધરી, કે. જી. સુબ્રમણ્યન, ઇ. અલ્કાઝી, જ્યોતિ ભટ્ટ, રતન પારિમુ અને કપિલા વાત્સ્યાયને સારો પ્રકાશ પાડ્યો છે.

જ્યોતિ માનભાઈ ભટ્ટ

(જ. 1934)



ચિત્રકાર, ફોટોગ્રાફર, મુદ્રણક્ષમ કલાના નિષ્ણાત તથા કલાશિક્ષક જ્યોતિ ભટ્ટ ભાવનગરના સંનિષ્ઠ કાર્યકર માનભાઈના પુત્ર. શાળાકીય અભ્યાસ દરમ્યાન તેમણે સોમાલાલ શાહ, જગુભાઈ શાહ પાસે ચિત્રકળાની તાલીમ લીધી. દરમિયાન રવિશંકર રાવળના તથા નારાયણ શ્રીધર બેન્દ્રેના પરિચયમાં આવ્યા.

1950માં વડોદરાની યુનિવર્સિટીમાં ફેકલ્ટી ઓફ ફાઇન આર્ટ્સમાં જોડાયા. પોસ્ટ-ડિપ્લોમા પછી પ્રા. માર્કન્ડ ભટ્ટ, પ્રા. બેન્દ્રે, પ્રા. કે. જી. સુબ્રમણ્યન તથા પ્રા. શંખો ચૌધરી નીચે તાલીમ મેળવી.



નવી સ્થપાયેલી રાષ્ટ્રીય લલિતકલા અકાદમીનો પ્રથમ 'ગોલ્ડપ્લેક' જ્યોતિભાઈને મળ્યો. 'બૉમ્બે આર્ટ સોસાયટી'ના તેમ જ ઉજ્જૈનના 'કાલિદાસકલા પ્રદર્શન'નાં સન્માનો તેમને મળ્યાં છે. 1963માં રાષ્ટ્રીય પુરસ્કાર (L.K.A.) તથા મુંબઈ આર્ટ સોસાયટીનો રૌપ્ય પદક મળ્યો હતો. 1959થી 1992 સુધી 33 વર્ષ તેમને માતૃસંસ્થામાં શિક્ષણકાર્ય કરી અનેક કલાકારોના ઘડતરમાં ફાળો આપ્યો.

1964-66માં તેમને ફુલબ્રાઈટ તથા જે. ડી. આર. સ્કૉલરશિપો મળી અને ન્યૂયૉર્કની 'પ્રાટ ઇન્સ્ટિટ્યૂટ'માં કામ કરી ઇન્ટાલ્યોના વિવિધ પ્રકારોમાં નૈપુણ્ય મેળવ્યું. 1970માં 'ઇન્ટરનેશનલ પ્રિન્ટ બાયેનિયલ' ફ્લોરેન્સનો ગોલ્ડ મેડલ તેમને મળ્યો. લોકકલા અને આદિવાસી કલામાંનો જ્યોતિભાઈનો જીવંત રસ તેમને 1967 પછી તે કલાઓના નિયમિત ફોટોગ્રાફિક દસ્તાવેજીકરણ તરફ દોરી ગયો.

ફોટોકીના(જર્મની)ની World Photo Contestમાં ટોચનો (દસ-સમાંતરમાંથી) પુરસ્કાર તથા 1989માં UNESCO Photo Contest (Japan) for Asia & Pacific Grand Prize મળ્યું હતું.

ભૂપેન ખખ્ખર

(જ. 10-3-1934 * અ. 1-8-2003)



પોતાની એક નવતર ચિત્રશૈલી ઊભી કરીને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામનાર ચિત્રકાર ભૂપેન ખખ્ખરનો જન્મ મુંબઈમાં થયો હતો. ઇકોનૉમિક્સ અને કોમર્સમાં ગ્રેજ્યુએટ થઈને તેઓ મુંબઈના એક ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેઢીમાં જોડાયા હતા. તે સાથે તેઓ સાંજે ચિત્રના વર્ગો ભરતા હતા.

1961માં તેઓ નોકરી છોડી દઈને વડોદરા ખાતે ફેકલ્ટી ઑફ ફાઇન આર્ટ્સમાં જોડાયા. તેઓ એમ.એ. થયા પણ પોતાનું સમગ્ર ધ્યાન પેઇન્ટિંગ પર કેન્દ્રિત કર્યું અને 1965માં પોતાનાં ચિત્રોનું એક પ્રદર્શન યોજીને કારકિર્દીનો આરંભ કર્યો. ચાર્ટર્ડ એકાઉન્ટસની કારકિર્દી છોડીને ચિત્રકલા તેમ જ સાહિત્યમાં તેમણે આગવી કેડી કંડારી હતી. પોતાની આગવી શૈલીના ચિત્રસર્જન ઉપરાંત તેમણે વાર્તાઓ પણ લખી હતી જેનો સંગ્રહ 'મગનલાલનો ગુંદર' નામે પ્રગટ થયો. 'મોજીલા મણિલાલ' નામના તેમના નાટકે મુંબઈના તખ્તા પર ધૂમ મચાવી હતી.



1966માં ઇંગ્લેન્ડમાં દર્શાવાયેલ જ્યોર્જ બુચર્સ સિલેક્સન ઓફ ઇન્ડિયન આર્ટમાં તેમની કૃતિઓ રજૂ થઈ હતી. 1968માં ભારતના પ્રથમ 'ત્રિનાલે'માં તેમની કૃતિઓ દર્શાવાઈ હતી. 1976માં તેમણે રશિયા, યુગોસ્લાવિયા અને ઇંગ્લેન્ડનો પ્રવાસ કર્યો હતો. લંડન ખાતે એક ખૂબ જ સફળ પ્રદર્શન ભર્યું હતું.

આ રીતે ઉત્તરોત્તર તેમની કળાયાત્રા એક પછી એક શિખરો સર કરતી ગઈ. 1968માં અમેરિકાની મુલાકાત વખતે એશિયન કલ્ચરલ કાઉન્સિલ દ્વારા તેમને 'સ્ટાર ફેલોશિપ' આપવામાં આવી હતી. ટોકિયો ખાતે તેમણે 'વન-મેન એક્ઝિબિશન' યોજ્યું હતું.

તેમનાં સર્જનાત્મક ચિત્રોની પરદેશમાં ઘણી માગ રહેતી. દેશમાં અને પરદેશમાં તેમનાં ચિત્રપ્રદર્શનો ભરાતાં અને ભૂપેનભાઈએ એક નવલકથા પણ લખી છે જે હવે પછી પ્રગટ થશે. તેમની વાર્તાઓનો અંગ્રેજી અનુવાદ પણ થયો છે. તેમનાં ચિત્રો લાખો રૂપિયામાં ખરીદાય છે. 1984માં ભારત સરકારે તેમને પદ્મશ્રીનો ખિતાબ આપ્યો હતો.

ભાનુ શાહ

(જ. 6-1-1935)



સદાય ઉત્સાહથી તરવરતા, ગુજરાતના અવિરત કાર્યરત ચિત્રકાર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના 'પતંગ મ્યુઝિયમ'ના ભૂતપૂર્વ ડિરેક્ટર ભાનુ શાહનો જન્મ અમદાવાદમાં. પિતા ચંદુલાલ અને માતા લલિતાબહેન.

શાળાકીય શિક્ષણ અમદાવાદમાં. ચિત્રકળાના ઉચ્ચ અભ્યાસ માટે વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીમાંથી ઈ. સ. 1956માં ફાઈન આર્ટ્સમાં બી.એ. કર્યું. ઈ. સ. 1960માં મ્યુઝિયોલોજીમાં પોસ્ટગ્રેજ્યુએટ ડિપ્લોમા મેળવ્યો.

ભાનુ શાહ અવિરત ચિત્રકાર્ય કરતા કલાકાર છે. તેમણે આજ સુધી ભારત અને પરદેશમાં 24 વૈયક્તિક પ્રદર્શનો યોજ્યાં. તેમને 13 જેટલાં ઇનામો પ્રાપ્ત થયાં છે, જેમાં 1968નો લલિતકલા અકાદમી, નવી દિલ્હીનો નેશનલ એવૉર્ડ મુખ્ય છે તથા ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી, બોમ્બે આર્ટ સોસાયટી તેમ જ અન્ય ઇનામો મળ્યાં છે. તેમનાં કાર્યો બદલ તેમને વિવિધ સંસ્થાઓ દ્વારા સન્માન અને સ્મૃતિચિહ્નો ભેટરૂપે મળ્યાં છે.



1968ના ગાળામાં તેમણે તેલ-રંગોમાં કોલાજ ચિત્રો સર્જ્યાં, એ જ વર્ષે તેમને નેશનલ એવૉર્ડ મળ્યો. 1973ના ગાળા દરમિયાન લાકડામાં રીલીફ કાર્ય કરી રંગોના વિનિયોગથી ચિત્રો કર્યાં. તે પછીના તબક્કામાં કેનવાસ ઉપર સર્જનાત્મક કૃતિઓની શ્રેણી સર્જી.

તેમની પ્રતિભાનું એક અન્ય ધ્યાનપાત્ર પાસું છે તેમનાં પ્રકાશનો. 1968માં 'કાળો કાળો વરસાદ', '73માં કાવ્યસંગ્રહ 'બુધવારની રાત' '77માં કાવ્યસંગ્રહ 'તડતડીયા', '77માં 'ગુજરાતના ભરતકામમાં ટાંકા', '78માં 'ભારતની કલાત્મક પતંગો', '79માં 'ગુજરાતના કષ્ટશિલ્પો', '80માં 'ભારતનાં પ્રેમશિલ્પો', '81માં 'ગુજરાતની વાવો', '82માં 'કોતરેલાં અને ચિંતરેલાં ધાતુપાત્રો', '83માં 'આદિવાસી સ્ત્રીઓ' અને '84માં 'સાંઝી' અને બાદમાં તેમણે સંપાદિત કરેલું 'ધ ઇનર લેન્ડસ્કેપ ઑફ ગુજરાત' પુસ્તક પ્રસિદ્ધ થયું છે.

'ભારતની પતંગોમાં કલાતત્ત્વો' વિષે દુનિયામાં પ્રસિદ્ધિ અને જાગૃતિ લાવવામાં તથા ભારતની પતંગસંસ્કૃતિને જાળવવામાં તેમનો પ્રમુખ ફાળો છે.

ગુલામ મોહમ્મદ શેખ

(જ. 1937)

સુપ્રસિદ્ધ ચિત્રકાર, કવિ અને કલાવિવેચક ગુલામ મોહમ્મદ શેખનો જન્મ સુરેન્દ્રનગર - ગુજરાતમાં. 1955માં વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં કલાના અભ્યાસ માટે દાખલ થયા. 1961માં સ્નાતક થઈ ત્યાં જ અધ્યાપનકાર્ય શરૂ કર્યું. હિન્દુ-મુસ્લિમ, બંને જાતિઓ વચ્ચેના સમભાવભર્યા વાતાવરણમાં ઊછર્યા હોઈ બંને નિતિનાં રીતરિવાજો અને વાર-તહેવારો નજીકથી જાણ્યાં અને માણ્યાં - આથી તેમનામાં કોઈ જાતિભેદ ન હતો. ઘરમાં કુરાન અને શાળામાં સંસ્કૃત શીખતા.





વડોદરાસ્થિત સાક્ષર સુરેશ જોષીના સંપર્કથી તેઓ કાવ્યસર્જન તરફ વળ્યા. શેખની શરૂઆતની અછાંદસ રચનાઓ 'વિશ્વમાનવ', 'ક્ષિતિજ' અને 'મિલાપ'માં પ્રગટ થયેલી. 1963-66 દરમિયાન કલાના વધુ અભ્યાસાર્થે તેઓ લંડન ગયા. દરમ્યાન યુરોપનો પ્રવાસ કર્યો.

ચિત્રકાર અને કવિ તરીકે તેમને સરખી પ્રતિષ્ઠા મળી છે. શેખની આરંભની અછાંદસ રચનાઓ 'વિશ્વમાનવ' અને 'ક્ષિતિજ'માં પ્રગટ થઈ હતી. આ ઉપરાંત 'કુમાર', 'સંસ્કૃતિ'માં પણ તેમનાં કાવ્યો પ્રગટ થતાં. તેમનાં કાવ્યોમાં અને ચિત્રોમાં સર્જકની એકસરખી સંવેદના પ્રગટે છે. તેમનો કાવ્યસંગ્રહ 'અથવા' 1974માં પ્રગટ થયો હતો. તેમણે 45 જેટલાં કલાપ્રદર્શનોમાં ભાગ લીધો છે.

1962 તેમને પેઇન્ટિંગ માટે નેશનલ એવૉર્ડ એનાયત થયો હતો તેમ જ ભારત સરકારે 'પદ્મશ્રી'નો ખિતાબ અર્પણ કરીને તેમનું બહુમાન કર્યું છે.

1984માં તેમણે ટોકિયોમાં 1985માં, પેરિસમાં તેમ જ ચિત્રપ્રદર્શનોમાં ભાગ લીધો હતો તેમ જ 1991માં દિલ્હીમાં 'વન-મેન શૉ યોજ્યો હતો. ગુલામ મોહમ્મદનું વડોદરામાં 'સમકાલીન કલા' નામક એક પુસ્તક પ્રગટ થયું છે. ઉપરાંત 'જ્ઞાનગંગોત્રી' શ્રેણીના 30મા ગ્રંથ તરીકે કલાવિષયક તેમનો લિખિત અને સંપાદિત એક અધિકૃત ગ્રંથ પ્રગટ થયો છે.

વૃંદાવન સોલંકી

(જ. 1942)



ચિત્રકળામાં નિજી શૈલી ઉપસાવી કલાક્ષેત્રે પોતાનું સ્થાન નિશ્ચિત કરનાર વૃંદાવન સોલંકીનો જન્મ જૂનાગઢમાં.

વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીના કલા મહાવિદ્યાલયમાં પેઇન્ટિંગની તેમ જ ગ્રાફિકની વિશેષ તાલીમ લઈ અમદાવાદની નેશનલ ડિઝાઈન ઇન્સ્ટિટ્યૂટ(એન.આઈ.ડી.)માં પાંચ વર્ષ અધ્યાપન કર્યું. વૃંદાવન સોલંકી સતત કામ કરતા ચિત્રકારોમાંના એક છે. એમના અભ્યાસકાળ દરમ્યાન જ દિલ્હીની લલિતકલા અકાદમી, ગુજરાત રાજ્ય, ગ્વાલિયર, દિલ્હીની ફાઈન આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ સોસાયટી તથા બૉમ્બે આર્ટ સોસાયટીનાં પ્રદર્શનોમાં તેઓ ભાગ લઈ ચૂક્યા હતા.



તેમણે પોતાનાં ચિત્રોના 25 ઉપરાંત 'વન-મૅન શો' યોજ્યા છે. 1969માં તેમણે પોતાનો પ્રથમ 'વન-મૅન શો' મુંબઈ ખાતે યોજીને શરૂઆત કરી. તે સિલસિલો આજે પાંત્રીસ વર્ષથી હજી નિરંતર ચાલુ છે. તેમના વૈયક્તિક શો મુંબઈ, દિલ્હી, ચેન્નાઈ, વડોદરા, બૅંગ્લોર, અમદાવાદ જેવાં મહાનગરો ઉપરાંત પરદેશોમાં મોરિશિયસ, લંડન-ન્યૂયૉર્ક જેવાં સ્થળોએ પણ યોજાયા છે. આ ઉપરાંત વૃંદાવનભાઈના મુંબઈ, દિલ્હી, બૅંગ્લોર, ચેન્નાઈ, ચંદીગઢ જેવાં ભારતનાં મહાનગરો ઉપરાંત દુબઈ, ઇંગ્લૅન્ડ, જર્મની, હૉંગકૉંગ જેવાં પરદેશનાં સ્થળોએ ભરાયેલાં ચિત્ર-પ્રદર્શનો - ગ્રૂપ શોમાં પણ પ્રદર્શિત થયાં છે. તેમનાં ચિત્રોએ દર્શકો તેમ જ કલાવિવેચકો બંનેની એકસરખી ચાહના મેળવી છે.

વૃંદાવનભાઈને ગુજરાત લલિતકલા અકાદમી, મુંબઈની આર્ટ સોસાયટી, લખનૌની લલિતકલા અકાદમી દ્વારા ઍવૉર્ડ મળ્યા છે. 1966 અને '69માં ગુજરાત રાજ્યનાં પ્રદર્શનોમાં પહેલાં ઇનામો અને 1967માં ગ્વાલિયરના તથા બૉમ્બે આર્ટ સોસાયટીનાં પ્રદર્શનોમાં પણ પારિતોષિકો મળ્યાં હતાં.

1970માં આર્ટ સોસાયટી ઑફ ઇન્ડિયાનો સુવર્ણચંદ્રક મળ્યો હતો. ઉજ્જૈન ખાતેના કલા-પ્રદર્શનમાં તેમનાં ચિત્રો માટે પણ ઍવૉર્ડ મળ્યા છે. તેમણે અનેક આર્ટિસ્ટ કેમ્પ યોજ્યા છે તેમ જ નવોદિત કલાકારોને તાલીમ અને પ્રોત્સાહન પૂરાં પાડ્યાં છે.

અમિત અંબાલાલ

(જ.1943)



ગર્ભશ્રીમંત કુટુંબમાં અમદાવાદમાં જન્મ. આર્ટ્સ, કૉમર્સ અને વિજ્ઞાનના સ્નાતક થઈ પરિવારના ઉદ્યોગ-વ્યવસાયમાં જોડાયા, પરંતુ ભીતરનો જીવ કલાકારનો તે થોડા જ સમયમાં એ વ્યવસાયને તિલાંજલિ આપી કલાનો પથ પસંદ કર્યો. ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર છગનલાલ જાદવને ગુરુપદે સ્થાપી અમિતભાઈ 1979થી તો સંપૂર્ણપણે ચિત્રકાર્યને સમર્પિત થઈ ગયા. સતત કાર્યરત રહ્યા અને નવીનવી કલાકૃતિઓ સર્જાતી રહી.

અમિતભાઈએ પેઇન્ટિંગમાં સંપૂર્ણ રીતે મૌલિક એવી શૈલી પ્રયોજી છે. તેમણે પોતાના જે 'વન-મૅન-શો' કર્યા છે તેમ જ અન્ય પ્રદર્શનો જેમાં તેમણે ભાગ લીધો છે તેની સંખ્યાનો આંક ઘણો ઊંચો છે. અમિતભાઈના વ્યક્તિગત શોનો આંક લગભગ 25 જેટલો, જ્યારે તેમણે જે પ્રદર્શનોમાં ભાગ લીધો છે તેનો આંક તો અંદાજે 50 જેટલો થાય છે. અમદાવાદ ઉપરાંત વડોદરા, મુંબઈ, દિલ્હી, કલકત્તા જેવાં મહાનગરોમાં તેમના 'વન-મૅન-શો' યોજાઈ ચૂક્યા છે. તો પસંદગીના ગ્રૂપ શોમાં તેમનાં ચિત્રો પ્રદર્શિત થયાં છે તેવાં પ્રદર્શનો તો દેશનાં મહાનગરો ઉપરાંત આમ્સ્ટરડામ, હાર્વર્ડ, ઑસ્ટ્રેલિયા જેવા પરદેશોમાં પણ યોજાયાં છે. તેમનાં ચિત્રો ગુજરાત રાજ્યની તેમ જ દિલ્હીની લલિતકલા અકાદમી ઉપરાંત દિલ્હીની નેશનલ ગૅલેરી ઑફ મૉડર્ન આર્ટ, બ્રિટિશ મ્યુઝિયમમાં તેમ જ લંડનના વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યુઝિયમમાં છે.



અમિતભાઈએ 'ક્રિશ્ના એઝ શ્રીનાથજી' - નામક નાથદ્વારાના રાજસ્થાની પેઇન્ટિંગ પર સંશોધિત ખૂબ સુંદર ગ્રંથ પણ સંપાદિત કર્યો છે. તેઓ અનેક કલાસંસ્થાઓના ટ્રસ્ટી અને સભ્ય છે. ગુજરાત રાજ્ય સરકાર તેમ જ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા તેમને ઍવૉર્ડ પ્રાપ્ત થયા છે. 2003માં ઇટાલીના Civitella Ranieri Foundationની ફેલોશીપ પણ મળી હતી. ટેલિવિઝન પર તેમની ડોક્યુમેન્ટરી દર્શાવાઈ છે તેમ જ મુલાકાતો પણ રજૂ થઈ છે.

રવિશંકર પંડિત

(જ. 13-6-1898 * અ. 16-3-1987)



પ્રાણીચિત્રણામાં અસાધારણ સિદ્ધિ પ્રાપ્ત કરનાર કલાકાર રવિશંકર પંડિતનો જન્મ ગોંડલ-સૌરાષ્ટ્રમાં થયો હતો. બચપણથી જ ચિત્ર કરવાની રુચિ તો હતી જ, પણ તેમાં પક્ષી-પ્રાણીઓના સ્કેચ કરવાનો શોખ વધી ગયો. ત્યાર બાદ તેઓ પુના ફર્ગ્યુસન કૉલેજમાં ભણવા ગયા.

નવા પ્રદેશમાં તેમનો પ્રાણી-ચિત્રણાનો શોખ ખીલ્યો. ત્યાર બાદ જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં જોડાતાં સોનામાં સુગંધ ભળી. પર્વતીય પ્રદેશો - ગિરનાર - સૌરાષ્ટ્રનો માહોલ - ઘણુંબધું માનસ પર ઠલવાતું રહ્યું. થોડો સમય બાદ કૉલેજના નિવૃત્ત થતા પ્રિન્સિપાલ સ્કોટનું તૈલચિત્ર કૉલેજમાં મૂકવાનું નક્કી થયું. તે કામ ચિત્રકાર રવિશંકર રાવળને સોંપવામાં આવ્યું. રવિભાઈને એ કામ તો મળ્યું. બાદમાં પંડિત તેમને ગોંડલ લઈ આવ્યા અને ગોંડલમાં બચુભાઈ રાવત સાથે પરિચય કરાવ્યો. એ મુલાકાત અને બાદમાં ગાઢ થયેલી મૈત્રી 'કુમાર' માસિક દ્વારા કેવી નવપલ્લવિત થઈ એ સૌ જાણે છે.



1947માં તેઓ મુંબઈ ગયા અને કલાના ક્ષેત્રમાં ઝંપલાવ્યું. પ્રાણીચિત્રણાની પોતાની આગવી શક્તિને કારણે તેઓ ખૂબ ઝડપથી સ્થિર થઈ ગયા. ત્યાં પણ ખૂબ કામ કર્યું. તે સમયના ખ્યાતનામ બાળમાસિક 'રમકડું'નાં પાનેપાનાં તેમના ચિત્રોથી શોભતાં. હિન્દી સાપ્તાહિક 'ધર્મયુગ'માં તેમની પ્રાણી-ચિત્રણાની ચિત્રવાર્તાઓ પ્રગટ થતી. જીવરામ જોષીના બાળસાહિત્યનાં લાડીલાં પાત્રો મિયાં ફૂસકી, તભાભટ્ટ, છકો-મકો વગેરેનું પાત્રાલેખન કરી ચિત્રદેહ આપનારા પંડિત જ હતા.

મુંબઈ સરકાર તરફથી તે સમયે બાળસાહિત્યનાં શ્રેષ્ઠ પુસ્તકોને પુરસ્કાર અપાતા તેમાં રમણલાલ સોની સાથે તે પુસ્તકોના ચિત્રકાર તરીકે તેમને પણ ઇનામ મળેલું. ખાસ તાલીમ વિના પક્ષી-પ્રાણીઓની અદ્‌ભુત ચિત્રણા કરનાર રવિશંકર પંડિતની કક્ષાના ચિત્રકાર હજી થયા નથી.

બંસીલાલ વર્મા 'ચકોર'

(જ. 23-11-1917 * અ. 8-9-2003)

મૌલિક વિચાર, વેધક કટાક્ષ અને ધારદાર પીંછીના સ્વામી એવા બંસીભાઈ, તેમના ઉપનામ 'ચકોર'ના નામે સવિશેષ જાણીતા છે. 1937માં કકલભાઈ કોઠારીના તંત્રીપદે પ્રગટ થતા 'નવસૌરાષ્ટ્ર'માં તેમણે કાર્ટૂન-ક્ષેત્રે પોતાની પીંછી અજમાવી ગુજરાતમાં કટાક્ષચિત્રોનો યુગ શરૂ કર્યો અને પછી તો તેમનાં સર્જન, સિદ્ધિ અને પ્રસિદ્ધિની અવિરત યાત્રા શરૂ થઈ.



ઉત્તર-ગુજરાતમાં ચોટિયા ગામે તેમનો જન્મ. કિશોરાવસ્થામાં જ વતન વડનગરથી અમદાવાદ આવીને 1935માં કલાગુરુ રવિશંકર રાવળને ત્યાં ચિત્ર-સાધના આરંભી. 1937માં કકલભાઈ કોઠારીના 'નવસૌરાષ્ટ્ર' - 'પ્રભાત'માં જોડાઈને ગુજરાતમાં કાર્ટૂન કલાનો પાયો નાંખ્યો. આઝાદીની ચળવળમાં પણ ઝુકાવ્યું. સેંકડો પોસ્ટરો, બૅનરો તથા કાર્ટૂનો ચીતરીને પોતાનો શક્ય ફાળો આપ્યો. બાદમાં 'પ્રજાબંધુ' સાપ્તાહિક અને જયંતિ દલાલનાં 'ગતિ' અને 'રેખા' સામયિકો દ્વારા પોતાની પીંછીનો ગુજરાતને પરિચય આપ્યો.



1948માં મુંબઈ ગયા અને લગભગ ત્રણ દાયકા સુધી ત્યાંનાં 'જન્મભૂમિ', 'જનશક્તિ' અને 'હિન્દુસ્તાન' પત્રોમાં કાર્ટૂનો દ્વારા રાજકારણીઓ અને સમાજવિરોધી તત્ત્વોને હલાવી મૂક્યાં. કાર્ટૂનકલામાં અનન્ય સિદ્ધિ પ્રાપ્ત કરી 1978માં અમદાવાદ આવી 'સંદેશ' પત્રમાં જોડાયા હતાં. કાર્ટૂન ઉપરાંત તેમણે પુસ્તકો-સામયિકો માટે હજારો પ્રસંગચિત્રો પણ કર્યાં છે.

બંસીભાઈને તેમનાં કાર્ટૂનો માટે અનેક પ્રકારનાં પારિતોષિકો પ્રાપ્ત થયાં છે, પરંતુ તેમાં મોન્ટ્રીયલ(કેનેડા)ના કાર્ટૂન પ્રદર્શનમાં મળેલું પારિતોષિક યશકલગી સમાન છે. આ કાર્ટૂન 'ડ્રેગન કમ્સ ટુ યુનો' નામે મુંબઈના 'ફ્રી પ્રેસ જર્નલ' દૈનિકમાં પ્રગટ થયું હતું. તેમનાં કાર્ટૂનોના પુસ્તકો પણ પ્રગટ થયાં છે. હજારોની સંખ્યામાં તેમનાં કાર્ટૂનો પ્રગટ થયાં છે. ઉપરાંત અમદાવાદનાં દેરાસરોમાં ઘુમ્મટચિત્રો, 25 જેટલાં પેઇન્ટિંગ તેમ જ હજારો પ્રસંગચિત્રો અને પુસ્તકોનાં આવરણ ચિત્રો તેમણે કર્યાં હતાં.

realpatidar.com

ચંદ્ર ત્રિવેદી

(જ. 27-6-1922 * અ. 20-11-1994)



સૌરાષ્ટ્રના મોટા લીલિયા ગામે જન્મ. નાનપણમાં ચિત્રકાર રવિશંકર રાવળનું ચિત્ર જોયું અને બાળક ચંદુનો આત્મા એવા ચિત્રકાર બનવા તડપી રહ્યો. શાળાનું શિક્ષણ ગામમાં જ પૂરું કરી આગળ અભ્યાસ કરવા આવેલો ચંદુ અમદાવાદમાં રવિભાઈના ચિત્રવર્ગમાં ગોઠવાઈ ગયો. પોતાનાં રસ-રુચિને યોગ્ય દિશા મળતાં ગુજરાતના કલાક્ષેત્રને 'ચંદુ'માંથી 'ચંદ્ર' મળી ગયા.

રવિશંકર રાવળ પાસેથી દીક્ષા પામેલા ચંદ્રભાઈએ શરૂઆત તો વાર્તાનાં પ્રસંગચિત્રો અને પુસ્તકોનાં મુખપૃષ્ઠોના આલેખનથી કરી હતી. સુંદર સંયોજન, કમનીય નારીપાત્રો અને સૌષ્ઠવપૂર્ણ પુરુષપાત્રોના આલેખનથી તેમનાં પ્રસંગચિત્રો ખૂબ જીવંત લાગતાં અને કથાસૌંદર્યને પૂરક બનતાં. તેમની પીંછી લગભગ ચારેક દાયકા 'ગુજરાત સમાચાર' અને 'સંદેશ' દૈનિકો અને તેમનાં પ્રકાશનોનાં પૃષ્ઠો પર વહેતી રહી હતી. આ ઉપરાંત અન્ય સામયિકોનાં ચિત્રો, મુખપૃષ્ઠ, શૈક્ષણિક પુસ્તક માટેનાં ચિત્રો વગેરે માટે એમણે વિપુલ સંખ્યામાં ચિત્રો કર્યાં છે જેનો સરવાળો માંડવો ખૂબ મુશ્કેલ બને તેમ છે. એમણે આ ક્ષેત્રમાં બહુમૂલ્ય કાર્ય કર્યું છે. ગુજરાતી વર્તમાનપત્રમાં એક - કોલમી કાર્ટૂન શરૂ કરીને ત્રીસેક વર્ષ સુધી લાગટ ચાલુ રાખનાર તેમ જ સંખ્યાબંધ કાર્ટૂનો દ્વારા ચંદ્ર ત્રિવેદી તેમના એ સુવર્ણકાળમાં 'રાયજી'ના હુલામણા નામથી ઓળખાતા.

ચંદ્રભાઈ ત્રિવેદીનું એક મોટું પ્રદાન ચિત્રવાર્તાઓનું હતું. તેમણે 'ઝગમગ' બાલસાપ્તાહિક માટે 'ઉમફૂયાટ' અને 'શેખર' નામની ચિત્રવાર્તાઓથી બાળકોને ઘેલું લગાડ્યું હતું. આ ઉપરાંત તેમણે બીજાં પાત્રો સર્જ્યાં છે. ચિત્રકામ ઉપરાંત ચંદ્રભાઈ પાસે સરસ કલમ હતી. કિશોરો માટેની વાર્તાઓ ઉપરાંત તેમણે રાજકારણ વિષય પર પણ લેખો લખ્યા હતા. બાળકો માટે બહુરંગી સુંદર પુસ્તકોનું સર્જન પણ તેમણે કર્યું હતું.



શિવ પંડ્યા

(જ. 1928 * અ. 1978)






કલાકાર શિવ પંડ્યા જો અકાળે અવસાન પામ્યા ન હોત તો ગુજરાતને તેમની પાસેથી યાદગાર સર્જનો મળી શક્યાં હોત. ખેડા જિલ્લાના વસો ગામમાં એમનો જન્મ. શિક્ષણ લીધું નડિયાદમાં. ચિત્રકળાની લગની અને આંતરસૂઝ એવી કે કોઈ પદ્ધતિસરનું કલાશિક્ષણ લીધા વિના તેઓએ ઉત્કૃષ્ટ કક્ષાના ચિત્રકાર તરીકે નામ કાઢ્યું !

અમદાવાદના 'પ્રભાત' દૈનિકમાં નોકરીની શરૂઆત કરી પછી નસીબ અજમાવવા મુંબઈ ગયા. શરૂઆતનાં વર્ષોમાં મુંબઈનાં ફ્રી-લાન્સ કામ કર્યું. 'રમકડું' બાળમાસિકમાં તેમની ચિત્રવાર્તા 'ચીચુકાકા' ખૂબ લોકપ્રિય થઈ હતી. પછી અમદાવાદ આવીને 'ગુજરાત સમાચાર' દૈનિકમાં અને પાછળથી 'સંદેશ' દૈનિકમાં જોડાઈ તેનાં પ્રકાશનો માટે પણ કામ કર્યું - છેવટે લગભગ 17 વર્ષ સુધી સતત 'જનસત્તા' દૈનિકમાં કાર્ટૂનિસ્ટ તરીકે કાર્ય કરતા રહ્યા હતા.

પત્રકારત્વ તેમ જ ગ્રંથચિત્રણના ક્ષેત્રમાં ચિત્રકાર્ય કરનાર ચિત્રકારોમાં તે સૌથી વધુ મૌલિક સર્જન કરનાર કલાકાર હતા. પ્રસંગચિત્રો, મુખપૃષ્ઠ અને કાર્ટૂન, એ ત્રણેય દિશાઓમાં એમની પીંછીનાં લાવણ્ય, વિધાયક પ્રભાવ અને ચોટ એકસરખી રીતે વર્તાતાં. વિવિધ પ્રસંગોથી કડીબદ્ધ ઘટનાચિત્રોવાળાં મ્યુરલ ચિત્રો એમને સહજસિદ્ધ હતાં. છેલ્લાં વર્ષોમાં એમણે ગુજરાતના કેટલાક સાહિત્યકારોના સુંદર કેરીકેચર્સ બનાવ્યાં હતાં, જે કદી પ્રગટ થયાં જ નહીં. શિવભાઈ પેઇન્ટિંગ પણ એવી જ કુશળતાથી કરી શકતા. તેમનો કંઠ મધુર હતો. લોકગીતો ગાવાની તેમને સારી ફાવટ હતી.



હૃદયરોગના પહેલા હુમલા વખતે જે લાંબો સમય એમને પથારીવશ રહેવું પડ્યું તે દરમિયાન પોતાની અભિવ્યક્તિ માટે કવિતાના માધ્યમ પર અજમાયશ કરી. એથી માંદગીનું દુઃખ તો હળવું થયું જ, ઉપરાંત એમની સર્જનશક્તિને એક નવો જ વળાંક પણ મળ્યો. 'સંસ્કૃતિ', 'સમર્પણ', 'કવિતા', 'સાહિત્ય' વગેરેમાં એમનાં કાવ્યો પ્રકટ થયાં હતાં. તેમનો એક કાવ્યસંગ્રહ પણ પ્રગટ થયો છે.



કાન્તિભાઈ પટેલ

(જ. 1-7-1925)



ચિત્રકારો અને તસવીરકારોની સરખામણીએ શિલ્પ-સ્થાપત્યમાં ગુજરાતમાં ઓછા કલાકારો છે તેમાં સર્જનાત્મક તેમ જ વ્યવહારુ કલા વચ્ચે સમન્વય સાધનાર શિલ્પીઓમાં કાન્તિભાઈ પટેલ આગલી હરોળમાં છે. શિલ્પકળાક્ષેત્રે ગુજરાત અને ભારતનું ગૌરવ વધારનાર કાન્તિભાઈ પટેલનો જન્મ બૉર્નિયામાં થયો હતો. મૂળ વતન ખેડા જિલ્લાના પેટલાદ તાલુકાનું સોજિત્રા ગામ.

સ્વાતંત્ર્ય-લડતના રંગે રંગાયેલા પિતા ડૉ. બળદેવભાઈએ તેમને માધ્યમિક શિક્ષણ માટે ગૂજરાત વિદ્યાપીઠમાં મૂક્યા. ત્યાં કાન્તિભાઈએ શિલ્પ-ગુરુ શ્રી દત્તા મહા પાસે શિલ્પ-શિક્ષણનો પ્રારંભ કર્યો. પછી મુંબઈની જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સનો પેઈન્ટિંગનો અભ્યાસ કર્યો, પરંતુ શિલ્પ તરફ ઝોક વધતાં શ્રી દત્તા મહાના માર્ગદર્શનથી નાગપુર પાસે ખામગાંવની નજીક તિલક વિદ્યાપીઠમાં શિલ્પાચાર્ય શ્રી મધે ગુરુજી પાસે જઈ કલાસાધના કરી.

ત્યાંથી વતનમાં આવ્યા પછી વલ્લભવિદ્યાનગરમાં શિલ્પકાર્ય શરૂ કર્યું. એ સમયનાં તેમનાં ખ્યાતનામ સર્જનમાં વલ્લભવિદ્યાનગર ખાતેની સરદાર પટેલની ચાર મીટર ઊંચી કાંસ્ય પ્રતિમાનો સમાવેશ થાય છે. એ સર્જન તેમણે 27 વર્ષની ઉંમરે કર્યું હતું.

વલ્લભવિદ્યાનગર ખાતે 19 વર્ષ રહ્યા પછી તેઓ અમદાવાદ પાસેના ચાંદલોડિયા ગામે સ્થિર થયા અને અદ્યતન સાધનસામગ્રી સાથેનો એક સ્ટુડિયો શિલ્પભવનમાં ઊભો કર્યો અને હાલ તેમાં પોતાનું કાર્ય કરી રહ્યા છે. આ સ્ટુડિયો માત્ર ભારતમાં નહીં પણ સમગ્ર એશિયામાં અદ્વિતીય છે. કાન્તિભાઈએ બનાવેલું ગાંધીજીનું અઢી મીટર ઊંચું બાવલું ન્યૂયૉર્કમાં ઊભું કરાયું છે. ભારત સરકારે 2004માં પદ્મશ્રીનો ઇલ્કાબ આપીને તેમને નવાજ્યા છે.

રતિલાલ કાંસોદરિયા

(જ. 15-10-1961)



અસરકારક શબ્દો અને વાણી, હૃદયંગમ સૂર અને સંગીત, વાદ્યના ધ્વનિ-તરંગો, નૃત્યના તરવરાટ અને તરલતા અને ચિત્રની રેખાના વેગીલા લસરકા કે રંગોના મેઘધનુષ માનવહૃદયને સ્પર્શે છે, પરંતુ શિલ્પ એક વિરલ માધ્યમ છે કે જેના સૌંદર્યથી મનુષ્યના હૃદય સુધી પહોંચવું ખૂબ કઠિન છે, કારણ કે આ માધ્યમનું મૂળ સ્વરૂપ જડ છે. પથ્થર, લાકડું કે ધાતુ એ શિલ્પનાં મુખ્ય માધ્યમો છે. એવાં જડ માધ્યમોમાં પ્રાણ પૂરી ભાવકના હૃદયને સ્પર્શી શકે એ કલાકાર મૂઠી ઊંચેરો કલાકાર છે.



ગુજરાતના રાજકોટ જિલ્લાના પ્રેમગઢ જેવા નાના ગામમાં જન્મેલા રતિલાલના પિતા મોજીભાઈ ખેડૂત હતા. ભણતર ઓછું પણ ગણતર વધુ. પિતાને સાહિત્યમાં રસ. માતાને માટીકામ અને સુંદર ભરતકામનો શોખ. રતિલાલને પણ માતા-પિતાનો સંસ્કાર-વારસો ગળથૂથીમાં મળ્યો હોય તેમ ચિત્રકામ કરે અને માટીનાં રમકડાં બનાવે. જોઈજોઈને પૉર્ટ્રેટ બનાવે. અભ્યાસમાં તેજસ્વી રતિલાલે પ્રેમગઢમાંથી 12મું ધોરણ પાસ કર્યું ત્યારે તેમની સામે બે વિકલ્પ હતા : ડૉક્ટર થવું કે કલાકાર. કલાનું ક્ષેત્ર એમને સાદ કરી રહ્યું હતું. તે જ ગામના સુપ્રસિદ્ધ કલાકાર રાઘવ કનેરિયા એમના ગુરુ સમાન હતા, એટલે એમની સલાહથી રતિભાઈ વડોદરાની ફૅકલ્ટી ઑફ ફાઈન આર્ટ્સમાં જોડાયા.

ઈ. 1987માં શિલ્પના વિષય સાથે બી.એ. અને 1990માં એ જ વિષય સાથે એમ.એ.ની ડીગ્રી મેળવી. એ જ સંસ્થામાં અધ્યાપનમાં જોડાયા. ત્યારબાદ 1993માં અમદાવાદની સી. એન. કોલેજ ઓફ ફાઈન આર્ટ્સમાં જોડાયા. 2001માં શિલ્પ વિભાગના વડા તરીકે બઢતી મળી અને 2009થી આ જ કૉલેજના ઇન્ચાર્જ આચાર્ય છે. શ્રી રતિલાલ કાંસોદરિયાની શૈક્ષણિક કારકિર્દીની સાથેસાથે એમનું સર્જનકાર્ય ખૂબ વેગપૂર્વક ચાલ્યું છે. આમ તો એમણે લગભગ બધાં જ માધ્યમોમાં શિલ્પો કંડાર્યાં છે, પરંતુ એમનું મહત્તમ કાર્ય ધાતુશિલ્પોમાં રહેલું છે. રતિલાલ કિસાનપુત્ર છે. ધરતી સાથેનો એમનો નાતો આત્મીય રહ્યો છે, એટલે સર્જનાત્મક-પ્રયોગશીલ શિલ્પો કરવા છતાં એમનો રસ અને લગાવ વાસ્તવવાદી રહ્યા છે. એમનાં શિલ્પો જીવંત લાગે છે. જડ માધ્યમમાં પ્રાણ પૂરવાની એમની સર્જકતા છે. એમનાં પાત્રોમાં તરલતા દેખાય છે.

એમનાં શિલ્પો દેશમાં અને વિદેશોમાં આયોજિત પ્રદર્શનોમાં સ્થાન પામ્યાં છે. એમને નાની ઉંમરમાં જે ઍવૉર્ડ મળ્યા છે તેની યાદી ખૂબ લાંબી છે.



પ્રભાશંકર સોમપુરા

(જ. 13-5-1896 * અ. 28-5-1978)

સોમપુરા શિલ્પી પરિવાર પોતાની શિલ્પકળા માટે ભારતભરમાં ખૂબ જાણીતો છે. પેઢી-દર-પેઢી ઊતરી આવેલી શિલ્પકળાને વધુ ઉચ્ચ સ્તરે લઈ જનાર સ્થપતિ પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા શિલ્પ-વિશારદનો જન્મ પાલિતાણામાં થયો હતો.

સાત ગુજરાતી સુધી તથા સંસ્કૃતનો થોડોક અભ્યાસ કરીને પ્રભાશંકરભાઈએ નાનપણથી જ પોતાના વંશપરંપરાગત વ્યવસાયમાં ઝંપલાવ્યું હતું અને ઘરમાં પૂર્વજોએ સંગ્રહેલા શિલ્પશાસ્ત્રોના ગ્રંથોનો અભ્યાસ કર્યો હતો.

પ્રભાસપાટણના નષ્ટ-ભ્રષ્ટ થયેલા સોમનાથના મંદિરનું નવનિર્માણ કરવા માટે જે સમિતિ બની હતી તેણે આ કાર્યના મુખ્ય સ્થપતિ તરીકે શ્રી પ્રભાશંકરભાઈની વરણી કરી હતી. પ્રભાશંકરભાઈએ પચાસ લાખ રૂપિયાના ખર્ચે બંધાયેલા સોમનાથ ભગવાનના અતિ ભવ્ય મહામેરુપ્રસાદનું કલાઆયોજન કર્યું અને ઈ. 1960માં ડૉ. રાજેન્દ્રપ્રસાદના વરદ હસ્તે ભગવાન સોમનાથની પુનઃપ્રતિષ્ઠા થઈ હતી. આ પ્રસંગે શ્રી સોમપુરાએ શિલ્પસાહિત્યને લગતો એક ગ્રંથ 'દીપાર્ણવ' પ્રસિદ્ધ કર્યો હતો. રાષ્ટ્રપતિશ્રીએ શાલ-દુશાલા સાથે ચાર હજાર રૂપિયાનો પુરસ્કાર આપી તેમનું બહુમાન કર્યું હતું અને જગદ્‌ગુરુ શ્રી શંકરાચાર્યજીએ તેમને 'શિલ્પ-વિશારદ'ની પદવી આપી હતી. તેમણે નાનાં મોટાં અનેક શૈવ, વૈષ્ણવ અને જૈન મંદિરો બાંધ્યાં હતાં. તેમના શિલ્પશાસ્ત્રના 14 ગ્રંથો પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે. ભારત સરકારે 1973માં પદ્મશ્રીનો ઇલકાબ આપીને તેમને નવાજ્યા હતા.

શિલ્પ સ્થાપત્ય

બાલકૃષ્ણ દોશી

(જ. 1927)

આધુનિક સ્થાપત્યના ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરનાર બાલકૃષ્ણ દોશીનો જન્મ મહારાષ્ટ્ર–પુણેમાં.

ઈ. 1945માં તેઓ ઇજનેરીના અભ્યાસના ઉદ્દેશથી ફર્ગ્યુસન કોલેજમાં દાખલ થયેલા. પૂનાની 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૉડર્ન આર્ટ'માં એમણે અભ્યાસ કરેલો અને ત્યાંથી એમને સ્થાપત્યના અભ્યાસની પ્રેરણા મળેલી. એ પછીનાં ચાર વર્ષ એમણે મુંબઈની જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં સ્થાપત્યનો અભ્યાસ કર્યો. ઈ. સ. 1950માં તેઓ ઇંગ્લૅન્ડ ગયા અને કોઈ સંસ્થામાં જોડાવાને બદલે લાઇબ્રેરીઓમાં જ અધ્યયન કર્યું. એ રીતે તેઓ યુનિવર્સિટીઓમાંથીયે ન મેળવી શકે એટલું જ્ઞાનભાથું મેળવી શક્યા. એનો એક પુરાવો એ છે કે લંડનની 'રોયલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ બ્રિટિશ આર્કિટેક્ટ્સ' નામની સ્થપતિઓની સંસ્થામાં એમને સભ્યપદ પ્રાપ્ત થયું.

લંડનમાં તેઓ લા કાર્બુઝિયેના પરિચયમાં આવ્યા અને એ ફ્રેન્ચ સ્થપતિએ શ્રી દોશીને પૅરિસમાં પોતાની સાથે કામ કરવાનું આમંત્રણ આપ્યું. એમણે ચંડીગઢના બાંધકામની યોજનાઓમાં સહાય કરી અને ત્યાંથી લા કાર્બુઝિયેના પ્રતિનિધિ તરીકે ભારતમાં આવીને એમણે ચંડીગઢમાં થતા બાંધકામની દેખરેખ રાખી. ઈ. સ. 1959માં રોટર્ડમ ખાતે મળેલી અર્વાચીન સ્થપતિઓની આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભારતના પ્રતિનિધિ તરીકે એમની વરણી થઈ હતી.

અમદાવાદમાં લા કાર્બુઝિયેએ યોજેલ 'સંસ્કાર-કેન્દ્ર' (મ્યુઝિયમ), અમદાવાદ મિલમાલિક મંડળનું મકાન અને રહેણાકનાં બે મકાનોની યોજના તથા બાંધકામમાં શ્રી દોશીએ સહાય કરી હતી. એમણે 'વાસ્તુ-શિલ્પ' નામની સંસ્થા સ્થાપી હતી, જેનો ઉદ્દેશ સ્થાપત્ય તથા એની સાથે સંકળાયેલી કલાઓનો વિકાસ સાધવાનો હતો.

લા કાર્બુઝિયેના પ્રતિનિધિ તરીકે અને સિનિયર ડિઝાઈનર તરીકે ચંદીગઢ ને અમદાવાદમાં કામ કરનાર બાલકૃષ્ણ દોશીને લંડન અને અમેરિકાનાં અનેક મંડળો તરફથી મળેલા ઍવૉર્ડોની યાદી મોટી છે. ભારત સરકારે તેમને 'પદ્મશ્રી'થી નવાજ્યા છે.

અમદાવાદમાં સ્કૂલ ઑફ આર્કિટેક્ચરની સ્થાપના અને એ સંસ્થાએ પ્રાપ્ત કરેલી પ્રતિષ્ઠા એ માત્ર અમદાવાદને જ નહીં પણ ભારતનેય તેમનું અમૂલું પ્રદાન છે. એ સિવાય પણ તેમણે અમદાવાદમાં ને બહાર અનેક મંડળોમાં સેવા આપી છે – આપે છે, પરદેશમાં પણ અધ્યાપક ને સલાહકાર તરીકે તેમની સેવાઓ લેવાય છે. વળી કૅનેડા, ફ્રાન્સ, સ્વિટ્ઝરલૅન્ડ, જર્મની, યુ.એસ.એ. તેમ જ આપણા દેશમાં પણ તેમણે અનેક વિશિષ્ટ વ્યાખ્યાનો આપ્યાં છે. જાપાન વગેરે અનેક દેશોમાં પર્યાવરણ, ગ્રામવિકાસ, નગરવિકાસ જેવા વિષયોના પરિસંવાદોમાં ભાગ લીધો છે. તે પરિષદોમાં ઍવૉર્ડ્સ પણ પ્રાપ્ત કર્યા છે, પ્રદર્શનો કર્યાં છે ને લેખો પણ લખ્યા છે. તેમણે અનેક ભવનનિર્માણની યોજનાઓમાં સક્રિય કામ કર્યું છે. નગરવિસ્તારો, સાંસ્કૃતિક તેમ જ શિક્ષણનાં અનેક ભવનો તથા આરોગ્યભવનોનું પણ તેમણે નિર્માણ કર્યું છે.

શ્રી દોશીનો મુખ્ય રસનો વિષય નગર-આયોજન અને સસ્તાં મકાનના બાંધકામનો છે. કામદારો માટેનાં સગવડભર્યાં મકાનો, ઔદ્યોગિક નગરોનાં આયોજન તથા નીચલા અને મધ્યમવર્ગના લોકો માટે સસ્તી કિંમતનાં મકાનો તૈયાર કરવા માટે એમણે ઘણું સંશોધન તથા અભ્યાસ કરેલા છે. શ્રી દોશીને ગ્રેહામ ફેલોશિપ મળી હતી. તેમણે અનેક દેશોમાં પોતાની કળા પ્રદર્શિત કરી છે. 2012માં બી. વી. દોશીસાહેબને ફ્રાન્સ સરકાર તરફથી 'ઑફિસર ઈન ધ ઑર્ડર ઑફ આર્ટ્સ એન્ડ લેટર્સ'નો પ્રતિષ્ઠિત ઍવૉર્ડ એનાયત કરવામાં આવ્યો છે.



ગુજરાતમાં કલાપ્રવૃત્તિ



રવિશંકર રાવળ અને 'કુમાર'નો પ્રથમ અંક

ગુજરાતમાં કલાનાં પગરણ મંડાયાં તેનો યશ 19મી સદીના છેલ્લા દાયકામાં જન્મેલા ત્રણ સમકાલીન મહાનુભાવોને ફાળે જાય છે : સર્વશ્રી રવિશંકર રાવળ (1892), કસ્તૂરભાઈ લાલભાઈ (1894) અને અંબાલાલ સારાભાઈ (1890).

શ્રી કસ્તૂરભાઈએ પારંપરિક અને અદ્યતન સ્થાપત્યોના નિર્માણમાં ઊંડાં રસ-રુચિ દાખવી અમદાવાદને નવી મુદ્રા (image) આપી. પ્રાચીન સચિત્ર હસ્તપ્રતોની જાળવણી માટે ઇન્ડોલૉજી જેવી સંસ્થાની સ્થાપના સાથે કલાસંગ્રહાલયનું નિર્માણ પણ કર્યું. તેમની પાસે અંગત સમૃદ્ધ કલાસંગ્રહ પણ હતો. અંબાલાલ સારાભાઈએ પોતાનાં સંતાનોમાં સાહિત્ય-કલાના સંસ્કાર સિંચન થાય તે માટે શ્રી ધૂમકેતુ અને રવિશંકર રાવળ જેવા શિક્ષકોને આમંત્ર્યા. પોતાની કેલિકો મિલના ઉત્પાદનમાં પણ ઊંચી કક્ષાની રુચિ દર્શાવી. ટેક્સટાઇલના ઉત્તમ પ્રકારના કલાત્મક નમૂનાઓ જેમાં સંગ્રહાલયેલા છે તેવું કેલિકો મ્યુઝિયમ અમદાવાદનું એક ગણનાપાત્ર મ્યુઝિયમ છે. શ્રી અંબાલાલભાઈનું શાહીબાગ ખાતેનું, લા કાર્બુઝિયર જેવા ખ્યાતનામ સ્થપતિ પાસે ડિઝાઈન કરાવેલું નિવાસસ્થાન 'રિટ્રિટ' આજે ખાનગી મ્યુઝિયમ તરીકેનું મહત્ત્વ ધરાવે છે. તેમના પરિવારના વંશજોએ સી. એન. હાઈસ્કૂલ અને તેના વિસ્તરણ સમી ફાઇન આર્ટ્સ કૉલેજની સ્થાપના કરી - જેણે ગુજરાતને અનેક કલાકારો આપ્યા.

ચિત્રકાર : અબ્દુર્રહેમાન ચુગતાઈ



'કુમાર'માં પ્રગટ થતાં ચિત્રો

મુંબઈની સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાંથી અભ્યાસ પૂર્ણ કરી શ્રી રવિશંકર રાવળ અમદાવાદ આવ્યા અને અહીં સ્થિર થયા. મુંબઈમાં જેમને પોતાની પ્રેરણામૂર્તિ ગણતા હતા તેવા પ્રથમ સચિત્ર ગુજરાતી માસિક 'વીસમી સદી'ના હાજી મહમ્મદ અલ્લારખિયાનું અકાળે અવસાન થતાં તેમનો સ્મારકગ્રંથ તૈયાર કરવામાં લાગી ગયા. તેમને 'વીસમી સદી' જેવું સાહિત્ય-કલાનું માસિક પ્રગટ કરવાના અરમાન જાગ્યા.

દરમિયાન અમદાવાદના પ્રશિષ્ટ સંસ્કારસ્વામીઓ - સર્વશ્રી કવિ ન્હાનાલાલ, રામનારાયણ પાઠક, ડૉ. હરિપ્રસાદ દેસાઈ, રસિકલાલ છો. પરીખ અને રવિશંકર રાવળ જેવાઓએ 1923માં 'ગુજરાત કલા-પ્રવર્તક મંડળ'ની સ્થાપના કરી હતી, જેનો ઉદ્દેશ સાહિત્ય અને કલાની પ્રવૃત્તિઓ કરવાનો હતો. તેના નેજા હેઠળ 1924ના ફેબ્રુઆરીમાં સૌપ્રથમ



ચિત્રકાર : પી. આર. રૉય



ગુજરાતમાં ભરાયેલ પહેલા ચિત્રપ્રદર્શનનું પોસ્ટર

'ગુજરાત કલા પ્રદર્શન' યોજવામાં આવ્યું હતું.

રવિભાઈનું ઉલ્લેખનીય કાર્ય ઈ. સ. 1924માં 'કુમાર' માસિકની સ્થાપનાનું છે. 'કુમાર' માસિકના પ્રકાશને ગુજરાતમાં કલાની પ્રવૃત્તિઓનો આરંભ કરવામાં તેમ જ તેને ગતિશીલ કરવામાં ખૂબ મોટો ફાળો આપ્યો છે. કલા અને સાહિત્યનો સમન્વય કરતું આવું સામયિક અપ્રતિમ હતું. સાહિત્યની ઊંડી સૂઝ ધરાવનાર કલાકારના જીવનનું ગુજરાતને આ એક ઉત્તમ અને બહુમૂલ્ય પ્રદાન હતું. શ્રી રવિભાઈએ ચિત્રકાર તરીકે કલાજગતમાં જે ફાળો આપ્યો છે તેનાથી પણ વિશેષ 'કુમાર'નું પ્રકાશન કરીને આપ્યો છે. આ ઉપરાંત કલાકારોનો એક પ્રવાહ શરૂ થયો હતો. 'કુમાર' દ્વારા શ્રી રવિભાઈ અને બાદમાં તેમના અનુગામી શ્રી બચુભાઈ ગુજરાતમાં બે પેઢીઓ માટે પ્રેરણાદાયી અને પથદર્શક બન્યા છે. આ બંને મહાનુભાવોનું કલાજગત સદાય ઋણી રહેશે.

શ્રી રવિશંકર રાવળ જે. જે. સ્કૂલ ઑફ આર્ટમાં હતા તે દરમિયાન તેમને ભારતના કેટલાક ચિત્રકારો તેમ જ તેમના ચિત્રકામનો પરિચય તો થયો જ હતો. આ ઉપરાંત ગુજરાતી ભાષાના પ્રથમ માસિક 'વીસમી સદી'ના કલા-મર્મજ્ઞ તંત્રી હાજી મહમ્મદ અલ્લારખિયાના ગાઢ સંપર્કને કારણે કલાના ક્ષેત્રે કંઈક વિશેષ કરવાની તેમનામાં મહત્ત્વાકાંક્ષા જાગી હતી.

ગુજરાત જ્યારે સુપ્ત દશામાં હતું, રડ્યાખડ્યા ચિત્રકારો કોઈ ખૂણેખાંચરે ધૂણી ધખાવી બેઠા હતા ત્યારે રવિશંકર રાવળે ભારતીય કલાતત્ત્વોનો પરિચય કરાવ્યો અને ગુજરાતની કલાસામગ્રી તરફ લોકોનું ધ્યાન દોર્યું. 'ગુજરાત કલાસંઘ ચિત્રશાળા'માં એટલે એક નાની ઓરડીમાં કલાના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાનું શરૂ કર્યું. બહારગામથી આવેલા કેટલાક વિદ્યાર્થીઓને તો રવિભાઈ પોતાના ઘરમાં જ, તેમની પાસે કશું જ લીધા વિના રાખતા.

પોતાના ઘરના એક ભાગમાં વિદ્યાર્થીઓને રાખી, તાલીમ આપી, પ્રોત્સાહન આપ્યું તેમ જ પોતાની રીતે

વિકસવાની તક આપી. આમાંના ઘણા કલાકારો કલાનાં વિવિધ ક્ષેત્રોમાં સુપ્રસિદ્ધ થયા. તેઓ પર તત્કાલીન કલાશૈલીઓની અસર નીચે એક નૂતન શૈલી સર્જાઈ કે ગુજરાતમાં પાંગરેલી એક શૈલી હતી. તેમાં અભ્યાસ હતો પરિશ્રમનો, વૃત્તિ હતી ભારતીયતાની. છાપ હતી બંગાળ શૈલીની. તેના પરિપાક-રૂપે રસિકલાલ પરીખ, છગનલાલ જાદવ, યજ્ઞેશ્વર શુક્લ, બંસી વર્મા, ભીખુ આચાર્ય, ચંદ્ર ત્રિવેદી, છારા, શાંતિ શાહ, દશરથ પટેલ વગેરે કલાકારો પ્રગટ્યા.



સી. એન. કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સનું પ્રવેશદ્વાર



આચાર્ય રસિકલાલ પરીખ

શ્રી રવિભાઈએ ભારતનાં વિવિધ કલાક્ષેત્રોનો પ્રવાસ કર્યો. કલકત્તા-શાંતિનિકેતન ગયા. ત્યાંના બંગાળી ચિત્રકારોનાં ચિત્રો - ચિત્રશૈલીઓનો અભ્યાસ કર્યો. ચિત્રકારો સાથે તેમના સંબંધો બંધાયા. રવિભાઈએ અમદાવાદ આવવા તેમને આમંત્રણ આપ્યું, પોતાના વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરાવી - પ્રવચનો ગોઠવ્યાં, તેમનાં લાઇવ ડેમોન્સ્ટ્રેશન રાખ્યાં અને તેમનાં ચિત્રો પણ 'કુમાર'માં પ્રગટ કર્યાં. આમ 'કુમાર' દ્વારા ભારતના જુદાજુદા પ્રદેશોનાં ચિત્રો ગુજરાતી પ્રજાને જોવા મળ્યાં. આ પ્રવૃત્તિ ધીમેધીમે વધતી ગઈ અને વ્યાપક પણ બની. 'કુમાર'ના દરેક અંકમાં એક આર્ટ પ્લેટ છપાતી.

સારાભાઈ પરિવાર દ્વારા સી. એન. (ચીમનલાલ નગીનદાસ) નામે પહેલાં એક છાત્રાલય અને બાદમાં સ્કૂલ - હાઈસ્કૂલ શરૂ થઈ, જેની એક વિશેષ પ્રવૃત્તિ એક વિસ્તરણરૂપે 'સી. એન. કૉલેજ ઑફ ફાઇન આર્ટ્સ'ની સ્થાપના થઈ. કલાકાર શ્રી રસિકલાલ પરીખ શેઠ સી. એન. કલા મહાવિદ્યાલયના આચાર્યપદે રહ્યા. તેમના માર્ગદર્શન નીચે અનેક તેજસ્વી કલાકારો તૈયાર થયા. તેમની પાસે તૈયાર થયેલા ચિત્રકારોમાં દશરથ પટેલ, શ્રી શાંતિ શાહ, નાગજીભાઈ ચૌહાણ, પ્રેમ રાવળ, ગજેન્દ્ર શાહ, નટુ પરીખ, શરદ પટેલ, ભાનુ શાહ, મહેન્દ્ર કડિયા, રમણીક ભાવસાર, માધવ રામાનુજ, છગનભાઈ મિસ્ત્રી, ભરત પંચાલ, ઊર્મિ પરીખ વગેરેનું એક મોટું જૂથ બહાર આવ્યું.

સી. એન. ફાઇન આર્ટ્સ કૉલેજમાં પેઇન્ટિંગ વિભાગની સાથે સાથે એપ્લાઇડ આર્ટ અને શિલ્પવિદ્યાનો અભ્યાસક્રમ પણ શરૂ થયો. શ્રી અરવિંદ દેસાઈ ઉપરાંત શ્રી અજિત દેસાઈ, શ્રી ભરત પંચાલ વગેરે અધ્યાપકોએ એપ્લાઇડ આર્ટમાં વિદ્યાર્થીઓને તૈયાર કર્યા. શિલ્પ-વિભાગમાં શરૂઆતનાં વર્ષોમાં શ્રી ડી. એસ. કેળકર શિલ્પ શીખવતા. એ સમયે આ વિભાગ લગભગ હૉબી-ક્લાસ પ્રકારનો હતો. શ્રી કેળકરે ઉત્તમ કોટિનાં શિલ્પોનું સર્જન કર્યું છે. નવો અભ્યાસક્રમ આવ્યા બાદ આ વિભાગમાં ઉલ્લેખનીય સેવાઓ એસ્થર ડેવિડની હતી. ચિત્ર અને શિલ્પસર્જન ઉપરાંત કલાવિવેચનક્ષેત્રે પણ તેમનું નોંધપાત્ર પ્રદાન હતું. પરંતુ તે ચીલાચાલુ શૈલી આવી રહેલા નવા ઉન્મેષો સાથે તાલ મિલાવી શકી નહિ.



કલાકાર સુરેશ શેઠે સી. એન. ફાઈન આર્ટ્સ કૉલેજમાં 'કલાનો ઇતિહાસ' વિષયનું અધ્યાપન કર્યું. ધ ટાઈમ્સ ઑફ ઇન્ડિયા તેમજ અન્ય સામયિકોમાં કલાપ્રદર્શનના વિવેચન પણ કર્યાં.

અમદાવાદમાં પિરાજી સાગરા, અમિત અંબાલાલ, કનૈયાલાલ યાદવ, રમણીક ભાવસાર, બાલકૃષ્ણ પટેલ, હકુ શાહ, મનુ પરીખ, ઈશ્વર સાગરા, મહેન્દ્ર કડિયા, સી. ડી. મિસ્ત્રી, નવીન ઢગત અને અનેક ચિત્રકારો તૈયાર થયા.

શ્યાવક્ષ ચાવડા, મનુ પારેખ, માધવી પારેખ, તૈયબ મહેતા, અમૃત પટેલ જેવા ચિત્રકારોએ ગુજરાત બહાર રહીને, પોતાનું સર્જન કરી કલાક્ષેત્રે ગુજરાતનું નામ

સી. એન.માં લાઈવ ડેમોન્સ્ટ્રેશન



સી.એન.માં ચિત્રપ્રદર્શન





હરવિટ્ઝ આર્ટ ગૅલેરીમાં ચિત્રપ્રદર્શન



આર્ચર આર્ટ ગૅલેરી

અમદાવાદની કલાપ્રવૃત્તિની ઐતિહાસિક ઘટના

"The activities started at *Amdavad Ni Gufa* and the Herwitz Gallery have gathered momentum like the pebble thrown into a still lake."-

ઉપરના શબ્દો વિશ્વવિખ્યાત સ્થપતિ બાલકૃષ્ણ દોશીના છે. જ્યારે અમદાવાદમાં કલાજગતનાં જળ સ્થળ જેવાં સ્થિર થઈ ગયાં હતાં - થોડા અપવાદ સિવાય કાંઈક અંશે શૂન્યાવકાશ સર્જાયો હતો ત્યારે અમદાવાદ - યુનિવર્સિટી સામે 'અમદાવાદની ગુફા'ના નિર્માણ નિમિત્તે, અમદાવાદના કલાજગતમાં એક ઐતિહાસિક ઘટના બની. 'આર્ચર' ગૅલેરીના શ્રી અનિલ રેલિયાએ અમદાવાદ-કલાજગતનાં થંભી ગયેલાં નીરને ગતિશીલ કરવા એક સરસ પ્રયત્ન કર્યો. 100 ઉપરાંત કલાકારોનો સંપર્ક કરી, તેમનું એકએક ચિત્ર લઈને 'હરવિટ્ઝ ગૅલેરી' ખાતે એક મહાપ્રદર્શનનું આયોજન કર્યું. અમદાવાદના કલારસિકોને એકસાથે આટલી મોટી સંખ્યામાં, વૈવિધ્યભરી કલાકૃતિઓ જોવા મળી. આટલી મોટી સંખ્યામાં અમદાવાદમાં કલાકારો છે તેનો ખ્યાલ આવ્યો. ચિત્રકાર શ્રી વૃંદાવન સોલંકીએ પ્રદર્શનનું આયોજન કર્યું હતું અને કલાકાર એમ. એફ. હુસેન અને 'અમદાવાદની ગુફા' સમિતિના અધ્યક્ષ શ્રી ગુણવંત મંગળદાસના તેને આશીર્વાદ સાંપડ્યા હતા. આ ઘટનાથી અમદાવાદના કલાકારો એકબીજાની નિકટ આવ્યા, એકબીજાનાં કામ જોયાં. સૌને એક પ્લૅટફૉર્મ પર ભેગા કરવાનો યશ અનિલ રેલિયાને છે. તેમના પરિશ્રમથી જ આ શક્ય બન્યું. તેના પરિણામે પીઢ કલાકારોને સ્વીકૃતિ મળી અને ઉપરાંત નવોદિત કલાકારોને પ્રોત્સાહન મળ્યું. ત્યાર બાદ ઉત્તરોત્તર નવાનવા કલાકારોનાં ચિત્રદર્શનો યોજાતાં રહે છે. ગુજરાત રાજ્ય લલિત અકાદમી દ્વારા પ્રદર્શનો યોજવા મળતી સહાયને કારણે પણ કલાપ્રવૃત્તિને ઘણો વેગ મળ્યો છે. આજે અમદાવાદના કલાજગતનું ચિત્ર ઘણું બદલાયેલું છે. અમદાવાદમાં હરવિટ્ઝ ગૅલેરી, હઠીસિંગ ગૅલેરી, રવિશંકર રાવળ ગૅલેરી, મારવેલ ગૅલેરી, કૉન્ટેમ્પરરી ગૅલેરી તથા બીજી આર્ટ ગૅલેરીઓમાં કલા પ્રદર્શનો થતાં રહે છે. પ્રદર્શનોનાં આમંત્રણપત્રો પણ કલાકૃતિ જેવાં સુંદર હોય છે. ચિત્રો વેચાય છે અને કલાકારોને પ્રોત્સાહન મળે છે. આજે એક નવી હવા બંધાઈ છે. આ ઘટનાની સફળતા અને તેના દૂરગામી પરિણામો માટે શ્રી રેલિયાનો મોટો ફાળો છે.

ઉજ્જ્વળ કર્યું. સાંપ્રત સમયમાં નવી પેઢીના કલાકારો પણ પ્રવૃત્ત છે.

સોમાલાલ શાહે વડોદરામાં શ્રી પ્રમોદબાબુ પાસે તાલીમ લઈને ગુજરાતના ચિત્રજગતમાં આગવું પ્રદાન કર્યું. તેમની શિક્ષણપ્રણાલીમાંથી ભાવનગરમાં એક કલાવૃંદ સર્જાયું. ખોડીદાસ પરમાર, ભૂપત લાડવા, વિનય ત્રિવેદી, માર્કંડ ભટ્ટ, જ્યોતિ ભટ્ટ અને બીજા અનેક ચિત્રકારો થયા. માર્કંડ ભટ્ટ વડોદરાની કલાશાળાના આદ્યસ્થાપક બન્યા.

સોમાલાલ શાહની કલાધારા રવિભાઈથી જુદી પડી. સોમાલાલ શાહે તેમના સર્જનમાં રંગને વધુ મહત્ત્વ આપ્યું. ચમકતા રંગો અને સૌરાષ્ટ્રના જીવનની શૈલી વિકસી.

ભાવનગરમાં 'ગ્રુપ 1890' : ઊગ્યું અને આથમ્યું

કલાપ્રવૃત્તિક્ષેત્રે ભાગ્યે જ કોઈને જાણ હોય તેવી ઘટના સાઠના દાયકાના આરંભમાં બની હતી. સર્વશ્રી જ્યોતિ ભટ્ટ, હિંમત શાહ, જેરામ પટેલ, રાઘવ કનેરિયા, રાજેશ મહેરા, જે. સ્વામીનાથન, નિકમ, ગુલામ શેખ, અંબા બાલુભાઈ, એરિક બોવેન અને એમ. રેડીપ્પા નાયડુએ ભાવનગરમાં 1962ના ઑગસ્ટમાં એક ગ્રુપની રચના કરી હતી. કલાના અપૂર્વ ચાહક અને કલામર્મજ્ઞ એવા જ્યોતિ અને જયંત પંડ્યા આ ગ્રુપના યજમાન સમા કલા-પ્રોત્સાહકો હતા. તેમના ઘરના નંબર ઉપરથી આ ગ્રુપનું નામ 'ગ્રુપ 1890'

અમદાવાદની ગુફાના પ્રાંગણમાં કલાકારોનો મેળો



એવું પાડવામાં આવ્યું હતું. 1963માં દિલ્હીમાં તેમણે એક શો કર્યો હતો - જેનું ઉદ્‌ઘાટન પં. નહેરુએ કર્યું હતું. પરંતુ ગ્રૂપનો એ પહેલો અને છેલ્લો શો બની રહ્યો. ગ્રુપના કલાકારો પોતપોતાની પ્રવૃત્તિમાં ખોવાઈ ગયા અને પછી કોઈ પ્રવૃત્તિ થઈ નહિ.

વડોદરામાં કલાપ્રવૃત્તિ

કલાપ્રીતિ ધરાવતા શ્રીમંત મહારાજા સયાજીરાવની સાથે વડોદરામાં કલાનાં પગરણની શરૂઆત થઈ. તેમણે કલાકાર રાજા રવિવર્માને વડોદરા આમંત્ર્યા અને રાજકુટુંબનાં ચિત્રો તૈયાર કરાવ્યાં, કીર્તિમંદિરમાં શાન્તિનિકેતનના નંદલાલ બોઝ પાસે ચિત્રો દોરાવ્યાં, કલા અને કારીગરી માટે 'કલાભુવન'ની સ્થાપના કરી, એમ. એસ. યુનિવર્સિટીની સ્થાપના કરી.



માર્કંડ ભટ્ટ



એન. એસ. બેન્દ્રે



શંખો ચૌધરી

ઈ. 1949માં યુનિર્વસિટીના તત્કાલીન વાઈસ-ચાન્સેલર સંસ્કારસંપન્ન શ્રીમતી હંસાબહેન મહેતાએ યુનિવર્સિટીના વિસ્તરણ સમી 'ફેકલ્ટી ઑફ ફાઈન આર્ટની સ્થાપના કરી. તે પણ નવી વિચારધારાને આવકારતાં. સંસ્થાના પહેલા ડીન શ્રી માર્કંડ ભટ્ટે પોતાની સાથે આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાત એન. એસ. બેન્દ્રે, શંખો ચૌધરી અને કે. જી. સુબમણ્યમ્ જેવા

અનિલ રેલિયા - સેરિગ્રાફી - આર્ચર ગ્રાફિક સ્ટુડિયો

શ્રી અનિલ રેલિયાનો સૂરતમાં જન્મ. શાળાકીય અભ્યાસ બાદ વડોદરાની એમ. એસ. યુનિવર્સિટીની ફેકલ્ટી ઑફ ફાઈન આર્ટ્સમાંથી ગ્રેજ્યુએટ થઈ, એ જ વર્ષે ઈ. 1978માં અમદાવાદમાં નાના પાયે સિલ્ક સ્ક્રીન પ્રિન્ટિંગ યુનિટ શરૂ કર્યું. આ માધ્યમમાં શ્રી રેલિયાએ આગવી સૂઝથી જે પ્રકારનાં સર્જનાત્મક કામ કરવા માંડ્યાં, તેનાથી અગ્રણી એડ. એજન્સીઓનું ધ્યાન ખેંચાયું અને તેમણે શ્રી રેલિયાની શક્તિનો ઉપયોગ કરવા માંડ્યો.

શ્રી અનિલ રેલિયાની કલાકાર તરીકેની સર્જકતા અને સિલ્ક સ્ક્રીન પ્રિન્ટિંગમાં સતત નવા પ્રયોગો કરવાની સજ્જતાને કારણે તેમણે આ માધ્યમને એક સામાન્ય પ્રોસેસમાંથી કલાત્મક ઊંચાઈએ પહોંચાડી. પરિણામે દેશના સુપ્રસિદ્ધ કલાકારોનાં પેઇન્ટિંગ, સ્ક્રીન પ્રિન્ટિંગના માધ્યમમાં ભભકદાર ફ્લૅટ રંગોમાં ઢાળીને તેમણે નખશિખ હૂબહૂ પ્રતિકૃતિઓ તૈયાર કરવાનું આગવું કાર્ય શરૂ કર્યું.

હુસેન, રઝા, મનજિત બાવા, જોગેન ચૌધરી, અમિત અંબાલાલ જેવા વિશ્વવિખ્યાત કલાકારોનો સાથ-સહકાર મેળવી શક્યા. શ્રી અનિલ રેલિયા દેશના એક મહત્ત્વના કલા-સંગ્રાહક છે. આ માટે તેમણે એક વિશાળ સ્ટુડિયો ઊભો કર્યો. - 'આર્ચર' - ચિત્રોના કલર-સેપરેશનમાં 35-40 જેટલા કે તેથી વધુ રંગોમાં સ્ક્રીન પ્રિન્ટીંગ કરીને કલાકારોની બહુમૂલ્ય કલાકૃતિઓની ગણતરીની નકલો ઉતારવામાં આવે છે. કોઈ ઉચ્ચકોટિના કલાકારની બહુમૂલ્ય મૂળકૃતિ એક જ વ્યક્તિ માણી શકે તેને બદલે વધુ કલારસિકો માટે સુલભ કરી આપી. આજે તો કલાવિશ્વમાં ભારે પરિવર્તન આવી ગયું છે. લાખો અને ક્યારેક કરોડોની કિંમત ધરાવતું પેઇન્ટિંગ સૌને પરવડે નહિ. તેવા કલારસિકોને આવી પ્રિન્ટ્સ 25-30 હજારથી માંડીને ચાર-પાંચ લાખ રૂપિયામાં મળી શકે છે. આ દરેક પ્રિન્ટ ઉપર પ્રિન્ટ નંબર અને જે તે ચિત્રકારની સહી હોય છે - તેમ જ સાથે તેની અધિકૃતતાનું સર્ટિફિકેટ હોય છે. આ પ્રિન્ટ સેરિગ્રાફી (serigraphy) તરીકે ઓળખાય છે. આ પ્રિન્ટ ચિત્રકારે જે સાઇઝમાં ચિત્ર કર્યું હોય છે તે જ સાઇઝમાં તૈયાર કરવામાં આવે છે. કેટલીક પ્રિન્ટો છ-સાત ફૂટની હોય છે.

તેમની શ્રેષ્ઠ કામગીરી બદલ તેમને રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય કક્ષાના ઍવૉર્ડ પ્રાપ્ત થયા છે. શ્રી રેલિયાનો અમદાવાદમાં આર્ચર ગ્રાફિક સ્ટુડિયો તેમ જ આર્ટ ગેલેરી છે. ભારતના અને કેટલાક વિદેશોના પણ મોટા ગજાના કલાકારોનો શ્રી રેલિયા સહકાર મેળવી શક્યા છે. આવું વિલક્ષણ કાર્ય દેશભરમાં માત્ર એક જ સ્થળે અને તે ગુજરાત-અમદાવાદમાં થાય છે તે ગૌરવની વાત છે.



અનિલ રેલિયા



પોતાના પેઈન્ટિંગની સેરિગ્રાફી નિહાળતા કલાકાર એસ. એમ. રઝા



આર્ચર સિલ્ક સ્કીન પ્રિન્ટિંગ સ્ટુડિયો



ચિત્રકાર : એન. એસ. બેન્દ્રે



ચિત્રકાર : શાંતિ દવે



શંખો ચૌધરીનું એક શિલ્પ

કલાકારો અને કલાવિદોને પોતાની સંસ્થામાં આમંત્ર્યા. આ કારણે આ સંસ્થાને એક તાજગીભર્યો માહોલ મળ્યો. ગુજરાતની કલા ધાટીમાંથી બદલાઈ અને હવે જે સર્જન થયાં તે અદ્યતન પશ્ચિમી કલાના વિવિધ વાદો સાથે સંકળાયાં હતાં. તેમ છતાં અભ્યાસમાં ભારતીય કલાનું મહત્ત્વ જળવાયું હતું. મિનિયેચર શૈલીના જાણકાર ગ્યાસીલાલ વર્માને પણ સ્થાન હતું. કલાના ઇતિહાસનું મહત્ત્વ પણ પૂરતું હતું, પરંતુ કલા આંતરરાષ્ટ્રીય સ્તર પર વિહરવા માંડી.

વડોદરામાં યુનિવર્સિટી-કક્ષાએ ચિત્રકળા, શિલ્પકળા, એપ્લાઇડ આર્ટ અને ગ્રાફિક્સના અભ્યાસક્રમનું શિક્ષણ આપતી દેશભરની સર્વપ્રથમ ફાઇન આર્ટ્સ ફેકલ્ટી સ્થપાઈ. ગુજરાતની કલાશૈલીમાં એક નવો જ વળાંક આવ્યો. પરદેશમાં કલાશૈલીઓ ઘણાં પરિવર્તનો પામી હતી. કલા વિશેના ખ્યાલોમાં ધરમૂળથી ફેરફાર થયા હતા, તેને ભારતમાં અમૃતા શેરગિલ, રવીન્દ્રનાથ ટાગોર અને ગગનેન્દ્રનાથ ટાગોરે સમજપૂર્વક અપનાવ્યાં. પરદેશ જઈ આવેલ માર્કંડ ભટ્ટે વડોદરાની કલાશાળામાં ઊંચાં તત્ત્વો આવકાર્યાં, ગુજરાતની પારંપરિક શૈલીઓમાંથી બહાર નીકળી તેમણે કલાની અભિવ્યક્તિનાં નવાં માધ્યમો, નવાં વિષયો-શૈલી અપનાવ્યાં. વિશ્વના કલાપ્રવાહો ઝીલીને તેમણે પોતાની સંવેદનાનો અભિવ્યક્ત કરી. આ પરિવર્તનનું શ્રેય સંસ્થાના સ્થાપકોની દૂરંદેશીને જાય છે. ફેકલ્ટી ઓફ ફાઈન આર્ટ્સનું સુકાન તેમણે જેમના હાથોમાં સોંપ્યું તે એવા કલાકારો હતા જેમણે વિશ્વમાં કલા-પ્રવાહો જોયા હતા.

ફેકલ્ટી ઑફ ફાઈન આર્ટ્સ, વડોદરા : ચિત્ર પ્રદર્શન નિહાળતા કે. એસ. સુબ્રમણ્યમ અને અનિલ રેલિયા



સર્વશ્રી શાંતિ દવે, જ્યોતિ ભટ્ટ, મહેન્દ્ર પંડ્યા, ગુલામ મોહમ્મદ શેખ, ભૂપેન ખખ્ખર, જયંત પરીખ, વિનોદ શાહ, વિનય ત્રિવેદી, પ્રભા ડાંગરે, નયના દલાલ, રમેશ પંડ્યા અને બીજા અનેક કલાકારો પ્રકાશમાં આવ્યા. પ્રો. નીલેશ્વર, શ્રીધર બેન્દ્રે, શંખો ચૌધરી અને કે. જી. સુબ્રમણ્યમના નેતૃત્વ નીચે ખૂબ થોડા જ સમયમાં આધુનિક યુવાન કલાકારોની એક પેઢી બહાર આવી.

આ કલાકારોમાં શાંતિ દવે, જ્યોતિ ભટ્ટ, સંતોષ, ત્રિલોક કૌલ વગેરે ચિત્રકારોએ પોતાની આગવી શૈલી વિકસાવી. આ કલાશાળામાં અનેક પ્રયોગશીલ કલાકારોએ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ભારતનું નામ રોશન કર્યું. ત્યાર બાદ આ સંસ્થાની ઉત્તરોત્તર પ્રગતિ થવા લાગી. જેરામ પટેલ ઉપરાંત ગુલામ મહોમ્મદ શેખ, ભૂપેન ખખ્ખર જેવા વડોદરા સ્કૂલના પ્રતિભાશાળી ચિત્રકારો ત્યાં શિક્ષણકાર્યમાં પણ જોડાયા. શિલ્પમાં મહેન્દ્ર પંડ્યા, રાઘવ કનેરિયા અને નાગજી પટેલે પોતાની રીતે જુદા જુદા માધ્યમમાં કામ કરી પ્રદાન કર્યું છે. યુવાન શિલ્પીઓમાં ધ્રુવ મિસ્ત્રી, રવીન્દ્ર રેડ્ડી અને પુષ્પમાલાએ સારી કક્ષાનું કામ કર્યું છે. આધુનિક કળાની હવા દેશનાં મોટાં શહેરોમાં ફેલાઈ ગઈ તેમ જ મોટાં શહેરોમાં ડિગ્રી-કક્ષાની કળાસંસ્થાઓ શરૂ થવા લાગી. અથવા તો અગ્રણી યુનિવર્સિટીઓની સંલગ્ન કૉલેજો તરીકે સ્થપાવા માંડી. તેમાં ચિત્રકળા, શિલ્પકળા તેમ જ અન્ય લલિતકલાઓ માટેના ડિગ્રીકક્ષાના અભ્યાસક્રમો શરૂ થતા ગયા.

ગુજરાતમાં કલાનાં મુખ્ય ત્રણ કેન્દ્ર ગણાય - અમદાવાદ, વડોદરા અને સુરત. સૌરાષ્ટ્રમાં ભાવનગર અને રાજકોટ. ગુજરાતની કલાના વિકાસમાં રાજકોટમાં મગનલાલ ત્રિવેદી, મનહર મકવાણા, બળવંત જોષી વગેરે સતત સર્જન કરતા રહ્યા છે. આ વિકાસની બીજી બાજુ તે જ સમયે સૌરાષ્ટ્રમાં ભાવનગર અને રાજકોટમાં પણ કલાવર્તુળો કામ કરતાં, પરંતુ તેઓ પ્રણાલિકાગત પ્રવાહ સાથે રહ્યાં.

સુરતમાં કલાપ્રવૃત્તિ

સુરતમાં કલાનાં પગરણ તો 1955માં રાષ્ટ્રીય કલાકેન્દ્ર સંસ્થા દ્વારા થયેલા. તેના સ્થાપક હતા ગની દહીંવાળા, વજુભાઈ ટાંક, વાસુદેવ સ્માર્ત અને ચંદ્રકાંત પુરોહિત.

શ્રી ગની દહીંવાળાએ સાહિત્યક્ષેત્રે, શ્રી વજુભાઈ ટાંકે નાટ્યક્ષેત્રે અને શ્રી વાસુદેવ સ્માર્તે કળાક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ ચાલુ કરી. વાસુદેવ સ્માર્ત દર 26મી જાન્યુઆરીએ ગાંધીબાગ ખાતે બાળકો માટે 1960થી ચિત્રસ્પર્ધાનું આયોજન કરતા. આ પ્રવૃત્તિનો દોર પછી તેમના પુત્ર શ્રી જગદીપ સ્માર્તે સંભાળ્યો જેમાં તેમણે રાષ્ટ્રીય કલાકેન્દ્રમાં ચિત્રપ્રવૃત્તિઓ શરૂ કરી. સુરતમાં લગભગ છેલ્લાં 25 વર્ષથી ફાઇન આર્ટ્સ વિભાગ શરૂ કરવાના પ્રયત્નો થયા હતા, પણ કોઈ કારણોસર તે ચાલુ થઈ શક્યો નહિ. આખરે જગદીપ સ્માર્તના પ્રયત્ને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ઈ. સ. 2006માં વાઈસ-ચાન્સેલર દેશ્કરસાહેબની આગેવાની હેઠળ આ ફાઈન આર્ટ્સ વિભાગ હાલમાં રાજર્ષિ સ્માર્ત સંભાળી રહ્યા છે. રાષ્ટ્રીય કલાકેન્દ્રમાં અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ફાઈન આર્ટ્સ ડિપાર્ટમેન્ટમાં કન્વીનર તરીકે શ્રી રાજર્ષિ સ્માર્ત સેવા આપી રહ્યા છે, જેઓ શ્રી જગદીપ સ્માર્તના પુત્ર છે. વીર નર્મદ યુનિવર્સિટીમાં શરૂ થયેલો ફાઈન આર્ટ્સ વિભાગ એ વડોદરા પછીની બીજી કળાસંસ્થા છે જે વિદ્યાર્થીઓને કળાની ડિગ્રી આપે છે.

કળા-પ્રતિષ્ઠાન :

સુરતમાં 'ગુજરાત કળા પ્રતિષ્ઠાન' નામની એક સંસ્થા પણ કામ કરી રહી છે જેના સંસ્થાપક છે શ્રી જશુભાઈ નાયક. 'કળા-પ્રતિષ્ઠાન' ઈ. 2006થી સુરતમાં કાર્યરત છે, જેણે પાંચ કળા-શિબિરો, પાંચ કળાનાં પ્રદર્શનો ઉપરાંત કળાને લગતી ઘણીબધી પ્રવૃત્તિઓ કરી છે. 450થી પણ વધુ ચિત્રકારો તેના સભ્ય છે. ચિત્રકારોની કલાકૃતિઓને તેના રસિકજનો સુધી પહોંચાડી તેને પ્રોત્સાહિત કરવાનું અને ચિત્રકારોને આર્થિક સહાય આપવાનું પ્રશસ્ય કામ તે કરે છે.

સુરતમાં બે વર્ષ પહેલાં સુરત મ્યુનિસિપલ કૉર્પોરેશને એક કેન્દ્ર ઊભું કર્યું છે. જે 'સાયન્સ સેન્ટર'ના નામે ઓળખાય છે, જેમાં મ્યુઝિયમ, આર્ટ ગૅલેરી અને એમ્ફી-થીયેટર જેવી વ્યવસ્થાઓ મૂકવામાં આવી છે, જે ભારતમાં આવેલી અગ્રણી ગૅલેરીઓની તોલે આવે એવી છે.



કલાકાર જગદીપ સ્માર્ત

આધુનિક પ્રવાહો :

આઝાદી પછી ભારતીય કલાકારો અનેક વિદેશી કલાપ્રવાહોના સંપર્કમાં આવ્યા છે. પશ્ચિમના અનેક 'વાદો'ના વમળમાં આજનો કલાકાર અટવાઈ રહ્યો છે, ત્યારે 'પ્રયોગ' એ જ જીવન બની રહ્યું છે. આજે દરેક વ્યક્તિની શૈલી વ્યક્તિગત છે. સામૂહિક રીતે કોઈનો કોઈ પર પ્રભાવ રહ્યો નથી, રહી શકે નહીં એટલી ઝડપે આધુનિકતાનો પવન ફૂંકાઈ રહ્યો છે. દેશભરમાં કલાના ઉન્મેષો પ્રગટી રહ્યા હતા. સમાન વિચારસરણી ધરાવતા છતાં મૌલિક સર્જન કરતા કલાકારો માટે પોતાના સર્જનની અભિવ્યક્તિ માટે દેશનાં જે સ્થળો સહજ રીતે કલાનાં કેન્દ્રો બની ગયાં તેમાં ગુજરાત પણ એક મહત્ત્વનું કેન્દ્ર બન્યું છે.

નવી ચેતના - મુક્ત હવાનો સંચાર થતાં અનેક નવા પ્રયોગશીલ કલાકારો કલા-આકાશમાં પ્રગટ થયા. તેમણે ઈમ્પ્રેશનીઝમ, એક્સ્પ્રેસનીઝમ, સીમ્બોલીઝમ, ક્યુબીઝમ અને સરરિયાલીઝમ જેવા કલાજગતના'આધુનિક અભિગમો અપનાવીને વિશ્વના કલાજગતમાં સ્થાન મેળવ્યું.

જગદીપ સ્માર્ત


(જ. 9-3-1956 અ. 4-11-2009)



કલાકાર પિતા વાસુદેવ સ્માર્તનો વારસો દ્વિગુણિત કરી, તેમની પરંપરાગત શૈલી સાથે આધુનિક શૈલીનો વિનિયોગ કરનાર જગદીપનો સુરતમાં જન્મ. માધ્યમિક શિક્ષણ સુરતમાં લઈ, વડોદરાની ફાઈન આર્ટ્સ કોલેજમાંથી એમ.એ. થયા. તેમના દસ વૈયક્તિક પ્રદર્શનોમાં પહેલું પ્રદર્શન 1981માં બનારસમાં ભરાયું. આ ઉપરાંત અમદાવાદ - મુંબઈમાં પણ તેમનાં પ્રદર્શનો થયાં હતાં. જગદીપની રેખાઓમાં તરલતા અને રંગોની ભભક ધ્યાનાકર્ષક છે. વાસ્તવિક ચિત્રશૈલીમાં પાત્રોના અત્યંત સરલીકરણથી સામાન્ય ભાવકને પણ તે આકર્ષે છે. સુરતની નર્મદ યુનિવર્સિટીમાં ફાઈન આર્ટ્સના પ્રોફેસર તરીકે તેમણે સેવા આપી હતી. હુસેનની આત્મકથાનું તેમણે 'દાદાનો ડંગોરો લીધો' નામે ભાષાંતર કર્યું હતું. આ ઉપરાંત સુરતમાં થતી અનેક કલાપ્રવૃત્તિઓમાં તેઓ અગ્રેસર રહેતા.

સુરત આર્ટ ગૅલેરીઓમાં ચિત્રપ્રદર્શનમાં કલારસિકો





છબીકલા

ક્ષણોને કચકડામાં કંડારનારા તસવીરકારો

આપણે રોજેરોજ છાપાંમાં, મૅગેઝીનોમાં કે પુસ્તકોમાં સુંદર તસવીરો જોઈએ છીએ. વ્યક્તિ-વિશેષોની, સામાજિક, સાંસ્કૃતિક કે રાજકીય ઘટનાઓની યાદગાર ક્ષણોની આ તસવીરો એક પ્રકારનો ઇતિહાસ છે - દસ્તાવેજ છે - યાદગીરી છે અને ભવિષ્ય માટેની મૂડી છે. વ્યક્તિઓ અને પ્રસંગોને પ્રકાશમાં લાવનાર તસવીરકાર હંમેશાં નેપથ્યમાં રહે છે. પ્રજા તેમની કલાને જાણે છે પણ કલાકારને જાણતી નથી. ગુજરાતના એવા જૂજ ઉત્તમ તસવીર-કલાકારોની ખુદની તસવીરો અહીં આપવામાં આવી છે. તેમની તસવીરો આ પુસ્તકમાં પણ છે. આ કલાકારોએ આ યાંત્રિક કલાને સર્જનાત્મક કક્ષાએ સજાવી છે. આવા બીજા પણ નામી-અનામી તસવીરકારો છે. તેમની ક્ષમાપ્રાર્થના.

હોમાઈ વ્યારાવાલા



ભારતની અનેક રાજકીય ઘટનાઓને કૅમેરામાં કેદ કરનાર દેશના પહેલાં મહિલા તસવીરકાર

પ્રાણલાલ પટેલ



ગુજરાતની ભાતીગળ ગ્રામ્ય સંસ્કૃતિને તસ્વીરોને કૅમેરા દ્વારા સાચવીને નવી પેઢીને વારસો આપનાર

જગન મહેતા




ગાંધીયુગને કચકડે મઢીને અનેક અલભ્ય તસવીરો દેશને આપનાર તસવીરકાર

અશ્વિન મહેતા



હિમાલયનાં વિવિધ સમયે વિવિધ રૂપોને કચકડે મઢીને સાહિત્યિક આસ્વાદ કરાનાર

સુરેન્દ્ર પટેલ



સમાજજીવનની અનેક તાસીરોને કચકડે મઢીને ગુજરાતને સમૃદ્ધ કરનાર

સુલેમાન પટેલ



ગુજરાતના સિંહોની વિરલ અને કલાત્મક તસવીરો લેનાર ફોટો કલાકાર

ઝવેરીલાલ મહેતા



ગુજરાતમાં ફોટો જર્નાલિઝમની શરૂઆત કરનાર, 36 વર્ષ સુધી રાજકીય અને સામાજિક ઘટનાઓને કૅમેરામાં કેદ કરનાર

પરમાનંદ દલવાડી



તસવીર કલાના શાસ્ત્રના અભ્યાસુ અને આધુનિક ટેકનોલોજીને અપનાવનાર તસવીરકાર

દિનેશ શુક્લ



ઐતિહાસિક કે આધુનિક સ્થાપત્યો કે ગ્રામ્યજીવનનાં દૃશ્યોને ઝડપીને તેને ઉચ્ચ કોટિનાં મૅગેઝીનો દ્વારા પ્રજા સુધી પહોંચાડનાર

તસવીરકારોનું આદરપૂર્વક સ્મરણ

ગુજરાતે અનેક કુશળ તસવીરકારો આપ્યા છે. આજથી લગભગ 100 વર્ષ પહેલાં 1917માં અમદાવાદમાં 'કાનેટકર એન્ડ કું.' નામે પહેલા ફોટો-સ્ટુડિયોની શરૂઆત થઈ. ત્યાર બાદ ધીમે ધીમે બીજા સ્ટુડિયો પણ શરૂ થયા. મુંબઈમાં હાજી મહંમદ શિવજી અલ્લારખિયાએ 'વીસમી સદી' માસિકમાં ફોટોગ્રાફ છાપવા શરૂ કર્યા. તે પછી કુમારમાં અનેક તસવીરકારોની ઉત્તમ તસવીરો પ્રગટ થતી હતી. આ બે પાનામાં વર્તમાન સમયના કેટલાંક તસવીરકારોના ફોટોગ્રાફ આપવામાં આવ્યા છે. પરંતુ સાથે સાથે અન્ય દિવંગત તેમજ હાલમાં વિદ્યમાન કેટલાક તસવીરકારોને પણ આદરપૂર્વક યાદ કરીએ છીએ.

સર્વશ્રી એ. એલ. સૈયદ અખ્તર સૈયદ, ભારદ્વાજ, મફતલાલ દૂધિયા, કર્નલ બળવંત ભટ્ટ, દત્તુ ખોપકર, શ્રીદામ ભટ્ટ, સુખદેવ ભચેચ, મણિલાલ મિસ્ત્રી, સોરાબજી ખારેગાટ તથા સર્વશ્રી કિશોર પારેખ, ભીખુભાઈ રાજપૂત, જ્યોતિ ભટ્ટ, રમેશ પંડ્યા, આનંદ પટેલ, વ્રજ મિસ્ત્રી, અરવિંદ ઘોષાલકર, બ્રહ્મજ્ઞ પટેલ, દિલીપ ઠાકર, પીયૂષ પટેલ વગેરે. શરતચૂકથી નામોલ્લેખ કરવો રહી ગયો હોય તેમની ક્ષમાપ્રાર્થના.

દિલીપ ઠાકર



ગુજરાતભરના શિલ્પ-સ્થાપત્યો અને અમદાવાદ શહેરના પારંપારિક અને અદ્યતન દૃશ્યો ઝડપનાર

સંજય વૈદ્ય



નિસર્ગની નજાકત અને વ્યક્તિની લાક્ષણિકતાઓ પકડી તેને સૌંદર્યનો ઓપ આપનાર ફોટો-કલાકાર

વિવેક દેસાઈ



અઘોરીઓના ટોળામાં ભળી જઈ તેમના જીવનનું સંશોધન કરનાર, કચ્છની કલાનું રસપાન કરાવનાર

નૃત્ય

મલ્લિકા સારાભાઈ

(જ. 9-5-1953)

આંતરરાષ્ટ્રીય-ખ્યાતિપ્રાપ્ત ગુજરાતનાં નૃત્યાંગના અને અભિનેત્રી મલ્લિકા સારાભાઈનો જન્મ અમદાવાદમાં. માનસ-શાસ્ત્રમાં પીએચ.ડી. અને એમ.બી.એ. જેવી ઉચ્ચ પદવી મેળવી. 'દર્પણ'માં પ્રશિક્ષણ લઈ ભરતનાટ્યમ્ અને કુચિપૂડી નૃત્યોમાં પ્રવીણતા મેળવી.

પ્રારંભે તેમણે ગુજરાતી-હિન્દી-ચલચિત્રક્ષેત્રે અભિનય આપી તેમની કલાની પ્રતીતિ કરાવી. તેમને ગુજરાત સરકારનો કલાક્ષેત્રનો ગૌરવ પુરસ્કાર અપાયો. ટી.વી. માટે પણ વિવિધ કાર્યક્રમો કર્યા. 'ટર્નિંગ પૉઇન્ટ', 'આઇ વિટનેસ', 'સ્ટોરી ટેલર' આદિ સંખ્યાબંધ શ્રેણીઓ માટે પ્રસ્તુતિકર્તાની ભૂમિકા કરી.

તેમણે કલાવિષયક વિવિધ પુસ્તકોનાં સંપાદનો કર્યાં છે. ભારતીય કળાને તેમણે પરદેશોમાં લોકપ્રિય બનાવી છે. યુરોપીય દેશો, અમેરિકા, ચીન, પશ્ચિમ એશિયા, આફ્રિકી દેશો અને ઑસ્ટ્રેલિયાનાં મોટાં નગરોમાં તેમણે નૃત્યપ્રદર્શનો પ્રયોજ્યાં છે. તેમની બહુમુખી પ્રતિભામાં નૃત્યનિર્દેશન અને નૃત્ય-સંગીતાલેખન શિરમોર સમાન છે.



મૃણાલિની સારાભાઈ

(જ. 1928)



દક્ષિણ ભારતમાં જન્મેલાં પણ લગ્નથી ગુજરાતમાં આવેલાં મૃણાલિનીબહેન ગુજરાતની સાંસ્કૃતિક પ્રવૃત્તિના ક્ષેત્રે સવાયાં ગુજરાતી બની રહ્યાં છે. સુવિખ્યાત નૃત્યગુરુ મીનાક્ષી સુન્દરમ્ પિલ્લાઈ પાસેથી તેમણે ભરતનાટ્યમ્‌ની નૃત્યદીક્ષા લીધી છે. આ ઉપરાંત એમણે યુરોપિયન બૅલે તેમ જ અન્ય નૃત્યશૈલીઓનો અભ્યાસ કર્યો છે. શાંતિનિકેતનમાં પણ તેમણે નૃત્યશિક્ષા લીધી હતી. તેમના નૃત્યમાં ભરતનાટ્યમ્‌નું શુદ્ધ સ્વરૂપ જોવા મળે છે. નૃત્યનાટિકાઓના અનેકવિધ પ્રયોગોમાં તેમની વૈવિધ્યપૂર્ણ તજ્જ્ઞતાનો પણ પરિચય થાય છે. પરંપરાગત અને નવીનતાનો સૌંદર્યલક્ષી સુમેળ કરતી તેમની નૃત્યરચનાને કારણે અને તેમની સર્જનાત્મકતાને પરિણામે તેમને વારંવાર સન્માનિત કરાયાં છે.

તેમની સંસ્થા 'દર્પણ' નૃત્ય અને નાટ્યના ક્ષેત્રે ગુજરાતમાં નવું મોજું પ્રસરાવી ગુજરાતી પ્રજામાં આ કલાઓને લોકપ્રિય કરનાર અભિયાન સમી બની રહી છે.

તેમના પતિ વિક્રમ સારાભાઈએ જેમ વિજ્ઞાનક્ષેત્રે તેમ મૃણાલિનીએ કલાક્ષેત્રે અસાધારણ સિદ્ધિ મેળવી છે ને પ્રજામાં તે પ્રસરાવી છે. મૃણાલિનીબહેને હસ્તોદ્યોગ ને હાથવણાટ કૉર્પોરેશનનાં ચેરમૅન તરીકે, તેમના ઇન્ડિયન ફિલેટેલિક બ્યૂરો, નૅશનલ સેન્ટર ઑફ પરફૉર્મિંગ આર્ટ્સ ફ્રેન્ડેચેઇઝ, ફ્રેન્ડ્સ ઑફ ટ્રીઝ, ગુજરાત સંગીત નાટક અકાદમી, સિટિઝન્સ કાઉન્સિલ જેવી અનેક રાષ્ટ્રીય કે ગુજરાતવ્યાપી સંસ્થાઓ અને પ્રવૃત્તિમંડળોમાં અધ્યક્ષ કે સભ્ય તરીકે સક્રિય સેવાઓ આપી છે.

'દર્પણ'



મૃણાલિની અને 'દર્પણ' એકબીજાનાં પર્યાય છે. અમદાવાદના ઉદ્યોગપતિ અંબાલાલ સારાભાઈના સુપુત્ર, વિજ્ઞાની ડૉ. વિક્રમ સારાભાઈ સાથે લગ્નગ્રંથિથી જોડાયેલાં મૃણાલિનીએ ગુજરાતમાં આવીને અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવ્યું અને પોતાનાં કલાસર્જનનાં સ્વપ્ન સાકાર કરવા ઈ. 1949માં 'દર્પણ' નૃત્યસંસ્થાની સ્થાપના કરી હતી.

ભારત ઉપરાંત દુનિયાના અનેક દેશોમાં નૃત્યના કાર્યક્રમો કરવાને કારણે 'દર્પણ'ને કલાક્ષેત્રે ખૂબ ખ્યાતિ મળી. ઘરઆંગણે પણ 'દર્પણ'ના કાર્યક્ષેત્રનો વિસ્તાર થવા લાગ્યો - વિવિધ કલાપ્રવૃત્તિઓનું ઉમેરણ થતું ગયું. નાટ્યપ્રવૃત્તિ શરૂ થઈ. સમકાલીન નાટકો ભજવવાનું શરૂ થયું. આમ આધુનિક નાટ્યલેખકો, દિગ્દર્શકો, કલાકારો તેમ જ તકનિકીક્ષેત્રના કસબીઓને પ્રયોગો માટેનું 'દર્પણે' તાજગીભરી હવાભર્યું વાતાવરણ આપ્યું. કઠપૂતળીના પ્રયોગો ઉમેરાયા. આંધ્ર-પ્રદેશથી નિષ્ણાત કલાકારો લાવીને છાયા-પપેટ શો રજૂ થયા. અમદાવાદમાં સૌપ્રથમ કથકલી એપ્રિસિયેશન ક્લબની સ્થાપના થઈ. 'દર્શિતા' ફિલ્મ સોસાયટી અને 'શતક'ની સ્થાપના થઈ.

અત્યાર સુધીમાં 'દર્પણે' 94 ઉપરાંત જેટલા દેશમાં લગભગ 25,000 જેટલા કાર્યક્રમો કર્યા છે. આ સંસ્થામાં નૃત્ય ઉપરાંત સંગીત, કઠપૂતળી અને નાટ્યક્ષેત્રે લગભગ 24,000 જેટલા વિદ્યાર્થીઓ સ્નાતક થયા છે. તદુપરાંત એક હજાર જેટલી તાલીમકાર્યશિબિર યોજવામાં આવી છે. સમયના વહેવા સાથે કળાના કેટલાક પ્રકારો નામશેષ થતા જાય છે તેવા લગભગ સત્તર કળાપ્રકારોને 'દર્પણે' પરિશ્રમપૂર્વક સંજીવની આપી છે. કલાક્ષેત્રની આ એક મોટી સેવા છે. 'દર્પણ' દ્વારા સાંસ્કૃતિક ક્ષેત્રનાં સાત પ્રકાશનો પ્રગટ થયાં છે તેમ જ અપ્રાપ્ય કે દુર્લભ પ્રતોનું પુનઃપ્રકાશન પણ કર્યું છે.

'દર્પણ'નું થિયેટર છે 'નટરાણી'. તેમાં નાટ્યપ્રયોગો થાય છે. 'નટરાણી' પ્રતિવર્ષ ડિસેમ્બરમાં 'ધ વિક્રમ સારાભાઈ ઇન્ટરનેશનલ આર્ટ્સ ફેસ્ટીવલ' ઊજવે છે. 'નટરાણી'નું અદ્યતન સુંદર એમ્ફીથિયેટર છે, જેમાં પ્રેક્ષકો માટે બેસવાની આગવી રચના છે. રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય-ખ્યાતિ પ્રાપ્ત કલાકારો અહીં નાટ્યપ્રવૃત્તિ કરે છે.



કુમુદિની લાખિયા

(જ. 1930)

કુમુદિની લાખિયા એટલે કથકનૃત્યના ક્ષેત્રે વિખ્યાત અને સન્માનનીય નામ. લગ્નસંબંધથી ગુજરાતને પોતાનું કરનાર કુમુદિનીબહેને કથ્થકના ઉત્તમ ગુરુઓ પાસેથી કળાદીક્ષા મેળવીને પોતાની પ્રતિભાથી આ કલાને સવાઈ શણગારી છે.

મુંબઈમાં જન્મ અને શિક્ષણ. નૃત્ય પ્રત્યે જરાય રુચિ નહિ એવાં કુમુદિનીને માતાએ ખૂબ આગ્રહ રાખીને નૃત્યપંથે વાળ્યાં. ચોપાટી પર સુંદરપ્રસાદ એમના પ્રથમ ગુરુ. પછી તો ઇજનેર પિતાની નોકરીને કારણે દિલ્હી, નૈનિતાલ, અલાહાબાદ વગેરે શહેરોમાં રહેવાનું બન્યું અને છેલ્લે લાહોર(તે સમયે પાકિસ્તાનમાં નહિ)માં રહેવાનું થયું.

કુમુદિનીના જીવનમાં એક મહત્ત્વની ઘટના 18મે વર્ષે બની. ઉદયશંકરને આના પાવલોવા સાથે પરિચય કરાવી ઉદયશંકરના જીવનની દિશા બદલી નાંખનાર કોમલતા દત્તે કુમુદિનીનો પરિચય વિખ્યાત નૃત્યકાર રામગોપાલ સાથે કરાવ્યો અને તે રામગોપાલના નૃત્યવૃંદ સાથે જોડાઈને લંડન પહોંચ્યાં.



'કદમ્બ'ના વિદ્યાર્થીઓ સમક્ષ લાઈવ ડેમોન્સ્ટ્રેશન

વ્યાવસાયિક નૃત્યકારો-સંગીતકારો સાથે કામ કરવાનો આ એક નવો અનુભવ હતો. રામગોપાલ પાસેથી તેઓ ઘણું શીખ્યાં. અનેક દેશોમાં કાર્યક્રમો કર્યા.

પોતાની કલાને હજી વધુ સમૃદ્ધ કરવા દિલ્હી જઈ, ભારતીય કલાકેન્દ્રમાં જોડાઈ, કથકના સુપ્રસિદ્ધ કલાગુરુ શંભુ મહારાજ પાસે બે વર્ષ સુધી લખનૌ ઘરાણાની તાલીમ લીધી.

દેશવિદેશનાં અનેક નગરોમાં પોતાના નૃત્ય-કાર્યક્રમો દ્વારા વિશ્વભરમાં ભારતીય નૃત્યકળાનાં આ વિશિષ્ટ પ્રકારની તેમણે પ્રતિષ્ઠા કરી છે, ભારતની કળાપરંપરાનું ગૌરવ વધાર્યું છે. તેમની કળાસિદ્ધિએ જ તેમને લોકપ્રસિદ્ધ કર્યાં છે અને તેને પરિણામે આજે અમદાવાદમાંની તેમની કથકનર્તનશાળા 'કદમ્બ' નૃત્યકલાર્થીઓનું આકર્ષણ બની રહી છે. સુપ્રસિદ્ધ હિન્દી ફિલ્મ 'ઉમરાવજાન' અને 'સૂરસંગમ'('શંકરાભરણમ'ની હિન્દી રૂપાંતર)માં તેમણે નૃત્યદશ્યો(કોરિયોગ્રાફી)નું દિગ્દર્શન કર્યું હતું.

ભારત સરકાર, ગુજરાત સરકાર અને પ્રજાનાં કેટલાંય કળામંડળોએ તેમની કલાપ્રતિભાને વિવિધ પુરસ્કારોથી સન્માનિત કરી તેનો આદર કર્યો છે. તેમાંના મુખ્ય છે - વર્લ્ડ થિયેટર ડે, વડોદરા (1972), ભારતીય સંગીત નાટ્યકલા એવૉર્ડ (1977), ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ઍવૉર્ડ (1979), કલારત્ન ઍવૉર્ડ, ભોપાલ (1982), નૅશનલ ઍવૉર્ડ - નવી દિલ્હી (1982), પદ્મશ્રી (1987), ઓમકારનાથ ઠાકુર, ગુજરાત રાજ્ય એવૉર્ડ (1990), નગરભૂષણ ઍવૉર્ડ - અમદાવાદ (1997), કાલિદાસ સન્માન - મધ્યપ્રદેશ સરકાર દ્વારા (2002) તેઓ સન્માનિત કરાયાં.

કુમુદિનીબહેનની કળામાં શાસ્ત્રજ્ઞાન અને સર્જનાત્મક કળાપ્રતિભાનો અભિનંદનીય સુયોગ છે. નૃત્યકાર, નૃત્યગુરુ તેમ જ નૃત્યસંચાલન અને નૃત્યગતિના આકૃતિનિર્માણમાં તો આજે તેઓ કથકક્ષેત્રે ભારતભરમાં અદ્વિતીય ગણાય છે.



'કદમ્બ'

કુમુદિની લાખિયાએ અમદાવાદમાં કથ્થકનૃત્યનાં શિક્ષણ અને પ્રસાર માટે 'કદમ્બ' સંસ્થાની 1967માં શરૂઆત કરી. સાંસ્કૃતિક ક્ષેત્રે ગુજરાત માટે આ એક મહત્ત્વની ઘટના સાબિત થઈ.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર નૃત્યકાર રામગોપાલ સાથે નૃત્યના કાર્યક્રમો કરનાર કુમુદિનીબહેનનાં કૌશલ્ય અને નિષ્ઠાને કારણે 'કદમ્બ' - વૃક્ષ પ્રતિવર્ષ ફૂલતું-ફાલતું રહ્યું. પ્રતિ વર્ષ તે વૃક્ષ પર નવાં-નવાં વિદ્યાર્થીઓ રૂપે નવાં સોહામણાં પાન બેસવા લાગ્યાં અને આજે 35 વર્ષે તો તે ઘેઘૂર વટવૃક્ષ સમી બની છે. 'કદમ્બ'માંથી સેંકડો વિદ્યાર્થીઓ પ્રતિવર્ષ દીક્ષા પામી કથકકળાને વિસ્તારતાં રહ્યાં છે.

'કદમ્બ'માં વિદ્યાર્થીઓ નૃત્ય શીખે છે, કુમુદિનીબહેન જેવાં તેજસ્વી કલાધારિત્રી પાસે કથકનું હાર્દ પામે છે - પ્રાચીનનું પરિશીલન કરવા સાથે નવાં સંશોધન અને પ્રયોગો પણ આદરે છે. કોરિયોગ્રાફીની કળામાં કુમુદિનીબહેનનું શ્રેષ્ઠ દાયિત્વ છે. આજે 'કદમ્બ', કથકનૃત્યશૈલીની, દેશભરની શ્રેષ્ઠ સંસ્થા છે. કથક દ્વારા દેશ અને પરદેશમાં પચાસેક જેટલા કાર્યક્રમો થયા છે અને હજી અવિરતપણે થઈ રહ્યા છે.

'કદમ્બ' દ્વારા અમેરિકા, ઇંગ્લેન્ડ, રશિયા, સ્વીડન, જર્મની, પૉર્ટુગલ, ઇન્ડોનેશિયા, ચીન, કોરિયા, પાકિસ્તાન, બ્રાઝિલ, ઇટાલી વગેરે દેશોમાં કાર્યક્રમો થયા છે. આ માટે ત્યાંનાં વર્તમાનપત્રો-સામયિકોમાં તેમ જ ટેલિવિઝન ઉપર પણ મુલાકાતો તેમ જ પ્રસારણ દ્વારા તે પ્રશંસા પામ્યાં છે. 'કદમ્બ' ગ્રૂપનું એક મહત્ત્વનું સબળ પાસું તેનું સંગીત પણ છે. સુપ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીત કલાકાર અતુલભાઈ દેસાઈનું 'કદમ્બ'માં મહત્ત્વનું યોગદાન છે.



દર્શના (જ. 1939),
નયના (1927-1986),
રંજના (જ. 1930),
સુવર્ણા (1935)

ઝવેરી બહેનો

મણિપુરી નર્તનક્ષેત્રમાં કલાકાર ઝવેરી બહેનોનું મહત્ત્વનું આગવું પ્રદાન છે. ચારે બહેનો નાની વયમાં મણિપુરી નૃત્યશૈલીની સુકુમારતા, મૃદુતા તથા ભક્તિસભરતાથી પ્રભાવિત થઈ તેના પ્રત્યે આકર્ષાઈ. એવામાં સર્જક પ્રતિભાવાળા ગુરુ બિપિનસિંહને ગુરુરૂપે મેળવવા ભાગ્યશાળી થયાં. 1949માં મણિપુરની પ્રથમ યાત્રા કરી ત્યાંના કલારસિક વાતાવરણમાં નૃત્યકલા શીખવાનો પ્રારંભ કર્યો. 10 વર્ષની સાધનાને અંતે ત્યાં ગોવિંદજી મંદિરમાં મણિપુર બહારના સર્વપ્રથમ કલાકાર તરીકે આત્મસમર્પણ કરવાનો અવસર સાંપડ્યો.

ત્યાર બાદ ગુરુ બિપિનસિંહનાં માર્ગદર્શન અને પ્રેરણાથી મણિપુરી નર્તન પર પ્રભુત્વ સિદ્ધ કરી, તેમણે તેનું પારંપરિક અને શાસ્ત્રીય સ્વરૂપ જાળવીને મંદિરની બહાર મંચ ઉપર પ્રસ્તુત કરવાનું અભિયાન આરંભ્યું. મંચ પર સાર્વજનિક કાર્યક્રમો, પ્રવચનો, લેખો, પુસ્તકો, રેડિયો તથા ટેલિવિઝન ઉપર કાર્યક્રમો એમ વિવિધ રૂપે તેમણે દેશમાં મણિપુરી નર્તનનો મહિમા સમજાવ્યો. પૂર્વભારતની આ મહાન શાસ્ત્રીય નૃત્યશૈલી વીસરાય તે પહેલાં તેમના અને અન્ય ઝવેરી બહેનોના પરિશ્રમથી ગૌરવપૂર્ણ પુનઃપ્રતિષ્ઠા પામી. આ સૌ બહેનો માટે પરદેશોમાં કાર્યક્રમો પ્રસ્તુત કરવાના પ્રસંગો વધવા લાગ્યા.

બીજી બાજુ, નૃત્યમાં શિક્ષણ અને સંશોધનના કાર્યને વેગ આપવા ગુરુ બિપિનસિંહ તથા કલાવતીદેવીના સાથથી તેમણે મણિપુર, કલકત્તા અને મુંબઈમાં મણિપુરી નર્તનાલય નામની સંસ્થા સ્થાપી. તેમાં અમેરિકાના ફૉર્ડ પ્રતિષ્ઠાનની આર્થિક સહાયનો લાભ મળતાં પ્રવૃત્તિનો વિસ્તાર શક્ય બન્યો અને નૃત્યશાસ્ત્રનાં 7 પુસ્તકોનું પ્રકાશન, શિક્ષણ માટે વિડિયો ટેપ જેવી અદ્યતન સામગ્રીનું નિર્માણ, દુર્લભ જૂનાં પુસ્તકોની જાળવણી તથા માઇક્રો રેકૉર્ડિંગની વ્યવસ્થા જેવી પ્રવૃત્તિઓ હાથ ધરી શકાઈ.

મણિપુરી-નર્તન-ક્ષેત્રે ઉત્તમ યોગદાન તથા નિપુણતા માટે આ શૈલીના મહાન ગુરુઓ અમુદાન શર્મા, અતંબાસિંહ, અમુલીસિંહ આદિ તરફથી પ્રમાણપત્રો મેળવ્યાં. નયના ઝવેરીને 1978માં કેન્દ્રની સંગીતનાટક અકાદમીનો તથા 1980માં ગુજરાત રાજ્યની સંગીતનાટક અકાદમીનો પુરસ્કાર મળ્યો. તે 1986માં મણિપુર અકાદમીનાં ફેલો નિમાયાં. ઝવેરી બહેનોને આ સિવાય કલાક્ષેત્રની વિવિધ સંસ્થાઓએ અનેક પ્રકારે સન્માન્યાં.

ચાર ઝવેરી બહેનો સમાન રીતે મણિપુરી-નર્તન-ક્ષેત્રે સક્રિય થઈ. તેમાં સૌથી નાનાં દર્શના ઝવેરી અત્યારે પણ સક્રિય છે. મોટી બહેનોની જેમ રુચિ જાળવી-વધારી અદ્ભુત કૌશલ પ્રાપ્ત કર્યું. તેમના પ્રયત્નોને સારો પ્રતિભાવ સાંપડ્યો. મોટી સંખ્યામાં યુવતીઓ મણિપુરી નૃત્યમાં રસ લેતી થઈ. નૃત્યમાં સંશોધનદૃષ્ટિ રાખી તેમણે વિરલ શાસ્ત્રોનું અભ્યાસલક્ષી સંપાદન કરી તેના આધારે કાર્યક્રમો ઘડવામાં તથા પાઠ્યક્રમો રચવામાં વિશેષ શ્રમ લીધો. તેમણે 'મણિપુરી નર્તન', 'મણિપુરી તાલપ્રકાશ', 'શાસ્ત્રીય મણિપુરી નૃત્ય' આદિ પુસ્તકો માટે પ્રેરણા તથા માર્ગદર્શન પૂરાં પાડ્યાં. ગુરુ બિપિનસિંહનાં 6 પુસ્તકોની પ્રસ્તાવનાઓ લખી. 'મણિપુરનાં નૃત્યો' નામના ગ્રંથમાં તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો.

આવી વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓ વચ્ચે તે પોતે મૂળે નૃત્યાંગના છે, એ વાત વીસર્યાં નથી. મણિપુરી શૈલીના લાસ્ય અને તાંડવ બંને પ્રકારો ઉપર પ્રભુત્વ ધરાવતાં હોવા ઉપરાંત તે નિષ્ણાત મૃદંગવાદક છે. નૃત્યમાં મૃદંગવાદન વડે તાલ પુરાવી શકે છે. 'નૃત્યવૃંદ'ના ઉપક્રમે 1982થી ભારતમાં તથા વિદેશોમાં નૃત્યના કાર્યક્રમો પ્રસ્તુત કરી રહ્યાં છે. મુંબઈ, કલકત્તા અને મણિપુરના 'મણિપુરી નર્તનાલય'ની વિવિધ પ્રવૃત્તિઓનું સફળ સંચાલન કરી રહ્યાં છે. મણિપુરી-નૃત્ય-ક્ષેત્રે 1956માં તેમને ગુરુઓના આશીર્વચનપત્રો પ્રાપ્ત થયા, ત્યારથી માંડીને 1992માં ગાંધીનગરની અક્ષર પુરુષોત્તમ સેવા સંસ્થાએ સન્માન કર્યું ત્યાં સુધીમાં અમદાવાદ, ઇમ્ફાલ, કલકત્તા, નાગપુર, મિદનાપુર, મુંબઈ, લૉસ ઍંજિલિસ, વડોદરા, સિલ્ચર આદિ સ્થળોની સંસ્થાઓ તથા વિદ્યાપીઠોએ તેમનું વિવિધ રીતે સન્માન કર્યું છે.



સવિતાબહેન મહેતા

(જ. 1922)

મણિપુરી નૃત્યનું ઊગમસ્થાન એવા મણિપુરની નૃત્ય અકાદમીમાં અભ્યાસ કરી 1955માં ડિપ્લોમા મેળવનાર સવિતાબહેન મહેતા સર્વપ્રથમ વિદ્યાર્થિની હતાં. તે જ રીતે મણિપુરની બ્રહ્મસભામાં અભ્યાસ કરી તેમણે સ્નાતકોત્તર પદવી 'નર્તન આચાર્ય' મેળવી. લંડન યુનિવર્સિટીમાં કરેલા અભ્યાસથી પૂર્વ-પશ્ચિમનાં દૃષ્ટિબિંદુઓનો તેમનામાં સુમેળ થયો.

તેમને મળેલા ઍવૉર્ડોમાં મણિપુરના મહારાજા દ્વારા 'ઉત્તમ મણિપુરી નર્તક', મહારાણી ધનમંજરીદેવી દ્વારા 'અમર ઉષા', તાંડવ અને લાસ્ય માટે 'ચંદ્રપ્રભા', ગુજરાત રાજ્ય સંગીત-નાટક-નૃત્ય અકાદમી દ્વારા તામ્રપત્ર વગેરે મુખ્ય છે. ગુજરાતની 'વિશ્વગુર્જરી' સંસ્થાએ પણ ઍવૉર્ડથી તેમને નવાજ્યાં છે. માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વના અનેક દેશોમાં કાર્યક્રમો આપી તેમ જ તેના શિક્ષણ દ્વારા સવિતાબહેને ભારતના શાસ્ત્રીય મણિપુરી નર્તનને પુરસ્કાર્યું છે.

ઈલાક્ષી ઠાકોર

(જ. 21-4-1936)



અમદાવાદમાં 'નૃત્યભારતી' સંસ્થાનાં સ્થાપક ઈલાક્ષીબહેનની નૃત્યયાત્રાનો પ્રારંભ કથક-નૃત્યની તાલીમ દ્વારા થયો હતો. ભરત-નાટ્યમ્ નૃત્યશૈલીમાં રસ પડતાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની મ્યુઝિક કૉલેજમાંથી 1960માં M. Mus.ની ડિગ્રી પ્રાપ્ત કરી. અરુણભાઈ ઠાકોર સાથે લગ્નથી જોડાયા પછી તેમની પ્રેરણાથી ઈ.સ.1960માં 'નૃત્ય ભારતી' સંસ્થાની સ્થાપના કરી. તેની શાખાઓ માત્ર ભારતમાં જ નહીં, પણ અમેરિકા, કૅનેડા, ન્યુઝીલૅન્ડ અને જાપાનમાં વિસ્તરી ચૂકી છે. લગભગ 11,000 વિદ્યાર્થિનીઓએ તેમની પાસેથી નૃત્યની તાલીમ લીધી છે.

ઈલાક્ષીબહેનની સિદ્ધિ એ છે કે તેમણે ગુજરાતી ભાષામાં ભરતનાટ્યમ્ નૃત્યની રચનાઓ રજૂ કરી છે. કવિ નરસિંહ મહેતા, સરોજિની નાયડુ, મીરાંબાઈ, ન્હાનાલાલ, પ્રેમાનંદ વગેરે ભક્ત-કવિઓનાં કાવ્યોને નૃત્યમાં ઉતારી, નૃત્ય તથા સાહિત્ય બન્નેને લોકભોગ્ય બનાવ્યાં છે. દક્ષિણ ભારતીય પરંપરાગત નૃત્યશૈલીના માર્ગમને ગુજરાતી તેમ જ હિન્દી ભાષામાં અનુવાદિત કરી તેને સમજવામાં સરળ બનાવ્યું છે. આવા જ નવતર પ્રયોગ દ્વારા અંગ્રેજી, હિન્દી તથા મરાઠી ભાષાઓની કવિતાઓ ઉપર પણ નૃત્ય-સંયોજનો સફળપૂર્વક કરેલાં છે. નૃત્યક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ તેમને અનેક સંસ્થાઓ દ્વારા સન્માનવામાં આવ્યાં છે. ભરતનાટ્યમ્-નૃત્યક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન બદલ ગુજરાત સરકાર તરફથી 1981માં 'ગૌરવ પુરસ્કાર', મુંબઈની 'અમૃતા' સંસ્થા તરફથી 1982માં 'અમૃતા ઍવૉર્ડ', વડોદરાની નાટ્યસંસ્થા તરફથી 1979માં 'ત્રિવેણી ઍવૉર્ડ' અને તાજેતરમાં જ યુએસએના ટેનીસી તરફથી 1999માં 'પોટલુરી ઍવૉર્ડ'થી તેમને સન્માનવામાં આવ્યાં છે.

તેમણે 1972થી ગુજરાત સંગીત નાટક અકાદમીના સક્રિય સભ્ય તરીકે સેવા આપી છે. ગુજરાતની અનેક કૉલેજોમાં નૃત્યના વિષય માટે વિઝિટિંગ લેક્ચરર તરીકે પણ સેવાઓ આપી છે. નૃત્યક્ષેત્રે પીએચ.ડી. કરી રહેલ વિદ્યાર્થીઓને પણ માર્ગદર્શન પૂરું પાડ્યું છે. તેમના માર્ગદર્શન હેઠળ શ્રીલંકા, પૂર્વ આફ્રિકા તથા અમેરિકા જેવા અનેક દેશોમાં ઘણાંબધાં નૃત્યકાર્યક્રમો, વ્યાખ્યાનો તથા નૃત્યશિબિરોનું આયોજન થયું છે. તેમણે દૂરદર્શન, આકાશવાણી, યુનિવર્સિટીઓ, ગુજરાત ટુરીઝમ વગેરે જગ્યાઓએ વર્કશોપ્સ તથા સેમીનારનાં સફળ આયોજન કરેલ છે. ટ્રાઈબલ રીસર્ચ ઍન્ડ ટ્રેનિંગ સેન્ટરના ઉપક્રમે આદિવાસી નૃત્યો માટેનાં સંશોધનો પણ કરેલાં છે. નૃત્યભારતી સંસ્થામાં અરંગેત્રલ કર્યા બાદ વિદ્યાર્થિનીઓને રંગમંચ પૂરો પાડવા માટે 1975માં નૃત્યભારતી પરફૉર્મિંગ આર્ટ્સની સ્થાપના કરી છે. ગુજરાત તેમજ અન્ય રાજ્યોમાં યુવા કલાકારોને રંગમંચ પૂરો પાડવાના હેતુથી રાષ્ટ્રીય નૃત્ય મહોત્સવ 'આજ કે કલાકાર'નું સફળ આયોજન કર્યું છે.



ચંદન ઠાકોર   નિરાલી ચંદન ઠાકોર

ચંદન અરુણભાઈ ઠાકોર

(જ. 28-5-1973)

'નૃત્યભારતી' સંસ્થાનાં સ્થાપક ઈલાક્ષી ઠાકોરનો સમૃદ્ધ વારસો પામનાર ચંદન ઠાકોર 'નૃત્યભારતી' સંસ્થાના ડિરેક્ટર છે. માતા અને કલાગુરુ ઈલાક્ષીબહેન પાસે 1989માં ભરતનાટ્યમ્‌ની તાલીમ પૂર્ણ કરી. 1994માં અરંગેત્રમ્ કર્યું. અમદાવાદમાં ભરતનાટ્યમ્‌ની તાલીમ આપનાર પુરુષ નાટ્યકારોમાં ચંદન ઠાકોર પ્રથમ જ છે. તેમની નિશ્રામાં 200 જેટલાં અરંગેત્રમ્ કર્યાં છે અને 5500થી પણ વધુ વિદ્યાર્થિઓ તેમની પાસે તાલીમ મેળવીને અનેક વિદ્યાર્થિનીઓએ 'નૃત્યવિશારદ' - 'નૃત્ય અલંકાર'ની પદવી પ્રાપ્ત કરી છે.

તેમના માર્ગદર્શન હેઠળ ગુજરાતના અનેક શહેરો અને ભારત બહાર અમેરિકા, જર્મની, ઑસ્ટ્રિયા, ઑસ્ટ્રેલિયા જેવા દેશોમાં ઘણી વિદ્યાર્થિનીઓ નૃત્યની તાલીમ આપી રહી છે.

ચંદન ઠાકોરે ભારત જ નહિ વિદેશોમાં પણ artistic અને creative choreographer તરીકે ખૂબ જ સફળતા પ્રાપ્ત કરી છે. ભરતનાટ્યમ્ નર્તનશૈલી જે મોટે ભાગે એક વ્યક્તિ દ્વારા થતું હતું તેને ગ્રુપ ફૉર્મમાં ઢાળી સુંદર અને કલાત્મક રીતે લોકો સમક્ષ રજૂ કરવાનું શ્રેય શ્રી ચંદન ઠાકોરને જાય છે. પરંપરાગત રીતે થતી આવતી નૃત્યકૃતિઓની ગરિમા જાળવી રાખી ને તેમણે 50 કરતાં પણ વધારે નૃત્યકૃતિઓનું ગ્રુપ ફૉર્મમાં નૃત્યસંયોજન અને નૃત્યદિગ્દર્શન કર્યું છે. આ નૃત્યકૃતિઓને ભાષાના બંધનમાંથી બહાર લાવી ગુજરાતી, હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષામાં કરેલી કલાત્મક રજૂઆતને દેશવિદેશમાં ખૂબ જ પ્રશંસા પ્રાપ્ત થઈ છે.

કવિશ્રી કાલિદાસ રચિત 'મેઘદૂતમ', 'શ્રી કૃષ્ણ મહા પ્રસ્થાન', 'શિવ-શક્તિ', મહાકવિ જયદેવ લિખિત 'ગીતગોવિંદમ્', નૉબેલ પારિતોષિક વિજેતા હરમાન હેસ લિખિત 'નારી', 'સિધ્ધાર્થ' 'પ્રબુધ્ધ ભારત' - 'Vision India' જેવી કૃતિઓ તેમણે રજૂ કરી છે. ચંદન ઠાકોરના માર્ગદર્શન હેઠળ નૃત્યભારતી પરફૉર્મિંગ ગ્રુપની વિદ્યાર્થિનીઓએ દેશવિદેશોમાં 250 કરતાં પણ વધારે સફળ અને નામાંકિત કાર્યક્રમો આપ્યા છે.

વિદેશોમાં જાપાન, સિંગાપોર, મલેશિયા, ઑસ્ટ્રિયા - ઑસ્ટ્રિયા માઈક્રોસિસ્ટમ કંપની, ઑસ્ટ્રિયા - ગ્રાઝર કૉંગ્રેસ, મ્યુનીચ - મ્યુનીચ ઇન્ટરનેશનલ સ્કૂલ, જર્મની - ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ, જર્મની - હરમન હેસ ઇન્સ્ટિટ્યુટ - કાલ્ફ, ઈટાલી, ચીન, કેન્યા-નૈરોબી, આફ્રિકા તેમ જ ભારતમાં જાણીતા નૃત્યમહોત્સવો... કોણાર્ક ફેસ્ટીવલ - કોણાર્ક સૂર્યમંદિર, ઉત્તરાર્ધ ફેસ્ટીવલ - મોઢેરા સૂર્યમંદિર, ઉત્તરાર્ધ ફેસ્ટીવલ - બરોડા, સુરત, વેસ્ટ ઝોન કલ્ચરલ સેન્ટર, ઉદેપુર, સ્વર્ણોત્સવ - દિલ્હી સંગીત નાટક અકાદમી, ગુજરાત સંગીત નાટક અકાદમી, ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમી, વાઈબ્રન્ટ ગુજરાત, પદ્મશ્રી સંજુક્તા પાણિગ્રહી ડાન્સ ફેસ્ટિવલ - ભુવનેશ્વર, ગોપી-કૃષ્ણ ફેસ્ટીવલ, સોમનાથ ફેસ્ટીવલ, નેશનલ ડાન્સ ફેસ્ટીવલનો સમાવેશ થાય છે.

કવિ કાલિદાસની 'મેઘદૂતમ્' કૃતિની કલાત્મક રજૂઆત કરતાં ચંદન અને નિરાલી



સોનલ માનસિંગ

(જ. 30-4-1944)



સુપ્રસિદ્ધ ભારતીય નૃત્યાંગના. સંસ્કાર અને સંપત્તિ ધરાવતા પરિવારમાં જન્મ થયો હતો. પિતા અરવિંદ પકવાસા અને માતા સમાજસેવિકા પૂર્ણિમા પકવાસાના ઉછેર સાથે સ્વાતંત્ર્ય-સેનાની અને વિવિધ સ્થળે ગર્વનર તરીકે રહી ચૂકેલ દાદા મંગળદાસ પકવાસાનો તેમના વ્યક્તિત્વ ઘડતરમાં ઠીકઠીક ફાળો હતો.

રૂપ, ગુણ અને બુદ્ધિનો સુમેળ ધરાવતાં સોનલે યુવાવસ્થામાં સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યમાં રુચિ કેળવવા ઉપરાંત નૃત્ય શીખવું શરૂ કર્યું. 18 વર્ષની ઉંમરે અનેક વિદેશ-પ્રવાસ કરી ત્યાંના પ્રેક્ષકોને નૃત્યમાં રસ પડે તે માટે નૃત્ય સાથે પ્રવચનનો નવો ચીલો શરૂ કર્યો. 1963માં મુંબઈની એલફિન્સ્ટન કોલેજમાંથી જર્મન ભાષાની સ્નાતકની પદવી મેળવી અને કટક-સ્થિત ઓડિસી શૈલીના ગુરુ કેલુચરણ મહાપાત્ર પાસે તાલીમ લીધી. ઉપરાંત મદ્રાસનાં માયલાપોર ગૌરીઅમ્મા પાસે, પરંપરાગત દેવદાસીપ્રથામાં જળવાયેલા 'અભિનય'ની તાલીમ લીધી. તે અરસામાં ચેન્નઈમાં સ્થાયી થયેલ કુચીપુડીના ગુરુ વેંપતિચિન્ન સત્યમ્ પાસે તે શૈલીની જાણકારી મેળવી. ઓડિસીની તાલીમ વેળા ઓરિસાની પુરુષપ્રધાન નૃત્યશૈલી છાઉમાં રસ પડતાં ગુરુ અનંતચરણ સાઈ પાસે તેની થોડી માહિતી મેળવી. આમ વિવિધ શાસ્ત્રીય શૈલીનો પરિચય મેળવ્યો હોવાથી નવી પેઢીને બહોળી જાણકારી એક જ છત્ર નીચે મળે તે માટે 1977માં દિલ્હી ખાતે 'સેન્ટર ફોર ઇન્ડિયન ક્લાસિકલ ડાન્સ'ની સ્થાપના કરી.

સંસ્કૃત સાહિત્ય ઉપરાંત વેદ, ઉપનિષદ તેમ જ બૌદ્ધ તાંત્રિક સાહિત્યની સમજ કેળવી અને ચીલાચાલુ નૃત્યકૃતિઓ કરતાં નવી કૃતિઓનું સંયોજન કરી નૃત્ય-રજૂઆતમાં મૌલિક અભિગમ અપનાવ્યો. કેરળના મહાકવિ વળ્ળથોળરચિત 'મેરી મગદલને' (1975), કાલિદાસ રચિત 'મેઘદૂત', 'ઋતુસંહાર' અને 'કુમારસંભવ' આધારિત કૃતિઓ, સ્ત્રીની પ્રેમાવસ્થા અનુસાર અષ્ટનાયિકા 'રાધ્યાની' (મધ્યકાલીન ઊડિયા કાવ્યસંગ્રહ પર આધારિત), 'ધર્મશૃંગાર', 'પંચકન્યા', 'આત્મયાન', 'મેરા ભારત', 'સમન્વય', 'ઇન્દ્રધનુષ' જેવાં નૃત્યસંયોજનો રજૂ કર્યાં.

હિન્દુ ઉપરાંત બૌદ્ધ, જૈન તેમ જ દેવી, જગન્નાથ સંપ્રદાય અને ગ્રીક કથાનકોનાં નૃત્યરૂપાંતર કરી રજૂ કર્યાં.

1967માં હરિદાસ સંગીત સંમેલન દ્વારા સન્માન થયું. સંગીત નાટક અકાદમી દ્વારા 1986માં તેમ જ 'વિશ્વગુર્જરી' સંસ્થા દ્વારા પુરસ્કાર 1989માં આપવામાં આવ્યા. 1990 દરમિયાન નૃત્યક્ષેત્રે વિશ્વમાં 'ડાન્સ થિયેટર'નો પ્રયોગ પ્રચલિત થયો ત્યારે સોનલે 'દ્રૌપદી'ના કથાનકને નવા દૃષ્ટિકોણ અને અભિગમ સાથે રજૂ કરવાની હામ ભીડી. 1992માં તેમને 'પદ્મભૂષણ' ઇલ્કાબ મળ્યો હતો.

સ્મિતા શાસ્ત્રી



ભરતનાટ્યમ્ અને કુચીપુડી નૃત્યશૈલીનાં કલાકાર સ્મિતા શાસ્ત્રીએ વિશ્વવિખ્યાત નૃત્યવિદ મૃણાલિની સારાભાઈ પાસે 'દર્પણ' સંસ્થામાંથી તાલીમ લીધી હતી. ભરતનાટ્યમ શૈલીના સુપ્રસિદ્ધ કલાગુરુઓ ચાતુન્ની પણિકર અને આચાર્યાલુ પાસેથી પણ તેમણે શિક્ષા પ્રાપ્ત કરી હતી.

શાળા-અભ્યાસ દરમ્યાન મુંબઈ રાજયના 'ઇન્ટર સ્કૂલ સ્પર્ધા' અને 1962માં આરંગેત્રમ્‌માં સ્મિતાએ પોતાની ક્ષમતાનો ખ્યાલ આપી દીધો હતો. 1964માં ઑલ ઇન્ડિયા ઇન્ટર-યુનિવર્સિટી યૂથ ફેસ્ટિવલમાં દિલ્હી ખાતે પ્રથમ ઇનામ મેળવી, સતત ત્રણ વાર પ્રથમ ઇનામ મેળવ્યાં હતાં. ત્યાર બાદ 'દર્પણ ડેન્સ ટુર'માં જોડાઈને દેશભરમાં વિવિધ સ્થળોએ યોજાયેલાં અનેક કાર્યક્રમોમાં ભાગ લીધો હતો.

સ્મિતા શાસ્ત્રીને કારકિર્દીનાં શરૂઆતનાં વર્ષોમાં સમાજ તેમ જ રાજ્ય તરફથી માન-સન્માન, પ્રશંસા અને આદર પ્રાપ્ત થઈ ચૂક્યાં હતાં. આમ છતાં તેમના સર્જક-કલાકાર જીવને સંતોષ ન હતો. ગુરુજનો પાસેથી તેમણે જે કાંઈ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું, કલાની જે વિરાસત આત્મસાત્ કરી હતી તેને અભિવ્યક્ત કરવા પોતાની ક્ષિતિજો વિસ્તારવા તે બેચેન હતાં. વહી રહેલી નૃત્યપ્રવૃત્તિના માર્ગમાં તેમને પોતાનો સીમાસ્તંભ રોપવો હતો.

1971માં સ્મિતા શાસ્ત્રીએ અમદાવાદમાં 'નર્તન સ્કૂલ ઑફ ક્લાસિકલ ડાન્સ' નામે એક એકેડેમીની સ્થાપના કરી અને વિદ્યાર્થિનીઓને નૃત્યની તાલીમ આપવાનું શરૂ કર્યું. સ્મિતાબહેન પોતે કુચીપુડી નૃત્યશૈલીનાં એક ઉત્તમ કલાકાર હોવા ઉપરાંત સેંકડો વિદ્યાર્થિનીઓનાં તેઓ આદરણીય ગુરુ છે. પોતાની કલાસાધના અને શિક્ષા આપવા ઉપરાંત તેમણે સમાજ સાથે પણ ઘેરી નિસબત રાખી છે. વિવિધ હેતુઓ માટે જરૂરતમંદોને આર્થિક રીતે ઉપયોગી થવા માટે પોતાના કાર્યક્રમો યોજીને નાણાં એકત્ર કરવામાં તેઓ મદદરૂપ થયાં છે.

કલાક્ષેત્રે સિદ્ધિ બદલ સ્મિતાબહેનને ગુજરાત રાજ્ય સરકાર તરફથી 1992માં ગૌરવ પુરસ્કાર તથા વડોદરાની 'ત્રિવેણી' સંસ્થા તરફથી એવૉર્ડ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત પણ તેમને અનેક માન-સન્માન પ્રાપ્ત થયાં છે. 1996-99 દરમ્યાન તેઓએ ગુજરાત રાજ્ય સંગીત-નાટક અકાદમીનાં અધ્યક્ષા તરીકે પણ સેવાઓ આપી હતી. દેશમાં અને પરદેશોમાં કાર્યક્રમો આપવા અનેક વાર સ્મિતાબહેને કલાયાત્રા કરી છે અને પ્રશંસા પ્રાપ્ત કરી છે.

રણછોડભાઈ ઉદયરામ

(જ. 9-8-1833 * અ. 23-4-1923)

અર્વાચીન ગુજરાતી નાટકના પિતા ગણાતા રણછોડભાઈનો જન્મ મહુધામાં થયો હતો. છ વર્ષે પિતાનું શિરછત્ર ગયું. મહુધા, નડિયાદ અને અમદાવાદમાં તેમણે શિક્ષણ લીધું.

તેમનો સાહિત્યશોખ મનસુખરામ સૂર્યરામના સંસર્ગથી પોષાયો. અમદાવાદના નિવાસ દરમ્યાન ફાર્બસ, હોપ, કર્ટિસ જેવા અંગ્રેજ વિદ્વાનોની પ્રેરણા મળી. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી સાથે તેના સ્થાપનાકાળથી સહયોગી રહ્યા.



'બુદ્ધિપ્રકાશ'ના સંપાદનમાં સહાયભૂત થયા. હોપ વાચનમાળા સમિતિના પણ તેઓ સભ્ય રહ્યા હતા.

ભવાઈની બેઢંગી રજૂઆતથી અકળાઈને શેક્સપિયરનાં નાટકો અને સંસ્કૃત નાટકોની શૈલીઓમાં એમણે નવાં નાટક ઉપજાવ્યાં. મુંબઈમાં રંગભૂમિની સ્થાપના કરી. પારસીઓએ સ્થાપેલી નાટકમંડળીમાં સહયોગી બન્યા અને 'મુંબઈ - ગુજરાતી નાટક મંડળી'ની સ્થાપના કરી અનેક નાટકો રચ્યાં. તેમાં 'લલિતાદુઃખદર્શક' શકવર્તી બન્યું.


ગોંડલ, પાલનપુર વગેરે રાજ્યોના એજન્ટ થયા પછી કચ્છમાં દીવાન બન્યા. દરમ્યાન તેમનું સાહિત્ય-સર્જન ચાલુ રહ્યું. નાટ્યશાસ્ત્ર ઉપરાંત વેદથી ફારસી કાવ્યરીતિના છંદોના અભ્યાસ-રૂપે 'રણપિંગળ' ગ્રંથ રચ્યો. તેમની 63 જેટલી કૃતિઓ છે. 12મી ગુજરાતી સાહિત્ય પરિષદના તે પ્રમુખ હતા. તેમની સર્વગ્રાહી સેવાઓની કદરરૂપે સરકારે 'દીવાનબહાદુર'ના ઇલ્કાબથી તેમને નવાજ્યા હતા.

કેખશુરૂ કાબરાજી

(જ. 1842 * અ. 1904)

ગુજરાતી રંગભૂમિના વિકાસમાં કેખુશરૂ કાબરાજીનો મહત્ત્વનો ફાળો રહ્યો હતો. નીડર, પ્રામાણિક, ઉત્સાહી અને પુરુષાર્થી કાબરાજીનું જીવન અનેક ક્ષેત્રોમાં પ્રવૃત્ત રહી, અનેક સંઘર્ષો ને વિરોધો વેઠી, સમાજલક્ષી પ્રવૃત્તિપરાયણ કર્મવીરની કહાણી છે.

પારસીસમાજના આ સુધારકે 'રાસ્ત ગોફતાર' અને 'સત્યપ્રકાશ' જેવાં પત્રોમાં ધારદાર લખાણોથી સમાજ-પરિવર્તનને વેગ આપીને વિરોધ અને પ્રશંસા બંને પ્રાપ્ત કર્યાં છે.



કાબરાજીનું યાદગાર પ્રદાન નાટ્યલેખન અને નાટ્ય-દિગ્દર્શક ક્ષેત્રે લેખાય છે. અર્વાચીન ગુજરાતી રંગભૂમિના આરંભનાં વર્ષોમાં નાટ્ય-પ્રવૃત્તિનો પાયો સુદૃઢ કરનારા અગ્રેસરોમાં કાબરાજીનું માનભર્યું સ્થાન છે. એમણે અનેક નાટકો લખ્યાં છે - ભજવ્યાં છે. ગરીબીમાં જન્મી-ઊછરી, કરસનદાસ મૂળજી જેવાના સંપર્કથી જાહેરજીવનની પ્રવૃત્તિને અપનાવનાર કાબરાજીએ 'રાસ્ત ગોફતાર' ને 'સ્ત્રીબોધ'નાં સુકાન સંભાળી અનેક કલમ-યુદ્ધો કર્યાં છે, તો નાટક મંડળીઓ ઊભી કરાવી તેમને માટે સંખ્યાબંધ નાટકો લખ્યાં છે.

શેક્સપિયરના 'કૉમેડી ઑફ એરર્સ'ના રૂપાંતરથી આરંભ કરી, 'શાહનામા'ના આધારે પારસીઓના ભૂતકાળને જાગ્રત કરી, તેમનું આત્મગૌરવ - તેમની અસ્મિતાને પુનઃ જાગ્રત કરી હતી. ગઈ સદીના નાટકના નિર્માણમાં એ ખૂબ ચીવટ રાખતા. આ ઉપરાંત ઉત્તમ સંનિવેશ- સજાવટ માટે આગ્રહ રાખતા અને ઘણો ખર્ચ કરતા.



તખ્તાનાં તેજવલયો

ગુજરાતી નાટક :

શનિવાર તા. 29 ઑક્ટોબર, 1853, રાતના 8-00 આધુનિક ગુજરાતી રંગભૂમિ અને નાટકનું પ્રાગટ્યમુહૂર્ત. તે મુહૂર્તે મુંબઈના ગ્રાન્ટ રોડ પરના રૉયલ થિયેટરમાં 'રૂસ્તમ ઝાબુલી અને સોહરાબ' એ નાટક ભજવાયું. પ્રસ્તુત કરનાર મંડળી પારસી, લેખક પારસી, કથાનક પારસી અને ભજવનારા પણ પારસી. ભાષા - પારસી ગુજરાતી. એ થિયેટર મૂળ તો જગન્નાથ શંકરશેઠની નાટકશાળા તરીકે ઓળખાતું.

આ પ્રવૃત્તિ બરાબર ચોક્કસ રૂપ ધારણ કરે છે - વ્યવસાયિક પ્રવૃત્તિ બને છે તે તો આશરે 1870ના અરસામાં. આશરે 1868થી '76નો ગાળો મહત્ત્વનો છે. આ ગાળામાં એક અત્યંત દૃષ્ટિમંત ને શક્તિશાળી નાટ્યકર્મીનો આ ક્ષેત્રે પ્રવેશ થાય છે - તે છે કેખુશરૂ કાબરાજી. તે સ્વપ્નદર્શી છે, નાટ્યલેખક છે, કુશળ વ્યવસ્થાપક છે. નાટક વિશેની સૂઝ છે અને પ્રેક્ષકની નાડ બરાબર પારખે છે. તેમણે પોતે જ 'શાહનામા'માંથી લીધેલ કથાનક 'બેજન મનીજેહ' પર રચેલું પહેલાં છપાવે છે - પછી ભજવે છે અને એ નાટ્યપ્રયોગ હજારથી વધુ નાઇટ સુધી ભજવાય છે. કાબરાજી પારસી-બિનપારસીનો ભેદ કરતા નથી. તેમને મન નાટક નાટક છે ને તે પ્રેક્ષકો માટે છે. કેખુશરૂ કાબરાજી પોતાની 'નાટક ઉત્તેજક મંડળી'માં રણછોડભાઈ ઉદયરામનું 'હરિશ્ચંદ્ર' તે ભજવે છે ને વળી હજાર નાઇટની સીમા ઓળંગે છે. તે પારસી સાંસારિક તેમ જ હિન્દુ પૌરાણિક નાટકો પણ રંગભૂમિ પર ઉતારે છે. કાબરાજીની નાટ્યપ્રવૃત્તિ એક દંતકથા સમી છે. રણછોડભાઈની સાથ એ આમ તો રંગભૂમિને સાંપડેલો પ્રથમ સાક્ષરી સાથ હતો.

દૃષ્ટિમંત અને કુશળ પણ તખ્તાપરક કાબરાજી અને વિદ્વાન શાસ્ત્રવિદ ઉચ્ચ રસદૃષ્ટિવાળા રણછોડભાઈ વચ્ચેનો મેળ લાંબો સમય ન ટકે તે અપેક્ષિત છે. રણછોડભાઈનાં કેટલાંક નાટકો કાબરાજી દ્વારા પ્રસ્તુત થયા પછી એક નાનકડી વ્યાવહારિક ઘટના એ મેળ તોડવામાં નિમિત્ત બને છે. શિક્ષકોની 'મહેતાજી નાટ્ય મંડળી' રચાય છે, રણછોડભાઈ દિગ્દર્શન કરે છે, તેમનું 'લલિતાદુઃખદર્શકનાટક' ભજવાય છે અને ગુજરાતી રંગભૂમિની શકવર્તી ઘટના સર્જાય છે.

વાસ્તવિક બિનપારસી ઉચ્ચારથી નાટ્યપ્રવૃત્તિવાળી રંગભૂમિનો દોર અહીંથી શરૂ થાય છે. રણછોડભાઈની વિદ્વત્તાપુષ્ટ નાટ્યરચના શૈલી ઊંડા અભ્યાસી હતા તે બંને નાટ્ય પરંપરાઓમાંથી ઇષ્ટ અંશો લઈ તેમના સમન્વય દ્વારા નાટ્યરચનાનું એક રૂપ ઘડે છે. રંગભૂમિનું સ્વરૂપ પારસીઓએ અપનાવ્યું, પણ નાટકનું સ્વરૂપ રણછોડભાઈએ આપ્યું તે છે. આથી જ તેમને ગુજરાતી 'નાટકના પિતા'નું બિરુદ અપાયું છે.

અમૃત કેશવ નાયક

(જ. 1877 * અ. 18-7-1907)



કેટલીક વ્યક્તિઓ પોતાના જીવનકાળમાં જ દંતકથા બની જતી હોય છે. રંગભૂમિની દુનિયામાં અમૃત કેશવ આવી એક વ્યક્તિ હતા. મીઠું ગળું, મધુરી જબાન અને અનોખી અદાકારીથી નાનપણમાં જ રંગભૂમિમાં પ્રવેશી 14-15 વર્ષની વયે તો સહાયક દિગ્દર્શકનું સ્થાન-માન પામનાર અમૃત કેશવ જન્મજાત કલાકાર હતા.

ખટાઉ આલ્ફ્રેડ કંપનીને અપનાવીને અમૃત કેશવે શેક્સપિયરનાં 'હેમ્લેટ', 'રોમિયો જુલિયટ', 'મેઝર ફોર મેઝર' ને 'સિમ્બેલાઇન'નાં ઉર્દૂ રૂપાંતરોમાં તેમ જ સંગીતપ્રધાન નાટકોમાં અનેક ભૂમિકાઓ ભજવીને યશસ્વી કારકિર્દી કંડારી હતી. હાસ્યનટની અદાકારીથી આરંભીને તે ઉચ્ચતમ શિખરે પહોંચ્યા હતા. સંગીતનું ઊંડું જ્ઞાન, લખનૌના સુવિખ્યાત કથન-નર્તકો કાલિકાપ્રસાદ અને રસાભિવ્યક્તિની તાલીમ, ઉર્દૂ અને વ્રજ ભાષાના મીઠા લહેકા પરનો કાબૂ, જાતે જ ગીતો રચવાની અને બંદિશો બાંધવાની આવડત અને સૂઝથી તેમની અભિનય-કળા પુષ્ટ થઈ હતી.

અમૃત કેશવ દેશભક્તિના રંગે પણ રંગાયેલા હતા. તેમનાં ગીતો-તરજો લખનૌ-કલકત્તાના જલસાઓમાં અને શેરીઓમાં ફરતા ગાયકોને કંઠે ગવાતાં થયાં હતાં. માત્ર 30 જ વર્ષે અવસાન પામનાર અમૃતની સ્મશાન-યાત્રામાં માનવમહેરામણ ઊમટ્યો હતો જે તેમની લોકપ્રિયતા દર્શાવે છે.

મુંબઈ અને અમદાવાદના જાહેરમાર્ગો સાથે તેમનું નામ જોડીને પ્રજાએ આ કલાકારનું સ્મરણ માનભેર સાચવીને તેમનું ગૌરવ વધાર્યું છે.

કવિ-ચિત્રકાર ફૂલચંદ માસ્તર

(જ. 1879 * અ. 1954)



ગોવર્ધનરામ ત્રિપાઠી, મણિલાલ નભુભાઈ અને બાલાશંકર જેવા સાહિત્યકારો સાથે મૈત્રીસંબંધને લીધે ફૂલચંદભાઈને સાહિત્ય-સંસ્કારનો પાસ બેઠેલો. ચિત્રશિક્ષકની નોકરી કરતાં તેઓ સાહિત્ય તરફ વળેલા. એક દાયકો તેમણે નાટ્યલેખન કર્યું.

વ્યવસાયે તેઓ શિક્ષક હતા તેથી 'માસ્તર' તરીકે પ્રખ્યાત થયેલા. તેમણે રણછોડભાઈ ઉદયરામ, નર્મદ, ડાહ્યાભાઈ ધોળશાજીએ પાડેલી પૌરાણિક વિષય-પસંદગીની પરંપરા જાળવી રાખી.

1907માં 'મોરબી આર્યસુબોધ નાટક મંડળી'ને એમણે 'મહાસતી અનસુયા' નાટક લખી આપ્યું. ત્યાર બાદ 'સુકન્યા સાવિત્રી', 'મહાશ્વેતા કાદંબરી', 'માલતીમાધવ', 'મુદ્રા-પ્રતાપ', 'શુકદેવજી' અને 'વિશ્વધર્મ' નાટકો તેમણે આપ્યાં. નાટકો ઉપરાંત એમણે ગીતો પણ લખ્યાં હતાં. સંસ્કૃત નાટકોને એમણે રંગભૂમિને અનુરૂપ ઢાળ્યાં હતાં. સિનેમાની ફ્લેશબેકની ટેક્નિક પણ તેમણે તે જમાનામાં પ્રયોજી હતી.

તે વખતે નાટકમંડળીઓમાં જે રાજકારણ રમાતું હતું તેના તેઓ પણ ભોગ બનેલા. એક વાર તો તેમનો જીવ લેવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો હતો. એમના જેવા સર્જકને કંપનીના માલિકો તેમ જ નટવર્ગ ખૂબ દૂભવ્યા હતા. પરિણામે એમણે રંગભૂમિ પરથી ક્ષેત્રસંન્યાસ લઈ લીધો હતો. એમના અવસાન બાદ તેમનું શક્ય એટલું સાહિત્ય મુદ્રિત સ્વરૂપે પ્રગટ કરવા પ્રયત્નો થઈ રહ્યા છે.

ઈ.સ. 1875થી સદીના અંત સુધીનો 1890 સુધીનો ગાળો ગુજરાતી રંગભૂમિના ઇતિહાસનું અત્યંત સમૃદ્ધ પ્રકરણ છે. તે દરમ્યાન ગુજરાતી નાટક અને રંગભૂમિ રણછોડભાઈ અને કાબરાજીથી આરંભાઈ ડાહ્યાભાઈ-મૂલાણી સુધી પહોંચે છે. મુંબઈમાં અને મુંબઈ બહાર અનેક મંડળીઓ રમતી થઈ જાય છે.

આ જ અરસામાં મુંબઈ ગુજરાતી નાટક કંપની અને દેશી નાટક સમાજ રચાય છે. આ બંને કંપનીઓનો ઇતિહાસ ગુજરાતી વ્યવાસાયિક રંગભૂમિના સુવર્ણકાળનો ઇતિહાસ છે. બાપુલાલ અને જયશંકર (સુંદરી) ને પ્રાણસુખ (એડીપોલો) - ડાહ્યાભાઈ ધોળશાજી અને મૂળશંકર મૂલાણી, 'સૌભાગ્યસુંદરી' અને 'વીણાવેલી'ના ઉલ્લેખ સિવાય ગુજરાતી રંગભૂમિનો કોઈ પણ ઇતિહાસ અધૂરો ગણાય. મૂળશંકર મૂલાણી અને બાપુલાલ નાયક 'મુંબઈ ગુજરાતી નાટક મંડળી'ના નેજા હેઠળ, શિષ્ટ નાટ્યલેખકોનો સહકાર મેળવી, પોતે લખી, જયશંકર 'સુંદરી' જેવા ઉત્તમ નટો પાસે અદાકારી કરાવીને તખ્તા પર પોતાનું નામ અંકિત કરતા ગયા.

વીસમી સદીમાં આ રંગભૂમિ અનેક કંપનીઓ દ્વારા ચાલુ રહી - કોઈ ભાંગીને નવે રૂપે પ્રગટી છે. પણ 'દેશી નાટક' જે છેક વીસમી સદીના આઠમા દાયકા સુધી જીવંત રહે છે તેનો ઇતિહાસ સમગ્ર ગુજરાતી રંગભૂમિનો ઇતિહાસ અને તેય યશસ્વી ઇતિહાસ બને તેમ છે. મુંબઈમાં જ્યાં એ નાટકોનું કેન્દ્ર હતું પ્રિન્સેસ સ્ટ્રીટ - કાલબાદેવી રોડના સાંધા નજીકનું ભાંગવાડી થિયેટર, તેના પ્રવેશદ્વારના બે હાથીઓ મુંબઈનું એક સીમાચિહ્‌ન બની રહ્યું હતું. 'દેશી'નો વિલય અને ભાંગવાડીના હાથીઓના ઉત્ખન સાથે જાણે રંગભૂમિના ઇતિહાસના એક સુવર્ણયુગનું ઉન્મૂલન થયું એવું ઘણા નાટ્યચાહકોને લાગ્યું હશે.

દેશી નાટક સમાજ

(જ. 1889થી 1980)

1889માં અધ્યાપક કેશવલાલ શિવરામે જૈન કથાસાહિત્યમાંથી એક હૃદયસ્પર્શી ગતિશીલ કથાને કેવળ ગીતોમાં આલેખી 'સંગીત લીલાવતી' નામે નાટ્યસ્વરૂપ આપ્યું. આ નાટકે ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરીને આકર્ષ્યા. લેખક સાથે કરાર કરી એમણે અમદાવાદમાં શ્રી દેશી નાટક સમાજની સ્થાપના કરી. ડાહ્યાભાઈ પોતે નાટ્યકાર, દિગ્દર્શક અને સંગીતકાર પણ હતા, એટલે શરૂઆતમાં 'સતી સંયુક્તા' (1892), 'વીર વિક્રમાદિત્ય', 'અશ્રુમતી', 'વીણાવેલી' (1899) જેવાં ભિન્ન રસ અને કથાનકવાળાં નાટકો ભજવી લોકપ્રિયતા પ્રાપ્ત કરી. વ્યવસાયી રંગભૂમિને અનુરૂપ નાટ્યનિયોજનની સાથે હાસ્યરસ પણ એમાં આવતો.

1896ના મે માસની આખરે કંપની મુંબઈ ગઈ અને ગેઈટી થિયેટરમાં પેટાભાડૂત તરીકે રહી નાટકો ભજવ્યાં. ઉત્તરોત્તર નાટકોને સફળતા મળતાં કમાણીમાંથી કંપનીએ મુંબઈમાં એમ્પાયર થિયેટરની બાજુની જગા ઉપર 'દેશી નાટકશાળા' નામનું કાચું નાટ્યઘર 1900માં બાંધ્યું. એ પછી શેઠ ત્રિભુવનદાસે, મંગળદાસે 1905માં પાકું નાટ્યઘર બાંધ્યું. ભાંગવાડીનું નામ પડતાં જ વ્યવસાયી રંગભૂમિ અને દેશી નાટક સમાજનું સ્મરણ થાય છે.

સમાજસેવા અને રાષ્ટ્રસેવાના કાર્યમાં સતત મદદગાર થનાર આ સંસ્થાએ પોતાનાં નટનટીઓ, દિગ્દર્શકો, નાટ્યકારો, નેપથ્યના કસબીઓને પણ પોષ્યા છે. 1961માં સંસ્થાના દિગ્દર્શક કાસમભાઈને દિગ્દર્શન માટે રાષ્ટ્રપતિ સુવર્ણચંદ્રક મળ્યો. સંસ્થાએ પોતાનો અમૃતમહોત્સવ 15 ઑક્ટોબર, 1964ની રાત્રિએ નાટ્યોત્સવ સાથે ઊજવેલો. આ પ્રસંગે રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન અને ઉપરાષ્ટ્રપતિ ઝાકીર હુસેન પધાર્યા હતા. ગુજરાતી નાટક અને રંગભૂમિને રચનાત્મક વેગ આપનાર આ કંપની સૌથી લાંબું આયુષ્ય ભોગવી 1980માં વેચાઈ ગઈ.

અર્વાચીન રંગભૂમિ :

વીસમી સદીના આરંભના દાયકાઓમાં ન્હાનાલાલનાં નાટકોમાં તખ્તો લગભગ અપ્રસ્તુત હતો, પણ ર. વ. દેસાઈએ 'સંયુક્તા', 'શક્તિ હૃદય' જેવામાં તથા ક. મા. મુનશીએ 'કાકાની શશી' વગેરેમાં વ્યાવસાયિક રંગભૂમિએ પ્રસારેલા ખ્યાલને મૂળભૂત રીતે બદલ્યા વગર માળખામાંની ઘણી અરુચિકરતા-અવાસ્તવિકતા-અતિશયતા ટાળીને નાટકને શિષ્ટ રૂપ આપવાનો પ્રયત્ન કર્યો. ર. વ. દેસાઈ-મુનશીએ વ્યાવસાયિક નાટકનું મઠારેલું સ્વરૂપ આપ્યું.

નાટકને મઠારવાનો પ્રયત્ન ર. વ. દેસાઈ-મુનશીથી થાય, તો નાટક-રંગભૂમિના સમગ્ર ખ્યાલને બદલી નાખી વાસ્તવલક્ષી રંગભૂમિ અને નાટકને સ્થાપવાનું કર્યું ચંદ્રવદન મહેતાએ. તેમના 'અખો' નાટક પછીનું 'આગગાડી' ગુજરાતી રંગભૂમિના વિકાસનું સીમાચિહ્ન છે. રણછોડભાઈથી પરંપરિત થયેલ નાટકના તે રંગભૂમિના ખ્યાલને સમૂળગો ઉથાપી નવો ખ્યાલ ચંદ્રવદન દ્વારા સ્થપાય છે. નાટ્યલેખક, દિગ્દર્શક, અભિનેતા, નાટ્યાચાર્ય અને અત્યંત ઉત્સાહી અને ઉદામ-અભિનેવેશી નાટ્યપ્રેમી અને પ્રસારક તરીકે ચંદ્રવદનનું કાર્ય અસાધારણ છે. એમણે સમગ્ર જીવન જ રંગભૂમિની સેવાને સમર્પ્યું અને પરિણામે ગુજરાતને સાંપ્રત યુગને અનુરૂપ અને અનુકૂળ એવા તથા અનેકવિધ નાટ્યપ્રયોગો સાંપડ્યા. તેમણે કર્યું તેથીય વિશેષ પ્રેર્યું. ચંદ્રવદન એટલે પોતે જ મોટું અભિયાન.

શ્રી ચંદ્રવદન મહેતાએ બીજું કામ એ કર્યું કે તત્કાલીન ભજવાતાં ઘણાં નાટકો જોયાં અને પછી એની વિકૃતિનાં કારણો ચર્ચવા મુંબઈની કોલેજો અને સુરત, વડોદરા, અમદાવાદ, ભાવનગર અને રાજકોટનાં યુવકમંડળોની સભાઓ ગજાવી મૂકી. એમનાં ભાષણોમાં ધંધાદારી જૂની ગુજરાતી રંગભૂમિના સીનસીનેરીના ભપકા, અભિનયની કૃત્રિમતા, 'કુંવરી-પાઠ' ભજવતા નટોનો ઘૃણાજનક દેખાવ, કથાનકોમાં



જૂના પ્રેમાભાઈ હૉલમાં ભજવાયેલા 'મેનાગુર્જરી'માં દીના ગાંધી - કૈલાસ પંડ્યા (1953)

જયશંકર 'સુંદરી'

(જ. 30-1-1889 * અ. 22-1-1975)



જયશંકરભાઈનો વીસનગર પાસે ઊંઢાઈમાં જન્મ. બાર વર્ષની ઉંમરે સૌપ્રથમ 'સૌભાગ્યસુંદરી'માં સ્ત્રીની ભૂમિકા કરી. તે બદલ તેમની એટલી તો વાહવાહ થઈ ગઈ કે તેમની મૂળ અટક 'ભોજક' છીનવાઈ ને તે 'સુંદરી' નામે ઓળખાવા લાગ્યા.

બાળપણમાં ત્રણ વર્ષ કલકત્તામાં એક ધંધાદારી નાટકમાં તેમણે કામ કર્યું અને 1901થી મુંબઈમાં ગેઇટી થિયેટર્સમાં તેઓ જોડાયા. તેમણે 32 વર્ષ સુધી અનેક નાટકોમાં સ્ત્રીની ભૂમિકા કરી. તેમની આખીય કારકિર્દીમાં માત્ર બે જ નાટકમાં તેમણે પુરુષની ભૂમિકા કરી હતી.

'સુંદરી'એ પોતાની આત્મકથા લખી હતી જે 'થોડાં આંસુ : થોડાં ફૂલ' નામે પ્રગટ થઈ હતી. તેના આધારે નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામા, દિલ્હીએ એક નાટક, 'An Actors Prepares' ભારતનાં મહાનગરોમાં દર્શાવ્યું હતું. આ જ સંસ્થાએ તે પુસ્તકનો હિન્દીમાં અનુવાદ પણ પ્રગટ કર્યો છે.

1948માં તેઓ ફરી અમદાવાદમાં આવીને સ્થિર થયા અને ગુજરાતની નાટ્યપ્રવૃત્તિને સજીવન અને સુવ્યવસ્થિત કરવા માટે તેમણે ખૂબ જહેમત ઉઠાવી. આના શુભ ફળસ્વરૂપે 'નાટ્યવિદ્યામંદિર' અને 'નટમંડળ'ની સ્થાપના થઈ.

1952માં રણજિતરામ સુવર્ણ ચંદ્રક, 1957માં રાષ્ટ્રપતિને હાથે રંગમંચ માટેનો શ્રેષ્ઠ ચંદ્રક, 1964માં ગુજરાતી સાહિત્ય પરિષદના કલાવિભાગના પ્રમુખ તેમ જ 1971માં પદ્મભૂષણનો ખિતાબ પ્રાપ્ત કર્યો હતો.

અશરફખાન

(જ. 1893 * અ. 1962)



નામ મહંમદ અશરફખાન. જન્મ મધ્યપ્રદેશ - ઇંદોરમાં. બાળપણમાં વાંકાનેર નાટક કંપનીના નટ ત્ર્યંબકભાઈના આગ્રહથી અશરફખાન ગુજરાત આવ્યા. તેમનો કંઠ સુરીલો હતો. પહેલી ભૂમિકા 'આલ્ફ્રેડ' કંપનીના 'ઉદયભાણ' નાટકમાં ગુજરાતી જબાનમાં ભજવી, પણ એમને ખરી સફળતા તો મળી 'માલવપતિ' નાટકમાં મુંજની ભૂમિકાથી. ત્યાર બાદની અનેક ભૂમિકાએ તેમને યશ-પ્રતિષ્ઠા અપાવ્યાં. 'સિરાજુદૌલા' નાટકમાં દારૂડિયા સિરાજ તરીકેની ભૂમિકા માટે અનેક દારૂડિયાઓનું નિરીક્ષણ કરીને અભિનય આપેલો. તે સમયના મોહનલાલાએ અશરફખાનને ઘણી તાલીમ આપી હતી.

ફિલ્મોનો યુગ શરૂ થઈ ચૂક્યો હતો. 1940ની આસપાસ માત્ર 'દેશી નાટક સમાજ' સિવાયની ઘણીખરી કંપનીઓ બંધ થઈ ગઈ હતી. આર્ય-નૈતિક કંપની બંધ થવાની તૈયારીમાં જ હતી, ત્યારે દોઢસો રૂપિયાની રૉયલ્ટીએ નાઇટ કરીને કંપનીને 'ઑડિયન્સ' પાછું અપાવ્યું. 'એક અબળા' નાટકમાં બિહારીની ભૂમિકા અશરફખાન ભજવવાના છે તે જાણતાં જ પ્રેક્ષકોનો ભારે ધસારો થયેલો ને ખોટ કરતી કંપની સધ્ધર થઈ ગઈ !

1960માં માસ્ટર અશરફખાને ગોંડલમાં 'ગુજરાત કલામંદિર' નામે પોતાની કંપની ઊભી કરી, પરંતુ 1962માં મૃત્યુ પામ્યા. તેમની દરગાહ અમદાવાદમાં દાણીલીમડા પાસે છે. તેમને ગુજરાત રાજ્યની નાટક-સંગીત અકાદમીએ ઍવૉર્ડ આપ્યો હતો.

ગોવર્ધન પંચાલ

(જ. 21-7-1913 * અ. 25-11-1996)



રંગભૂમિના સંનિવેશના રંગકર્મી ગોવર્ધન પંચાલનું ભણતર માત્ર મૅટ્રિક સુધીનું. કલાના સંસ્કાર ઝીલ્યા કલાકાર નંદલાલ બોઝ દ્વારા શાંતિનિકેતનમાં, ગુરુદેવ ટાગોરની હાજરીમાં તખ્તે પગ મૂક્યો.


કારકિર્દીની શરૂઆત કરી મુંબઈમાં ભારતીય વિદ્યાભવનની નૃત્ય-નાટિકાઓમાં ભાગ લઈને. દિગ્દર્શન કર્યું. આઈ. એન. ટી. માટે સેટ-ડિઝાઈન કરી. 1959થી 1975 સુધી દિલ્હીની નેશનલ સ્કૂલ ઑફ ડ્રામામાં દેશના તાલીમાર્થીઓને થીએટર, સ્થાપત્યકલા, સંનિવેશ અને તખ્તાની ટેક્નિકની શાખાઓની તાલીમ આપી. પછી અમદાવાદમાં સ્થિર થયા. એમણે 'દર્પણ', 'સપ્તસિંધુ', 'ગૅરેજ સ્ટુડિયો થીએટર', 'કોરસ' વગેરે સંસ્થાઓ માટે સેટ ડિઝાઈન કરી. એટનબરોની ફિલ્મ 'ગાંધી'માં અમુક હિસ્સા પુરતા સલાહકાર રહ્યા.

પાછલી અવસ્થામાં 'દાદા'થી ઓળખાતા તેમનો પરિચય તેમના મિત્રો દ્વારા આપી શકાય : બી. વી. કારન્થ, હબીબ તન્વીર, નેમિચંદ્ર જૈન, બાદલ સરકાર, મોહન રાકેશ, વિજય તેન્ડુલકર, મૃણાલિની સારાભાઈ, સુનીલ કોઠારી, યોગેન્દ્ર દેસાઈ વગેરે. તો દાદાનો પરિચય તેમના વિદ્યાર્થીઓ દ્વારા પણ આપી શકાય. ઓમ પુરી, શબાના આઝમી, નસીરુદીન શાહ, મનોહરસિંહ, બંસી કૌલ વગેરે.

મુંબઈના નેશનલ સેન્ટર ફૉર પરફોર્મિંગ આર્ટ્સના આર્કાઈવ્ઝમાં દાદાનાં જીવન અને કાર્યનું ડોક્યુમેન્ટેશન મળે. તેમણે કેરલમાં આજ સુધી સચવાયેલી સંસ્કૃત નાટ્યપ્રણાલિ 'કુડિયાટ્ટમ્' અંગેનો દળદાર અભ્યાસગ્રંથ, ભરતમુનિનાં નાટ્યમંડળો વિશેનો તલસ્પર્શી અભ્યાસગ્રંથ 'થિએટર્સ ઑફ ભારત' વગેરે તેમના બહુમૂલ્ય ગ્રંથો છે - જે તેમનું પાયાનું સંશોધનકાર્ય છે.

જશવંત ઠાકર

(જ. 5-5-1915 * અ. 25-12-1990)



ગુજરાતી રંગભૂમિના નાટ્યકાર, નટ, દિગ્દર્શક જશવંત ઠાકરનો જન્મ ખેડા જિલ્લાના મહેળાવ ગામે થયો હતો. આધુનિક રંગભૂમિના અગ્રણી કલાકારોમાં એમનું નામ મોખરે છે.

શંભુ મિત્ર ને બલરાજ સહાની જેવા કલાકારોએ 'ઇન્ડિયન પીપલ્સ થીએટર' દ્વારા રંગભૂમિનું જે પ્રચંડ મોજું ઉછાળ્યું-પ્રસાર્યું તેમના સાથી તરીકે જશવંત ઠાકરનો કલાકાર તરીકે ઊગમ-વિકાસ. ગુજરાતમાં 'ઇપ્ટા'ના સ્થાપનથી ને પછી નટમંડળ, ભરત નાટ્યપીઠ એમ જુદાંજુદાં મંડળો દ્વારા તેમણે રંગભૂમિનો વિકાસ કર્યો.

નાટ્યશાસ્ત્રના ઊંડા અભ્યાસી, પૂર્વ-પશ્ચિમની પ્રાચીનથી અદ્યાપિ-પર્યંતની નાટ્ય-પરંપરાઓના જાણકાર એવા તજ્જ્ઞ જ નહીં પણ સ્વયં ઉત્તમ નટ, દિગ્દર્શક, નિર્માતા એવા જશવંત ઠાકરના અવાજની રેન્જ ઉપરાંત તેમની અદાકારી-જાણકારીએ તેમને અર્વાચીનોમાં ઉત્તમ સ્થાને સ્થાપ્યા છે.

પશ્ચિમનાં ઉત્તમ સર્જનોનાં રૂપાંતરો ઉપરાંત સ્વતંત્ર નાટ્યરચનાઓ પણ તેમણે આપી છે. એમણે શેક્સપિયરનાં નાટકો ગુજરાતીમાં ઉતાર્યાં છે, તો રંગભૂમિની કલા અને તેના રસલક્ષી પ્રશ્નોને લગતાં પુસ્તકો પણ લખ્યાં છે. જશવંત ઠાકરે નાટકો ઉપરાંત નાટ્ય-શિક્ષણને લગતાં પુસ્તકો આપ્યાં છે. સંગીત નાટક અકાદમીનો નેશનલ એવૉર્ડ, ગુજરાત સંગીત નાટક અકાદમીનો એવૉર્ડ, રણજિતરામ સુવર્ણચંદ્રક, શાંતિચંદ્રક, સોવિયેત લૅન્ડ નેહરુ એવૉર્ડ એવા અનેક એવૉર્ડથી પ્રજાએ તેમને નવાજ્યા છે.

હૃદયપરિવર્તનોની પરંપરા, એનો અતિરેકભર્યો વાચિક અભિનય અને કૃત્રિમ અંગસ્થિતિઓ, બેતબાજી અને સૌથી વિશેષે તો નાટકની ગૂંથણીની ત્રુટિઓ તેમ જ તત્કાલીન ગુજરાતી જીવન સાથે રંગભૂમિનો કોઈ સીધા સંબંધની ગેરહાજરી ઉપર આકરા પ્રહારો હતા. યુવકો 'સી.સી.'ને સાંભળવા એકઠા થતા. શિક્ષિત સ્ત્રીઓ સરઘસો કાઢતી. થીએટર અને નાટકના સમજદાર આ નાટ્યકારની નિષ્ઠાને લીધે જ સાંસ્કૃતિક ચેતનાનો પ્રસાર એ વખતે થયો.

1949માં અમદાવાદમાં શરૂ થયેલ 'જવનિકા'ની સાથોસાથ જ મુંબઈમાં એ જ વર્ષે આ સંસ્થાની સ્થાપના થઈ. પ્રતાપ ઓઝા, વિષ્ણુકુમાર વ્યાસ, લીલા જરીવાલા, મધુકર રાંદેરિયા, મંગળદાસ પકવાસા, ગુણવંતરાય આચાર્ય વગેરેના સથવારે અમર જરીવાલાના મહામંત્રીપદે આ સંસ્થાએ અનેક નાટકોની રજૂઆત કરી અને પ્રતાપ ઓઝા, વિષ્ણુકુમાર વ્યાસ વગેરેએ આ દિગ્દર્શનકેન્દ્રી યથોચિત ફાળો આપ્યો. દસ વર્ષની કારકિર્દી પછી આ સંસ્થાએ નાટ્યમિલન યોજ્યું અને 'નાટ્યરંગ' નામનું સામયિક શરૂ કરી નાટ્યસિદ્ધાંતની ચર્ચા-વિચારણામાં પણ ફાળો આપ્યો હતો.



'મેનાગુર્જરી'માં પ્રભાબહેન પાઠક : 1955

વડોદરાની મહેશ ચંપકલાલ અને કેળકર જેવા નાટ્યવિદોવાળી, હસમુખ બારાડી, વડોદરાની મહેશ ચંપકલાલ અને કેલેન્ડર જેવા નાટ્યવિદોવાળી, 'બુદ્રેટી' - સંચાલિત વગેરે ઉપરાંત અનેક નાટ્યતાલીમ - શિબિરો વગેરે નવા કળાકારોનો પ્રચાર કરવામાં પ્રવૃત્ત છે. 'કલાવિદ' પણ કોઈ ને કઈ પ્રવૃત્તિ કરે છે, તો સુરત તો એકમાત્ર એવું નગર છે જ્યાં નગરપાલિકા દ્વારા જ પ્રતિવર્ષ ત્રિઅંકીસ્પર્ધાઓ યોજાય છે ને દસેક નાટકો રજૂ થાય છે. ગુજરાતમાં ભરત નાટ્યપીઠ દ્વારા તથા અન્યથા અનેક રૂપે રંગભૂમિને વિકસાવનાર જશવંત ઠાકરનું પ્રદાન કદાચ ચંદ્રવદન પછી તરત જ મૂકી શકાય એવું ને એટલું છે.

મુંબઈની રંગભૂમિ પર દિગ્દર્શકો તેમના લેખકો પાસે લખાવતા હતા. પણ તે મોટે ભાગે વ્યવસાયી રંગભૂમિની જરૂરિયાત પ્રમાણેનાં વિદેશી લોકપ્રિય નાટકનાં રૂપાંતર હતાં. નાટકની કળાનું સંવર્ધન અને તેમાં ગુજરાતી અસ્મિતાની ખોજ, સંસ્કૃતિ, સમાજનું પ્રતિરૂપ તેમના માટે લક્ષ્ય નથી. વ્યવસાય અપાવે તેવી મનોરંજકતા જ લક્ષ્ય છે. પરંતુ ફરી એવું બન્યું કે જેમ અગાઉની જૂની વ્યાવસાયિક રંગભૂમિનું કેન્દ્ર મુંબઈ જ બન્યું તેમ નવી રંગભૂમિ પણ વ્યવસાયી બની પ્રેક્ષકોમાં સ્થાન બનાવતી થઈ. ગુજરાતી રંગભૂમિનું કાયમી દુઃખ રહ્યું છે કે તે ગુજરાતમાં રહી કદી વિકસી જ નથી.

મુંબઈમાં શૈલેષ દવે, સુરેશ રાજડા, હોમી વાડિયા, સિદ્ધાર્થ રાંદેરિયા, અરવિંદ જોષી, રચિતા જોષી પાછલા બે દાયકા સક્રિય રહ્યાં. આંતરકોલેજ નાટ્યસ્પર્ધાઓમાંથી થોડા નવા યુવા કલાકારોનું એક જૂથ આગળ આવ્યું. 1974થી '77 સુધીમાં પરેશ રાવલ, શફી ઈનામદાર, ડેઈઝી ઈરાની, મહેન્દ્ર જોશી, સમીર ખખ્ખર, યક્ષા ભટ્ટ વગેરેએ વ્યવસાયી રંગભૂમિની શિથિલતા સામે વિદ્રોહ પ્રગટ કર્યો. મહેન્દ્ર જોશી તેના બળવાન નેતા હતા અને રંગભૂમિને નવી તાજગી - નવી હવાથી ભરી દીધી. સિતાંશુની સ્ક્રીપ્ટ પરથી 'તોખાર' રજૂ કર્યું. આઈએનટીના વિલક્ષણ સેટ અને નાટક-નિર્માણનો વૈભવ બાજુએ રાખ્યો. મર્યાદિત સાધનોથી સેટ ઊભા કર્યા. પ્રકાશ- આયોજન અને સંગીતનો પૂરો ઉપયોગ કર્યો. 'પાંખ વિનાનાં પતંગિયાં', 'કેસર ભીના', 'અશ્વત્થામા'થી માંડી 'મોજીલા મણિલાલ' સુધીનાં નાટકો રજૂ કરી આ જૂથે વ્યવસાયી રંગભૂમિના માળખામાં બદલાવ લાવવાનો પ્રયત્ન કર્યો.

મહેન્દ્ર જોષી પછી રાજેશ જોષી, તુષાર જોષી - લેખક તરીકે પ્રકાશ કાપડિયા અને મિહિર ભૂતા, તો દિગ્દર્શનમાં વિપુલ શાહ અને લેખનમાં આતિશ કાપડિયા તથા ઉત્તમ ગડા જેવા ઉમેરાયા. જોષી અને ભૂતાના 'ચાણક્ય' નાટકે લોકપ્રિયતા મેળવી. આ દાયકામાં નૌશિલ મહેતાએ 'એક ને એક એક' અને નૌશિલ મહેતાએ 'આપઘાત કરે છે' જેવાં એકાંકી લખ્યાં. વીસમી સદીનાં અંતિમ વર્ષોમાં પણ મુંબઈની વૈકલ્પિક રંગભૂમિની ગોઠવણીમાં છે.



ભરત નાટ્યપીઠ

જશવંત ઠાકરની આ મંડળી પણ 1949માં શરૂ થઈ. 'લોકનાટ્ય સંઘ'માંથી છૂટા થઈ બાબુભાઈ પટેલ, અનસૂયા સુતરિયા, કમલેશ ઠાકર વગેરેને સથવારે, 'લોકનાટ્ય સંઘ'ના 'થિયેટર મેનિફેસ્ટો'ને સ્વીકારી જશવંત ઠાકરે 'ભરત નાટ્યપીઠ'ની સ્થાપના કરી હતી. એ રીતે પણ આ તબક્કો 'દિગ્દર્શક કેન્દ્રી નાટ્યપ્રવૃત્તિ'નો બને છે.

એનું પ્રથમ નાટક હતું મૅક્સિમ ગોર્કીના નાટકનો અનુવાદ 'ઊંડા અંધારેથી'. એ પછી તો 'ભરત નાટ્યપીઠે' અનેક નવાં નાટકો રજૂ કર્યાં. 'દુઃખીનો બેલી', શેક્સપિયરનું 'હેમ્લેટ', 'મુદ્રારાક્ષસ', 'મૂષક અને મનુષ્ય', ટાગોરનું 'અચલાયતન', 'લતીફ ક્યાં છે ?' વગેરે. 'હેમ્લેટ' નાટકના ત્રીસ પ્રયોગો થયા હતા. એને યાદ કરતાં જશવંત ઠાકરે એક વાર કહ્યું હતું, કે 'નર્મદ' પછી 'હેમ્લેટ'માં એમણે પાત્રમયતા અનુભવી હતી. આ ઉપરાંત 'મુદ્રારાક્ષસ' સૌથી વધુ સફળ થયું હતું. જશવંત ઠાકરની આખી કારકિર્દી નાટ્યતાલીમ અને નટ-દિગ્દર્શકની



માર્કંડ ભટ્ટ અને ઊર્મિલા ભટ્ટ

દામુભાઈ ઝવેરી

(જ. 22-8-1921 * અ. 15-3-2002)



રંગભૂમિના મુઠ્ઠી ઊંચેરા આરાધક, ઇન્ડિયન નેશનલ થિયેટરના સ્થાપક અને માનદ મંત્રી તથા સૌરાષ્ટ્ર ટ્રસ્ટનાં 'જન્મભૂમિ' પત્રોની પ્રકાશક સંસ્થા ધ સ્ટેટ્સ પીપલ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર દામુભાઈ ઝવેરીનો આઈએનટી સંસ્થાને માત્ર મુંબઈની કે મહારાષ્ટ્રની નહીં પણ દેશની અગ્રગણ્ય સંસ્થા બનાવવામાં સિંહફાળો હતો.

ઇન્ડિયન નેશનલ થિયેટર - (INT)ની સ્થાપનાથી જ માનદ મંત્રી રહી બહુવિધ રસરુચિને કારણે તેઓ વિવિધ પ્રવૃત્તિમાં છેલ્લે સુધી ઓતપ્રોત રહ્યા હતા. તેમણે રંગભૂમિના વિકાસ માટે કેટલાક દેશોની મુલાકાત લીધી હતી. તેમણે બ્રિટિશ ડ્રામા લીગમાં દિગ્દર્શનનો અભ્યાસ કર્યો હતો.

'મોતી વેરાણાં ચોકમાં' નાટક એ તેમનું પહેલું સર્જન હતું. તેમણે 'કુમારની અગાશી' ભજવ્યું હતું. 'સપ્તપદી', 'સંતુ રંગીલી', 'ખેલંદો', 'વૈશાખી કોયલ', 'સગપણનાં ફૂલ', 'સપનાનાં વાવેતર' જેવાં શ્રેષ્ઠ નાટકો માટે તારક મહેતા, જયંત પારેખ, મધુ રાય, સિતાંશુ યશશ્ચંદ્ર જેવા સર્જકોની સહાય લીધી હતી.

દામુભાઈ આઈએનટી ઉપરાંત અભિવાદન ટ્રસ્ટ, ફાર્બસ ગુજરાતી સભા, અમદાવાદના નક્ષત્ર ટ્રસ્ટ, ગુજરાત સરકારના કલાકાર કલ્યાણ નિધિ ટ્રસ્ટ સાથે સંકળાયેલા હતા. ભારત સરકારની સંગીત નાટક અકાદમી(દિલ્હી)ની જનરલ કાઉન્સિલ, ઇન્ડિયન કાઉન્સિલ ઑફ કલ્ચરલ રિલેશન્સ જેવી અનેક સંસ્થાઓ સાથે તેઓ સક્રિય હતા.

કાન્તિ મડિયા

(જ. 3-7-1932 * અ. 15-6-2004)



લાઠીમાં દેશી નાટકમંડળીઓ દ્વારા ભજવાતાં 'કાદુ મકરાણી' અને 'વીર રામવાળો' જેવાં નાટકોમાંથી પ્રેરણા લઈ કાન્તિલાલ મડિયા હાથમાં લાકડી લઈ ગામની શેરીમાં છોકરાં ભેગાં કરી 'કાદુ મકરાણી' જેવાં નાટકો ભજવતા. નાટકના એ પહેલા સંસ્કાર.

મુંબઈ આવી 1948માં ખાલસા કોલેજમાં દાખલ થયા. તે સમયે કોલેજમાં પહેલવહેલું એકાંકી નાટક 'ભૂતઘર' ભજવ્યું. 1957માં 'રાજાને ગમી રાણી' ત્રિઅંકી ભજવ્યું. પ્રાગજી ડોસા લિખિત હાથસાળની પ્રવૃત્તિ પર આધારિત 'સહકારના દીવા' નામનું પહેલું ત્રિઅંકી નાટક દિગ્દર્શિત કર્યું.

1967માં ઑગસ્ટની પહેલી તારીખે પોતાની મશહૂર નાટ્યસંસ્થા 'નાટ્યસંપદા'ની સ્થાપના કરી, તેના નેજા હેઠળ વિવિધ વિષય, ટેક્નિક અને સામાજિક સુસંગતતા ધરાવતાં એકએકથી ચડિયાતાં નાટકો ભજવ્યાં.

'કાશીનો દીકરો' ફિલ્મના યશસ્વી દિગ્દર્શન ઉપરાંત કાન્તિ મડિયાએ ગુજરાતી સાહિત્ય પરિષદના નિમંત્રણથી 1982-83માં નાટ્ય-લેખન શિબિર યોજી સાહિત્યકારોને નાટક લખવા આકર્ષ્યા. છેલ્લાં કેટલાક વર્ષોથી 'કાવ્યસંપદા' સંસ્થા દ્વારા 'નેશનલ સેન્ટર ફૉર પરફૉર્મિંગ આર્ટ્સ'(NCPA)માં પ્રતિષ્ઠિત કવિઓના કાવ્યપઠનનું આયોજન કરનાર કાન્તિ મડિયાએ 1994માં કવિ રમેશ પારેખના જાણીતા પાત્ર 'આલા ખાચર'ની રજૂઆત દ્વારા ગુજરાતી કવિતાને રંગભૂમિના માધ્યમમાં રજૂ કરવાનો પ્રયોગ કર્યો હતો.

પ્રવીણ જોશી

(જ. 1-1-1936 * અ. 19-1-1979)



ગુજરાતની રંગભૂમિ જયારે પરંપરાગત અને નવીન વચ્ચે કરવટ બદલતી હતી ત્યારે સંધિકાળમાં ધૂમકેતુની જેમ નાટ્યાકાશમાં પ્રવેશી રંગભૂમિને ચેતનવંતી, ઝળાંહળાં કરનાર લોકપ્રિય કલાકાર તે પ્રવીણ જોશી.

કીર્તિવંતોમાં તેમનું સ્થાન એક જમાનાના અમૃત કેશવ, જયશંકર કે અશરફખાન જેવું છે. એમની કલાત્મક પ્રયોગશીલતા અમુક સુજ્ઞો પૂરતી મર્યાદિત ન રહેતાં લોકહૈયાં સુધી પહોંચી છે. એમના નામમાત્રે થિયેટરો ઊભરાયાં છે અને પ્રશંસાનાં પુષ્પો વરસ્યાં છે. નટ તરીકે, દિગ્દર્શક તરીકે અને નિર્માતા તરીકે ભરયુવાન વયે એમણે ચક્રવર્તિત્વ સિદ્ધ કર્યું છે. અર્વાચીન રંગભૂમિની એક આખી પેઢી પ્રવીણ જોશીથી પ્રભાવિત છે.

'મોગરાના સાપ' અને 'ચંદરવો', 'સંતુ રંગીલી' અને 'મોસમ છલકે', 'સપ્તપદી' અને 'માણસ નામે કારીગર' - એમનાં ક્યાં ક્યાં સર્જનો યાદ કરીએ ?

ટૂંકી જિંદગીમાંય પ્રવીણ જોશી એક 'મિથ' બની ગયા - એક 'દંતકથા' બની ગયા. એમની વિશેષતા, એમની મસ્તીનો પરિચય કોણ આપી શકે ? માત્ર એમના પ્રેક્ષકો !

મધ્યાકાશે અકસ્માત્ આથમી જનાર ધૂમકેતુની જેમ આવી ધૂમકેતુની જેમ જ ચાલ્યા જનાર આ આધુનિક રંગભૂમિના અભિમન્યુની વિદાયથી ગુજરાતની રંગપ્રવૃત્તિમાં ઊભો થયેલો અવકાશ પુરાવો મુશ્કેલ છે.

નિમેષ દેસાઈ

(જ. 1-4-1956)



ગુજરાતની આધુનિક રંગભૂમિનો ઉલ્લેખ થાય ત્યારે નિમેષ દેસાઈનું નામ સહજ યાદ આવે. જન્મ મુંબઈમાં. ડિપ્લોમા ઈન જર્નાલિઝમ અને ડિપ્લોમા ઈન ડ્રામાનો અભ્યાસ કર્યો. કર્મભૂમિ અમદાવાદ બની.

1975થી નાટ્યક્ષેત્રે નક્કર પગલાં માંડ્યાં. 25 વર્ષમાં એમણે 48 નાટકોનું નિર્માણ અને દિગ્દર્શન પોતે જ ઊભી કરેલી 'કોરસ' સંસ્થાના નેજા હેઠળ કર્યું. 100 જેટલાં નાટકોમાં અભિનય કર્યો. અનેક નાટ્યશિબિરોનું સંચાલન કર્યું. 'કોરસ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડ્રામા ઍન્ડ ટેલિવિઝન' દ્વારા રંગભૂમિ અને ટી.વી.ના માધ્યમનાં વિવિધ પાસાંઓની પદ્ધતિસર તાલીમ આપે છે.

નિમેષ દેસાઈએ નાટ્યક્ષેત્રે આવા વિપુલ પ્રદાન દ્વારા પોતાનાં સાહસ, સૂઝ, પ્રયોગશીલતા, અભિનય પ્રગટ કર્યાં છે. તેમની ફિચર ફિલ્મ 'નસીબની બલિહારી'ને 1983-84ના વર્ષમાં શ્રેષ્ઠ ફિલ્મ, દિગ્દર્શન સહિત રાજ્ય સરકારે 8 ઍવૉર્ડ આપ્યા છે. 1993-94ના વર્ષમાં ગુજરાત સરકારે તેમને ગૌરવ પુરસ્કાર તથા 'યુનો-2003'નો આંતરરાષ્ટ્રીય ઍવૉર્ડ પણ એમને મળ્યો હતો. રંગભૂમિક્ષેત્રે સંગીન કાર્ય બદલ એમને સિનિયર ફેલોશિપ પણ મળી હતી. 2003માં કોઈ સહાય-અનુદાન વિના તેમણે અમદાવાદમાં 45 દિવસ સુધી સતત 'રંગપર્વ'નું આયોજન કર્યું હતું. તેમાં જુદાજુદા નિષ્ણાતોનાં પ્રવચનો, પરિસંવાદ અને નાટ્યપઠનનું આયોજન કર્યું હતું. આ ઉપરાંત 'રંગપર્વ' નામે એક નાટ્ય-સામયિકનું પ્રકાશન પણ શરૂ કર્યું છે.

મથામણની રહી છે. એમણે એ તાલીમ માટે અનેક પુસ્તકો લખ્ નાટકોના અનુવાદો કર્યા, મૌલિક નાટકો લખ્યાં. એમાં મહત્ત્વનાં આ - 'નાટ્યશિક્ષણનાં મૂળતત્ત્વો', 'નાટ્યપ્રયોગશિલ્પ', 'લોકનાટ અને ગામડું'.

કૉલેજોની - હવે બંધ થયેલી નાટ્યસ્પર્ધાઓ તથા સરકાર તરફ યોજાતી સ્પર્ધાઓથી દિગ્દર્શકો-નિર્માતાઓની નવી પેઢી વિકસી. પ્રવીણ જોષી-નિમેષ જેવાં અનેક વ્યક્તિત્વો તેમાંથી મળ્યાં, તો રાજુ બારોટ પણ મળ્યા છે, પરંતુ નાટક-રંગભૂમિના ભરત દવે વિકાસ ઇતિહાસનું મહત્ત્વનું સોપાન. બીજા વિશ્વયુદ્ધ પછી પ્રગટેલું નવું મોજું ડૉ. મીનુ કાપડિયા જેવાનું માર્ગદર્શન તેના આરંભમાં ઉપકારક બન્ રહ્યું. 'ઍબ્સર્ડ' તરીકે શરૂ થયેલું નવું અભિયાન જે પછી 'આક સાબરમતી' રૂપે વિકસ્યું તેમાંથી અમદાવાદમાં તો આઈ.એન.ટી. મુંબઈમાં આ નવું મોજું પ્રગટ્યું - વિકસ્યું. પારસીઓના આરંભથી રણછોડભાઈએ સ્થિર કરેલા નાટ્યસ્વરૂપ સુધીનો એક ગાળો, તો રણછોડભાઈથી ચંદ્રવદન સુધીનો બીજો ગાળો. ચંદ્રવદને કરેલ પરિવર્તન પછી મોટું પરિવર્તન આ સ્વાતંત્ર્યોત્તર સમયમાં આવે છે. મધુ રાય, લાભશંકર, સિતાંશુ, ચીનુ મોદી, સુભાષ શાહ તથા મુંબઈના પ્રવીણ જોષીથી માંડીને જયંત પારેખ વગેરે અનેકે આ નવા મોજાને પોતપોતાની રીતે અપનાવ્યું-વિકસાવ્યું છે. ગુજરાતી રંગભૂમિ આજે પ્રમાણમાં શાંત લાગે પણ વિકાસશીલ અને પ્રવૃત્ત છે.

આકાશવાણી માટે કામ કરનારાઓમાં અદી મર્ઝબાન, ભાનુશંકર વ્યાસ, જયંતિ દલાલ, ચુનીલાલ મડિયા, શિવકુમાર જોષી, જયંતી પટેલનો ફાળો નોંધપાત્ર છે. સમૂહમાધ્યમથી સમાજાભિમુખતા આવી, શબ્દબાહુલ્ય પણ પ્રવેશ્યું અને છતાં આ સર્જકો એકાંકીને શિલ્પીની માવજતથી રૂપઘાટ આપતા રહ્યા. જયંતિ દલાલ અને મડિયા 1940-50ના આ સ્તબકના અગ્રણી ગણાય.

વિપુલ એકાંકીલેખનને અમદાવાદના 'રંગમંડળે', 1939ની રંગભૂમિ પરિષદ પછી 'ડ્રૉઈંગરૂમ થિયેટર'ની કલ્પના અને સવલતથી એટલા અને એવા પ્રયોગોની તક આપી કે 1950-65ના ગાળાને તખ્તાપરક એકાંકીનો બીજો સ્તબક ગણવો પડે. મુંબઈમાં ભારતીય વિદ્યાભવને 1951થી અનેકોને એ માટે ટેકો આપ્યો અને એમાંથી પ્રલંબ નાટકોના લેખકો-દિગ્દર્શકો પણ જડી આવ્યા. મડિયા, શિવકુમાર, પન્નાલાલ વગેરેએ આગવી રીતે એમાં પ્રદાન કર્યું છે. મુંબઈમાં પ્રબોધ જોષી, જયંતી પટેલ વગેરેએ નવી દિશા ચીંધી હતી.



પદ્મા રાણી



સરિતા જોષી

ઇન્ડિયન નેશનલ થિયેટર

ગુજરાતી અગ્રણી નાટ્યસંસ્થા. સ્થાપના 1943. 1942ના આંદોલનમાં કારાવાસ ભોગવનાર સમાજવાદી વિચારસરણીના નવલોહિયા જવાનોએ રંગમંચ લોકશિક્ષણનું મહત્ત્વનું માધ્યમ છે એ વાત સ્વીકારીને એક સંસ્થા સ્થાપવાનો વિચાર કર્યો. તેમાંથી ઇન્ડિયન નેશનલ થિયેટરનો જન્મ થયો. તત્કાલીન સંજોગોને અનુરૂપ અવિનાશ વ્યાસની નૃત્યનાટિકાઓ યોગેન્દ્ર દેસાઈની માવજત પામી અને 'કાળભૈરવ' તથા 'ભૂખ' રૂપે આ થિયેટર દ્વારા રજૂ થયેલી. પછી તો મોટા પાયા ઉપર જવાહરલાલ નેહરુનું 'ડિસ્કવરી ઑફ ઇન્ડિયા' અને બાદમાં 'નરસૈયો', 'મીરાં' અને 'આમ્રપાલી' પણ એને ઉપક્રમે રજૂ થયાં. 1949માં આચાર્ય અત્રેના 'લગ્નાચી બેડી'ના ભાષાંતર 'લગ્નની બેડી'થી આ મંડળે ગુજરાતી નાટક ભજવવાનો આરંભ કર્યો. તેનાથી ગુજરાતી નાટકમાં આગોતરી ટિકિટ લેવાની પ્રથા શરૂ થઈ. આ દરમિયાન અરવિંદ ઠક્કરે પણ સારાં નાટકો આપ્યાં. આઈ.એન.ટી.નો પ્રભાવ લઝાકલામાં દિગ્દર્શક કલાકાર પ્રવીણ જોશીનો ફાળો અવિસ્મરણીય છે. તેમના અકાળ અવસાન (1979) બાદ સુરેશ રાજડાને દિગ્દર્શન સોંપ્યું. તેમણે પણ 'ગોરંભો', 'લોકશત્રુ', 'કુરુક્ષેત્ર' જેવાં નાટકો રજૂ કર્યાં. સરિતા જોશીની નાટ્યપ્રતિભા આઈ.એન.ટી.માં પૂર્ણતઃ વિકસી. સવાસો જેટલાં ગુજરાતી નાટકો ભજવનાર આઈ.એન.ટી.એ 'જેસલ તોરલ' જેવાં લોકનાટ્ય પણ આપ્યાં છે.

ત્યાર બાદ 1966-72નાં પાંચ-છ વર્ષ માટે 'ઍબ્સર્ડ'નો વાયરો ફૂંકાય છે : કૉલેજોના વાર્ષિક ઉત્સવો માટે. લેખક-દિગ્દર્શક-નટ કોઈને એ પાશ્ચાત્ય સ્વરૂપની અનુભૂતિ નહોતી, છતાં એ ફૅશન આવી; અલબત્ત, એથી કેટલીક મહત્ત્વની કલમો (લાભશંકર ઠાકર, મધુ રાય, ચિનુ મોદી, આદિલ મન્સૂરી, શ્રીકાંત શાહ વગેરે) નાટ્યક્ષેત્રને મળી. આ 'ઍબ્સર્ડ વળાંક'નો ગાળો 1972ના 'આકંઠ સાબરમતી' વર્કશૉપથી પૂરો થયો.

પ્રલંબ નાટકનાં 150 વર્ષ અને એકાંકીનાં 125 વર્ષમાં ઘણું થયું છે અને થવાની સંનિષ્ઠ મથામણ ચાલુ છે, એ ઉજ્જ્વળ ભાવિનો સધિયારો આપે છે. સિનેમા અને ત્યાર બાદ ટી.વી.ની ફિલ્મો અને પછી વિડિયો દૃશ્યોએ આજે લોકરુચિનો કબ્જો લઈ લીધો છે. પાશ્ચાત્ય દેશોમાં એમ થવા છતાં નાટકશાળા અને નાટક જીવતાં, અસર કરનારાં રહ્યાં છે.

દીપક ઘીવાલા



રસિક દવે



હોમી વાડિયા





કેતકી દવે



અપરા મહેતા



સુજાતા મહેતા

હસમુખ બારાડી

(જ. 23-12-1938)



ગુજરાતી નાટ્યકાર, દિગ્દર્શક અને નાટ્યવિવેચક હસમુખ બારાડીનું વતન રાજકોટ. 1961માં સૌરાષ્ટ્ર સંગીત નાટક અકાદમીમાંથી નાટ્ય-દિગ્દર્શનનો ડિપ્લોમા મેળવ્યો. 1964માં બી.એ. થઈ 1972માં મૉસ્કોની યુનિવર્સિટીમાંથી થિયેટર-ઇતિહાસ સાથે એમ.એ. થયા તે પહેલાં 1959થી 1964 દરમ્યાન આકાશવાણીમાં તેમણે સેવાઓ આપેલી. 1973થી 1993 સુધી 'ઇસરો'માં કાર્યક્રમ-નિર્માતા હતા. તે પદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધી (1993).

બારાડી નાટ્યપ્રવૃત્તિને સમર્પિત લેખક-કલાકાર છે. તેમણે ડઝન જેટલાં નાટકો આપ્યાં છે. અનુઆધુનિકતાને બંધ બેસે તેવા લોકકેન્દ્રી થિયેટરના અંગરૂપે શેરી-નાટકો પણ તેમણે લખ્યાં છે, ભજવ્યાં છે અને ભજવાવ્યાં છે.

'નાટક સરીખો નાદર હુન્નર' તેમના નાટક અને રંગભૂમિને લગતા લેખોનો સંગ્રહ છે. તેમણે ગુજરાતી રંગભૂમિનો ઇતિહાસ નેશનલ બુક ટ્રસ્ટ, દિલ્હીને ઉપક્રમે તૈયાર કર્યો હતો. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ માટે 'ટીવી પ્રોડક્શન' વિષય પર પાઠ્યપુસ્તક તૈયાર કર્યું હતું, જેને તે વર્ષના એ વિષયના શ્રેષ્ઠ પુસ્તક તરીકે પારિતોષિક મળ્યું હતું. તેમણે ભારતમાં તેમ જ વિદેશમાં નાટક અને રંગભૂમિને લગતી અનેક તાલીમશિબિરોનું સંચાલન કરેલું છે. બટુભાઈ ઉમરવાડિયાની સ્મૃતિમાં સ્થપાયેલી નાટ્યશિક્ષણસંશોધન સંસ્થા (BUDETRI)ના કાર્યવાહક તરીકે તેમ જ 'નાટક' ત્રૈમાસિકના તંત્રી તરીકે સેવા આપી રહ્યા છે. તેમને નાટ્યલેખન માટે નર્મદચંદ્રક પણ અર્પણ થયો છે.

મહેશ ચંપકલાલ

(જ. 23-12-1951)



નાટ્યવિદ, દિગ્દર્શક અને અભિનેતા મહેશ ચંકલાલનો જન્મ મ્બાલે(પૂર્વ આફ્રિકા)માં. વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાંથી 1987માં સંશોધન કરી નાટકમાં પીએચ.ડી. કર્યું. 1996માં 'નાટકની ભાષા' અંગે સંશોધન કરીને ગુજરાતી સાહિત્યમાં પીએચ.ડી. થયા.

1973થી 1981 સુધી મુંબઈની વ્યાવસાયિક રંગભૂમિ સાથે સંકળાયેલા રહ્યા. દરમિયાન તેઓ મુંબઈની આઈ.એન.ટી. તથા 'બહુરૂપી' જેવી નાટ્યસંસ્થાઓમાં અભિનેતા તરીકે પણ પ્રવૃત્ત રહ્યા.

1981થી તેમણે નાટ્યવિદ્યાના પ્રાધ્યાપક, 1995થી 1999 અને 2003થી મ. સ. યુનિવર્સિટીના નાટ્યવિભાગના અધ્યક્ષ. બાદમાં 2005થી ફૅકલ્ટી ઑફ પર્ફૉર્મિંગ આર્ટ્સના ડીન રહ્યા છે.

તેમના ગ્રંથ 'આધુનિક ગુજરાતી નાટક : પ્રત અને પ્રયોગ'ને ગુજરાત સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પ્રાપ્ત થયો. એ જ રીતે તેમના નાટ્યવિવેચન-સંગ્રહ 'રંગદ્વાર' બદલ તેમને ગુજરાત સાહિત્ય અકાદમી પુરસ્કાર, ગિરીશ કર્નાડના પ્રખ્યાત નાટક 'ધ ફાયર ઍન્ડ ધ રેઇન'ના ગુજરાતી અનુવાદ 'અગ્નિ અને વરસાદ' બદલ કેન્દ્રીય સાહિત્ય અકાદમી પુરસ્કાર પ્રાપ્ત થયા છે. પ્રા. જગદીશ ભટ્ટના નિર્દેશનમાં રજૂ થયેલ નાટક 'હયવદન'માં કપિલની ભૂમિકા માટે ગુજરાત સંગીત નાટક અકાદમી દ્વારા તેમને 'શ્રેષ્ઠ નટ'નો પુરસ્કાર તથા જયશંકર 'સુંદરી' ઍવૉર્ડ પ્રાપ્ત થયા છે.

વિજ્ઞાન સંશોધન

હસમુખ સાંકળિયા

(જ. 10-12-1908 * અ. 28-1-1989)



પુરાતત્ત્વના વિદ્યાક્ષેત્રે માત્ર ભારત જ નહીં પણ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરના ડૉ. હસમુખ સાંકળિયાનો જન્મ મુંબઈમાં.

મુંબઈ યુનિવર્સિટીમાંથી એમ.એ., એલએલ.બી.નો અભ્યાસ કરીને પુરાતત્ત્વના વિષયમાં લંડન યુનિવર્સિટીમાંથી તેમણે પીએચ.ડી. કર્યું. 1937માં ભારત પાછા આવ્યા.

થોડો સમય મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા. ત્યાર બાદ ડૉ. સાંકળિયાએ પોતાની કાર્યરત જિંદગીના અંત સુધી પૂનાની ડેક્કન કૉલેજમાં પોતાની સેવાઓ આપી.

પુરાતત્ત્વના વિષયમાં તેમના બહુમૂલ્ય પ્રદાનને કારણે તેમને કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, યુનિવર્સિટીઓ તરફથી તેમજ રણજિતરામ ચંદ્રક જેવાં અનેક માનભર્યાં પારિતોષિકો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ સૌના શિરમોર સમા પદ્મવિભૂષણના ઇલકાબથી ભારત સરકારે 1974માં તેમને વિભૂષિત કર્યા હતા.

ડૉ. સાંકળિયા ધર્મમાં શ્રદ્ધા ધરાવનારા સહૃદય વ્યક્તિ હતા. ઉત્ખનનકાર્ય વખતે તેઓ ખોદકામ કરનારા મજૂરોની સાથે બેસીને ભોજન લેતા.

ત્રિભુવનદાસ ગજ્જર

(જ. 1863 * અ. 16-7-1920)



ગુજરાતના આ વિજ્ઞાનીનો જન્મ સુરતમાં સુથાર જ્ઞાતિમાં અગ્રેસર ગણાતા એક કુટુંબમાં થયો હતો. નાનપણથી જ અભ્યાસમાં એ તેજસ્વી હતા. મુંબઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી રસાયણશાસ્ત્ર સાથે તેઓ બી.એ. થયા હતા.

અભ્યાસકાળથી જ એમણે વિજ્ઞાન-સંશોધનની દિશામાં કારકિર્દી કરવાનો નિશ્ચય કર્યો હતો. જો પ્રજા વિજ્ઞાન અને ટેક્નોલૉજી પ્રત્યે અભિમુખ થાય તો જ દેશ ઊંચો આવે તેવી દૃઢ માન્યતા હોવાથી ઊંચા પગારવાળી નોકરીઓ બાજુએ મૂકી દીધી. દીર્ઘદ્રષ્ટા રાજવી શ્રીમંત સયાજીરાવને આશ્રયે પોતાની મનઃકામના પાર પાડવાની મહેચ્છાએ તેઓ વડોદરા કૉલેજમાં અધ્યાપક તરીકે જોડાયા. અહીં તેમણે છાપકામ અને રંગાટીકામની પ્રયોગશાળા શરૂ કરી.

1890માં 'કળાભવન'ની સ્થાપના થઈ. તેમાં પ્રો. ગજ્જર આચાર્યપદે નિમાયા. છ વર્ષ ત્યાં રહીને ગુજરાતી ભાષામાં વિજ્ઞાનને લગતું સાહિત્ય તૈયાર કરવા માટે કવિ કાન્ત સાથે જોડાયા. આ કાર્ય માટે શ્રીમંત સયાજીરાવ પાસેથી પચાસ હજારની સહાય પણ મેળવી.

બાદમાં મુંબઈ આવીને વિલ્સન કૉલેજમાં રસાયણશાસ્ત્રના પ્રોફેસર તરીકે સ્થિર થયા. દરમ્યાન મરકી ફાટી નીકળતાં તેમણે 'આયોડિન ટકરલોરાઇડ' નામની દવાની શોધ કરી. પરદેશી કંપનીઓએ તેના હક માટે મોટી રકમની ઑફર કરી છતાં તે ન સ્વીકારતાં જનતા માટે ખુલ્લી રાખી. તેમની પ્રેરણા, યોજના અને પરિશ્રમથી 'એલેમ્બિક કેમિકલ વર્કસ' સ્થાપવામાં આવ્યું.

ભગવાનલાલ ઇન્દ્રજી

(જ. 7-11-1839 * અ. 16-3-1888)



જૂનાગઢમાં, શાસ્ત્રોમાં પારંગત એવા કુટુંબમાં એમનો જન્મ થયો હોવાથી સંસ્કૃતનું અને પ્રાચીન સંસ્કૃતિનું એમને ઠીકઠીક જ્ઞાન હતું, બાકી પરંપરાગત શિક્ષણ એમને ઝાઝું મળેલું નહીં.

ભગવાનલાલને એમની કારકિર્દીના ચીલે ચડાવનાર તો ગિરનારની તળેટીમાં આવેલા સમ્રાટ અશોકના શિલાલેખો જ હતા. પાલિ અને પુરાલિપિમાં તેમને રસ પડ્યો. તે ઉકેલવા માટે અંગ્રેજી ભાષાનો કક્કોય ન જાણવા છતાં તેઓએ ઉત્તર-ભારત, નેપાળ, તિબેટ વગેરે અનેક સ્થળોનો પ્રવાસ કર્યો. આ વિષયમાં તેમનું કામ એવું તો નક્કર હતું કે બુહ્લર જેવા જર્મન વિદ્વાન તેમને જરૂરી અંગ્રેજી સ્રોત-માહિતીનો અનુવાદ કરી આપતા. તેમણે પુરાતત્ત્વને જે પ્રચેતના આપી તેનાં આંદોલનો ઠેઠ પશ્ચિમ સુધી પહોંચી ગયાં અને ત્યાંની વિદ્યાપીઠોએ તેમને ડૉક્ટરેટથી નવાજ્યા.

આ ઉપરાંત સાતવાહનના ખારવલના લેખો તેમણે ઉકેલી આપ્યા અને સિક્કાઓ પરથી ક્ષેત્રોની સળંગ વંશાવલિ જે લગભગ અસંભવિત લાગતી હતી તે યોજી આપી. તિબેટથી અજંતા સુધી રખડીને તેમણે બહુમૂલ્ય પુરાવસ્તુઓનો સંગ્રહ કરેલો, પરંતુ કમનસીબે આપણે તે જાળવી ન શક્યા અને આવો મૂલ્યવાન સંગ્રહ બ્રિટિશ મ્યુઝિયમમાં ચાલ્યો ગયો.

એ સમયના ખ્યાતનામ પુરાત્ત્વવિદ ડૉ. ભાઉ દાજી સાથે એમને કામ કરવાની તક મળી. એમાંથી તેમણે ઘણું માર્ગદર્શન મેળવ્યું. ત્યાર બાદ પણ અનેક ઉત્કીર્ણ લેખો તેમણે ઉકેલી આપ્યા.

જયકૃષ્ણ ઇન્દ્રજી

(જ. 1849 * અ. 3-12-1929)



કચ્છના લખપત ગામે જન્મેલા અને પંદર-સત્તર વર્ષ સુધી સાવ અડબંગ જેવી જિંદગી જીવેલા જયકૃષ્ણ ઇન્દ્રજી દેશના ઉત્તમ વનસ્પતિશાસ્ત્રી બન્યા તે એક ચમત્કાર જ ગણાય.

શરૂઆતની જિંદગી રસોઇયા તરીકે અને પાછળથી જૂનાં પુસ્તકોની લે-વેચ કરવાનો વ્યવસાય તેમણે કરેલો. પણ ભાવિનો કોઈ શુભ સંકેત હોય તેમ તેઓ પ્રખર પુરાતત્ત્વવેત્તા ભગવાનલાલ ઈન્દ્રજીના સંસર્ગમાં આવ્યા અને જાણે તેમનો નવો જન્મ થયો. તેમના સત્સંગે જયકૃષ્ણને વનસ્પતિની ઓળખનો શોખ જાગ્યો. તે શોખ વિકસતાં તેમણે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં ઘણું ભ્રમણ કર્યું. તેમનું આ પરિભ્રમણ તેમને માટે અનુભવની મહાશાળા બન્યું.

એ સમય દરમ્યાન તેમણે પોરબંદરના મહારાણાની નોકરી સ્વીકારી. રાજ્યમાં આવેલા બરડા ડુંગર પર જાતજાતની વનસ્પતિ થતી હતી. તેના સંશોધનાર્થે તેમણે આખોય બરડો ડુંગર ખૂંદી નાખ્યો, એટલું જ નહીં, પણ કેટલાક દુઃસાધ્ય રોગ માટેનાં ઔષધ બનાવવા અંગે સંશોધન કર્યું.

તેમના જીવનનું મહત્ત્વનું પ્રદાન હતું તેમણે રચેલો 'વનસ્પતિશાસ્ત્ર' નામનો અદ્ભુત ગ્રંથ. છસોથી પણ વધુ વનસ્પતિનાં વર્ણન અને ઉપયોગ તેમાં દર્શાવાયાં છે. એ ગ્રંથ અંગ્રેજી ભાષામાં પ્રગટ થાય તો તેમને અનેકગણા પૈસા અને કીર્તિ મળે તેમ હતું છતાં પોતાના દેશબંધુઓ તેનો સરળતાથી ઉપયોગ કરી શકે તે માટે તેમણે તે ગ્રંથ ગુજરાતી ભાષામાં જ પ્રગટ કર્યો.

મુનિ પુણ્યવિજયજી

(જ. 27-10-1895 * અ. 24-6-1971)



મુનિશ્રી પુણ્યવિજયજીએ હસ્તલિખિત પ્રતોમાં સચવાયેલા આપણા જ્ઞાનભંડારોને વેડફાઇ જતો બચાવી તેને જાળવી રાખવાનું એક બહુમૂલ્ય કાર્ય કર્યું છે.

પાટણમાં એક હજાર વર્ષ જૂની, પંદર હજારથી પણ વધુ હસ્તપ્રતો બિલકુલ અવ્યવસ્થિત દશામાં હતી. તે હસ્તપ્રતોને તેમણે વ્યવસ્થિત કરી અને તેના સુફળ-રૂપે પાટણમાં 'હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર'ની સ્થાપના થઈ. ઉપરાંત ખંભાત, જેસલમેર, પાલિતાણા, જોધપુર, વડોદરા, અમદાવાદ વગેરેના આવા જ્ઞાનભંડારો પણ વ્યવસ્થિત કરીને તેમણે સૂચિઓ બનાવી.

આ હસ્તપ્રતોના સંપાદનકાર્ય ઉપરાંત તેમણે હસ્તપ્રતોને ભેગી કરી તેમને વ્યવસ્થિત ગોઠવવાનું તથા તેમની લિપિ ઉકેલવાનું કાર્ય કર્યું હતું. પ્રાચીન સિક્કાઓ તથા મૂર્તિઓના સમય નક્કી કરવાનું પણ શીખ્યા હતા.

જૈન આગમનો તેમણે અભ્યાસ કરીને તેની પુનર્વાચના તૈયાર કરી. લહિયાઓની મદદથી તેનાં સંપાદનો કર્યાં. લહિયાઓની મદદથી તેનાં સંપાદનો કર્યાં. લહિયાઓને ચૂકવવાની રકમ પણ તેમની પાસે ન હતી. અનાયાસ મદદ ન મળે તો તેઓ કોઈની પાસે કશું માગતા પણ નહીં. આથી તેમને ખૂબ મુશ્કેલી પડતી.

શેઠ કસ્તૂરભાઈ લાલભાઈને આ વાતની જાણ થતાં સામે ચાલીને મુનિશ્રીને બધી જ સગવડો કરી આપી. વિદ્વત્તાપૂર્ણ સંશોધન કરનાર મુનિશ્રી પુણ્યવિજયજી પરંપરાને જાળવનાર સાધુ તરીકે આદર્શમૂર્તિ સમા છે.

રત્નમણિરાવ જોટે

(જ. 19-10-1895 * અ. 24-9-1955)



જન્મે સાઠોદરા નાગર, વ્યવસાય કાપડનો અને રહેવાનું મદ્રાસમાં. આવી કોઈ વ્યક્તિ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસમાં મહત્ત્વનું સંશોધનકાર્ય કરે એ તો એક આશ્ચર્યજનક ઘટના જ કહેવાય. બે હજાર કિલોમીટર દૂર ઠેઠ મદ્રાસમાં રહ્યેરહ્યે તેમણે 'ગુજરાતનું પાટનગર અમદાવાદ', 'ખંભાતનો ઇતિહાસ', 'ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ' (ભાગ 1-2-3, ચોથો લખતાં એમનું અવસાન થયું) તથા 'સોમનાથ' જેવા બહુમૂલ્ય સંદર્ભગ્રંથો આપ્યા તેમ જ આવા જ વિષયો પર નાની પુસ્તિકાઓ પણ લખી.

અંતરંગ વર્તુળમાં 'ભાણાભાઈ' નામે ઓળખાતા રત્નમણિરાવ ઇતિહાસના પ્રકાંડ વિદ્વાન તેમ જ સાહિત્ય અને કલાના મરમી હતા. સંસ્કૃતવિષયના પણ તેઓ પંડિત હતા. આવા ગંભીર વિષયોના જ્ઞાતા હોવા છતાં તેઓ રસિકવૃત્તિ ધરાવતા હતા. વેશ-પરિવેશે તેઓ અત્યંત સાદા હતા. એમનું ગૃહજીવન મીઠાશ અને પ્રસન્નતાથી ભર્યુંભર્યું હતું. જ્યોતિષમાં પણ એમનું ઊંડું જ્ઞાન હતું.

નાનપણથી જ લખવાના તેઓ શોખીન હતા. 1924માં તેમણે 'ગુજરાતની સંસ્કૃતિ અને ઇતિહાસનું વિહંગાવલોકન' નામે એક અભ્યાસપૂર્ણ લેખ લખ્યો ત્યારથી એમના તરફ સૌનું ધ્યાન ખેંચાયું હતું. ત્યાર બાદ ગુજરાત સાહિત્ય સભાએ એમની પાસે અનેક પુસ્તકો લખાવ્યાં. 1943માં 'ટાઇફ્સ' નામના રોગમાં પટકાયા અને 12 વર્ષની લાંબી બીમારી ભોગવી 1955માં મૃત્યુ પામ્યા.

સલીમ અલી

(જ. 12-11-1896 * અ. 20-6-1987)



બાર વર્ષના સલીમે ગમ્મતમાં એરગનથી એક પક્ષીને ઢાળી દીધું, પણ એને ગળે પીળો ડાઘ જોઈને કુતૂહલ થયું કે એ પક્ષી કયું હશે ? એની જિજ્ઞાસા સંતોષવા એના કાકા લઈ ગયા 'બૉમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી'ના મંત્રી મિ. મિલાર્ડ પાસે. તેમણે સલીમને એ પંખીની ઓળખ તો આપી, ઉપરાંત ઘણાં સ્ટફ કરેલાં પંખીઓના નમૂના પણ બતાવ્યા. બીજાં પુસ્તકો પણ આપ્યાં.

સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં બી.એસસી. થઈને પક્ષીવિદ્યાના વધુ અભ્યાસાર્થે તેઓ જર્મની ગયા. ત્યાંના પ્રાણીશાસ્ત્રના વિદ્વાન ડૉ. સ્ટેટ્સમેનના હાથ નીચે કામ કર્યું. ત્યાં અભ્યાસ દરમ્યાન હેલીગો દ્વીપમાં ધ્રુવપ્રદેશથી આવતાં યાયાવર પંખીઓનું અવલોકન કરવાની તેમને તક મળી.

ભારતમાં આવીને તેમણે આ દિશામાં સ્વતંત્ર કામગીરી શરૂ કરી. હૈદરાબાદ રાજ્યનાં પક્ષીઓની મોજણીનું સૌપ્રથમ કામ કર્યું. ત્યાર બાદ 'બૉમ્બે નેચરલ હિસ્ટરી સોસાયટી'એ તેમને ભારતના બધા જ પ્રદેશનાં પક્ષીઓની મોજણીની કામગીરી સોંપી.

કચ્છ અને ત્રાવણકોરનાં પક્ષીઓ પર તો તેમણે સ્વતંત્ર ગ્રંથો લખ્યા છે. આ ઉપરાંત પણ તેમણે પક્ષીઓ વિશે ઘણાં પુસ્તકો લખ્યાં છે. તેમને ઘણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પુરસ્કારો મળ્યા છે. ભારત સરકારે તેમને 'પદ્મભૂષણ'નો ઇલકાબ પણ આપ્યો હતો. સલીમ અલી મૂળ ખંભાતના સુલેમાની વહોરા અને 1857થી તેમના પૂર્વજો મુંબઈ આવીને વસ્યા હતા.

હરિનારાયણ આચાર્ય

(જ. 25-8-1897 * અ. 22-5-1984)



'વનેચર'ના ઉપનામથી આખું ગુજરાત જેમને ઓળખે છે તે ખ્યાતનામ પ્રકૃતિવિદ હરિનારાયણ ગિરધરલાલ આચાર્યનો જન્મ ઔદિચ્ય બ્રાહ્મણ કુટુંબમાં થયેલો. શિક્ષણ પૂરું કર્યા બાદ કાયદાના અભ્યાસ માટે થોડો સમય મુંબઈમાં ગાળ્યો હતો. 1922માં અમદાવાદ ખાતે સ્થિર થયા હતા.

મુંબઈ હતા તે દરમ્યાન જ 'સમાલોચક' માસિક દ્વારા તેમની લેખનપ્રવૃત્તિ આરંભાઈ હતી, જે અમદાવાદ આવ્યા પછી 'કુમાર' માસિક દ્વારા પાંગરી. નાનપણથી જ તેઓ રખડપટ્ટી અને પ્રવાસના શોખીન તથા વ્યાયામના દૃઢ ઉપાસક હોઈ તેમની લેખનપ્રવૃત્તિમાં પણ આ જ વિષયો આવ્યા. 'ખભે ખડિયો', 'અખાડો', 'સ્વાસ્થ્યશક્તિ', 'સૌંદર્ય' વગેરે તેમની લેખમાળાઓ ઉપરાંત થોડાં જીવનચરિત્રો, પ્રાણીજીવનની કેટલીક વાર્તાઓના અનુવાદ પણ તેમણે કર્યા.

પ્રકૃતિના અભ્યાસમાંથી જે પ્રાપ્ત થયું એથી પ્રેરાઈને ગુજરાતનાં પ્રાણીજીવન, વનસ્પતિસૃષ્ટિ અને ભૂરચનાના અવલોકન, અભ્યાસ અને સંશોધનના પ્રચાર-વિકાસ અર્થે તેમણે મિત્રોના પ્રોત્સાહનથી 1938માં અમદાવાદમાં 'પ્રકૃતિ' ત્રૈમાસિક શરૂ કર્યું. આ સામયિકના સંચાલન અને 'કુમાર'માંની તેમની લેખમાળા 'વનવગડાનાં વાસી' તથા અન્ય લેખો દ્વારા તેમણે કરેલી સેવાના સંદર્ભમાં ગુજરાત સાહિત્ય સભાએ તેમને 1947ની સાલમાં રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કર્યો હતો.

realpatidar.com

ડો. હોમી ભાભા

(જ. 30-10-1909 * અ. 24-1-1966)



અંગ્રેજોનાં બાળકો માટે સ્થપાયેલી શાળામાં હોમીને અભ્યાસ કરવાની તક મળી. તેમની શાળાકીય કારકિર્દી ઉજ્જ્વળ હતી. 1924માં તેમણે સીનિયર કેમ્બ્રિજની પરીક્ષા પાસ કરી. 1927માં હોમીને વધુ અભ્યાસ માટે ઇં… મોકલવામાં આવ્યા. 1934માં તેમને પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત થઈ. તેમને ઝુરિચમાં પ્રો.પાઉલી, રોમમાં પ્રો. એન્… ફર્મી, યુટ્રેક્ટમાં પ્રો. ફેમર્સ અને કોપનહેગનમાં પ્રો. નીલ્સ બોર જેવા મહાન વિજ્ઞાનીઓના હાથ નીચે કામ કરવાની … મળી હતી. પરંતુ '39માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં તેમણે ભારત આવી બૅંગલોરની હિંદી વિજ્ઞાનસંસ્થામાં પો… સંશોધનકાર્ય આગળ ચલાવ્યું. માત્ર 28 વર્ષની ઉંમરે વૈશ્વ કિરણો અંગેના પોતાના આગવા સંશોધનથી તેમણે વિજ્ઞાનજ… આશ્ચર્ય પમાડ્યું હતું. ભારતમાં તેઓ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાં પ્રોફેસર બન્યા. 1945થી તેઓ મુંબઈમાં … ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફંડામેન્ટલ રિસર્ચમાં ડિરેક્ટર અને સૈદ્ધાંતિક-ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક નિમાયા.

1947માં 15મી ઑગસ્ટે ભારત સ્વતંત્ર રાષ્ટ્ર થયું. વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુનો અભિગમ વિજ્ઞાન… હતો. 26મી ઑગસ્ટે જ નવી દિલ્હીમાં એક અગત્યની મીટિંગ બોલાવવામાં આવી. ડૉ. ભાભાને પણ એ મીટિં… આમંત્રણ આપવામાં આવ્યું હતું. ડૉ. ભાભાના વૈજ્ઞાનિક વિકાસ, સંગઠનચાતુર્ય અને દીર્ઘદૃષ્ટિને કારણે સ્વતંત્ર ભારત… વૈજ્ઞાનિક વિકાસ નક્કર અને સ્થિર પાયા પર રચી શકાયો. વૈશ્વ કિરણોમાં મૂળભૂત સંશોધન કરવાની દૃષ્ટિએ કાર્ય… ગોઠવી તેનો અમલ કરવાની જવાબદારી ડૉ. ભાભાના નેતૃત્વ તળે પાર પડી હતી. અણુશક્તિના શાંતિમય ઉપયોગ સં… યોજના - વિચારણા માટેની પ્રથમ આંતરરાષ્ટ્રીય પરિષદમાં ડૉ. ભાભાની પ્રમુખપદે વરણી થઈ હતી. દેશની પ્રથ… અણુભઠ્ઠી 'અપ્સરા'ની રચના પણ એમના નેતૃત્વમાં થઈ. અણુશક્તિ પંચના રાહબર તરીકે ડૉ. ભાભાની બીજી મોટી કામગીરી તારાપુર અને રાજસ્થાનમાં અણુવિદ્યુત મથકો સ્થાપવા માટેની હતી. અણુશક્તિના રૌદ્ર અને ભદ્ર એ બંને પાસાંઓનું ડૉ. ભાભાને પૂરતું જ્ઞાન હતું. એમાં ભદ્ર સ્વરૂપની ઉપાસના પ્રત્યે એમનો આગ્રહ રહ્યો હતો, એટલું જ નહિ, પણ દુનિયાના બધા અણુવિજ્ઞાનીઓ આ જમાતમાં ભળે એ માટે વૈજ્ઞાનિક નકશા ઉપર ડૉ. ભાભાને કારણે જ ભારતનું નામ રોશન થઈ ગયું. 1948માં ભારત સરકારના અણુશક્તિ પંચની સ્થાપના થઈ. આ પંચના અધ્યક્ષ તરીકે ડૉ. હોમી ભાભાને સ્થાન આપવામાં આવ્યું. થોડા સમય બાદ પરમાણુશક્તિનું ખાતું ઊભું કરીને ડૉ. ભાભાને તેના સચિવ પણ બનાવવામાં આવ્યા. અણુશક્તિ-સંશોધનને વધુ આધુનિક અને સવલતભર્યું બનાવવા માટે મુંબઈમાં ટ્રૉમ્બેમાં અણુસંશોધનકેન્દ્ર 1954માં ઊભું કરવામાં આવ્યું.

યુરોપની આલ્પ્સની પર્વતમાળાના એ પ્રશંસક હતા. તેના સૌંદર્યના ચાહક હતા. 1966ના જાન્યુઆરી માસમાં જિનીવા ખાતે આંતરરાષ્ટ્રીય અણુપંચની કારોબારીની બેઠક બોલાવવામાં આવી હતી. તેમાં ભાગ લેવા તેઓ 'કાંચનજંઘા' નામક બોઇંગ વિમાનમાં નીકળ્યા. 116 સાથી યાત્રીઓ સાથે વિમાને મુંબઈથી સમયસર ઉડ્ડયન કર્યું. જિનીવા પહોંચવાની તૈયારી હતી. ગણતરીના કલાક જ બાકી હતા, ત્યારે આલ્પ્સની પર્વતમાળા ઉપરથી જ વિમાન ઊડી રહ્યું હતું. જાણે રૂના પોલ ઉપરથી વિમાન ઊડી રહ્યું હતું. બરફમાં સમગ્ર પ્રકૃતિ થીજી થઈ હતી. ચારે બાજુ નીરવ શાંતિ હતી. ત્યાં જ જાણે ગગનમાં એક અગનગોળો ફાટે છે અને આભ-ધરતી ધ્રૂજી ઊઠે છે. માઉન્ટ બ્લૅન્ક આગળથી પસાર થતું એ વિમાન તૂટી પડતાં પ્રકૃતિના એ ચાહક ભારતના પનોતા પુત્ર ડૉ. ભાભા પ્રકૃતિની ગોદમાં જ ચિરનિદ્રામાં પોઢી ગયા.



સામ પિત્રોડા

(જ. 1942)



ભારતમા ટેલિફોન-વ્યવસ્થા તો ઓગણીસમી સદીના છેલ્લા દસકામાં આવી - સહેજે એક સદી પહેલાં. આમ છતાં લગભગ નેવું વર્ષ સુધી તેમાં ખાસ સુધારો થયો નહીં. દૂરના સ્થળે વાતો કરવામાં મોટા અવાજે વાત કરવી પડે, લાઈન જલદી જોડાય નહીં, નાણાં બિલની રકમ ગણવાની પ્રક્રિયા પણ ગૂંચવણભરી.

સામ પિત્રોડાનું મૂળ નામ સત્યનારાયણ. જન્મ સામાન્ય સુથાર કુટુંબમાં. વડોદરામાં માંડ ભણ્યા, પણ વિદ્યાપ્રીતિ એવી કે ફિઝિક્સમાં માસ્ટર ડિગ્રી મેળવી 1961માં અમેરિકા ગયા. ડિજિટલ ઈલેક્ટ્રૉનિક સ્વીચીંગમાં એમને રસ જાગ્યો. 1974માં તેમણે વેસકોસ સ્વીચીંગ કંપનીની સ્થાપના કરી - જે તેમણે 1980માં 'રોકવેલ'ને વેચી 350,000,000 ડૉલરની મબલખ કમાણી કરી. રાતોરાત કરોડોપતિ થઈ ગયા.

અમેરિકામાં સમૃદ્ધ થયા છતાં સામ પિત્રોડાને પોતાની માતૃભૂમિ માટે કશુંક કરી નાંખવાની ભાવના જાગી. દેશ આઝાદ થયો ત્યારે ભારતમાં ટેલિફોન-ક્ષેત્રે સ્ટ્રૉંગર એક્સચેન્જ કાર્યરત હતું. 1965થી પેન્ટા કોન્ટા ક્રૉસબાર એક્સચેન્જ કાર્યરત થયું. આ બંને પદ્ધતિઓ ઈલેક્ટ્રો-મિકેનીકલ સિસ્ટમને અવરોધક હતી. ભારત આવીને અભ્યાસ કરતાં પિત્રોડાને થયું કે પ્રવર્તમાન પદ્ધતિ બદલવા માટે પરદેશથી ટેક્નૉલોજી લાવવી અનિવાર્ય છે.

ભારતમાં ટેલિકોમ કમિશનની રચના થઈ. તેના તેઓ અધ્યક્ષ અને ટેક્નૉલોજીની રાષ્ટ્રીય બાબતો અંગેના વડાપ્રધાનના સલાહકાર પણ બની ગયા. ભારતમાં નવા યુગનાં મંડાણ થયાં. ભારતમાં પ્રવર્તમાન જૂનીપુરાણી ટેલિફોન સર્વિસમાં આમૂલ પરિવર્તન આવવા લાગ્યું. ટેલિકોમ્યુનિકેશનની પુરાણી સેવાઓ માટે કેબલ નેટવર્ક વપરાતા હતા જેને બદલે સેટેલાઈટ દ્વારા ટ્રંકકોલ સિસ્ટમનો ઉદય થયો. નાનાં-નાનાં ગામો અને શહેરોમાં નેટવર્ક શરૂ થઈ ગયું. વર્ષો પછી ભારતની પ્રજાએ નવી ટેક્નૉલોજીનું પરોઢ જોયું ! ભારતમાં સંદેશાક્ષેત્રે આમૂલ પરિવર્તન આવી ગયું !

ડૉ. વિક્રમ સારાભાઈ

(જ. 12-8-1919 * અ. 30-12-1971)



અમદાવાદના વિખ્યાત ગર્ભશ્રીમંત ઉદ્યોગપતિ શેઠ અંબાલાલ સારાભાઈના પુત્ર. મુંબઈ અને કેમ્બ્રિજમાં ઉચ્ચ અભ્યાસ કરી એમણે ઇ. 1939માં વિજ્ઞાનમાં ટ્રાઈપૉસ લીધો. ઇ. 1939થી '45માં કૉસ્મિક કિરણોના પ્રસારણ અંગે રિચર્સ સ્કૉલર તરીકે બૅંગલોરમાં સ્વ. ડૉ. સી. વી. રામનના માર્ગદર્શન તળે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાં સંશોધન કર્યું.



બૅંગલોર શહેર તેમને માટે બે ભિન્ન રીતે ભવિષ્યમાં ફળદાયી નીવડ્યું હતું. તેઓ બે વ્યક્તિઓના પરિચયમાં આવ્યા હતા. એક વ્યક્તિએ તેમની કારકિર્દીમાં અને બીજી વ્યક્તિએ તેમના સંસારમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. બૅંગલોરમાં તેમનો પરિચય ડૉ. હોમી ભાભા સાથે થયો. બીજી વ્યક્તિ કુ. મૃણાલિની સ્વામિનાથન એક નૃત્યાંગનાના સ્વરૂપે - એક ઉચ્ચ કલાકાર તરીકે વિક્રમભાઈના સંપર્કમાં આવ્યાં હતાં. સારાભાઈ અને સ્વામિનાથન કુટુંબ એકબીજાના પરિચયમાં હતાં. પરિણામે ઉચ્ચ કક્ષાનાં, બે ભિન્ન છેડાના રસ ધરાવતાં બિંદુઓ હોવા છતાં તેઓ ઐક્યમાં-લગ્નમાં પરિણમ્યાં.

1945માં બીજા વિશ્વયુદ્ધનો અંત આવ્યા બાદ વિક્રમભાઈએ કેમ્બ્રિજ જઈને પીએચ.ડી. માટે સંશોધનકાર્ય પૂરું કર્યું. 1947માં કૉસ્મિક કિરણો વિષયમાં તેમને ડિગ્રી મળી અને 28માં વર્ષે તેઓ પાછા ફર્યા. ભારત આવીને તેમણે પોતાની કામગીરી શરૂ કરી દીધી. વૈજ્ઞાનિક સંશોધનાર્થે તેઓ વિવિધ સંસ્થાઓની મુલાકાતે જતા હતા તે દરમિયાન પુણેમાં ઈન્ડિયન મીટિયોરોલોજિકલ ડિપાર્ટમેન્ટના વડા ડૉ. રામનાથન સાથે તેમનો પરિચય થયો. ડૉ. રામનાથને ભૌતિકશાસ્ત્રના સંશોધનમાં ખૂબ રસ હતો. વિક્રમભાઈએ અમદાવાદ આવીને ડૉ. રામનાથનને અમદાવાદ બોલાવીને અમદાવાદમાં ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી(PRL)ની સ્થાપના કરી.

1947માં ભારત આઝાદ રાષ્ટ્ર થયું. ભારત સરકારે દેશના ઔદ્યોગિક વિકાસ તથા આધુનિકીકરણ માટે વિજ્ઞાન અને ટેક્નૉલોજી દ્વારા રાષ્ટ્રના ઘડતરના કાર્ય માટે અનેક સગવડો તથા નાણાકીય સહાય આપવા તત્પરતા બતાવી હતી. ડૉ. વિક્રમભાઈ માટે પોતાના વિજ્ઞાન-સંશોધન ઉપરાંત રાષ્ટ્રના ઘડતરમાં ફાળો આપવાની એક ઉમદા તક સામેથી આવી મળી હતી. 1947થી 1971 સુધીનાં 24 વર્ષ દરમિયાન વિક્રમભાઈએ 35થી પણ વધારે સંસ્થાઓ સ્થાપી. તેમાં ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી (PRL), મિલઉદ્યોગના આધુનિકીકરણ ('અટીરા'), અવકાશવિજ્ઞાન ('ઈસરો'), અણુશક્તિસંશોધન, રાસાયણિક દવા ઉદ્યોગ, શૈક્ષણિક સંસ્થા, વહીવટ અંગેની સંસ્થા, કમ્પ્યુટર ઉદ્યોગ તથા નૃત્ય-સંગીતની સંસ્થાઓનો પણ તેમાં સમાવેશ થાય છે.

1957માં આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અને વિજ્ઞાનને ક્ષેત્રે એક મહત્ત્વની ઘટના બની. આ વર્ષમાં સોવિયેટ રશિયાએ અવકાશમાં કૃત્રિમ ઉપગ્રહ તરતો મૂક્યો. આ ઘટનાએ આંતરરાષ્ટ્રીય સ્તરે અવકાશકાર્યક્રમો કર્યા, અનેક વિકસિત દેશોને ઉત્તેજિત કર્યા, પરિણામે 1960માં ડૉ. વિક્રમ સારાભાઈએ ભારત સરકાર સમક્ષ ભારતીય અવકાશ કાર્યક્રમ શરૂ કરવાની એક દરખાસ્ત મૂકી. 1962માં અણુશક્તિ મંત્રાલય હેઠળ 'ઈન્ડિયન નૅશનલ કમિટી ફૉર સ્પેસ રિસર્ચ'ની સ્થાપના થઈ. ડૉ. વિક્રમ સારાભાઈની તેના અધ્યક્ષ તરીકે નિયુક્તિ થઈ. પી.આર.એલ.ને ભારતીય અવકાશ કાર્યક્રમનું વડું મથક ગણવામાં આવ્યું અને 1963ના નવેમ્બરમાં ભારતની ધરતી પરથી પ્રથમ રૉકેટ સફળતાપૂર્વક છોડવામાં આવ્યું. આમ ભારતે ડૉ. વિક્રમ સારાભાઈની રાહબરી નીચે અવકાશયુગમાં પ્રવેશ કર્યો. ભારતના પશ્ચિમ કિનારે આવેલા થુમ્બાની ભારતના લૉન્ચિંગ સ્ટેશન તરીકે પસંદગી કરવામાં આવી. 1969માં ભારતીય કાર્યક્રમના ઝડપી વિકાસ માટે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા - ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઈઝેશન('ઈસરો')ની સ્થાપના કરવામાં આવી. તેના અધ્યક્ષ તરીકે પણ ડૉ. વિક્રમ સારાભાઈની પસંદગી કરવામાં આવી.

ડૉ. પંકજ જોશી

(જ. 25-4-1954)



સુપ્રસિદ્ધ ખગોળવિજ્ઞાની, 'ફાયર બૉલ' થિયરીથી હવે વિશ્વમાં જાણીતા થઈ ગયેલ પંકજ જોશીનો જન્મ શિહોરમાં.

વિજ્ઞાનની એક શાખામાં જગપ્રસિદ્ધ થયેલા વિજ્ઞાની પંકજ જોશી મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. થયા. તેમણે ડૉ. જયંત નારલીકર પાસે પીએચ.ડી. કર્યું હતું. ગણિતશાસ્ત્રમાં એમ.એસસી. તથા આઇન્સ્ટાઇનના ગુરુત્વાકર્ષણના સિદ્ધાંત વિશે પીએચ.ડી.ની ડિગ્રીઓ પ્રાપ્ત કર્યા પછી તેઓ મુંબઈની તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચમાં સંશોધન - કામ કરી ઈ. સ. 1981માં બે વર્ષ માટે અમેરિકાની પિટ્સબર્ગ યુનિવર્સિટીમાં વિશેષ અભ્યાસ માટે ગયેલા. ઈ. સ. 1983માં તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચના ખગોળશાસ્ત્ર વિભાગમાં જોડાયા અને હાલ તે જ સંસ્થામાં પ્રૉફેસર તરીકે સંશોધનકાર્ય કરી રહ્યા છે.

તેમનું સંશોધન તારાઓના મૃત્યુની આસપાસ ઘૂમતું રહ્યું છે. તારાઓના મૃત્યુ વિશેની તેમની 'ફાયર બૉલ' થિયરી આખા જગતમાં સ્વીકારાઈ છે. સૂર્ય કરતાં 10 કે 20ગણા મોટા તારાઓનો અંત આવે ત્યારે શું સ્થિતિ સર્જાય તે વિષય પર તેમણે સંશોધન કર્યું છે અને એક પુસ્તક પણ લખ્યું છે : 'ગ્રેવિટેશનલ કોલેપ્સ એન્ડ સ્પેસટાઈમ સિંગ્યુલારિટિઝ'.

તારાઓના ગુરુત્વીય ભંગાણ તથા વિલય વિશેનું પંકજ જોશીનું સંશોધન આંતરરાષ્ટ્રીય પ્રસિદ્ધિ તથા સ્વીકૃતિ પામ્યું છે. તે ઑક્સફર્ડ યુનિવર્સિટી દ્વારા પ્રગટ થયું છે. ખગોળવિજ્ઞાન તથા વિશ્વની ઉત્પત્તિ વિશે તેમના સંશોધનપત્રો આંતરરાષ્ટ્રીય સામયિકોમાં પ્રકાશિત થયાં છે. વિશ્વની યુનિવર્સિટીઓમાં તેઓ મુલાકાતી પ્રાધ્યાપક તરીકે કામ કરી ચૂક્યા છે. અમેરિકાના ગ્રેવિટી રિસર્ચ ફાઉન્ડેશને તેમને પુરસ્કૃત કર્યા છે તથા કેમ્બ્રિજ યુનિવર્સિટીએ 'નફિલ ફાઉન્ડેશન ફેલોશિપ' પ્રદાન કરી છે. 'તારાસૃષ્ટિ : સર્જન અને વિલય', 'સાપેક્ષવાદ' વિશે પરિચય-પુસ્તિકાઓ ઉપરાંત ગુજરાતીમાં પણ એમણે પુસ્તકો લખ્યાં છે.



રા. બ. રણછોડલાલ છોટાલાલ

(જ. 29-4-1823 * અ. 26-10-1898)

સરકારી કસ્ટમ-ખાતામાં નોકરી કરતા રણછોડલાલને કાપડની મિલ ઊભી કરવાનો વિચાર આવે એ તો બહુ કહેવાય ! નાગરોને આમેય મોટે ભાગે સરકારી કે રાજ્યની નોકરીઓ કરવા તરફ જ મન ઢળે. વેપારનું જોખમ તો આજે પણ તેઓ ભાગ્યે જ ખેડે. તેવા સંજોગોમાં રણછોડલાલને વેપાર કરવાનું, મિલ જેવો ઉદ્યોગ સ્થાપવાનું મન થાય તે એક આશ્ચર્ય ગણાય.

સૌ વાતે સુખી એવા પિતાને ત્યાં જન્મેલા રણછોડલાલ 20મે વર્ષે ભણી-ગણીને કસ્ટમ-ખાતામાં નોકરીએ લાગ્યા. પણ થોડા જ વખતમાં નોકરીમાં ખટપટોને કારણે નોકરી છોડી દીધી અને ક્યારેય નોકરી ન કરવાની પ્રતિજ્ઞા લીધી. તેઓ કોઈ એવો ધંધો કરવા માગતા હતા જેમાં સંપૂર્ણ શૂન્યાવકાશ હોય.

એ વખતે હિંદમાંથી રૂ પરદેશ જતું અને ત્યાંથી કાપડ બનીને દેશમાં આવતું. ઇંગ્લૅન્ડની માન્ચેસ્ટર વગેરેની કાપડની મિલોના ઉદ્યોગપતિઓ મબલખ ધન કમાતા. આ કાપડના મિલઉદ્યોગક્ષેત્રે સંપૂર્ણ શૂન્યાવકાશ હતો. જો દેશના રૂનું કાપડ દેશમાં જ બને તો કાપડ સસ્તું પડે તેમ જ તેનો નફો પણ દેશમાં જ રહે તેવી પણ એક ઉચ્ચ ભાવના આ વિચાર સાથે સંકળાયેલી હતી. આ યોજનાના પહેલા સોપાનરૂપે ઈ. સ. 1852માં તેમણે સૂતર કાંતવાનું કારખાનું નાખવાનો નિશ્ચય કરી લીધો. તેમણે વિલાયતની બ્રાયન ઍન્ડ ડંકન કંપનીને પત્ર લખીને યંત્રસામગ્રીની તેમ જ કરારની માહિતી મંગાવી. ત્યાંથી તે માહિતી આવી પહોંચતાં રણછોડલાલે રૂના મબલખ પાકની ભૂમિ ભરૂચમાં કારખાનું નાંખવાનું નક્કી કર્યું.

ચાર લાખ રૂપિયાના ભંડોળમાંથી ભરૂચમાં 1852માં સૂતરનું સૌપ્રથમ કારખાનું નંખાયું. યુરોપમાં તો ઔદ્યોગિક ક્રાંતિ થઈ હતી. હિંદમાં સારા કારીગરોનો અભાવ હતો. બળતણ માટે લાકડાં-કોલસાની પણ મુશ્કેલી હતી. અણઘડ કારીગરો કામ બરાબર કરતા નહિ.

જો કારખાનું વ્યવસ્થિત ચાલ્યું હોત તો ભરૂચ શહેરની સિકલ આજે સાવ જુદી જ હોત. ભારતનું માન્ચેસ્ટર અમદાવાદને બદલે કદાચ ભરૂચ બન્યું હોત. હવે રણછોડલાલની નજર અમદાવાદ ઉપર ઠરી. હિંમત હાર્યા વિના તેમણે દાદાભાઈ નવરોજીની સહાય લઈને વિલાયતથી મિલની યંત્રસામગ્રી મંગાવી. મુંબઈથી અમદાવાદ દરિયામાર્ગે લાવતાં એક વાર તો યંત્રો પાણીમાં ડૂબી ગયાં, પણ હિંમત ન હારતાં તેમણે ફરી વાર યંત્રો ઇંગ્લૅન્ડથી મુંબઈ અને ત્યાંથી ખંભાત મંગાવ્યા. ખંભાતથી તે અમદાવાદ આવ્યાં. ઈ. 1861ના મે માસની 30મી તારીખે ગુજરાતની સૌ-પ્રથમ મિલ શરૂ થઈ. પછી તો વિજયનો એ સિલસિલો બરાબર ચાલુ રહ્યો.

મિલનું કામકાજ તો બરાબર ગોઠવાઈ ગયું. રણછોડલાલમાં કુનેહભરી દીર્ઘદૃષ્ટિ હોવા ઉપરાંત સમાજોપયોગી કાર્યો માટે પણ દિલ ધબકતું હતું. જે ચીજનો સદંતર અભાવ હતો તેવી ચીજની અગત્ય પિછાણીને એ કરવા એ તૈયાર થઈ જતા.

અમદાવાદની કાયાપલટ કરવાના તેમણે પ્રયત્નો આદર્યા. શહેરનું આરોગ્ય જાળવવાના ચાંપતા ઉપાયો લીધા. કચરો નાખવાની જગાઓ દૂર ખસેડી. જ્યાં પાણી ભરાઈ રહેતું તે ખાડાઓની પુરામણી કરાવી. નવાં મેદાનો અને મોટા રાજમાર્ગો તૈયાર કરાવ્યા. શહેરમાં જાજરૂ અને પેશાબખાનાં વધારાવ્યાં.

તેમની ખાસ સેવા તો પાણીના નળ અને ગટરની યોજના પરત્વે છે. તે વેળા શહેરમાં કૂવાનું પાણી વપરાતું. ઘરોમાં ટાંકાંમાં વરસાદનું પાણી સંઘરીને બારે માસ પીવાના ઉપયોગમાં લેવાતું. સાબરમતી નદીનું પાણી પૂરતું સ્વચ્છ નહોતું રહેતું. વળાં. ઉનાળામાં તેનું વહેણ પાતળું પડી જતાં તેના પાણીનો ઉપયોગ થઈ શકતો નહિ. જમણવારોમાં ગાડાં મારફત પાણીની કોઠીઓ લાવવી પડતી. ગંદા પાણીનો નિકાલ મોરી ને ખાળકૂવા મારફતે થતો. એને લીધે જમીન કાયમ ભેજવાળી રહેતી. જે ઘરોમાં ખાળકૂવા નહોતા તેના ગંદા પાણીનો નિકાલ રસ્તા પર થતો. આ ભેજવાળી અને અનારોગ્યકારી હવાને કારણે રોગોમાં દર વર્ષે સેંકડો લોકો મૃત્યુવશ થતા.

પાણીના નળની યોજના રણછોડલાલે રજૂ કરી ત્યારે ખૂબ વિરોધ થયો. ખુદ મ્યુનિસિપાલિટીના સભાસદોએ ટંકશાળમાં મોટી વિરોધસભા બોલાવી. નળનું પાણી અપવિત્ર છે, તેથી પીવાલાયક નથી, એમ અનેક ધર્મપ્રેમીઓએ જાહેર કર્યું. વિરોધના વંટોળને ન ગણકારીને રણછોડલાલે યોજના અમલમાં મૂકી. નળ માટે રસ્તા ખોદાવા લાગ્યા ત્યારે લોકો ગાળો ભાંડતા કહેવા લાગ્યા કે આ તો રણછોડલાલની ઘોર ખોદાય છે ! અંતે રૂપિયા અગિયાર લાખના ખર્ચે શહેરમાં નળ આવ્યા. પાણીનું સુખ તો થયું, પણ વધુ છૂટથી વપરાતા પાણીનો ગટરના અભાવે યોગ્ય રીતે નિકાલ થતો નહિ અને ભવિષ્યમાં રોગચાળો ફેલાવાનો ભય ઝઝૂમી રહ્યો હતો. આથી રણછોડલાલે ડ્રેનેજની યોજના વિચારી. આની જાહેરાત થતાં ફરી લોકો અને છાપાંએ ધાંધલ કરી મૂકી. અલબત્ત, કેટલાક શાણા લોકોએ નળના કાર્યની સફળતા જોઈને આ યોજનાને ઉમળકાભેર વધાવેલી, પણ મોટી સભા મળી અને લોકોએ ગટર વિરુદ્ધ બુમરાણ મચાવ્યું ! છતાં રણછોડલાલ ડગ્યા નહિ. તેમણે એક નિષ્ણાત ઇજનેરને રોકીને રૂપિયા ત્રણ લાખના ખર્ચે આ કામ સફળતાપૂર્વક પાર પાડ્યું. આમ, લોકોની ગાળો ને પથરા ખાઈને, તેમને સમજાવવાના પ્રયત્નો જારી રાખીને અને વિરોધ સહી લઈને પણ રણછોડલાલે નળ અને ગટરની યોજના પાર પાડી.



પ્રેમચંદ રાયચંદ

(જ. 1835 * અ. 1876)



મૂળ સુરતના વતની, જૈન જ્ઞાતિમાં જન્મેલા. પિતામહ દીપચંદ અને પિતા રાયચંદ તરફથી વારસામાં મળેલો વ્યાપારનો વારસો પ્રેમચંદે જાળવ્યો તેમ જ અનેકગણો વધાર્યો. અર્થોપાર્જન કરીને તેઓએ સંતોષ ન માનતાં તે જમાનામાં લાખો રૂપિયાની ઉદાર સખાવતો કરીને અનેક પ્રજાકીય કાર્યો કર્યાં.

પ્રેમચંદ રાયચંદે વેપાર ખેડ્યો મુંબઈમાં અને લાખોની ઊથલપાથલ કરી. શેરબજારમાં તેમની એવી તો હાક વાગતી કે પોતે ધારે તો કંપનીના શેરના ભાવ વધારી કે ઘટાડી શકતા. તેઓ શેરબજારના રાજા કહેવાતા.

તેમનો લંડન ખાતે પણ વેપાર ચાલતો હતો. પોતે લંડનમાં રહી શકે તેમ ન હતા, તેથી ત્યાંના વેપાર પર ધ્યાન રાખવા કોઈકની જરૂર હતી. તે માટે તેમણે જમશેદજી તાતાને પોતાને ત્યાં નોકરીએ રાખ્યા હતા.

પ્રેમચંદ રાયચંદ જેટલા તેમના બહોળા વેપાર માટે પ્રખ્યાત છે એટલા જ પ્રખ્યાત તેમની સખાવતો માટે છે. એમણે મુંબઈ યુનિવર્સિટીને તેમ જ કલકત્તા યુનિવર્સિટીને એ વર્ષોમાં બબ્બે લાખ રૂપિયાનું દાન આપ્યું હતું. મુંબઈમાં ફ્લોરા ફાઉન્ટન પાસેનો રાજાબાઈ ટાવર પોતાની માતા રાજાબાઈના નામે અને રાયચંદ દીપચંદ કન્યાશાળા અને રાયચંદ દીપચંદ જૈન ધર્મશાળા બંધાવી. ભરૂચમાં પણ તેમને નામે કન્યાશાળા અને લાઈબ્રેરી બંધાવી. અમદાવાદમાં પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજની સ્થાપના કરી. ધોલેરામાં પણ એક હૉસ્પિટલ બંધાવી હતી.

નાનજીભાઈ કાલિદાસ મહેતા

(જ. 1888 * અ. 25-8-1969)



જામનગર પાસેના ગોરાણા ગામના માત્ર બાર વર્ષની કુમળી વયે કિશોર નાનજીએ ભારતનો કિનારો છોડીને પરદેશમાં વેપાર કરવાની મહત્ત્વાકાંક્ષા સાથે આફ્રિકાની વાટ પકડી હતી. વચ્ચે થોડો સમય દેશમાં પાછા આવ્યા. પણ ફરી ચાર વર્ષે યુગાન્ડા પહોંચ્યા. પહેલાં નોકરી કરીને અને સાથે આછો-પાતળો વેપાર કરતાં ધીમે ધીમે વેપાર જમાવ્યો.

પહેલાં જિનિંગ ફૅક્ટરીઓ ઊભી કરી. બાર-તેર વર્ષમાં તો બાવીસ જેટલી જિનિંગ ફૅક્ટરીઓ ઊભી કરી દીધી. પછી ખાંડનું કારખાનું સ્થાપ્યું. બાદમાં રૂ, રબર, ચા અને કૉફીના ક્ષેત્રે પણ ઝંપલાવ્યું અને સફળ થયા.

આફ્રિકાની ધરતી પર નાનજીભાઈએ સંખ્યાબંધ નવા ઉદ્યોગો વિકસાવ્યા, ત્યાંની ભૂમિને માતબર કરી અને પોતે પણ સમૃદ્ધ થતા ગયા. દીવામાંથી દીવો પ્રગટે તેમ તેમના હાથે દેશમાં અને પરદેશમાં અનેક ઉદ્યોગ-ધંધા વિકસતા ગયા.

નાનજીભાઈ માત્ર સંપત્તિ કમાઈ જાણ્યા નહીં, પરંતુ સમાજ પાસેથી મળેલું ધન સમાજને પાછું આપવામાં પણ તેમણે પાછા ફરીને જોયું નહીં. આફ્રિકા અને ભારતમાં તેમણે લગભગ બે કરોડ રૂપિયા દાન કર્યું. ગાંધીજીનું વડીલોપાર્જિત મકાન ખરીદી તેને સમરાવીને રાષ્ટ્રીય સ્મારક તરીકે તેમણે રાષ્ટ્રને અર્પણ કર્યું. બાજુમાં 'મહાત્મા ગાંધી કીર્તિમંદિર' પણ બંધાવ્યું. 'જવાહરલાલ પ્લેનેટોરિયમ', બાજુમાં 'ભારત મંદિર' તેમજ 'મહર્ષિ વિજ્ઞાન મહાવિદ્યાલય'ની સ્થાપના કરી હતી.

મંગળદાસ ગિરધરદાસ

(જ. 6-6-1862 અ. 6-12-1930)



સામાન્ય કારકુનની નોકરી કરનાર ગીરધરદાસને ત્યાં મંગળદાસનો જન્મ. મંગળદાસ અમદાવાદના ઘીકાંટા વિસ્તારમાં આવેલી આર. સી. ટેકનિકલ હાઈસ્કૂલમાંથી મૅટ્રિક થયા.

પિતા ગિરધરદાસની ઇચ્છા મંગળદાસને વેપારમાં નાંખવાની હતી, પણ વગર મૂડીએ વેપાર કેવી રીતે થઈ શકે ? એ અરસામાં મિલઉદ્યોગની હજી શરૂઆત હતી. અમદાવાદમાં રણછોડલાલની પહેલી મિલ શરૂ થયે બે દસકા વીતી ચૂક્યા હતા. આ ઉપરાંત મિલો ગણતરીની હતી, પણ તેનું ભવિષ્ય પામી મંગળદાસને પણ મિલ-ઉદ્યોગમાં દાખલ થવાના કોડ જાગ્યા.

એક દિવસ મંગળદાસને લઈને તેઓ રણછોડલાલ પાસે પહોંચી ગયા. મંગળદાસનું ગુજરાતી ઉપરાંત અંગ્રેજી ભાષા પર સારું પ્રભુત્વ હતું, એટલે રણછોડલાલ પર તેમની સારી છાપ પડી અને તેમણે મંગળદાસને માસિક પચીસ રૂપિયાના પગારે નોકરીમાં રાખી લીધા.

તેમણે થોડા જ વખતમાં શેઠનો વિશ્વાસ જીતી લીધો. આઠેક વર્ષ સુધી તેમણે પૂરતો અનુભવ લઈ નોકરી છોડી દીધી અને મિલ-જીન સ્ટોરનો ધંધો શરૂ કર્યો. પ્રામાણિકતાથી તેમનો ધંધો જામી ગયો. બે જ વર્ષ બાદ મિત્ર બાલાભાઈ દામોદરદાસ સાથે ભાગીદારીમાં 'આર્યોદય સ્પિનિંગ મિલ' શરૂ કરી. મિલના સુંદર વહીવટને કારણે વેપારીઓ તથા આમજનતામાં તેમની શાખ વધી ગઈ. ત્યાર પછીના બે દસકામાં તેમણે બીજી નવ મિલો ઊભી કરી. ઉપરાંત ઇન્ડસ્ટ્રીઅલ બૅંક ઑફ વેસ્ટર્ન ઇન્ડિયાની પણ સ્થાપના કરી.

સુમતિ મોરારજી

(જ. 13-3-1909 * અ. 27-6-1998)



દુનિયાભરના વ્યવહારદક્ષ પુરુષો વચ્ચે પુરુષ-સમોવડાં થઈને ઝળકનાર સુમતિબહેનનો જન્મ મિલમાલિક ભાટિયા શેઠ મથુરદાસ ગોકુળદાસને ત્યાં થયો હતો. લક્ષ્મીની છોળો વચ્ચે છ ભાઈઓ સાથે સાતમા પુત્રની જેમ જ તે ઊછર્યાં અને લાલનપાલન પામ્યાં. ભાઈઓ સાથે ક્રિકેટ-હોકી પણ રમતાં, ઘોડેસવારી કરતાં કે તરવા પણ જતાં.

મુંબઈના વિખ્યાત ઉદ્યોગપતિ શેઠ નરોત્તમદાસ મોરારજીના પુત્ર શાંતિકુમાર સાથે લગ્ન થયાં. પુત્રવધૂની શક્તિ પિછાનીને શેઠ નરોત્તમે તેમને ધંધાકીય તાલીમ આપવા માંડી. વીસ વર્ષની ઉંમરે તો સુમતિબહેન 'સિંધિયા સ્ટીમ નેવિગેશન' કંપનીનાં સિનિયર ભાગીદાર બની ગયાં. એ કંપની હિન્દી વહાણવટાની પુરોધા સમી ગણાય છે.

1929માં નરોત્તમ શેઠનું અવસાન થતાં સુમતિબહેન બૉર્ડ ઑફ ડિરેક્ટર્સમાં ચૂંટાઈ આવ્યાં. તેમની પ્રખર બુદ્ધિમત્તા અને સૂઝથી તેઓ બે વખત 'ધી ઇન્ડિયન નેશનલ' સ્ટીમશીપ ઓનર્સ એસોસિયેશન'નાં પ્રમુખ નિયુક્ત થયેલાં. ઇંગ્લૅન્ડમાં યોજાયેલી વહાણવટાને લગતી આંતરરાષ્ટ્રીય પરિષદમાં ભારતના એકમાત્ર પ્રતિનિધિ તરીકે ગયાં હતાં.

વહાણવટા અને વહાણો બાંધવાની કામગીરી વિશે તેમણે ભારતીય વહાણવટાના 5000 વર્ષના ઇતિહાસ અને વિકાસ અંગે એક પ્રદર્શનનું પણ આયોજન કરેલું. મુંબઈમાં સિંધિયા હાઉસના આલેખો, મૉડલ અને સંદર્ભગ્રંથો સાથેનો વહાણવટા અંગેનો સંગ્રહ પણ કર્યો છે.

જમશેદજી તાતા

(જ. 3-3-1839 * અ. 19-5-1904)



દક્ષિણ ગુજરાતના નવસારીમાં જમશેદજીનો જન્મ. અર્વાચીન ભારતના આર્થિક-ઔદ્યોગિક નવનિર્માણના આદ્ય ધુરંધર જમશેદજી તાતાને દેશના ઉદ્યોગના પિતામહ ગણવા જોઈએ. તાતા માત્ર એક ધનાઢ્ય ઉદ્યોગપતિ જ હોત તો એમનું સ્મરણ અને સ્થાન આજે ભારતના ઈતિહાસમાં છે તેવું મહત્ત્વનું અને આદરણીય ન હોત. પણ તેમણે માત્ર ઉદ્યોગ જ નથી સ્થાપ્યા, એમણે ભારતને ઔદ્યોગિક દૃષ્ટિ આપી, ઔદ્યોગિક ક્રાંતિ આપી અને જૂના અર્થતંત્રમાંથી આધુનિક યુગમાં પરિવર્તન કરાવનાર ફિલસૂફી આપી.

1869નું એ વર્ષ હતું. ભારતમાં મહાત્મા ગાંધીજીનો પોરબંદરમાં જન્મ થયો એ ઐતિહાસિક વર્ષ. માન્ચેસ્ટરથી આવીને નાગપુરમાં જમશેદજીએ એક મિલની સ્થાપના કરી. નામ આપ્યું 'ઍલેક્ઝાન્ડ્રા મિલ'. ઈ.સ. 1877માં નવાં મશીનો સાથે તેમણે એક નવી મિલ ઊભી કરી. તેનું નામ 'એમ્પ્રેસ મિલ'. શરૂઆતમાં આ મિલ ચલાવતાં તેમને ભારે ભારે જહેમત પડી હતી. મજૂર તેમ જ અન્ય સ્ટાફને કેળવવા માટે તેમણે ખૂબ ધીરજ અને સહિષ્ણુતા દાખવી હતી. સ્ટાફને વધુ ને વધુ સગવડો આપવાની યોજના કરી જમશેદજીએ મિલના નફાની સાથે કામદારોનાં હિત પણ જોડ્યાં. અગાઉ ઉદ્યોગક્ષેત્રે પરદેશોમાં કામદાર-કલ્યાણ અંગે આવી કોઈ વિચારણા થઈ ન હતી. આમ સમૃદ્ધ પરદેશીઓ કરતાં પણ આ બાબતમાં જમશેદજી આગળ નીકળી ગયા.

તેમણે 'ટાટા આયર્ન ઍન્ડ સ્ટીલ' કંપનીની સ્થાપના કરી. ભારતમાં લોખંડ-પોલાદ-ઉદ્યોગના તેઓ ભીષ્મપિતામહ ગણાય છે. તેમની પરંપરામાં, તેમના વંશજોએ તેમનાં ઉદ્યોગો-સામ્રાજ્યનો એટલો તો વિસ્તાર કર્યો કે એક વ્યક્તિ સવારે ઊઠીને રાત્રે સૂઈ જાય ત્યાં સુધીની દિનચર્યામાં જે કોઈ વપરાશની ચીજ હોય તે સઘળી 'ટાટા' દ્વારા બનેલી હોય !

ચીનુભાઈ માધવલાલ

(જ. 1864 * અ. 1916)



ચીનુભાઈ માધવલાલ તેમના જમાનાના એક 'લીજેન્ડરી' ઉદ્યોગપતિ અને દાનેશ્વરી હતા. તેઓ ગુજરાતના મિલ-ઉદ્યોગના પિતા અને અમદાવાદ મ્યુનિસિપાલિટીના પહેલા પ્રમુખ રણછોડલાલ છોટાલાલના પૌત્ર હતા. 1898માં રણછોડલાલનું અવસાન થયું ત્યારે ચીનુભાઈ 34 વર્ષના હતા.

રણછોડલાલના મૃત્યુનાં ત્રણ વર્ષમાં જ માધવલાલનું અવસાન થયું, તેથી ચીનુભાઈ બધી રીતે સ્વતંત્ર થયા. તેમણે અંગ્રેજ નિષ્ણાતોને નીમીને પોતાની મિલોને ઝડપથી વિકસાવી. તેમણે જાહેર સખાવતો તો એટલી બધી કરી કે સરકારે તેમને 1913માં 'બૅરોનેટ'નો ઇલ્કાબ આપ્યો હતો, જે આજના 'ભારતરત્ન' જેવો હતો.

કૉલેજના અભ્યાસ દરમિયાન અંગ્રેજી અને ઈતિહાસ ઉપરાંત સંસ્કૃત ભાષા અને સાહિત્યમાં એવો તો રસ પડ્યો કે પછી ચીનુભાઈએ તેના ઉત્કર્ષ માટે અનેક દાનો કર્યાં. સંસ્કૃત સાહિત્ય અને વેદાંત ઉપર એમને ખાસ પક્ષપાત હતો. એક પણ દિવસ પાડ્યા વગર રોજ રાત્રે દોઢ કલાક તેઓ અભ્યાસ કરતા. મહાકવિ કાલિદાસનાં નાટકો અને કાવ્યો તેમ જ 'ભટ્ટીકાવ્ય' તો તેમને મોઢે જ હતાં. ચીનુભાઈ જીવ્યા ત્યાં સુધી તેમણે સંસ્કૃત ભાષાના સંશોધનોને ઉત્તેજન આપવા ઉદાર હાથે અનેક સખાવતો કરી.

ચીનુભાઈને સંગીત, સાહિત્ય, શિક્ષણ, કલા અને જાહેરજીવનમાં એવો તો ભારે રસ હતો કે તેઓ મિલ-ઉદ્યોગની બાબતમાં બહુ ઓછો સમય ફાળવતા.

ચીનુભાઈ જેટલા શ્રીમંત હતા તેટલા જ તેઓ દાનેશ્વરી હતા. તેમના સમયના રૂપિયાની આજે કિંમત આંકીએ તો જ તેમની ચાલીસ લાખ રૂપિયાની સખાવતના મહત્ત્વનો ખ્યાલ આવી શકે. તેમણે સંસ્કૃત પાઠશાળાઓ સ્થાપી હતી.

અમૃતલાલ હરગોવિંદદાસ

(જ. 29-8-1889 * અ. 11-3-1974)



ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ, પ્રજાકીય પ્રશ્નો સાથે નિસબત ધરાવનારા મહાજન અમૃતલાલનો જન્મ અમદાવાદ નજીક કુહા ગામમાં. પિતા હરગોવિંદદાસ. ગુજરાત કૉલેજમાંથી બી.એ. અને મુંબઈથી એલએલ.બી. થઈ ઈ. સ. 1912-13માં અમદાવાદ ખાતે વકીલાતથી કારકિર્દી આરંભી.

તેમની જાહેરજીવનની પ્રવૃત્તિ ક્યારની શરૂ થઈ ગઈ હતી. ઈ. સ. 1927માં જ્યારે ગુજરાતમાં અતિવૃષ્ટિને કારણે હજારો મકાનો પડી ગયાં હતાં અને જાનમાલની ભારે ખુવારી થઈ હતી તે સમયે તેમણે સરદાર વલ્લભભાઈ પટેલની સાથે રહીને પુનર્વસવાટનાં કાર્યોમાં સક્રિય ફાળો આપ્યો હતો.

ઈ. સ. 1934માં શરૂ થયેલી અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની સ્થાપનામાં સક્રિય રસ લઈને તેમણે ફાળો એકત્ર કર્યો હતો. ઈ. સ. 1936માં પિતાશ્રીના નામ પરથી અમદાવાદની પ્રસિદ્ધ એચ. એલ. (હરગોવનદાસ લખમીચંદ) કૉલેજ ઑફ કૉમર્સ, પોતાના સોળ વર્ષના પુત્ર બંસીલાલની મરણોત્તર યાદમાં આણંદ ખાતેની બંસીલાલ ઍગ્રિકલ્ચરલ કૉલેજ, ધર્મપત્નીના સ્મરણાર્થે અમદાવાદમાં સિવિલ હૉસ્પિટલ ખાતે મણિબહેન અમૃતલાલ આયુર્વેદિક કૉલેજની સ્થાપના કરી હતી. ઈ. સ. 1949માં ગુજરાત વેપારી મહામંડળની સ્થાપના કરી.

પોતાના 75મા વર્ષની ઉજવણી નિમિત્તે એકઠા થયેલા રૂપિયા 11 લાખમાંથી અમદાવાદની 'સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈકોનૉમિક્સ ઍન્ડ સોશિયલ રિસર્ચ' નામક સંશોધન-સંસ્થાની સ્થાપના, પંચમહાલના પછાત વિસ્તારમાં પોપટપુરા ગામે આયુર્વેદ હૉસ્પિટલની સ્થાપના, ગાંધીનગર ખાતે પંચદેવનું મંદિર, દ્વારકા, વૃંદાવન, બદરીનારાયણ અને જોશીમઠમાં ધર્મશાળાઓની સ્થાપના તેમની ઉદાર ધર્મબુદ્ધિપ્રેરિત સખાવતોની સાક્ષી આપે છે.

અંબાલાલ સારાભાઈ

(જ. 1890 * અ. 1967)



માત્ર ગુજરાત જ નહિ પણ ભારતના અગ્રણી ઉદ્યોગપતિ, પ્રગતિશીલ નાગરિક, દેશપ્રેમી સદ્‌ગૃહસ્થ અંબાલાલ સારાભાઈનો જન્મ અમદાવાદમાં. પિતા સારાભાઈ મગનભાઈ કરમચંદ. 'સારાભાઈ' નામને તેમના વંશજોએ અટક તરીકે અપનાવ્યું. અંબાલાલભાઈના દાદાના નામની કન્યાશાળા સો વર્ષથી પણ વધારે સમયથી અમદાવાદમાં ચાલે છે.

નાની ઉંમરે માતા-પિતાને ગુમાવનાર અંબાલાલ માત્ર મેટ્રિક (1908) સુધીનું જ શિક્ષણ પૂરું કરી શક્યા. કાકા ચીમનલાલ નગીનદાસે તેમને ઉછેર્યા. 17મા વર્ષે કાકાનું અવસાન થતાં તેમની કેલિકો તથા જ્યુબિલી – આ બંને મિલોનું સંચાલન તથા અન્ય એજન્સીઓના વહીવટની જવાબદારી તેમને શિરે આવી પડી.

આધુનિક મૅનેજમેન્ટ પદ્ધતિ અપનાવીને અંબાલાલે તેમનું 'બિઝનેસ અમ્પાયર' છેક આફ્રિકા અને યુરોપ સુધી ફેલાવ્યું હતું. જે સમયે હિંદ પર બ્રિટિશ સામ્રાજ્યવાદનો સૂર્ય તપી રહ્યો હતો – અંગ્રેજો સ્પર્ધામાં હિંદી ઉદ્યોગપતિઓને હરાવી રહ્યા હતા તેવે વખતે ઈ. સ. 1922માં તેમણે લંડનમાં 'બકુભાઈ એન્ડ અંબાલાલ લિમિટેડ' નામની કંપની સ્થાપીને વ્યાપારની નવી જ દિશા ખુલ્લી કરી.

જૈન ધર્મના કર્મકાંડમાંથી મુક્ત થઈ કુટુંબીજનોને લગ્નવ્યવહારમાં સંપૂર્ણ છૂટ આપનાર આ સ્વતંત્ર વિચારકે લોકનિંદાની કદીય પરવા કરી નહોતી. પોતાનાં બાળકોને યોગ્ય શિક્ષણ આપવા ઘરમાં જ શાળા ચલાવવાનો અભિનવ પ્રયોગ કર્યો. ગાંધીજી ભારત આવતાં તેમનાથી પ્રભાવિત થઈ તેમના આશ્રમના પ્રારંભકાળની કટોકટીવેળા મોટી રકમનું ગુપ્તદાન તેમણે કરેલું. લોકહિતનાં કાર્યોમાં એમનાં પત્ની સરલાદેવી પતિની સાથોસાથ જ રહ્યાં.

ઈ. સ. 1940માં વડોદરામાં સારાભાઈ કેમિકલ્સની સ્થાપના કરી હતી. તેઓએ સંખ્યાબંધ કંપનીઓમાં ચેરમૅન અને વિવિધ સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી હતી. જૂની કલાત્મક ચીજોના સંગ્રહનો તેમને ખૂબ શોખ હતો. અમદાવાદમાં તેમનું કેલિકો મ્યુઝિયમ જોવા જેવું છે.

અંબાલાલભાઈનાં પત્ની સરલાદેવી પણ પતિ જેવાં જ શિક્ષિત અને પ્રગતિશીલ હતાં. પતિના પ્રત્યેક કાર્યમાં ખભેખભો મિલાવીને તેમણે સાથ આપ્યો હતો. પોતાનાં સંતાનોને શિક્ષણ, સમાજ-સેવા અને સંસ્કારનો કીમતી વારસો આપ્યો હતો. એમની ગાંધીભક્તિને કારણે તેમના કુટુંબને ગાંધીજી સાથે નિકટ સંપર્કમાં આવવાની તક મળી. તેમનાં સંતાનો પણ પ્રભાવશાળી નીવડ્યાં. ડૉ. વિક્રમ સારાભાઈ, મૃદુલા સારાભાઈએ દેશની સેવા અને પ્રગતિમાં મહત્ત્વનો ફાળો આપ્યો.

શ્રમજીવી વર્ગ માટે તેમના દિલમાં વિશેષ હમદર્દી હતી. શ્રમિકવર્ગનાં દર્દીઓ માટે અમદાવાદમાં પહેલું બિનસરકારી દવાખાનું, મજૂર સ્ત્રીઓનાં બાળકો માટે ઘોડિયાખાતું તથા બાલમંદિર તેમણે જ શરૂ કર્યાં હતાં. ઈ. સ. 1930માં આયોજિત દિલ્હી દરબારમાં તથા તે જ વર્ષે કોલકાતા ખાતે યોજાયેલ કૉંગ્રેસ અધિવેશનમાં તેમણે હાજરી આપી હતી. અમદાવાદ મ્યુનિસિપાલિટીના તે વખતના પ્રમુખ વલ્લભભાઈ પટેલ સાથે થયેલ મતભેદોને લીધે ઈ. સ. 1924માં અંબાલાલ સારાભાઈએ અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં સ્વતંત્ર પક્ષની સ્થાપના કરી હતી.

કસ્તૂરભાઈ લાલભાઈ

(જ. 19-12-1894 * અ. 20-1-1980)



ભારતના ઉદ્યોગપતિઓમાં અગ્રસ્થાન મેળવી ગુજરાતને ગૌરવવંતું કરનાર અમદાવાદના કાપડ-ઉદ્યોગમાં પોતાની કુશાગ્ર બુદ્ધિપ્રતિભાથી ગુજરાતના મિલઉદ્યોગને ઝળહળતો કરી નાખનાર ઉદ્યોગપતિ અને શીલભદ્ર શ્રેષ્ઠી કસ્તૂરભાઈનો જન્મ અમદાવાદમાં થયો હતો.

માત્ર ગુજરાતના જ નહીં પણ દેશના એક મોટા ઉદ્યોગપતિ તરીકેની એમની સફળતાની કીર્તિગાથા, એમણે સ્થાપેલી - સંચાલિત કરેલી એકએક મિલ અને કારખાના કે સંસ્થાની વિકાસગાથામાં જ મળે. મિલોના મુશ્કેલ સમયમાં પોતાની કાર્યદક્ષતાથી તેમણે મિલોને નફામાં તરતી કરી દીધી હતી. સાત મિલોનું સંકુલ 'કસ્તૂરભાઈ ગ્રુપ ઑફ મિલ્સ' તરીકે ઓળખાતું. કાપડઉદ્યોગ ઉપરાંત 'અનિલ સ્ટાર્ચ' અને 1948માં રંગો, રસાયણ અને દવાનું કારખાનું 'અતુલ પ્રોડક્ટ'ની સ્થાપના કરી. મિલ-ઉદ્યોગ ઉપરાંત 'અતુલ' એ એમનું રસાયણક્ષેત્રે સાકાર થયેલું ભવ્ય સ્વપ્ન છે.

અમદાવાદ તેમ જ સમગ્ર ગુજરાતમાં શિક્ષણ, ધર્મ, કળા, સ્થાપત્ય તથા સંશોધનનાં ક્ષેત્રે રસ લઈ તેમનું સંવર્ધન કરવામાં તેમણે ઊંડો રસ દાખવ્યો હતો. જનહિતનાં જાહેર કાર્યોમાં તેમ જ પ્રજાની મુશ્કેલીના સમયે તેઓ હંમેશ સમાજના માર્ગદર્શક રહ્યા છે અને જરૂર પડ્યે પોતાનું નેતૃત્વ પૂરું પાડ્યું છે.

સરદારશ્રીના આગ્રહથી એક વાર તેઓ 1923માં દિલ્હી ધારાસભામાં પણ જઈ આવેલા. પોતે જૈનધર્મી હોઈ ધર્મ માટે તો એમણે દાન આપ્યાં જ છે, પરંતુ કેળવણી માટે પણ તેમણે ખૂબ દાનો આપ્યાં છે. તેમણે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી હતી.

રાણકપુર, દેલવાડા અને શત્રુંજયનાં જિનાલયોના જીર્ણોદ્ધારનો મોટો યશ એમને ઘટે છે. આ ઉપરાંત મુનિ પુણ્યવિજયજીની પ્રેરણાથી અને તેમના કુટુંબની સખાવતોથી અમદાવાદમાં 'લા. દ. ભારતીય વિદ્યામંદિર'ની તેમણે સ્થાપના કરી છે. ઉપરાંત ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટની સ્થાપનામાં પણ તેમનો મહત્ત્વનો ફાળો છે.

કસ્તૂરભાઈ ઐતિહાસિક પરંપરાને જાળવીનેય આધુનિક યુગને અનુકૂળ થનાર વસ્તુપાળ કે શાંતિદાસની પરંપરાના છેલ્લા જૈન શ્રેષ્ઠી થઈ ગયા.

કસ્તૂરભાઈની કલાપ્રીતિ

સતત ઉદ્યોગરત રહેતા કસ્તૂરભાઈની કલાપ્રીતિનો ખયાલ સહજ ન આવે. એમણે ઝીણવટભરી દૃષ્ટિથી શત્રુંજય, આબુ, તારંગા, રાણપુર આદિનાં પ્રાચીન જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો. એની સ્થાપત્યરચના અસલ રૂપમાં દીપી ઊઠી ત્યારે એમની શુદ્ધ કલાપ્રીતિની સાચી પ્રતીતિ થઈ. એમનો કલાસંગ્રહ ભારતની આધુનિક કલા-અસ્મિતાના ઊગમ કાળે સંઘરાયેલા કેટલાક બહુમૂલ્ય નમૂનાઓ ધરાવે છે. તેમાં લગભગ 2500 ચિત્રો-સ્કેચો ઉપરાંત ધાતુની તથા પાષાણની મૂર્તિઓ, તિબેટના કાપડ પરના પટ આદિ મળીને 150 થી 200 કલાકૃતિઓ એ સંગ્રહમાં છે.

ગૌતમ અદાણી

(જ. 24-6-1962)



ઉદ્યોગક્ષેત્રે ખૂબ ટૂંકા ગાળામાં અસાધારણ પ્રગતિ કરનાર ગૌતમભાઈ અદાણીનો જન્મ અમદાવાદમાં. પિતાનું નામ શાંતિલાલ અને માતાનું શાંતાબહેન.

શાળાકીય અભ્યાસ અમદાવાદમાં લઈ કૉલેજ પ્રવેશ કર્યો પણ વ્યવસાયમાં ક્ષેત્રે તીવ્ર મહત્ત્વાકાંક્ષા 18મે વર્ષે તેમને નસીબ અજમાવવા મુંબઈ લઈ ગઈ. પણ તેમની ભાગ્યદેવી અમદાવાદમાં જ તેમની રાહ જોતી હોઈ ઈ. સ. 1981માં મોટાભાઈ મનસુખભાઈએ તેમને પાછા અમદાવાદ બોલાવ્યા. નવા ખરીદેલા નાનકડા પ્લાસ્ટિક મેન્યુફેક્ચરિંગ યુનિટ સંભાળી લેવા તેમને જણાવ્યું. ધંધો જામવા લાગ્યો. ઈ. સ. 1985માં 'અદાણી એક્સપોર્ટ્સ' નામે કંપની શરૂ કરી આંતરરાષ્ટ્રીય મારકેટમાં ઝૂકાવ્યું.

ઈ. સ. 1990ના દાયકામાં અદાણી એક્સપોર્ટ્સના બિઝનેસનો વ્યાપ વધ્યો. તેથી ગૌતમભાઈને કંડલા અને મુંબઈના બંદરો નાના પડવા લાગ્યા. ઈ. સ. 1994માં ગૌતમભાઈને કેપિટલ માર્કેટમાં પ્રવેશ કર્યો, જે તેમની જિંદગીનો ટર્નિંગ પોઇન્ટ સાબિત થયો. આનાથી અદાણી જૂથ ટ્રેડિંગમાંથી ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં પ્રવેશ્યું. આ સાથે ગુજરાતને એક મહત્ત્વાકાંક્ષી નવા ધીરુભાઈ અંબાણી મળ્યા.

તેમણે જાણ્યું કે દેશના અન્ય બંદરોના દરિયાકાંઠા કરતાં મુન્દ્રાનો કાંઠો વધુ ઊંડો છે. તેથી તેમણે સંપૂર્ણ સુવિધાઓ ધરાવતા અત્યાધુનિક બંદરનું સપનું સેવ્યું. ગૌતમ અદાણીએ રાજ્યસરકારની સાથે મળીને મુન્દ્રા પૉર્ટના વિકાસ માટે નવી કંપની 'ગુજરાત અદાણી પૉર્ટ્સ લિમિટેડ' સ્થાપી. મુન્દ્રા પાસે દેશનો સૌથી ઊંડો દરિયાકાંઠો હોઈ અહીં મોટાં જહાજો અને ઑઇલ ટેન્કર વેસલ્સનું હેન્ડલિંગ સરળ છે. મુન્દ્રા બંદરે નવા મલ્ટિ કૉમોડિટી અને કન્ટેઇનર કાર્ગો બનાવ્યા. ગૌતમભાઈ જાણતા હતા કે ગાંધીધામ-પાલનપુર બ્રોડગેજ રેલવે ટ્રેક મુન્દ્રાથી દિલ્હીનું અંતર ઓછું કરશે. તેમને એ ખબર હતી કે દર વર્ષે પાંચ હજારથી વધારે જહાજો કચ્છની ખાડીમાંથી પસાર થાય છે. સુવિધા મળશે તો તે બધા મુન્દ્રાથી શિપિંગ કરવાનું પસંદ કરશે.

ઇન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરના એક અન્ય જટિલ સેગમેન્ટમાં પણ ગૌતમભાઈ પોતાના હરીફોથી આગળ દોડે છે. તેમણે મુન્દ્રામાં પોતાના જૂથને ફાળવેલા સ્પેશિયલ ઇકોનોમિક ઝોન (સેઝ)નો પહેલો તબક્કો સૌથી પહેલો પૂરો કર્યો છે. આ સેઝ અન્ય સેઝ કરતા અમુક બાબતે અલગ છે.

અદાણી જૂથે સૌથી પહેલાં ત્યાં પોતાનું દરિયાઈ જહાજ નિર્માણ અને રિપેરિંગ યાર્ડ સ્થાપ્યું છે. તેની ક્ષમતા વાર્ષિક 18 મોટાં કન્ટેઇનર જહાજોના નિર્માણ અને રિપેરિંગની છે. આ જોઈને કેટલીક આંતરરાષ્ટ્રીય કંપનીઓ ત્યાં જહાજનિર્માણ સુવિધાઓ મેળવવાની તૈયારી કરી રહી છે. ગૌતમભાઈ કેટલા સાહસિક ઉદ્યોગપતિ છે તેનું ઉદાહરણ 'અદાણી પાવર' છે.

ધીરુભાઈ અંબાણી

(જ. 28-12-1932 અ. 6-7-2002)



સૌરાષ્ટ્રમાં ચોરવાડ પાસે કુકસવાડા જેવા નાના ગામમાં હીરાચંદ અંબાણીને ત્યાં જન્મ. માંડ મેટ્રિક પાસ થયેલો માણસ કેટલેક પહોંચી શકે ? ઊંચામાં ઊંચી કલ્પનાય ખોટી પડે તેવી ઊંચાઈ આંબીને ધીરુભાઈએ ગુજરાતના કે દેશના જ નહીં પણ જગતભરમાં અનેકોને અચંબામાં નાખી દીધા.

ભણતરમાં ઝાઝો રસ ન પડ્યો. 16મે વર્ષે કમાવા એડનની વાટ પકડી. 'નોકરીમાં શું દાડા વળે ?' એવી મનમાં ગાંઠ વાળી ચારે તરફ ઘોડા દોડાવતા રહ્યા. આખરે શેરબજારે એમની આંખ ઠરી. કોઠાસૂઝ એવી કે થોડા જ સમયમાં શેરોના સોદા કરતાં શીખી ગયા.

એડનમાં એક શૉ-રૂમ પર એમની નજર પડી. નામ એનું 'રિલાયન્સ'. એમને એ નામ એટલું તો પસંદ પડી ગયું કે પોતાના ભાવિ બિઝનેસનું નામ રાખ્યું 'રિલાયન્સ'. ચિત્તના કોઈ ખૂણામાં વતનની યાદ તો ભરી જ હતી, એટલે જે કાંઈ કરવું હોય તે વતનમાં જ કરવું - એવી ભાવના સાથે ભારત પાછા આવ્યા.

પોતાની મહત્ત્વાકાંક્ષા માટે વતનની ચાદર તો ઘણી નાની પડે, એટલે મુંબઈ જઈ 1956માં 'રિલાયન્સ કમર્શિયલ કૉર્પોરેશન' નામે કંપની શરૂ કરી. 1966માં તો રિલાયન્સ ટેક્સટાઇલ મિલ શરૂ કરી. જોતજોતાંમાં તેણે દેશમાં ડંકો વગાડી દીધો. 1967 સુધી હજી સામાન્ય લોકો શૅરબજારને ઓળખતા ન હતા. ધીરુભાઈએ એક સામાન્ય માનવીને પણ શૅરબજાર પ્રત્યે આકર્ષિત કર્યો. તેમણે બૅંકો કે મોટા ફાઇનાન્સિયરોને બદલે પોતાના શૅરહોલ્ડરોના ટેકે બહોળો વેપાર કર્યો. પોતે ખૂબ કમાયા અને શૅરહોલ્ડરોને પણ કમાણી કરી આપી. આમ તેમણે એક નવો જ ચીલો પાડ્યો. સફળતા મેળવવી અને લોકોનો વિશ્વાસ સંપાદિત કરવો એ એમનું ધ્યેય હતું. આ એક નવતર પ્રયોગ હતો અને તેમાંથી તેઓ પાર ઊતર્યા.

1980માં પાતાળગંગા પ્રોજેક્ટ, રિલાયન્સ પ્રોલિપ્રોપિલિન, પોલિથિલિન, ટેક્સટાઇલ મિલ અને પેટ્રોકેમિકલ્સનું જોડાણ કરીને ભારતની 'નંબર વન' 'રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ'નું સર્જન કર્યું. જ્યાં દર ચોથો રોકાણકાર રિલાયન્સ કંપનીનો છે તેવા ભારતીય શૅરબજારના ભીષ્મપિતામહ હતા. ભારત સરકારે તેમને 'ભારત-રત્ન' ખિતાબ એનાયત કર્યો હતો. યુનિવર્સિટી ઑફ પેન્સિલ્વેનિયાની વ્હાર્ટન સ્કૂલ તરફથી 'ડીન મેડલ' મેળવનાર તેઓ પ્રથમ ભારતીય હતા.

અઢળક સંપત્તિનું સર્જન કરનાર, વિશ્વભરમાં 'રિલાયન્સ'નો અને તે દ્વારા ભારતનો ડંકો વગાડનાર કીર્તિમંત ધીરુભાઈ આટલી જ્વલંત સફળતા બાદ પણ પોતાના નાનકડા વતનને ભૂલ્યા ન હતા. ચોરવાડમાં એમણે ત્રીસ લાખના ખર્ચે કન્યા વિદ્યાલય બાંધ્યું. અંબાણી પરિવાર દર વર્ષે આ ગામ પાછળ લાખો રૂપિયા ખર્ચે છે. પચાસ વર્ષમાં શૂન્યમાંથી આવું વિરાટ સર્જન કરનાર ધીરુભાઈએ કરોડોની સંપત્તિ ઊભી કરી હતી. છેલ્લાં વર્ષોમાં દેશમાં આવી પડેલી કુદરતી આપત્તિઓના પ્રસંગો, દેશમાં ટેકનિકલ શિક્ષણક્ષેત્રે તેમ જ સમસ્ત માનવજાતનું જેમાં શ્રેય થાય તેવા પ્રોજેક્ટો હાથ ધરવામાં પોતાની સંપત્તિનો છૂટથી ઉપયોગ કરી રહેલું રિલાયન્સ ગ્રુપ દેશનું ગૌરવ છે. પોતાની ભારતની મુલાકાત દરમ્યાન અમેરિકાના પ્રમુખ બિલ ક્લિન્ટને ધીરુભાઈ અંબાણીના પરિવાર સાથે 45 મિનિટ ગાળી હતી !

દેશસેવા સમાજસેવા

દાદાભાઈ નવરોજી

(જ. 4-9-1825 * અ. 30-6-1917)



પાંચ વર્ષની વયે પિતાની છત્રછાયા ગુમાવનાર દાદાભાઈને માતાએ ઉછેર્યા. ભણવામાં તેજસ્વી દાદાભાઈએ માતાની કૂખ ઉજાળી. કૉલેજમાં પ્રોફેસર થયા અને વિલાયત ગયા. ત્યાં મિત્રો સાથે ભાગીદારીમાં વેપારમાં જોડાયા, પરંતુ એ વેપારી પેઢીએ દારૂ-અફીણનો ધંધો શરૂ કરતાં લાખો રૂપિયાની કમાણી હોવા છતાં તેમાંથી છૂટા થઈ ગયા ! ભરયુવાનીમાં પણ તેઓ આવી સાત્ત્વિક વૃત્તિના હતા. તે માટે તેઓ હંમેશ પોતાની માતાને જશ આપતા.

અભ્યાસકાળ દરમ્યાન જ તેમને અંગ્રેજોની ગુલામી સાલતી હતી. વિલાયતમાં તેમણે ભારતની પ્રજા પર જે શોષણ થતું, દમન થતું તેનો ખ્યાલ ત્યાંની પ્રજાને આપવા માંડ્યો. વિલાયતમાં તેમણે લેખો લખી, ભાષણો કરીને સાચો ચિતાર આપ્યો.

વિલાયતની પ્રજામાં દાદાભાઈની સચ્ચાઈનો એવો પડઘો પડ્યો કે ત્યાંના લોકોએ દાદાભાઈને પોતાના પ્રતિનિધિ તરીકે ચૂંટીને પાર્લામેન્ટમાં મોકલ્યા. આ કાંઈ જેવીતેવી વાત ન હતી !

ઓગણીસમી સદીના અંત-ભાગમાં ભારતમાં પણ રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઈ હતી. તેમાં ત્રણ-ત્રણ વખત દાદાભાઈ પ્રમુખ થયા હતા. 1906ના કૉંગ્રેસના એ અધિવેશનમાં દાદાભાઈએ જાહેર કર્યું કે 'અમે કોઈની મહેરબાની માગતા નથી પણ ન્યાય માગીએ છીએ - સ્વરાજ માગીએ છીએ.' 'હિન્દના દાદા' એવું પ્રેમભર્યું સંબોધન ભારતની પ્રજાએ તેમને આપ્યું હતું.

શ્યામજી કૃષ્ણ વર્મા

(જ. 4-10-1857 * અ. 31-3-1930)



મેધાવી વિદ્વાન, સંસ્કૃતના પ્રખર પંડિત, પહેલા ગુજરાતી ઉદ્દામવાદી શ્યામજીનો જન્મ કચ્છ-માંડવીના એક ગરીબ કુટુંબમાં થયો હતો. અભ્યાસાર્થે મુંબઈ જઈ તેમણે 18 વર્ષની વયે સંસ્કૃત અને અંગ્રેજીમાં ભારે નૈપુણ્ય મેળવ્યું. આ દરમ્યાન સ્વામી દયાનંદના સંસર્ગમાં આવી દેશભક્તિ અને આર્યસમાજના રંગે રંગાયા. 1879માં ઇંગ્લૅન્ડ જઈ 1883માં ઑક્સફર્ડ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ થયા. બર્લિનમાં હિન્દના પ્રતિનિધિ તરીકે વિદ્વત્તાભર્યો નિબંધ વાંચ્યો અને 26 વર્ષની નાની ઉંમરે સંસ્કૃતના પંડિત તરીકે જગતભરમાં નામના મેળવી.

1885માં હિન્દ આવીને રતલામ, ઉદેપુર અને જૂનાગઢ રાજ્યોની દીવાનગીરી કરી. દેશી રાજ્યોની ખટપટો અને અંગ્રેજી આલમની કુટિલતાનો પરચો મળ્યો. હિન્દમાં જ રહી અંગ્રેજી દમનનો ભોગ બનવા કરતાં વિલાયતમાં જ મોરચો માંડવાનો નવો માર્ગ શોધી જીવનભરનો વિદેશવાસ સ્વીકાર્યો.

વિલાયત જઈ ઇન્ડિયન હોમરુલ સોસાયટી સ્થાપી, હડધૂત થતા હિન્દી વિદ્યાર્થીઓ માટે ઇન્ડિયા હાઉસ શરૂ કર્યું. 'ઇન્ડિયા સોશિયોલોજિસ્ટ' નામે પત્ર કાઢી ભારતમાં બ્રિટિશ અમલ વિરુદ્ધ લેખો લખ્યા. એનો એટલો તો પ્રભાવ પડ્યો કે ઇંગ્લેન્ડમાંથી તેમને હાંકી કાઢવા માટે પાર્લામેન્ટમાં માગણી થઈ. અગમચેતી વાપરીને તેઓ પેરિસ જતા રહ્યા. આખર સુધી લડતાં-લડતાં 1930માં તેમણે જિનીવામાં દેહ છોડ્યો.

સરદારસિંહ રાણા

(જ.1870 * અ. 24-5-1957)



સરદારસિંહ રાણા ભારતની ક્રાંતિગાથાનું એક ગુજરાતી નામ છે. સૌરાષ્ટ્રના લીંબડી રાજ્યના એક નાનકડા ગામ કંથારિયામાં તેમનો જન્મ. પિતા રવાભાઈ અને માતા ફુલજીબા. મધ્યમવર્ગનો ખેડૂત પરિવાર. રાજકોટ આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં મહાત્મા ગાંધી તેમના સહાધ્યાયી હતા.

પૂનાના અભ્યાસકાળ દરમિયાન લોકમાન્ય ટિળક અને સુરેન્દ્રનાથ બેનરજીએ દેશભક્તિની ચિનગારી પ્રગટાવી હતી. પૅરિસમાં શ્યામજી કૃષ્ણ વર્માની મિત્રતાએ એને જ્વાળામાં પલટી નાખી. લંડનનું 'ઇન્ડિયા હાઉસ' ક્રાંતિવીરોનું મુખ્ય મથક હતું. તેની સ્થાપનામાં શ્યામજી કૃષ્ણ વર્મા સાથે સરદારસિંહ પણ હતા. શ્યામજી કૃષ્ણ વર્મા અને મેડમ કામાનાં અખબારો અને લાલા હરદયાળનું 'ગદર' સામયિક પ્રતિબંધિત હોવા છતાં ભારત પહોંચાડતા હતા. જર્મનીમાં સ્ટુટગાર્ટ ખાતે ઑગસ્ટ, 1907માં આંતરરાષ્ટ્રીય સોશિયોલોજિસ્ટ કૉંગ્રેસમાં મેડમ કામા અને સરદારસિંહે ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.

સરદારસિંહ બ્રિટિશ સરકારની આંખે ચડી ગયા. તેમની સામે વૉરંટ કાઢ્યું, પણ ફ્રેન્ચ નાગરિકત્વ હોવાથી પકડી ન શક્યા. 1914ના પ્રથમ વિશ્વયુદ્ધ વખતે ફ્રાન્સ અને બ્રિટન સાથી બન્યાં. સરદારસિંહની ધરપકડ થઈ અને પનામા પાસેના માર્ટિનિક ટાપુ પર દેશનિકાલ થયા. તેમની મિલકતો જપ્ત થઈ. જ્યારે સુભાષચંદ્ર બોઝ જર્મની પહોંચ્યા ત્યારે પહેલું કામ તેમણે રાણાને છોડાવવાનું કરેલું.

માદામ ભીખાઈજી કામા

(જ. 24-9-1861 * અ. 13-8-1936)



1947ના ઑગસ્ટની પંદરમી તારીખે ભારતમાં સ્વતંત્રતાનો રાષ્ટ્રધ્વજ ફરક્યો તેનાં બરાબર 40 વર્ષ પહેલાં 1907ના ઑગસ્ટ માસમાં જ જર્મનીમાં ભરાયેલી પરિષદમાં એક ગુજરાતી પારસીબહેન માદામ ભીખાઈજી કામાએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.

1901માં કાયમ માટે ઇંગ્લૅન્ડ ચાલ્યાં ગયાં. આ અરસામાં યુરોપમાં વીર સાવરકર, શ્યામજી કૃષ્ણ વર્મા વગેરે ભારતના ક્રાંતિવીરોનું એક જૂથ ભારતની આઝાદી માટે કાર્ય કરતું હતું. માદામ ભીખાઈજી કામા પણ જોડાયાં.

1907માં જર્મનીમાં સમાજવાદી પરિષદમાં તેમણે સંપૂર્ણ સ્વાતંત્ર્ય માગતો ઠરાવ રજૂ કર્યો. આ સદીની શરૂઆતમાં તેમણે 'વંદે માતરમ્' નામનું પત્ર શરૂ કરેલું. 'વંદે માતરમ્' પત્ર લગભગ નવ વર્ષ ચાલ્યું.

જીવનના અંત સુધી યુરોપમાં રહી તેમણે ભારતની સ્વતંત્રતા માટે ઘણો પરિશ્રમ કર્યો. પાછલાં વર્ષોમાં ભારત આવવાની તેમને ઇચ્છા થઈ, પણ ત્યાંની સરકારે તેમની માગણી મંજૂર ન રાખી. આખરે 1935માં તેમની તબિયત બગડતાં તેમને ભારત આવવાની પરવાનગી મળી. એક વર્ષ પછી તેમણે જન્મભૂમિમાં દેહ છોડ્યો.

ઠક્કરબાપા

(જ. 29-11-1869 * અ. 19-1-1951)



મહાત્મા ગાંધીજી 1915માં દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા તે પહેલાંથી ઠક્કરબાપાએ પીડિતવર્ગ માટે સેવાકાર્ય શરૂ કરી દીધું હતું. 'બાપા'નું વહાલસોયું બિરુદ મેળનાર ઠક્કરબાપાનું આખું નામ અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર હતું.

ભાવનગરમાં સાધારણ સ્થિતિના સંસ્કારી લોહાણા કુટુંબમાં તેમનો જન્મ થયેલો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ભાવનગરમાં પૂરું કર્યું. 1886માં મૅટ્રિકમાં પ્રથમ વર્ગમાં પાસ થતાં તેમને સ્કૉલરશીપ મળી હતી. પરિણામે પૂણેની ઇજનેરી કૉલેજમાં તેઓ દાખલ થયા હતા. 1890માં તેમણે ઇજનેરી ડિગ્રી મેળવી લીધી અને રેલવેમાં પહેલાં ઓવરસિયર તરીકે અને પછી મદદનીશ ઇજનેર તરીકે જોડાયા.

મુંબઈમાં તેમનો પરિચય વિઠ્ઠલ રામજી શિંદે સાથે થયો હતો. મહારાષ્ટ્રમાં હરિજન-પ્રવૃત્તિના તેઓ જનક હતા. તેઓ ઠક્કરબાપાના ગુરુ બન્યા અને આમ તેમને સેવાની લગની લાગી. ઈ. સ. 1914માં તેઓ નોકરી છોડીને ગોખલેએ સ્થાપેલા 'ભારત સેવક સમાજ'માં જોડાયા.

'બાપા'નું બિરુદ તેમને પંચમહાલમાં મળ્યું હતું. ભીલજાતિના ઉત્કર્ષ માટે તેમણે ત્યાં ભગીરથ કામ કર્યું. પછી તો આ કાર્ય ભારતભરમાં વિસ્તર્યું હતું અને 'આદિમ જાતિ સેવા સંઘ' જેવી વિશાળ સંસ્થાની સ્થાપના થઈ હતી. તેમણે પોતાની જાતને સેવામાં ગળાડૂબ બનાવી દીધી હતી. છેલ્લા શ્વાસ સુધી તેમણે એ પ્રવૃત્તિ ચાલુ રાખી હતી.

ડૉ. જીવરાજ મહેતા

(જ. 29-8-1887 * અ. 9-12-1978)



અમરેલી ગામમાં જન્મેલા ડૉ. જીવરાજ નારાયણ મહેતાએ દેશની અને પરદેશની ઉચ્ચ દાક્તરી પદવીઓ મેળવી હતી. લંડનનિવાસ દરમ્યાન તેમણે 'લંડન ઇન્ડિયન એસોસિયેશન' સંસ્થા સ્થાપી હતી. 1912થી 1930 સુધી ગુજરાત, મુંબઈ અને ભારતની અનેક જાહેર સંસ્થાઓમાં અને સમિતિઓમાં અધ્યક્ષપદે રહીને મહત્ત્વની કામગીરી બજાવી હતી.

1930માં ગાંધીજીના નેતૃત્વ હેઠળ સ્વાતંત્ર્યસંગ્રામ ખેડાયો ત્યારે મુંબઈ શહેર સંગ્રામ સમિતિની ઉચ્ચ ભીતરી સમિતિના તેઓ સભ્ય હતા અને લડતના સંચાલનમાં મહત્ત્વનો ફાળો આપ્યો હતો. ગાંધીજીને પણ તેમણે તબીબી સેવાઓ આપી હતી. 1942ના 'હિન્દ છોડો' આંદોલનમાં પણ તેમણે બીજી વાર જેલવાસ ભોગવ્યો. મહારાજા સયાજીરાવે પણ તેમની ઉચ્ચ બુદ્ધિ-શક્તિનો લાભ લીધો હતો. 1946થી 1948 સુધી તેઓ મુંબઈ રાજ્ય ધારાસભાના સભ્ય રહ્યા હતા અને 1949થી 1951 સુધી મુંબઈ રાજ્યના પ્રધાનમંડળમાં સેવાઓ આપી હતી. 1952થી 1960 સુધી તેઓ નાણાપ્રધાન રહ્યા હતા.

1960ના મેની પહેલી તારીખે ગુજરાતનું અલગ રાજ્ય થયું ત્યારે તેઓ ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી બન્યા. જીવનના અંત સુધી તેમણે નિષ્ઠા અને પ્રામાણિકતાથી રાજ્યની અને દેશની સેવા કરી હતી.

બાદમાં શ્રી જીવરાજભાઈ બ્રિટન ખાતે ભારતના હાઈકમિશનરન થયા અને પછી સંસદમાં ચૂંટાયા હતા.

કિશોરલાલ મશરૂવાળા

(જ. 5-10-1890 * અ. 9-9-1952)



પોતાની ચિંતનની અક્ષય સમૃદ્ધિ અને કેળવણી અર્થે કરેલા ઊંડા અધ્યયનના ફળસ્વરૂપે વિપુલ સાહિત્ય સર્જીને કિશોરલાલભાઈએ ગુજરાતી ભાષા અને સાહિત્યનું ગૌરવ વધાર્યું છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના ચુસ્ત ભક્ત પિતા પાસે અને સંતોના સમાગમ વચ્ચે તેઓ ઊછર્યા. બી.એ., એલએલ.બી. થઈને વકીલાત કરી, પરંતુ તેમને આર્થિક ઉન્નતિમાં રસ ન હતો. તેમને તે સમયની કેળવણી બાબત તીવ્ર અસંતોષ હતો, તેથી વકીલાત છોડીને એકાંતવાસ સેવવા મનન-ચિંતન કરવા માટે આબુ ગયા. ત્યાં તેઓ કેદારનાથજીના સંસર્ગમાં આવ્યા. બાદમાં ગાંધીજીને મળ્યા.

ગાંધીજીની વિશાળ માનવધર્મની દૃષ્ટિ અને અભિગમથી ખૂબ પ્રભાવિત થયા એટલે સઘળું છોડીને તે આશ્રમમાં આવી વસ્યા. 1921થી એમની લેખન-પ્રવૃત્તિની શરૂઆત થઈ.

કિશોરલાલભાઈ અનેક વિષયો પર લખ્યું છે. 'માતૃભાષા અને અંગ્રેજી', 'ધર્મ અને રાજકારણ', 'કેળવણીનાં વિવિધ અંગો' વગેરે. સ્વામી સહજાનંદ અને ઈસુ વિશે ચરિત્રગ્રંથો લખ્યા, તો 'સમૂળી ક્રાંતિ', 'ગાંધીવિચારદોહન', 'ગીતાદોહન', 'સ્ત્રી-પુરુષ-મર્યાદા', 'અહિંસા' વગેરે તેમનાં મહત્ત્વનાં પુસ્તકો છે. આ ઉપરાંત તેમણે જિબ્રાનનું 'પ્રોફેટ', 'લાઇફ ઑફ ધ વ્હાઇટ એન્ટ' તેમ જ ટૉલ્સ્ટૉયનાં નાટકોના અનુવાદો પણ આપ્યા છે. સાહિત્યકાર ઉપરાંત એક મોટા વિચારક તરીકે તેમનું સ્થાન ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ છે.

મહાદેવભાઈ દેસાઈ

(જ. 1-1-1892 * અ. 15-8-1942)



માત્ર પચાસ વર્ષના આયુષ્યમાં પચીસ વર્ષ મહાત્મા ગાંધીજી જેવી વિરાટ પ્રતિભાના રહસ્યમંત્રી બની રહેવાનું જેમને સદ્ભાગ્ય સાંપડ્યું હતું તેવા મહાદેવભાઈનો જન્મ સુરત જિલ્લાના દિહેણ ગામમાં થયો હતો.

અભ્યાસમાં પહેલેથી જ તેજસ્વી અને ગુજરાતી ઉપરાંત અંગ્રેજી, બંગાળી અને મરાઠીનું જ્ઞાન ધરાવતા મહાદેવભાઈ બી.એ. થતાં જ તેમને સેક્રેટરિયેટમાં ઓરિયેન્ટલ ટ્રાન્સલેટરની ઑફિસમાં નોકરી મળી ગઈ. સાથોસાથ કાયદાનો અભ્યાસ કરી તેઓ એલએલ.બી. થયા. ગાંધીજી આફ્રિકાથી આવ્યા બાદ 1916માં ગાંધીજી સાથે એક જ મુલાકાતમાં તેમનાથી પ્રભાવિત થઈ, તેમની વિચારસરણીથી આકર્ષાઈ, કારકિર્દી પડતી મૂકીને આશ્રમમાં જોડાઈ ગયા. ત્યાર બાદ તેમનું જીવન ગાંધીજી સાથે જ વહેતું રહ્યું.

અનુવાદની કળાના એક કસબી હતા. કવિવર ટાગોરના 'ચિત્રાંગદા' સહિત પચીસેક સુંદર અનુવાદો એમણે આપ્યા છે, તો સામે ગાંધીજીની આત્મકથાને એમણે અંગ્રેજીમાં ઉતારી છે. મોર્લેના 'ઑન-કૉમ્પ્રોમાઇસ', 'યંગ ઇન્ડિયા' તેમજ 'હરિજન' પત્રોમાં એ સત્ત્વશીલ પત્રકારની કલમનાં દર્શન થાય છે. 'મહાદેવભાઈની ડાયરી'ના સંપુટો તેમનું યાદગાર પ્રદાન છે.

મીરાંની ભક્તિ જેવી અનન્ય ગાંધીભક્તિથી એમણે પોતાનું સર્વસ્વ જીવન ગાંધીજીને ચરણે ધરી દીધું હતું. દેશભક્તિના ઓરસિયા પર સુખડની જેમ ઘસાઈને વીતેલા એમના જીવનની સુવાસ હજી મહેકે છે.

સરદાર વલ્લભભાઈ પટેલ

(જ. 30-10-1875 * અ. 15-12-1950)



ખેડા જિલ્લાના કરમસદ ગામમાં પિતા ઝવેરભાઈ પટેલને ત્યાં જન્મ. વ્યવસાય ખેતીનો. વલ્લભભાઈને ગળથૂથીમાંથી ભક્તિ અને વીરત્વના સંસ્કારો મળ્યા. પરિણામે નાનપણથી જ તેઓ સાહસિક, નીડર, કાર્યકુશળ અને સહનશીલ હતા. ઈ. 1900માં ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષા પાસ કરી અને આખા વિસ્તારમાં એક બાહોશ ને માથાભારે વકીલ તરીકે તેમનું નામ ગાજવા માંડ્યું.

વલ્લભભાઈને ઇંગ્લૅન્ડ જઈ બૅરિસ્ટર થવાનો ભારે મનસૂબો હતો. ભારે પરિશ્રમ કરી, પૈસા ભેગા કરી તેઓ ઈ. 1910માં ઇંગ્લૅન્ડ ગયા અને અભ્યાસમાં ખૂંપી ગયા.

વલ્લભભાઈનો પરિશ્રમ ફળ્યો. પ્રથમ વર્ગમાં પ્રથમ આવી તેમણે ઝળહળતી ફતેહ મેળવી. તેમને પચાસ પાઉન્ડનું ઇનામ મળ્યું અને બે ટર્મની ફી-માફી મળી ! આટલી સફળતા મળ્યા છતાં પોતાનું ધ્યેય પ્રાપ્ત કર્યા બાદ તરત ભારત પાછા ફર્યા. સરકારી નોકરીની અનેક લોભામણી ઑફરો અવગણી અમદાવાદમાં બૅરિસ્ટરી કરવાનો નિર્ણય કર્યો. થોડા જ વખતમાં તેમની વકીલાત જામી ગઈ. પણ બૅરિસ્ટરી કરવાનું તેમને માટે નિર્માયું ન હતું.

1915માં ગાંધીજી આફ્રિકાથી દેશમાં આવ્યા અને અમદાવાદમાં કોચરબ આશ્રમ સ્થાપીને રહ્યા. ઘણા વકીલો અને જાહેર ક્ષેત્રમાં કામ કરવાની ઇચ્છા ધરાવનારાઓ કુતૂહલ ખાતર ગાંધીજીના આશ્રમમાં જતા અને ત્યાંથી કાંઈક ને કાંઈક વાતો લાવી ગુજરાત ક્લબમાં વલ્લભભાઈને કરતા. તે સાંભળીને વલ્લભભાઈ તે વાતોને મશ્કરીમાં ઉડાવતા. ગાંધીજીની ઠેકડી કરનાર આ બાહોશ ધારાશાસ્ત્રીએ જ્યારે જોયું કે ગાંધીજીએ ચંપારણ્યમાં મનાઈહુકમનો ભંગ કરીને અંગ્રેજી રાજ્યના પાયા ડગમગાવી મૂક્યા ત્યારે એમને થયું કે આ નરવીર તો માથું હાથમાં લઈને ફરે છે ! અને એ આપોઆપ એમને પડખે જઈને ઊભા. એવામાં 1917માં ખેડા જિલ્લામાં ખેડૂતોના સત્યાગ્રહનો પ્રસંગ ઊભો થયો. ગાંધીજીએ તે લડતની આગેવાની લીધી. એ લડતમાં વલ્લભભાઈ ગાંધીજીની સાથે ઠેઠ સુધી રહ્યા, એટલું જ નહિ, પણ તેમની ગેરહાજરીમાં તેમનું સ્થાન સંભાળવા લાગ્યા.

1921માં તેમણે વકીલાતને તિલાંજલિ આપી. ખૂબ પૈસા કમાઈને મોટા વકીલ તરીકે કીર્તિ મેળવવાની તેમની મહત્ત્વાકાંક્ષાએ જુદો જ વળાંક લીધો અને ગાંધીજી જેવા પારસમણિના સ્પર્શે તેમનો જીવનરાહ બદલાયો. 1921માં વલ્લભભાઈ કૉંગ્રેસમાં જોડાયા અને ગુજરાત પ્રાંતીય કૉંગ્રેસ સમિતિના પ્રથમ અધ્યક્ષ તરીકે ચૂંટાયા. 1922માં બોરસદ સત્યાગ્રહની અને 1923માં નાગપુર ઝંડા સત્યાગ્રહની નેતાગીરી લઈ બંનેમાં વિજય મેળવ્યો. 1924માં અમદાવાદ મ્યુનિસિપાલિટીના ચેરમૅન બન્યા.



ભારતના લોકશાહી પ્રજાસત્તાકના બંધારણ પર હસ્તાક્ષર કરતા સરદાર

1928માં બારડોલી સત્યાગ્રહ આવી પડ્યો. વલ્લભભાઈએ બારડોલી જઈ આખાય પ્રશ્નમાં શું તથ્ય છે તેની તપાસ કરી. ગાંધીજી બારડોલી આવ્યા. આ લડતનું સમગ્ર સંચાલન વલ્લભભાઈને સોંપાયું. વલ્લભભાઈએ પ્રજામાં ખમીર પ્રગટાવ્યું, લોકોને હિંમત આપી. પોતે તેમની પડખે ઊભા છે તેની ખાતરી કરાવી અને લડત શરૂ થઈ. આખરે સરકાર નમી. સરકારે સમાધાન કર્યું. સત્યાગ્રહનો જયજયકાર થયો. ગાંધીજીએ વલ્લભભાઈને 'સરદાર'ના વહાલસોયા બિરુદથી નવાજ્યા. ત્યારથી તે સમગ્ર દેશના 'સરદાર' બની રહ્યા.

ઈ. 1946-47માં મધ્યસ્થ સરકારમાં પ્રજાકીય પ્રધાનમંડળ રચાયું તેમાં કૉંગ્રેસનું પ્રધાનમંડળ થયું અને સરદારને તેમાં ગૃહખાતું સોંપાયું. ઈ. 1947ના ઑગસ્ટની 15મી તારીખ પછી હિંદુ-મુસ્લિમોના સ્થળાંતરના પ્રસંગે હિંદુસ્તાન અને પાકિસ્તાન બંને દેશોમાં કોમી હુલ્લડ થયાં.

ભારત સ્વતંત્ર થયા બાદ સમગ્ર દેશના ભાવિ-ઇતિહાસનું નવું પાનું ઊઘડ્યું. સ્વતંત્રતા મળતાં દેશની સાઠ ટકા પ્રજાને આઝાદી મળી, પરંતુ બાકીની 40 ટકા પ્રજા ભારતમાં આવેલાં દેશી રજવાડાંના શાસન તળે હતી. આઝાદી પહેલાં આ રજવાડાંઓ બ્રિટિશ સલ્તનત નીચે હતાં. હવે દેશી રાજાઓના નિરંકુશ કાબૂ નીચે પ્રજા સીધી રીતે આવી ગઈ હતી. તેમાંના મોટા ભાગના રાજાઓ પ્રજાને ચૂસવામાં અને વિલાસી જીવન જીવવામાં રત હતા. આ 40 ટકા પ્રજા રાજાઓથી મુક્ત થાય તો જ ભારતમાં અખંડ શાસન કરી શકાય. આ કાર્યનો હવાલો સરદારને સુપરત કરવામાં આવ્યો, જે બહુ કપરું કાર્ય હતું. સૌરાષ્ટ્રનાં રાજ્યોમાં, વડોદરામાં, કચ્છમાં, મૈસૂરમાં, ત્રાવણકોરમાં અને અન્ય દેશી રાજ્યોમાં અનેક પ્રશ્નો ઊભા થયા. જો આ પ્રશ્ન હલ ન થાય તો દેશ અનેક ભાગલાઓમાં ખંડિત જ રહે. પરંતુ અસાધારણ કુનેહથી સરદારે દેશી રજવાડાંઓને સામ, દામ, દંડ અને ભેદની ચાણક્યનીતિથી વશ કર્યાં અને દેશની એકતા માટેની અપ્રતિમ સેવા કરી. તેમણે બે વરસમાં દેશી રાજ્યોનું ભારતીય સંઘમાં વિલીનીકરણ કરીને અખંડ ભારતનું નિર્માણ કર્યું. આ એક ઐતિહાસિક ઘટના હતી.

અંતઘડી પાસે આવી ત્યારે એ મુંબઈ આવ્યા. આમ છતાં પણ એ દીકરાને ત્યાં ન ગયા. મા વિનાના દીકરાને ઉછેરનાર પિતા, એની અમુક જાહેર પ્રવૃત્તિ અંગે પ્રજાને અંદેશો હોઈ મૃત્યુઘડીએ પણ એનાથી દૂર રહ્યા. ભલભલાં ભૂતોની ચોટલી પકડનાર આ ભૂવાએ એકેય નાળિયેર દીકરા તરફ ફેંક્યું ન હતું. એમના સમગ્ર જીવન દરમ્યાન એમના કટ્ટર દુશ્મન પણ સરદાર પર સંતાનવત્સલતા સંબંધી આક્ષેપ કરી શક્યો નથી જે સાંપ્રત રાજકારણના અનુસંધાનમાં એક કલ્પનાતીત વાત જેવું લાગે છે.

વલ્લભભાઈ ઉપર હૃદયરોગનો હુમલો થયો હતો. સિમલામાં તેઓ આરામ કરતા હતા. તેમની ખબર જોવા મોટા નેતાઓ, ઉદ્યોગપતિઓ આવતા હતા. મહાવીર ત્યાગી તેમને મળવા ગયા. ત્યાગી વલ્લભભાઈની પણ મશ્કરી કરી શકે એટલો તેમનો નિકટનો સંબંધ. મણિબહેનને તેમણે જૂનાં કપડાંમાં જોયાં.

મણિબહેનને તેમણે મજાકમાં કહ્યું, 'મોટા બાપની દીકરી છો તો આવાં કપડાંમાં કેમ ફરે છે ? તારા બાપને મળવા માઉન્ટબેટન, નહેરુ આવતા હોય અને બીજા પણ કેટલાય આવતા હોય છે...'

વલ્લભભાઈએ જવાબ આપ્યો, 'આ છોકરી, હું સૂઈ જાઉં પછી કાંતે છે. જે સૂતર થાય તેમાંથી મારાં પહેરવાનાં વસ્ત્રો થાય છે. મારાં કપડાં જૂનાં થાય તેમાંથી તે પોતાનાં કપડાં સીવે છે.'

રવિશંકર મહારાજ

(જ. 25-2-1884 * અ. 1-7-1984)



પોતાનું સમગ્ર જીવન લોકસેવા પાછળ વ્યતીત કરનાર રવિશંકર મહારાજનો જન્મ ખેડા જિલ્લાના રઢુ ગામમાં. મહેમદાવાદ તાલુકાનું સરસવણી ગામ તેમનું મૂળ વતન.

તેમનું શાળાકીય ભણતર તો સાત ચોપડી જેટલું જ હતું. નાનપણથી તેમનામાં સાહસની, અન્યાયનો પ્રતિકાર કરવાની તેમ જ સેવા કરવાની વૃત્તિઓ બીજરૂપે પડી હતી.

મહારાજની ગાંધીજી સાથેની ઈ. સ. 1919માં પ્રત્યક્ષ મુલાકાત થઈ હતી. પ્રથમ મુલાકાતથી જ તેઓ ગાંધીજીના પ્રભાવમાં આવી ગયા હતા. ઈ. સ. 1922થી સ્વાતંત્ર્યસંગ્રામમાં તેમણે સક્રિય ભાગ લીધો હતો અને જેલવાસ ભોગવ્યો હતો. કુદરતી આફતો વખતે લોકોની સેવા કરવામાં તેઓ હંમેશાં મોખરે રહેતા. કોમી હુલ્લડ વખતે હિન્દુ-મુસ્લિમ લત્તાઓમાં નિર્ભય થઈને ફરતા.

ઈ. સ. 1922માં ગાંધીજીએ સરકારને બે મહિનાની મહેતલ આપી ત્યાર બાદ અસહકારની લડત ઉપાડવાનો નિર્ણય જાહેર કર્યો. લડતનો આરંભ બારડોલીથી થવાનો હતો અને એ માટે બે હજાર સ્વયંસેવકોએ નામ નોંધાવ્યાં હતાં, જેમાં બે નામ સૌથી મોખરે હતાં. એક શ્રી મોહનલાલ કામેશ્વર પંડ્યાનું તથા બીજું શ્રી રવિશંકર મહારાજનું. મહારાજને દેહનો મોહ તો વહેલો જ છૂટી ગયો હતો, એટલે સરકારની બંદૂકો સામે ખુલ્લી છાતી ધરી દેવામાં એમને મુદલ ધડક નહોતી. લડતના બે મહિના પહેલાં તો એ બહારવટિયાની એક ટોળીને સાચું બહારવટું શીખવવા એકલપંડે ઊપડી ગયેલા ને ત્યાં જઈને કહેલું : આપણાં બધાં દુઃખોનું મૂળ આ પરદેશી સરકાર છે. સાચું બહારવટું એની સામે કરવાનું છે. નાનાં બહારવટાંથી દા'ડો વળે તેમ નથી. આજથી બે મહિને બારડોલીમાં સરકાર ગોળીઓ ચલાવશે. તમારે સાચું બહારવટું કરવું હોય તો ચાલો.

ચોરી કરવી એ તે કંઈ પાપ છે ? - એવી બાળક જેવી મનોદશા ધરાવતી એ કોમો વચ્ચે ધામા નાખીને મહારાજે માણસાઈના જે દીવા પ્રગટાવ્યા છે તેનાં તેજ સ્વ. મેઘાણીએ તેમની કૃતિ 'માણસાઈના દીવા'માં યથોચિત પ્રતિબિંબિત કરેલ છે. આમ તો દારૂબંધીથી માંડી દુકાળ-રાહત સુધીનાં કાર્યોમાં અને કૉલેરાથી માંડી અતિવૃષ્ટિ સુધીની આપત્તિઓમાં મહારાજે સેવાઓ આપેલી છે. માનવતાનો પોકાર જ્યાંજ્યાંથી ઊઠે ત્યાંત્યાં તેઓ વિના વિલંબે દોડી જતા. પરંતુ એ સૌ કાર્યોમાં એમણે ગુનેગાર ગણાયેલી કોમોનું હૃદયપરિવર્તન સાધી તેમને સન્માર્ગે વાળવા પાછળ જે શ્રમ લીધો છે તે અવિસ્મરણીય જ છે.

એમનું હૃદય જેટલું કરુણાર્દ્ર એટલું જ વ્યવહારકુશળ હોવાને કારણે જ તેમને આ ક્ષેત્રે અનન્ય સિદ્ધિ વરી. અંતરથી સહાનુભૂતિ દાખવી માણસને સમજાવવાનો અજબ કીમિયો એ ધરાવતા. આવી શક્તિઓથી તેમણે ગુજરાતની પછાત કોમોનાં નિસ્તેજ વદનો પર દીપ્તિ લાવી દીધી હતી. એમને માથે ફરજિયાત ઠોકી બેસાડવામાં આવેલી હાજરીની અપમાનકારક પ્રથા એમણે બ્રિટિશ સરકાર તેમ જ વડોદરા સરકાર સાથે લડી-ઝઘડી દૂર કરાવી હતી. ચોરી કરનારાઓની નાડ પારખીને તેમની પાસેથી એમણે ચોરીની કબૂલાત કરાવી હતી. સરકારી બંદૂકો પણ જેમની સામે નિષ્ફળ ગયેલી એ કોમો સામે મહારાજના આત્મબળે અપૂર્વ વિજય મેળવ્યો હતો. ઈ. સ. 1960માં ગુજરાતના અલગ રાજ્યની રચના થતાં ગુજરાતનો શુભારંભ તેમના હસ્તે થયો હતો.

ઇન્દુલાલ યાજ્ઞિક

(જ. 22-2-1892 * અ. 17-7-1972)



સ્વાતંત્ર્યસેનાની, તીવ્ર દેશદાઝવાળા પ્રખર બુદ્ધિશાળી ઇન્દુલાલનો જન્મ નડિયાદમાં. પિતા કનૈયાલાલ અને માતા મણિગૌરી.

બે વર્ષ અમદાવાદમાં કૉલેજનો અભ્યાસ કરી પછી મુંબઈ ગયા. ત્યાંથી બી.એ., એલએલ.બી. થયા. વિદ્વાન મિત્રોનો સંપર્ક અને પિટીટ લાઇબ્રેરીના વાચને તેમને ઘણું વિચારભાથું આપ્યું. ગાંધીવિચારસરણીના કટ્ટર વિરોધી છતાં જ્યાં સાચું લાગ્યું તે સ્વીકાર્યું.

રાજકારણની પ્રથમ દીક્ષા તો એમણે શાન્ત-સ્વસ્થ શ્રીનિવાસ શાસ્ત્રી પાસે લીધેલી; પણ હોમરૂલની ચળવળને સાથ આપતાં-આપતાં તેઓ ગાંધીજીના પ્રભાવ તળે આવ્યા. ભારત સેવક સમાજ છોડ્યો. પહેલા મહાયુદ્ધ વેળા પત્રકારો સાથે મેસોપોટેમિયા જઈ આવ્યા. પછી કાર્યક્ષેત્ર બદલી અમદાવાદ આવીને રહ્યા. ભરૂચ 1917માં બીજી કેળવણી પરિષદ અને ગોધરામાં પહેલી રાજકીય પરિષદ યોજી. એમાં રાષ્ટ્રીય કેળવણીની સંસ્થાનો વિચાર રજૂ કરી, સમિતિ સ્થાપી, ગુજરાત વિદ્યાપીઠ જેવી યુનિવર્સિટી-સંસ્થાની સ્થાપનાનું બીજ વાવ્યું. ખેડા સત્યાગ્રહમાં ગામડેગામડે ફર્યા. વિશ્વયુદ્ધ માટે રંગરૂટની ભરતી કરવાના કામમાં ગાંધીજીને મદદ કરી. મુંબઈમાં શરૂ કરેલાં 'યંગ ઇન્ડિયા' તથા 'નવજીવન અને સત્ય' માસિકો ઈ. સ. 1919માં ગાંધીજીને સોંપી દીધાં.

ઇન્દુલાલનું બીજું નામ છે આંદોલન – પ્રચંડ આંદોલન. બંગભંગ, સ્વદેશી ચળવળ, હોમરુલ લીગ અને બૉમ્બ-પ્રવૃત્તિ, ગાંધીવાદ, સમાજવાદ અને સામ્યવાદ ગળે ઉતારીને કિસાનોના પ્રશ્નો જેવા અનેક પ્રશ્નોમાં જલદ રીતે કાર્યરત રહીને પૂરા છ દાયકાના વિશાળ ફલક પર કોઈ પણ અન્યાય સામે એમનો આતશ ભભૂકતો જ રહ્યો હતો. અંગત સુખ-સગવડો ફગાવી દઈને સિંગ-ચણા ફાકીને અલગારી રીતે તેઓ જીવ્યા. મોટા ચમરબંધી આગળ પણ નમતું ન જોખવાનું તેમનામાં સ્વાભિમાન અને ખમીર હતું.

હસ્તલિખિત 'નાગરવિલાસ', 'મુંબઈ સમાચાર', 'હિન્દુસ્તાન પ્રજામિત્ર', 'યંગ ઇન્ડિયા', 'નવજીવન અને સત્ય', 'યુગધર્મ', 'નૂતન ગુજરાત' – એવાં સામયિકોમાં લખેલા લેખો ઉપરાંત એમણે લખેલાં પુસ્તક-પુસ્તિકાઓની સંખ્યા 40 જેટલી થવા જાય છે. એમાં એક નવલકથા 'માયા' છે, પાંચ ભાગ આત્મકથાના છે ('જીવનવિકાસ', 'ગુજરાતમાં નવજીવન', 'કારાવાસ', 'જીવનસંગ્રામ' અને 'કિસાનકથા'). એ આત્મકથાનો છઠ્ઠો ભાગ ઇન્દુલાલ પૂરો કરી શક્યા નહોતા. ધનવંત ઓઝાએ ઇન્દુલાલનાં જાહેર નિવેદનો વગેરેનું સંકલન કરી એ છઠ્ઠો ભાગ પૂરો કરેલો. સને 2011માં આ છએ ભાગનું પુનર્મુદ્રણ થયું છે. એમનાં આઠ નાટકો ('વરઘોડો', 'દુકાળ', 'બંગભંગ', 'ગામડાનું સ્વરાજ', 'અક્કલના દુશ્મન', 'શોભારામની સરદારી', 'રણસંગ્રામ' ને 'આશાનિરાશા') છે. ગાંધીજી વિષેનાં સંસ્મરણો પોતાની રીતે રજૂ કરતાં ત્રણ પુસ્તકો 'ગાંધીજીના સહવાસમાં' ભાગ-1, 2 અને 'યરોડા આશ્રમ' છે. 'શહીદનો સંદેશ' નામે પેટ્રિક પિયર્સનું ચરિત્ર, શ્યામજી કૃષ્ણવર્માનું ચરિત્ર, લેનિનનું ચરિત્ર, ગાંધીનું ચરિત્ર તથા અન્ય પુસ્તક-પુસ્તિકાઓ તેમણે લખ્યાં છે.

આ બધાંમાં, છ ભાગમાં પ્રસિદ્ધ થયેલી, 2013 પાનાંની એમની આત્મકથા એમના જીવનની કથા ઉપરાંત ગુજરાતના રાજકીય તેમ જ સાંસ્કૃતિક જીવનની ઘડતરકથા હોઈ બહુમૂલ્ય છે. ઇતિહાસની સામગ્રીને સમજથી, ખંતથી, કલાત્મક રીતે એ આત્મકથામાં સંઘરી રાખવા બદલ ગુજરાત એમનું સદા ઋણી રહેશે.

મોરારજી દેસાઈ

(જ. 29-2-1896 * અ. 11-4-1995)



ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પછી ગુજરાતમાં રાષ્ટ્રીય સ્તરે પ્રસ્થાપિત થનાર મોરારજીભાઈ દેસાઈનો જન્મ સુરતમાં.

મુંબઈમાં કૉલેજ-શિક્ષણ લીધું. 1915માં મુંબઈ ખાતે ભરાયેલા રાષ્ટ્રીય મહાસભાના અધિવેશનમાં ગાંધીજીને પહેલવહેલા સાંભળ્યા ત્યારથી જ એમના રંગે રંગાઈ ગયા. કારકિર્દીની શરૂઆત કલેક્ટર તરીકે કરી. ગુજરાતમાં જ્યાં એમની કામગીરી રહી ત્યાં તેમણે પ્રજાનો પ્રેમ મેળવ્યો. ગોધરાનાં રમખાણો તેમણે કડક હાથે દાબી દીધાં. પછી સરકારી નોકરી છોડી દઈને સેવાકાર્યમાં ઝુકાવ્યું.

મુંબઈ ધારાસભાની ચૂંટણીમાં ભાગ લઈ જીત્યા અને મુંબઈ રાજ્યના મંત્રીમંડળમાં સ્થાન મળ્યું. 1946માં મુંબઈનું બીજી વારનું મંત્રીમંડળ રચાયું ત્યારે તેઓ મુંબઈ રાજ્યના પંતપ્રધાન થયા ને તે સ્થાને રહી તેમણે 'હોમગાર્ડ્ઝ' તંત્રની સ્થાપના કરી જે પછી ખૂબ વિકસ્યું અને લોકોપયોગી બની રહ્યું. 1950માં ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક અને 1963થી કુલપતિ બન્યા. ભારત સ્વતંત્ર થયા બાદ 1952માં ફરી મુંબઈ રાજ્યના મુખ્યમંત્રી બન્યા.

વિશાળ દ્વિભાષી મુંબઈ રાજ્યની 1956માં રચના થઈ. 1956ના નવેમ્બરમાં મોરારજીભાઈને કેન્દ્ર સરકારમાં વેપાર-ઉદ્યોગ-ખાતાના પ્રધાન અને 1958ના માર્ચથી નાણાપ્રધાન બનાવવામાં આવ્યા. મોરારજીભાઈના વિરોધ છતાં દ્વિભાષી મુંબઈ રાજ્યનું વિભાજન થયું. 1લી મે, 1960થી ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્યની રચના કરવામાં આવી. તેમણે સુવર્ણનિયંત્રણ ધારો ઘડ્યો અને ફરજિયાત બચત યોજના શરૂ કરી. વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીનું 1966મી અવસાન થતાં વડાપ્રધાન માટેની પસંદગી માટે કામરાજ સહિતની સિંડિકેટે મોરારજીની સામે ઇન્દિરા ગાંધીને નેતાપદની ચૂંટણીમાં ઊભાં રાખ્યાં. આમ, મોરારજીભાઈને બીજી વખત વડાપ્રધાન થતાં અટકાવાયા. 1967ની ચૂંટણીઓ બાદ તેઓ નાયબ વડાપ્રધાન તથા નાણાપ્રધાન તરીકે પ્રધાનમંડળમાં જોડાયા.

ઇન્દિરા ગાંધીએ 25મી જૂન, 1975ને દિવસે દેશમાં કટોકટીની સ્થિતિ જાહેર કરી. જયપ્રકાશ નારાયણ અને મોરારજી દેસાઈ સહિત વિરોધપક્ષના બીજા અનેક સીનિયર નેતાઓની ધરપકડ કરી. તેમણે 19 મહિના સુધી કારાવાસ ભોગવ્યો. 1977ના જાન્યુઆરીમાં ચૂંટણી જાહેર કરી અટકાયતી નેતાઓને છોડી મૂક્યા. વિરોધપક્ષોનું સંગઠન કરી જયપ્રકાશ નારાયણે 'જનતા પક્ષ'ની સ્થાપના કરી. જનતા પક્ષને ચૂંટણીમાં સફળતા મળતાં જયપ્રકાશજી તથા કૃપલાનીજીએ સંસદીય પક્ષના નેતા તરીકે મોરારજીભાઈની પસંદગી કરી. પરિણામે મોરારજીભાઈ 1977માં ભારતના વડાપ્રધાન બન્યા. પોતાના 28 માસના વહીવટ દરમ્યાન તેમણે આવશ્યક વસ્તુઓના ભાવો પર અંકુશ, અખબારી સ્વતંત્રતા, ન્યાયતંત્રની સ્વાયત્તતા, વિદેશોમાં ભારતની અપૂર્વ પ્રતિષ્ઠા જેવાં અનેક મહત્ત્વનાં પ્રદાનો કર્યાં. પાકિસ્તાન અને ભારત બંને દેશોના સર્વોચ્ચ રાષ્ટ્રીય ઍવોર્ડ અનુક્રમે 'નિશાન-એ પાકિસ્તાન' 1988માં અને 'ભારત-રત્ન' 1992માં મેળવવાનું સદ્‌ભાગ્ય એમને પ્રાપ્ત થયું હતું.

ગણેશ વાસુદેવ માવળંકર

(જ. 27-11-1888 * અ. 27-2-1956)



આજથી લગભગ સો વર્ષ ઉપર, મહારાષ્ટ્રના રત્નાગિરિ જિલ્લાના માવલણ ગામેથી ગુજરાતમાં આવી વસેલા ગણેશ વા. માવળંકરનો મહારાષ્ટ્રીય બ્રાહ્મણ કુટુંબમાં પોતાના મોસાળ વડોદરામાં જન્મ. દાદાસાહેબ એમનું લાડકું નામ. દાદાસાહેબને પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ જ્યાં જ્યાં એમના પિતાની બદલી થઈ ત્યાં ત્યાં મેળવવું પડ્યું. ગુજરાત કૉલેજમાં એમણે કૉલેજ શિક્ષણ લીધું.

એ સમયે ગુજરાતના રાજકીય, આર્થિક, શૈક્ષણિક, સામાજિક વગેરે પ્રશ્નો હલ કરવા માટે 'ગુજરાત સભા' નામની સંસ્થા અમદાવાદમાં ચાલતી હતી. તેમાં તે જોડાયા. તાજેતરમાં જ અમદાવાદમાં કોચરબ પાસે આશ્રમ સ્થાપી રહેલા મહાત્મા ગાંધીજીએ સંસ્થાના પ્રમુખ હતા. દાદાસાહેબની કામગીરીથી મુગ્ધ બનેલા કાર્યકરોએ એમને 1916માં આ ગુજરાત સભાના સહમંત્રી નીમ્યા. આમ ગાંધીજી અને વલ્લભભાઈના હસ્તે જાહેર સેવાની દીક્ષા પામ્યા બાદ પોતાની નિર્વ્યાજ નિષ્ઠા અને પારદર્શક પ્રામાણિકતાથી તેઓ ગાંધીજી તથા સરદારના અંતેવાસી થવા જેટલા ઘનિષ્ઠ સંબંધમાં આવ્યા. ગુજરાત સભા દ્વારા એમની પહેલી જાહેર પ્રવૃત્તિ તે ઈ. 1916ની પ્રથમ ગુજરાત રાજકીય પરિષદની કામગીરી. ત્યારપછી 1918માં વ્યાપેલા ઇન્ફ્લુએન્ઝાના નિવારણની સેવાપ્રવૃત્તિ, 1919માં દુષ્કાળનિવારણનું કાર્ય તથા ખેડા જિલ્લામાં ગાંધીજીએ શરૂ કરેલા સત્યાગ્રહમાં દાદાસાહેબની કામગીરીએ એમને કાર્યકરોની આગલી હરોળમાં મૂકી દીધા અને 1920માં અસહકારના આંદોલન સાથે ગુજરાત પ્રાંતિક સમિતિની સ્થાપના થતાં તેનું સંચાલન એમને સોંપાયું.

લોકશાહી તંત્ર અને પાર્લમેન્ટરી પદ્ધતિની એ સ્થાનેથી એમણે મેળવેલી તાલીમ તથા ઘડતરનો ઉત્તરોત્તર અવિરત વિકાસ થતો રહ્યો અને 1939માં કૉંગ્રેસે પ્રધાનપદાં સ્વીકાર્યાં ત્યારે મુંબઈ ધારાસભાના અધ્યક્ષ-સ્પીકર તરીકે એકમતે તેમની જ નિમણૂક થઈ. એ સ્થાનેથી એમનું વ્યક્તિત્વ ઝળકી ઊઠ્યું. આ દરમ્યાન તેઓ કૉંગ્રેસના પહેલી હરોળના નેતાઓ પૈકી એક તરીકે સ્વીકારાઈ ગયા હતા. એટલે જ ભારતનું બંધારણ રચનારી બંધારણ સભાનું પ્રમુખસ્થાન રાજેન્દ્રબાબુને અપાયું, પરંતુ તેના કાયદામંડળનું અને તે પછી જ્યારે દેશની પહેલી પાર્લમેન્ટ અસ્તિત્વમાં આવી ત્યારે તેના સ્પીકરનું પદ સૌએ એકઅવાજે એમને જ સોંપ્યું.

પણ રાજકારણ કરતાંયે વધુ મહત્ત્વનું ક્ષેત્ર એમને મન રચનાત્મક સમાજસેવાઓનું હતું અને એમનું સેવાતુર હૃદય ભારતની લોકસભા કરતાં નાનીનાની સમાજસેવાની સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ, અમદાવાદ-ગુજરાતની શિક્ષણસંસ્થાઓ અને દૂરદૂરનાં ગામડાંમાં રચનાત્મક કામ કરતી સંસ્થાઓમાં હતું. લોકસભા ચાલુ ન હોય ત્યારે ગ્રામદક્ષિણામૂર્તિ કે લોકભારતી, વેડછી-બારડોલી આશ્રમ કે ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં એ ડોકિયું કરવાના જ. મહાત્માજીની પાછળ દેશના શ્રેય માટે રચાયેલાં 'મહાત્મા ગાંધી સ્મારકનિધિ' અને 'કસ્તૂરબા સ્મારક ટ્રસ્ટ' જેવી અગત્યની તથા જંગી ભંડોળો ધરાવતી સંસ્થાઓનાં ટ્રસ્ટીમંડળોના પ્રમુખ તરીકેની જવાબદારી સરદાર પટેલ પછી એમણે જ સંભાળી હતી. શિક્ષણના ક્ષેત્રમાં એમણે કરેલું કામ પણ એટલું જ ઊજળું ને અજોડ છે. અમદાવાદમાં કૉલેજો ચલાવી રહેલી અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના અનુસંધાનમાં 'ગુજરાત વિશ્વવિદ્યાલય મંડળ' યોજીને તે દ્વારા 'ગુજરાત યુનિવર્સિટી'નો પાયો પણ એમણે જ નાખ્યો.

ભાઈલાલભાઈ પટેલ

(જ. 6-6-1888 * અ. 31-3-1970)



વલ્લભવિદ્યાનગર જેવા એક વિરાટ વિદ્યાસંકુલના દ્રષ્ટા અને સ્રષ્ટા, નિષ્ઠાવાન લોકસેવક, પ્રામાણિક રાજકારણી અને હોનહાર ઇજનેર ભાઈલાલભાઈ પટેલનો જન્મ ખેડા જિલ્લાના સારસામાં. પિતાનું નામ દ્યાભાઈ.

આર્થિક સંકડામણો વચ્ચે મેટ્રિકનો અભ્યાસ માંડ પૂરો કરીને વડોદરા કૉલેજમાં તેઓ દાખલ થયા અને ત્યાંથી જ એન્જિનિયરિંગની ઉપાધિ મેળવી. શરૂઆતમાં વડોદરા રાજ્યની અને પછીથી બ્રિટિશ સરકારની નોકરી કરી. નોકરી દરમિયાન પણ તેમની કારકિર્દી ઝળહળતી હતી. નિવૃત્ત થઈ તેઓ ગુજરાતમાં આવ્યા. ગુજરાતમાં આવી અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ત્રણેક વર્ષ સુધી સેવાઓ આપી. એ દરમિયાન તેમણે અનેક મહત્ત્વનાં કાર્યો કર્યાં. તે દરમિયાન તેમને સરદારનું ઘણું પીઠબળ હતું.

અમદાવાદ મ્યુનિસિપાલિટીમાં ભાઈલાલભાઈએ ત્રણેક વર્ષ કામ કર્યું તે દરમિયાન તેમણે કેટલાક પાયાના પ્રશ્નો હલ કર્યા, એટલું જ નહિ, પણ મ્યુનિસિપાલિટીના તંત્રમાંથી તુમારશાહી દૂર કરી શહેરના વિકાસમાં અંતરાયરૂપ એવા બાદશાહના સમયના પાકા કોટની – દરવાજા જેમના તેમ રાખીને – દીવાલો તોડવાનો મહત્ત્વનો નિર્ણય લીધો. તેનાં અઢળક રોડાંનો ઉપયોગ નવા રસ્તા બાંધવામાં કર્યો, પરંતુ વાસ્તવમાં ભાઈકાકાની વિરાટ શક્તિ માટે આ ક્ષેત્ર ઘણું નાનું હતું. એમની વિશાળ દૃષ્ટિ કોઈક મોટું સ્વપ્ન સેવીને તેને સિદ્ધ કરવાની હતી. એ ભૂમિના સપૂત વલ્લભભાઈ પટેલને અંજલિ આપવાની મહેચ્છા હતી.

તેમના જીવનનું સૌથી મહત્ત્વનું કાર્ય એ આણંદ પાસે 'વલ્લભવિદ્યાનગર'ની સ્થાપનાનું છે. સ્વયંસંપૂર્ણતાના સિદ્ધાંત પર ગ્રામજનતાના હિત માટે રચાયેલી આ ગ્રામવિદ્યાપીઠ છે. આઝાદીની પ્રાપ્તિ હજી હમણાં જ થઈ હતી, તેથી દેશમાં ઉદ્યોગના વિકાસની હજી તો શરૂઆત હતી. પરિણામે સિમેન્ટ, લાકડું, લોખંડ જેવી અનેક ચીજવસ્તુઓની તંગી હતી. કૉલેજનાં મકાનો કરવાનાં હતાં. વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલો અને પ્રાધ્યાપકો માટેનાં રહેઠાણોની વ્યવસ્થા કરવાની હતી. નવા રચાઈ રહેલા નગર માટે પાણીનો પ્રશ્ન પણ મહત્ત્વનો હતો. ભાઈકાકા મૂળે ઇજનેર અને પ્રખર બુદ્ધિશાળી. એમણે કેટલીક પાયાની વસ્તુઓનું તો તે જ વિસ્તારમાં ઉત્પાદન શરૂ કરી દીધું.

આ અભિગમને કારણે કેટલીક સામગ્રી અડધી કિંમતે મળવા લાગી. આથી એક બાજુ સસ્તા ભાવે ચીજવસ્તુઓ મળી અને બીજી બાજુ રોજગાર ઊભો થયો. માત્ર શ્રીમંતો પર આધારિત ન રહેતાં જનઆધારિત બની એક નવું કલ્યાણગ્રામ વિકસ્યું. ઈ. સ. 1949ના ફેબ્રુઆરીની 13મી તારીખે જવાહરલાલજી વિદ્યાનગરનો પાયો નાખવા અહીં આવ્યા એ પ્રસંગે તેમણે કહ્યું હતું : 'દેશમાં અત્યારે દરેક સ્થળે અમલદારો બૂમ મારે છે કે લોઢું નથી, સિમેન્ટ નથી, લાકડું નથી, કામ શી રીતે થાય ? અરે ! ખુદ અમારા દિલ્હીમાં પણ આવી જ બૂમો સંભળાય છે. જ્યારે અહીં તો હું જોઈ રહ્યો છું કે દરવાજો ના હોય તો પરવા નહિ, છત ના હોય તો પરવા નહિ, છતાં કૉલેજોમાં વિદ્યાર્થીઓને ભણાવવાનાં કામ ચાલી રહ્યાં છે. હું આશા રાખું છું અને ઇચ્છું છું કે દેશમાં બધે સ્થળે અહીંના કામનું અનુકરણ થાય.'

'ભાઈકાકા'ના નામે લોકપ્રિય ભાઈલાલભાઈએ વલ્લભવિદ્યાનગરના ઉપકુલપતિ તરીકે પણ સેવાઓ આપી હતી. લગભગ એકલે હાથે આવું વિરાટ કાર્ય હાથ ધરનાર ભાઈકાકાનું શિક્ષણના ક્ષેત્રે એક આગવું પ્રદાન ગણાય.

મગનભાઈ દેસાઈ

(જ. 11-10-1899 * અ. 1-2-1969)



મગનભાઈનો જન્મ તેમના મોસાળ ધર્મજ(પેટલાદ)માં થયો હતો. ઉચ્ચ શિક્ષણ મુંબઈ અને અમદાવાદમાં લીધું. ગાંધીજીના પ્રભાવ હેઠળ ઇન્ટર આર્ટ્સથી પોતાનો અભ્યાસ છોડીને ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાઈને ત્યાંથી સ્નાતક તથા પારંગત થઈને ત્યાં ફેલો તરીકે નિમાયા. ત્યાર પછી બોરસદ હાઈસ્કૂલ, રાષ્ટ્રીય શાળા સત્યાગ્રહ આશ્રમમાં અને ફરી પાછા વિદ્યાપીઠમાં ગણિતના અધ્યાપક તરીકે જોડાયા.

1930માં તેઓ વિદ્યાપીઠના મહામાત્રપદે વરાયા. '35થી '37ના ગાળામાં વર્ધામાં કામ કરી ફરી વાર '37થી વિદ્યાપીઠના મહામાત્રપદે નિમાયા. 1957માં ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે પસંદગી પામ્યા.

શ્રી મગનભાઈ દેસાઈએ 'હરિજન', 'શિક્ષણ અને સાહિત્ય' તથા 'સત્યાગ્રહ'ના સંપાદન દ્વારા નામના મેળવેલી. 1962માં વિદ્યાપીઠમાં છૂટા થયા પછી 'પરિવાર પ્રકાશન' દ્વારા ગોપાળદાસ પટેલ તથા તેમના વિદ્યાર્થી પુ. છો. પટેલની સહાયથી લગભગ 80 જેટલાં વિશ્વસાહિત્યનાં પુસ્તકો લખ્યાં. આ ઉપરાંત કિશોર સાહિત્યમાં પણ તેમણે પ્રદાન કર્યું છે. ડૉ. જેકિલ એન્ડ મિ. હાઇડ તેમાં નોંધપાત્ર છે. ઈસપની નીતિકથાઓના ચાર ભાગ પણ બાલ-સાહિત્યક્ષેત્રે તેમનું મહત્ત્વનું પ્રદાન છે.

શિક્ષણમાં માતૃભાષાને માધ્યમ તરીકે સ્થાન અપાવનારાઓમાં એમનો ફાળો અનન્ય હતો. તેઓ એક સારા લેખક, વિવેચક, અનુવાદક, કોશકાર તથા સંપાદક તરીકે પણ વિખ્યાત હતા.

ડૉ. પી. સી. વૈદ્ય

(જ. 22-5-1918 * અ. 12-3-2010)



સમર્થ ગણિતજ્ઞ, સંનિષ્ઠ શિક્ષ... આંતરરાષ્ટ્રીય-ખ્યાતિપ્રાપ્ત સંશોધનકાર પી. સી. વૈદ્યનો જન્મ જૂનાગઢ જિલ્લાના શાપુરમાં.

માધ્યમિક શિક્ષણ ભાવનગરમાં મેળવી ઉચ્ચ શિક્ષણ મુંબઈમાંથી મેળવ્યું. ઈ. સ. 1940માં એમ.એસસી. ... સાપેક્ષવાદના નિયમ સાથે પદવી પ્રાપ્ત કરી. ઉપરાંત ડૉ. જયંત નારળીકરના સાન્નિધ્યમાં સાપેક્ષવાદ અંગેના સંશોધનની તાલીમ લીધી.

જીવનના આ તબક્કે એક નવો વળાંક આવ્યો. પ્રો. વિષ્ણુ વાસુદેવ નારલીકરના સાપેક્ષતા ઉપરના વ્યાખ્યાનો સાંભળ્યાં હતાં ત્યારે એવું નક્કી થયું કે તેમની સાથે રહીને ગણિતમાં સંશોધન કરવું. પરિણામે ઈ. 1942માં બનારસ જવા નીકળ્યા અને ગણિતસંશોધનને કિનારે ફેંકાયા!

ઈ. સ. 1943થી 1947 સુધી તેમણે સુરતની એમ.ટી.બી. કૉલેજમાં અધ્યાપન કર્યું. એક વર્ષ પછી મુંબઈની તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફન્ડામેન્ટલ રિસર્ચમાં ડૉ. ભાભાના સહયોગથી પીએચ.ડી. માટે સંશોધનકાર્ય કર્યું અને પીએચ.ડી.ની ઉપાધિ મેળવી. ઈ. સ. 1955માં ગુજરાત કૉલેજમાં અધ્યાપક, બાદમાં વીસનગર કૉલેજના આચાર્ય અને પછી ગુજરાત યુનિવર્સિટીમાં શરૂ થઈ રહેલા નવા અનુસ્નાતક ગણિતવિભાગમાં જોડાયા.

ઈ. સ. 1971માં ગુજરાતના GPSC પંચના અધ્યક્ષ. બાદમાં ઈ. સ. 1977-78 દરમિયાન દિલ્હીના UPSC પંચના સભ્ય અને ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે સેવાઓ આપી.

મૃદુલા સારાભાઈ

(જ. 6-5-1911 * અ. 27-10-1974)



સમૃદ્ધિની રેલમછેલ વચ્ચે જન્મ્યા છતાં, મહાત્મા ગાંધીજીની અસર નીચે સાદગી અને સેવાનો જીવનમંત્ર સ્વીકારી, આજીવન સેવાવ્રત ધારણ કરનાર મૃદુલાબહેનનો જન્મ અમદાવાદમાં. પિતા અંબાલાલ સારાભાઈ અને માતા સરલાદેવી.

ઈ. સ. 1915માં દક્ષિણ આફ્રિકાથી ભારત આવીને ગાંધીજી અમદાવાદમાં વસ્યા. અંબાલાલ સારાભાઈનું કુટુંબ ગાંધીજીના ગાઢ સંપર્કમાં આવ્યું. તેમનાથી મૃદુલા પણ ખૂબ જ પ્રભાવિત થયાં. રેશમી વસ્ત્રો અને દાગીનાની શોખીન એ કિશોરીએ સઘળું ત્યજીને ખાદી અપનાવી.

ઈ. સ. 1930ના સ્વાતંત્ર્યસંગ્રામ સમયે સરલાદેવી અને મૃદુલાબહેને તેમાં ભાગ લીધો હતો. તેઓ શાંતિસદન એસ્ટેટમાં રહેતાં. એ નિવાસસ્થાન તેમણે ખાલી કરીને હૉસ્પિટલમાં ફેરવી નાખ્યું. ત્યાં લાઠીમારથી ઘવાયેલા સ્વયંસેવકોની સારવાર કરવામાં આવતી. ઈ. સ. 1930થી 1942 સુધીની બધી જ લડતોમાં તેમણે ભાગ લીધો હતો.

સ્વાતંત્ર્યસગ્રામમાં માતા સરલાદેવી સાથે પ્રત્યક્ષ ભાગ લીધો, કારાવાસ પણ વેઠ્યો. 1934માં બાપુના આશીર્વાદ સાથે માત્ર 23 વર્ષની ઉંમરે એમણે અમદાવાદમાં 'જ્યોતિસંઘ' નામની બહેનોની સંસ્થા સ્થાપી, જેણે પછીનાં વર્ષોમાં બહેનોના વ્યક્તિત્વ-વિકાસમાં, આત્મવિશ્વાસ જગાવવામાં ફાળો આપ્યો.

'વિકાસગૃહ'ની પણ તેમણે સ્થાપના કરી. બંને સંસ્થાઓ કાર્યકર બહેનોને સોંપી દીધી. કામ શરૂ કરી, દેશના વિશાળ ફલક પર કામ કરવા માટે એ દિલ્હી ગયાં. દેશના ભાગલાના કટોકટી-કાળમાં ફાટી નીકળેલાં રમખાણોમાં હિંમતથી હિન્દુ-મુસ્લિમોને સરખા પ્રેમભાવે મદદ કરી.

વિભાજનસમયે વેરવિખેર થયેલા પંજાબના જનજીવનમાં સ્ત્રી-બાળકોનાં અપહરણ થયાં તે અપહૃતોની પુનઃપ્રાપ્તિનું વિકટ અને મોટું કામ હતું. તે સમયે એમણે જે હિંમત, સમયસૂચકતા અને બહાદુરી બતાવ્યાં તે ચારેકોર આદરને પાત્ર થયાં. જીવનભર તેમણે બહેનોને ગૌરવપૂર્ણ સ્થાન અપાવવા ફિકર કરી. મૃદુલાબહેનની બહાદુરી ગુજરાતના ગૌરવ સમાન છે.

પૂર્ણિમાબહેન પકવાસા

(જ. 1-10-1913)



ગર્ભશ્રીમંત કુટુંબમાં જન્મ અને ઉછેર છતાં આદિવાસી કન્યાઓનાં શિક્ષણ-સંસ્કાર માટે આજીવન ભેખ લઈ જીવન સમર્પિત કરનાર પૂર્ણિમાબહેનનો જન્મ સુરેન્દ્રનગરમાં. પિતા વ્રજલાલ શેઠ, કાકા અમૃતલાલ શેઠ (તંત્રી : 'જન્મભૂમિ') અને સસરા ખ્યાતનામ દેશભક્ત મંગળદાસ પકવાસા.

ઈ. સ. 1929માં તેઓ રાઇફલ શૂટિંગ, જ્યૂડો, કરાટે, લાઠીદાવ, યોગ, સંગીત વગેરેની ખાસ તાલીમ માટે અમરેલી ગયાં. ઈ. સ. 1930માં સ્વાતંત્ર્યજંગમાં ભાગ લેવા માટે સરકારે તેમની ધરપકડ કરી.

ઈ. 1938માં તેમનાં લગ્ન અરવિંદભાઈ પકવાસા સાથે થયાં. બે પુત્રીઓ આરતી અને સોનલનો જન્મ થયો. બાદ સમાજસેવામાં પ્રવૃત્ત થયાં. ઈ. સ. 1947માં સ્નાતક થઈ પંચમઢી હિલસ્ટેશન પર ઘોડેસવારી, રાઇફલ, મશીનગન ચલાવવાની તાલીમ લીધી. વિમાન-ઉડ્ડયન પણ શીખ્યાં.

ઈ. સ. 1962માં એમણે આદિવાસી સ્ત્રીઓની કોઈ યુનિવર્સિટી હોય તેવું સ્વપ્ન જોયું. આ સંકેતાર્થ સમજી તેમણે ડાંગ જિલ્લાની આદિવાસી કન્યાઓનાં શિક્ષણ, સંસ્કાર અને ઉત્કર્ષ માટે સાપુતારામાં એક સંસ્થા સ્થાપવાનો નિર્ધાર કર્યો. મુંબઈની સગવડભરી જિંદગી છોડીને કાયમી સાપુતારામાં વસવાનું હતું.

આવા જિલ્લામાં પ્રથમ તો વિદ્યાર્થિનીઓને શોધવી એ જ મુશ્કેલ કાર્ય હતું. પૂર્ણિમાબહેન માત્ર ચણા, મમરા અને ગોળના ભાતા સાથે પગે ચાલીને કે બસ જેવાં સામાન્ય વાહનોમાં આખો વિસ્તાર ખૂંદી વળ્યાં અને શહેરી મનુષ્યથી ગભરાતાં આ અબુધ મનુષ્યોનો પહેલાં તો વિશ્વાસ સંપાદન કર્યો અને ધીરે-ધીરે બાળાઓ તેમની પાસે આવતી થઈ.

ઈ. 1969માં 'શક્તિદલ'નું રૂપાંતરણ 'ઋતંભરા વિશ્વ વિદ્યાપીઠ' તરીકે થયું. ઈ. 1975માં ગુજરાત સરકારે સંસ્થાને સાપુતારામાં પચીસ એકર જેટલી જમીન શૈક્ષણિક સંકુલ માટે આપી, જ્યાં હાલ શાળા, હૉસ્ટેલ અને અન્ય મકાનો ઊભાં છે. હજારો વૃક્ષોથી શોભતા આ સંકુલમાં હજારો આદિવાસી કન્યાઓ શિક્ષણ-સંપન્ન થઈને દેશ કે વિદેશમાં સંસ્થાની પ્રતિષ્ઠા વધારી રહી છે.

અનુબહેન ઠક્કર

(જ. 6-9-1944 * અ. 18-12-2001)



ગળથૂથીમાં સેવાનું રસાયણ પીને પોતાના જીવતરનો ઊજળો હિસાબ આપી અનેકોનું જીવન ઉજાળનારાં અનુબહેનનો જન્મ અંજાર-કચ્છમાં. પિતા ગોવિંદજી અને માતા ભગવતી. માતા-પિતા બંને સેવાપરાયણ જીવ.

અનુબહેનનું પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મોસાળ સાણંદમાં થયું. વર્નાક્યુલર ફાઇનલ પાસ કરી શિક્ષિકા બનવા નયી તાલીમમાં જોડાયાં. તેમાં પણ પાસ થયાં. આ દરમિયાન એક જીવનચરિત્ર તેમના વાંચવામાં આવ્યું. તેમાં રસ પડી જતાં બીજાં જીવનચરિત્રો વાંચવાનું મન થયું અને પછી તો પ્રેરક જીવનચરિત્રો વાંચીવાંચીને, તેમાંથી પ્રેરણા લઈને જીવનમાં કશુંક ઊંચું કામ કરવાનું સ્વપ્ન સેવ્યું.

સાણંદમાં સંતબાલજીનો સંપર્ક થયો ને સેવાની કૂંપળ ફૂટી. એ સેવાસંસ્થા સાથેનો પ્રત્યક્ષ નાતો ઘેરો બનતો ગયો. લગભગ આ જ અરસામાં વેડછી આશ્રમની મુલાકાત લેતાં સેવાનો સંકલ્પ દૃઢ બન્યો. 'વેડછીના વડલા' જુગતરામ દવેનાં કાર્યોથી ખૂબ પ્રભાવિત થયાં. તેમાં સ્ત્રીસહજ કરુણાદૃષ્ટિ ભળી અને તેમને જીવનની દિશા મળી ગઈ.

લોકોનો સહકાર સાંપડવા લાગ્યો. બાળકોને શિક્ષણ, અપંગોની સેવા, ભૂખ્યાંને અન્ન અને બીમારો માટે દવા – કાર્યક્ષેત્ર વધતું ચાલ્યું. હાઈસ્કૂલ, હૉસ્ટેલ પછી શ્રમમંદિર, ભગિનીમંદિર અને આરોગ્યમંદિર. 4થી માર્ચ, ઈ. સ. 1980ના રોજ માટીના એક ઓરડામાં શરૂ થયેલો આશ્રમ બાદમાં 65 એકરમાં ફેલાયેલા રળિયામણા ગોકુળગામ જેવો બની ગયો. ઈ. સ. 1998માં કૅન્સર હૉસ્પિટલ - આમ અનેક કાર્યોનું ફલક વિકસ્યું.

આશ્રમનો વિસ્તાર વધ્યો – બાગ-બગીચાથી પ્રફુલ્લિત થયો. અનુબહેન પ્રત્યેક આશ્રમવાસીને હૂંફ આપે. આ નિઃસ્વાર્થ સેવાની કદર-રૂપે ઈ. સ. 1994નો અશોક ગોંધિયા ઍવૉર્ડ તેમને અર્પણ કરવામાં આવ્યો હતો. તેમના અવસાન પછી ડૉ. વિક્રમ પટેલ સહિત અનેક સેવાભાવી કાર્યકરો તેમનું સેવાકાર્ય આગળ ચલાવી રહ્યા છે.

એચ. એમ. પટેલ

(જ. 27-8-1904 * અ. 30-11-1993)



ભારતના રાજકારણ-ક્ષેત્રે કુશળ વહીવટકર્તા તરીકે પ્રસિદ્ધ થનાર હીરુભાઈ પટેલનો જન્મ મુંબઈમાં. પિતાનું નામ મૂળજીભાઈ અને માતાનું નામ હીરાબહેન.

મુંબઈની સેંટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં માધ્યમિક શિક્ષણ લઈ માત્ર સોળ વર્ષની ઉંમરે હીરુભાઈ વધુ અભ્યાસાર્થે ઇંગ્લૅન્ડ ગયા. આઈ. સી. એસ. પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ એક વર્ષ લંડનમાં જ તાલીમ લીધી. ઈ. સ. 1927માં સ્વદેશ પાછા આવી થોડાં વર્ષો બાદ ઈ. સ. 1936માં મુંબઈ રાજ્યમાં નાયબ સચિવ બન્યા. બાદમાં ડિપાર્ટમેન્ટ ઑફ સપ્લાયના નાયબ સચિવ ને ઈ. સ. 1946માં જોઈન્ટ કેબિનેટ સેક્રેટરી બન્યા. ઈ. સ. 1947માં દેશના ભાગલા પડ્યા ત્યારે ભારત સરકારની અસ્ક્યામતો અને ઋણના ભાગલા પાડવાની જવાબદારી સરદારે તેમને સોંપી હતી. ઉપરાંત રાજ્યોના વિલીનીકરણમાં પણ તેમની મહત્ત્વની કામગીરી હતી.

ઑક્ટોબર ઈ. સ. 1947થી 1953 સુધી એચ. એમ. પટેલે એ કામગીરી બજાવી. એ દરમિયાન એમની કારકિર્દીનાં કેટલાંક તેજસ્વી પાસાંઓમાંનું એક હતું - હૈદરાબાદ ઍક્શન. તે સમયના ગૃહપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલના નેતૃત્વ હેઠળ હૈદરાબાદ સામે ભારત સરકારે પોલીસ-પગલું લીધું હતું. આ હૈદરાબાદ ઍક્શન સાથે બીજા બે ગુજરાતીઓ સંકળાયેલા હતા : જનરલ રાજેન્દ્રસિંહ અને કનૈયાલાલ મુનશી. આ કામગીરીમાં ચારેય ગુજરાતીઓ સંકળાયેલા હતા - જે એક યોગાનુયોગ હતો.

ઈ. સ. 1958માં આત્મગૌરવને ખાતર એચ. એમ. પટેલે ઇન્ડિયન સિવિલ સર્વિસમાંથી રાજીનામું આપ્યું. આવા તેજસ્વી નિવૃત્ત અધિકારીઓને સાધારણ રીતે મોટાં ઉદ્યોગગૃહો તરત ઝડપી લેતાં અને તેમના દીર્ઘ અનુભવનો લાભ લેતાં. તે જ સમયે ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ તરીકે જોડાવાનું આમંત્રણ વલ્લભવિદ્યાનગરના આર્ષદ્રષ્ટા ભાઈકાકાએ પટેલસાહેબને આપ્યું. કેટલાકને એમ હતું કે દિલ્હી-મુંબઈ જેવા મહાનગરની સુખસુવિધાઓથી ટેવાયેલા પટેલસાહેબ નાનકડા વિદ્યાગ્રામમાં રહેવાનું પસંદ નહીં કરે.

ભાઈકાકા ભવ્ય યોજનાઓના મોટા શિલ્પી હતા. એમની પ્રચંડ યોજનાઓને સંભાળવા કોઈ કાબેલ વહીવટકર્તા ન આવે તો એ કર્યું-કારવ્યું એળે જાય. એચ. એમ. પટેલ આ વિદ્યાકાર્યમાં ખૂપી ગયા. તેમના જીવનનું નવું પાસું ઊઘડ્યું. ઈ. 1958થી 1993 - એટલે કે જીવનના અંત સુધીના ત્રણ દાયકાનું એમનું જાહેર જીવન દેશને માટે અને ખાસ કરીને તો ગુજરાતને માટે નમૂનારૂપ બની રહ્યું. ઈ. સ. 1958 પહેલાં એક રાજપુરુષ અને ત્યાર બાદ એક વિદ્યાપુરુષ તરીકેનું એમનું જીવન ભાવિ પેઢીને પ્રેરણા લેવા જેવું છે. ચારુતર વિદ્યામંડળમાં વિદ્યાવ્યાસંગની અનેક પ્રવૃત્તિઓ વિકસી રહી છે. ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓમાં અનેક બાબતે પહેલ કરવાનું શ્રેય સરદાર પટેલ યુનિવર્સિટીને ફાળે ગયું. વિશ્વની બદલાતી તાસીર સાથે તાલમેલ બેસાડવામાં આ મહાવિદ્યાલય સક્ષમ રહ્યું. યુનિવર્સિટીનું વાતાવરણ પણ આકર્ષક અને રૂપકડું બન્યું.

ઈ. સ. 1966માં સ્વતંત્રપક્ષની રચના થતાં તેઓ તેમાં જોડાયા અને તેના પ્રમુખ પણ થયા. ઈ. સ. 1977માં જનતા પાર્ટીની ટિકિટ પર લોકસભામાં ચૂંટાયા તેમ જ સરકારમાં નાણામંત્રી પણ બન્યા. સાથે સાહિત્યપ્રીતિ પણ ઘણી. મુનશીનાં પુસ્તકોના અંગ્રેજી અનુવાદો કર્યા. 'અખંડ આનંદ' અને 'નિરીક્ષક' માટે તેઓ પ્રેરક બળ બન્યા.

એચ. ટી. પારેખ

(જ. 10-3-1911 * અ. 18-11-1994)



ભારતના ઔદ્યોગિક અને નાણાક્ષેત્રના અગ્રણી વહીવટકર્તા હસમુખભાઈનો જન્મ સુરત પાસે રાંદેરમાં. પિતા ઠાકોરભાઈ.

ઈ. સ. 1933માં તેમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ.(અર્થશાસ્ત્ર)ની પરીક્ષામાં પ્રથમ વર્ગ પ્રાપ્ત કરી જેમ્સ ટેલર પારિતોષિક મેળવ્યું તથા ઈ. સ. 1936માં લંડન સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સમાંથી બૅંકિંગ અને નાણાશાસ્ત્રના વિષયો સાથે બી.એસસી. થયા.

ઈ. સ. 1937માં મુંબઈની શેરદલાલની એક પ્રતિષ્ઠિત પેઢીમાં જોડાયા. તે જ સમય દરમિયાન તેમણે મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે સેવાઓ આપી. ઈ. સ. 1956માં તેમની નિમણૂક ભારતીય ઔદ્યોગિક ધિરાણ અને રોકાણ નિગમ લિમિટેડ (I.C.I.C.I)માં નાયબ જનરલ મૅનેજર તરીકે કરવામાં આવી. સમયાંતરે તેમની પસંદગી ઈ. સ. 1958માં જનરલ મૅનેજર, ઈ. સ. 1969માં નાયબ ચેરમેન અને મુખ્ય સંચાલક તરીકે અને ઈ. સ. 1972માં નિયામકમંડળના ચેરમેનપદે કરવામાં આવી. જૂન 1978માં તેમણે ચેરમેનપદેથી નિવૃત્તિ સ્વીકારી. ઈ. સ. 1977માં તેમણે હાઉસિંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કૉર્પોરેશન લિ.(HDFC)ની સ્થાપના કરી, જેનો હેતુ જરૂરિયાતમંદોને પોતાની માલિકીનું રહેઠાણ કરવાની આકાંક્ષા સંતોષવામાં નાણાકીય સહાય પૂરી પાડવાનો હતો.

હસમુખભાઈને આર્થિક વિકાસ, ઔદ્યોગિક ધિરાણ, મૂડીબજાર વગેરે વિષયોમાં ઊંડો રસ હતો. તેમણે આંતરરાષ્ટ્રીય નાણાભંડોળ(International Monetary Fund)માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. વિકાસલક્ષી દેશોની આર્થિક પ્રગતિ અને ઔદ્યોગિક વિકાસ માટેનાં આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિમંડળોમાં તેમણે ભાગ ભજવ્યો હતો.

તેમની નિમણૂક અનિલ સ્ટાર્ચ પ્રોડક્ટ્સ લિ., અટીક ઇન્ડસ્ટ્રિઝ લિ., ચોક્સી ટ્યૂબ કં., હિંદુસ્તાન સ્પિનિંગ એન્ડ વીવિંગ મિલ્સ લિ., કેલ્વિનેટર ઑફ ઇન્ડિયા લિ. ને કેલ્બેક્સ ઇન્ટરનૅશનલ લિ., એક્સ્પો મશીનરી લિ., મફતલાલ ઇન્ડસ્ટ્રિઝ લિ., મહારાષ્ટ્ર હાઇબ્રિડ સીડ્ઝ કંપની લિ., સિમ્પ્લેક્સ મિલ્સ કંપની લિ. અને ઇન્ડિયન એલ્યુમિનિયમ કંપની લિ.ના નિયામકપદે કરવામાં આવી હતી.

કાર્યદક્ષ વહીવટ ઉપરાંત તેમને પોતાના વિષયમાં વિદ્યાકીય રસ પણ હતો. આ વિષયની દિશામાં રસ ધરાવનારા જિજ્ઞાસુઓ માટે તેમણે દાયકાઓના પોતાના અનુભવો અને જ્ઞાનના નિચોડરૂપ કેટલાંક પુસ્તકો પણ લખ્યાં હતાં. તેમનાં પ્રકાશનોમાં 'ધ બૉમ્બે મની માર્કેટ', 'ધ ફ્યૂચર ઑફ જોઈન્ટ સ્ટૉક એન્ટરપ્રાઇઝ ઇન ઇન્ડિયા', 'ઇન્ડિયા એન્ડ રીજિયોનલ ડેવલપમેન્ટ', 'ઇન્ડિયન કૅપિટલ માર્કેટ', 'ભૂત, ભવિષ્ય અને વર્તમાન', 'ધ સ્ટોરી ઑફ અ ડેવલપમેન્ટ બૅન્ક' (I.C.I.C.I) અને આત્મકથાસ્વરૂપ 'હીરાને પત્રો અને હીરાને વધુ પત્રો' ગણાવી શકાય.

ઈ. સ. 1983માં ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાઇનાન્શિયલ મૅનેજમૅન્ટ એન્ડ રિસર્ચની સ્થાપનામાં અગ્રભાગ લેવા બદલ સંસ્થાના ગ્રંથાલયનું 'એચ. ટી. પારેખ ગ્રંથાલય' નામકરણ કરવામાં આવ્યું હતું. ઈ. સ. 1984માં તેમને લંડન સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સ એન્ડ પૉલિટિકલ સાયન્સની માનાર્હ ફેલોશિપ એનાયત કરવામાં આવી હતી. ભારત સરકાર દ્વારા તેમની સેવાઓ બદલ 'પદ્મવિભૂષણ'નો ખિતાબ એનાયત કરવામાં આવ્યો હતો.

ડૉ. આઈ. જી. પટેલ

(જ. 11-11-1924 ° અ. 17-7-2005)



પોતાની દીર્ઘ-ઉજ્જવળ કારકિર્દીથી ગુજરાતને આંતર-રાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ અપાવનાર ભારતના અગ્રણી અર્થશાસ્ત્રી, કેન્દ્રીય નાણામંત્રાલયના ભૂતપૂર્વ સચિવ, રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયાના ભૂતપૂર્વ ગવર્નર આઈ. જી. પટેલનો જન્મ વડોદરા પાસે સુણાવમાં. પિતાનું નામ ગોરધનભાઈ, અને માતાનું નામ કાશીબહેન. અર્થશાસ્ત્ર સાથે સ્નાતક થઈ કેમ્બ્રિજ અને હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. થયા હતા.

ડૉ. આઈ. જી. પટેલે પોતાની કારકિર્દીની શરૂઆત વડોદરાની કૉલેજમાં પ્રૉફેસર તરીકે કરી હતી. બાદમાં ભારતના નાણામંત્રાલયના આર્થિક સલાહકાર તરીકે ઈ. સ. 1961થી 1963 સુધી કામગીરી બજાવી હતી. ઈ. સ. 1968–69 દરમિયાન ભારત સરકારના નાણા-મંત્રાલયના ખાસ સચિવ તરીકે તેમની નિમણૂક થઈ હતી. આ ઉપરાંત ઈ. સ. 1970થી 1972 સુધી સંયુક્ત રાષ્ટ્ર સંસ્થાના ડેવલપમેન્ટ પ્રોગ્રામના નાયબ વહીવટકર્તા તરીકે પણ તેમણે ઉત્તમ કામગીરી બજાવી હતી. ઈ. સ. 1977-82 દરમિયાન ભારતીય રિઝર્વ બૅંકના ગવર્નરપદે તેમની નિમણૂક થયેલી. ઈ. સ. 1982થી '84 સુધી તેઓ અમદાવાદની આઈ.આઈ.એમ. સંસ્થાના ડિરેક્ટરપદે હતા.

અર્થશાસ્ત્રના વિષયમાં તેમની સિદ્ધિ અને શક્તિની કદરરૂપે શિરટોચ સમી તક તો ઈ. સ. 1984માં પ્રાપ્ત થઈ. એ વર્ષે તેમની નિમણૂક લંડન સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સના નિયામક તરીકે થઈ. આ પદવીની મહત્તા ભારતના મહાનુભાવોને મળેલાં નૉબેલ પારિતોષિકની બરોબરીની ગણી શકાય. ડૉ. પટેલને અનેક પારિતોષિકો, સ્કોલર તરીકેનું બહુમાન તેમ જ વલ્લભવિદ્યાનગરની સરદાર પટેલ યુનિવર્સિટીની માનદ ડૉક્ટરેટની પદવી પ્રાપ્ત થયાં હતાં. ડૉ. પટેલની શૈક્ષણિક કારકિર્દી ઉજ્જ્વળ રહી હતી. ઈ. સ. 1944માં તેમને મુંબઈ યુનિવર્સિટીનું જેમ્સ ટેલર પ્રાઇઝ મળ્યું હતું. ઈ. સ. 1946માં રેનબરી સ્કોલર તરીકેની તેમની પસંદગી થઈ. ઇંગ્લૅન્ડના અભ્યાસ દરમિયાન ઈ. સ. 1948માં તેમને એડમ સ્મિથ પ્રાઇઝ મળેલું.

સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર દ્વારા ઈ. સ. 1980માં ડી.લિટ.ની માનાર્હ પદવી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા તથા યુનિવર્સિટી ઑફ મોરિશ્યસ દ્વારા ઈ. સ. 1990માં માનાર્હ ડૉક્ટરેટની પદવીઓ તેમને અર્પણ થઈ છે. ઈ. સ. 1985માં વિશ્વગુર્જરી એવૉર્ડ, ઈ. સ. 1987માં કિંગ્ઝ કૉલેજ, કેમ્બ્રિજની ફેલોશિપ, ઈ. સ. 1990માં લંડન સ્કૂલ ઑફ ઇકોનૉમિક્સ ઍન્ડ પૉલિટિકલ સાયન્સ સંસ્થાની ફેલોશિપ અને તે જ વર્ષે ઇંગ્લૅન્ડનાં રાણી દ્વારા ઑનરેબલ નાઇટહૂડ. કે.બી.ઈ.નો ખિતાબ, ઈ. સ. 1991માં ભારત સરકાર દ્વારા 'પદ્મવિભૂષણ' તથા ઈ. સ. 1998માં વિદ્યાવિકાસ ટ્રસ્ટ દ્વારા ઈ. સ. 1997નો સારસ્વત ગૌરવ ઍવૉર્ડ જેવાં અતિપ્રતિષ્ઠત માનસન્માનો તેમને એનાયત થયાં છે.

અર્થશાસ્ત્રના ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્વીકૃતિ પામેલા અગ્રણી અર્થશાસ્ત્રીઓમાં ડૉ. આઈ. જી. પટેલનું નામ અવશ્ય ગણાય. વિખ્યાત ભારતીય અર્થશાસ્ત્રી ડૉ. ડી. ટી. લાકડાવાળાના અવસાન પછી ગુજરાત ઇકોનૉમિક એસોસિયેશનના પ્રમુખપદે તથા એચ. એમ. પટેલના અવસાન પછી ચારુતર વિદ્યામંડળના પ્રમુખપદે તેમની વરણી થયેલી. તેમના ઘણા સંશોધન-લેખો દેશવિદેશનાં પ્રતિષ્ઠિત સામયિકોમાં પ્રકાશિત થયેલ છે.

એન. વી. વસાણી

(જ. 18-8-1939)



કુશળ શિક્ષક ટેક્નોક્રેટ, સમર્પિત કેળવણીકાર, સંશોધક, સંસ્થા-નિર્માતા અને કુશળ વહીવટકર્તા નવનીતભાઈ વસાણીનો જન્મ અમદાવાદ જિલ્લાના બરવાળામાં થયો હતો.

શિક્ષણ ગુજરાત કૉલેજ, અમદાવાદ તથા એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજમાં. ગુજરાત યુનિવર્સિટીમાંથી B.E.ની પદવી (1962). સરકારી ઇજનેરી કૉલેજમાં તથા પાછળથી મોરબીની લખધીરસિંહજી ઇજનેરી કૉલેજમાં અધ્યાપનકાર્ય કર્યું. આ દરમિયાન આઇ.આઇ.ટી., ખડગપુરમાંથી એમ.ટેક્.ની પદવી પ્રાપ્ત કરી.

ગુજરાત રાજ્યના જૉઈન્ટ ટેકનિકલ ડિરેક્ટર અને પછી સાયન્સ ઍન્ડ ટેક્નૉલોજી ક્ષેત્રના સરકારશ્રીના સલાહકાર બન્યા. ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ અને કુલપતિ તરીકે નિમણૂક. કેન્દ્રીય ધોરણે 12મા ધોરણ પછીના તબીબી, મેડિકલ, ડેન્ટલ, ફાર્મસી જેવા પ્રોફેશનલ અભ્યાસક્રમો એક છત્ર નીચે લાવી કેન્દ્રીય પ્રવેશપદ્ધતિનું નિર્માણ તેમણે કરી આપ્યું. આ વ્યવસ્થાતંત્રને નમૂનારૂપ જાણી દેશનાં અન્ય રાજ્યોએ પણ અપનાવ્યું.

હવે ગુજરાતના તમામ વ્યાવસાયિક અભ્યાસક્રમો માટે કમ્પ્યૂટરાઇઝ્ડ પ્રવેશપદ્ધતિને કારણે પ્રવેશ ગુણવત્તા - આધારિત થતાં વિદ્યાર્થીને ન્યાય મળી શક્યો છે. આ માટે રાષ્ટ્રીય ક્ષેત્રે તેમણે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટેક્નિકલ એજ્યુકેશન અને તેની સાથેની સંલગ્ન સંસ્થા નેશનલ બૉર્ડ ઑફ એકેડિશનના પાયાના ઢાંચામાં અમૂલ્ય સેવા આપી. ટેક્નિકલ શિક્ષણ માટે રાષ્ટ્રીય કક્ષાએ એકેડિશન માળખું ગોઠવવામાં તેમનું પ્રદાન યશસ્વી રહ્યું છે. ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટેક્નિકલ એજ્યુકેશનની સેન્ટ્રલ રિજિયોનલ કાઉન્સિલની યાંત્રિક શિક્ષણ ઉપરની ગુણવત્તાની ચકાસણી માટેની કાઉન્સિલના અધ્યક્ષ તરીકે પણ તેમણે સેવા આપી છે. સુરતની સરદાર પટેલ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનૉલૉજી નામની ડીમ્ડ યુનિવર્સિટીના પ્રથમ અધ્યક્ષ તરીકે પણ ભારત સરકારે તેમની વરણી કરી હતી.

નિરમા ઇન્ડસ્ટ્રીઝના ચેરમેન શ્રી કરસનભાઈ કે. પટેલ અને શ્રી અંબુભાઈ પટેલ સાથે રહીને વિશ્વકક્ષાની પ્રથમ વ્યાવસાયિક શિક્ષણ આપતી સ્વનિર્ભર સંસ્થાઓ ગુજરાતમાં શરૂ કરવામાં ડૉ. વસાણીનું પ્રદાન નોંધપાત્ર છે. તેમના સુકાન તળે નિરમા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા ચલાવાતી સંસ્થાઓને કાયદાથી સ્થપાયેલી યુનિવર્સિટીનો દરજ્જો પ્રાપ્ત થયો છે. ગુજરાત સરકારે તેમને સાયન્સ એન્ડ ટેક્નોલોજીના સલાહકાર તરીકે નિયુક્ત કર્યા છે. તેમણે ગુજરાત સરકારના સાયન્સ સિટી અને ઇન્ફો સિટી જેવી સંસ્થાઓના આયોજનમાં પણ મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેમને અમેરિકાની ફ્લોરિડા એટલાન્ટિક યુનિવર્સિટીએ ઉચ્ચ શિક્ષણમાં કરેલી યશસ્વી કાર્ય માટે માનાર્હ પીએચ.ડી.ની ઉપાધિથી નવાજ્યા છે.

ટેક્નિકલ શિક્ષણમાં તેમણે આપેલ ફાળા માટે ઇન્ડિયન સોસાયટી ફૉર ટેક્નિકલ એજ્યુકેશન, ન્યુ દિલ્હી દ્વારા માનાર્હ ફેલોશિપ આપીને તેમનું સન્માન કર્યું છે. હાલ તેઓ નિરમા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના એક્ઝિક્યુટિવ ચેરમેન અને નિરમા યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટેક્નોલોજીના પ્રથમ કુલપતિ તરીકે કાર્યરત છે.

ઇલા ર. ભટ્ટ

(જ. 7-9-1933)



આર્થિક રીતે નબળી બહેનોના ઉત્થાન માટે 'સેવા' સંસ્થાની સ્થાપના કરી માત્ર ગુજરાતમાં જ નહિ, ભારતમાં જ નહિ, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત કરનાર ઈલાબહેનનો જન્મ અમદાવાદમાં.

ઈલાબહેને ઈ. સ. 1952માં અંગ્રેજી સાહિત્યમાં બી.એ. કર્યું. ઈ. સ. 1954માં કાયદાની ઉપાધિ પ્રાપ્ત કરી. ઈ. સ. 1956માં અર્થશાસ્ત્રના અધ્યાપક પ્રો. રમેશ ભટ્ટ સાથે લગ્નગ્રંથિથી જોડાયાં હતાં. ઇઝરાયલમાંથી લેબર ઍન્ડ કો-ઑપરેટીવનો ડિપ્લોમા મેળવી ઈ. સ. 1968 સુધી સરકારના લેબર ડિપાર્ટમેન્ટમાં કામ કર્યું. ઈ. સ. 1955-1959 દરમિયાન શ્રમજીવી બહેનોનું જે શોષણ થઈ રહ્યું હતું તેના તરફ તેમનું ધ્યાન ગયું. આ બહેનોને જાગૃત કરીને તેમને પગભર કરવાની ઇચ્છા તેમનામાં પ્રગટ થઈ અને તેમને જીવનની સાચી દિશા મળી ગઈ.

અશિક્ષિત બહેનોને પગભર કરવાના હેતુથી ઈ. સ. 1972માં 'સેલ્ફ એમ્પ્લોઇડ વુમન્સ એસોસિયેશન'('સેવા')ની સ્થાપના કરી પોતે તેનાં સચિવ બન્યાં. ભારતમાં શ્રમજીવીઓ માટે કામ કરતાં અનેક મંડળોમાં 'સેવા' સંખ્યાની દૃષ્ટિએ સૌથી મોટી સંસ્થા છે, જેની સભ્યસંખ્યા ત્રણ લાખને આંબવા જાય છે. ગુજરાત ઉપરાંત ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, કેરળ તેમ જ બિહારમાં પણ તેની શાખાઓ છે, તો દક્ષિણ આફ્રિકામાં પણ સેવાની ભગિની સંસ્થા 'સેવુ' શરૂ થઈ છે. આ સંસ્થા દ્વારા રાજ્ય, રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય સ્તરે શ્રમજીવી મહિલાઓ માટે નોંધપાત્ર કાર્ય થયું છે.

ઈલાબહેન પોતે ગાંધીયુગનાં હોવાનો દાવો ન કરવા છતાં તેમણે ગાંધીજીની વિચારસરણી સાચા અર્થમાં અપનાવી. સાવ સામાન્ય શાકવાળી, વાસણ-કપડાં લેનારી, લારીવાળી જેવી અભણ અને અબોધ ગણાતી બહેનોને એકત્ર કરી તેમના પ્રશ્નો વિષે, તેમના અધિકારો વિષે તેમને જાગૃત કરી. એક નાની શરૂઆત મોટા વટવૃક્ષમાં પરિણમી. ઈ. સ. 1980માં દુનિયાભરની મહિલાઓને ધિરાણ મળે તે માટે તેમણે 'વીમેન્સ વર્લ્ડ બૅંક'ની સ્થાપના કરી. તેમાંથી જરૂરતમંદ બહેનોને લોન મળે છે – જેનો ઉપયોગ તેઓ પોતાની આજીવિકાનાં સાધન ઊભાં કરવા કરે છે. ઈ. સ. 1985થી ઇલાબહેન વિશ્વ મહિલા બૅંક – ન્યૂયૉર્કનાં ચેરપર્સન છે.

ઈ. સ. 1968થી '89 સુધી તેમણે રાજ્યસભાના નિયુક્ત સભ્ય તરીકે, '89થી '91 સુધી ભારતીય આયોજન પંચના સભ્ય તરીકે સેવાઓ આપી હતી. તેઓ દેશની તેમ જ આંતરરાષ્ટ્રીય અનેક સંસ્થાઓ, ફાઉન્ડેશનો તેમ જ કમિશનોનાં સભ્ય છે. શ્રમજીવી મહિલાઓ માટે વિરલ કામગીરી કરવા બદલ તેમને વિશ્વવિખ્યાત રોમન મૅગ્સેસ ઍવૉર્ડ સહિત અનેક ઍવૉર્ડ્ઝ, રાષ્ટ્રીય સ્તરે 'પદ્મશ્રી' અને 'પદ્મવિભૂષણ', ગુજરાતમાં 'વિશ્વગુર્જરી' સહિત અનેક ઍવૉર્ડો પ્રાપ્ત થયા છે. તેમને મળેલાં માન-સમ્માનોની સંખ્યા ઘણી મોટી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને પણ તેમને 'નગરભૂષણ ઍવૉર્ડ' એનાયત કર્યો હતો. રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેક પરિષદો, પરિસંવાદો તેમ જ વર્કશૉપમાં હાજરી આપીને અનેક લેખો અને પેપર્સ રજૂ કર્યા છે. તેમનાં કેટલાંક પ્રકાશનોમાં 'ગુજરાતની નારી', 'પ્રોફાઇલ ઑફ સેલ્ફ એમ્પ્લોઇડ વીમેન', 'ગ્રાઇન્ડ ઑફ વર્ક' અને 'દૂસરી આઝાદી'નો સમાવેશ થાય છે.

અમૃતા પટેલ

(જ. 13-11-1943)



વારસામાં મળેલી તેજસ્વી બુદ્ધિશક્તિને પોતાની મેધા અને નિષ્ઠા વડે દીપાવી, વહીવટી ક્ષેત્રે અત્યંત સફળ થયેલાં અમૃતા પટેલનો જન્મ દિલ્હીમાં. પિતા વરિષ્ઠ આઈ.સી.ઍસ. અધિકારી હીરુભાઈ (ઍચ. ઍમ. પટેલ) અને માતા સવિતાબહેન.

મોરારજી દેસાઈના પ્રધાનમંડળમાં નાણાસચિવ તરીકે નિવૃત્ત થયેલા પિતા ઍચ. એમ. પટેલને ભાઈકાકાએ વલ્લભવિદ્યાનગર આવી ત્યાં જ સ્થિર થઈ દેશસેવામાં પ્રવૃત્ત થવા જણાવેલું અને એચ. એમ. પટેલે તેને આદેશ સમજી માથે ચડાવ્યો અને તેમનું નવું બન્યું આણંદ. ઉચ્ચ શિક્ષણ મુંબઈમાં. ત્યાંની યુનિવર્સિટીમાંથી તેમણે બેચલર વેટરનરી સાયન્સ એન્ડ ઍનિમલ હસ્બન્ડરીની પદવી પ્રાપ્ત કરી. સોળ ઉંમરે પહેલી જ વાર પિતા સાથે અમૂલ ડેરીમાં પગ મૂક્યો ત્યારે જ મનોમન નક્કી કરી દીધેલું કે આ જ પોતાની મંજિલ - આજ પોતાનું છે. ઈ. સ. 1965માં આણંદ ખાતેની 'અમૂલ'માં તેઓ પશુ-આહાર-વિભાગ જોડાયાં હતાં.

ઈ. સ. 1965થી 2005 સુધીના ચાર દાયકા દરમિયાન તેઓ સતત ને ઊંચા પદ ઉપર, વધુ ને વધુ જવાબદારી સાથે બઢતી મેળવતાં રહ્યાં છે. નૅશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના એક સામાન્ય વિભાગમાંથી કારકિર્દી શરૂ કરી તે સંસ્થાનાં ચેરપર્સન સુધી પહોંચી શક્યાં તે અસાધારણ સિદ્ધિ ગણાય. નૅશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ(NDDB)નાં ચેરપર્સન (2005) તથા ભારતના ડેરીક્ષેત્રમાં 'ઑપરેશન ફ્લડ' નામથી જાણીતા બનેલા ડેરીવિકાસ-કાર્યક્રમને મૂર્ત રૂપ આપ્યું. આ પદ પર પહોંચવા દરમિયાન ચાર ચાર દાયકામાં તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની અનેક સમિતિઓમાં વિવિધ પદે રહીને જવાબદારીઓ નિભાવી છે; જેમકે – દિલ્હીની મધર ડેરીના સંચાલક-મંડળનાં ચેરપર્સન, ઇન્ડિયન નૅશનલ કમિટી ઑફ ધ ઇન્ટરનૅશનલ ડેરી ફેડરેશનનાં પ્રમુખ, મુંબઈના સર સોરાબજી ટાટા ટ્રસ્ટના ટ્રસ્ટી, હિમાચલપ્રદેશ સરકારના આયોજનમંડળનાં સભ્ય જેવી જવાબદારીઓવાળાં પદોની સંખ્યા 33 જેટલી થાય છે.

ડેરીક્ષેત્રના સંચાલન, વિકાસ અને વ્યવસ્થાપનની ઉજ્જ્વળ કારકિર્દી માટે અમૃતા પટેલને અનેક ઍવૉર્ડ્ઝ અને માનમરતબાથી નવાજવામાં આવ્યાં છે. તેમાં ઑલ ઇન્ડિયા વીમેન્સ કૉન્ફરન્સની દિલ્હી વીમેન્સ લીગ દ્વારા લાઇફટાઇમ એચિવમેન્ટ ઍવૉર્ડ ઉપરાંત દેશની ચાર યુનિવર્સિટી દ્વારા ડૉક્ટરેટની માનદ પદવી આપવામાં આવી હતી.

ડૉ. અમૃતા પટેલને અત્યાર સુધીમાં ઘણા ઍવૉર્ડ અને માનમરતબાથી નવાજવામાં આવ્યા છે; જેમાં મુખ્ય છે : ઇન્ટરનેશનલ ડેરી પર્સન, ઇન્ડિયન ડેરી ઍસોસિયેશનની ફેલોશિપ, કૃષિમિત્ર ઍવૉર્ડ, કોરોમાન્ડલ ફર્ટિલાઇઝર્સ લિમિટેડ દ્વારા 'ડૉ. નોર્મન બોરલાંગ ઍવૉર્ડ', ફ્યુએલ ઇન્જેક્શન એન્જિનિયરિંગ કંપનીનો 'ફાઉન્ડેશન નૅશનલ ઍવૉર્ડ', સહકારિતા બંધુ ઍવૉર્ડ, કાનપુરની ઍગ્રિકલ્ચર યુનિવર્સિટીએ આપેલી ડૉક્ટર ઑફ સાયન્સની માનદ પદવી. અમેરિકા દ્વારા 'ઇન્ટરનૅશનલ પર્સન ઑફ ધ ઇયર ઍવૉર્ડ', જમશેદપુર દ્વારા એક્સએલઆરઆઈ ફેલો ઇન મૅનેજમેન્ટ ઍવૉર્ડ, વીમેન્સ એચિવર્સ ઍવૉર્ડ અને ભારત સરકાર દ્વારા 'પદ્મભૂષણ' ઍવૉર્ડ તેમને પ્રાપ્ત થયા છે.

ભારતમાં શ્વેત ક્રાંતિને સફળ બનાવવામાં અમૃતા પટેલનો નોંધપાત્ર ફાળો છે.

જામ રણજી

(જ. 10-9-1872 * અ. 2-4-1933)



જેમના નામોલ્લેખ વગર ક્રિકેટનો ઇતિહાસ અધૂરો ગણાય એ જામનગર-નરેશ રણજિતસિંહ ક્રિકેટ-જગતમાં રણજી તરીકે ઓળખાતા. સૌરાષ્ટ્રમાં સડોદર નામના નાનકડા ગામમાં તેમનો જન્મ. જીવનની તમામ બાબતોમાં તેમણે રસ કેળવેલો, પણ ક્રિકેટ પ્રત્યે અત્યંત લગની હતી.

ક્રિકેટમાં તેમણે અનેક સિદ્ધિઓ મેળવેલી છે. ક્રિકેટના ઇતિહાસમાં તેઓ એવા પ્રથમ બૅટ્સમૅન બનવાનું ગૌરવ ધરાવે છે કે જેણે એક જ સીઝન-(1899)માં ત્રણ હજારથી વધુ રન કર્યા હોય. એક જ સીઝનમાં, એક જ મહિનામાં, એક હજાર રન કરવાની સિદ્ધિ તેમણે બે વાર મેળવી હતી (જૂન અને ઑગસ્ટ, 1899). તેઓ એકમાત્ર એવા બૅટ્સમૅન છે કે જેણે એક જ દિવસે બંને ઇનિંગ્સમાં સદીઓ ફટકારી હોય. ઈ. સ. 1900ના વર્ષમાં રણજીએ પાંચ બેવડી સદીઓ કરી હતી અને છઠ્ઠી બેવડી સદી માત્ર આઠ રને ચૂકી ગયા હતા, કારણ કે તેમણે દાવ ડિકલેર કર્યો હતો.

ઇંગ્લૅન્ડ તરફથી પોતાની પ્રથમ ટેસ્ટ મૅચ રમતાં ઑસ્ટ્રેલિયા સામે 1896માં 154 (નૉટઆઉટ) કર્યા હતા. 1897માં ઑસ્ટ્રેલિયાની ધરતી પર પ્રથમ ટેસ્ટમૅચ રમતાં તેમણે 175 રન કર્યા હતા. રણજીએ કુલ 500 દાવ રમીને 56.37ની સરેરાશથી 24696 રન કર્યા. તેમાં 62 વાર નોટઆઉટ રહ્યા હતા. 72 સદીઓમાં 14 બેવડી સદીઓ હતી. ક્રિકેટના વિષય પર તેમણે લખેલું પુસ્તક 'જ્યુબિલી બૂક ઑફ કલાસિક' નોંધપાત્ર છે.

ઈ. સ. 1907માં રણજિતસિંહજી નવાનગરની ગાદીએ આવ્યા હતા અને બાહોશ રાજવી તરીકે તેમણે ભારતવ્યાપી કીર્તિ પણ મેળવી હતી. ઈ. સ. 1915માં શિકાર કરતાં એમણે એક આંખ ગુમાવી હતી. રણજિતસિંહજીના અવસાન બાદ પતિયાળાના મહારાજાએ તેમને નામે 'રણજી ટ્રોફી' શરૂ કરી હતી, જે આજે પણ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાની ક્રિકેટની રમત માટેનું પ્રવેશદ્વાર ગણાય છે. નવાનગરની ગાદીએ આવેલા મહારાજા દિગ્વિજયસિંહના ઉત્સાહને કારણે તેમના રાજ્યે રણજી ટ્રોફીમાં પહેલે જ વર્ષે ભાગ લીધો હતો અને ટુર્નામેન્ટ જીતી ગયું હતું.

જનરલ રાજેન્દ્રસિંહ

(જ. 15-6-1899 * અ. 1-1-1964)



જામનગરના જાડેજા કુટુંબમાં જન્મેલા રાજેન્દ્રકુમારસિંહજીએ રાજસિંહાસને બેસવા કરતાં કૉલેજ-શિક્ષણ લઈને લશ્કરી ક્ષેત્ર પસંદ કર્યું. બ્રિટનની મેલબોર્ન કોલેજમાં અને સૅન્ડહર્સ્ટની લશ્કરી કૉલેજમાં સ્નાતક થઈને 1921માં તેઓ બ્રિટિશ લશ્કરમાં જોડાયા.

બીજા વિશ્વયુદ્ધ ટાણે તેમને પોતાની શક્તિ બતાવવાની તકો મળી. 1941ના એપ્રિલ માસમાં બ્રિટન વતી લડતાં તેઓ જર્મન અને ઇટાલિયન સેના વચ્ચે ઘેરાઈ ગયા હતા. શરણે જ જવું પડે એવી પરિસ્થિતિમાં એ રજપૂત યોદ્ધાએ કેસરિયાં કરીને દુશ્મનની દીવાલ તોડી પાડી અને પરાજયને વિજયમાં ફેરવી નાખ્યો. આ બદલ બ્રિટિશ સરકારે ખાસ ચાંદ આપ્યો.

ભારતની આઝાદી મળ્યા બાદ તેઓની સેવાનો લાભ દેશને મળ્યો. 1953માં જ. કરિયપ્પા નિવૃત્ત થતાં રાજેન્દ્રસિંહજી ભારતના ભૂમિદળના સેનાપતિ બન્યા હતા. વિવિધ કક્ષાએ તેમણે નોંધપાત્ર સેવાઓ બજાવી. પરંતુ તેમની ચિરસ્મરણીય કામગીરી તો હૈદરાબાદના નિઝામ પર તેમણે મેળવેલા ત્વરિત વિજયની હતી.

કુશળતાથી શસ્ત્રો વાપરી જાણનાર રાજેન્દ્રસિંહજીએ નિવૃત્ત થઈને હાથમાં હળ લીધું હતું. ખેતી કરવાનો પણ તેમને શોખ હતો. રણગાડીમાં દુશ્મન પર ચડાઈ કરનાર યોદ્ધો ટ્રૅક્ટરમાં બેસીને ધરતી પાસેથી ઉત્તમ પાક લેતો હતો. મહારાજા રાજેન્દ્રસિંહજી સૌરાષ્ટ્રની રાજપૂતોની અને દેશની પ્રણાલિકાને શોભાવી ગયા.

હિંદ સ્વતંત્ર થયા પછી તે હિંદની રાજધાની દિલ્હીના સંરક્ષણ માટે મુખ્ય અધિકારી નિમાયા; જ્યાંથી તેમની લેફ્ટ. જનરલ કરિયપ્પાને સ્થાને પૂર્વ-વિભાગના જી.ઓ.સી.ઇન.સી. (જનરલ ઑફિસર કમાન્ડિંગ ઇન ચીફ) તરીકે તેમની નિમણૂક થયેલી. ઈ. સ. 1962માં ચીની આક્રમણ વખતે તેમણે સલાહકાર તરીકે સેવાઓ આપી હતી. ઈ. સ. 1964માં મુંબઈમાં કોલાબાની લશ્કરી હૉસ્પિટલમાં તેમનું અવસાન થયું.

જનરલ માણેકશા

(જ. 3-4-1914)



ભારતીય સૈન્યના ભૂમિદળના ભૂતપૂર્વ વડા જનરલ માણેકશાએ અમૃતસરની કોલેજમાં શિક્ષણ લીધું હતું. પિતાની જેમ તેમને ડૉક્ટર થવું હતું પરંતુ દહેરાદૂનમાં ઊઘડેલી ઇન્ડિયન મિલિટરી એકૅડેમી-(લશ્કરી કૉલેજ)માં નામ નોંધાવ્યું - તેમાં પસંદ થયા અને તેમના જીવનની દિશા બદલાઈ ગઈ.

ઈ. 1934માં કમિશન્ડ ઑફિસર બન્યા બાદ કૅપ્ટન બન્યા. બીજા વિશ્વ-યુદ્ધમાં અનેક પરાક્રમો કર્યાં. ભારતની આઝાદી બાદ પાકિસ્તાને કરેલા કાશ્મીર પરના તેમ જ 1962માં ચીની આક્રમણ સામે પોતાના શૌર્યનું પ્રદર્શન કર્યું હતું. 1964માં પૂર્વ ભારતના સેનાપતિ તરીકે માણેકશાને નીમવામાં આવ્યા.

માણેકશા 1967માં નિવૃત્ત થવાના હતા, પરંતુ તેમને બે વર્ષની મુદત વધારી આપવામાં આવી. ભારત સ્વતંત્ર થયા પછી માણેકશા ભૂમિદળના આઠમા વડા બન્યા હતા. પૂર્વ ભારતના સેનાપતિ બન્યા પછી જનરલ માણેકશાએ નાગ અને મીઝો બળવાખોરો સામે પ્રશંસનીય સફળતા મેળવી હતી.

તેમની ઈ. સ. 1971ની શિરમોર કારકિર્દી ભારે યશસ્વી નીવડી. બાંગ્લાદેશના સર્જન પૂર્વે ડિસેમ્બર, ઈ. સ. 1971માં પૂર્વ પાકિસ્તાનમાં પાકિસ્તાની લશ્કર સાથે 12 દિવસનું યુદ્ધ ખેલીને તેમણે ભારતને વિજયી બનાવ્યું.

વિયેટનામના વિગ્રહે બતાવી આપ્યું છે કે જંગલથી છવાયેલા ડુંગરાળ પ્રદેશમાં ગેરિલાઓ સામે જીતવું લગભગ અશક્ય છે. દુનિયાનો સૌથી વધુ બળવાન દેશ અમેરિકા પણ વિયેટનામમાં ગેરિલાઓને હરાવી શક્યો નથી. તેમ છતાં ચીન અને પાકિસ્તાનની મદદ તથા તાલીમ મેળવતા નાગ અને મીઝો બળવાને માણેકશાએ નિષ્ફળ બનાવ્યો હતો.

માણેકશા પરાક્રમી હતા, પરંતુ તેમના નસીબે પણ તેમને સતત યારી આપી છે. ઈ. સ. 1967માં 'પદ્મભૂષણ'નો અને ઈ. સ. 1972માં 'પદ્મવિભૂષણ'નો ખિતાબ તેમણે મેળવ્યો. ઈ. સ. 1970માં તેમને અમેરિકન ઍવોર્ડ ઑફ મેરિટ અને ઈ. સ. 1979માં 'શક્તિપદ ઑફ નેપાલ' ઍવોર્ડ મળ્યો હતો.



ભારતીય ફિલ્મઉદ્યોગમાં ગુજરાતીઓનો ફાળો


દ્વારકાદાસ સંપટ


માણેકલાલ પટેલ

ઈ. 1896ની 7મી જુલાઈનો દિવસ.

આજે ભારતમાં, ફ્રાન્સના લુમિયર બ્રધર્સે પહેલી ફિલ્મ રજૂ કરી હતી. સ્થળ હતું મુંબઈની વૉટસન હોટેલ. ભારતની આ પહેલી - ઐતિહાસિક ફિલ્મ જોવા આવનારા પ્રેક્ષકોમાં કેટલાક ગુજરાતીઓ પણ હતા.

ગુજરાતી પ્રજા વેપારી પ્રજા છે. તેમની દીર્ઘદ્રષ્ટિએ જોઈ લીધું કે આવનારા દિવસોમાં ફિલ્મ - એ એક માતબર ઉદ્યોગ બની રહેવાની છે. થોડા સમય બાદ કેટલાક સાહસિક ગુજરાતીઓએ પરદેશથી ફિલ્મો આયાત કરવા માંડી.

1902માં દ્વારકાદાસ નારાયણદાસ સંપટ નામનો એક યુવાન મુંબઈ આવ્યો. તે ફિલ્મના માહોલથી ઉત્તેજિત થઈ ગયા હતા. તેમણે સાહસ કરી 1906માં અમેરિકાના થોમસ આલ્વા એડિસને બનાવેલ કાઇનેટોસ્કોપ મંગાવ્યું. તે


ભક્ત વિદુર ફિલ્મનું એક દૃશ્ય

જમાનામાં હજી સિનેમામાં વીજળીનો ઉપયોગ થતો ન હતો. પ્રોજેક્ટરના લૅમ્પ માટે ગૅસ બર્નરનો ઉપયોગ થતો હતો. સંપટે પણ ફિલ્મોનું પ્રદર્શન પોતાના સાધન પર કરવા માંડ્યું અને તે ક્ષેત્રમાં તેમનું નામ થઈ ગયું.

ત્યારબાદ દાદાસાહેબ ફાળકેએ 'લંકાદહન' ફિલ્મ રજૂ કરી. તેને પ્રજાનો જે પ્રતિભાવ સાંપડ્યો તેનાથી સંપટ એટલા તો પ્રભાવિત થઈ ગયા કે તેમણે એક ફિલ્મ કંપનીની સ્થાપના કરી દીધી. શેઠ પાટણકર અને શેઠ ગોરધનદાસ સાથે ભાગીદારી કરી તેમણે ટૂંકી ફિલ્મો બનાવવા માંડી. આ સંયુક્ત પ્રયાસના ફળસ્વરૂપ પહેલી ગુજરાતી ફિલ્મ મળી 'શેઠ સગાળશા'. પરંતુ કેરોસીનના લૅમ્પના અપૂરતા પ્રકાશને કારણે પૉઝિટિવ બની નહીં અને તેથી રજૂ પણ થઈ શકી નહીં.

એક રીતે આ નિષ્ફળતા સંપટ માટે પડકાર બની રહી. તેમણે પરદેશથી વીજળીશક્તિથી ચાલતું પ્રિન્ટિંગ મશીન મંગાવ્યું. પૂણે પાસે લોનાવલામાં એમણે દેશની સૌપ્રથમ ફિલ્મ પ્રોસેસિંગ અને પ્રિન્ટિંગ લૅબોરેટરીની સ્થાપના કરી. તે હવે વીજળીશક્તિથી સંપૂર્ણપણે સજ્જ હતી. 1917થી 1919 સુધીમાં એમની કંપનીએ 'વિશ્વામિત્ર-મેનકા', 'કચ-દેવયાની' અને 'નૃસિંહાવતાર' ફિલ્મો બનાવી.

1920માં દ્વારકાદાસ સંપટે 'કોહિનૂર ફિલ્મ' કંપનીની સ્થાપના કરી. તેના નેજા નીચે તેમણે 'કૃષ્ણ-સુદામા' નામે પહેલી મૂંગી ગુજરાતી ફિલ્મ બનાવી. ત્યાર બાદ કોહિનૂર ફિલ્મ કંપની દ્વારા અનેક ફિલ્મો બની અને સફળ થઈ. તેમાંય 'ભક્ત વિદુર' તો ભારે પ્રશંસા પામી. ત્યારબાદ બીજા ગુજરાતી માણેકલાલ પટેલ કોહિનૂરમાં જોડાયા અને ખૂબ નામ કમાયા. દ્વારકાદાસ અને માણેકલાલે વિદુર અને કૃષ્ણની ભૂમિકા પણ કરી ! તે અરસામાં ગાંધી-રંગે રંગાઈને દ્વારકાદાસ તો સ્વદેશી વિષયો લઈ ડોક્યુમેન્ટરી ફિલ્મો પણ બનાવી ચૂક્યા હતા.

1923ની 9મી જાન્યુઆરીએ એક ગોઝારો બનાવ

બન્યો. કોહિનૂર સ્ટુડિયોમાં ભારે આગ લાગી ને સઘળું ભસ્મીભૂત થઈ ગયું. થોડા સમય બાદ આઘાતમાંથી બહાર આવી સંપટે પોતાના સાથીદારોને ભેગા કર્યા. થોડો સમય માટે સૌને વિના વેતને કામ કરવા સમજાવ્યા. અમેરિકાની કોડક કંપનીએ કાચી ફિલ્મનો જોઈએ એટલો જથ્થો સંપટને આપવા બાંહેધરી આપી. આટલી તો સંપટની ત્યારે શાખ હતી. સંપટે ફટાફટ અનેક ફિલ્મો બનાવી. તેનાં ટાઈટલો ગુજરાતી ઉપરાંત હિન્દી અને મરાઠીમાં પણ રાખ્યાં. તેમાંથી નીપજેલી એક ફિલ્મ 'મીનળદેવી' પણ હતી.

થોડા સમય બાદ ચંદુલાલ શાહ નામના એક દીર્ઘદ્રષ્ટા સાહસવીરે 'ધ રણજિત ફિલ્મ કંપની'ની સ્થાપના કરી. ચાહકોથી 'સરદાર' તરીકે ઓળખાતા ચંદુલાલ કુશળ દિગ્દર્શક સાબિત થયા. દ્વારકાદાસ સંપટના સફળતાના પગલે મુંબઈમાં 1918થી 1938 સુધી અનેક ગુજરાતીઓ ફિલ્મ-લાઈનમાં પડ્યા હતા. આમ ભારતમાં ફિલ્મ-ઉદ્યોગની શરૂઆત કરનાર સાહસિકો, દીર્ઘદ્રષ્ટા અને નિષ્ઠાવંતોમાં ગુજરાતીઓ પાયાની ઈંટો સમાન હતા. તે સમયે દ્વારકાદાસ સંપટની સરખામણી જર્મન મૂળના અને અમેરિકાના હોલિવૂડમાં સ્થિર થયેલા કાર્લ લેમેલ સાથે કરવામાં આવતી હતી. કાર્લ હોલિવૂડની યુનિવર્સલ કંપનીના કાર્યકર્તા હતા.

ભારતીય ફિલ્મોએ શરૂઆતનાં બે-ચાર વર્ષોમાં જ એટલું તો પુરવાર કરી આપ્યું હતું કે આ ધંધો જોખમી પણ છે અને પૈસા કમાવી આપનારો પણ છે. જે ધંધામાં જોખમ એટલે કે સાહસ અને પૈસા બંને હોય એ ધંધાથી ગુજરાતીઓ ભાગ્યે જ દૂર રહી શકે. ધીમેધીમે ગુજરાતીઓએ આ ક્ષેત્રે પગપેસારો કરવા માંડ્યો અને થોડા જ સમયમાં એવી સ્થિતિ આવી ગઈ કે મુંબઈમાં ફિલ્મ ઉદ્યોગમાં ગુજરાતીઓ છવાઈ ગયા. દાદાસાહેબ ફાળકેએ નાસિકમાં હિન્દુસ્તાન ફિલ્મ કંપનીની સ્થાપના કરી હતી ત્યારે તેમને આર્થિક સહાય મયાશંકર ભટ્ટ નામના એક ગુજરાતીએ કરી હતી. આવા તો ઘણા ગુજરાતીઓએ ભારતીય ફિલ્મ ઉદ્યોગમાં પાયાના પથ્થર બનવાનું ગૌરવ મેળવ્યું છે. દ્વારકાદાસ નારાણદાસ સંપટ પણ તેમાંના એક હતા. 'પાટણકર ફ્રેન્ડ્સ એન્ડ કંપની'ની સ્થાપનામાં મૂડી દ્વારકાદાસની હતી. ફિલ્મી દુનિયામાં 'સરદાર' તરીકે ઓળખાયેલા ચંદુલાલ શાહ,

ગોહરબાનુ





ઝુબેદા 'આલમઆરા' ફિલ્મના એક દૃશ્યમાં

દલસુખ પંચોલી, વિજય ભટ્ટ, મોહનલાલ દવે, ચત્રભુજ દોશી વગેરે એકએકથી ચઢિયાતાં નામ હતાં. પૂરતાં સાધનો હોવા છતાં અને પ્રતિભા હોવા છતાં તથા મુંબઈમાં ફિલ્મ-ઉદ્યોગને પગભર કરવામાં પાયાનું કામ અનેક ગુજરાતીઓએ કર્યું હતું.

મૂક ફિલ્મોના જમાનામાં ગુજરાતીઓનું ફિલ્મ ઉદ્યોગ પર એટલું વર્ચસ્વ હતું કે મૂક ફિલ્મોમાં જે ત્રણ-ચાર ભાષામાં પેટાશીર્ષકો અપાતાં તેમાં એક ભાષા મોટા ભાગે ગુજરાતી રહેતી. દેશની પ્રથમ બોલતી ફિલ્મ 'આલમઆરા' 1931માં અરદેશર ઈરાનીએ બનાવી. તે પછી એક વર્ષથી પણ ઓછા સમયમાં પ્રથમ ગુજરાતી ફિલ્મ 'નરસિંહ મહેતા' 1932ની 9મી એપ્રિલે પ્રદર્શિત થઈ હતી. જોકે એના બેએક મહિના પહેલાં કોલકાતાની માદન કંપનીએ 'શીરીં-ફરહાદ' સાથે એક ફિલ્મ સાથે વધારાના આકર્ષણ તરીકે 'મુંબઈની શેઠાણી' નામની બે રીલની એક ગુજરાતી ફિલ્મ બનાવી હતી, પણ એ ફિચર ફિલ્મ નહોતી. આ ફિલ્મની વાર્તા ગુજરાતી સામયિક 'નવચેતન'ના તત્કાલીન તંત્રી સ્વ. ચાંપશીભાઈ ઉદ્દેશીએ લખી હતી.

'નરસિંહ મહેતા'ના કથાનકે ફિલ્મકારોને હંમેશાં આકર્ષ્યા છે. આ કથાનક પરથી ઘણી ફિલ્મો બની ચૂકી છે. પ્રથમ ગુજરાતી ફિલ્મ 'નરસિંહ મહેતા'ના દિગ્દર્શક નાનુભાઈ વકીલ હતા. લેખન ચત્રભુજ દોશીએ કર્યું હતું. 1932માં નિર્માણ પામેલી 'નરસિંહ મહેતા'માં પૂરેપૂરી તકો હોવા છતાં તેમાં ચમત્કારો વગેરેને સ્થાન અપાયું નહોતું. 1932માં જ બીજી ગુજરાતી ફિલ્મ 'સતી સાવિત્રી' 16મી એપ્રિલે રજૂ થઈ હતી. સરદાર ચંદુલાલ શાહે આ ફિલ્મ બનાવી હતી. ભગવાનદાસ અને ગોહરબાનુની તેમાં મુખ્ય ભૂમિકા હતી. 1933માં એક પણ ગુજરાતી ફિલ્મ નહોતી બની, પણ 1934માં વિજય ભટ્ટ અને શંકર ભટ્ટે પ્રકાશ પિક્ચર્સના નેજા હેઠળ 'સંસારલીલા'નું નિર્માણ કર્યું અને આ ફિલ્મ હિન્દીમાં પણ 'નઈ દુનિયા' નામે રજૂ કરાઈ હતી. 1932થી 1940 સુધીમાં કુલ નવ ગુજરાતી ફિલ્મોનું નિર્માણ થયું તેમાં દ્વારકાદાસ સંપટની 'ઘરજમાઈ' (1935), 'અક્કલના બારદાન' (1936) ઉપરાંત 'બે ખરાબ જણ'



અરદેશર ઈરાની



ચંદુલાલ શાહ



હોમી વાડિયા



વિજય ભટ્ટ



સોહરાબ મોદી



મહેબૂબ ખાન

(1936), 'સ્નેહલતા' (1936), 'અછૂત' (1939), 'ફાંકડો ફિતુરી' (1939) અને 'સમાજના વાંકે' (1940)નો સમાવેશ થતો હતો.

બીજા વિશ્વયુદ્ધના સમયગાળામાં હિન્દી ફિલ્મોનું નિર્માણ પણ કાચા માલના અભાવે તથા બીજાં ઘણાં કારણોસર મંદ પડી ગયું હતું. તેની અસર ગુજરાતી ફિલ્મોના નિર્માણ પર પણ પડી હતી. 1941થી 1945 સુધી એક પણ ગુજરાતી ફિલ્મ બની નહોતી. 1946માં દિગ્દર્શક વી. એમ. વ્યાસે 'રાણકદેવી' સર્જન કર્યું. પાંચેક વર્ષના અંતરાલ બાદ નિર્માણ પામેલી આ ફિલ્મે ખૂબ સારો વેપાર કર્યો હતો. કરસનદાસ માણેકના જોમદાર સંવાદો અને 'લાખ લાખ દીવડાની આરતી ઉતારજો' તથા 'મારે તે ગામડે એક વાર આવજો' જેવાં કવિ મનસ્વીએ લખેલાં ગીતો ખૂબ લોકપ્રિય થયાં હતાં અને આ 1947થી 1950 સુધીનાં ચાર વર્ષમાં 70 ગુજરાતી ફિલ્મોનું નિર્માણ થયું. આ તબક્કાનો યશસ્વી આરંભ રતિલાલ પુનાતરે 'ગુણસુંદરી' બનાવી કર્યો, જેમાં નિરૂપા રોય પહેલી વાર નાયિકા તરીકે આવ્યાં અને અવિનાશ વ્યાસની સંગીતકાર તરીકેની લોકપ્રિયતા પણ આ ફિલ્મથી શરૂ થઈ, જે પછી સંપૂર્ણ વર્ચસ્વમાં પલટાઈ ગઈ. એ ગાળામાં જ મનહર રસકપૂરે 1948માં 'જોગીદાસ ખુમાણ' બનાવી ભારે સફળતા મેળવી. રસકપૂર પછી એવા છવાયા કે 1980 સુધીમાં તેમણે વીસ જેટલી ફિલ્મો સર્જી દીધી. 1947થી 50 સુધીનાં વર્ષોમાં જે વિવિધ નિર્માતા-દિગ્દર્શકોની ફિલ્મો ગુજરાતી પ્રેક્ષકોએ ખૂબ માણી તેમાંની



આશા પારેખ

કેટલીક તો આજે પણ ગૌરવ લઈ શકાય એવી છે: 'કુંવરબાઈનું મામેરું', 'જસમા ઓડણ', 'બહારવટિયો', 'ભાઈબહેન', 'ગુણસુંદરી', 'મંગળફેરા', 'ગાડાનો બેલ', 'ઘરવાળી', 'શેઠનો સાળો', 'કરિયાવર', 'દીવાદાંડી' વગેરે યાદગાર ફિલ્મોનાં કેટલાંક ગીતો હંમેશને માટે લોકજીભે ચડી ગયાં. 'રાખનાં રમકડાં મારા રામે રમતાં રાખ્યાં રે', 'તાલીઓના તાલે ગોરી ઘૂમતી જાય રે', 'અમે મુંબઈના રહેવાસી', 'તારી આંખનો અફીણી' વગેરે ગીતો આ ફિલ્મોમાં હતાં. નિરૂપા રોય, મનહર દેસાઈ, અરવિંદ પંડ્યા વગેરે કલાકારો આ અરસામાં પડદા પર આવ્યા.

1951થી 1960ના ગાળામાં કુલ છ અને 1961થી 1970ના ગાળા દરમિયાન કુલ 44 ફિલ્મોનું નિર્માણ થયું. 1960ના દસકામાં બનેલી નોંધપાત્ર ફિલ્મો હતી 'મૂળુ માણેક', 'વરનો બાપ', 'મળેલા જીવ', 'મેંદી રંગ લાગ્યો', 'કાદુ મકરાણી', 'જીવણો જુગારી' અને 1970ના દાયકામાં બનેલી નોંધપાત્ર ફિલ્મોમાં 'વનરાજ ચાવડો', 'અખંડ સૌભાગ્યવતી', 'રમત રમાડે રામ', 'લીલુડી ધરતી' (પ્રથમ રંગીન ગુજરાતી ફિલ્મ), 'કલાપી', 'મારે જાવું પેલે પાર', 'કસુંબીનો રંગ' અને 'કંકુ'નો સમાવેશ થાય છે.

ગુજરાતી ફિલ્મોના ઇતિહાસમાં 1971નું વર્ષ મહત્ત્વનું છે. ગુજરાતી ફિલ્મોના વિકાસ માટે ગુજરાત સરકારે મનોરંજન-કર-મુક્તિની નીતિ અમલી બનાવી હતી. તે કારણે શરૂઆતમાં કેટલીક લોકપ્રિય ફિલ્મો બની પણ પછી કરમુક્તિનો લાભ લઈને માત્ર પૈસા કમાવાના હેતુથી જ અનેક લોકોએ ફિલ્મનિર્માણ કર્યું. તે કારણે 1975થી 1985નાં દસ વર્ષોમાં ફિલ્મનિર્માણમાં ઘોડાપૂર આવ્યું હતું. આ દસ વર્ષ દરમિયાન વર્ષે સરેરાશ ત્રીસ જેટલી ફિલ્મો બની હતી. 1971 પછીના સમયગાળામાં દિગ્દર્શક રવીન્દ્ર દવેએ 'જેસલ-તોરલ' બનાવીને ગુજરાતી ફિલ્મોના પ્રવાહમાં એક નવો ચીલો પાડ્યો. ગુજરાતીમાં આ પ્રથમ ઈસ્ટમેન-કલર ફિલ્મ સાથે ઉપેન્દ્ર ત્રિવેદીનો સ્ટાર તરીકે ઉદય થયો હતો અને એ પછીનાં વર્ષોમાં તેઓ ગુજરાતી ફિલ્મો પર છવાયેલા રહ્યા હતા. સ્નેહલતા સાથેની તેમની જોડીએ અનેક લોકપ્રિય ફિલ્મો આપી હતી.



મહેશ ભટ્ટ



ગોવિંદ સરૈયા



કેતન મહેતા



સંજય લીલા ભણસાળી



(શંકર) જયકિસન



કલ્યાણજી-આણંદજી



ઈસ્માઈલ દરબાર

રવીન્દ્ર દવે, કૃષ્ણકાંત, ચંદ્રકાન્ત સાંગાણી, ગોવિંદ સરૈયા, કાંતિલાલ રાઠોડ જેવા દિગ્દર્શકોની કેટલીક ફિલ્મોને બાદ કરતાં મોટા ભાગની ગુજરાતી ફિલ્મો ગુણવત્તાની દૃષ્ટિએ કોઈ ગજું કાઢી શકી નહિ. કાંતિ મડિયાની 'કાશીનો દીકરો' અને તે પહેલાં કાંતિ રાઠોડની 'કંકુ', કેતન મહેતાની 'ભવની ભવાઈ' જેવી ફિલ્મો ખૂબ નોંધપાત્ર બની રહી હતી. 1980ના દાયકામાં 193 ફિલ્મો અને 1990ના દાયકામાં 205 ફિલ્મો બની હતી અને તેમાં સંજીવ શાહની પ્રયોગાત્મક ફિલ્મ 'હું હુંશી હુંશીલાલ' શામિલ છે. પણ 1991 પછી ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ ભારે મંદીમાં સપડાયો હતો. ઉપેન્દ્ર ત્રિવેદીએ પોતે નિર્માણ કરેલી 'માનવીની ભવાઈ'ને બાદ કરતાં ભાગ્યે જ કોઈ નોંધપાત્ર ફિલ્મ બની. વીસમી સદીનાં અંતિમ વર્ષોમાં નિર્માતા તરીકે અડીખમ રહેલા ગોવિંદભાઈ પટેલે 'દેશ રે જોયા દાદા પરદેશ જોયા' ચિત્રનું નિર્માણ કર્યું. આ ફિલ્મને કલ્પનાતીત સફળતા મળતાં ફરી એક વાર મૃતપ્રાય થવા માંડેલા ગુજરાતી ફિલ્મ ઉદ્યોગમાં નવો પ્રાણ ફૂંકાયો. જોકે એ પછીનાં વર્ષોમાં નિર્માણ પામેલી ફિલ્મોમાં કેટલીક ફિલ્મો વ્યાવસાયિક દૃષ્ટિએ સફળ થઈ છે, પણ 'દરિયાછોરુ' જેવા એકાદ અપવાદને બાદ કરતાં ગુણવત્તાની દૃષ્ટિએ હજી પણ સંતોષકારક કામ થતું નથી.

પરંતુ વર્ષોના વીતવા સાથે ગુજરાતી ફિલ્મો અન્ય પ્રાદેશિક ફિલ્મોની સરખામણીમાં ગુણવત્તાની દૃષ્ટિ કોઈ કાઠું કાઢી શકી નહિ. આઝાદી પહેલાં અને આઝાદી પછીનાં થોડાં વર્ષોમાં ગુજરાતી ફિલ્મકારોએ ખૂબ સુંદર ગુજરાતી ફિલ્મો બનાવી હતી. વચ્ચે 1970 પછીના ગાળામાં ગુજરાતી ફિલ્મોને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારની સબસિડીની નીતિને કારણે ગુજરાતી ફિલ્મો સંખ્યાની દૃષ્ટિએ તો મોટા પ્રમાણમાં બની હતી પણ તેની ગુણવત્તા વિશે ઝાઝું કહી શકાય તેમ નથી. ઉત્તમતાને નામે જે ફિલ્મોનાં નામ વારંવાર લેવાયાં છે તે 'કંકુ', 'ભવની ભવાઈ', 'કાશીનો દીકરો', 'હું હુંશી હુંશીલાલ'. કેટલીક સોશ્યલ ફિલ્મો વચ્ચે થોડાં વર્ષો ભયાનક મંદી પછી ફરી ગુજરાતી ફિલ્મ ઉદ્યોગ ખાસ કરીને 'દેશ રે જોયા દાદા પરદેશ જોયા'ની જબ્બર સફળતા પછી ફરી પાછો ધમધમતો થયો, પણ 'દરિયાછોરુ' જેવી એકાદ અપવાદરૂપ ફિલ્મને બાદ કરતાં ચીલાચાલુ કથાનકોમાંથી બહાર નીકળી ન શકી. ગુજરાતી નાટક 'આંધળો પાટો' પરથી 'આંખે' જેવી હિન્દી ફિલ્મનું નિર્માણ થઈ શક્યું, પણ કોઈ સારી ગુજરાતી ફિલ્મ બની નહિ.

પરેશ નાયકે નંદિતા દાસ જેવી અભિનેત્રીને લઈ 'ધાડ' ફિલ્મ સર્જી, પરંતુ આ આખા તબક્કામાં ગુજરાતી ફિલ્મોનો પ્રેક્ષકવર્ગ ક્રમશઃ નાનો થતાં થતાં કોઈપણ નિર્માતા માટે ગુજરાતી ફિલ્મનું નિર્માણ જોખમ બની ગયું. ગોપી દેસાઈ જેવી ગુજરાતી અભિનેત્રી ફિલ્મો બનાવતી વેળા હિન્દી માધ્યમ જ અપનાવે તેના પરથી પરિસ્થિતિ સ્પષ્ટ છે. ગુજરાતી ફિલ્મોદ્યોગ બેઠો થાય એવી સંભાવના દિવસોદિવસ ઘટતી જાય છે.



અલકા યાજ્ઞિક



અરૂણા ઈરાની



'દો બીઘા જમીન'માં નિરૂપા રૉય



'આંધી'માં સંજીવકુમાર


પરેશ રાવલ


ટીકુ તલસાણિયા


સતીશ શાહ


બોમન ઈરાની

ભારતમાં ફિલ્મઉદ્યોગના આરંભકો : ગુજરાતીઓ

ગુજરાતી ફિલ્મોમાં ગુજરાતીઓનું પ્રદાન હોય એ તો સ્વાભાવિક છે, પરંતુ ગુજરાતી કલાકારોએ અનેક હિન્દી ફિલ્મોમાં પણ અદાકારી કરી છે. સરદાર ચંદુલાલ, દલસુખ પંચોલી, વિજય ભટ્ટ, સોહરાબ મોદી, મહેબૂબ ખાન, ગોવિંદ સરૈયા, કાંતિલાલ રાઠોડ અને આજે કેતન મહેતા, મનમોહન દેસાઈ, મહેશ ભટ્ટ, પ્રવીણ ભટ્ટ, વિક્રમ ભટ્ટ, મેહુલકુમાર, અબ્બાસ-મસ્તાન, ઈન્દ્રકુમાર, સંજય લીલા ભણશાલી, વિપુલ શાહ, સંજય ગઢવી, નીરજ વોરા, સંજય છેલ જેવા દિગ્દર્શકો, અવિનાશ વ્યાસ, કલ્યાણજી-આણંદજી, વીજુ શાહ, ગૌરાંગ વ્યાસ જેવા સંગીત નિર્દેશકો, કનુ દેસાઈ જેવા કલાનિર્દેશકો અને નિર્માણક્ષેત્રે તો ગુજરાતીઓનો પાર નથી. આ સૌએ ભારતીય ફિલ્મઉદ્યોગની વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આ ઉપરાંત હિન્દી ફિલ્મોમાં અનેક ગુજરાતીઓએ મહત્ત્વનું પ્રદાન કર્યું છે.


જેકી શ્રોફ



દ્વારકાદાસ સંપટ, માણેકલાલ પટેલ (ભક્ત વિદુર)
હોમી માસ્ટર (ભક્ત વિદુર, કાલાનાગ)
દિનશા બિલીમોરિયા (પ્રેમજોગન, ગુલ સનોબર, દો ઘડીકી મૌજ, બંબઈકી બિલ્લી, જવાની, પુકાર)
કેકી અડાજણિયા (કચ-દેવયાની)
ફાતમા બેગમ (પરદેશી સૈયાં, દુનિયા ક્યા હૈ, પૃથ્વી વલ્લભ)
ઝૂબેદા (ગુલ-એ-બંકાવલી, કાલાનાગ, આલમઆરા, ગુલસનોવર, રશ્ક-એ-લૈલા)
કૃષ્ણકાંત (કે.કે.) (મશાલ, આંદોલન, દાગ, જાગતે રહો, નૌકરી, હાવરા બ્રિજ, સટ્ટાબજાર, દો રાસ્તે, હાથી મેરે સાથી)
સોહરાબ મોદી (જેલર, પુકાર, સિકંદર, પૃથ્વીવલ્લભ, શીશમહલ, ઝાંસી કી રાની, મિરઝા ગાલિબ, યહૂદી)
આશા પારેખ (જબ પ્યાર કિસી સે હોતા હૈ, ફિર વહી દિલ લાયા હું, ઉપકાર, સમાધિ, બહારો કે સપને, કટી પતંગ, મૈં તુલસી તેરે આંગન કી, આન મિલો સજના)
પ્રતાપ ઓઝા (ધરતી કે લાલ)
નિરૂપા રોય (હરહર મહાદેવ, દો બીઘા જમીન, ગરમ કોટ, મુનીમજી, મુસાફરી, ગુમરાહ, રામ ઔર શ્યામ, દીવાર, મર્દ)
સંજીવકુમાર (ચંદા ઔર બીજલી, કોશિશ, મૌસમ, મનચલી, આંધી, પરિચય, દસ્તક, અનુભવ, શોલે)
વી. એસ. દેસાઈ (અંદાઝ)
દીના પાઠક (કોશિશ, મૌસમ, ઉમરાવજાન, મિર્ચમસાલા)
ઉપેન્દ્ર ત્રિવેદી (જંગલ મેં મંગલ, ખેલ ખિલાડી કા)
અરુણા ઈરાની (બંધન, બોબી, પૂરબ ઔર પશ્ચિમ, અંદાઝ, બૉમ્બે ટુ ગોવા, ફૂલ ઔર કાંટે, સમાજ કો બદલ ડાલો)
ઊર્મિલા ભટ્ટ (કોશિશ, ધુન્દ)
બિન્દુ (ઇત્તેફાક, દુશ્મન, દો રાસ્તે, કટી પતંગ, જંજીર)
પરેશ રાવલ (રામલખન, સરદાર, હેરાફેરી, હંગામા)
સુપ્રિયા પાઠક (કલયુગ, બાજાર, માસૂમ, મિર્ચમસાલા)
સિદ્ધાર્થ રાંદેરિયા (ખલનાયક)
દેવેન ભોજાણી (જો જીતા વોહી સિકંદર)
શર્મન જોષી (સ્ટાઇલ, ગોડમધર)
ડિમ્પલ કપાડિયા (બોબી, સાગર, બટવારા, રામલખન, દૃષ્ટિ, લેકિન, રુદાલી, પ્રહાર, નરસિંહા)
અરવિંદ રાઠોડ (મેરા નામ જોકર)
દેવેન વર્મા (દેવર, મેરે અપને, કભીકભી, દિલ)
ફારૂક શેખ (ગરમ હવા, ગમન, ચશ્મે બદ્દુર, ઉમરાવ જાન, કથા, અંજુમન, એક પલ)
નિમેષ દેસાઈ (અંધેરનગરી, ઉત્સવ)
ગોપી દેસાઈ (ઉત્સવ, 1942 એ લવ સ્ટોરી, દર-બ-દર)
મલ્લિકા સારાભાઈ (હિમાલય સે ઊંચા, કથા)
પરવીન બાબી (ચરિત્ર, ખુદ્દાર, અમર અકબર એન્થની)
જેકી શ્રોફ (હીરો, કર્મા, પરિન્દા, રામ-લખન, સૌદાગર)
અરવિંદ જોષી (શોલે)
જુગલ હંસરાજ (માસૂમ)
જયંતી પટેલ (તરંગ)
મહાવીર શાહ (અંકુશ)
રત્ના પાઠક (મિર્ચમસાલા)
સમીર ખખ્ખર (પુષ્પક)
સંજય ગોરડિયા (ઇશ્ક)
અમૃત પટેલ (ઇશ્ક)
હોમી વાડિયા (રાખ)
રુબી પટેલ (પેર્સી)
શરદ સ્માર્ત (પેર્સી)
પ્રવીણ જોષી (આક્રાંત)
રાજેશ જોષી (રંગીલા, સત્યા)
દિનેશ હિંગુ (હમ આપ કે હૈં કોન ?)
સુજાતા મહેતા (યતીમ, પ્રતિઘાત)
આદિત્ય લાખિયા (ઓમ, દર-બ-દર)
ખુરુશ દેબુ (પેર્સી, મુન્નાભાઈ - એમ. બી. બી.એસ.)
ટીકુ તલસાલિયા (દિલ હૈ કી માનતા નહીં)
સ્વરૂપ સંપટ (ગોલમાલ, અપને પરાયે)
દેસાઈ (હમ દિલ દે ચૂકે સનમ, મુન્નાભાઈ એમ.બી.બી.એસ.)
રાજુ બારોટ (મિર્ચમસાલા, હોલી, સરદાર)


'રુદાલી'માં ડિમ્પલ કાપડિયા

ગુજરાતનાં મ્યુઝિયમો

ભારતમાં મ્યુઝિયમોની સંખ્યાની દૃષ્ટિએ ગુજરાતનો બીજો નંબર આવે છે. ગુજરાતમાં કુલ 32 મ્યુઝિયમો છે.

(1) વડોદરા મ્યુઝિયમ અને પિક્ચર ગૅલેરી, વડોદરા - આ રાજ્ય-કક્ષાનું સૌથી મોટું મ્યુઝિયમ છે.

(2) મહારાજા ફતેહસિંહરાવ મ્યુઝિયમ, વડોદરા - આ કલાવિષયક મ્યુઝિયમ છે, જેમાં ચિત્રો તથા શિલ્પોનો સમાવેશ થાય છે.

(3) એમ. એસ. યુનિવર્સિટીનું પુરાતત્ત્વવિદ્યા-વિષયક મ્યુઝિયમ – ભૂસ્તરશાસ્ત્રવિષયક મ્યુઝિયમ અને પ્રાણીશાસ્ત્રવિષયક મ્યુઝિયમ, વડોદરા - આ બધાં સંદર્ભ મ્યુઝિયમો છે.

(4) હેલ્થ મ્યુઝિયમ, વડોદરા - તેમાં સ્વાસ્થ્ય તથા આરોગ્યને લગતા નમૂનાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

(5) મેડિકલ કૉલેજનું મ્યુઝિયમ, વડોદરા - મેડિકલ કૉલેજમાં એનેટૉમી, ફાર્મેકોલોજી, ટોક્સીકોલોજી, પેથોલોજી અને પ્રિવેન્ટિવ મેડિસિન - આમ, ચાર વિભાગોનાં ચાર મ્યુઝિયમ પણ હાલમાં થયેલ છે. સદરહુ મ્યુઝિયમમાં ખેતીવિષયક માહિતીનો સમાવેશ કરવામાં આવેલ છે.

(6) મ્યુનિસિપલ મ્યુઝિયમ - સંસ્કારકેન્દ્ર, અમદાવાદ - ગુજરાત મ્યુઝિયમ સોસાયટી સંચાલિત આ મ્યુઝિયમમાં એન. સી. મહેતા સંગ્રહ છે, જેમાં લઘુચિત્રો તથા હસ્તપ્રતોનાં લઘુચિત્રો સંગ્રહેલાં છે.

(7) ભો. જે. વિદ્યાભવન - અધ્યયન અને સંશોધન મ્યુઝિયમ, અમદાવાદ - આ સંદર્ભ મ્યુઝિયમ છે અને તેમાં હસ્તપ્રતો, તાડપત્રો, સિક્કાઓ, ફોસિલ્સ વગેરે પ્રાચીન અવશેષો પ્રદર્શિત કરેલા છે.

(8) કેલિકો મ્યુઝિયમ ઑફ ટેક્સટાઈલ, અમદાવાદ- ગુજરાતમાં કાપડ-ઉદ્યોગને લગતું આ એકમાત્ર મ્યુઝિયમ છે તેથી તે ઘણું મહત્ત્વનું સ્થાન ધરાવે છે. તે ખાનગી મ્યુઝિયમ છે અને તેમાં મુખ્યત્વે વિવિધ કાપડ તથા ભારતના વિશિષ્ટ પોશાકો પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

(9) બી. જે. મેડિકલ કૉલેજનું મ્યુઝિયમ, અમદાવાદ - તેમાં એનેટૉમી, પેથોલોજી, ફોર્મેકોલોજી, હાઈજીન અને ફોરેન્સિક મેડિસિન - આ પ્રત્યેક વિભાગના પોતપોતાના વિષયોના નમૂનાઓ દર્શાવતું આ મ્યુઝિયમ છે.



સૌથી જૂનું મ્યુઝિયમ


કચ્છના રાવ ખેંગારજી ત્રીજાએ ઈ. 1871માં સ્થાપેલું. ગુજરાતનું આ સૌથી જૂનાં મ્યુઝિયમમાં કચ્છની ભાતીગળ કળાના તેમ જ અનેક અલભ્ય નમૂનાઓ ઉપરાંત 1લીથી 6ઠ્ઠી સુધીના બ્રાહ્મી લિપિના પથ્થરમાં કંડારાયેલા નમૂના છે.


(10) ગાંધી સ્મારક સંગ્રહાલય, સાબરમતી, અમદાવાદ - આ મ્યુઝિયમને પર્સોનેલિયા-મ્યુઝિયમના પ્રકારમાં મૂકી શકાય, કારણ કે તેમાં ફક્ત ગાંધીજીની તસવીરો, ગાંધીજી વિષેનું સાહિત્ય અને તેમના જીવનકાળ દરમિયાનના તેમના અવશેષો એટલે કે તેમની અંગત વસ્તુઓ પ્રદર્શિત કરેલ છે. આ ઉપરાંત, અમદાવાદમાં એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજીમાં નાનું સરખું મ્યુઝિયમ છે, છતાં મુખ્યત્વે જૈન સંસ્કૃતિની વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવેલો છે. પ્રાકૃતિક ઇતિહાસ-વિષયક મ્યુઝિયમ પણ અમદાવાદમાં કાંકરિયા પાસે આવેલા પ્રાણી સંગ્રહાલયમાં છે. તેમાં વિભિન્ન પ્રાણીઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. વળી, ગૂજરાત વિદ્યાપીઠમાં ટ્રાઈબલ અને ઈથ્નોલૉજિકલ મ્યુઝિયમ છે, તેમાં ગુજરાતના આદિવાસીઓ અને જનજાતિઓનો પહેરવેશ તથા મૉડેલો વગેરેનો સંગ્રહ રાખવામાં આવેલ છે.

(11) સાપુતારા મ્યુઝિયમ, સાપુતારા - આ મ્યુઝિયમમાં મુખ્યત્વે માનવજાતિશાસ્ત્રને લગતા તથા પ્રાકૃતિક ઈતિહાસને લગતા નમૂનાઓ પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

અમદાવાદનું પતંગ મ્યુઝિયમ દેશભરનું એકમાત્ર પતંગોનું સંગ્રહાલય છે.

(12) સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમ, વલ્લભવિદ્યાનગર તેમાં કલા તથા પુરાતત્ત્વવિદ્યાને લગતી વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઍગ્રિકલ્ચરલ મ્યુઝિયમ (આણંદ)માં, ખેતીવિષયક માહિતી આપવામાં આવેલી છે.





(13) કચ્છ મ્યુઝિયમ, ભુજ - આ મ્યુઝિયમને બહુહેતુક મ્યુઝિયમના પ્રકારમાં મૂકી શકાય, કારણ કે તેમાં વિભિન્ન વિષયોની વિવિધ વસ્તુઓને પ્રદર્શિત કરવામાં આવી છે.

(14) વૉટસન મ્યુઝિયમ, રાજકોટ-ગુજરાતમાં વડોદરા મ્યુઝિયમ પછીનું મહત્ત્વનું મ્યુઝિયમ રાજકોટનું આ વૉટસન મ્યુઝિયમ છે. તેને પણ બહુહેતુક મ્યુઝિયમ કહી શકાય.

(15) દરબાર હૉલ મ્યુઝિયમ, દીવાનચોક, જૂનાગઢ - આ પણ બહુહેતુક મ્યુઝિયમ છે.

(16) જૂનાગઢ મ્યુઝિયમ, સક્કરબાગ, જૂનાગઢ - તેને પણ બહુબેતુક મ્યુઝિયમના પ્રકારમાં મૂકવામાં આવે છે. તેમાં મુખ્યત્વે કલા, પુરાતત્ત્વવિદ્યા તથા પ્રાકૃતિક ઈતિહાસને લગતા નમૂનાઓ દર્શાવવામાં આવ્યા છે.

(17) બાર્ટન મ્યુઝિયમ, ભાવનગર - આ બહુહેતુક મ્યુઝિયમમાં શિલ્પો, શિલાલેખો, તામ્રપત્રો, સંસ્કૃત હસ્તપ્રતો, વલભીના માટીકામના નમૂનાઓ, ધાતુની પ્રતિમાઓ, તૈલચિત્રો, ફોસિલ્સ વગેરેનો સમાવેશ થાય છે.

(18) ગાંધી સ્મૃતિ મ્યુઝિયમ, ભાવનગર - આ મ્યુઝિયમને પર્સોનેલિયા મ્યુઝિયમના પ્રકારમાં મૂકી શકાય, જેમાં ગાંધીજીની અંગત વસ્તુઓ, તસવીરો વગેરેનો સંગ્રહ પ્રદર્શિત કરેલો છે.

(19) લેડી વિલ્સન મ્યુઝિયમ, ધરમપુર - માનવજાત શાસ્ત્રને લગતા નમૂનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(20) જામનગર મ્યુઝિયમ ઑફ ઍન્ટિક્વિટીઝ, જામનગર - આ મ્યુઝિયમમાં કલા તથા પુરાતત્ત્વવિદ્યાવિષયક વસ્તુઓ પ્રદર્શિત કરેલી છે.

(21) પ્રભાસપાટણ મ્યુઝિયમ, પ્રભાસપાટણ - આ મ્યુઝિયમ પુરાતત્ત્વવિદ્યા-વિષયક છે.

(22) ગિરધરભાઈ બાળસંગ્રહાલય, અમરેલી - આ મ્યુઝિયમ બાળકોના પ્રકારમાં મૂકવામાં આવે છે.

(23) ગાંધી મેમૉરીઅલ રેસિડેન્શિયલ મ્યુઝિયમ, પોરબંદર - આ મ્યુઝિયમમાં પૂ. ગાંધીજીના જીવનનો ઈતિહાસ દર્શાવવામાં આવેલ છે.

(24) ધીરજબહેન પરીખ બાળ સંગ્રહાલય, કપડવંજ - આ મ્યુઝિયમમાં બાળકો માટે સંગ્રહસ્થાન રચાયેલું છે.

(25) રજની પરીખ આટ્‌ર્સ કૉલેજ, આર્કિયોલોજિકલ મ્યુઝિયમ, ખંભાત - આ મ્યુઝિયમમાં ખંભાત આર્કિયોલૉજિકલ વિષય અંગેનો સંગ્રહ કરવામાં આવેલ છે.



કર્ણાવતી : અતીતની ઝાંખી

સંસ્કારકેન્દ્ર ખાતે આવેલ આ સંગ્રહાલયમાં શહેરની ભૂગોળ અને ઈતિહાસ ઉપરાંત તેની લાક્ષણિકતાઓ વિશે નમૂનારૂપ રજૂઆત કરવામાં આવી છે. અમદાવાદમાં નીકળતી રથયાત્રાની જગન્નાથજી, બલરામજી અને સુભદ્રાજીની ત્રણ મૂર્તિવાળો પ્રતીક-રથ રાખવામાં આવ્યો છે. જુમ્મા મસ્જિદના મહેરાબની પ્રતિકૃતિ રાખવામાં આવી છે. શહેરના નવાબોની શાહી પાલખીઓ, વિવિધ પાઘડીઓ પણ અહીં સાચવી રખાઈ છે.

અમદાવાદ સાથે સંકળાયેલ ઉર્દૂ સાહિત્યના દસ્તાવેજો પણ અહીં જળવાયેલ છે. ગુજરાતી સાહિત્યકારો ઉમાશંકર જોશી, સુન્દરમ્, પંડિત સુખલાલજી, દલપતરામ વગેરેની કાવ્યકૃતિઓ અને હસ્તપ્રતો પણ સંગૃહીત છે. અમદાવાદના પ્રસિદ્ધ ચિત્રકારો રવિશંકર રાવળ, કનુભાઈ દેસાઈ, સોમાલાલ શાહ, રસિકલાલ પરીખ વગેરેનાં ચિત્રો શહેરનાં સંભારણાંને તાજાં કરે છે.

એક સમયે ભુલભુલામણી જેવી પોળો એ આ નગરની ઓળખ હતી. તેના વિશે અહીં ઉલ્લેખ સાંપડે છે કે વાંકીચૂકી શેરીઓ, હારબંધ મકાનો અને તેના ચોક, લાકડાનું નકશીકામ તેની વિશેષતા છે. અમદાવાદમાં 360 ઉપરાંત પોળ છે. પોળની જેમ મિલો પણ અમદાવાદની એક સમયની ઓળખ રહી છે. આજે પણ અમદાવાદની જૂની તસવીરો જોઈએ તો તેમાં આભને અડતા મિલોનાં અનેક ભૂંગળાંઓ જોવા મળે. આ કાપડઉદ્યોગની મિલોના બ્લૉકપ્રીન્ટ-બીબાં, સાળ, ચરખા વગેરે સાધનસામગ્રી તેની ઓળખરૂપે જાળવી રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત 10મા સૈકાની કલાત્મક મૂર્તિઓ, ટંકશાળના સિક્કા, ઝરૂખા, સ્તંભો, ચબૂતરા વગેરે અસંખ્ય નમૂનેદાર કૃતિઓ મોજૂદ છે.



સંગ્રહાલય વિશે એક સરસ આલેખ ત્યાં રજૂ કરાયો છે. 'કર્ણાવતી : અતીતની ઝાંખી' એ માત્ર કલાત્મક અને દુર્લભ વસ્તુઓનું સંગ્રહસ્થાન ન બની રહેતાં શહેરની અસ્મિતા, સંસ્કાર, સંસ્કૃતિ અને ગૌરવનું આશ્રયસ્થાન છે. સંગ્રહાલયમાં શહેરના પુરાતત્ત્વ અને ઈતિહાસ, સંસ્કૃતિ અને ધર્મ, રીતરિવાજો, કલા અને કામગીરી, સાહિત્ય અને સ્થાપત્ય, વ્યક્તિગત અને સંસ્થાકીય ઉપલબ્ધિઓ વગેરેનું કલાત્મક નિદર્શન કરવામાં આવ્યું છે.'

હૃદયકુંજ : ગાંધી સ્મારક સંગ્રહાલય



ઈ. સ. 1917માં સાબરમતી ખાતે ગાંધીજીએ સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી અને તેઓ અહીં 1930 સુધી રહ્યા હતા.

12 માર્ચ 1930ના રોજ અહીંથી જ દાંડીયાત્રા નીકળી હતી. એક પણ હથિયાર ઉપાડ્યા વગર સામ્રાજ્યવાદી બ્રિટિશ સત્તાના પાયા હલાવી નાખનાર વિચારોનો ઉન્મેષ અહીં થયો હતો. 1958માં મહાત્મા ગાંધીના જીવનની યાદમાં એક સંગ્રહાલય બનાવવાનું નક્કી થયું હતું અને તેના સ્થપતિ તરીકે ચાર્લ્સ કોરિયાને નિમંત્રવામાં આવ્યા હતા. ગાંધી મેમૉરિયલ મ્યુઝિયમ - ગાંધી સ્મારક સંગ્રહાલય તરીકે ઓળખાતું આ બિલ્ડિંગ ચાર્લ્સ કોરિયાનું સૌથી વધુ જાણીતું બિલ્ડિંગ છે. તે ભારતનું એક અગત્યનું મ્યુઝિયમ છે.

મહાત્મા ગાંધીને અપાયેલ અંજલિરૂપ આ ગાંધી મેમૉરિયલ મ્યુઝિયમનું ઉદ્ઘાટન 1963માં જવાહરલાલ નહેરુએ કર્યું હતું. આ મ્યુઝિયમમાં ગાંધીજીએ પોતે લખેલા 30,000 કાગળો ઉપરાંત ફોટોગ્રાફ્સ અને પેન્ટિંગ્સનો સંગ્રહ છે.

બિલ્ડિંગના મધ્યમાં આવેલો પાણીનો હોજ જો ભરેલો હોય તો નજીકમાં બેસવા માટેનું શ્રેષ્ઠ સ્થળ બની રહે છે. કુટિરોના અંદરના ભાગમાં લાકડાની પટ્ટીઓ લગાડવામાં આવી છે અને છત પર રહેલાં નળિયાં સાથે તે ગરમી સામે રક્ષણ આપે છે.

લાલભાઈ દલપતભાઈ કલા અને પુરાતત્ત્વનું મ્યુઝિયમ



અમદાવાદના યુનિવર્સિટી વિસ્તારમાં આવેલા એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજીના કેમ્પસમાં જ આવેલા કલા અને પુરાતત્ત્વના આ મ્યુઝિયમની સ્થાપના ઈ. સ. 1956માં થઈ હતી. અલભ્ય હસ્તપ્રતો અને કલાના અદ્વિતીય નમૂનાઓ એકત્ર કરીને તેની જાળવણી કરવા માટેનું આ મ્યુઝિયમ ગુજરાતના બે પનોતા પુત્રોની ભારતીય વારસો જાળવવાની અદમ્ય ઇચ્છા અને પુરુષાર્થનું સુફળ છે. એક તો ગુજરાતના ભારતના કલારસિક અગ્રગણ્ય ઉદ્યોગપતિ શેઠ શ્રી કસ્તૂરભાઈ લાલભાઈ અને બીજા પ્રાચીન હસ્તપ્રતોનાં સંશોધન-જાળવણી માટે જીવન સમર્પિત કરનાર વિદ્વાન મુનિશ્રી પુણ્યવિજયજી.

સમયાંતરે એકત્ર થઈ રહેલા કળાનાં વિવિધ સ્વરૂપના નમૂનાની વિપુલ સંખ્યા જોતાં તેના ટ્રસ્ટીમંડળે આ મ્યુઝિયમ માટે અલાયદું મકાન બાંધવાનો નિર્ણય કર્યો. આંતરરાષ્ટ્રીય પ્રખ્યાત સ્થપતિ બાલકૃષ્ણ દોશીએ બાંધેલી, ઇન્ડોલોજીની અદ્યતન ઇમારતના એક ભાગરૂપે આ મ્યુઝિયમ બાંધવામાં આવ્યું, જે ઈ.સ. 1984માં ખુલ્લું મુકાયું. આ મ્યુઝિયમમાં તાડપત્રો અને કાગળ પર લિખિત અંદાજે 75,000 પ્રાચીન સચિત્ર હસ્તપ્રતો છે. પથ્થર, બ્રોન્ઝ તેમ જ લાકડામાં કંડારાયેલા શિલ્પો છે. આ ઉપરાંત કાપડ ઉપર લખાયેલા-ચીતરાયેલા પાટા પણ છે.

મુનિ પુણ્યવિજયજી ગૅલેરી : પ્રાચીન ચિત્રોની આ ગેલેરીમાં મુનિશ્રી પુણ્યવિજયજીના સંગ્રહિત કરેલાં - મુઘલકાળથી પણ પૂર્વેના સમયના, પશ્ચિમ ભારતની ચિત્રશૈલીનાં પેઇન્ટિંગ છે. તેમાંનાં કેટલાંક તો તામપત્ર ઉપર દોરાયેલાં ચિત્રો પણ છે. આ ઉપરાંત કાપડ તેમ જ કાગળ ઉપર દોરેલાં સુંદર ચિત્રો પણ છે. કેટલાંક ચિત્રો મુઘલશૈલીનાં તેમજ મુઘલકાળ પછીનાં તેમ જ જૈન-ઉત્સવોના છે. આ જ ગૅલેરીના બીજા વિભાગમાં અદ્ભુત એવી કાષ્ઠકલાના નમૂનાઓ પણ છે. અમદાવાદના અગ્રણી નાગરિક શ્રી પી. ટી. મુન્શાએ પોતાના સંગ્રહમાંથી ભેટ આપેલા મુઘલ-સમયના ચલણી સિક્કાઓ અહીં પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત હરપ્પન સંસ્કૃતિના અવશેષો-નમૂનાઓનો પણ એક નાનો સંગ્રહ છે.

'વિશાલા'માં વાસણ-મ્યુઝિયમ છે. તેમાં પહેલાંના સમયમાં વપરાતાં જાતજાતનાં વાસણો અતીતની યાદ અપાવે તેવાં છે.



ગૂજરાત વિદ્યાપીઠમાં ટ્રાઈબલ અને ઈથ્નોલૉજિકલ મ્યુઝિયમ. તેમાં ગુજરાતના આદિવાસીઓ અને જનજાતિઓના પહેરવેશ તથા મૉડેલો વગેરેનો સંગ્રહ છે.





કેલિકો મ્યુઝિયમ ઓફ ટેક્સ્ટાઇલ્સ

અમદાવાદની કેલિકો મિલ તરફથી 1949માં સ્થાપવામાં આવેલું મ્યુઝિયમ હાલમાં શાહીબાગ અમદાવાદમાં સારાભાઈ ફાઉન્ડેશનમાં છે. આ મ્યુઝિયમ ભારતીય વસ્ત્રોદ્યોગના નમૂનાઓ એકત્ર કરીને તેની ઐતિહાસિક, કલાત્મક તથા કારીગરીની વિવિધતાઓનું અધ્યયન, પ્રદર્શન તથા તેને લગતાં પ્રકાશન પણ કરે છે.

તેની પ્રદર્શનવીથિઓમાં તંતુઓમાંથી વસ્ત્રો તૈયાર કરવાની રીતોના નમૂનાઓ પરથી તેમ જ કાપડ તૈયાર કરવાની સાળો દ્વારા પ્રાથમિક જ્ઞાન આપવાનો પ્રયત્ન કર્યો છે. વસ્ત્રોના છાપકામના બીબાં આદિથી તેના પર વિકસતી ભાતોનો ખ્યાલ આપવામાં આવ્યો છે. વસ્ત્રો બનાવવાની તથા તેના પર ભાત ઉપસાવવાની કારીગરીની સાથે તેના નમૂનાઓ દર્શાવવામાં આવ્યા છે. આ નમૂનાઓમાં સુતરાઉ, રેશમી, ઊનનાં વસ્ત્રો છે. તેમાં સાડીઓ. પીતાંબર, પટકા, શાલ વગેરે છે. સુતરાઉ વસ્ત્રોમાં ગુજરાતનાં પટોળાં, બાંધણી, ઘરચોળાં, મહારાષ્ટ્રની પૈઠણી, મધ્યપ્રદેશની ચંદેરી, બંગાળની બાલુચાર, દક્ષિણ ભારતીય કારુપુરી, કર્ણાટકની સાડીઓ આદિ છે. રેશમી તથા ભાતીગળ, જરિયાન વસ્ત્રોના નમૂનાઓ તથા વિવિધ રંગના તાણાવાણાથી તૈયાર થયેલાં ખીરોદક, બુટ્ટાદાર વસ્ત્રોના સાદા વણાટના તથા વિવિધ વણાટના પ્રકારોના નમૂનાઓ દ્વારા વણાટથી તૈયાર થયેલી ભાતોવાળાં ઘણાં વસ્ત્રો છે. વસ્ત્રો પર બાંધણી, છપાઈ, ચિત્રકામ, ભરતકામથી તૈયાર થયેલાં સુશોભનોવાળાં તેમ જ જુદાજુદા કાપલાથી બનેલી ભાતવાળાં વિવિધ ઉપયોગનાં વસ્ત્રોના નમૂનાઓ અત્રે સંગૃહીત છે. આ મ્યુઝિયમનું સારું પુસ્તકાલય છે તથા તેની પ્રકાશનપ્રવૃત્તિઓમાં જૂની ભાતવાળાં કેલેન્ડરો, જર્નલ ઓફ ટેક્સ્ટાઇલ હિસ્ટ્રી તથા નાનામોટા ગ્રંથોનો સમાવેશ થાય છે.





અમૂલ્ય અને દુર્લભ વિન્ટેજ - કાર મ્યુઝિયમ ઓટો વર્લ્ડ





શેઠ પ્રાણલાલ ભોગીલાલ

એક સમયે જેનો રુઆબ હતો, તેના માલિકનો ગર્વીલો મિજાજ હતો તેવી મોટરકારો આજે નવી આવેલી ઝાકમઝોળ મોટરકારોની સરખામણીએ ભલે જૂની-પુરાણી લાગે, તેમ છતાં આજે પણ તેનો વટ ઓછો નથી ! કલાકૃતિઓમાં ઍન્ટિક કલાકૃતિઓ વધુ કિંમતી ગણાય છે તેમ આ વિન્ટેજ કારની પણ કિંમત ઝાઝેરી અંકાય છે.

અમદાવાદ નજીક કઠવાડા વિસ્તારમાં આવેલા આ અદ્ભુત 'પ્રાણલાલ ઑટોમોબાઇલ મ્યુઝિયમ'માં એકએકથી ચડિયાતી એવી લગભગ 250 મોટરકારોનો કાફલો છે. એવો એક અંદાજ છે કે દેશભરમાં અને કદાચ વિશ્વભરમાં પણ એક વ્યક્તિના સંગ્રહાલયમાં આટલી મોટી સંખ્યામાં મોટરકારો નહિ હોય. આ સઘળી મોટરકારો ટીપટૉપ કન્ડીશનમાં - ચાલુ હાલતમાં છે. આટલી જૂની ગાડીઓને ચાલુ હાલતમાં રાખવા માટે ખાસ્સો ખર્ચ કરવામાં આવે છે. અમુક ફી લઈને તેમાં બેસીને ટૂંકી સફર પણ કરી શકાય છે.

ભારતની વ્યાખ્યા મુજબ પહેલાં 1940 પહેલાં બનેલી કારોને વિન્ટેજ કાર, 1940થી 1970 સુધીની કારને ક્લાસિક કાર ગણવામાં આવે છે. આ મ્યુઝિયમમાં 'રોલ્સ રૉયસ', 'બેન્ટલીઝ', 'દાઈમલર્સ' જેવી પુરાણી અને ખૂબ વખણાયેલી અનેક મોટરકારોનો સમાવેશ થાય છે. આ અદ્ભુત મ્યુઝિયમના પ્રણેતા શેઠ પ્રાણલાલ ભોગીલાલ જાણીતા ઉદ્યોગપતિ છે અને તેઓ દરેક પ્રકારની કળાઓના ચાહક છે. મોટરકાર, મોટરબાઇક અને બગીઓ ઉપરાંત વિવિધ પ્રકારની કલાકૃતિઓના સંગ્રાહક છે. ભારતમાં આઝાદી બાદ રજવાડાંઓનું વિલીનીકરણ થયા બાદ અનેક રાજવીઓ પોતાની આવી વિન્ટેજ કારો વેચી રહ્યા હતા જે પરદેશમાં જતી હતી. પ્રાણલાલભાઈએ તત્કાલીન વડાંપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીને મળીને આવી નિકાસ પર કાયદાકીય પ્રતિબંધ મુકાવ્યો હતો. તેમની પાસે રજવાડાંઓ પાસેથી ખરીદેલી આવી ઘણી કારો છે.





ભાતીગળ ચંદરવો



ગુજરાત વિસ્તરે છે જ્યાં ગુજરાતીઓ પોતાની ઇચ્છાશક્તિ અને સંકલ્પબળથી એને સરજે છે ત્યાં. ગુજરાત એક ભાવનામય જીવંત સાંસ્કારિક વ્યક્તિત્વ છે. ગુજરાતના વ્યક્તિત્વના ભાનથી પ્રેરાઈ એનું વ્યક્તિત્વ સિદ્ધ કરવાનો જેણે સક્રિય સંકલ્પ કર્યો હોય તેનામાં ગુજરાતની અસ્મિતા હોય.

- કનૈયાલાલ મુનશી

ધન્ય હો ! ધન્ય જ પુણ્યપ્રદેશ !
અમારો ગુણિયલ ગુર્જરદેશ;
કૃષ્ણચંદ્રની કૌમુદી-ઊજળો,
કીધ પ્રભુએય સ્વદેશ
અમારો ગુણિયલ ગુર્જરદેશ.
ધન્ય હો...
ગુર્જરી ! જય ! જય ! તવ ચિરકાળ !
ધન્ય હો ! ધન્ય જ પુણ્યપ્રદેશ !
અમારો ગુણિયલ ગૂર્જરદેશ.

- ન્હાનાલાલ



ભાતીગળ ચંદરવો

ગુજરાતનું લોકજીવન વૈવિધ્યપૂર્ણ અને સમૃદ્ધ છે. ગૂર્જરો અને યાદવો, કાઠીઓ અને મકરાણીઓ જેવી અનેક જાતિઓ, અનેક લોકકુળોનો તેમાં સમૈયો છે, તો હિન્દુ અને મુસ્લિમ, જૈન, પારસી અને ખ્રિસ્તી, આર્યસમાજી અને પ્રાર્થનાસમાજી એવા અનેક ધર્મોનું અહીં સંમિલન છે. અદ્યતન જીવન જીવતાં શહેરીઓથી માંડીને તે ગ્રામજનો અને આદિવાસીઓની વૈવિધ્યપૂર્ણ માનવવસ્તીથી જીવંત સમાજ છે. પશ્ચિમના સાગરકાંઠાના ખલાસીઓ અને માછીમારો ને પૂર્વના વનવાસીઓ-ગિરિજનોના બે કાંઠા વચ્ચે ઉજળિયાત ગણાતા ને પછાત કહેવાતા અનેક લોકસમુદાય એક આગવી સાંસ્કૃતિક અસ્મિતા રચે છે. આ ગુજરાતી પ્રજાને એવાં જ વૈવિધ્યપૂર્ણ રીતિરિવાજો, જીવનરીતિઓ, કળાકારીગરી, પ્રાચીન હસ્તપ્રતોમાં, ચિત્રોમાં કે જૂના મહેલો, હવેલીઓ ને ભીંતો પરનાં ચિત્રોમાં કે અદ્યતન ચિત્રકારોની કલાકૃતિઓમાં, સામગાન ગાતા વૈદિક વિદ્વાનોના કંઠમાં, દુહા લલકારતા સોરઠીઓમાં કે ભજનિકોમાં તેમ જ શાસ્ત્રી રાગો બહેલાવનારા સંગીતકારના કંઠમાં ગુજરાતી પ્રજાની કળાનો અનોખો પરિચય થાય છે. દેશપરદેશમાં વિખ્યાત ને વિસ્તરતાં જતાં ભાતભાતનાં ભરતગૂંથણ - ચાકળા ને ચંદરવા, કમખા ને કડિયાં તેમ જ લેખણ અને ખડિયાથી માંડીને ગાગર-ઘડાનેય શણગારતાં, બારસાખે ઝૂલતાં તોરણોનાં મોતીકામ - ગુજરાતની લોકકલાની સમૃદ્ધિ અઢળક છે. કચ્છનાં કાચ અને ચાંદીનાં કામ હોય કે સૂરતનાં જરી-કિનખાબ હોય - ગુજરાતના ખૂણેખૂણાને એની કળાના શણગાર છે. ગુજરાતનું લોકજીવન સમાજજીવનના બહુરંગી ચંદરવામાંનો એક આભલાભર્યો ચાકળો છે.





માણ એટલે ગાગર. ગાગર પેટાળવે પહોળી ને મોઢે સાંકડી. એનું મોં ખુલ્લું એટલે તેના પર થાપ વાગતાં ઊંડો ઘેરો અવાજ નીકળે. માણ પહેલાં માટીની વપરાતી પછી તાંબાની થઈ. આવી માણ સાથે મહિનાઓ સુધી કથા કરનાર, લોકોમાં માનવંતું સ્થાન ધરાવનાર વ્યાસ એ માણભટ્ટ. માણભટ્ટની પ્રથા કદાચ ગુજરાતની એક વિશિષ્ટ પરંપરા છે. આ પ્રથા પ્રાચીન હોવાનું મનાય છે.

માણભટ્ટ

વીરક્ષેત્ર વડોદરું,
ગુજરાત મધ્યે ગામ,
ચતુર્વંશી ન્યાતિ બ્રાહ્મણ
ભટ્ટ પ્રેમાનંદ ગામ.

વડોદરા એટલે પ્રેમાનંદનું ગામ.

પ્રેમાનંદ એટલે ઈ. 1645માં વડોદરામાં જ જન્મેલો મધ્યકાલીન મહાકવિ. જૂના વડોદરા શહેરના વાડી-વિસ્તારમાં એનું નિવાસસ્થાન. ત્યારે ગુજરાત પર દિલ્હીના મુઘલ બાદશાહ ઔરંગઝેબનું રાજ.

મહાકવિ પ્રેમાનંદ આખ્યાન રચે અને તેને પદ્યસ્વરૂપે લોકબાનીમાં લોકોને સંભળાવી સૌને મંત્રમુગ્ધ કરે. સેંકડો-હજારોની મેદની ભેગી થાય. પ્રેમાનંદ 'રામાયણ', 'મહાભારત', 'ભાગવત' અને 'હરિવંશપુરાણ'ની કથાઓ માણની સંગતે સંભળાવે અને એક અનોખું વાતાવરણ રચાઈ જાય. પ્રેમાનંદથી 150 વર્ષ પહેલાં થઈ ગયેલા આદિકવિ નરસિંહની મહત્ત્વની ઘટનાઓને પણ તે આખ્યાનોમાં ઢાળે.

એમાં સૌપ્રથમ પ્રેમાનંદ અને પછી વલ્લભ વ્યાસ પ્રખ્યાત હતા. તેમણે રચેલી પૌરાણિક પદ્ય-રચના સાંભળવા હજારોની મેદની જામતી.

માણભટ્ટ જીવનના સર્વ રસોનું આકંઠ પાન કરાવીને જીવનને પ્રાણથી ધબકતું રાખતા. વાર્તાકથન, સંગીત, અભિનય વગરેનું એમની કલામાં મિશ્રણ હતું. લોકરંજન ને લોકશિક્ષણ તેમાં એકસાથે હતાં.



તાંબાની માણ પર પછડાતી વીંટીઓનો રણકતો તાલ ને માણભટ્ટના બુલંદ કંઠમાંથી ગવાતું આખ્યાન. - 'નમો ગણેશાય નમો રે હનુમંતા' સાંભળવું ર લહાવો હતો, રોમાંચ હતો. આપણી આ લોકકલા જાળવવી-વિકસાવવી જરૂરી છે. માણભટ્ટ પાટ પર વિવિ ધાતુના વેઢ પહેરી માણ પર તાલ મારે એટલે મોટો અવા થાય. મંજીરા સાથે કથા શરૂ થાય. કુશળ માણભટ્ટ અને પ્રકારના તાલ વગાડી શકે.

ગુજરાતની આ સાંસ્કૃતિક અને સાહિત્યક પરંપર આજે પણ શ્રી ધાર્મિકલાલ પંડ્યા દ્વારા જળવાઈ રહી છે ધાર્મિકલાલના જન્મ પણ વડોદરામાં. તેમના પિતા ચુનીલા ગોવર્ધનરામ પંડ્યા (ઈ. 1992-1948) તેમના પૂર્વજ ખોખરા મહેમદાવાદના લલ્લુરામ વ્યાસ પાસે માણ વગાડવાની કળા શીખેલા. લલ્લુરામે પોતાની ત્રાંબાની સુંદ માણ ચુનીલાલને ભેટ આપી હતી. તેમણે પોતાના પુ ધાર્મિકલાલને માણની વાદ્યકલા શિખવાડી હતી.

પિતાના અવસાન બાદ ધાર્મિકલાલ ઈ. 1951થી માણ પર આખ્યોનો કરવાના શરૂ કર્યાં. આમ લગભગ 60 વર્ષથી તેઓ ગુજરાતની આ ઊજળી પરંપરાને જીવંત રાખવાનો પ્રયત્ન કરી રહ્યા છે. આજ દિન સુધી તેમણે ગુજરાતમાં ભારતમાં તેમ જ અમેરિકા, કૅનેડા, ઇંગ્લેન્ડ અને પૂર્વ આફ્રિકામાં હજારો કાર્યક્રમો આપ્યા છે. અન્ય સંગીત કાર્યક્રમોથી સદંતર જુદા પ્રકારના સાંસ્કૃતિક કાર્યક્રમને લોકો મુગ્ધતાથી માણે છે અને અતીતમાં ડોકિયું કરે છે. સંગીત નાટક અકાદમી તરફથી તેમને ઈ. 1983માં ગૌરવ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.

નવા યુગમાં કદમ મિલાવવા તેમણે પોતાની માણ સાથે તબલાં અને હાર્મોનિયમનો પણ સમાવેશ કર્યો છે. શ્રી ધાર્મિકલાલના બે પુત્રો પ્રદ્યુમ્ન અને મયંકભાઈ પિતા સાથે જોડાયા છે અને તેમના કાર્યક્રમમાં સાથ આપી રહ્યા છે. તેમના પુત્રો પણ માણકળામાં રસ લઈ રહ્યા છે. વડોદરામાં લહેરીપુરામાં તેમના દાદા અને પિતા જે ઘરમાં જન્મ્યા હતા તે જ ઘરમાં તેઓ જન્મ્યા છે. આ જ માહોલમાં ઊછર્યા છે. એટલે આ કળા જીવંત રહેશે તેવી આશા બંધાય છે.

ગુજરાતમાં ભીંતચિત્રો



ગુજરાતમાં અનેક ગામોમાં પરંપારિક ભીંતચિત્રો જૂનાં મકાનો પર જોવા મળે છે. અહીં રજૂ કરેલાં ચિત્રો વડોદરા, ચાંદોદ, સોજિત્રા, સૌરાષ્ટ્ર અને કચ્છમાં કેટલાંક મકાનો પર આલેખાયેલાં છે. આ ચિત્રો કેટલાક વ્યાવસાયિક ચિત્રકારોએ તો કેટલાક સામાન્ય માનવીએ પોતાની સૂઝબૂઝથી દોરેલાં છે. આદિવાસી રાઠવા કોમમાં તો જાણે પીઠોરાની કળા ગળથૂથીમાં જ ઊતરી છે.

ગ્રામ્યવિસ્તારમાં આ ચિત્રોના રંગો કુદરતી તત્ત્વોમાંથી જ બનાવવામાં આવતાં. જેમ કે ગેરુમાંથી લાલ, પીળી માટીમાંથી પીળો, ગળીમાંથી ભૂરો, કાજળમાંથી કાળો અને ખડીમાંથી સફેદ વગેરે રંગો વાપરવામાં આવતા. ગુંદર કે દૂધ તેના મિશ્રણનાં માધ્યમ રહેતાં. તેની ભોંય સાગોળથી તૈયાર કરવામાં આવતી. આથી આ રંગો ભભકદાર અને લાંબા સમય ટકેલા રહેતા.

હવે જોઈએ જુદાજુદા પ્રદેશોનાં મકાનો પર આલેખાયેલા કેટલાક નમૂના.

શિહોરનાં ભીંતચિત્રો

ગુજરાતનાં ભીંતચિત્રોને પ્રકાશમાં લાવવાનો સૌપ્રથમ શ્રેય ભાવનગર રાજ્યને ઘટે છે. શિહોરના જૂના રાજમહેલના ખંડમાં ભીંતોના ઉપરના ભાગે લાંબા પટમાં વખતસિંહ ઠાકોરે ચિતળ પર ચઢાઈ કરીને વિજય મેળવી તેને બાવન ખંડમાં બાવન ચિત્રોવાળા ગંજીફા રૂપે ઇંગ્લેન્ડમાં છપાવી પ્રસિદ્ધ કરેલ હતું. એ ભીંતચિત્રો લગભગ નષ્ટ થઈ ગયેલાં છે.

આ ભીંતચિત્રોની નકલો હાલ પણ ભાવનગર ગાંધીસ્મૃતિમાં સુરક્ષિત છે. તેમાં તે વખતના લશ્કરના સરદારો, બખ્તરિયા ઘોડેસવારો, તોપચીઓ, ભિસ્તીઓ, આરબ ટુકડીઓ, ઊંટ, ઘોડા પરનાં ડંકા-નિશાનો, અંગ્રેજ સૈનિક વગેરે, આતાભાઈનું લશ્કર, તે વખતના પોશાકો, પાઘડીઓ, વાહનો વગેરેનો સુંદર અને સ્પષ્ટ ખ્યાલ આપે છે. દોઢ ફૂટ પહોળાઈનો સળંગ પટ, સાદી પીળી ભોંય પર ચાલ્યાં જતાં પાત્રો, જાડી સલાટી શૈલીની રેખામાં બનાવેલું રૂઢિગત શૈલીમાં કરેલું છે.

પાંડરશિંગાનાં ચિત્રો

સૌરાષ્ટ્રમાં દામનગર પાસેના પાંડરશિંગા ગામના પાદરમાં આવેલી વિશ્વંભરનાથની જગ્યામાં પણ ભીંતચિત્રો છે. આ મંદિરમાં ભરપટ્ટે ચિત્રો છે. સો-દોઢસો વર્ષ પહેલાંના સમાજે પોતાની જીવનભાવના અહીં પ્રગટ કરી છે. અહીં 'રામાયણ', 'ભાગવત' અને યમલોકની વિવિધ ચિત્રાવલિ છે. અસ્ત પામતા મધ્યયુગની આ ચિત્રકળા આજના પ્રેક્ષકોને ઘણો વિનોદ પૂરો પાડે છે. ચિતારાને એનોટોમી કે પર્સ્પેક્ટિવના નિયમો નડ્યા નથી. કોઈ-કોઈ પાત્ર શું કરે છે તેની લેખિત નોંધ પણ તે ચિત્રોમાં મૂકેલી છે. લાઠી પાસે અંટાળિયાના મહાદેવના મંદિરમાં આવાં ચિત્રો છે.

જામનગરનાં ભીંતચિત્રો

જામનગર ખાતે તેના મહેલની દોઢીની ભીંત પર ભૂચર મોરીનું યુદ્ધ ચીતરાયેલું છે. તેમાં ગુજરાતના છેલ્લા સુલતાન મુઝફ્ફરશાહ ત્રીજાની આથમતી સત્તાની પડખે રહીને સૌરાષ્ટ્રના ત્રણ રાજવીઓનાં સૈન્યોની, દિલ્હીના મોગલ બાદશાહ અકબરના વિશાળ સૈન્ય સાથે ઝપાઝપી થયેલીનાં ચિત્રો બતાવેલાં છે. તેનું સરસ ચિત્રણ થયેલું છે. અલબત્ત, આ ચિત્ર પણ ઘણું ઝાંખું થઈ ગયું છે. આ ઉપરાંત અહીંના એક જૂના રાજમહેલની મેડીમાં તે સમયના જામનગરના લોકજીવનનાં ચિત્રો ઘણી વિગતે છત તેમ જ ભીંત પર આલેખાયેલાં છે.

વડોદરાનાં ભીંતચિત્રો

આવું જ રૂઢ ચિત્રકામ દોઢસો-બસો વર્ષ પહેલાં થયેલા ગુજરાતનાં મહાલયોનાં ચિત્રોમાં જોવા મળે છે. વડોદરામાં તાંબેના વાડાની બેમજલી હવેલીની ભીંતો પર આલેખાયેલાં ચિત્રોમાં મહારાષ્ટ્રીય શૈલીની છાંટ સ્પષ્ટપણે વર્તાય છે. તે સમયે ગુજરાતમાં મરાઠી સત્તાના મધ્યાહ્ને અને પેશ્વાના દરબારમાં રાજ્યાશ્રયે વિકસેલી લોકચિત્રણાને ગુજરાતની ભીંતો પર પડેલો પ્રભાવ અંકિત કરે છે.

આદિવાસીના પિઠોરા શૈલીના ચિત્રો





ભૂચર મોરી - જામનગર



શિહોરના ભીંતચિત્રોમાં રામાયણનું દૃશ્ય : સૌજન્ય, રમેશ પંડ્યા

કચ્છનાં ભીંતચિત્રો

કેપ્ટન મેકમર્ડો જેવા વિદ્વાન અંગ્રેજ અધિકારીએ કચ્છમાં અંજાર ખાતે 1818માં પોતાનો બંગલો તો પોતાના વતન ડેફીશાયરના મકાનની ઢબનો બંધાવ્યો પણ તેમણે ભીંતચિત્રો તો કચ્છની પરંપરાગત કમાંગર-શૈલીનાં જ કરાવ્યાં. અને વળી તેનું વિષયવસ્તુ 'કૃષ્ણલીલા' અને 'રામાયણ'નું જ રાખ્યું. જોકે હાલમાં તો આ બંગલાના એક જ ખંડમાં આ ચિત્રો જળવાઈ રહ્યાં છે.

ચરોતરમાં શ્રીમંત પાટીદારોનાં મકાનોમાં તેમ જ બહારની ભીંતો પર ભીંતચિત્રો નજરે પડે છે. વૈષ્ણવ હવેલીઓમાં તેમ જ અમદાવાદ અને વડતાલનાં સ્વામિનારાયણ મંદિરોમાં 100 વર્ષ પહેલાંનાં ચિત્રો તે સમયનાં પ્રતિબિંબો છે. વડતાલની ભીંતો પર રેલવેનાં ચિત્રો છે. રાજપીપળામાં પણ છત્રના મંડપોની ભીંત પર ચિત્રો છે.

ભરૂચ જિલ્લામાં જંબુસર તાલુકાના ગજેરા ગામમાં એક હવેલીની બહારની આખી ભીંત ચિત્રકામથી ભરેલી છે. આ ઉપરાંત ખેડા જિલ્લામાં સોજિત્રા, વસો અને રાસ ગામનાં મકાનોની ભીંતો ઉપર પણ ચિત્રો છે.



ઢોલા અને મારુ

ગુજરાતની ભૂતકાલીન સંસ્કૃતિએ બક્ષેલો આ અમૂલ્ય કલાવારસો અમુક જગ્યાએ સારી રીતે સચવાઈ રહ્યો છે, જ્યારે આ કલાવારસો તેના પ્રત્યેની સભાનતાના અભાવે કેટલીક જગ્યાએથી સદંતર નાશ પણ પામ્યો છે. નવાં મકાનો બનાવવા માટે જૂનાં મકાનો ઉપરનાં ચિત્રોનો તેમ જ જીર્ણોદ્ધાર થતાં મંદિરોની દીવાલો પરનાં સુંદર ચિત્રોનો નાશ થયો છે. આ પરંપરાના સાતત્ય પાછળ સમગ્ર ગુજરાતમાં કમાંગર-શૈલીના કડિયા-કારીગરોની ટેમ્પેરા ટેક્નિકનો એક વિશિષ્ટ કસબ સચવાઈને પડ્યો છે.

આ ભીંતચિત્રોમાં પ્રાચીન ભારતીય ચિત્રકળાનાં સન્નિવેશો કે રેખાનું માર્દવ અથવા અંગસૌષ્ઠવ કે વર્ણલીલાની છટા નથી. તેનાં રેખાંકન અને રંગપૂરણીમાં ઘણી મર્યાદાઓ છે. પરંતુ આ ચિત્રો સમકાલીન પ્રસંગો, પાત્રો અને પરિધાનોનાં સ્મારક છે. અઢારમી સદીના સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતના લોકજીવનનું દર્શન કરાવતી આ કલાસંપત્તિ આ યુગને માટે અમૂલ્ય વારસો છે.

તેની આ ઉપયોગિતા અને શક્તિને પિછાની બે-ચાર કલાકારો તેનું સંશોધન-અધ્યયન કરી પોતપોતાની આગવી ચિત્રમાળાઓ સર્જી શકે છે. તેમાં લાઠીના કુમાર મંગલસિંહજી તેમ જ શ્રી વ્રજલાલ ભગત અને ભાવનગરના ખોડીદાસ પરમારનો ફાળો નોંધપાત્ર છે. આ ભીંતચિત્રો પાછલી ચાર-પાંચ સદી દરમ્યાન ગુજરાત ખાતેના ઐતિહાસિક, રાજકીય અને સામાજિક ક્ષેત્રે પલટાયેલા પ્રવાહો ક્યારેક સ્થૂળ તો ક્યારેક સૂક્ષ્મ - ની પારાશીશી બની રહે છે.

વૈષ્ણવ મંદિરોએ આ કલાને ઘણું પ્રોત્સાહન આપ્યું છે. પટચિત્રો તથા પિછવાઈઓની કલા આ પ્રોત્સાહનથી વિકસેલી. હજી તેના નમૂના જળવાયેલા જોવા મળે છે. શ્રાદ્ધ - પક્ષમાં મંદિરોમાં રચાતી સાંજી-રંગોળીની કલા આ જ રીતે જળવાઈ રહે છે. આસો મહિનામાં ઘરઆંગણે સાથિયા પૂરે છે. સાથિયાનો મહિમા દક્ષિણ ગુજરાતમાં વધુ છે.



કચ્છના તે સમયના બ્રિટિશ રેસિડેન્ટ જેમ્સ મેક્મર્ડોએ પોતાના નિવાસની ભીંતો પર ખાસ ચિતરાવેલાં ભીંતચિત્રો બેનમૂન છે.



રાસ, ગરબા અને ગરબી

સામાન્યતઃ રાસ-ગરબા નવરાત્રિ સાથે - માતાજીના સ્વરૂપ આરાધના સાથે સંકળાયેલા છે, પણ વાસ્તવમાં તે લોકકળા છે. લોકજીવનનો એક નૃત્ય-સંગીત-પ્રધાન, સમુદાયક ઉન્મેષ છે - ઉદ્‌ગાર છે. તેમાં માત્ર ભક્તિ જ નથી, વ્યક્તિના - કુટુંબના - સમાજના - જીવનની બધી ઘટનાઓ, માનવીય અને કૌટુંબિક સંબંધો, ભાવો વ્યક્ત થયેલાં હોય છે.

આશાઓ અને ઉમળકાઓ, ઇચ્છાઓ - અરમાનો અને અનુભવો, આનંદ અને ક્રંદન, વિલાસ અને વિરાગ, કોમળતા અને કરુણતા - બધા ભાવો તેમાં પોતાની અભિવ્યક્તિ પામતા હોય છે. મેડીઓ ને મહેલાતો, ખોરડાં ને ઓરડાની માંહ્યલીપાની અનેક વણકથી વાતો કે ઘૂમટામાં છુપાઈ રહેલાં સ્મિત અને આંસુ કે છાનાં ઘોળાયેલાં કંકુ ને એમ આ રાસ તેમ જ ગરબામાં ભીતરનું ઢાંકણ ફોડીને બુલંદ કે પોકારાયેલાં સંભળાય છે. સંસારનાં વીતકો બુલંદ કંઠમાં, ઉછળતાં પગલાં ને ઝૂમતા હાથમાં, તાળીઓ ને ચપાળીઓમાં, ઘાઘરાના ઘુમરાતી ઘેર ને ગરબાના ઘેરાવમાં વ્યક્ત થતાં હોય છે. ચોકે કે ચોકઠામાં, ઝૂંપડીઓ વચ્ચેના આંગણામાં કે ફળીમાં નવરાત્રિ વગર પણ ઢબૂકતા ઢોલ સાથે રાસ-ગરબાની રમઝટ જામતી જણાય, પણ એનો મુખ્ય અવસર - માનાં નોરતાં !

ગરબો ગુજરાત-આખાનું લોકધન છે, પણ એનું જોમ ને જોબન વિશેષ રૂપે ખીલ્યાં છે સૌરાષ્ટ્રમાં ને રાસડામાં સવિશેષ. આથી જ જાણે રાસ-રાસડા જોડાઈ ગયા છે સૌરાષ્ટ્ર સાથે. સૌરાષ્ટ્રનાં રાસ-રાસડા-ગરબા-ગરબીનાં રૂપ ને રંગત અને બહાર પણ સુંદર લોકનૃત્યો તરીકે વિખ્યાત થયેલ છે.

ગરબો

ગરબો એટલે ગર્ભદીપ - ઘડામાં મુકાયેલો દીવો. ઘડાને કોરાવીને એમાં દીપ મૂકી, પ્રકાશકિરણોની ધારાઓ વહાવતી ગૂર્જરી-સોરઠી નારીઓ આનંદ અને ઉલ્લાસથી ગરબે ઘૂમે છે.



ગરબો એકમાંથી અનેક જ્યોત પ્રગટાવતી આદ્યશક્તિ મહામાયાની પૂજાનું જૂનું સ્વરૂપ છે. આસો સુદ એકમથી નોમ સુધીની નવ રાત્રિઓમાં ગુજરાતણો માની આરાધના કરે છે, સ્તુતિ કરે છે, પૂજા કરે છે અને તેનો મહિમા ગાવા ભાવવિભોર થઈને ગરબે ઘૂમે છે. આ દેવીપૂજા એ જ ગરબાની ઉત્પત્તિનું મૂળ છે. પ્રત્યેક સ્ત્રી પોતાની મનઃકામના પૂર્ણ થાય તેવા મા પાસે આશીર્વાદ મનોમન માગે છે.

ગરબાની આરાધના માની આરાધનાથી જ શરૂ થઈ, પરંતુ ગરબીનો સંબંધ વિશેષ કૃષ્ણભક્તિ સાથે જોડાયેલો છે, કારણ કે ગરબીઓ ઉપલબ્ધ છે તેમાંના મોટા ભાગમાં કૃષ્ણ-ગોપીનો શૃંગાર સારા પ્રમાણમાં આલેખાયો છે. કૃષ્ણ ગોકુળ છોડી મથુરામાં જાય છે અને ત્યાંથી પાછા ફરતા નથી તેથી





ઉપર : ગરબો જમણે: જાગ

કૃષ્ણવિરહથી ટળવળતી ગોપીઓની વિરહવ્યાકુળ-દશાનું એમાં ચિત્રણ હોય છે.

કાળાંતરે હવે આ ગરબામાં શક્તિપૂજા સિવાયનાં પણ ગીતો ગવાતાં નજરે ચડે છે. ગઈ કાલનો શેરીના ચોકમાં ગવાતો ગરબો હવે રંગમંચ પર આવી ગયો છે. પહેલાં તો ગરબે ફરતી બહેનો સ્વકંઠે બુલંદીથી ગરબો ગાઈ શકતી હતી, આજે હવે તે શક્ય નથી, એટલે આજે ગરબામાં ઉછીનો અવાજ લઈને ગરબો ગવાય છે.

અવાજની બુલંદી માઈક્રોફોન દ્વારા સાધવામાં આવે છે. ઉપરાંત આધુનિક ઑરકેસ્ટ્રાનું ઉમેરણ થવાથી આજના ગરબાએ પોતાનું તળપદું આગવું વ્યક્તિત્વ ગુમાવી દીધું છે.

આજે કોરિયોગ્રાફી ગરબાનું એક મહત્ત્વનું અંગ બની ગઈ છે. ડ્રેસવાળાઓને એક નવો વ્યવસાય મળ્યો છે, જ્યાંથી ગરબા માટેના એકસરખા ડ્રેસ ભાડે લાવવામાં આવે છે. આ કારણે ગરબો વ્યાવસાયિક અને વ્યાપારી તત્ત્વવાળો બની ગયો છે. ગરબામાં ગીત, સ્વર, લય અને તાલ મહત્ત્વનાં છે. ગરબામાં ઘણું કરીને મ્હાડ, કાફી, પીલુ, ધનાશ્રી, કાલિંગડો અને સારંગ રાગનાં જુદાંજુદાં મિશ્રણ હોય છે. એમાંથી ગરબાની મીઠાશ ટપકે છે. ગરબાના પ્રકારમાં એક-તાળી, ત્રણ-તાળી અને તાળી-ચપટીના પ્રકારો પ્રચલિત છે.

નરસિંહ, દયારામ, વલ્લભ, ન્હાનાલાલ, સુંદરમ્, ઉમાશંકર, વેણીભાઈ, નિનુ મઝુમદાર અને અવિનાશ વ્યાસનાં ગીતોનો ગરબામાં ભરચક ઉપયોગ થયો છે.

રાસ

સૌરાષ્ટ્રમાં રાસ મોટે ભાગે પુરુષો લે છે અને રાસડા એકલી સ્ત્રીઓ લે છે. ક્યારેક સ્ત્રી-પુરુષ ભેગાં મળીને પણ રાસ લે છે. રાસ એટલે સામાન્ય રીતે દાંડિયારાસ, પરંતુ દાંડિયા વગરના રાસ પણ પગના ઠેકા સાથે, હાથના હિલોળા અને અંગમરોડ સાથે લેવામાં આવે છે. જ્યારે તે ચલતીમાં આવે ત્યારે શરીર વેગથી ફંગોળાય છે. દાંડિયારાસમાં ત્રણ-તાળીના રાસ ખમીરવંતા લાગે છે. દાંડિયારાસ એ સૌરાષ્ટ્રનું સર્વોત્તમ લોકનૃત્ય છે. આ દાંડિયારાસના અનેક પ્રકારો છે.

રાસનૃત્યોમાં તેનાં ગીતોની સરળતા, ભાવવાહિતા અને આખાય સમૂહમાં ચેતન રેલાવવાની અદ્ભુત શક્તિ છે. તેનાં નૃત્યોમાં લય, ગીત અને તરલતાને કારણે આ વારસો ચિરંજીવ બની શક્યો છે.

દાંડિયારાસ







રાસડા

રાસ એ પ્રધાનતઃ લોકનૃત્ય છે, જ્યારે રાસડામાં નૃત્ય કરતાં લોકસંગીત પ્રધાન છે. રાસડા એ તાલી-રાસનો એક પ્રકાર છે ત્રણ-તાલીનો. પગલાં પણ ત્રણ-ત્રણ અને ચાર-ચાર ઊપડતાં આવે. પહેલાંના સમયમાં પશુપાલન અને ખેતીનો વ્યવસાય કરતી કોમોમાં પણ રાસડા વિશેષ લેવાતા હતા. પાછળથી ઘણી અન્ય કોમોમાં પણ રાસડાનો પ્રચાર થઈ ગયો.

રાસડામાં શબ્દો સરળ હોય છે. ધ્વનિ એ તેનો આત્મા છે. રાસડામાં રહેલા સંગીતને કારણે કરુણ, ગંભીર, પ્રસન્ન ભાવોનાં એવાં સ્પંદન ઊછળે છે કે રાસડો પૂરો થયા પછી પણ ત્રીસ, ચાળીસ કે પચાસ-પચાસ કંઠોમાંથી ઊઠેલા એ ધ્વનિ વાતાવરણમાં વણાઈને ગુંજ્યા કરે છે અને મનવહેયાંને ભીંજવી દે છે.

કોળી અને ભરવાડ કોમોમાં સ્ત્રી-પુરુષો સાથે રાસડા લે છે. સૌરાષ્ટ્રનું ગ્રામલોકજીવન આ રાસડે ઝિલાઈ રહ્યું છે. તેમાં ઉપયોગમાં લેવાતાં વાદ્યોમાં મોરલી, પાવા અને શરણાઈ જેવાં સુષિર વાદ્યો, કરતાલ, ઝાંઝ, ઘૂઘરા ને મંજિરા જેવાં ઘન વાદ્યો, ઢોલ, ઢોલક, ડફ અને ખંજરી જેવાં ચર્મવાદ્યોનો સામાન્યતઃ ઉપયોગ થાય છે.

હવે આ લોકવારસામાં આધુનિકતા ને સુંવાળપ આવી ગઈ છે. એ કારણે તેનું સ્વત્વ વિલાતું જાય છે, પાંખું થતું જાય છે. ગીતોના શબ્દ એકના, સ્વરાંકન બીજાનું, નૃત્ય તથા દિગ્દર્શન ત્રીજાનું એમ આધુનિકતાને કારણે એકરૂપતા નષ્ટ થતી જાય છે.

ગોફગૂંથન

આ નૃત્યમાં માંડવો, વૃક્ષ કે સ્તંભની મદદ લેવામાં આવે છે. આ નૃત્યમાં દોરી કે રાશ વપરાય છે અને તે ખુલ્લા મેદાનમાં રમાય છે. રમવા માટે માંડવો બનાવે - માંડવા પર નાખેલા વાંસે દોરીઓ બાંધે. ગુચ્છમાં બાંધેલી રાશ કે દોરીનો એક છેડો નીચે સમૂહમાં ઊભેલા નૃત્યકારો હાથમાં પકડી રાખે છે. બીજા હાથમાં દાંડિયા પકડીને વેલ-આકારમાં એક જણ અંદર અને એક જણ બહાર જઈ ગોળ ફરતાં નૃત્ય કરે છે. આ કારણે દોરીઓની સુંદર ગૂંથણી થાય છે. ફરી પાછા જે દિશામાં ફરતા હોય તેનાથી ઊંધી દિશામાં ફરવા માંડે છે એટલે ગૂંથણી છૂટતી જાય છે. આ રાસમાં અનેક પ્રકારનાં નર્તન રચાય છે. તેમાં સ્વસ્તિક વગેરે જાતજાતના અનેક આકારો રચાય છે.

ગોફગૂંથન







પઢારનૃત્ય

લોકનૃત્યો

કોળીઓનું નૃત્ય

પઢારો જેવી સ્ફૂર્તિ ધરાવતા કોળીઓના નૃત્યમાં જળકાંઠાના સંસ્કાર નથી. કોળીઓ એ સૌરાષ્ટ્રની રંગીલી કોમ છે. અર્ધઘરડો આદમી પણ ઉત્સવટાણે આંખમાં સુરમો, માથે લાલ મધરાસિયો, આંટિયાળી ગોળ પાઘડી, પાઘડીને આભલાંભરેલું લીલા પટ્ટાનું બાંધણું અને કેડે બાંધેલી રંગીન ભેટ ! આટલું અધૂરું હોય તેમ હાથમાં બબ્બે છત્રી ઝુલાવતો જાય. અને છત્રી પણ કેવી ? ભરતભરેલી. સળિયેસળિયે લાલ-પીળા ને લીલા રૂમાલ લટકતા હોય. મધ્યમ કદ ધરાવતા કોળીનાં શરીર પાતળાં ને અજબ ચેતનવંતાં હોય છે. આ કોળીઓનું રંગીલાપણું જોવું હોય તો તરણેતરના મેળામાં જોવા મળે. આ મેળો કોળીઓનો જ મેળો છે. કોળણો પણ ત્રણ તાલીના રાસમાં ચગે છે. મીઠી હલકે, મીઠા કંઠે ને મોકળે મને ગાતી ને વાયુના હિલોળાની જેમ ઝૂમતી કોળણોના રાસડા જોવા એ જિંદગીનો એક લહાવો છે.

સીદીઓનું ધમાલનૃત્ય



પઢારનાં રાસનૃત્યો

પઢારો એ ખારવા નથી પણ જળકાંઠાની સંસ્કૃતિની નજીકનો એમનો નાતો છે, એટલે જળકાંઠાના વસનારા જેવા એમના સંસ્કાર છે. રાસનૃત્યોમાં પઢારોની શિસ્ત સૌ કોમો કરતાં ચડિયાતી છે. સમાન ગતિ, સમાન અંગભંગ અને સમાન સ્ફૂર્તિ એ તેમની વિલક્ષણતા છે. દાંડિયા લેતાંલેતાં તેઓ દોડતા લાગે - પણ એ તેમનો લય છે. એમની વિશિષ્ટતા મંજીરારાસમાં છે. હાથમાં મંજીરાના તાલ સાથે શરીરને જમીન સરસું પાછું રાખીને તેઓ તાલબદ્ધ રીતે બેઠા થાય છે. ઢીંચણ સુધી માથું નમાવીને પાછા માથાને જમીન સરસા લઈ જાય છે. મોજાં ઊપડે ને વીંખાય - વીંખાય ને ઊપડે તેવાં દૃશ્યો સર્જાય છે. સાગરના સીના પર વહાણ હિલોળા લેતું હોય તેવું દૃશ્ય ખડું થાય છે.

સીદીઓનું ધમાલનૃત્ય

રાસ ન હોય તેવું એક નૃત્ય છે સીદીઓનું ધમાલનૃત્ય. જાફરાબાદ પાસે જંબુસર ગામે સીદી લોકોની ત્રણસો વર્ષ જૂની વસાહત છે. જાતે મુસલમાન. મૂળ આફ્રિકાના કોઈ કાળે અહીં આવીને વસેલા આ લોકોએ આફ્રિકાના ગિલનું નૃત્ય-સ્વરૂપ જાળવી રાખ્યું છે. હાથમાં મશીરા (નાળિયેરની આખી કાચલીમાં કોડીઓ ભરીને એના પર લીલું કપડું વીંટાળીને એને તાલબદ્ધ ખખડાવે છે તેને મશીરા કહે છે), મોરપિચ્છનું ઝુંડ, નાનાં ઢોલકાં એ એમનાં સાધન છે. આ નૃત્ય પણ ગોળાકારનું જ નૃત્ય છે. સૌની આગળ સીદીઓનો મુખી ગાતો ને ગવરાવતો જાય, ઠેક મારતો જાય અને બધા સીદીઓને માથે મોરપિચ્છનો ઝૂડો ફેરવતો જાય.

સીદીઓનો કંઠ ઘોઘારી છે. સમૂહગાન વેળાએ પહાડો ને જંગલમાંથી ઘેરા પડછંદા ઊઠતા હોય તેવું લાગે. ટૂંકા આરોહ-અવરોહે હો... હો... નાદ ઘોરાતો હોય. આ બધી ચીજોનું સંમિશ્રણ થાય ત્યારે જોનાર અને સાંભળનારનાં પણ રૂંવાડાં ઊભાં થઈ જાય છે.

ભરવાડોનાં રાસનૃત્યો

ભરવાડોનાં રાસનૃત્યોમાં સામાન્ય રીતે ગોપ-ગોપીઓનાં ગીતો હોય છે. પુરુષોના રાસમાં ભાગ્યે જ ગીતો ગવાતાં હોય છે. માત્ર ઢોલના તાલથી જ તેઓ પરોણી અથવા દાંડિયારાસ લે છે. સ્ત્રી-પુરુષોના ભેગા રાસમાં પોશાકનું વૈવિધ્ય જોવા મળે છે. પુરુષનાં વસ્ત્રો સફેદ અને સ્ત્રીઓનાં ઘેરાં શ્યામ. ભરવાડની પાઘડીઓના છેડા લાલ. આ પોશાકમાં તેમનાં કસાયેલાં શરીર દીપી ઊઠે છે. સ્ત્રી-પુરુષના રાસમાં ભરવાડણ તેના સસરા, જેઠ કે દિયર સાથે પણ રાસ લે છે.

મેરનું ખમીરવંતું નૃત્ય

ભરવાડો, આયરો અને કણબીઓનાં નૃત્યોમાં પૌરુષ જરૂર દેખાય છે, પરંતુ મેરજાતિના નૃત્યનું લડાયક ખમીર અને આકર્ષક બાહુબળ આગવું સ્વરૂપ ધારણ કરે છે. લાંબી ભુજાવાળા, મુછાળા અને થોભાળા, ઊંચાં પડછંદ શરીરવાળા, સિંહ સમા સીના, કરડાં મુખ, કેડિયા પર કસકસાવીને બાંધેલી ભેટ, કપાળ પરથી છાજલું કરતી પેચદાર પાઘડી એવા અઢાર વર્ષના દૂધમલિયા જુવાનિયાથી માંડીને એંસી વરસના, ધોળી દાઢી ફરકાવતા વૃદ્ધ-જુવાનો રાસના મેદાનમાં ઊતરે ત્યારે જાણે મધ્યયુગનાં દૃશ્યો ખડાં થાય છે.

ઢોલ અને શરણાઈ પણ એમના શૂરાતનને બિરદાવતાં હોય તેમ લાગે. મેર-લોકોમાં પગની ગતિ તાલબદ્ધ હોવા છતાં તરલતા ઓછી છે. શિસ્તબદ્ધ સિપાઈઓની જેમ તેમનાં પગલાં ઊપડે છે. તીરછાં, તોળેલાં શરીર અને દાંડિયા-તલવારના ઝાટકાની જેમ વીંઝાય છે. એકસાથે ચાળીસ-ચાળીસ આદમીના મરદાનગીભર્યા મેરોડો ખેંચાઈ રહે છે. ક્યારેક-ક્યારેક એકથી દોઢ મીટર જેટલા ઊંચા તેઓ ઊછળે છે અને વીરરસ તથા રૌદ્રરસની પ્રસન્નગંભીર છટા ઊભી કરે છે.

શ્રમહારી ટિપ્પણીનૃત્ય

ટિપ્પણી એ શ્રમહારી નૃત્ય છે. પહેલાંના સમયમાં જ્યારે ઓરડા, ઓસરી, મેડી, મંદિર કે અગાસીની ભોંય પર લાદી જડવામાં આવતી ન હતી ત્યારે તે ઊજળી અને લીસી ન થાય ત્યાં સુધી ટિપ્પણી ચાલતી. આ ધરબવું એટલે જ ટીપવું. છાતી સમાણા પરોણા કે જાડી લાઠીઓમાં ગોળ કે ચોરસ એવા ત્રણ-ચાર ઇંચના લંબચોરસ લાકડાના ટુકડા જડવામાં આવતા. એ જ ટિપ્પણી.



ટિપ્પણીનૃત્ય

ભોંય એકસરખી ટિપાય એ માટે કેટલીક વાર ગોળાકારે અને કેટલીક વાર સામસામે બહેનો ઊભી રહી, ધ્રાબો ટીપતી જાય.

ઘણા દિવસો સુધી ચાલતું આ એકધારું ટીપવાનું કામ કંટાળાજનક ન થઈ જાય એ કારણે બહેનો ગીતોએ ચડી ટિપ્પણી કરતી. તાલ તો ટિપ્પણીનો મતો જ રહેતો હતો. તેમાં ધીરેધીરે ઢોલ આવ્યો. તાલ અને લયને કારણે બહેનો ચગતી ગઈ તેમતેમ જુદીજુદી ચાલ આવીને ટિપ્પણીનૃત્યનો પ્રકાર શરૂ થઈ ગયો.

ભીલ, કોળી વગેરે અનેક કોમોની બહેનો ટિપ્પણીનૃત્ય કરે ત્યારે એક પ્રેક્ષણીય દૃશ્ય ખડું થઈ જાય છે.

લાંબી ભુજાવાળા, મુછાળા અને થોભાળા, ઊંચાં પડછંદ શરીરવાળા, કેડિયા પર કસકસાવીને બાંધેલી ભેટ, કપાળ પરથી છાજલું કરતી પેચદાર પાઘડી એવા અઢાર વર્ષના દૂધમલિયા જુવાનિયાથી માંડીને એંસી વરસના, ધોળી દાઢી ફરકાવતા વૃદ્ધ-જુવાનો રાસના મેદાનમાં ઊતરે ત્યારે જાણે મધ્યયુગનાં દૃશ્યો ખડાં થાય છે.



બનાસકાંઠાનું લોકનૃત્ય 'મેરાયો'

'મેરાયો'નું લોકનૃત્ય બનાસકાંઠાના વાવ તાલુકા તેમ જ અન્ય વિસ્તારોના લોકમેળાઓમાં જોવા મળે છે. આ લોકનૃત્યમાં ઠાકોર-કોમના લોકો ભાગ લે છે. આ મેરાયો કેવો હોય ?

સરખડ અથવા ઝૂંઝાળી નામના ઊંચા ઘાસમાંથી તોરણ જેવાં ઝૂમખાં ગૂંથીને આ મેરાયો બનાવવામાં આવે છે. આ ઝૂમખાને 'નાગલી' કહેવામાં આવે છે. આવાં અનેક ઝૂમખાંને એક લાકડીની આસપાસ, એક ચોરસ પાટિયાને આધારે લટકાવવામાં આવે છે. ઉપર ચર છેડે મોર-પોપટ બેસાડવામાં આવે છે. બધાં ઝૂમખાંની વચ્ચે દીવડો હોય તેવી વ્યવસ્થા હોય છે. આ થયો મેરાયો. તેને વધુ સુશોભિત કરવા માટે તેના પર ઘુઘરિયાળા 'રોમાલ' બાંધે છે. એક માણસ કમ્મરે, ભેટમાં નાળિયેરની કાચલી બાંધે છે. તેમાં મેરાયાને ઠેરવવામાં આવે છે. ત્યાર પછી તેના મોર-પોપટ ફરવા માંડે છે. અંધારી રાતમાં દીવડો ઝબકારા વેરે છે. ખડું થાય છે એક અદ્‌ભુત દૃશ્ય. આ દૃશ્ય જોનારને રોમાંચિત કરી દે છે.

આ મેરાયો ઘુમાવતી ટોળી મેળાના સ્થળે ઊપડે છે. સાથે ફૂકવાનો ઢોલ વાગતો હોય છે. આ રીતે મંડળી આવે. પછી ખુલ્લી તલવાર-પટાબાજી ખેલતા પટાધર અને પડછંદ તથા પાતળિયા બે મોટિયાર દ્વંદ્વયુદ્ધ માટે એકબીજાને પડકારે છે, ખુલ્લી તલવારે એકબીજા પર વાર કરે છે અને બચાવ કરે છે. ઢીંચણિયે વળી જાય છે. આગળ વધે છે. પાછા પડે છે. સૂઈ જાય છે. પાછા ચિત્તાની જેમ તરાપ મારે છે. એકબીજાની ગરદન પર તલવારો ઝીંકે છે. જોનારને હૃદય થંભી જતું લાગે છે. ત્યાં એકાએક બંને લડવૈયા સામસામે એકબીજાને ભેટી પડે છે. આ વખતે 'હુડીલા' ગવાય છે. આ 'હુડીલા' એ બનાસકાંઠાવિસ્તારનું શૌર્યગાન છે.

રજપૂતના દીકરાને તલવારે લડતા કે રમતા જોવા એ પણ એક લહાવો છે. આ ઉપરાંત 'સાંઢણી' અને 'કાનુડો' નામનાં બે લોકનૃત્યના પ્રકારો પણ અહીં પ્રચલિત છે.



ડાંગનું લોકનૃત્ય



બનાસકાંઠાનું લોકનૃત્ય 'મેરાયો'

ડાંગના આદિવાસીઓનાં નૃત્યો

પૂર્વ ગુજરાતનો આખો ઊભો પટો આદિવાસી વિસ્તાર છે. ઉપર સાબરકાંઠાવિસ્તાર, વચ્ચે પંચમહાલવિસ્તાર અને નીચે છે ડાંગવિસ્તાર. પણ એ આદિવાસી લોકોની સંસ્કૃતિ – રીસરસમ નોખી ને અનોખી છે.

ડાંગી નૃત્યો 'ચાળો' તરીકે ઓળખાય છે. 'માળીનો ચાળો', 'ઠાકર્યા ચાળો' વગેરે. ડાંગી નૃત્યના 27 જાતના તાલ છે. તેઓ ચકલી, મોર, મરઘી કે કાચબા જેવાં પંખીઓ કે પ્રાણીઓની નકલ નૃત્યસ્વરૂપે કરી દેખાડે છે. ડાંગના મહાલ-વિસ્તારના ગીચ જંગલની ખીણમાં આવેલું ગામડું હોય, ચાંદની રાત હોય અને મહુડામાંથી કે ગોળમાંથી બનાવેલો દારૂ મળતો હોય તો ડાંગીઓ લાગટ બાર-બાર કલાક નૃત્ય કરી શકે છે ! 'માળીનો ચાળો' નૃત્યમાં ડાંગી પુરુષો ગોળાકારે ઊભા રહી જાય છે. તેમના ખભા પર બે જુદીજુદી સ્ત્રીઓના એક-એક પગ હોય છે.

થાપી, ઢોલક, મંજીરા કે પાવરી નામનાં વાજિંત્રોમાંથી સૂરો વહેતા થાય એટલે સ્ત્રીપુરુષો નાચવા માંડે. માળીનો ચાળો નૃત્ય પૂરું થવા આવે ત્યારે સ્ત્રીઓ પુરુષના ખભા પરથી જમીન પર ઊતરી પડે અને પુરુષના શરીરને સ્પર્શી લે છે. જાણે કષ્ટ આપ્યા બદલ માફી માગી લે છે.

ગુજરાતનું લોકનાટ્ય ભવાઈ

ભવાઈ લોકનાટકનો ગુજરાતી પ્રકાર છે. લોકસાહિત્ય અને લોકસંગીતની જેમ આ લોકનાટ્ય - લોકકલાનો પ્રકાર છે. આથી તેના વિષયવસ્તુ (વેષ) અને નાટ્યરીતિમાં લોકકલાનાં લક્ષણો પ્રાપ્ત થયાં છે. ભારતના અન્ય પ્રદેશોમાં પ્રાપ્ત થતા લોકનાટ્યના પ્રકારો મહારાષ્ટ્રના તમાશો, ઉત્તરપ્રદેશમાં નવટંકી, બંગાળમાં જાત્રા, પંજાબ-હરિયાણામાં સ્વાંગ, આંધ્રમાં યક્ષજ્ઞાન ને તામિલનાડુમાં તેરકટ્ટુને કંઈક અંશે કેરળના ચાકયારની જેમ ભવાઈ એ ગુજરાતનો વિશિષ્ટ લોકનાટ્ય-પ્રકાર છે અને તેની ચોક્કસ પરંપરા સ્થપાઈ છે. પરિણામે કેટલાંક પરંપરા મિશ્રિત લક્ષણો નક્કી થયેલાં છે.

ગીત, નૃત્ય અને અભિનય દ્વારા તેમ જ ટુચકાઓ રજૂ કરીને તે દ્વારા તે કાળની અવસ્થા તેમ જ સારીમાઠી રૂઢિઓ પર તગતગતા ચાબખા મારીને, લોકોને એમની જ મૂર્ખાઈ પર ખડખડાટ હસાવવાનું કામ નાયક-કોમના લોકો કરતા. વેશના અંતમાં છેવટે તો સમાજને સ્પર્શતી કોઈક ગર્ભિત શિખામણ પડેલી હોય છે. મૂળે તો આ લોકનાટ્યો અને ભવાઈના હેતુ આવા મનોરંજન દ્વારા લોકસુધારણા કરવી એ જ હતો.

એ જમાનામાં જ્યારે ગામડામાં પેટ્રોમેક્સ પણ હતી નહીં ત્યારે ગામનો નાયી હાથમાં મશાલ ધરીને સાથ આપતો. મશાલને અજવાળે ભવાઈ ભજવાતી. જ્યાં નાટકો અને મનોરંજનનાં બીજાં સાધનો પહોંચી શકતાં ન હતાં એવાં હજારો ગામડાંઓમાં એકધારાં પાંચસો-પાંચસો વર્ષ સુધી આ ભવાઈએ મનોરંજન અને બોધ પૂરાં પાડ્યાં છે. તેણે ધર્મનાં મિથ્યાભિમાન, વેશધારી સાધુઓ, શ્રીમંતોના દંભ, સત્તાના મોહના પડદા ચીરીને હળવી રીતે તેમને સમાજ આગળ ઉઘાડાં પાડ્યાં છે. એમણે નથી માગ્યા સાહિત્યના અભ્યાસુઓ, વિવેચકો, રંગભૂમિ-સજાવટ, ભવ્ય પ્રેક્ષાગાર કે દૃશ્ય-રચનાઓ, પરંતુ સબળ અભિનય અને સંગીત દ્વારા સળંગ રાતભર પ્રેક્ષકોને મંત્રમુગ્ધ બનાવીને ચસકવા દીધા નથી. ભવાઈના કલાકારોએ ગુજરાતી રંગભૂમિને નટો પણ પૂરા પાડ્યા છે.

ભવાઈની પરંપરાનો આરંભક અસાઇત ગણાય છે. મનાય છે કે અલાઉદ્દીનના સૈન્યે સિદ્ધપુર પર ચઢાઈ કરી ત્યારે પોતાને ત્યાં મહેમાન તરીકે આવેલી પાટીદાર યજમાન-કન્યાને પોતાની પુત્રી ગણાવી બચાવવાના પ્રયત્નને પરિણામે ઊંઝાના આ શ્રીમાળી બ્રાહ્મણે બ્રાહ્મણજ્ઞાતિને છોડવી પડી, એટલે યજમાન પટેલોએ તેને આજીવિકા અર્થે વર્ષાસન બાંધી આપ્યું. તો અસાઇતે, પોતે સંગીતાદિ કલામાં પ્રવીણ હોવાથી, લોકશિક્ષણ અને લોકરંજનના લક્ષ્યને સંયુક્ત કરી પોતાના ત્રણ પુત્રોની સહાયથી ભવાઈના પ્રયોગો કરવાનું શરૂ કર્યું. અસાઇતે તેમાંથી રથ્યા-રંગભૂમિ ઊભી કરી. તેના ત્રણ પુત્રોનાં ત્રણ ઘરની ન્યાત ત્રગાળા-તરગાળાને નામે જાણીતી થઈ અને તેમણે આજ સુધી લોકભવાઈની પરંપરા જાળવી



છે, એટલું જ નહીં, પણ અભિનયને રંગભૂમિક્ષેત્રે ઉત્તમ કલાકારો આપ્યા છે.

ભવાઈનો આદ્યપિતા : અસાઈત



ભવાઈમાં સામાન્ય લોકસમાજને સમજાય ને ગમે-રુચે એવા લોકભોગ્ય વિષયો નાટ્યરૂપે રજૂ થતા. તેમાં કાલિકાના વેષ જેવા ધાર્મિક વેષ પણ હોય. શંકર-ભીલડી, તાડકા, રામલક્ષ્મણ, વામન-બલિ, કાન-ગોપી જેવા પૌરાણિક વેષ હોય, જસમા ઓડણ, શૂરો રાઠોડ, રામદેવ પીર જેવા ઐતિહાસિક-અર્ધઐતિહાસિક-દંતકથાત્મક વેષ હોય, તેમ જ જૂઠણ, છેલબટાઉ, કજોડો, ભગતાણી, ઝંડાઝૂલણ, બજાણિયો, દરજી, સરાણિયો વગેરે જેવા સામાજિક વેષ પણ હોય.





ભવાઈનું લક્ષ્ય સામાન્યતઃ લોકશિક્ષણ સાથે લોકરંજનનું. પણ તેનો વિકાસ બે દિશામાં થયો. એક બાજુ માતાના મંદિરના પ્રાંગણમાં ચાચરચોકમાં રમાતી ભવાઈ તરીકે માતાની ભક્તિ તરીકે તેનો વિકાસ થયો, તો બીજી બાજુ પ્રાકૃત મનોરંજનનો ઉદ્દેશ વધુપડતું પ્રાધાન્ય ભોગવતાં તેમાં પ્રાકૃતતા સારી પેઠે વકરી. પરિણામે ભવાઈ ઉત્તમ અભિનયની ક્ષમતાવાળો અને લોકોપયોગી નાટ્યપ્રકાર હોવા છતાં, શિષ્ટ સમાજમાં તેને માટે અભાવ પણ વર્તાવા લાગ્યો. પરિણામે થોડાક વિશિષ્ટ સમાજવિભાગો સિવાય તેને પ્રોત્સાહન ન મળતાં તે ઓછો વ્યાપક બનતો ગયો. બીજી બાજુએ, થિયેટરોમાં ભજવાતાં નાટકોની પ્રવૃત્તિ વિકસતાં ભવાઈ શિક્ષિતો અને શહેરી સમાજમાં વીસરાવા લાગી. છતાં તરગાળા-સમાજે તેના પરંપરાગત લોહીમાં જ,







ભવાઈમાં જુદાજુદા વેશ કાઢવામાં આવે છે તેમાં ભવૈયાના ચહેરા ઉપર જાતભાતના શણગાર કરી તેમાં રંગો પણ પૂરવામાં આવે છે.

આલેખન :
જયંતી પટેલ (રંગલો)

વારસામાં જ મળતી નાટ્યશક્તિથી તેને ચાચરમાં કે ચોરામાં ગામો-ગામડાંઓમાં સતત જીવતી રાખી ને આ લોકનાટ્યકળા આજ સુધી જળવાઈ રહી છે.

તેની લોકપ્રિયતા ઘટતાં એ જ કલાકારોએ એ જ કલાની સ્પર્ધા કરતી વ્યવસાયી રંગભૂમિને પોતાની કળાથી સમૃદ્ધ કરી. અમૃત કેશવ નાયક, પ્રાણસુખ નાયક, જયશંકર ભોજક (સુંદરી), બાપુલાલ નાયક વગેરે ગુજરાતી રંગભૂમિના અનેક કલાકારોમાંનાં યશસ્વી નામો છે.

અર્વાચીન સમયમાં સરકાર વગેરે દ્વારા લોકકલાઓને મળતા પ્રોત્સાહનનો લોકભવાઈને પણ લાભ મળ્યો છે ને ભવાઈની પરંપરાગત રીતિની તાલીમ, તેના કલાકારો, મંડળીઓ, વગેરેને સરકાર તરફથી સહાય મળી રહી છે. આથી તેમાં પ્રવેશેલી અસ્વીકાર્ય રીતિનીતિઓ ગળાઈને ભવાઈ વધુ લોકસ્વીકૃત કલા તરીકે પ્રચલિત થઈ રહી છે.

ભવાઈની ભજવણી મુક્ત રીતની હોય છે, પરંતુ કાળે કરીને તેમાં કેટલીક પરંપરાઓ નિશ્ચિત લક્ષણો તરીકે સિદ્ધ થયેલી છે. ભવાઈને ચોકઠાબંધ નાટ્યશાળા કે રંગભૂમિની જરૂર નથી. તેનો પ્રયોગ ખુલ્લા ચોગાનમાં, કોઈ મંદિર, ધર્મશાળાના પ્રાંગણમાં, ચોકઠામાં કે ભાગોળે - શક્ય હોય તો દોરડું બાંધીને, નહીં તો માત્ર પ્રેક્ષકોથી બંધાયેલા વર્તુળમાં થાય છે. વર્તુળમાં એક બાજુથી અભિનેતાઓ પ્રવેશ કરીને વર્તુળ વચ્ચે ગોળ ફરતા ભવાઈ રમે છે. નાટ્યચર્ચાની પરિભાષામાં તે ઓપન એર કે એરિના પ્રકાર ગણાય. ભવાઈમાં સ્ત્રી-પુરુષના બધા પ્રકારનાં પાત્રો પુરુષો જ કરે તેવી પરંપરા છે. આ અભિનેતાઓ થોડોક મેકઅપ કરીને માત્ર પાત્ર ઓળખાય તેવો સૂચક વેષ પહેરીને રંગમાં ઊતરે છે. તેની પાછળ તેને વાસ્તવિક કરવાની બહુ જહેમત કે ઝીણવટ નથી હોતી.

કેટલાંક પ્રસિદ્ધ પાત્રોના પોશાકનાં લક્ષણો ટોપી-... વગેરે નિશ્ચિત થઈ ગયાં હોય છે એટલે પ્રેક્ષકો તરત જ ... પિછાની લે છે. વળી, માત્ર મશાલ ને પછીથી કિટ્સન લ... અને હવે વીજળીના દીવાઓને અજવાળે પણ કશી ખ... પ્રકાશયોજના વિના ભજવાતા અને સંગીતક તરીકે ભૂંગ... તબલાં કે કાંસીજોડા(આધુનિકોમાં વળી ક્યારે... હાર્મોનિયમ)નો જ સાથ લેતા આ પ્રયોગો, આમ, ઉપકર... કે સાધનો અને કશી પણ રંગસજ્જાની સહાય વગર ... ભજવાતા હોઈ તેમાં અભિનય જ તેનો મુખ્ય આધાર બ... જાય છે. પરિણામે અભિનેતાઓની શક્તિનો આમાં પૂરો ક... નીકળે છે.

ભવાઈમાં મહત્ત્વનું પાત્ર છે રંગલો. સંસ્કૃત નાટકોન... વિદૂષકના પ્રકારનો આ રંગલો એકસાથે ઘણાં કામ કરે છે. તે સૂત્રધાર, સંકલનકાર, ટીકાકાર અને હાસ્યનટ - બધાનું કામ કરે છે. તેનામાં સંસ્કૃતનો સૂત્રધાર અને વિદૂષક ને ગ્રીક નાટકોનું કોરસ એકસાથે સમાયાં છે. જરૂરિયાત પ્રમાણે ક્યારેક પ્રવક્તાનું કામ કરતો, ક્યારેક પ્રેક્ષકો જોડે વાત કરતો, તો ક્યારેક ગમે તે પાત્ર તરીકે નાટકમાં ઘૂસી જતો ને વળી ફારેગ થઈ જતો રંગલો ભવાઈનું મહત્ત્વનું અને વિશિષ્ટ પાત્ર છે. તેને ડાગલો, મશ્કરો, અડવો પણ કહે છે. જો રંગલો સંયમ જાળવે નહીં તો તેનો હાસ્યરસ-કટાક્ષ-મશ્કરીઓ અતિહીન કક્ષાએ પણ ઊતરી જાય. આવાં કારણોથી જ ભવાઈ વગોવાઈ છે.

ભવાઈનો આરંભ ભૂંગળવાદનથી થાય છે. ભૂંગળ વિશિષ્ટ લોકવાદ્ય છે. તેની જુદાજુદા પ્રકારની ભજવણીથી દૂરથી પણ જાણકાર કયો વેષ કે કયો પ્રસંગ ભજવાય છે તે કહી શકે. ભવાઈનું એ આવશ્યક અંગ છે. ભવાઈની શરૂઆત ગણેશ, માતાજી વગેરેની સ્તુતિથી થાય છે. મોં આગળ થાળી રાખી ચોક્કસ પ્રકારનાં તાલબદ્ધ નૃત્યગીતવાળાં પગલાંના વર્તુળમાં કરે છે તેને 'આવણું' કહે છે. સંવાદ ને અભિનય કરતાં, નાચતાં-ગાતાં વેષ ભજવાય છે. ગીતને બજવૈયાઓ ને ગાનારાઓ ઉપાડી લે છે.

ડાબે : જસમા અને એનો પતિ
જમણે : જસમા ઓડણ







ભવાઈના વેશ શરૂ થાય એ પહેલાં નાયી દ્વારા મશાલ પ્રકટીકરણ





જૂઠણનો વેશ

ભવાયાની ટોળીને પેંડુ કહે છે. ગામમાં તરગાળાનં પેંડું જોતાં જ લોકો આનંદથી ભવાઈ જોવા તૈયાર થઈ જાય છે. ભૂંગળ વાગતાં જ જાણે તેમને ખેલ શરૂ થવાનું કહેણ મળે છે. કહેવાય છે કે માતા કાલિકાએ કોઈ ભવાયા પર પ્રસન્ન થઈને તેને ભૂંગળ-ચૂંદડી આપેલી ને કપાળે ચાંલ્લો કરેલો. પિત્તળની લાંબા વાંસ જેવી પિપૂડીના પ્રકારની આ ભૂંગળના અવાજમાંથી અનેક પ્રકારના નાદ ઉપરાંત શબ્દ પણ ઉપજાવાય છે. ભૂંગળ વાગે છે, વાળંદ મશાલ પેટાવે છે અને લોકવૃંદ વચ્ચે ભવાઈ શરૂ થાય છે.

વિશેષતઃ તરાગાળાઓ આઠ માસ ભવાઈ રમે છે. આ આઠ માસ તેમના બંધારણની શરત મુજબ તેમને બ્રહ્મચર્ય પાળવું પડે. અંબાજી-કાલિકાની ભક્તિ અને આ બ્રહ્મચર્યના વ્રતથી ભવાઈને ધાર્મિક રંગ ચઢ્યો છે.

ભવાઈની ભજવણીરીતિને એની નાટ્યાત્મકતાને કારણે અર્વાચીન નાટકોમાં પણ અપનાવી લેવાઈ છે. નર્મદનાં નાટકોમાં, દલપતરામના 'લક્ષ્મી' નાટકમાંના સંવાદોમાં ભવાઈના સંવાદોની છટા છે. દલપતરામે તો ભવાઈની નાટ્યરીતિ જાળવીને પણ કેટલીક પરંપરાઓ દૂર કરીને, રંગભૂમિ-સક્ષમ ભવાઈ લખેલી. ભવાઈના આ સંસ્કરણને તેમણે 'ભૂંગળ વિનાની ભવાઈ' નામ આપેલું ને તે રીતે 'મિથ્યાભિમાન' નાટક રચેલું - જે તે કાળમાં ખૂબ જ લોકપ્રિય નીવડેલું. વર્તમાન સમયમાં પણ ચાળીસેક વર્ષ પહેલાં ગુજરાત વિદ્યાસભાના નટમંડળે દીના ગાંધી અને પ્રાણસુખ નાયકના કલાપૂર્ણ સહયોગથી 'મિથ્યાભિમાન' અનેક વાર ભજવેલું. શ્રી રસિકલાલ પરીખના 'મેનાગુર્જરી' નાટકમાં તેમ જ અન્યત્ર પણ ભવાઈની રીતિનો ઉપયોગ થયો છે, તો શ્રી ચંદ્રવદન મહેતાએ 'હોહોલિકા' નામે ભવાઈ - પ્રકારનું સુંદર નાટક રચ્યું છે. શ્રી બકુલ ત્રિપાઠીએ 'લીલા' નામે ભવાઈના અંશો-મિશ્રિત વેષ રચ્યો છે. આ સિવાય પણ શ્રી ચિનુ મોદી વગેરેની કૃતિઓમાં પણ ભવાઈની રીતિ પ્રયોજાતી જણાય છે. ભારતના અન્ય પ્રદેશોમાં તેમ જ ગુજરાતમાં પણ લોકનાટ્યને નવા નાટક સાથે સાંકળવાની જે પ્રશસ્ય પ્રવૃત્તિ થઈ રહી છે તે આવકાર્ય છે.

બાદમાં જયશંકર (સુંદરી), પ્રાણસુખ નાયક, શાંતાબહેન ગાંધી, દીનાબહેન ગાંધી, જયંતી પટેલ, કૈલાસ પંડ્યા, દામિની પંડ્યા તથા જશવંત ઠાકર તેમ જ ઊંઝામાં અસાઈત મંડળ દ્વારા આ કાર્યમાં પ્રયત્નશીલ એવા વિનાયક રાવળના અભ્યાસો-પ્રયોગો ભવાઈની કલાને જીવંત રાખવાના ને તેમાંથી અદ્યતન રંગભૂમિને સમૃદ્ધ કરવાના પ્રયત્નો તરીકે નોંધપાત્ર છે.

અસાઈતે તો કહેવાય છે કે 360 વેષો રચેલા જે બધા આજે મળતા નથી. જે મળે છે તે પણ મૂળ રૂપે જ હોય તેમ તો ન જ મનાય. ભવાઈના વેષોનો સંગ્રહ શ્રી મહીપતરામ રૂપરામે ગઈ સદીમાં કરવાનો પ્રયાસ કરેલો ને ભવાઈ-સંગ્રહ કરેલો.

અર્વાચીનકાળમાં શ્રી જશવંત ઠાકર વગેરેએ કેટલાક પ્રયોગો-વેષોનાં સંપાદન કર્યાં છે, તો શ્રી સુધાબહેન દેસાઈએ તો ભવાઈ વિષે મહાનિબંધ લખી પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી છે. આમ, ભવાઈ તરફ વિદ્વાનોનું પણ ધ્યાન કેન્દ્રિત થયું છે. શ્રી સુધાબહેને લગભગ એકસઠ જેટલા વેષ મેળવ્યા છે. ઉપરાંત ભવાઈની લોકસંપર્ક-શક્તિને પિછાનીને તેનો પ્રચાર-માધ્યમ તરીકે પણ ઉપયોગ થઈ રહ્યો છે ને તે માટે અર્વાચીન વિષય રક્તદાન (શ્રી જનક દવે તથા અન્ય), કુટુંબનિયોજન વગેરે વિષયો પર કે રાજદ્વારી વિષયો પર પણ પ્રચારાત્મક-કટાક્ષાત્મક કે વિનોદાત્મક એવા નવા વેષો પણ રચાય છે ને ટી.વી., રેડિયો ને રંગમંચ કે મેદાનમાં ભજવાય છે. ભવાઈ ખૂબ અસરકારક લોક-માધ્યમ છે. કલા તરીકે ને લોક-માધ્યમ તરીકે તેનો જેટલો વિકાસ થાય તેટલું વધુ સારું.

ડૉ. કૃષ્ણકાન્ત કડકિયા



ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. તથા ડ્રામૅટિક્સનો ડિપ્લોમા ધરાવતા કૃષ્ણકાન્ત કડકિયા નાટક, લોકકળાઓ તેમ જ ભવાઈમાં ઊંડા સંશોધન-કાર્ય માટે સુપ્રસિદ્ધ છે. તેમના સર્જનાત્મક ગ્રંથો ઉપરાંત તેમણે વિવેચનના ગ્રંથોનું મૂલ્યવાન પ્રદાન કર્યું છે. તેમાં લોકનાટ્ય ભવાઈ પર ઊંડું અધ્યયન કરી પાંચ સંપાદન-ગ્રંથો આપ્યા છે.

શ્રી કડકિયાને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 1994 અને 1996માં એવૉર્ડ પ્રાપ્ત થયા છે. 1986માં યુ.જી.સી. તેમજ કેન્દ્ર સરકાર દ્વારા તેમને સંશોધન-ગ્રાન્ટ પણ મળી છે. તેમના ચાર ગ્રંથોના અંગ્રેજી અને હિન્દી ભાષામાં અનુવાદ થયા છે.

ગુજરાતના મેળા



મેળો સમાજજીવનનું એક અગત્યનું અંગ છે, જીવનમાં ઉત્સવ-આનંદ છલકાવનારી એક વિશિષ્ટ લોકપ્રવૃત્તિ છે. મેળામાં મહાલવાનો આનંદ અનોખો છે. ગુજરાતમાં પણ સ્થળેસ્થળે વિવિધ પર્વોએ ભરાતા મેળાની પરંપરા છે.

આ મેળા વિવિધ નિમિત્તો તેમ જ સ્થાનો અને સમય સાથે સંકળાયેલા હોય છે. પ્રત્યેક મેળાની પોતીકી આગવી ખાસિયત હોય છે. દરેકનું રૂપ, તેમાંની પ્રવૃત્તિઓ વગેરે નોખાં હોય છે. જોકે હવે ધીરેધીરે લોકજીવનની તાસીર તેના વૈવિધ્ય સાથે પ્રગટ થવાને બદલે લગભગ બધા મેળાઓમાં ઘણુંબધું સરખું લાગવા માંડ્યું છે, છતાં હજી પ્રત્યેકને બીજાથી નોખો બનાવે એટલું વૈવિધ્ય હજી ટક્યું છે. આ મેળાની લોકસંસ્કૃતિ વ્યાપારીકરણ અને ઔદ્યોગિકતાના સ્ટીમરોલર નીચે સપાટ થઈ જાય તે પહેલાં મેળાના આગવા રૂપને - મઝાને માણી લેવાં જોઈએ.



મુખ્ય મેળાઓ ઘણું કરીને ધાર્મિક પર્વે ને યાત્રાસ્થાને ભરાતા હોય છે. મંદિરોની આસપાસ અથવા નદી-સંગમ-સ્થાન, તળાવતીરે, સમુદ્રકાંઠે, ટેકરી કે ડુંગરની તળેટીમાં આ મેળા ભરાતા હોય છે. ધર્મ ઉપરાંત તેનો મનોરંજન-પ્રવૃત્તિ સાથે ને લોકજીવન સાથે પણ અનુબંધ હોય છે. કેટલાંક સ્થળોએ દર પૂનમે મેળા ભરાતા હોય છે, તો શૂલપાણેશ્વરનો નર્મદા તીરનો મેળો અમાસનો છે.

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકામાં વૌઠાનો મેળો ખૂબ જાણીતો છે. વૌઠા પાસે સાત નદીઓના સંગમ-સ્થળે કાર્તિકી પૂનમે મોટો મેળો ભરાય છે ને દૂરદૂરથી રંગબેરંગી વસ્ત્રો પહેરીને આવેલાં સંખ્યાબંધ નરનારીઓથી આ મેળો રંગભર્યો ઉત્સવ બની રહે છે. અનેક હાટડીઓ ને આનંદ-પ્રમોદનાં સ્થાન ત્યાં ઊભાં થાય છે. નદીઓના પટમાં નગર વસે છે ને લોકો સપ્તસંગમભર્યા સ્નાનનું પુણ્ય મેળવવા સાથે ઉલ્લાસ, આનંદ ઉપરાંત ચીજવસ્તુઓ પણ વહોરતા જાય છે. બધા મેળાની આ તાસીર છે.

સંતરામ (નડિયાદ), ડાકોર, અંબાજીમાં દર પૂનમે મેળો હોય છે. તેમાં ડાકોરનો માણેકઠારી પૂનમનો મેળો સૌથી મોટો હોય છે. તે શરદપૂર્ણિમાએ ભરાય છે.

ગુજરાતભરમાં દોઢસોથી વધુ સ્થળોએ મોટા મેળા ભરાય છે. માલધારીઓ, ખેડૂતો ઉપરાંત આદિવાસીઓના મેળામાં ખાસ રંગત જામતી હોય છે.

હવે તો આ લોકમેળાઓમાં ઊતરી આવતાં શહેરી પ્રવાસીઓ અને તેમની સાથે આવતા શહેરી વેપાર, આનંદ-પ્રમોદી સાધનો વગેરેને કારણે મેળાના મૂળ રંગ નાશ પામતા જાય છે. તેમનું શહેરીકરણ થઈ રહ્યું છે, છતાં હજી લોકજીવનનો ઉમંગ-ઉછાળ, લોકસંસ્કૃતિની રંગીન કલાત્મકતા ને સ્વાભાવિક આનંદ ઘણે અંશે બચ્યાં છે. આ લોકમેળાનું સ્થાન ઔદ્યોગિક મેળાઓની કૃત્રિમતા ન લે ને મેળાની સાંસ્કૃતિક પરંપરા જળવાય તે જોવું જરૂરી છે.

શામળાજી - કાર્તિકી પૂર્ણિમાનો મેળો

સાબરકાંઠા જિલ્લામાં મેશ્વોનદીને કાંઠે આવેલા પુરાતન તીર્થ શામળાજીમાં કાર્તિકી પૂનમને દિવસે એક ખૂબ મોટો મેળો ભરાય છે. આમ તો આ મેળાની શરૂઆત દેવઊઠી અગિયારસથી થઈ જાય છે. આ મેળો ત્રણ અઠવાડિયાં ચાલે છે. માત્ર સાબરકાંઠાના જ નહીં પરંતુ અમદાવાદ અને ખેડા જિલ્લાના પણ લોકો અહીં આવે છે. આ મેળા દરમિયાન લગભગ દોઢેક લાખ જેટલો માનવ-મહેરામણ ઊમટે છે.

સાબરકાંઠા એ ગુજરાત-રાજસ્થાનની સરહદે આવેલો જિલ્લો છે, તેથી આ મેળામાં રાજસ્થાનમાંથી પણ લોકો આવે છે. આ મેળામાં આદિવાસીઓ પણ મોટી સંખ્યામાં આવે છે. આ આદિવાસીઓ ભીલોને તેમના કાળિયો બાવજી (શામળાજી)માં અખૂટ શ્રદ્ધા છે. નાની સંખ્યામાં મુસ્લિમો અને ખ્રિસ્તીઓ પણ અહીં નાનો વેપાર-ધંધો કરવા આવે છે.

આ મેળા દરમ્યાન મેશ્વોનદીમાં સ્નાન કરવાનો પણ મહિમા છે. દૂરથી આવતા કેટલાક લોકો નાનીમોટી મંડળીઓમાં આવે છે. અહીં ભજન-કીર્તન પણ થાય છે. યાત્રાળુઓ માટે અહીં રહેવા માટે ધર્મશાળાઓ પણ છે.



શામળાજીનો મેળો

તરણેતરનો મેળો (ભાદરવા સુદ 3-4-5)

મેળો શબ્દ કાને પડતાં તરણેતર યાદ આવે.

સુરેન્દ્રનગર જિલ્લામાં તરણેતર-ગામમાં ત્રિનેત્રેશ્વર મહાદેવનું મંદિર છે. એ મંદિરના પ્રાંગણમાં ભરાતો તરણેતરનો મેળો માત્ર ગુજરાતમાં જ નહીં, પણ ભારતભરમાં સુપ્રસિદ્ધ છે. આ મેળો ભાદરવા સુદ 4-5-6 એમ ત્રણ દિવસ ભરાય છે. આ સમય દરમિયાન ભારતમાં પ્રવાસ કરતા વિદેશીઓ પણ આ મેળો જોવા આવે છે.

આ મેળામાં એક અનોખી જ રંગત છે, છટા છે, લય છે અને ગીત છે. સુંદર ભરતભર્યાં અંગરખાં અને લાલચટક ફેંટા બાંધેલા જુવાનિયા અને આભલાં - ભરેલાં રંગબેરંગી ઘેરદાર ઘાઘરા ને ઓઢણાં સાથે ઘૂમતી સોરઠી યુવતીઓ આ મેળામાં રંગ છલકાવી દે છે. આખી ને આખી રાત પાવાના સૂરે, ઢબૂકતા ઢોલને તાલે - દાંડિયા-રાસથી વાતાવરણ ભર્યું ભર્યું લાગે છે, ગાજતું લાગે છે. મેળામાં સુંદર ભરત ભરેલી છત્રીઓ ઓઢી વરણાગિયાઓ અને સ્ત્રીઓ ઘૂમતાં હોય છે. આ છત્રીઓ મેળાની વિશિષ્ટતા છે. આ મેળામાં હાટડીઓ મંડાય છે. કુંવારી કન્યાઓ તથા અનેક મસ્તીભરી સુહાગણો એમાંથી ચૂડીઓ-પ્રસાધનો ખરીદે છે. અહીં ભજનમંડળીઓ રાતોની રાતો સુધી કીર્તન કરતી રહે છે. અહીં આવીને લોકો પોતાની રોજિંદી જંજાળ ભૂલીને મસ્ત બનીને મહાલે છે.

તરણેતરનો મેળો - સુરેન્દ્રનગર જિલ્લામાં ભરાતો તરણેતરનો મેળો તેની રંગબેરંગી છત્રીઓ તેમ જ ત્રણ-ત્રણ દિવસના ઉમંગભર્યા માહોલથી ગુજરાત બહાર દેશમાં તેમ જ વિદેશમાં પણ સુપ્રસિદ્ધ બન્યો છે.





વૌઠાનો મેળો
(તસવીર : પ્રાણલાલ પટેલ)

વૌઠાનો મેળો - કારતક સુદ 15

ગુજરાતમાં ભરાતા મેળાઓમાં વૌઠાનો મેળો એક સુઆયોજિત અને મહત્ત્વનો મેળો છે. આ મેળાના સ્થળની વિશિષ્ટતા છે. તે સ્થળને સપ્તસંગમ - સાત નદીઓના સંગમ તરીકે પવિત્ર તીર્થ મનાય છે. વાસ્તવમાં તો વૌઠા આગળ સાબરમતી અને વાત્રક એમ બે નદીઓ જ મળે છે, પરંતુ આ બે નદીઓ વૌઠા પાસે મળે તે અગાઉ સાબરમતીમાં હાથમતી-નદી અને વાત્રકમાં ખારી, મેશ્વો, માઝમ અને શેઢી-નદીઓ મળે છે એટલે વૌઠા આગળ સાત નદીઓનાં નીરનો સંગમ થાય છે.

વૌઠા એ અમદાવાદ જિલ્લાના ધોળકા તથા ખેડા જિલ્લાના માતર તાલુકાની સરહદે આવેલું છે. અમદાવાદ જિલ્લામાં ભરાતા મેળાઓમાં વૌઠાનો મેળો મોટામાં મોટો છે. વૌઠાની આસપાસના ભાલ-નળકાંઠા અને ચરોતર-વિસ્તારમાંથી લાખો લોકો આ મેળે ઊમટે છે. આમ, આ મેળો કારતકી પૂનમનો મેળો ગણાય છે, પરંતુ આગળના પંદર દિવસથી ધીમેધીમે લોકો મેળામાં આવવા માંડે છે. કારતક મહિનાના અંત સુધી એટલે કે લગભગ એક મહિના સુધી આ મેળામાં અવરજવર રહે છે. શણગારેલાં ગાડાંઓ ભરીભરીને લોકોનાં ટોળેટોળાં અહીં ઊભરાય છે.

કારતકી પૂર્ણિમાએ સપ્તસંગમમાં સ્નાન કરવાનું માહાત્મ્ય છે. વૌઠાના આ મેળામાં પણ અનેક હાટડીઓ અને મોટી દુકાનો મંડાય છે. નાનામોટા અનેક વેપારધંધા થાય છે. મદારી, જાદુગરો, નટ-ભવૈયા, કુસ્તીબાજો તેમ જ સર્કસ-ચગડોળ વગેરે મનોરંજનનાં પણ ઘણાં સાધનો હોય છે. રાત્રે ભજનમંડળીઓ તો હોય જ. આમ, આ મેળામાં સામાજિક, ધાર્મિક અને ધંધાકીય એમ અનેક પ્રકારના રસ ધરાવનારા લોકો ઊમટે છે અને આનંદ કરે છે.

મેળામાં સાધુ-સંતો ને બાવાઓ



ભવનાથ મહાદેવ - શિવરાત્રિનો મેળો - ચૈત્ર સુદ 13

ઊંચા ગઢ ગિરનારની તળેટીમાં આવેલું છે ભવનાથનું મંદિર. રળિયામણી નિસર્ગ-સૌંદર્યની પૃષ્ઠભૂમિથી અદ્ભુત રીતે સોહી રહેલું મહાદેવનું મંદિર શિવરાત્રિના દિવસે ભક્તો અને ભાવિકોથી ઊભરાઈ જાય છે. પાસેથી પસાર થાય છે સુવર્ણરેખા-ઝરણાની પાતળી સેર. મંદિરથી થોડે દૂર રબારીઓ અને અન્ય પશુપાલકોની વસ્તી છે. ભવનાથના મંદિરનું શિવલિંગ સ્વયંભૂ છે. મહાશિવરાત્રિની મધ્યરાત્રિએ ભગવાન ભવનાથની મહાપૂજા થાય છે.

આ મંદિરના યાત્રાળુઓની વિશેષતામાં નાગાબાવા છે. શિવરાત્રિની મહાપૂજાનાં દર્શન કરવા આસપાસથી નાગાબાવાઓનાં ઝુંડનાં ઝુંડ આ સ્થળે ઊમટી પડે છે.

હાથીઓ પર સવારી કરીને શંખધ્વનિ કરતા ને જાતજાતનાં વાદ્યો વગાડતાં મહાદેવનો જયનાદ કરતા આ બાવાઓનાં ભભૂતનાથ ભવનાથમાં અનોખી આસ્થા ધરાવે છે.

માત્ર નાગાબાવાઓ જ નહીં પણ અન્ય સંતો, સાધુ ને સંન્યાસીઓ પણ ભવનાથ મહાદેવનાં દર્શને દૂરદૂરથી આવે છે. આ સ્થળે મુચકુંદ, ભર્તૃહરિ અને ગુરુ દત્તની ગુફાઓ પણ છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાંથી લગભગ એકાદ લાખ જેટલા લોકો અહીં ઊમટે છે. જૂનાગઢ જિલ્લાના આહીર અને મેર લોકોને આ સ્થળ પર ઘણી શ્રદ્ધા છે – આસ્થા છે.

યાત્રાળુઓને રહેવા-જમવાની સગવડ કરવામાં આવે છે. 300થી 350 લોકો રહી શકે તેવી મોટી રાવટીઓ બાંધવામાં આવે છે. ભોજન મફત આપવામાં આવે છે. અહીં નાનીમોટી દુકાનો અને હાટડીઓ મંડાય છે. ગ્રામવિસ્તારના લોકો ખરીદી પણ કરે છે. સરકારી અને અર્ધસરકારી વિભાગો રાજ્યનાં વિકાસકાર્યોનાં પ્રદર્શન રાખે છે.

રાત્રિના સમયે ભજનમંડળીઓ જામી જાય છે અને આખુંય વાતાવરણ સંગીતમય અને ભક્તિમય બની જાય છે. ભવનાથનો મેળો ઘણા દિવસ ચાલે છે. તે અદ્‌ભુત છે, અલૌકિક છે.

માણેકઠારી પૂનમનો મેળો : ડાકોર (આસો સુદ 15)

ડાકોર વૈષ્ણવોનાં મોટાં તીર્થોમાંનું એક છે. મથુરામાં જરાસંધને 18 વખત હાર આપ્યા પછી કાલયવન મથુરા પર ચડી આવ્યો. યાદવોનો સંહાર અટકાવવા માટે દૂરંદેશી વાપરી કૃષ્ણ મથુરાનું રણમેદાન છોડીને ગુજરાતના દ્વારકામાં આવીને વસ્યા. એમણે રણ છોડ્યું એટલે શ્રીકૃષ્ણનાં નામોમાં તેઓ રણછોડ તરીકે પણ ઓળખાયા. દ્વારકામાંથી રણછોડરાયજીની મૂર્તિ ડાકોરનો ભક્ત બોડાણો ડાકોર લાવ્યો તે કથા જાણીતી છે. ત્યારથી ડાકોરમાં શ્રીકૃષ્ણનું સ્વરૂપ રણછોડરાયજી તરીકે પૂજાવા લાગ્યું.

શરદપૂનમને દિવસે રણછોડરાયજીને રેશમી વસ્ત્રો અને કીમતી અલંકારોથી શણગારવામાં આવે છે. વિશાળ કીમતી મુગટ આ દિવસે જ ખાસ પહેરાવાય છે.

મેળા અને ઉત્સવો મનુષ્યજાતિની ઉત્પત્તિ જેટલાં જ પુરાણા છે. જીવનની રોજિંદી એકધારી ઘટમાળમાંથી મુક્ત થવા, એકબીજા સાથે હળવા-ભળવા ને મળવાની ઝંખનામાંથી મેળો મહાલવાના અને ઉત્સવ ઊજવવાના કોડ એને જાગ્યા હશે. માનવ-સ્વભાવનો આ સનાતન ભાવ મહાકવિ કાલિદાસે સરસ રીતે વર્ણવ્યો છે. એ કહે છે, 'ઉત્સવપ્રિયાઃ ખલુ મનુષ્યાઃ' – મનુષ્ય સ્વભાવગત જ ઉત્સવઘેલો છે.



માણેકઠારી પૂનમનો મેળો : ડાકોર


પરિશ્રમભર્યા અને પ્રવૃત્તિથી ઠાંસોઠાંસ દિવસોમાં વચ્ચેવચ્ચે એને આરામ અને આનંદ અને ઉલ્લાસ જોઈએ છે. નોળવેલ સૂંઘીને એ તાજગી અનુભવીને ફરી પાછો કામે વળગી જાય છે. મેળા અને ઉત્સવો એકધારી જીવનપદ્ધતિમાં નવો પ્રાણવાયુ પૂરે છે. એનાથી સામાજિક, સાંસ્કૃતિક અને ધાર્મિક જીવનનો પણ પિંડ બંધાય છે. આવા મેળાઓના ઉત્સવોમાં મનુષ્ય પોતાનો આનંદ વહેંચે છે.

આવા તહેવારો દ્વારા પરોક્ષ રીતે સામાજિક માળખું બંધાય છે તેમ જ ટકી રહે છે. મોટા ભાગના ઉત્સવો ધાર્મિક હોય છે. એમાંથી જીવનની વિષમતાઓ સામે ટકી રહેવાનું તેને બળ મળે છે. જીવનના સત પ્રત્યેની શ્રદ્ધા પણ ટકી રહે છે. જીવનના આ આવિષ્કાર અને અમૃતના છંટકાવ માટે લોકમેળાને જીવંત રાખવા જ જોઈએ.

રેખાંકન : પ્રદ્યુમ્ન તન્ના




ગુજરાતમાં કાષ્ઠકોતરણીની કલા રોજિંદા ઉપયોગની ચીજોમાં દેખાતી હતી



ગુજરાતની કાષ્ઠકલા

અનેક પ્રબંધો અને લોકકથાઓના લાડીલા નાયક એવા અવંતીપતિ રાજા ભોજના નામે કેટલાક ગ્રંથો ચડેલા છે. તે પૈકીનો એક વાસ્તુવિદ્યાનો અજોડ ગ્રંથ છે. જાજ્વલ્યમાન ભાષાવૈભવવાળા આ ગ્રંથમાં ગૃહનિર્માણના અધ્યાયોમાં કાષ્ઠ-સ્થાપત્યોનું ઉપયોગી વિવેચન છે.



કાષ્ઠકલાની પરંપરા ઘણી જ પ્રાચીન છે. વેદકાળ સુધી જવું ન હોય તો મૌર્યસમ્રાટ ચંદ્રગુપ્તના કાષ્ઠમંડિત મહાલયનું મેગેસ્થનિસે કરેલા વર્ણનના ઉપલક્ષમાં ઈસુની સદીની શરૂઆત પહેલાંથી તો કાષ્ઠકલાની શરૂઆત થઈ જ હતી. પથ્થર અને ધાતુની જેમ લાકડું પ્રાકૃતિક તેમ જ માનવીય બળો સામે ઝાઝું ટકી શકતું ન હોઈ તેના પ્રાચીન નમૂનાઓ ત્રણસો-ચારસો વર્ષથી વધારે સમય જૂના મળી આવતા નથી.

ગુજરાતમાં છઠ્ઠા સૈકાથી માંડીને દસમા સૈકાના અંતભાગ સુધીમાં સંખ્યાબંધ કાષ્ઠમંદિરો બંધાયાં હતાં તેમ જ કેટલાંક મંદિરોના બાંધકામમાં કાષ્ઠનો ઠીકઠીક ઉપયોગ થયો હતો. ઈ. સ. 1024માં મહંમદ ગઝનીએ સોમનાથનું મંદિર તોડ્યું ત્યારે એ થાંભલાઓ પર કીમતી ધાતુનાં પતરાં જડવામાં આવ્યાં હતાં. પરધર્મીઓ એ મંદિર બાળવા લાગ્યા. ત્યાર બાદ સ્થાપત્યોમાં પથ્થરનો ઉપયોગ શરૂ થયો.

ગુજરાતનાં સ્થાપત્યોમાં જોવા મળતી ઉત્કૃષ્ટ કોતરણીમાં પ્રગટતા કલાકૌશલનો મૂળ પ્રેરણાસ્રોત કાષ્ઠ-કોતરણીમાં વહ્યો છે. અનેક ઐતિહાસિક પુરાવાઓ આ માન્યતામાં બળ પૂરે છે, એટલું જ નહીં, આજે પણ ગુજરાતમાં અનેક સ્થળોએ 19મી સદીનાં કાષ્ઠનાં અતિસુંદર શોભનખચિત આવાસો-મંદિરો જોવા મળે છે.

આવા કેટલાક અદ્ભુત નમૂનાઓ તો આખેઆખા પરદેશમાં પહોંચી ગયા. અણહિલવાડ પાટણનું એક આખું દેરાસર ન્યૂયૉર્કના મેટ્રોપૉલિટન મ્યુઝિયમમાં લઈ જવાયું છે. આ ઉપરાંત ટુકડેટુકડે તો કોણ જાણે કેટલીય ચીજો ખાનગી સંગ્રહો માટે ઊપડી ગઈ હશે !

મંદિરો ઉપરાંત રાજમહાલયો, હવેલીઓ તેમ જ સાધારણ મનુષ્યનાં રહેઠાણોમાં પણ વિશેષતઃ કાષ્ઠનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ ઉપરાંત ઘરમાં વપરાતાં મજૂસ, પેટી, પટારા, કઠેડા, કલામય ટોડલા, ગોખ, દીવીઓ તેમ જ પ્રતિમાઓમાં પણ કાષ્ઠકલા તેની ચરમસીમાએ વિકસી હતી.

ગુજરાતમાં સોલંકીકાળ પછીના સમયનાં કેટલાંક કાષ્ઠ-મહાલયો તેમ જ હવેલીઓ બચી જવા પામ્યાં છે. હળવદનો રાજમહેલ, વસોની હવેલી આનાં ઉદાહરણરૂપ છે. સ્વામિનારાયણ સંપ્રદાયની કેટલીક હવેલીઓ પણ કાષ્ઠકલાના સુંદર નમૂના ધરાવે છે. પાટણ તથા સિદ્ધપુરમાં વસતી વોરા કોમનાં મકાનોમાં પણ ઉચ્ચ કક્ષાનું લાકડામાં કોતરણીકામ જોવા મળે છે. અમદાવાદમાં પણ કાષ્ઠકલાના કેટલાક ઉત્તમ નમૂનાઓ છે.

ગામડાંઓમાં કાષ્ઠની લોકકલા પ્રચલિત હતી, જ્યારે નગરોમાં અલંકારપૂર્ણ કાષ્ઠશિલ્પનો ઉપયોગ થતો હતો. કાષ્ઠશિલ્પની મબલક સમૃદ્ધિ હોય તેવાં ગુજરાતનાં કેન્દ્રો હતાં પાટણ, સિદ્ધપુર, ઈડર, નડિયાદ, અમદાવાદ, ખંભાત, સુરત, ભરૂચ, સંખેડા વગેરે. સૌરાષ્ટ્રમાં જૂનાગઢ, ભુજ, માંડવી વગેરેમાં પણ સુંદર લક્કડકામ મળી આવે છે.

અદ્ભુત એવા એ યુગના અવશેષરૂપે જોવા મળતાં પોળોમાંનાં દોઢસો-બસો વર્ષોમાં બંધાયેલાં સાદ્યંત લાકડાનાં મકાનો, આઝાદીકાળ પૂર્વેના રાજવીઓના મહેલો, જાગીરદારોની હવેલીઓ ઉપરાંત મંજૂષાઓ, સાંગામાંચીઓ તેમ જ હીંડોળાખાટ અને એવી તો કંઈક રૂપમંડિત






સોમનાથ ભૂદર



ચકુ ભૂદર

ચીજવસ્તુઓથી ગુજરાતનાં ગરીબ-તવંગર સૌનાં ઘરો સંપન્ન હતાં.

કાષ્ઠ-કોતરણીનું નોંધનીય ઉમદા કામ આ સદીના આરંભમાં દસકાઓ સુધી થતું હતું. અમદાવાદના મિસ્ત્રી સોમનાથ ભૂદર અને તેના ભાઈ ચકુ ભૂદર આ કળામાં વિખ્યાત હતા. 1930માં 70 વર્ષની વયે સોમનાથ ભૂદરનું અવસાન થયું.





કાષ્ઠ-કોતરણીની આ કલાના કૌશલને એક વ્યસન તરીકે વિકસાવીને અમદાવાદના એક નિવૃત્ત ફેક્ટરી ઈન્સ્પેક્ટર સ્વ. રતિલાલ નાયકે પોતાના આવાસને કલાખચિત કરીને શણગાર્યો હતો. કલાવ્યાસંગ અને ઉપયોગિતાનું એમણે પ્રેરણાત્મક ઐક્ય સાધ્યું હતું.

આ ઉપરાંત ખેડા જિલ્લાના એક કૌશલપરિવારમાં સુંદર રાચરચીલું બનાવતા પિતા જીવણલાલના પુત્ર ત્રિકમલાલે પિતાનો વારસો ગળથૂથીમાંથી જ મેળવ્યો છે. વડોદરાના વિખ્યાત કાષ્ઠશિલ્પી સોમનાથ મેવાડા પાસે તાલીમ લઈને તેમણે સ્વતંત્ર કાષ્ઠકલાને વિકસાવી છે.

છેલ્લા ચાર સૈકામાંથી મળી આવતું ગુજરા[ત] કાષ્ઠશિલ્પ જોતાં તેને ત્રણ તબક્કાઓમાં વહેંચી શ[કાય] લગભગ ત્રણસો વર્ષ જૂનું કાષ્ઠકામ ખૂબ ઝીણું, ઊં[ડું] ભરચક સુરેખ હોય છે. ત્યાર પછીના તબક્કામાં થયેલું અગાઉના કામની સરખામણીએ સ્થૂળ થતું ગયું છે. છતાં તે કલાની પરંપરાને વળગી રહેવાના પ્રયત્નો નજરે છે. ત્યાર બાદના છેલ્લા તબક્કાનું લાકડાકામ વધુ સ્વરૂપ ધારણ કરતું તો થઈ જ ગયું છે. ઉપરાંત તેનાં સ્વરૂપો ભ્રષ્ટ થતાં ગયાં છે. કમનસીબે અન્ય સંસ્કૃતિ નકલો કરવામાં આપણે આપણા સમૃદ્ધ વારસાને ભૂલી રહ્યા છીએ.


ગુજરાતનાં ધાતુશિલ્પો



પ્રાગ્-ઇતિહાસકારો કહે છે કે પથ્થરયુગ અને તામ્રયુગના કાળથી ગુજરાત-પ્રદેશમાં ધાતુકામ થતું હતું. એ તો સુવિદિત છે કે હરપ્પન સંસ્કૃતિ-કાળના સંખ્યાબંધ અવશેષો ગુજરાતમાં મળી આવ્યા છે. વડોદરા પાસે આકોટા-વિસ્તારમાંથી પણ પ્રાચીન એવા ધાતુમાં ઢાળેલા નમૂનાઓ મળી આવ્યા હતા. છઠ્ઠીથી દસમી સદી દરમિયાન ખૂબ સુંદર અને કલાત્મક ધાતુ-પ્રતિમાઓ પણ પ્રાપ્ત થઈ હતી - જે મ્યુઝિયમોમાં સચવાયેલી છે.

ગ્રામ્ય વિસ્તારમાં વપરાતા ધાતુ-નમૂનાને બે ભાગમાં વહેંચી શકાય. એક તો કલાત્મક પ્રતિમાઓ અને બીજું ગૃહ-સુશોભન અને ઘર-વપરાશની ચીજ-વસ્તુઓ. થોડાં વર્ષો અગાઉ - જ્યારે આધુનિક સમયનો રંગ લાગ્યો ન હતો ત્યારે આવી સુશોભિત સામગ્રી ઘરોમાં સહજ રીતે વપરાતી. ઘર-વપરાશનાં વાસણો, હીંચકાની સાંકળો, પાનદાની, સૂડીઓ-ચપ્પાં, બાજઠો, ઘરની પૂજામાં દેવ-દેવીઓની મૂર્તિઓ વગેરે. આ કૃતિઓ તાંબું, પિત્તળ, કાંસું વગેરેમાં બનાવાતી હતી.

આધુનિક સમયમાં ધાતુકામ કરનારા 'કંસારા' કહેવાય છે. આ શબ્દ 'કાંસુ' નામની ધાતુમાંથી ઘડના[રા] એ રીતે ઊતરી આવ્યો છે. કંસારા દરેક પ્રકારની ધાતુમાંથી વસ્તુઓ બનાવે છે, પરંતુ કલાત્મક મૂર્તિઓ બનાવનારા તો શિલ્પ-કલાકારો (Sculptures) હતા.















સૌરાષ્ટ્રનું મોતીકામ

મોતીગૂંથણકલાનો ચાલ સૌરાષ્ટ્રની કેટલીય કોમોમાં હતો, પરંતુ એનો મહત્તમ પ્રચાર તો કાઠી કોમોમાં. કાઠીઓની ત્રણેય શાખા - વાળા, ખાચર, ખુમાણ - માં મોતીકામનાં મોકળે મને ભરત થયાં છે. પ્રારંભકાળે મોચી કારીગરો કાઠીના ઘરશણગાર અને કરિયાવરો માટે મોતીભરત કરતા. તે પછી એ કામ કાઠિયાણીઓએ ઉપાડી લીધું. મોચીઓના કામમાં ગણતરીની ચોકસાઈ, સુશોભનોની પસંદગી, રંગપરખ ઉત્તમ હતી, તો કાઠી સ્ત્રીઓના નમૂનાઓ વૈવિધ્યપૂર્ણ અને આલંકારિક હતા.



મોતીકામના પ્રાચીન નમૂનાઓ ઇટાલીથી આયાત કરેલાં મોતીથી ગૂંથાયેલા છે. જૂનાગઢ મ્યુઝિયમમાં સંરક્ષાયેલ ...ાણીની જૂની ઝૂલ એમાં પરોવાયેલ એક સાલ મુજબ ...માં ગૂંથાયેલી છે.


કાઠિયાણીને દાયજામાં મળતી મબલક હીર ને મોતીભરતની જણસોમાં આંખે ઊડીને વળગે એવાં મોતીનાં ...ત્રા ને બગીચાઓ, ચોપાટ ને મહોરાં સહિતનો શતરંજપટ પણ હોય છે. સુખી દરબારની દીકરી મોતી-ભરેલ બાજોઠ પણ લઈને આવે. શોખીન કાઠી જુવાનો છડી, ચાબુક ને ...ીને પણ મોતીની પરોણીથી શોભાયમાન બનાવરાવે.

કાઠી પછી મહાજન કોમોએ મોતીકામને અપનાવ્યું છે. પોરબંદરના શ્રીમાળી વણિક પાસે કાઠી જેટલું જ જૂનું પણ ...ન ઝીણાં મોતીનું કામ ક્યાંક સચવાયેલું જોવા મળે છે.

બેસણાં, મોટા ચાકળા અને સાખતોરણ મોતીનાં બનતાં તેમ જ ઈંઢોણી અને શ્રીફળ પણ મોતીનાં બનાવવામાં આવતાં. આ ઉપરાંત રમકડાં ઉપર પણ મોતીભરત કરવામાં આવતું હતું, તો વળી લગ્નપ્રસંગે વરઘોડામાં લઈ જવાનો ઝમરખ-દીવડો પણ મોતીગૂંથ્યો રહેતો. મોતીકામની ભાતોમાં હાથી, ઘોડા, ઊંટ તેમ જ મોર-પોપટના સુંદર આકાર ગૂંથાયેલા હોય છે. મહાજન કોમોમાં સાથિયા અને અન્ય માંગલિક ચિહ્નો વપરાતાં હતાં.

મોતીભરતમાં બે પ્રકારો મુખ્ય છે : એક મોતીનું ભરત અને ત્રણ મોતીનું ભરત. એક મોતીનું ભરત વિશેષતઃ કણબીઓમાં પ્રચાર પામ્યું છે, જ્યારે મોચી, કાઠી અને મહાજન કોમોએ ત્રણ મોતીના ભરતનું જ અનુકરણ કરેલું છે. મોતીકામના નમૂનાઓમાં ચાકળો મોખરે રહે છે. એમાં ઘણા પ્રકારના અલંકાર-વિન્યાસ કરવામાં આવે છે. વિવિધ પ્રકારે કૌશલ્યપૂર્વક ગૂંથાયેલો ચાકળો મોતીકલાની ચરમસીમા બતાવે છે.

આ ઉપરાંત ગોળિયાઓ, સાખતોરણની કોથળીઓ, પછીતપાટી, ભાતભાતના વીંજણાઓ તેમ જ ગોળ, લંબચોરસ તથા વિવિધ ઘાટવાળા બટવાઓ પણ અનુપમ સૌંદર્યવાળા લાગે છે. ખડિયા-કલમ-નાળિયેર-લોટા વગેરે પણ મોતીભરતવાળા રચાય છે. પશુઓને શણગારવામાં તો ભારતની લોકકલા મોખરે છે. મોતીથી શણગારેલાં શિંગડાંવાળા બળદો અને ઘોડાના શણગારથી એ પ્રાણીઓ પણ કલામય લાગે છે.





કચ્છ-સૌરાષ્ટ્રનું લોકભરત

ભરતકામની શરૂઆત મનુષ્યે પ્રાચીન સમયથી કરી હોય તેમ લાગે છે. મોહન-જો-દડોના ધર્મગુરુના પોશાક, ભારહૂતની શિલ્પકૃતિઓ, કુશાન પ્રતિમાઓ પરના પોશાક વગેરેમાં ભરતકામના સગડ જોઈ શકાય છે. અજંતાનાં ભીંતચિત્રોમાં તો ભરતકલાની શ્રેષ્ઠ અસર જોઈ શકાય છે.

તસવીર : બી. એમ. કનોજા



મુઘલ-રજપૂત-યુગમાં તો આ કસબ ફૂલ્યોફાલ્યો અને છેવટે સોળમી-સત્તરમી સદીમાં ગુજરાતમાંથી ખંભાત અને પાટણનું ભરતકામ યુરોપ પહોંચતું થયું. છેલ્લી બે સદીમાં તો ભરતકામ આપણી નજર સમક્ષ વિપુલ પ્રમાણમાં પ્રસરેલું દેખાય છે.

ખેડૂત કે માલધારીની દીકરીને આણામાં આપવા ભરતકામની ચીજોની માંડ તૈયાર થાય છે. લગ્ન બાદ આણું વાળતી વખતે મહિનાઓ અને ઘણી વાર વર્ષો સુધી કરેલું ભરતકામ દીકરી આણામાં લઈ જાય છે. એ પિયુનાં ઓરડા-આંગણાં શણગારે છે. હાથે ભરેલાં હીરભરતનાં તોરણ, ટોડલિયા, ચાકળા, વીંજણા, ગાલમસૂરિયાં વગેરેના કલાત્મક ઉમેરણથી નવા સંસારજીવનની મધુર ઉષ્મા પ્રગટાવે છે.

સૌરાષ્ટ્રી ભરતને એની પોતાની વિશિષ્ટ શૈલી છે. ગૃહસજાવટમાં કાઠિયાણી હંમેશાં મોખરે રહી છે. કાઠી સ્ત્રીના કાંડામાં ભરતનો ઉપયોગ નથી એટલે તેનું ધ્યાન ગૃહસુશોભનમાં ગયું છે. સુતરાઉ કાપડ પર હીરના દોરાની સાંકળી, બાવળિયા - ફાટિયાનાં ભરતની ચોક્કસ આકૃતિથી આખા પટને ભરી દઈને રાતા અને સોનેરી પીળા રંગની જમાવટવાળા ભરતકામથી મલમલ જેવું તૈયાર થાય છે, તેમાં રેશમનો રંગ અને આભલાંનો ચમકાર અનોખું સૌંદર્ય ઉપજાવે છે.

કાઠી ભરતકામમાં ચાકળા, તોરણ, પછી તપાટી, સૂરજસ્થાપન વગેરે મુખ્ય બેસણાં-ચાકળા, ઓશીકાં અને ઘોડીનાં સાજ પણ રેશમી દોરના ભરતથી સજાવટ પામે છે. તેમાં ફળ, ફૂલ, પાન, પંખી, પશુ વગેરેનાં આલેખન જોવા મળે છે.



કાઠી ઉપરાંત સૌરાષ્ટ્રની અન્ય કોમોએ પણ ભરતકલાને અપનાવી અને કચ્છી લોકભરત તેમાં બન્ની અને માચીકામના વિશિષ્ટ શિખરે પહોંચ્યું છે. કચ્છનું ભરતકામ લોકદરબારના આશ્રયે ખીલ્યું. તેમાં રાજારાણીઓનાં રેશમી કપડાંઓ પરના હીરભરતે ચરમસીમા દાખવી. બન્ની-પ્રાંતનું જત-લોકોનું ભરત પણ ખૂબ સુંદર હોય છે.

ગુજરાતની જાતિઓ



નાગર

જ્ઞાતિઓનું મહત્ત્વ હવે પહેલાં જેવું રહ્યું નથી એ સાચું. છતાં આધુનિક વિજ્ઞાન પણ જીનેટિક્સમાં વિશ્વાસ ધરાવે છે. એ ન્યાયે નાગરોનો ઈતિહાસ તપાસતાં તેમજ આજે પણ નાગર જ્ઞાતિમાં તે લક્ષણો અછતાં રહેતાં નથી. વિદ્યાપ્રીતિ, સંસ્કારપ્રીતિ, કલાપ્રીતિ, રસિકતા અને મેધા નાગરોમાં સહજ રીતે જણાય છે. ગુજરાતના સંસ્કારજગતને સમૃદ્ધ કર્યું છે તેમાં બે મત નથી.

નાગર

નાગર કહેતાં જ વ્યક્તિત્વ-છટા ને વિદ્યાપ્રિયતા, મુત્સદ્દીગીરી અને માર્મિકતા, શિષ્ટતા અને રસિકતા વગેરે ગુણોથી યુક્ત ગૌરવગુમાની વ્યક્તિત્વ સૂચવાઈ જાય એવો નાગરોની વિશિષ્ટતાનો પ્રભાવ. એમનું દર્શન આકર્ષક હોય, વાણી શિષ્ટ અને મિષ્ટ હોય, વ્યવહારદક્ષ, ચતુર ને બુદ્ધિપૂર્ણ હોય ને સમગ્ર વર્તન અને વ્યક્તિત્વ પ્રભાવક હોય, સંસ્કાર નાગરિકતાથી સભર હોય, એમની અનાયાસ લાગતી મોહક રસિકતા પાછળ સ્વભાવસિદ્ધ સભાનતા અને ઊંડાણ હોય, વિદ્યા અને કલા તેમના વારસાગત સંસ્કાર હોય ને રાજકૌશલ ને ચતુરતા તેમને શીખવવાં ન પડે. સંસ્કારિતા ને કુલીનતાના ને આત્માભિમાનના અણસાર તેમની અસ્મિતામાં જાણે જન્મજાત લક્ષણરૂપે અનુસ્યૂત હોય છે. નાગર માત્ર એક કોમ નથી, એક વિશિષ્ટ કુળ છે. નાગર એટલે નાગર.

આ નાગરો મૂળ ક્યાંના – એ વિષે મતમતાંતરો પ્રવર્તે છે. એમ કહેવાય છે કે નાગરો દક્ષિણ યુરોપ કે ઉત્તર એશિયામાંથી ભારતમાં આવીને જુદાજુદા પ્રદેશોમાં વસતા થયા. આ નાગરો ગુજરાતમાં આવીને વસ્યા ઈસુની ત્રીજી સદીમાં એવો ઉલ્લેખ મળે છે.

ઈ.સ. 1020થી 1050માં વિશળદેવ ચૌહાણે વીસનગર વસાવ્યું. તેણે કરેલા યજ્ઞમાં નાગરોને પણ આમંત્રણ આપ્યું. નાગરોએ એ આમંત્રણ એ શરતે સ્વીકાર્યું કે અમે વેદોચ્ચાર કરીશું પરંતુ દક્ષિણા નહીં લઈએ. નાગરો આવી શરતથી આવે તે રાજાને ન રુચ્યું. તેણે તેમને માનભંગ કરવા પહેલાં પાનનાં બીડાં આપ્યાં ને તેમાં ગામનાં નામ લખીને દાનમાં આપ્યાં. જે નાગરોએ અજાણદાવે એ બીડાં સ્વીકાર્યાં તે નાગર બ્રાહ્મણ અને અન્ય નાગર ગૃહસ્થો કહેવાયા. આમ, નાગર બ્રાહ્મણોએ કેવળ નાગર ગૃહસ્થોની જ યજમાનવૃત્તિ સ્વીકારી.

નાગરજ્ઞાતિ છ વર્ગમાં વહેંચાયેલી છે : વડનગરા, વીસનગરા, સાઠોદરા, કૃષ્ણોરા, ચિત્રોડા ને પ્રશ્નોરા.

નાગરોએ ધર્મશાસ્ત્રાભ્યાસ અને ધાર્મિક કર્મકાંડના વ્યવસાયને ગૌણ ગણ્યો હોવાનું જણાય છે. તેમની બુદ્ધિપ્રતિભા ને વિદ્વત્તાને કારણે તેઓ રાજ્યતંત્રમાં પ્રવેશ્યા ને અલ્પ સમયમાં જ મુત્સદ્દી મંત્રીઓ, મહારથીઓ, કવિઓ, અમાત્યો, સંધિવિગ્રહકો અને રાજપુરોહિતોનાં પદ પામ્યા.

ઈતિહાસ કહે છે કે રજપૂતયુગમાં ગુજરાત-સૌરાષ્ટ્રનાં સમસ્ત રાજ્યોમાં નાગરો રાજ્યતંત્ર સંભાળતા. કલમ અને કટારનો આ જ્ઞાતિમાં સુમેળ હતો. 'કલમ, કડછી અને બરછી' એ નાગરોનું સૂત્ર ગણાય છે, જે દર્શાવે છે કે નાગરો વિદ્વત્તા, સાહિત્ય, ખાનપાન અને યુદ્ધકળા-બધાંમાં પારંગત હતા.

પહેલાંના સમયના નાગરોની કેટલીક વિશિષ્ટતાઓ હતી : ગૌરવર્ણ, દમામદાર ચાલ, શુદ્ધ અને સ્પષ્ટ ઉચ્ચારવાળી બોલછટા તેઓની લાક્ષણિકતા હતી. જમતી વખતે રેશમી



પ્રભાશંકર પટ્ટણી



ગગા ઓઝા
(જ. 1805)

આઝાદી પૂર્વે ભારતનાં સેંકડો રજવાડાંઓના વહીવટ તેના દીવાનો કરતા. તેમાં દેશભરના સુપ્રસિદ્ધ દીવાનોમાં નાગરજ્ઞાતિના ગગા ઓઝા અને પ્રભાશંકર પટ્ટણી ભારે બુદ્ધિમાન અને મુત્સદ્દી હતા. બંનેએ ભાવનગર રાજ્યના દીવાનપદે રહી રાજ્ય માટે અનેક કલ્યાણપ્રવૃત્તિઓ કરીને રાજ્યને આબાદ બનાવ્યું, પ્રજાને સુખી કરી અને પોતાના રાજવીને યશ અપાવ્યો.

પીતાંબર પહેરે, પંગતમાં જમવા બેસે તો લાડુ તો દૂધના જ બનાવે. કાંદા-લસણ ત્યાજ્ય ગણે, ભોજન પણ જ્ઞાતિભાઈઓના હાથનું જ જમે, કર્મકાંડ, પૂજાપાઠ, હવન-હોમમાં માને. ધોતિયું, અંગરખું ને પાઘડી એ તેમનો પહેરવેશ - પાછળથી જોકે અન્ય ગુજરાતીઓ જેવો જ થઈ ગયો છે. સંસ્કૃતપ્રીતિને કારણે તમનાં નામ સુંદર હોય - ક્યારેક અતિ પાંડિત્યપૂર્ણ ને લાંબાં પણ. આથી કહેવત પડેલી કે 'નામ નાગરનાં ને નામું વાણિયાનું.'

નાગરમાં સો ટકા શિક્ષણ. સ્ત્રીઓ પણ પહેલેથી જ શિક્ષણ લેતી. સંસારવ્યવહારમાં સ્ત્રીઓનું આધિપત્ય. લગ્નમાં સોનાનું મહત્ત્વ કરે. મોટે ભાગે સરકારી નોકરી કરે.

નાગરો શોખીન પ્રજા. ઘરમાં હીંચકો ઝૂલતો હોય અને ખાટ પર પાનદાની પડી હોય, તે તેમના ઘરનું સામાન્ય દૃશ્ય. સ્ત્રીપુરુષ સૌને પાનનો ભારે શોખ. જમાઈને રાયજી કહીને માન અપાય. નાગરાણીઓ તેમનાં પ્રભાવક વ્યક્તિત્વ, માર્મિક ને મીઠી વાણી, સુંદરતા ને સુઘડતા, મધુર કંઠ અને છટાદાર લાલિત્ય માટે જાણીતી. અત્યારે પંચાવન-સાઠ વર્ષની વૃદ્ધા હોય તોય નાગરાણીનું એના જમાનાનું એનું નામ ઉર્વશી, પલ્લવી કે મહાશ્વેતા સાંભળવા મળે. શિક્ષણ ને સંસ્કારિતાના કારણે જાગૃતિ અને પ્રગલ્ભતા વધુ છોકરો કમાતો થાય પછી જ તેને પરણાવે.

સાંસ્કૃતિક ક્ષેત્રે ગુજરાતમાં નાગરોનું કદાચ સૌથી વધુ ને ઉત્તમ પ્રદાન છે. આદિકવિ નરસિંહ ને મધ્યકાળનો છેલ્લો પ્રતિનિધિ રસિક - ભક્તકવિ દયારામ, અર્વાચીનોમાં આદ્ય વીર કવિ નર્મદ ને આપણા જ નહીં પણ સમગ્ર ભારતના સાહિત્યકારોમાં અગ્રિમ હરોળમાં જેમનું સ્થાન છે એવી સર્જક મનીષી પ્રતિભામૂર્તિ ગોવર્ધનરામ, નંદશંકર, મહીપતરામ અને રમણભાઈ નીલકંઠ, ભોળાનાથ અને નરસિંહરાવ દિવેટિયા, કે. હ. ધ્રુવ અને આનંદશંકર ધ્રુવ એ બધા સુધારકયુગ અને પંડિતયુગના મહારથીઓ અને તે પછીના યુગના પણ ર. વ. દેસાઈ, જ્યોતીન્દ્ર દવે, લલ્લુભાઈ શામળદાસ અને ગગનવિહારી મહેતા, મણિલાલ ને બાલાશંકર એ બધા નાગરો જ હતા.

આજેય એમની એ પરંપરા જીવંત છે. આ નાગર-જ્ઞાતિએ જ મન:સુખરામ ત્રિપાઠી, અમરજી દીવાન, ગગા ઓઝા જેવા મુત્સદ્દીઓ, પ્રભાશંકર પટ્ટણીથી માંડીને હિતેન્દ્રભાઈ કે ઢેબરભાઈ સુધીના રાજપુરુષો, રણછોડ… જેવા વહીવટદારો ને ઉદ્યોગપતિઓ ને રણછોડ… ઉદયરામ જેવા નાટ્યવિદો આપ્યા છે. ઝંડુ ભટ્ટજી જેવા વૈદરાજ ને અનેક અનન્ય કેળવણીકારો - ઇતિહાસકારો - વિદ્વાનો આપ્યા છે.

સંગીતની એમની પરંપરાગત વિદ્યા આ કાળમાં અવિનાશ વ્યાસ અને નિનુ મજુમદાર, કૌમુદીબહેન મુનશી ને સુધા-ક્ષેમુ દીવેટિયા તો વિભા-રાસબિહારી જેવાં અનેક યુગલો જાળવી રહ્યાં છે. શાસ્ત્રીય સંગીતમાં પંડિત ઓમકારનાથનું ઘરાણું જાળવનાર અતુલ દેસાઈ મોખરે છે. નૃત્ય-નાટ્ય-સાહિત્ય-સંગીત-શિક્ષણ-તત્ત્વજ્ઞાન-સમાજસુધારણા લોકસેવા ને રાજકારણ-ઉદ્યોગ અને વહીવટ-કોઈ ક્ષેત્ર એવું નથી જેમાં નાગરો ઉત્તમ સ્થાને ન હોય. રમતક્ષેત્રે વિનુ માંકડ ને વિદ્યાક્ષેત્રે ડોલરરાય માંકડ અવિસ્મરણીય બની રહ્યાં છે. માત્ર નોંધપાત્ર સ્મરણીય નાગરોની નામાવલિ જ એક પુરાણ જેવી બની શકે.

ભારતની મૂળ પ્રાચીન બ્રાહ્મી ને ખરોષ્ઠી પછી સંસ્કૃત ને અત્યારે હિંદી-મરાઠી જે રીતે લખાય છે તે લિપિને નાગરી કે દેવનાગરી કહેવામાં આવે છે. કહેવાય છે કે આ નાગરી લિપિ વડનગરના નાગર બ્રાહ્મણોની રચના છે. નાગરોનું, તાના-રીરી ને વિદ્વાનોનું વડનગર, જ્યાં નાગરોના ઇષ્ટદેવ હાટકેશ્વરનું સુંદર શિવાલય છે તે પ્રાચીન ગુજરાતની રાજધાનીનું શહેર વડનગર સંસ્કૃતિનું, વિદ્યાકળાનું મોટું કેન્દ્ર હતું.

સોલંકીયુગના સામ્રાજ્યથી માંડીને તે મધ્યકાળનાં રજવાડાં ને આજના ભારતના - વિશેષતઃ ગુજરાતના રાજકારણમાં મુત્સદ્દી ને વિદ્વાન નાગરો હંમેશાં મોખરે રહ્યા છે. તેમના ડહાપણથી તેમણે અમાત્યપદ ને દીવાનગીરી કે પ્રધાનપદો શોભાવ્યાં છે ને શૌર્યથી મેદાન માર્યાં છે. વિદ્યા અને ઉદ્યોગથી ધન અને માન, સત્તા અને યશ તેમણે મેળવ્યાં છે. વ્યવહાર-કુશળતા ને દક્ષતાથી દુનિયાદારી સાચવી સંભાળી છે, તો ઉચ્ચગ્રાહી આદર્શવાદ ને વિદ્યાપરાયણતાથી તેમણે સંસ્કૃતિના પ્રાચીન વારસાને જાળવ્યો છે ને અર્વાચીન યુગમાં અધિક સમૃદ્ધ કર્યો છે.







ડાબે: ખ્યાતનામ સાહિત્યકાર **મન:સુખરામ ત્રિપાઠી,**
વચ્ચે: ગુજરાતી સાહિત્યના પહેલાં નવલકથાકાર **નંદશંકર મહેતા**
જમણે : આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત રાજનીતિજ્ઞ **ગગનવિહારી મહેતા**

જૈન

જૈનધર્મ લગભગ વૈદિક ધર્મ જેટલો પ્રાચીન મનાય છે. પ્રવર્તમાન યુગના ચોવીસમા તીર્થંકર ભગવાન મહાવીરે તેને પુનર્જાગૃતિપૂર્વક પ્રવર્તાવ્યો. યજ્ઞયાગાદિ કર્મકાંડ વગેરેમાં ગૂંચવાયેલા ને સંકુલ થતા જતા બ્રાહ્મણધર્મના વિકલ્પો પૂરા પાડનાર જૈન અને બૌદ્ધ ધર્મોની જાગૃતિ અને પ્રસારનો આજથી લગભગ અઢી હજાર વર્ષ પહેલાં આરંભાયેલો યુગ જૈનો માટેના સુવર્ણકાળના પરોઢ સમાન હતો.

બીજા તબક્કામાં જ્યારે હિંદુત્વ મુસ્લિમ આક્રમણ સામે પીછેહઠ કરી રહ્યું હતું ત્યારે ભારતીય સંસ્કૃતિની મશાલ જૈનોએ જલતી રાખી હતી. ભગવાન મહાવીર પછીના સમયગાળામાં બુદ્ધિશાળી, સત્તાશીલ અને વ્યાપાર-કુશળ શ્રેષ્ઠી આ ધનિક જાતિના અનેક વ્યક્તિવિશેષોએ રાજ્યાશ્રય મેળવ્યો, મંત્રીપદ ને સેનાપતિપદ પણ મેળવ્યાં અને રાજાના ભંડારો ભરનાર ને સાચવનાર પણ બની રહ્યાં. સંસારી જૈનોએ સમૃદ્ધિ મેળવી તો સાધુ જૈનોએ વિદ્યાની ઉપાસના કરી, અનેક શાસ્ત્રોનાં અધ્યયન, અધ્યાપન અને સર્જન કર્યાં, ગ્રંથાગારો સ્થાપ્યા - વિકસાવ્યા, ધર્મોપદેશ કર્યો અને શાસ્ત્રજ્ઞાન તેમ જ વિવિધ વિદ્યાઓનું વિતરણ કર્યું.





સંસ્કૃતિના આ સુવર્ણકાળ દરમિયાન સંખ્યાબંધ ધર્મગ્રંથો તેમ જ રાજનીતિ, ઇતિહાસ, વ્યાકરણ, જ્યોતિષ, વિજ્ઞાન તથા અન્ય શાસ્ત્રોના જે સંખ્યાબંધ ગ્રંથો રચાયા તેનો ખ્યાલ ભારતભરમાં જૈનભંડારોમાં અદ્યાપિપર્યન્ત સચવાયેલી લગભગ પંદર લાખથી પણ વધુ હસ્તપ્રતો પરથી આવી શકશે. ગ્રંથો ઉપરાંત કલાત્મક સ્થાપત્યથી સમૃદ્ધ દેવાલયો-જિનાલયો-દેરાસરો રચવામાં મોખરે છે. સંખ્યા-દૃષ્ટિએ પ્રમાણમાં ઓછી વિપુલ કોઈ પ્રજાએ ભાગ્યે જ કોઈ દેશમાં કલા અને સ્થાપત્યોનું આટલા વિપુલ પ્રમાણમાં સર્જન કર્યું હશે. એ જૈનોની સમૃદ્ધતાને તેટલું જ ધર્મપરાયણતા ને દાનશીલતાને આભારી છે. કર્ણાટકમાં શ્રવણ બેલગોડા, ઓરિસ્સામાં ઉદયગિરિ, મધ્યભારતમાં મુક્તાગિરિ અને કુંડલપુર, બિહારમાં સમેતશિખર, રાજસ્થાન - આબુમાં દેલવાડા, મારવાડમાં રાણકપુર અને ગુજરાતમાં ગિરનાર - શત્રુંજય - અંબાજી વગેરે સ્થાનોનાં કલા અને સ્થાપત્યની દૃષ્ટિએ બેનમૂન અને વિશ્વવિખ્યાત વિશ્વભરનાં પ્રવાસીઓનાં આકર્ષણ અને વિસ્મય-વિષય બની રહેલાં જિનાલય-સંકુલો ઉપરાંત ભારતભરમાં ઠેરઠેર અદ્ભુત કારીગરીવાળાં સુંદર જિનાલયો અસંખ્ય છે અને આ પરંપરા અટકી ગઈ નથી. હજી પણ અમદાવાદ કે ગાંધીનગરમાંય એ જ પ્રાચીન શૈલીનાં સ્થાપત્યનાં ને એવી જ કલા-કારીગરીવાળાં જિનાલયો નવાં બંધાયેલાં કે બંધાતાં જણાશે.



ધર્મ-કલા-સંસ્કૃતિના તીર્થ સમાં આ જિનાલયોનો મોટો મહિમા છે. જૈનોનાં અનેક ક્ષેત્રોમાં અનેક મહત્ત્વનાં પ્રદાનોમાં કદાચ આ પ્રદાન સાંસ્કૃતિક દૃષ્ટિએ

મુનિ જિનવિજયજી
(જ. 1888 * અ. 1976)



પ્રાકૃત અને સંસ્કૃતના પ્રકાંડ જૈન પંડિત અને જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સાધુ. માતા રાજકુમારી તથા પિતા વૃદ્ધિસિંહ. મૂળ નામ કિશનસિંહ. પરમાર જાતિના રજપૂત. નાનપણમાં માતાપિતાનું છત્ર ગુમાવ્યા બાદ તેઓ દેવીહંસ મુનિના લાંબા સહવાસથી જૈન ધર્મ તરફ આકર્ષાયા અને દીક્ષા લીધી.

પાટણના કાન્તિવિજયજી પાસે સંસ્કૃત-પ્રાકૃતનો અભ્યાસ કર્યો. ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના 1920માં થતાં તેના પુરાતત્ત્વ મંદિરના આચાર્ય તરીકે જોડાયા. આઠ વરસ સુધી કામ કર્યું. અહીંથી જિનવિજયજી તરીકે જાણીતા થયા. પ્રાચ્ય વિદ્યાના સંશોધનમાં અહીં તેમણે રસ લીધો. કેટલાક દુર્લભ ગ્રંથોનું સંપાદન કરીને તે પ્રસિદ્ધ કર્યા.

1919માં પુણેમાં અખિલ ભારતીય પ્રાચ્ય વિદ્યા પરિષદના અધિવેશનમાં હરિભદ્રસૂરિના કાલનિર્ણય અંગેના લેખનું વાચન કર્યું. તેમણે પ્રતિપાદિત કરેલ કાલનિર્ણયને પ્રખર જર્મન વિદ્વાન હરમન જેકોબીએ સમર્થન આપ્યું. વધુ અભ્યાસ માટે આમંત્રણ મળતાં તેઓ 1928માં જર્મની ગયા. ત્યાંથી પાછા ફર્યા બાદ તેમણે આઝાદીની લડતમાં ભાગ લીધો. 1932માં શાંતિનિકેતન જઈ જૈન જ્ઞાનપીઠની સ્થાપના કરી. '36 સુધી અધ્યાપન કરી '39માં પુરાતત્ત્વના અધ્યક્ષ થયા.

'61માં ભારત સરકારે તેમનું 'પદ્મશ્રી'થી બહુમાન કર્યું હતું. રાજસ્થાન સાહિત્ય અકાદમીએ 'મનીષી'ની પદવી આપી ગૌરવ કર્યું. તેમણે મોટા ભાગનું જીવન પ્રખર અધ્યાપક અને સંશોધક તરીકે ગાળ્યું હતું.



સૌથી મહત્ત્વનું છે. ગુજરાતની રાજનીતિ અને અર્થકારણ, વેપાર અને ઉદ્યોગ-સમગ્ર સમાજજીવન પર અને પ્રજાકીય પ્રવૃત્તિઓમાં જૈનોનો પ્રભાવ અને પ્રદાન અગ્રતમ રહ્યાં છે. વ્યાપારધંધાનું કૌશલ તો તેમના લોહીનો ગુણ છે. અઢળક ધનપ્રાપ્તિ સાથે કરકસરત તેમ જ દાનશીલતાનાં લક્ષણો તેમનામાં એકસાથે જોવા મળે છે. ધર્મકાર્યમાં તેમ જ જીવદયા માટે અને લોકોપકારકતા માટે તેઓ છૂટે હાથે દાન આપે છે. દેરાસર, સાધુસત્કાર અને નિત્ય-કર્મકાંડ, નૈમિત્તિક તપ-આરાધના વગેરેનું ચુસ્તતાપૂર્વક પરિપાલન એ પ્રત્યેક જૈનના રોજિંદા વ્યક્તિગત અને સામાજિક જીવન સાથે અવિભાજ્ય રીતે વણાઈ ગયેલી હકીકતો છે.

જૈન પ્રજા સમૃદ્ધ છે. આ સમૃદ્ધિનો ઉપયોગ ધર્મમાં થાય છે તે સાથે ત્યાં તેનો પ્રભાવ પણ વર્તાય છે. આથી ક્યારેક, પ્રત્યેક વિધિક્રિયાનું નાણાકીય મૂલ્યાંકન અને પરિણામે ધનિકતાનું મહત્ત્વ ધર્મક્ષેત્રેય સ્થપાતાં - અત્યંત ધાર્મિક પણ ધનહીન વ્યક્તિને કેટલાક ધર્માધિકાર ન મળી શકે તેવું પણ બને. ધનપ્રેમી જૈન સમાજે ધનિકતાનું મહત્ત્વ સ્થપાયું છે, પણ તેનું દાનશીલતાથી નિયંત્રણ કરવાનો સ્તુત્ય પ્રયત્ન પણ કર્યો છે.

જૈનો તીવ્ર ધાર્મિક આસ્થાવાળા છે, પણ હિન્દુ ધર્મ કરતાં તેમની ઈશ્વરની અને આત્માની કલ્પનાઓ જુદી છે. એમના શાસ્ત્રમાં તીર્થંકર, અરિહંત, સિદ્ધ આચાર્ય, ઉપાધ્યાય, સાધુની ક્રમિક આધ્યાત્મિક અવસ્થાઓની ભૂમિકાઓ છે, પરંતુ તે તત્ત્વજ્ઞાનનો વિષય છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ જૈનમત 'સ્યાદ્વાદ' અથવા 'અનેકાન્તવાદ' તરીકે ઓળખાય છે. તેમના મૂળ આધાર સમા ધર્મગ્રંથો છે. લોકસાધારણની સુગમતાની દૃષ્ટિએ આદિ જૈનાચાર્યોએ દુર્ગમ સંસ્કૃતને બદલે સુગમ લોકભાષાનો જ ઉપયોગ ઉપદેશાદિમાં કર્યો હોઈ ને તે સમય તેમનો મુખ્ય વિસ્તાર 'મગધ' (હાલનું બિહાર) હોઈ તેમની મુખ્ય ઉપદેશભાષા - ધર્મભાષા - અર્ધમાગધી બની. બૌદ્ધોએ એ જ રીતે પાલિને પોતાની ભાષા બનાવેલી. આ ઉપરાંત અન્ય પંથો પણ છે.

જૈનોમાં શ્વેતાંબર અને દિગંબર એમ બે મુખ્ય પંથ છે. ગુજરાતમાં દિગંબર પ્રમાણમાં ઓછી સંખ્યામાં છે - ઉત્તર ભારતમાં વિશેષ છે. પછી તેમાં શ્રીમાળી, ઓસવાલ, પોરવાડ ને તેમાં વળી દસા-વીસા એવા ભેદ પડેલા છે. શ્વેતાંબર-દિગંબર પંથોના ભેદ ધર્મવિચાર પર આધારિત છે, બાકીના સામાજિક છે. ભારતની મોટા ભાગની-વિશેષતઃ હિન્દુ



પ્રજામાં અસ્પૃશ્યો છે, પણ તે દૃષ્ટિએ જૈનોમાં કાંઈ જાતિભેદ નથી - એ ઘણી મોટી વાત છે.

આર્થિક રીતે સુખી અને વ્યાપાર-પ્રવીણ આ પ્રજાનો મુખ્ય વ્યવસાય વેપાર હોય તે સ્વાભાવિક છે. વેપાર જૈનના સ્વભાવમાં છે. નોકરી કરતો જૈન પણ સાથેસાથે કાપડના કટપીસ જેવો નાનકડો પણ ધંધો ન કરે તો તેને ચેન જ ન પડે. સુખી પરિવારની કેટલીક સ્ત્રીઓ પણ અર્થોપાર્જનની દૃષ્ટિએ કાંઈક ઘરઘરાઉ પ્રવૃત્તિમાં રત હોઈ શકે. જૈન પ્રજા ધર્મમાં ચુસ્ત, વ્યાપારમાં વ્યસ્ત ને પછી સ્વભાવે આનંદમસ્ત હોય છે. વ્યક્તિ તરીકે જૈન મુત્સદ્દી, ગણતરીબાજ પણ વ્યવહારકુશળ હોય છે, પરંતુ સામાજિક તરીકે તે - અન્ય સાથે હંમેશાં - સારામાઠા પ્રસંગે સાથે ઊભો રહેનારો ને ગરજુ હોય છે. ગુજરાતનો કાપડ-ઉદ્યોગ ને વેપાર મહદંશે જૈનો જ સંભાળતા આવ્યા છે. તે ઉપરાંત સોનાચાંદી અને ઝરઝવેરાતના ધંધામાં પણ જૈન ઝવેરીઓ અગ્રણી રહ્યા છે. વિશ્વના હીરાના વેપારમાં જૈન અગ્રણીઓનું સ્થાન છે. આ સાથે ધીરધારનો ધંધો પણ-ખાસ કરીને મારવાડી જૈન માટે કોઠાસૂઝનો છે.

ગુજરાતના જૈન સમાજે અનેક મહાનુભાવોની ભેટ ધરી છે. મધ્યયુગમાં હેમચંદ્રાચાર્યજી અને હીરવિજયસૂરિજીથી માંડીને તે આનંદઘનજી અને યશોવિજયજી તથા શ્રીમદ્ રાજચંદ્ર, શ્રી પુણ્યવિજયજી અને શ્રી સંતબાલજી ઉપરાંત જૈન હોવા છતાં તદ્દન આગવો જ અભિગમ દાખવતા શ્રી દાદા ભગવાન વગેરે ખૂબ જાણીતા છે.


અર્વાચીનકાળમાં પંડિત સુખલાલજી ને પંડિત બેચરદાસ તથા પ્રબોધ પંડિત, રસિકલાલ પરીખ આદિ અનેક વિદ્વાનો તથા પરમાનંદ કાપડિયા, ચીમનલાલ પરીખ, મકુભાઈ જેવા ચિંતકો અને 'સોપાન', ચૂનીલાલ વ. શાહ, ઝવેરચંદ મેઘાણી, 'જયભિખ્ખુ', ચૂનીલાલ મડિયા, વાડીલાલ ડગલી અને તે પછીના અદ્યતન સમયમાં વિદ્યમાન એવા અનેક સાહિત્યકારો આ કોમમાંથી મળ્યા છે. અર્વાચીન કાળમાં સિનેસૃષ્ટિના સરદાર ચંદુલાલ અને સંગીતક્ષેત્રના કલ્યાણજી-આણંદજી પણ નોંધપાત્ર છે.

જાહેર ક્ષેત્રે શ્રેષ્ઠી-દાતાઓની પરંપરા પણ તેજસ્વી છે : વિમળ શાહ અને વસ્તુપાળ-તેજપાળથી માંડીને તે પરંપરા તેમનાં જ કુટુંબોએ અદ્યાપિપર્યન્ત જાળવી રાખી છે. નગરશેઠ શાંતિદાસ ઝવેરીનું અકબરના દરબારમાંય માન હતું અને શેઠ હઠીસિંહ ને તેમનો સુકીર્તિત વારસો - લાલભાઈ, પ્રેમાભાઈ ને કસ્તૂરભાઈનાં નામ ગુજરાતમાં જ નહીં બહાર પણ જાણીતાં છે. કસ્તૂરભાઈ તો ભારતના અર્વાચીનકાળના અગ્રણી ઉદ્યોગપતિઓમાંના એક ગણાયા છે. ઉદ્યોગ ઉપરાંત અનેક જાહેર ક્ષેત્રમાં તેમનું અને તેમનાં કુટુંબીજનોનું પ્રદાન છે. અનેક વિદ્યાસંસ્થાઓ તેમની ઉદારતાને પરિણામે સ્થપાઈ - વિકસી ને ફૂલીફાલી છે. ધર્મ ઉપરાંત અનેક શાળાઓ, પાઠશાળાઓ, સંશોધનસંસ્થાઓ કે છાત્રાલયો જ નહીં, ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનામાં પણ કસ્તૂરભાઈ અને અંબાલાલ સારાભાઈનો મોટો ફાળો છે. ભાવનગરના મોતીચંદ કાપડિયાએ મહાવીર જૈન વિદ્યાલયો સ્થાપ્યાં. પરિણામે ગુજરાતના અનેક તેજસ્વી અભ્યાસીઓને સહાય સાંપડી અને તેમાંથી અનેક વિદ્વાનો, ડૉક્ટરો અભ્યાસીઓ પેદા થયા. હજી ગઈ કાલની જ વાત જાણે - સૂરતના જૈન સપૂત પ્રેમચંદ રાયચંદે પોતાના જીવનકાળમાં જ કરોડોનું દાન કરી બતાવ્યું.

ડૉ. વિક્રમ સારાભાઈ તો આ યુગમાં, આપણા રાષ્ટ્રની એક વિરલ વિભૂતિ ને વિશ્વના નામાંકિત વિજ્ઞાની ગણાયા. તેમની સાથેનાં લગ્નને પરિણામે જ વિખ્યાત નૃત્ય-કલાકાર શ્રીમતી મૃણાલિનીએ અમદાવાદને અપનાવ્યું ને પરિણામે અમદાવાદમાંથી ગુજરાતમાં ભરતનાટ્યમ્ પ્રસર્યું. આજે તો એ જ કારણે અમદાવાદ નૃત્યતાલીમનું મોટું ધામ બન્યું છે. એ જ રીતે કસ્તૂરભાઈ કુટુંબ સાથે પણ નેહરુ અને ટાગોર કુટુંબ લગ્નસંબંધે સંકળાયાં ને એમ ગુજરાતને ઉત્તમ અને વ્યાપક સંબંધક્ષેત્ર સાંપડ્યાં.



હીરવિજયસૂરિજી મોગલ બાદશાહ સાથે




ક્રાંતદ્રષ્ટા મુનિ સંતબાલજી
(1904-1982)

સૌરાષ્ટ્રમાં ટંકારા પાસે ટોળા ગામમાં મુનિ સંતબાલનો જન્મ. તેમનું સંસારી નામ શિવલાલ. નાનપણમાં પિતા અને માતાનું અવસાન થતાં વૈરાગ્યના રંગો વધુ ઘૂંટાયા. દીક્ષા અંગીકાર કરી મુનિશ્રી સૌભાગ્યચંદ્રજી બન્યા.

જીવનની દૃષ્ટિમાં આમૂલ પરિવર્તન આવ્યું. સર્વમાં માતાના વાત્સલ્યનું દર્શન કરતાં ૐ મૈયાને જીવનનું સૂત્ર બનાવ્યું.

શ્રી સંતબાલે ચિંતનાત્મક ધાર્મિક સાહિત્યનું સર્જન કર્યું હતું. જાહેરજીવનને કારણે સંપ્રદાયથી જુદા થયા, પરંતુ સાધુવેશ ન છોડ્યો. સૌરાષ્ટ્ર અને ગુજરાતના સીમાડા પર આવેલા ભાલ-નળ-કાંઠાના પ્રદેશમાં ગ્રામ્ય પ્રદેશના લોકોના પરિવર્તન અર્થે ભાલ-નળકાંઠા પ્રાયોગિક સંઘની સ્થાપના કરી અંધશ્રદ્ધામાંથી લોકોને સમ્યક્ શ્રદ્ધા તરફ વાળ્યા, વ્યસનમુક્તિ કરાવી. ગામડાં સ્વાવલંબી બને તેવા કાર્યક્રમો આપ્યા.

આજે પણ ગાંધી-વિનોબા-વિચારધારા પ્રમાણે ગુજરાતમાં ગુંદી આશ્રમ, મુંબઈમાં માતૃસમાજ અને વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ વિવિધલક્ષી પ્રવૃત્તિઓ કરી રહેલ છે.



લુહાણા જ્ઞાતિમાંથી પ્રગટેલા સંત યોગીજી મહારાજ

લુહાણા

લુહાણા રઘુવંશી છે. શ્રી રામના પુત્ર લવ એ જ લુહાણાઓના આદિ પિતા. ક્ષત્રિયોની અઢાર શ્રેણીઓમાંથી એકનું નામ હતું લવાન. એ લવાનમાંથી થયું લવાણા-લુહાણા. આજે લુહાણા જાતિની 84 અટકો છે. દસમી સદીની આસપાસ લુહાણાઓએ તુર્ક જાત સાથે ટક્કર લીધેલી. ત્યારથી માંડીને જુદાજુદા સમયે પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે લુહાણા કોમે અખૂટ ધીરજ અને હિંમત દાખવી છે.

લુહાણા ઐતિહાસિક દૃષ્ટિએ મૂળ ગુજરાતના નથી. તેઓ બહારથી આવ્યા છે અને અન્ય જાતિઓની જેમ ગુજરાતી છે. લુહાણા મહિલાઓ ઊજળી કરતાં વધુ ધોળી છે.

લુહાણા જાતિ વીસમી સદીમાં માત્ર દેશભરમાં જ નહીં, પરંતુ છેક આફ્રિકા સુધી પહોંચે છે. આફ્રિકામાં યુગાન્ડાનાં બે મોટાં ઉદ્યોગસંકુલો - માધવાણી અને મહેતા-લુહાણાનાં છે. ઈદી અમીનની હેરાનગતિ પછી તેઓ લંડન જઈને વસ્યા છે.

ગુજરાતમાં તો સંખ્યાબંધ લુહાણા સંસ્થાઓ છે - શાળાઓ, વિદ્યાર્થીભવનો, ધર્મશાળાઓ વગેરે, પરંતુ ગુજરાત બહાર, ભારતભરમાં, તેમની દાનરાશિથી સ્થપાયેલી અનેક સંસ્થાઓ વર્ષોથી સારી રીતે ચાલે છે. તેનો એક ઉજ્જવળ દાખલો છે ઉત્તર ભારતના હરિદ્વારનો 'ગુજરાતી સમાજ'. પાંચમા દસકાની શરૂઆતમાં કલકત્તાના છગનલાલ પારેખ ઉર્ફે છગનબાપાની પ્રેરણાથી હરિદ્વારમાં આજે પાંચ મોટાં મકાનો ઊભાં છે. લાખો યાત્રાળુઓ તેનો લાભ લઈ રહ્યાં છે.

લુહાણા - પછી તે કચ્છી હોય કે હાલારી, ઘોઘારી હોય કે નગરઠઠ્ઠા - તે કોમે ગુજરાતને આપેલા અનેક સંતોની મહેક સદાય મઘમઘતી રહેશે. તેમના દેવ 'દરિયાલાલ' કે 'ઝૂલેલાલ', ઝિન્દા પીરને નામે મશહૂર છે. વીરપુરના જલારામ બાપાની તસવીર કેટલાંય લુહાણા કુટુંબોનાં ઘરોમાં આસ્થાના પ્રતીકરૂપે લટકી રહી છે. મૂળે લુહાણા ઝીણાભાઈમાંથી સ્વામી જ્ઞાનજીવનદાસ બનેલા યોગીજી મહારાજને કારણે સંખ્યાબંધ લુહાણાઓએ સ્વામિનારાયણ સંપ્રદાય સ્વીકાર્યો છે. બોરસદમાં જન્મેલા લુહાણા લલ્લુભાઈ 'ભિક્ષુ અખંડાનંદ' બન્યા. તેમણે 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય'ની સ્થાપના કરી, તો આદિવાસી-સેવાના ભેખધારી ઠક્કરબાપાએ તો પોતાનું સમગ્ર જીવન પીડિતો માટે સમર્પિત કર્યું.

જામનગર પાસે જન્મેલા નાનજી કાલિદાસે પોરબંદરમાં સખાવતો કરીને અનેક સંસ્થાઓ ઊભી કરી. તેમના પૌત્ર શેખર મહેતા સ્પીડ-કારની દુનિયામાં પ્રથમ ગુજરાતી વિશ્વચેમ્પિયન હતા. ટેબલ ટેનિસમાં ઉત્તમ ચંદારણા વર્ષો સુધી ભારતમાં ચેમ્પિયન રહ્યા. આ ઉપરાંત વૉટર સ્પૉર્ટ્સમાં મગનભાઈ રાડિયા, ક્રિકેટમાં મોહનલાલ ચંદારણા અને બેડમિન્ટનમાં કિશોર લોટવાળાનાં નામ અગ્રેસર છે.


સાહિત્ય અને પત્રકારત્વમાં 'ચિત્રલેખા'ના સ્થાપક વજુ કોટક, રામુ ઠક્કર, ગોકુળદાસ રાયચુરા, કરસનદાસ માણેક તેમ જ પંડિત વિસનજી ઠક્કુર જાણીતા છે.

લુહાણાઓએ અનેક વ્યવસાયોમાં પોતાનું કૌશલ્ય બતાવ્યું છે. ગુજરાતમાં પુસ્તક-પ્રકાશન-ક્ષેત્રે પણ તેઓ અગ્રણી છે અને તેમની સંખ્યા નોંધપાત્ર છે.

વજુ કોટક



કરસનદાસ માણેક



ભાટિયા

અનેક મોટાં નામો અને મોટાં કામોવાળી પણ નાનકડી પ્રજા તે ભાટિયા. ગુજરાતની જ એવી આ પણ વિશિષ્ટ કોમ. પ્રસિદ્ધ ભાટિયાઓની નામાવલિ એટલે મુંબઈના અગ્રણી ઉદ્યોગપતિઓ-વેપારીઓની યાદી. મુંબઈના ઇતિહાસમાં, અર્વાચીન મુંબઈના ઘડનારામાં ભાટિયાઓનું મહત્ત્વ પહેલી પંક્તિનું. મુંબઈના ગુજરાતીઓની આર્થિક-સામાજિક પ્રગતિકથામાં ભાટિયાઓને જુદું પ્રકરણ આપવું પડે.

મુખ્યત્વે મૂળ કચ્છ-હાલારના ને સ્વભાવે સાહસિક તથા પ્રકૃતિથી વેપારી બુદ્ધિના એવા ભાટિયાઓમાં ખિસ્સામાં કાણી કોડી લીધા વગર નસીબ અજમાવવા મુંબઈકાંઠે ઊતરેલા ને જાતમહેનત ને બુદ્ધિથી શિખરે પહોંચેલા એવાં અનેક નામ મળશે. જીવરાજ બાલુથી તે ગોકળદાસ તેજપાલ, નરોત્તમ મોરારજી, ખટાઉ પરિવાર, ઠાકરસી પરિવાર, રતનજી પરિવાર, મથુરદાસ ગોકુળદાસ ને તેમનાં પુત્રી સુમતિ મોરારજી, કાનજી ખેતસી - આ તો માત્ર તત્કાળ જીભે આવેલાં થોડાંક જ નામ કહેવાય. મુંબઈના રસ્તા, મહાલયો, બજારો, દવાખાનાં, ચૅરિટી ટ્રસ્ટ, હાઈસ્કૂલો - અનેક સ્થળે વંચાતાં એમનાં નામ એમની સખાવતો ને લોકનિસબતનો એમનો ઇતિહાસ સંભળાવશે.

મુંબઈમાં પ્રથમ પ્રવેશી માછીમારોના બેટ જેવા સામાન્ય બંદરમાંથી અનેક વેપાર-ઉદ્યોગો દ્વારા ને સખાવતો-સંસ્થાઓ દ્વારા મુંબઈને વિકાસાવનારમાં સૌપ્રથમ ભાટિયા અને કપોળ હતા. આ ભાટિયાઓનું મૂળ વતન કચ્છ અને હાલાર, પણ તેમણે મુંબઈને જ પોતાનું વતન બનાવ્યું ને ભૂલેશ્વર, કાલબાદેવી કે ફૉર્ટ વાલકેશ્વરના વિસ્તારો, માળા અને બંગલા, માર્કેટો ને ટ્રસ્ટ, દવાખાનાં ને શિક્ષણસંસ્થાઓ આજેય તેનાં સાક્ષી થશે. આ પ્રજામાં કચ્છી અને રજપૂત ખમીર છે. એક તરફ દરિયાખેડુનું સાહસ ને રણકાંઠાના રજપૂતોની કર્મઠતા છે. પ્રામાણિકપણે વેપારધંધા વિકસાવી એમણે દોરીલોટામાંથી લાખે લેખાં માંડ્યાં ને પ્રામાણિકતા, પરિશ્રમ અને નિષ્ઠા તથા સાહસ અને સૂઝથી મેળવેલી અઢળક લક્ષ્મી તેમણે મકાનોમાં - વહેવારોમાં - વૈભવમાં - ધર્માંને લોકોપયોગી કામોમાં વાપરી. કરોડો કમાઈને સખાવતોથી જાણે સમાજનું ઋણ પાછું વાળ્યું.



મિલ ઉદ્યોગના માંધાતા શેઠ વિઠ્ઠલદાસ ઠાકરસી મહાન ઉદ્યોગપતિ હતા. ક્રિકેટ, ઘોડેસવારી અને બિલિયર્ડ જેવી રમતોમાં નિષ્ણાત હતા. ભારતના લેબર કમિશનના સભ્ય હતા.

ધર્મે વૈષ્ણવ - વલ્લભ સંપ્રદાયના અત્યંત ચુસ્ત અનુયાયી. ધર્મ ખૂબ રૂઢિચુસ્તતાથી પાળે, કપાળમાં 'યુ' આકારનું તિલક કરે ને ઇષ્ટદેવ શ્રીનાથજીની ઉપાસના કરે. તેમનું મુખ્ય સ્થાનક મેવાડનું નાથદ્વારા-શ્રીનાથજી. ગોકુળ વૃંદાવનનો અને શ્રી યમુનાજીનો ભારે મહિમા કરે.

ભાટિયા કોમના નરોત્તમ મોરારજી ઈ. સ. 1913માં ઇંગ્લૅન્ડ જનાર પ્રથમ ભારતીય હતા. આ માટે તેમનો ફોટો 'લંડન ટાઇમ્સ'માં છપાયો હતો. ગઈ સદીમાં તેમના વેપારનાં ક્ષેત્રો અને તેમાં તેમની કામગીરી જોતાં તેમની શક્તિ, દીર્ઘદૃષ્ટિ, સાહસ અને સિદ્ધિનો ખ્યાલ આવશે. કાપડ-ઉદ્યોગ, સિંધિયા સ્ટીમ જેવો વહાણવટાનો ઉદ્યોગ, લોખંડઉદ્યોગ, કોલસાની ખાણો, રૂબજાર કે કરિયાણાબજાર - સર્વત્ર તેઓ અગ્રતમ જણાશે, તો શિક્ષણક્ષેત્રે શ્રીમતી નાથીબાઈ દામોદરદાસ ઠાકરસી યુનિવર્સિટી, મુંબઈની અંધેરી કૉલેજ, જી. એસ. મેડિકલ કૉલેજ, જી. ટી. હૉસ્પિટલ જેવી શૈક્ષણિક તેમ જ આરોગ્યસેવાઓ ઉપરાંત અન્ય વિવિધ સખાવતો - પુસ્તકાલયો, પાઠશાળાઓ, મંદિરો વગેરે તેમનાં પ્રદાન છે.



ધરમશી ખટાઉ



પ્રેમલીલા ઠાકરસી
(જ.1894)
ડૉ. લેડી પ્રેમલીલા વિ. ઠાકરસીનું નામ નારીશિક્ષણક્ષેત્રે અગ્રણી હરોળમાં છે. ખ્યાતનામ એસ. એન. ડી. ટી. મહિલા યુનિવર્સિટીનાં તેઓ બાર વર્ષ સુધી વાઇસ-ચાન્સેલર હતાં.



પ્રાગજી ડોસા
ખ્યાતનામ નાટ્યવિદ પ્રાગજી ડોસાનું ગુજરાતી નાટ્યક્ષેત્ર ઉપરાંત ચિલ્ડ્રન્સ થિયેટરમાં પણ અમૂલ્ય પ્રદાન હતું. પં. ઓમકારનાથજી પાસે તેમણે શાસ્ત્રીય સંગીતની તાલીમ લીધી હતી.





કપોળ

ઈ. સ. 1692માં એટલે કે આજથી લગભગ ત્રણસો વર્ષ પહેલાં ઘોઘાના વાણિયા શા રૂપજી ધનજી હોડીમાં બેસીને, માર્ગમાં અનેક યાતનાઓ સહન કરીને, ધંધા-રોજગાર માટે મુંબઈ આવ્યા. મુંબઈના ટાપુ ઉપર પગ મૂકનાર એ પ્રથમ સાહસી ગુજરાતી મર્દ હતા. એ વિભૂતિ આજના લાખો મુંબઈગરા ગુજરાતીઓના પ્રપિતામહ છે.

કપોળ એ વાણિયા જ્ઞાતિની એક મોટા ગજાની પેટાજ્ઞાતિ છે. મુંબઈના વિકાસમાં કપોળોનું યોગદાન ઘણું મોટું છે. અન્ય જ્ઞાતિઓની જેમ અટકથી કપોળો પરખાતા નથી. તેમનામાં વોરા, દોશી, પારેખ, મોદી જેવી અટકો છે, તો કાણકિયા, કટકિયા, વળિયા, ગોરડિયા ને મજીઠિયા જેવી અટકો પણ છે.

મૂળે વણિક લોહી એટલે ધંધો તેમની ગળથૂથીમાં છે. ધંધાની કુનેહ અને કાબેલિયત તેમને સહજ છે. અનેક વ્યવસાયોમાં, રાજકારણમાં અને સંસ્કારક્ષેત્રે પણ આ જ્ઞાતિના મહાનુભાવોએ પોતાની આગવી મુદ્રા ઉપસાવી છે.

કપોળ જ્ઞાતિની સખાવતો પણ ઘણી મોટી છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને મુંબઈમાં સેંકડો કપોળ-નિવાસો છે. મુંબઈની મીઠીબાઈ કૉલેજ કપોળ સખાવતથી સ્થપાઈ છે. મુંબઈના ભૂલેશ્વરમાં આવેલો માધવબાગ, મુંબઈની હરકિશનદાસ હૉસ્પિટલ, ભારતની સર્વપ્રથમ કૉલેજ સિડનહામ કૉલેજ વગેરે કપોળોની સખાવતથી ઊભાં થયેલાં છે. ઈ. સ. 1852માં સ્થપાયેલી રૉયલ એશિયાટિક સોસાયટીની સ્થાપનાના અગ્રણી મંગળદાસ નથ્થુભાઈ પણ કપોળ હતા. ઉપરાંત અનેક શાખાઓ, હૉસ્ટેલો અને બૅંકોની તેમણે સ્થાપના કરેલી છે.

કપોળ મૂળે દક્ષિણ સૌરાષ્ટ્રના સમુદ્રતટની પ્રજા છે. કહેવાય છે કે આ જ્ઞાતિમાં બહુધા સુરેખ ચહેરા નથી, શરીરનો વર્ણ પણ ઊજળો નથી, પરંતુ તેમની જબાન મીઠાશભરી છે.

ઈ. સ. 1674માં ભીમજી પારેખે ગુજરાતમાં દેવનાગરી લિપિમાં છાપકામ શરૂ કર્યું. 1832માં જન્મેલા ઉત્તમ કપોળ કરસનદાસ મૂળજી પત્રકાર, લેખક, સમાજ-સુધારક અને શિક્ષણશાસ્ત્રી હતા. બહુશ્રુત પ્રતાપરાય ગિ. મહેતાને ગાયકવાડ સરકારે રાજરત્નનો ઇલ્કાબ આપેલો. ડૉ. જીવરાજ મહેતા ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી હતા. ફિલ્મ-ઉદ્યોગ-ક્ષેત્રે ચત્રભુજ દોશી, દીના પાઠક અને આશા પારેખ, જ્યારે સાહિત્યમાં હીરાબહેન પાઠક, કવિ રમેશ પારેખ અને 'ચિત્રલેખા'ના તંત્રી હરકિશન મહેતા કપોળ છે. આ ઉપરાંત બીજાં ક્ષેત્રોમાં પણ સંખ્યાબંધ નામોએ ગુજરાતનું નામ રોશન કર્યું છે.



હરકિશનદાસ હૉસ્પિટલ


આશા પારેખ હૉસ્પિટલ

અનાવિલ

અનાવિલ વસ્તીનું કેન્દ્ર દક્ષિણ ગુજરાતમાં છે. તેમની મોટી વસ્તી સુરત-વલસાડ જિલ્લામાં છે. આ કોમ ઉજળિયાત અને મુખ્ય વ્યવસાય ખેતીનો હતો, પરંતુ આજે આ બુદ્ધિશાળી, કાર્યકુશળ, મુત્સદી અને પ્રાગતિક દૃષ્ટિવાળી પ્રજાએ - તેની સંખ્યા બહુ ઓછી છતાં - પ્રત્યેક ક્ષેત્રમાં અસાધારણ ઉચ્ચ સ્થાનો સર કર્યાં છે. મુંબઈ રાજ્યના ગેઝેટિયરમાં જણાવ્યા મુજબ તેમનાં બીજાં બે નામ મસ્તાન અને ભાઠેલા છે.

અનાવિલો સ્વભાવતઃ આખાબોલા અને આગ્રહી ગણાય છે. મજાકમાં એમ પણ કહેવાય છે કે 'અનાવલાની જીભને મિજાગરો ની મલે.' એનો સપાટો ચારે બાજુ વીંઝાય ને કંઈકને વહેરે-કાતરે-પાડી દે. કોઈની પરવા ન કરે. કોઈની શેહ ન સાંખે. 'અનાવિલ' નામ સુરતથી આઠેક કિલોમીટર દૂર આવેલા અનાવલ ગામ ઉપરથી પડ્યું મનાય છે.

અનાવિલો ગુજરાતી પણ મહારાષ્ટ્રની સીમાની ખૂબ નજીક, તેથી તેમની બોલીમાં ક્યાંક મરાઠી બોલી કે પ્રયોગોની અસર વર્તાય. 'શું કહે ?' ને બદલે ગ્રામ પ્રજામાં 'કાય કહે ?' જેવા પ્રયોગો સાંભળવા મળે. એમની બોલી વિશિષ્ટ. જોડાક્ષરો બોલવાની જાણે તસદી ન લેવી ગમતી હોય તેમ 'કર્યા કરે'નો ઉચ્ચાર 'ક્યરા કરે' કરે. 'શું'ને 'હું' - એ સુરતી બોલીનો પ્રભાવ તો ખરો જ. બોલીમાં ખાટા-મીઠા-તીખા-કડવા બધા સ્વાદ અનુભવાય. 'સુરતી' રીતે વચમાં અનાયાસ નિર્હેતુક ગાળનો પ્રયોગ સહજ. તેમાં સ્ત્રીપુરુષ કોઈનો બાધ 'ન મલે.' ગમે ત્યાં ગમે ત્યારે અનાવિલ બોલી તરત પરખાઈ જાય. 'શ'ને બદલે 'સ' 'આવા' 'જવા' 'પડા' - 'નથી'નું 'છે નથી' કે 'ની મલે' જેવા પ્રયોગો, 'આવે છે'નું 'આવતો છે' વગેરે તેમની બોલીને અન્યથી અલગ તારવે છે. બોલીએ અનાવિલ તરત ઓળખાય ને તેમાંય બે અનાવિલ એકઠા થાય તો ખલાસ !

અનાવિલ બ્રાહ્મણ ગણાય છે, પણ અયાચક બ્રાહ્મણ. કર્મકાંડ ન કરાવે - ને ભાગ્યે જ કરે નિત્યકર્મ કે તેવા આચાર પણ ભાગ્યે જ જાળવે. આમ તો તેઓ યજુર્વેદી છે, પણ ધર્મ-કર્મ કે જ્ઞાતિધારા બાબતે મુક્ત માનસ. રિવાજ વગેરેનાં બંધન હળવાં. કશાની ભાગ્યે જ પરવા કરે. વિચારોમાં સુધારક, પ્રાગતિક ને અદ્યતનતાને અનુસરનારા. ગ્રામ વસ્તી વળી વેશવાણીમાં ઓછી સુઘડ.

શહેરીઓ સુઘડ ખરા. અનાવિલ ઉદ્યમી, સાહસિક અને ઉત્કર્ષવાંછુ. મોટાઈની આકાંક્ષાવાળા ને મોટાઈ માણનારા, જાળવનારા ને પૂરા દમામથી દેખાડનારા. અભિમાન ગુમાન અને ઍંટ કોઈ પણ સ્થિતિમાં જાળવે. 'દેસાઈ' અને 'નાયક' તેમની મુખ્ય અટકો. શરીરે સશક્ત, ઊજળા, દેખાવડા. શિક્ષણનું પ્રમાણ ઊંચું. બુદ્ધિશાળી પ્રજા. વાડી-વજીફાવાળા, નોકરી પણ કરે ને ઊંચી પદવીઓ શોભાવે.

શ્રી મોરારજી દેસાઈ જેવા ભારતના માજી વડાપ્રધાન ખંડુભાઈ દેસાઈ જેવા માજી રાજ્યપાલ ને અનેક પ્રધાનો, સનદી અધિકારીઓ, ન્યાયાધીશો, વકીલો, દાક્તરો અનાવિલોએ આપ્યા છે. મહાદેવભાઈ દેસાઈ, નારાયણ દેસાઈ, ઠાકોરભાઈ દેસાઈ તથા સાહિત્યક્ષેત્રે શ્રી બટુભાઈ ઉમરવાડિયા, 'સ્નેહરશ્મિ' (ઝીણાભાઈ દેસાઈ), ઉપરાંત સ્વ. કવિ મણિલાલ દેસાઈ - વિજ્ઞાનમાં કુંવરજી નાયક, પ્રા. યશવંત ગુલાબભાઈ નાયક, ભુલાભાઈ દેસાઈ, શિક્ષણક્ષેત્રે પણ અનેક ઉપરાંત લાલભાઈ ર. દેસાઈ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ મહેન્દ્રભાઈ દેસાઈ - ને અન્ય સંખ્યાબંધ નામો જાણીતાં છે.

ફિલ્મજગતમાં સુભાષ દેસાઈ અને જયંત દેસાઈ વગેરેએ પણ નામ પ્રાપ્ત કરેલાં છે. આ 'દેસાઈ' - 'નાયકો'નાં સુશિક્ષિત વર્ગનાં તેમ જ અન્ય ક્ષેત્રે આગળ પડતાં કુટુંબો ધનાઢ્ય ને સુખી છે, તો વાડી-વજીફાવાળાં કુટુંબો પણ આર્થિક દૃષ્ટિએ સુખી કુટુંબો છે.

આમ, અનાવિલ નાનકડી જ્ઞાતિ છે, પણ તેણે મોટા ગજાના માણસો આપ્યા છે. તેમની બુદ્ધિ અને મુત્સદીગીરીથી રાજકારણમાં તેઓ ખૂબ આગળપડતા થઈ શક્યા છે. સ્વાતંત્ર્યસંગ્રામમાં પણ તેમણે ઘણો મોટો ફાળો આપ્યો છે. રાષ્ટ્રના તખ્તા પર પણ તેનું પ્રદાન મૂલ્યવાન છે.

ડાબે : હિતેન્દ્રભાઈ દેસાઈ
વચ્ચે : ખંડુભાઈ કસનજી દેસાઈ
જમણે : ઠાકોરભાઈ દેસાઈ







તસવીર : દિનેશ શુક્લ

પાટીદાર



પાટીદાર ખેડૂત

પાટીદાર પ્રજા હવે ઘણું કરીને 'પટેલ' તરીકે ઓળખાય છે. પટેલ એ જાતિવાચક શબ્દ નથી, પણ પટેલ એટલે મુખી અથવા ગામની માનનીય વ્યક્તિ જે ગામના રાજકારણ અને સમાજજીવનમાં મહત્ત્વનું વર્ચસ્વ ધરાવે. પ્રજા અને રાજા વચ્ચેના સેતુ જેવું એ પદ હતું અને હજી પણ છે. હજી પણ 'પાટીદાર' શબ્દ મધ્યગુજરાતના ખેડા જિલ્લાના પટેલો માટે ચલણમાં છે.

પાટીદારોમાં પટેલ ઉપરાંત દેસાઈ અને અમીન અટકો પણ છે. એમાં તાત્ત્વિક ફરક એ છે કે પાટીદાર ખુદ ખેતી કરતા, જ્યારે દેસાઈ અને અમીન પોતે ખેતી ન કરતા પણ બીજા પાસે ખેતી કરાવતા. દેસાઈ જાગીરદાર હતા. ન્યુ શોરોક મિલના સ્થાપક અમીન એ જાગીરદાર ખરા અને હંમેશાં શાસનતરફી રહેતા.

ગુજરાતમાં પાટીદારોની ચાર મુખ્ય પેટાજાતિઓ છે : કડવા, લેઉઆ, આંજણા અને માટિયા.

મધ્યગુજરાતમાં લેઉઆ પાટીદારોની વસ્તી વિશેષ છે. ઉત્તર ગુજરાતમાં - તેમાંય ખાસ મહેસાણા જિલ્લામાં કડવા પાટીદારો વસે છે. ઉત્તર ગુજરાતના આંજણા પાટીદારોની અટક ચૌધરી પણ હોય છે. એમના નામને છેડે 'સિંહ' પણ આવે. પહેલાંના જમાનામાં તેઓ પણ સાફા પહેરતા. માટિયા એ મૂળ લેઉઆ પાટીદારોની જ એક પેટાજાતિ છે. ઉત્તર ગુજરાતમાં પટેલ કણબી તરીકે પણ ઓળખાય છે. લેઉઆ પાટીદારોની કુળદેવી અમદાવાદ પાસે અડાલજમાં છે, જ્યારે કડવા પાટીદારોની કુળદેવી (ઊમિયામાતા) ઊંઝામાં છે.



ન્યુ શોરોક મિલના સ્થાપક મફતલાલ ગગલદાસ

પાટીદાર સમાજમાં લગ્ન એક મહત્ત્વની મોટી ઘટના છે. લગ્નપ્રથામાં દહેજ-પૈઠણની પ્રથા પુત્રીના પિતાની કેડ તોડી નાખનારી છે. ઢગલાબંધ સોનું ઉપરાંત રેફ્રિજરેટર, ટી.વી. કે મોટરકાર કે સૌની શક્તિ મુજબનું અપાય છે - મંગાય છે, એટલે જ તો પુત્રીના જન્મના સમાચાર કુટુંબમાં ખુશાલીનું નહીં, પણ ઉદાસીનું કારણ બની રહે છે.

દહેજ ઉપરાંત પણ લગ્નમાં બેસુમાર ખર્ચ કરવામાં આવે છે. બીજા વિશ્વયુદ્ધ પછી ભગવાને એમની પર છપ્પર ફાડીને ધન વરસાવ્યું છે. તેમાંય ચરોતરના પટેલો તો ખૂબ જ ધનાઢ્ય છે. પાટીદાર એ ખેડૂત કોમ છે. ધરતી ફાડીને ધાન અને ધન પેદા કરનારી સમૃદ્ધ કોમ છે. ચરોતરપ્રદેશમાં તમાકુની ખેતી કરી તેઓ ખૂબ સમૃદ્ધ બન્યા છે.

પાટીદારોની જીભ ધારદાર હોય છે. તેઓ આખાબોલા - 'કાણાને કાણો' કહેનારા છે. એમનામાં એક પ્રકારની ખુમારી હોય છે, 'મેલને છાલ', 'હમજ્યા અવે' કહેનારી ચિંતા ન ધરનારી બિન્ધાસ્ત પ્રજા છે.

પાટીદારોએ ગુજરાતને ઘણી વિભૂતિઓ આપી છે. કરમસદના વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈ પટેલ, વલ્લભવિદ્યાનગરના વિધાતા ભાઈકાકા, મફત ગગલ પરિવારના શેઠ શ્રી અરવિંદભાઈ મફતલાલ, ઉદ્યોગપતિ જયકૃષ્ણ હરિવલ્લભદાસ, સાહિત્યકારોમાં જ્ઞાનપીઠ-વિજેતા પન્નાલાલ ઉપરાંત ઈશ્વર પેટલીકર, પીતાંબર પટેલ અને રઘુવીર ચૌધરી વગેરે, તો સંખ્યાબંધ ડૉક્ટરો, ઈજનેરોએ પણ ગુજરાતની ભૂમિને તેમની બુદ્ધિ-પ્રતિભાથી સમૃદ્ધ કરી છે. શ્રી એચ. એમ. પટેલ ભારતના નાણાપ્રધાન હતા.

પાટીદારો પ્રસિદ્ધ તો છે ધરતીમાંથી સોનું પેદા કરનારી પ્રજા તરીકે. ગુજરાતની આ એક મહત્ત્વની કોમ છે. પાટીદાર કોમે એક પાસ ખેતીથી તો બીજી પાસ વેપાર-ઉદ્યોગ ને દેશાવરથી અઢળક સમૃદ્ધિ પ્રાપ્ત કરીને ગુજરાતમાં અગ્રસ્થાન મેળવ્યું છે. ધન-ઉદ્યોગ-પુરુષાર્થ ઉપરાંત અભ્યાસ વગેરે અને બુદ્ધિચાતુર્ય અને કુશળતાથી તેમણે અસાધારણ પ્રગતિ સાધી છે. તેનો પરચો દેશના ખૂણેખૂણામાં પ્રત્યેક વ્યવસાયમાં ઉચ્ચતમ અધિકાર-પદવીઓમાં જ નહીં, પણ દુનિયાના દેશે દેશમાં તેમણે સ્થાપેલી પ્રવૃત્તિઓથી મળે છે.



રજપૂત

રજપૂતોની ઉત્પત્તિની કથા આવી છે.

મ્લેચ્છોનો વધારો થવાથી વસિષ્ઠાદિ બ્રાહ્મણોએ આબુ ઉપર નખીતળાવ પાસે યજ્ઞ કર્યો અને તેને પરિણામે અગ્નિકુંડમાંથી ચાર યોદ્ધા નીકળ્યા. તેઓએ શત્રુઓનો સંહાર કર્યો. એ ચારના નામથી તેમના વંશજો ઓળખાયા.

1. અગ્નિકુળ : તેમાંથી પરમારની શાખા-પ્રશાખાઓ થઈ. તેમાં કાબા, કાલમા, ખેર, ચાવડા-ચાડ, મોરી, ડીપાવત, રહેવર, સુવાર, હાડા, સોલંકી, પ્રતિહાર વગેરે.

2. યદુકુળ : તેમાંથી જાદવ, જાડેજા, ચુડાસમા, રાયજાદા, ભાટી, જાટ વગેરે.

3. સૂર્યકુળ : તેમાંથી ગેલોટ, વાળા, સિસોદિયા, ગોહિલ, રાઠોડ, જોધા, વાઘેલા, વાજા વગેરે.

4. ઓડક રજપૂત : તેમાંથી જે પ્રથમ ગુજરાતમાં અને બાદમાં બહાર ગયા તે છત્રીસ કુળમાં ગણાયા. તેમાં મૂળ ...ાડ-જેઠવા, ચાવડા, ડાભી, મકવાણા, ઝાલા વગેરે.

ગુજરાતનો વિગતવાર ઇતિહાસ વલભીપુરથી શરૂ થાય છે. વલભીપુરના ભટ્ટાર્ક પછી પંચાસરના રણીધણી રાજા જયશિખરીથી ગુજરાતમાં રજપૂતોનું રાજ્યશાસન શરૂ થયું. વિક્રમ સંવતના આઠમાથી દસમા સૈકા વચ્ચે જયશિખરી પછી તેના પુત્ર વનરાજ ચાવડાએ લાંબો સમય રાજ્ય કર્યું. ત્યાર બાદ યોગરાજ અને છેલ્લે સામંતસિંહ એ ચાવડાવંશના છેલ્લા રાજા હતા. બાદમાં મૂળરાજથી સોલંકીયુગ શરૂ થયો. મૂળરાજ પછી મહત્ત્વના રાજાઓમાં ભીમદેવ પહેલો પછી સિદ્ધરાજ - કુમારપાળથી માંડીને સોલંકીવંશના છેલ્લા રાજા ત્રિભુવનપાળ - એમ આ વંશે લગભગ ત્રણસો વર્ષ રાજ્ય કર્યું. અલબત્ત, આ શાસન સમગ્ર ગુજરાત પર ન હતું. જૂનાગઢમાં રા'નવઘણ અને રા'ખેંગારે પણ શાસન કર્યું હતું, પરંતુ આમ લગભગ પાંચસો વર્ષ સુધી રજપૂતોએ ગુજરાત-સૌરાષ્ટ્રના મોટા વિસ્તાર પર રાજ્ય કર્યું હતું. રજપૂતો સૈન્યોમાં પણ જોડાતા તેમ જ અંગરક્ષક કે ચોકીનું પણ કામ કરતા. સાચા અર્થમાં તેઓ ક્ષત્રિયધર્મ પાળતા. એ સમયમાં રજપૂતો એક ટેકીલી કોમ ગણાતા. તેઓ વિશ્વાસપાત્ર અને વફાદાર ગણાતા.



વખત જતાં તેમણે નાનાંનાનાં ગામ-કસબાઓના ઠાકોરો તરીકે પણ શાસન કર્યું. ત્યાર પછી ધીમેધીમે તેમની પડતી થવા માંડી હતી, સદ્‌ગુણો ઓછા થવા માંડ્યા અને શાસક તરીકેના કેફ અને મિજાજ એવા જ રહ્યા. સમયને પારખતાં એમને આવડ્યું નહીં, તેથી તેમનામાંના ઘણાખરા પાયમાલ થઈ ગયા. અન્ય સમજદાર લોકોએ સમય પારખી પોતપોતાનાં કામધંધા અને નોકરીઓ શોધી લીધાં.

અત્યારે ઘણા રજપૂતો પોલીસખાતામાં સારી નોકરીઓ







બજાવે છે. આ ઉપરાંત ગુજરાતના શાસકવર્ગ તરીકે પણ ફરી રજપૂતોએ પોતાનું વર્ચસ્વ ઊભું કર્યું છે. કેટલાક રજપૂતોએ ખેતી પણ અપનાવી છે. તેઓ ગરાસિયા પણ કહેવાય છે. પહેલાંના રજપૂતો માથે વિવિધ પ્રકારના સાફા બાંધતા. શરીરે કેડિયું કે અંગરખું અને કેડે ચુસ્ત બાંધેલી ભેટ તેમ જ સુરવાળ અથવા કછોટો મારેલું ધોતિયું એ તેમનો સામાન્ય પોશાક હતો. કેડે ભેટમાં તલવાર પણ રાખતા.

સ્ત્રીઓ પણ ગુજરાતણ જેવો જ પોશાક પહેરે છે. સૌરાષ્ટ્ર અને બાકીના ગુજરાતપ્રદેશમાં પહેરવેશમાં સાધારણ ફેર હોય છે. રજપૂતોને કુળનું ભારે અભિમાન હોય છે. સ્વભાવે તેઓ ખૂબ સ્વમાની હોય છે. અપમાન તો બિલકુલ સહન કરી શકતા નથી. સ્વભાવગત તે શૂરવીર અને ઝનૂની પણ હોય છે. તેઓ શિવ અને શક્તિને માનનારા છે. તેઓ જનોઈ પણ પહેરે છે. કસુંબાપાણીના શોખીન હોય છે. અગાઉના સમયમાં ભાટ-ચારણો પાસેથી પોતાનાં પ્રશંસાગાન સાંભળવાના તે ખૂબ શોખીન હતા.



રજપૂતો ઘણું કરીને ઘઉંવર્ણા હોય છે. બાંધો મજબૂત અને ચહેરેમહોરે ઘાટીલા હોય છે. સીધું નાક, આંખો મોટી અને પ્રભાવશાળી, નાની મોં-ફાડ અને લંબગોળ તેમના ચહેરા હોય છે. તેઓ દાઢી-મૂછ, થોભિયા અને લાંબા, વાંકડિયા વાળ રાખે છે. રજપૂતના લોહીની હજી રાજકર્તાઓ તરીકેની સભાનતા સજીવ છે, શૂરવીર પ્રજાનું ખમીર છે, ને ટેકીલી પ્રજાનો મિજાજ છે, પણ કાળબળે એ બધા પર સંજોગોના ઓછાયા પ્રસરતા જાય છે, છતાં કટાયેલી તોય શમશેર સ્વભાવ છોડતી નથી. ગુજરાતના રજપૂતોનું ઇતિહાસમાં ને અદ્યતન કાળમાં મહત્ત્વનું પ્રદાન રહ્યું છે.

મેર

લગભગ પંદરસોથી સોળસો વર્ષ સુધી સૌરાષ્ટ્રના ઇતિહાસ-ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપનાર, એક કાળની ધુરંધર અને રાજકર્તા પ્રજા આજે કૃષિ-જીવન જીવી રહી છે. અન્ય પછાત ગણાતી કોમો સાથે રહીને નીચી ઊતરી છે. તેમ છતાં સદ્ભાગ્યે તેનાં કૌવત અને ખમીર જળવાઈ રહ્યાં છે. આ શૂરવીર પ્રજા મેર અથવા મહેર નામે ઓળખાય છે.

મેર પ્રજા ગોહિલવંશમાંથી ઊતરી આવેલી મનાય છે. મેર લોકોનો મજબૂત બાંધો અને પડછંદ શરીર, મર્દને છાજે તેવી મૂછો અને વીરને શોભે તેવી શૌર્યભરી ચાલ છે. તેઓ વિશેષ કરીને સૌરાષ્ટ્રના પશ્ચિમકાંઠે વસેલા છે, પોરબંદર, જામનગર અને જૂનાગઢ તરફ મેર લોકોની વસ્તી છે.

મેર પુરુષો ચોરણી અને કેડિયું પહેરે છે. માથે દરબારી ઠાઠની પાઘડી અને ખભે ખેસ નાખે છે. કમરે ભેટ બાંધેલો મેર શૌર્યવંતો લાગે છે. ડાંગ અથવા કુહાડી એ તેનું હથિયાર છે. મેર લોકો જમાનાથી ખાદી પહેરતા આવ્યા છે. વૃદ્ધ સ્ત્રીઓ રેંટિયો કાંતીને સૂતર વણે છે, જેનાં કપડાં જ પુરુષો પહેરે છે. મેર સ્ત્રીઓ પણ લાવણ્યમયી હોય છે. ઘાટીલા શરીરમાં જાણે રૂપ અને તેજ ભરીને અવતરી હોય તેવી લાગે. ખુલ્લા મોઢે છૂટથી હરતી-ફરતી અને ઘરેણાંથી સજીધજીને નીડરતાથી મેરાણી એકલી ચાલી જાય છે. ઘેરા રાતા કે કાળા રંગમાં તેનો ગૌર રંગ ઔર દીપી ઊઠે છે.



મલીર નામે ઓળખાતું કાળું ઓઢણું ઓઢે છે. મેરાણી કદી બંગડી પહેરતી નથી. શુભ પ્રસંગોએ તે સોના-ચાંદીનાં ઘરેણાં તથા બલોયાં પહેરે છે. આ કોમમાં છૂંદણાં ત્રોફાવવાની પ્રથા છે.

મેર પુરુષોને રાસ રમતા જોવા એ એક લહાવો છે. ઊંચા, પડછંદ શરીરવાળા સિંહ સમા સીના પર, કેડે બાંધેલી ભેટે શોભતા યુવાન-વૃદ્ધો જાણે યુદ્ધે ચડ્યા હોય એવી મર્દાનગીથી ભર્યા અને ખમીરવંતા દીસે છે. હોળી અને શીતળાસાતમ એ તેમનાં મોટાં પર્વો છે. તહેવારો દરમ્યાન પરાપૂર્વથી ચાલી આવતી મર્દાનગીભરી રમતોની પ્રથાને તેઓ જાળવી રાખતા આવ્યા છે. બળેવને દિવસે તે લોકો દોડવાની શરતો મારે છે. હોળીને દિવસે પણ લડાયક અને



શારીરિક બળની કસોટી કરતી રમતો રમે છે. નારિયેળ અને સોપારી બે હથેળી વચ્ચે દબાવીને, સોપારી નાળિયેરમાં ઘુસાડી દેવાની હરીફાઈ કરે છે.

કાઠી



જાતવંત ઘોડીઓ રાખવી, તેજણ અને માણકી પર પલાણ માંડી, સાઠસાઠ ગાઉ છેડે જઈ પ્રસંગ આવ્યે હથેળીમાં મોતને રમતું રાખી બહારવટાં ખેડવાં - આવી - આવી વાતો જેમના જીવન સાથે સદૈવ જોડાયેલી રહેશે એવી કાઠી કોમ આગવી ભાત પાડે એવી વીર જાતિ છે.

કાઠી કોમ સાથે જેમ વીરતા વરેલી છે, તેમ દિલાવરી, ખાનદાની, ઉદારતા, ધર્મભાવના અને નીતિ એ પણ કાઠીના લોહીમાં ભરી પડી છે.


આવા વીર કાઠીની માતા કઠિયાણી જેવી ધર્મભાવનાવાળી વીરમાતા કો'ક જ હશે. કાઠીમાં પુરુષો ઘણેખરે માંસાહારી, જ્યારે કાઠિયાણી ચુસ્ત શાકાહારી હોય છે, કાઠી સ્ત્રી-પુરુષનાં રસોડાં જુદાં !

બહારવટાં ખેડનાર કાઠીઓમાં ધર્મ અને નીતિની ભાવના વંદનીય હતી. જોગીદાસ ખુમાણ, રામવાળો, જેતસુર ખાચર જેવા અનેકનાં નામ ઈતિહાસના પાને ચિરંજીવ રહ્યાં છે. લોકકથા મુજબ સાધુ કે સ્ત્રી પર જુલમ ન કરવો, ગાય પર હાથ ન ઉઠાવવો, શરણે આવેલાને મારવા નહીં વગેરે ઘણા સિદ્ધાંત એ લોકો પાળતા. સૌરાષ્ટ્રની ધરતીનું 'સૌરાષ્ટ્ર' બદલાઈને કાઠિયાવાડ થયું તે આ કાઠીઓના વીરત્વને પ્રતાપે. કાઠીઓના વીરત્વ આલેખતી લોકકથાઓ કાઠિયાવાડને કાંગરેકાંગરે ભરી પડી છે.

કાઠીઓની જુદીજુદી શાખાઓમાં રાજવંશી શાખાઓ તરીકે વાળા, ખુમાણ અને ખાચર એ મુખ્ય ગણાય છે.

પ્રચંડદેહધારી જાતવાન કાઠી, ઘોડી પર હાથમાં ભાલો કે તલવાર ધારણ કરેલો કાઠી આપણા ભવ્ય પૂર્વજોની યાદ અપાવે છે. તેનો પોશાક લગભગ રજપૂત જેવો જ છે. શરીરે ચુસ્ત અંગરખું, કેડે બાંધેલી ભેટ, મ્યાનમાં તલવાર, માથે સાફો ને પગમાં ચોરણી, ચોરણી પર લાંબા બૂટ પહેરેલો કાઠી યુદ્ધમેદાન માટે જ જન્મ્યો હોય એવો લાગે.

સ્ત્રીઓના પોશાકમાં ઘેરદાર ચણિયો, ઉપર ચોળી ને માથે ઓઢણી ઓઢેલી રજપૂતાણી - લાવણ્યમયી અને ગર્વીલી લાગે છે. એનાં આભૂષણો પણ રાજવંશી હોય છે. સ્વભાવે એ તીખી અને દૃઢનિશ્ચયી હોય છે.





રાસ એ મૂળ ગોપ સંસ્કૃતિનો વારસો હોઈ અને આયરો ગોપ સંસ્કૃતિના વંશજ હોઈ તેમનામાં રાસનો વારસો જળવાઈ રહ્યો છે. શ્રીકૃષ્ણે જે ગોપગોપીઓ સાથે રાસલીલા કરી હતી તે જ આ પ્રજા છે તેવી માન્યતા છે.

જન્માષ્ટમીનો તહેવાર આ કોમ ખૂબ ધામધૂમથી ઊજવે છે. આયરોના રાસમાં જોકે ખાસ કોઈ વિશિષ્ટતા નથી, પરંતુ આયરોનાં રૂપ, પડછંદ કાયા અને ભર્યાભર્યા પૌરુષથી રાસનું દશ્ય અનોખું લાગે છે.

આયરાણીઓ રાસડા લે છે. નવાં વસ્ત્રો પહેરીને, અલંકારો સજીધજીને, કૃષ્ણનાં ગીતો ગાતી આ નારીઓ એક હૃદયંગમ અને ભાવવિભોર દશ્ય ખડું કરે છે. પાંચસોથી હજાર નરનારીઓ એકસાથે દાંડિયારાસ રમતાં હોય એ દશ્ય જ કેવું ભવ્ય લાગે તે તો કલ્પના નહીં, પણ નજરે જોવાની જ મજા છે.

આહીર

ઇતિહાસકારોને અતીતમાં તાણી જતી, તેમના વિલક્ષણ ઇતિહાસથી સાહિત્યસર્જકોને કથાઓ રચવા અને કલાકારોને પોતાના રંગભર્યા પરિવેશથી પીંછી ચલાવવાની પ્રેરણા આપતી આ વિચક્ષણ કોમ તે 'આહીર' અથવા 'આયર' તરીકે ઓળખાય છે.

આ આયર અને આયરાણીની લોકકથાઓ કોણે નહીં સાંભળી હોય ? આ કોમ લગભગ આખાય સૌરાષ્ટ્રમાં પથરાયેલી છે. આ કોમનો ધંધો પશુપાલન અને ખેતી છે. જંગલવિસ્તારમાં તેઓ નેસ બાંધીને રહે છે.

આયર કોમ પોતાને ચંદ્રવંશી માને છે અને યદુકુળની કહેવડાવે છે. અગાઉ તે લડાયક કોમ તરીકે મશહૂર હતી. આ કોમની રગેરગમાં વીરતા હતી. કૃષ્ણના દ્વારકા-આગમન પછી તેઓ આ ભૂમિમાં આવીને વસ્યા. તેઓ નાનાંમોટાં રાજ્યોમાં સત્તા અને વૈભવ ભોગવતા હતા.

આયરો એકંદરે ઊજળા, ઘઉંવર્ણા, ઊંચા, મજબૂત બાંધાના અને કસાયેલા શરીરવાળા હોય છે. આયર સ્ત્રીઓ પણ દેખાવડી અને સશક્ત હોય છે. આ લોકો મળે ત્યારે પુરુષો એકબીજાને ભેટીને રામરામ કરે છે. સ્ત્રીઓ દુખણાં લઈને પરસ્પર કુશળસમાચાર પૂછે છે.

પુરુષો પાસાબંધ કેડિયું, નીચી નાળીવાળી ચોરણી અને માથે ભરાવદાર વળ ચડાવેલી પાઘડી બાંધે છે. કેટલાક પાઘડીમાંથી છોગું બહાર કાઢે છે. મોટેરા સફેદ અને જુવાનિયા રંગીન પાઘડીઓ પહેરે છે. આ પાઘડીઓ પચીસથી છવીસ હાથ લાંબી હોય છે. કેડિયાના પાછળના ભાગમાં થોડું ભરત ભરેલું હોય છે. પગમાં તેઓ દેશી ઘાટના ચાંચવાળા જોડા પહેરે છે. બહાર નીકળે ત્યારે લાકડી, ડાંગ કે ધારિયું રાખે છે. પુરુષો હાથમાં કડાં અને આંગળાંમાં વેઢ પહેરે છે. કાનમાં પણ સોનાનાં ફૂલ પહેરે છે. ડોકમાં કાંઠલી અને કેડે કંદોરો પણ પહેરે છે.





આયરાણીનો પોશાક પણ તેના રૂપ સાથે ખીલી ઊઠે છે. તેનો પોશાક સુંદર રંગમિલાવટવાળો અને આકર્ષક હોય છે. ઓઢણું, કાપડી અને જીમી કે પહેરણું એ તેનો મુખ્ય પોશાક છે. ઓઢણા તરીકે વપરાતું વસ્ત્ર એ ધાબળો છે. ઘેરા લાલ કે કાળા રંગની ઊનની પણ બહારથી ભરત-ભરેલી જાડી ધાબળી બનાવેલી હોય છે. કાપડું લાલ-લીલા રંગનું પાછળથી ખુલ્લું અને કસવાળું હોય છે. જુદાંજુદાં રંગીન કપડાં જોડીને બનાવેલ કાપડું ખૂબ આકર્ષક લાગે છે. બાવડાં પર પણ વિવિધ પ્રકારનાં ભરત અને આભલાં ભરેલાં હોય છે. નીચે ઘેરા રંગની લાલ જીમી પહેરે છે. છોકરીઓ ઓઢણી, કાપડું ને ઘાઘરી પહેરે છે. જીમીને આ લોકો પહેરણું કહે છે.

આયરોમાં અનેક પેટા-કોમ હોય છે. તેમનો પોશાક થોડોથોડો જુદો પડે છે. સ્ત્રીઓ પગમાં રૂપાનાં પોલાં કડલાં, હાથમાં કણરિયાં તથા કડલી, ડોકમાં સોનિયો, કાનના ઉપલા ભાગમાં રૂપાના ને નીચલા ભાગમાં સોનાના વેઢલા પહેરે છે. કાનમાં ટોટીઓ અને નાકમાં નથ અથવા ચૂંક પહેરે છે. હાથમાં બલોયાં અગર ચૂડી પણ પહેરે છે. આયર સ્ત્રીઓ ભરતગૂંથણ, હીરનું ભરત અને આભલાભરતમાં કુશળ હોય છે. શુભ પ્રસંગોએ ચાકળા ને ચંદરવા પણ તેઓ જાતે જ બનાવે છે. તેમાં લાલ, પીળો, લીલો, કેસરી, જાંબુડિયો ને ભૂરો રંગ ખાસ રંગો હોય છે. આયરોનું ભરતકામ ઝીણું કરીને ખચિત હોય છે.



ારણ

સૌરાષ્ટ્ર, કચ્છ અને મારવાડની ભૂમિને પોતાનાં રસભર્યાં કાવ્યો તથા દુહાથી ડોલાવતા આ ચારણોનો હાસ બીજી જાતિઓ કરતાં કંઈક અનેરી ભાત પાડે છે. દો, પુરાણો, 'રામાયણ' તથા 'મહાભારત'માં પણ આ તિના ઉલ્લેખ મળે છે.

આજે જંગલમાં પશુપાલન કરતી કે ગામડામાં ખેતી ની તેમ જ પછાત ગણાતી કોમ એક સમયે રજવાડાંઓ ને દરબારોમાં આદરભર્યું સ્થાન પામેલી હતી. તેમની દ્ધિમત્તા અને શીઘ્રકવિત્વશક્તિને કારણે રાજાઓ તેમને નભેર રાખતા. રાજદરબારમાં રાજાની પણ શેહશરમમાં ખ્યા વિના તેઓ હિંમતભેર જે કહેવું હોય તે કહી શકતા. ની જાતિને હંમેશ અભયવચન રહેતું.

યુદ્ધમાં ખપી જવાનું જે કાળમાં ગૌરવ મનાતું તે યના રજપૂત રાજાઓ, સેનાપતિઓ અને સૈનિકો પોતાની નાની ગાથા ઈતિહાસમાં સચવાઈ રહે તેવી ખ્વાઈશ ના. આ અપેક્ષા ચારણો દ્વારા પૂરી કરાતી. ચારણો એ નાનાં કવિત કરતા - દુહા કરતા. તેના ગાનથી જદરબારીઓ ડોલી ઊઠતા. ચારણની કથનશક્તિ ત્મક રહેતી. તેઓ માથાભારે રાજાને ધ્રુજાવતા.

આજે તો ચારણોનાં રીતરિવાજ બ્રાહ્મણ અને ક્ષત્રિય હોય છે. બીજા ચારણો કરતાં તેઓ વધુ સંસ્કારી છે. આજે નોકરીઓ કરે છે. તેમનાં નામ પાછળ 'દાન' વામાં આવે છે. જેમ કે શંકરદાન, જોગીદાન વગેરે. ઓનાં નામ પાછળ 'બાઈ' શબ્દ ઉમેરવામાં આવે છે. મ કે સોનબાઈ, માનબાઈ વગેરે.

ચારણોની બુદ્ધિમત્તા અને કવિત્વ શક્તિને કારણે રાજાઓના દરબારમાં સ્થાન મળતું

સોરઠિયા ચારણો પશુપાલનના ધંધા સિવાય ગિરાસદારો હતા. આ લોકો સાહિત્યરસિક પ્રજા છે. આ ચારણોનું રાજદરબારમાં પણ માન હતું. વૃદ્ધ પુરુષો ગળામાં રુદ્રાક્ષની માળા પહેરે છે અને માતાજીની ભક્તિ કરે છે. આ જાતિના પુરુષોનાં નામ પાછળ 'ભા' અને સ્ત્રીઓનાં નામ પાછળ 'બા' લગાડવામાં આવે છે. જેમ કે, મેરુભા, જોરુભા, માનબા, રૂપબા વગેરે.

ચારણોનો એક મોટો વર્ગ પશુપાલનનો ધંધો કરે છે. બીજો વર્ગ માલધારી ચારણો તરીકે ઓળખાય છે. આ 'દેવીપૂતર' ચારણોએ ગુજરાતનાં ઈતિહાસ, દંતકથા ને સાહિત્યને જાળવ્યાં છે. લોકસાહિત્યમાં ચારણી સાહિત્યનો આખો વિભાગ નોખો પડે છે. ચારણી છંદ ને દુહાનો લલકાર અલગ તરી આવે છે. આ દેવીપુત્રોએ સાહિત્યનું તેમ શૌર્યનું, જાતિનું ને પ્રજાનાં મૂલ્યોનું જ્ઞાન આપીને પણ જતન કર્યું છે ને લોકવંદનાને લાયક ઠર્યા છે.

માલધારી ચારણ

ભિન્નભિન્ન ચારણકોમના પોશાકો એકબીજાથી થોડા જુદા પડે છે. સામાન્યત: પુરુષોનો પોશાક ખેડૂત જેવો હોય છે. તેઓ ચોરણી અને કેડિયું પહેરે છે અને માથે પાઘડી બાંધે છે. કમરે પછેડીની ભેટ બાંધે છે. કેટલાક ચારણો દાઢી પણ રાખે છે. પગમાં તેઓ ચાંચવાળા જોડા પહેરે છે.

ચારણ સ્ત્રીઓ ચણિયાને બદલે લાલ રંગનું તથા નીચે તપખીરિયા રંગની કિનારવાળું લગભગ ત્રણેક હાથ લાંબું કપડું, છૂટે નહીં એ રીતે કમર-કસ બાંધીને લુંગીની જેમ વીંટીને પહેરે છે. તેને જીમી કહેવામાં આવે છે. ઉપર ઘેરાં રંગીન કસવાળાં કાપડાં અને માથે છીંટ જેવું ઓઢણું અથવા કાળી કે લાલ ધાબળી ઓઢે છે.

સ્ત્રીઓ ઘરેણાંમાં મુખ્યત્વે રૂપાના વાળા તથા વેઢલા, હાથમાં ચાંદીના કરડા, પગમાં ચાંદીનાં કડલાં, નાકમાં શિંગડાની બનાવટનો ચૂંક જેવો કાળો દાણો, માથે ઝૂમણાં





તથા કાને લોળિયાં અને ગળામાં ચાંદીની હાંસડી પહેરે છે.

માલધારી ચારણો ગીરનાં ગાઢાં જંગલોમાં ડુંગરાઓના ઢોળાવો પર પાંચ-પંદરના જૂથમા ઝૂંપડાં બાંધીને રહે છે. આ ઝૂંપડાંઓને 'ઝોક' કહેવામાં આવે છે અને આ રહેઠાણોને 'નેસ' કહેવામાં આવે છે. આવા કેટલાય છૂટાછવાયા નેસ હોય છે. આજુબાજુમાં ઢોરઢાંખરને ચરવા માટે ચારો ખૂટી જાય તો તેઓ નેસ બીજે પણ લઈ જાય છે. તેમનાં ઝૂંપડાં સામાન્ય રીતે લંબચોરસ આકારનાં હોય છે. થોડેથોડે અંતરે લાકડાની વળીઓ ઊભી કરીને, જંગલમાંથી સૂકી સોટીઓ જેવી ડાળીઓ તથા લાકડાં લાવીને તેની દીવાલ બનાવે છે. તે દીવાલને અંદરથી છાણ-ગારાથી લીંપી લેવામાં આવે છે. વચ્ચેવચ્ચે રાખેલાં બાકોરાંમાંથી હવા-ઉજાસ આવે છે.

પશુપાલનમાં મુખ્યત્વે તેઓ ભેંસો જ રાખે છે. આ ભેંસો ભારે બળૂકી હોય છે. તેઓ સિંહથી પણ ડરતી નથી. ક્યારેક સિંહની સામે પણ થઈ જાય છે અને તેને ડરાવીને ભગાડી પણ મૂકે છે. આ ચારણો ઘી-દૂધનો પણ ધંધો કરે છે. ખેતી કરતા ચારણો અન્ય ખેડૂતો જેવું જ જીવન જીવે છે. તેમનાં મકાનો ખડકીબંધ હોય છે. ચારણોમાં સંયુક્ત કુટુંબપ્રથા હોય છે. ઘરનું વાતાવરણ સુમેળવાળું હોય છે. પ્રમાણમાં તેઓ સુખી, સમૃદ્ધ અને શાંતિભર્યું જીવન જીવે છે. પહેલાંના સમયના રાજદરબારના હોકા હજી કેટલાંક કુટુંબોમાં વપરાય છે. માલધારી ચારણોના નેસડામાં કંઈક વીરગાથાઓનાં ગાન સંઘરાયાં છે.



પાટણવાડિયા

પાટણ જેમનું મૂળ સ્થાન છે એ જાતિ પાટણવાડિયા તરીકે ગુજરાતમાં આજે પ્રખ્યાત છે. આ કોમ ત્રણ નામે ઓળખાય છે : પાટણવાડિયા, બારૈયા અને ધારાળા. રેવાકાંઠા, મહીકાંઠા અને ઉત્તર ગુજરાતના કેટલાક પ્રદેશોમાં આ લોકો વસે છે. થોડો સંસ્કારે, ખાનદાની અને ખમીરનો તેમ જ રહેણીકરણીમાં સામાન્ય ફેર હોવા છતાં આ ત્રણે મૂળ એક જ જાતિ છે.

પાટણવાડિયાની છાતી મજબૂત છે. એનું શરીરબળ ચઢિયાતું છે. લોકકથાનાં પુસ્તકોમાં એવી માહિતી આવે છે કે આ પાટણવાડિયા વ્યક્તિ તેના લોખંડી મુક્કાથી સામી વ્યક્તિનું માથું ધડમાં પેસાડી દઈ શકે છે.

આ જાતિ મૂળ કોળીમાંથી ઉદ્‌ભવી છે એવું કેટલાકનું માનવું છે. એ જાતિનું મૂળ જે હોય તે પણ આ જાતિમાં રજપૂતી ખમીરનાં ઘણાં વિશિષ્ટ પાસાં જોવા મળે છે. જોકે પાટણવાડિયા, ધારાળા કે બારૈયા પોતાને રજપૂત તરીકે જ ઓળખાવે છે અને તેમાં તથ્ય પણ જણાય છે.

સમયનાં વહેણ બદલાતાં આ જાતિઓમાં, તેમના ધંધાઓમાં, રીતરિવાજોમાં ઘણા ફેરફારો થયા છે. રાજ-રજવાડાં જતાં, શસ્ત્રોના પ્રકારો બદલાતાં અને જીવનના અસ્તિત્વ અર્થે નક્કર સંઘર્ષને કારણે આ જાતિની પણ જીવનરીતિઓ બદલાઈ છે. સંજોગોને કારણે વચગાળાના થોડા સમયમાં આ જાતિ ચોરી, લૂંટફાટ અને અન્ય ગુનાઈત વૃત્તિઓ તરફ વળી હતી, પરંતુ હવે એ બધી વૃત્તિઓ ચાલી ગઈ છે.

આ બારૈયા-પાટણવાડિયાને બહારવટાના કુમાર્ગેથી પાછા વાળનાર રવિશંકર મહારાજની કથા ઝવેરચંદ મેઘાણીએ લખેલા 'માણસાઈના દીવા'માં સરસ રીતે આલેખાઈ છે, તો રામનારાયણ નાગરદાસ પાઠકના 'જગતના તાત'માં પણ તેમની જ વાત છે.





તસવીર : દિનેશ શુક્લ

રવાડ

હાથમાં ડાંગ લઈ ઘેટાં-બકરાંનાં ટોળાને હંકારતા, માંથી આઘાંપાછાં થતાં ઘેટાંઓને લલકારતા તથા ડાંગ તેમને એક બાજુ કરીને વારતા એવા સીમાડાઓ પર ર થતા ભરવાડોને કોણે જોયા નહીં હોય ? વહેલી રમાં સાઇકલ પર દૂધનાં બોઘરણાં ભરીને નજીકના રમાં દૂધ વેચવા જતા ભરવાડો સૌની નજરે પડ્યા હશે.

ઘાસચારા માટે તેઓ પોતાનાં ઘેટાં-બકરાં લઈને એક થી બીજે સ્થળે જંગલો ને ડુંગરાઓમાં ભટકે છે. બેચાર એક જગ્યાએ ચારેક લાકડીઓ ખોડીને તેની ઉપર પછેડી જેવું બાંધીને તે કામચલાઉ ઘર ઊભું કરે છે. આ રીતરસમ ઉપર આભ ને નીચે ધરતીના સહારે વિતાવતી એના અલગારીપણાની સાક્ષી પૂરે છે.

આ ભરવાડો સ્થાયી જીવન પણ જીવતા હોય છે. ચે વહેલા ઊઠીને પુરુષો દૂધ દોહીને જંગલમાં ઢોર વા નીકળી પડે છે. બપોરે ઘેરથી કોઈ 'ભાત' આપી છે. સ્ત્રીઓ સવારે દળણું દળે છે તેમ જ દૂધ પણ દુહે રની સફાઈ પણ કરે છે. પછી ઊન કાંતવા બેસી જાય મમાં દૂધ આપવા જવું, ખરીદી કરવી, હિસાબ રાખવા કામ સ્ત્રીઓ જ કરે છે. અભણ હોવા છતાં તેઓ મોઢે રાખી શકે છે. તેઓ ઘેટાં-બકરાં ઉપરાંત ગાય-ભેંસ પણ રાખે છે. પશુઓને તેઓ 'માલ' તરીકે ઓળખે છે. મોટો માલ એટલે ગાય-ભેંસ અને નાનો માલ એટલે ગાડરાં. તેમનામાં પુરુષોમાં અરજણ, કાનો ને ગોવિંદ જેવાં નામો અને સ્ત્રીઓમાં રતન, પાંચી ને જશી જેવાં નામો હોય છે.

કુદરતે મઢ્યા માહોલમાં મસ્તીથી જીવન ગુજારતી ભરવાડ કોમ શરીરે કાઠી છે. ભભકદાર રંગભર્યા પોશાકો પહેરે છે અને સાદાં પણ કલાત્મક ઘરોમાં રહે છે.

પુરુષો ચોરણી, કેડિયું અને માથે આખી લાલ અથવા લાલ છેડાવાળી પાઘડી પહેરે છે. પાઘડી તેઓ વ્યવસ્થિત રીતે બાંધતા નથી પણ ખાબડખૂબડ રાખે છે. ચાંચવાળા નાની ફૂદડી જડેલા ઓખાઈ ઢબના જોડા પહેરે છે. ડાંગ પછાડી મસ્તીમાં ડોલતા હોય છે. કાંડે કડાં, ડોકમાં ચાંદીનો કાંઠલો કે માળાઓ પહેરે છે તેમ જ કાનમાં લોળિયાં પહેરે છે.

ભરવાડણ ઊનનાં કપડાં પહેરે છે. ચણિયાને બદલે કાળા ધાબળા જેવું કપડું જીમીની જેમ વીંટાળે છે. તેમાં લાલ અને સફેદ ભાત હોય છે. આ કપડાંને 'ધૂંસી' કહે છે. બદન પર કસવાળું કપડું પહેરે છે. તે સુતરાઉ હોય છે. માથે ઓઢણામાં ઊનના ધાબળા ઓઢે છે. હાથમાં અરઢિયાં, પગમાં કડલાં, ગળામાં હાર, કાનમાં પાંદડીઓ તેમ જ નાકમાં નથ પહેરે છે. સૌથી ધ્યાન ખેંચે તેવું તો તેના ડાબા હાથમાં પહેરેલું હાથીદાંતનું બલોયું હોય છે. તે ત્રણેક આંગળ પહોળું હોય છે. રબારીની જેમ આ લોકો પણ વાર-તહેવારે રાસડા લે છે. ઉમંગથી તહેવારો ઊજવે છે.

ભરવાડ રોટલો લઈ, બીજે હાથે બકરીના આંચળ પકડી દોહી, દૂધની સીધી શેડ પોતાના મોંમાં ઝીલે છે. આવા ભરવાડોની સંખ્યા બહુ જ જૂજ છે








રબારી

ચારણોમાં જુદીજુદી વિકાસકક્ષાઓ જોવા મળે છે, તે રબારીઓમાં જોવા મળતી નથી. રબારીની આખી કોમ પશુપાલનનો જ વ્યવસાય કરે છે. ગીરમાં વસતા રબારીઓ નેસ બાંધીને રહેતા ગીરના ચારણોની જેમ જ અર્ધભટકતું જીવન ગાળે છે. ગામડાંમાં રહેતા રબારીઓ ગ્રામજીવનને અનુરૂપ એવું ગ્રામજીવન ગાળે છે.

રબારીઓમાં બે વર્ગ છે : એક સૌરાષ્ટ્રના રબારીઓ અને બીજા ગુજરાતના રબારીઓ. ત્રીજો એક વર્ગ વઢિયારી રબારીઓનો છે. તેઓ માત્ર ઘેટાં-બકરાં જ રાખે છે અને



સદાય ફરતા રહે છે. આ રબારીઓ કચ્છ બાજુ વિશેષ જોવા મળે છે. રબારી લોકો ઊંચા અને મજબૂત બાંધાના તથા કસાયેલા હોય છે. તેમનામાં પુરુષોમાં બીજલ, રામ, દેવો જેવાં નામો હોય છે અને સ્ત્રીઓમાં કાળી, રૂડી, જેઠી જેવાં નામો હોય છે.

બધા રબારીઓ મુખ્યત્વે ચોરણી, કેડિયું તથા આંટિયાળી પાઘડી પહેરે છે. ઘણું કરીને તેમાં એક કાળો લીટો હોય છે. તેઓ પાઘડી નીચે મેલખાયું બાંધે છે. અડધો-પોણો મીટરના ત્રિકોણાકાર કપડાને 'મેલખાયું' કહે છે. સૌરાષ્ટ્રના રબારીઓ મેલખાયું પહેરતા નથી. તેઓની પાઘડી ગુજરાતના રબારીઓની પાઘડી કરતાં મોટી હોય છે. ગુજરાતના રબારીઓનાં કેડિયાં બેએક કસનાં તથા ઘેર વિનાનાં સાદાં હોય છે. સૌરાષ્ટ્રના રબારીનાં કેડિયાં પાછળ પટ્ટીવાળાં, વધુ કસવાળાં અને ઘેરદાર હોય છે. તેમના હાથની બાંય હાથના માપ કરતાં વીસ-બાવીસ સેન્ટિમીટર લાંબી હોય છે એટલે બાંયમાં ખૂબ કરચલી પડે છે. તેમની ચોરણી પણ પગની લંબાઈ કરતાં લાંબી હોય છે જેથી તેની પણ ઘણી કરચલી પડે છે. ગુજરાતની રબારીની ચોરણી કમર અને સાથળ આગળથી સાદી હોય છે.

રબારી પુરુષો કાનમાં ઠોળિયાં અને કાનમાં સોનાનાં ફૂલ પહેરે છે. હાથમાં 'સરલ' અને પગમાં તોડા પહેરે છે. સ્ત્રીઓ જીમી, કામળિયા ઓઢણી તેમ જ સાદું કપડું પહેરે છે. તેઓ ચાંદીનાં ઘરેણાં પહેરે છે. રબારી સ્ત્રીઓ ભરત-ગૂંથણ સારું કરે છે. આભલાં પણ સરસ ભરે છે.



રબારીઓ વાર-તહેવારે રાસ રમે છે અને ગરબા પણ ગાય છે. પ્રસંગોપાત્ત ભજનો પણ ગાય છે. તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે. જન્માષ્ટમી એ તેમનો મહત્ત્વનો તહેવાર છે. ખૂબ ધામધૂમથી તેઓ એ તહેવાર ઊજવે છે.



કોળી

ગુજરાતની પૂર્વ સરહદે ડુંગરાળ પ્રદેશમાં જીવન વિતાવતા આદિવાસીઓ મોટા વિસ્તારમાં પથરાયેલા છે. કોળી કોમ પણ ઘણા વિસ્તારોમાં ઠેરઠેર વસેલી છે. અલબત્ત, એ લોકો નથી આદિવાસી જેવા પછાત કે નથી સુધરેલા, પણ બંને વચ્ચેની મધ્યમ જીવનપ્રણાલીવાળા છે. ગુજરાત-સૌરાષ્ટ્રમાં વસતા કોળીઓમાં મુખ્યત્વે પાંચ જાતિઓ છે : 1. તળપદા, 2. ચુંવાળિયા, 3. ઘેડિયા, 4. વળાંકિયા તેમ જ 5. ખાંટ. તેમની પેટાજાતિઓનો આંકડો તો ઘણો મોટો છે.

દક્ષિણ ગુજરાતના કેટલાક કોળીઓ પોતાને પટેલ કહેવડાવે છે, જ્યારે કેટલાક પોતાને ઠાકોર કહેવડાવે છે. એવો પણ એક ઉલ્લેખ મળે છે કે ગુજરાતના સાગરકાંઠા પર વસતા ખલાસી-ખારવાઓ મૂળે તો કોળીઓ જ છે. અરવલ્લીના ડુંગરોમાં ભીલો અને કોળીઓ સાથે વસવાટ કરે છે. નદીનાં કોતરો અને રણની કાંધી પર વિવિધ સ્થળોએ વસતા કોળીઓ વિવિધ જાતિઓ સાથે ભળી ગયેલા છે.

કોળીઓ ખેતીનો વ્યવસાય કરે છે. ઉપરાંત તેઓ દહાડિયા મજૂરી પણ કરે છે. તેમની અટકો રજપૂતો જેવી છે. તેઓ ગુનાઈત પ્રવૃત્તિઓમાં પણ સંડોવાયેલા હોય છે. ચોરી, લૂંટફાટ, ખેતરના ઊભા પાક વાઢી જવા વગેરે પ્રવૃત્તિઓમાં તેઓ પાવરધા ગણાતા. સ્વભાવે તેઓ આળસુ અને ઉડાઉ છેસ એટલે ખેતીની મહેનત કરવા કરતાં ચોરી કરવાનું તેમને વધુ અનુકૂળ થયું હોય. એક સમયે ઉત્તર ગુજરાતમાં તેમનો ઘણો ત્રાસ હતો. હવે એવું રહ્યું નથી.

કોળીઓ મધ્યમ કદના, મજબૂત બાંધાના, કસાયેલા શરીરવાળા અને રંગે કાળા હોય છે. તેમનો પોશાક સૌરાષ્ટ્રમાં લબડતો-ધબડતો ચોરણો અને ગુજરાતમાં ટૂંકું ધોતિયું, ખેડૂત જેવી સાદી પાઘડી, શરીરે ટૂંકું પહેરણ અને ઉપર બંડી હોય છે. બટનમાં ચાંદીની ઘૂઘરીઓવાળી સર ઝૂલતી હોય છે. ડોકમાં કાળો દોરો ને માદળિયું રાખે છે.

સ્ત્રીઓ આભલાં ભરેલા ચણિયા, કાપડાં અને જાડા સાડલા પહેરે છે. શહેરમાં રહેતા થયેલા કોળીઓએ હવે તો શહેરી પોશાક અપનાવ્યો છે. સ્ત્રીઓ ઘરેણાંમાં ચાંદીના સામાન્ય દાગીના પહેરે છે. ચોરનું તેમ જ પશુઓનું પગેરું શોધવામાં તેમ જ ધાર્યું નિશાન પાડવામાં એક કાળે કોળીઓ ઘણા પાવરધા ગણાતા. તેમાંય સસલાં જેવાં ઝડપી પ્રાણીઓ તેમ જ ડુક્કર અને તેતરના શિકારમાં તેમની ચપળતા અજોડ ગણાતી.

પ્રાણીનું પગેરું પારખવામાં પગીઓ જેવા નિષ્ણાત બીજા કોઈ નહીં. ગાઉના ગાઉ સુધી પગેરું પકડી ભલભલા ચોરડાકુઓને પકડાવ્યાના અનેક દાખલા છે. સસલાંને દોડાવીદોડાવીને થકવી, એમને વગર બંદૂકે પાડી દેવામાં કોળીઓને કોઈ ન પહોંચે. તરલ ગતિ અને ચુપકીદીભરી ચાલ એ તેમની ખાસિયત છે. ઘોડેસવારી અને તરવાની કળા પણ તેઓ સારી જાણતા.



લીલા સાગના સોટા જેવી, હલકતા શરીરવાળી, કોળણ બહેનો નમણાં મુખ અને ઘેરો વાન, નાકમાં સોનાની વાળી, રંગબેરંગી કપડાં પહેરી મોરલા જેવા કંઠે હલકદાર રાસ કે ભજન ઉપાડીને ઢોલની ધડૂકતી દાંડીએ ટિપ્પણી શરૂ કરે. આગળ-પાછળ ટિપ્પણી ફેરવતાં અંગના એવા વળોટ લેતી જાય કે બે ઘડી શાસ્ત્રીય નૃત્યના અંગમરોડો પણ ભૂલી જઈએ.

કોળીઓનું ઝમકદાર નૃત્ય
(તસવીર : અઝમદ સૈયદ)





ભીલ

'રામાયણ'કાળથી જાણીતી થયેલી તે ત્યારથી માંડીને આજ સુધી 'ભીલ'જાતિની ઓળખાણ કોઈનેય આપવી પડે તેમ નથી. લોકવાણીમાં એ જાતિ અમર થઈ ગઈ છે. 'ભીલડીનાં એઠાં બોર રામજીએ ખાધાં' એ વિષય પર તો કંઈ કેટલાંય કથાકાવ્યો રચાઈ ગયાં.

ભીલ એટલે જંગલમાં વસનારી જૂનામાં જૂની જાતિ. એક સમયે સમાજમાં આદરભર્યું સ્થાન ભોગવતી કેટલીયે જાતિઓ સમયનાં વહેણ બદલાતાં પછાતપણામાં ધકેલાઈ ગઈ છે. એ જ રીતે કાળક્રમે ભીલજાતિ તરફ સમાજની દૃષ્ટિ પણ બદલાઈ ગઈ છે, એટલે આજે ભીલજાતિ જંગલમાં રહેનારી, તીરકામઠાં રાખનારી, ચોરી અને લૂંટફાટના ધંધામાં પડેલી જાતિ તરીકે ઓળખાય છે. પરાપૂર્વથી તીરકામઠાં એ તેમનું મુખ્ય શસ્ત્ર છે.

ભીલોની મોટી વસ્તી આજે પંચમહાલમાં છે. ગાઢ જંગલમાં રહેનારી એ જાતિ હવે સમૂહમાં ગામડાંની સાથે રહેતી થઈ ગઈ છે. કેટલાક ભીલો ખેતી પણ કરે છે, તો કેટલાક મજૂરી પણ કરે છે. છતાં હજી આજના યુગમાં પણ ભીલ પ્રજા પાસે તીરકામઠાં રહ્યાં છે. તીરકામઠાં ચલાવવાની એમની કુશળતા પણ હજી એવી જ છે.

ભીલજાતિમાં કેટલાક ભેદ પણ છે. સામાન્યતઃ ભીલો તેમના જંગલવાસને કારણે રંગે કાળા હોય છે, પરંતુ તેમનો એક સમૂહ ઘઉંવર્ણ પણ ધરાવે છે. તે લોકો પોતાને પટેલિયા તરીકે ઓળખાવે છે. ભીલ એક ખાનદાન જાતિ છે. રાજા રામચંદ્રથી રજપૂતીનો ઇતિહાસ સર્જનાર રાણા પ્રતાપ સુધીના સૌને ભીલોએ સહાય કરી હતી.

ભીલો ભીના વાનના, સામાન્યતઃ બેએક મીટરની ઊંચાઈ ધરાવતા આકર્ષક ચહેરાવાળા હોય છે. પહોળાં જડબાં, વિશાળ કપાળ, અણિયાળું નાક અને પાતળા હોઠવાળું તેમનું વ્યક્તિત્વ તેમને અન્ય આદિવાસીઓથી જુદા પાડે છે. ભીલ નારીઓ સુડોળ અને આકર્ષક હોય છે. તેમનામાં એક પ્રકારની આગવી ખુમારી હોય છે. અન્ય આદિવાસી જેવું દૈન્ય અને ભીરુપણું તેમનામાં નથી. આથી જ તેઓ પોતાની ભીલી બોલીનું ગીત 'શૂર અમો, મર્દ અમો, જંગલોમાંના વાઘ અમો' ગાય છે.

ડુંગરો અને જંગલોના નિરુદ્યમી વસવાટથી કોઠે પડી ગયેલી ગરીબી તેમના જીવનમાં સહજ બને છે. ભીલો કંદમૂળ, મકાઈ, બંટી, કોદરા, નાગલી વગેરેની આછી-પાતળી ખેતી ઉપર તો ક્વચિત્ મરઘાં-બતકાંના માંસ ઉપર જીવન ગુજારે છે. પાણીની અછતને કારણે ઓછી ખેત-પેદાશ પર આખું વરસ ખેંચે. દુકાળના સમયમાં તો બે ટંક ખાવાના પણ સાંસા પડી જાય ત્યારે પેટને ખાતર ભીલોનાં ટોળાં આસપાસનાં ઉજળિયાત ગામો પર તીડની જેમ ત્રાટકતાં.

આમ, કુદરતના કોપને આધીન ચોરી-લૂંટફાટનો તેમનો એક બીજો વ્યવસાય બની ગયો. પંચમહાલ,

ભીલ નૃત્ય
(તસવીર : બી. એમ. કનોજા)





ટાઉદેપુર ને રાજપીપળાના ઉજળિયાત વિસ્તારમાં લોના આવા હુમલાની દહેશત રહ્યા કરે. આવા પ્રસંગે મા જનારા ભીલોનાં કુટુંબોની સંભાળ ગામ રાખે. આમ, યાસે ભીલોનું ખમીર ગુનેગારી-જીવન તરફ ફંટાઈ ગયું.

ગુજરાતના આદિવાસીઓની 29 જાતિઓ છે. તેમાં થી મોટી જાતિ ભીલ છે. ભીલોની બોલીમાં એકંદરે જરાતી ભાષાનાં સર્વસામાન્ય લક્ષણો છે. ભીલોનાં ગામ વાયાં હોય છે. તેમનાં ઝૂંપડાં વાંસ, વળી, સરાંઠી અને ાનનાં બનેલાં હોય છે. રાજપીપળાવિસ્તારમાં તેમની ગીચ છે.

ભીલ પુરુષો કેડે લંગોટ, ખભે પછેડી અને માથે ફાળિયું છે. ફાળિયામાં એમના લાંબા વાળનો ચોટલો હોય છે. કાંસકી, કાચનો ટુકડો અને ચકમક હોય છે. ભીલ સ્ત્રી થી સહેજ ચીરેલો લાલ-પીળો ચણિયો પહેરે છે. એના પાછળ બાંધે છે. ભીલ બાળકો લગભગ ઉઘાડાં જ હોય ાંચ વર્ષ થયા પછી છોકરો લંગોટી અને છોકરી ઘાઘરી છે.

ભીલો ઘરેણાંના શોખીન હોય છે. ઘરેણાં પિત્તળ, ચાંદી, ર કે કીડિયાનાં હોય છે. સારી સ્થિતિના પુરુષો કાંડે કલ્લી, કડું ને કેડે કંદોરો પહેરે છે. સ્ત્રીઓ પગની ીઓએ વીંછિયા, પગમાં તોડા, કાંડે ચૂડી, બલોયાં કે પહેરે છે. ગળામાં માળા ને કાનમાં લોળિયાં પહેરે છે.

ભીલોના તહેવારોમાં હોળી, દિવાળી ને અખાત્રીજ છે. ભીલોમાં દેવદેવીઓનો પાર નથી, પણ રામના ભક્ત હોય છે. માતાઓની અણઘડ પ્રતિમાઓ ગામના ઝાડ નીચે કે ડુંગરની ટોચે હોય છે.

ંચમહાલમાં 1922માં ઠક્કરબાપાએ 'ભીલ સેવા ' સ્થાપ્યું. તે દ્વારા થયેલી અને થતી શિક્ષણ, સ્વચ્છતા વિકાસની પ્રવૃત્તિઓ અસરકારક નીવડી છે. એ જ રીતે ેપુરના રંગપુર ગામમાં આનંદ નિકેતન, વડોદરાનું સેવા મંડળ ને ભિલોડાના મેઘરજ ગામે ભીલ- ાનું કામ ચાલે છે.

વણકર

બાપદાદાથી વણાટનો ધંધો કરતી વણકરના નામે ઓળખાતી અને અગાઉ સવર્ણ સમાજમાં અસ્પૃશ્ય મનાતી આ કોમ તેના ધંધાને કારણે વણકર કહેવાય છે.

યંત્રયુગ પહેલાં ભારતનો કાપડ-ઉદ્યોગ ઘણો સમૃદ્ધ હતો. દૂરદૂરના દેશોમાં ભારતનું કાપડ વપરાતું. તે સમયે આ વણકરોની સ્થિતિ ઘણી સારી હતી. બ્રિટિશ શાસનની સાથે-સાથે યંત્રયુગનો ઊગમ થવા લાગ્યો ને ભારતના હસ્તવણાટના કાપડ-ઉદ્યોગનો અસ્ત થવા લાગ્યો. તેઓની રોજી ગઈ ને ધીમેધીમે વણકરો બેકાર બનતા ગયા. ગરીબી અને બેકારી ઘેરી વળતાં તેમાંથી તેઓ છૂટી શક્યા જ નથી.

વણકરો પોતાના જાતભાઈઓના સમૂહમાં વસવાટો બાંધીને રહે છે જે પહેલાં સામાન્ય રીતે 'વણકરવાસ' તરીકે ઓળખાતો. તેમનાં ઘરો માટીનાં અને કાચાં હોય છે. આગળ ઓસરી હોય છે. એકાદ ઓરડામાં ખાડાસાળ હોય છે તેમ જ વણાટનો સામાન હોય છે. તેમનાં ઘરો પ્રમાણમાં સ્વચ્છ અને વ્યવસ્થિત હોય છે. હવે તો કેટલાંક સુખી કુટુંબો સારાં પાકાં મકાનોમાં પણ રહે છે.

હાલમાં તેમનો ધંધો પડી ભાંગવાથી તેઓ કડિયાકામ તેમ જ મજૂરી પણ કરે છે. કેટલાક ભણેલાઓ નોકરીઓ પણ કરે છે, તો કેટલાક ચામડું કમાવવાનો ધંધો પણ કરે છે.

એક દંતકથા છે કે પાટણના સિદ્ધરાજ જયસિંહે બંધાવેલા સહસ્રલિંગતળાવમાં જસમા ઓડણના શાપથી પાણી રહેતું નહોતું. તેના નિવારણ માટે કોઈ બત્રીસલક્ષણા પુરુષના બલિદાનની જરૂર પડી હતી ત્યારે તપાસ કરતાં વણકર કોમનો 'મયો' નામે પુરુષ મળી આવ્યો હતો. તેણે પોતાની કોમની એક અપમાનજનક રૂઢિ બંધ કરવાની શરતે પોતાનો ભોગ આપ્યો હતો. જોકે આ વાતને ઇતિહાસનું સમર્થન નથી.





મિયાણા

પહેલાંના સમયે આ કોમ મુખ્યત્વે ધિંગાણાં કરવામાં અને ચોરી, લૂંટફાટ કે ધાડ પાડવા માટે જાણીતી હતી. હવે તેમની એ પ્રવૃત્તિ ઓછી થઈ ગઈ છે. પહેલાંના સમયમાં રાજાઓ એકબીજાને હેરાન કરવામાં પણ તેમનો સાથ લેતા. આ કારણસર પણ પોતાના રાજ્યમાં તેમને આશરો આપતા. આથી જ તેમની સમાજવિરોધી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળ્યું. તેમને સંસ્કારમાં જ ગુના કરવાનો વારસો મળતો ગયો. દેશી રાજ્યોનું વિલીનીકરણ થયા બાદ તેમની પ્રવૃત્તિઓ ઓછી થતી ગઈ.

હવે તેઓએ ખેતી અને માછીમારીનો વ્યવસાય અપનાવ્યો છે. કેટલાક મજૂરી કરે છે તો કેટલાકે પોલીસખાતામાં પણ નોકરીઓ લીધી છે. આ કોમ મુસ્લિમ-ધર્મ પાળે છે, પરંતુ તેમનાં ઘણાં રીતિરિવાજો હિંદુઓને મળતાં આવે છે. તેઓ શરીરે દેખાવડા, સાધારણ ઊંચા, મજબૂત અને મધ્યમ બાંધાના હોય છે. તેઓ ઘોડેસવારી અને શિકાર માટે જાણીતા છે.

આ કોમ મુખ્યત્વે સૌરાષ્ટ્રના માળિયાવિભાગમાં વસે છે. આ ઉપરાંત અન્ય વિભાગમાં પણ છૂટા-છવાયા વસે છે.

ઘણુંખરું તેઓ સીમમાં પોતાનાં ખેતરોમાં જ ઝૂંપડાં બાંધીને રહે છે. તેમનાં મકાન કાચાં અને માટીનાં હોય છે. ઉપર ઘાસ અથવા સાંઠીનું છાપરું હોય છે. પોતાના ખેતરનું રક્ષણ તથા ચોરીનો માલ સંતાડવો પણ સુગમ પડે તેથી આવો વસવાટ પસંદ કર્યો હોવાનું મનાય છે. ક્યારેક તેઓ એકબીજાના ખેતરમાંથી પણ પાક વાઢી જાય છે. તેઓમાં માણેક, ભટ્ટી, સંધવાણી, મુસાણી વગેરે જેવા વર્ગ હોય છે. તેમનાં નામમાં હિંદુ અને મુસ્લિમ બંને હોય છે : જીવા, અબ્દુલ્લા, જાનબાઈ વગેરે.

તેઓ મુખ્યત્વે સોરબ નામે બંધબેસતો ચોરણો, અચકન, શરીરે કેડિયું અને માથા પર પાઘડી પહેરે છે. તેઓ દાઢી રાખે છે. ચોરણાને બદલે ચટાપટાવાળી લુંગી પણ પહેરે છે. સ્ત્રીઓ છ-સાત હાથવાળા ઘેરા રંગીન પણ ટૂંકા ચણિયા, શરીરે પોલકાં તથા કાપડાં અને ઓઢણાં ઓઢે છે. કુમારિકાઓ છીંટની ઓઢણી ઓઢે છે. વૃદ્ધ સ્ત્રીઓ કાળા રંગનાં થેપાળાં પહેરે છે.

સ્ત્રીઓ પગમાં કડલાં, છડા, કાનમાં કાંપ, હાથમાં ચૂડલીઓ, નાકમાં સળી વગેરે પહેરે છે. દાગીના રૂપાના તેમ જ સોનાના પહેરાય છે. પુરુષો દાગીના પહેરતા નથી.

ખોરાકમાં ખાસ કરીને તેઓ જુવાર-બાજરીના રોટલા, ચણા કે અડદની દાળ અને માછલીનું શાક ખાય છે. શાકભાજી ખાસ ખાતા નથી. મુસ્લિમ હોવા છતાં હિંદુ સંસ્કૃતિની અસરમાં તેઓ વારતહેવારે રાસ અને રાસડા લે છે. હિંદુના દિવાળી, શીતળાસાતમ, જન્માષ્ટમી વગેરે તેમ જ મુસ્લિમના મહોરમ, ઈદ, તાજિયા વગેરે તહેવારો પણ ઊજવે છે.

ખારવા-ખલાસી

સાગરની લહેરાતી છોળોમાં દૂરદૂર નજર કરતાં ક્યાંક એકલ-દોકલ હોડકું દષ્ટિગોચર થઈ જાય છે. આવા દિનરાત ઘૂઘવતા દરિયે સાહસ કરવા કોણ જતું હશે ? તેઓ ક્યાં વસતા હશે ? તેમનાં ઘરબાર ક્યાં હશે ? તેમનું જીવન કેવું હશે ?

આ સાહસિક પ્રજા ખલાસી છે. આ પ્રજાનું જીવન તો



સદા સાગરના હીંડોળે હીંચતું જ હોય છે, એટલું જ નહીં, પણ ક્ષણેક્ષણે આશા અને નિરાશા વચ્ચે ઝોલાં ખાતું ધીમી ગતિએ આગળ વધતું હોય છે.

વહાણવટું એ આ કોમનો મુખ્ય વ્યવસાય છે. દૂરદૂરનાં સ્થળોએ તેઓ હોડકાં અને વહાણોમાં માલ ભરીને પહોંચાડે છે, તેમ જ ત્યાંથી માલ ભરીને પાછો લઈ આવે છે. આઠ મહિના તેઓ એ રીતે ગાળે છે. ચોમાસાના ચાર મહિના તેઓ કામધંધા વિનાના રહે છે. આ દિવસોમાં તેઓ પોતાના વતનમાં આવીને વસે છે. આમ, અકંદરે તેમનું જીવન અસ્થાયી અને બિનસલામતીવાળું હોય છે. તેમના કુટુંબને તેમની સતત ચિંતા રહે છે.

આ લોકોની આર્થિક સ્થિતિ પણ સારી નથી. જૂજ લોકો પાસે જ તેમની પોતાની માલિકીનાં વહાણ હોય છે. બાકીના તો વહાણોના જુદાજુદા વિભાગોમાં નોકરી કરતા હોય છે. આ પ્રકારનું કામ કરનારા સૌ ખલાસી તરીકે ઓળખાય છે. સ્વાભાવિક રીતે જ આ કોમના લોકો દરિયાકાંઠાના વિસ્તારમાં રહે છે.

માથે ફાળિયું, શરીરે અંગરખું, સુરવાળ કે ચોરણી અને

કાંગશિયા

'એ કોઈ કાંગશિયું લ્યો રે... કાંગશિયું...'

પ્લાસ્ટિકના કાંસકા મળતા થયા પછી હવે ઉપરનો ...જ ભૂતકાળની ગર્તામાં ઓગળી ગયો છે. પણ પહેલાં ગામડાંની ગલીઓમાં ને શહેરની શેરીઓમાં આ સાદ અવારનવાર પડ્યા કરતો.



માથે સૂંડલામાં કાંગશી ભરીને નીકળનાર સ્ત્રી કોણ હશે ? વાઘરી, કોળી કે બીજી કોઈક ? તેણે માથે ઓઢેલ છાંટવાળું ઘેરા રંગનું ઓઢણું, રંગબેરંગી દોરાથી ભરત-ગૂંથણવાળી કાપડી અને પચાસ હાથના ઘેરવાળો ભરત-ભરેલો ને આભલાં ટાંકેલો ચણિયો જોઈને થાય કે આ મૂળે તો મારવાડણ લાગે છે.



પુરુષનો પોશાક પણ એવો જ. ગળામાં ચપોચપ લાગેલી ત્રણ-ચાર સરની લાલ પરવાળાના પથ્થરની માળા, શરીર પર છૂટું ધોતિયું, પહેરણ ને ઉપર જૂનોપુરાણો કોટ ને માથે ફાળિયું. તેમની ગુચ્છાદાર વેરવિખેર થોભિયાંવાળી મુખાકૃતિ. બોલે એટલે મારવાડના છે એવો અણસાર આવે. તેઓ કાંગશી વેચવા એક સ્થળેથી બીજે સ્થળે ફર્યા કરે છે. વચ્ચેવચ્ચે થોડા દિવસનો પડાવ નાખે, સીમ-સીમાડે દંગા નાખે. વાંસ ખોડી સાથે સરકડથી છાંયો કરી રાખે. નદી-તળાવમાંથી પણ સરકડ લાવી, તેને સૂકવી મોટીમોટી સાદડીઓ ગૂંથી એનું પણ છાપરું બનાવી દે.

આ લોકો સીસમના લાકડામાંથી કાંગશી બનાવતા. પોતાના કામમાં તેમની ગજબની કુશળતા છે. એક દિવસમાં એક જણ 50 કાંગશી બનાવે છે. આ લોકોમાં સુથારીકામ, કોતરકામ ને સ્ત્રીઓમાં ભરત-ગૂંથણની કલાઓ વિકસેલી છે.

નટ-બજાણિયાની જેમ કાંગશિયા પણ નટવિદ્યા કરે છે. તેઓ જમીનને અડક્યા વિના હવામાં બે-ચાર ગુલાંટો ખાઈ શકે છે. માત્ર પોતાના દાંત ઉપર ખાટલાનો એક પાયો ટેકવીને આખો ખાટલો અધ્ધર રાખી શકે છે. કેટલીક વાર આ ખાટલા પર બીજો ખાટલો પણ રાખે છે. આ પ્રકારના અંગકૌશલ્યના અનેક ખેલ તેઓ કરી શકે છે.

... બાજુએ ચોરણીને બદલે ટૂંકું ધોતિયું એ તેમનો ... છે. સમય જતાં પોશાકમાં ઘણું પરિવર્તન આવ્યું છે. ... તેઓ લેંઘા કે ખમીસ અને કોટ પણ પહેરે છે. ... સફર દરમ્યાન તો તેઓ જૂનાં ને ફાટેલાં કપડાં જ ... છે.

...ીઓનો પોશાક સામાન્ય છે. તેઓ ચણિયો, પોલકાં ...ઢણાં પહેરે છે અને કછોટા મારે છે. દાગીનામાં ... કાનમાં ફૂલ, નાકમાં ચૂંક, પગમાં છડા વગેરે પહેરે ...રવાઓ તેમના વ્યવસાયને અનુરૂપ બીજાં પણ ... છે. જેમ કે, માછલાં પકડવાં, જાળ ગૂંથવી, દોરડાં ગૂંથવાં, વહાણ બાંધવાં વગેરે કામ તેમને સારાં ફાવે છે.





વાર-તહેવારોમાં - ખાસ કરીને હોળી પર અને નવરાત્રિ દરમ્યાન તેઓ રાસ રમે છે. પહેલાં ખારવણ બહેનો તો સરસ ટિપ્પણી નાખતી, પણ હવે તે કામ નામશેષ થઈ ગયું છે. તેઓ ક્યારેક ભજન અને સત્યનારાયણની કથા પણ કરાવે છે. કાળી-ચૌદશને દિવસે રામદેવપીર, ગણેશ, હનુમાન તથા પોતાની કુળદેવીને તેઓ પૂજે છે. સામાન્ય રીતે તેઓ શાકાહારી છે. જોકે માછલી અને ઈંડાં ખાય છે. કેટલાક લોકો માંસાહાર પણ કરે છે.



શ્રી ગુણવંતરાય આચાર્યની વાર્તાઓ-નવલકથાઓમાં આ ખારવાઓનાં ચરિત્ર-ચિત્રણ મળશે.



પઢાર



પ્રાથમિક ઢબે જીવન જીવતી કોમોમાં પઢાર કોમ મોખરે છે. વિશિષ્ટ જીવનરીતિવાળા પઢારો હંમેશાં સંઘર્ષમય જીવન જીવે છે. નાના ગોળાકાર કૂબા બાંધીને તેઓ વસે છે. માછલાં પકડવાં, હોડકાં ને તરાપા હાંકવાં, પક્ષીઓનો શિકાર કરવો એ પઢારકોમની મુખ્ય પ્રવૃત્તિ છે.

પઢાર-લોકો નળસરોવરના કાંઠાની આજુબાજુનાં ગામોમાં વસે છે. સામાન્ય રીતે તેમની વસ્તીનાં બાર ગામ ગણાય છે. નળસરોવરમાં આવેલા કેટલાક બેટમાં પણ તેઓ વસે છે. આ લોકો રંગે શ્યામ, મધ્યમ કદના અને કસાયેલા હોય છે. કપરું જીવન ગાળવા છતાં તેઓ ચોરી-લૂંટફાટ કરવાની વૃત્તિના નથી. આ લોકોની રહેણીકરણી અને સંસ્કૃતિ જોતાં લાગે છે કે આ પ્રજા સમુદ્રને કાંઠે વસનાર તથા સમુદ્ર ખેડનાર પ્રજા હશે.



ખલાસીઓ વહાણ હંકારતી વખતે શરીરના અવયવોને જે રીતે વાળે છે, જે રીતે તેઓ અવાજ કરે છે, તેનું જ પ્રતિબિંબ તેમનાં નૃત્યોમાં અને ગીત-સંગીતમાં દેખાય છે. પુરુષો જાડી પેડી અને શરીર પર બાંય વગરનું કેડિયું કે પહેરણ પહેરે છે. માથે પાઘડી કે મેલખાયું બાંધે છે. સ્ત્રીઓ આઠથી દસ વારના રંગીન ચણિયા તથા શરીરે કાપડું અથવા બાંય વગરના, બંધ ગળાના કબજા પહેરે છે. કોઈકોઈ વાર ઓઢણી પણ ઓઢે છે. દાગીનામાં કાન, નાક, ગળા અને હાથ-પગમાં ચાંદીના સામાન્ય દાગીના પહેરે છે. પુરુષવર્ગ દાગીના પહેરતો નથી.

નૃત્યકળા એ પઢાર-કોમની વિશિષ્ટતા છે. તેઓ સમૂહમાં જ નૃત્ય કરે છે. એક જણ ગાય અને બીજા ઝીલે છે. ગીતો ભક્તિપ્રધાન અને શૃંગારિક પણ હોય છે. આ લોકો રાસ-ગરબા અને રાસડા પણ લે છે. તેઓ હિન્દુઓના બધા તહેવાર ઊજવે છે.

પઢાર લોકો ખોરાકમાં ખાસ કરીને 'બીડ'ના રોટલા ખાય છે. 'બીડ' એક પ્રકારનાં કંદમૂળ છે. સવારના પહોરમાં પઢાર લોકો બીડ ખોદવા નીકળી પડે છે. સ્ત્રીઓ સહિત આખી લંગાર જમીનમાંથી બીડ જ લેવા જાય છે. બીડને ખૂબ મૂળિયાં ચોંટેલાં હોય છે. તે સાફ કરીને તેને સૂકવીને પછી તેને ખાંડીને લોટ બનાવવામાં આવે છે. આખીય પ્રક્રિયા ખૂબ મહેનત માગી લે તેવી છે. ચોમાસામાં તેમનો આખો પ્રદેશ જળબંબાકાર હોય છે એટલે ચોમાસા માટે તેમને બીડ અગાઉથી સંઘરી રાખવાં પડે છે. ચોમાસામાં તેઓ માછલાં પકડી તેના પર ગુજારો કરી લે છે.





હળપતિ શબ્દ ક્યારથી આવ્યો ?

તા. 21-8-1938નાં રોજ સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખપણા નીચે બારડોલીના ખેડૂતો અને હળપતિઓની એક જાહેરસભા યોજાઈ હતી. આ સભાએ પંચો નીમી ઠરાવો કરેલાં, જેને તા.24-1-1939ના રોજ મળેલી હળપતિઓના પંચની સભાએ બહાલી આપેલી અને તા.26-1-1939ના રોજ હળપતિઓની પરિષદ મળી હતી અને તેમાં વપરાતો 'અનુસૂચિત (દૂબળા) શબ્દ દૂર કરી 'હળપતિ' એવો શબ્દ રાખેલો. જૂગતરામ દવે એના સાક્ષી હતા.

ળપતિ

આદિવાસી લોકો સામાન્ય રીતે પર્વતીય પ્રદેશમાં વસે પરંતુ આ હળપતિ લોકો દક્ષિણ ગુજરાતનાં ફળદ્રુપ નોમાં વસે છે. આ પ્રદેશનો આકાર અંગૂઠા જેવો છે. મોટો ભાગ દરિયાકાંઠાની નજીક આવેલો છે. જોકે યાકાંઠાને અડેલાં ગામોમાં હળપતિઓની વસ્તી નથી. માં જેમ પર્વતીય પ્રદેશ તરફ જઈએ તેમ પણ તિઓની વસ્તી ઓછી થતી જાય છે.

આમ તો હળપતિઓની વસ્તી સુરત જિલ્લાનાં જ, પલસાણા અને બારડોલી નજીક સૌથી વધારે છે. રીમાં પણ સારી એવી વસ્તી છે. આમ છતાં તેમનું મૂળ કહી શકાય તેવી એકેય જગા નથી. એક સ્વાયત્ત કોમ સ્વતંત્ર રીતે જીવવાની એમનામાં શક્તિ કે વૃત્તિ નથી. ન્ય રીતે તેઓ ભૂમિહીન ખેતમજૂરો તરીકે કામ કરે છે. પટ્ટીમાં વસતા જમીનદારોનાં ખેતરોમાં તેઓ કામ . મુખ્યત્વે માલિકોનાં ખેતરોમાં જ ઝૂંપડાં બાંધીને તેઓ . જૂજ લોકો પોતે પોતાની ખેતી કરે છે.

અન્ય આદિવાસીઓની જેમ હળપતિ જાતિઓમાં પણ કરવાનો રિવાજ છે. નૃત્ય વડે તેઓ થાક ઉતારે છે, જન મેળવે છે અને ધાર્મિક ભાવનાઓ સંતોષે છે. આ વિવિધ વાજિંત્રો વાપરવામાં આવે છે. તેમાં મુખ્યત્વે ળી, તંબૂરો, ભજનિયાં, ભૂંગળ અને ઝારી કાઠી હોય ળપતિઓનું નૃત્ય 'ચાળો' શબ્દથી ઓળખાય છે. ઉદાહરણ તરીકે મરઘી ચાળો, પાટલાઘો ચાળો, ખિસકોલી ચાળો વગેરે. અન્ય પ્રકારોમાં બેલડીનૃત્ય, સમૂહનૃત્ય ઘેરૈયાનૃત્ય, હોળીનૃત્ય વગેરે. હળપતિ લોકો ખૂબ વહેમી હોય છે. ભૂત, ચુડેલ, વંતરી અને ડાકણથી ડરે છે. તે માટે દેવદેવીઓની માનતાઓ માને છે અને ભૂવા ધુણાવે છે.

આ સમાજ ક્ષત્રિયવીર ભાથીજીનો વંશજ હોઈ ગુજરાતમાં જ્યાંજ્યાં તે વસતો હોય, પણ ભાથીજી મહારાજની મૂર્તિને પૂજે જ છે. તેઓની આ માન્યતામાં લગીરેય ફરક નથી. ક્ષત્રિયવીર ભાથીજીની મૂર્તિપૂજા કરી





સંતોષ માની લે છે. તે જ પ્રમાણે મા ભવાનીના પણ કોઈ પણ સ્વરૂપની મૂર્તિને તેઓ પૂજે છે. પ્રાચીન સમયથી રાઠોડો ભવાની શક્તિના આરાધક હોઈ આ ભાવના પણ તેઓ છોડવા માગતા નથી. તુલજાભવાનીને પોતાની કુળદેવી માને છે.

ઓછું શિક્ષણ હોવા છતાં રાઠોડો તેમની આગવી શૈલીમાં ભજનો ગાઈ જાણે છે. હાર્મોનિયમ અને તબલાં તથા ઝાંઝ-પખાજ પણ તેઓ તાલબદ્ધ બજાવી-વગાડી જાણે છે. ભાથીજી અને મા ભવાનીનાં શૂરાતનરૂપ ભજનો તેઓ ઉમંગથી ગાય છે. દિવસ દરમિયાન ગમે તેટલા થાકેલા-પાકેલા હશે તોપણ તેઓ બહારગામ જઈને પણ ભજનની રમઝટ માણી શકે છે.

હળપતિઓનો મુખ્ય તહેવાર 'દિવાસો' છે. આ તહેવારને તેઓ પોતાનો 'આગવો' તહેવાર માને છે. 'ઢીંગલી-ઉત્સવ' ઊજવે છે. ઢીંગલી-લગ્ન લેવાય છે. આમાં કુંવારી કન્યાઓ જ ભાગ લઈ શકે છે. પુરુષો પ્રેક્ષક હોય છે. દરેક છોકરી લાલ કે સફેદ કપડાથી પોતાની આગવી ઢીંગલી બનાવે છે. લગ્નના દિવસ સુધી તેને ખવડાવે-પિવડાવે છે. એક જ ઠેકાણે આખા મહોલ્લાનાં ઢીંગલા-ઢીંગલીનાં લગ્ન થાય છે. લગ્નમંડપ બાંધવામાં આવે છે લગ્નગીતો ગવાય છે. જમણવાર પણ થાય છે. સાચુકલાં લગ્નની જેમ જ બધું થાય છે. આ ઉપરાંત નવરાત્રિ, દશેરા, દિવાળી, હોળી વગેરે તહેવારો પણ તેઓ ઊજવે છે. હળપતિઓના પોશાકમાં ખાસ વિશિષ્ટતા નથી. પુરુષો માથે ફાળિયું વીંટાળે છે અને શરીરે પહેરણ કે ખમીસ પહેરે છે. ઊંચું ધોતિયું પહેરે છે. સ્ત્રીઓ સામાન્ય ગુજરાતી પોશાક પહેરે છે અને કછોટા વાળે છે.

આદિવાસીઓના આ વિસ્તારમાં હળપતિ ઉપરાંત નીચેના અન્ય પ્રકારો પણ છે : 1. ચૌધરી, 2. ધોડિયા, 3. ગામિત, 4. કોરવાળિયા. આ બધી જ કોમો માટે 'રાનીપરજ' શબ્દપ્રયોગ કરવામાં આવે છે, કેમકે ભીલો રાન-જંગલ-માં વસનાર જાતિ છે.

સાબરકાંઠા વિસ્તારના આદિવાસી

સાબરકાંઠા વિસ્તારના આદિવાસીઓ અન્ય આદિવાસીઓ કરતાં જુદા પડે છે. તેઓ રાજસ્થાનમાંથી આવ્યા હોય કે પછી રજપૂત લોહીનું તેમનામાં મિશ્રણ હોય, પણ તેઓ પોતાના ઘાટીલા અવયવ, લાંબું નાક અને પાણીદાર આંખોને કારણે જુદા તરી આવે છે. સામાન્ય રીતે તેઓ શામળા તો કેટલાક ઘઉંવર્ણા ને ઊજળા પણ હોય છે.

આ લોકો અરવલ્લીની ગિરિમાળાઓમાં વસેલા છે. જ્યાં સામાન્ય માનવી જતાં અને વસતાં ગભરાય એવો એ પ્રદેશ તેમનું નિવાસસ્થાન છે. તેઓ જૂથમાં રહેતા નથી, પરંતુ જુદીજુદી ટેકરીઓ પર બબ્બે-ચારચારના ઝૂમખામાં ઝૂંપડાં બાંધીને રહે છે. પરિણામે તેમની ઘરવખરીમાં કોઠી, પાટલા, એકાદ ગોદડું, માટીનાં હાંલ્લાં, પિત્તળનાં બે-ચાર વાસણો અને માટલાં હોય છે. સારાં કપડાં તેઓ માટલામાં રાખે છે. રોકડા પૈસા જમીનમાં દાટીને અને ચલણી નોટો તેઓ ગોદડામાં સીવીને સાચવે છે.

આ આદિવાસીઓ રંગીન કપડાંના ભારે શોખીન હોય છે. અગાઉ આ લોકો માત્ર લંગોટી પહેરતા. હવે તેઓ સરખાં કપડાં પહેરે છે. આદિવાસી પુરુષ લીલાં કે ઘેરાં વાદળી ખમીસ, ધોતિયું અને માથે લાલ ફાળિયું બાંધે છે. ઉપર કમરપટ્ટો, તલવાર અને મોટી છરી રાખે છે. સાથે તીરકામઠું તો ખરું જ. સ્ત્રીઓ પણ હવે તો ચણિયા-કબજા અને ઓઢણાં પહેરે છે. તેમના ચણિયા જેમ ઘેરદાર તેમ વધુ સુખી કહેવાય છે. કપડાંના રંગો ઘેરા લાલ, લીલા, કાળા કે ભૂરા હોય છે. ગળામાં કીડિયારાંના મોટા હાર અને કાનમાં, નાકમાં ને હાથમાં જાતજાતનાં ઘરેણાં પહેરે છે.

આદિવાસીઓનું નોંધપાત્ર લક્ષણ એ છે કે તેઓ મેળાઓ અને ઉત્સવો યોજે છે. નાના સમુદાયોમાં અલગ-અલગ વસવાટને કારણે તેમના હૃદયમાં સામાજિક સંપર્કો





ની અદમ્ય ઝંખના રહેતી હોય છે, જે મેળાઓ અને દ્વારા સંતોષાય છે. પહેલાંના સમયમાં તો આદિવાસી મેળા કે જંગલમાંથી કન્યાને ભગાડીને લગ્ન કરતા. આવું ઓછું બને છે. આ જાતિની વિશિષ્ટતા છે કે દરેક કન્યાને 'ગોઠિયો' (બૉયફ્રેન્ડ) હોય છે, જેની સાથે પછી પણ તે સંબંધ ચાલુ રહે છે. તેના પતિની જાણ ગોઠિયાપણું ચાલતું હોય છે. જો તેના પતિને ખબર તો તેનું ખૂન કરી નાખે છે.

કેટલાક આદિવાસીઓ એકથી વધુ લગ્ન કરે છે. તો ઓછામાં ઓછી બે સ્ત્રી હોવી જ જોઈએ, વધારે સારું એમ મનાય છે. આદિવાસી પુરુષ તેની પત્ની હંમેશાં શંકાશીલ હોય છે એટલે લગભગ તેને પોતાની રાખે છે. પહેલાંના સમયમાં તો પત્નીની સુવાવડ જાતે જ કરતા.

આદિવાસીઓ મેળામાં મહાલનારી ઉત્સવઘેલી પ્રજા નાચ, ગાણાં અને ઢોલ એ તેમનાં મનોરંજનનાં મેળામાં હોય ત્યારે તેમની આંખમાં એક પ્રકારનો છે. તેઓ મસ્ત થઈને મહાલે છે. તેમના મુખ્ય હોળી, બળેવ, નવરાત્રિ અને દિવાળી છે.

નામાં શિક્ષણનું પ્રમાણ નહિવત્ છે એટલે તેમનું થાય છે. તેમના ઝઘડાનું નિરાકરણ 'ભાંજગડિયા' છે. આ ભાંજગડિયા બંને પક્ષ પાસેથી પૈસા લઈને પતાવે છે. તેમનામાં વેરવૃત્તિ ઘણી હોય છે. 'ખૂનનો બદલો ખૂન' એ તેમનું સૂત્ર છે. 60, 70 કે 80 વર્ષ પછી પણ મરનારનો પૌત્ર સામું ખૂન કરીને વેર લીધાનો સંતોષ પામતો હોય છે.

આમ પાછી આદિવાસી જાત સંપીલી છે. કોઈની માંદગી કે આફત વેળાએ સૌ કોઈ મદદે આવે છે. આફત વખતે ગામમાં ઢોલ વાગે છે. ઢોલના અવાજ ત્રણ પ્રકારના હોય છે : 1. આફતની ચેતવણી આપતો, 2. ભેગા થવાની હાકલ કરતો અને 3. નાસી જવાનું સૂચવતો. થોડા સમયમાં આ સંદેશો એક ગામથી બીજે ગામ પહોંચી જાય છે.



આ પ્રજા ખમીરવંતી છે. તેણે હજી હીર ખોયું નથી. બે દાયકા પહેલાં પણ વાઘને બાણથી, કડિયાળી ડાંગથી માર્યાના દાખલા છે. એક વખતે એક બાઈએ કુહાડીથી વાઘ માર્યાનો દાખલો મોજૂદ છે. આમ, આ આદિવાસી પ્રજા પ્રેમી છે, વહેમી છે, વેરી છે અને વીર પણ છે.



ડાંગના આદિવાસી



ગુજરાતના જિલ્લાઓમાં ડાંગ જિલ્લો અલગ તરી આવે છે. ડાંગ અનોખું છે - એકલપટું છે. ડાંગ એ જ ભૂમિ છે - જ્યાં શબરી રહેતી હતી. તેણે શ્રીરામને પોતાનાં એઠાં બોર ખવડાવ્યાં હતાં. 'રામાયણ'માં દંડકારણ્યનો ઉલ્લેખ છે તે જ આ પ્રદેશ. લોકકથા-દંતકથા અનુસાર તો અહીં હાટ ગઢ છે - તે 'મહાભારત'કાળની પાંડવ-ગુફાઓ પણ છે. આમ 'રામાયણ' અને 'મહાભારત' જેવાં મહાકાવ્યોનાં કથાનકો સાથે આ પ્રદેશ સંકળાયેલો છે. એ રીતે ડાંગ પૌરાણિક છે તેમ જ ઐતિહાસિક પણ છે.

ગુજરાતના દક્ષિણ-પૂર્વે આવેલો આ પ્રદેશ એક ભાતીગળ આદિવાસી પ્રદેશ છે. આદિવાસીઓ આ ધરતીનાં પહેલાં બાળ છે, સાચા અર્થમાં પ્રથમ ધરતીપુત્રો છે. કોઈ શહેરી પ્રલોભન વિના ધરતીની આ ધૂળ સાથે, અહીંની હવા સાથે, અહીંના માહોલ સાથે, જંગલો-જંગલોમાંનાં વૃક્ષો-વનસ્પતિ અને અહીં વસતાં રૂપાળાં પશુ-પંખીઓની ભરપૂર સંપદા સાથે સદીઓ અને સદીઓથી જીવતા આવ્યા છે.



ડાંગનાં આ અડાબીડ જંગલો વચ્ચે જાણે લીમડાની એક મીઠી ડાળ જેવી એક રળિયામણી ભૂમિ છે. વૃક્ષો અને વનરાજિ - લીલીછમ હરિયાળી, આકાશ સાથે એક સૌંદર્યમયી સ્કાયલાઈન બનાવતા સુંદર પહાડો અને તેમાંથી ફૂટતાં સ્વચ્છ પાણીનાં ઝરણાં.

ભારતભરમાં આ એક જ જિલ્લો છે જ્યાં ચાર ભીલ રાજાઓને અને દસ નાયકોને સાલિયાણું મળે છે. સહ્યાદ્રિ પર્વતમાળા વચ્ચે વસેલા ડાંગમાં લગભગ સવા લાખ આદિવાસીઓ વસે છે. ભીલ, કુણબી અને વારલી જાતિઓ મુખ્ય છે. આ ટચૂકડા જિલ્લાના બે પડોશીઓએ નામ કાઢ્યું છે. ડાંગ સરહદના વ્યારા નજીકના અમરસિંહ ચૌધરી ગુજરાતના મુખ્યપ્રધાન હતા, જ્યારે બાજુનું વાંસદા એ સંગીતકાર જયકિશનની જન્મભૂમિ છે.

ડાંગપ્રદેશ ગુજરાતને કરોડો રૂપિયાની કમાણી કરાવી આપે છે છતાં ડાંગપ્રદેશના લોકો ગરીબ છે. ડાંગ એ શબરીની જન્મભૂમિ છે. શબરીનો આ મલક રીતરિવાજોથી ભરપૂર છે. ડાંગીઓ ખેતી કરે છે. તેઓ મરાઠી છાંટવાળી ગુજરાતી ભાષા બોલે છે. સંશોધનકાર હસમુખ સાંકળિયાના પ્રતાપે અહીંનો પુરાતન ઇતિહાસ શોધી શકાયો છે.

ડાંગી ઘરો વાંસ અને લાકડાનાં બનેલાં હોય છે. વાંસની પટ્ટીઓ ચોકડી-આકારમાં ગૂંથી, તેના પર છાણના મિશ્રણનું લીંપણ કરીને દીવાલ બનાવે છે. દરેક ડાંગીને ત્યાં માછલી પકડવાનું સાધન તો હોય જ. ડાંગીઓનાં લગ્નના રિવાજો તદ્દન નિરાળા છે. 'બોલપેન', 'મોટીપેન' અને લગ્નની વિધિ. ડાંગી મા-બાપ પોતાના દીકરાને લઈને કન્યાપક્ષને મળવા જાય અને કન્યાના હાથની માગણી કરે. બંને પક્ષ રાજી હોય તો કન્યાના પિતાને ગોળનું પડીકું અપાય. આને 'બોલ' આપ્યો કહેવાય છે અને 'બોલપેન'ની વિધિ કહેવાય અને લગ્નપ્રસંગને 'મોટીપેન'ની વિધિ કહેવાય છે.

ડાંગી લોકો દેવ-દેવતા, ભૂત-પિશાચમાં ખૂબ માને છે. વાઘદેવ, નાગદેવ, સૂર્યદેવ જેવા અનેક દેવોની પૂજા કરે છે.

ડાંગમાં શાળાઓ છે. એક કૉલેજ પણ છે. ડાંગમાં ગુજરાતી ભાષાનાં પુસ્તકો છે. ગુજરાતી ભાષા હોવા છતાં અહીંની ભાષા થોડી અલગ છે. શિક્ષકોને મોટે ભાગે ડાંગી ભાષામાં શીખવવું પડે છે. ડાંગમાં સહી કરી શકે તે ભણેલો એવી માન્યતા છે. ડાંગનાં જંગલોમાં પુષ્કળ ઇમારતી લાકડું પેદા થાય છે. અહીં ફર્નિચર પણ બને છે. લાકડાંનો અહીં મોટો વેપાર થાય છે.









દેવીપૂજક

દેવીપૂજક જાતિને પહેલાં વાઘરી તરીકે બોલાવવામાં હતી, પરંતુ એ શબ્દ નિંદાજનક લાગતા પાછળથી તે પૂજક તરીકે ઓળખાય છે. 'વાઘરી' શબ્દની લૌકિક વાઘ અરિ એટલે કે વાઘનો દુશ્મન થાય છે. વાઘનો દુશ્મન તો શિકારી સિવાય કોણ હોય ? આમ, આ કોમ પહેલાં શિકારી હતી. જંગલોમાં રખડતી, મધમાખીનાં જાળાં તોડીને મધ પાડતી, ઊડતાં પંખીઓને વીંધતી અને વાઘ જેવાં હિંસક પ્રાણીઓનો શિકાર કરતી. સૈકાઓ પહેલાં માનવજાતને હિંસક પશુઓનો ભય હતો ત્યારે આ વાઘરીઓ જ માનવજાતના રક્ષકો હતા. સમાજમાં તેમનું સ્થાન પણ ઊંચું હતું. ગામનું રક્ષણ કરવા વાઘરીઓ સીમ-ડાઓમાં કૂબા નાખીને વસતા હતા.

શિકાર ઉપરાંત મધ, જડીબુટ્ટી, ઔષધ સમી વનસ્પતિઓ વગેરે માનવજીવનને ઉપયોગી ચીજવસ્તુઓ જંગલમાંથી વીણી લાવીને તેઓ પૂરી પાડતા અને આ ધંધાનો જીવનનિર્વાહ પણ ચલાવતા. અત્યારે પણ આ તેઓ કરે જ છે. ઉપરાંત જાળ પાથરીને સસલાં-બતકાં જેવાં પક્ષીઓને પકડી લાવીને વેચવાનો ધંધો પણ તેઓ કરે છે. તેઓ દાતણ પણ વેચે છે, ઘંટીનાં પડ ઘડે છે, જૂનાં ડબલાં-ડૂબલી સમાં કરવાનો તેમ જ લાકડીઓ વેચવાનો પણ ધંધો કરે છે. આ ઉપરાંત તેઓ જૂનાં લૂગડાંના બદલામાં વાસણ આપવાનો, ઈંઢોણી બનાવવાનો તેમ જ ટોપલા બનાવીને વેચવાનો ધંધો પણ કરે છે. દેવીપૂજકની એક પેટા-કોમ ગુજરીમાંથી બળદો ખરીદીને આસપાસના ગામમાં વેચે છે. તેમની રીતભાત, બોલવું-ચાલવું વગેરે મારવાડી રહેણીકરણીને વધુ મળતાં આવે છે.

દેવીપૂજક લોકો કસાયેલા, ઊંચા અને પાતળા હોય છે. પુરુષવર્ગ સૌરાષ્ટ્રમાં ચોરણા અને ગુજરાતમાં ટૂંકાં ધોતિયાં અથવા લેંઘા પહેરે છે. લાંબી બાંયનું ખમીસ અને ક્યારેક ઉપર જૂનો ઊતરેલો કોટ પણ પહેરે છે. ખમીસ પર કથીરની હારમાળાની બટનની સેર હોય છે. માથે રંગીન ફેંટો બાંધે છે. કપડાં ફાટે તો તેઓ સાંધતા નથી પણ ફાટેલાં જ રાખે છે. વધુ ફાટે તો ફાટેલો ભાગ ફાડીને ફેંકી દે છે. પગમાં જૂનાં જૂતાં પહેરે છે. કેટલાક લોકો હાથમાં કડું પણ પહેરે છે.

સ્ત્રીઓ ઘેરવાળા ઘાઘરા, ચોળી અને ચૂંદડી પહેરે છે. સૌરાષ્ટ્રમાં અમુક સ્ત્રીઓ થેપાડાં, જીમી અને ઓઢણાં પણ પહેરે છે. ઘરેણાંમાં નાકમાં વાળી, ગળામાં હાંસડી, હાથમાં બલોયાં કે બંગડી પહેરે છે.

સીદી

સીદીઓ મૂળે તો આફ્રિકાનાં જંગલોમાં વસતા હતા. સમયે ગોરાઓ તેમને પકડીને યુરોપના દેશોમાં ગુલામ વેચતા હતા. આ લોકો ભારતમાં ક્યારે અને કેવી રીતે તેમને કોણ લાવ્યું એ વિશે મતમતાંતરો છે.

એક મત એવો છે કે પૉર્ટુગીઝ લોકો તેમને ગુલામી માટે અહીં લાવ્યા હશે, કારણ કે પૉર્ટુગીઝ સંસ્થાનોમાં લોકો જોવા મળે છે. આ સીદીઓ સૌરાષ્ટ્રમાં ગીરના જંગલની આસપાસ જોવા મળે છે. મૂળ જંગલના રહેવાસી તેમને આ જંગલ-પ્રદેશ રહેવા માટે અનુકૂળ આવ્યો એમ માની શકાય. સીદી લોકોએ મુસ્લિમ સંસ્કૃતિ



અપનાવી છે. તેઓ મુસ્લિમ ધર્મ પાળે છે. આ લોકો દેખાવે સીસમ જેવા કાળા, જાડા હોઠવાળા, નાક ચપટું અને પહોળું તેમ જ તેમના વાળ ગૂંચળાં વળેલા અને વાંકડિયા હોય છે.

સીદીઓનો પોશાક ધ્યાન ખેંચે તેવો નથી. પુરુષો ચાલુ જમાનાનો પોશાક પહેરે છે. ખમીસ, લેંઘો, કોટ વગેરે. સ્ત્રીઓનો પોશાક પણ સામાન્ય ગુજરાતી પોશાક જેવો હોય છે. તેમની વિશિષ્ટતા તેમના 'ધમાલ'-નૃત્યમાં છે. સ્ત્રી-પુરુષોનું આ એક સમૂહનૃત્ય છે. ઢોલ, ઢોલક અને અન્ય વાજિંત્રો સાથે તેઓ વચ્ચેવચ્ચે 'હાઉ-હાઉ' જેવા અવાજો કરે છે. ખૂબ ધમાચકડીવાળું આ નૃત્ય હોય છે.



ખજાનચીને ગલ્લો કહે છે ને સિલકને બેરજ કહે છે. આ ઉપરાંત ભવાઈની ઊપજમાંથી દરેક રમતે ધર્માદાભાગ તરીકે અમુક રકમ કાઢવામાં આવે છે. આવા ધર્માદાભાગમાંથી તો એક ઠેકાણે સદાવ્રત પણ ચાલતું. આ ઉપરાંત મંદિરનો જીર્ણોદ્ધાર, વાવ-કૂવા અને ધર્મશાળા માટે પણ એમાંથી ફંડફાળા અપાતાં.

ભવાઈમાં સ્ત્રીનો વેશ પણ પુરુષ જ ભજવે અને તેને 'કાંચળિયો' કહેવામાં આવે છે. ટોળાની વ્યવસ્થા કરનાર 'નાયક' નામે ઓળખાય છે.

ભવાઈ કરવા માટે નાયકનાં ટોળાં ઠેરઠેર ભમે. યુગપલટાની સાથેસાથે ભવાઈ પ્રત્યેની લોકોની લાગણી અને દેણગી બેઉ ઘટ્યાં છે. આજે એમની હાલત જોઈને ભાગ્યે જ કોઈ કહે કે એક કાળે તેઓ આદરણીય બ્રાહ્મણો હતા કે ઊંઝાના પટેલની કન્યાને બચાવનાર અસાઈત ઠાકરના કલાકાર વંશજો હશે. આમ છતાં દુઃખ અને દરિદ્રતા વચ્ચે પણ સેંકડો વર્ષોથી ભવાઈની પરંપરાગત કલાના ઉત્તમ અંશોને એ કોમે શક્ય એટલા જાળવી રાખ્યા છે.

નાયક-ભવૈયાના પોશાકમાં ખાસ કોઈ જ વિશિષ્ટતા નથી. સામાન્ય ગુજરાતી જેવો પોશાક તેઓ પહેરે છે. ધોતિયું, કફની કે ખમીસ - તેની ઉપર બંડી અને માથે કાળી ટોપી. સ્ત્રીઓ પણ સામાન્ય ગુજરાતી પોશાક પહેરે છે.

નાયક-ભવૈયા

નાયક-ભવૈયા કોઈ કાળે શ્રીમંત હતા એવું જાણવા મળતું નથી. અગાઉ રાજ-રજવાડાં અને નવાબો ભવૈયાને સારી રીતે પોષતા, ગામ-ગરાસ આપતા, પેટિયાં ને જિવાઈ બાંધી આપતા. ગુજરાતમાં ક્યાંક-ક્યાંક જમીન બક્ષિસ મળ્યાના પણ દાખલા છે.

ભવૈયા-કોમમાં કોઈ અપંગ, અશક્ત કે વિધવા માટે અન્ય ભવૈયાઓ રમત માંડીને તેમને મદદ કરે છે. આ રમતની ઊપજ આકાશી હોય છે. ગામ-ગરાસ ખરા પણ એ તો જૂજ હોય છે. યજમાનને ત્યાં આ રમત માટે ફાળો થાય. બાકી ભવાઈવેશ જુએ આખું ગામ. સેંકડો વર્ષથી લોકનાટ્ય ભજવતાં આ ટોળાં આકાશી રોજી પર નભતાં આવ્યાં છે.

આ ભવાઈમંડળીઓ સહકારી કાયદા સમજ્યા કે ભણ્યા વિના સદીઓથી સહકારી ધોરણે ચાલ્યા કરે છે. 12થી 20 જણાની મંડળીને જે વાર્ષિક ઊપજ થાય એમાં ટોળાનો જે સારામાં સારો રમનારો હોય એ નાયકને વધુમાં વધુ 15 ભાગ, જ્યારે નાનામાં નાના માણસને 8થી 9 ભાગ મળે. ભાગ પાડવાની એમની પદ્ધતિ ગામઠી છે, પરંતુ સંપૂર્ણ રીતે સહકારી છે.

વાજિંત્રો સામાન્ય રીતે દરેક નાયકનાં ઘરનાં હોય છે. કપડાં અને વેશનાં સાધનો સૌ-સૌના ઘરનાં જ હોય.







વણજારા

રંગબેરંગી સંધ્યા પછીના ઝાંખા અજવાળામાં, ગામના દરે ઊભેલા પાંચ-પચાસ બળદોના ધાડાની પડખે, ઝબકારા રતા ચૂલાની જ્વાળાના ઉજાસમાં દિવસભરની ભૂખે વળતાં નાનાં ભૂલકાંઓને પ્રેમે રોટલો ઘડી ખવડાવતી નાં વહાલભર્યાં મુખડાં આપણા વિચારની વણજારને ક્યાંય તાણી જાય છે. વળી, થોડે દૂર ચલમોમાંથી ડાના ગોટા સાથે 'અઠે-કઠે'માં વાતો કરતો, તણખા રનો લાલ પાઘડીબંધો ડાયરો વળી કોનો હશે ?

નિત્ય બદલાતું રહેતું ગામનું પાદર - ઉપર આભ ને ધરતી - એ જેમનું રાત્રિ-વિશ્રામસ્થળ છે અને પાસે ળાં ગોધલાં જેમની મિલકત છે - એ શ્રમજીવી રખડતાં ના માનવીઓ કોણ હશે ? એ છે પ્રાચીનકાળની યાદ ના વણજારા.

જ્યારે આજના જમાનાની રેલવે અને માલવહન ના ખટારા ન હતા ત્યારે એક સ્થળેથી બીજે સ્થળે માલ વા-લઈ જવાનું કામ આ વણજારાઓ કરતા હતા. તેઓ ડિયા રાખતા અને દૂરદૂરથી માલ લાવતા અને લઈ જતા. કાળે તેઓ પૈસેટકે સુખી હતા તે એટલે સુધી કે તેઓ પ્રમાણમાં નાણાંની ધીરધાર કરતા હતા.

વણજારાઓ મોટા સમૂહ સાથે પોઠ સાથે ફરતા. તેમનો મોટા વસવાટ જેવો લાગતો. તેમણે ધર્મશાળા અને કૂવા બંધાવ્યાના પણ દાખલા છે. હવે તો કાળક્રમે યુગના આગમન સાથે તેમનો ધંધો સાવ પડી ભાંગ્યો છે. આ કોમ જ્યાં બંધ બંધાતા હોય અગર મકાન ચણાતાં ત્યાં રેતી પહોંચાડવાનું કામ કરે છે. હવે આ કામ માટે ગધેડાંનો ઉપયોગ કરે છે. આ લોકો મૂળે મારવાડના છે. વર્ષોથી આ ભૂમિમાં રહેતા હોવા છતાં તેમણે મારવાડી સંસ્કૃતિ છોડી નથી. તેનામાં ફૂલાજી, જી વગેરે નામો હોય છે અને સ્ત્રીઓમાં સોના, તેજી નામો હોય છે.

તેઓ રંગે પાકા ઘઉંવર્ણા ને કસાયેલા શરીરવાળા ને મજૂરી કરી શકે તેવા સશક્ત હોય છે. મોટાં મોટાં ઝાંખળાં જેવા થોભિયા અને મૂછોવાળી તેમની મુખાકૃતિ અને મારવાડી ઢબનો પોશાક તેમની ઓળખ આપી દે છે.

મારવાડી ઢબે કાછડો વાળેલું ધોતિયું, પાસાબંધી અંગરખું કે બંડી, માથે મારવાડી પાઘડી અને પગમાં ચાંચવાળા જોડા. વણજારા સ્ત્રીઓને પણ સુંદરતા અને શરીર-સંપત્તિ વરેલી હોય છે. મોટા ઘેરદાર ચણિયા ને શરીરે કાપડી પહેરે છે. તેમના ચણિયાની વિશિષ્ટતા તેના નાડામાં છે. આ નાડાં બહાર ઘૂંટણ સુધી લટકતાં હોય છે તેમ જ મોતીથી ગૂંથેલાં અને સુશોભિત હોય છે. છેડે મોતીનાં ઝૂમખાં હોય છે. કુંવારી દીકરીઓ નાડાં ગૂંથે છે. પરણ્યા પછી આણામાં પચીસ-ત્રીસ નાડાં આપવાનાં હોય છે. જેમ લોકો વધુ શ્રીમંત તેમ વધુ નાડાં આપે છે.





નટ-બજાણિયા

સમીસાંજનું રતૂમડું આકાશ ધીમે ધીમે મ્લાન થતું જાય છે. અવની ઉપર અંધારાં ઊતરવા માંડે છે. ગ્રામજનો વાળુપાણી કરીને ખાટલામાં હોકો ગગડાવતા આરામ કરતા હોય ત્યારે જો સીમ ભણીથી શરણાઈઓના અવાજ આવવા માંડે તો સૌની મુખરેખા પર આનંદ છવાઈ જાય છે. વગર કહ્યે લોકો સમજી જાય છે કે નટ-બજાણિયા આવી રહ્યા છે.

દોરડા પર આધારરહિત સમતોલપણું જાળવી જાતજાતના ખેલ કરનારાઓને ગામડાંનાં લોકોએ તો જરૂર જોયા જ હશે. શહેરી લોકોને કદાચ એમનો પરિચય ઓછો હોય. ગામડાંઓમાં જ્યાં સુધી નાટક અને સિનેમાએ પ્રવેશ કર્યો ન હતો ત્યાં સુધી નટ-બજાણિયાના ખેલ મનોરંજનનું મોટું સાધન હતા.

અલબત્ત, હવે તો એ જૂના જમાનાના મનોરંજનના સાધનના એક અવશેષરૂપ જ રહ્યા છે. એક વાર ગામમાં નટ આવ્યા પછી તો ક્યારે રાત પડે ને નટના ખેલ શરૂ થાય એની સૌ રાહ જુએ. હાલમાં સર્કસમાં જે અંગકૌશલ્યના વિવિધ પ્રયોગો થાય છે તેમાંના ઘણા પ્રયોગો એ નટો કરતા. આ નટો હવે દિવસના પણ ખેલ કરવા લાગ્યા છે.

અગાઉના વખતમાં રાજા-મહારાજાઓ પણ નટોના ખેલ જોતા. બહુ ખુશ થઈ જાય તો ગામ પણ ગરાસમાં આપી દેતા.

આ નટો ચાર-પાંચ મીટરના અંતરે ઊભી રાખેલી વાંસની ત્રણ ઘોડીઓ વચ્ચે દોરડું બાંધેલું હોય તેના પર ચાલવાનો ખેલ કરે છે. આ ખેલ મુખ્યત્વે સમતોલપણાનો હોય છે. સમતોલપણું જાળવવા નટ પોતાના હાથમાં એક મોટો વાંસ રાખે છે. ખેલમાં વિવિધતા લાવવા માટે કોઈક વાર તે પગમાં ઘૂઘરા બાંધીને નાચે છે તેમ જ જાતજાતની અંગકસરતો પણ કરે છે. કોઈ વાર દોરડા પર થાળી મૂકીને તેમાં પગ મૂકીને તે થાળી ખસેડતો - ખસેડતો સામે છેડે લઈ જાય છે. આ કામ ઘણું જોખમી હોય છે. તેમાં સર્કસના ખેલની જેમ જો ખેલાડી પ્રયોગ કરતાં કરતાં નીચે પડી જાય તો કોઈ ઝીલવા ઊભું હોતું નથી.

પુરુષોના પોશાકમાં સુરવાળ, પાઘડી અને ખમીસ હોય છે. ઢોલક વગાડનાર લેંઘો પહેરે છે. દોરડા પર ફરનાર નટ ચોરણી પહેરે છે. સ્ત્રીઓ ઘેરદાર ચણિયા, પોલકાં ને ઓઢણાં પહેરે છે.

આ ધંધો પણ હવે મૃતપ્રાય બનવાથી ઘણા લોકો મજૂરી પણ કરે છે.

વાદી

કરંડિયામાં લઈને આવતા વાદીને તો સૌ કોઈએ જોયો છે. મહુવર વગાડે અને સાપ ફેણ પ્રસારીને કરંડિયામાં ઉપર - ઊંચો થઈને ડોલે છે.

'આ વાદી કોણ હશે ? ક્યાં રહેતા હશે ? સાપ ક્યાંથી લાવતા હશે ?' વગેરે અનેક પ્રશ્નો તેને જોતાં જ સૌ કોઈના મનમાં ઊભા થવા માંડે છે. વાદીની મોરલીના સૂર આકર્ષક હોય છે. તેની મોરલીના સૂર કાને પડતાં જ બાળક દોડીને ઘરની બહાર આવી જાય છે.

વાદી પોતાની કાવડ નીચે ઉતારે છે. કાવડમાંના ટોપલા બહાર કાઢે છે. તેની મોરલી કે મહુવર વાગવા માંડે છે. એ વગાડતાં-વગાડતાં જ એ ટોપલી ખોલે છે. ટોપલીને જરાક અડે છે અને "ફૂં...ફૂં..." કરતો ફણાધર નાગ તેમાંથી ઊંચો થઈ મહુવરના મધુર સૂરે ડોલવા માંડે છે.

આ રીતે સર્પ રમાડીને લોકોનું મનોરંજન કરી વાદી પોતાના પેટ-ગુજારા માટે ભીખ માગે છે : પાંચ-દસ પૈસા કે મૂઠી લોટથી સંતોષ લે છે. સર્પ રમાડવાનો મૂળ ધંધો વાદીનો છે. જોકે મદારી, ગારુડી અને કેટલાક નાથબાવા પણ સાપ રમાડે છે.

વાદીમાં મુખ્યત્વે લાલવાદી, ફૂલવાદી, માનવાદી વગેરે જુદા જુદા સાત પંથ છે. તેમાં લાલવાદી અને ફૂલવાદી મુખ્ય છે. તેઓ કાયમ ફરતા જ હોય છે. પોતાના માલ-અસબાબ સાથે પડાવ નાખી - દંગા બાંધીને રહે છે. પાંચ-પંદર દિવસે એક સ્થળે રહી પછી બીજે સ્થળે ચાલ્યા જાય છે.



શિયાળામાં માહ-માસ દરમ્યાન સૌ વઢિયારમાં રાધનપુર પાસે આવેલા ફૂલહાર ગામે મળે છે. તે સમયે સહેજે 200થી 300 દંગા ભેગા મળે છે. સામાજિક પ્રસંગો- સગાઈ, લગ્નો વગેરે પતાવે છે.

આ લોકો ખમીસ અને ધોતી પહેરે છે. પગમાં પાવડી અને હવે તો જોડા કે ચંપલ પહેરે છે. ભિક્ષા માગવાની ઝોળી ઘણું કરીને ભગવા રંગની. ખભે કાવડ રાખે છે. હાથમાં મોરલી અને ગળામાં ક્યારેક રુદ્રાક્ષની માળાઓ પહેરે છે. તેમની સ્ત્રીઓ શરીરે આઠ-દસ હાથના ઘેરવાળા રંગીન ચણિયા તથા માથે ઓઢણું પહેરે છે.



ફેણવાળો સાપ નાગ હોય છે. સાપની અનેક જાતોમાં કાળોતરો, ખડચીતળો, ફુરસા, ધામણ વગેરે જાતો જાણીતી છે. કેટલાક સાપ ઝેરી હોય છે જ્યારે કેટલાક સાપ ઝેરી હોતા નથી. ઝેરી સાપ કરડવાથી માણસ કે પ્રાણી મરી જાય છે. આ લોકો સાપ પકડવામાં તથા રમાડવામાં ઘણા જ કુશળ હોય છે. ગમે તેવા મોટા સાપને સરળતાથી પકડી શકે છે. તે લોકો મંત્રથી સાપનું ઝેર ઉતારવાનો દાવો કરે છે. ગામને સીમાડે જઈ મોરલી વગાડીને સાપને કુશળતાથી વશ કરીને પકડી લે છે. તેઓ એક જ સાપને પકડીને કાયમ રાખતા નથી, પરંતુ સાપ પકડતી વખતે તેઓ મંત્ર બોલીને ઓંધી નાખે છે કે 'હું તને મહિનો રાખીશ - દોઢ મહિનો રાખીશ' અને તેની બોલી મુજબ મુદત પૂરી થતાં તે સાપને અચૂક છોડી દે છે. ખભા પર સાપ રમાડવાની લાકડીનો દંડૂકો ટેકવે ત્યારે તેનો પાતળો છેડો ખભાની પાછળના ભાગમાં અને જાડો છેડો હાથમાં રાખે છે.

અગાઉ ગામમાં, ફળિયામાં વાદીઓ આવતા. મેળામાં વાદીઓ દેખાતા. લોકો તેમનાથી ડરતા ને તેમને 'મનોરંજન' મેળવવા આવકારતા પણ ખરા.



પારસી

ભારત એવો દેશ છે જેની વિશાળહૃદયી ભારતીયતામાં વિશ્વભરમાંથી વિવિધ પ્રજાઓ આવીને ભળી ગઈ છે - એકરૂપ થઈ ગઈ છે અને યુગેયુગે અનેક આગંતુક પ્રજાઓ અહીં આવીને અહીંની જ બની ગઈ છે, તેમ છતાં પોતાનું આગવું વ્યક્તિત્વ અખંડ રાખીને સહવાસ કરી રહી છે.

પારસી પ્રજા પણ આવી જ, અન્યત્રથી આવીને અહીંની જ થયેલી, આગંતુક અતિથિપ્રજા છે, પણ તેણે ભારતીયતાને એવી તો અપનાવી લીધી છે કે અત્યારે તે આગંતુક છે એ પણ યાદ કરવું પડે.

પારસી મૂળ ઈરાનથી આવેલા. ચોક્કસ કઈ સાલમાં એ વિશે તો વિદ્વાનોમાં પણ મતભેદ છે. જે પરિસ્થિતિમાં તેમણે ઈરાન છોડ્યું ને જે જમાનામાં તે પરિસ્થિતિ થઈ એ જમાનાનો, એમના સ્થળાંતરનો વિગતવાર ઈતિહાસ કોણે રાખ્યો હોય ? કેમ રાખી શકાયો હોય ? અને એ સ્થિતિમાં પછીથી લોકમુખે જે પરંપરિત થયું હોય તેમાં તો ઈતિહાસ અને દંતકથાનું સ્વાભાવિક રીતે મિશ્રણ જ હોય ને !

છતાં તેમને વિશે જે કાંઈ હકીકત જાણવા મળે છે ઈતિહાસાદિથી કે પરંપરાથી તે આ છે. જરથોસ્તી ધર્મ પાળતા પારસીઓ ઈરાનમાં વસતા. ત્યાં મુસ્લિમ આધિપત્ય અને તેના આક્રમણને કારણે પોતાની સલામતી જાળવવાના સંજોગો ઊભા થતાં તેમને - એ સમગ્ર જાતિને પોતાનું વતન છોડવાનો વખત આવ્યો. તેમનાં ધર્મસ્થાનો બાળી મુકાતાં હતાં ને તેમને ધર્માન્તરની ફરજ પાડવામાં આવતી હતી, નહીં તો મોત જ મળતું. એ પરિસ્થિતિમાં તેમને પોતાના ધર્મનું, પોતાના 'આતશ'(અગ્નિ)નું રક્ષણ કરવાનો અને પોતાનો ધર્મ જાળવીને જાનમાલને સલામત રાખવાના કપરા



પ્રશ્નોનો તેમની પાસે એક જ ઉકેલ હતો : સમગ્ર જાતિનું સામુદાયિક સ્થળાંતર - હિજરત ! ઈતિહાસ આવી અનેક હિજરતોનો સાક્ષી છે.

ઘરબાર છોડી, ઉચાળા ભરી, વતન ત્યજી, પોતાના 'આતશ'ને, પોતાનાં બાળબચ્ચાંઓને થોડીક ઘરવખરી લઈને વસવાટશોધમાં નીકળેલા પારસીઓએ પહેલાં આશ્રય લીધો ખોરાસાનના પહાડોમાં, પણ ત્યાંય આક્રમણકારો પીછો પકડીને પહોંચી ગયા ને છેવટે તેમણે ત્યાંથીય ઉચાળા ભરી ઈરાનને સદંતર છોડ્યું; વહાણો ભરી અને દરિયામાર્ગે ભારત તરફ આવી પહોંચ્યા. ભારતની ભૂમિથી તે વાકેફ હતા, કારણ કે ભારત સાથે તેમને એ પહેલાંના વ્યાપારી સંબંધો હતા, એટલે તે ભારતને કિનારે ઊતર્યા, પહેલાં તો દીવ બંદરે. આ સમય લગભગ ઈ. સ. 766નો અનુમાનવામાં આવે છે.

દીવમાં પારસીઓએ 19 વર્ષ ગાળ્યાં મનાય છે, પરંતુ દીવમાં પોર્ટુગીઝોના હુમલા અને પજવણી નડ્યાં એટલે વળી ત્યાંથી સાગરવાટે નીકળ્યા. એમનાં વહાણો ઈ. સ. 785માં સંજાણબંદરે નાંગર્યાં - અત્યારના દક્ષિણ ગુજરાતને કાંઠે.

તેમણે સંજાણના તે વખતના જાદી રાણા નામના રાજાની પરવાનગી માગવા પોતાના એક વિદ્વાન પ્રતિનિધિને મોકલ્યો. રાણા સાથે કેટલાંક વચનોની આપ-લે થઈ. એક દંતકથા મુજબ દૂધના પ્યાલામાં સાકરની જેમ સ્થાનિક પ્રજામાં ભળી જવાનું પારસીઓએ સાંકેતિક વચન આપ્યું

જળદેવતાને પ્રાર્થના : પારસી પુરુષ અને મહિલા પ્રાર્થનાપોથીમાંથી વાંચીને જળદેવતાને પ્રાર્થના કરે છે.



...ને રાજાએ વસવાટની મંજૂરી આપતાં પારસીઓએ ...માં પોતાનું ઠામઠેકાણું કર્યું. ત્યાં જ તેમણે સૌપ્રથમ ...ની સાથે આણેલા પવિત્ર અગ્નિ 'આતશ બહેરામ'ની ...ના કરી. નવસારીના દસ્તૂર બહેરામ કૈકોબાદે સગ્યરા ...માં, સોળ શ્લોકોમાં રચેલ 'કિસ્સે સંજાણ' - જે કૃતિ હજી ...ઈ છે તેમાંથી આ હકીકત પ્રાપ્ત થાય છે.

સંજાણ ને આસપાસમાં લગભગ સાતસો વર્ષના ...વાટ પછી ભારતભરમાં તેમની રખડપટ્ટી શરૂ થઈ. ...તમાં પણ મુસ્લિમ આધિપત્યવાળા પ્રદેશોમાં તેમને ...મણ અને પજવણી સહન કરવાં પડ્યાં. અંતે ધીરજ અને ...નશીલતાથી અનેક મુશ્કેલીઓનો સામનો કરતાંકરતાં ...સીઓ અહીં સ્થિર થઈ ગયા. ઈ. સ. 1741 સુધી તેમનું ... ધર્મસ્થાન નવસારી રહ્યું. પ્રથમ સંજાણમાં મુકાયેલા તે ...તશ બહેરામ'ની નવસારીમાં જ સ્થાપના થયેલી. ત્યાર ... વલસાડ લઈ જઈ એકાદ વર્ષમાં ત્યાંથી કાયમને માટે ...સાડની દક્ષિણે ઉદવાડામાં તેને સ્થાપવામાં આવ્યો. ...ડામાં તેમનું મોટું દેવળ 'અગિયારી' બાંધવામાં આવ્યું અને ત્યારથી ઉદવાડા એ ભારતભરના સૌ પારસીઓનું ... મહત્ત્વનું તીર્થસ્થાન બન રહ્યું છે.

પછી તો પારસીઓ ખંભાત, ભરૂચ, સુરત, અંકલેશ્વર ... વિસ્તરતા-વિસ્તરતા સમગ્ર ગુજરાતમાં ને ત્યાંથી જ ... મુંબઈ, કલ્યાણ, થાણા, પૂણે અને હવે તો ભારતભરમાં ...ર્યા છે. કોઈ-કોઈ પરદેશમાં પણ જઈ વસ્યા છે, પણ ... મુખ્ય પ્રદેશ તો ગુજરાત જ રહ્યો છે ને તે પછી મુંબઈ. ...રાતમાં પણ તેમનું મુખ્ય કેન્દ્ર નવસારી ગણાય. આજે દક્ષિણ ગુજરાતમાં અને ખાસ તો નવસારીમાં ...સીઓની ઘણી વસ્તી છે.

...ચંદરમા સૈકામાં તેના અંતભાગમાં પારસીઓના એક ... ધર્મગુરુ થઈ ગયા. નામે દસ્તૂરજી મહેરજી રાણા. ...સીઓ વિશે અન્ય પ્રજાના મનમાં સદ્ભાવ પ્રગટાવી ...વનમાં સુમેળ સાધવાનો મુખ્ય યશ એ દસ્તૂરજી ... રાણાને ફાળે જાય છે. આજેય તેમની પુણ્યસ્મૃતિરૂપે ...રીમાં 'મહેરજી રાણા પુસ્તકાલય' છે.



પતેતી મુબારક

સંખ્યાની દૃષ્ટિએ પારસી પ્રજા ઓછી સંખ્યામાં છે. આખાય વિશ્વમાં થઈને તેણી કુલ વસ્તી કદાચ એકાદ લાખ જેટલી હશે. તેમના ઉમદા ગુણોને કારણે ઇતિહાસના બદલાતા જતા રંગો અને પલટાતી ઋતુઓ વચ્ચે આ પ્રજા સ્થિરતાથી ટકી રહી છે. ભારતીય જ બની રહેલી આ કોમનો ભારતનાં ઇતિહાસ અને ઉન્નતિમાં પણ ઓછો ફાળો નથી. કોઈ પણ એવું ક્ષેત્ર નથી જેમાં આ કોમની કોઈ વ્યક્તિનો મહત્ત્વનો ફાળો ન હોય. દેશના આઝાદી-સંગ્રામમાં દાદાભાઈ નવરોજી, સર ફિરોઝશાહ મહેતા, વીર નરીમાન, મીઠુબહેન પિટીટ, મૅડમ ભીખાઈજી કામા વગેરેથી તે પછી વધુ નજીકના કાળના મીનુ મસાણી, પીલુ મોદી કે ફિરોઝ ગાંધી સુધીનાં અનેક નામો ગણાવી શકાશે.

વેપાર-ઉદ્યોગ-ક્ષેત્રે તો જમશેદજી તાતા ને લવજી નસરવાનજી વાડિયા તથા જમશેદજી જીજીભાઈનાં નામો વિખ્યાત છે. અન્ય પણ તેમાં ઉમેરી શકાય. જમશેદજીની અનેક સખાવતોમાં મુંબઈની જે. જે. હૉસ્પિટલ અને જે. જે. સ્કૂલ ઑફ આર્ટ તરત યાદ આવશે. તો ટાટાની સખાવતો - કેળવણીમાં - કળામાં, લોકોપયોગી પ્રવૃત્તિઓમાં, સંશોધન અને વિજ્ઞાનનાં ક્ષેત્રોમાં ગણાવવા બેસીએ તો યાદી ખૂબ લાંબી થઈ જાય. વાડિયા કુટુંબનું નામ પણ કેટલી બધી સખાવતો ને સંસ્થાઓ સાથે સંકળાયેલું છે ! પારસીઓ માત્ર વેપારીઓ કે ઉદ્યોગપતિઓ જ નહીં, પણ લોકહિતકારક







ઉદવાડામાં સ્થિત આતશે બહેરામના વડા ધર્મગુરુ ડૉ. દસ્તૂર હોરમસજી મિર્ઝા એક બાળકને નવરોઝ યજ્ઞોપવીત-કસ્તી ધારણ કરાવીને ધર્મની દીક્ષા આપે છે. ડૉ. મિર્ઝા મુંબઈ યુનિવર્સિટીમાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓ માટે અવેસ્તા પહેલવીના પ્રાધ્યાપક હતા. તેઓ ઈરાનથી લાવેલા પવિત્ર આતશ બહેરામને પ્રજ્વલિત રાખવાની જે નવ પવિત્ર ધર્મગુરુઓનાં અધિકાર અને ફરજ હતાં તે કુટુંબના છે.

યોજનાઓ-સંસ્થાઓના સ્થાપકો અને સહાયકો પણ બની રહ્યા છે. જમશેદજી તાતા તો ભારતમાં ઉદ્યોગપ્રવૃત્તિના પર્યાય સમા બની રહ્યા છે. ડૉ. હોમી ભાભા અને ડૉ. એચ. એન. શેઠનાનાં નામ અણુશક્તિક્ષેત્રે વિશ્વભરમાં જાણીતાં બન્યાં છે. તેમણે પોતાના આ જ્ઞાનથી દેશની ઉત્તમ સેવા કરી છે. આગળના સમયમાં પણ લવજી વાડિયાએ જહાજો બનાવવામાં નામના મેળવેલી. બીજાં ક્ષેત્રોમાં પણ પારસીઓની પ્રવૃત્તિ સક્રિય રહી છે.

1822માં ફરદુનજી મર્જબાને 'મુંબઈ સમાચાર' નામનું ગુજરાતી પત્ર શરૂ કરી ગુજરાતી પત્રકારત્વનો પાયો નાખ્યો, ત્યારથી તે ફિલ્ડમાર્શલ માણેકશાએ ભારતીય ભૂમિસેનાના વડા તરીકે યશસ્વી કામગીરીથી દેશને વિશ્વભરમાં સુકીર્તિત કર્યો ત્યાં સુધીના ઇતિહાસમાં અનેક ક્ષેત્રે પારસીઓની કાર્યપ્રવીણતાનાં અનેક ઉદાહરણો મળશે. અર્વાચીન ગુજરાતી રંગભૂમિના તો પારસીઓ અગ્રણી હતા. અનેક કંપનીઓ-રચનાઓ-કળાકારો તેમણે આપ્યાં ને રંગભૂમિને વિકસાવી. ચિત્રકળાક્ષેત્રે ને નૃત્યક્ષેત્રે પણ તેમણે શ્યાવક્ષ ચાવડા કે શિરીન વજીફદાર જેવાં કલાકારો ને કાર્લ ખંડાલાવાલા જેવા વિવેચકો આપ્યા. ગુજરાતી સાહિત્ય-ક્ષેત્રે બહેરામજી મલબારી ને ખબરદાર આપ્યા; રાણીના, કાબરાજી ને અર્દી મર્ઝબાન આપ્યા. સંગીતક્ષેત્રે એક જમાનામાં ભારતીય સંગીત ક્ષેત્રે ઝૂબિન મહેતા આજે વિશ્વની એક અગ્રિમ વ્યક્તિ બની રહ્યા છે.

ગમે તે ક્ષેત્રે વિચારીએ તો અનેક નામો મળશે - આ થોડાંક તો માત્ર ઉદાહરણો. નાનકડો પારસી સમાજ આવી અનેક વ્યક્તિઓથી સમૃદ્ધ છે.

પારસીઓ અગ્નિપૂજકો છે. તેઓ 'આતશ'ની પૂજા-બંદગી કરે છે. એને 'આતશ-પુથ' કહેવામાં આવે છે. અગ્નિનો પ્રકાશ તેની પૂજા કરનારનું આસુરી તત્ત્વો સામે રક્ષણ કરે છે તેવી પારસી પ્રજાની અતૂટ શ્રદ્ધા છે. આથી પારસી ઘરોમાં અગ્નિ પૂજાય છે ને તેમનાં દેવળો - 'અગિયારી'(અગ્નિ - આગ ઉપરથી)માં સતત અગ્નિ પ્રજ્વળતો રહે છે.

અશો જરથુષ્ટ્ર તેમના પયગંબરસાહેબ છે, 'ઝંદ-અવસ્તા' તેમનું મુખ્ય ધર્મપુસ્તક છે. પયગંબરસાહેબનો મુખ્ય સંદેશ છે 'મનશ્વી, ગવશ્વી, કુનશ્વી.' શુદ્ધ મન અને પવિત્રતા દ્વારા જ ઇષ્ટદેવ અહુરમઝદને પામી શકાય છે તે તેનો સાર છે. એક આવશ્યક વિધિ તરીકે દરેક પારસી કિશોર-કિશોરીને તેની સાતથી નવ વર્ષની ઉંમર દરમિયાન 'સુદરેહ-કુસતી' (સદરો સુસ્તી) પહેરાવવામાં આવે છે. સુદરેહ-સદરો-ઝભલા જેવું વસ્ત્ર છે જે શરીર પર પહેલું અન્ય કપડાંની નીચે પહેરવાનું હોય છે ને તેના પર ચોક્કસ પ્રકારની પટ્ટી જેવી કસ્તી કમરબંધની જેમ નિશ્ચિત રીતે બાંધવાની હોય છે. દરરોજ સ્નાન કરતી વખતે આને ઉતારીને સ્નાન કર્યા પછી વિધિપૂર્વકની ચોક્કસ પ્રાર્થનાના મંત્રો સાથે ફરીથી બાંધવાનો કર્મકાંડ પ્રત્યેક પારસી માટે અનિવાર્ય છે. આ ક્રિયાવિધિ હિન્દુઓની યજ્ઞોપવિતને મળતી આવે તેવી છે. યોગ્ય ઉંમરે સદરો-કસ્તી આપી છોકરા કે છોકરીને વિધિસર દીક્ષિત કરાવતી ક્રિયાને 'નવજોત' કહેવામાં આવે છે. આ 'સુદરેહ કુસ્તી' પહેરનાર વ્યક્તિનો મેલા વિચારો સામે બચાવ થાય છે એવી તેમની માન્યતા છે. ઘરમાં, અગિયારીમાં કે 'આતશ બહેરામ'માં પ્રાર્થના અને અગ્નિપૂજા કરતી વખતે પારસીઓ સુખડ અને લોબાનનો ઉપયોગ કરે છે. હિન્દુધર્મની જેમ પારસીઓ પણ કર્મનું મહત્ત્વ સ્વીકારે છે. જોકે વૈરાગી કે સંન્યાસીની આ ધર્મમાં



ફરદુનજી મર્જબાન



જમશેદજી જીજીભાઈ



જમશેદજી તાતા



મેડમ કામા



ખબરદાર

વસ્થા નથી, તેમ વ્રત-ઉપવાસ જેવા વિધિને પણ સ્થાન નથી. સ્વચ્છ-શાંત-પવિત્ર સંસારજીવનનો તેમાં અનુરોધ છે.


પારસીઓ ગાયને પૂજે છે, સૂર્યની પણ પૂજા કરે છે ને સાવ સફેદ ગોધાનું તે લાલન-પાલન કરે છે. તેને વરસ્યાજી કહેવામાં આવે છે. ખાસ ક્રિયાઓમાં વરસ્યાજીને હાજર રાખવામાં આવે છે ને ધાર્મિક ક્રિયામાં ગૌમૂત્રનો પણ ઉપયોગ થાય છે. ખાસ નોંધપાત્ર છે તેમની મરણોત્તર-વિધિ. કોઈ પણ પારસી વ્યક્તિ અવસાન પામે ત્યારે ધર્મગુરુઓને ઘણી ક્રિયાવિધિ કરવી પડે છે. મૃત શરીર ચોક્કસ નિશ્ચિત ધાર્મિક કક્ષાની વ્યક્તિઓ જ ઉપાડી શકે છે. પારસીઓ અગ્નિને પવિત્ર ગણતા કોઈ મૃતદેહને તેઓ જમીનમાં દફનાવતા નથી. તેઓ તેને વિધિપૂર્વક 'દોખ્મા' - ટાવર ઑફ સાઇલન્સમાં મૂકે છે.

'દોખ્મા' એક મોટા કૂવા જેવી ઇમારત હોય છે. તેની અંદરની ભીંતોમાં વર્તુળાકારે ગોખલા જેવી પથ્થરની ત્રણ હારો હોય છે : સૌથી નાની બાળકો માટે, મધ્યમ સ્ત્રીઓ માટે ને બહારની પુરુષો માટે. 'નસરસલા' નામના ડાઘુઓ જેમના સિવાય અન્ય કોઈ દોખ્મામાં પ્રવેશી શકતું નથી મૃતદેહોને દોખ્મામાં મૂકે છે. મૃતદેહને ગીધો સમાપ્ત કરે એટલે અસ્થિ કૂવામાં સરી પડે છે જ્યાં ચૂના-ફૉસ્ફરસ સાથે મળતાં તે ખાખ થઈ જાય છે. પછી વરસાદનું પાણી અંદર ભૂગર્ભ નહેરો દ્વારા તેને ભૂગર્ભ કૂવામાં વહાવી દે છે. આ બધા માર્ગ વારંવાર રાસાયણિક દ્રવ્યો વગેરેથી સાફ થતા રહે છે.

પારસીઓનાં દેવળોમાં પારસી સિવાય અન્ય કોઈ પ્રવેશી શકતું નથી. આ અલ્પસંખ્ય પ્રજાએ પોતાને જાળવી રાખવા અને પોતાનું અસ્તિત્વ આસપાસની બહુસંખ્ય પ્રજાઓમાં લુપ્ત ન થઈ જાય તે માટે કોમનું બંધારણ - ધાર્મિક નિયમો વગેરે ખૂબ ચુસ્ત રાખેલ છે. કોઈ પણ ધર્મની ચુસ્તતા આવા સંજોગોમાંથી જ જન્મી હોય છે ને સામાજિક આવશ્યકતાને ધાર્મિક રૂપ અપાયું હોય છે તેમ અહીં પણ છે. કોઈ પણ અન્ય વ્યક્તિ ધર્માન્તર દ્વારા પારસી બની શકતી નથી. આથી લગ્ન-વ્યવહાર અંદરોઅંદર જ કરવો પડે છે. કોમ નાની છે તેથી આ શક્ય બનાવવા ખૂબ નજીકનાં ભાઈ-બહેન સિવાય અન્ય વ્યક્તિ પારસી થઈ શકે એટલે પોતાને પારસી મટી જવું પડે છે. આ કારણે પારસીઓ સંખ્યામાં ઓછા પણ થતા જાય છે.

કોમ નાની હોવાથી સમગ્ર કોમને લગતી સખાવતી સંસ્થાઓ વગેરેની વ્યવસ્થા સારી રીતે થઈ શકે છે. આથી દુખિયાં કે અનાથ ગરીબને પાળવા-પોષવાની સદાવ્રતી વ્યવસ્થા પારસીઓમાં ખૂબ સારી છે. સામાન્ય રીતે ભાગ્યે જ કોઈ પારસી ભીખ માગતો દેખાશે.

પારસીઓ સ્વચ્છતા ને સુઘડતાના, સુરુચિપૂર્ણ અને વિવેકયુક્ત વ્યવહારના આગ્રહી છે. તેઓ શાંત, શોખીન, રમૂજી અને આનંદી પ્રજા છે. નિર્દોષ આનંદથી હસવું-હસાવવું એમના જીવનને સદાબહાર રાખતું રસાયણ છે. આથી જ પારસીઓ આપણા સાહિત્યને સૌથી સરસ



હળવી હાસ્યરચનાઓ - પ્રહસનો આપી શક્યા છે. પારસીઓની બોલી ગુજરાતી ઉચ્ચારણની રીતે ને વિશિષ્ટ પ્રયોગોથી એક વિશિષ્ટ ગુજરાતી બોલી બની રહે છે.

આ બુદ્ધિશાળી મહેનતુ ને આનંદી પ્રજા આજે તો એવી ગુજરાતી-ભારતીય થઈ ગઈ છે કે તેઓ પરદેશથી આવેલી કોમ છે એ વિચારવુંય મુશ્કેલ બને. ખરે જ, બીજું ગમે તે હોય, દૂધમાં સાકરની જેમ ભળી જવાની મીઠાશપૂર્વક એકતાથી ઓગળી જવાની પ્રતિજ્ઞા તો તેમણે સફળતાપૂર્વક પાળી જ છે. પારસી કોમ આ અનેક જાતિઓથી રચાયેલા ભારતીય સમાજનું એક ઉજમાળું અંગ છે અને રહેશે.

પારસીઓએ ગુજરાતી સમાજને કોઈ સૌથી મોટો શબ્દ આપ્યો હોય તો તે છે 'સાલ મુબારક'. આ ટૂંકું મધુર અભિવાદન ગુજરાતીઓએ હોંશેહોંશે અપનાવી લીધું છે.

નીચે ડાબે : શિરીન વજીફદાર
નીચે : ઝૂબીન મહેતા







મુસલમાન

દુનિયાભરમાં વ્યાપ્ત ઈસ્લામધર્મના અનુયાયીઓ એક કોમ તરીકે વિશ્વમાં અને ભારતમાંય દેશની વસ્તીના એક મહત્ત્વના ભાગ તરીકે સુપરિચિત છે. ગુજરાતભરમાં તેમની સારી એવી વસ્તી સર્વત્ર પથરાયેલી છે.

ઈસવી સનનાં સાતમા, આઠમા અને નવમા શતકોમાં ગુજરાતના કિનારા લૂંટવા અને જીતવા બગદાદથી મોકલવામાં આવતાં નૌકાસૈન્યોના આરબ નાવિકો અને સૈનિકોએ ગુજરાતમાં પ્રથમ વસનાર આરબો હતા. તેમના પછી વેપારીઓએ ઈરાની અખાતમાંથી આવી, ગુજરાતનાં મુખ્ય શહેરોમાં મોટી સંખ્યામાં જૂથોમાં વસવાટ કર્યો હતો. અણહિલવાડના રજપૂત રાજાઓએ આ વ્યાપારીઓને સ્થાયી વસવા ઉત્તેજન આપી તેમના તરફ સારો આદરભાવ દાખવ્યો હતો. તેમના વસવાટોની આંતરિક વ્યવસ્થા તેમને જ કરવા દઈ, તેમને પોતાનો ધર્મ પાળવા દીધો હતો અને મસ્જિદો પણ બાંધવા દીધી હતી. ગુજરાતની પારંપરિક ધર્મ-સહિષ્ણુતાનું એ દ્યોતક છે.

ભારતમાંથી મક્કા હજ (જાત્રા) કરવા જવા માટે ગુજરાતના બંદરેથી જવાતું. એશિયા, ઈરાન અને ખુરાસાનના રાજકાઓ 'અબ્બાબુલ મક્કા' તરીકે ઓળખાતાં ઘણાં વિદેશી કુટુંબો પણ મક્કા-મદીનાનાં પવિત્ર સ્થળોએથી પાછા ફરતાં ગુજરાતની ભૂમિની મુલાકાત લેતા - ને તેમની શુષ્ક-કઠોર ભૂમિને મુકાબલે આ સજલ હરિયાળી ભૂમિ ગમી જતાં ગુજરાતમાં સ્થાયી થયાં હતાં. આનું એક જ્વલંત ઉદાહરણ અમદાવાદ પાસેના સરખેજના પીર હજરત શેખ અહમદ ખટ્ટુનું છે. સૈનિકો તરીકે લશ્કરી નોકરી માટે આવેલા મુસલમાનો પણ અહીંના કાયમી નાગરિકો બની જતા.

મુસ્લિમ રાજ્યકાળ - મુગલ શાસન દરમિયાન સમજાવટથી કે બળજબરીથી ઈસ્લામનો અંગીકાર કરનાર અનેક હિન્દુઓનો પણ અહીંની મુસલમાન પ્રજામાં સમાવેશ થયેલો છે.

મુસલમાનોમાં બે મુખ્ય જાતિ છે. સુન્ની દિવસમાં પાંચ વખત નમાજ પઢે છે. શિયા ત્રણ વખત. સુન્ની હાથ બાંધીને નમાજ પઢે છે, શિયા હાથ છૂટા રાખીને. સો વર્ષ જૂના સરકારી ગેઝેટમાં તો ત્રણેક ડઝન ગુજરાતી મુસ્લિમ જાતિઓનો ઉલ્લેખ છે.

મુસલમાનોના પેટાવિભાગો

ગુજરાતના મુસલમાનોના બે વર્ગો પાડી શકાય :

ચાર નિયમબદ્ધ વર્ગો :

1. સૈયદ, 2. શેખ, 3. મોગલ, 4. પઠાણ.

અન્ય 20 કોમો, - જેમનામાં ઓછેવત્તે અંશે પરદેશી લોહી છે.

સૈયદ : ચાર નિયમબદ્ધ કોમમાં સૈયદો પોતાને સર્વોચ્ચ માને છે. તેઓ હજરત પેગમ્બરસાહેબનાં પુત્રી હ.બીબી ફાતેમા અને હ.અલીની ઓલાદ હોવાનો દાવો કરે છે. તેમાં પણ બે પેટાવર્ગો છે : હસની અને હુસેની.

સહિષ્ણુતા

કેટલાક ઝનૂની મુસલમાનોનાં આક્રમણોથી નુકસાન પહોંચ્યા છતાં, ગુજરાતના વેપારીઓએ તે માટે જે-તે આક્રમણને જ જવાબદાર ગણી સામાન્ય મુસલમાન વસ્તી અને વેપારીઓ તરફ માયાળુ વર્તન જ ચાલુ રાખ્યું હતું. સિદ્ધરાજ જયસિંહે ખંભાતના કેટલાક મુસલમાનો પર થયેલા જુલમની તપાસ કરી, એ વાત સાચી લાગતાં તેનો ન્યાય તોળી, જુલમ કરનારને સજા કરી હતી અને તેમની મસ્જિદ ફરીથી બાંધવા નાણાંની મદદ પણ કરી હતી. ગુજરાતની વિશાળ દૃષ્ટિ ને ન્યાયપ્રિયતાનું આ નિદર્શન છે.

મુસલમાનોની અન્ય કોમો નીચે મુજબ છે :

ધાર્મિક : અહમદિયા, બાબી, બહાઈ, સીદી, વહારાબી.

વેપારી : કાબુલી, નાયતા. ખેડૂત : અગારા, બબનિયા, ...વી, સંગઝ, કાહતિયા, ખીલજી, કુરેશી, કિરદિયા, કુરબાતી.

નોકરિયાત : આરબ, બલૂચી, મકવાણા, મિરઘા.

ગુજરાતના સુન્ની મુસલમાનોમાં મુખ્યત્વે નીચે ...ના વિધિ ધાર્મિક પ્રસંગોએ થતા હોય છે :

1. સ્ત્રીનું સીમંત, 2. બાળકોનાં જન્મ, 3. નામવિધાન, ... તેના જાનમાલની સલામતી માટે જાનવાનો સદકો આપવો (કુરબાની કરવી), 5. તેને બિસમિલ્લાહ પઢાવવી (ઇસ્લામની દીક્ષા આપવી), 6. તેનો વિવાહ કરવો, 7. લગ્ન, 8. મરણ.



ખુદાની બંદગી

ગુજરાતમાં સૈયદોનાં દસ કુટુંબો છે :

(1) બુખારી, (2) કાદરી, (3) રફાઈ, (4) ચિશ્તી, (5) મશહદી, (6) શિરાઝી, (7) ઉરૈની, (8) ઇંદ્રુચી, (9) તિરમીઝી, (10) ભૂખરી. આ ઉપરાંત મટારી અને ગોઠી ... સૈયદોના પ્રકાર હોવાનું મનાય છે.


કુરાન

સૈયદો સામાન્ય રીતે સત્યવક્તા, ...મિક અને ઠરેલ હોય છે. સાથેસાથે તેઓ ..., વિલાસી અને ઉડાઉ પણ હોય છે. તેઓ ...ની-મોટી નોકરીઓ પણ કરે છે. નાનાં ગામોમાં સ્ત્રીઓ ... પરદો હજી ટકી રહ્યો છે. પરિણામે ત્યાં કન્યાકેળવણીનું ...ણ ઓછું છે.

શેખ : 'શેખ'નો અર્થ થાય છે 'સરદાર'. ... આરબટોળીના મુખ્ય નાયક 'શેખ' કહેવાતા. શેખમાં ... ત્રણ વિભાગ છે :

1. સુદીકી, 2. ફારુકી, 3. અબ્બાસ.

ફારુકીની બે પેટાશાખાઓ છે : 1. ચિશ્તી અને 2. ફરીદી. આ લોકો ગૌરવર્ણા, દેખાવડા અને ઘાટીલા હોય છે. ઊંચા અને લાંબા વાળવાળા હોય છે. તેઓ ખેતી કરે છે તેમ નોકરીઓ પણ કરે છે. આ પુરુષો પોતાના નામ આગળ 'શેખ' અથવા મહંમદ ઉમેરે છે ને એ રીતે તેમની સ્ત્રીઓ 'બીબી'નો લકબ ઉમેરે છે.

મોગલ : મોગલોના બે વર્ગ છે : 1. ઈરાની, 2. ચુઘત્તા (ચુઘતાઈ). અમદાવાદ અને ભરૂચમાં થોડા ઈરાની મોગલો છે. ખંભાત અને સુરતમાં પણ તેમની થોડી વસ્તી છે. તેઓ વ્યાપારી છે. પુરુષો પોતાના નામ આગળ 'મિરઝા', 'અમીરઝાદ' અને નામ પછી 'બેગ' ઉમેરે છે. જેમકે, 'મિરઝા મુગલ બેગ'. સ્ત્રીઓ તેમના નામ પાછળ 'ખાનમ' ઉમેરે છે જેમ કે, હુસેની ખાનમ. આ લોકો કાંઈક સ્થૂળ, મધ્યમ કદના ને ઘાટીલા હોય છે. તેમની આંખો ભૂરી કે બદામી હોય છે. તેઓ વિનોદી, બુદ્ધિશાળી, મહેનતુ, ઉદાર અને સુખી હોય છે. મજહબે તેઓ શિયા હોય છે અને તેઓ ચુસ્ત રીતે તે ધર્મ પાળે છે.

પઠાણો : ગુજરાતમાં પઠાણો સર્વત્ર જોવા મળે છે. તેઓ અફઘાન ખાનદાનના અને પુશ્તુ બોલી બોલનારા છે. તેઓ તાર્તાર અને આરબનાં તત્ત્વોવાળી મિશ્ર પ્રજા છે.

પઠાણ પુરુષો તેમનાં નામ આગળ ખાન અને સ્ત્રીઓ 'ખાતુન' અથવા 'ખાતુ' ઉમેરે છે. તેઓ ગુજરાતમાં મુખ્યત્વે લશ્કરી સિપાહી તરીકે આવેલા. આ કોમના લોકો કરકસરિયા, જક્કી અને તામસી પ્રકૃતિના હોય છે. તેઓ પૈસાના લોભ માટે એટલા જાણીતા છે કે ક્રૂર લેણદારોને પણ 'પઠાણ' નામ આપવામાં આવે છે. આ લોકો ઘોડાનો વેપાર ઉપરાંત લશ્કર-પોલીસખાતું વગેરેમાં કે થિયેટર કે મોટી કંપનીઓ વગેરેમાં ચોકીદાર તરીકે પણ કામ કરે છે. તેઓ મજહબે સુન્ની છે, ધાર્મિક બાબતમાં ઝનૂની હોય છે.


મૌલવી સાહેબ બાળાઓને કુરાનની આયાતો બોલાવે છે.

વડા મુલ્લાજી



શિયા વહોરાઓના અર્વાચીન ઈતિહાસનો સૌથી મહત્ત્વનો બનાવ તેમના વડા મુલ્લાજી સાહેબ યમનથી ગુજરાતમાં આવ્યાનો છે. તેઓ ઈ. સ. 1539માં આવ્યા હતા. અહીં આવીને તેમણે પ્રથમ સિદ્ધપુરમાં પોતાની ગાદી સ્થાપી હતી.

વહોરા

વહોરા એક વિશિષ્ટ કોમ છે. તે મુસ્લિમધર્મ જ પાળે છે, છતાં અન્ય મુસલમાનોથી તે કેટલેક અંશે અલગ પડે છે.

વહોરા-કોમ વેપાર તેમ જ કારીગરી માટે જાણીતી છે. તેમાં વધુ ધનવાન વર્ગ ખાસ કરીને ગુજરાતમાં. વેપારી વહોરાઓનો છે. લોખંડ, રંગ, સાબુ, કાગળ (કાગદીબજાર), કાચ વગેરેના વેપારમાં વહોરા વેપારીઓ જ આગળપડતા હોય છે. મહેનત, કારીગરીનું જ્ઞાન, વાણીની મીઠાશ, સ્વભાવની સલૂકાઈ અને વેપારની આવડતે તેમને આબાદ અને સુખી બનાવવામાં મોટો ફાળો આપ્યો છે. પ્રમાણમાં ઓછા ધનસંપન્ન કારીગરવર્ગ બહુધા ચશ્માં, પ્રાઈમસ વગેરે જેવાં યંત્રોનું કામ, રંગકામ, કાગળની કાતરકલાનું કામ તથા રૂ-પીંજણ-રજાઈ કામ, સિલાઈકામ કે ફેરિયાનું કામ કરતો જણાશે, પણ તે હંમેશાં ઉદ્યમી, મીઠાબોલો અને આનંદી હશે.

પાટણના સોલંકી રાજાના સમયમાં શિયા ઉપદેશકોએ જે બ્રાહ્મણો અનેક વણિકોનેં તેમના પંથમાં ભેળવ્યા અથવા અલાઉદ્દીને પાટણ-સિદ્ધપુર વગેરે જીત્યા પછી ત્યાંના બ્રાહ્મણો વગેરેએ સૈન્યના દબાણ હેઠળ કે તે પછી ધર્મપરિવર્તન કર્યું તેમાંના ઘણાએ ધર્મપરિવર્તન પછી પણ પોતાની મૂળ અટકો ચાલુ રાખી હતી. આનાં નક્કર ઉદાહરણો રૂપે સિદ્ધપુર-રાજકોટ વગેરે સ્થાનોમાં શિયા વહોરાઓની પણ 'ત્રિવેદી', 'જાની', 'જોષી' જેવી અટકો જળવાઈ રહેલી મળશે.

વહોરામાં પણ ધર્મદૃષ્ટિએ બે પ્રકાર છે : સુન્ની અને શિયા. પાટણના સોલંકી રાજાના સમયમાં શિયા ઉપદેશકોએ જે બ્રાહ્મણો અને વણિકોને તેમના પંથમાં ભેળવ્યા અથવા અલાઉદ્દીને પાટણ-સિદ્ધપુર વગેરે જીત્યા પછી ત્યાંના બ્રાહ્મણો વગેરેએ સૈન્યના દબાણ હેઠળ કે તે પછી ધર્મપરિવર્તન કર્યું તેમાંના ઘણાએ ધર્મપરિવર્તન પછી પણ પોતાની મૂળ અટકો ચાલુ રાખી હતી. આનાં નક્કર ઉદાહરણો રૂપે સિદ્ધપુર-રાજકોટ વગેરે સ્થાનોમાં શિયા વહોરાઓની પણ 'ત્રિવેદી', 'જાની', 'જોષી' જેવી અટકો જળવાઈ રહેલી મળશે.

ગુજરાતમાં શિયા કરતાં સુન્ની વહોરાઓની સંખ્યા ઘણી મોટી છે. તેમનામાંના કેટલાક વેપાર-નોકરી ઉપરાંત ખેતી પણ કરે છે. ઈ. સ. 1106ના અરસામાં અરબસ્તાનના યમન પ્રાંતમાંથી ઈસ્માઈલી મુસ્તાલી કોમના વડા મુલ્લાજી અબદુલ્લા નામના એક 'દાઈ' ગુજરાતમાં ખંભાતબંદરે ઊતર્યા હતા. એ 'દાઈ'ની કબર આજે પણ ખંભાતમાં છે. ત્યાં દર વર્ષે ગુજરાતભરમાંથી સંખ્યાબંધ શિયા વહોરાઓ જિયારત માટે આવે છે.

શિયા વહોરાઓના પેટાવિભાગો છે :

(1) જાફરી, (2) સુલયમાન, (3) દાઉદી, (4) અલિયા, (5) નાગોરી, (6) હિપ્તી, (7) મહેંદીબાગવાળા.

દાઉદી વહોરા :

શિયા વહોરામાં સૌથી મોટી કોમ દાઉદી વહોરાની છે. તેમને 'લોટિયા' વહોરા પણ કહે છે. ગુજરાતમાં તેમની મોટી વસ્તી છે. દાઉદી વહોરા સારા બાંધાના, સ્વભાવે શાંત ને ચકોર હોય છે. પહેલાંના સમયમાં તેઓ માથું સફાચટ રાખતા. (આથી જ કદાચ એમને 'લોટિયા' નામ મળ્યું હશે ?) તેમનામાં દાઢી રાખવી ફરજિયાત છે. જોકે નવી પેઢીના યુવાનો હવે આ બેમાંથી એકે રિવાજ પાળતા નથી. જેમ આધુનિક બ્રાહ્મણો ચોટલી નથી રાખતા તેમ આધુનિક વહોરા પુત્રો દાઢી નથી રાખતા.

વહોરાઓ ઘરમાં માથે સુતરાઉ ટોપી ને શરીરે ઘૂંટણથી નીચે આવે તેવાં લાંબાં સફેદ પહેરણ પહેરે છે. કમર નીચે સફેદ અથવા સામાન્યતઃ લીટીવાળી ઉપરથી ઢીલી ને નીચેથી તંગ એવી નાડાવાળી સુરવાળ પહેરે છે. 'વહોરાજીનું નાડું' તો ગુજરાતમાં કહેવત બની ગયું છે. બહાર જતાં તે માથે

...ટ પ્રકારની (વહોરાશાઈ) પાઘડી ને હિંદુ ઢબનું લાંબું ...નું પહેરે છે. ઘણી વાર લાંબું ખમીસ અથવા લાંબા કોટ ...છે, જે કમર આગળ ચુસ્ત ને નીચેથી પહોળા હોય છે.

તેમની પાઘડી ચાર પ્રકારની હોય છે :

1. ઉજ્જૈની ઘાટ - સૌથી નાનો. 2. અમદાવાદી ઘાટ - ...ચો. વડા મુલ્લાજી આ પ્રકારની પાઘડી પહેરે છે. ...ડિયાવાડી ઘાટ - શંકુ આકારનો. 4. કસબી કેરા જેવી ...ખાસ: યુવાનવર્ગ પહેરે અથવા ખાસ પ્રસંગે લાંબા કોટ ...પહેરવામાં આવે છે.

વહોરાઓના ધર્મગુરુને 'દાઈ' અથવા 'સૈયદના' હોય ...અત્યાર સુધી એકાવન 'દાઈ' થઈ ચૂક્યા છે અને અત્યારે ...નમા દાઈ અથવા બડા મુલ્લાજી તખ્તનશીન છે. દાઈનું ...સ્થાન સુરતમાં હતું જે આજે પણ છે. પરંતુ અત્યારે ...માં હોર્નબી રોડ ઉપર સૈયદનાની ઓફિસ છે. સૈયદ ...ારના પુરુષ સભ્યોને 'ભાઈસાહેબ' અને સ્ત્રીઓને ...સાહેબ'નું સંબોધન થાય છે. પાકિસ્તાનનું અલગ ...થયું ત્યારે 'દાઈ'નું પ્રતિષ્ઠાન ક્યાં રાખવું તે અંગે પ્રશ્ન ...ત થયેલો, પણ અંતે સૈયદના સૈદુદ્દીનસાહેબે એવો ...કર્યો કે આ સ્થાન ભારતમાં જ રાખવું એટલે તે ...મુજબ ભારતમાં જ રહ્યું.

આહાર વગેરેમાં અન્ય મુસલમાનોથી તેઓ ખાસ જુદા ...નથી. તેમનામાં જે ચુસ્ત હોય છે તેઓ તો ...મુસલમાનના હાથનું ખાતા નથી. તેઓ માંસાહારી છે. ...કોઈ નશાયુક્ત ચીજને અડકતા નથી. ખરેખર તો કોઈ ...ચો ને પવિત્ર મુસલમાન શરીર પર દારૂનું ટીપું પડે ...ટલી ચામડી બાળી નાખે તેવો દારૂવિરોધી હોય છે. ...માં તેમની વસ્તી દસ લાખથી વધુ છે. એના લગભગ ...ટકા આ દેશમાં ને ચાલીસ ટકા વિદેશમાં વસે છે.

વહોરાઓનાં ઉચ્ચારણ વિશિષ્ટ પ્રકારનાં હોય છે. તેઓ ...બદલે 'ટ' ('તમને'નું 'ટમને') 'ટ'ને બદલે 'ત' બોલે ...'ટામેટું'નું 'તામેતું'), એ જ રીતે 'ધ'ને બદલે 'ઢ' ને ...બદલે 'ધ' તથા 'ણ'ને બદલે 'ન', 'ડ'ને બદલે 'ર', ...બદલે 'લ' કે 'શ'ને બદલે 'સ' પણ બોલે છે. કેટલાક ...શબ્દપ્રયોગો અને લઢણો તથા ઉચ્ચારણને કારણે ...ઓની ગુજરાતી એક વિશિષ્ટ 'બોલી' બની રહે છે. ...', 'બાળવાર્તાઓ' વગેરેમાં ઘણી વાર આ વિશિષ્ટ ...ની તેની ઉચ્ચારણ-વિચિત્રતાને કારણે હાસ્યોસ્પાદકતા ...પ્રયોગ થયેલો જણાય છે.

વહોરા સ્ત્રીઓ ગૌરાંગી, ફૂટડી અને નાજુક હોય છે. ...શોખીન હોય છે. આંખમાં સુરમો આંજવાનો, દાંતે ...મસી લગાડવાનો અને હાથેપગે મહેંદી મૂકવાનો તેમને ...શોખ હોય છે. મહેંદી મૂકવાની કળામાં તો તેઓ ખૂબ ...હોય છે. રાતા-ઘેરા પીળા કે ભૂરા રંગની સુતરાઉ ...ઓઢણી તેઓ ઓઢે છે. ગુજરાતના ઉત્તર ભાગની ...તંગ રેશમી પોલકાં અને દક્ષિણ ભાગની સ્ત્રીઓ ...ઝલીઓ તથા ચણિયા પહેરે છે. બહાર નીકળે ત્યારે કપડાં પર માથું ઢંકાય તેવો કાળા રંગનો બુરખો પહેરે છે. એમાં આંખ આગળ રાખેલી જાળીમાંથી બહાર જોઈ શકાય છે. તેઓ હિન્દુ અને મુસ્લિમ બંને ઢબના દાગીના પહેરે છે.



સિદ્ધપુરની હવેલીઓ

વહોરા સ્ત્રીઓના સૌંદર્યમાં અન્ય જાતિની સ્ત્રીઓ કરતાં ભિન્નતા એ છે કે એમનામાં નજાકત, કમનીયતા અને ગર્વીલાપણું જણાય છે. પરિવારની અંદર જ લગ્ન યોજાય છે અને વર્ષોના સુખી લગ્નજીવનમાંથી તે જાતિની પ્રસન્ન જીવનશૈલીની ખુશબૂ નીતરે છે.

સિદ્ધપુરમાં તેમની મોટી વસ્તી છે. ત્યાં તેમનાં મકાનો અર્ધયુરોપિયન ફેશનમાં, કઠેરાવાળી અગાશીઓવાળાં હોય છે. બારીઓ રંગીન કાચવાળી અને રાચરચીલું નવાબી ઢબનું હોય છે. ધનિક ઘરોમાં હજીય હાંડીઝુમ્મર લટકતાં હોય છે ને મોટા છત્રપલંગો, આરસનાં ટેબલ, કોતરણીવાળી અલમારીઓ, સુંદર ચિત્રકામવાળાં કાચનાં વાસણો કે દીવાલ પર કાચ પર ચીતરેલાં ચિત્રો - આટલું જોવા મળે છે. ઉત્તર ગુજરાત કરતાં દક્ષિણ ગુજરાતના ને તેમાંય સુરત-રાંદેરના દાઉદી વહોરા વધારે ધનાઢ્ય, કુશળ, સુખી અને પહોંચવાળા હોય છે. વેપારમાં હોશિયાર, બુદ્ધિમાં ચાલાક, બોલવામાં મીઠા-મજાકખોર અને મજહબી બાબતોના પરિપાલનમાં ઓછા આગ્રહી હોય છે. પૈસાની બાબત ઝીણી ગણતરીવાળી

વહોરાનાં સમૂહલગ્ન



પણ જમાતમાં ફંડો વગેરેમાં તેમ જ અન્યત્ર દાન આપનારી હોવાથી તેમની કોમ માટે નિશાળો, દવાખાનાં વગેરે ઉપરાંત જે લોકોની આર્થિક સ્થિતિ સારી ન હોય તેમને જમાતનાં ફંડોમાંથી મદદની વ્યવસ્થા હોય છે.

દાઉદી વહોરા કોમના ઘણાખરા લોકો કુરાને શરીફ પઢી જાણે છે. સ્ત્રીઓ પણ કુરાન પઢે છે. સુન્નીઓની માફક તેઓ તાજિયા બનાવતા નથી કે તેમાં જોડાતા નથી. વહોરાઓ પોતાના નામને છેડે 'અલી' અથવા 'જી' ઉમેરે છે, જેમ કે મોહમ્મદઅલી, ઇસ્માઈલજી વગેરે.

ગુજરાતમાં વહોરા-કોમની આગવી તાસીર છે. પોતાનાં વ્યાપાર અને કુનેહથી તેમણે ગુજરાતને સમૃદ્ધ કરવામાં સહાય કરી છે. સખાવતો તેમ જ આપત્તિકાળે આવશ્યક સહાયમાં તેમણે ઉદારતા દાખવી છે. કેટલાંક પરંપરાગત ઉદ્યોગ-વેપાર-કારીગરીને તો જાણે તેમણે જ સજીવ રાખેલ છે. પોતાની વેપારી દીર્ઘદૃષ્ટિ તેમ જ બને ત્યાં સુધી વિરોધ અને વિખવાદથી દૂર રહી, ઝઘડો ટાળી, સમાધાનવૃત્તિથી પોતાનો વેપાર સંભાળ્યે જવાની ને સૌ સાથે સમાધાનથી રહેવાની ને મુત્સદ્દીગીરીભરી મજાકથી ટંટો ટાળીને દૃષ્ટિ સાધી લેવાની કુશળતાથી તેઓ બૃહત્સમાજમાં અથડામણો વચ્ચે પણ અલિપ્તતા અને સલામતી જાળવીને જીવી શક્યા છે, પોતાની અને પોતાની કોમની જાળવણી અને તરક્કી કરી શક્યા છે અને તે સાથે જ્યાં શક્ય બન્યું ત્યાં વ્યાપક સમાજને અને દેશને પોતાનાથી શક્ય તેટલું પ્રદાન કરી શક્યા છે.

વહોરા-જાતિએ દેશને અનેક નામાંકિત વ્યક્તિઓ આપી છે ને વિવિધ ક્ષેત્રે યશસ્વી પ્રદાન કર્યું છે. બદરુદ્દીન તૈયબજી કે ગાંધીજીના સાથી અબ્બાસસાહેબ તૈયબજી કે તેમનાં પુત્રી રેહાના તૈયબજી જેવી વ્યક્તિઓના નામ-સ્મરણથી પણ આ કોમ માટે આદર ઊપજશે ને એવાં તો વિવિધ ક્ષેત્રે અનેક નામ ગણાવી શકાશે.



હિઝ હાઈનેસ નામદાર આગાખાન

ખોજા

'ખોજા' તુર્કી શબ્દ છે અને તે લકબ રૂપે વપરાય છે. લખવામાં તે 'ખ્વાજા' લખાય છે. તેનો અર્થ કવિ, શિક્ષક કે વેપારી થાય છે. એનો ભાવાર્થ 'માનવીય નવ મુસ્લિમો' પણ કરવામાં આવે છે. તેઓ સમગ્ર ગુજરાતાં તેમ જ દીવ-દમણ અને ગોવામાં જોવામાં આવે છે. કચ્છના ખોજા પોતાની ઈરાની ઉત્પત્તિ જણાવીને કહે છે કે જ્યારે હલાકુખાને બારમા સૈકામાં તેમની સત્તા તોડી નાખી ત્યારે તેઓ ત્યાંથી આ તરફ આવ્યા હતા. ખોજાઓના છ વિભાગો છે :

1. મોમના, 2. ગુપ્તી, 3. મુલતાની, 4. ખુરાસાની, 5. લુહાર, 6. કાબુલી.

આશરે સોળમા સૈકામાં પંજાબી ખોજાઓ સુન્ની થઈ જવાથી હિન્દી ઇમામના નાયબની જરૂર જણાતાં ઇમામે સિંધી ખોજાઓના એક અગ્રગણ્ય અને વગદાર કુટુંબના વંશજ દાઉદ ઉર્ફે દાદુને પાસે બોલાવી તેમને પીરનો ઇલ્કાબ આપ્યો અને પોશાક બક્ષ્યો હતો. દાદુના આ પદવીદાનના દિવસોની વરસગાંઠ ખોજાઓ હજી પણ 'શાહની ઈદ' તરીકે ઊજવે છે. તે પછીનાં વર્ષોમાં અઢારમા સૈકામાં ખુદ આગાશાહ હસનઅલી ઉર્ફે હિઝ હાઈનેસ આગાખાન પોતે ભારત પધાર્યા હતા. ત્યારથી ખોજાઓના ધાર્મિક વડા નામદાર આગાખાનસાહેબ છે.

મુસલમાનોની મેદનીમાં ખોજાઓ દેખાવમાં સહેલાઈથી જુદા પડીને ઓળખાઈ જાય છે. ઘુમ્મટ જેવું માથું, મોટું ચોરસ કપાળ, ભરાવદાર ભમરો ને લાંબી પાંપણો, મોટી માંજરી અથવા કાળી આંખો, મોટા કાન, નાના હોઠ પર મોટી મૂછો અને ઝીણી અથવા સફાચટ દાઢી એમને તરત ઓળખાવે છે. જમાનાની વેપારી આદતને કારણે તેમનો ચહેરો ખુશમિજાજી, તીક્ષ્ણ, બુદ્ધિશાળી, ચકોર અને સંતોષી હોય છે. તેઓ મધ્યમ કદના ને સ્થૂળ બાંધાના હોય છે.

ખોજા સ્ત્રીઓ મોટી કાળી આંખોવાળી, ખુશનુમા દેખાતા પૂર્ણ લંબગોળ ચહેરાવાળી, નાજુક ને નમણી હોય છે. તેઓ દેખાવે ખૂબસૂરત ને ઘાટીલા બાંધાની હોય છે. માથામાં સેંથો પાડીને ગૂંથેલા વાળની પટીઓ પાડે છે, હથેળી ને પગને તળિયે મહેંદી લગાડે છે અને આંખોમાં કાજળ આંજે છે. આજે તો ધનિક ખોજા પુરુષો ઘરમાં સાદી મખમલ કે કિનખાબની ટોપી પહેરે છે ને નીચે પાટલૂન કે સુરવાલ પહેરે છે. બહાર જતી વખતે તેઓ કમાનદાર મોગલાઈ પાઘડી પહેરે છે. ખોજાઓ અને મેમણની પાઘડી એક જ ઘાટની હોય છે. શરીર પર તેઓ લાંબો કોટ પહેરે છે. આ પોશાક પારસીઓને ખૂબ મળતો આવે છે.

ખોજા સ્ત્રીઓનાં કપડાં ખૂબ કીમતી હોય છે. તેઓ રેશમી જરીભરત ભરેલાં કપડાં પહેરે છે. ઘરમાં સાદી કે ભરેલી 'પછેડી', પીઠ પાછળ બાંધવાની કાંચળી, ખૂલતું ઝભ્ભા જેવું ઘૂંટણ સુધીનું નીચું પહેરણ અને પહોળી રેશમી ઇજાર પહેરે છે. બહાર જતાં તેઓ બાંય વિનાનાં બ્લાઉઝ અને બૂટ-મોજાં પણ પહેરે છે.

હિઝ હાઈનેસ ધ આગાખાન વિશ્વભરમાં જાણીતું

છે. ભારતના સ્વાતંત્ર્ય-ઇતિહાસમાં નામદાર નનો ઉલ્લેખ આવે જ. મુસ્લિમ લીગની સ્થાપનામાં મહત્વનો ભાગ ભજવ્યો હતો, તો 1942ના સ્વાતંત્ર્ય-ન વખતે બ્રિટિશ સરકારે પૂ. ગાંધીજીને આગાખાનના મહેલમાં જ રાખેલા. પૂ. કસ્તૂરબા અને ગાંધીજીના મંત્રી મહાદેવભાઈની સમાધિઓ એ મહેલના માં જ છે. પછીથી નામદાર આગાખાને એ મહેલ -સ્મારક માટે સરકારને આપી દીધો. અત્યારે તેના ક ભાગમાં ગાંધીસ્મૃતિ છે. તેમના પુત્ર અલીખાને ડની વિખ્યાત અભિનેત્રી રીટા હેવર્થ સાથે લગ્ન કર્યાં રે ભારે ચકચાર જાગેલી. અત્યારે કરીમ આગાખાન વડા છે. ખોજાઓ તેમને હાજર ઇમામ માને છે.

ખોજા યુવક-યુવતીઓનાં લગ્ન એમના ધર્મગુરુની માં તેમના આશીર્વાદથી જ થાય. આથી નામદાર ખાન ભારત આવે ત્યારે વિશાળ મેદાનમાં સામુદાયિક મારંભ યોજાય છે જેમાં અનેક યુગલોને એકસાથે ર્વાદ અપાય છે. નામદાર આગાખાનના અનુયાયીઓ ખૂબ માને છે, તેમનો ખૂબ આદર કરે છે. એક વખતે રત આવ્યા ત્યારે તેમની હીરાથી તુલા કરવામાં લી. ખોજા-કોમ સમૃદ્ધ હોઈ તેઓ આવે પ્રસંગે ખૂબ ધન છે. ઇસ્માઈલી ખોજા પોતાની કમાણીનો આઠમો ભાગ ને આપે છે. આ ધન કોમના ઉત્કર્ષ ને કોમની સહાય કે સાર્વજનિક હેતુઓ માટે વપરાય છે.

આ પંથની વ્યવસ્થાનું સૌથી ઉપરનું તંત્ર ફેડરલ લ તરીકે ઓળખાય છે જે કેન્દ્રસ્થાને છે. આ તંત્ર દેશ માટે અલગઅલગ હોય છે. આ ફેડરલ લની નીચે પ્રાદેશિક કાઉન્સિલો હોય છે. તેની નીચે ક વ્યવસ્થાતંત્ર હોય છે. આ તંત્રોના હોદ્દેદારોની કો ઉપરથી કરવામાં આવતી હોઈ તેમાં સગાવાદને નથી હોતો.

જાઓ પર હિન્દુ સંસ્કૃતિની સ્પષ્ટ અસરો છે. તેઓ ટિયા-લુહાણા તેમ જ અન્ય જાતિઓમાંથી ધર્માંતરિત પ્રજા છે એ સ્વીકૃત હકીકત છે. આથી જ તેમનું અને હિન્દુ ઉભય સાથે સામ્ય જણાય છે.

જા-કોમે વેપારથી ગુજરાતને સમૃદ્ધ કર્યું છે, તો લતાથી તે સૌને સહાયક નીવડી છે. ગુજરાતની ય સાંસ્કૃતિક ભારતમાં આ કોમ એક વિશિષ્ટ રંગ પૂરે ભાઈ લોહાણાના પુત્ર ઝીણાભાઈ ઇરનાઅશરી ખોજા તેમના પુત્ર તે જ સુવિખ્યાત મહમ્મદઅલી ઝીણા, મોના અગ્રણી નેતા હતા તે પાછળથી પાકિસ્તાનના ના બન્યા. ભારતના આ અત્યંત વિચક્ષણ, બુદ્ધિમાન, લ અને મુત્સદ્દી રાજનીતિજ્ઞે આગવો પંથ આંક્યો ના ઇતિહાસમાં સ્થાન મેળવ્યું.

મહમ્મદ અલારખિયાએ પ્રથમ સચિત્ર માસિક સદી' શરૂ કરીને ગુજરાતના સામયિક-ક્ષેત્રે નવું કર્યું. કનૈયાલાલ મુનશી અને રવિશંકર રાવળ જેવા



અનેકે પોતાની કારકિર્દીનો આરંભ 'વીસમી સદી'થી કરેલો. ગુજરાતી નવલિકાના સ્વરૂપને પ્રોત્સાહિત કરવા-વિકસાવવામાં તો તેનો વિશિષ્ટ ફાળો છે. સમાજવાદી પક્ષના આદિકાળના મહારથી યુસુફ મહેરઅલી, પ્રખર ધારાશાસ્ત્રી ને ન્યાયમૂર્તિ ચાગલા વગેરે આ કોમનું પ્રદાન છે. પાકિસ્તાનની ધોરી નસ સમી હબીબ બૅન્ક પણ ખોજા-કોમની વ્યક્તિની દેન છે. વ્યાપાર, બૅંકિંગ ઉપરાંત અનેક ક્ષેત્રે આ કોમે મહત્ત્વનું પ્રદાન કર્યું છે.

ગુજરાતના મુસ્લિમોની અન્ય જાતિઓના પ્રમાણમાં ખોજા વધુ શિક્ષિત અને આધુનિક છે. ખોજા સ્ત્રીઓમાં પણ શિક્ષણનું પ્રમાણ અને તેમની જીવનરીતિમાં અને વ્યવહારમાં આધુનિકતા વધારે છે.

આગાખાન પૅલેસ

1942માં ગાંધીજીએ અંગ્રેજ સત્તાને પડકારીને કહ્યું : 'ક્વિટ ઇન્ડિયા.' ભારતની પ્રજાએ ગાંધીજીનો આદેશ ઝીલી લીધો અને 'કરેંગે યા મરેંગે'ની લડતમાં ગાંધીજીની ધરપકડ થઈ. તેમને આગાખાન મહેલમાં રાખવામાં આવ્યા. આ જ મહેલમાં તેમની સાથે કસ્તૂરબા અને મહાદેવભાઈ દેસાઈને પણ રાખવામાં આવ્યાં હતાં. અહીં કસ્તૂરબા તેમ જ મહાદેવભાઈનું અવસાન થયું. બંને રાષ્ટ્રભક્તોની આ મહેલમાં સમાધિ છે.





ઈસ્માઈલ મર્ચન્ટ

મેમણ

હિજરી સન 824(ઈ. સ.1422)માં હિન્દુ લુહાણા જ્ઞાતિના સાતસો પરિવારોએ ઇસ્લામધર્મ સ્વીકાર્યો. આ પરિવારોનાં જે કુલ છ હજારથી પણ વધુ સભ્યો હતાં તે સૌ સૈયદ યુસુફુદ્દીનની સલાહથી થટ્ટા પાસેના વરિયા-પ્રદેશમાં ચાલ્યા ગયા. ત્યાં થોડાં વર્ષ વસ્યા પછી, તેમાંના જે સૌરાષ્ટ્રના હાલાર તરફ ગયા તે કચ્છી મેમણ તરીકે ઓળખાયા, જે કચ્છ-ભુજમાં ગયા તે કચ્છી મેમણ તરીકે ઓળખાયા, જે ઓખાબેટ તરફ ગયા તે ઓખાઈ મેમણ કહેવાયા. આમ છૂટા પડ્યા પછી અલગઅલગ સ્થળે વસવાને કારણે આ જૂથોનાં રીતરિવાજ વગેરે અને કેટલીક ખાસિયતો પણ એકબીજાથી જુદાં થયાં.

સિંધ પાકિસ્તાનમાં હોઈ પાકિસ્તાનમાં પણ મેમણો છે, પણ ભારત કરતાં ત્યાં તેમની સંખ્યા ઓછી છે, છતાં લગભગ ચાળીસથી પચાસ ટકા વ્યાપાર-ઉદ્યોગ ગુજરાતી મેમણોના હાથમાં છે. પાકિસ્તાનમાં મેમણો જેટલી સખાવતો કોઈએ કરી નથી. મેમણોને કારણે જ પાકિસ્તાનમાં ગુજરાતી ભાષા જીવતી રહી છે. ગુજરાતી સાહિત્ય માટે મેમણો ઇનામો આપે છે, છાપાં-સામયિકો ને પુસ્તકો પ્રગટ કરે છે. મુશાયરા યોજે છે અને નાટકો કરે છે. ત્યાંના 'ડૉન' અને 'મિલ્લત' જેવાં મશહૂર છાપાં મેમણો જ પ્રગટ કરે છે.

પાંચ-સાત પેઢી પહેલાં જ હિન્દુ રીતરિવાજો ટકી રહેલાં છે : પત્નીએ પતિનું નામ ન લેવું, વાળ ઉતરાવવા, નારિયેળને પવિત્ર ફળ માનવું, ફકીરોને ખવડાવવું, નજર ઉતારવી વગેરે હજી મેમણોમાં પ્રચલિત છે. એમનામાં એક મહત્ત્વનો રિવાજ એ છે કે તેઓ તેમની વિધવાઓ અને પુત્રીઓને વારસો આપતા નથી. તેમનામાં હજી લગભગ પચાસ ટકા જેટલા લોકો જ હજ પઢવાને અને તેને પરિણામે જ સહાજીનો લકબ હાંસલ કરવાને ભાગ્યશાળી થયા છે. જાદુ-મંતર, દોરા-ધાગામાં તેઓ ખૂબ માને છે. તાવીજ વગેરે પહેરે છે. મુંદ્રા-(કચ્છ)માં તેમની મોટી વસ્તી છે.

મેમણો જાતજાતના વ્યવસાય કરે છે. સામાન્ય કામ પણ કરવામાં તેમને નાનમ નથી હોતી. ધંધામાં તે ખૂબ કાળજી રાખે છે. ધંધા માટે બીજા પાસેથી નાણાં લે છે, તે સિવાય તેઓ ભાગ્યે જ દેવાદાર હોય છે. આશાવાદ તેમનો ઉત્તમ ગુણ છે. કાળજી અને કર્મઠતા તેમની સફળતાની ચાવીરૂપ ટેવો છે.

મોરેશિયસના એક વખતના નાયબ વડાપ્રધાન સર અબ્દુલ રઝાક, ફિલ્મ જગતના મશહૂર નિર્માતા, અંગ્રેજી ફિલ્મો પણ જેમણે આપી છે તે ઇસ્માઈલ મર્ચન્ટ વગેરે જેના અગ્રણી ગણાય તેવા અનેક મેમણ વ્યક્તિ-વિશેષોએ વિવિધ ક્ષેત્રે ને વિશેષતઃ વ્યાપારક્ષેત્રે ગુજરાતનું નામ રોશન કર્યું છે.

સૌરાષ્ટ્રના કુતિયાણામાં જન્મેલા કાસમ યુસુફ આગબોટવાલા નામના સાગરસાહસિક મેમણ પાસે 99 વહાણ હતાં. એમાંની એક બોટ 'વીજળી' પણ હતી. કરાંચીથી મુંબઈ જતી એ 'વીજળી' મધદરિયે ડૂબી ગઈ. તેમાં પ્રવાસ કરતી લગ્નની જાનોએ પણ તેની સાથે જળસમાધિ લીધી ને સમગ્ર સૌરાષ્ટ્રમાં હાહાકાર મચી ગયો. તે ઘટનાને વેદનાપૂર્ણ રીતે વર્ણવતું લોકગીત 'હાજી કાસમ તારી વીજળી મધદરિયે વેરણ થઈ' હજીય સૌરાષ્ટ્રમાં લોકકંઠે ગવાય છે.

જન્મજાત કોઠાસૂઝથી આ સાહસિક કોમના વેપારીઓ જગતમાં જ્યાંજ્યાં પહોંચ્યા છે ત્યાંત્યાં પોતાની સૂઝબૂઝ તથા જહેમત-જવાંમર્દીથી પોતાનું લંગર નાખી શક્યા છે, પગદંડો જમાવી શક્યા છે. મુંબઈ-મુંદ્રા-મોરેશિયસ સ્થળોને એકસરખી સાહસિકતાથી ખેડતા આ મેમણો પણ બહુરંગી ગુજરાતી પ્રજાનો જ એક ખમીરવંતો અંશ છે.



કચ્છી મેમણ જાતિની એક નવવધૂ પતિગૃહે જતાં પહેલાં પોતાના માતા-પિતાની અને કુટુંબીજનોની વિદાય લઈ રહી છે.

ધી

ગુજરાત અતિથિપરાયણ દેશ છે. ગુજરાતમાં ગુર્જરો જ દવો ને હૂણો, ઈરાનીઓ, મુસ્લિમો ને પારસીઓ પ્રજાઓ અને જાતિઓ આવીને સ્થિર થઈ છે. થઈને ઓગળી ગઈ છે. આમાં કદાચ સૌથી છેલ્લે છે સિંધીઓ.

સંસ્કાર અને સંસ્કૃતિએ તે જુદી જાતિ નથી, પણ ક લક્ષણોથી એકત્વ પામતો આ એકમ અન્યથી બની રહે છે. ભાષા, સાહિત્ય ને અન્ય કતાઓને કારણે પોતાનું સ્વતંત્ર સામાજિક વ્યક્તિત્વ કરેલું જે તેમણે અહીં આવતાં પણ જાળવી-ટકાવી છે. આથી હિંદીઓ અને હિંદુઓ (કે શીખો વગેરે) ધીઓ 'સિંધીઓ' બની રહ્યા છે.

સિંધીઓમાં બે વર્ગો છે : 'ભાઈબંધ' અને 'આમિલ'. મૂળ ખેતવ્યવસાયી, પણ અહીં આવતાં જમીન ને કારણે તેઓ મુખ્યત્વે વેપારી પ્રજા બની રહ્યા છે. આમિલો નોકરિયાત હતા ને રહ્યા છે. સરકારી અને નોકરીઓમાં કે શિક્ષકો-અધ્યાપકો તરીકે સંખ્યાબંધ કામ કરે છે. આમિલો પોતાને અધિકારી-સત્તાધીશ- માને છે, પણ આર્થિક સંજોગો વિકટ હોય તેવા ભાઈબંધોને ત્યાં નોકરી પણ કરે છે. મૂળ સિંધના ન અમીરો-રાજાઓના દીવાનો આમિલ-હિન્દુઓ અલબત્ત, આ બે વર્ગો છે, જ્ઞાતિઓ નહીં. દિ બદલાતાં એક વર્ગની વ્યક્તિ બીજા વર્ગની બની ને વર્ગો વચ્ચે બેટીવ્યવહાર પણ ચાલે છે.

જે સિંધીઓ જે છે તેમાં વિભાજનની ઐતિહાસિક મોટો ફાળો છે. તેમણે જમીન-જાગીર, ઘરબાર, ગુમાવ્યાં ને તે અહીં આવી વસ્યા. આથી સંજોગો અન્ય પ્રજા સાથે સહકાર સાધવાની ને મેળમાં જવાની તેમણે હેસિયત કેળવી છે. જ્યાં - જે પ્રજા તેમની બોલી, રીતભાત, વેશભૂષા ને પૂજાપદ્ધતિ આસાનીથી અપનાવી લે છે. તેમના મૂળ રહ્યા ન હોઈ અને જે કોઈ વ્યવસાય હાથ લાગે ળતા મેળવી લે છે. મહેનત, બુદ્ધિકુશળતા ને જબ વ્યવહાર કરવાની આવડત તેમની સફળતાનાં છે. નાના વ્યવસાયો ને ધંધામાં અથાગ મહેનત ધન કમાઈ શકે છે ને પૈસાદાર પણ થયા છે. બહુ મોટા ઉદ્યોગપતિઓ કે વેપારીઓ તરીકે બહુ ઓ વિખ્યાત છે.

ઓએ સૌમાં ભળી જવા છતાં પોતાની ભાષા અને હિત્ય તેમ જ કેટલાંય સામાજિક રીતિરિવાજો ને વિઓ જાળવી રાખેલ છે. આ કારણે જ તેઓ ની રહ્યા છે. બધા છોકરાઓને મુંડનનો અને નો વિધિ થાય છે. લગ્નમાં કન્યાને માણેક અને નથની અપાય છે ને બંને હાથ આખા ઢંકાય દાંતની ચૂડીઓ પહેરાવાય છે. અન્ય પુરાણા રિવાજો હવે ઘસાતા જાય છે.

ચૈત્રી પડવાનો ચેટીચાંદનો ઉત્સવ તેમનો વિશિષ્ટ ને સૌથી મોટો વાર્ષિક ઉત્સવ છે. આપણે ત્યાં ઘણીખરી જાતિઓમાં વસંતનાં વધામણાંનો કોઈ ને કોઈ ઉત્સવ હોય છે. સિંધીઓનો 'ચેટીચાંદ' આવો જ વસંત-ઉત્સવ છે. તે દિવસે તેઓ સિંધુનદીના પ્રતીક સમા 'દરિયાસાહેબ' તરીકે પાણીને પૂજે છે. એક મોટી થાળીમાં પાણી ભરીને તેમાં ઘઉંના લોટની વાડકીઓમાં દીવા મૂકવામાં આવે છે. તેની પૂજા થાય છે અને પૂજાને અંતે મોટા દેગમાં રાખેલો ગળ્યો ભાત પ્રસાદ તરીકે વહેંચાય છે. પછીથી બંગાળની દુર્ગાપૂજા, મહારાષ્ટ્રના ગણેશોત્સવ અને મુસલમાનોના તાજિયાની જેમ, નૃત્ય-ગીત ને ઉત્સવ સાથે એ દીવા પાણીમાં પધરાવવામાં આવે છે. 'હાન્ડા' પણ આવો જ વિશિષ્ટ સિંધી ઉત્સવ છે. માટીના મોટા વાસણમાં મંત્રોચ્ચાર સાથે ભાત રાંધવામાં આવે છે ને કહેવાય છે કે પૂજાને અંતે માટલાનું મોઢું ખોલતાં હાન્ડો ચાર સરખા ભાગમાં વહેંચાયેલો મળે છે.

સિંધીઓનો રોજિંદો ખોરાક સાદો, પણ તે ખાવાપીવાના - મીઠાઈ વગેરેના શોખીન હોય છે. સ્ત્રીઓ ચળકતાં રંગીન રેશમી વસ્ત્રો અને ઘરેણાંમાં રાચે છે. ધીરે-ધીરે વિવિધ વ્યવસાય કે વ્યવસાયીના સંગથી અન્યની જેમ સિંધીઓની રીતભાત-પ્રવૃત્તિ પણ બદલાતી જાય છે. આજના જમાનાના વ્યાપક વિસ્તારના 'આધુનિક' જીવનરીતિના પ્રભાવને તેઓ પણ અપનાવી રહ્યા છે.

સિંધીઓને યાદ કરતાં જ આચાર્ય કીપલાણી યાદ આવે છે ને તેમની સાથે જ ગૂજરાત વિદ્યાપીઠમાં વસેલા ગિદવાણીજીનું સ્મરણ થાય છે. રાષ્ટ્રીય ક્ષેત્રે તેમ જ જેઠી સિપાહીમલાણી અને આજેય વિખ્યાત લાલકૃષ્ણ અડવાણી, તેમ જ વ્યાપાર ક્ષેત્રે હિન્દુજા અને કાયદાકીય તેમ જ રાજકીય ક્ષેત્રે જેઠમલાણી વગેરેનું પ્રદાન આદર સાથે યાદ આવે છે. સિંધીઓ પોતાની સંસ્થાઓ પાકિસ્તાનમાં મૂકીને આવ્યા પણ અહીં ફરીથી ધન રળીને તેની ઉદારતાથી સખાવત કરીને તેમણે મુંબઈમાં જયહિંદ કૉલેજ અને ગુજરાતમાં તોલાણી કૉલેજ, હાઈસ્કૂલો, હૉસ્પિટલો વગેરે સ્થાપી છે.



આચાર્ય કૃપલાણી

ગાંધીજીએ અમદાવાદમાં 'ગૂજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના કરી. વિદ્યાપીઠના આચાર્ય તરીકે જે. બી. કૃપલાણીએ જવાબદારી સંભાળી. કૃપલાણીજી સિંધી હતા. તેમની વિદ્વત્તા અને વિનોદવૃત્તિથી તેઓ વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ પડ્યા હતા.



દરિયાસાહેબ



ચેટીચાંદનો ઉત્સવ

ખ્રિસ્તી

ઇસ્લામ ને પારસીધર્મની જેમ ખ્રિસ્તીધર્મ પણ પરદેશમાં પ્રગટેલો પણ હવે આપણો પણ બની રહ્યો છે. જેમ બૌદ્ધધર્મ ભારતમાં પ્રગટીને ચીન-જાપાન વગેરેનો બની રહ્યો છે તેમ ભારતના અનેકધર્મી પ્રજામેળામાં ખ્રિસ્તીઓ પણ સામેલ છે. પ્રજાના એક વિશિષ્ટ એકમ તરીકે ધર્મ-શ્રદ્ધાથી બંધાયેલી એક પ્રજા તરીકે તેમનું આગવું સ્થાન છે.

ગુજરાતમાં ખ્રિસ્તીઓ ડચ, વલંદા, પૉર્ટુગીઝ અને અંગ્રેજ વેપારીઓ આવ્યા તે અરસામાં જ આવ્યા, પછી સ્થિર થયા, પ્રસર્યા ને હવે તો આપણી પ્રજાનો જ એક અંશ બની ગયા છે. વિશ્વના ખ્રિસ્તીમેળામાં જેમ 'ભારતીય ખ્રિસ્તી' એક નોખું જૂથ છે તેમ ભારતમાં 'ગુજરાતી ખ્રિસ્તી' પણ ગણાય. અલબત્ત, તે રીતે તે વિશિષ્ટ જૂથ તરીકે જુદા પડતા નથી તે જુદી વાત છે.





અનેક ખ્રિસ્તી મિશનોએ ગુજરાતમાં આવીને કામ કર્યું છે. દવાખાનાં, શિક્ષણ ને અન્નદાન તેમની મુખ્ય લોકસેવાપ્રવૃત્તિ રહી છે, તેથી ગરીબ સમાજમાં તેઓ વધારે સ્વીકૃત નીવડ્યા છે. ગુજરાતમાં આજે તો ઠેરઠેર તેમના વિવિધ ગ્રંથોમાં મુખ્ય બે કેથોલિક અને પ્રોટેસ્ટંટ અને અન્ય કોમનાં ઉપપંથો કે જૂથો, દેવળો અને પ્રવૃત્તિ વિકસ્યાં છે. આમાં 'સેંટ ઝેવિયર્સ'ની શાળા-કૉલેજ-પ્રવૃત્તિ વધુ વિખ્યાત છે.

નડિયાદની મિશન હૉસ્પિટલ કે આણંદની હૉસ્પિટલોના ડૉક્ટરો - કૂક અને હાનાની સેવાઓ વીસરાય તેમ નથી, તો વર્તમાન ગુજરાતના લોકો 'સફેદ ક્રાંતિ'ના અમલના પ્રણેતા ડૉ. કુરિયનને કે યુવાનોના નવઘડતરમાં અમૂલ્ય ફાળો આપનાર ફાધર વાલેસને કેમ વીસરી શકો ?



મોટે ભાગે નોકરિયાત એવી ખ્રિસ્તી પ્રજાએ શિક્ષણ અને સેવાની જેમ અન્ય ક્ષેત્રોમાં પણ નામ રોશન કર્યું છે ખાસ કરીને સ્પોર્ટ્સમાં. ગુજરાતના ખ્રિસ્તીઓ હવે કોઈ પરદેશધર્મી પ્રજા નથી રહ્યા. સૌ સાથે હળીમળીને સલૂકાઈ, વિનય અને મીઠાશથી તથા શ્રદ્ધાળુ ધાર્મિકતાથી પોતાનું વ્યક્તિત્વ અને વિશિષ્ટ સમાજ જાળવી રાખીને તે બૃહત્ પ્રજાસમુદાયના અંગરૂપ બની રહ્યા છે.

નાતાલ માત્ર ખ્રિસ્તીઓનો નહિ, સહુનો તહેવાર બની ગયો છે. તે કરુણામૂર્તિ ઈસુ પ્રત્યેનો આદર સૌનાં હૃદયમાં સ્થપાયેલો છે. ગુજરાતને ખ્રિસ્તીઓ માટે અને ખ્રિસ્તીઓને ગુજરાત માટે પોતાપણાનો અહેસાસ છે, આત્મીયતાની લાગણી છે.

નાતાલ

નાતાલનો આરંભ ધાર્મિક તહેવાર-રૂપે થયો. ઈસુ ખ્રિસ્તના જન્મદિવસ - 25 ડિસેમ્બરનો આ ખ્રિસ્તીઓનો મોટો ઉત્સવ છે.

નાતાલની પરંપરાઓ અને રૂઢિરિવાજો વિવિધ દેશોમાંથી આવી છે. વિવિધ દેશોમાં તે જુદીજુદી રીતે ઊજવાય છે. એવી માન્યતા છે કે બાળકોના પ્રિય સંત નિકોલસ (સાન્તાક્લોઝ) નાતાલની મધરાતે મોટો થેલો ભરીને ભેટો લઈને આવે છે અને બાળકોના પલંગને માથે મૂકી જાય છે.

નાતાલના ઉત્સવ દરમ્યાન 'ક્રિસમસ ટ્રી' તથા અન્ય સુશોભનોથી અને તારા-આકારના દીવાઓથી ઘર અને શેરીઓને શણગારવામાં આવે છે. દેવળો શ્રદ્ધાળુઓએ આપેલી મીણબત્તીઓથી ઝળહળી ઊઠે છે તેમ જ દેવળમાં ઓર્ગન - વાદ્યોથી પ્રાર્થનાસંગીત ગવાય છે, વગાડાય છે અને એક અદ્ભુત વાતાવરણ સર્જાય છે. લોકો આનંદોત્સવમાં ઝૂમે છે, ધાર્મિક ક્રિયાઓ કરે છે. બાળકો 'ક્રિસમસ કેરોલ' નામે ઓળખાતાં ગીતો ગાય છે.

અરણ્યલોક


ગુજરાતના અભયારણ્યો
સુરખાબ ભયારણ્ય
જેશોર રીંછ
અભયારણ્ય
નારાયણ સરોવર
ચીંકારા અભયારણ્ય
ઘુડખર અભયારણ્ય
નળસરોવર પક્ષી અભયારણ્ય
રીંછ અભયારણ્ય
રતનમહાલ
ખીજડિયા પક્ષી
અભયારણ્ય
સામુદ્રિક રાષ્ટ્રીય
ઉદ્યાન-અભયારણ્ય
હીંગોલગઢ પ્રાકૃતિક
શિક્ષણ અભયારણ્ય
ડુમખલ
રીંછ
અભયારણ્ય
વેળાવદર
બરડા સિંહ
અભયારણ્ય
કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન
સિંહ અભયારણ્ય-વ-
રાષ્ટ્રીય ઉદ્યાન ગીર
વાંસદા
રાષ્ટ્રીય ઉદ્યાન

રાષ્ટ્રીય ઉદ્યાનો અને અભયારણ્યો





ઘુડખર અભયારણ્ય

સ્થળ : સુરેન્દ્રનગર/કચ્છ જિલ્લો, સુરેન્દ્રનગરથી 65 કિ.મી. હળવદ તરફ કચ્છના નાના રણમાં.


વિસ્તાર : 4953 ચોરસ કિ.મી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : જંગલી ગધેડાં, દીપડા, કાળિયાર, વરુ, નીલગાય, શિયાળ, જંગલી ડુક્કર તથા પક્ષીઓ.

સુવિધા: ધ્રાંગધ્રામાં સરકારી વિશ્રામગૃહો છે.

શ્રેષ્ઠ સમય : ફેબ્રુઆરીથી મે મહિનો.

રેલવે મથક : હળવદ.



નળસરોવર પક્ષી અભયારણ્ય

સ્થળ : સુરેન્દ્રનગર જિલ્લો, અમદાવાદ-સુરેન્દ્રનગરના રસ્તે સાણંદ પાસે 35 કિ.મી.


વિસ્તાર : 115 ચોરસ કિ.મી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : યાયાવર જળચર પક્ષીઓ જેવાં કે વિવિધ પ્રકારનાં બગલાંઓ, બતકો, સ્પુનબીલ, બાજ અને સ્થળાંતરી પક્ષીઓની અનેક જાતો.

સુવિધા : પક્ષીનિરીક્ષણ માટે સરોવરમાં જવા નાની હોડીઓ. બાયનોક્યુલર પણ ભા... મળી શકે છે.

શ્રેષ્ઠ સમય : નવેમ્બરથી ફેબ્રુઆરી.

રેલવે મથક : સાણંદ.







ગિર સિંહનું અભયારણ્ય

સ્થળ : જૂનાગઢ જિલ્લો. જૂનાગઢથી 64 કિ.મી. અને વેરાવળથી 32 કિ.મી.

વિસ્તાર : 1412 ચોરસ કિ.મી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : સિંહ, દીપડા, કાળિયાર, ચોશિંગા, હરણ, સાબર, જંગલી ભૂંડ, મગર તથા વિવિધ પ્રકારનાં પક્ષીઓ.

સુવિધા : અભયારણ્યમાં ફરવા માટે વાહનો ભાડે મળે છે. ગાઈડ તથા પુસ્તકાલય છે. વન્ય પ્રાણીને લગતી ફિલ્મો અને સ્લાઈડના શો ગોઠવવામાં આવે છે.

શ્રેષ્ઠ સમય : જાન્યુઆરીથી મે મહિનો.

રેલવે મથક : વેરાવળ-સાસણગીર.

બરડા : સિંહ અભયારણ્ય


સ્થળ : જૂનાગઢ જિલ્લો. પોરબંદરથી લગભગ 14 કિ.મી.ના અંતરે છે.

વિસ્તાર : 192 ચોરસ કિ.મી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : જંગલી ભૂંડ, દીપડો, ચિત્તલ, સાંભર, નીલગાય, વાંદરા.

શ્રેષ્ઠ સમય : નવેમ્બરથી માર્ચ.

રેલવે મથક : રાણાવાવ-પોરબંદર.



વેળાવદર : કાળિયાર અભયારણ્ય

સ્થળ : ભાવનગર જિલ્લો. ભાવનગરથી 65 કિ.મી.ના અંતરે વલભીપુરના રસ્તે અમદાવાદ-ભાવનગરની વચ્ચે.

વિસ્તાર : 18 ચોરસ કિ.મી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : કાળિયાર, વરુ.

સુવિધા : ભાવનગર ખાતેનું અતિથિગૃહ, ઉપરાંત પ્રવાસીઓ માટે વેળાવદર ખાતે વનવિભાગની એક લૉગ હટ છે. જમવાની પણ સગવડ છે.

શ્રેષ્ઠ સમય : નવેમ્બરથી મે મહિનો.

રેલવે મથક : ભાવનગર.







રીંછનાં અભયારણ્યો

રતનમહાલ : રીંછ અભયારણ્ય

સ્થળ : પંચમહાલ જિલ્લો, લીમખેડા તાલુકો, બારિયાથી 45 કિ.મી.ના અંતરે છે.

વન્ય પ્રાણીસૃષ્ટિ : રીંછ, દીપડો, છીંકારાં, નીલગાય, ડુક્કર.

સુવિધા : પીપરગોટા, સાગટાળામં અને બારિયામાં વનખાતાનાં વિશ્રામગૃહો તથા જાહેર બાંધકામખાતાનું વિશ્રામગૃહ.

શ્રેષ્ઠ સમય : ડિસેમ્બરથી માર્ચ.

રેલવે મથક : બારિયા અને પીપલોદ



ડુખમલ : રીંછ અભયારણ્ય

સ્થળ : ભરૂચ જિલ્લો, ડેડિયાપાડાથી 30 કિ.મી.

વિસ્તાર : 151 ચોરસ કિ.મી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : રીંછ, દીપડા, સાબર, ચોશિંગા, ઝરખ, સસલું તથા વિવિધ પક્ષીઓ.

સુવિધા : ડેડિયાપાડાથી 30 કિ.મી.ના અંતરે છે. જાહેર બાંધકામખાતું અને પંચાયતનું વિશ્રામગૃહ છે.

શ્રેષ્ઠ સમય : નવેમ્બરથી માર્ચ.

રેલવે મથક : અંકલેશ્વર.



જેસોર : રીંછ અભયારણ્ય

સ્થળ : બનાસકાંઠા જિલ્લો, પાલનપુરથી 45 કિ.મી.ના અંતરે છે.

વિસ્તાર : 181 ચોરસ કિ.મી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : રીંછ, દીપડો, સાંભર, નીલગાય, ભૂંડ, શાહુડી, પક્ષીઓ.

સુવિધા : અમીરગઢ ખાતે જાહેર બાંધકામ ખાતાનો સ્ટોર 10 કિ.મી.ના અંતરે તથા દાંતીવાડા સિંચાઈ નિરીક્ષણ બંગલો અને બાલારામ ખાતે હોલિડે હોમ 20 કિ.મી.ના અંતરે છે.









સામુદ્રિક ઉદ્યાન/અભયારણ્ય

સ્થળ : જામનગર જિલ્લો, કચ્છના અખાતમાં જોડિયાથી ઓખા સુધીના દરિયાકાંઠા વિસ્તારમાં.

વિસ્તાર : 163 ચોરસ કિ.મી.માં રાષ્ટ્રીય ઉદ્યાન, 458 ચોરસ કિ.મી.માં અભયારણ્ય.

વન્ય પ્રાણીસૃષ્ટિ : વિવિધ પ્રકારના પરવાળાના ટાપુઓ, કાળા કોર્નલિયા નામના જળચર જીવ વસે છે. ડોલ્ફિન માછલીનું કુદરતી આશ્રયસ્થાન. વિવિધ જળપંખી જોવા મળે છે.

સુવિધા : વનવિભાગ તરફથી પરવાળાના ટાપુઓ જોવા માટે યાંત્રિક બોટ.

શ્રેષ્ઠ સમય : ડિસેમ્બરથી મે મહિનો

રેલવે મથક : જામનગર.

વાંસદા : રાષ્ટ્રીય ઉદ્યાન

સ્થળ : વલસાડ જિલ્લો, બીલીમોરાથી 40 કિ.મી.ના વિસ્તારમાં.

વિસ્તાર : 7 ચોરસ કિમી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : વાઘ, દીપડો, જંગલી ભૂંડ, ઝરખ, સાબર, ચોશિંગા વગેરે.

સુવિધા : જાહેર બાંધકામખાતા અને પંચાયતનાં વિશ્રામગૃહ પણ છે.

શ્રેષ્ઠ સમય : નવેમ્બરથી ફેબ્રુઆરી.

રેલવે મથક : બીલીમોરા



હિંગોલગઢ : પ્રાકૃતિક શિક્ષણ અભયારણ્ય

સ્થળ : રાજકોટ જિલ્લો, જસદણથી 10 કિ.મી.ના અંતરે છે.

વિસ્તાર : 7 ચોરસ કિ.મી.

વન્ય પ્રાણીસૃષ્ટિ : નીલગાય, છીંકારાં, સ્થળાંતરી પક્ષીઓ જેવાં કે હંજ, ફ્લેમિંગો વગેરે.

સુવિધા : જસદણમાં સરકારી ગેસ્ટ હાઉસ.

શ્રેષ્ઠ સમય : નવેમ્બરથી માર્ચ.

રેલવે મથક : રાજકોટ-જસદણ.

પક્ષીઓની રંગબેરંગી દુનિયા



પીળક

આકર્ષક સોનેરી પીળા રંગના દેહ પરથી જેનું નામ પડ્યું છે તે પીળક તેના રૂપાળા શરીર જેવો જ મીઠો કંઠ ધરાવે છે. તેના શરીર પર માત્ર ત્રણ જ વાનાં દેખાય : પીળું શરીર, કાળી પાંખો ને ઘેરી ગુલાબી ચાંચ. આંખને જાણે આંજણ આંજ્યું હોય તેમ આંખની આસપાસ કાળી ખેંચાયેલી લકીર. માદામાં નર જેવી રંગભભક નથી. એ ઝાંખી અને લીલાશ પડતા વર્ણની છે.

આમ, પીળક વૃક્ષાચારી પંખી છે. બાગબગીચા, વનવગડા કે નગરનાં વૃક્ષો પર એ વાસ કરે છે. આંબાવાડિયું એનું પ્રિય સ્થળ છે. તેનો રંગ પણ આંબાની પાકી કેરીઓ સાથે શોભે તેવો છે. પીળક જમીન પર ભાગ્યે જ ઊતરે છે. વૃક્ષની ટોચ એને વધુ પ્રિય છે. હવા પરનો તેનો કાબૂ ગજબનો છે. એટલી ઝડપથી તે ઊડે છે કે જાણે હવામાં તેનો પીળો રંગલિસોટો ખેંચાય છે. પીળકની બોલી મીઠી અને ચિત્તને પ્રસન્ન કરી દે તેવી છે. નવાઈની વાત એ છે કે માદા સાથે એ કર્કશ અવાજમાં વાત કરે છે. પીળકનો ખોરાક વડના ટેટા, શેતૂર અને જીવડાં છે. ફળોનો રસ પણ તેને ભાવે છે. ડાળીની બેવડમાં જમીનથી ઠીકઠીક ઊંચે તે પોતાનો માળો બનાવે છે. તેની આસપાસ ઝાડની છાલ વીંટી દે છે. ઈંડાં સેવવાનું કામ માદા કરે છે. ઉછેરમાં બંનેનો ફાળો હોય છે.

હંજ

ઘેરા ગુલાબી પગ અને તેવા જ રંગની ચાંચ અને પૂંછડીવાળાં હંજ પંક્તિબંધ આકાશમાં ઊડે છે ત્યારે ગુલાબનાં ફૂલ ઊડતાં હોય તેવું દૃશ્ય રચાય છે. બગલા જેવું દેખાતું હંજ સોહામણું અને રૂપછટાવાળું પક્ષી છે. હંજનો કાયમી વસવાટ કચ્છના દરિયાકાંઠે છે, જ્યારે ભારતમાં અન્ય સ્થળે તે પ્રવાસી પંખી તરીકે જાય છે. પાણી-કાંઠે રહેનારું આ પંખી છીછરાં જળાશયો અને સરોવરો પાસે જોવા મળે છે. સુંદર-દેહ-ધારી હંજ કીચડનું પક્ષી છે. ખોરાક શોધવા એ છીછરા પાણીમાં ચાંચ ડુબાડીને કાદવને ડખોળે છે.

હંજનો ખોરાક છે શેવાળ, કીડા, ઈયળો, શંખલાં અને પાણીની વનસ્પતિ. તેનું ઉડ્ડયન ઝડપી છે. ટોળામાં તે ઊડે ત્યારે અંગ્રેજી 'ફ' આકાર રચીને ઊડે છે. તરવામાં પણ તે ઉસ્તાદ છે. હંજનો ઘણો શિકાર થાય છે, કારણ કે એનું માંસ સ્વાદિષ્ટ હોય છે. હંજના માળા વિશિષ્ટ હોય છે. માળા માટે તે જમીનથી 20થી 30 સેન્ટિમીટર ઊંચા સૂકા કાદવના ખંભા ઊભા કરે છે. વચ્ચે સહેજ ખાડો બનાવીને તેમાં ઈંડાં મૂકે છે. તેની પ્રજનન ઋતુ જુલાઈથી નવેમ્બરની વચ્ચે હોય છે. પાસેપાસે અનેક ખંભાઓ ઊભા કરીને સંખ્યાબંધ માળાઓ બનાવે છે. જાણે કે પ્રસૂતિનગર જ જોઈ લો !





સારસ

લગભગ માનવી જેટલી ઊંચાઈ ધરાવતું 'સારસ' આપણી પંખીસૃષ્ટિનું સૌથી મોટા કદનું પક્ષી છે. તે જળકાંઠે રહેવાનું પસંદ કરે છે. કચ્છ સિવાયના સમગ્ર ગુજરાતમાં તે જોવા મળે છે.

સારસ શરીરે રાખોડી રંગનું છે. તેના શરીર પર ચમકતા લાલ રંગનું માથું અને લાંબા ગુલાબી પગ ખૂબ જ આકર્ષક લાગે છે. તેનું કદ અને કમનીય આકારથી તે ઠસ્સાદાર લાગે છે. તેનો અવાજ સમુદ્રગર્જન જેવો છે. સારસયુગલનો પ્રેમ જગવિખ્યાત છે. આ કારણે સારસ એ ચિત્રકલા અને કાવ્યનું પ્રતીક-પાત્ર બની ગયું છે. સારસની જોડી ખંડિત થતાં બીજું પંખી ઝૂરીઝૂરીને મરી જાય છે. અગર જીવતું રહ્યું તો ફરી જોડી ન બાંધતાં તે જિંદગીભર એકલું જ રહે છે.

જળકાંઠાનું પંખી હોઈ તેનો ખોરાક માછલી, દેડકાં, જીવડાં, વનસ્પતિ, દાણા વગેરે છે. પોતાનો ખોરાક શોધવા તે છીછરા કાદવિયા પાણીમાં ઘૂમતું રહે છે. સારસ પોતાનો માળો સાઠીકડાં, ઘાસ, પરાળ વગેરેનો બનાવે છે. આવી ચીજોનો તે મોટો ઢગલો કરી રાખે છે. ઘણું કરીને તે પોતાનો માળો પાણીથી રક્ષાયેલી ભૂમિમાં, ટાપુ પર કે ડાંગરની ક્યારીમાં બાંધે છે. સારસ બહુ ઊંચે ઊડતું નથી, છતાં તેની ઉડાન આકર્ષક અને લયબદ્ધ હોય છે. ઈંડાંમાંથી બચ્ચું બહાર આવતાં જ તે માબાપ સાથે ફરવા લાગી જાય છે. તેને કશું શીખવવું પડતું નથી.



દૂધરાજ

કદમાં બુલબુલ જેવડું જ પણ તેની પૂંછડી પરનાં બે લાંબાં પીંછાંને કારણે મોટા અને રૂપસુંદર લાગતા દૂધરાજનો દેહ તેના નામને અનુરૂપ જ સફેદ દૂધ જેવો છે. તેના પર કાળું મસ્તક તથા કાળી કલગી તેની શોભામાં વધારો કરે છે. દૂધરાજ નર અને માદા દેખાવમાં સાવ અલગ છે. માદા દેખાવે ખૂલતા રતૂમડા કથ્થાઈ રંગની હોય છે. તેનું પેટ રાખોડી સફેદ રંગનું છે. આ પક્ષી એકલું યા જોડીમાં જોવા મળે છે. મનોહર રૂપવાળું આ પક્ષી જેવું નાજુક છે તેવું શરમાળ પણ છે. વસવાટ માટે એ બાગબગીચા, આંબાવાડિયાં તથા ઝાડી પસંદ કરે છે. તેને લીલા પ્રદેશ ઉપરાંત ઝરણાંવાળો શીતળ પ્રદેશ પસંદ છે.

દૂધરાજની સૌંદર્યછટા બેનમૂન છે. આ કારણે તેને 'સ્વર્ગનું પંખી' બિરુદ મળેલું છે. તેનો ખોરાક માખી અને જીવડાં છે. તેને શિકાર કરતું જોવું એક લહાવો છે. જેટ વિમાનની માફક તીરની જેમ ખાબકીને શિકારને ઝડપી લે છે. શિકાર કરતાં તે અનેક દિશામાં સ્ફૂર્તિથી ઘૂમી વળે છે. માળો બનાવવા તે ઘાસ, મૂળિયાં, રેસા અને કરોળિયાના જાળાનો ઉપયોગ કરે છે. આ માળો પ્યાલા આકારનો હોય છે અને જમીનથી બેથી આઠ મીટર ઊંચી ડાળી પર બાંધેલો હોય છે.

મોર

ભારતનું સૌથી સુંદર અને મોહક પક્ષી મોર છે. તેની ગર્વીલી ડોક, માથા પરની કલામય કલગી, રાજવંશી રુઆબ સમાં ઠસ્સાદાર પીંછાં - પીંછાંના અનુપમ રંગો ને ભાત - તેના પગનો થનગનાટ ગમે તેવા અરસિક માનવીના મનને પણ પ્રસન્નતાથી ભરી દે છે.

મોરની કાયા મોટી હોવા છતાં તે એક બીકણ પક્ષી છે. ભયનું એંધાણ આવતાં તે ઊડવા કરતાં દોડી જવાનું પસંદ કરે છે. ક્યારેક એક ઝાડ પરથી બીજા ઝાડ પર જવા માટે કે નદી-નાળું કે નહેર ઓળંગવા માટે જ તે ઊડે છે. તેનું ઉડ્ડયન જરાય આકર્ષક નથી.

મોરની શ્રવણશક્તિ ખૂબ તીવ્ર છે. દૂરદૂર ગરજતા વાદળને પણ તે સાંભળી શકે છે. વાદળનો ગડગડાટ અને વર્ષાની રિમઝિમથી તે આનંદવિભોર બની જાય છે અને પોતાની પાંખથી ડોકની કલામય અંગભંગી કર ગહેકી ઊઠે છે. મોરની વસ્તી આખા ભારતમાં તેમ જ બ્રહ્મદેશ અને જાવામાં ઘણી છે. તેના રૂપસૌંદર્યને કારણે દુનિયાના ઘણા દેશમાં તેને લઈ જવામાં આવ્યો છે.



પચનક



પચનક એ બુલબુલ જેવડા કદનું પંખી છે. પચનકની પીઠ રતૂમડા બદામી રંગની છે. ચાંચની સાથે કપાળનો ભાગ કાળો છે. બોચી ભૂખરી છે. તેની છાતી અને પડખાં નારંગી બદામી ઝાંયવાળાં છે. ચડ-ઊતર પીંછાંવાળી તેની પૂંછડી છે. ધાર પરનાં પીછાં સફેદ છે.

રંગરૂપે રૂપાળું હોવા છતાં કુળધર્મને હિસાબે પચનક એ કસાઈ પંખી છે. એનો ખોરાક ગરોળી, તીતીઘોડા, તીડ વગેરે છે. ક્યારેક વળી પક્ષીનાં બચ્ચાંને પણ આરોગી જાય. નાના શિકારને તરત ગળે ઉતારી દે, પણ મોટો શિકાર હોય તો બાવળના કાંટે ભરાવીને તેને ફાડીને ખાઈ જાય છે.

ઝાડની ડાળી અગર ટેલિગ્રાફના તાર પર રુઆબથી બેસનારા આ પંખીની બોલી મીઠી નથી. તેનો અવાજ કર્કશ છે. ક્યારેક તે બીજાં પક્ષીઓની બોલીનું અનુકરણ કરે છે ત્યારે ભુલાવામાં પડી જવાય કે આ કયું પંખી બોલે છે !

પચનક નીડર પક્ષી છે. તેને માણસનો પણ ડર નથી. પચનકનો માળો સરસ પ્યાલા ઘાટનો બનેલો હોય છે. ઘાસ, ચીંથરાં, ઊન, પીછાં વગેરેનો તે બનેલો હોય છે. ડાળીઓની બેવડમાં બાંધેલો માળો અંદરથી મુલાયમ હોય છે. બહારથી તેને કરોળિયાના જાળાનું પ્લાસ્ટર કરીને મજબૂત કરેલો હોય છે



કલકલિયો

નદી, તળાવ કે ખાબોચિયાંના કાંઠે પથ્થર પર કે ઝાડની ડાળી પર બેઠેલો કલકલિયો ઘણું કરીને એકલોઅટૂલો રહે છે. શરીરના ઉપરના ભાગે નીલા-લીલા રંગવાળો અને નીચેના ભાગે નારંગી રાતા રંગવાળો કલકલિયો ચકલી કરતાં સહેજ મોટું પંખી છે. કલકલિયાની ચાંચ જોરદાર-અણીદાર હોય છે, જ્યારે પૂંછડી બુઠ્ઠી હોય છે.

કલકલિયાનો ખોરાક નાની માછલી, દેડકાં અને પાણીનાં જંતુ છે. કલકલિયો ઝાઝું ઊડી શકતો નથી એટલે તે બેઠોબેઠો જ શિકાર શોધે છે. તે શિકાર પર ત્રાંસમાં તૂટી પડે છે. માછલી પકડીને પથ્થર પર તેને વારંવાર પછાડીને તે શિથિલ કરી દે છે, પછી આરોગી જાય છે. કલકલિયો જ્યારે શાંત બેઠો હોય ત્યારે ધ્યાનમાં હોય એમ લાગે છે. વચ્ચેવચ્ચે એ માથું હલાવીને પૂંછડીને આંચકા આપી દે છે. આ પંખી કજિયાખોર છે. પોતાની હદમાં બીજાને પેસવા દેતો નથી. આ પક્ષીની વસ્તી સમગ્ર ભારતમાં છે.


કલકલિયાનો માળો રહસ્યમય હોય છે. જળકાંઠાની ભેખડમાં તે ખાસી દોઢેક મીટર ઊંડી બખોલ બનાવે છે. અંદરથી તે પહોળી હોય છે. માછલી આરોગીને ઓકી નાખેલાં હાડકાંની પથારી કરી તેના પર તેની માદા બચ્ચાં મૂકે છે. આ માળો કોઈને સરળતાથી જડે તેવો હોતો નથી. કલકલિયો નર-માદા બંને સરખાં છે. આમ, એ એકલો બેઠો હોય છે, પણ તેની માદા ક્યાંક નજીકમાં જ હોય છે.

પતરંગો



પતરંગો આમ તો છે ચકલી જેવડો, પણ તેની પૂંછડીને કારણે સહેજ મોટો લાગે છે. પૂંછડીમાં તેની વિશેષતા છે. પૂંછડી વચ્ચેનાં બે પીછાં લાંબાં છે. બે તાર પૂંછડીમાં ખોસી દીધા હોય એમ લાગે છે. પતરંગાને શોભા આપે છે એના ગળાથી કંઠ, ચાંચથી આંખ સુધી પહોંચતી કાળી રેખાને કારણે પતરંગાને મેશનું અંજન લગાવ્યું હોય એમ લાગે છે.

ઘાસિયા ચમકતા લીલા રંગનો પતરંગો દેહે સોહામણો લાગે છે. તડકામાં બેઠેલો હોય ત્યારે તેનો સોનેરી રંગ ચમકે છે. તેનાં ડોક, ગળું ને દાઢી આસમાની છે એટલે તેને નીલકંઠ પણ કહે છે. પતરંગાનો ખોરાક ઊડતાં વાણિયા, પતંગિયાં, ફૂદાં અને જીવાત છે. મધમાખીનું તો એ પરમ શોખીન છે. જીવડાંનો શિકાર કરતા પતરંગાને જોવાની મઝા આવે એવું છે. પતરંગાને ધૂલિસ્નાનનો શોખ હોય છે. પાંચ-સાતના ટોળામાં જમીન પર ઊતરી આવીને ધૂળમાં આળોટી લે છે. નદીકિનારે, માટની ભેખડો તથા ટેકરીઓમાં તે પાંચ સેન્ટિમીટર પહોળી, એકથી બે મીટર લાંબી નેળ ચાંચ વડે ખોદે છે. ત્યાં એનું પ્રસૂતિગૃહ હોય છે. બચ્ચાં ઉછેરવામાં બંને જણાં ભાગ લે છે.



દરજીડો

આવડત પ્રમાણે જ નામ ધરાવતો દરજીડો કદમાં ચકલીથી પણ નાનું સુકોમળ પંખી છે. ખૂબ જ સ્ફૂર્તિવાળું આ પંખી આખો વખત ઊડાઊડ જ કરતું હોય છે. ભર-પહોરે પણ આ લપલપિયું પંખી પોતાની ઊંચી પૂંછડી સાથે સંગીતની છોળો ઉડતું બગીચામાં કે બંગલાના કંપાઉન્ડમાં કદાકૂદ કરતું દેખાય છે. દરજીડાની પીઠ પીળાશ પડતી લીલી છે. ગરદન અને છાતીના ભાગે મેલા સફેદ જેવો રાખોડી રંગ અને માથે લોખંડના કાટ જેવો રાતો રંગ હોય છે. શરીરથી ડોકને જુદી પાડતી ગરદન પર બે કાળી લીટીઓ હોય છે. પાંખ કથ્થાઈ રંગની અને કાયમ ઊંચી રહેતી પૂંછડી ઘેરા લીલા રંગની હોય છે.

દરજીડાની વિશિષ્ટતા તેની માળા બાંધવાની આવડતમાં છે. પંખીજગતનું આ એકમાત્ર પંખી છે જે પાંદડાંમાં કાણાં પાડી, તેને સીવીને માળો તૈયાર કરે છે. આંબા, આસોપાલવ, કેના, અરડૂસી કે રીંગણીનાં મોટાં પાનને અંદરથી વાળીને બે કે ત્રણ પાનને સાથે સીવે છે. સીવવા માટે તે દોરા-ધાગા, કરોળિયાની જાળ અને રેસાનો ઉપયોગ કરે છે. દોરા પરોવીને તે ગાંઠો પણ મારે છે. પછી તેની અંદર રૂ, પોચું ઘાસ વગેરે સુંવાળી વસ્તુ પાથરે છે. દરજીડાનો ખોરાક જીવાત તેમ જ ઈયળો છે. ફૂલોનો રસ પણ તેને ભાવે છે. સંધ્યાસમય સુધી તે શિકાર કરતું હોય છે. તેનો અવાજ મીઠો છે. ગુજરાતમાં તે બધે જોવા મળે છે.



સુગરી

પંખીજગતમાં ઉત્તમ માળા બાંધતાં પંખીઓમાં એક છે સુગરી. સુગરીને આ કારણે 'સુઘરી' એટલે કે સારું ઘર બાંધનારું પંખી પણ કહેવાય છે. તેનું કદ ચકલીથી સહેજ જ મોટું છે. નર અને માદા દેખાવે સરખાં છે, પરંતુ સંવનન-ઋતુમાં નરનાં ગાલ, દાઢી અને ગળું ભૂખરા રંગનાં થઈ જાય છે. તેનું માથું, ગળાની નીચે અને છાતી પીળા રંગની છે. તેની પીઠ, પૂંછડી અને પાંખ કથ્થાઈ રંગનાં છે. ચાંચ ચકલીની ચાંચથી જાડી છે.

સુગરી સમૂહમાં માળા બાંધનારું પંખી છે. ઓછામાં ઓછા ચાર-પાંચથી માંડીને સો-દોઢસો જેટલા માળા એકસાથે બાંધીને તે વસવાટ કરે છે. તેનો માળો કારીગરીનો ઉત્તમ નમૂનો છે. માળામાં જવાનું દ્વાર નીચેથી રાખે છે. ઉપરથી નીચે જાડી પાતળી નળીઓ અને વચ્ચે ગોળાકારમાં તેનો માળો બન્યો હોય છે. માળો બાંધવામાં મુખ્યત્વે લીલું ઘાસ, જુવાર-બાજરીની લીલી છાલ, ડાંગર, વાંસ, દાભનાં લીલાં પાનમાંથી પાતળી ચીરીઓ કરી લાવે છે. તેના તાણાવાણા ગૂંથી તે માળો બનાવે છે. સુગરી પોતાનો આ માળો ડાળી સાથે એટલો મજબૂતાઈથી ગૂંથી દે છે કે ગમે તેવા પવનના સપાટાથી પણ તે પડી જતો નથી. તેના માળાની ગૂંથણી એવી હોય છે કે વરસાદનું પાણી પણ દડીને નીચે પડી જાય છે. સુગરી ઘણું કરીને પોતાના માળા કાંટાળાં વૃક્ષોની પાતળી ડાળીના છેડે બાંધે છે જેથી વાંદરા કે સાપ ત્યાં સુધી પહોંચવાની હિંમત ન કરે.





નાચણ

પૂંછડીનો પંખો બનાવીને નાચ કરતું કોઈ નાનકડું પંખી જોવા મળે તો સમજી લેજો કે એ નાચણ છે. નાચણ ચપળ અને સ્ફૂર્તિલું પંખી છે. પૂંછડીને પંખાની જેમ ફેલાવીને તે નાચતું રહે છે અને આંબાવાડિયામાં કેરીની મીઠાશ છૂટે એવું ગીત ગાય ત્યારે મન પ્રસન્ન થઈ જાય છે. આંખ ઉપર તેમ જ નીચે આવેલા સફેદ પટા વડે નાચણને ઓળખી શકાય છે. ભૂખરા કાળા રંગના આ પંખીનું પેટ ધોળું છે અને ગરદન કાળી છે. રંગીન તબિયતવાળા પંખી નાચણને મન જિંદગી ઝિંદાદિલી છે, મુર્દાદિલી નહીં. આવા સ્વભાવને કારણે તે આખો દિવસ ગાતું-ફરતું અને ખુશમિજાજ રહે છે.

નાચણ માખીમાર છે. એનો મુખ્ય ખોરાક માખી, મચ્છર અને જીવાત છે. વૃક્ષોની છાલ અને પાન પરથી તેને ખોરાક મળી રહે છે. જીવત પકડવા માટે તે જે રીતે ગુલાંટો મારે છે તે દૃશ્ય જોવા જેવું છે. તેની ચાંચનો ફટાકો બોલતો હોય છે. નાચણનાં નર-માદા રૂપમાં સરખાં છે. ડાળીની બેવડમાં ઘાસ અને તાંતણાનો નાનો, પ્યાલા આકારનો તે માળો બનાવે છે. તેના બહારના ભાગે કરોળિયાના જાળાથી પ્લાસ્ટર કરીને મજબૂત બનાવી દે છે. માળો બાંધવામાં, ઈંડાં સેવવામાં તેમ જ બચ્ચાંને ઉછેરવામાં નર અને માદા બંને ભાગ લે છે.

કંસારો

ઉનાળાના ધોમધખતા બપોરે ટક... ટક... એવો એકધારો વાજ સંભળાય તો જાણવું કે એ પંખી કંસારો છે. એરણ પર વાસણ રાખી તેના પર કંસારો હથોડી ઠોકતો હોય તેવો જ એનો અવાજ આવે છે. ટૂંકા પગ અને ટૂંકી પૂંછડીવાળું આ પંખી ચકલી કરતાં સહેજ જ મોટું છે. તેની પીઠ લીલી છે અને નીચેનો ભાગ પોપટી રંગનો છે. કંસારાની આગવી શોભા એની છાતી અને લલાટે આવેલા લાંછનની છે. દેખાવે આવા રૂપકડા કંસારાની ચાંચના મૂળમાં મૂછો જેવા વાળ ફૂટેલા હોય છે.

કંસારો આમ તો ઝાડ પર વસનારું પંખી છે. લીલાં પાન સાથે તે એવું તો ભળી જાય છે કે એકદમ દેખાતું પણ નથી. કંસારો વનવગડા તેમ જ ગામ અને શહેરમાં પણ દેખાય છે. એકમાત્ર કચ્છના અપવાદ સિવાય સમગ્ર ભારતમાં તેની વસ્તી છે. કંસારો ફળાહારી પક્ષી છે. પાકાં ફળ એને વધુ પસંદ છે. ફળ ખૂબ મોજથી આરોગે છે. અનેક પ્રકારે શરીરને નમાવીને તે ફળ ખાય છે.

માળા માટે એ સૂકી ડાળીને નીચેના ભાગેથી ખોતરીને તેની અંદર લાંબી સુરંગ બનાવે છે. આ માળો તે એકથી વધુ વખત વાપરે છે. કંસારો ઝઘડાખોર પક્ષી નથી, નહીં તો તેની અણીદાર ચાંચથી કેટલાંયનો ખુરદો કાઢી નાખી શકે !

ટિટોડી



જળકાંઠાના વિસ્તારમાં વસતી ટિટોડી તરત ઓળખી શકાય તેવું પંખી છે. ખભે લાલ, પીઠના ભાગે કાંસાવર્ગના ભૂખરા લીલા અને નીચેથી સફેદ રંગના આ પક્ષીનું માથું, ગળું અને છાતી કાળાં છે. આંખ પર આવેલા લાલ લાખા જેવા થોભિયા પરથી પણ તે ઓળખાઈ જાય છે. ટિટોડીનું કદ આમ કબૂતર જેવડું છે પણ તેના પગ પ્રમાણમાં ઠીકઠીક મોટા છે. આંખની પાછળથી નીકળી ગળા પર થઈ પેટના ભાગ સુધી પહોંચતા સફેદ પટા વડે તે શોભે છે.

ટિટોડીનો ખોરાક જીવડાં-દાણા છે. ખોરાક ચણવાની તેની રીત જોવા જેવી છે. જમીન પર દડબડ દોડીને, જરાક થોભીને તે ખોરાક-શિકાર ઉઠાવે છે. ખેડાતા ખેતરમાં ખોદાયેલી જમીનમાંથી નીકળતાં જીવડાં તે ચટ કરી જાય છે. શિયાળામાં તે જૂથમાં રહે છે. પચાસ-સાઠના ટોળામાં તે ફરે છે. ટિટોડી અત્યંત સાવધ પંખી છે. ભયનો અણસાર આવતાં જ તે સાથીઓને ચેતવી દે છે. આ ઉપરાંત દુશ્મનને કેમ છેતરવો તેમ જ સમય આવ્યે તેનો કેમ સામનો કરવો તે પણ તે જાણે છે. ખુલ્લી જમીન પર ચારે બાજુ સહેજસાજ ખોતરીને ચારે બાજુ કાંકરા મૂક્યા એટલે એનો માળો તૈયાર થઈ જાય છે. ટિટોડીનાં બચ્ચાં સુંદર દેખાય છે. જન્મ થતાંની સાથે જ તે દોડવા લાગે છે. ડર જણાતાં જમીન સરસાં દબાઈને બેસી જાય છે. બચ્ચાંનો રંગ પણ જમીન-કાંકરા સાથે ભળી જાય તેવો હોય છે. ટિટોડી જોડમાં રહેનારું પંખી છે. નર-માદા બંને દેખાવમાં સરખાં હોય છે. આ પક્ષી સમગ્ર ભારતમાં બારે માસ નજરે દેખાય છે.

તેતર



દેખાવમાં કબૂતરથી મોટું અને બૂઠી પૂંછડીને કારણે કબૂતર કરતાં જાડું લાગતું તેતર ગામની સીમમાં જોવામાં આવે છે. લગભગ આખું શરીર આવા એક જ રંગનું અને તેની ઉપર પણ પટા હોય છે. તેતર સ્થળચર પંખી છે. ખુલ્લા વનવગડા અને કાંટાળી વનસ્પતિ તેને વિશેષ ગમે છે. ભેજવાળાં સ્થળો કે જંગલો તેને પસંદ નથી.

તેતરમાં નર-માદા સરખા રંગનાં છે. અલબત્ત, માદા કદમાં નાની હોય છે. તેતર કાયમ જોડીમાં જ ફરે છે અને સમગ્ર ભારતમાં તે નજરે ચડે છે. તેતરનો કોરાક દાણા, બીજ, ઈયળો અને વનસ્પતિના અંકુર છે. ઊધઈ તેનો પ્રિય ખોરાક છે. તેની વિશિષ્ટતા એ છે કે પાણી વિના તે લાંબો સમય રહી શકે છે. તેતરની ઊડવાની શક્તિ ઓછી છે. ભયના સમયે પણ તે દોડીને નાસી જાય છે. તેતર પાળી શકાય તેવું પક્ષી છે. તેનો ઉપયોગ મનોરંજન માટે લડાઈ લડાવવામાં થાય છે. નરના પગે અણીદાર કાંટો હોય છે જે તેનું શસ્ત્ર છે. તેનો માળો ખેડેલી યા ઘાસિયા જમીનમાં ઝાડઝાંખરાં ને સાથે છીછરો ખાડો કરીને તે બનાવે છે.

બતક

જળચર પંખીઓમાં બતક જાણીતું પંખી છે. એની પીળા છેડાવાળી કાળી ચાંચ અને ચાંચના મૂળમાં બંને બાજુએ નારંગી રંગનાં ટપકાં હોય છે. એની પાંખોની બંને બાજુએ લીલાં ચકામાં તેમ જ પાંખને છેડે આવેલાં ધોળાં પીછાંથી પણ એ તરત ઓળખાઈ જાય છે. આ બતક ટીલીવાળી બતક તરીકે ઓળખાય છે. આ બતકની સંખ્યા ઝાઝી વધતી નથી, કારણ કે એનું માંસ સ્વાદિષ્ટ હોવાથી તેનો શિકાર મોટી સંખ્યામાં થાય છે અને તેની વસ્તી નિયંત્રિત રહે છે. ભયના સમયે તે પાણીમાંથી જમીન પર આવી જળકાંઠે ઊગેલી વનસ્પતિમાં ઘૂસી જાય છે. તેની ઊડ નબળી છે.

સામાન્ય રીતે આ બતક મૂંગું પક્ષી છે. તેને ચોખ્ખા પાણીમાં વાળુ કરવાની ટેવ છે. બતકનો ખોરાક જીવાત, માછલી અને નાનાં દેડકાં છે. પાણી પર તરતી રહીને તે શિકાર કરે છે. ઊડવામાં નબળી આ બતક તરવામાં ભારે કુશળ છે. એની ડૂબકીનો ખેલ જોવા જેવો હોય છે. નદી, સરોવર કે નહેરકાંઠાનાં ઝાડી-જાળાંમાં ઘાસ, બરુનો માળો બનાવે છે. તેની અંદર માદા પોતાનાં મુલાયમ પીછાં પાથરે છે. બતકને ઘર બદલવાનો શોખ હોય છે. તે નવાંનવાં પાણી શોધતી ફરે છે.





લક્કડખોદ

યથા નામ લાકડાને - વૃક્ષને ખોતરનારું આ પંખી છે. ઝાડના થડ પર ચકરાવા લઈને કૂદકા ભરતું ઊંચે ને ઊંચે એ ચડતું દેખાય - તેવા વતે તીકમ જેવી લાંબી - મજબૂત એની ચાંચથી તે નક્કર લાકડું કોતરીને તેમાં બખોલ બનાવે છે. એ દરમ્યાન ઝાડની છાલમાંથી નીકળતાં જીવડાંને તે હડપ કરી જાય છે.

સોનેરી પીળા રંગની પીઠ અને લાલ રંગની ટોપી પહેરી હોય તેવા દેખાવવાળા લક્કડખોદના પેટાળનો ભાગ પીળાશપડતો સફેદ છે. તેની ઉપર ઊભી કાળી રેખાઓ છે. તેની છાતી કાબરચીતરી છે. પાંખોમાં આવેલો કાળો રંગ સોનેરી રંગને દીપાવે છે.

આમ તો લક્કડખોદ સમગ્ર ગુજરાતમાં જોવા મળે છે. તેને વનરાજિ પસંદ છે. આંબા, નાળિયેરી અને જૂનાં વૃક્ષો તેની પ્રિય જગ્યાઓ છે. ઝાડ ખોતરતાં જીવડાંઓનું ભક્ષણ કરવા માટે તેને કુદરતે લાંબી જીભ આપેલી છે. તેના ચીકણા રસમાં જીવડાં ચોટી જાય છે. આ ઉપરાંત તે પાકાં ફળોના માવા તેમ જ ફળોનો રસ પણ આરોગે છે. તેની પૂંછડીનાં પીછાં કડક છે જે ટેકવીને ત્રીજા પગ તરીકે તે વાપરે છે અને ઝાડને કોરે છે. ઝાડને કોરી ખાતી જીવાતને ખાતું હોઈ તે વૃક્ષોનું રક્ષણ કરે છે. તેણે કરેલી બખોલમાં જ તે માળો બનાવે છે.

વનવગડાના પ્રાણીઓ





ચીતળ : હરણોના પ્રકારમાં ચીતળ એ અત્યંત સુંદર દેખાવવાળું હરણ છે. સોનેરી રંગની ચામડી પર સફેદ ટીલાંથી તે મોહક લાગે છે.

ચોરશિંગા : હલકા પીળા રંગવાળું આ હરણ તેનાં ચાર શિંગડાં માટે જાણીતું છે. માથા ઉપર બંને બાજુ તેને બબ્બે શિંગડાંની જોડી હોય છે.

શિંકારા : છીંક ખાવા જેવા તેના અવાજને કારણે તે છીંકારા કે શિંકારા નામે ઓળખાય છે.

ભેકડુ : આ હરણ ભાગ્યે જ જોવા મળે છે. તેને ભસતું હરણ પણ કહેવામાં આવે છે. તેના ગળામાંથી કૂતરાના ભસવા જેવો અવાજ આવે છે.

કાળિયાર

પુરાણો કહે છે કે કાળિયાર અર્થાત્ કૃષ્ણમૃગ એ દેવોના યજ્ઞમાં બલિ અપાતો મહાબલિ હતો. તેને પવિત્ર માનવામાં આવતો. ઋષિમુનિઓના દેહ તેના ચામડાથી - મૃગચર્મથી ઢંકાતા તેમ જ તેના ચામડાનું આસન પણ બનાવાતું. આજે પણ તેનું ચામડું અને રૂપાળાં શિંગડાં કોઈ શ્રીમંતના દીવાનખાનામાં શોભારૂપ બને છે. આ કારણે તેનો ભરપૂર શિકાર થાય છે.

કાળિયારની સુંદરતા ઉપરાંત તેની દોડવાની ગતિ એ તેની વિશિષ્ટતા છે. વાઘ-દીપડા જેવાં પ્રાણીઓ પણ તેને પકડી શકતાં નથી. કાળિયાર ખૂબ લાંબો સમય સુધી એકધારી ઝડપે દોડી શકે છે. અને એની છલાંગ ? કાળિયાર બેથી સવાબે મીટર ઊંચી અને છ મીટર લાંબી છલાંગ મારી શકે છે ! ભયની એંધાણી આવતાં તે નાસતાં પહેલાં ઉપરા-ઉપરી ઊંચા કૂદકા મારે છે, જેથી ચોપાસ તે જોઈ શકે કે ભય કઈ દિશામાંથી આવે છે, પછી તે દોડવા માંડે છે. ઘાસ એનો મુખ્ય આહાર છે. કાળિયાર આખા ભારતમાં માત્ર ગુજરાતમાં જ જોવા મળે છે.

સાબર

જંગલોમાં વસતાં હરણોમાં સાબર સૌથી મોટા કદનું પ્રાણી છે. તેની લંબાઈ લગભગ બે મીટર અને ઊંચાઈ દોઢેક મીટર જેટલી હોય છે. તેનું સૌંદર્ય તેનાં લાંબાં વૃક્ષોની શાખા જેવાં શિંગડાંમાં છે. તેનો ઘણો શિકાર થાય છે. તેનાં શિંગડાં દર વર્ષે ખરી જાય છે અને ચારેક મહિના પછી ફરી ઊગવાં શરૂ થાય છે. તે એકાદ મીટર જેટલાં લાંબાં હોય છે. માદાને શિંગડાં હોતાં નથી. પુખ્ત નરનો રંગ ઘેરો બદામી કે તપખીરિયો હોય છે.

સાબર ઘાસ, પાંદડાં તેમ જ જંગલી ફળોનો ચારો ચરે છે. તેની દૃષ્ટિ નબળી હોય છે, પણ શ્રવણશક્તિ અને ઘ્રાણેન્દ્રિય બહુ તીવ્ર હોય છે. ચારથી પાંચનાં નાનાં ટોળાંમાં તે રહે છે. શિંગડાંમાં શિંગડાં ભરાવેલા, યુદ્ધે ચડેલા સાબરને જોવું એક લહાવો છે.


સાબરને તડકો બહુ ગમતો નથી, તેથી તે ગાઢ જંગલમાં રહેવું પસંદ કરે છે. તેનાં શિંગડાંનો ઔષધ તરીકે ઉપયોગ થાય છે. તેનું આયુષ્ય 20 વર્ષનું ગણાય છે. તે જૂનાગઢ, અમરેલી, ભરૂચ, સુરત, ડાંગ, વલસાડ અને પંચમહાલ વિસ્તારમાં વસે છે.

સસલું

રેશમ જેવું સુંવાળું અને કુમાશભર્યું સસલું એક રમતિયાળ પ્રાણી છે. સસલાંના બે પ્રકાર છે. એક રાખોડી રંગનું જેને અંગ્રેજીમાં 'હેર' કહે છે અને બીજું સફેદ અથવા સહેજ ગુલાબી ઝાંયવાળું જેને અંગ્રેજીમાં 'રૅબિટ' તરીકે ઓળખવામાં આવે છે. 'રૅબિટ'ની આંખો જન્મસમયે બંધ હોય છે, જ્યારે 'હેર'ની ખુલ્લી હોય છે.

સસલાની દોડવાની ઝડપ ઘણી હોય છે. તેને પકડવા માટે શિકારી કૂતરાની મદદ લેવામાં આવે છે. દોડવામાં એવી લોંચી મારે છે કે તેની પાછળ દોડતો કૂતરો આગળ નીકળી જાય છે અને તે ફરીને પાછું દોડવા માંડે છે. તેનું આયુષ્ય 10 વર્ષનું ગણાય છે. સસલું બખોલમાં રહે છે. તેને જવા-આવવાનાં દર જુદાંજુદાં હોય છે જેથી દુશ્મન આવતાં તે નાસી જઈ શકે છે. નોળિયા, કૂતરાં, બાજ વગેરે તેના ખાસ દુશ્મનો છે. તેના રમતિયાળ સ્વભાવને કારણે તે બાળકોને ખૂબ પ્રિય હોય છે. તેને પાળી પણ શકાય છે. તેને ગાજર, કોબી, બીટ તથા ભાજી પ્રિય છે. ગુજરાતમાં તે સર્વત્ર જોવા મળે છે.





છેલ્લા ત્રણ-ચાર દાયકાથી સિંહોની વસ્તી ઘટતી રહી છે. સિંહોની વસ્તીમાં ચિંતાજનક ઘટાડો થતાં ભારત સરકારે તેના શિકાર પર પ્રતિબંધ મૂક્યો છે. એશિયાભરમાં માત્ર એક જ નાનકડા પ્રદેશમાં વસેલા આ પ્રાણીને સંરક્ષણ આપીને તેની વસ્તી વધારવાના પ્રયાસો થઈ રહ્યા છે.

સિંહ

પુરાણા સમયથી સિંહને 'વનરાજ'નું બિરુદ મળ્યું છે. સિંહ એ આપણું રાષ્ટ્રીય પ્રાણી છે. સમગ્ર એશિયામાં હવે માત્ર સૌરાષ્ટ્રનાં ગીરનાં જંગલમાં જ સિંહ વસે છે. સિંહનો રંગ સૂકા ઘાસ જેવો પીળો-મેલો હોય છે. તેની ગરદન પર ભરાવદાર કેશવાળી આવેલી છે જે તેને રાજવંશી ગૌરવ આપે છે. ક્રોધિત સિંહને આ કેશવાળી ભયંકરતા આપે છે. માદા સિંહને કેશવાળી હોતી નથી. સિંહની લંબાઈ નાકથી પૂંછડી સુધી ત્રણેક મીટરની હોય છે અને વજન 200થી 250 કિલો હોય છે. સિંહ ગુફામાં રહે છે તે માન્યતા ખોટી છે. સિંહ હંમેશાં સૂકા અને ખુલ્લા વાતાવરણમાં રહેવાનું પસંદ કરે છે. ગીરના સિંહને સ્થાનિક લોકો સાવજ કહે છે. અહીં સિંહની બે જાતો જોવા મળે છે : વેલર અને ગઢિયો. ગીરમાં સિંહ અને સૂવરનાં યુદ્ધ વારંવાર જોવા મળે છે. સિંહ એક રાતમાં શિકાર માટે ચાળીસથી પચાસ કિલોમીટર ચાલી નાખે છે. દરેક સિંહે જાણે પોતે વિસ્તાર વહેંચી લીધો હોય તેમ અમુક હદમાં જ તે રહેતો હોય છે. સામાન્ય રીતે તે માણસને મારતો નથી, પણ છંછેડવામાં આવે તો તેના એક જ સપાટે માણસનો છૂંદો વાળી નાખે છે. સિંહનું આયુષ્ય સરેરાશ 25થી 30 વર્ષનું હોય છે.

વાઘ

સિંહ જંગલનો રાજા ગણાય છે, પરંતુ ભારતનાં જંગલોમાં તો વાઘની જ બોલબાલા છે. એકસરખી ઉંમરના વાઘ અને સિંહને તાકાતની કસોટી માટે લડાવવામાં આવ્યા છે ત્યારે વાઘે સિંહને મારી નાખ્યાના દાખલા છે. ક્રોધમાં આવીને હુમલો કરે છે ત્યારે તે ખૂબ ભયંકર લાગે છે. નાનકડી ગાયને તો તે બિલાડી ઉંદર લઈ જતી હોય તેવી આસાનીથી મોંમાં પકડીને લઈ જાય છે. મોટી ભેંસને મારીને તે પહાડો ઉપર ઊંચે ખેંચી જઈ શકે છે.

પીળાશ પડતા કેસરી રંગના શરીર પર કાળા ઊભા પટાથી વાઘ ખૂબ સોહામણો લાગે છે. નાકથી પૂંછડી સુધી તેની સરેરાશ લંબાઈ ત્રણથી સાડા ત્રણ મીટરની હોય છે. જ્યારે ઊંચાઈ 105 સે.મી. જેટલી હોય છે. જ્યારે ઊંચાઈ 105 સે.મી. જેટલી હોય છે. તેનું વજન 200થી 250 કિલો હોય છે.

મેદાનોથી માંડીને બેથી અઢી હજાર મીટર ઊંચાં પહાડી જંગલોમાં તે વસે છે. વાઘ રાત્રે શિકારે નીકળે છે, પરંતુ તેને રોજ શિકાર મળતો નથી, અઠવાડિયામાં બે-ત્રણ વાર જ શિકાર મળે છે. અઠવાડિયે બે મોટા બળદ કે ભેંસ તે આરોગી જાય છે. વાઘ વાતવાતમાં શિકાર કરી નાખે છે. ભૂખ્યો હોય કે ન હોય ! મોટો શિકાર ન મળે તો નીલગાય, હરણ કે પછી વાંદરા-સસલાને પણ મારી ખાય છે.





ઝરખ

તમે કદી ઝરખ જોયું છે ? ન જોયું હોય તો અફસોસ કરવા જેવું નથી. દેખાવે તે કદરૂપું અને વિચિત્ર પ્રાણી છે.

રંગે તે ભૂખરું હોય છે. એના શરીરે કાળાશપડતા કે બદામી પટા હોય છે. પૂંછડી ટૂંકી પણ ગુચ્છાદાર. ગરદનથી પીઠ સુધી ટૂંકી યાળ. ઊંચાઈમાં ખોલકા જેવડું. કાન પણ એને મળતા. બિલાડી જેવી લાંબી મૂછો. જડબાં તો એટલાં મજબૂત કે ભેંસ જેવાનાં હાડકાં પણ દાઢથી ચાવી ખાય ! તેનો બાંધો કૂતરા જેવો પણ દેખાવે બેડોળ. આગળના બે પગ લાંબા અને પાછળના ટૂંકા. બધાં હિંસક પ્રાણીઓથી એ જુદું પડે છે તેના પગનાં આંગળાંથી. તેના પગે ચાર-ચાર જ આંગળાં હોય છે.

ખોરાકમાં એને બધું ખપે છે. બીજાં પશુઓએ મારેલા-છાંડેલા મૃતદેહો તેને ખપે છે. મૃતદેહો જેમ વધુ સડેલા તેમ એ વધુ સ્વાદથી ખાય. આવો ઉકરડો ન મળે ત્યારે કૂતરાં, બકરાં, ઘેટાં કે પાડું-વાછરું મારી ખાય. એવી માન્યતા છે કે ઝરખના મોંમાંથી જે લાળ ઝરે છે તેનાથી હાડકાંય નરમ થઈ જાય છે અને હોજરીમાં તો બિલકુલ ઓગળી જાય છે. ગુજરાતમાં સુદાસણ, તારંગા અને પાલનપુર વિસ્તારનાં જંગલોમાં તેની વસ્તી છે. તેની ચરબી સાંધાના દુખાવા પર રામબાણ ઇલાજ ગણાય છે. ઝરખનાં જડબાંમાં એટલી તાકાત હોય છે કે બે ઝરખ એક બકરાને પકડીને સામસામે ખેંચે તો બકરાના બે કટકા થઈ જાય છે.

સૂવર-ડુક્કર-ભૂંડ

સૂવર, ડુક્કર, ભૂંડ એ સર્વ એક જ પ્રકારનાં - ગાય, ભેંસ જેવાં ખરીવાળાં પ્રાણીઓ છે. જંગલી સૂવરની વિશિષ્ટતા તેની જોરદાર, ધારદાર દાતરડીઓ છે. તેના મોંમાં લગભગ 30 સે.મી. લાંબી એવી બે દાતરડીઓ હોય છે. સૂવરના ઝનૂન પાસે વાઘ કે સિંહનો પણ કોઈ હિસાબ નથી. તેની ઊંચાઈ એકાદ મીટર જેટલી હોય છે.

સૂવર ખૂબ માતેલું અને ભયંકર પ્રાણી છે. તેનામાં ખૂબ ચરબી હોય છે. તેનું વજન લગભગ 250થી 300 કિલો હોય છે. શરીર પર ઝાઝા વાળ વિનાનું કાળી રુક્ષ રુવાંટીવાળું તેનું શરીર હોય છે. ગરદનથી પીઠ સુધીના ભાગ પર જાડા બરછટ વાળ હોય છે.



સૂવરની દાતરડી ભાલા જેવી તીક્ષ્ણ હોય છે. એ ઉપરાંત તેની પાછળ રહેલું સૂવરનું જોર, તેનો ધક્કો ભલભલાં મોટાંમસ પ્રાણીઓનાં અંગોને પણ ચીરી નાખે છે. બળવાન વાઘને પણ દાતરડી પર ચડાવીને ઉછાળીને ફંગોળી દે છે. વાઘ-દીપડા પણ સૂવરની અડફેટે આવવાનું ટાળે છે ! બળૂકી ભેંસ કે હાથીના પગ પર પ્રહાર કરીને સૂવર તેને લંગડાતા કરી મૂકે છે. દુશ્મનના પેટમાં દાતરડી ખોસી દઈ તેનું પેટ ફાડી નાખે છે. ત્રણ હજાર મીટરની ઊંચાઈએ પણ તે વસે છે. સૂવર 15-20ના ટોળામાં રહે છે. કાદવ-કીચડમાં આળોટવું તેને ગમે છે. તેના શરીર પરના ઘા કાદવમાં રૂઝાઈ જાય છે. તેનું આયુષ્ય 8થી 10 વર્ષનું છે.



દીપડો

જંગલનાં પ્રાણીઓમાં સૌંદર્ય-સ્પર્ધા થાય તો દીપડો તેમાં પહેલો આવે. સોનેરી પીળા રંગની કાયા પર છૂટાંછૂટાં કાળાં તલકાં હોય છે. દરેક તલકામાં નાનાં ગોળ ચાર-પાંચ ચકરડાં. આ તલકાં જ તેને ચિત્તાથી જુદો પાડે છે. ચિત્તો અને દીપડો એ બે અલગ પ્રાણી છે.

દીપડાનું રેશમ જેવી નરમ અને સુંવાળી ચામડીથી મઢેલું શરીર ચમકારા મારે છે. તેની કાયા સ્નાયુબદ્ધ અને ગંઠાયેલ હોય છે. સ્વભાવે તે હિંમતવાન, લુચ્ચું, શક્તિશાળી અને ચપળ પ્રાણી છે. એની જીભ બરછટ, જાણે હાડકાંની કરચો બેસાડેલી હોય તેમ કાનસ જેવી. એથી તે શિકારનાં હાડકાં પર ચોંટેલું માંસ ઊઝરડી શકે છે. એના દાંત ખૂબ ઝેરી છે. પગરવ તો જરાય નહીં.

દીપડો રાક્ષસીવૃત્તિવાળું પ્રાણી છે. ઘેટાં-બકરાંના ટોળા પર ત્રાટકે તો પચીસપચાસનો ઘાસ કાઢી નાખે, પછી ભલે તેને બે-ચારની જ જરૂર હોય. લપાતે પગલે, પેટે ઘસડાતો, શિકારને અનુસરતો એને જોવો એ એક લહાવો છે. એની આંખ બરાબર શિકાર પર જડાયેલી હોય છે. શરીર ચડાવેલી પણછ જેવું અક્કડ અને ગમે તે પળે ત્રાટકવા તૈયાર એવું સજ્જ. અડધી બાજી તો એ હુમલો કરવામાં જ જીતી જાય છે. દીપડો સ્ફૂર્તિથી ઝાડ પર ચઢી જઈ શકે છે. અન્ય પ્રાણી પોતાનો શિકાર ન લઈ જાય એ બીકે ઘણી વાર તે શિકારને ઝાડની ડાળી પર ટીંગાડી દે છે.


રીંછ

રીંછનું આખું શરીર કાળાભમ્મર વાળથી ભરેલું હોય છે. તેનું મોઢું સફેદ, ટૂંકું અને ચીબું હોય છે. તેની દૃષ્ટિ અને શ્રવણશક્તિ બહુ નબળી હોય છે. તેની ઘ્રાણેન્દ્રિય સતેજ હોય છે. તેના લાંબા નહોરને કારણે, ભારે શરીર હોવા છતાં તે ઝડપથી ઝાડ પર ચડી જાય છે. ક્યારેક તાડ જેવા ઊંચા ઝાડ પર પહોંચીને તાડી એકઠી કરવા લટકાવેલા માટલામાંથી તે તાડી પણ પી જાય છે. રીંઝ સર્વભક્ષી પ્રાણી છે. માખી, ઊધઈ તેમ જ ફળ પણ તેને ભાવે છે. મધ અને મહુડાં તેનાં અત્યંત પ્રિય છે. ઊધઈના રાફડાને તીક્ષ્ણ નહોરથી ખોદીને લાંબી જીભ વડે તેમાંથી રસ ચૂસે છે.

રીંછની લંબાઈ લગભગ બે મીટર અને ઊંચાઈ એક મીટરથી થોડી ઓછી હોય છે. તે બુદ્ધિશાળી પ્રાણી છે. મદારીઓ અને સર્કસવાળા તેને તાલીમ આપીને તેની પાસેથી જાતજાતના ખેલ કરાવે છે. તે બે પગે ચાલી શકે છે. રીંછથી તરસ સહન થતી નથી એટલે તેનું રહેઠાણ પાણી પાસે જ ક્યાંક હોય છે.

ભારતમાં ત્રણ પ્રકારનાં રીંછ થાય છે : કાળું રીંછ, ભૂરું રીંછ અને સાદું રીંછ. ગુજરાતમાં સાદું રીંછ વસે છે. ગુચ્છાદાર વાળને કારણે રીંછ અન્ય પ્રાણીઓથી જુદું પડી જાય છે. ઠંડા પ્રદેશનાં રીંછ તાકાતવાળાં, ભારે અને બળવાન હોય છે.





વરુ

વરુ તેની ભૂખ માટે જાણીતું છે. તે સદાય ભૂખ્યું હોય છે. ભૂખ ભાંગવા તે પચીસ-ત્રીસ કિલોમીટરની મજલ કાપી શકે છે.


ભૂખરા પીળાશપડતા રંગનું ને ગુચ્છાદાર પણ શિયાળની પૂંછડીથી નાની એવી પૂંછડી ધરાવતા વરુની શ્રવણશક્તિ ખૂબ તીવ્ર હોય છે. નાકથી પૂંછડી સુધી તેની લંબાઈ એક મીટર જેટલી હોય છે.

આખી દુનિયામાં વરુની વસ્તી છે. ધ્રુવપ્રદેશ જેવા ઠંડા પ્રદેશમાં વરુ વસે છે. ઠંડા પ્રદેશનાં વરુ કદમાં મોટાં અને શક્તિશાળી હોય છે. વરુ આઠ-દસની ટોળીમાં રહેનારું પ્રાણી છે અને ટોળીમાં રહીને જ તે શિકાર પણ કરે છે. આખી ટોળી શિકારની પાછળ પડે છે. શિકારને થકવી નાખીને તેને ઘેરી લે છે. મોટા સાબરનો પણ એ શિકાર કરે છે. શિકાર થાકી જાય એટલે એકાદ વરુ છલાંગ મારીને તેની આંખો ફોડી નાખે છે. વરુ ઘણી વખત નજીકની માનવવસ્તીમાંથી બાળકોને ઉપાડી લાવે છે. આવા બાળકને માદા વરુ મારી નાખતી નથી પણ ક્યારેક ઉછેરે છે પણ ખરું. ઉત્તરપ્રદેશની લખનૌ હૉસ્પિટલમાં 'રામ' નામના વરુ-બાળકનું અસ્તિત્વ આની સાબિતીરૂપ છે. ગુજરાતમાં તે સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, કચ્છ, પાલનપુર, સાબરકાંઠા અને મહેસાણા જિલ્લાના વિસ્તારોમાં જોવા મળે છે.

શિયાળ

શિયાળની વિશિષ્ટતા તેની બોલીમાં છે. શિયાળની બોલીને 'લાળી' કહેવામાં આવે છે. સંધ્યાકાળથી રાત્રિના પહેલા પ્રહર સુધી તે લાળી કરે છે. ભયાનક વિચિત્ર સ્વરે થતો એનો ચિત્કાર ગમે તેવા મનુષ્યના હૃદયને કંપાવી દે તેવો હોય છે. એક શિયાળની લાળી સાંભળીને બીજા શિયાળ પણ લાળી કરવા માંડે છે. ગામમાં અન્ય પશુઓની સરખામણીએ જે સ્થાન કૂતરાનું છે તે જંગલનાં પ્રાણીઓમાં શિયાળનું છે. બંને તિરસ્કારને પાત્ર અને હડધૂત ને તોય બંને જરૂરિયાતવાળાં. બંને અવશેષ ખાનારાં અને એ રીતે પર્યાવરણનું આરોગ્ય જાળવવામાં મદદરૂપ. કૂતરા કરતાં તેનું કદ સહેજ નાનું અને પૂંછડી ખાસી ગુચ્છાદાર અને 25 સે.મી. જેટલી લાંબી ! તેનો રંગ ઝાંખો પીળાશપડતો કેસરી છે. તેનું માથું અને પગ ઘેરા રંગનાં છે. શિયાળ પાંચ-દસના ટોળામાં રહે છે. ઝાંખરાંની બખોલમાં તે વસે છે. તેની ઘ્રાણેન્દ્રિય ખૂબ તીવ્ર હોય છે. મડદાંની ગંધ તે ખૂબ દૂરથી પારખે છે. વાઘ, સિંહ કે દીપડાની પાછળપાછળ સલામત અંતરે એકાદ શિયાળ ફરતું હોય છે. વરુથી તે ખૂબ ડરે છે. જે ભયાનકતા તેનાં રૂપ-રંગ કે આચરણમાં નથી તે તેની બોલીમાં હોય છે. તેનું આયુષ્ય પંદર વર્ષનું હોય છે. ગુજરાતના ઘણા વિસ્તારોમાં શિયાળની વસ્તી જોવા મળે છે.





વાંદરાં

ભારતમાં ચાર-પાંચ પ્રકારનાં વાંદરાં જોવા મળે છે. તેમાંથી ગુજરાતમાં તો એક જ પ્રકારનાં વાંદરાં જોવા મળે છે, તે છે હનુમાન અથવા લંગૂર કે કપિ. તેના શરીરે પીળાશપડતી રાખોડી રંગની રુવાંટી અને મોઢું કાળું હોય છે. એક મીટર લાંબી તો તેની પૂંછડી હોય છે. તેનું વજન લગભગ 50થી 60 કિલો જેટલું હોય છે.

આ વાંદરું જંગલમાં રહે છે તેમ જ મનુષ્યની વસ્તી વચ્ચે પણ તે રહે છે. તેનો વાસો લગભગ ઝાડ પર હોય છે. આ વાંદરાં જંગલમાં ભયની સાઈરન તરીકે કામ કરે છે. ખાસ પ્રકારનો અવાજ કરીને તે મોટાં હિંસક પ્રાણીઓના આગમનની ચેતવણી આપી દે છે.


નાનાં ગામથી માંડીને મોટાં શહેરોમાં પણ તે વસે છે. ગામમાં નળિયાંવાળાં મકાનો પર કૂદીને તે નળિયાંનો ઘાણ કાઢી નાખે છે. ટ્રેનના ડબ્બાઓ પર, સ્ટેશન ઉપર પણ વાંદરું નજરે પડે છે. પુરાણકથાઓ સાથે તેના સંબંધને કારણે અમુક ધાર્મિક સ્થળોએ લોકો તેને ખાવાનું આપે છે. આ કારણે તેનો શિકાર કરવામાં આવતો નથી અને તેથી તેની વસ્તી પણ ઘણી વધી ગઈ છે. તે મનુષ્યથી બીતાં નથી. આગલા બે હાથ કરતાં તેના પાછલા બે પગ વધુ વિકસેલા અને મજબૂત હોય છે. એક ઝાડ પરથી બીજા ઝાડ પર તે લાંબા કૂદકા મારી શકે છે. તેનું આયુષ્ય 40 વર્ષનું ગણાય છે. કચ્છ સિવાય આખા ગુજરાતમાં તેની વસ્તી છે.



રોઝ - નીલગાય

આ પ્રાણી ગાય તથા ઘોડાને વધારે મળતું આવે છે. ગાયની જેમ માથે શિંગડાં અને પગમાં પણ ગાય જેવી જ ખરી, પણ ગરદન ઘોડા જેવી અને દોડ તો ઘોડાનેય આંટી મારી દે તેવી ! તેના નીલાશ-પડતા રંગને કારણે તેને નીલગાય કહે છે.

ગુજરાત-સૌરાષ્ટ્રનાં જંગલોમાં તેની પુષ્કળ વસ્તી છે. ખેતરોમાં આવે તો પાકનો ઘાણ કાઢી નાખે છે, પણ ગાય જેવો તેનો દેખાવ હોઈ તેને લોકો મારતા નથી પણ ભગાડી મૂકે છે. જંગલમાં વાઘ, વરુ અને સિંહનો તે શિકાર બને છે. માદા સહેજ નાની અને શિંગડાં વિનાની હોય છે. ગરદન પર નીચે ધોળો પટ્ટો અને પટ્ટા નીચે વાળનો ગુચ્છો. નીલગાય આમ નિર્દોષ પ્રાણી, પરંતુ તે ભાગ્યે જ કોઈની નજરે પડે છે. પ્રાણીબાગ સિવાય છૂટું તો ભાગ્યે જ જોવા મળે. તેનો સ્વભાવ બીકણ છે. રેલવેમાં મુસાફરી કરતાં સૌરાષ્ટ્રમાં રોઝનાં ટોળાં જોવા મળી જાય છે.



પરિશિષ્ટ



ગુજરાતની વિકાસયાત્રા

ગુજરાતી વ્યક્તિ તરીકે સાહસિક છે, શાણો છે અને પ્રગતિશીલ છે. વીતેલી સદીઓમાં - દાયકાઓમાં એણે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે, પરંતુ છેલ્લા દાયકાની ગુજરાતની પ્રગતિ વિશ્વની આધુનિક ગતિવિધિઓ સાથે કદમ મિલાવવાની છે. ગુજરાતે પરંપરા છોડી નથી, પરિવર્તનને આવકાર્યું છે. સાગર સમી આ પ્રગતિનું વિહંગાવલોકન કરીએ.

● શિક્ષણ ● ઈન્ફર્મેશન ટેક્નૉલોજી ● ઈ-ગવર્નન્સ ● કૃષિવિકાસ ● ઔદ્યોગિક ગુજરાત ● ઊર્જાવાન ગુજરાત ● સોલાર પાર્ક ● નર્મદાનાં નીર ● કલ્પસર ● ધોલેરા-'સર' ● ઑટો હબ ● ફાર્મા અને સિરામિક હબ ● મેટ્રો રેલ પ્રોજેક્ટ ● જહાજ બાંધકામ ઉદ્યોગ

ગુજરાત : ચિત્રવીથિકા

ગુજરાતમાં કેટલાંક વિલક્ષણ દૃશ્યો, ઘટનાઓ અને વ્યક્તિવિશેષો છે, જેમના આ ગ્રંથમાં ઉલ્લેખો તો છે જ, પરંતુ તેમને યોગ્ય કદની તસવીરોમાં સજાવી શકાય તેવો અવકાશ ન હતો, તેથી તેવી ચૂંટેલી સામગ્રીને આ પાનાંઓમાં રજૂ કરવામાં આવી છે.


● ઈન્ટરનૅશનલ એરપૉર્ટ ● મોટેરા સ્ટેડિયમ ● કાંકરિયા ● સાબરમતી રિવર ફ્રન્ટ ● ચાર ઐતિહાસિક પુલો ● અસ્મિતા-યાત્રા ● આધુનિક સ્થાપત્યો ● વિશાલા ● ઐતિહાસિક ગુજરીબજાર ● આર્ટબૂક કૉર્નર ● હરકુંવર શેઠાણી ● પ્રીતમરાય વ્રજરાય દેસાઈ ● સોમનાથ સ્તંભ

'હેલો ગુજરાત' ક્વિઝ



ગુજરાતની વિકાસયાત્રા





દેશના ત્રીજા ભાગનો, સોળસો કિલોમીટરનો સાગરકાંઠો ગુજરાતને ઈશ્વરી ભેટ છે. દરિયાકાંઠેથી તેણે અસીમ અવકાશ જોયું છે અને એટલે તેની દૃષ્ટિ વિશાળ છે. એટલે જ તો ગુજરાત હંમેશાં સ્વપ્નસેવી રહ્યું છે. તેની નજર દૂર સુધી પહોંચે છે. આ સાગરે તેને સદીઓથી પડકાર આપ્યા છે - જે તેણે ઝીલીને દરિયો ખેડ્યો છે - પરદેશ ખેડ્યા છે, વેપાર-ધંધા વિકસાવ્યા છે, બીજાનું સારું સ્વીકાર્યું છે ને ગુજરાતની સંસ્કૃતિ દિગંત સુધી પહોંચાડી છે. વ્યાપારી આદાનપ્રદાનથી ગુજરાતી સમૃદ્ધ થયો છે. આ ગુજરાતે છેલ્લા દાયકામાં અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે. એક્સપ્રેસ હાઈ-વે, વિશાળ ધોરી માર્ગો, તેની સાથે પાકા રસ્તાથી જોડાતાં નાનાં ગામો, તાલુકામથકો સુધી ઇ-ગવર્નન્સ, વિવિધ ઉદ્યોગ-સંકુલો તેમ જ કલ્પસર, ધોલેરા અને સીલાર પાર્ક જેવી ભવ્ય યોજનાઓથી ગુજરાતની ધરતી આજે ધમધમે છે. આજે ગુજરાતની પ્રજા સુખી છે, સમૃદ્ધ છે અને સંતુષ્ટ છે. ગુજરાત પરિવર્તનશીલ રહ્યું છે. કાંઈ પણ સારી વસ્તુને ચીલઝડપે અપનાવી લે છે. કોઈ એક લક્ષ્ય સિધ્ધ કરીને ગુજરાત થંભી જતું નથી. એની ક્ષિતિજો હંમેશાં વિસ્તરતી રહી છે. એના વિકાસની - એના પરિવર્તનની પ્રક્રિયા સતત ચાલતી રહે છે. ગુજરાતનો વિકાસ ઘરઆંગણે તો થયો જ છે, દેશનાં અન્ય રાજ્યોની સરખામણીમાં પણ તેણે સારું કાઠું કાઢ્યું છે તેમ જ આજે તો વિશ્વકક્ષાએ પણ તેના વિકાસની નોંધ લેવાઈ રહી છે. વિશ્વના સૌથી સફળ સમાજ સાથે સ્પર્ધા કરવાની તેની મહત્ત્વાકાંક્ષાની પણ નોંધ લેવાઈ રહી છે.



ગુજરાતે શિક્ષણક્ષેત્રે સિમાચિહ્નરૂપ વિકાસ કર્યો છે. ગુજરાતના સાક્ષરતા-દરમાં 10.17 ટકાનો જસ્ત વધારો થયો છે. અગાઉ 2001માં 69.14 ટકા સાક્ષરતા-દર હતો તે વધીને 79.31 ટકા થયો સૌપ્રથમ પ્રાથમિક શાળાઓમાં 100 ટકા નામાંકન થાય તે માટે શાળાપ્રવેશોત્સવ, કન્યાકેળવણી ોત્સવ તથા ગુણોત્સવ જેવા કાર્યક્રમ શરુ થયા. ખાસ કરીને કન્યાઓને શાળામાં મૂકવા અભિયાન ર્યું. બીજી તરફ, પ્રાથમિક શિક્ષણમાં વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે તે માટે વિદ્યાલક્ષ્મી બૉન્ડ આપવાનાં કર્યાં. અનુસૂચિત જાતિ-જનજાતિની વિદ્યાર્થિનીઓને સરસ્વતી સાધના સહાય યોજના હેઠળ સાઈકલ વામાં આવી. રાજ્યની પ્રાથમિક શાળાઓમાં 2 લાખ જેટલા નવા ઓરડાઓ બાંધ્યા છે. આ બધા યોજનની સફળતાથી રાજ્યમાં પ્રાથમિક શિક્ષણમાં શાળા છોડી જતાં બાળકોની ટકાવારીમાં ધરખમ ઘટાડો છે. એકવીસમી સદીના પ્રથમ દસકાને અંતે ગુજરાતમાં શિક્ષણનો વ્યાપ અને ફલક બંને વિસ્તર્યાં છે. તબન, વિજ્ઞાન, વાણિજ્ય, ગૃહવિજ્ઞાન કે ઇજનેરી વિદ્યાશાખાઓથી વિસ્તરીને 2011 સુધીમાં રાજ્યમાં ્તર અભ્યાસ કક્ષાએ વિવિધ વિદ્યાશાખાઓ ઉમેરાઈ છે. તદુપરાંત રાષ્ટ્રીય કક્ષાની અગ્રણી અને નનાપ્રાપ્ત સંસ્થાઓ રાજ્યમાં સક્રિય છે. પી.આર.એલ., ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ, સેંટ્રલ ટ એન્ડ મરિન કેમિકલ્સ રીસર્ચ ઇન્સ્ટીટ્યુટ ભાવનગર ખાતે કામ કરે છે, જે ભારત સરકાર દ્વારા ત્રિત છે અને આ ક્ષેત્રની અગ્રગણ્ય સંસ્થા છે. સરદાર વલ્લભભાઈ નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ ટેકનોલોજી ુરત-સ્થિત ભારતની ઉત્તમ ઇજનેરી કૉલેજોમાંની એક સંસ્થા છે. નેશનલ ઇન્સ્ટીટ્યૂટ ઑફ ડિઝાઈન પણ વી જ નામના ધરાવતી શિક્ષણ સંસ્થા છે. ગ્રામીણ ક્ષેત્રે સંચાલકો તૈયાર કરવાની દિશામાં સક્રિય કામગીરી જાવતી આણંદ ખાતેની ઇન્સ્ટીટ્યૂટ ઑફ રુરલ મૅનેજમેન્ટ નોંધપાત્ર છે. 2003માં ઇન્સ્ટીટ્યૂટ ઑફ મોલોજિકલ રીસર્ચ (ટૂંકમાં ISR) 2003થી અસ્તિત્વમાં આવી.



શિક્ષણ : ચિલ્ડ્રન યુનિવર્સિટીથી ફોરેન્સિક યુનિવર્સિટી

ગુજરાતમાં યુનિવર્સિટીઓ

એક દાયકા પહેલાં આખા ગુજરાતમાં માત્ર 11 યુનિવર્સિટીઓ હતી અને હાલમાં તેની સંખ્યા 42 છે. લૉ યુનિવર્સિટી, ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, રક્ષાશક્તિ યુનિવર્સિટી, ટીચર્સ યુનિવર્સિટી, સ્પૉર્ટ્સ યુનિવર્સિટી, કામધેનુ યુનિવર્સિટી જેવી વિશ્વકક્ષાની યુનિવર્સિટીઓ હવે ગુજરાતમાં છે. બાળક બાળપણથી જ ઉચ્ચ શિક્ષણ મેળવવાની ખેવના સેવતો થાય તે માટે સૌપ્રથમ વખત ચિલ્ડ્રન યુનિવર્સિટીની સ્થાપના ગુજરાતમાં થઈ છે. રાજ્યના યુવાધનને યોગ્ય જ્ઞાન અને તાલીમ આપી શૈક્ષણિક યોગ્યતા અનુસાર રોજગારી અપાવવા માટે ગુજરાત નૉલેજ સોસાયટીની સ્થાપના કરી અને વિદ્યાર્થીઓ અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ મેળવતા થાય તે માટે 'સ્કોપ' કાર્યક્રમની રચના કરી છે. વાઇબ્રન્ટ સમિટમાં રાજ્ય સરકાર વિશ્વની જુદી-જુદી 25 જેટલી યુનિવર્સિટીઓએ ગુજરાતમાં નૉલેજ પાર્ટનરશીપ માટે સમજૂતી-કરારો કર્યા છે. રાજ્યના યુવાનોમાં સંશોધનપ્રવૃત્તિ વિકસાવવા અને તેમને યોગ્ય પ્લેટફૉર્મ પૂરું પાડવા માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના 'આઇ-ક્રિએટ' નામના કાર્યક્રમની ગુજરાતે પહેચાન કરાવી છે.


પહેલા દાયકાના આરંભે ગુજરાતમાં 11 યુનિવર્સિટીઓ હતી જે સંખ્યા દાયકાના અંતે 42ની થઈ છે

રાજ્યના યુવાધનને ઉચ્ચ અભ્યાસ અર્થે બહારનાં રાજ્યોમાં કે વિદેશ જવું પડતું હતું, જે કારણે નાગરિકો પર આર્થિક ભારણ પડતું હતું. રાજ્યમાં મેડિકલ, વકીલાત, ઇજનેરી, હોટલ વ્યવસ્થાપન, સંરક્ષણ, એફએસએલ, પેટ્રોકેમિકલ, મરીન જેવા જુદાજુદા અભ્યાસક્રમોની કૉલેજો તથા યુનિવર્સિટી શરૂ કરી, રાજ્યના મહામૂલા યુવાધનનાં સમય, શક્તિ અને નાણાંને યોગ્ય માર્ગે વાળ્યાં છે. આમ છેલ્લા દાયકામાં નવી શિક્ષણનીતિ અમલમાં મૂકી વિશ્વકક્ષાનું શિક્ષણ ગુજરાતના આંગણે આવી ગયું છે, જેના પરિણામે ગુજરાતમાં ટેકનૉક્રેટ્સ પેદા થઈ રહ્યા છે. તેનો સીધો લાભ ઉદ્યોગગૃહોની સાથે રાજ્યની યુવાશક્તિને પણ થઈ રહ્યો છે.

રાજ્યનાં વિદ્યાર્થીઓમાં વાચનવૃત્તિ વધે તથા વાચન થકી વિશ્વની શ્રેષ્ઠ કૃતિઓનું વાચન થાય અને આવનારી પેઢીમાં આદર્શ ગુણોનું સિંચન થાય તે માટે 'વાંચે ગુજરાત' અભિયાન હાથ ધર્યું. આ અભિયાન હેઠળ રાજ્યના લાખો વિદ્યાર્થીઓએ એકસાથે વાચન કરીને વર્લ્ડ રેકૉર્ડ બનાવ્યો છે. ગુજરાતી વિદ્યાર્થી અંગ્રેજી ભાષામાં પાછળ રહી ન જાય તે માટે 'સ્કોપ' નામનો કાર્યક્રમ અમલમાં મૂકી વિદ્યાર્થીઓનાં મનમાંથી અંગ્રેજી ભાષાનો ડર દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રાજ્યના વિદ્યાર્થીઓ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સારું પરિણામ હાંસલ કરે તેમ જ ગુજરાતનાં વારસા અને સંસ્કૃતિ પ્રત્યે રસ કેળવે તે માટે ગુજરાત નૉલેજ સોસાયટી તથા ગુજરાત ક્વિઝ ઓનલાઇન સ્પર્ધા યોજવામાં આવે છે.

સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત (SAG)

ગુજરાતમાં રમતગમતના ક્ષેત્રે રાજ્યના યુવાધનને આકર્ષણ થાય અને વધુ ને વધુ યુવાન-યુવતીઓ જુદી-જુદી રમતોમાં ભાગ લઈ શકે તે માટે





રક્ષાશક્તિ યુનિવર્સિટી-ગાંધીનગર



ગણપત યુનિવર્સિટી - ખેરવા

તેમને તાલીમ મળી શકે તે માટેની વ્યવસ્થા ગોઠવવા ગુજરાત સરકાર સ્પૉર્ટ્સ કૉમ્પ્લેક્સમાં રાજ્ય, રાષ્ટ્રીય કક્ષાની રમત સ્પર્ધાઓનું આયોજન પણ કરે છે. કૉમ્પ્લેક્સમાં જુદી-જુદી રમતો માટે તાલીમની વ્યવસ્થા અને અદ્યતન સાધનો રાખવામાં આવ્યાં છે.

ગુજરાત રાજ્યમાં રમતગમતક્ષેત્રે વિશેષ લક્ષ આપવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને અત્યાર સુધી આ કામગીરી નિયામકશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા રમતગમતની કચેરી દ્વારા સંભાળવામાં આવતી હતી. તેમાંથી એક અલગ અને સ્વાયત્ત એકમ તરીકે સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાતની રચના કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયા રચવામાં આવી છે. તેને મુખ્યત્વે આધાર રૂપે રાખીને રાજ્ય -કક્ષાએ આવી સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત રચવામાં આવી છે. હાલમાં આ સંસ્થાને મુખ્યત્વે રાજ્યના યુવાન અને આશાસ્પદ ખેલાડીઓને નિષ્ણાત કોચ દ્વારા વૈજ્ઞાનિક ઢબે પ્રશિક્ષણ આપવાની તેમ જ વિવિધ રમતો માટેની અદ્યતન સુવિધાઓવાળું ઇન્ફ્રાસ્ટ્રક્ચર નિર્મિત કરવાની કામગીરી સોંપવામાં આવેલી છે. રમતગમતની સ્પર્ધાઓ યોજવાની તેમ જ રમતગમતનાં એસોસિયેશનોને અનુદાન આપવાની કામગીરી હજુ કમિશનરશ્રી, યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરની કચેરી સંભાળે છે.

રાજ્યના યુવાન અને આશાસ્પદ ખેલાડીઓને તેમની રમતોમાં નિષ્ણાત કોચ દ્વારા વૈજ્ઞાનિક ઢબે પ્રશિક્ષણ મળી રહે તે માટે રાજ્યના દરેક જિલ્લામાં પ્રશિક્ષણ કેન્દ્રની સ્થાપના કરવાની યોજના અન્વયે રાજ્યના 25 જિલ્લાઓમાં આવાં કેન્દ્રો શરૂ કરવામાં આવેલાં છે.

રમતગમતનાં જરૂરી સાધનો : વિવિધ રમતો જેવી કે ઍથ્લેટિક્સ, હેન્ડબૉલ, જુડો, સ્વિમિંગ, બૉક્સિંગ, ટેનિસ, વૉલીબૉલ, જિમ્નાસ્ટિક્સ, બાસ્કેટબૉલ, ટેબલટેનિસ, હૉકી, ક્રિકેટ, બૅડમિન્ટન, કુસ્તી વગેરે માટેનાં અદ્યતન સાધનો રાજ્યનાં પ્રશિક્ષણ કેન્દ્રોમાં પૂરાં પાડવાની યોજના હેઠળ યુવાન અને આશાસ્પદ ખેલાડીઓને જરૂરી આવાં સાધનો દર વર્ષે એસ.એ.જી. દ્વારા પૂરાં પાડવામાં આવે છે.

રાજ્યના ખેલાડીઓને ટ્રૅકસૂટ અને ગણવેશ આપવાની યોજના : આ યોજના અંતર્ગત એસ.એ.જી. દ્વારા ઉનાળુ વૅકેશનમાં વિવિધ રમતોના યોજવામાં આવતા ઘનિષ્ઠ પ્રશિક્ષણ શિબિરોમાં અને દિવાળી વૅકેશનમાં યોજવામાં આવતા ક્રિકેટ રમતના ઘનિષ્ઠ પ્રશિક્ષણ શિબિરોમાં ભાગ લેતા આશરે 1000 જેટલા ખેલાડીઓને ગણવેશ પૂરો પાડવામાં આવે છે. સ્પૉર્ટ્સ ઑથોરિટી ઑફ ગુજરાત દ્વારા જુદીજુદી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે તથા માર્ચ-પાસ્ટમાં ભાગ લેવા ગણવેશની એકસૂત્રતા જળવાય તે હેતુથી ટ્રૅકસૂટ સાથે ગણવેશ આપવાની યોજના અંતર્ગત રાષ્ટ્ર-કક્ષાએ ભાગ લેવા જનારને 1000 જેટલા યુવકોને ગણવેશ આપવામાં આવે છે.

મહાકુંભનું આયોજન

રાજ્યના યુવાધનમાં રમત-ગમત પ્રત્યે રુચિ કેળવાય તે માટે રાજ્યકક્ષાના ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત રાજ્યમાં શાળામાં ભણતા વિદ્યાર્થીઓનું શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ મારફત રેગ્યુલર મેડિકલ ચેકઅપ કરવામાં આવે છે. રાજ્ય સરકારની વિવિધ યોજનાઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સરાહના મળી છે અને વિવિધ એવૉર્ડ પ્રાપ્ત થયા છે. બીજાં રાજ્યો અને કેન્દ્ર સરકાર ગુજરાત મૉડેલને અનુસરવા પ્રેરાય છે.





પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી-ગાંધીનગર

ગુજરાતમાં યુનિવર્સિટીઓ

(1) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ, (2) સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, (3) ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર, (4) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, (5) ગુજરાત એગ્રિકલ્ચર યુનિવર્સિટી, આણંદ, (6) ભાવનગર યુનિવર્સિટી, (7) લોકભારતી, સણોસરા, (8) ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ, (9) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, (10) ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, (11) દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, (12) સેન્ટર ફૉર એન્વાયરમેન્ટલ ઍન્ડ ટેક્નોલૉજી યુનિવર્સિટી (સેપ્ટ), ગુજરાત યુનિ. કેમ્પસ નજીક, અમદાવાદ, (13) ઍગ્રિકલ્ચર યુનિવર્સિટી, આણંદ, (14) ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી, નડિયાદ, (15) ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ફર્મેશન ઍન્ડ ટેક્નૉલોજી, ગાંધીનગર, (16) ગણપત યુનિવર્સિટી, ગણપત-વિદ્યાનગર, મહેસાણા, (17) ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી, ગાંધીનગર, (18) ગુજરાત ટેક્નૉલૉજિકલ યુનિવર્સિટી, અમદાવાદ, (19) જૂનાગઢ ઍગ્રિકલ્ચર યુનિવર્સિટી, (20) કડી સર્વ વિશ્વવિદ્યાલય યુનિવર્સિટી, કડી, (21) ક્રાન્તિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભુજ, (22) નવસારી ઍગ્રિકલ્ચર યુનિવર્સિટી, (23) નિરમા યુનિવર્સિટી ઑફ સાયન્સ ઍન્ડ ટેક્નૉલૉજી, (24) પંડિત દીનદયાલ, પેટ્રોલિયમ યુનિવર્સિટી, ગાંધીનગર, (25) સરદાર વલ્લભભાઈ નેશનલ યુનિવર્સિટી ઑફ ટૅક્નૉલોજી, સુરત, (26) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, (27) સુમનદીપ વિદ્યાપીઠ યુનિવર્સિટી, પીપલિયા, (28) સેન્ટ્રલ યુનિવર્સિટી ઑફ ગુજરાત, ગાંધીનગર, (29) રક્ષાશક્તિ યુનિવર્સિટી, (30) ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, (31) ટીચર્સ યુનિવર્સિટી, (32) ચિલ્ડ્રન યુનિવર્સિટી, અમદાવાદ.

અન્ય યુનિવર્સિટીઓ : ગુજરાતમાં ઉપરોક્ત યુનિવર્સિટીઓ ઉપરાંત અન્ય નામાંકિત યુનિવર્સિટીઓ અદ્યતન સ્નાતક-અનુસ્નાતક અભ્યાસક્રમોની સુવિધા ધરાવે છે



ફોરેન્સિક યુનિવર્સિટી - ગાંધીનગર

ઇન્ફર્મેશન ટેક્નોલોજી

ઈન્ટરનેટનું ક્રાંતિકારી આગમન

4000 વર્ષની માનવ સંસ્કૃતિની સૌથી મોટી સિદ્ધિ 'ઈન્ટરનેટ' છે. ઈન્ફર્મેશન ટેક્નોલોજીનો વ્યાપ ડગલે ને પગલે, કૂદકે ને ભૂસકે નહીં પરંતુ પ્રકાશની ઝડપે વધી રહ્યો છે. પાંચ કરોડ શ્રોતાઓ સુધી પહોંચતાં રેડિયોને 38 વર્ષ, ટેલિવિઝનને 13 અને કમ્પ્યૂટરને 16 વર્ષ લાગ્યાં હતાં, પરંતુ ફક્ત ચાર વર્ષમાં ઈન્ટરનેટ પાંચ કરોડ વપરાશકર્તાઓ પાસે



પહોંચી ગયું છે. 1998માં વિશ્વમાં કુલ 10 કરોડ ઈન્ટરનેટ-ધારકો હતા. એક અંદાજ પ્રમાણે 2005ની સાલથી એક અબજ લોકો દુનિયામાં ઈન્ટરનેટના માધ્યમથી ધંધો, રોજગારી, દૈનિક વહીવટ ચલાવતા થઈ ગયા છે, અર્થાત્ દુનિયાની સાતમા ભાગની વસ્તી 2005ની સાલથી ઈન્ટરનેટ પર આધારિત બની ગઈ છે... આ ઘટનાક્રમ અસાધારણ કહી શકાય. ઈન્ટરનેટ એ ઈન્ફર્મેશન ટેક્નોલૉજીમાં મોરપીંછ સમાન છે. રાષ્ટ્રીય ઓળખ કે ભૌગોલિક સીમાડાઓ ભૂલી જઈને લોકો ઈન્ટરનેટના માધ્યમથી એકબીજા સાથે સંદેશાવ્યવહાર અને માહિતીની આપ-લે કરશે. ઈન્ટરનેટની આંધી યુરોપિયન રેનેસાંની યાદ તાજી કરાવે છે.

જીએનએફસીનો સંકલ્પ

ઈન્ફર્મેશન ટેક્નોલોજીની વાત નીકળે ત્યારે ગર્વ સાથે કહી શકાય કે ગુજરાતના આ ક્ષેત્રના ખેડાણની જવાબદારી એક ફર્ટિલાઈઝર કંપનીએ સહર્ષ ઉપાડી છે. GNFC - (ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઈઝર્સ કંપની)નું સ્વપ્ન છે કે ઈન્ફર્મેશન ટેક્નોલોજી દ્વારા ગુજરાત વિકસિત અને સમૃદ્ધ બનશે.

ઈન્ફર્મેશન ટેક્નોલોજીના આ પ્રકારના વ્યવસાયના પરિણામે ગુજરાતમાં રોજગારીની વિપુલ તકો અને વિદેશી હૂંડિયામણ મેળવી શકાય છે. લગભગ 4000 થી વધુ વ્યક્તિઓને રોજગારી પ્રાપ્ત કરવાનો અવકાશ પ્રાપ્ત થયો. વધુમાં આ ક્ષેત્રના હાર્ડવેર, જેવા કે કમ્પ્યૂટર મોડમ અને યુપીએસ સર્વિસિસને લગતા નાના કે મધ્યમ કક્ષાના ઉદ્યોગોને વિકસાવવાની તક મળી કે જેથી આ ક્ષેત્રના શૈક્ષણિક વિકાસ માટે પણ ગુજરાતમાં અવકાશ ઊભો થયો.



ગ્રામ્યજનો સુધી ઈ-ગવર્નન્સનો લાભ પહોંચ્યો છે.

આમ સમગ્ર રીતે જોતાં આ ક્ષેત્રે માત્ર 1 ટકાના લાભ દ્વારા પણ 600 કરોડ રૂપિયાની આવક રાજ્યને પ્રાપ્ત થઈ એમ ગણી શકાય. ગુજરાત સરકારે પણ આ ક્ષેત્રના ઝડપી વિકાસ માટે ઘણી રાહતો આપતી આઈ.ટી. પોલિસી જાહેર કરી છે.

ગુજરાત સરકારના સહયોગ દ્વારા 'જીએનએફસી'એ આ ક્ષેત્રે માળખાકીય સુવિધાઓ ઊભી કરી ઈન્ફોટાવરનું નિર્માણ કરી રાજ્યના આઈટી ક્ષેત્રે એક પહેલ કરી છે. વીસેટ સર્વિસ પૂરી પાડવા માટે 'જીએનએફસી'એ અમેરિકાના ટીઆઈડબ્લ્યૂ સંસ્થા સાથે વ્યૂહાત્મક જોડાણ કરી ભરૂચ અને ગાંધીનગર ખાતે બે અર્થ સ્ટેશન સ્થાપવાનું નક્કી કર્યું કે જેના દ્વારા ઓછી કિંમતે ઈન્ટરનેટ સર્વિસ, વીડિયો કોન્ફરન્સ, ફેક્સ અને તાલીમ વગેરે આનુષંગિક સેવાઓ પ્રાપ્ત થઈ શકે, જેના પરિણામે 21મી સદીમાં ગુજરાતના ખેડૂતોને ઘરઆંગણે સિંચાઈ, બિયારણ તેમ જ અન્ય કૃષિમાહિતી પૂરી પાડવાનું શક્ય બનેલ છે. આ ઉપરાંત જિલ્લા અને તાલુકાનાં મથકો અને રાજકીય સંસ્થાઓને સચિવાલય સાથે જોડી શકાય તેવા પ્રયાસોને જબરી સફળતા મળી છે.

રાજ્યની ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરીમાં આધુનિક ઑટોમેટેડ ફિંગર પ્રિન્ટ ડેટા આઈડેન્ટીફિકેશન સિસ્ટમ દ્વારા આશરે પોણા બે લાખ જેટલી વ્યક્તિઓનો ફિંગરપ્રિન્ટ ડેટા તૈયાર કરવામાં આવ્યો છે. આ પ્રકારની સુવિધા ધરાવતું ગુજરાત દેશનું એકમાત્ર રાજ્ય છે કે જ્યાં કેન્દ્ર સરકારની તપાસસંસ્થા અને અન્ય રાજ્યોને ગુના ઉકેલવામાં મદદ પુરી પાડાવમાં આવે છે. વિશ્વની સૌપ્રથમ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીની સ્થાપના ગુજરાતમાં થઈ છે. ગુજરાતની સુરક્ષાની શૃંખલા ભવિષ્યમાં અકબંધ રહે તે માટે દેશની સૌ - પ્રથમ અને એકમાત્ર રક્ષાશક્તિ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે. જેનાથી દેશમાં પોલીસદળો, લશ્કરી દળો, અર્ધલશ્કરી દળો અને પ્રાઈવેટ સિક્યોરીટી માટે જરૂરી અને કૌશલ્યવાન માનવબળ પ્રાપ્ત થશે.

વહીવટી માળખામાં ઈ-ગવર્નન્સના કારણે આદાન-પ્રદાનની પ્રક્રિયાઓ અને વહીવટ પારદર્શક અને ઝડપી બન્યો છે.

ઈ-ગવર્નન્સ

એકવીસમી સદી જ્ઞાનની સદી હોવાની સાથે જ આધુનિક ટેકનોલોજીની પણ સદી બની રહી છે. ઈન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમ દ્વારા દુનિયાભરમાં બનતી ઘટનાઓ એક છેડાથી બીજા છેડા સુધી માત્ર ગણતરીની ક્ષણોમાં પહોંચી શકે છે.

રાજ્યસરકારે વહીવટી માળખામાં છેલ્લા દસકામાં ઈ-ગવર્નન્સના ઉપયોગ દ્વારા રોજિંદી પ્રક્રિયાને સરળ કરી આપી છે. ગામડાનો માણસ પણ હવે કમ્પ્યૂટરનો ઉપયોગ કરતો થઈ ગયો છે. જન્મ-મરણના દાખલા હોય કે 7-12ના જમીનના ઉતારા હોય, રેશનકાર્ડની નોંધણી હોય કે પ્રોપર્ટી રજિસ્ટ્રેશન હોય, આધુનિક ટેકનોલોજીના ઈ-ગવર્નન્સના ઉપયોગે કમાલ કરી બતાવી છે.

* લાખો કુટુંબો અને કરોડો નાગરિકોને વહીવટી પ્રક્રિયાઓની લાંબી લાંબી લાઈનોમાંથી મુક્તિ મળી છે. વહીવટી કામગીરી કરનારા અને અરજદારો વચ્ચેનો બિનજરૂરી સંપર્ક ઘટ્યો છે, કામગીરીમાં વેડફાતો સમય અને ભૌતિક વસ્તુઓ ઘટી છે. લોકો ઈ-ગવર્નન્સની પ્રક્રિયાઓને કારણે મળતી સુવિધાઓનો લાભ લેતા થયા હોવાને કારણે રાજી છે અને સરકારના પક્ષે આવકમાં પણ વધારો થયો છે. અત્યંત મહત્ત્વની વાત તો એ છે કે છેલ્લા દસકામાં ઈ-ગવર્નન્સ ક્ષેત્રે થયેલી કામગીરી આ વાતના બોલતા પુરાવા છે. મતલબ કે માત્ર પ્લાનિંગ નહીં, નક્કર પરિણામો પ્રજાને મળ્યાં છે. આ રહ્યા કેટલાક ઊડીને આંખે વળગે તેવા પુરાવાઓ...
* ઈન્ફર્મેશન ટેકનોલોજીના યોગ્ય ઉપયોગ દ્વારા રોજગારક્ષેત્રે શ્રેષ્ઠ કામ થઈ રહ્યું છે. તાલીમ અને રોજગાર વિભાગની વેબસાઈટ મારફતે નોકરી ઈચ્છનારા પોતાની વિગતો એમ્પ્લોયમેન્ટ એક્સ્ચેન્જમાં નોંધાવી શકે તેવી સુવિધા 2002થી મળતી થઈ છે. સામા પક્ષે નોકરી આપનાર આ વેબસાઈટ પરની વિગતો જોઈને યોગ્ય ઉમેદવારની પસંદગી કરી શકે છે.

આદિવાસી બાળકો કમ્પ્યૂટર-લેપટોપનો ઉપયોગ કરે છે.



* સિટી સિવિક સેન્ટર સ્થાપવાની શરૂઆત 2002માં અમદાવાદથી થઈ. અમદાવાદ મહાનગરપાલિકાના વિસ્તારોમાં 38 સેન્ટરો કાર્યરત છે. જન્મ-મરણના દાખલા, દુકાનોની નોંધણી જેવી રોજિંદી કામગીરી અહીં થાય છે. રોજનાં 8000 ટ્રાન્ઝેક્શન આ કેન્દ્રોમાંથી થવાથી નાગરિકોને કામમાં સરળતા અને સુવિધા વધી છે અને કોર્પોરેશનને ટેક્સ કલેક્શનમાં 82% જેટલો વધારો પ્રાપ્ત થયો છે.
* વર્ષ 2003માં શરૂ થયો સ્વાગત કાર્યક્રમ. નાગરિકોના પ્રશ્નો સાંભળવા-ઉકેલવા ટેકનોલોજીના ઉપયોગ કરાયો. આરંભે રાજ્યકક્ષાએ, પછી જિલ્લાકક્ષાએ અને પછીથી તાલુકાકક્ષા સુધી વિડિયો કોન્ફરન્સના માધ્યમ દ્વારા સ્વાગત કાર્યક્રમ હાથ ધરાયો. વહીવટી પારદર્શકતા અને અસરકારતાનો સીધો પરિચય પ્રજાને કરાવાયો.
* વર્ષ 2004માં શરૂ કરાયેલો ઇ-ધરા કાર્યક્રમ છેડાના નાગરિકો અને ખેડૂતો માટે આશીર્વાદરૂપ બની રહ્યો છે.
* ઇન્ફર્મેશન ટેક્નોલોજીના માધ્યમ દ્વારા 225 તાલુકામાં 1 કરોડ સર્વે નંબરની વિગતો ઑનલાઈન ઉપલબ્ધ કરવામાં આવી છે. 5.8 લાખ જેટલાં ખાતાંઓની વિગતો સમાવિષ્ટ થઈ છે. ચાલુ વર્ષમાં જ 3 કરોડ ટ્રાન્ઝેક્શન નોંધાયાં છે. છેલ્લાં બે વર્ષથી તો આ સેવા ગામડાંઓમાં પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. 24 લાખ ખેડૂતોએ તેનો લાભ લીધો છે. ઇ-ગ્રામ કેન્દ્રો સહુના માટે લાભપ્રદ બની રહ્યાં છે.
* વર્ષ 2005માં રાજ્યનાં તમામ રેશનકાર્ડ ઑનલાઇન કરાયાં છે. આ કારણે સરળતા વધી છે. રોજ 6000 ટ્રાન્ઝેક્શન થાય છે એ જ બતાવે છે કે રેશનકાર્ડ ધરાવતાં તમામ કુટુંબોનાં રેશનકાર્ડની વિવિધ પ્રક્રિયામાં આ સુવિધા અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થઈ છે.
* છેલ્લાં પાંચ વર્ષથી જન્મ અને મરણની નોંધણી ઑનલાઈન થાય છે, પરિણામે લોકોને સરળતાથી વિગતો મળતી થઈ છે. 14 લાખ જેટલી નોંધણી આ સુવિધા હેઠળ ઑનલાઈન થાય છે. 2006થી જિલ્લા કક્ષાએ જનસેવાકેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે. આ સેવાને પરિણામે જુદાંજુદાં સર્ટિફિકેટ્સ અને ઍફિડેવિટ આ કેન્દ્રો પરથી અરજદારને સરળતાથી મળી રહે છે. હાલમાં આ સેવાઓ બધા જ તાલુકાકક્ષાએ વિસ્તરી છે અને રોજનાં 6000થી વધુ ટ્રાન્ઝેક્શન નોંધાય છે.
* 2009ના વર્ષમાં શરૂ થયેલો ઇ-મમતા પ્રોજેક્ટ લોકપ્રિય થયો છે. રાજ્યનાં 80 લાખ કુટુંબો અને 4 કરોડ નાગરિકોની માહિતી આ પ્રોજેક્ટ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી છે.



કૃષિવિકાસ : હરિયાળું ગુજરાત

સમગ્રતયા વિકાસની ગતિને તેજ કરવામાં ગુજરાતે કરેલા વિકાસ અંગે વાત કરીએ સૌપ્રથમ ગુજરાતનાં ખેડૂત અને ખેતીની થયેલી પ્રગતિની. તે કૃષિક્ષેત્રે સર્જેલા ચમત્કારની નોંધ દેશ અને દુનિયા આજે લઈ રહ્યું છે. ગુજરાતનો ખેડૂત આધુનિક અને વૈજ્ઞાનિક જાણકારીના પરિણામે આર્થિક રીતે વધુ સમૃદ્ધ બન્યો છે. કૃષિમહોત્સવનો નવતર વિચાર મૂક્યો અને ગુજરાતના ધરતીપુત્રોએ વિક્રમજનક ખેતઉત્પાદન દ્વારા ગુજરાતમાં કૃષિક્રાંતિ સર્જી છે. છેલ્લા દાયકામાં ભારતનો કૃષિવિકાસદર સાડાત્રણ ટકાની આસપાસ રહ્યો છે, જ્યારે ગુજરાતનો કૃષિવિકાસદર 11 ટકા જેટલો છે. કૃષિક્ષેત્રે અગાઉ 2011માં 14 હજાર કરોડ જેટલી ખેતીની આવકની સામે રૂપિયા 80 હજાર કરોડ જેટલી ખેતીની આવક થઈ છે. એટલે પ્રત્યેક ગુજરાતી આજે ગર્વ સાથે એમ કહી શકે કે દેશની બીજી હરિત ક્રાંતિનું નેતૃત્વ ગુજરાત લઈ રહ્યું છે. વર્ષ 2001માં રાજ્યનો કુલ વાવેતર-વિસ્તાર 108 લાખ હેક્ટર હતો જે આજે વર્ષ 2011માં વધીને 145 લાખ હેક્ટરથી વધુ છે. એક દશક પહેલાં ગુજરાતમાં ખેડૂતોની જમીન-ચકાસણી માટેની પ્રયોગશાળા માત્ર 20 હતી જે વધીને આજે 107 થઈ છે. રાજ્યના 43 લાખ જેટલા ખેડૂતોની જમીનના નમૂનાઓનું પૃથક્કરણ કરવામાં આવ્યું છે.

કૃષિ રોજગાર ક્ષેત્રે દેશમાં પહેલી વાર ગુજરાતમાં કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા આઠ એગ્રો આઇ.ટી.આઇ.

કૃષિક્ષેત્રે ગુજરાતે વૈજ્ઞાનિક અભિગમ સ્વીકાર્યો છે. રાજ્યમાં કાર્યરત 4 કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા સંશોધનોને આધારે કપાસ, મગફળી, શાકભાજીનું ઉત્પાદન 300થી 700 ટકા વધ્યું છે.

કૃષિ યુનિવર્સિટી, જુનાગઢ







અગાઉ પાણીના અભાવે કંગાળ રહેલું કૃષિક્ષેત્ર આજે હરિયાળું છે. એનો યશ રાજકીય અને અદાલતી અવરોધો ઓળંગીને સરદાર સરોવર યોજના સાકાર થઈ એને ઘટે છે.



સ્થાપવાનું આયોજન સને 2011-12ના વર્ષમાં કરાયું છે. વડોદરામાં લૅન્ડસ્કેપ ગાર્ડનિંગ, ગોધરામાં કૃષિ ઈજનેરી, જૂનાગઢમાં સીડ્સ પ્રોડક્શન ગ્રીનહાઉસ બાંધકામ વ્યવસ્થાપન, મહુવામાં સૂક્ષ્મ પિયત પદ્ધતિ વ્યવસ્થાપન અને ડુંગળીની વૈજ્ઞાનિક ખેતપદ્ધતિ, સંગ્રહ-મૂલ્યવર્ધનના સર્ટિફિકેટ કોર્સનાં આઇ.ટી.આઇ. કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યાં છે.

ભારત કૃષિપ્રધાન દેશ છે. આજે પણ દેશની 70 ટકા વસ્તી અને અર્થતંત્ર ખેતી-આધારિત છે. ગુજરાત રાજ્ય અને ગુજરાતીઓની છાપ વ્યાપારી પ્રજા તરીકે છે, તેમ છતાં ગુજરાત કૃષિક્ષેત્રે દેશમાં પ્રથમ નંબરે છે. આજે ગુજરાતનો કિસાન પોતાનો માલ વિદેશમાં નિકાસ કરી રહ્યો છે. અગાઉ ગુજરાતમાં અનિયમિત વરસાદ, વારંવાર દુષ્કાળ, આધુનિક અને વૈજ્ઞાનિક કૃષિપદ્ધતિની જાણકારીનો અભાવ હોવાથી કૃષિ-આવકમાં કોઈ વધારો થયો ન હતો.

કૃષિક્ષેત્રે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી, તેનું મક્કમતાપૂર્વક નક્કર આયોજન કરી, રાજ્યમાં કૃષિલક્ષી વાતાવરણ ઊભું કર્યું છે. કૃષિ-મહોત્સવના માધ્યમથી ખેડૂતોને આધુનિક અને વૈજ્ઞાનિક ખેતી અંગે ગામે ગામ જાણકારી આપી તેનો લાભ રાજ્યના 42 લાખ ખેડૂતોને મળી રહ્યો છે. આજે રાજ્યનો ખેડૂત ટપક-સિંચાઈ, ફુવારાપદ્ધતિ, રેઈનગન પદ્ધતિ, પોરસ પદ્ધતિ વડે ખેતી કરતો થયો છે. અગાઉ ગુજરાતના 102 લાખ હેક્ટર ખેત વિસ્તારમાં સિંચાઈસુવિધા હતી તે લોકભાગીદારીથી કરવામાં આવેલા જળસંચય-વ્યવસ્થાપનના પરિણામે વર્ષ 2011માં 145 લાખ હેક્ટર ઉપર પહોંચી છે. કૃષિ મહોત્સવની સાથે રાજ્ય સરકારે ખેડૂતોને ખૂબ મોટી સંખ્યામાં વીજજોડાણો પૂરાં પાડ્યાં છે. તેમ જ છેલ્લા એક દશકમાં ખેડૂતોને રૂ. 5 હજાર કરોડ જેટલી વીજ સબસીડી ચૂકવવામાં આવી છે, જ્યારે 8 લાખથી વધુ ખેડૂતોને વીજ બિલમાં રાહત આપવામાં આવી છે.

રાજ્યમાં કાર્યરત ચાર કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા ખેડૂતલક્ષી કૃષિશિક્ષણની નવતર પ્રણાલી વિકસાવાઈ છે. આ યુનિવર્સિટીઓ દ્વારા કરાયેલાં નવાં-નવાં સંશોધનોને આધારે રાજ્યના ખેડૂતોને વધુ ફળદ્રુપ બિયારણો આપવામાં આવે છે, તેથી ગુજરાતનો ખેડૂતને નકલી બિયારણની સમસ્યામાંથી છુટકારો મળતો થયો છે.

* રાજ્યનું ઘરગથ્થુ ઉત્પાદન ત્રણગણું વધ્યું છે. વર્ષ 2000-02માં રૂ. 1,11,139 કરોડ હતું જે વધીને રૂ. 3,37,217 કરોડ સુધી પહોંચ્યું છે. માથાદીઠ આવક અઢીગણાથી વધી રૂ. 18392 થી રૂ. 49,251 પહોંચી છે.
* રાજ્યમાં એકંદર વાવેતર હેઠળનો વિસ્તાર 104.97 લાખ હેક્ટર હતો જે વધીને 112.57 લાખ હેક્ટર જેટલો થયો છે. ખેત-ઉત્પાદનમાં ત્રણગણા કરતાં વધુ વધારો નોંધાયો છે. અગાઉ ખેત-ઉત્પાદન રૂ. 15,733 કરોડ જેટલું હતું જે વધીને રૂ. 47,540 કરોડ થયું છે.
* રાજ્યમાં કપાસનું ઉત્પાદન 12.83 લાખ ગાંસડી હતું જે વધીને 82.71 લાખ ગાંસડી થતાં ઉત્પાદન છગણું થયું છે.
* મગફળીનું ઉત્પાદન 7.40 લાખ મેટ્રિક ટન હતું જે વધીને 32.99 લાખ મેટ્રિક ટન થયું છે.
* દૂધ-ઉત્પાદનમાં દોઢગણા કરતાં વધુ વધારો નોંધાયો છે. દૂધ ઉત્પાદન 53.19 લાખ મેટ્રિક ટનથી વધીને 83.87 લાખ મેટ્રિક ટન થયું છે.
* શાકભાજી અને ફળોનું ઉત્પાદન 53.40 લાખ ટન હતું જે 132.60 લાખ મેટ્રિક ટન થતાં ઉત્પાદન અઢી-ગણું થયું છે.

ગુજરાતની કૃષિ-ક્રાંતિએ રાજ્યની યુવાશક્તિને ખેતીવાડીક્ષેત્રે પોતાની તાકાત બતાવવા પ્રેરણા અને અવસર આપ્યાં છે અને આગામી 50 વર્ષમાં ગુજરાતનું યુવાધન કૃષિક્ષેત્રે સમૃદ્ધિનું વાવેતર કરશે. કૃષિક્ષેત્રે પરંપરાને સાચવીને ગુજરાતે વૈજ્ઞાનિક અભિગમ ધરાવતાં નૂતન પરિવર્તનોને સ્વીકારતાં કૃષિક્ષેત્રે ક્રાંતિ થઈ છે.

ઔદ્યોગિક ગુજરાત : વિશ્વના સૌથી સફળ સમાજ સાથે સ્પર્ધા

દેશમાં 21મી સદીની ઔદ્યોગિક ક્રાંતિનાં પગરણ ગુજરાતથી થવાના છે એવો સંકેત જાન્યુઆરી મહિનામાં અમદાવાદની નજીક આવેલા સાયન્સ સિટી ખાતે યોજાયેલા બે દિવસના 'વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટ - 2007' દરમિયાન વૈશ્વિક રોકાણકારો અને ઉદ્યોગ-માંધાતાઓએ આપ્યો હતો. ગુજરાત ઝડપથી વિકસી રહેલું રાજ્ય છે અને આગામી વર્ષોમાં ગુજરાત વિશ્વનાં ઝડપથી વિકસિત થઈ રહેલાં રાષ્ટ્રોની સ્પર્ધાની હરોળમાં આવીને ઊભું રહેવાનું છે. ઔદ્યોગિક અને માળખાકીય સુવિધાઓમાં રોકાણ માટે ઉત્તમ સ્થળ તરીકે ઓળખાયેલા ગુજરાતમાં ઔદ્યોગિક શાંતિ અને પ્રજાની સાહસિકતાની સાથોસાથ રાજ્ય સરકારની નીતિઓ, વહીવટી તંત્રની ગતિશીલતાને મુક્ત કંઠે વખાણી હતી. ગુજરાત આગામી ત્રણ વર્ષમાં ઊર્જા ક્ષેત્રે સુપર પાવર બની ભારતની એનર્જી ક્રાઈસિસને દૂર કરશે એવો વિશ્વાસ છે. રાજ્ય સરકારે 1600 કિ.મી. લાંબા દરિયાકાંઠાને ધ્યાનમાં રાખીને પારદર્શક સ્પેશ્યલ ઇકોનૉમિક ઝોન (સેઝ) માટેનો કાયદો બનાવ્યો છે. આ સેઝની સાથે બંદરો અને તેમને જોડતા રેલ તથા રસ્તા માર્ગના વિકાસની રૂપરેખાથી ગુજરાત ચીન જેવા દેશોની સીધી સ્પર્ધામાં ઊભું રહેશે. ગુજરાતની આવતી કાલ કુદરતી ગૅસ (નેચરલ ગેસ) બેઝ્ડ ઇકોનૉમીથી ધમધમવાની છે. તેની સાથે ઊર્જાક્ષેત્રે સરપ્લસ રાજ્ય બનવા ઉપરાંત 21મી સદીની ઔદ્યોગિક ક્રાંતિનાં પગરણ પણ ગુજરાતથી જ થવાનાં છે.

Vibrant
GUJARAT 2011

ભારતના સમગ્ર આર્થિક ઇતિહાસમાં ગુજરાતે પરાપૂર્વથી અગત્યની ભૂમિકા ભજવી છે. એકવીસમી સદીના પ્રથમ દસકામાં ઝડપી ઔદ્યોગિક વિકાસની દિશામાં તેણે કદમ માંડ્યાં. કપાસ, મગફળી, ખજૂર, શેરડી, દૂધ અને તેની બનાવટોના પરંપરિત પાકોની સાથે સીમેન્ટ, પેટ્રોલિયમ અને ઔદ્યોગિક પેદાશોનાં ક્ષેત્રે તે સક્રિય બન્યું. ભારતમાં મુક્ત અર્થતંત્રને વેગ આપતું તે બીજું રાજ્ય છે. જ્યારે પ્રથમ સ્થાન તામલિનાડુ રાજ્ય ધરાવે છે.

અગ્રિમ ઔદ્યોગિક રાજ્ય બનવા માટે કેટલીક પાયાની જરૂરિયાતોમાં વીજળીશક્તિ અને માર્ગસુવિધા મુખ્ય છે. ગુજરાતનાં 18,000 ગામો છે જે તમામ વીજળી-જોડાણ ધરાવે છે. બીજા શબ્દોમાં સો ટકા ગામો વીજ-જોડાણ ધરાવે છે અને ચોવીસ કલાક વીજળીની જ્યોતિગ્રામ યોજના સુપેરે કાર્યરત છે. એ જ રીતે વિવિધ ગામોને જોડતા માર્ગોમાં 87.9 ટકા માર્ગો પાકા માર્ગો છે, એટલે કે 98.86 ટકા માર્ગો તમામ ઋતુઓમાં કાર્યરત રહે છે. આમ પાટનગર ગાંધીનગર અને ગ્રામીણ ગુજરાત સાથેની જોડાણક્ષમતા ઊંચી ટકાવારી ધરાવે છે. એક અંદાજ મુજબ ભારતનાં બહુ થોડાં રાજ્યો આવી ઊંચી માર્ગ અને વાહનવ્યવહારની ક્ષમતા ધરાવે છે. પાયાની ઊંચી સુવિધાઓને કારણે આર્થિક વિકાસના ક્ષેત્રે અગ્રેસર બનવાની દિશામાં ઝડપી કાર્યવાહી શક્ય બની છે. ગેસ-આધારિત થર્મલ ઇલેક્ટ્રિસીટીમાં ગુજરાત દેશભરમાં પ્રથમ સ્થાને છે. ઔદ્યોગિક વિકાસનું આ જમાપાસું અન્ય ક્ષેત્રમાં ઉદ્યોગોને આકર્ષે છે.

રિલાયન્સની જામનગર રીફાઈનરી વિશ્વની ધરાતલ (ગ્રાસ-રૂટ) કક્ષાની સૌથી મોટી રીફાઈનરી છે. એ જ રીતે ભારતનું એકમાત્ર પ્રવાહી રસાયણો માટેનું બંદર (લિક્વિડ કેમિકલ્સ પૉર્ટ) ટર્મિનલ દહેજ ખાતે વિકસાવ્યું છે જેનું સંચાલન ગુજરાત કેમિકલ પૉર્ટ ટર્મિનલ કંપની લિમિટેડ દ્વારા થાય છે. દેશમાં લીક્વિફાઈડ નેચરલ ગેસનાં કુલ ત્રણ ટર્મિનલ છે, જેમાંનાં બે ગુજરાતસ્થિત છે તેના દહેજ અને હજીરા ખાતેનાં ટર્મિનલોનો સમાવેશ થાય છે. રીઝર્વ બૅંક ઑફ ઇન્ડિયાના વર્ષ 2006-07ના અહેવાલ અનુસાર ભારતભરમાં નાણાના કુલ ધિરાણના 26 ટકા ગુજરાતમાં પ્રયોજાય છે.

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ ઝડપી બનાવવા નીતિ-ઘડતરમાં શરૂઆતથી સરકારે તાલુકા સ્તર સુધી વિકાસ અંગે દરેક માહિતી મેળવીને પછાત તાલુકાઓને અલગ તારવ્યા હતા. ત્યારબાદ તમામ તાલુકાઓમાં ઔદ્યોગિક વિકાસ



'ગુજરાતમાં મૂડી રોકાણ ન કરનારા મૂર્ખ છે.'
- રતન તાતા



'હું ગુજરાતના ખમીરને સલામ કરું છું. આ જ ખમીર વિશ્વમાં ભારતનું પ્રતિનિધિત્વ કરે છે.'
- મૂકેશ અંબાણી



ગુજરાત રાજ્યનો જીડીપીનો દર બે આંકડાનો થયો છે. રાજ્ય સરકાર ગુજરાતને દેશનું સૌથી મોટું ઉત્પાદનકેન્દ્ર બનાવવા કટિબદ્ધ છે.



'ગુજરાત સરકાર અને બ્યુરક્રસી પણ કામો સમયસર પૂરાં કરવામાં સહકાર આપે છે. આ અહીંનુ પ્લસ પૉઈન્ટ છે.'
- કુમાર મંગલમ્ બિરલા



'ગુજરાતની વિકાસગાથા જબરદસ્ત છે - ભારતમાં જ નહિ, પરંતુ વિશ્વમાં પણ.'
- ગૌતમ અદાણી

નિગમ દ્વારા ઔદ્યોગિક વસાહતો, સ્પેશ્યલ ઇકોનોમિક ઝોન (સેઝ) અને સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજીયન (સર) તથા પેટ્રોકેમિકલ અને પેટ્રોલિયમ ઇન્વેસ્ટમેન્ટ રીજિયન જેવા નવા કોન્સેપ્ટને દેશમાં લાગુ પાડવામાં આવ્યો. આ સાથે વિવિધ યોજનાઓ જાહેર કરીને રાજ્યમાં લઘુ, મધ્યમ અને મોટા ઉદ્યોગોના વિકાસ માટે અનુકૂળ વાતાવરણ ઊભું કર્યું છે.

રાજ્યમાં વિદેશી મૂડીરોકાણ વધારવા માટે વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઇન્વેસ્ટર્સ સમિટનો અભિગમ દાખલ કરી વર્ષ 2003થી દર બે વર્ષે વાઇબ્રન્ટ ગુજરાત ઇવેન્ટનું આયોજન કરવામાં આવે છે. વર્ષ 2003, 2005, 2007 અને 2009માં રોકાણકારો દ્વારા કુલ 4,011 એમઓયુ કરવામાં આવ્યા છે, જેમાંથી 1,579 પ્રોજેક્ટ ઉત્પાદનમાં ગયા છે અને 1,138 પ્રોજેક્ટ અમલીકરણ હેઠળ છે. આમ અમલવારીની સફળતાની ટકાવારી 62.67 ટકા દર્શાવે છે. આ પ્રોજેક્ટમાં કુલ રૂ. 6.67 લાખ કરોડનું રોકાણ રાજ્યમાં થશે, તેમ જ રાજ્યમાં 17.28 લાખ નાગરિકોને રોજગારી મળવાની તકો ઊભી થશે.

ઉદ્યોગ અને ખાણ

રાજ્યમાં રોજગારી વધારવા માટે ઉદ્યોગો ઝડપથી વિકસે તે જરૂરી છે. આ માટે રાજ્ય સરકારે વર્ષ 2009માં 'ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ' જેવી વૈજ્ઞાનિક જોગવાઈઓ કરી છે, જે અન્વયે માત્ર એક વર્ષના ટૂંકા ગાળામાં સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજિયન જાહેર કરવામાં આવ્યા છે, જેમાં...


* ધોલેરા સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજિયન.
* ધી ગુજરાત પેટ્રોલિયમ કેમિકલ અને પેટ્રોકેમિકલ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજિયન, જિલ્લો ભરૂચ.
* અલિયા બેટ એન્ટરટેઇનમેન્ટ એન્ડ ઇકો ડેવલપમેન્ટ સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજિયન, જિલ્લો ભરૂચ.
* સાંતલપુર સ્પેશ્યલ ઇન્વેસ્ટમેન્ટ રીજિયન, પાટણ.

વાઇબ્રન્ટ ગુજરાત માટેના આર્થિક રોકાણકારોની ટોચની પરિષદ જાન્યુઆરી, 2007માં અમદાવાદ ખાતે યોજાયેલી. ચોથી વાઇબ્રન્ટ ગુજરાત વૈશ્વિક રોકાણકારોની ટોચની પરિષદ જાન્યુઆરી, 2009માં અમદાવાદ ખાતે યોજાયેલી, જેમાં 600 વિદેશી પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. તેમાં 12.5 લાખ કરોડના MOU પર ગુજરાત સરકાર અને ઉદ્યોગકારો વચ્ચે સહીસિક્કા થયાં હતાં અને તે દ્વારા ગુજરાત રાજ્યમાં નવી 25 લાખ નોકરીની તકો સર્જાવાનો અંદાજ છે. અતિશય ભારે ન કહેવાય તેવા મજૂરોને લગતા કાયદાઓ, વીજળીશક્તિની સુલભતા અને અસરકારક વહીવટી તંત્ર ગુજરાતના આર્થિક વિકાસનું જમા-પાસું છે. આ ત્રણ સુવિધાઓને કારણે દેશ-વિદેશના ઉદ્યોગકારોને ગુજરાત ખાતે આમંત્રિત કરવામાં સફળતા મળી છે. 'ફોર્બ્સ' જેવા સામયિકના મતે આ કારણોસર અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર અને ભાવનગર અતિશય ઝડપે વિકસતાં શહેરો છે. સુરત તો ભારતભરમાં તીવ્ર ઝડપથી વિકસતું શહેર છે. વડોદરા નજીકના હાલોલ ખાતે જનરલ મોટર્સ, સાણંદ ખાતે તાતાની નેનો કાર ફેક્ટરી અને ભુજ ખાતે AMW ટ્રકોની ફેક્ટરી કાર અને ટ્રકોના ઉત્પાદનક્ષેત્રે ગુજરાતને અગ્રિમ હરોળમાં મૂકી આપે છે.

ભાવનગર નજીક અલંગ બંદરે વિશ્વનું મોટામાં મોટું રીસાયકલિંગ યાર્ડ (જહાજોનો ભંગારવાડો) છે. 2003માં વિશ્વના 92 ટકા હીરાની કપાત અને પૉલિશિંગ સુરત ખાતે થતાં હતાં. એથી સુરત વિશ્વમાં હીરા માટેનું મુખ્ય મથક બન્યું છે. 2011 સુધીનાં છેલ્લાં પાંચ વર્ષોમાં ગુજરાત રાજ્યે 12.8 ટકા કૃષિવિકાસ નોંધાવ્યો છે, જ્યારે ભારતની આ ક્ષેત્રની રાષ્ટ્રીય સરેરાશ 2 ટકા છે. આમ ખાનગીક્ષેત્રે આકર્ષક મૂડીરોકાણની સુવિધા પૂરી પાડીને તેમ જ ઉદ્યોગોને પ્રોત્સાહન આપીને ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં અગ્રિમ સ્થાને રહે છે. ભારતનાં અન્ય રાજ્યોની તુલનાએ ગુજરાત રાજ્યનો ઔદ્યોગિક વિકાસ તેને પ્રથમ પંક્તિના રાજ્યમાં સ્થાન અપાવે છે.



રિફાઇનરી



IPCL

ઊર્જાવાન ગુજરાત : દેશભરમાં ઊર્જાક્ષેત્રે સરપ્લસ રાજ્ય

ગુજરાતમાં છેલ્લા દાયકામાં વીજપ્રશ્નોનું ખૂબ જ ઝડપી નિરાકરણ થયું છે. બીજા શબ્દોમાં કહીએ તો વીજળીને લગતા પ્રશ્નો લગભગ નિર્મૂળ થઈ ગયા છે. રાજ્ય સરકારની દૂરંદેશીને કારણે ગુજરાત વીજળીની સમસ્યાના કાયમી ઉકેલ તરફ ખૂબ ઝડપથી આગળ વધી રહ્યું છે. જ્યોતિગ્રામ યોજનાને કારણે ગામેગામ વીજળી પહોંચી છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી નીતિઓ અને લેવામાં આવેલાં વિશિષ્ટ પગલાંને કારણે આ શક્ય બન્યું છે. વીજવપરાશને લઈ તેની વીજ માગ વધી છે. આમ છતાં આ ક્ષેત્રના નવા સ્રોતો ઊભા કરવામાં આવી રહ્યાં છે, જે ભવિષ્યની વીજમાગ પૂરી પાડશે.

વીજ ક્ષેત્રમાં સરકારની સિદ્ધિ અને પ્રયાસો

* ગુજરાત દેશનું પ્રથમ એવું રાજ્ય છે કે જેણે સમગ્ર રાજ્યનાં રહેણાંકની વીજ-વપરાશકારોને 24 કલાક અવિરત વીજપુરવઠો પૂરો પાડવા માટે ગ્રામીણ ફીડર તથા કૃષિ ફીડરને અલગ કરી જ્યોતિગ્રામ યોજના દ્વારા સફળતા મેળવી છે.
* રાજ્યની વીજ-ઉત્પાદન-ક્ષમતા વર્ષ 2001માં 6000 મેગાવૉટ હતી જે વધીને 2010માં 12258 મેગાવૉટ થઈ છે. વધારાની 11000 મેગાવૉટ ક્ષમતા માટેના પ્રયાસો ચાલુ છે.
* સમગ્ર એશિયામાં પ્રથમ વખત ગુજરાતમાં ક્લિન્ટન ફાઉન્ડેશન, અમેરિકાના સહયોગથી 3000 મેગાવૉટના સોલાર પાર્ક તથા સોલાર પાર્ક મશીનરીના ઉત્પાદનના એકમની સ્થાપના કરાશે.
* રાજ્યમાં ઊર્જાક્ષેત્રે લેવાયેલાં પગલાં અને ઊભી થનાર ઔદ્યોગિક તકોને લઈ સોલાર એનર્જી અને ન્યુક્લીયર એનર્જી માટેના M.Tech. Courses રાજ્યની પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે શરૂ કરવામાં આવ્યા છે.
* Global Warming - ના પડકારોને પહોંચી વળવા અને પર્યાવરણના સંવર્ધન માટે રાજ્ય સરકારે સોલાર આધારિત વીજ-ક્ષમતા સ્થાપવા માટે 665 મેગાવૉટના સોલાર વીજ એકમો માટે વીજ ખરીદ કરાર (PPAs) કરવામાં આવ્યો છે.
* 11મી પંચવર્ષીય યોજના માટે સ્થાપિત વીજ-ઉત્પાદન-ક્ષમતા-વૃદ્ધિ 11,163 મેગાવૉટ. ગુજરાત સરકારે ગુજરાતને 11મી પંચવર્ષીય યોજનાને અંતે પાવર સરપ્લસ સ્ટેટ (વિપુલ વીજળીથી સમૃદ્ધ રાજ્ય) બનાવવાનું આયોજન કર્યું છે.



* વર્ષ 2011માં રાજ્યની વીજ-સ્થાપિત ક્ષમતા 8525 મેગાવૉટ હતી, જે વધીને 2006-07માં 9561 મેગાવૉટ થઈ.
* વર્ષ 2001માં ગુજરાતનું રોજનું સરેરાશ વીજ-ઉત્પાદન 138 મિલિયન યુનિટ હતું, જે વધીને 2006-07માં 168 મિલિયન યુનિટ થયું.
* વર્ષ 2001માં રાજ્યમાં વિવિધ ક્ષમતાનાં 730 સબ-સ્ટેશનો હતાં, જેમાં 150 સબસ્ટેશનોનો વધારો કરીને કુલ 880 સબસ્ટેશનો કાર્યાન્વિત કર્યાં.
* જીઈબીએ વર્ષ 2001-02માં રૂ. 2542 કરોડની ખોટ કરી હતી. વર્ષ 2004-05માં તે ઘટીને રૂ. 927 કરોડ થઈ, જ્યારે નાણાકીય વર્ષ 2005-06માં રૂ. 202 કરોડનો અને વર્ષ 2006-07માં રૂ. 200 કરોડનો નફો નોંધાયો.
* વીજક્ષેત્રે સુધારણા અંગે કેન્દ્ર તરફથી મળેલા પાંચ ગોલ્ડમેડલ, પાંચ સિલ્વર મેડલ અને સારી કામગીરી માટેનાં પ્રમાણપત્રો.

ઊર્જાક્ષેત્રમાં એકમાત્ર ગુજરાતનાં 18000 ગામો જ્યોતિગ્રામથી 24 કલાક થ્રી ફેઝ વીજળી મેળવતા થયાં છે અને હવે ગુજરાતની ઊર્જાશક્તિ સાતેય અશ્વ ઉપર સવાર થશે - થર્મલ, ન્યુક્લિયર, કોલસા, વિન્ડ એનર્જી, ટાઇડલ એનર્જી અને સોલાર એનર્જી જેવા બધા જ ઊર્જાસ્રોતોના વિકાસની શક્તિરૂપે ગુજરાત પહેલ કરશે.

ગુજરાત રાજ્યમાં ચોવીસ કલાક વીજળી ઉપલબ્ધ છે એ એક મોટી સિદ્ધિ છે. 18000 ગામોને થ્રી ફેઝ વીજળી મળશે.

હજીરા પાવરપ્લાન્ટ





થર્મલ પાવર સ્ટેશન

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ

ઊર્જા-ઉત્પાદનમાં જ ગુજરાત સરપ્લસ સ્ટેટ નહીં, પણ ઊર્જા-ઉત્પાદનનાં સંસાધનોના મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રમાં પણ ગુજરાત અગ્રેસર નેતૃત્વ પૂરું પાડવાનું છે. ટ્રાન્સફોર્મર, જનરેટર્સ, પાવર ટર્બાઈન જેવાં ઇક્વિપમેન્ટ સહિત સોલાર એનર્જીના ઇન્ડસ્ટ્રીઅલ પ્રોજેક્ટ ડેવલપર્સ અને સોલાર એનર્જી ઇક્વિપમેન્ટ મેન્યુફેક્ચરિંગ પ્રોજેક્ટ પણ સ્થાપવા આગળ આવી રહ્યાં છે.

ગુજરાતમાં કોલસાની ખનીજ-ખાણો નથી, છતાં કોલસા પર આધારિત વીજ-ઉત્પાદનમાં ગુજરાત અગ્રિમ હરોળમાં છે. આ બધી વિકાસ-સિદ્ધિઓ ગુજરાતની ધરતીની ઊપજ છે.

બિનપરંપરાગત ક્ષેત્રે ઊર્જાવિકાસમાં સોલાર અને વિન્ડ એનર્જીની પૉલિસી પછી હવે બાયોમાસ એનર્જીની પૉલિસી તૈયાર કરીને અમલમાં મૂકનારું પણ ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય બનશે.

આજે દેશમાં ગુજરાતનો સુરત જિલ્લો બધા જ ઊર્જા-સ્રોતોનાં સ્વરૂપોનો વીજશક્તિ-ઉત્પાદનમાં ઉપયોગ કરનારો જિલ્લો છે.

પવનચક્કીથી ઊર્જા



ગુજરાતની ધરતી ઉપર સૂર્ય-ઊર્જાની વિશાળ ઉપલબ્ધિ છે. તેનો મહત્તમ વિનિયોગ કરવા સોલાર એનર્જી પૉલિસી અમલમાં મૂકી છે. છેલ્લાં ત્રણ વર્ષમાં જ ગુજરાત સૂર્ય અને પવન-ઊર્જા સહિત બિનપરંપરાગત ઊર્જાના ક્ષેત્રે ત્રણગણી ઊર્જાનો વધારો કરીને સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને પહોંચી ગયું છે.

હવે ગુજરાત સૌર-ઊર્જા-ક્ષેત્રે આગવી હરણફાળ ભરી રહ્યું છે અને વિશ્વવિખ્યાત એવી 34 કંપનીઓ સૌર ઊર્જા પ્રોજેક્ટ્સ સાથે ગુજરાતમાં ભાગીદાર બની રહી છે. આમ, ગુજરાત હવે સૌર-ઊર્જા-ક્ષેત્રે માત્ર વીજ-ઉત્પાદન જ નહીં, પરંતુ સંશોધન અને વિકાસ, મેન્યુફેક્ચરિંગ ઑફ સોલાર ઇક્વિપમેન્ટનું પણ 'ઇન્ટરનેશનલ હબ' બની જશે.

ગુજરાતનો માથાદીઠ વીજવપરાશ સરેરાશ રાષ્ટ્રીય વીજવપરાશ કરતાં બમણો છે. ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસની હરણફાળ, સંપૂર્ણપણે અમલી બનેલ જ્યોતિગ્રામ યોજના અને સતત ઊંચા જતા જીવનધોરણને કારણે વીજળી જીવનનું અને વિકાસનું અનિવાર્ય અંગ બની છે. ગરીબોના કલ્યાણને વરેલી ગુજરાત સરકારે સ્વર્ણિમ જયંતી વર્ષમાં ગરીબોનાં ઝૂંપડાંમાં પ્રકાશ પથરાય તે માટે અંદાજે પાંચ લાખ ગરીબ પરિવારોને ઘરગથ્થુ વીજજોડાણ પૂરાં પાડવાનું ભગીરથ કાર્ય હાથ ધર્યું છે.

1960માં ગુજરાતે 315 મેગાવૉટ વીજળીની ક્ષમતા સાથે વિકાસની યાત્રાનો પ્રારંભ કર્યો હતો. ગત 50 વર્ષમાં 11,711 મેગાવૉટની વીજ-ઉત્પાદનની ક્ષમતા સુધી આપણે પહોંચ્યા છીએ અને આગામી સુવર્ણ જયંતી વર્ષમાં વધુ 30 ટકા જેટલી ઐતિહાસિક હરણફાળ ભરી નવી 3583 મેગાવૉટ વીજળીનું ઉત્પાદન વધારવાનો મક્કમ નિર્ધાર છે.

તાજેતરમાં જ આદિવાસી વિસ્તારમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે સબસ્ટેશનનું ઉદ્ઘાટન થયું. 1000 સબસ્ટેશનોની વીજળીક્ષેત્રની મહત્ત્વપૂર્ણ માળખાકીય સુવિધા જનતા-જનાર્દનનાં ચરણોમાં સમર્પિત કરી છે. ગુજરાતની વિકાસયાત્રામાં પુરઝડપે ભાગીદાર બની રહેલ આદિજાતિ-વિસ્તારમાં નવાં 21 સબસ્ટેશનો સ્થાપવામાં આવશે.

સમગ્ર વિશ્વને જ્યારે ગ્લોબલ વૉર્મિંગનો ભય સતાવી રહ્યો છે ત્યારે બિનપરંપરાગત ઊર્જામાં વધારો કરવા વધુ 500 મેગાવૉટનો ઉમેરો કરીને કુલ 2350 મેગાવૉટ પવન ઊર્જા સ્થાપિત કરીને ગુજરાત નક્કર પગલાં લઈ રહ્યું છે.

રાજ્ય સરકારે સૌર ઊર્જા દ્વારા વીજ-ઉત્પાદન માટે કુલ 716 મેગાવૉટના પ્રોજેક્ટને મંજૂરી આપેલ છે. ક્લિન્ટન ક્લાઈમેટ ઇનિશિએટિવ્સ તથા અન્ય રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ડેવલપર્સ દ્વારા સોલાર પાવર પ્રોજેક્ટ અને સોલાર પાર્ક સ્થાપવા માટે સમજૂતી કરારો થયા છે.

'અદાણી પાવર લિમિટેડ'ના સ્થાપક-સંવર્ધક શ્રી ગૌતમ અદાણીએ 4620 મેગાવૉટની ક્ષમતાવાળો પાવર પ્લાન્ટ નાંખ્યો છે – જે દેશનો સૌથી મોટો પાવર પ્લાન્ટ છે.

સોલાર પાર્ક : એશિયાનો સૌથી મોટો સોલાર પાર્ક

એશિયાનો સૌથી મોટો સોલાર પાર્ક : ગુજરાત

ગુજરાત સરકાર અને 'ક્લીન્ટન ક્લાઈમેટ ઈનિશિયેટીવ' કંપની વચ્ચે સપ્ટેમ્બર 2009માં થયેલા સમજૂતી-કરાર (Memorandum of Understanding 'MOU') અનુસાર 19મી એપ્રિલ, 2012ના રોજ ગુજરાતમાં 'સોલાર પાર્ક'ના ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને હસ્તે શ્રીગણેશ થયા છે. ઉત્તર ગુજરાતના સરહદી રણવિસ્તારમાં (પાટણ પાસેના) ચારણકા ગામ પાસે 3 હજાર એકરમાં પથરાયેલો એશિયાભરનો આ સૌથી મોટો સોલાર પાર્ક છે. એ જ દિવસથી કાર્યરત થયેલ 600 મેગાવૉટનો સોલાર પાવર પ્લાન્ટ ગુજરાતના વિકાસમાં એક ઐતિહાસિક સિદ્ધિ ગણાવી શકાય. 2012ના એપ્રિલ માસમાં આ પાર્કનું ઉદ્ઘાટન કરતાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ આને દેશની ઊર્જા સુરક્ષા માટે પથદર્શક બની રહેશે એમ આશા વ્યક્ત કરી હતી.



કચ્છ, પાટણ અને બનાસકાંઠાના રણપ્રદેશમાં વસતા લોકો માટે રણ અને ગરમી બંને વેદનારૂપ હતાં. તેને બદલે આ પ્રદેશ હવે સૂર્યશક્તિનો સ્રોત બન્યો છે. આ પ્રદેશ સૂર્ય-ઊર્જાથી ભારતના વિકાસની શક્તિરૂપ ઊર્જાક્ષેત્રથી અગ્રેસર બન્યો છે. ચારણકામાં સૂર્યશક્તિથી વીજ-ઊર્જા-ઉત્પાદન માટે અંદાજે દેશવિદેશની 21 જેટલી કંપનીઓના સહયોગથી આ સોલાર પાર્ક પ્રોજેક્ટ માત્ર એક જ વર્ષના વિક્રમસર્જક સમયમાં તૈયાર થયો છે, જે દૈનિક 30 લાખ યુનિટ શુદ્ધ-ઊર્જા-ઉત્પાદનની ક્ષમતા ધરાવે છે. ચારણકા પાર્ક સૌર અને પવન-ઊર્જા એમ બંને રીતે 500 મેગાવૉટ ઊર્જા-ઉત્પાદનની ક્ષમતા ધરાવે છે. ગુજરાતે સૌર-ઊર્જા-નીતિને અમલી બનાવવા સાહસિક કદમ ઉઠાવ્યું છે. ગુજરાત રીન્યુએબલ એનર્જી હબ તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામ્યું છે.

આ મહત્ત્વના કદમથી ગુજરાત સૌર-ઊર્જા-ક્ષેત્રે ભારતને એક નવો રાહ ચીંધશે. સમગ્ર દેશમાં ગુજરાત એકમાત્ર પાવર સરપ્લસ રાજ્ય છે. દેશમાં પાવર ક્ષેત્રે ગુજરાતનો 61 ટકા હિસ્સો છે. આમ છતાં ગુજરાતે રીન્યુએબલ એનર્જી વિકાસ માટે 200 કરોડનું બજેટ ફાળવ્યું છે.

સૌર ઊર્જા સંગ્રહિત કરવા માટે ખુલ્લાં મેદાનો ઉપરાંત કિલોમીટરો લાંબી નર્મદા કૅનાલ પર સોલાર-પૅનલો ગોઠવાઈ રહી છે. આ ઉપરાંત 'રૂફ ટૉપ પાવર પૉલીસી'ના અમલની પણ જાહેરાત થઈ ચૂકી છે. સામાન્ય નાગરિક પણ પોતાના મકાનની છત કે છાપરા ઉપર આ પૅનલો ગોઠવવા જગ્યા આપી શકે છે. સૂર્ય-ઊર્જાથી ઉત્પન્ન થયેલી એ વીજળી સરકારને વેચાણ કરી શકશે. મકાનના ભાડાની આવકની જેમ દર મહિને તે સારી એવી રકમ કમાઈ શકશે.


આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટના વિસ્તરણ સમા આવા બીજા સોલાર પાર્ક બનાસકાંઠા, જામનગર, પોરબંદર, રાજકોટ, સુરેન્દ્રનગર, કચ્છ, આણંદ અને સુરત ખાતે પણ સ્થપાશે.

ભારત જેવા દેશમાં જેની તાતી જરૂર છે તેવી સૂર્ય ઊર્જાને ઉપયોગમાં લઈ સ્થાપવામાં આવેલો ગુજરાતમાં ઊભો કરાયેલો સોલાર પાર્ક એશિયાનો સૌથી મોટો સોલાર પાર્ક છે.

નર્મદા કૅનાલ પર સોલાર પૅનલ



મકાનોનાં છાપરાં પર સોલાર પૅનલ



નર્મદાનાં નીર : ગુજરાતની સંજીવની સરિતા



કોઈ પણ રાજ્યના આર્થિક, સામાજિક અને ઔદ્યોગિક વિકાસમાં પાણીની ઉપલબ્ધિ અગત્યની ભૂમિકા ભજવે છે. એક સમય હતો કે જ્યારે ગુજરાતમાં પાણીની અછત અને દુષ્કાળની સ્થિતિ સામાન્ય ગણાતી, જ્યારે છેલ્લાં દશ વર્ષમાં જળસંચય અને સિંચાઈના પરિણામલક્ષી આયોજન દ્વારા ગુજરાતે આ પરિસ્થિતિને આજે કાયમી જાકારો આપી દીધો છે. રાજ્યમાં જનભાગીદારીથી 17,700 ઉપરાંતનાં ગામોમાં જૂથ પાણી પુરવઠા સમિતિ અમલમાં મૂકી છે. લોકજૂથો દ્વારા સરદાર પટેલ સહભાગી જળસંચય યોજના અંતર્ગત ચેકડેમ બનાવવા આપવામાં આવ્યો હોય તેવું કદાચ ભારત દેશમાં પ્રથમ વાર બન્યું છે.

આજે ગુજરાતમાં 1.30 લાખ ચેકડેમો છે તથા 19000 તળાવો ઊંડા કરવામાં આવ્યાં છે.

આજે રાજ્યમાં 1.30 લાખ ચેકડેમો, 2.50 લાખ ખેત-તલાવડી,1.25 લાખ બોરીબંધ, 19 હજાર તળાવો ઊંડાં કરી તથા 800 વાવોના પુનઃસ્થાપનની કામગીરી પૂર્ણ કરતાં સાત લાખ ખેડૂતોને જળસંચયનો લાભ આપ્યો. નર્મદા મુખ્ય કેનાલનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે, તેમ જ તેની શાખા-નહેરોનું કાર્ય પ્રગતિ હેઠળ છે. આજે નર્મદાનું પાણી કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત સહિત રાજસ્થાન સુધી પહોંચતું થયું છે. 11,000 જેટલા ગામો અને સાડાપાંચ હજાર ફળિયાંઓ અને 127 શહેરોની મળી કુલ 3.78 કરોડ વસ્તીને રોજનું 275 કરોડ લિટર પીવાનું પાણી પૂરું પાડીને રાજ્યને ટેન્કર-મુક્ત કરવામાં સફળતા મળી છે. સુજલામ્ સુફલામ્ સ્પ્રેડિંગ કેનાલ દ્વારા ઉત્તર ગુજરાતનાં અછતગ્રસ્ત વિસ્તારોનાં પાણીનાં તળ ઊંચાં આવ્યાં છે. આજે ઉત્તર ગુજરાતનાં 1.35 લાખ હેક્ટર વિસ્તાર સિંચાઈની સુવિધા હેઠળ આવરી લેવાયો છે, તેમ જ આ વિસ્તારની આઠ સૂકી નદીઓમાં મહી અને નર્મદાનદીનાં નીર વહાવીને તેમને નવપલ્લવિત કરવામાં આવી છે. નદીઓ વચ્ચે ઈન્ટરલિંકિંગ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે. ગુજરાતે સિંચાઈની વ્યવસ્થા મજબૂત બનાવવા માટે હયાત સિંચાઈ યોજનાઓનું વિસ્તરણ, નવા બંધ બનાવવા, નવા ચેકડેમ બનાવવા, તળાવ ઊંડાં કરવાં, નહેરોની સુધારણા, દરિયાકાંઠે ધોવાણ થતી જમીનનું રક્ષણ તથા દરિયાની ખારાશ આગળ વધતી અટકાવવા માટે કેનાલો બનાવવી વગેરે અનેકવિધ યોજનાઓ હાથ ધરી છે.



રાજ્યના આદિજાતિ વિસ્તારોમાં 26,400 ચેકડેમ, 2,627 તળાવો ઊંડાં કરી તથા 262 ઉદ્વહન સિંચાઈ યોજના સહિત અન્ય યોજનાઓ દ્વારા કુલ બે લાખ હેક્ટર વિસ્તારમાં સિંચાઈની સુવિધા પૂરી પાડવાનું ભગીરથ કાર્ય થયું છે. રાજ્યનાં 6.23 લાખ ઘરોમાં નળ દ્વારા પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત, હેન્ડ પંપ, વીજળીની વ્યવસ્થા ન હોય ત્યાં સોલાર પંપ, જૂથ પાણી પુરવઠા યોજનાઓ અને પાણીસંગ્રહના ટાંકા બનાવવામાં આવ્યા છે. સાગરખેડુ યોજના અંતર્ગત દરિયાકાંઠાના 12 જિલ્લાના 38 તાલુકાઓનાં 1800 જેટલાં ગામડાંઓને ખારા પાણીથી મુક્તિ આપવા તેમને પાણી પુરવઠા ગ્રીડ સાથે જોડવામાં આવ્યાં છે. દરિયાકાંઠાનું ધોવાણ અટકાવવા માટે દરિયાકિનારે સંરક્ષણ-દીવાલ બનાવવાનાં કાર્યો હાથ ધરીને દરિયાકિનારાની ફળદ્રુપ જમીન બચાવવાનું અભિયાન આરંભાયું છે. છેલ્લા દશકમાં પાણીક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન આવ્યાં છે.



કલ્પસર : દરિયામાં આવેલું વિશ્વનું સૌથી મોટું મીઠા પાણીનું સરોવર

Proposed

નદીઓનું સરોવર ગુજરાતની કાયાપલટ કરશે

ભારતીય સંસ્કૃતિમાં – પોતાની કલ્પનાને, સ્વપ્નને સાકાર કરે તેવું વૃક્ષ એટલે 'કલ્પસર' શબ્દ ઉદ્ભવ્યો છે. કલ્પસર એટલે એક એવું સરોવર કે જે રાજ્યના વિકાસની જરૂરિયાતોને પરિપૂર્ણ કરે. ખંભાતના અખાતમાં પશ્ચિમકાંઠે ઘોઘા અને પૂર્વકાંઠે ભરૂચ નજીક હાંસોટ વચ્ચે 64 કિ.મી. લાંબો બંધ બાંધીને અખાતમાં વહી જતાં સાબરમતી, મહી, ઢાઢર, નર્મદા અને સૌરાષ્ટ્રની અન્ય નદીઓનાં મીઠાં પાણીનો સંગ્રહ કરવાની યોજના 'કલ્પસર' કાર્યરત છે.

આ જળાશયનું ક્ષેત્રફળ 2,000 ચો.કિ.મી. જેટલું છે. તેમાં રાજ્યનાં તમામ નાનાં-મોટાં જળાશયો અને ચેકડેમોની સંગ્રહશક્તિ કરતાં અનેકગણા વધારે પાણીનો સંગ્રહ થશે. આ મીઠું જળ બરવાળાથી માળિયા સુધી આશરે 660 કિ.મી. લાંબી નહેર મારફતે દક્ષિણ સૌરાષ્ટ્રની 11 લાખ હેક્ટર ખેતીલાયક જમીનને સિંચાઈ માટે ઉપલબ્ધ થશે, જેનાથી વધુ કૃષિ ઉત્પાદન મેળવી શકાશે. આ ઉપરાંત ભરતીનાં મોજાંમાંથી વિદ્યુત ઉત્પન્ન કરી વીજળીશક્તિ મેળવી શકાશે. ઉપરાંત કરોડો ઘનમીટર પાણી ઘરવપરાશ માટે ઉત્પન્ન થશે જે ભાવનગર, અમરેલી, જૂનાગઢ, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, કચ્છ, અમદાવાદ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા અને પંચમહાલ જિલ્લાની પ્રજાની જરૂરિયાતને સંતોષી શકશે. આ ઉપરાંત જે - તે વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક એકમોની પાણીની જરૂરિયાત પણ પૂરી પાડશે. આમ ખંભાતના અખાતમાં બંધાઈ રહેલું આ વિશાળ સરોવર સિંચાઈ, ઘરવપરાશ અને ઉદ્યોગો માટેની પાણીની જરૂરિયાત પૂરી પાડશે.

ગુજરાત પાણીની અછત ધરાવતું રાજ્ય છે. તે દેશની ભૂમિના 6.4% જેટલી જમીન અને દેશની 5% ટકા વસતિ ધરાવતું રાજ્ય છે, પણ દેશમાં સપાટી પરના પાણીના સ્રોતોમાં તે માત્ર 2% જ સ્રોત ધરાવે છે. આ પ્રમાણ જરૂરિયાત કરતાં ઘણું ઓછું છે. સરદાર સરોવર યોજનાથી પ્રાપ્ત થનારા પાણીના જથ્થાને લક્ષમાં લઈએ તોપણ ગુજરાતપ્રદેશની મીઠા પાણીની જરૂરિયાત પૂરી થાય તેમ નથી. ખંભાતની માત્ર આ કલ્પસર યોજનાથી ગુજરાતની જરૂરિયાતની 25% જરૂરિયાત પૂરી થશે. વળી આ યોજનાનો મોટો ફાયદો એ છે કે તે માટે કોઈની પણ જમીનો સંપાદન કરવાની નથી, પરિણામે કોઈ પુનર્વસનના પ્રશ્નો પણ ઊભા થતા નથી.

ખંભાતના અખાતમાં ઉત્તરથી દક્ષિણ સુધી 200 કિ.મી. અને પહોળાઈમાં ઉપરના સાંકડા ભાગમાં 25 કિ.મી.થી માંડીને નીચે પહોળા ભાગે 150 કિ.મી. જેટલા વિસ્તારમાં આ સરોવર આકાર લેશે, જેનું ક્ષેત્રફળ 2000 ચોરસ કિ.મી. હશે.

વિશ્વના દરિયાઈ વિસ્તારમાં મીઠા પાણીનાં બંધાયેલાં સરોવરોમાં આ 'કલ્પસર' સરોવર આજની તારીખે સૌથી મોટું સરોવર હશે. સરદાર સરોવરની સરખામણીએ 'કલ્પસર' બમણા કરતાં પણ મોટું છે. સૌરાષ્ટ્રના 39 તાલુકાઓમાંની 1054 લાખ હેક્ટર જમીનને સિંચાઈ માટે પાણી મળશે તેમ જ હાલ અસ્તિત્વ ધરાવતા 60 ચેકડેમો પાણીથી છલોછલ રહેશે. દરિયાઈ મોજાં દ્વારા ઉત્પન્ન થતી વીજળીથી સરોવરમાંથી મીઠું પાણી ઉલેચીને કેનાલમાં પહોંચાડાશે અને ભાવનગરથી સુરત-મુંબઈ પહોંચવા માટે 200 કિ.મી.નું અંતર ઘટશે.

દરિયાઈ વિસ્તારમાં મીઠાંપાણીનાં બંધાયેલાં સરોવરોમાં, 2000 ચો.કિ.મી.નું ક્ષેત્રફળ ધરાવતું 'કલ્પસર' સરોવર વિશ્વનું આજે સૌથી મોટું સરોવર છે, જે સરદાર સરોવર કરતાં બમણાથી પણ મોટું છે.

સરદાર સરોવરની સરખામણીએ તેનાથી બમણાથી પણ મોટું સરોવર : કલ્પસર





ધોલેરા 'સર' : વિશ્વ-સ્તરનું હાઈટેક સિટી

Proposed

ગુજરાતના નકશામાં જે નામ શોધવા મૅગ્નિફાઈંગ ગ્લાસની જરૂર પડે તેવું ટચૂકડું ધોલેરા ગામ 'સર'નો ખિતાબ પામી વર્લ્ડ ક્લાસ ઈન્ડસ્ટ્રિયલ-બીઝનેસ હબ બની વિશ્વપ્રસિદ્ધ થઈ જશે.

દરેક વ્યક્તિના જીવનમાં ક્યારેક સારો યોગ આવે ત્યારે અનાયાસે જ તેનો ઉદ્ધાર થાય છે. આવું જ કંઈક ગુજરાતનાં નાનાં, ઉજ્જડ, ગુમનામ ગણાતાં ગામો અને તેમની પ્રજાનું નસીબ એકાએક સોળે કળાએ ખીલી ઊઠ્યું છે. નિમિત્ત બની છે એક યોજના જેને ગુજરાત સરકારના અધિકારીઓ 'ધોલેરા સર'ના નામે ઓળખાવે છે. આ પ્રકલ્પ વિશે વિગતવાર વાત કરું એ પૂર્વે એટલું જરૂર કહીશ કે નરેન્દ્ર મોદીના શાસનકાળમાં પાર પડી રહેલી આ યોજના ગુજરાતને જબરદસ્ત આર્થિક લાભ કરાવશે, એટલું જ નહીં, મધ્ય અને ઉત્તર ગુજરાતનાં અનેક નાનાં ગામડાંઓ તથા નાનાં નગરો એકાએક ધનના ઢગલા પર આળોટતાં થઈ જશે.

અમદાવાદ જિલ્લાનાં છેવાડાનાં ગામો અને માત્ર વરસાદ-આધારિત ખેતી ઉપર નિર્ભર ધંધુકા તાલુકામાં સરકાર દ્વારા ધોલેરા ખાતે 'સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન' 'સર' સ્થાપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયનમાં એરપોર્ટ સાથે અંદાજે 43,000 હેક્ટરમાં પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝ, વેરહાઉસિંગ, સોલાર પાવર, હાઉસિંગ સેક્ટર, કમર્શિયલ સેક્ટર, બ્લૅક બક સેન્ચુરી પાર્ક તેમ જ ઇન્ટરનૅશનલ એરપોર્ટનું નિર્માણ થવાનું છે, જેના કારણે ધોલેરાપંથકના વિકાસનાં દ્વાર ખુલ્લાં થશે તેમ જ આજુબાજુનાં ગામોના ખેડૂતોની આર્થિક સ્થિતિ મજબૂત બનશે. ગુજરાત સરકારે ધોલેરા 'સર'ને ડેવલપ કરવા શરૂઆતના કરોડરજ્જુ સમાન તબક્કા પ્રમાણે રસ્તાઓ વિકસાવવા, એરપોર્ટ માટે પ્રિ-ફેસિલિટી, ગાંધીનગર વાયા અમદાવાદથી ધોલેરા સુધીના મેટ્રો રેલ પ્રોજેક્ટ અને મેગા ઇન્ડસ્ટ્રિયલ પાર્કને વિકસાવવાનું નક્કી કર્યું છે. આ માટે ગુજરાત સરકારે રોકાણકારોને આકર્ષવા સિંગલ વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમ પણ અમલમાં મૂકી છે.



માર્ગ-વાહનવ્યવહાર

આર્થિક દૃષ્ટિએ ગુજરાત સરકાર ગુજરાતમાં ધોલેરા 'સર'ને દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રિયલ કૉરિડૉર (ડીએમઆઈસી)માં સમાવિષ્ટ કરી ધોલેરા વિસ્તારને ગુજરાતના મોટામાં મોટા ઇકોનૉમિક હબ તરીકે વિકસાવવાનું પ્રયોજન કરી રહી છે. ધોલેરા 'સર'માં જે ગામોનો સમાવેશ થાય છે તેમાં ધંધુકા, ભાણગઢ, ભીમતળાવ, ધોલેરા, ગોરાસુ, કાદીપુર, ખૂણ, મહાદેવપુરા, મીંગલપુર, મુંડી, ઓટરિયા, પાંચી, રાહતળવા, સીંધડા, ઝાંખી, આંબળી, ચેર, ગોગલા તેમ જ બરવાળા તાલુકાનાં હેતપુર, સંગાસર અને સોઢી ગામોનો સમાવેશ થાય છે. સરકારે 26000 હેક્ટર જેટલી જગ્યાની ધોલેરા 'સર'ને ફાળવણી કરી છે તેમ જ 1700 હેક્ટર જેટલી જગ્યા એરપોર્ટ માટે નક્કી કરેલ છે તેમ જ ધોલેરા 'સર'ની કરોડરજ્જુ સમાન રોડનું કામકાજ શરૂ થઈ ગયું છે.

એરપોર્ટ



ગુજરાત રાજ્યનો નકશો હાથમાં લઈએ તો ધોલેરા શહેર તો નાનું ટપકા જેવડું લાગે. આ નગરને નજરોનજર જોઈએ તોપણ તેમાં કંઈ દમ ન લાગે. પરંતુ ગુજરાત સરકારની યોજના સમયસર સાકાર થાય તો ધોલેરા ભારતનું સર્વપ્રથમ 'હાઈટેક સીટી' બનશે. પ્રસ્તાવિત દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રીયલ કૉરિડૉરમાં આવરી લેવાયેલું આ નાનું નગર જોતજોતાંમાં મેગાસિટી બની જશે. કેટલાક લોકો તો અત્યારથી જ ધોલેરાનો ઉલ્લેખ 'સ્માર્ટ સિટી' તરીકે કરે છે.

અમદાવાદ શહેરથી 120 કિ.મી. દૂર આવેલું ધોલેરા 'હેવી એન્જિનિયરિંગ' ઉદ્યોગો માટેના ઝોનમાં સંપૂર્ણ વિકસિત થયા પછી કદમાં સિંગાપુર કરતા પણ મોટું ગણાશે. અદ્યતન માળખાકીય સુવિધા ધરાવતું નવું ધોલેરા સ્વનિર્ભર, 'ઇકોફ્રેન્ડલી સિટી' હશે. ત્યારે તેની કુલ વસતિ 20 લાખ હશે. તે આઠ લાખ લોકોને રોજીરોટી પૂરી પાડશે.

ધોલેરાની કાયાપલટમાં જે જમીનોનો સમાવેશ થાય છે તે બિનઉપજાઉ તેમ જ બિનફળદ્રુપ જમીનના કારણે અહીંના લોકોને રોજીરોટી માટે હિજરત કરીને અન્ય પ્રદેશોમાં જવું પડતું હતું, પરંતુ ધોલેરા 'સર' તરીકે જાહેર થવાથી અહીં જુદાજુદા એકમો સ્થપાવાના હોવાથી અહીંની પરિસ્થિતિ ખૂબ જ બદલાઈ ગયેલ છે અને અગાઉ ત્રણ-ચાર વર્ષ પહેલાં 30થી 40 હજાર રૂપિયા વીઘા દીઠ ભાવ હતો તે આજે છેલ્લા બે વર્ષમાં 3થી 5 લાખ રૂપિયા વીઘા દીઠ ભાવ પહોંચી ગયો છે જે આગામી દિવસોમાં વધુ ઊંચકાઈ શકે તેમ છે.

અહીંની બિનઉપજાઉ જમીનમાં અગાઉ કોઈ પણ જમીનની લે-વેચ નહીંવત્ હતી, પરંતુ જ્યારથી ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજિયન 'સર'ની જાહેરાત થઈ છે ત્યારથી આ વિસ્તારમાં ઉદ્યોગો આવવાના હોવાની સંભાવનાથી ખરીદદારોની લાઈન લાગે છે. અહીં ઇન્ડસ્ટ્રિયલ કૉરિડૉર જાહેર થવાથી લોકોને રોજગારી મળી રહેશે તેવી આશાઓ બંધાઈ છે.

ભારતમાં ચંદીગઢ સિવાય એક પણ શહેરનો એકડેએકથી વિકાસ થયો નથી. કોઈ પણ એક સ્થળને આધુનિક સુવિધાઓ સાથેના શહેરમાં પરિવર્તિત કરવા ઘણી



નગર-આયોજન



હાઈટેક સિટિની ઝાંખી

ઞાતોનું ધ્યાન રાખવું પડે. ધોલેરા યોજનામાં નવા શહેરને સાકાર કરવા 900 ચોરસ કિ.મી. જેટલી જમીન સંપાદિત કરવા ઝડપથી પગલાં લેવાઈ રહ્યાં છે. આસપાસના અનેક ગામડાંઓને આ ભાવિ શહેરમાં સમાવી લેવાશે.

ધોલેરાનું નવું શહેર એવી રીતે સુગઠિત કરાશે કે રહેઠાણો, શાળા-કૉલેજ, શૉપિંગ મૉલ, બિઝનેસ ઑફિસો એકબીજાની નજીક હોય. મોટા ભાગની ઇમારતો પણ ઊંચી હશે જેથી જગ્યાનો મહત્તમ ઉપયોગ થઈ શકે અને ઊર્જામાં બચત થાય. જોવાની વાત તો એ છે કે આ સમગ્ર કૉરિડૉરમાં સિંગાપુર જેવાં એક નહીં પણ છ શહેરો ઊભાં થશે, જેની પાણી-વીજળીની જરૂરિયાત આંતરિક રીતે જ પૂરી પડાશે. આ શહેરો પોતાના ગૅસ-આધારિત પાવર પ્લાન્ટ ધરાવતા હશે, તેમ જ ઔદ્યોગિક કચરાનો રિસાયકલિંગ પ્લાન્ટ પણ હશે જેથી પ્રદૂષણની સમસ્યા જ ન રહે. જાપાનના કિતાક્યુશુ મૉડેલ પર આધારિત આ શહેરો તેમાં ઉત્પન્ન થનારો તમામ કચરો પુનઃ ઉપયોગમાં લેશે.

આ શહેરોની બધી જ ઇમારતો રેઈન વૉટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ધરાવતી હશે, જેથી વરસાદનું પાણી ગટરમાં વહી ન જતાં તેનો ઉચિત ઉપયોગ થશે. ઘન કચરાનું સ્પેશિયલ પ્લાન્ટમાં રિસાઇકલિંગ કરીને ઘરવપરાશની ચીજો બનાવાશે. ચાર જાપાની કંપનીઓ તોશિબા, મિત્સુબીસી, હિટાચી અને જેજીસીનું કોન્સોર્ટિયમ આ દિશામાં આગળ વધીને મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન તથા હરિયાણામાં પ્લાન્ટ સ્થાપી રહ્યું છે.

માત્ર ધોલેરાના વિકાસ પાછળ જ અંદાજે રૂ. 50,000 કરોડ ખર્ચાશે. ગુજરાત સરકારે પ્રારંભમાં રૂ. 3000 કરોડનું મૂડીરોકાણ કરી દીધું છે. જાપાને પણ 130 કરોડ રૂપિયાની સહાય કરવાનું વચન આપ્યું છે. બીજાં નાણાં 'પબ્લિક-પ્રાઈવેટ' કંપનીઓની ભાગીદારી થકી મેળવાશે.

એક રીતે એમ પણ કહી શકાય કે કૉરિડૉરનો આ મેગા પ્રોજેક્ટ ભારતની રાજધાની દિલ્હી અને દેશના આર્થિક પાટનગર મુંબઈને જોડતા 1483 કિ.મી. લાંબા રેલરૂટનો સર્વાંગી વિકાસ સાધશે, જેનો કુલ ખર્ચ 90 અબજ ડૉલર થશે. એક વાર આ યોજના પરિપૂર્ણ થશે એટલે ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન અને નિકાસ બમણાં થઈ જશે. આશરે 18 કરોડ નાગરિકો આ યોજનાનો સીધો કે આડકતરો લાભ મેળવશે.

મુંબઈ-દિલ્હી ઇન્ડ. કૉરિડૉર યોજના અંતર્ગત પ્રત્યેક 250 ચો. કિ.મી.ના એવા નવ મેગા ઇન્ડસ્ટ્રીયલ ઝોન કંડારવામાં આવશે. આ ઝોનમાં થયેલાં ઉત્પાદનો તેમ જ કાચી સામગ્રીની હેરફેર માટે હાઈસ્પીડ ફ્રેઈટલાઈનની રચના કરવામાં આવશે. આ સિવાય ત્રણ નવાં અદ્યતન બંદરો, છ આંતરરાષ્ટ્રીય એરપૉર્ટ તથા મુંબઈ-દિલ્હીને સાંકળતો છ લેન ધરાવતો ફ્રી એક્સપ્રેસ વે બાંધવામાં આવશે. 4000 મેગાવૉટ પાવર પ્લાન્ટ આ સમગ્ર ઝોનને પ્રવૃત્તિઓથી ધમધમતો રાખશે. આ તમામ ઇન્ડસ્ટ્રિયલ ઝોનની વિવિધ પ્રકારની ઉત્પાદનપ્રવૃત્તિઓને ટેકારૂપ એવા અસંખ્ય પેટા-ઉદ્યોગો, સર્વિસ ઇન્ડસ્ટ્રી પણ ખીલી ઊઠશે, જેના વિકાસ માટે કેન્દ્ર સરકાર ઉપરાંત જાપાન સરકાર તથા જાપાનીસ કંપનીઓએ આર્થિક સહાય આપવા કરાર કર્યા છે.

ધોલેરા નજીક ફેદરા ખાતે વર્લ્ડ ક્લાસ એરપૉર્ટ અને એર કાર્ગો કોમ્પ્લેક્સ સ્થપાશે, જેને કારણે ગુજરાતના દરિયાકિનારે આવેલાં બંદરોની માલની હેરફેરની ક્ષમતામાં સતત વધારો થશે. ગુજરાત સરકારે અમદાવાદથી ધોલેરા થઈ ભાવનગર જતો છ લેનનો હાઈ-વે બનાવવાની યોજનાને પણ પ્રાધાન્ય આપ્યું છે. 'અર્લી બર્ડ' તરીકે ઓળખાતી આ યોજનામાં હાલના અમદાવાદથી વટામણ-પીપળી-ધોલેરા થઈને ભાવનગર જતા 180 કિ.મી. લાંબા ખખડધજ માર્ગને છ લેનમાં ફેરવી નાંખવાનું કામ થઈ રહ્યું છે. આ ઉપરાંત 'અર્લી બર્ડ' યોજનામાં ગાંધીનગર, અમદાવાદ અને ધોલેરાને જોડતી 120 કિ.મી. લાંબી મેટ્રો ટ્રેનનો પણ સમાવેશ થાય છે.

આમ દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રીયલ કૉરિડૉર, યોજના છ રાજ્યો માટે લાભદાયી છે, પરંતુ 'ધોલેરા સર' પ્રકલ્પ સાથે યોજનાનો સૌથી વધુ લાભ ગુજરાત રાજ્ય ખાટી જશે.

દિલ્હી-મુંબઈ ઇન્ડસ્ટ્રિયલ કૉરીડૉર

ભારત સરકારે દિલ્હીથી મુંબઈ સુધી ફ્રેઇટ કૉરીડૉર જાહેર કરેલ છે, તેની લંબાઈ 1483 કિ.મી. છે, જે ઉત્તરપ્રદેશ, દિલ્હી રાજ્ય, હરિયાણા, રાજસ્થાન, ગુજરાતમાંથી પસાર થઈ મહારાષ્ટ્ર-દાદરી સુધી લંબાય છે. આ કૉરીડૉરનો 38 ટકા વિસ્તાર ગુજરાતમાં પડતો હોઈ ગુજરાતને તેનો સૌથી વધુ લાભ મળશે.



- મુંબઈ દિલ્હી ઇન્ડસ્ટ્રીયલ કૉરીડૉર
- ગાંધીનગર-અમદાવાદ-ધોલેરા મેટ્રો રેલ માર્ગ
- ઇન્ડસ્ટ્રિયલ કૉરિડૉરથી પ્રભાવિત વિસ્તાર
- અમદાવાદથી ધોલેરા થઈ ભાવનગર જતો હાઈ-વે

ઑટો હબ : જગતની ઑટોમોબાઈલ કંપનીઓ - ગુજરાતના આંગણે



નેનો કાર પાસે રતન તાતા અને નરેન્દ્ર મોદી



નેનો કાર ફેક્ટરી



કેનેડાની 'બોમ્બાર્ડિયર' કંપનીનું વિશાળ ઉદ્યોગ સંકુલ વડોદરા-સાવલી પાસે કાર્યરત છે. અહીં દિલ્હીમાં ચાલતી મેટ્રો રેલનાં વેગન બનાવવામાં આવે છે.

ગુજરાતમાં દેશ-વિદેશના ઉદ્યોગપતિઓએ પોતાના ધંધાનું રોકાણ કરેલું છે, પરંતુ છેલ્લા પાંચેક વર્ષથી ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ 'વાઈબ્રન્ટ ગુજરાત - સમિટ'નું આયોજન કરે છે ત્યારથી તેમાં પ્રતિવર્ષ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. લાખો-કરોડો રૂપિયાના ઉદ્યોગોના પ્લાન્ટ્સ ગુજરાતમાં નાંખવા માટે સમજૂતી-કરાર (MOU) થઈ રહ્યા છે. તેમાં ઑટોમોબાઈલ ક્ષેત્રે વિદેશોની કંપનીઓનું ગુજરાત પ્રત્યે ધ્યાન આકર્ષિત થયું છે.

આમ તો વડોદરા નજીક હાલોલમાં 'જનરલ મોટર્સ' ઇન્ડિયાના કાર ઉત્પાદનનાં બે યુનિટ તેમ જ સિયાટ ટાયર તેમ જ એપોલો ટાયરનાં યુનિટ વીસેક વર્ષથી અસ્તિત્વમાં છે. એ જ રીતે રાજકોટ પણ ઑટોમોબાઈલ પાર્ટ્સનું તેમ જ થ્રી વ્હીલર - રિક્ષા જેવા છકડા નામે ઓળખાતા વાહનના ઉત્પાદનમાં મોખરે છે.

તો પશ્ચિમ બંગાળમાં સિંગૂર ખાતે રાજકીય આંટીઘૂંટીઓમાં અટવાઈને નિરાશ થયેલા રતન તાતાને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીનો એક શબ્દનો સંદેશો મળે છે - 'સ્વાગતમ્' અને ગુજરાતમાં, અમદાવાદ પાસે સાણંદમાં 'નેનો' કારનું ઉત્પાદન શરૂ થઈ જાય છે. 2014 સુધીમાં અમેરિકાની ઑટોમોબાઈલ કંપની 'ફોર્ડ' અને ફ્રાન્સની 'પ્યુજોત' (Peugeot) કંપની પણ આણંદ ખાતે પોતાની મોટરકારોનું ઉત્પાદન શરૂ કરશે. કચ્છ જિલ્લામાં સામખિયાળીમાં 'ઓરેવા' કંપનીનો બાઇક મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ કાર્યરત છે.

ટૂંક સમયાં મારુતિ સુઝૂકી, હુન્ડાઈ મોટર્સ તેમ જ હીરો હોન્ડા અને બજાજ પણ તેમનાં બાઇક મેન્યુફેક્ચરિંગ યુનિટ શરૂ કરવાની ધારણા રાખે છે. કચ્છના મુંદ્રાબંદર ઉપરથી હજારો મારુતિ સુઝૂકી કાર નિકાસ થઈ રહી છે.

ફાર્માસ્યુટિકલ અને સિરામિક ઉદ્યોગોનું કેન્દ્ર બનશે - ગુજરાત

અન્ય ઉદ્યોગોની જેમ દેશની તેમ જ વિદેશોની અનેક ફાર્માસ્યુટિકલ કંપનીઓ પોતાના દવા-ઉત્પાદનના પ્લાન્ટ ગુજરાત ખાતે નાખવા એમ.ઓ.યુ. કરી રહી છે. ઓછામાં ઓછી પચાસ કંપનીઓએ ગુજરાતમાં પોતાની પ્રૉડક્ટનું ઉત્પાદન કરવા માટે તૈયારી બતાવી છે. 2011ની સમિટમાં 9,000 કરોડના એમ.ઓ.યુ. કરવામાં આવ્યા.



હાલમાં અંદાજે 2400 જેટલાં ફાર્મા મૅન્યુફેક્ચરિંગ યુનિટ તેમ જ 115 જેટલી મેડિકલ સાધનો બનાવતી કંપનીઓ ગુજરાતમાં આવી છે. દેશમાં ફાર્મા ઇન્ડસ્ટ્રીમાં ગુજરાતનો હિસ્સો 42 ટકા છે.



ગુજરાત-સૌરાષ્ટ્રમાં મોરબી અને થાનવિસ્તારમાં વર્ષોથી સિરામિક ઉદ્યોગ ઘણા મોટે પાયે ચાલી રહ્યો છે. પરંતુ ગ્લોબલ સમિટમાં જર્મની જેવા દેશોએ સિરામિક પ્લાન્ટ નાખવા માટે MOU કર્યા છે. પરિણામે ભવિષ્યમાં આ ઉદ્યોગ પુરબહારમાં ખીલશે અને સિરામિક્સની નિકાસ કરશે તેવી આશા છે.

મેટ્રો રેલ : પરિવહનનો અદ્યતન પ્રોજેક્ટ



Proposed

4. કોબા સર્કલ - એરપોર્ટ
5. ગોતા સર્કલ - એરપોર્ટ
6. વાસણા - સરખેજ
7. સરખેજ ઈન્દ્રોડા
8. સરખેજ - ધોલેરા
9. શીલજ - સરખેજ

આ પ્રોજેક્ટ વધુ ચર્ચા-વિચારણા કરતા 2010માં રાજ્ય સરકાર દ્વારા એવું નક્કી કરવામાં આવ્યું છે કે ઈન્કમટેક્સ ઑફિસ - શાહપુર દરવાજા - દિલ્હી દરવાજા - પ્રેમ દરવાજા થઈને જતી કાલુપુર લાઈન રિલીફરોડ સુધી અન્ડરગ્રાઉન્ડ મેટ્રો રહેશે.



વધતી જતી વસતિને લક્ષમાં લઈને જ્યારે વિશાળ પાયે પરિવહનની જરૂરિયાત ઊભી થઈ છે ત્યારે માર્ગો પર જગ્યાનો અભાવ હોઈ અન્ય વિકલ્પો શોધાઈ રહ્યા છે. પહેલાં કોલકાતામાં અને બાદમાં દિલ્હીમાં મેટ્રો રેલવેની શરૂઆત થઈ છે.

ગુજરાતમાં પણ પ્રાયોગિક ધોરણે ગાંધીનગર-અમદાવાદ વચ્ચે મેટ્રોલિન્ક એક્સપ્રેસ ફૉર ગાંધીનગર અને અમદાવાદ(Metrolink Express for Gandhinagar and Ahmedabad - 'MEGA')ના પ્રોજેક્ટ પર કામ શરૂ થયું છે. ગુજરાત રાજ્ય સરકારે આ પ્રોજેક્ટ માટે રૂ. 200 કરોડની કંપની ઊભી કરી છે. આ કંપનીનું નામ 'મેટ્રોલિંક ફૉર ગાંધીનગર ઍન્ડ અમદાવાદ' (MEGA) રહેશે.

વાસણાથી આશ્રમ રોડ અને કોબા સર્કલ થઈને અક્ષરધામ - ગાંધીનગર (33 કિ.મી.) મેટ્રો રેલ દ્વારા પહોંચવાના માર્ગ ઉપર 31 સ્ટેશનો હશે - જ્યારે થલતેજથી સાબરમતી રિવર ફ્રન્ટ અને દિલ્હી દરવાજા (11 કિ.મી.) સુધીના માર્ગ ઉપર 11 સ્ટેશનો હશે.

ઉપરોક્ત મેટ્રો રેલના વહનમાર્ગો (route) નીચે મુજબ નક્કી કરવામાં આવ્યા છે.

1. ઉત્તર-દક્ષિણ પરિવહન માર્ગ :

પાલડી - ટાઉનહૉલ - કાલુપુર રેલવે સ્ટેશન - રામપુર, એલિસબ્રીજ ઈન્કમટેક્સ ઑફિસ - ગાંધી આશ્રમ - આર.ટી.ઓ. - સાબરમતી ડી-કેબિન - આઈ.ઓ.સી. રોડ - ચાંદખેડા - મોટેરા સ્ટેડિયમ - નવો સી. જી. રોડ - કોબા સર્કલ - ઈન્ફોસીટી - સચિવાલય - અક્ષરધામ.

2. પૂર્વ-પશ્ચિમ પરિવહન માર્ગ :

થલતેજ - ગુરુકુળ - ગુજરાત યુનિવર્સિટી - સી. જી. રોડ - કોબા સર્કલ - ઈન્ફોસીટી - સચિવાલય - અક્ષરધામ.

3. કોબા સર્કલ - ગિફ્ટ સીટી - અક્ષરધામ



ગુજરાતમાં જહાજ બાંધકામ ઉદ્યોગની વિસ્તરી રહેલી ક્ષિતિજો



* નવાં શિપ બાંધવાના યાર્ડની ઝડપી કામગીરી પીપાવાવ અને હજીરા ખાતે પ્રગતિમાં છે.
* 165 એકરમાં એબીજી શિપયાર્ડનું બાંધકામ દહેજ ખાતે પુરજોશમાં ચાલુ છે. ટૂંક સમયમાં જ ગુજરાતનું દહેજ બંદર 0.12 મિલિયન ટન સુધીનાં તોતિંગ જહાજોનું નિર્માણ કરી શકવા સક્ષમ બની જશે.
* મરિન શિપ બિલ્ડિંગ પાર્ક તૈયાર કરવાનું આયોજન છે જયાં જહાજોની મરામત માટેની તમામ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ હશે.
* દહેજ અને કચ્છના અખાતમાં એક જંબો મરિન શિપયાર્ડના પ્રોજેક્ટની દરખાસ્ત છે.

આપણા ગુજરાતનો વહાણવટા સાથે સૈકાઓ જૂનો સંબંધ છે. ગુજરાતના વેપારીઓ દોરી-લોટો લઈને વિદેશોમાં વ્યાપાર અર્થે જતા એ વહાણ પણ ગુજરાતીઓનાં જ હતાં. સૈકાઓ અગાઉ ગુજરાતના ઉદ્યોગસાહસિકો વહાણવટાના વ્યવસાયમાં નામના મેળવી ચૂક્યા હતા. એ સમયે વિદેશથી કોઈ ભારે જહાજો ખરીદતું નહોતું, પણ વહાણો બનાવવાનો ઉદ્યોગ ગુજરાતમાં વિકસ્યો હતો, જે આજ સુધી ચાલુ છે.

લોથલના સમયથી ચાલ્યા આવતા જહાજ બનાવવાના ઉદ્યોગે ગુજરાતને વહાણવટાક્ષેત્રે આવગી ઓળખ પ્રદાન કરી છે. માંડવીમાં આજે પણ પરંપરાગત રીતે ચાલી આવતી ઢબ મુજબ વહાણો બનાવવામાં આવે છે. નાની હોડીઓથી લઈને મોટાં વહાણો આજે પણ ગુજરાતમાં બને છે. જોકે વહાણો બનાવવાના ક્ષેત્રે વૈશ્વિક સ્તરે નામના મેળવે એવી યોજનાઓ ગુજરાત રાજ્યે હાથ ધરી છે.

હાલ ગુજરાતમાં જહાજો બનાવવાની ક્ષમતાની વાત કરીએ તો 3,00,000 ડેડવેઇટ ટનનાં જહાજનું ત્રણ સ્થળોએ નિર્માણ કરવામાં આવે છે.

ગુજરાત શિપ બિલ્ડિંગ ઇન્ડસ્ટ્રી ક્ષેત્રે સતત વિકાસ સાધી રહ્યું છે. વિશ્વના કોઈ પણ દેશમાં બનતાં હોય તેવાં અત્યાધુનિક ટેક્નોલોજીથી સુસજ્જ જહાજો ગુજરાતમાં પણ નિર્માણ પામે એવું આયોજન હાથ ધરાયું છે.

ગુજરાતમાં જહાજ ભાંગવાનો ઉદ્યોગ - અલંગ

દેશના જહાજ ભાંગવાના ઉદ્યોગમાં સૌથી મોટો હિસ્સો ગુજરાતનો છે.

ભારતમાં જહાજ ભાંગવાનો ઉદ્યોગ ઘણો જૂનો છે. વિશ્વમાં જહાજો ભાંગવાના ઉદ્યોગમાં ભારત પ્રથમ સ્થાન ધરાવે છે. એમાંય ગુજરાતના ભાવનગર પાસે આવેલું અલંગ શિપબ્રેકિંગના ક્ષેત્રે દુનિયાભરમાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી ચૂક્યું છે.


ફેબ્રુઆરી-1983માં 'એમ. વી. કોટા ટેજોન્ગ' જહાજને ભાંગવા સાથે અલંગમાં શિપબ્રેકિંગ વ્યવસાયના શ્રીગણેશ થયા હતા. ત્યારથી લઈને આજ સુધીમાં અનેક મહાકાય જહાજોને ભાંગવામાં આવ્યાં છે. વર્ષ 1983માં કુલ 24,716 ટનનાં પાંચ જહાજ ભાંગવામાં આવ્યાં હતાં.



જહાજ ભાંગવાના ઉદ્યોગ માટે એ જરૂરી છે કે તે જગ્યાએ મોટી ભરતીવાળો દરિયો, કિનારાથી સમુદ્ર તરફ ધીમો ઢોળાવ અને કિનારાનું તળ જહાજને સ્થિર રાખી શકે તેવું હોવું જોઈએ. આ બધી જ સુવિધાઓ અલંગ બંદરે કુદરતી રીતે પ્રાપ્ય હોવાથી પસંદગીનો કળશ અલંગ પર ઢોળવામાં આવ્યો. ગુજરાત મેરિટાઈમ બૉર્ડે આ ઉદ્યોગ માટે તમામ માળખાકીય સુવિધાઓ અલંગ-સોસિયામાં ઊભી કરી, જેના પરિણામરૂપે આજે અલંગ શિપ બ્રેકિંગ યાર્ડ વિશ્વમાં પ્રથમ સ્થાને છે.

વિશ્વના સૌથી મોટા શિપબ્રેકિંગ યાર્ડ અલંગના આ જહાજવાડામાં 25,000થી વધુ કુશળ અને બિનકુશળ લોકોને રોજગારી મળે છે. આ સિવાય રી-રોલિંગ મિલ્સ, ફાઉન્ડ્રી, ઑક્સિજન પ્લાન્ટ, પરિવહન સાથે સંકળાયેલા લોકોને, સ્ક્રેપ યાર્ડ વગેરેમાં કામ કરતા લોકોને મોટી સંખ્યામાં રોજગારી મળે છે. વાર્ષિક 4.0 મિલિયન મેટ્રિક ટન જહાજો ભાંગવાની ક્ષમતા ધરાવતું અલંગ શિપબ્રેકિંગ યાર્ડ રાજ્ય અને દેશના અર્થતંત્રને સતત ધબકતું રાખવામાં સિંહફાળો આપી રહ્યું છે, આજે ગુજરાતની આગવી ઓળખ બની ચૂક્યું છે. અલંગ શિપબ્રેકિંગ યાર્ડ અને શિપબ્રેકિંગ-ક્ષેત્રે ગુજરાતની યશકલગીની શોભા વધારવા માટે સંચાણાબંદર પણ કમર કસી રહ્યું છે.

સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ



અમદાવાદમાં આવેલું એરપોર્ટ, દેશના સૌથી વ્યસ્ત એરપોર્ટમાં આઠમા ક્રમે આવે છે. દરરોજ અંદાજે તેમાં 250 વિમાનોની આવન-જાવન થાય છે. તે અમદાવાદ રેલવે સ્ટેશનથી આઠ કિલોમીટર દૂર આવેલું છે. તે 4.55 કિલોમીટરના વિસ્તારમાં બાંધવામાં આવેલું છે અને તેનો રન-વે 3600 મીટર(11,800 ફૂટ)નો છે. અહીં એર ઈન્ડિયા, ઈન્ડિગો, જેટ એરવેઝ, કિંગફિશર અને સ્પાઈસ જેટ જેવી એરલાઈન્સની આવન-જાવન થાય છે. અહીં પાર્કિંગની પૂરતી વ્યવસ્થા છે. બે ટર્મિનલને જોડતો અડધા કિલોમીટર લાંબો વૉક-વે છે જે પ્રવાસીઓ માટે ઉપયોગી છે. એરબસ A380 જેવું વિરાટ વિમાન અહીં ઊતરી શકે તેવી અહીં મોકળાશ છે. અંદાજે એક કરોડ જેટલાં પ્રવાસીઓ દર વર્ષે આ એરપોર્ટનો ઉપયોગ કરે છે. તેમાંના 75 ટકા આંતરરાજ્ય અને 25 ટકા આંતરદેશીય પ્રવાસીઓ છે.

મોટેરા સ્ટેડિયમ - અમદાવાદ



1983થી અસ્તિત્વમાં આવેલું મોટેરા સ્ટેડિયમ ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે 12મી નવેમ્બરે સૌ પ્રથમ ઈન્ટરનૅશનલ ટેસ્ટ મેચ રમાઈ હતી ત્યાર બાદ અનેક ટેસ્ટ મેચો અને વન-ડે મેચ રમાતી રહી છે. સુનીલ ગાવસ્કરે આ મેદાન પર 1987માં પાકિસ્તાન સામે રમીને 10,000 રન પૂરા કર્યા હતા. કપિલદેવે પણ આ મેદાનમાં એક મૅચમાં નવ વિકેટો ઝડપી હતી. 2011માં સચિન તેંડુલકરે વન-ડે મૅચોમાં રમીને તેના 18,000 રન પૂરા કર્યા હતા. આ મેદાન પર IPL મેચો પણ રમાતી આવી છે. ડિસેમ્બર, 2011 સુધીમાં મોટેરા સ્ટેડિયમમાં 23 વન-ડે મૅચ રમાઈ છે. આથી વધુ સંખ્યામાં 26 વન-ડે માત્ર ઇડન ગાર્ડનમાં જ રમાઈ છે. 2011માં વર્લ્ડ-કપની 3 મૅચ પણ આ જ સ્ટેડિયમમાં રમાઈ હતી.

અમદાવાદનું એક વિલક્ષણ સ્થાપત્ય : ચબૂતરાઓ



ગુજરાતનાં કેટલાંક શહેરોમાં સુંદર કલાત્મક ચબૂતરાઓ જોવા મળે છે. તેમાં પણ અમદવાદમાં કોટની અંદરના વિસ્તારમાં તો અનેક એવા ચબૂતરાઓ જોવા મળે છે, જે સ્થાપત્યની દૃષ્ટિએ તો મહત્ત્વના છે જ, ઉપરાંત તેનું સામાજિક મહત્ત્વ પણ છે.

આ ચબૂતરાઓ પક્ષીઓ અને બીજાં નાનાંનાનાં પ્રાણીઓને ચણ-પાણી મળી રહે, તે માટે રહેણાકની આસપાસ બનાવવામાં આવ્યા હોય તેમ માનવામાં આવે છે. આ ચબૂતરાઓ એક સ્તંભની ઉપર બનાવવામાં આવે છે, જેનાથી આ નાનાં પક્ષી-પ્રાણીઓને સુરક્ષા મળી રહે.

લગભગ 150 વર્ષ પહેલાં અમદાવાદમાં કરિયાણાની દુકાન ચલાવનાર બાપાલાલ મોદીએ આ શહેરના કારંજ વિસ્તારમાં સૌ પહેલો ચબૂતરો બંધાવ્યો હતો. પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ અને કરુણા ધરાવતા સહજ રીતે ગુજરાતની પરંપરાના અસ્મિતાના પ્રતિનિધિ બની ગયા. ત્યાર બાદ અમદાવાદના નગરજનોએ આ ઉમદા વિચાર અપનાવીને કોટ વિસ્તારમાં, અનેક પોળોમાં ને ચોકમાં આવા ચબૂતરા બંધાવીને પક્ષીઓ માટે દાણા-પાણીની સગવડ કરી આપી. તાજેતરમાં 'અમદાવાદ હેરિટેજ ફાઉન્ડેશને' (AHF) શહેરના ચબૂતરાઓની જાળવણીની જવાબદારી ઊપાડી લીધી છે. અમદાવાદ શહેરમાં અંદાજે 120 ચબૂતરા છે. અલબત્ત, બધા સારી હાલતમાં નથી. આ ફાઉન્ડેશનનો હેતુ રંગરોગાન કરીને માત્ર તેને સુશોભિત કરવાનો નથી, પરંતુ ચબૂતરા પર પાટિયાં લગાવીને કે ચેનલોના વાયર બાંધીને અગર તેના ચોતરા પર ખાણી-પીણીનો કોઈ ખૂમચો લગાવીને તેને બદસૂરત કરવા જે કાંઈ કરતૂતો થયાં હોય તેમને દૂર કરી, ફરીથી તેમને સ્વચ્છ કરી, પંખીઓ માટે નિયમિત દાણા-પાણીની વ્યવસ્થા કરવાનો છે.

વધુપડતાં શહેરીકરણ, ટ્રાફિક અને કુદરત પ્રત્યેની ઉદાસીનતાને કારણે શહેરની શાન એવા ચબૂતરાઓ હાલમાં લોકોનાં જીવનમાંથી ભુલાવા માંડ્યા છે. અલબત્ત, આપણા વારસા - હેરિટેજ પ્રત્યેની સભાનતા હવે પ્રજામાં આવી રહી છે. અમદાવાદની પોળો અને ચબૂતરાની જાળવણી કરવાની શરૂઆત આવકારદાયક છે.




હેરિટેજ વૉક : 'અસ્મિતા યાત્રા'

અમદાવાદ ચાલો, જોઈએ અસલ અમદાવાદ. શહેરના જાજરમાન વારસાનો પરિચય થાય તે ઉદેશથી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને એક 'હેરિટેજ પ્રોજેક્ટ' હાથ ધર્યો છે જેમાં અમદાવાદ શહેરની પોળો અને ઐતિહાસિક ઇમારતોની કલાત્મકતા તથા જૂનાં-પુરાણાં મકાનોની જાળવણીની કામગીરી હાથ ધરવામાં આવે છે. અને આ પ્રોજેક્ટ અંતર્ગત એક 'અસ્મિતા યાત્રા' - 'વૉકિંગ ટૂર'નું પણ આયોજન કરવામાં આવે છે, જે કાલુપુર સ્વામિનારાયણ મંદિરથી જુમ્મા મસ્જિદ સુધીની છે. આ યાત્રા સવારે આઠ વાગ્યે એક અત્યંત કલાત્મક છબીકલાના સ્લાઇડ-શૉથી શરૂ થાય છે અને શહેરનું 1.5 કિ.મી. અંતર કાપી લગભગ દસ વાગ્યે જુમ્મા મસ્જિદમાં સમાપ્ત થાય છે. પણ એક વાત નક્કી છે : આ યાત્રા બાદ તમારા અંતરમનમાં પોળનાં કલાત્મક ઘર, ચબૂતરા, ચોક અને મંદિરની નાની દેરી તથા ભવ્ય દેરાસર અને દિવ્ય મંદિરની એવી તો અમીટ છાપ રહી જાય છે કે 'અસ્મિતા યાત્રા' બાદ પોળ અને તેના જીવનસંદર્ભમાં રહેલા તમારા ખોટા ખ્યાલોને તમે હસી કાઢો છો. તમારા માનસમાં પોળનું પ્રસન્ન નગરજીવન નવીન રૂપે ધબકતું રહે છે.

અમદાવાદમાં લગભગ 360થી અધિક નાની-મોટી પોળો છે અને પ્રત્યેક પોળની ખાસિયત એ છે કે દરેક પોળને એક વિશાળ પ્રવેશદ્વાર હોય જેમાં કાષ્ઠના દરવાજા હોય અને આ બાંધણીવાળા પ્રવેશદ્વારની ઉપર એક દરવાનના નિવાસની ઓરડી હોય. પોળનાં ઘરોના નકશીદાર રવેશ એટલે કે પ્રવેશદ્વાર હોય, કાષ્ઠના કે પથ્થરના ટોડલા હોય જેમાં પોપટ-મોર કે અપ્સરા જેવી પૂતળીઓ મંડિત હોય કે વેલ-બુટ્ટાની ડિઝાઇન હોય. પોળની મધ્યમાં કૂવો હોય, એક ઓટલો હોય અને વિશાળ ચોક તથા એક ચબૂતરો હોય. પોળના પ્રત્યેક મકાનને ઊંચો ઓટલો હોય તેમ જ પ્રવેશદ્વારની પાસે બે નકશીદાર સ્તંભ હોય. ઘરમાં એક ઓરડાથી બીજા ઓરડા વચ્ચે લાકડાના દરવાજા હોય. કેટલાંક ઘરની વચ્ચે ચોક હોય, જ્યાં હવાઉજાસની પૂરતી સગવડ હોય, પરસાળ હોય, પાણિયારું, અનાજ ભરવાની કોઠીઓ, માતાજીનો ગોખ, ગોખલા, અસલ બર્માટીકના મોભ, કોતરણીવાળી બારીઓ અને ઝરૂખાઓ હોય. કેટલીક હવેલીઓ અને દેરાસરોમાં પાણીના ટાંકા પણ હોય જેમાં વરસાદી પાણીને સંગૃહીત કરીને સંપૂર્ણ વર્ષ દરમિયાન આ જ પાણીનો ઉપયોગ કરવામાં આવે. આ સઘળી જીવનશૈલીમાં સ્થાપત્ય તેની સર્વોત્તમ કક્ષાએ દેખાઈ આવે. વાસ્તુશાસ્ત્રના આધારે નિર્માણ પામેલી આ પોળોની દક્ષિણ-દિશામાં એક પણ પ્રવેશદ્વાર નથી.


અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના 'હેરિટેજ વિભાગ' સાથે ફ્રાન્સના સ્થપતિઓ પણ કાર્યરત છે, જે અંતર્ગત અમદાવાદની પોળનાં 65 જેટલાં કલાત્મક ઘરોની જાળવણી હાથ ધરવામાં આવી રહી છે.



આરંભ : સ્વામિનારાયણ મંદિર, કાલુપુર



કવિ દલપતરામની પ્રતિમા



યાત્રા સમાપ્ત : જુમ્મા મસ્જિદ

અમદાવાદ : ઐતિહાસિક સ્થાપત્યોનું ગૌરવ - અદ્યતન સ્થાપત્યોની રોનક

અમદાવાદ ઐતિહાસિક નગર છે. ઈ. 1411માં તેની સ્થાપના બાદ નગરમાં અનેક મુસ્લિમ સ્થાપત્યો બંધાયાં, જેમાં હિંદુ-મુસ્લિમ સ્થાપત્યશૈલીનું સુંદર મિશ્રણ જોવા મળે છે. જામા મસ્જિદ, રાણી રૂપમતીની મસ્જિદ, સરખેજનો રોજો, સીદી સઈદની જાળીઓ વગેરે. 19મી સદીથી શરૂ થયેલી આ સ્થાપત્યશૈલીનાં બાંધકામો પછીની 16મી અને 17મી સુધી બંધાતાં રહ્યાં. અઢારમી સદીનાં સ્થાપત્યોમાં અડાલજની અને બાઈ હરિરની વાવનો પણ સમાવેશ થયો. ત્યાર બાદ 19મી સદીમાં હિન્દુ પરંપરામાં હઠીસિંગનાં દહેરાં અને કાલુપુરનું સ્વામિનારાયણનું મંદિર બંધાયાં. આ સમય દરમિયાન અમદાવાદમાં અંગ્રેજોનું આગમન થયા બાદ ગુજરાત કૉલેજ અને આઈ. પી. મિશનની કૉલોનિયલ શૈલીની ઇમારતો બંધાઈ. ઈ. 1942માં અમદાવાદમાં કૉલોનિયલ અને ભારતીય સ્થાપત્યના મિશ્રણ સમો ટાઉનહૉલ બંધાયો. પરદેશના સ્થપતિ ક્લૉક બેટલ દ્વારા બંધાયેલી આ પ્રથમ ઇમારત હતી. ત્યાર બાદ સ્થપતિ અચ્યુત કાનવિંદ દ્વારા બંધાયેલી 'અટીરા' (1952) એ અમદાવાદની પહેલી અદ્યતન ઇમારત હતી.



અટીરા



ટાઉનહૉલ

ગુજરાતમાં - અમદાવાદમાં હવે અદ્યતન સ્થાપત્યનો નૂતનયુગ શરૂ થઈ રહ્યો હતો. ભારત સરકારે પંજાબની રાજધાની માટે નવું નગર વસાવવાનો નિર્ણય કર્યો. તેના આયોજન માટે વિશ્વપ્રસિદ્ધ ફ્રેન્ચ સ્થપતિ લા કૉર્બુઝિયરને આમંત્રણ આપી કામ સોંપવામાં આવ્યું. આ કારણે લા કૉર્બુઝિયર વખતોવખત ભારત આવતા. અમદાવાદના તત્કાલીન દીર્ઘદ્રષ્ટા મેયર અને નગરપ્રેમી ઉદ્યોગપતિઓએ આ તક ઝડપી લઈ તેનો લાભ ઉઠાવ્યો. જ્યારે પણ લા કૉર્બુઝિયર ભારત આવે ત્યારે સાથેસાથે અમદાવાદની મુલાકાત લે તેવી વ્યવસ્થા કરીને અમદાવાદમાં અદ્યતન કક્ષાનાં સ્થાપત્યોની ડિઝાઈન કરાવી, તેમાં સંસ્કાર કેન્દ્ર (મ્યુઝિયમ), આત્મા હાઉસ, સારાભાઈ હાઉસ, શોધન હાઉસનો સમાવેશ થાય છે.



આત્મા હાઉસ



સંસ્કાર કેન્દ્ર (મ્યુઝિયમ)



લા કૉર્બુઝિયર




સારાભાઈ હાઉસ



શોધન હાઉસ



અમેરિકન સ્થપતિ લૂઈ કાહ્ન પાસે આઈ.આઈ.એમ.ની અનોખી ઈમારતની અને ચાર્લ્સ કોરિયા પાસે 'ગાંધી સ્મારક સંગ્રહાલય'ની ડિઝાઈન કરાવી હતી.





લા કૉર્બુઝિયરના ચંદીગઢના પ્રોજેક્ટના દેશમાં મદદનીશ તરીકે કામ કરી રહેલા યુવાન ગુજરાતી સ્થપતિ બાલકૃષ્ણ દોશી 1955માં અમદાવાદ આવ્યા અને અહીં કૉર્બુઝિયરે આરંભેલા પ્રોજેક્ટોમાં પણ તેમણે જવાબદારી નિભાવી હતી. પછીનાં વર્ષોમાં બીજાં અદ્યતન સ્થાપત્યો ઊભાં કરી અમદાવાદની રોનક બદલવામાં તેમનો ઘણો મોટો ફાળો છે. શ્રી દોશીએ ઈન્સ્ટિટ્યૂટ ફૉર ઈન્ડોલોજી, પોતાનાં સ્ટુડિયો-ઑફિસ 'સંગાથ', ગાંધી લેબર ઈન્સ્ટિટ્યૂટ, જેની સ્થાપનામાં શ્રી દોશીનો સંપૂર્ણ ફાળો હતો તેવી સ્કૂલ ઑફ આર્કિટેક્ચર, સેપ્ટ યુનિવર્સિટી, અમદાવાદની ગુફા, પ્રેમાભાઈ હૉલ વગેરેનો સમાવેશ થાય છે.



ગાંધી લેબર ઈન્સ્ટિટ્યૂટ



ઈન્સ્ટિટ્યૂટ ફોર ઈન્ડોલોજી



બાલકૃષ્ણ દોશી



સ્કૂલ ઑફ આર્કિટેક્ચર, સેપ્ટ યુનિવર્સિટી



અમદાવાદની ગુફા

ગુજરાતના ચાર ઐતિહાસિક પુલ



હૉપ પુલ (1877) - સુરત



ગોલ્ડન બ્રિજ (1881) - ભરૂચ



દાંડી પુલ (1915 પહેલાં) - અમદાવાદ

આજે તો સિવિલ એન્જિનિયરિંગ ક્ષેત્રે યાંત્રિક પ્રગતિને કારણે મોટા શહેરોમાં નદીઓ પર, રેલવે ક્રૉસિંગો પર તેમજ ચાર રસ્તાઓ પરના ટ્રાફિકની ગીચતા ટાળવા ઓવરબ્રિજ અને અન્ડરબ્રિજ બની રહ્યા છે, પરંતુ જ્યારે સાધન-સગવડ અને ટેક્નોલૉજીનો અભાવ હતો ત્યારે ગુજરાતમાં જે ચાર પુલોનું નિર્માણ થયું હતું તે ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. યોગાનુયોગ આ ચારેય પુલો લગભગ નજીકના સમયગાળામાં બંધાયા હતા.

1. હૉપ પુલ (1877) - સુરત : સુરતમાં તાપી નદી પર રાંદેરને સાંકળતો આ પુલ, ગુજરાતનો સૌથી જૂનો પુલ ગણાય છે. બ્રિટિશ અફસર મિ. હોપના નામ ઉપરથી તે હૉપ પુલ કહેવાય છે.
2. ગોલ્ડન બ્રિજ (1881) - ભરૂચ : ભરૂચ શહેર પાસેનો નર્મદાનદી પરનો પટ ખાસ્સો બે કિલોમીટર જેટલો છે. નર્મદામાં દર ચોમાસામાં પ્રચંડ પૂર આવે છે. આમેય બે કાંઠે છલકાતી નદી પર 19મી સદીના અંતભાગે પુલ બાંધવાનું કામ કઠિન હતું. તે બાંધતાં ઘણો મોટો ખર્ચ થઈ ગયો, એટલે આ પુલનું નામ 'ગોલ્ડનબ્રિજ' પડી ગયું છે.
3. એલિસબ્રિજ (1887) - અમદાવાદ : ઉપરના જ સમયગાળામાં બંધાયેલો એલિસબ્રિજ અમદાવાદનો પહેલો પુલ છે. આ પુલ હિંમતલાલ ધીરજરામ નામના ગુજરાતી ઈજનેરે બાંધ્યો હતો તે રીતે ઐતિહાસિક છે.
4. દાંડી પુલ (1915 પહેલાં) - અમદાવાદ : ભારતમાં બ્રિટિશ સલ્તનતના પાયાને લૂણો લગાડનાર ગાંધીજીની દાંડીયાત્રા આ પુલ ઉપરથી પસાર થઈ હતી. તે તેની ઐતિહાસિકતા છે.



એલિસબ્રિજ (1887) - અમદાવાદ

૬૦૦ વર્ષ પુરાણું અમદાવાદનું ગુજરીબજાર



અમદાવાદનો વારસો, અમદાવાદની ઓળખ કહેવાય તેવી વિવિધ વસ્તુઓ આ શહેરમાં છે. ચબૂતરા, કોટ વિસ્તારની પોળો, સીદી સઈદની જાળી, ભદ્રનો કિલ્લો વગેરે. તેમાં પણ વિલક્ષણ કહી શકાય તેવું છે અહીંનું 'ગુજરીબજાર'. અહમદશાહે શહેર વસાવ્યું, લગભગ તે સમયગાળાથી જ આ ગુજરીબજારની શરૂઆત થઈ હતી. એ સમયે અહમદશાહ ભદ્રના કિલ્લામાં રહેતા હતા. ભદ્રના કિલ્લાનો વિસ્તાર ઘણો મોટો હતો જે હાલના એલિસબ્રિજ સુધી લંબાયેલો હતો. તેમાં મહેલ ઉપરાંત જેલ, ફાંસી આપવાનું સ્થળ વગેરેનો પણ સમાવેશ થતો હતો. આ ગુજરીબજાર-સાબરમતીનદીના પૂર્વ કાંઠે સદીઓથી ભરાતી આવી છે. બાદશાહ મહેલના ઝરૂખામાં બેસીને ગુજરીબજાર જોતા હતા. એ સમયે તે બજાર શુક્રવારે ભરાતું હતું.

જે ગુજરીબજારને આપણા પૂર્વજોએ જોયું અને આજે જોઈ રહ્યા છીએ તે બજાર બાદમાં રવિવારે ભરાવા માંડ્યું. આ બજારમાં શું મળે છે તે કરતાં શું નથી મળતું એ પ્રશ્ન છે. સામાન્ય સ્થિતિના માણસનું ઘર વસી શકે એવું બધું જ અહીં મળે છે. તૈયાર કપડાં, વાસણો, ફર્નિચર, પ્રાઈમસ, સગડી, તવા, સાઈકલો, વીજળીનો સામાન, સુથારી-લુહારીકામનાં સાધનો, લારીઓ, પુસ્તકો, ખાણી-પીણી, જૂનું કમ્પ્યુટર અને તેના ભાગો, ઍન્ટિક ચીજવસ્તુઓ વગેરે વગેરે. ગરીબો અને નીચલા મધ્યમવર્ગનો આ મૉલ છે. જેમજેમ વર્ષો વીતતાં ગયાં તેમતેમ બજારનો વિસ્તાર થતો ગયો એટલે નદીના પટમાંથીય બહાર નીકળીને તે વિક્ટોરિયા ગાર્ડન - રાયખડ સુધી ફેલાઈ ગયું છે. અમદાવાદના વિકાસના એક ભાગરૂપે 'સાબરમતી રિવર ફ્રન્ટ'ની ભવ્ય યોજના આકાર લઈ રહી છે. સાબરમતીના બંને કાંઠે રહેઠાણો, મનોરંજનનાં અનેક સ્થળો, વૉક વે, ડ્રાઈવ-વે જેવી અનેક ચીજો આકાર લઈ રહી છે. તે સંજોગોમાં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને 'ગુજરી'નું મૂળ સ્વરૂપ સાચવી રાખીને રિવર ફ્રન્ટમાં જ તેને વધુ મોટી જગ્યા, વધુ સુવિધાઓ આપવાનું આયોજન કર્યું છે. તે આગામી વર્ષોમાં અમલી બનશે ત્યારે તેને નવી રોનક મળશે.

ઇતિહાસ અને કલા-વિષયક પુસ્તકોનો ખજાનો : આર્ટ બૂક સેન્ટર, અમદાવાદ



મનહરભાઈ પટેલ



કિરણભાઈ પટેલ

કોઈ પણ કલા-સંસ્કૃતિની જાળવણી અને સંવર્ધન કરતાં પુસ્તકો એ જે-તે પ્રદેશની અસ્મિતાનાં પ્રતિનિધિ છે. અમદાવાદના માદલપુર વિસ્તારમાં આવેલી પુસ્તકોની એક નાનકડી દુકાન 'આર્ટ બૂક સેન્ટર' ભારતીય-ગુજરાતી સંસ્કૃતિની અસ્મિતાનું પ્રતિનિધિત્વ કરે છે. હજારો અલભ્ય પુસ્તકોનું આ પ્રાપ્તિસ્થાન કલારસિકો માટે અમૂલ્ય ખજાના સમું છે. બે-ત્રણ હજારથી શરૂ કરીને બે-ત્રણ લાખની કિંમતનાં પુસ્તકો અહીં મળે છે. ભારતભરના જ નહિ પણ વિદેશોના કલામર્મજ્ઞો માટે આ સ્થળ એક તીર્થસ્થાન સમું છે. આ બૂકશૉપની મુલાકાત-પોથીમાં વિશ્વપ્રસિદ્ધ કલામર્મજ્ઞોના ઉચ્ચ અભિપ્રાયો નોંધાયેલા છે. તેનું એક વિશેષ કારણ એ પણ છે કે જે તે અમૂલ્ય પુસ્તક વિષે 'આર્ટ બૂક સેન્ટર'ના મનહરભાઈ અને પુત્ર કિરણભાઈને પૂરી જાણકારી હોય છે. કેટલાક મુલાકાતીઓએ એવું પણ નોંધ્યું છે કે આ બૂકશૉપ ભારતભરમાં વિરલ કહી શકાય તેવી છે.



કલારસિકો માટે અમૂલ્ય ખજાના સમું અલભ્ય પુસ્તકોનું પ્રાપ્તિસ્થાન

કાંકરિયા



ઐતિહાસિક કાંકરિયા તળાવ સદીએ-સદીએ નવાં રૂપરંગ ધરતું આવ્યું છે. આ છે તેનું એકવીસમી સદીનું સ્વરૂપ



બલૂનમાં ઊડ્ડયનનો આનંદ

આધુનિક અમદાવાદમાં મનોરંજનનાં અનેક સ્થળો છે, પરંતુ ત્રીસ-ચાળીસ કે તેથી વધુ વર્ષો પહેલાં તો અમદાવાદમાં કાંકરિયા તળાવ સિવાય ભાગ્યે જ મનોરંજનનું બીજું કોઈ સ્થળ હતું. અહીંની નગીનાવાડીમાં અંગ્રેજોને વેપારની પરવાનગી આપીને દેશને ગુલામ બનાવવામાં બાદશાહ જહાંગીર નિમિત્ત બન્યા હતા. સુલતાન અહમદશાહ પછી ગાદીએ આવેલા સુલતાન કુતુબુદ્દીને કાંકરિયા તળાવ બંધાયેલું. આ તળાવે ઘણી લીલી-સૂકી જોઈ છે. ક્યારેક ચોમાસામાં છલકાયું છે તો ક્યારેક ઉનાળામાં આછેરું પણ થયું છે. લોકોએ તેમાં નૌકાવિહાર કર્યો છે, તો જીવનમાં નિરાશ થયેલાં કોઈક-કોઈકે તેના પાણીમાં જીવન પણ ટૂંકાવ્યું છે.

આજે કાંકરિયાએ નવાં ક્લેવર ધર્યાં છે. તેની રોનક બદલાઈ ગઈ છે. અમદાવાદની ઐતિહાસિક ઓળખ આપતું રમણીય કાંકરિયા તળાવ આજે સૌંદર્યનું મનમોહક રૂપ ધારણ કરીને નીખરી ઊઠ્યું છે. આ સમગ્ર વિસ્તારને ખૂબ જ સુશોભિત કરી દેવામાં આવ્યો છે. તળાવ ફરતે એક મીની ટ્રેન દોડે છે. તેમાં બેસીને નાનાં-મોટાં તેની સહેલ કરે છે. તેને માટે ટિકિટ રાખવામાં આવી છે. 'કાંકરિયા કાર્નિવલ' ઉત્સવ ઊજવાય છે ત્યારે રાત્રે અદ્‌ભુત આતશબાજી પણ કરવામાં આવે છે.

બાજુમાં દર્શાવેલાં બલુનમાં પર્યટકોને બેસાડીને આકાશની સહેલ પણ કરાવવામાં આવે છે. આ રીતે કાંકરિયા એ અમદાવાદની પ્રજા અને પર્યટકો માટે હરવાફરવાનું તેમજ મનોરંજનનું આધુનિક સ્થળ તરીકે વિકાસવવામાં આવ્યું છે.

પ્રાણીવિદ્ રુબીન ડેવિડની માવજતથી તૈયાર થયેલું અદ્‌ભૂત પ્રાણીસંગ્રહાલય અને બાજુમાં જૂના કાંકરિયાનું એક યાદગાર દ્રશ્ય.





કિડ્ઝસીટી - નવતર આકર્ષણ

આ સંકૂલમાં, રોજિંદા જીવનમાં જેમાંથી પસાર થઈએ છીએ તેવા સ્થાનો - ઓફિસોની કામગીરીમાં જાત અનુભવ કરે છે. તેમાં ટી.વી. સ્ટૂડિયોમાં ગુજરાતના મુખ્યમંત્રી સાથે એક બાળક પ્રત્યક્ષ વાતચીત કરી શકે છે. આ ઉપરાંત બાળકોને હેરત પમાડે તેવી પારદર્શક પોલીકાર્બોનેટની બે ટનલોવાળી આ સુંદર નગરીમાં બાળકો જુદી-જુદી ૧૭ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ જ્ઞાન સાથે ગમ્મત મેળવશે. બાળકો આઈસ્કીમ ફેક્ટરીમાં આઈસ્ક્રીમ બનાવવાની, ફાયર સ્ટેશનમાં આગ બુઝાવવાની, હૉસ્પિટલમાં દર્દીના ઓપરેશન તથા દાંતની સારવાર, એમ્બ્યુલન્સ સેવાની, બીઆરટીએસ બસ સેવા, ટેલી કોમ્યુનિકેશન, ટીવી - ન્યુઝ પેપર મિડિયા પ્રવૃત્તિ, બેકીંગ કામગીરી, પોલીસ સ્ટેશન, કોર્ટ, જેલ, થિયેટર જેવી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ વ્યવહારિક તથા



કિડ્ઝસીટી સંકુલ - જ્યાં બાળકો પોતે જાત અનુભવે કરી શકે તેવી અનેક પ્રવૃત્તિઓ કરીને જ્ઞાન અને મનોરંજન મેળવી શકે છે.



વ્યવસાયિક કુશળતા તેમજ સાયન્સ સેન્ટર, એનસીસી, હેરિટેજ ગેલેરી જેવી પ્રવૃત્તિઓથી જ્ઞાન મેળવશે. કિડ્સ સિટીમાં નીચેની પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

૧. રેડિયો સ્ટેશન, ૨. કિડ્સ ટેલિકોમ, ૩. કિડ્સ બેંક, ૪. સાયન્સ સેન્ટર, ૫. પોલીસ સ્ટેશન, જેલ, કોર્ટ, ૬. ડેન્ટલ અને મેડિકલ હોસ્પિટલ, ૭. ૧૦૮ સેવા, ૮. ફાયર સ્ટેશન, ૯. હેરીટેજ ગેલેરી, ૧૦. થીયેટર, ૧૧. બીઆરટીએસ, ૧૨. પ્રિન્ટ મિડીયા, ૧૩. આઈસ્ક્રીમ ફેક્ટરી, ૧૪. એનસીસી કેમ્પ, ૧૫. સીટી ગવર્નન્સ, ૧૬. ટીવી સ્ટુડિયો, ૧૭. આઈટી સેન્ટર

કાંકરિયાના તળાવ ફરતે સહેલ કરવા માટે આ સુંદર શણગારેલી ટ્રેનમાં બેસીને બાળકો આનંદ મેળવે છે.

નાતાલના તહેવારોમાં બાળકોને ફરવા નીકળવાનો અને આતશબાજી જોવામાં રસ હોય છે. લગભગ ગોળાકાર કાંકરિયા તળાવના કાંઠા ઉપરથી લેસર લાઈટ - પ્રકાશ છોડીને કાંકરિયા ઉપરના આકાશને આતશબાજીથી ભરી દેવામાં આવે છે. આ સમયે કાંકરિયાની રોનક કાંઈક જુદી જ લાગે છે. હજારો લોકો આ સુંદર નજારાનો લાભ લે છે.



સાબરમતી રિવર ફ્રન્ટ - અમદાવાદ : સાબરમતીના બંને કાંઠે બનશે સ્વપ્ન-નગરી





સાબરમતી રિવર ફ્રન્ટ પર સહેલાણીઓ

સાબરમતી રિવર ફ્રન્ટનું ભાવિ આયોજન

1. **સાંસ્કૃતિક સંસ્થાઓ :** નાટ્યગૃહ, ઓપન એર થિયેટર તમામ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે ભાડે અપાશે.
2. **નૌકાવિહાર અને વૉટર સ્પૉર્ટ્સ :** સરદારબ્રિજથી નહેરુબ્રિજ સુધીના વિસ્તારમાં વૉટર સ્પૉર્ટ્સમાં સ્વિમિંગ, વૉટર પોલો તથા નૌકા-હરીફાઈ થશે.
3. **સિટી પાર્ક :** બી. જે. પાર્કને ગાર્ડન બનાવાશે.
4. **ફ્લોટિંગ રેસ્ટોરન્ટ :** નહેરુબ્રિજથી ગાંધીબ્રિજની વચ્ચે ફ્લૉટિંગ રેસ્ટોરન્ટ બનશે.
5. **ચાર લેન પહોળો રસ્તો તેમ જ ફૂટપાથની સુવિધા :** વાસણાથી સુભાષબ્રિજ સુધી બંને બાજુએ 9 કિ.મી.નો રોડ બનાવી આ રોડની નીચે મેટ્રો રેલ દોડાવવાનું નક્કી કરાયું છે.
6. **ફરવા માટેની જગ્યા :** 42.80 હેક્ટર જમીનમાં બંને બાજુએ 7 જેટલા બગીચા ઉપરાંત વૉક-વે તેમ જ જૉગિંગ પાર્કની સુવિધા ઊભી કરાશે.
7. **કમર્શિયલ ઑફિસો તેમ જ દુકાનો :** નહેરુબ્રિજથી ગાંધીબ્રિજ સુધીના બંને કાંઠાના વિસ્તારો કમર્શિયલ હેતુ માટે વેચાણથી આપવામાં આવશે.
8. **ગાંધી આશ્રમનું વિસ્તરણ :** ગાંધી આશ્રમથી સીધું નદીમાં જવાય તે માટે એક ઘાટ બનાવવામાં આવશે.
9. **ગુજરી જેવી બજારો :** ગાંધીબ્રિજ પાસે તથા એલિસબ્રિજ પાસે ગુજરીબજારો ઊભી કરાશે.
10. **હેરિટેજ પાર્ક :** નદીના પૂર્વ કિનારા ઉપર નહેરુબ્રિજથી ગાંધીબ્રિજ સુધીના પટ્ટાનો હેરિટેજ પાર્ક તરીકે વિકાસ કરાશે, જેમાં ઐતિહાસિક વસ્તુઓ મૂકવામાં આવશે. તેની ઝાંખી કરાવતાં ચિત્રો મુકાશે.

છેલ્લાં પાંચ-દસ વર્ષમાં અમદાવાદ શહેરનો કલ્પનાતીત વિકાસ થઈ રહ્યો છે. વિશાળ રસ્તાઓ, આલીશાન ઈમારતો, મલ્ટીપ્લેક્સ થિયેટરો, મૉલ, શૉપિંગ કૉમ્પ્લેક્સ, અન્ય મનોરંજનના પાર્ક, અદ્યતન ક્લબો, આધ્યાત્મિક સંકુલો અને યોગકેન્દ્રો ઊભરી રહ્યાં છે. ટૂંકા સમયમાં જેનો મૂલ્યવાન ઉમેરો થનાર છે તેવી એક યોજના છે 'સાબરમતી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ' - યોજના.

અમદાવાદ પરિવર્તન માટે સદાય તત્પર એવું નગર છે. હવે તેને મેગાસીટીનો દરજ્જો મળતાં તેનો વિકાસ તેજ થશે. દાયકાઓથી સૂકીભઠ સાબરમતીમાં નર્મદાનાં નીર વહેતાં થયાં છે અને આગામી વર્ષો સાબરમતી બંને કાંઠે છલકતી થશે. આ સંજોગોમાં તેના બંને કાંઠે નદીની સમાંતર એવા પહોળા પટ પર અદ્ભુત આયોજન થઈ રહ્યું છે. સાબરમતી નદીના બંને કાંઠા રમણીય બની જશે.

પ્રથમ તબક્કામાં સુભાષબ્રિજથી વાસણા બેરેજ સુધીના 9 કિ.મી. લાંબા નદીના સળંગ પટની બંને બાજુ પાળાનું બાંધકામ કરી 400 એકર જેટલી જમીનનું પુરાણ કરી તેની ઉપર નવા બગીચા સાથે બંને બાજુ છ લેનનો રોડ બનાવાશે. ઉપરાંત અહીં બસની સુવિધા પણ ઊભી કરવાનું આયોજન છે, જેમાં આનંદપ્રમોદ માટે બગીચા, એમ્યુઝમેન્ટ પાર્ક, બોટિંગ, ફરતી રેસ્ટોરન્ટ, મલ્ટિપ્લેક્સ થિયેટર, નાટ્યગૃહ, સાંસ્કૃતિક કાર્યક્રમ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવશે. તેમ જ કમર્શિયલ સેન્ટર પણ ઊભું કરવામાં આવશે. તેમાં હોટેલ, બૅંક, થિયેટર, શૉપિંગ મૉલ્સ વગેરે હશે. આ ઉપરાંત બંને કાંઠે ચાલવા માટે વૉક-વે તથા ઠેરઠેર જોગિંગ પાર્ક ઊભા કરાશે.

યોજનામાં નહેરુબ્રિજથી ગાંધીબ્રિજના બંને તરફના પટ્ટા કોમર્શિયલ સેન્ટરો માટે અનામત રાખવાનું આયોજન કરાશે. રિવર ફ્રન્ટના બાંધકામ દરમિયાન નદીનાં પૂરના કારણે જમીન ધસી ના પડે તે માટે 30 ફૂટ ઊંડી રિટર્નિંગ વૉલ ઊભી કરવામાં આવશે અને ત્યારબાદ તેના ઉપર વૉક-વે અને પછી પાંચથી દશ ફૂટ બીજું સ્ટ્રક્ચર ઊભું કરી ત્યાં ગાર્ડન કે કમર્શિયલ સેન્ટર ઊભું કરવા બેઝ બનાવવામાં આવશે. પાણી બારેમાસ ભરાઈ રહે એ માટે શાહીબાગ પાસે એક વિયર બનાવવામાં આવશે.

આ ઉપરાંત રિવર ફ્રન્ટ યોજનામાં વૉટર સ્પોર્ટ્સનો સમાવેશ કરાયો છે. આ ગેમ વાસણા ખાતે રમવામાં આવશે. અહીં ગુજરીબજાર જેવી માર્કેટો ઊભી કરાશે.





ગ્રામ્ય વાતાવરણનો અહેસાસ કરાવતું અમદાવાદનું અનોખું સ્થાન : 'વિશાલા'



તાલીમે અને વ્યવસાયે એન્જિનિયર અને ઇન્ટિરિયર ડિઝાઈનર એવા સુરેન્દ્ર પટેલને એક સ્વપ્ન આવ્યું... ભરચક શહેરીકરણથી વ્યસ્ત અને ત્રસ્ત નાગરિકોને કુદરતના ખોળે જીવનનો આનંદ લેતી પ્રજા જેવો ગામડાંનો નૈસર્ગિક આનંદ મળે, ગ્રામ્યભોજન મળે, સહજ પર્યાવરણ અને વાતાવરણ મળે તેવું ગોકુળિયું એક ગામ વસાવવાનું - જ્યાં લોકો આવે, બે-ચાર કલાક ગાળે, ઢાળેલા ખાટલાઓમાં સકુટુંબ, મિત્રમંડળ સાથે બેસે, બાળકો કઠપૂતળીના ખેલ જુએ, આસપાસનાં વૃક્ષો અને વનરાજિનો આનંદ અનુભવે, ગામડાની ઝૂંપડીઓ, એકાદ ગાડું, ગાય-ભેંસ અને પક્ષીઓના કલરવથી ધબકતા જીવનનો આનંદ લે, એકાદ માંચડા પર ચડીને ખેતરનો અનુભવ કરે, મોર ને ઢેલના ટહુકા સાંભળે... પછી ડાઈનિંગ ટેબલ પર બેસીને નહિ પણ પલાંઠી વાળીને આસન પર નીચે બેસી મોટી થાળીમાં ગ્રામ્યજીવનની યાદ અપાવે તેવી વિવિધ પ્રકારની પચીસ-ત્રીસ વાનગીઓ રસથી આરોગે.





ભોજનની મઝા માણવા સાથે કઠપૂતળીનો ખેલ પણ જોઈ શકાય છે.

ગામડાંનો નૈસર્ગિક આનંદ મળે, ગ્રામ્યભોજન મળે, સહજ પર્યાવરણ અને વાતાવરણ મળે તેવું ગોકુળિયું એક ગામ



સુરેન્દ્ર પટેલ

દેશભરમાં અનેક સ્થળે કલા નિર્દેશન કરનાર ઇન્ટિરિયર ડેકોરેટર, સ્વપ્નસેવી કલાકાર સુરેન્દ્ર પટેલની આ પરિકલ્પના દેશભરમાં સૌપ્રથમ અને એક માત્ર છે. દેશના અન્ય ભાગોમાંથી તેમજ પરદેશોમાંથી પણ આવનાર પ્રવાસીઓ માટે વિશાલા અનોખું આકર્ષણ છે.



અને એ સ્વપ્નદ્રષ્ટા સુરેન્દ્ર પટેલે અમદાવાદથી - નહિ ઝાઝું દૂર કે નહિ સાવ પાસે એવા એકાંત સ્થળે ઊભું કર્યું 'વિશાલા'. અમદાવાદનું એક અનોખું અનુભૂતિ કરવા લાયક જોવાલાયક સ્થળ. તેના પરિસરમાં જ છે ગુજરાતનાં ગામડાંના ઘરોમાં વૈવિધ્યપૂર્ણ વાસણોના અમૂલ્ય સંગ્રહ સમું 'વિચાર મ્યુઝિયમ' જાતે જ જુઓ અને જાતે જ અનુભૂતિ કરો.



પરદેશી મહેમાનો વિશાલાની મૂલાકાતે.



વિચાર મ્યુઝિયમ

ખેતરના માંચડાની મઝા



સોમનાથથી સાઉથ પોલ-દક્ષિણ ધ્રુવ

એક હજાર વર્ષ પહેલાં મહંમદ ગઝનવીના આક્રમણની ઘટનાથી ગુજરાતનું સમૃદ્ધિથી સભર સોમનાથનું મંદિર લૂંટને કારણે વિશ્વપ્રસિદ્ધ બન્યું. તે ફરીફરી તૂટ્યું અને ફરીફરી બન્યું. પચાસેક વર્ષ પહેલાં 1951માં તેનું નવું - છેલ્લું સંસ્કરણ થયું. આ સોમનાથના પ્રાંગણમાં એક વિરાટ સ્તંભ છે. તેની એક વિશિષ્ટતા છે કે આ સ્તંભથી દક્ષિણ દિશામાં છેક દક્ષિણ ધ્રુવ સુધીના માર્ગમાં કોઈ જ અવરોધ નથી. જમીનનો ટાપુ-રૂપે પણ કોઈ જ ટુકડો નથી - એટલે કે દક્ષિણ ધ્રુવ વિસ્તારમાં ઊભેલો માનવી કોઈ શક્તિશાળી દૂરબીન વડે દ્વાદશ જ્યોતિર્લિંગમાંના પહેલા જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથને પ્રણમી શકે.



150 વર્ષ પહેલાં કન્યાશાળા અને હોસ્પિટલ બંધાવનાર - હરકુંવર શેઠાણી



હરકુંવર શેઠાણીએ ૧૫૦ વર્ષ પેહલાં કન્યાશાળા અને ૧૧૨ વર્ષ પહેલાં અમદાવાદમાં હૉસ્પિટલ બંધાવી હતી. જે વિસ્તરીને આજની સિવિલ હૉસ્પિટલ થઈ છે.

19મી સદીના મધ્યાહ્‌ને અમદાવાદમાં હઠીસિંગનાં દેરાસરો બંધાવનાર શેઠશ્રી હઠીસિંગ કેસરીસિંગનું અકાળે અવસાન થવાથી તેમના અધૂરાં રહેલાં દેરાસરો તેમનાં પત્ની હરકુંવર શેઠાણીએ પૂરાં કરાવ્યાં. હરકુંવર શેઠાણીની વાત માત્ર તેમના આ ધાર્મિક કાર્યથી પૂરી થતી નથી. આ ઉપરાંત આજથી દોઢસો વર્ષ પહેલાં, એક સ્ત્રી હોવા છતાં તેઓ પ્રગતિશીલ બ્રિટિશ અમલદારો, કવિ દલપતરામ, ભોગીલાલ પ્રાણવલ્લભદાસ જેવા સાહિત્યકારો અને શિક્ષણવિદો સાથે હળતાં-ભળતાં હતા. સામાજિક પ્રવૃત્તિઓમાં માત્ર દાન આપી બેસી ન રહેતાં સાર્વજનિક ઉત્કર્ષનાં કાર્યોમાં રસ લેતાં.

1. હરકુંવરે ઈ. 1850માં એક કન્યાશાળા સ્થાપીને તેનો વહીવટ તે સમયની ગુજરાત વર્નાક્યુલર સોસાયટીને સોંપ્યો હતો. તે જ વર્ષે મગનભાઈ કરમચંદે પણ કન્યાશાળા શરૂ કરી હતી. પોતાની તેમ જ મગનભાઈની કન્યાશાળામાં તેઓ જતાં અને છોકરીઓની પરીક્ષા પણ લેતાં. આમ તેમણે ગુજરાતમાં કન્યાકેળવણીની શરૂઆત આજથી દોઢસો વર્ષ પહેલાં કરી હતી. તે વખતના સામાજિક કુરિવાજો સામે પણ તેમણે અવાજ ઉઠાવ્યો હતો.



2. સમાજની ચિંતા કરનારા બીજા નાગરિકો સાથે હળતાં-ભળતાં તેમણે એવું નોંધ્યું કે કન્યાશાળામાં બધા શિક્ષકો પુરુષો જ હતા. એક પણ સ્ત્રી-શિક્ષિકા હતી નહિ. તેમણે એવું વિચાર્યું કે જ્યાં સુધી સ્ત્રી-શિક્ષિકાઓ તૈયાર નહિ કરીએ ત્યાંસુધી કન્યાઓની સંખ્યા વધશે નહિ. આથી સ્ત્રી-અધ્યાપનની શાળા શરૂ કરવાનો નિર્ણય લેવાયો.

તે દરમિયાન એવું બન્યું કે મિલમાલિક બેચરદાસ લશ્કરીની દીકરી મહાલક્ષ્મીનું અકાળે અવસાન થયું. તેની આગળ ભણવાની ખૂબ ઇચ્છા હતી, એટલે બેચરદાસે આ તક ઝડપીને મોટું દાન આપ્યું, જેમાંથી ઈ. 1874માં 'મહાલક્ષ્મી ફિમેલ ટ્રેનિંગ કૉલેજ'ની સ્થાપના થઈ. આ સંસ્થા અમદાવાદમાં રાયખડ વિસ્તારમાં હજી ચાલે છે.

3. હરકુંવરે રૂા. 52,000 અને પ્રેમાભાઈ નગરશેઠે રૂા. 22,000નું દાન આપી ગરીબો માટે એક હૉસ્પિટલ બંધાવી હતી. ઈ. 1900માં શરૂ થયેલી આ હૉસ્પિટલ ક્રમશઃ વિસ્તરતી ગઈ અને આજે ભવ્ય 'સિવિલ હૉસ્પિટલ' તરીકે દેશભરમાં ખ્યાતનામ છે. તેના ખાતમુહૂર્તની તકતી આજે નવી સિવિલ હોસ્પિટલમાં મૂકવામાં આવી છે.

1924માં સૌ પ્રથમ હાઉસીંગ સોસાયટી બાંધનાર - પ્રીતમરાય વ્રજરાય દેસાઈ



આજથી લગભગ ૯૦ વર્ષ પહેલાં અમદાવાદમાં કો-ઑપરેટીવ હાઉસીંગ સોસાયટી બાંધી. તેમને પગલે આજે ગુજરાતમાં હજારો સહકારી સોસાયટીઓ છે.

એક સમયે જ્યારે અમદાવાદની મોટાભાગની વસતી કોટ વિસ્તારમાં રહેતી હતી તેવા સમયે ઈ. 1924માં પ્રીતમરાય દેસાઈએ સૌપ્રથમ સહકારી ગૃહનિર્માણક્ષેત્રે 'ધી બ્રહ્મક્ષત્રિય કો.ઑપ. સો. લિ.'ની સ્થાપના કરી હતી.

વ્યવસાયે તેઓ શિક્ષક હતા, પરંતુ મૌલિક વિચારસરણી ધરાવતા પ્રીતમરાયે પ્રજાની જરૂરિયાત પારખીને ગૃહનિર્માણક્ષેત્રે એક દૂરગામી પગલું ભર્યું હતું – જેનાં ફળ આજે ગુજરાતની પ્રજા ચાખી રહી છે.

ઈ. સ. 1917-18માં અમદાવાદમાં રોગચાળો ફાટી નીકળવાથી ડૉ. હરિપ્રસાદ અને પ્રીતમરાયના પરિવારો નદી પારના એલિસબ્રીજ વિસ્તારમાં કામચલાઉ ટેન્ટ બાંધીને રહેવા આવ્યા. તે સમયે સમગ્ર અમદાવાદ માત્ર કોટ-વિસ્તારમાં પોળો-શેરીઓમાં વસતું હતું. આજે એલિસબ્રિજ વિસ્તાર છે તે વગડા જેવો વિસ્તાર હતો.

આ સંજોગોમાં પ્રીતમરાયને સહકારી ધોરણે મધ્યમવર્ગ માટે સોસાયટી સ્થાપવાનો વિચાર આવ્યો. તેમણે આ અગાઉ મુંબઈમાં જોગેશ્વરી વિસ્તારમાં એક સોસાયટી સ્થપાયાનું જાણ્યું હતું, તેથી તેમણે મુંબઈમાંની સોસાટીઓનું સાહિત્ય મંગાવ્યું. તેનો અભ્યાસ કરી જમીન ખરીદી. કેટલાક મિત્રો પાસેથી પૈસાની સગવડ કરી. સહકારી લોનની પણ વ્યવસ્થા કરી.

આ સોસાયટી ઊભી કરવા પ્રીતમરાયે તનતોડ મહેનત કરી. અમદાવાદ મ્યુનિસિપલ સોસાયટીના તત્કાલીન પ્રમુખ વલ્લભભાઈના હસ્તે ઈ. સ. 1927ની 28મી જાન્યુઆરીએ સોસાયટીનું વાસ્તુપૂજન કરવામાં આવ્યું. તેમણે વ્યાખ્યાનમાં કહ્યું : 'ગુજરાતની આ સર્વપ્રથમ કો.-ઑપરેટીવ સોસાયટી માટે પ્રીતમરાયે અથાગ પરિશ્રમ કર્યો છે. એટલે આ સોસાયટી અને અન્ય વિસ્તારોને 'પ્રીતમનગર' નામ આપવું.'

ત્યાર પછી તો અમદાવાદમા તેમને પગલેપગલે જૈન મર્ચન્ટ, શાંતિસદન, સ્વસ્તિક, ઝોરોસ્ટ્રીયન, મહાવીર, પરિમલ, બ્રાહ્મણ મિત્રમંડળ વગેરે સોસાયટીઓનો સિલસિલો ચાલુ થયો. ભરૂચમાં તેમની સલાહથી થયેલી પહેલી સોસાયટીનું નામ 'પ્રીતમ સોસાયટી' પાડવામાં આવ્યું છે, જે આજે પણ અસ્તિત્વમાં છે.

આ ઉપરાંત 1932માં તેમણે 'ધી પીપલ્સ કો-ઑપરેટીવ બૅંક'ની પણ સ્થાપના કરી હતી. માત્ર સવર્ણો માટે જ નહિ પણ હરિજનો, દલિતો અને મુસ્લિમો માટે પણ ખૂબ પરિશ્રમ કરી, બૅંકોમાંથી લોન અપાવીને સોસાયટીઓ બંધાવી આપી હતી. અમદાવાદ-ગિરધરનગર વિસ્તારમાં 'પ્રીતમરાય વણકર કો. ઓ. સોસાયટી', પ્રીતમપુરા તથા તેમની પત્નીના નામે 'નિર્મળચોક' આજે પણ અસ્તિત્વ ધરાવે છે.





શ્રીકૃષ્ણ મંદિર - દ્વારકા



શિવ મંદિર - સોમનાથ



જૈન દેરાસરો - પાલિતાણા

सर्वधर्म समभाव



શક્તિપીઠ - અંબાજી



શીખ ગુરુદ્વારા - અમદાવાદ





સ્વામિનારાયણ મંદિર - ગાંધીનગર

जय जय गरवी गुजरात



પારસી અગિયારી - સંજાણ



દરિયાલાલ અને ચેટીચાંદની ઉજવણી



ઐતિહાસિક ચર્ચ - અમદાવાદ



ઐતિહાસિક મસ્જિદ - ચાંપાનેર

'હેલો ગુજરાત' ક્વિઝ

પ્રિય વાચકમિત્રો,

'ગુજરાતની અસ્મિતા' પુસ્તક તમે રસપૂર્વક વાંચ્યું હશે. ગુજરાત વિષે ઘણી નવી વાતો તમે જાણી હશે. તમને એવું પણ થયું હશે કે આપણા જ રાજ્ય વિષે - આપણી જ માતૃભૂમિ વિષે આપણે ઘણું જાણતા ન હતા. તમને તમારાં જ્ઞાન-માહિતીની કસોટી કરવા 'હેલો ગુજરાત' ક્વિઝનાં બે પાનાં આપ્યાં છે. તમે કેટલા સાચા જવાબ આપી શકો છો ? આ ક્વિઝ શાળાઓમાં જ્ઞાન-ગમ્મત તરીકે પણ યોજી શકાય, તેના માર્ક રાખી શકાય, ઇનામો પણ આપી શકાય. તો ચાલો... કરો શરૂઆત.

1. ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન કોના હસ્તે થયું હતું ?
(અ) રવિશંકર રાવળ (બ) મોરારજી દેસાઈ
(ક) ઇન્દુલાલ યાજ્ઞિક (ડ) રવિશંકર મહારાજ

2. ગુજરાત અલગ થયા પહેલાં કયા રાજ્યનો ભાગ હતું ?
(અ) મહારાષ્ટ્ર (બ) સૌરાષ્ટ્ર
(ક) મુંબઈ (ડ) મહાગુજરાત

3. ગુજરાતમાં ફિલ્મનિર્માણ માટેનો સ્ટુડિયો ક્યાં આવેલો છે ?
(અ) રાજપીપળા (બ) વડોદરા
(ક) કાલોલ (ડ) ઉમરગામ

4. ગુજરાતમાં વિસ્તાર પ્રમાણે સૌથી નાનો જિલ્લો કયો છે ?
(અ) ડાંગ (બ) નવસારી
(ક) નર્મદા (ડ) ભાવનગર

5. પારસીઓના સ્મશાનને શું કહેવાય છે ?
(અ) દખમુ (બ) દેથ ટાવર
(ક) અગિયારી (ડ) કબ્રસ્તાન

6. ગુજરાતમાં સૌ પ્રથમ ટેલિવિઝન સેંટર ક્યાં શરૂ થયેલું ?
(અ) અમદાવાદ (બ) પીજ
(ક) વડોદરા (ડ) સુરત

7. ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક કોણ હતા ?
(અ) રણજિતસિંહ ગાયકવાડ (બ) ગાંધીજી
(ક) કનૈયાલાલ મુનશી (ડ) રણજિતરામ વાવાભાઈ

8. ગુજરાતમાં કયા સ્થળને વર્લ્ડ-હેરિટેજમાં સ્થાન પ્રાપ્ત થયું છે ?
(અ) ડાકોર (બ) દ્વારકા
(ક) સોમનાથ (ડ) ચાંપાનેર

9. હિન્દી ફિલ્મ 'સરદાર'ની ભૂમિકા ભજવનાર ગુજરાતી કલાકાર ?
(અ) સંજીવકુમાર (બ) અરવિંદ ત્રિવેદી
(ક) પરેશ રાવળ (ડ) ઉપેન્દ્ર ત્રિવેદી

10. ગાંધીજી દ્વારા સ્થાપવામાં આવેલી યુનિવર્સિટીનું નામ શું છે ?
(અ) ગુજરાત વિદ્યાપીઠ (બ) ગુજરાત યુનિવર્સિટી
(ક) ગાંધી આશ્રમ (ડ) આમાંથી એક પણ નહિ

11. ગુજરાતમાં વહાણ ભાંગવાનો ઉદ્યોગ ક્યાં વિકસ્યો છે ?
(અ) રાજકોટ (બ) ઉમરગામ
(ક) અલંગ (ડ) દહેજ

12. ગુજરાતનો સૌથી ઊંચો પર્વત કયો છે ?
(અ) ચોટીલા (બ) પાવાગઢ
(ક) ગિરનાર (ડ) આમાંથી કોઈ નહિ.

13. ગુજરાતમાં સૌથી પહેલાં મહિલા સ્નાતક કોણ હતાં ?
(અ) કસ્તૂરબા (બ) હીરાબહેન પાઠક
(ક) મૃણાલિની સારાભાઈ (ડ) વિદ્યાગૌરી નીલકંઠ

14. 'અમદાવાદનો ઇતિહાસ' પુસ્તક કોણે લખ્યું છે ?
(અ) અંબાલાલ સારાભાઈ (બ) રત્નમણિરાવ જોટે
(ક) મગનલાલ વખતચંદ (ડ) કનૈયાલાલ મુનશી

15. ગુજરાતમાં બારડોલી સત્યાગ્રહ સાથે કોનું નામ જોડાયેલું છે ?
(અ) સરદાર પટેલ (બ) મહાત્મા ગાંધી
(ક) મોરારજી દેસાઈ (ડ) શામળદાસ ગાંધી

16. ગુજરાતમાં કયું નગર સાક્ષરનગર કહેવાય છે ?
(અ) અમદાવાદ (બ) સુરત
(ક) નડિયાદ (ડ) મોડાસા

17. કયા ગુજરાતી સાહિત્યકારને જ્ઞાનપીઠ ઍવૉર્ડ મળ્યો નથી ?
(અ) ઉમાશંકર જોશી (બ) રાજેન્દ્ર શાહ
(ક) ક. મા. મુનશી (ડ) પન્નાલાલ પટેલ

18. ગુજરાત પ્રવાસનના બ્રાન્ડ ઍમ્બૅસેડર કોણ છે ?
(અ) નરેન્દ્ર મોદી (બ) અમિતાભ બચ્ચન
(ક) અભિષેક બચ્ચન (ડ) સલમાન ખાન

19. ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી કોણ હતા ?
(અ) છબીલદાસ મહેતા (બ) હિતેન્દ્ર દેસાઈ
(ક) ડૉ. જીવરાજ મહેતા (ડ) મોરારજી દેસાઈ

20. તરણેતરનો મેળો ગુજરાતના કયા જિલ્લામાં ભરાય છે ?
(અ) વડોદરા (બ) ડાંગ
(ક) અમદાવાદ (ડ) સુરેન્દ્રનગર

21. ગુજરાતના કયા સ્થળને સાધુઓનું પિયર કહે છે ?
(અ) અંબાજી (બ) ગિરનાર
(ક) પાવાગઢ (ડ) ડાકોર

22. ગુજરાતના ગ્રીનસિટીનું બિરુદ કયા શહેરને અપાયું છે ?
(અ) ગાંધીધામ (બ) ગાંધીનગર
(ક) અમદાવાદ (ડ) સુરત

23. ગુજરાતના દરિયાકાંઠાનો વિસ્તાર જણાવો.
(અ) 1600 કિ.મી. (બ) 1500 કિ.મી.
(ક) 1700 કિ.મી. (ડ) 1400 કિ.મી.

24. ગુજરાતના ખ્યાતનામ ચિત્રકાર કોણ હતા ?
(અ) રવિશંકર મહારાજ (બ) પંડિત શંકર
(ક) ભીમ શંકર (ડ) રવિશંકર રાવળ

25. સુરત જિલ્લાના જાણીતા સાહિત્યકાર કોણ છે ?
(અ) ઉમાશંકર જોશી (બ) વીર નર્મદ
(ક) સુંદરમ્ (ડ) કલાપી

26. ગુજરાતી ભાષાની સૌપ્રથમ આત્મકથા કઈ છે ?
(અ) સત્યના પ્રયોગો (ગાંધીજી) (બ) મારા અનુભવો (સચ્ચિદાનંદ)
(ક) મારી હકીકત (નર્મદ) (ડ) સ્મરણયાત્રા (કાકાસાહેબ)

27. રાણીની વાવ કયા જિલ્લામાં આવેલી છે ?
(અ) ભાવનગર (બ) રાજકોટ
(ક) પાટણ (ડ) જૂનાગઢ

28. 'મુછાળી મા' તરીકે કોણ જાણીતું છે ?
(અ) નાનાભાઈ ભટ્ટ (બ) બળવંતરાય ઠાકોર
(ક) પ્રાગજી ડોસા (ડ) ગિજુભાઈ બધેકા

29. ઈંગ્લૅન્ડમાં 'ઇન્ડિયા હાઉસ' કયા ગુજરાતીએ સ્થાપ્યું ?
(અ) મૅડમ કામા (બ) શ્યામજી કૃષ્ણ વર્મા
(ક) દાદાભાઈ નવરોજી (ડ) નર્મદ

30. ગુજરાતની કઈ નદી સાગરને મળતી નથી ?
(અ) નર્મદા (બ) તાપી
(ક) સાબરમતી (ડ) સરસ્વતી

31. મૅગ્સેસે ઍવૉર્ડ મેળવનાર પ્રથમ ગુજરાતીનું નામ આપો.
(અ) મલ્લિકા સારાભાઈ (બ) અનસૂયાબહેન
(ક) ઇલાબેન ભટ્ટ (ડ) મૌલાબક્ષ

32. પારસીઓના કાશી તરીકે ગુજરાતનું કયું શહેર જાણીતું છે ?
(અ) નવસારી (બ) ઉદવાડા
(ક) સંજાણ (ડ) નારગોલ

33. ગુજરાતમાં સંગીતના પર્યાય તરીકે કોણ જાણીતું છે ?
(અ) ઉસ્તાદ ફૈયાઝખાં (બ) અસાઈત
(ક) પંડિત ઓમકારનાથ (ડ) આદિત્યરામ વ્યાસ

34. ગુજરાતના મધ્યમાંથી કયું વૃત્ત પસાર થાય છે ?
(અ) મકરવૃત્ત (બ) કર્કવૃત્ત
(ક) વિષુવવૃત્ત (ડ) અમૃતવૃત્ત

35. ગુજરાતમાં આવેલું જ્યોર્તિલિંગ કયું છે ?
(અ) સોમનાથ (બ) મલ્લિકાર્જુનમ્
(ક) કેદારનાથ (ડ) બદરીનાથ

36. ગુજરાતનું કયું શહેર ડાયમંડ સિટી તરીકે જાણીતું છે ?
(અ) ભરૂચ (બ) સુરત
(ક) જામનગર (ડ) પાલનપુર

37. ગુજરાતના આદિકવિ નરસિંહ મહેતાનો જન્મ ક્યાં થયો હતો ?
(અ) તળાજા (બ) જૂનાગઢ
(ક) ધ્રાંગધ્રા (ડ) પાનધ્રો

38. ગુજરાતમાં 'પાટણ' નામનાં કેટલાં શહેર છે ?
(અ) બે (બ) ત્રણ
(ક) એક (ડ) ચાર

39. અમદાવાદ અને ચેન્નાઈ વચ્ચે દોડતી ટ્રેનનું નામ શું છે ?
(અ) ચેન્નાઈ એક્સપ્રેસ (બ) મદ્રાસ એક્સપ્રેસ
(ક) નવજીવન એક્સપ્રેસ (ડ) સાબરમતી એક્સપ્રેસ

40. ગુજરાતનું કયું બંદર મત્સ્ય બંદર તરીકે વિકાસ પામ્યું છે ?
(અ) ઓખા (બ) દહેજ
(ક) મગદલ્લા (ડ) વેરાવળ

41. ઈસબગુલના વ્યાપારનું સૌથી મહત્ત્વનું મથક કયું ?
(અ) ઊના (બ) ઊંઝા
(ક) રાજકોટ (ડ) પોરબંદર

42. ગુજરાતનું કયું નગર પહેલાં સુદામાપુરી તરીકે ઓળખાતું હતું ?
(અ) પોરબંદર (બ) વડોદરા
(ક) ભરૂચ (ડ) ભાવનગર

43. શ્રીકૃષ્ણ અવસાન પામ્યા તે સ્થળ કયા નામે ઓળખાય છે ?
(અ) ભાલકાતીર્થ (બ) કૃષ્ણકુંજ
(ક) યાદવાસ્થળી (ડ) દેહોત્સર્ગ

44. ગુજરાતના કયા કવિને રાષ્ટ્રીય શાયરનું બિરુદ આપવામાં આવ્યું છે ?
(અ) વીર નર્મદ (બ) કલાપી
(ક) ઝવેરચંદ મેઘાણી (ડ) બોટાદકર

45. ગુજરાતનું કયું શહેર 'માન્ચેસ્ટર ઑફ ભારત' કહેવાતું હતું ?
(અ) સુરત (બ) વડોદરા
(ક) પાટણ (ડ) અમદાવાદ

46. કયા પાકના ઉત્પાદનમાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને આવે છે ?
(અ) ઘઉં (બ) કપાસ
(ક) બાજરી (ડ) જુવાર


47. ભરૂચનું નામ કયા ઋષિના નામ પરથી પાડવામાં આવેલ છે ?
(અ) કણ્વ ઋષિ (બ) દુર્વાસા ઋષિ
(ક) માતંગ ઋષિ (ડ) ભૃગુ ઋષિ

48. નારાયણ સરોવર કયા જિલ્લામાં આવેલું છે ?
(અ) કચ્છ (બ) સુરેન્દ્રનગર
(ક) મહેસાણા (ડ) જામનગર

49. ગુજરાતમાં બંદરોના વિકાસાર્થે કઈ સંસ્થા કામ કરે છે ?
(અ) અમદાવાદ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (બ) ગુજરાત મેરિટાઈમ બોર્ડ (ક) ગુજરાત રિઝર્વ બોર્ડ (ડ) ગુજરાત હાઉસિંગ બોર્ડ

50. સૂર્યઊર્જાનો રાજ્યવ્યાપી ઉપયોગ કરવાનો પ્રોજેક્ટ ક્યાં થયો છે ?
(અ) કચ્છના રણમાં (બ) પાલનપુર
(ક) વડોદરા (ડ) ચારણકા (પાટણ)

ક્રોસવર્ડ - ૧



આડી ચાવી

1. ગાંધી આશ્રમ આ નદી કિનારે આવેલો છે. (5)
3. ભારતના રાષ્ટ્રપિતા. (3)
6. ગુજરાતમાં આવેલું પ્રતમ જ્યોતિર્લિંગ. (4)
8. બનાસકાંઠાનું એક ગામ. (2)
9. હિંદના દાદાનું સંબોધન પામનારા દાદાભાઈ (4)
11. ખેડા જિલ્લાનું સાગરકાંઠે વસેલું ઐતિહાસિક નગર. (3)
12. કુતુબુદીને બંધાવેલું અમદાવાદની શાન સમાન તળાવ. (4)
14. નરસિંહ મહેતા ____ બ્રાહ્મણ હતા. (3)
16. ગાંધીનગરની બાજુમાં આવેલું એક ગામ. (3)
18. ગુજરાતી ફિલ્મોના એક સ્વ. હાસ્ય કલાકાર ____ મહેતા. (3)
19. સુરેન્દ્રનગરની બાજુ આવેલું એક ગામ. (7)
21. અમદાવાદ નજીક આવેલો ઐતિહાસિક સરખેજ ____. (2)
22. બેટ દ્વારકા નજીક આવેલું એક બંદર. (2)
23. ગુજરાતમાં વસતી આર્થિક રીતે સુખી અને વેપારી કોમ. (2)
25. ખાનદેશ તરફથી આવતા ગુજરાતનું બારું. (4)
26. કાઠિયાવાડનો એક પ્રદેશ. (3)
27. ગુજરાતી ગદ્યસાહિત્યના પિતા-કવિ. (3)
28. ભાવનગર નજીક આવેલું શિપબ્રેકિંગ યાર્ડ. (3)
29. પદ્મશ્રીનું બિરુદ મેળવનાર ચિત્રકાર ____ રાવળ. (5)
31. પાટણની ઉત્તમ સ્થાપત્યવાળી વાવ. (5)
33. હિંદુસ્તાનના ભાગલા વખતે સિંધમાંથી ગુજરાતમાં આવેલી પ્રજા. (2)
37. સરદાર વલ્લભભાઈની જન્મભૂમિ. (4)
38. ગુજરાતના ભક્ત કવિ ____ મેઘાણંદ. (3)
40. ગુજરાતની સેવા સંસ્થાના સ્થાપક. (4)
42. ઉત્તર ગુજરાતનો એક જિલ્લો. (4)
43. પંચમહાલનું એક ગામ. (2)
45. કાઠિયાવાડની એક અસલી જાતિ. (2)
48. સુગમ સંગીતના જાણીતા કલાકાર ____ દેસાઈ. (2)
49. ગુજરાતની જાણીતી એક નૃત્યાંગના અને અભિનેત્રી ____ સારાભાઈ. (3)
50. સૌરાષ્ટ્રમાં આવેલું દરિયા કિનારાનું એક પ્રવાસધામ. (4)
51. માણભટ્ટ ____ વગાડીને કથા કરતા. (3)

ગુજરાત ક્રોસવર્ડ

આ સાથેના બે પાનાંઓમાં શબ્દચોરસ (ક્રોસવર્ડ) આપેલાં છે તેમાં માત્ર ગુજરાત અંગેના જ શબ્દોથી પૂરા કરવાના છે. તેમાં સ્થળો કે વ્યક્તિવિશેષોનાં શબ્દો આવી શકશે.

ઊભી ચાવી

1. ઉત્તર ગુજરાતનો એક જિલ્લો. (5)
2. વલસાડ નજીક દરિયાકાંઠે આવેલું રમણીય સ્થળ. (3)
4. ગુજરાતના જાણીતા એક સ્વ. ઉદ્યોગપતિ ____ અંબાણી. (4)
5. ગાંધીજીએ જ્યાં અભ્યાસ કર્યો હતો તે શામલદાસ કોલેજ સૌરાષ્ટ્રના આ શહેરમાં આવેલી છે. (5)
6. ખેડા જિલ્લાનું એક ગામ. (3)
7. કચ્છના છેડે કોટેશ્વર નજીકનું સરોવર. (8)
10. આઈ.એન.ટી. દ્વારા પોતાની નાટ્યપ્રતિભા વિકસાવનાર મહિલા નાટ્યકાર. (5)
13. રણછોડરાયનું જાણીતું તીર્થધામ. (3)
15. ભાઈજીના નામથી પ્રખ્યાત કથાકાર. (5)
17. શ્રીકૃષ્ણની રાજધાની - એક તીર્થ. (3)
20. ઉત્તર ગુજરાતમાં આવેલું નાગરોનું નગર. (5)
24. ભાવનગર નજીક દરિયામાં આવેલા મહાદેવ. (4)
26. ગુજરાતનો એક શાસક મૂળરાજ ____. (3)
27. જૂનાગઢના એક કૃષ્ણભક્ત અને કવિ. (7)
30. ગુજરાતના પ્રથમ પંક્તિના હાસ્ય લેખક. (5)
31. અમદાવાદના વિક્ટોરિયા ગાર્ડનનું એક નામ ____ બાગ. (2)
32. સંસ્કાર નગરી તરીકે જાણીતું શહેર. (4)
34. અમરેલીના વતની અને રણજિતરામ ચંદ્રક મેળવનાર પ્રખ્યાત કવિ ____ પારેખ. (3)
36. જલારામ બાપાને માનતી એક જ્ઞાતિ. (3)
37. ગુજરાતની જીવાદોરી સમાન એક નદી. (3)
39. વલ્લભ વિદ્યાનગરના વિકાસના પાયાના પુરુષ. (4)
41. કવિ કલાપીના જન્મભૂમિ અને કર્મભૂમિ. (2)
44. ભરૂચ જિલ્લાના વાગરા તાલુકામાં આવેલું બંદર. (3)
46. નર્મદા નદીનું એક નામ. (2)
47. વલસાડની બાજુમાં આવેલો ગુજરાતનો સૌથી નાનો જિલ્લો. (2)

આડી ચાવી

1. ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી. (7)
5. અમદાવાદની બાજુમાં આવેલો એક જિલ્લો. (2)
7. સૂડી-ચપ્પા માટે જાણીતું કચ્છનું એક શહેર. (3)
10. સૂરત પાસે આવેલું શહેર. (3)
11. સુરતના નાગર બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલા કવિ. (3)
12. ડાકોર નજીક મહીકાંઠે આવેલું વિખ્યાત શિવાલય. (5)
15. હાલોલ તાલુકામાં આવેલું કાલિકામાતાનું ડુંગર પરનું તીર્થ. (4)
17. ઉત્તરાયણમાં પતંગ ચઢાવવા માટે જાણીતો માંજો. (3)
19. કચ્છના દરિયાકાંઠાનું બંદર. (2)
20. અમદાવાદમાંથી અષાઢી બીજે નીકળતી ભવ્ય નગરયાત્રા (4)
21. વડોદરા જિલ્લાનું એક ગામ. (3)
23. સુરત આ નદીકિનારે વસેલું છે. (2)
25. જામ રાવળે વસાવેલું સૌરાષ્ટ્રનું એક શહેર. (5)
27. ભાવનગરમાં રાજા તખ્તસિંહજીએ બનાવેલું મંદિર. (4)
28. દેશના ઉદ્યોગના પિતામહ જમશેદજી ____ . (2)
31. બનાસકાંઠાનું એક ગામ. (3)
32. ગુજરાતના એક હાસ્યકાર-લેખક ____ લાલ બોરીસાગર. (2)
33. વડનગર નજીક ટેકરી પર આવેલું જૈનતીર્થ. (3)
34. ખેડા જિલ્લાનું એક ગામ. (4)
37. સુરતની એક વખણાતી વાનગી. (2)
38. ઈડર નજીક આવેલું એક ગામ. (3)
40. ધોળકા નજીક આવેલું એક જૈન તીર્થ. (4)
42. એક ટીવી આર્ટિસ્ટ ____ મહેતા. (3)
43. પશુપાલનનો વ્યવસાય કરતી એક કોમ. (3)
44. ગુજરાતી સાહિત્યના એક સમર્થ નાટ્યકાર, કવિ અને રંગભૂમિના આદ્યપ્રવર્તક. (8)
46. માટી કે ધાતુના ઘડામાં કાણાં પાડી અંદર મૂકાતો દીવો. (3)
48. બૈજુએ ____ માલકૌંસ ગાતાં પથ્થર પીગળવા માંડેલો. (2)
49. ગુજ. યુનિવર્સિટીમાં હિંદીના વ્યાખ્યાત અને સાહિત્યસર્જક ____ વીર ચૌધરી. (2)
50. 'છંદોલય' કાવ્યસંગ્રહના રચયતા કવિ નિરંજન ____. (3)
51. ભરૂચના શુક્લતીર્થ નજીક આવેલું વિશાળ વૃક્ષ ____ વડ. (3)
52. નડિયાદનું પ્રખ્યાત મંદિર. (4)
53. હિંદી ફિલ્મમાં અદાકારી કરનારી વિજય. (2)

ક્રોસવર્ડ - ૨

૧	૨		૩		૪		■	૫	૬	■	૭			■	૮
■		■		■		■	૯	■	૧૦			■	■	■	
■	૧૧			■	૧૨					■		■	૧૩	■	
■		■		■		■		■	■	૧૪	■	૧૫		૧૬	
૧૭		૧૮		૧૯			૨૦								■
	■		■	■	■	■		■	■	■	૨૧			■	૨૨
૨૩		■	■	૨૪	■	■	૨૫		૨૬			■	■	■	
	■	૨૭				■		■		■		■	૨૮	૨૯	■
	■		■		■	૩૦	■	૩૧			■	■	■	૩૨	
૩૩			■	૩૪			૩૫	■		■	૩૬	■	૩૭		■
■	■		■		■	■		■	■	૩૮			■		■
૩૯	■	■	૪૦				■	૪૧	■		■	■	૪૨		
૪૩			■		■	■	૪૪				૪૫				■
	■	■	૪૬			■		■	■	૪૭		■		■	૪૮
૪૯		■		■	■	■		■	■	■		■	૫૦		
■	■	૫૧			■	૫૨				■	■	૫૩		■	

ઊભી ચાવી

2. તાનારીરીની સમાધિ ઉ. ગુજરાતના આ નગરમાં આવેલી છે. (5)
3. રાજકોટ જિલ્લાનું એક ગામ. (4)
4. લોકસાહિત્યને ગાયકી દ્વારા ઘેર-ઘેર પહોંચાડનાર કસુંબલ કસબી. (5)
6. ભક્ત બોડાણો દ્વારકાધીશને દ્વારકાથી આ ગામ લઈ ગયો. (3)
7. ગુજરાતમાં આવેલી એક શક્તિપીઠ. (3)
8. ગરવો ગિરનાર જેની તળેટીમાં વસેલો છે તે શહેર. (4)
9. ભારતીય ક્રિકેટ ટીમમાં સૌરાષ્ટ્રનો યુવા ખેલાડી. (7)
13. ઈલાબહેન ભટ્ટ દ્વારા સ્થપાયેલી મહિલાઓ માટેની સંસ્થા. (2)
14. ભાવનગર નજીક આવેલી ઔદ્યોગિક વસાહત. (2)
16. એક ગઝલકાર ____ દર્હીવાલા. (2)
17. રંગમંચ એન ફિલ્મોની એક અભિનેત્રી. (6)
18. રંગમંચ અને ફિલ્મોની એક અભિનેત્રી. (6)
21. દૂધમાં સાકરની જેમ ભળી ગયેલી પ્રજા-કોમ. (3)
22. કચ્છનું એક મુખ્ય શહેર. (2)
24. 'લોકસાગરને તીરે તીરે' નામની કોલમ લખનારા કટારલેખક - સાહિત્યકાર. (8)
26. ગુજરાતનું માતૃભક્તિનું મહાપર્વ. (4)
27. ગાવા-નાચવાનો ધંધો કરનારી એક જાતિ. (4)
29. ઊલટા ચશ્માં ફેઈમ જાણીતા હાસ્યલેખક. (6)
30. અમદાવાદ નજીક આવેલી ભાગવત વિદ્યાપીઠ. (2)
34. ગુજરાતી ગીતોના ગાયક પ્રફુલ્લ. (2)
36. સિહોર-ભાવનગરની વખણાતી મીઠાઈ. (2)
38. ગાયકવાડી નગરી તરીકે જાણીતું શહેર. (4)
39. જૂનાગઢ નજીક આવેલો પર્વત. (4)
41. અમદાવાદનો જાણીતો કિલ્લો. (2)
42. હિંદી સિનેમાના જાણીતા નિર્દેશક - નિર્માતા. (5)
44. સાહિત્યક્ષેત્રે જેમનું નોંધપાત્ર પ્રદાન છે એ ____ શેઠ. (4)
45. ઉ. ગુજરાતનં એક ગામ વીસ ____. (3)
46. દયારામની ____ ખૂબ જાણીતી છે. (3)
48. બેસ્ટ સેલિંગ ઓથર અને મોટિવેશનલ સ્પીકર ____ ભગત. (3)

'હેલો ગુજરાત' ક્વીઝ, ગુજરાત ક્રોસવર્ડ - (1) અને (2) તેમજ સવાલોના જવાબો

ગુજરાત ક્રોસવર્ડ - 1ના જવાબો

૧ સા	બ	ર	મ	૨ તી		૩ ગાં	૪ ધી	જી		૫ ભા		૬ સો	મ	૭ ના	થ
બ				૮ થ	રા		રુ		૯ ન	વ	રો	જી		રા	
ર		૧૦ સ		લ		૧૧ ખં	ભા	ત		ન		ત્રા		ય	
૧૨ કા	ક	રિ	યા		૧૩ ડા		ઈ		૧૪ ના	ગ	૧૫ ર		૧૬ મા	ણ	સા
ઠા		તા			કો			૧૭ દ્વા		૧૮ ર	મે	શ		સ	
		૧૯ જા	રા	૨૦ વ	ર	ન	ગ	ર			શ			૨૧ રો	જો
		ધી		ડ				કા			૨૨ ઓ	ખા		વ	
૨૩ જે	૨૪ ન		૨૫ સો	ન	ગ	ઢ					ઝા		૨૬ સો	ર	ઠ
	ક			ગ				૨૭ ન	ર્મ	દ			લં		
૨૮ અ	લં	ગ		૨૯ ર	૩૦ વિ	શં	ક	ર			૩૧ રા	ણ	કી	વા	૩૨ વ
	ગ				નો			૩૩ સિ	ધી		ણી				ડો
૩૪ ર				૩૫ ભા	દ	ર		હ		૩૬ લુ		૩૭ ન	ડિ	યા	દ
૩૮ મે	રુ	૩૯ ભા			ભ			મ		હા		ર્મ			રા
શ		૪૦ ઈ	૪૧ લા	ભ	ટ્ટ		૪૨ મ	હે	સા	ણા		૪૩ દા	હો	૪૪ દ	
		૪૫ કા	ઠી			૪૬ રે		તા			૪૭ ડાં			૪૮ હે	મા
૪૯ મ	લ્લિ	કા		૫૦ ચો	ર	વા	ડ			૫૧ ગા	ગ	ર		જ	

ગુજરાત ક્રોસવર્ડ -2ના જવાબો

૧ જી	૨ વ્ર	રા	૩ જ	મ	૪ હે	તા		૫ ખે	૬ ડા		૭ અં	જા	ર		૮ જૂ
	ડ		સ		મુ		૯ ચે		૧૦ કો	સં	બા				ના
	૧૧ ન	ર્મ	દ		૧૨ ગ	ળ	તે	શ્વ	ર		જી		૧૩ સે		ગ
	ગ		ણ		ઢ		શ્વ			૧૪ ચિ		૧૫ પા	વા	૧૬ ગ	ઢ
૧૭ સુ	ર	૧૮ તી		૧૯ પા	વી		૨૦ ર	થ	યા	ત્રા				ની	
જા		ર્થ					પૂ				૨૧ પા	દ	રા		૨૨ ભુ
૨૩ તા	પી			૨૪ ઈ			૨૫ જા	મ	૨૬ ન	ગ	ર				જ
મ		૨૭ ત	ખ્તે	શ્વ	ર		રા		વ		સી		૨૮ તા	૨૯ તા	
હે		ર		ર		૩૦ સો		૩૧ થ	રા	દ				૩૨ ર	તિ
૩૩ તા	રં	ગા		૩૪ પે	ટ	લા	૩૫ દ		ત્રિ		૩૬ પં		૩૭ પો	ક	
		ળા		ટ			વે			૩૮ વ	ડા	લી		મ	
૩૯ ગિ			૪૦ ક	લી	કું	ડ		૪૧ ભ		ડો			૪૨ મ	હે	તા
૪૩ ર	બા	રી		ક			૪૪ ચં	દ્ર	વ	દ	૪૫ ન	મ	હે	તા	
ના			૪૬ ગ	ર	બો		દ્ર			૪૭ રા	ગ		શ		૪૮ ચે
૪૯ ર	ઘુ		ર				કાં				ર		૫૦ ભ	ગ	ત
		૫૧ ક	બી	ર		૫૨ સં	ત	રા	મ			૫૩ ભ	ટ્ટ		ન

'હેલો ગુજરાત' ક્વીઝના જવાબો

1. રવિશંકર મહારાજ, 2. મુંબઈ, 3. ઉમરગામ, 4. ડાંગ, 5. દખમુ, 6. પીજ, 7. રણજિતરામ વાવાભાઈ, 8. ચાંપાનેર, 9. પરેશ રાવળ, 10. ગુજરાત વિદ્યાપીઠ, 11. અલંગ, 12. ગિરનાર, 3. વિદ્યાગૌરી નીલકંઠ, 14. મગનલાલ વખતચંદ, 15. સરદાર પટેલ, 16. નડિયાદ, 17. ક. મા. મુનશી, 18. અમિતાભ બચ્ચન, 19. ડૉ. જીવરાજ મહેતા, 20. સુરેન્દ્રનગર, 21. ગિરનાર, 22. ગાંધીધામ, 23. 1600 કિ.મી., 24. રવિશંકર રાવળ, 25. વીર નર્મદ, 26. મારી હકીકત (નર્મદ), 27. પાટણ, 28. ગિજુભાઈ બધેકા, 29. શ્યામજી કૃષ્ણ વર્મા, 30. સાબરમતી, 31. ઇલાબેન ભટ્ટ, 32. સંજાણ, 33. પંડિત ઓમકારનાથ, 34. કર્કવૃત્ત, 35. સોમનાથ, 36. સુરત, 37. તળાજા, 38. બે, 39. નવજીવન એક્સપ્રેસ, 40. વેરાવળ, 41. ઊંઝા, 42. પોરબંદર, 43. દેહોત્સર્ગ, 44. ઝવેરચંદ મેઘાણી, 45. અમદાવાદ, 46. કપાસ, 47. ભૃગુ ઋષિ, 48. કચ્છ, 49. ગુજરાત મેરિટાઈમ બોર્ડ, 50. ચારણકા (પાટણ)

ગુજરાતના ઇતિહાસ, ભૂગોળ અને વ્યક્તિવિશેષ સંબંધી જવાબો

ઇતિહાસ : 1. 1960, 2. સિદ્ધરાજ જયસિંહ, 3. ભીમદેવ, 4. મૂળરાજ સોલંકી, 5. હેમચંદ્રાચાર્ય, 6. પાટણ, 7. ચાંપાનેર, 8. શહાજહાંન, 9. ઔરંગઝેબ, દાહોદ, 10. મરાઠા,

ભૂગોળ : 1. 1600 કિ.મી., 2. ધોળાવીરા, 3. સોમનાથ, 4. કલ્પસર, 5. ચારણકા (પાટણ), 6. એક-સાપુતારા, 7. ગિરનાર, 8. સોમનાથના મંદિરથી, 9. ઊંઝા, 10. સુરત - 1887માં

વ્યકિતવિશેષ : 1. ભાઈકાકા, 2. મુનિ પૂણ્યવિજયજી, 3. કરણઘેલો, 4. અંબાલાલ સારાભાઈ, 5. બાલકૃષ્ણ દોશી, 6. પંડિત ઓમકારનાથ, 7. પ્રાણલાલ પટેલ, 8. રવિશંકર રાવળ, 9. નર્મદ, 10. ડો. વિક્રમ સારાભાઈ

નીચે ગુજરાતના ઇતિહાસ, ભૂગોળ અને વ્યક્તિવિશેષો અંગેના દસ - દસ સવાલો આપ્યા છે. જુઓ તમને કેટલા સવાલોના સાચા જવાબ આવડે છે.

ઇતિહાસ	1.	ગુજરાતનું સ્વતંત્ર રાજ્ય કયા વર્ષમાં અસ્તિત્વમાં આવ્યું ?	
	2.	ગુજરાતનું સૌથી પ્રતાપી રાજા કોણ હતો ?	
	3.	પાટણમાં આવેલી રાણકીવાવ કોણે બંધાવી હતી ?	
	4.	સોલંકી વંશનો સૌથી પહેલો રાજા કોણ હતો ?	
	5.	ગુજરાતી સાહિત્યનું સૌથી પહેલું વ્યાકરણ કોણે લખ્યું હતું ?	
	6.	મુસ્લિમ શાસન પહેલાં ગુજરાતની રાજધાની કઈ હતી ?	
	7.	મહંમદ બેગડો પોતાની રાજધાની કયા સ્થળે લઈ ગયો ?	
	8.	અમદાવાદમાં હાલના સરદારસ્મારકની ઇમારત કોણે બંધાવી હતી.	
	9.	કયા મોગલ બાદશાહનો જન્મ ગુજરાતમાં થયો હતો ? ક્યાં ?	
	10.	બ્રિટીશરો ગુજરાતમાં આવ્યા તે પહેલાં કોનું શાસન હતું ?	
ભૂગોળ	1.	ગુજરાતના સાગરકાંઠાની લંબાઈ કેટલી છે ?	
	2.	લોથલ ઉપરાંત ગુજરાતમાં હડપ્પા સંસ્કૃતિના અવશેષો ક્યાં છે ?	
	3.	ગુજરાતમાં બાર જ્યોતીર્લિંગોમાંનું પ્રથમ જ્યોતિર્લિંગ ક્યાં છે ?	
	4.	ખંભાતના અખાતમાં આયોજિત વિશાળ સરોવરનું નામ શું છે ?	
	5.	એશિયાભરમાં આવેલો સૌથી મોટો સોલારપાર્ક ગુજરાતમાં ક્યાં સ્થાપવામાં આવ્યો છે ?	
	6.	ગુજરાતમાં કેટલા હિલસ્ટેશન છે ? નામ આપો.	
	7.	ગુજરાતનું ઊંચામાં ઊંચો પર્વત કયો છે ?	
	8.	ગુજરાતમાં કયા સ્થાનેથી કોઈ અવરોધ વિના દક્ષિણધ્રુવનું સ્થળ જોઈ શકાય છે ?	
	9.	સુપ્રસિદ્ધ ઉમિયામાતાનું મંદિર ક્યાં આવેલું છે ?	
	10.	ગુજરાતમાં જુનામાં જુનો પૂલ ક્યાં આવેલો છે ? તે પુલ ક્યારે બંધાયો હતો ?	
વ્યક્તિવિશેષ	1.	આણંદ પાસે વિશાળ શૈક્ષણિક સંકુલ કોણે ઊભું કર્યું છે ?	
	2.	વિવિધ સ્થાનોમાંથી પ્રાચીન જૈન હસ્તપ્રતો કોણે ભેગી કરી અને સાચવી હતી ?	
	3.	ગુજરાતી ભાષાની સૌપ્રથમ નવલકથાનું નામ કહો.	
	4.	ગાંધીજી સૌ પ્રથમ અમદાવાદ આવ્યા ત્યારે કયા મિલમાલિકે તેમને સાથ આપ્યો હતો ?	
	5.	અમદાવાદમાં અદ્યતન સ્થાપત્યવાળી સૌથી વધુ ઈમારતો કોણે બાંધી છે ?	
	6.	આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર ગુજરાતી સંગીતકાર કોણ હતા ?	
	7.	ગુજરાતના કયા તસવીરકારે આયુષ્યના ૧૦૦ વર્ષ પૂરા કર્યા છે ?	
	8.	ગુજરાતમાં કયા ચિત્રકારે કલાની પ્રવૃત્તિઓ શરુ કરી ?	
	9.	ગુજરાતની પ્રશસ્તિ કરતું સૌપ્રથમ કાવ્ય કોણે રચ્યું છે ?	
	10.	ભારતમાં અવકાશયુગનો આરંભ કરનાર ગુજરાતી વિજ્ઞાની કોણ હતા ?	



સંદર્ભ ગ્રંથ સૂચિ

1. ગુજરાત સર્વસંગ્રહ
કવિ નર્મદાશંકર લાલશંકર
2. રાસમાળા ભાગ-1 - 2
અલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સ
3. Cultural History of Gujarat
Dr. M.R.Mazmudar
4. ગુજરાતનું પાટનગર અમદાવાદ
રત્નમણિરાવ ભીમરાવ જોટે
5. અમદાવાદનો ઇતિહાસ
મગનલાલ વખતચંદ
6. સૌરાષ્ટ્રનો ઇતિહાસ
શંભુ-સાદ દેસાઈ
7. તવારિખે બીલીમોરા
દાદાભાઈ મો. બીલીમોરિયા
8. અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન
હીરાલાલ ત્રિ. પારેખ
9. ગુજરાતનાં તીર્થસ્થાનો
દુર્ગાશંકર કે. શાસ્ત્રી
10. ગુજરાતનાં કેટલાક ઐતિહાસિક -સંગો અને વાર્તાઓ
સં. કવીશ્વર દલપતરામ
11. ગુજરાતનાં કેટલાક ઐતિહાસિક -સંગો અને વાર્તાઓ
સં. કવીશ્વર દલપતરામ
11. ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસ ભાગ 1થી 9
રસિકલાલ પરીખ
હરિ-સાદ ગં. શાસ્ત્રી
-વીણચંદ્ર પરીખ
12. તવારીખે નવસારી
સોરાબજી મ. દેસાઈ
13. અમદાવાદનો પરિચય
રત્નમણિરાવ ભીમરાવ જોટે
14. ગૂર્જર મારો દેશ
ચં. ચી. મહેતા
15. ભમીએ ગુજરાતે
ચં. ચી. મહેતા
16. ખંભાતનો ઇતિહાસ
રત્નમણિરાવ ભીમરાવ જોટે
17. સૂરત ભાગ 1-2
મંગેશરાવ પાઠકજી
18. વડોદરા
ચંદ્રશેખર ભટ્ટ
19. વડોદરા-આ-વડોદરા
હસિત બૂચ
20. સંસ્કૃતિ અને ગુજરાત
-ા. નરોત્તમ વાળંદ
21. ભરૂચ
-ા. નરોત્તમ વાળંદ
22. સિદ્ધપુર
ચીમનલાલ મગનલાલ બ્રોકર
23. વડનગર
કનૈયાલાલ ભ. દવે
24. પાટણ
ધનવંત ઓઝા
25. વલભી
ધનવંત ઓઝા
26. ખંભાત
ધનવંત ઓઝા
27. નર્મદા
ઈશ્વરભાઈ દેસાઈ
28. ડાંગ
સમાજકલ્યાણ ખાતું,ગુ. રાજ્ય
29. ઘુમલી
કે. કા. શાસ્ત્રી
સવિતાબહેન ના. મહેતા
30. મહાગુજરાતનાં શિલ્પ-સ્થાપત્યો
ડૉ. હરિલાલ ગૌદાણી
31. ગિર
શંભુ-સાદ હ. દેસાઈ
32. શામળાજી
ડૉ. નવીનચંદ્ર આચાર્ય
33. પુરાણોમાં ગુજરાત
ઉમાશંકર જોશી
34. ગુજરાતની રાજધાનીઓ
રસિકલાલ છો. પરીખ
35. કપડવણજની ગૌરવગાથા
ડૉ. પોપટલાલ દોલતરામ વૈદ્ય
36. ગુજરાતની કીર્તિગાથા
કનૈયાલાલ મુનશી
37. સોમનાથ
રત્નમણિરાવ ભીમરાવ જોટે
38. મહાક્ષત્રપ રુદ્રદામા
વિજયેન્દ્રસૂરી
39. ઈડર સંસ્થાના કેટલાક પુરાતન અવશેષો
પંઢરીનાથ આ. ઈનામદાર
40. સાંસ્કૃતિક ગુજરાતના ઇતિહાસની અમૃતાક્ષરી
ડૉ. મંજુલાલ મજમુદાર
41. ગુજરાતમાં મ્યુઝિયમ -વૃત્તિ
ડૉ. મુદ્રિકા જાની
42. કચ્છનું સંસ્કૃતિ-દર્શન
રામસિંહજી રાઠોડ
43. ભાતીગર ભોમકા કચ્છ
નરેન્દ્ર દેસાઈ દવે
44. સાબરકાંઠાની લોકગંગા
ગોવિંદભાઈ પટેલ
45. વેડછી આંદોલન
આઈ. પી. દેસાઈ
46. સબળભૂમિ ગુજરાત
ગોકુળદાસ રાયચુરા
47. ગુજરાતના ભવ્ય ભૂતકાળ
ડૉ. હરિલાલ ગૌદાણી
48. બનાસકાંઠાની લોકસંસ્કાર અને લોકવાણી
જયંતીલાલ દવે
49. ગુજરાતના સાંસ્કૃતિક -વાહો
હરકાન્ત શુકલ
50. આપણી લોકસંસ્કૃતિ
જય પરમાર
51. 'અલોક':અલબેલી નગરી
સૂરત વિશેષાંક
52. લોકગુર્જરી
મનુભાઈ જોધાણી :
જોરાવરસિંહ જાદવ
53. ગુજરાતના સાહિત્યસર્જકો
કલાવતી વોરા
54. ખેડા જિલ્લા સર્વસંગ્રહ
55. ગુજરાતનું સંગીત અને સંગીતકારો
હરકાન્ત વોરા
56. હેમચંદ્રાચાર્ય
પંડિત બેચરદાસ દોશી
57. ઈશ્વર પેટલીકર
મણિલાલ પટેલ
58. ઉમાશંકર જોશી
હરીન્દ્ર દવે
59. ચં. ચી. મહેતા
મોહનલાલ પટેલ
60. રાજેન્દ્ર શાહ
ધીરુ પરીખ
61. નરસિંહરાવ એક અધ્યયન
સુધીર દેસાઈ
62. નંદશંકર
પિનાકિન દવે
63. જયંતી દલાલ
રઘુવીર ચૌધરી
64. -બોધ પંડિત
શાંતિભાઈ આચાર્ય
65. -િયકાન્ત મણિયાર
નલિન રાવળ
66. કવિ પરિચય
સુરેશ દલાલ
67. પુરાતત્ત્વને ચરણે
અનુ. શશિન ઓઝા
68. સહરાની ભવ્યતા
રઘુવીર ચૌધરી
69. ગુજરાતમાં પુસ્તકાલય -વૃત્તિ
વિભૂત શાહ
70. પરંપરા અને -વૃત્તિ
ડૉ. ધીરુભાઈ ઠાકર
71. કાગવાણી
કવિ દુલા ભાયા કાગ
72. તખ્તો બોલે છે ભાગ 1-2
-ાગજી ડોસા
73. 'વિશ્વગુર્જરી' વિશેષાંક
74. સ્વાતંત્ર્ય સંગ્રામના ઘડવૈયા
માહિતીખાતું : ગુજરાત રાજ્ય
75. થોડાં આંસુ થોડાં ફૂલ
જયશંકર 'સુંદરી'
76. ગુજરાતના દૂબળાઓ
પુરુષોત્તમદાસ છો. શાહ
77. ગુજરાતના ભીલ
ચન્દ્રવદન શુકલ
78. પારસી -જા
હોરમઝદિયાર દલાલ
79. મહાગુજરાતના મુસલમાનો ભાગ 1-2
કરીમ મહંમદ માસ્તર
80. મહાજાતિ ગુજરાતી
ચન્દ્રકાન્ત બક્ષી
81. સૌરાષ્ટ્રની પછાત કોમો ભાગ 1-2-3
સૌરાષ્ટ્રની પછાત વર્ગ બોર્ડ
82. આદિવાસી લોકનૃત્યો
શંકરભાઈ રેવાબહેન તડવી
83. આદિવાસી કલાવારસો
શંકરભાઈ રેવાબહેન તડવી
84. મુંબઈ સમાચાર : દોઢસો વરસની તવારીખ
રસિક ઝવેરી
85. ભવાઈ
જયંતી પટેલ
86. -કૃતિનાં લાડકવાયાં પક્ષીઓ
વિજયગુપ્ત મૌર્ય
87. Indian Birds
Salim Ali
88. Our Animals
M. Krishnan
89. ભારતના સર્પો
પી. જી. દેવરસ
90. પંખી જગત
-ધુમ્ન કંચનરાય દેસાઈ
91. આપણાં પંખીઓ
છોટુભાઈ સુથાર
92. -ાણીબાગમાં (અનુવાદ)
રસ્કિન બૉન્ડ
93. વનવગડામાં વાસી
'વનેચર'
94. ગુજરાતની વન્ય જીવસૃષ્ટિ
કિરણદેવી પી. પંડ્યા
95. ડૉ. હોમીભાભા
ડૉ. ઉષા જોશી
96. ભાઈલાલભાઈ પટેલ
ધનવંત ઓઝા
97. નાનાભાઈ ભટ્ટ
મૂળશંકર ભટ્ટ
98. દયાનંદ સરસ્વતી
ધનવંત ઓઝા
99. રાષ્ટ્રના સ્વાતંત્ર્યસંગ્રામમાં ગુજરાતનો ફાળો
શાંતિલાલ દેસાઈ
100. ગુજરાતી સાહિત્ય કોશ ભાગ-1 - 2
ગુજરાતી સાહિત્ય પરિષદ

માહિતી શોધસૂચિ

સૂચના : આ સૂચિમાં 'જુઓ' (see) શબ્દ માટે આ > ચિહ્નનો અને 'વળી જુઓ' (see also) શબ્દ માટે >> નો ઉપયોગ કર્યો છે.

સંકલન : પ્રકાશ વેગડ

■ અ-અં

■ આ

■ ઇ-ઈ

■ ઉ-ઊ

■ એ-ઔ

■ ક

■ ય

■ ર

■ લ

■ વ

■ શ

પરિશિષ્ટ

પિક્ચર ગેલેરી


जय जय गरवी गुजरात...


realpatidar.com


અક્ષરા પ્રકાશન
અમદાવાદ
realpatidar.com
realpatidar.com


realpatidar.com
અક્ષરા પ્રકાશન
અમદાવાદ
realpatidar.com



ગુજરાતનો ઈતિહાસ, લોકજીવન,
પર્યાવરણ, વ્યક્તિવિશેષો અને છેલ્લાં દસકામાં
ગુજરાતની વિકાસયાત્રા (૨૦૧૩ સુધી)
દર્શાવતો સર્વગ્રાહી ગ્રંથ





ISBN 938225565-6
9789382255659
Rs. 600=00